Barcode : 99999990318491
Title - British Riyasat (Purvardh Bhag -3 )
Author - Desai, Govind Sakharam Sir
Language - gujarati
Pages - 733
Publication Year - 1911
Barcode EAN.UCC-13
9 999999 031849

શ્રીમંત મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ ગ્રંથમાળા, નં. ૧૨

# हिंदुस्ताननो अर्वाचीन इतिहास.

ભાગ ૩ જો.

## ब्रिटिश रियासत.

( पूर्वार्ध. )

રા. રા. ગોવિંદ સખારામ સરદેસાઈ કૃત

हिंदुस्तानचा अर्वाचीन इतिहास, भाग तिसरा

ને આધારે ઘટતા ફેરફાર સહિત

અનુવાદ કરનાર,

ચંપકલાલ લાલભાઈ મહેતા.

બી. એ., એલએલ્. બી., મુંબઈ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી તરફથી

આસિ. સેક્રેટરી, હીરાલાલ ત્રીભોવનદાસ પારેખ.

અમદાવાદ.

આવૃત્તિ પહેલી.—પ્રત ૧૦૦૦.

સંવત્ ૧૯૬૭.—સને ૧૯૧૧.

મૂલ્ય દોઢ રૂપિઓ.

( સર્વ પ્રકારના હક્ક ગુ. વ. સોસાઇટીને સ્વાધિન છે. )

અમદાવાદ.
ધી "ડાયમન્ડ જ્યુબિલી" પ્રિન્ટીંગ પ્રેસમા
પરીખ દેવીદાસ છગનલાલે છાપ્યો.

શ્રીમંત મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ, ગ્રન્થમાળાનો

# ઉપોદ્‌ઘાત.

વડોદરાના શ્રીમંત મહારાજા સાહેબ શ્રી સયાજીરાવ ગાયકવાડ સેનાખાસખેલ સમશેર બહાદૂર સન ૧૮૮૨ માં અમદાવાદ પધાર્યા તે પ્રસંગે તેમણે ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીને રૂ. ૫૦૦૦ બક્ષીસ કર્યા. માટે સોસાઇટીએ તેમને પોતાના મુરબ્બી ( પેટ્રન ) ઠરાવ્યા છે; અને તે રકમ તેમનાં નામથી જૂદી રાખી તેનું વ્યાજ તેમને નામે ગ્રન્થો રચાવવામાં, ગ્રન્થો છપાવી પ્રસિદ્ધ કરવામાં અને ઉત્તેજન દાખલ ગ્રન્થો ખરીદ કરવામાં વાપરવાનો ઠરાવ કર્યો છે. તે પ્રમાણે આજ સુધીમાં નીચે પ્રમાણે પુસ્તકો "શ્રીમંત મહારાજા શ્રી સયાજીરાવ ગાયકવાડ ગ્રન્થમાળા" તરીકે પ્રસિદ્ધ કરવામાં આવ્યા છેઃ—

૧. ગ્રીસ દેશનો ઇતિહાસ.
૨. વિધવાવપન અનાચાર.
૩. હિંદનાં મહારાણી અને તેમનુ કુટુંબ.
૪. ભાલણસુત ઉદ્ધવકૃત રામાયણ.
૫. કર્ત્તવ્ય. ( બીજી આવૃત્તિ છપાય છે. )
૬. બર્નિયરનો પ્રવાસ.
૭. ઔષધિકોષ ભાગ ૧ લો.
૮. અકસ્માત વખતે મદદ અને ઇલાજ.
૯. હેન્રી ફૉસેટનું જીવનચરિત્ર.
૧૦. હિંદની ઉદ્યોગ-સ્થિતિ.
૧૧. મરાઠી સત્તાનો ઉદય.
૧૨. હિંદુસ્તાનનો અર્વાચીન ઇતિહાસ. ભાગ ૩ જો.

ગુજરાત વર્નાક્યુલર સોસાઇટીની ઑફિસ,

અમદાવાદ, તા ૫ જુલાઈ, ૧૯૧૧.

# પ્રસ્તાવના.

દરેક સ્ત્રી યા પુરૂષને પોતાના દેશના ઇતિહાસની સંપૂર્ણ માહિતી અવશ્ય હોવી જોઈએ એ નિર્વિવાદ છે ઐતિહાસિક વાંચનથી થતા લાભોનું કંઈપણ પિષ્ટપેશણ કર્યાવિના એટલું તો અત્રે કહેવું જોઈએ કે આપણી ગુજરાતી ભાષામાં સમગ્ર દુનીઆના, અન્ય દેશોના અને ખાસ કરીને હિંદુસ્તાનના ઇતિહાસની સંપૂર્ણ માહિતી આપનારાં પુસ્તકને અભાવે સાહિત્યના ક્ષેત્રમાં જે અપૂર્ણતા જણાય છે તે કેટલેક અંશે દૂર કરવા અહીં યત્ન કર્યો છે.

શાળોપયોગી પુસ્તકોની કંઈ ખોટ નથી, તેની સંખ્યા તો પ્રતિ વર્ષ વધતીજ જાય છે પણ દેશની ખરી સ્થિતિનું ભાન કરાવી ઐતિહાસિક વિચાર ઉત્તેજીત કરે અને તે દ્વારા વાચકને વિશેષ જ્ઞાનની અભિલાષા થાય એવું કોઈ પુસ્તક હોય તો સારૂં એ વિચારથીજ આ પ્રયાસ યોજાયો છે.

વડોદરા નિવાસી રા. ગોવિંદ સખારામ સરદેસાઈએ અથાગ મહેનત કરી હિંદુસ્તાન વિશેની ઐતિહાસિક માહિતી એકઠી કરી અનેક અગત્યના બનાવ ઉપર એક હિંદીની નજરે સ્વતંત્ર વિચાર જાહેર કરવા જે ભારે જહેમત ઉઠાવી છે તે જનસમાજ ઉપર એક પ્રકારનો ઉપકાર કરેલોજ લેખી શકાશે. એમણે મરાઠી ભાષામાં રચેલા મહાન ગ્રંથના ત્રીજા ભાગના આધારે ઘટતા ફેરફાર સહિત આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે, અને તે માટે તેમનો ખાસ આભાર માનવો આવશ્યક છે.

સાધારણ રીતે આ પુસ્તકમાં મૂળ ગ્રંથકારના વિચારો અસલ આકારમાં જાળવવા તજવીજ કરી છે, પરંતુ ઘણે પ્રસંગે તેમના વિચારથી જુદા પડી લોકકાળસ્થિતિ અનુસાર કંઈ ફેરફાર કરવાનું યોગ્ય લાગ્યું છે, એટલે આ પુસ્તક અસલ ગ્રંથનું ભાષાંતર નથી એ સ્પષ્ટ જણાઈ આવશે.

મહેનત લેવા છતાં કેટલાક શબ્દોની જોડણી પહેલેથી આખરં સુધી એક રહી નથી. તેમજ અનિવાર્ય કારણોને લીધે કેટલેક ઠેકાણે ચુકો રહી ગયલી માલુમ પડે છે તો તે માટે વાચકવર્ગ ક્ષમા કરશે.

ગીરગામ, મુંબઈ. }
તા. ૧૦ મી જુન, ૧૯૧૧. } ચંપકલાલ લાલભાઈ મહેતા.

# ૧. મુખ્ય આધારભૂત પુસ્તકોની યાદી:


1. William Robertson's Historical Disquisition of Ancient Indian Trade.
2. *Danver's History of the Portuguese in India.*
3. Birdwood's Report on the Records of India Office.
4. Birdwood's First Letter Book of the East India Company.
5. Birdwood's and Forster's East India Company's Letters, Vols I–VI.
6. Sir W. W. Hunter's History of British India, Vols I and II.
7. Beckles Wilson's Ledger and Sword.
8. Forster's Embassy of Sir Thomas Roe
9. *Logan's Malabar, Vol I (1887)*
10. Vincent Smith's Early History of India .
11. Gerson Da Cunha's Origin of Bombay.
12. Rulers of India Series-Albuquerque.
13. *Sir Alfred Lyall's British Dominion in India.*
14. Malleson's History of the French in India.
15. Malleson's Lord Clive (Founders of Indian Empire).
16. Hill's Records of Bengal, 1757, Vols I to III.
17. *Wilson's Early Annals of Bengal.*
18. Stewart's History of Bengal.
19. W. Bolt's Considerations on Indian Affairs.
20. Verelst's English Government in Bengal.
21. *Plassey by A. K. Mitra (Modern Review, July 1907.)*
22. Orme's War of the Coromandel.
23. Anderson's History of the English in Western India.

# ૨. કારણુપરત્વે ઉપયોગ કરેલાં પુસ્તકોની યાદી.

1. Grant Duff's History of the Marathas.

2. Cunningham's Growth of English Industry and Commerce.

3. Thornton's History of the East India Company.

4. Thornton's History of India.

5. Macpherson's History and Management of the East India Company,

6. Kay's Administration of East India Company.

7. Wheeler's Early Records of British India.

8. Wheeler's Short History of India.

9. Meadows Taylor's Student's History of India.

10. Early Annals of British in Bengal.

11. Sir Alfred Lyall's Colonies and Chartered Companies. (Times of India, June 9th, 1898).

12. Caraccioli's Life of Clive, Vols I to IV.

13. Private Diary of Anand Ranga Pillai, Dupleix' Dubash, Dupleix.

14. Vincent's Ancients in the Indian Ocean.

15. Peter Auber's Rise and Progress of British Power in India.

16. Synge's Story of the World, Vols I to IV.

17. Bruce's Annals of British Commerce in Bengal.

18. Mahon's Influence of Sea-power in History.

19. Memoirs of Revolution in Bengal (Annonymons).

20. Brigg's Nizam.

21. Mr. Rajwade's Historical publications in Marathi.

22. Mr. Vasudev Shastri Khare's do. do.

23. Gibbin's History of Commerce in Europe.

# અનુક્રમણિકા.


## પ્રકરણ ૧ લું.
### પ્રાચીનકાળમાં વેપારની દોડધામ.

૧. પ્રાચીન ધનસંપન્નતાનું બીજ. ૨. પ્રાચીન વેપારના રાજમાર્ગ. ૩. પ્રાચ્ય જણસોનો યુરોપમાં પ્રવેશ. ૪. મિસર અને ફિનિશિયન રાજ્યોનો વેપાર. ૫. યાહુદી લોકોનો વેપાર. ૬. સિકંદર બાદશાહનું વેપારી ધોરણ. ૭. મિસર દેશના રાજાની ખટપટ. ૮. રોમન લોકોનો પ્રયત્ન. ૯. ઈરાન. ૧૦. આરબ લોકોનો વેપારી ઉદ્યોગ. (૧–૩૫).

## પ્રકરણ ૨ જું.
### યુરોપિયનોની શરૂઆતની ધામધુમ.

૧. ઈટાલીમાંનાં પ્રજાસત્તાક સંસ્થાનો. ૨. ખ્રિસ્તી અને મુસલમાન પ્રજા વચ્ચે ધર્મયુદ્ધ. (ઈ. સ. ૧૦૯૫–૧૨૭૨). ૩. હંસ-સંઘ (Hanseatic League). ૪. રૂસ્રુકી અને માર્કોપોલોનો પ્રવાસ. ૫. પૂર્વના વેપારની નાકાબંધી. ૬. અમેરિકાની તથા હિંદુસ્તાન જવાના જળમાર્ગની શોધનું પરિણામ. ૭. પ્રાચીન પ્રશ્નની કુંચી. (૩૬–૫૬).

## પ્રકરણ ૩ જું.
### મલબારની પ્રાચીન હકીકત.

૧. મલબારનું મહત્વ. ૨. મલબારનો જુનો ઇતિહાસ. ૩. મલબારના લોકઃ બ્રાહ્મણ અને નાયર. ૪. મલબારમાંના મુસલમાન. ૫. મલબારમાં ખ્રિસ્તી લોકો. ૬. મહામખ સમારંભ. ૭. કેલીકટનો ઝામોરીન. (૫૬–૭૬).

## પ્રકરણ ૪ થું.

## પોર્ટુગીઝ રાજ્યની સ્થાપના.

### ઇ. સ. પૂર્વેથી સને ૧૫૧૫.

૧. યુરોપમાં પોર્ટુગલનો ઉદય.
૨. નૌકાશાસ્ત્રવેત્તા રાજપુત્ર હેનરી, ( સને ૧૩૯૪ થી ૧૪૬૦ ).
૩. ડીઆસ અને કોલમ્બસની સફરો ( સને ૧૪૮૭–૧૪૯૨ ).
૪. ડ ગામાની પહેલી સફર (સને ૧૪૯૭–૯૮ ).
૫. પેડ્રો કેબ્રલની સફર (સને ૧૫૦૦).
૬. ડ ગામાની બીજી સફર ( સને ૧૫૦૨–૩ ).
૭. ફ્રાન્સિસકો ડ આલ્મીડા ( સને ૧૫૦૫–૧૫૦૯ ).
૮. આલ્બુકર્કનાં શરૂઆતનાં કામો ( સને ૧૫૦૬–૧૫૦૯ ).
૯. ગોવાની પડતી (સને ૧૫૧૦–૧૫૧૨).
૧૦. મલાક્કાની પડતી (સને ૧૫૧૧).
૧૧. આલ્બુકર્કનું મૃત્યુ તથા તેનું કામ કરવાનું ધોરણ.
( ૭૭–૧૧૮ ).

---

## પ્રકરણ ૫ મું.

## હિંદુસ્તાનમાં પોર્ટુગીઝોનું રાજ્ય.

### (સને ૧૫૧૦–૧૬૪૦)

૧ આલ્બુકર્ક પછીના અધિકારીઓ ( સને ૧૫૧૫–૧૫૨૮ ).
૨. ન્યુનો ડ કુન્હા (સને ૧૫૨૯–૩૮).
૩. જૉન ડૅસ્ટ્રો અને દીવની પડતી ( સને ૧૫૪૬ ).
૪. સને ૧૫૪૮ થી ૧૫૮૦ સુધીમાં આવેલા અધિકારીઓ.
૫. સને ૧૫૮૦ થી ૧૬૧૨ સુધીની હકીકત
૬. પોર્ટુગીઝ અમલનો ઉતરતો કાળ. ( સને ૧૬૧૨–૪૦ ).
( ૧૧૯–૧૩૫ ).

---

## પ્રકરણ ૬ ઠું.

## પોર્ટુગીઝ રાજ્યના ગુણદોષની ચર્ચા.

૧. પોર્ટુગીઝ કારભારનું ધોરણ.
૨. પોર્ટુગીઝોની વેપાર વધારવાની યુક્તિ તથા આગ્રાની પડતી.

૩. પોર્ટુગીઝ વેપારની કિફાયત. ૪. પોર્ટુગીઝ લોકોનો એશઆરામ. ૫. પોર્ટુગીઝોનું ક્રૂરપણું. ૬. ધર્મમતસંશોધક પદ્ધતિ (Inquisition.) ૭. ખ્રિસ્તી ધર્મના પ્રસાર માટેના પ્રયત્ન. ૮. પોર્ટુગીઝોની ભૂલનો બીજાઓને મળેલો લાભ. (૧૩૫-૧૬૭).

## પ્રકરણ ૭ મું.

### વલંદા લોકોની હકીકત.

૧. વલંદા લોકોનો પૂર્વક્રમ. ૨. પૂર્વ દ્વીપસમુહ ઉપર વલંદાઓનો અમલ. ૩. વલંદા લોકોનો અંગ્રેજો સાથે ઝગડો. ૪. ટંટાનું ભયંકર પરિણામ—એમ્બોયનામાં અંગ્રેજોની કતલ. ૫ વેર લેવા તરફ બેદરકારી. ૬. વલંદા લોકોના જુલમની પરાકાષ્ઠા. ૭. વલંદાની પડતીનાં કારણો. ૮. વલંદા નોકરોના પગાર (૧૬૮-૧૯૬).

## પ્રકરણ ૮ મું.

### ઈસ્ટ ઈન્ડીઆ કંપનીની સ્થાપના.

સને ૧૬૦૦.

૧. અમેરિકા અને પૅસિફિક મહાસાગરની શોધ. ૨. પહેલી પૃથ્વી પ્રદક્ષિણા. ૩. ઇલિઝાબેથ રાણીના બહાદુર વહાણવટીઓ. ૪. ફાધર સ્ટીફન અને રાલ્ફ ફ્રિચ ૫. કંપની સ્થાપવાનો ઉપક્રમ. ૬. કંપનીની સભાની પહેલી બેઠક. ૭. કંપની માટે સનદ મેળવવાની ખટપટ. ૮ આ બાબત સ્પષ્ટ વિચાર. ( ૧૯૬-૨૩૪ ).

## પ્રકરણ ૯ મું.

### નિયમિત સફરો તથા સર ટૉમસ રો.

( સને ૧૬૦૦–૧૬૨૦ ).

૧. યુરોપિઅન કંપનીઓ.
૨. અંગ્રેજોની પહેલી નિયમિત સફર.
૩. પોર્ટુગીઝો સાથે પહેલો ઝગડો.
૪. ચીન જાપાન તરફ પ્રયત્ન.
૫. સર ટૉમસ રોની નિમણુક તથા તેનું હિંદ તરફ પ્રયાણ.
૬. મોગલ દરબારની સ્થિતિ.
૭. તહનામાનો મુસદ્દો તથા તેને લગતી ચર્ચા.
૮. આ ઉદ્યોગથી થયલો ફાયદો.
૯. ઇરાનમાં ખટપટ. (૨૩૪–૨૬૮).

---

## પ્રકરણ ૧૦ મું.

### સામાઈક ભંડોળની પદ્ધત તથા તત્સંબંધી મુશ્કેલી.

( સને ૧૬૧૪–૧૬૫૮ ).

૧. રાજા પહેલો ચાર્લ્સ તથા કંપની.
૨. સુરતની કોઠી.
૩. મદ્રાસની ઉત્પત્તિ.
૪. બંગાળામાં અંગ્રેજ કોઠીની શરૂઆત.
૫. ક્રૉમવેલે કરેલી વ્યવસ્થા.
૬. નોકરોના પગાર તથા અંતર્વ્યવસ્થા.
૭. ખાનગી વેપાર. (૨૬૯–૩૦૫).

---

## પ્રકરણ ૧૧ મું.

### મુંબઈની સ્થાપના અને કંપનીની આબાદી.

( સને ૧૬૫૮–૧૬૮૮ ).

૧. મુંબઈની સ્થાપના.
૨. મુંબઈના પહેલા ત્રણ ગવર્નર.
૩. કંપનીના નોકરોની રહેણી.
૪. વેપારની આબાદી.
(૩૦૬–૩૪૫).

## પ્રકરણ ૧૨ મું.
### રાજ્ય સ્થાપનાનો લોભ.
(સને ૧૬૮૮.)

૧. ધમધોકાર વેપારનું પરિણામ. ૨. રાજકીય પરિસ્થિતિ.
૩. કલકત્તાની સ્થાપના. ૪. ઔરંગઝેબ સાથે યુદ્ધ.
૫. મદ્રાસની સ્થિતિ. (૩૪૫–૩૭૨).

## પ્રકરણ ૧૩ મું.
### નિયંત્રિત અને અનિયંત્રિત વેપારપક્ષ વચ્ચે ટંટો.

૧. ચાંચીઆપણાનો ધંધો. ૨. નવી કંપનીની સ્થાપના.
૩. બે કંપનીઓ વચ્ચે હિંદુસ્તાનમાં વિરોધ. ૪. સર વિલિઅમ નૉરિસની દરમિઆનગિરી.
૫. બે કંપનીના જોડાણ માટે ભાંજગડ. ૬. સંમેલન અને તેનું પરિણામ.
૭. ભાવી રાજ્ય સ્થાપનાની સિદ્ધતા. (૩૭૨–૩૯૫).

## પ્રકરણ ૧૪ મું.
### ફ્રેન્ચ લોકોની હકીકત.
(ઈ. સ. ૧૭૪૦ સુધી.)

૧. ફ્રેન્ચ અને અંગ્રેજ લોકોનાં કામ વચ્ચે ફરક. ૨ શરૂઆતના પ્રયત્ન.
૩. માર્ટિન અને પોન્ડીચેરીની સ્થાપના. ૪. લેન્વૉર, લાબુર્ડોને, ડુપ્લે અને ડુમાસ.
(૩૯૬–૪૧૦)

## પ્રકરણ ૧૫ મું.
### કર્નાટકની રંગભૂમી ઉપર તૈયારી.
(ઈ સ. ૧૭૩૯–૧૭૪૪.)

૧. યુદ્ધ માટેની તૈયારી ૨ મોગલ બાદશાહીમાં કર્નાટકની વ્યવસ્થા.

૩. ચંદા સાહેબ અને ફ્રેન્ચ વચ્ચે મિત્રાચારી.
૪. મરાઠાઓની કર્નાટક ઉપર સ્વારી.
૫. રાઘુજી અને ફ્રેન્ચ વચ્ચે પત્ર-વ્યવહાર. ...
૬. ડુપ્લે અને કર્નાટકમાં ગડબડાટ.
(૪૧૧–૪૨૮).

---

## પ્રકરણ ૧૬ મું.
## કર્નાટકમાં પહેલું યુદ્ધ.
### ( ઈ. સ. ૧૭૪૪–૪૮. )

૧. અંગ્રેજ અને ફ્રેન્ચ લોકો વચ્ચે યુદ્ધ.
૨. બુર્બોનમાં લાબુર્ડોનેનો કારભાર.
૩. મદ્રાસનું લાબુર્ડોનેને શરણે થવું અને લાબુર્ડોનેનો અંત.
૪. સેન્ટ ટૉમેની લડાઈ.
૫. યુદ્ધનું છેવટ.
૬. નિષ્કર્ષ.
(૪૨૯–૪૪૬).

---

## પ્રકરણ ૧૭ મું.
## કર્નાટકમાં બીજું યુદ્ધ.
### ( સને ૧૭૪૯–૧૭૫૪. )

૧. હિંદીઓના કલહમાં અગ્રેજોનું ઝીંપલાવવું.
૨. મુઝફ્ફર જંગ અને ચંદાસાહેબ વચ્ચે ઐક્યતા.
૩. બે તડ અને ફ્રેન્ચ લોકોનો વિજય.
૪. ડુપ્લેની પોકળ મનકામના.
૫. ક્લાઈવની પૂર્વ હકીકત.
૬. આર્કટનો ઘેરો.
૭. ચંદા સાહેબનું છેવટ.
(૪૪૬–૪૮૦).

---

## પ્રકરણ ૧૮ મું.
## ફ્રેન્ચ, નિઝામ અને મરાઠા.
### ( સને ૧૭૫૧–૫૭. )

૧. નિઝામના દરબારમાં 'બુસીનો' લાગવગ.
૨. મરાઠાઓનો અંતિમ હેતુ.
૩. ડુપ્લેના કારભારનો અંત.
૪. ગોડેહુ અને ડિલેરી.
૫. ડુપ્લેની રાજનીતિ.
(૪૮૦–૫૦૭).

## પ્રકરણ ૧૯ મું.

### કર્નાટકમાં ત્રીજું યુદ્ધ.

### ( સને ૧૭૫૬–૬૩. )


૧. વિજયદુર્ગ કિલ્લાનું સર થવું.
૨. બુસી, નિઝામ અને ઉત્તર સરકાર પ્રાંત.
૩. કાઉન્ટ લાલીનું આગમન અને તેની અડચણો.
૪. લાલી અને અંગ્રેજો વચ્ચેનો સંગ્રામ.
૫. લાલીના અપયશનું અવલોકન.
૬. ફ્રેન્ચની પડતી ઉપર વિવેચન.
(૫૦૯–૫૩૩).


---

## પ્રકરણ ૨૦ મું.

### સુરાજ-ઉદ-દ્દોલા અને બંગાળા.

### ( સને ૧૭૫૬. )


૧. બંગાળાના નવાબ.
૨. અલિવર્દીખાન.
૩. જકાત માફીનો દુરૂપયોગ.
૪. સુરાજ-ઉદ-દૌલાનો ગુસ્સો ઉશ્કેરાવાનાં કારણો.
૫. કાસીમબજારની વખારની પડતી.
૬. કલકત્તામાંથી અંગ્રેજોનો ઉઠાવ.
૭. 'બ્લૅક હૉલ' ઉર્ફે અંધારી કોટડીનો બનાવ.
૮. અંગ્રેજોએ કલકત્તા પાછું મેળવ્યું.
(૫૩૩–૫૭૪).


---

## પ્રકરણ ૨૧ મું.

### પ્લાસી-બંગાળામાં અંગ્રેજી અમલ.

### ( સને ૧૭૫૭–૧૭૬૦. )


૧. ચંદ્રનગરનું અંગ્રેજોને હાથ જવું.
૨. નવાબને પદભ્રષ્ટ કરવાની ગોઠવણ.
૩. પ્લાસીની લડાઈ (તા. ૨૩ જુન, ૧૭૫૭).
૪. પ્લાસી તથા અંગ્રેજોના સુભાગ્યની ચર્ચા.
૫. અંગ્રેજોના વિજય તથા દેશીઓની દુર્બળતા વિશે વિવેચન.
૬. મીરજાફરનો ઉદ્વેગ.
( ૫૭૫–૬૦૬ ).

## પ્રકરણ ૨૨ મું.
### બંગાળામાં રાજ્યકારભારની ધામધુમ.
( સને ૧૭૬૦–૧૭૬૫. )

૧. મીરકાસમની નવાબપદ ઉપર સ્થાપના.
૨. મીરકાસમનો અંગ્રેજો સાથે ટટો.
૩. મીરકાસમ તથા અંગ્રેજો વચ્ચે યુદ્ધ.
૪. રાજા સીતાપરાય.
૫. કલાઈવિનો ઇંગ્લંડમાં માનપૂર્વક સત્કાર.
૬. સ્પેન્સરે કરેલી નવા નવાબની નિમણુક.
૭. રાજ્યક્રાન્તિનાં પ્રત્યક્ષ પરિણામ. (૬૦૬–૬૩૦).

## પ્રકરણ ૨૩ મું.
### કલાઇવની રાજ્યવ્યવસ્થા.
( સને ૧૭૬૫–૬૬. )

૧. કલાઈવિને માલમ પડેલો ઘોંટાળો.
૨. દેશની પરિસ્થિતિનું સમાલોચન.
૩. કલાઇવે કરેલી વ્યવસ્થા.
૪. બંગાળાની દીવાની અને ડબલ ગવર્નમેન્ટ.
૫. અંગ્રેજ લશ્કરનું બંડ. (૬૩૧–૬૫૦).

## પ્રકરણ ૨૪ મું.
### બ્રિટિશ રાજ્યની સ્થાપનાનો આરંભ.
( સને ૧૭૬૭–૧૭૭૩. )

૧. વેપારની તથા રાજ્યકારભારની અવદશા.
૨. મીઠું, તબાકુ અને સોપારીનો નવો ઇજારો.
૩. કલાઈવિનું ઇંગ્લંડ પાછા ફરવું, તેની હેરાનગતી તથા તેનું મરણ.
૪. હિંદુસ્તાનમાંના કારભારની તપાસ.
૫. રેગ્યુલેટિંગ ઍક્ટ (સને ૧૭૭૩).
૬. વસુલાતના તથા વેપારના કેટલાક આંકડા.

(૬૫૦–૬૮૫).

# શુદ્ધિપત્ર.

| પૃષ્ઠ. | લીટી. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૪૪ | ૧૬ | બેફૂટ | બેરૂટ |
| ૧૭૦ | ૫ | ન્યાય અમલમાં આવતાં અનુસાર. | ન્યાય અનુસાર. |
| ૧૯૩ | ૧૫ | ન્યુગિન્ત | ન્યુગિની. |
| ૨૪૬ | ૧૬ | બંદરે જઈ કેટલાક વલંદા લોકોને ચડેલા. | બંદરે જઈ ચડેલા કેટ-લાક વલંદા લોકોને. |
| ૨૬૦ | ૨૫ | કરી રહ્યા હતા. | કરી રહ્યાં હતાં. |
| ૨૬૭ | ૧૮,૨૪ | કૉનાક | કૉનૉક. |
| ૨૬૯ | (૬) | નોકર પગારોના. | નોકરોના પગાર. |
| ૨૮૩ | ૨૧ | સૅંટ થોમે | સેન્ટ ટોમે |
| ૨૮૩ | ૨૬ | સૅંટ થોમ્સ | સેન્ટ ટોમે |
| ૨૮૪ | ૧૦ | ગ્રેબિઅલ | ગેબ્રિઅલ. |
| ૨૯૩ | . ૧૭ | . મોરિસ અબટ | મોરિસ ઍબટ |
| ૩૦૮ | ૧૨ | સંબોધન | સંબોધનનો. |
| ,, | ૩૩ | મળશે પણ | મળશે· એવી. |
| ૩૧૭ | ૧૨ | તથા તેની ગોવધથી | તથા ગોવધથી |
| ૩૨૨ | ૧૬ | ફરમાવત્રામાં | ફરમાવવામાં |
| ૩૫૩ | ૨૩ | આવ્યો | આપ્યો. |
| ૩૬૨ | ૨૨ | પરાજ્ય | પરાજય |
| ૪૪૦ | ૮ | કર્યા ગોળી બહાર | ગોળી બહાર કર્યા |
| ૪૪૮ | ૧ | અનકૂળજ | અનુકૂળજ |
| ૪૬૧ | ૧૮ | સામસામાં | સાણસામાં. |
| ૫૦૫ | ૨૧ | છતાં ફ્રેન્ચ તેમની સત્તા | છતાં તેમની સત્તા |
| ૫૧૬ | ૧૪ | એમ વાગે છે | એમ લાગે છે. |
| ૫૩૬ | ૨૫ | હોવાથી થઇ પડશે, | હોવાથી, |
| ૬૦૩ | ૧૧ | લોકો તેઓ ખળભળી ઉઠયા, | લોકો ખળભળી ઉઠયા, |
| ૬૦૪ | ૨૭ | ગમે વખતે | ગમે તે વખતે |
| ૬૩૪ | ૨૩ | અરાજકર્તાની | અરાજકતાની. |
| ૬૪૮ | ૮ | પહેલ કહેલાં | પહેલવહેલાં. |
| ૬૬૭ | ૧ | ૧૭૫૮ | ૧૭૬૮ |

# હિંદુસ્તાનનો અર્વાચીન ઇતિહાસ.

## ભાગ ત્રીજો.

## બ્રિટિશ રિયાસત.

### પ્રકરણ ૧ લું.

#### પ્રાચીનકાળાંમાં વેપારની દોડધામ.

૧. પ્રાચીન ધનસંપન્નતાનું બીજ
૨. પ્રાચીન વેપારના રાજમાર્ગ.
૩. પ્રાચ્ય જણસોનો યુરોપમાં પ્રવેશ.
૪. મિસર અને ફિનિશિયન રાજ્યોનો વેપાર.
૫. યાહુદી લોકોનો વેપાર.
૬. સિકંદર બાદશાહનું વેપારી ધોરણ.
૭. મિસર દેશના રાજાઓની ખટપટ.
૮. રોમન લોકોના પ્રયત્ન.
૯. ઈરાન.
૧૦. આરબ લોકોનો વેપારી ઉદ્યોગ.

**૧. પ્રાચીન ધનસંપન્નતાનું બીજ.**—ઇશ્વરેચ્છાથી યુરોપ અને એશિઆ એ બે ખંડનો સંબંધ હમણા કેટલાક સૈકા થયાં ઉત્તરોત્તર નિકટનો થતો ગયો છે, અને આ સંબંધનું પરિણામ આગળ જતાં કેવું આવશે એ પ્રશ્ન ઉપર અનેક રાજનીતિશાસ્ત્રજ્ઞનું ધ્યાન પરોવાયું છે. એવે પ્રસંગે તે પ્રશ્નનું પૂર્વ સ્વરૂપ, એટલે એશિઆ અને યુરોપનો પૂર્વ સંબંધ, કેવો હતો તે જાણવું અગત્યનું છે. આ સવાલના નિરાકરણમાંજ હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજ્યસ્થાપનાનો ઇતિહાસ સમાયલો છે.

યુરોપ અને એશિઆ ખંડ વચ્ચે ઘણા પ્રાચીન કાળથી અરસપરસ વ્યવહાર ચાલતો હતો. એશિઆ ખંડ તે સમયથીજ સર્વ સુધારાનું આદિસ્થાન હતું. વિદ્યા, કળા, વેપાર, તત્વજ્ઞાન વગેરે દરેક વિષયનું જ્ઞાન યુરોપને એશિઆ ખંડમાંથી મળતુ હતું. ખાસ કરી વેપારના સંબંધમાં જોઇએ તો એ ખંડ વિના યુરોપને બીલકુલ ચાલતુ નહીં, કેમકે જીંદગીના નિર્વાહની ઘણીખરી વસ્તુઓ યુરોપમાં અહીંથીજ જતી હતી. હિંદુસ્તાન, ચીન વગેરે એશિઆ ખંડમાંનાં પુરાતન રાજ્યો સમૃદ્ધિવાન હોવાથી ત્યાંથીજ બીજાં રાજ્યોને નિર્વાહની વસ્તુઓ મળતી હતી.

પાશ્ચાત્ય રાજ્યોના અર્વાચીન ઇતિહાસના સૂક્ષ્મ અવલોકન ઉપરથી માલમ પડે છે કે, સ્પૅનિશ, પોર્ટુગીઝ, ડચ, ફ્રેન્ચ, બ્રિટિશ, જર્મન વગેરે અર્વાચીન રાજ્યો વેપારથી જ ધનાઢ્ય થયાં, અને તેમ થવાથી જ તેમની રાજ્યસત્તા વધી. અર્થાત્ જે રાજ્યના હાથમાં દુનીઆનો વેપાર વધારે, તેજ રાજ્ય વધારે ધનવાન હતું, અને જે રાજ્ય વધારે દોલતવાન, તેનીજ રાજ્યસત્તા પણ વધારે હતી. આ પ્રકાર જેવી રીતે અર્વાચીન ઇતિહાસમાંથી સ્પષ્ટ માલમ પડે છે તેવી રીતે, કિંબહુના તેથી પણ વધારે, પ્રાચીન ઇતિહાસમાંથી જણાઈ આવે છે. માત્ર પ્રાચીન ઇતિહાસની વિશેષ માહિતી આપણને ન હોવાથી આ નિયમ એટલો બધો સ્પષ્ટરીતે આપણી દ્રષ્ટી આગળ આવતો નથી. લોકોને ઉપયોગી હોય એવો માલ દેશમાંજ ઉત્પન્ન થવો જોઇએ, અને તે માલમાંથી ખપની ચીજો તૈયાર કરવાની કુશળતા લોકોમાં હોવી જોઇએ. આ બન્ને બાબતમાં સંપૂર્ણ હોય તેવા દેશને પોતાના નિર્વાહ સંબંધી બીજા ઉપર અવલંબી રહેવાની જરૂર રહેતી નથી. પ્રાચીન કાળનાં રાજ્યોની સમૃદ્ધિનું આજ કારણ હતું. હિંદુસ્તાન, ચીન વગેરે દેશો તે સમયે ધનસંપન્ન હતાં તેનું કારણ પણ એજ. હિંદુસ્તાનમાં સર્વ પ્રકારની અનુકૂળ હવા તથા ફળદ્રુપ જમીન હોવાથી પૃથ્વી ઉપર બીજે ગમે તે ઠેકાણે ઉત્પન્ન થઇ શકે એવા અનેક પદાર્થો અહીં પાકતા, એથી અહીંના લોકોને પોતાના નિર્વાહ માટે બીજા ઉપર કદી પણ આધાર રાખવો પડ્યો નહીં. એવીજ રીતે ઉત્તમ કારીગરી અને કળા કૌશલ્યનો ઉદય ઘણોજ

પ્રાચીન કાળમાં આ દેશમાં થયો હતો, એ આપણા પુરાતન ગ્રંથો ઉપરથી અનેક વિદ્વાનોએ સિદ્ધ કર્યું છે. અર્થાત્ પૃથ્વી ઉપરનાં બીજાં રાજ્યો જ્યારે અધમ સ્થિતિમાં પડેલાં હતાં, ત્યારે આ દેશ અત્યંત આબાદ હતો. આપણો પોતાનોજ નિર્વાહ અહીંની ઉત્પન્ન ઉપર થતો એટલુંજ નહી, પણ દુનીઆનાં બીજાં અનેક રાજ્યોનો નિર્વાહ પણ આ દેશના માલ ઉપરજ થતો. તે વખતે ચારે દિશા તરફ દૂર પર્યન્ત આ દેશને બીજા દેશો સાથે સંબંધ હતો. અગ્નિ કોણમાં આવેલા બેટો સાથે, તેમજ પૂર્વ તરફ આવેલા ચીન, જાપાન વગેરે દેશો સાથે તે સમયે હિંદુસ્તાનનો વેપાર ચાલતો હતો. બુદ્ધ ધર્મનો પ્રસાર પણ એવીજ રીતે થયલો છે. એમ છતાં આજે આપણે પશ્ચિમ તરફ અતિ દૂર આવેલા એક બળવાન રાજ્યના તાબામાં હોવાથી, તેમજ આ પ્રચંડ રાજ્યક્રાન્તિ કેવી રીતે થઈ તે બતાવવાનો આ પુસ્તકનો મુખ્ય હેતુ હોવાથી, વેપારની બાબતમાં હિંદુસ્તાનની પશ્ચિમે આવેલાં રાજ્યોની, અને વિશેષે કરીને યુરોપીય રાજ્યોની સ્થિતિ પૂર્વે કેવા પ્રકારની હતી, અને તેઓનો આ દેશ સાથે સંબંધ કેવી રીતે જોડાયો એ પહેલાં જાણવું અવશ્યનું છે.

હિંદુસ્તાન અને યુરોપનાં રાજ્યો વચ્ચેનો વેપાર ઘણાજ પ્રાચીન કાળમાં ઘણુંખરું જમીન માર્ગે, અને કંઈક અંશે કિનારે કિનારે થઈને ચાલતો. તે વેળા ઘણા લોકો નૌકાપ્રવાસથી માહિતગાર હતા, તોપણ હમણાની માફક કિનારો છોડી ભરસમુદ્રમાં જવાની થોડાજ હિંમત કરતા. આ વેપાર માટે હિંદુસ્તાનમાંથી બહાર પડી ઠેઠ યુરોપમાં જવાના રાજમાર્ગ ઠરેલા હતા. તે સમયના આ ઘણા અગત્યના માર્ગે થઈને ઊંટ તેમજ બીજાં ભારબરદારી જાનવરોની મોટી વણઝારો અહીંનો વેપરનો માલ દૂર દેશ લગી લઈ જતી. આ વેપાર હસ્તગત કરવા માટે યુરોપનાં રાજ્યોમાં મોટી હોંસાતોંસી ચાલી હતી; કારણ હમણાની માફક તે વખતે પણ વેપારમાંજ વિશેષ કિફાયત હતી. યુરોપસરખા વિશાળ પ્રદેશના લોકોને અહર્નિશ જરૂરી, તેમજ એશઆરામનો, માલ પુરો પાડવો એ કંઈ થોડા ફાયદાની વાત નહોતી. ગ્રીક, રોમન, મિસર, ફિનિશિયન, આસીરિયન,

સમુદ્ર ઉપર જતો. કાસ્પિયન સમુદ્રની ઉત્તરે અને દક્ષિણે એ માર્ગના ફાંટા જતા, અને તે બન્ને કાળા સમુદ્ર ઉપર મળતા.

આ માર્ગોપૈકી એશિઆ માઇનરમાં થઇને જતો વચલો રસ્તો ઘણોજ પ્રાચીન હતો. હિંદુસ્તાનનાં વહાણો કિનારે કિનારે ઇરાનના અખાતને ઉત્તર છેડે જઈ ત્યાંનાં બંદરોમાં આ દેશનો માલ વેચતાં. યુફ્રેટિસ નદીના મુખ આગળનો પ્રદેશ જેને પ્રાચીન કાળમાં ખાલ્ડીઆ કહેતા, ત્યાંનાં બંદરે-થી એ માલ ભરી ઊંટની વણઝારો ઉત્તર તરફ રેતીનાં મેદાનમાં થઈ, પશ્ચિમ તરફ વળી પાલમાયરા ઉર્ફે તાડમુર આવતી, અને ત્યાંથી આગળ નૈરૂત્ય કોણમાં ડમાસ્કસ તરફ જતી. એ માર્ગના ડમાસ્કસ આગળથી બે ફાંટા ફુટતા: એક મોઢો પશ્ચિમ તરફ સમુદ્ર કિનારે જતો; ત્યાં ટાયર, સીડોન, એકર, આસ્કલન વગેરે પ્રાચીન શહેરો હતાં. બીજો ફાંટો દક્ષિણ તરફ વળી પેલેસ્ટાઇનને કિનારે કિનારે ઇડૉમ પ્રાંતમાં થઈ મિસર દેશમાં દાખલ થતો; અહીં રાતા સમુદ્ર ઉપરનો રસ્તો એને મળતો. પ્રાચીન કાળના વેપારનો મુખ્ય રસ્તો આ વચલો માર્ગ હતો

ઉત્તર તરફનો રસ્તો હિમાલયના ડુંગરોની પશ્ચિમ દ્વારોમાંથી બહાર પડી મધ્ય એશિઆમાં ઑક્સસ નદી ઉપર જતો, ત્યાં હિંદુસ્તાનથી જતી જણસો અને ચીન દેશમાંથી આવતો રેશમી માલ વગેરે એકઠાં થતાં. એ રેશમી કાપડને ચીનના પશ્ચિમ ભાગમાંથી પગ રસ્તે ઑક્સસ નદી લગી આવતાં એંસીથી સો દિવસ થતા. અહીંઆંથી એ સઘળો માલ કાળા સમુદ્ર ઉપર લઈ જવા માટે બે માર્ગ હતા. એક કાસ્પિયન સમુદ્ર-ની દક્ષિણ બાજુએ, અને બીજો તેની ઉત્તર બાજુએ હતો. એ સિવાય કાસ્પિયન સમુદ્ર ઉપર થઇને તેમજ કેટલીક નદીઓ માર્ગે એ માલ અગાડી લઈ જવામાં આવતો. હાલમાં કાસ્પિયન સમુદ્રના પશ્ચિમ કિનારા ઉપર બાકુ નામનું શેહેર છે ત્યાંથી કાળા સમુદ્રના પૂર્વ કિનારા ઉપર આવેલા બાટુમ શેહેર લગી રશિઅન આગગાડીનો રસ્તો છે તેજ ઘણું કરીને પૂર્વના વેપારનો માર્ગ હતો એમ કહેવામાં હરકત નથી. આ રસ્તા ઉપર ટિફ્લિસ શેહેર આવેલું છે.

આ સિવાય અફઘાનિસ્તાનમા થઈ ઈરાનની પશ્ચિમે નીકળી બગદાદ આગળ વચના રસ્તાને મળનારો એક નવો માર્ગ હતો આ સઘળા માર્ગોનુ મહત્વ જુદે જુદે વખતે ભિન્ન હતુ એ સર્વમા ઉત્તર તરફનો મધ્ય એશિઆમા થઇને જતો માર્ગ ઘણો દૂર, ખર્ચાળ તેમજ જોખમ ભરેલો હતો તે મોટા મોટા રેતીના મેદાન અને બરફથી ઢંકાએલા પહાડો તથા ડુગરોમા થઇને જતો હોવાથી, હલકા વજનનો પણ ભારે કીમતનો ચીની રેશમ જેવા માલ સિવાય બીજો ભારે માલ એ રસ્તે ઘણો જતો જ નહી માત્ર યુરોપ અને ચીન વચ્ચેના વેપારની આપલે આ માર્ગે થતી હોવાથી સિરિઆમાનો વચનો રસ્તો બધ થઈ જતા, તેને વિશેષ મહત્તા મળી હતી

કાળા સમુદ્ર ઉપર આવેલો ઘણો ખરો માલ કૉન્સ્ટેન્ટીનોપલ જતો, અને ત્યાથી યુરોપમા દાખલ થતો કવચિત ડાન્યુબ વગેરે નદી મારફત એ માલ પરભારો અગાડી જતો ક્રિમિઆને તથા ડાન્યુબ નદીના કાંઠાના પ્રદેશને સુધારાના માર્ગ ઉપર લાવનાર આજ વેપાર હતો ક્રિમિઆમા થિઓડોશિઆ નામનુ ગ્રીક લોકોનુ વેપારનુ મુખ્ય થાણુ હતુ તેવીજ રીતે આ ક્રિમિઅન દ્વીપકલ્પમા અગાઉ અનેક રાજ્યોએ પોતપોતાની વેપારી કોઠીઓ ઘાલી હતી

**૩. પ્રાચ્ય જણસોનો યુરોપમાં પ્રવેશ.**—ઐતિહાસિક કાળમા મનુષ્ય જાતિનો ઉદય પ્રથમ એશિઆ ખડમા થયો એમ કહેવાય છે શરૂઆતમા જુદા જુદા રાજ્યો વચ્ચે સર્વ પ્રકારનો વ્યવહાર જમીન ઉપર થઇને જ ચાલતો હતો પરમેશ્વરે ઊંટ જેવુ અતિ ઉપયોગી જાનવર મનુષ્ય જાતને તે કામ માટે આપેલુ હોવાથી તેઓ આ દૂરનો પ્રવાસ બીન-અડચણે કરી શકતા પશ્ચિમ એશિઆમા આવેલા રેતીના મોટા મોટા મેદાનોમાથી માલ લઈ જવાનુ માત્ર ઊંટની મદદથીજ બની શકે એમ હતુ હજારો વેપારીઓ એકઠા થઈ અસખ્ય જાનવરો ઉપર પોતાનો માલ લાદી હજારો માઈલનો પ્રવાસ નિયમિત વખતમા, અને અત્યત વ્યવસ્થિત પણે કરતા આ વેપારી વણજારોની પદ્ધતિ ઘણા વર્ષો સુધી ચાલી હતી અને તેને લીધેજ એશિઆ ખડના પૂર્વ વિભાગ ઉપરના રાજ્યો

પશ્ચિમ કિનારા ઉપરનાં અને તેની પણ પેલી ગેરનાં રાજ્યો સાથે સંબંધ થયો હતો.

વેપારની આ પદ્ધતિ તે સમયે ગમે તેવી ઉપયોગી હોય તોપણ તેમાં અનેક અડચણો પડતી; રસ્તો ઘણો ધાસ્તીભર્યો હતો, અને ખરચ તથા શ્રમ પુષ્કળ લાગતાં, એટલે માણસે પોતાની બુદ્ધિ વડે એનાકરતાં વધારે સુલભ માર્ગ તરતજ શોધી કહાડ્યો. નદી, દરીઆની ખાડી તથા અખાતમાં નાનાં મોટાં વહાણોનો પ્રવાસ જો કે પ્રાચીન કાળમાં શરૂ થયો હતો, તોપણ નૌકાનયનશાસ્ત્રને આજના પૂર્ણસ્વરૂપે પહોંચતાં ઘણો સમય નીકળી ગયો. હમણા સુધી મળેલી ઐતિહાસિક માહિની ઉપરથી એટલું તો માલમ પડે છે કે ભૂમધ્ય સમુદ્ર, આરબી સમુદ્ર, ઈરાનનું અખાત ઇત્યાદિ ઠેકાણે જુના વખતથી દરીઆ માર્ગે વેપાર ચાલતો હતો. સિરિઆના પશ્ચિમ કિનારા ઉપર આવેલા ફિનિશિયન રાજ્યની રાજધાની ટાયર શેહેરમાં હતી. આ રાજ્યના લોકો વેપારમાં ઘણા સાહસિક હતા, તેવીજ રીતે પ્રાચીન મિસરના લોકો પણ વેપારમાં અગ્રગણ્ય હતા. પ્રાચીન કાળમાં પશ્ચિમ એશિઆમાં સ્થપાયલાં રાજ્યોના થયલાં ઉદય અને અસ્ત આ વેપારનાં પ્રત્યક્ષ પરિણામ હતાં. બે રાજ્યો વચ્ચે યુદ્ધ થતાં એક રાજ્ય બીજાને જીતી લે તો જીતાયલા રાજ્યનું નામ નિશાન જેવી રીતે રહેતું નથી, તેવી રીતે શાંતિને સમયે એકાદ નજીવા લાગતા બનાવ ઉપરથી રાજ્યવિપ્લવ કેવી રીતે થાય છે તે નીચેની હકીકત ઉપરથી સમજાશે. વાસ્કો ડ ગામાએ સને ૧૪૯૮ માં આફ્રિકાની પ્રદક્ષિણા કરી યુરોપમાંથી હિંદી મહાસાગરમાં જળમાર્ગે દાખલ થવાનો રસ્તો શોધી કહાડતાંની સાથે મધ્ય કાળમાં સ્થપાયલાં અનેક રાજ્યો ઝપાટામાં અસ્ત પામ્યાં.

આ મહાન વેપારની આપ લે ઘણાજ જુના કાળમાં ક્યારે શરૂ થઈ તે નિશ્ચયાત્મક કહી શકાતું નથી. હિંદુસ્તાન, ચીન વગેરે પૂર્વ દેશોમાંજ ઉત્પન્ન થતી ઘણીએક ચીજોનાં નામ યુરોપના કેટલાક અસંત જુના ગ્રંથમાંથી મળી આવે છે, અને કેટલાંક નામ તો ભાષાદષ્ટીએ કેવળ એકજ હોય એમ દેખાય છે. એ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે ઘણાજ

પ્રાચીન કાળમા એમને આ લોકોના સમયની અગાઉ પૂર્વમાંથી માલ યુરોપ મા જતો હતો, પણ તે કયાથી અને કેવી રીતે આવતો તે લોકોને ખબર નહોતી કેસર, મનમન સાગ, સિસુ ગળી, રૂ, આમલી, રત્નો ઈત્યાદિ પદાર્થો, તેમજ હાથી, ચીઠ વગેરે જાનવરો ઇ સ પૂર્વ ૧૭૦૦ની પહેના યુરોપમા ગયા હતા હાથીદાત, કનઈ અને કાપડ હોમરના સમય અગાઉ (ઈ સ પૃ ૮૦૦) ત્યા દાખલ થયા હતા હોમરના ઈલીઅડ અને ઓડીસીના કાવ્યોમા વર્ણવેલા મોતીનાં કર્ણફુલ હિંદુસ્તાનમાથીજ ગયા હશે 'મરકત' એ સસ્કૃત શબ્દ ગ્રીક ભાષામા મોતીને માટે વપરાય છે બાઇબલ-ના ઓલ્ડ ટેસ્ટમેન્ટમા કસ્તુરી, મલીઆગરૂ, ચદન, તજ, કપુર, શેરડી, અબનુસ (એબની), સુતરાઉ કાપડ, મોનુ, મોર, વાદરા વગરેનુ વર્ણન આવે છે ગ્રીક ઇતિહાસકાર હિરોડોટસ (ઈ સ પ ૫૦૦) ના ગ્રથમા ગળી, તલ, દીવેલી, અખાડાના નામો છે ચોખા અને હીરાના નામો સ્ટ્રેબોના ગ્રથમા આવે છે (ઈ સ પૃ ૩૦૦) કાળા મરી, મોટા મરચા, ગુગ, લવીંગ, સાકર, ધી, અકીક, નાળીએર ઈત્યાદિ જણસો આજ અરસામા ગ્રીસ દેશમા જણાયની હતી વાસ્તવિક રીતે આ સમયથી પણ પૂર્વ ઘણા વખત ઉપર આ જણસો એશિઆમાંના પશ્ચિમ તરફના રાજ્યોને જાણીતી હોવી જોઇએ એ કાળમાં એ જણસોને એક દેશમાથી બીજા દેશમા જતા પુષ્કળ વખત લાગતો સિકદરના સમય પહેના ટીરા બાબત, અને જુલિ-અસ સીઝરના વખત અગાઉ ઝીણા રેશમી કાપડ બાબત યુરોપમા માહિતી નહોતી ઇ સ ૫૫૫ પહેલા કપુર યુરોપમા દાખલ થયુ નહોતુ અબાગ એનથી, જાનત્રી વગેરે જાણમા પણ ઘણા વખત પછી ત્યા જાણમા આવી નારગી, લીંબુ વગેરે ફળો ઇ સ ૧૦૦૦ પહેના યુરોપમા ચાલેલાં ધર્મ યુદ્ધ (ક્રુસેડ) વખતે તે ખડમા ગયા હતા નનદા ધોડા અરીગ ત્યા લઇ ગયા હતા, અને કાથો સત્તરમા સૈકામા ગયો હતો

પૂર્વ અને પશ્ચિમ તરફના દેશોમા નિરનિરાળે વખતે આ વેપારને ઉત્તેજન પણ મળ્યુ હતું મિસરના રાજા ટેગે ગેમેટિકસે (ઇ સ પૂ ૬૭૧–૬૧૭) અને ફેનીશીઆના રાજા નબુકેડનેઝરે (ઈ સ પૃ ૬૦૫–૫૬૨)

પોતાની કારકિર્દીમાં પૂર્વ તરફના વેપારને વિશેષ સવળતા કરી આપેલી હોવાથી બીજાં બે હજાર વર્ષ લગી એ વેપાર વધતો ચાલ્યો. આ લાંબા કાળમાં સઘળાં સેમેટિક* રાજ્યો હિંદુસ્તાન સાથે ઘણા નિકટ સંબંધમાં આવ્યાં હતાં. એ સંબંધને લીધે તે સમયની ધર્મની સમજમાં અનેક ફેરફાર થયા હતા. હિંદુસ્તાનની દેવનાગરી લિપિના અક્ષરો અને કેટલીક યુરોપીઅન ભાષાના અક્ષરો મૂળ મિસર અક્ષરોનું માત્ર રૂપાંતર હોય એમ કેટલાક શોધખોળ ચલાવનારા માને છે. મિસર દેશમાંના અક્ષરો ફિનિશિયન વેપારીઓ યુરોપમાં અને આરબ લોકો હિંદુસ્તાનમાં લઇ ગયા એવું કહેવાય છે. ટુંકમાં ધર્માચાર, અક્ષરલિપિ અને નાણાની બાબતમાં પ્રાચીન એશિઆ તથા અર્વાચીન યુરોપ માત્ર સરખાંજ નહીં પણ એકજ હતાં (બર્ડવુડ). પાકશાસ્ત્ર જેવી સાધારણ બાબતમાં પણ કેસરનો ઉપયોગ કૉર્નવૉલના કિનારાથી બ્રહ્મદેશ લગી પૂર્વ કાળથી સઘળે સામાન્ય હતો. ઉપર કહેલા પદાર્થોનાં નામ ગ્રીક ઇતિહાસકાર એરીઅનના ગ્રંથોમાંથી પણ મળી આવે છે. એકંદર રીતે જોતાં આ વેપાર ઘણા પ્રાચીન કાળથી ચાલતો આવેલો હોવાથી હમણાની માફક તે વખતનાં રાજ્યો તેને લીધેજ ધનાઢ્ય થયાં હતાં, અને તેઓ વચ્ચે ચાલેલી લડાઇઓ પણ આ વેપારને માટેજ હતી, એમ સહેલથી માની શકાશે. સિકંદર બાદશાહે આ વેપારને માટેજ અલેકઝાન્ડ્રીઆ વસાવ્યું હતું; અને એજ કારણને લીધે આરબ લોકોએ સને ૬૭૫ માં બસરા, અને સને ૭૬૨ માં બગદાદ શેહેર વસાવ્યાં હતાં. ગ્રીક, કાર્થેજીનિયન, રોમન, બાઇઝેન્ટાઇન એટલે પૂર્વ રોમન અને આરબ એ સઘળાં રાજ્યો ભૂમધ્ય સમુદ્રમાં એક પછી એક સર્વોપરી થયાં હતાં તેનું મુખ્ય કારણ હિંદુસ્તાનનો વેપારજ લેખી શકાય.

---

*ઈ. સ. પૂ. ૧૦૦૦ થી ઇ. સ. ૧૦૦૦ લગીમાં પશ્ચિમ એશિઆ ખંડમાં જે અનેક રાજ્યો મિસર, સિરિઆ, પેલેસ્ટાઇન, એશિઆ માઇનર, અરબસ્તાન, ઇરાન ઇત્યાદિ ઠેકાણે પ્રસિદ્ધિમાં આવ્યાં તે સઘળાં સેમેટિક રાજ્યોની સામાન્ય સંજ્ઞાથી ઓળખાય છે.

રીતે ઈંગ્લંડ અને હોલંડ વેપારથી ધનવાન થયાં તેવીજ રીતે પ્રાચીન કાળમાં ફિનિશિયન રાજ્ય સધન થયું હતું. ફિનિશિયન ખલાસીઓ દરીઆ ઉપર મુસાફરી કરનારા તરીકે ઘણા પ્રખ્યાત થયા હતા, અને તેમનો વિશેષ લાભકારક વેપાર હિંદુસ્તાન સાથેજ હતો. હિંદુસ્તાનમાંનો વેપારી માલ જળમાર્ગે ઈરાનના અખાત લગી આવતો, અને ત્યાંથી જમીન ઉપર થઇને પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર ઉપર જતો. ફિનિશિયન લોકોની રાજધાની ટાયર ભૂમધ્ય સમુદ્ર ઉપર હતી; પણ નૌકાનયનવિદ્યામાં તેઓ ઘણા પછાત હોવાથી તેઓ પોતાનાં વહાણ લઈ હિંદુસ્તાન આવી શક્યા નહીં. રાતા સમુદ્રના ઉત્તર ભાગમાં બે નાનાં અખાત આવેલાં છે, એક સ્વેઝનું અને બીજું અકાબાનું. આ બન્ને અખાતની વચમાં ઈડુમિઅન નામના લોકોનું રાજ્ય હતું. એઓની પાસેથી ફિનિશિયન લોકોએ વેપારની વૃદ્ધિ માટે રાતા સમુદ્રના કિનારા ઉપર આવેલાં ચાર ઉત્તમ બંદરો જીતી લીધાં. આ બંદરો મારફત તેઓ પોતાનો વ્યવહાર એક તરફ હિંદુસ્તાન સાથે અને બીજી તરફ આફ્રિકાના પૂર્વ અને દક્ષિણ કિનારા સાથે ચલાવતા. તથાપિ રાતા સમુદ્રથી ટાયર શેહેર ઘણું દૂર હોવાથી એ સમુદ્રની પાસે પડે તેવું ભૂમધ્ય સમુદ્ર ઉપર આવેલું હિનોકોરયુરા નામનું બંદર તેઓએ મેળવ્યું. એ ઠેકાણે હિંદુસ્તાનનો સઘળો માલ તેઓ લાવતા, અને ત્યાંથી ટાયર લઈ જઈ યુરોપમાં જુદે જુદે ઠેકાણે મોકલતા. હિંદુસ્થાન સાથે વેપાર કરવાનો આજ રસ્તો વિશેષ સવળ પડતો હતો, અને બીજા માર્ગ કરતાં અહીંઆં ત્રાસ અને ખરચ ઓછાં પડતાં. આ માર્ગે ચાલેલા વેપારથી ફિનિશિયન લોકો એટલા ધનાઢ્ય થયા કે ટાયરનો વેપારી એક નાનો રાજા હોય તેમ પૃથ્વી ઉપરના સઘળા લોકો તેને માન આપતા એમ (બાઈબલમાં ?) કહેવાય છે. સિકંદર બાદશાહે ટાયર જમીનદોસ્ત કરી સિડોનનો કબજો લીધો ત્યારે ફિનિશિયન લોકો સદંતર નાશ પામ્યા.

**૫. યાહુદી લોકોનો વેપાર.**—જ્યુ અથવા યાહુદી લોકોનું રાજ્ય ફિનિશિયન લોકોના મુલકની જોડાજોડ હતું અને ટાયરની સંપત્તિ જોઈ તેઓએ પણ વેપારનો માર્ગ સ્વીકાર્યો હતો. ડેવીડ અને સોલોમન

**૪. મિસર અને ફિનિશિયન રાજ્યોનો વેપાર.**—યુરોપ અને એશિઆ વચ્ચેનો વેપાર ઘણાજ જુના કાળથી એટલે ઈ. સ. પૃ. બે હજાર વર્ષ અગાઉ ખાલ્ડીઅન લોકોના તાબામાં હતો, પણ તેનો ઇતિહાસ કંઈ મળતો નથી. એમની પછી આરબ અને ફિનિશિયન લોકો વેપારમાં અગાડી આવ્યા, એમાંથી આરબ લોકો રાતા સમુદ્ર અને તેની પૂર્વ તરફના ભાગોમાં ફરતા, અને ફિનિશિયન લોકો ભૂમધ્ય સમુદ્રમાં વેપાર ચલાવતા. ત્યારબાદ ફિનિશિયન લોકોની એક શાખાએ આફ્રિકાના ઉત્તર કિનારા ઉપર આવેલા કાર્થેજ શેહેરમાં પોતાનું રાજ્ય સ્થાપ્યુ. કાર્થેજનો ઉદય શરૂઆતમાં વેપારનેજ લીધે થયો. એ સમયના પ્રાચીન વેપારની ભરોસા લાયક ખબર મિસર અને ફિનિશિયન રાજ્યોના ઇતિહાસમાંથી આપણુને મળે છે. આ બન્ને રાજ્યોના વેપારી દરીઆ ઉપર ફરનારા હોવાથી ભૂમધ્ય સમુદ્રમાં તેમજ આરબી સમુદ્રમાં તેઓ વારંવાર સફર કરતા. શરૂઆતમાં મિસર લોકોને આ વેપાર તરફ અભાવ હતો, કેમકે તેમનો દેશ ફળદ્રુપ અને તવંગર હોવાથી તેઓને પોતાના નિર્વાહ માટે બીજા ઉપર આધાર રાખવો પડતો નહીં, અને પરદેશી લોકોને તેઓ પોતાના દેશમાં દાખલ થવા દેતા નહીં. આગળ તેમનો સિસોસ્ટ્રીસ નામે એક ઘણો સાહસિક અને ધૂર્ત રાજા થયો. તેણે જોયું કે પરદેશ સાથે વેપાર કર્યા સિવાય સ્વદેશનું મહત્વ વધશે નહીં, એટલે ચારસો વહાણોનો એક પ્રચંડ કાફલો તૈયાર કરી તેણે હિંદુસ્તાનના કિનારા લગીના સઘળા દેશો કબજે કર્યા. પરંતુ આ રાજાના મરણ પછી મિસર લોકોએ જળપર્યટનનુ કામ પડતું મુક્યું તે પુનઃ હાથ ધરતાં ઘણો કાળ વ્યતિત થયો.

આ કરતાં ફિનિશિયન લોકો બાબતની માહિતી આપણુને વિશેષ મળે છે. એ લોકોનું રાજ્ય ભૂમધ્ય સમુદ્ર ઉપર સિરિઆને કિનારે આવેલુ હતું. ઈ. સ. પુ. ૧૦૦૦ થી ઈ. સ. પૂ. ૫૦૦ સુધીનાં સુમારે પાંચશો વર્ષ લગી એમણે જે આબાદી ભોગવી હતી તે સઘળી પૂર્વના વેપારને અવલંબીને હતી. કેમકે તેમનો દેશ ઘણોજ પહાડી હોવાથી તેમને પોતાના નિર્વાહની જણુસો પારકા દેશોમાંથી લાવવી પડતી. અર્વાચીન કાળમાં જેવી

રીતે ઈંગ્લંડ અને હોલંડ વેપારથી ધનવાન થયાં તેવીજ રીતે પ્રાચીન કાળમાં ફિનિશિયન રાજ્ય સધન થયું હતું. ફિનિશિયન ખલાસીઓ દરીઆ ઉપર મુસાફરી કરનારા તરીકે ઘણા પ્રખ્યાત થયા હતા, અને તેમનો વિશેષ લાભકારક વેપાર હિંદુસ્તાન સાથેજ હતો. હિંદુસ્તાનમાંનો વેપારી માલ જળમાર્ગે ઈરાનના અખાત લગી આવતો, અને ત્યાંથી જમીન ઉપર થઈને પશ્ચિમે ભૂમધ્ય સમુદ્ર ઉપર જતો. ફિનિશિયન લોકોની રાજધાની ટાયર ભૂમધ્ય સમુદ્ર ઉપર હતી; પણ નૌકાનયનવિદ્યામાં તેઓ ઘણા પછાત હોવાથી તેઓ પોતાનાં વહાણ લઈ હિંદુસ્તાન આવી શક્યા નહી. રાતા સમુદ્રના ઉત્તર ભાગમાં બે નાનાં અખાત આવેલાં છે, એક સ્વેઝનું અને બીજું અકાબાનું. આ બન્ને અખાતની વચમાં ઈડુમિઅન નામના લોકોનું રાજ્ય હતું. એઓની પાસેથી ફિનિશિયન લોકોએ વેપારની વૃદ્ધિ માટે રાતા સમુદ્રના કિનારા ઉપર આવેલાં ચાર ઉત્તમ બંદરો જીતી લીધાં. આ બંદરો મારફત તેઓ પોતાનો વ્યવહાર એક તરફ હિંદુસ્તાન સાથે અને બીજી તરફ આફ્રિકાના પૂર્વ અને દક્ષિણ કિનારા સાથે ચલાવતા. તથાપિ રાતા સમુદ્રથી ટાયર શેહેર ઘણું દૂર હોવાથી એ સમુદ્રની પાસે પડે તેવું ભુમધ્ય સમુદ્ર ઉપર આવેલું હિનોકોલ્યુરા નામનુ બંદર તેઓએ મેળવ્યું. એ ઠેકાણે હિંદુસ્તાનનો સઘળો માલ તેઓ લાવતા, અને ત્યાંથી ટાયર લઈ જઈ યુરોપમાં જુદે જુદે ઠેકાણે મોકલતા. હિંદુસ્થાન સાથે વેપાર કરવાનો આજ રસ્તો વિશેષ સવળ પડતો હતો, અને બીજા માર્ગ કરતાં અહીંઆં ત્રાસ અને ખરચ ઓછાં પડતાં. આ માર્ગે ચાલેલા વેપારથી ફિનિશિયન લોકો એટલા ધનાઢ્ય થયા કે ટાયરનો વેપારી એક નાનો રાજા હોય તેમ પૃથ્વી ઉપરના સઘળા લોકો તેને માન આપતા એમ (બાઈબલમાં ?) કહેવાય છે. સિકંદર બાદશાહે ટાયર જમીનદોસ્ત કરી સિદોનનો કબજો લીધો ત્યારે ફિનિશિયન લોકો સદંતર નાશ પામ્યા.

૫. **યાહુદી લોકોનો વેપાર.**—જ્યુ અથવા યાહુદી લોકોનું રાજ્ય ફિનિશિયન લોકોના મુલકની જોડાજોડ હતું અને ટાયરની સંપત્તિ જોઈ તેઓએ પણ વેપારનો માર્ગ સ્વીકાર્યો હતો. ડેવીડ અને સોલોમન

નામના તેમના બે પરાક્રમી રાજા થયા, તેમાથી ડેવીડે ઈ સ પૂ ૧૦૪૯–૧૦૧૬ સુધી, અને તેના છોકરા સોલોમને ઈ સ પૂ ૧૦૧૬ થી ૯૭૬ સુધી રાજ્ય કર્યું એમની કારકિર્દીનું વર્ણન બાઇબલના જુના કરાર (Old Testament)મા આપેલુ છે ડેવીડે જેરૂસલમમા પોતાની રાજધાની કરી અને ત્યાથી પૂર્વના વેપારનો વચલો એટલે સિરિઅન રસ્તો પોતાના કબજામા લીધો ઉત્તરે આવેલુ ડમાસ્કસ શેહેર પણ તેના કબજા મા હતું, તેમજ રાબા નામનુ જેરૂસલમની પૂર્વે આવેલુ વેપારનુ મથક તેણે હસ્તગત કર્યું હતુ દક્ષિણ બાજુએ મિસરની સરહદ ઉપર ઇડુમિઅન અને મોઆબાઇટ નામના નાના ગજ્યો હતા, તે પણ ડેવીડે જીતી લીધા સારાશ, ઉત્તરે ડમાસ્કસથી દક્ષિણે મિસર પર્યન્ત સઘળો પ્રદેશ ડેવીડે પોતાના કબજામા લીધો, અને તેમ કરવામા તેનો મુખ્ય હેતુ વેપારનોજ હતો પરતુ તેના અકાળ મરણને લીધે આ તેનો ઉદ્દેશ તેના છોકરા સોલોમને પાર પાડ્યો ડમાસ્કસની પણ અગાડી પાલમાયરા કરીને વેપારી વણઝારો ઉતરવાનુ ઠેકાણુ હતુ તે સોલોમને તાબે કરી ત્યા તાડમુર નામનુ થાણુ વસાવ્યુ એથી કરી યુફ્રેટિસ નદી અને ભૂમધ્ય સમુદ્રની વચ માના પ્રદેશમા થઇને ચાલતા વેપારનો મુખ્ય ભાગ તેના હાથમા આવ્યો વળી ટાયરના ફિનિશિયન રાજા હિરામ સાથે સોલોમને વેપારની બાબત મા તહ કરી આવી રીતે યાહુદી રાજ્યકુટુબના મૂળ પુરૂષ એબ્રાહામને પરમેશ્વરે જે વરદાન આપ્યુ હતુ તે સોલોમનના સમયમા ફળીભૂત થયુ ઉત્તર તરફના વેપારની વ્યવસ્થા કરી સોલોમને દક્ષિણ તરફ નજર ફેરવી અકાબાના અખાત ઉપરના ઈલથ અને ઇઝિઅનગેબર નામના બે બદરો તેણે ઇડુમિઅન લોકો પાસેથી લઈ ત્યાથી પોતાના જહાજ દેશાવર રવાના કર્યા તેણે આ જહાજ તેમજ તે ચલાવનાર ખલાસીઓ ફિનિશિયન રાજા હિરામ પાસેથી માગી લીધા હતા આવી રીતે આ બેઉ રાજાઓએ ટાર્શિસ અને ઑફીરના દૂરના બદરો સાથે પોતાનો વેપાર ચલાવ્યો એ બે બંદરો આફ્રિકાના કિનારા ઉપર હોવા જોઇએએવુ ધારવામા આવે છે સોલોમનના જહાજ બાબ-અલમાંડબની સામુદ્રધુનીમા થઇને નીચે આફ્રિકાના

સોફાળા નામના ભાગ લગી જતાં, અને ત્યાંથી સોનું, રૂપું અને બીજો માલ લઈ પાછાં ફરતાં. આ હકીકતમાં યાહુદી લોકોને હિંદુસ્તાન સાથે પ્રત્યક્ષ વ્યવહાર હતો કે નહીં એ દેખાતું નથી. વેપારને લીધે સોલોમન રાજાએ જેરૂસલમ શેહેર અનેક ઉત્કૃષ્ટ ચીજો વડે સુશોભિત કર્યું. બાઈબલમાંના સોલોમનના સ્તોત્રમાં વેપારી માલની જે યાદી આપેલી છે તેમાંની કેટલીએક વસ્તુઓ હિંદુસ્તાનમાંથીજ ગઈ હશે એ ચોક્કસ છે. તેના સિંહાસન ઉપર જડેલો હાથીદાંત, તેનું સુંદર જવાહીર, ગોનાની ગણો ટાલ, મસાલા, તેના બાગમાંનાં વાંદરાં અને મોર, અને દેવળના સુખડના દરવાજા એ સઘળાં હિંદુસ્તાનથી આવેલાં હતાં. મિસરના રાજા ફેરોની છોકરીનાં લગ્ન સોલોમન સાથે થયાં તે સમયના 'વિવાહ-મંગળ-સ્તોત્ર' માં પણ વેપારનું મહત્વ પૂર્ણપણે વર્ણવેલું છે. સોલોમન માટે મિસરમાંથી ઘોડા અને વસ્ત્રો આવ્યાં હતાં.

આ પછી યાહુદી લોકોનું રાજ્ય જલદીથી લય પામ્યું. ઈ. સ. પૂ. ૯૭૬ માં સોલોમન મરણ પામતાં તેના રાજ્યના વિભાગ પડી ગયા, અને ત્યારપછીનાં એક હજાર વર્ષમાં મિસર, એસિરિઆ, બેબીલોનીઆ, પર્શિઆ, ગ્રીસ અને રોમનાં રાજ્યો એક પછી એક સિરિઆમાં પ્રબળ થયાં. જે રાજ્ય પ્રબળ થતું તે બીજાને જીતી લઇ પોતાની સત્તા વધારતું; એ પછી એ રાજ્યના નાશમાંથી બીજુંજ રાજ્ય ઉદય પામતું. તે સમયના આ ઉદય અને અસ્તનું કારણ વેપારજ હતું, એ નિર્વિવાદ છે.

૬. **સિકંદર બાદશાહનું વેપારી ધોરણ.**—ગ્રીસ દેશના બાદશાહ સિકંદરે ઈ. સ. પૂ. ૩૨૭ માં હિંદુસ્તાન ઉપર સ્વારી કરી. આ બાદશાહ પૂર્વ તરફના વેપારનું મહત્વ ઘણું સારી રીતે સમજતો હોવાથી સર્વ જમીન તેમજ સમુદ્ર ઉપર પોતાનું રાજ્ય લંબાવવાની તેને મહત્વાકાંક્ષા થઈ હતી. ફિનિશિયન લોકો થોડાંક જહાજની મદદથી સર્વ શત્રુઓ સામે ટક્કર ઝીલી પોતાનો બચાવ કરે છે, તેમજ હિંદુસ્તાનનો જળમાર્ગે ચાલતો સઘળો વેપાર પોતાના તાબામાં લઇ સંપત્તિવાન થયા છે, એ જોઇ સિકંદર બાદશાહે તેઓની સત્તા છીનવી લેવા અથાગ મહેનત કરી. મિસર

દેશમાં નાઈલ નદીને કાંઠે પોતાના નામનું એક શહેર સ્થાપી તેણે ફિનિશિયન લોકોની રાજધાની ટાયરને ઘણી સખત મહ પહોંચાડી એલેક્ઝાન્ડ્રીઆ શહેર વસાવવામાં સિકંદરનામાં કેવા ઉત્તમ પ્રકારની દીર્ઘદૃષ્ટિ તેમ-જ ધર્તતા હતી તે પ્રત્યક્ષ માલમ પડી આવે છે અનેક રાજ્યક્રાન્તિ થયા છતાં આશરે અઢારસો વર્ષ લગી આ શહેર હિંદુસ્તાનના વેપારનું મુખ્ય સ્થાન રહ્યું હતું ઇરાન જીતી સિકંદર સમર્કંદ ગયો, અને ત્યાંથી હિંદુસ્તાન તરફ વળ્યો રસ્તામાં તેણે અનેક દેશો અને લોકોનું બારીક નિરીક્ષણ કર્યું તો તેને માલમ પડ્યું કે સઘળી સારામાં સારી ચીજોનું મૂળ સ્થાન હિંદુસ્તાન હતું, અને તેથીજ તે દેશ જીતવા તેને અધિક ઇચ્છા થઈ આગળ જતાં તે વાયવ્ય કોણને રસ્તે હિંદુસ્તાન આવ્યો ઐતિહાસિક કાળમાં ખાઇબર ઘાટમાં થઇને આ દેશમાં આવનારો આ પહેલોજ રાજપુરુષ હતો તક્ષશિલા ઉર્ફે અટક આગળ હોડીના પુલની મદદ વડે સિંધુ નદી ઓળંગી તે આ તરફ આવ્યો જેલમ નદીને કાંઠે તેને પોરસ રાજા સાથે લડાઈ થયા બાદ તે દક્ષિણ તરફ વળતાં પંજાબની ફળદ્રુપતા નિહાળી ચકીત થઈ ગયો નાઈલ, યુફ્રેટિસ, ટાઇગ્રિસ ઇત્યાદિ અનેક નદીઓ અને તેના કાંઠા ઉપરના અસંખ્ય ફળદ્રુપ પ્રદેશો તેણે આ પહેલાં જોયેલા હોવાથી, પંજાબ પ્રાંતમાં પરમેશ્વરની કૃપા, સૃષ્ટિનો વૈભવ અને મનુષ્યની અક્કલ પૂર્ણતાની ટોચે પહોંચી હોય એમ તેને લાગ્યું પણ ગંગા નદી અને તેના કાંઠાનો પ્રદેશ આના કરતાં પણ વધારે ફળદ્રુપ અને શોભાયમાન છે, અને તેના પ્રમાણમાં સિંધુ નદી અને પંજાબ કાંઈ પણ વિસાતમાં નથી એમ સાંભળતાં તરતજ પોતાના સૈનિકોને એકઠા કરી આગળ વધવા માટે સિકંદર બાદશાહે અત્યંત આગ્રહ કર્યો પરંતુ તેઓએ અત્યાર પહેલાં પુષ્કળ દુઃખ અને સંકટ ભોગવેલાં હોવાથી આગળ જવા માટે તેઓના પગ ઉપડ્યા નહી આવી અતિશય નાસીપાસ થઈ તેઓની મરજીની ખાતર સિકંદરને પાછા ફરવાની જરૂર પડી બાદશાહ બિઆસ નદી લગી આવેલો હતો એટલે ત્યાંથી પાછા ફરતાં અગાઉ તે નદીને કાંઠે તેણે બાર ભવ્ય સ્થંભ ઉભા કર્યા એપોલોનિઅસ ત્યાએનિઅસ નામનો

એક ગ્રીક ગૃહસ્થ ઈ. સ. ૪૬ માં પંજાબમાં આવ્યો હતો તે વેળા તેણે આ સ્થંભ જોયા હતા, અને તેના ઉપરના લેખ વંચાતા હતા એમ તેણે લખેલા સિકંદરના વૃતાન્ત ઉપરથી જણાય છે. સિકંદર પુષ્કળ વિદ્વાન લોકને પોતાની સાથે તેડી લાવ્યો હતો. તેમની મારફતે તેણે હિંદુસ્તાનની બારીક માહિતી મેળવી. પ્રથમ તે જેલમ નદી ઉતર્યો ત્યારે તેણે પુષ્કળ હોડીઓ બાંધવા હુકમ આપ્યો હતો, તે પ્રમાણે એ પાછો ફર્યો ત્યારે ઉત્તમ પ્રકારની અસંખ્ય હોડીઓ તૈયાર થઈ હતી. સિકંદરે આ સ્વારીની સર્વ વ્યવસ્થા કરવાનું કામ નિઆરકસ (Nearchus) નામના હોંશિઆર અમલદારને સોંપ્યું હતું. આજ હોડીઓ મારફત સિકંદર સિંધુ નદીમાં થઈ હિંદી મહાસાગરમાં આવ્યો. તેની સાથે એક લાખ વીસ હજાર ફોજ, બસો હાથી, અને નાનાં મોટાં બે હજાર વહાણ હતાં. ફોજના ત્રણ સરખા ભાગ કરી તેમાંનો એક તેણે વહાણ ઉપર ચહડાવ્યો, અને બીજા બે ભાગને નદીના દરેક કાંઠા ઉપરથી સાથે ચાલતા આવવા હુકમ ફરમાવ્યો. બન્ને કાંઠા ઉપરના રાજાઓએ સિકંદરને ખંડણી આપી. કેટલાકને તેણે હરાવ્યા અને કેટલાક પોતાની મેળે જ શરણે આવ્યા. આ નદીનો હજાર માઈલનો લાંબો પ્રવાસ પુરો થતાં નવ મહીના નીકળી ગયા.

સિંધુ નદીમાંથી સમુદ્ર ઉપર નીકળતાં સિકંદરને ઘણો સંતોષ થયો, અને વહાણોની વ્યવસ્થા કરવાનું નિઆર્કસને માથે નાખી પોતે સમુદ્રને કાંઠે કાંઠે ઈરાન ગયો. બાકીની ફોજ પણ તેજ પ્રમાણે જમીન ઉપર કિનારે કિનારે ગઈ. સિંધુનો કિનારો છોડ્યા પછી સાત મહિને સિકંદરનું આખું લશ્કર ઈરાની અખાતના ઉત્તર છેડા ઉપર યુફ્રટિસ નદી આગળ એકઠું થયું. હિંદુસ્તાન વિશે કેટલીક ખરી અને ઉપયોગી ખબરો આજ વખતે યુરોપમાં ગઈ. સિકંદરની આ સફરની કેટલીક તપસીલવાર હકીકત મી. વિન્સેન્ટ સ્મીથ (Vincent Smith)ના પુસ્તકમાં આપેલી મળી આવે છે તે મનોરંજક અને ઉપયોગી જણાયાથી હેઠળ આપી છેઃ—

ઈરાન દેશ છોડી સિકંદર ઈશાન તરફ વળી મધ્ય એશિઆમાં ગયો. ત્યાંથી અમુદર્યાનો સપાટ પ્રદેશ, જેને પહેલાં બેક્ટ્રીઆ કહેતા અને જેની

રાજધાની બધું હતી તે સર્વે હસ્તગત કરી ઈ સ પૂ ૩૨૭ ની વસંત ઋતુના આરંભમાં બરફ પીગળવા માંડતાંજ સિકંદર બાદશાહે હિંદુસ્તાન તરફ કુચ કરી તેની સાથે યુરોપથી આવેલું ૫૦–૬૦ હજાર માણસનું લશ્કર હતું, તે સઘળા સાથે દશ દિવસમાં તે હિંદુકુશ ઓળંગી ગયો, અને કોહીસ્તાનની ખીણમાં ઉતર્યો અહીંઆં તેણે લશ્કરી છાવણી નાખી, અને નિકેનોર (Nikanor) ને તેનો બંદોબસ્ત કરવાનું સોંપ્યું આ ઠેકાણે પશ્ચિમ, ઉત્તર અને દક્ષિણ એ ત્રણે દિશા તરફના રસ્તા મળતા હતા અહીંથી જલાલાબાદની પશ્ચિમ બાજુએ આવેલા નિકેયા (Nikaia) શેહેર આગળ આવી પહોંચ્યા પછી સિકંદરે પોતાના લશ્કરના બે ભાગ કરી, એક ભાગને કાબુલ નદીના કાંઠા ઉપરનો મુલક જીતવા હિફેસ્ટીઅન અને પર્ડીકાસ નામના બે સરદારોના ઉપરીપણા હેઠળ અગાડી રવાના કર્યો તક્ષશિલા આગળ પહોંચેથીજ શરણે આવેલો હિંદુરાજા સિકંદરના લશ્કરની તજવીજ રાખવા માટે તેની સાથેજ હતો તક્ષશિલા શેહેર સિંધુ નદીના પૂર્વ કિનારાથી ત્રણ ટપ્પા દૂર હતું હાલના રાવલપીંડીથી વાયવ્ય ખુણા તરફ, અને હસનઅબદાલથી અગ્નિ કોણ તરફ કેટલાક માઈલ લગી ખંડીએરો દેખાય છે તે કદાચ આજ શેહેરના હોય તક્ષશિલાના રાજાને પોરસ સાથે અણબનાવ હતો હિંદુસ્તાનમાંની સર્વે હકીકત સિકંદરને આપનાર, અને તેની સઘળી વ્યવસ્થાની જવાબદારી માથે લેનાર તક્ષશિલાનો રાજા હતો સિંધુ નદીના પશ્ચિમ કિનારા ઉપરના રાજાઓ સિકંદરના લશ્કરને શરણે આવ્યા તે સઘળાની મદદથી સિંધુ નદી ઓળંગવા માટે સિકંદરે હોડીઓનો પુલ બંધાવ્યો લશ્કરના બીજા ભાગની સરદારી સિકંદરે પોતે લીધી, અને ઈ સ પૂ. ૩૨૭ ના સપ્ટેમ્બર માસમાં તે આગળ વધ્યો રસ્તામાં તેને અનેક અડચણો નડી, અને ઘણી લડાઈમાં ઉતરવું પડ્યું, પરંતુ તેની વ્યવસ્થા તેમજ તૈયારી ઉત્તમ પ્રકારની હોવાથી તેને જય મળતો ગયો જે લોકો શરણે આવતા તેને તે પોતાની નોકરીમાં રાખતો, અને જેઓ વિરૂદ્ધ પડતા તેઓને દેહાન્તદંડની શિક્ષા કરતો આમ કરતા કરતા તે ઈ સ પૂ ૩૨૬ ના જાનેવારી માસમાં

સિંધુ નદી ઉપર આવી પહોંચ્યો. અહીંઆં તેણે લશ્કરને એક મહિના લગી વિશ્રાંતિ લેવા તથા મોજશોખ કરવાને પરવાનગી આપી.

આ અરસામાં તક્ષશિલાનો રાજા મરણ પામવાથી તેનો છોકરો ઑંફીસ ગાદીએ આવ્યો, અને સિકંદર બાદશાહ સાથેનો સંબંધ જારી રાખવા પિતાને પગલે ચાલ્યો. તક્ષશિલાના મુલકની ઉત્તરે પહાડી પ્રદેશમાં એક અભિસાર નામના રાજાનું અને બીજું પોરસનું એમ બે રાજ્યો હતાં; તે જેલમ અને ચિનાબ નદીઓની વચ્ચે હાલનાં જેલમ જિલ્લો, ગુજરાત અને શાહપુર આવેલાં છે ત્યાંજ ઘણું કરીને હતાં. તક્ષશિલાના રાજાએ સિંધુ નદી ઉપર સિકંદરને માટે જે પુલ તૈયાર કર્યો હતો તે અટકથી સોળ માઈલ ઉપર આવેલા ઓહિંદ ઉર્ફે ઉંદ ગામ આગળ હશે. આ પુલ ઉપર થઇને તે પોતાનાં સઘળાં લશ્કર સહિત ઈ. સ. પૂ. ૩૨૫ ના માર્ચ મહિનામાં તક્ષશિલા આવ્યો. તે વેળા એ શહેર ઘણું નામાંકિત હતું, અને ત્યાં વિદ્વાનોનું સારી રીતે ભરણપોષણ થતું હોવાથી દૂર દેશાવરથી ઘણા વિદ્વાનો ત્યાં આવતા. અહીંના રાજાને સિકંદરે નાના પ્રકારે ખુશી કરી આગળ જવા માટે તેની મદદ માગી. અભિસાર અને પોરસ વચ્ચે સ્નેહભાવ હોવાથી બન્નેએ પહેલાં સિકંદરની સામા થવા ઠરાવ કર્યો; પણ કોણ જાણે કેવા કારણને લીધે અભિસાર પાછળથી મક્કમ ન રહેતાં તેણે તક્ષશિલા આગળ પોતાનો એલચી મોકલી સિકંદરનું માંડલિકત્વ કબૂલ કર્યું. પોરસ પાસેથી પણ તેણે આવીજ કંઇક આશા રાખી હતી, અને તે ફળીભૂત કરવા તજવીજ પણ કરી હતી. સિકંદરે તેને મળવા બોલાવતાં ગર્વિષ્ટ પોરસે તેના સંદેશાનો જવાબ મોકલાવ્યો કે 'સરહદ ઉપર આપને મળવા હું તૈયાર છું, માત્ર લશ્કર સહિત આવું છું.' આ ઉત્તર વાળી પોરસ રાજા પોતાનું ૫૦ હજાર લશ્કર લઈ જેલમ નદીના કિનારા ઉપર સિકંદરની સામે થવા આવ્યો. તક્ષશિલાથી નીકળેલો સિકંદર પંદર દિવસમાં જેલમ નદી ઉપર પોરસની સામા આવી લાગ્યો ( મે, ૩૨૬ ). સિંધુ નદી ઓળંગવા માટે તૈયાર કરેલી હોડીઓના ભાગ છુટા કરી સિકંદર જેલમ નદી આગળ ગાડાંમાં લાવ્યો હતો, પણ પોરસના લશ્કરની નજર આગળ નદી ઉતરવાનું તેને

માટે શક્ય ન હોવાથી તેણે આસપાસના પ્રદેશની તપાસણી કરી તે વિશે બાતમી મેળવી. એ વેળા ઉન્હાળો હોવાથી નદીમાં પુર આવેલું હતું એટલે તે ઉતર્યા વગર આપણે નદી ઓળંગવી નથી એવો ગપાટો સિકંદરે ચલાવ્યો. વખત જતાં વરસાદ શરૂ થયો અને રેલ વધતીજ ચાલી. સખત વરસાદ પડતો હતો તેવામાં એક રાતે ગુપ્તપણે નદીના મૂળ તરફ ૧૬ માઇલ જઇ થોડાંક ચુંટી કહાડેલાં માણસો સાથે તેણે નદી ઓળંગી. આ બાતમી પોરસને મળતાંજ પોતાનાં સઘળાં લશ્કર સાથે તે સિકંદરની સામા ધસ્યો. તેના લશ્કરમાં ૨૦૦ હાથી અને ૩૦ હજાર પાયદળ હતું, અને બન્ને બાજુ મળી ૪૦૦૦ સ્વાર અને ૩૦૦ રથ હતા. દરેક રથને ચાર ઘોડા જોડેલા હતા, અને તેમાં બે તિરંદાજ, બે ઢાલવાળા અને બે સારથી એમ ૭ ૭ માણસો હતાં. પાયદળ લશ્કર પાસે ઢાલ, તરવાર અને ધનુષ્યબાણ હતાં. પોરસની સઘળી તૈયારી ઉત્તમ પ્રકારની હતી, પણ તેનું લશ્કર ઘણું મોટું હોવાથી તેને લડાઇની હરોલમાં રાખવાનું કામ મુશ્કેલ હતું. સિકંદરનો સઘળો આધાર ઘોડેસ્વાર લશ્કર ઉપર હોવાથી તેમાં ચપળતા તથા દક્ષતા વિશેષ દેખાતાં હતાં. સિકંદરના લશ્કરનો બીજો ભાગ ક્રેટીરાસ નામના તેના એક હોંશીઆર સેનાપતિના તાબા હેઠળ મૂળ સ્થાન ઉપરજ હતો. પોરસ અને સિકંદર વચ્ચે લડાઇ શરૂ થતાંજ તે તરફથી ક્રેટીરાસે એકદમ નદી ઓળંગી પોરસના લશ્કર ઉપર પાછળથી હલ્લો કર્યો, એટલે પોરસ ગભરાઇ જતાં તેનો પરાજય થયો અને ક્રેટીરાસના હાથમાં તે સપડાઇ ગયો. પોરસ સાડા ૭ ફુટ ઉંચો ભવ્ય પુરૂષ હતો. તે પોતાનો પરાજય થતો અટકાવવા જીવ ઉપર આવી લડયો, પણ શરીર ઉપર નવ જખમ લાગતાં નાઇલાજ થઇ તે દુશ્મનના હાથમાં પકડાઇ ગયો. એમ છતાં સિકંદરે તેનો સન્માનથી આદરસત્કાર કર્યો, અને તેને તેનું રાજ્ય પાછું આપી દેવા ઉપરાંત તેને બીજો વધારે મુલક આપ્યો. આ પ્રમાણે સિકંદરે બતાવેલા ઔદાર્યથી પોરસ તેનો એક ગાઢો મિત્ર થયો. સિકંદરનાં આ કૃત્યથી તેની ધૂર્તતા જણાઇ આવે છે. પોરસ સાથેની આ લડાઇ ઈ. સ. પૂ. ૩૨૬ ના જુલાઈ મહિનાના આરંભમાં થઈ હતી,

અને તેના સ્મરણાર્થે સંગ્રામ ભૂમી નજદીક સિકંદરે બે નવાં શહેરો વસાવ્યાં હતાં, તેમાંનું હમણાના જેલમ શહેર પાસે આવેલું બોકીફેલા ( Buokephala ) ઘણુંજ પ્રસિદ્ધિમાં આવ્યું હતું.

આ પછી ક્રેટીરાસને લશ્કરનાં મૂળ સ્થાન ઉપર રાખી સિકંદરે આજુબાજુનો ઘણો પ્રદેશ જીતી લીધો. ચિનાબ નદી ઓળંગી તે રાવી નદીની પણ થોડી આ બાજુએ આવ્યો, અને ત્યાં કથઈ લોકોનું મુખ્ય થાણું સંગલ કરીને હતું તે લીધું. ઈ સ. પૂ. ૩૨૬ ના સપ્ટેમ્બરમાં તે બીઆસના કિનારા ઉપર આવ્યો, પણ તેની અગાડી જવાને તેનું લશ્કર કબૂલ થયું નહીં. સિકંદરે માણસોને આજીજીપૂર્વક વિનવ્યા પણ સર્વ ફોગટ ગયું. કોઈનાસ નામના તેના વિશ્વાસુ સરદારે ધીરજથી લશ્કરનાં આદમીઓનું કહેવું સિકંદરને કાને નાખ્યું, ત્યારે તે ઘણો નાઉમેદ થયો, ત્રણ દિવસ લગી પોતાના તંબુમાંથી બહાર નીકળ્યો નહીં, અને આખરે ન છુટકે પાછા ફરવાનો તેણે હુકમ આપ્યો. અહીંથી નીકળતાં પહેલાં તેણે બીઆસ નદીની પેલી બાજુએ બાર દેવતાના નામના બાર ચોખંડા પથ્થરના સ્થંભ ઉભા કર્યા, અને મોટો ઉત્સવ કર્યો. પ્રત્યેક સ્થંભની ઉંચાઈ ૫૦ હાથ હતી.

પાછા ફરતાં સિકંદર ચિનાબ નદી ઉપર આવ્યો ત્યારે ગ્રીસથી આવેલું ૫૦૦૦ સ્વાર અને ૭૦૦૦ પાયદળનું નવું લશ્કર તેને મળ્યું. તરતજ જેલમ નદી ઉપર આવી તેણે પોતાના લશ્કરના ત્રણ ભાગ કરી એક ભાગ નદી મારફતે, અને દરેક કાંઠા ઉપર અકેક ભાગ, એવી રીતે જેલમ નદીમાં થઈ સમુદ્ર લગી સફર કરવાનો અને આસપાસના પ્રદેશની તપાસ કરવાનો નિશ્ચય કર્યો. નદી ઉપર ફરનારા લોકોની હોડીઓ તેણે પોતાના કામમાં લીધી અને બીજી કેટલીક નવી પણ બાંધી. જુદાં જુદાં રાજ્યોમાંથી આવેલા પુષ્કળ ખલાસીઓ એની ફોજમાં હતા તે સઘળાને એણે હોડી ઉપર કામે લગાડ્યા. ત્રીસ ત્રીસ હલેસાં વાળી મોટી ૮૦ હોડીઓ સ્વારીમાં હતી, અને નાનાં મોટાં સઘળાં વહાણો મળી એકંદર ૨૦૦૦ વહાણો સિકંદર પાસે હતાં. કિનારે ચાલતા લશ્કરના ભાગોનું વડપણ ક્રેટીરાસ અને હિફેસ્ટિઅન પાસે હતું, અને વહાણ ઉપરના ભાગ સાથે સિકંદર પોતે હતો.

અહીંથી મુકામ ઉઠાવવા અગાઉ સિકંદરે એક ભવ્ય દરબાર ભરી પોરસને તેનું રાજ્ય પાછું સોંપ્યું. એવીજ રીતે અભિસાર રાજાને સિંધુ નદીની પૂર્વે તરફના પ્રદેશનો છત્રપતિ સ્થાપી ફિલિપ્સને પશ્ચિમ તરફના મુલક ઉપર સર્વોપરી સત્તાધીકારી તરીકે નીમ્યો. અકટોબર માસની આખરે એક શુભ દિવસે સવારમાં દેવપુજા કરી જળદેવતાને નૈવેદ્ય વગેરે ચડાવી સિકંદરે રણ-શીંગડાં ફુંકાવી કૂચ કરવા હુકમ આપ્યો. અસંખ્ય ઘોડાઓને હોડી ઉપર ચડાવેલા જોઇ લોકોને ઘણું આશ્ચર્ય લાગ્યું. આવડો મોટો કાફલો વ્યવસ્થિત રીતે ચાલતો હતો તેથી પણ આસપાસના લોકો આશ્ચર્યચકિત થયા. હજારો હલેસાંનો અવાજ, હુકમ આપનારા જાસુસોનો પોકાર, ખલાસીઓનાં ગાય-નનો સુર, એ સઘળામાંથી નીકળતા પ્રતિધ્વનીથી બન્ને કાંઠા ઉપર જાણે કલ્લોલ થઈ રહ્યો હતો. આઠમે દિવસે આ લશ્કર જેલમ અને ચિનાબ નદીના સંગમ ઉપર આવી પહોંચ્યું. અહીંઆં કેટલાંક વહાણો ડૂબી ગયાં તેમાં સિકંદરની હોડી પણ ડુબી જશે એવી ધાસ્તી હતી. મુસાફરી કરતાં આસપાસના લોકો સાથે સિકંદરને અનેક વેળા યુદ્ધમાં ઉતરવું પડ્યું હતું, અને તેમ કરતાં તેણે કેટલાંક શહેરો તથા કંઇક પ્રાંતો કબજે કર્યા હતા. એક વખતે સિકંદરને સખત જખમ લાગવાથી તે બેશુદ્ધ થઇ પડ્યો, પણ ઘા કાપી અંદર પેસી ગયલો તીરનો કકડો ખેંચી કહાડતાં તે હોંશીઆર થયો. પ્રવાસ કરતું આખું લશ્કર સિંધુ અને પંચનદના સંગમ ઉપર આવ્યું ત્યારે તે જગ્યાએ સિકંદરે એક શહેર વસાવ્યું, અને ક્રેટીરાસને ખુશ્કીને માર્ગે ઇરાન રવાના કર્યો. અહીંથી કૂચ કરી સિકંદર સિંધુ નદીના મૂખ આગળ થએલા ત્રીકોણ આકારના જમીનના ટુકડા આગળ આવ્યો. અહીં નાકા ઉપર આવેલું પટલ (પત્તલ-ઠઠ્ઠા) નામનું શહેર સિકંદરને ઘણું ઉપયોગી લાગવાથી તેણે સિંધુ નદીના પૂર્વ પશ્ચિમ ભાગમાંથી સમુદ્ર પર્યંત જાતે ફરી યુદ્ધોપયોગી તેમજ વ્યાપારોપયોગી સાધનોની તપાસ કરી, અને નવી હોડીઓ, ગોદી તથા બંદરો બાંધી તે પટલ પાછો ફર્યો. આ સઘળી તપાસ કર્યા પછી યુરોપ પાછા ફરવાનો માર્ગ નક્કી કરવાના વિચારથી તેણે પોતાના લશ્કરના બે ભાગ કર્યા. એક ભાગે સમુદ્ર મારફતે જવું અને બીજાએ તે

ભાગની સાથે સાથે કિનારે કિનારે જવું એ પ્રમાણે સિકંદરે હુકમ આપ્યો. જેલમ નદીથી પટલ આવતાં આ સ્વારીને દશ મહિના થયા. સ્વારીની સઘળી ઉત્તમ પ્રકારની વ્યવસ્થા નિઆર્કસે કરેલી હોવાથી તેને દરીઆ માર્ગે જનારા ભાગનો ઉપરી નીમી સિકંદર પોતે જમીન માર્ગે ગયો. પણ આ પ્રવાસમાં તેને મહા કષ્ટ વેઠવું પડયું. રસ્તામાં આવતા મોટા મોટા પર્વતો અને રેતીનાં મેદાનથી પોતાને અડચણ પડશે એ સિકંદરને ખબર ન હોવાથી તેનાં પુષ્કળ માણસો મરણ પામ્યાં, અને દુશ્મનો સામે લડવામાં તેને ઘણી મહેનત પડી. સમુદ્ર માર્ગે જતાં લશ્કરને તથા સિકંદર સાથેના ભાગને અરસપરસ મદદ નહીં મળવાથી ઘણી મહેનતે બન્ને ભાગો ઓર્મઝની નજીકમાં મળ્યા. તેમનો પ્રવાસ ઈ. સ. પૂ. ૩૨૫ ના અકટોબર મહિનામાં શરૂ થયો હતો. નિઆર્કસને પણ માર્ગમાં પુષ્કળ અડચણો નડી. ઓર્મઝથી પાંચ ટપ્પે દૂર સિકંદરની છાવણી હોવાથી નિઆર્કસ ત્યાં જઈ તેને મળ્યો, અને સઘળું લશ્કર પૂર્વ તરફ આગળ વધી ઈરાની અખાતના કુંઠા ઉપર આવેલા સુઝા આગળ ઇ. સ. પૂ. ૩૨૪ ના એપ્રિલ માસની આખરે આવી લાગ્યું. એક વર્ષ પછી એટલે ૩૨૩ ના જુન મહિનામાં આ પરાક્રમી પુરૂષ બેબીલોનમાં મરણ પામ્યો.

ઉપલી હકીકત ઉપરથી આ મહા પરાક્રમી પુરૂષની રીતભાત તથા ડહાપણ ઘણી સારી રીતે જણાઇ આવે છે. ગ્રીસ દેશથી હિંદુસ્તાનની પૂર્વ સીમા લગીના સઘળા પ્રદેશ ઉપર પોતાનું રાજ્ય સ્થાપવાની તેને મહત્વાકાંક્ષા થઇ હતી. તેની શોધકબુદ્ધિ તથા વ્યવસ્થા કરવાની કુનેહ ઉપરથી એટલું તો જણાઈ આવે છે કે તે જો જીવવા પામ્યો હોત તો તેની ઇચ્છા ફળીભૂત થવામાં હરકત પડતે નહીં. એણે પશ્ચિમ એશિઆમાંનાં સઘળાં રાજ્યોમાં એક નવીન ઉત્સાહ ઉત્તેજીત કર્યો હતો, દૂરદૂરના લોકોને તે એકમેકના સમાગમમાં લાવ્યો હતો, અને નિરનિરાળા ઠેકાણાની ઉપયોગી તથા વપરાસની ચીજો બાબત તેણે ખબર મેળવી હતી. આ પ્રમાણે પૂર્વના વેપાર માટે નવા માર્ગ શોધી કહડાયા તથા નવાં મથકો ઉભાં થયાં એટલે વેપાર તથા ઉદ્યોગને એક નવીજ જાતનો વેગ મળ્યો. હિંદુસ્તાનનાં રૂ તથા ચોખા, ટ્રિબેટનું ઉન ઇત્યાદી ઘણા ઉપયોગી પદાર્થોનો ખપ પશ્ચિ-

મમા થવા લાગ્યો દુનીઆ ઉપર સર્વ સંપત્તિનો ભંડાર હિંદુસ્તાન હોય એવી સિકંદરની પક્કી ખાતરી થઇ હતી, પણ તેના મરણ બાદ તેની યોજના પાર પાડવાને કોઇએ પ્રયત્ન કર્યો નહીં એ ખુલ્લુ છે કેમકે પાછળથી તેના મહાન્ રાજ્યના જે કકડા પડી ગયા તેમા હિંદુસ્તાન માટે કંઈ પણ ઇશારો નથી, માત્ર એટલુજ જણાય છે કે સિકંદરના નીમેલા કામદારો તેના મરણ પછી પાંચ ૭ વર્ષ લગીજ નોકરી ઉપર રહ્યા હતા સિંધુ નદી ઉપર આવ્યા પછી ઇરાની અખાત લગી જતા સિકંદરને એકંદર ત્રણ વર્ષ થયા હતાં, એ પૈકી સુમારે ઓગણીસ માસ સિંધુ નદીની પૂર્વ તરફના પ્રદેશમા તેણે ગાળ્યા હતા એક બહાદૂર યોદ્ધા તરીકે સિકંદરને ગણીએ તો આ ત્રણ વર્ષના અનુભવથી તેની મહત્તા ઘણી વધી ગઇ લશ્કરની ગોઠવણ, સર્વ રીતીની તૈયારી કરવાની વ્યવસ્થા અને યુદ્ધકળા એ ત્રણમા સિકંદરની બુદ્ધિ અપ્રતિમ હતી અનેક પ્રસંગે સિકંદર પોતે જીવની પરવા ન કરતા સંકટમા ઝીંપલાવતો, એ એના જેવા સેનાપતિને ઉચિત નહોતુ એવુ કેટલાક ટીકાકારનુ કહેવુ છે, તોપણ તેનો આ ગુણ પ્રશંસાપાત્ર હતો જેલમ નદી ઉપરનો કાફલાનો પ્રવાસ, નિઆર્કસની સમુદ્ર ઉપરની સફર અને સિકંદરની ખુશ્કી માર્ગ મુસાફરી એ ત્રણે બનાવો વખાણવા જોગ છે આ સર્વ ઉપરથી એવુ પણ માનમ પડે છે કે તે સમયે યુદ્ધકળામાં હિંદી લશ્કર યુરોપિઅન ફોજ કરતા ઉતરતુ હતુ ગ્રીક સ્વારો આગળ પંજાબના હાથી નકામા હતા તોપણ આ સ્વારીનુ કંઈ પણ ખાસ પરિણામ હિંદુસ્તાનની બાબતમા આવ્યુ નહીં સિકંદર સરખો પુરૂષ આટલી બધી મહેનત ઉઠાવી આપણા દેશમા કેમ આવે છે તેમજ અન્ય યુરોપિઅન લોકો પાસે આપણને શુ શીખવાનુ છે, તેમની રાજ્યપદ્ધતિ, વ્યવસ્થા તથા સુધારા કેવા પ્રકારના છે, એ પ્રશ્ન તરફ હાલની રીતી પ્રમાણે તે કાળના આપણા વિદ્વાનોનું બીલકુલ લક્ષ ગયુ નહીં એ કારણથી થોડાજ વખતમા ગ્રીક લોકોની સ્વારી આવી હતી કે નહીં તેનુ કંઇ પણ સ્મરણ હિંદુસ્તાનના લોકોમાં રહ્યુ નહીં એમ છતા યુરોપમા આ સ્વારીનુ પરિણામ ઘણુજ ઉલટુ આવ્યુ અહીંના વેપાર, સંપત્તિ, વિદ્યા, શાસ્ત્રો અને કળાકૌશલ્ય

ઈત્યાદી વિષયોની અત્યંત બારીક માહિતી ગ્રીક લોકો યુરોપમાં લઇ ગયા. છતાં તુર્તવેળા યુરોપના ઇતિહાસમાં નિરાળા પ્રકારનો ફેરફાર થવાથી સિકંદરે ઉપાડેલું આ કામ સુમારે દોઢ હજાર વર્ષ લગી તેમનું તેમજ પડી રહ્યું.

તે સમયે હિંદુસ્તાનમાં એક છત્રપતિ રાજા નહોતો. અસંખ્ય નાનાં મોટાં રાજ્યો હોવાથી દેશની સ્થિતિ સારી હતી, અને લોક સુખી હતા. લોકોની રીતભાત, પહેરવેશ, તથા કળાકૌશલ્ય વગેરેનું સિકંદરના વખતનું વર્ણન હમણાના સો પચાસ વર્ષ અગાડીની સ્થિતિને એટલું મળતું આવે છે કે છેલ્લાં બે હજાર વર્ષમાં તેમાં કંઈ જાણવા જેવો ફેરફાર થયો નથી એવું જણાવવાનો સંભવ છે. હિંદુસ્તાનની ઋતુ, અહીંનો નિયમિત વર્ષાકાળ, નદીઓની ભરતી ઓટ, તેમાં આવતાં પૂર અને તેથી થઈ રહેતો એક નાનો જળપ્રલય અને તે વખતનો દેખાવ, એ સર્વ આજની સ્થિતિને ઉત્તમ રીતે મળતાં આવે છે. ગ્રીસ દેશથી હિંદુસ્તાન સુધીનો સઘળો વિશાળ પ્રદેશ એકજ રાજાના તાબા હેઠળ આવે એ બની શકે તેવું નહોતું, તોપણ સઘળી જાતિના લોકોને પોતપોતાના કારભારમાં પૂર્ણ સ્વતંત્રતા આપવી, અને સર્વને સુખ થાય એવી રીતે રાજ્ય કરવું એજ ઉત્તમ માર્ગ છે એ સિકંદર જાણતો હતો. આ સંબંધમાં તેની આસપાસના સલાહકારો તથા તેની વચ્ચે મોટો વિરોધ પડ્યો. એના ગુરૂ એરિસ્ટોટલે એને કહ્યું હતું કે, 'ગ્રીક લોકોનેજ માત્ર તું તારી પ્રજા માની તેમની તરફ યોગ્ય રીતે વર્તજે; પણ બીજા લોકોને હલકી વર્ણના ગણજે.' આ મત સિકંદરને પસંદ પડ્યો નહીં. લોકોનું મન જાણવાની અકકલ ગુરૂ કરતાં શિષ્યમાં સારી હોવાથી ઘરમાં બેસી તત્વશાસ્ત્ર ઉપર ગ્રંથ લખનારા ગુરૂનો ઉપદેશ તેણે માન્યો નહીં. આરાબેલા આગળ વિજય મેળવ્યા પછી તેણે પોતે ઈરાની પોશાક સ્વીકાર્યો, અને તેની સાથેના સરદારો પાસે પણ તે પોશાક ધારણ કરાવ્યો. તેમજ 'અમારા ગ્રીક લોકોની સારી સારી વાતો તમે શીખો,' એવો આગ્રહ તેણે ઈરાની લોકોને કર્યો. વળી તે પોતે ડેરીઅસની છોકરી સાથે પરણ્યો, અને પોતાના સો સરદારોનાં લગ્ન ઈરાની છોકરીઓ સાથે કરાવ્યાં. આ સઘળાં લગ્ન ઘણા ઠાઠથી

થયા પણ એટલાથીજ તે અટક્યો નહીં રાજ્યનો યોગ્ય બંદોબસ્ત કરવા માટે તેણે કિલ્લા વગેરે બાંધ્યા, અને હિંદુસ્તાનનો વેપાર પોતાના તાબામાં રહે એવી દરેક તજવીજ કરી આજ કારણથી તેણે સિંધુ નદી ઉપર પ્રવાસ કરી ઇરાની અખાતમાં થઈ વેપારી માર્ગ મુકરરર કર્યા સિંધુ નદીની માફક યુફ્રેટિસ તથા ટાઇગ્રિસ નદીની પણ તેણે તપાસ લીધી આ વખતે તે ઘણુ તો ત્રીસ વર્ષનો હતો

સિકંદર મરણ પામ્યા પછી તેના રાજ્યના ટુકડા થઈ ગયા, અને હિંદુસ્તાનની લગોલગનો મધ્ય એશિઆમાનો સઘળો પ્રદેશ તેના સેનાપતિ સેલ્યુકસના તાબામાં આવ્યો સેલ્યુકસ સિકંદરના હાથ હેઠળ તૈયાર થયેલો હોવાથી, તેના ધોરણથી તે જાણીતો હતો તેણે હિંદુસ્તાન ઉપર સ્વારી કરી ચંદ્રગુપ્ત સાથે યુદ્ધ કર્યું, પણ પાછળથી બન્ને વચ્ચે સલાહ થઇ સિકંદર પછી સેલ્યુકસે ૪૨ વર્ષ રાજ્ય કર્યું તેણે પોતાની કારકિર્દીમાં મેગાસ્થનીસ નામના એક હોશીઆર વકીલને ચંદ્રગુપ્ત પાસે પાટલીપુત્ર મોકલ્યો હતો આજ મેગાસ્થનીસ પૂર્વે સિકંદરની સ્વારીમાં હિંદુસ્તાન આવ્યો હતો, અને ભાગીરથી અને તેના કાંઠાનો ફળદ્રુપ પ્રદેશ જોનાર પહેલો યુરોપિઅન ગૃહસ્થ એજ હતો ઘણું કરીને ઉત્તર હિંદુસ્તાનની અસલ હકીકત એજ પ્રથમ યુરોપમાં લઈ ગયો હતો આ દેશનું ઐશ્વર્ય નિહાળી તે ઘણો ચકિત થઈ ગયો હતો સ્ટ્રેબો, એરિઅન (ઈ સ ૯૦–૧૮૦) વગેરે ગ્રીક ગ્રંથકારોએ આપેલી હકીકત મેગાસ્થનીસ પાસેથીજ મળી હશે, પરંતુ તેના વર્ણનમાં કેટલીક કાલ્પનિક તેમજ અસંભવિત વાતો ભેળાયલી હોવાથી તે સઘળાઓને ભરોસા લાયક લાગી નહીં તે કહે છે કે ‘ પાટલીપુત્ર શહેરની લંબાઈ દશ માઇલ અને પહોળાઈ બે માઇલ હતી તેની આસપાસના કોટને ૫૭૦ બુરજ તથા ચોસઠ દરવાજા હતા ’ ચંદ્રગુપ્તના છોકરા પાસે પણ ડાઇમેકસ નામનો એક ગ્રીક વકીલ આવ્યો હતો

**૭. મિસર દેશના રાજાઓની ખટપટ**—હિંદુસ્તાન આવવા પહેલાં સિકંદરે એશિઆ માઇનર કબજે કરી સિરિઆનો મુલક જીતી લીધો હતો

ફિનિશિયન લોકોનું ટાયર શહેર તેના હાથમાં પડ્યું ત્યારે તે દરીઆઈ રાજ્યનો નાશ થયો. એશિઆમાંથી સિકંદર નાઈલ નદી મારફત ઇજીપ્ત ગયો ત્યારે સહેજમાંજ તે દેશ તેને તાબે થયો, અને તેની જુની રાજધાની મેંફીસમાં પોતાના રાજ્યાભિષેક વખતે એણે મોટો સમારંભ કર્યો. મેંફીસથી સમુદ્ર કિનારે આવી તેણે એક નવું શહેર વસાવ્યું, જે એલેકઝાન્ડ્રીઆને નામે અદ્યાપિ પ્રસિદ્ધ છે. આ શહેરની જગ્યા સિકંદરે પોતેજ પસંદ કરેલી હોવાની વાત ઉપરથી તેની વેપારી બુદ્ધિ તથા તે પ્રમાણે અમલ કરવાનું તેનું ધોરણ પ્રત્યક્ષ માલમ પડી આવે છે. દેશના સંરક્ષણ માટે દરીઆઈ સત્તા પણ સિકંદરને અવશ્ય જણાઈ. સિકંદરે તાબે કરેલો મિસર દેશ તેના મૃત્યુ પછી ટોલેમી નામના એક કુશળ પુરૂષે હસ્તગત કરી એલેક-ઝાન્ડ્રીઆમાં પોતાની રાજધાની કરી, અને બંદર ઉપર સફેદ આરસપહાણની ચારસો ફુટ ઉંચી એક ભવ્ય દીપમાળ બાંધી. એ દીપમાળ દુનીઆનાં સાત આશ્ચર્યોમાંની એક હજી ગણાય છે. આ રાજાએ નૌકાનયન તથા વેપારમાં ઘણો સુધારો કર્યો. એના પુત્ર ટોલેમી ફીલાડેલ્ફસે ( ઈ. સ. પૂ. ૨૮૫–૨૪૭ ) ટાયર શહેરનો વેપાર એલેકઝાન્ડ્રીઆમાં ફંટાઈ આવે એવા વિચારથી સુવેઝના જેવી સો હાથ પહોળી અને ત્રીસ હાથ ઉંડી એક નહેર ખોદવાનું શરૂ કર્યું. હાલની નહેરની માફક તેને સુવેઝથી ભૂમધ્ય સમુદ્ર સાથે નહીં મેળવતાં આર્સિનો બંદરથી નાઈલના પૂર્વ ફાંટા સાથે તેને મેળવવાની હતી. પરંતુ એ કામ પાર ઉતર્યું નહીં. એમ છતાં હાલની નહેર જુની નહેરની થોડી ઘણી પુનરાવૃત્તિજ છે. નહેરનું કામ પુરૂં નહીં થવાથી ટોલેમી ફીલા-ડેલ્ફસે રાતા સમુદ્રના પશ્ચિમ કિનારા ઉપર બર્નિસ નામે શહેર વસાવ્યું કે જેથી હિંદુસ્તાનનો માલ એ બંદરે આવે અને ત્યાંથી જમીનમાર્ગે નાઇલ નદી ઉપર આવેલા કૉપ્ટૉસ નામના શહેરમાં થઈ એલેકઝાન્ડ્રીઆ પહોંચે. બર્નિસ અને કૉપ્ટૉસ વચ્ચે સુમારે ૨૫૦ માઇલનો અંતર હતો તેમાં આ રાજાએ મુસાફરી માટે અનુકૂળ પડે તેવો રસ્તો બાંધી ઠેકઠેકાણે ઉતારા ઉભા કર્યા. આ રસ્તાનો ઉપયોગ ૨૫૦ વર્ષ લગી થયો હતો. બર્નિસથી નીક-ળેલાં વહાણો અરબસ્તાન તથા ઈરાનને કિનારે કિનારે સિંધુ નદીના મુખ

ઉપર આવેલા પ્રાચીન પટલ ઉર્ફે ટ્ટા શહેર આગળ આવતા તે સમયે મિસરનુ રાજ્ય આજ વેપારને જોરે ધનાઢ્ય થયુ હતુ ટૉલેમી ફિલા ડેલ્ફસનો એલચી ડાયોનિશિઅસ મૌર્ય બાદશાહ પાસે આવ્યો હતો, તેમ અશોકનો વકીલ ઇજીપ્તના દરબારમા ગયો હતો ઇસવી સનના પ્રારંભમા મિસર અને સિરિઆ રોમન લોકોના તાબામા ગયા (ઈ સ ૪૦) પાટલીપુત્રના પરાક્રમી રાજા બીજા ચંદ્રગુપ્તે (ઈ સ ૩૭૫–૪૧૩) હિંદુસ્તાન અને યુરોપનો વેપાર ઇજીપ્ત મારફતે શરૂ કરવાથી બન્ને દેશનો વ્યવહાર ઘણોજ વધી ગયો

૮. **રોમન લોકોના પ્રયત્ન.**—હવે રોમન લોકોના હાથમા પૂર્વ તરફનો વેપાર કેવી રીતે આવ્યો તે જોઇએ આ વેપારના મૂળ કારણને લીધે રોમ અને કાર્થેજ વચ્ચે જે મહાન યુદ્ધ થયુ તે ઇતિહાસમા 'પ્યુનિક વૉર્સ' નામે ઓળખાય છે

કાર્થેજ મૂળ ફિનિશિયન લોકોનુ થાણુ હતુ ભૂમધ્ય સમુદ્રમાના વેપારને લીધેજ ત્યાના લોકો ધનવાન થયા હતા તેઓ દરીઆ ઉપર ફરનારા હોવાથી વેપારમા અત્યંત કુશળ થયા, અને તેમણે પોતાની સત્તા વધારી સિસિલીના ટાપુ નજદીક આફ્રિકાની જે ટોચ ભૂમધ્ય સમુદ્રમા ઘુસી આવી છે તે ઉપર કાર્થેજ બંદર હતુ માલ્ટા, કૉર્સિકા, સાર્ડિનિઆ, સ્પેનને લગતા ટાપુઓ તથા તે દેશનો દક્ષિણ ભાગ ઇત્યાદી પ્રદેશ કાર્થેજના અમલ નીચે આવ્યો હતો જીબ્રૉલ્ટર આગળ ભૂમધ્ય સમુદ્રમાથી આટલાંટિક મહાસાગરમા દાખલ થવાનો એક સાકડો જળમાર્ગ છે, તેની બન્ને બાજુએ આવેલી બે મોટી ખડકો ને 'હર્ક્યુલીસના ખભા' (Shoulders of Hercules) એવુ નામ આપવામા આવેલુ હતુ એ માર્ગ વટાવી કાર્થેજના ખલાસીઓ પ્રથમ આગળ નીકળ્યા, અને હાનો નામના કાર્થેજના એક ગૃહસ્થે આફ્રિકાના પશ્ચિમ કિનારા ઉપરના ઘણાખરા પ્રદેશની શોધ કરી વખત જતા કાર્થેજની સંપત્તિ અતિશય વધી ગઈ, અને કેટલાક કાળ લગી રોમન રાજ્યને ટક્કર મારવામા તેણે કંઈ બાકી રાખ્યુ નહીં કાર્થેજનો ઘણો ખરો વેપાર પૂર્વ તરફના માલનો હતો, તેને અંગે થયલી ધનપ્રાપ્તિ જોઈ રોમન લોકોના

મ્હોડામાં પાણી છુટવા માંડ્યું. તેઓએ પણ પોતાનાં વહાણો બાંધી ભૂમધ્ય સમુદ્રમાં વેપાર શરૂ કર્યો એટલે તેનો ફાયદો તરતજ તેમને જણાવવા લાગ્યો. હિંદુસ્તાનના ઉંચા માલ ઉપર તેઓની નજર બેસવાથી કાર્થેજને પગલે ચાલી તેમણે નવાં વહાણો તૈયાર કર્યા. કાર્થેજનો સંહાર કરી ત્યાં રોમન લોકોએ પોતાનો અમલ બેસાડયો. આ પ્રાંતનું નામ તેમણે પહેલાં આફ્રિકા આપ્યું પણ તે પાછળથી આખા ખંડનું નામ પડયું. આગળ જતાં રોમન લોકોએ ગ્રીસ દેશ જીતી લીધો, અને એશિઆ ખંડમાં પણ તેમનું રાજ્ય સ્થપાયું. દક્ષિણ હિંદુસ્તાનમાં મદુરાના પાંડ્ય ( Pandion ) રાજાએ પોતાના વકીલને રોમના રાજા ઑગસ્ટસ સિઝર પાસે મોકલ્યો હતો. મદુરામાં મોતી ઉત્પન્ન થતાં હતાં તેનો ખપ યુરોપમાં થયેલો હોવો જોઇએ. રોમન ઇતિહાસકાર પ્લિનીએ એ રાજ્યની કેટલીક હકીકત આપી છે. મદુરાની હદમાં હજી પણ રોમન લોકોના ભારે કિંમતના ઈ. સ. ૪૦૦ સુધીના સોનાના સિક્કા તેમજ બીજા હલકા સિક્કા એટલા બધા મળી આવે છે કે ત્યાં તેઓનું વસાહત હશે એવું અનુમાન સહેજ થાય છે. હમણાના અંગ્રેજી પૈંડ જેવા સોનાના રોમન સિક્કા મદુરામાં પણ ચાલતા હતા. આથી એટલું તો સિદ્ધ થાય છે કે રોમન બાદશાહી સાથે મલબાર કિનારા ઉપર મોટો વેપાર હશે, અને તેમાં મોતીનો વેપાર મુખ્ય હશે ( વિન્સેંટ સ્મિથ ). રોમના ધનાઢ્ય લોકોને હિંદુસ્તાનમાંનો ઉંચો માલ ઘણોજ પસંદ પડ્યો હતો. શરૂઆતમાં એ માલ મુખ્યત્વે કરીને ઉપર કહેલા મિસર દેશને માર્ગે આવતો હતો, પણ પાછળથી યુફ્રેટિસ નદી માર્ગે સિરિઆ પ્રાંતમાં થઈ તે ભૂમધ્ય સમુદ્ર ઉપર આવવા લાગ્યો. આ રસ્તે જમીનનો પ્રવાસ આસરે ૨૦૦ માઇલનો હતો, અને એ લાંબા અંતરની લગભગ અધવચમાં પાલમાયરા ઉર્ફે તાડમુર શહેર હતું. એ શહેર વેપારના નફાથી વૃદ્ધિ પામેલું એક નાનું સરખું પ્રજાસત્તાક રાજ્ય હતું, અને કેટલાંક વર્ષ લગી તેની સત્તા આસપાસનાં સંસ્થાનો ઉપર ચાલી હતી.

રાતા સમુદ્રમાંથી જતા આ વચલા માર્ગે શરૂઆતમાં ગ્રીસ અને

મિસરના ખલાસીઓ કિનારે કિનારે હિંદુસ્તાન આવતા હતા. આરબી સમુદ્રમાં આખું વર્ષ વર્ષાઋતુનો પવન નિયમિત રીતે બે જુદી જુદી દિશાએથી વાય છે અને જેને મોન્સુન (મોસમ) કહે છે તે વાતથી આ ખલાસીઓ જાણીતા હતા. એનો ઉપયોગ ઈ. સ. ના બીજા સૈકામાં હિપ્પાલસ નામના વહાણવટીએ કર્યો. રોમન ઇતિહાસકાર પ્લિનીએ તેની જે હકીકત આપી છે તે ઉપરથી માલમ પડે છે કે એલેકઝાન્ડ્રીઆથી બે માઇલ ઉપર આવેલા જુલિઓપોલિસ આગળ હિંદુસ્તાન જનારો માલ નાઇલ નદીમાં વહાણ ઉપર ચડતો. ત્યાંથી તે માલ ૩૦૩ માઇલ ઉપર આવેલા કૉપ્ટૉસ શહેરમાં જતો, જ્યાં પહોંચતાં તેને બાર દિવસ લાગતા. કૉપ્ટૉસથી ખુશ્કીને માર્ગે એ માલ ૨૫૮ માઇલ દૂર બર્નિસ જઈ રાતા સમુદ્રમાં દાખલ થતો. આ ખુશ્કીનો પ્રવાસ બાર દિવસમાં પુરો થતો. તાપને લીધે એ માલ લઈ જનારાં ઉંટનાં ટોળાં આખી રાત ચાલતાં અને દિવસે વિશ્રાંતિ લેતાં, એટલે બર્નિસમાં થઇને અરબસ્તાનને કિનારે ગેલા બંદરે એ માલ પહોંચતાં થોડા દિવસ થતા. ત્યાંથી એ ખલાસીઓ વર્ષાઋતુના પવનની મદદથી સીદ્ધે રસ્તે ચાળીશ દિવસમાં મલબાર કિનારે આવતા. અહીંઆં માલ વેચી તથા નવો માલ ભરી તેઓ ડીસેમ્બરના સુમારમાં મિસર જવા માટે નીકળતા. આવી રીતે જવા આવવામાં લગભગ એક વર્ષ થતું. આ મોન્સુનના પવનની મદદ લઈ ભરદરીએ જવાનો આ માર્ગ રોમન લોકોને ખબર હતો. મિસર દેશ રોમન લોકોએ જીતી લીધા પછી પૂર્વ તરફનો વેપાર તેમના હાથમાં જઈ પડયો.

મુખ્ય ત્રણ જાતનો માલ જેવો કે મસાલા, જવાહીર અને રેશમી અને તેવુંજ બીજું ઉંચું કાપડ રોમન લોકો હિંદુસ્તાનમાંથી યુરોપમાં લાવતા. એ લોકોમાં પ્રેત બાળવાની રીત પ્રચલિત હોવાથી એ કામ માટે હિંદુસ્તાનનાં સુગંધી વસાણાનો તેઓ ઉપયોગ કરતા. સિલાની ચિતામાં સુગંધી વસાણાના ૨૧૦ ભાર વપરાયા હતા. પોમ્પીની પ્રેતવિધીમાં નીરો બાદશાહે જેટલાં વસાણાં બાળ્યાં તેટલાં આખા હિંદુસ્તાનમાં એક વર્ષમાં પાકે પણ નહીં. આમાંનાં કેટલાંક વસાણાં અરબસ્તાનમાંથી પણ આવતાં.

દુકમા, સઘળી જાતના મસાલા અને સુગધી વસાણુ એશિઆને પૂર્વ કિનારેથી ઠેઠ યુરોપમા જતા ઑગસ્ટસ બાદશાહના વખતમા રોમમા એક આખા મહોલ્લાની સઘળી દુકાનો આ મસાલા તથા સુગધી વસાણુથી ભરેલી હતી બીજો માલ જવાહીર, એમા મોતી અને રત્નોનો સમાવેશ થતો પ્લિનીએ જુદી જુદી જાતના રત્નોની, તથા તેના ગુણ અને કિંમતની યાદી આપી છે તે એવી વિગતવાર અને ખબરથી ભરપુર છે કે તે જોતાજ આપણુને આશ્ચર્ય ઉપજે છે રોમન લોકોનો સઘળો એશઆરામ અને દાર કેવળ હિંદુસ્તાનનાં રત્નો અને મોતી ઉપર અવલબી રહ્યા હતો બ્રુટસની મા સરવિલિઆને જુલિઅસ સિઝરે એક મોતી ભેટ આપ્યુ હતું તે એકલાનીજ કિમત લગભગ પાચ લાખ રૂપીઆ હતી કિલઓપેટ્રા પાસે મોતીના કર્ણફુલની એક જોડ હતી તેની કિમત રૂપીઆ પદર લાખથી વધારે હતી મોતી તથા રત્નો પૂર્વ તરફના સઘળા દેશમાથી યુરોપમા જતાં હતાં, તોપણ હિદુસ્તાનનો માલ સર્વથી વધારે જતો અને તેની પ્રખ્યાતિ બીજા કરતા વિશેષ હતી ત્રીજો માલ રેશમી વસ્ત્રો હતા રોમન સ્ત્રીઓને આ બારીક કપડાનો ઘણો શોખ હતો રેશમી કાપડની કિમત વજન પ્રમાણે લગભગ સોનાની ભારોભાર હતી એ રેશમી કાપડનો ઘણો ભાગ ચીનમાથી જતો તે કેવી રીતે તૈયાર કરવામા આવતું હતું તે બાબત યુરોપમા કઈ પણ ખબર નહોતી, અને રેશમ ઘણુ થોડુ ઉત્પન્ન થતું હોવાથી કિમત પણ ભારે હતી એરીઅન લખે છે કે ઉનનુ પાતળુ કાપડ, રગબેરગી સુતરાઉ વસ્ત્ર, કઈક જવાહીર, હિદુસ્તાનમા માલમ નહીં હોય એવા કેટલાક સુગધી વસાણાં, પરવાળાં, કાચના વાસણ, ચાદીની ભરતભરની જણસો, નાણું તથા દારૂ વગેરે ચીજો ભરી મિસરના જહાજો દક્ષ આગળ આવતાં, અને ત્યાથી એ સર્વને બદલે હિદુસ્તાનમાથી મસાલો, જવાહીર, રેશમી તથા સુતરાઉ કાપડ, કાળાં મરી યુરોપ લઈ જતાં મિસરનાં વહાણો દક્ષની માફક ભરૂચ આગળ પણ આવતા ભરૂચનો સબધ તગર શહેર સાથે હતો તગરનો માલ ઘણોખરો ભરૂચ આવતો રોમન કાયદામા હિંદુસ્તાનથી આવતા જકાતી માલની યાદી આપેલી છે તે

ઉપરથી પણ આ વેપાર કેટલો ભારે હતો તે જણાય છે પણ તે સમયે હિંદુસ્તાનમાંથી કાચો માલ ઘણો જતો નહીં એ ધ્યાનમાં રાખવાનું છે રોમન લોકોને હિંદુસ્તાનના પૂર્વ કિનારા ઉપરના બંદરો બાબત ઘણી માહિતી નહોતી, તોપણ સાનો તેમજ બીજો માલ ખુશ્કીમાર્ગે પશ્ચિમ કિનારે આવી ત્યાંથી યુરોપ જતો ઑગસ્ટસ બાદશાહના સમયે લખાયલા સ્ટ્રેબોના ગ્રંથમાં હિંદુસ્તાન વિશેની કંઈ વિશેષ હકીકત નથી એ પછી પચાસ વર્ષે થયના ઇતિહાસકાર પ્લિનીને પણ એ બાબત ખબર નહોતી ત્યારબાદ સુમારે એંસી વર્ષે ટોલેમીએ લખેલી હકીકત મળી આવે છે તે ભૂગોળશાસ્ત્રના સંબંધમાં ઘણી મહત્વની છે પશ્ચિમ તરફનો પહેલો પ્રસિદ્ધ જોશી ટોલેમી હતો

૯. ઈરાન.—આરંભમાં ઈરાન દેશ ઉપર ઈરાની રાજાઓનોજ અમલ હતો તેમાંના પરાક્રમી રાજા ડેરીઅસના વખતમાં ઈરાન ઘણુંજ આબાદ હતું એણે પોતાના રાજ્યના તેમજ આજુબાજુના પ્રદેશના સર્વ ભાગની તપાસણી કરી, અને હિંદુસ્તાનની બાતમી મેળવવા માટે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો સાઇલેકસુસ નામના સરદારને લશ્કર સાથે હિંદુસ્તાન મોકલી સિંધુ નદીમાં ક્યાં લગી વહાણો આવી શકે છે તેની તેણે તપાસ કરાવી તે તરફનો પ્રદેશ ફળદ્રુપ છે અને ખેતી ઉત્તમ પ્રકારની હોવાથી લોકો શાંત અને સંપત્તિવાન છે એવું આ સરદારે ડેરીઅસને કહેતાં તેને આ દેશ જીતવાની અત્યંત ઉત્કંઠા થઇ તે પ્રમાણે તેણે સિંધુ નદી પર્યંતનો સઘળો પ્રદેશ પોતાને કબજે કર્યો તે વેળા ડેરીઅસના રાજ્યનું એકંદર વસુલના એક તૃતીઆંશ ભાગ જેટલું આ નવા જીતેલા પ્રાંતમાંથી તેને મળતું એટલા ઉપરથીજ હિંદુસ્તાનની સુસ્થિતિની કલ્પના કરી શકાય

આગળ જતાં સિકંદર બાદશાહે ઇરાન દેશ જીત્યો અને ત્યાં તેના અનુયાયીઓએ નવું રાજ્ય સ્થાપ્યું, પણ તે ઘણા દિવસ ટક્યું નહીં થોડા સમયમાં પાર્થિઆ નામના ઇરાનની પૂર્વ તરફના પ્રદેશના લોકોના હાથમાં એ દેશનું રાજ્ય ગયું પાર્થિઅન નામે ઓળખાતું એ રાજ્ય સુમારે છસો વર્ષ સુધી ચાલ્યું ત્યારબાદ ઈ સ ના ત્રીજા શતકમાં અર્દેશીર અને શાપુરી નામના બે ઈરાની રાજા ઘણા પરાક્રમી થયા તેમણે ઈરાની વંશની પુન

સ્થાપના કરી અર્દેશીર (ઈ સ ૨૨૬–૨૪૦) ને આર્ટાકસરસિસ અને શાપુરી (ઈ સ ૨૪૦–૨૭૧) ને સાપોર એવા નામો યુરોપિઅન ઇતિહાસ કારોએ આપેલા છે આ બેઉ રાજાની કારકિર્દીમા એટલે ઈસ્વી સનના ત્રીજા શતકમા ઈરાન અને ચીન વચ્ચેનો વ્યવહાર ઘણોજ વધી ગયો માની નામના એક ઈરાની ધર્મસુધારકે ચીન દેશમાથી ત્યાની કળાકૌશલ્યના તેમજ કારીગીરીના કામો ઈરાન લાવી ત્યા તેનો પ્રસાર કર્યો (ઇરાન–રાષ્ટ્રકથામાળા) આ વખતથી ઇરાની લોક વેપારના કામમા ઘણા અગાડી પડયા પહેના તેઓ જળ માર્ગે પ્રવાસ કરતા ગભરાતા હતા પણ પાછળથી તે ધાસ્તી જતી રહેતા એ માર્ગે તેઓ હિંદુસ્તાન સાથે વેપાર કરવા લાગ્યા તેવીજ રીતે ઉત્તરે જમીન ઉપર હિંદુસ્તાન તથા ચીનનો જે વેપાર કાસ્પિઅન સમુદ્ર ઉપર થઇને તથા યુફ્રીસ નદીની ખીણમા થઇને યુરોપ સાથે ચાલતો હતો તે બન્ને માર્ગે ઈરાની લોકોએ હસ્તગત કર્યા પૂર્વે ગ્રીશિઅન લોકો સાથે ઈરાનના બાદશાહને જે જુની લડાઈ થઈ હતી, અને જે સુમારે સો બસો વર્ષ લગી ચાલી હતી, તેનુ મૂળ કારણ પણ આ વેપાર હતો રોમન લોકો પુષ્કળ એશઆરામી હોવાથી તેઓને આ તરફના માલની વિશેષ જરૂર પડતી અને એ માલ યુરોપમા પુરૂ પાડવાનુ કામ ઇરાની વેપારીઓના હાથમા જવાથી તેઓ પૈસાવાળા થયા અને પોતાની મરજી માફક માલની કિંમત મુકવવા લાગ્યા રોમન બાદશાહ ઑરેલિઅનની કારકિર્દીમા (ઇ સ ૨૭૦–૨૭૫) રોમ શહેરમા એક પૌંડ (૪૦ તોલા) વજનના રેશમી કાપડની કિંમત બાર ઔંસ એટલે ત્રીસ તોલા સોના જેટલી પડતી* ' આપણને રેશમી માલની વધારે જરૂર પણ એ મહત્વના માલનો સંપૂર્ણ મક્તો પાર્થિઅન વેપારીના હાથમા રહે ખુશ્કીને માર્ગે તથા દરીઆ ઉપર બન્ને ઠેકાણે એ લોકોજ પ્રબળ રહે અને આ વેપારમાં આપણા દેશની સંપત્તિ પરધર્મી વેપારીઓ ઘસડી લઈ જાય ' એ બાબત જસ્ટિનિઅન બાદશાહને (ઈ સ ૫૨૭–૫૬૫) વિશેષ ખેદ થયો આજ પ્રમાણે સો બસો વર્ષ લગી ચાલ્યુ હતું પણ જસ્ટિનિઅન બાદશાહ પરાક્રમી હતો એટલે તેણે ઈરાની લોકોનો વેપાર ખુડાવવા અનેક યુક્તિઓ રચી

* Smith s Student s Gibbon P 300

હિંદુસ્તાનમા મલબાર કિનારા ઉપર સેન્ટ ટામસમા ખ્રિસ્તી લોકોનો મઠ હતો, તેવી રીતે ઈરાનમાથી બે ખ્રિસ્તી પાદરીઓ ચીનના નાનકીનમા ઘણા દિવસ રહ્યા હતા તે સમયે સિલોન અને ચીન વચ્ચે વ્યવહાર ચાલુ થયો હતો આ ખ્રિસ્તી પાદરીઓએ ચીના લોકો કીડામાંથી રેશમી કાપડ કેવી રીતે બનાવતા તે શીખી લીધાબાદ ધર્મ પ્રસાર કરવાને બહાને કહો, કે પૈસાની લાલચે કહો, પણ ગમે તે કારણે તેઓ યુરોપ જઈ જસ્ટિનિઅનને મળ્યા તેણે તેઓને પૈસાની મદદ કરી, અને રેશમના કીડા પોતાના રાજ્યમા લાવવામા આવે તો તેઓને મોટી બક્ષિસ આપવા કબુલ કર્યું એ ઉપરથી પાદરીઓ પાછા ચીન ગયા, રેશમના કીડા વિશે સઘળી માહિતી મેળવી, વાંસની નળીમા એ કીડા ચોરી લઈ જઈ યુરોપમાં બાદશાહને આપ્યા, અને ત્યા સેતુરના ઝાડ રોપ્યા આ પ્રમાણે આ ઝાડો તેમજ કીડા ખાસ કરીને પીલોપોનીસસના પ્રાંતમા પુષ્કળ થયા ગ્રીસ દેશમાંથી આ ઉદ્યોગ સિસિલી બેટમા દાખલ થયો અને ત્યાથી તેનો પ્રવેશ ઇટાલીમા થયો આ વખતથી ચીનનો રેશમી કાપડનો વેપાર પાછળ પડી ગયો, અને યુરોપના વેપારીઓ એ ધધામા ઘણા આગળ આવ્યા

**૧૦. આરબ લોકોનો વેપારી ઉદ્યોગ.**—ફિનિશિયન, ગ્રીક, રોમન, મિસર અને આખરે ઈરાની ઈત્યાદી રાજ્યોના તાબામા પૂર્વના વેપારની દોરી વારાફરતી કેવી રીતે આવી તે આપણે ઉપર જોઈ ગયા હવે આરબ મુસલમાનોએ આ ધધામા કેવી રીતે પ્રવેશ કર્યો તે જોઇએ

આરબ લોકો ઘણા પ્રાચીન કાળથી અરબસ્તાનમાજ રહેતા હતા, અને તેમના મહમદ પેગબરના જન્મ સુધી તેઓ ત્યાથી બહાર નીકળી શક્યા હતા નહીં મહમદ સરખા ચતુર આગેવાનની રાહબરી હેઠળ તેઓનુ રાજ્ય ઉત્તમ રાજ્યોની પંક્તિમા આવ્યુ અને નવા ધર્મના છત્ર નીચે આ મુસલમાની રાજ્ય આબાદ થતા તેઓએ આસપાસના રાજ્યો જીતી લીધા દરીઆ ઉપર પણ તેઓની સત્તા બળવાન થઈ એટલે પૂર્વનો સઘળો વેપાર થોડાજ વખતમા તેમના હાથમા આવ્યો તેઓ ધર્મપ્રસાર કરવામા અને દેશ જીતવામા જેવા શૂરવીર અને ખંતીલા હતા, તેવાજ વેપારના કામમા હતા

મુસલમાનોનો અમલ જે જે દેશમાં પ્રસર્યો ત્યાં ત્યાં ખુશ્કી માર્ગે મુસાફરી કરવાની સગવડ વધી અને તેને લીધે વેપાર પણ ધમધોકાર વધ્યો. મક્કાની જાત્રા જવા માટે સઘળા મુસલમાનોને મહમદની સખત તાકીદ હતી. આના જેવડી મોટી બીજી કોઇ પણ જાત્રા દુનીઆમાં ન ભરાતી હોવાથી, વેપારી લોકો પણ પુષ્કળ ત્યાં આવતા, અને કરોડો રૂપીઆની ઉથલપાથલ થતી. આ પ્રમાણે મુસલમાનોનું લક્ષ વેપાર તરફ દોરાયું હતું. ખલીફ ઉમરે ઇરાન દેશ જીત્યા પછી ત્યાંનો વેપાર પોતાના તાબામાં રહે એવા હેતુથી તેણે બસરા શહેર વસાવ્યું તે પાછળથી ઘણું પ્રસિદ્ધિમાં આવ્યું. મિસરના વેપારીઓ સિલોનની પેલી તરફ ગયા નહોતા, પણ આ આરબ વહાણવટીઓ પોતે ઠેઠ ચીન લગી જતા અને ત્યાંનો માલ આણતા. મુસલમાનોએ ઇરાન દેશ જીત્યા પછી સુમારે બસેં વર્ષે લખાયલો એક આરબ મુસાફરનો ગ્રંથ મળી આવે છે, તે ઉપરથી તે સમયના વેપારની ઘણી હકીકત આપણને મળે છે. એ પ્રવાસી સને ૮૫૧ માં મુસાફરીએ નીકળ્યો હતો. એક બીજા આરબ મુસાફરે તેણે આપેલી હકીકતમાં ઉમેરો કર્યાથી બન્નેની હકીકત એક બીજાને મળતી આવે છે અને બેઉ હકીકત ભરોસાલાયક છે. આરબ વહાણવટીઓ હોકાયંત્રથી અણવાકેફ હોવાથી ગ્રીક અને રોમન લોકોની માફક તેઓ પણ કિનારે કિનારે જતા. આરબ વેપારીઓ સિઆમ, સુમાત્રા તથા તેની પૂર્વે આવેલા ટાપુઓ લગી જઈ ચીનના કેન્ટન બંદરે આવતા અને ત્યાંનો માલ ઇરાની અખાત લગી લઈ જતા. પુષ્કળ આરબ લોકો હિંદુસ્તાનમાં તેમજ તેની પૂર્વ તરફના દેશોમાં જઈ વસ્યા હતા. કેન્ટનમાં તેમની વસતી એટલી બધી હતી કે ચીનના બાદશાહે તેમનો ન્યાય કરવા માટે એક મુસલમાન કાજીની નિમણુક કરી આપી હતી. અનેક ઠેકાણે આરબોએ લોકોને મુસલમાન ધર્મની દીક્ષા આપી હતી, અને ઘણાં ખરાં મોટાં મોટાં બંદરોમાં આરબી ભાષાનો પ્રચાર હતો. ચીની વાસણોની બનાવટની હકીકત હિંદુસ્તાનમાં પહેલ વહેલાં આરબ લોકોજ લાવ્યા. ચાહનો ઉપયોગ આખા ચીન દેશમાં નવમા સૈકામાં પ્રસરેલો હતો, તેની માહિતી આરબ પ્રવાસીઓએ અન્ય રાજ્યોને

આપી. હિંદુસ્તાનમાં જુદાં જુદાં શહેરો તથા માલની હકીકત આરબ લોકોએ ખાસ મેળવી લીધી હતી. તે સમયે હિંદુઓનું જ્યોતિશશાસ્ત્ર એવી પ્રૌઢ સ્થિતિમાં હતું કે તેમાં હિંદુઓની ભાગ્યેજ કોઈ બરાબરી કરી શકતું. તે શાસ્ત્ર તેમજ ગણીત શાસ્ત્ર પણ આરબ લોકોજ આ દેશની બહાર લઈ ગયા.

જેમ ઇરાનના મુસલમાનો વેપારમાં અગ્રણી હતા તેમ ત્યાંના ખ્રિસ્તી લોકો કંઈ પાછળ પડેલા નહોતા. નેસ્ટોરીઅન ખ્રિસ્તી પંથ ઇરાનમાં ઘણો ફેલાયો હતો, અને તેની શાખાઓ હિંદુસ્તાનના દક્ષિણ ભાગમાં તેમજ સિલોનમાં સ્થપાઈ હતી. આરબ ખલાસીની મદદ વડે આ પંથનો પ્રસાર થતોજ ચાલ્યો અને છેક ચીનમાં પણ તેના અનુયાયીઓની સંખ્યા વધતી ચાલી હતી. નેસ્ટોરીઅન પંથનું મૂળ સ્થાન ઇરાનમાં હોવાથી ત્યાંનો ધર્મગુરૂ સર્વ ઠેકાણે પાદરીઓ મોકલતો હતો. પરંતુ આરબોના વખતમાં યુરોપિઅનોને આ તરફ આવવાની બંધી થઈ. મિસર દેશ મુસલમાનોના તાબામાં આવ્યો એટલે એલેક્ઝાન્ડ્રીઆના બંદરમાં ગ્રીક વગેરે અન્ય રાજ્યોની પ્રજાને દાખલ થવાની મનાઈ થઈ, અને તેઓને પૂર્વ તરફનો માલ મળતો અટકી પડ્યો. આમ થવાથી ચીનમાંથી કાસ્પિઅન સમુદ્ર સુધી માલ લાવવાનો ઉત્તરનો રસ્તો વધારે ઉપયોગમાં આવ્યો. પણ આ રસ્તો ઘણો પહાડી તથા લાંબો હોવાથી ઘણો થોડો અને મૂલ્યવાન માલજ માત્ર ત્યાંથી જતો. એ માલ કાળા સમુદ્રમાંથી કૉન્સ્ટેન્ટીનોપલમાં આવતો.

આવી રીતે મુસલમાનોએ ખ્રિસ્તી રાજ્યોને યુરોપમાં ઘેરી લેવાનું પરિણામ ઘણું ઝનુની આવ્યા વગર રહ્યું નહી. મુસલમાનોએ ભૂમધ્ય સમુદ્રમાંથી સંચરી આફ્રિકાનો ઉત્તર કિનારો કબજે કર્યો, પશ્ચિમે પોર્ટુગલ તથા સ્પેન હસ્તગત કર્યાં, અને પૂર્વે સિસિલી બેટ લગી પહોંચ્યા. આ સર્વ ચળવળનું મુખ્ય કારણ ધર્મદ્વેશ અને રાજ્યતૃષ્ણા હતાં એ જો કે ખરૂં છે, તોપણ તેના મૂળમાં આ વેપારથી થતો લાભ હતો, કારણ કે એજ વેપારથી તેઓ સંપત્તિવાન થઈ લડવાને ઉત્સુક થયા હતા. આ

સ્થિતિ યુરોપિઅન રાજ્યોને પ્રતિકુળ હોવાથી તે સર્વેએ એકત્ર થઈ મુસલમાનો સાથે યુદ્ધ શરૂ કર્યું. આ યુદ્ધ જેને ક્રુસેડ એટલે ધર્મયુદ્ધ કહે છે તે ઈ. સ. ૧૦૯૫ થી ૧૨૭૨ સુધી ચાલ્યું, અને તેમાં સાત મોટી લડાઈઓ થયા પછી આખરે મુસલમાનો વિજયી થયા. પૂર્વ તરફના વેપારનું મુખ્ય સ્થાન, એટલે એશિયાના પશ્ચિમ ભાગમાં આવેલા સિરિઆ વગેરે દેશ કબજે કરવાનો, અને તેમ કરી દુનીઆનો વેપાર પરકા લોકોના હાથમાંથી પોતાના તાબામાં લેવાનો ખ્રિસ્તી રાજાઓનો વિચાર હતો. પણ તે આ યુદ્ધમાં પાર પડ્યો નહીં. માત્ર આ અથાગ પ્રયત્નને લીધે પૂર્વ તરફની રીતભાત, ત્યાં ઉત્પન્ન થતી વસ્તુઓ તથા ત્યાંનો વેપારી માલ પ્રત્યક્ષ રીતે ખ્રિસ્તી લોકોની જાણમાં આવ્યાં. જ્યાં સુધી કૉન્સ્ટૅન્ટીનોપલ મુસલમાનોના હાથમાં રહ્યું ત્યાં સુધી ઉત્તર તરફના માર્ગે યુરોપનો ઘણો ખરો વેપાર ચાલતો હતો. ધર્મપ્રચાર સરખું એકાદ મોટું કામ લોકો હાથ ધરે ત્યારે તેના અંતસ્થ હેતુમાં પૈસાનો લોભ કેવી રીતે સમાયલો રહે છે તે જાણવા માટે આ ધર્મયુદ્ધનું ઉદાહરણ ઉત્તમ છે. મક્કે યાત્રા કરવા જાય તે વેપાર પણ કરતું આવે. ખ્રિસ્તી–મુસલમાનના ધર્મયુદ્ધમાં શરૂઆતમાં ખ્રિસ્તી લોકોને યશ મળ્યો, અને જેરૂસલમ સુમારે બસો વર્ષ લગી અને કૉન્સ્ટૅન્ટીનોપલ પચાસ વર્ષ લગી તેઓના હાથમાં રહ્યું. એ સમયે પરરાજ્યોમાં થતી ઉથલપાથલ તથા તેમની સંપત્તિનું મૂળ જોવાની તેમને સારી તક મળી. એન્ટીઓક, ટાયર વગેરે ઘણાં ધનાઢ્ય શહેરો તેમને તાબે થયાં, ત્યાંના સંપત્તિવાન અને લક્ષાધિપતિ વેપારીઓ તેમની નજર હેઠળ આવ્યા, અને પૂર્વ તરફના કીમતી માલના વેપારનાં ધામ જોઈ તેઓની ધનતૃષ્ણા પ્રદિપ્ત થઈ. આ સર્વનો ફાયદો પુષ્કળ ખ્રિસ્તી અનુયાયીઓએ લઈ લીધો, કેમકે જે લશ્કર આ યુદ્ધમાં બસો વર્ષ લગી લડતું હતું તેની સાથે ઘણાં નિરૂપયોગી માણસો તેમજ વેપારી તથા બીજા લોકો પ્રદેશ જોવાને વેપાર કરવાને, અથવા જ્ઞાન મેળવવાને બહાને જતા હતા. આવા લોકોને યુદ્ધની દરકાર ન હોવાથી વેપાર અને પૈસોજ તેમનો મુખ્ય ઉદ્દેશ હતો.

# પ્રકરણ ૨ જું.

## યુરોપિઅનોની શરૂઆતની ધામધુમ.

૧. ઇટાલીમાંનાં પ્રજાસત્તાક સંસ્થાનો. ૨ ખ્રિસ્તી અને મુસલમાન પ્રજા વચ્ચે ધર્મયુદ્ધ. (ઇ. સ. ૧૦૯૫-૧૨૭૨) ૩. હંસ-સંઘ (Hanseatic League.) ૪. રૂબ્રુકી અને માર્કોપોલોનો પ્રવાસ. ૫. પૂર્વના વેપારની નાકાબંધી. ૬. અમેરિકાની તથા હિંદુસ્તાન જવાના જળમાર્ગની શોધનું પરિણામ. ૭. પ્રાચીન પ્રશ્નની કુંચી.

**૧. ઇટાલીમાંનાં પ્રજાસત્તાક સંસ્થાનો.**—અગીઆરમા સૈકાથી પંદરમા સૈકા સુધીમાં ઈટાલીમાંનાં કેટલાંક શહેરો ઘણાં આબાદ થયાં. ઈટાલીનું રાજ્ય પ્રજાસત્તાક હોવાથી વેપાર તથા નાણાની લેવડદેવડને લીધે બસેંચારસેં વર્ષ લગી તેની મહત્તા ટકી રહી. આ નગરોમાં જીનોઆ, ફ્લૉરેન્સ અને વેનિસ મુખ્ય હતાં. **અમલ્ફી** (Amalphi) નામનું ઈટાલીને દક્ષિણ કિનારે આવેલું શહેર પ્રથમ પ્રસિદ્ધિમાં આવ્યું. ત્યાંનાં મોટાં મોટાં વેપારી વહાણો મિસર વગેરે ઠેકાણે માલ લેવા સારૂ જતાં હતાં. ભૂમધ્ય સમુદ્રમાં ફરનારાં વેપારી વહાણોના અરસપરસના વ્યવહારના નિયમ પ્રથમ અમલ્ફીના વિદ્વાન પંડિતોએ બાંધી આપ્યા હતા. આ નિયમો વ્યવહારમાં ઈ. સ. ૧૦૧૦ માં આવ્યા. ઈ. સ. ૧૨૦૦ ને સુમારે જીનોઆ અને પીસાએ મળી અમલ્ફી શહેરનો નાશ કર્યો.

આબાદ થયલું બીજું શહેર **પીસા** હતું. આઠમા સૈકામાં મુસલમાનોએ સાર્ડિનિઆનો ટાપુ જીતી લીધો ત્યારે ત્યાંના વેપારીઓ પીસામાં આવી વસ્યા. આગળ જતાં આ વેપારીઓ સ્પેન, આફ્રિકા, એશિઆ ઈત્યાદી દેશોના વેપારથી ધનાઢ્ય થયા. ખ્રિસ્તી અને મુસલમાન વચ્ચે ચાલેલા ધર્મયુદ્ધમાં સામિલ થઈ પીસાના વેપારીઓએ પોતાનો ધંધો તથા સંપત્તિ પુષ્કળ વધારી દીધાં. સને ૧૨૮૪ થી સને ૧૪૦૬ સુધીના અરસામાં જીનોઆ અને ફ્લૉરેન્સે પીસાનો નાશ કર્યો.

ત્રીજું શહેર ફ્લૉરેન્સ હતું. એ સને ૧૨૫૮ ને સુમારે વેપારને યોગે ઘણુંજ વિખ્યાત થયું. અહીંના વણકર તથા સોનીઓ ઘણાજ નામાંકિત હતા. સને ૧૪૩૪ માં મેડિસાઈ નામના કુટુંબ પાસે ફ્લૉરેન્સનો રાજકારભાર જવા પછી એ શહેરની વિખ્યાતિ ઘણી વધી ગઈ. આ કુટુંબ નો મૂળ પુરૂષ ગિઓવાની (Giovanni) એક મોટો ધનાઢ્ય સાહુકાર હતો. તેના છોકરા કૉસ્મોએ પણ ઘણી ખ્યાતિ મેળવી હતી અને ફ્લૉરે-ન્સના રાજકારભારમાં તેનો લાગવગ ઘણો હતો. કૉસ્મોનો છોકરો લૉરેન્સો પણ ઘણો વખણાયો હતો, અને વિદ્વત્તા, ઉદ્યોગ, ઔદાર્ય ઇત્યાદી ગુણોને લીધે યુરોપમાં તેનું નામ અમર થઈ ગયું છે. સારામાં સારા ગ્રંથકારો, કવીઓ, ફીલસુફીઓ વગેરેને એણે પોતાની પાસે એકઠા કર્યા હતા. તેનો એક છોકરો આગળ જતાં દસમો લિઓ નામનો પોપ થયો (સને ૧૫૨૩). પોપ સાતમો ક્લેમન્ટ પણ આજ કુટુંબનો હતો (સને ૧૫૨૩). ફ્લૉરેન્સનો રાજકારભાર કેટલાંક વર્ષ લગી આજ કુટુંબમાં રહ્યો હતો. ઉદાર અને ધાર્મિક કામમાં એ શહેરના વેપારીઓની બરોબરી મોટમોટા રાજાઓ પણ કરી શકતા નહીં.

ફ્લૉરેન્સની આબાદી મુખ્યત્વે કરીને ત્યાંના શરાફી ધંધાને લીધેજ થઈ હતી. રેશમી વગેરે ઉંચી જાતના કાપડનો વેપાર પણ ત્યાં સારો ચા-લતો હતો. એ શહેર ઇટાલીના મધ્યભાગમાં હોવાથી તેને સમુદ્ર કિનારો લાગતો નહીં, એટલે વહાણ મારફતે પરદેશ માલ લાવવા લઈ જવાનું કામ ફ્લૉરેન્સના હાથમાં કદી આવ્યું નહીં તોપણ તે કળાકૌશલ્યાનું મોટું ધામ હતું. આખા યુરોપના નાણાની લેવડદેવડ આ શહેરમાં થતી. કેટલાંક રાજ્યોની મેહસુલ પણ ફ્લૉરેન્સના વેપારીઓ વસુલ કરી આપતા હતા. આપણે અહીંની માફક ફ્લૉરેન્સ શહેરમાં તેમજ તે સમયનાં ઘણાંખરાં યુરોપિયન રાજ્યોમાં દરેક ધંધા માટે વર્ગ અથવા ટોળાં બંધાયાં હતાં. પ્રત્યેક ટોળીના નિયમ ઠરાવેલા હોવાથી તેમાં કોઈ પરપુરૂષ દાખલ થઈ શકતો નહીં. આવી પદ્ધતિને લીધે દરેક ધંધો ઉત્કૃષ્ટ સ્થિતિએ પહોંચતો, અને તેને પારકાઓની અદેખી હરીફાઈથી સોસવું પડતું નહીં. પ્રસિદ્ધ કવિ

ડાગી જાતનો વૈદ્ય હતો ઉનના તથા રેશમી કાપડ વણનાર વણકરો, સે· નીઓ ઝવેરીઓ ઇત્યાદી કીસમી લોકો ફ્લૉરેન્સ જેવા બીજે કેથે હતા નહીં તેમણે તૈયાર કરેલો માલ આખા યુરોપને મળતો આ સઘળુ છતા એ શહેરનો મુખ્ય ધંધો શરાફી પેઢીઓનો હતો યુરોપના સર્વે રાજ્યકર્તાને અહીંના વેપારીઓ પાસેથી કરજે નાણુ મળતુ ચૌદમા સૈકામા ઇંગ્લડના ત્રીજા એડવર્ડ રાજાને ફ્રાન્સ સાથે થએલા યુદ્ધના ખર્ચ માટે તેણે અહીંથીજ વ્યાજે પૈસા લીધા હતા બાર્ડી નામનો ફ્લૉરેન્સનો એક વેપારી હતો તે એકના પાસેથી એડવર્ડે ત્રીસ લાખ રૂપીઆ લીધા હતા, તેમજ પેરૂઝી નામના એક બીજા વેપારી પાસેથી વીસ લાખ લીધા હતા બાર્ડીનુ કરજ એડવર્ડે નહી ફીટાડવાથી તેને દેવાળુ ક્હાડવુ પડયુ, અને તેમા તેને સાડાપાચ લાખ રૂપીઆની ખોટ ગઇ (સને ૧૩૪૫) વેપાર ની સાથે સાથે વિદ્યા અને કળાનો પણ ઉત્તમ પ્રસાર ફ્લૉરેન્સમા થતો હોવાથી ત્યા મોટા મોટા નામાંકિત કવીઓ, ગ્રથકારો અને સનાટો ઉદય પામ્યા આગળ ઉપર પીસાનુ બદર ફ્લૉરેન્સના તાબામા આવ્યુ ત્યારે દરીઆ ઉપરનો વેપાર થોડાક વખત તેના હાથમા રહ્યો હતો

વેનિસનો ઉદય પણ કંઇક અજબ રીતે થયો હતો ઇટાલી ઉપર ઉત્તર તરફથી રાનટી લોકો ચડી આવ્યા ત્યારે પૂર્વ કિનારા ઉપરના કેટલાક રહેનારાઓ પોતના ઘરબાર છોડી એડ્રીઆટીક સમુદ્રમા આવેલા આસરે સત્તર ઉજ્જડ અને વેરાન ટાપુઓમા જઈ વસ્યા, અને ત્યા મીઠુ અને માછલીનો વેપાર શરૂ કર્યો એમા તેઓ એટલા શ્રીમંત થયા કે સાતસો આઠસો વર્ષ લગી વેનિસના જેવુ ધનાઢ્ય અને બળવાન શહેર યુરોપમા બીજુ નહોતુ એ શહેર અનેક બેટો ઉપર આવેલુ હોવાથી ત્યાની રચના અનૂપમ છે અને ત્યા રસ્તાને બદલે હોડી મારફતે જવા આવવા સારૂ નહેરો છે અહીં સઘળો વ્યવહાર હોડીએ ચાલે છે એ હોડીને ગેંડોલા કહે છે એ વખતે ખાવાનુ મીઠુ લોકોને જાણીતુ નહોતુ ઉપવાસને દિવસે ખ્રિસ્તીઓ માછલી સિવાય બીજુ કંઈ ખાતા નહીં, તેમ શીઆળામા જાનવરોનુ માંસ મળવાનુ મુશ્કેલ હોવાથી માછલીનો ખપ

તેઓમાં વિશેષ થતો. આ હકીકતમાં મીઠું અને માછલી એ બેઉના વેપાર-થી વેનિસની ચડતી થઈ. ધીમે ધીમે આ વસ્તુઓનો ખપ યુરોપમાં સઘળે ઠેકાણે થવા લાગ્યો તેથી કરી આ શહેરની આબાદીને સ્ફુરત મળી. સને ૬૯૭ માં વેનિસમાં પ્રજાસત્તાક રાજ્ય સ્થાપન થયું. ત્યાંની રાષ્ટ્રીયસભાના અધ્યક્ષને ડોજ (Doge) કહેતા. ડોજનાં રહેવાનાં મકાનો, ત્યાંની કચેરીઓ, ન્યાયાધીશીઓ, મીનારા, રિઆલ્ટોનુ બજાર, પુતળાંઓનાં તથા કાચનાં વાસણોનાં કારખાનાં તથા પ્રદર્શન ઈત્યાદી વેનિસની જાહો-જલાલીની નિશાનીઓ જોઈ હજી પણ આપણે ચકિત થઇએ છીએ.

વેનિસની આ આબાદીનો મુખ્ય આધાર તેના દરીઆઈ વેપાર ઉપર હતો. મિસર, સિરિઆ વગેરે પ્રાચીન રાજ્યો સાથે વેનિસની સરકારે મિત્રાચારી બાંધી હતી, અને પૂર્વમાંથી યુરોપમાં માલ લાવવાનું કામ વેનિ-શિઅનોએ માથે લીધેલું હોવાથી તેમનું શહેર દક્ષિણ યુરોપનું એક મુખ્ય સ્થાન થયું હતું. નૌકાશાસ્ત્રમાં પણ વેનિસ તે સમયે ઘણું અગાડી વધ્યું હતું. ભૂમધ્ય સમુદ્રમાં ચાંચીઆઓનો ઉપદ્રવ ઘણો વધી પડવાથી વેનિસ સરકારે એમનો ત્રાસ બંધ કરવા માટે એક પ્રચંડ કાફલો તૈયાર કરી લુટારાઓમાં મોટો ત્રાસ વર્તાવ્યો હતો અને વ્યાપારી વહાણોને નુકસાનમાંથી બચાવ્યાં હતાં. ચૌદમી સદીમાં વેનિસનાં નાનાં મોટાં ૧૦ ટનથી ૧૦૦ ટન સુધી વજનનાં વેપારી વહાણોની સંખ્યા ત્રણ હજારની હતી. એ ઉપરાંત લડાયક બારકસો ચાળીસ હતાં, અને તે ઉપર અગીઆર હજાર આદમીનું લશ્કર રહેતું હતું. બારમા તેરમા સૈકામાં ખ્રિસ્તી અને મુસલમાનો વચ્ચે જેરૂ-સલમની બાબતમાં જે મોટું ધર્મયુદ્ધ થયું તેમાં વેનિસને ઘણો ફાયદો થયો, કેમકે તે દરમિઆન યુરોપથી એશિઆમાં લશ્કર લાવવાનું કામ તેણે કરવાથી તેને પુષ્કળ લાભ થયો તેમજ તેનો વેપાર પણ ઘણો વધ્યો. વિશેષ પૂર્વના વેપારનું મુખ્ય મથક કૉન્સ્ટૅન્ટીનોપલ જ્યાં કૉન્સ્ટૅન્ટાઈન બાદશાહના વખતથી અપાર નાણાનો સંચય થયો હતો તે ધનાઢ્ય શહેર વેનિ-શિઅનોના હાથમાં આવ્યું. અહીં દુનીઆની જે સર્વોત્તમ વસ્તુઓ એકઠી થયલી હતી તે સઘળી તેઓ પોતાનાં શહેરમાં લઈ ગયા.

૫ંદરમા શતકના આરંભમા વેનિસની જાહોજલાલી પરાકાષ્ટાએ પહોચી એ વખતે પ્રતિ વર્ષે વીસ હજારથી સવાલાખ રૂપીઆની આવક વાળા ઓછામા ઓછા હજાર સાહુકારો વેનિસમા હતા શહેરની વસ્તી બે લાખ માણસની હતી, અને ફ્લૉરેન્સની માફક શરાફી ધંધો પણ ધમધોકાર ચાલતો હતો સઘળા દેશના જહાજ તેમજ સર્વ જાતિના લોક અહીંઆ દ્રષ્ટીએ પડતા યુરોપમા ભોજન વસ્તીગૃહ પહેલ વહેલા વેનિસમા સને ૧૩૧૯–૧૩૨૪ મા ઉઘડ્યા

ઇટાલીના વાયવ્ય ખુણા ઉપર આવેલુ જીનોઆનું મોટુ બંદર વેનિસની માફક વેપારથી પ્રસિદ્ધિમા આવ્યુ ખ્રિસ્તી મુસલમાનના ધર્મયુદ્ધે એ શહેરની ચડતીમા મદદ કરી અને તેને આબાદ કર્યું વખત જતા વેનિસ અને જીનોઆ વચ્ચે ઇર્ષા ઉત્પન્ન થઈ જ્યા જ્યા વેનિસના વેપારી થાણા હતા ત્યા ત્યા જીનોઆએ તેની પડોસમા પોતાના મથક સ્થાપ્યા, અને વેનિસને નુકસાન પહોચાડવા માડ્યું બન્ને વચ્ચેની સ્પર્ધા વધી જતા સને ૧૩૭૦ મા જીનોઆએ વેનિસના તાબાનો ઘણોખરો મુલક જીતી લીધો ત્યારબાદ યુરોપથી બારોબાર હિંદુસ્તાન જવાનો જળમાર્ગ વાસ્કોડ ગામાએ શોધી કહાડયે, અને સને ૧૫૧૭ મા મુસલમાનોએ ઇજીપ્ત દેશ હસ્તગત કર્યો, એટલે વેનિસ અને જીનોઆ બન્નેનો નાશ થયો

ઇટાલીમા આવેલા મિલાન શહેરમા પણ કેટલોક વખત પ્રજાસત્તાક રાજ્ય હતુ પણ તેનો આપણા વિષય સાથે કંઈ સંબંધ નથી

**૨. ખ્રિસ્તી અને મુસલમાન પ્રજા વચ્ચે ધર્મયુદ્ધ.** (ઈ સ ૧૦૯૫–૧૨૭૨)–ખ્રિસ્તી અને મુસલમાનો વચ્ચે થયલા ધર્મયુદ્ધથી એશિયા તથા યુરોપના વેપાર ઉપર કેવી અસર થઈ એ બરાબર સમજવા માટે ઇટાલી અને નગરોનુ વૃતાત અહી આપ્યુ છે ગમે તે યુદ્ધનુ પ્રત્યક્ષ કારણ એક હોય પણ જુદા જુદા પક્ષોના અંતરસ્થ કારણો નિરાળા હોય છે એ આ ધર્મયુદ્ધથી સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે એશિઆના પશ્ચિમ ભાગમા આવેલા પેલેસ્ટાઇનના પ્રાતમાનુ જેરૂસલમ શહેર ઇસુ ખ્રિસ્તની જન્મભૂમી તરીકે જાણીતુ હતુ ખ્રિસ્તી લોકોનુ એ પવિત્ર શહેર મુસલમાનોના

તામામાં જવાથી ત્યાં દર્શને જનારા ખ્રિસ્તી લોકોને મુસલમાનો તરફથી ઘણો ત્રાસ પડવા લાગ્યો. પીટર નામનો એક ફ્રેન્ચ સાધુ જેરૂસલમ ગયો ત્યારે ત્યાં પોતાના ધર્મબાંધવો ઉપર પડતા અસંખ્ય દુઃખે તેનું મન પીગળાવ્યું. ત્યાંથી પાછા ફરી તેણે યુરોપનાં સઘળાં ખ્રિસ્તી રાજ્યોની મુલાકાત લીધી, અને તેમને સ્વધર્મી યાત્રાળુઓને મુસલમાનોના ત્રાસમાંથી બચાવવા ઘણી આજીજીપૂર્વક વિનતિ કરી. આ ઉપરથી સઘળાં રાજ્યોએ એકત્ર થઈ જેરૂસલમ કબજે કરવાનો, અને એમ કરવામાં ઉપર કહેલાં ઈટાલીનાં દરીઆઈ રાજ્યોની મદદ લેવાનો નિશ્ચય કર્યો. સઘળાં રાજ્યોનું લશ્કર કૉન્સ્ટૅન્ટીનોપલમાં જમાવ કરી ત્યાંથી જેરૂસલમ ઉપર સ્વારી લઈ જવાનો એઓએ વિચાર કર્યો. પણ આ કામમાં વહાણો અવશ્ય જરૂરનાં હોવાથી, અને તેની પુરતી સંખ્યા વેનિસ અને જીનોઆ પાસેથીજ મળે એમ હોવાથી, સર્વ યુરોપિઅન રાજ્યોએ આ સંસ્થાનો સાથે મિત્રાચારી કરી તેમની મદદ મેળવી. આમ કર્યા સિવાય આટલાં મોટાં લશ્કરને દારૂગોળો તથા ખોરાકી પહોંચાડવાનું કામ અશક્ય હતું. પરંતુ આ સંસ્થાનોએ કેવળ વેપાર વૃદ્ધિની આશા ઉપરજ આ મદદ કરવાનું માથે લીધું હતું. તેમનાં વહાણો ધર્મયુદ્ધ માટેનાં લશ્કરને એડ્રીઆટિક સમુદ્રમાંથી સામે પાર ડેલમેશિઆના કિનારા ઉપર પહોંચાડતાં; ત્યાંથી લશ્કર કિનારે કિનારે આગળ જતું, અને ઉપર કહેલાં વહાણો તેને માટેની સઘળી સામગ્રી લઈ તેની મદદે સાથે સાથે જતાં, અને એમ કરતાં રસ્તામાંનાં પ્રત્યેક બંદર સાથે વેપાર ચલાવતાં. આવી રીતે એ સંસ્થાનોને બેવડો ફાયદો થતો હતો, કેમકે આ ઉપરાંત કંઈક મુલક કબજે કરવામાં આવતો તો થયેલી ગોઠવણ અનુસાર આ મદદનીશ સંસ્થાનોને ત્યાં ખાસ હક મળતા. તેઓને ત્યાં વેપાર કરવાની સંપૂર્ણ છુટ હતી, તેમના વેપારી માલ ઉપર જકાત ઘણીજ થોડી બલકે કંઈ નહીં લેવાતી, શહેરની આજુબાજુના ભાગોની અથવા શહેરમાંની વખારોની લૂટ તેમને મળતી, અને તેમની હસ્તકના પ્રાંતની હદમાં રહેનારાં માણસોનો ન્યાય કરવાનું કામ પરદેશીઓને ન સોંપતાં પોતે નીમેલી બોર્ડ કરતી. આ પ્રકા-

રની સબળતા મેળવી ઈટાલીઅન વેપારીઓ યુદ્ધમાં જોડાયેલા હોવાથી તેઓ અપાર સંપત્તિવાન થયા, તેમનો વેપાર પુષ્કળ વધ્યો અને પૂર્વની નવાઈની વસ્તુઓ યુરોપના બજારોમાં લાવી ત્યાંના લોકોમાં તે વેચાતી લેવા માટે તેઓએ અભિરૂચિ ઉત્પન્ન કરી

ચોથા ધર્મયુદ્ધમાં પણ વેનિસ અને જીનોઆના રાજ્યોને મોટો ફાયદો થયો આ સમયે મુસલમાનો સાથે લડવાનું છોડી દઈ એકત્ર થયેલા સઘળા ખ્રિસ્તી રાજ્યોએ કૉન્સ્ટૅન્ટીનોપલમાંની ખ્રિસ્તી–ગ્રીક બાદશાહીનો નાશ કર્યો, અને ત્યાંના મસનદ ઉપર એક લેટીન કુટુંબની સ્થાપના કરી (ઈ સ ૧૨૦૪) આ નવીન કુટુંબ પાસે સત્તાવન વર્ષ લગી રાજ્યની લગામ રહ્યા પછી અને ૧૨૬૧ માં ફરીથી ગ્રીક વંશના હાથમાં ગાદી આવી આ બન્ને રાજ્યનિર્માણમાં ઈટાલીઅન સંસ્થાનોનો લાભજ હતો પહેલી વખતે એમણે કૉન્સ્ટૅન્ટીનોપલ લુટ્યું અને શહેરના ચાર ભાગ કરી તેમાંનો એક ભાગ નવા બાદશાહને સોંપી બાકીના ત્રણ પોતે વહેંચી લીધા હતા એમાંથી વેનિશિઅનોએ વેપારની અગત્ય સમજવાય એવા સઘળા પ્રદેશ ઉપરાંત રેશમ ઉત્પન્ન કરનારો પિલોપોનીસસનો પ્રાંત તથા આસપાસના કેટલાક ટાપુ અને નિગ્રોપોન્ટ એટલે પોતે લીધા, અને એડ્રીઆટિક સમુદ્રથી કૉન્સ્ટૅન્ટીનોપલ સુધીના આખા કિનારા ઉપર પોતાના વેપારી અને લશ્કરી થાણા બેસાડ્યા કેટલાક વેનિશિઅન વેપારીઓ તો ત્યાંજ આવી રહ્યા અને ત્યાંનો સઘળો વેપાર હાથ કર્યો ઈતર રાજ્યોનું લક્ષ વેપાર તરફ ન દોરાયાથી વેનિશિઅનોના આ કાવાદાવામાં વિક્ષેપ પડ્યો નહીં પ્રથમ તેઓએ રેશમનો વેપાર પોતાના એકલાનાજ હાથમાં રાખી રેશમી કાપડ વણવાનો હુન્નર શીખી લીધો, અને વખત જતાં પોતાના રાજ્યમાં નવા કાયદા દાખલ કરી રેશમની ખેતી કરવાનું શરૂ કર્યું આ પ્રયત્ન એટલો તો સફળ થયો કે કેટલાક સૈકાસુધી વેનિશિઅન રેશમ સૌથી ઉત્તમ પંક્તિના રેશમ તરીકે વખણાયું આગળ વર્ણવ્યા પ્રમાણે ચીન તથા હિંદુસ્તાનનો ઘણો ખરો માલ ઉત્તર તરફને રસ્તે કાળા સમુદ્રમાં થઈ કૉન્સ્ટૅન્ટીનોપલ આવતો અહીંઆ વેનિશિઅન વેપારીઓ

સંપૂર્ણ રીતે જામી ગયેના હોવાથી એલેકઝાન્ડ્રીઆ હસ્તક કૉન્સ્ટૅન્ટીનોપલનો એ વેપાર અતિશય ઝપાટાબંધ વધી ગયો અને ત્યાં દ્રવ્યની રેલછેલ થઈ રહી. આ સ્થિતિ લૅટીન અમલના સત્તાવન વર્ષ લગી ચાલી. એટલામાં વેનિસની અતુલ્ય જાહોજલાલીએ જીનોઆનો ડોળો ફેર્યો. બન્ને શહેરો વચ્ચે સખત દુશ્મનાવટ હોવાથી જીનોઆને જ્યારે માલમ પડયું કે કૉન્સ્ટૅન્ટીનોપલના પદભ્રષ્ટ થયેલા ગ્રીક કુટુમ્બને પણ વેનિસપ્રત્યે અદાવત હતી ત્યારે વેનિસને રસાતાળ પહોંચાડવાના હેતુથી જીનોઆએ પોપના હુકમનો અનાદર કરી ગ્રીશિઅન રાજાને મદદ કરી. એ રાજાએ ગાદી પર આવ્યા પછી જીનોઆએ કરેલા ઉપકારના બદલામાં કૉન્સ્ટૅન્ટીનોપલની પડોસનું પેરા તેઓને બક્ષિસ આપ્યું. અહીં જીનોઆના લોકોએ કિલ્લેબંદી કરી વ્યાપારનું મુખ્ય થાણું બેસાડયું ત્યારે આખો કાળો સમુદ્ર તેમની સત્તા હેઠળ આવ્યો. વળી આ સમુદ્રમાં આવેલો ક્રિમિઆનો દ્વીપકલ્પ તાબે કરી તેઓએ ત્યાંના કાફા નામના વેપારના મુખ્ય સ્થાનને મજબુત કર્યું. આવા ઉદ્યોગથી જીનોઆની વ્યાપારી તથા સામુદ્રીક સત્તા સર્વ યુરોપમાં અગ્રગણ્ય થઈ, અને જો એનો રાજ્યકારભાર ડહાપણથી ચલાવવામાં આવ્યો હોત તો આ જાહોજલાલી લાંબા કાળ સુધી તે ભોગવત. પણ વેનિસની રાજ્યપદ્ધતિ જેવી ડહાપણ ભરેલી હતી તેવી જીનોઆની નહોતી. વેનિસમાં એક વખત થયેલી ગોઠવણ ઝટ બદલાતી નહીં, પણ જીનોઆમાં પ્રતિદિવસ નવી નવી ગોઠવણ થતી. જ્યાં સુધી ગ્રીશિઅન બાદશાહને જીનોઆ સાથે સ્નેહ હતો ત્યાં સુધી વેનિસના વેપારીઓ કૉન્સ્ટૅન્ટીનોપલની ઘણી નજદીકમાં જતા નહીં, પણ ઘણું ખરૂં તેઓ એલેકઝાન્ડ્રીઆ તરફ જતા. મિસર દેશમાં આરબોનું રાજ્ય સુવ્યવસ્થિત તથા પદ્ધતશીર થયું ત્યારે વેનિશિઅનોએ આરબો સાથે દોસ્તી બાંધી એલેકઝાન્ડ્રીઆના બંદરનો તમામ વેપાર પોતે હાથમાં લીધો. પરંતુ મુસલમાન લોકો સાથે ખ્રિસ્તી રાજ્યે ખુલ્લી રીતે સ્નેહ બાંધવો ઈષ્ટ ન જણાયાથી એમ કરવું ધર્મમાન્ય નથી એવું વેનિશિઅન સરકારે પોપ પાસે ઠરાવી લીધું, અને એલેકઝાન્ડ્રીઆ તથા દમાસ્કસ એ બેઉ ઠેકાણે પોતાના ધમધોકાર ચાલતા વેપાર ઉપર દેખરેખ

રાખવા માટે બે વકીલો નીમત કર્યા આથી મુસલમાનો તરફનો દ્વેષભાવ કંઇક અંશે કમી થતાં બેઉ વિધર્મી પ્રજા વચ્ચે કેટલોક સમય મિત્રાચારી રહી.

આ વેળા યુરોપનાં રાજ્યોની અંતઃસ્થિતિ પણ વેનિસના વેપારને અનુકૂળ હતી. ઈંગ્લંડના લોકોમાં કુસંપને લીધે તડ પડી ગયાં હતાં અને તેઓ માંહેમાંહે લડતા હોવાથી વેપાર ઉપર તેઓનું લક્ષ લાગતું હતુ નહી. ફ્રાન્સમાં પુષ્કળ ગેરવ્યવસ્થા ચાલતી હતી. સ્પેન દેશ મુસલમાનોના કબજામાંથી હમણાજ છુટયો હતો, અને તેનાં સર્વ અંગભૂતો એકત્ર થયાં નહોતાં. પોર્ટુગીઝ ખલાસીઓ હજી નિદ્રાવશજ હતા, ત્યારે વેનિસની સત્તા પ્રબળ હતી. દક્ષિણ યુરોપનું સ્વામિત્વ વેનિસના હાથમાં હતું, અને ઉત્તર યુરોપમાં આવેલી હંસ-સમાજ (Hanseatic League) સાથે તેને મિત્રાચારી હતી, એટલે આખા યુરોપનો વેપાર તેનાજ હાથમાં હતો એમ કહેવાને હરકત નથી. વેનિસના વેપારીઓ પોતાની પાસેનું રોકડ નાણું કદી પણ ખરચતા નહી. તેઓ સર્વ જાતની ધાતુ, લાકડાં, કાચ વગેરેની ઇજિપ્તમાં ખપતી પુષ્કળ ચીજો પરદેશ રવાના કરતા, અને તેને બદલે એલેક્ઝાન્ડ્રીઆ, એલેપ્પો, બેરૂટ, ડમાસ્કસ વગેરે ઠેકાણેથી હિંદુસ્તાન તથા એશિઆનો માલ વેચાતો લઈ યુરોપમાં લાવતા. આમ હોવાથી તેઓના દેશમાંથી રોકડ નાણું તથા સોનું રૂપું કદી પણ બહાર જતું નહી. વેનિસના રાજ્યમાં ઘણાખરા કાયદા આ વેપારને ઉદ્દેશીનેજ રચાયલા હતા. વેપારનું ખાતું એ રાજ્યનું મુખ્ય અંગ હતું, અને વહાણો કેવી રીતે ક્યાં લઈ જવાં તથા વેપારી માલની લેવડદેવડ કેવી રીતે કરવી એ બાબત પણ ઘણા સખત નિયમો ઘડાયલા હતા. વળી ખાનગી વેપારમાં સાહસ કરનારને અથવા કુશળતા દાખવનારને સરકારમાંથી સારી બક્ષિસ કે મદદ મળતી. ટુંકમાં વેપાર એજ ધનસંપત્તિ પ્રાપ્ત કરવાનો મુખ્ય માર્ગ છે એ સિદ્ધાંત વેનિશિઅનોની માફક બીજી કોઈ પ્રજાએ ખરૂં કરી આપ્યું નહોતું. એમને લીધેજ હંસ-સમાજની મહત્તા વધી હતી, અને બ્રુજીસ શહેરના વેપારીઓનો પોશાક તેમનાં ભવ્ય તથા સુશોભિત મકાનો તથા એશઆરામનાં સાધનો એવાં

થયાં હતાં કે તે જોઈ રાજાઓને પણ અદેખાઈ આવે. બ્રુજ્સનો વૈભવ
થોડાજ વખતમાં એન્ટવર્પ ભોગવવા લાગ્યું, અને ઑગ્સબર્ગના વેપારી-
ઓનું માન ઘણું વધ્યું. વેપારનાં આ શુભ પરિણામો હંસ-સમાજના વૃતાંત
ઉપરથી ખુલ્લાં જણાઇ આવે છે.

**૩. હંસ-સમાજ (Hanseatic League).**—ઇટાલીના સ્વ-
તંત્ર રાજ્યનો વેપાર ધમધોકાર ચાલતો હતો ત્યારે ઉત્તર યુરોપમાં
સ્થપાયલી હંસ-સમાજ નામની એક વેપારી સંસ્થાની હકીકત જાણવા
જેવી છે. ડેન્માર્ક, સ્વીડન, નૉર્વે વગેરે દેશના પુષ્કળ લોકો જર્મન
અને બૉલ્ટિક સમુદ્રમાં ચાંચીઆનો ધંધો લઈ બેઠા હતા અને ત્યાંના
વેપારને પીડા કરતા હતા. એમના તરફથી થતો ઉપદ્રવ અટકાવવાના
હેતુથી હંસ-સમાજ હસ્તીમાં આવી હતી. નવમા સૈકાના સુમારમાં યુરોપ-
ના ઉત્તર કિનારાપરનાં શહેરના વેપારીઓએ સ્થાપેલી પોતાની એક
સમાજ ચાલતી હતી, એવામાં સને ૧૧૬૯ ના અરસામાં હેમબર્ગ
અને લુબેક નામનાં શહેરોએ અરસપરસ તહ કરી વેપારનું રક્ષણ
કરવા નિશ્ચય કર્યો. ધીમે ધીમે અનેક શહેરો તેમની સાથે જોડાયાં.
આગળ જતાં ર્હાઇન નદી ઉપર આવેલું કોલોન શહેર આ સંઘમાં દાખલ
થવાથી ઉત્તર તરફની આ વેપારી સમાજનો લાગવગ ર્હાઇન નદી મારફત
દક્ષિણ યુરોપમાં દાખલ થયો. સને ૧૩૦૦ માં આ સમાજમાં યુરોપની
ઉત્તર તરફનાં સીત્તેર શહેરો દાખલ થયાં હતાં. આ સંસ્થાનાં મુખ્ય સ્થાન લુબેકમાં
સમાજની સભાઓ વારંવાર ભરાતી, અને ત્યાં થયેલા ઠરાવો તથા નિયમો
સર્વેને પાળવા પડતા. શરૂઆતમાં સમાજનો હેતુ પોતાનાં અંગભૂતોનો બચાવ
કરવાનોજ હતો, પણ ધીમે ધીમે તેમાં વેપારવૃદ્ધિનું તત્વ ઉમેરાવાથી સમાજની
આબાદી થવા લાગી. કેટલીક વસ્તુઓનો વેપાર માત્ર તેમનાજ હાથમાં
હોવાથી બીજા કોઇને તે જણસનો વેપાર કરવાની છુટ નહોતી. દરીઆ
ઉપર ચાંચીઆઓનો ઉપદ્રવ નિર્મુળ કરી, જમીન ઉપર લુટારાઓનો ત્રાસ બંધ
પાડી અને વ્યવસ્થિતપણે વહિવટ કરવા માટે ઠરાવેલા નિયમો દ્રઢપણે બજા
લાવી આ સમાજે યુરોપની વેપારી રીતભાતમાં પુષ્કળ સુધારો કર્યો. દેશની

દોલત વધતા લોકોની મોજશોખની તૃષ્ણા પ્રદિપ્ત થઈ, ભવ્ય અને સુંદર ઇમારતો ઉભી થવા માંડી, અને લોકોનું ધ્યાન સૌંદર્ય અને ખુબસુરતી તરફ દોડવા લાગ્યું વળી આ સંસ્થાએ અનેક દેશનો ઉદ્યોગ ઉત્તેજીત કર્યા સ્વીડન અને પોલંડના જંગલો ઉખેડી તે જગ્યાએ સુંદર ખેતરો તૈયાર કર્યા, અને ખાણનો ઉદ્યોગ શરૂ કર્યો. એ સમાજના પ્રયાસથી ઉત્તર દક્ષિણ યુરોપમાં માલની અદલાબદલી થવા માંડી એટલે વેપારીઓને વધુ ફાયદો થયો ઉત્તરમાંથી રીંછ અને વરૂના ચામડા દક્ષિણમાં આવવા લાગ્યા, અને તેને બદલે ત્યાંથી રેશમી અને સુતરાઉ કાપડ ઉત્તરમાં આવ્યા આથી મોટા મોટા રાજ્યો સામે ટક્કર ઝીલનારી આ વેપારી સમાજમાં શક્તિ આવી વખત જતાં એની વખારો લંડન સુદ્ધાં આખા યુરોપમાં પથરાઈ ગઈ, અને પરિણામમાં યુરોપના અનેક રાજ્યોની સુધારણા તથા ઉદય થયો અજ્ઞાન અને જંગલી સ્થિતિમાં સબડતા રાજ્યોનો ઉદ્ધાર થતાં તેઓએ સમાજની સત્તા તોડી ઐક્યતાથી કેવું પરિણામ આવે છે અને વેપાર ઉપર તેની કેવી અસર થાય છે તે આ હકીકત ઉપરથી આપણને જોવાને બની આવે છે

મરીનો સૅન્યુડો નામના વેનિસના એક ગૃહસ્થે ચૌદમા સૈકાના આરંભમાં દુનીઆના વેપારની સ્થિતિના કરેલા વર્ણન ઉપરથી જણાય છે કે એ સમયે પૂર્વમાંથી ભારે કિંમતનો અને થોડા વજનનો માલ ઈરાની અખાતને રસ્તે યુફ્રેટીસ નદીમાં થઈને ભૂમધ્ય સમુદ્ર ઉપર આવતો, અને ભારે માલ રાતા સમુદ્રમાંથી એલેક્ઝાન્ડ્રીઆમાં આવતો અહીંથી એ માલ ફ્લૉરેન્સ, જીનોઆ તથા વેનિસના વેપારીઓ યુરોપના દક્ષિણ કિનારા ઉપર લાવતા, અને ત્યાંથી હંસ સમાજના વેપારીઓ ઉત્તરમાં જર્મન સમુદ્રના કિનારા લગી લઈ જતા

યુરોપમાં ચારસો પાંચસો વર્ષ લગી જ્યારે આગગાડી તથા આગબોટો નહોતા ત્યારે મોટી મોટી જાત્રાઓ ભરવાનો પ્રચાર હતો નિરનિરાળે દિવસે પ્રત્યેક શહેરમાં જાત્રા ભરાતી અને તેમાં માલનો ઘણો ઉપાડ થતો

**૪. રૂબ્રુકી અને માર્કોપોલોનો પ્રવાસ.**—મુસલમાનોએ કૉન્સ્ટે

ન્ટીનોપલ સર કર્યું તે અગાઉ પૂર્વનો વેપાર પોતાના હાથમાં લેવા માટે પાશ્ચાત્ય રાજ્યોમાં મોટી દોડાદોડ થઇ રહી હતી. ઉપર વર્ણવેલા ધર્મ-યુદ્ધમાં તુર્કસ્તાનની પૂર્વ તરફનાં એશિઆમાંનાં રાજ્યો તરફથી પોતાને મદદ મળશે એવી ખ્રિસ્તી રાજ્યોને આશા હતી. થયલાં આઠ ધર્મયુદ્ધમાંથી સાતમું ઈ. સ. ૧૨૪૮ થી ૧૨૫૪ સુધી ચાલ્યું તે દરમિઆન ફ્રાન્સના રાજા સેન્ટ લુઇએ સને ૧૨૫૩ માં રૂબ્રુકી (Rubruquis) નામના એલચીને કાળા સમુદ્રથી ચીનની હદ સુધીના તાર્તાર લોકોના સંઘળા ખાનો પાસે મોકલ્યો હતો. એ રૂબ્રુકી તે બાજુની ઘણી ઉપયોગી હકીકત લાવ્યો, પણ તેથી તે ભવિષ્યના રાજકીય ફેરફારનું કંઈ સ્પષ્ટીકરણ કરી શક્યો નહી. તેઓની સત્તા ઘણી બળવાન હતી એટલુંજ માત્ર તે જાણી શક્યો. એવીજ રીતે સ્પેનનો એલચી તાર્તાર બાદશાહ તૈમુરની દરબારમાં સને ૧૪૦૨ માં ગયો હતો, પણ તેનું પ્રાબલ્ય જોઈ સ્વદેશીઓ મધ્ય એશિયામાં કોઈ પણ રીતે દાખલ થઈ શકશે નહીં એમ તેને લાગ્યું.

આગળ કહ્યા પ્રમાણે ઇટાલીઅન સંસ્થાનો તથા હંસ-સમાજ માર-ફતે હિંદુસ્તાનના વેપારની વૃદ્ધિ થતી હતી ત્યારે માર્કોપોલો નામનો વેનિસનો એક સુપ્રસિદ્ધ અને શ્રીમાન વેપારી એશિયા ખંડમાં ઘણું ખરૂં પગે ચાલી ફરતો હતો, અને ઈ. સ. ૧૨૭૧ થી ૧૨૯૫ સુધીનાં પચીસ વર્ષ ચીનમાં રહ્યો હતો ત્યાંથી સમુદ્ર માર્ગે ઇરાનના અખાતમાં આવી તે યુરોપ આવ્યો ત્યારે લગભગ આખા મધ્ય એશિઆની ઘણીજ બારીક અને ઉત્તમ પ્રકારની ખબરો યુરોપિઅનોને મળી. માર્કોપોલોનો જન્મ સને ૧૨૫૪ માં થયો હતો. તેના બાપકાકાનો વેપાર કૉન્સ્ટૅન્ટીનોપલ સાથે ચાલતો હોવાથી પંદર વર્ષ લગી તેઓ પૂર્વ તરફના દેશોમાં ફર્યા હતા. સ્વદેશ પાછા ફરતાં તેઓએ નાના પ્રકારની ચમત્કારિક વાતો નાના માર્કોપોલોને કહી એટલે તે દેશો જાતે જોવા જવાની એની ઉત્કંઠા પ્રદિપ્ત થઈ. બે વર્ષ રહી તેનાં બાપકાકાઓ ફરીથી પ્રવાસે નીકળ્યા ત્યારે આ છોકરો પણ તેઓની સાથે ગયો. વેનિસથી વહાણમાં બેસી તેઓ એશિયાને કિનારે એકર આગળ ઉતર્યા. અહીંથી કંઇક ઈશાન ખુણા તરફ તથા ઉત્તર

તરફ ફરતા ફરતા તેઓ સાડાત્રણ વર્ષની મુસાફરી પછી પેખીનની ઉત્તરમાના એક મોગલ રાજાના દરબારમા આવી પહોચ્યા રાજાએ ઘણા સન્માનથી એ સવળાને પોતાની નોકરીમા રાખ્યા તરૂણ માર્કો થોડાજ દિનસમા ચાઇનીઝ ભાષામા પ્રવીણ થયો એક વખત રાજાએ કઈ કામ નિમિત્તે માર્કોપોલોને છ મહિનાને પ્રવાસે મોકલ્યો ત્યાથી પાછા ફરતા તેણે આણેલી ખબર એટલી તો ચપળતાથી વર્ણવી કે રાજા તેના ઉપર અતિશય ખુશ થઈ ગયો આ પ્રમાણે ત્રણે જણા સત્તર વર્ષ ચીનમા રહ્યા તે દરમિયાન માર્કોએ અનેક દેશ જોયા અને તેમની બને તેટલી માહિતી મેળવી વખત જતા આ મડળીને સ્વદેશ પાછા ફરવાનો વિચાર થયો પણ તે વખતે રાજાએ તેમને તેમ કરવા દીધુ નહી અનુકૂળ સજોગ આવતા તેઓ ચીનમાથી નીકળી શક્યા ચીનના રાજાનો એક સબધી ઇરાનમા રાજ્ય કરતો હતો, તેની પહેલી સ્ત્રી મરણ પામતા તેને માટે બીજી સ્ત્રી ચીનના રાજાએ પસદ કરી હતી આ સ્ત્રીને જળમાર્ગે ઇરાન રવાના કરવાની હોવાથી રાજાએ આ ત્રણે જણાને તેના સરક્ષણને માટે તેની સાથે મોકલ્યા આ સફરને માટે અઢીસો અઢીસો ખલાસીવાળા ચૌદ મોટા વહાણો તૈયાર કરવામા આવ્યા હતા ચીનના રાજાએ પોલોને મહા કષ્ટે પોતાની પાસેથી જવાની રજા આપી, અને જતી વખતે તેને પુષ્કળ હીરા માણેક બક્ષિસ આપ્યા ત્રણ મહિને એઓ જાવાના ટાપુમા આવ્યા, અને ત્યાથી અઢાર મહિને ઇરાન પહોચ્યા ત્યારે જે રાજાને માટે વધૂ આણી હતી તે મરણ પામ્યો હતો અને તેનો છોકરો ગાદી ઉપર આવ્યો હતો આમ થવાથી આ છોકરોજ તે સ્ત્રીને પરણ્યો ઇરાનથી નીકળેલા ત્રણે બાપ, દીકરો, તથા કાકો સને ૧૨૯૫ મા વેનિસ આવી પહોચ્યા મુસાફરીના શ્રમથી તેઓના ચહેરામાં ઘણો ફેરફાર થયો હતો તેઓનો પહેરવેશ ઘણી જુની ઢબનો હોવાથી તેમજ—તેઓની ભાષા પણ ઘણી બગડી ગયલી હોવાથી તેઓને કોઈ ઓળખી શક્યુ નહીં ત્યારે તેઓએ એક મોટી મીજબાનીમા પુષ્કળ લોકોને પોતાને ઘેર બોલાવ્યા, અને નાના પ્રકારના રત્નો

સર્વેને બતાવી તથા યુરોપિઅન પોશાક ધારણ કરી પોતાને વિશે લોકોની ખાતરી કરી કેટલોક વખત પછી વેનિસ તથા જીનોઆ વચ્ચે યુદ્ધ થયું ત્યારે માર્કોપોલો કાફલાનો મુખ્ય અધિકારી થયો હતો એ યુદ્ધમાં માર્કોપોલોનો અપજશ થયો, અને જીનોઆના લોકોના હાથમાં સપડાઈ જઈ કેદમાં પડયો કેદમાં હતો ત્યારે માર્કોએ પોતાના પ્રવાસનું વર્ણન લખ્યું હતું કેટલેક વર્ષે કેદમાંથી છુટી વેનિસ આવી તે મરણ પામ્યો

માર્કોપોલોએ મેળવેલી માહિતી યુરોપમાં ઘણીજ ઉપયોગી નીવડી એશિઆ ખંડમાં મુખ્ય કીંમતી માલ કયો, તે કયાં અને કેટલો ઉત્પન્ન થાય છે, તેનો વેપાર કેમ ચાલે છે, ઇત્યાદિ બાબતોની ખાતરી લાયક હકીકત માર્કોપોલોએ સ્વપરાક્રમથી મેળવી યુરોપમાં જાહેર કરી મુસલમાનોના ઉદય પછી સુમારે છઠો સાતમો વર્ષમાં કોઈપણ યુરોપિઅન ગૃહસ્થ હિંદુસ્તાન આવ્યો નહોતો છઠ્ઠા સૈકામાં કૉસ્મોસ નામનો વેપારી કંઈક હકીકત લાવ્યો હતો, તેની પછી માર્કોપોલોજ વધુ વિગત લાવ્યો કેટલોક વખત પશ્ચિમ એશિઆમાં વેપાર અર્થે ફરી માર્કોપોલો બુખારા ગયો હતો, અને ત્યાંથી બુખારાના ખાનના એલચી તરીકે પેકીન ગયો ત્યાંથી પાછા ફરતા તે જાપાન, જાવા, સુમાત્રા, સિલોન વગેરે ઠેકાણે થઈ તે હિંદુસ્તાન આવ્યો અહીંઆ ખાસ કરીને બંગાળા તથા ગુજરાતના મુલકો તેણે જોયા, અને ખંભાત સુધીના પશ્ચિમ કિનારાની તપાસ કરી માર્કોપોલોએ પ્રગટ કરેલી હકીકતથી યુરોપિઅન લોકોની આંખ ઉઘડી, અને તેમનામાં એક નવો ઉત્સાહ આવ્યો

૫. **પૂર્વના વેપારની નાકાબંધી.**—વેનિસનું રાજ્ય લક્ષ્મીનું ઘર થયા પછી દુનીઆના ઇતિહાસનો વ્હેણ ફેરવી નાખનારો એક મહત્વનો બનાવ બન્યો પંદરમા શતકમાં તુર્કોએ યુરોપમાં દાખલ થઈ ત્યાં પોતાનું રાજ્ય સ્થાપવાથી યુરોપ અને એશિઆના વેપારના જુના માર્ગો બંધ પડયા

તુર્ક લોકોનું નામ યુરોપમાં પહેલવહેલું સને ૧૨૪૦ ને સુમારે જાહેરમાં આવ્યું પશ્ચિમ એશિઆનો જે મોટો ભાગ પૂર્વ રોમન બાદશાહીમાં દાખલ થયો હતો તે પ્રથમ તુર્કોએ કબજે કર્યો ત્યારબાદ

સને ૧૩૬૧ મા તેઓએ યુરોપના પૂર્વ ટુકા ઉપર આવેલા હેડ્રિઅન બાદશાહે વસાવેલા હેડ્રિઆનોપોલ નગરમા પોતાની રાજધાની સ્થાપી બલ્ગેરીઆ તથા સર્વીઆ જમરાઇથી તાબે કર્યા એ પછી તુર્ક લોકોને તૈમુરલંગ સાથે લડવાનો પ્રસંગ આવ્યાથી આસરે પચાશ વર્ષ લગી તેઓ યુરોપમા વધારે ગડબડ કરી શક્યા નહીં અને ૧૪૦૫ મા થયલા તૈમુરલંગના મરણ પછી એ લોકોએ યુરોપમા પુનઃ ચળવળ શરૂ કરી આવી રીતે તેઓનુ એ ખંડમા સહેજમા દાખલ થવાનુ ખરૂ કારણ વેનિસ અને જીનોઆ વચ્ચે ચાલતી તકરાર હતી કાળા સમુદ્ર ઉપર આવેલા એ બેઉ રાજ્યોના વેપારી સસ્થાનો વચ્ચે અતિશય સ્પર્ધા ચાલતી હોવાથી, તથા તેઓ વચ્ચે ફાટફુટ હોવાથી, તુર્ક લોકો યુરોપમા ઘુસી ગયા વળી કૉન્સ્ટૅન્ટીનોપલની રોમન બાદશાહી તોડી પાડવા માટે જીનોઆના ખ્રિસ્તી રાજ્યે તુર્ક લોકોની મદદ માગી ત્યારે સને ૧૪૪૮ માં ચાળીશ હજાર તુર્ક સેના જીનોઆના વહાણમા બૉસ્ફરસની સામુદ્રધુનીમા થઈ કૉન્સ્ટૅન્ટીનોપલ આવી, અને જીતેલો મુલક પોતેજ પચાવી તુર્કોએ સને ૧૪૫૩ મા તે શહેર કબજે કર્યું એ પછી થોડા વખતમા કાળા સમુદ્ર ઉપરના જીનોઇઝ થાણા કાફા, મોલ્ડેવિઆ વગેરે તેમણે સર કર્યા, અને એશિઆ માઇનર, મેસોપોટેમીઆ, સિરીઆ વગેરે દેશો તેમના હાથમા આવતા પૂર્વના વેપારના ઉત્તર તરફના બન્ને રસ્તા યુરોપિઅનો માટે બંધ થયા

ઈ સ ૧૫૨૦–૨૭ દરમિઆન તુર્ક બાદશાહ સલીમશાહે મિસરદેશ જીતી લીધો ત્યારે વેનિશિઅન લોકોના તાબામાનો એ વેપારનો ત્રીજો માર્ગ પણ બંધ થયો પરિણામમાં એક તરફ કૉન્સ્ટૅન્ટીનોપલ તથા બીજી તરફ એલેક્ઝાન્ડ્રીઆ જેવાં વેપારના મોટા ધામો યુરોપિઅન વેપારી માટે નિરુપયોગી થયાં, અને ઇટાલીઅન શહેરોનો ભૂમધ્ય સમુદ્રમા ચાલતો તથા હંસ-સમાજનો ર્હાઇન નદીપરનો સઘળો વ્યવહાર અટકી પડયો

આજ અરસામાં બીજા બે બનાવો એવા બન્યા કે જેની કલ્પના પણ વેનિશિઅનોને થઈ નહોતી, અને જો તેવી કલ્પના આવી હોત તો પણ તે અટકાવવાનું તેઓના હાથમા નહોતું એક તરફ કોલમ્બસે અમે

રિકાની શોધ કરી, અને બીજી તરફ આફ્રિકાના દક્ષિણ છેડાની પ્રદક્ષિણા કરી હિંદુસ્તાન જવાના જળમાર્ગની વાસ્કો ડ ગામાએ માહિતી મેળવી. આ બનાવો કેવી રીતે બન્યા તે આપણે જોઈએ.

એકલા વેનિસના હાથમાં આખી દુનીઆનો વેપાર રહેલો જોઈ યુરોપના સઘળા લોકો અત્યંત અચંબો પામતા, એટલે હિંદુસ્તાન તથા પૂર્વના બીજા દેશોમાં જવાનો બીજો કોઈ માર્ગ હોય તો તે શોધી કહાડવા તરફ અનેક વિદ્વાન તથા વિચારવંત લોકોનું ધ્યાન લાગ્યું હતું. જીનોઆમાં નૌકાનયન તથા ભૂગોળ શાસ્ત્રમાં પ્રવીણ થયલા એક ક્રિસ્ટોફર કોલમ્બસ નામના ગૃહસ્થને લાગ્યું કે પૃથ્વી ગોળ હોવાથી માર્કોપોલોએ જોયલો એશિઆનો પૂર્વ કિનારો યુરોપની પશ્ચિમ બાજુએ ઘણો પાસે કોઈ ઠેકાણે હશે. આ કલ્પના ખોટી નહોતી, પણ કોલમ્બસે પૃથ્વીનો વ્યાસ છે તેના કરતાં તેને ઘણો નાનો માન્યો હતો. જીનોઈઝ સરકારે કોલમ્બસના આ વિચારોને સમજ્યા વગર તરછોડી કહાડયા, અને પોર્ટુગલની સરકારે તે વિશે બાતમી મેળવી લઈ વિશ્વાસઘાત કરી તેને ફસાવ્યો. આખરે સ્પેનની રાણી ઈલીઝાબેથે તેને આશ્રય આપી અમેરિકા ખંડ શોધી કહાડવામાં મદદ કરી. આ સાહસ ખેડવાનો બદલો સ્પેનને ઘણો સારો મળ્યો. અમેરિકામાંનો અત્યંત ફળદ્રુપ પ્રદેશ તથા સોનારૂપાની અને રત્નની ખાણો તેના તાબામાં આવ્યાથી સો દોઢસો વર્ષ લગી એ દેશ યુરોપમાં અગ્રસ્થાને રહ્યો.

વાસ્કો ડ ગામાએ પણ વિલક્ષણ સાહસ કરી આફ્રિકાની પ્રદક્ષિણા કરી, અને તા. ૨૨ મી મે સને ૧૪૯૮ ને દિવસે મલબાર કિનારા ઉપરના કૅલિકટના બંદરમાં દાખલ થયો. લિસ્બન શહેર જે દિવસે એણે છોડયું તે દિવસથી આ પ્રવાસ પૂર્ણ કરતાં એને દશ મહિના અને બે દહાડા થયા. આ બનાવથી હિંદુસ્તાનના વેપારની દિશા બદલાઈ જશે, તથા તેને લીધે યુરોપ અને એશિઆ ખંડમાંનાં રાજ્યોમાં મોટા ફેરફાર થશે એવું તેજ વખતે ચતુર પુરૂષોને જણાવવા લાગ્યું. હવે વેનિસની સઘળી દોલત લિસ્બનમાં ઘસડાઈ આવશે એવો વિચાર પોર્ટુગીઝોને આવ્યો, અને વેનિસને પણ પોતાની સત્તા સત્વર નાશ થશે એમ ભાસ્યા વિના રહ્યું નહીં.

**૬. અમેરિકાની તથા હિંદુસ્તાન જવાના જળમાર્ગની શોધનું પરિણામ.**—પોર્ટુગીઝ લોકોને હિંદુસ્તાન, તથા સ્પેનના લોકોને અમેરિકા પ્રાપ્ત થવાથી નિરનિરાળાં પરિણામ નીપજ્યાં. ભૂમધ્ય સમુદ્ર ઉપરનાં સઘળાં નાકાં મુસલમાનોના તાબામાં જવા પછી યુરોપિઅન વેપારીઓ સઘળી તરફથી ઘેરાઈ ગયા હતા. વેનિસના વેપારીઓ મુસલમાનો સાથે મિત્રાચારી બાંધી તેઓ માગે તેટલી જકાત ભરતા, અને પૂર્વનો માલ એલેકઝાન્ડ્રીઆમાંથી લાવી યુરોપને પુરો પાડતા. આવી સ્થિતિમાં પોર્ટુગીઝોને હિંદુસ્તાન જવાનો સ્વતંત્ર માર્ગ મળવાથી તેઓએ તે દેશનો દરેક જાતનો માલ વહાણમાં લિસ્બન લાવી યુરોપમાં પહોંચાડવા માંડ્યો. જમીન કરતાં જળમાર્ગે આવેલો માલ વધારે સારી હાલતમાં રહેતો એટલે વેનિસના વેપારીઓ પોર્ટુગીઝો સાથે બરોબરી કરી શક્યા નહીં. યુરોપમાં જોઇએ તેટલો હિંદુસ્તાનનો માલ લિસ્બનમાં આવતાંજ વેનિસનો વેપાર જલ્દી બુડ્યો. મુન ( Munn ) નામના એક અંગ્રેજ વેપારીએ આ અસલના વેપારની કેટલીક હકીકત લખી છે, તેમાં તેણે હિંદુસ્તાનમાંથી યુરોપમાં આવતી જણસોની કિંમત તે સમયે એલેપ્પોમાં શું પડતી તથા યુરોપમાં તે શા ભાવે વેચાતી તેનું એક કોષ્ટક આપ્યું છે, તે ઉપરથી જણાય છે કે એકજ વસ્તુ એલેપ્પોમાં જે કિંમતે વેચાતી તેની અડધી કિંમતે તે ઈંગ્લંડમાં મળતી. એલેપ્પો અને એલેકઝાન્ડ્રીઆ વચ્ચે કિંમતનો ઘણો તફાવત ન હોવાથી વેનિસના વેપારીઓ જે માલ એલેકઝાન્ડ્રીઆથી લાવતા તે લિસ્બનમાંથી આવતા માલ કરતાં બમણો મોઘો વેચાતો. આમ થવાથી તે કોઈ લે નહી એ ખુલ્લું છે. પોર્ટુગલના રાજાએ પણ વેપાર ઉપર ધ્યાન આપી સઘળા મક્તા પોતાના તાબામાં રાખ્યા. આવી રીતે માલની કિંમત ઘણી ઉતરી જવાથી તેનો ખપ વિશેષ થવા લાગ્યો, અને વખત જતાં નવી નવી વસ્તુઓની જરૂર જણાવવા લાગી. ખાસ કરી હિંદુસ્તાનનો મસાલો યુરોપમાં વધારે ખપવા લાગ્યો. પોર્ટુગીઝોની આ આબાદી સુમારે સો વર્ષ ચાલ્યા પછી સોળમા સૈકામાં તેમનો વેપાર પહેલાં વલંદા લોકોએ, અને ત્યારપછી અંગ્રેજોએ ડુબાડ્યો.

પોર્ટુગીઝ લોકો આ દેશમાં આવ્યા ત્યારે અહીં અનેક સુવ્યવસ્થિત રાજ્યો તેઓએ જોયાં. આ રાજ્યોના અધિકારીઓને તેમજ વેપારીઓને પોતાનો માલ પરદેશમાં ખપાવવાની ઘણી ઈચ્છા હોવાથી પોર્ટુગીઝોનો વેપાર ઝપાટા બંધ વધ્યો. પણ સ્પેનના લોકોના તાબા હેઠળ આવેલો અમેરિકા ખંડ જુદા પ્રકારનોજ હતો. ત્યાંનો મુલક ઘણોખરો ઉજ્જડ અને રાજ્યો અવ્યવસ્થિત હતાં. ત્યાંની સંપત્તિ ઉદ્ભિજ અને ખનિજ પદાર્થોમાં દટાયલી પડેલી હોવાથી તેને બહાર કહાડવા માટે મહા પ્રયાસ કરવાનો હતો, અને વિશેષ જોઈએ તે ખાવા પીવાની વસ્તુ મળતી નહીં. આથી ખેતી કરવા તથા ખાણ ખોદવા માટે આફ્રિકામાંથી નીગ્રો લોકોને ગુલામ બનાવી સ્પેનના લોકો અમેરિકા લઈ ગયા. આ નીગ્રો શરીરે ઘણા મજબૂત હતા; એક નીગ્રો ચાર અમેરિકન જેટલું કામ કરતો. આ હકીકતમાં પોર્ટુગીઝ લોકોની માફક સ્પેનના લોકોને અમેરિકામાં આરંભમાં કાંઈ પણ ફાયદો મળ્યો નહીં. પહેલાં પચાસ વર્ષ ઘણી ખરાબ હાલતમાં કહાડ્યા પછી ધીમે ધીમે તેઓને ફાયદો થવા લાગ્યો.

પોર્ટુગીઝ લોકોને હિંદુસ્તાન જવાનો જુદોજ રસ્તો મળી આવવાથી મુસલમાનોને અતિશય અચંબો થયો. ઈજીપ્તના મુસલમાનોએ આ ઉપરથી પોર્ટુગીઝ લોકોને ભેહ આપવા થોડો પ્રયત્ન કર્યો નહીં, અને ગુસ્સે થયેલા વેનિશિઅન લોકોએ આ કામમાં તેઓને મદદ કરી, અને પોતાના ડેલમેશિઆના પ્રાંતમાંથી લાકડાં કાપી લાવી વહાણો બાંધવા માટે ઈજીપ્તના મુસલમાનોને પરવાનગી આપી. આવી રીતે એક મોટો કાફલો તૈયાર થયો પણ થોડાજ સમયમાં પોર્ટુગીઝ વહાણોએ તેનો સંપૂર્ણ નાશ કર્યો. મુસલમાની રાજ્યમાં જે ખ્રિસ્તી રહેવાસી હોય તે સર્વને ઠાર મારવા ઈજીપ્સના બાદશાહે ધમકી આપી. એ પછી ઈજીપ્સ, સીરીઆ તથા પેલેસ્ટાઈનના પ્રાંતો કૉન્સ્ટૅન્ટીનોપલના તુર્ક બાદશાહ પહેલા સલીમે જીતી લીધા અને સઘળાનું એકજ મુસલમાની રાજ્ય બનાવ્યું. તેણે વેનિશિઅનો સાથે તહ કરી, તેમને પોતાના પ્રદેશમાં વિશેષ સવળતા કરી આપી, અને લિસબનથી આવતા માલ ઉપર ભારે જકાત નાખી. એમ છતાં પોર્ટુગલની સરસાઈ

કાયમ રહી આખરે વેનિસ સરકારે પોર્ટુગલને શરણે જઈ તેનો આશ્રય માગ્યો, પણ તે ન મળવાથી વેનિસનો નાશ થતાં પોર્ટુગલનો ઉદય થયો.

**૭. પ્રાચીન પ્રશ્નની કુંચી.**—આટલી હકીકત ઉપરથી હિંદુસ્તાનનો માલ આખી દુનીઆ ઉપર હજારો વર્ષ લગી કેવી રીતે પુરો પડયો હતો, અને તેને લીધે સઘળાં રાજ્યોને કેટલી કીફાયત થઇ હતી તે ધ્યાનમાં આવશે જે રાજ્યના તાબામાં આ વેપાર હોય તે શક્તિ તથા વૈભવમાં સર્વેથી ચડીઆતું થતું, તેથી તે વેપાર હાથ ધરવા દુનીઆ ઉપરના રાજ્યોમાં એક સરખી હોંસાતેગી ચાલી હતી છેલ્લા ત્રણસો વર્ષમાં પોર્ટુગીઝ, વલંદા, અંગ્રેજ વગેરે લોકોમાં ચાલેલી દોડધામ આપણને વિશેષ મહત્વની જણાય છે, પણ જ્યારે એકંદર ત્રણ હજાર વર્ષ લગી આ દોડધામ ચાલુ હતી, અને તેમાં સેંકડો રાજ્યો અસ્તોદયના વમળમાં સપડાઈ ગયા હતા, ત્યારે આ ત્રણસો વર્ષની કંઈ ખાસ મહત્વતા રહેતી નથી આપણે જે કાળમાં રહેતા હોઇએ અને જેની પ્રત્યેક ક્ષણ આપણે અનુભવતા હોઇએ, તે કાળ ગમે તેવો અલ્પ હોય તોપણ તે આપણને મોટો અને મહત્વનો લાગે છે, પણ પાછલો કાળ હજારો વર્ષનો હોય તોપણ તેના વિચારો આપણને જોઇએ તેવા આવતા નથી આ વેપારમાં પ્રાપ્ત થતી સંપત્તિને લીધે સો પચાસ વર્ષમાં જ્યારે ઈંગ્લંડ સરખા અનેક રાજ્યો વૈભવમાં ડોલ્યા છે, તો તે પહેલાના હજારો વર્ષમાં કેટલાં રાજ્યોનો ઉદય થયો હશે તેનો માત્ર વિચાર કરવોજ બસ થશે આવી રીતે વિચાર કરતાં હિંદુસ્તાન પરદેશીઓના હાથમાં જવાનું એક કારણ એવું દેખાય છે કે મુસલમાનોએ ઈજિપ્ત, સીરીઆ, ગ્રીસ તથા કૉન્સ્ટૅન્ટીનોપલના રાજ્યો જીતી લઇ પશ્ચિમ તરફના યુરોપિઅ રાજ્યોને ઘેરી લીધા, અને તેઓને માટે પૂર્વમાંથી માલ લઇ જવાનો એકપણ રસ્તો ખુલ્લો રાખ્યો નહીં, એટલે અકળાઈ જઈ ગમે તે રસ્તે ઘેરામાંથી છટકી જવા એ રાજ્યોએ મથન કર્યું જો રાતા તથા કાળા સમુદ્ર ઉપરના વેપારના માર્ગો તેમને માટે ખુલ્લા રહ્યા હોત તો કદાચિત્ પૂર્વની માફક વેપારનો ક્રમ ચાલ્યાજ કર્યો હોત તેમ થતાં હજારો વર્ષ સુધી હિંદુસ્તાનનો માલ દેશાવર જવાને લીધે આ દેશમાં કેટલી દોલત

એટકી થાત તેની કલ્પના કરવી પણ અશક્ય છે ઉપર વર્ણવેલી વેનિસ,
ફ્લૉરેન્સ તથા નિસ્મનની ધનસપન્નતા હિંદુસ્તાનની દોલત આગળ કંઈજ
વિસાતમા નહોતી

યુરોપની અર્વાચીન પ્રગતિનો આરંભ ઉપર કહેલી વેપારની દોડ
ધામમા થયો હતો પોર્તુગીઝ લોકોના હાથમા હિંદુસ્તાન જવાનો જળમાર્ગ
રહેવાથી અન્ય રાજ્યોને ઈર્ષા થઈ અને તેને માટે મેળમા અને સત્તરમા
સૈકામા દરીઆ ઉપર એક જાતનુ યુદ્ધ ચાલ્યુ પૂર્વના રાજ્યો ઉપર સત્તાપરી
સત્તા મેળવાડી તેના વેપારથી સધન થવાનો માર્ગ પોતાના હસ્તકમા લેવા
માટે અનેક યુરોપિઅન રાજ્યો વચ્ચે ચાલેલી અનંત તકરાર તથા
હોસાતોસી હજી પણ તેઓને તેવી ચાલુ છે હિંદુસ્તાન જવાનો જળ
માર્ગ જડયા પછી આ હોસાતોસીએ ઉગ્ર રૂપ ધારણ કર્યું, અને પરિણા
મમા આ તરફના કેટલાક રાજ્યો પાશ્ચિમાત્ય પ્રજાના તાબામા ગયા, તો
પણ તેનો અંત આવ્યો નહી આ હોસાતોસી જગતના રાજકીય ઇતિહા
સની મુખ્ય કુંચી છે આજ સૈકાઓ થયા એ ખેંચતાણ ચાલ્યા કરે છે
અને એ ઝગડામા પડનારા પાત્રો જુદે જુદે વખતે બદલાયા કરે છે આ
સઘળી ખટપટ, ઈજીપ્ત, હિંદુસ્તાન, ચીન વગેરે ફળદ્રુપ દેશોના માલ માટે
તથા ત્યાની કારીગીરીને માટે છે તે આપણે વીસરી જવાનુ નથી આપણે
માટે અન્ય લોકોમા જેટલી દોડધામ ચાલી હતી, જેટલા લોકો તલવાર
ઉપાડી રણ ઉપર આવ્યા હતા અને જેટલાએ મીઠી મીઠી વાતો કરી હતી
એ સઘળુ બારીકીથી તપાસવાનુ આજે આપણુ કર્તવ્ય છે કૉન્સ્ટૅન્ટીનોપલ
કેરો કંદહાર, કાબુલ, પેકિન ગમે તે ઠેકાણે નજર કરો તો તરતજ જણાશે
કે ત્યા થયેલા કારસ્તાનો અને પરરાજ્યોની ભાગફાળ માત્ર વેપારી લાભ
ઉપર અવલંબી રહ્યા હતા મસાલા, સુગંધી વસાણા રંગ તેલ, તેલબીજ,
સુતર, ઔષધ, અનાજ, લાકડા અને બીજા અનેક પ્રકારના કાચો માલ
હિંદુસ્તાન, મલાયા દ્વીપકલ્પ તથા તેની આસપાસના ટાપુઓ, ચીન, પૂર્વ
આફ્રિકા ઇત્યાદી પ્રદેશોમાથી ઘણે સસ્તે દરે લાવવો, તેના નાના તરે
હના ઉપયોગી પદાર્થો બનાવી તે આખી દુનીઆમા વેચી તેના મોટા

વેચવા, અને એ વ્યવહાર ઉપર પોતાના રાજ્યનો નિર્વાહ ઉત્તમ રીતે ચલાવવો એ આ વેળાની ધામધુમનો મૂળ ઉદ્દેશ હતો પ્રોફેસર રામમે કહે છે કે 'જગતના ઇતિહાસનો એકંદર ન્હો તપાસતા એટલુ તો દેખાશે કે એશિઆ તથા યુરોપના સમાગમ પછી હમેશ એક જાતની જબરદસ્ત વિદ્યુચ્છક્તિ ઉત્પન્ન થતી જાય છે, અને તેમાથી સર્વ જગતના વ્યવહારને વેગ મળે છે જગતની પ્રગતિનુ આના જેવુ બીજુ કોઈ પણ કારણ ઇતિહાસમા મળી આવતુ નથી' (Contemperary Review, July 1906) સર વૉલ્ટર રાલેના મત પ્રમાણે 'જેના તાબામા દરીઓ તેના તાબામા વેપાર, જેના તાબામા જગતનો વેપાર, તેના તાબામા જગતની દોલત એટલે પ્રત્યક્ષ સર્વ જગત્

# પ્રકરણ ૩ જું.

## મલબારની પ્રાચીન હકીકત.

| | |
|---|---|
| ૧ મલબારનુ મહત્વ | ૨ મલબારનો જુનો ઇતિહાસ |
| ૩ મલબારના લોકો બ્રાહ્મણ અને નાયર | ૪ મલબારમાના મુસલમાન |
| ૫ મલબારમા ખ્રિસ્તી લોકો | ૬ મહામખ સમારંભ |

૭ કાલીકટનો ઝામોરીન

**૧. મલબારનુ મહત્વ.**—યુરોપિઅનો પહેલવહેલા મલબારમા આવ્યા હતા સોળમા સૈકામા પોર્ટુગીઝ લોકોએ આ કિનારાનો ઘણો ખરો ભાગ જીતી ત્યા પોતાનુ રાજ્ય સ્થાપ્યુ આ પ્રદેશ હિંદુસ્તાનના બીજા ભાગોથી તદ્દન જુદો જ પડતો હતો માત્ર સૃષ્ટિરચનાને લીધે જ એમ હતુ નહી, પણ રાજ્યવ્યવસ્થા તથા લોકોની રીતભાતમા એ પ્રાત ભિન્ન જણાતો હતો આથી પરદેશી સત્તા સ્થાપન થવામા કંઈ વિઘ્ન થયો નહીં પોર્ટુગીઝોની પહેલા આરબ તથા ખ્રિસ્તી વગેરે પરદેશીઓએ આ પ્રાત ઘેરી લીધો હતો આ સર્વ હકીકત તેમજ ત્યાની તત્કાલીન તથા પ્રાચીન અંતસ્થિતિ સ્પષ્ટપણે સમજ્યા સિવાય હિંદુસ્તાનમા થયેલી યુરોપિઅન રાજ્યસ્થાપનાની મીમાંસા

સમજવી મુશ્કેલ છે. મળ સંસ્થા ઉત્તમ પ્રકારની હોવા છતાં પારકા અમલ નીચે તેની કેવી દશા થાય છે તે મલબારની હકીકત ઉપરથી ઘણી સારી રીતે જણાઈ આવે છે. મલબારની રાજ્યપદ્ધતિમાં પ્રજાસત્તાક તત્વ આમેજ થયલું હોવાથી ઐતિહાસિક દ્રષ્ટીએ ત્યાંનો આગલો ઇતિહાસ અતિ મનોરંજક લાગે છે, એટલે વિષયાંતર ન કરતાં ત્યાંનો પ્રાચીન ઇતિહાસ સવિસ્તરપણે અહીંજ આપવાનું ઇષ્ટ જણાય છે.

હિંદુસ્તાનની ઉત્તરે હિમાલયના પ્રચંડ પહાડો આવેલા હોવાથી તથા તેની બીજી ત્રણ બાજુએ સમુદ્ર ફરી વળેલો હોવાથી એ દેશ અભેદ્ય હોય એવું સામાન્ય રીતે સમજવામાં આવતું. વાયવ્ય કોણ તરફથી એ દેશમાં દાખલ થવાનો એકજ માર્ગ હતો, અને ત્યાંથીજ સઘળી અન્ય પ્રજાઓ આ દેશમાં દાખલ થઈ હતી. બીજો માર્ગ ચંબીની ખીણમાં થઇને હતો જ્યાંથી બુદ્ધ યતિઓ ધર્મપ્રસાર કરવાના હેતુથી ટીબેટ ગયા હતા. યુરોપિઅન લોકો અહીં આવ્યા તે પૂર્વે સમુદ્ર માર્ગ દુર્ભેદ્ય હતો એવું પાશ્ચિમાત્ય ગ્રંથકારો લખે છે, તેનો ભાવાર્થ એટલોજ હોવો જોઇએ કે એ માર્ગે હિંદુસ્તાનમાં પ્રવેશ કરવું શક્ય છે એ વાત યુરોપિઅનોએજ સિદ્ધ કરી આપી, પણ વસ્તુસ્થિતિ એવી નથી. મનુષ્યની બુદ્ધિનો પ્રભાવ થતાં કોઈ પણ વાત તેને દુર્ઘટ લાગતી નથી. પોર્ટુગીઝોએ અત્યંત સાહસ વેઠી હિંદુસ્તાન દેશ શોધી કહાડ્યો હતો એ ગર્વ મીથ્યા છે. એ કંઈ ખોવાઈ ગયલો દેશ નહોતો, તેમજ બીજા લોકોને તે જણાતો નહોતો એવું હતું નહીં, પોર્ટુગીઝોનું સાહસ એટલુંજ કે તેમનાં વહાણો યુરોપનો કિનારો છોડી વચમાં ક્યે અટકી નહી પડતાં ઠેઠ હિંદુસ્તાનના કિનારા સુધી આવ્યાં હતાં. એ સમયે નૌકાશાસ્ત્રમાં યુરોપિઅનોની બરોબરી કરી શકે તેવા બલ્કે તેઓનાથી પણ ચઢીઆતા ખલાસીઓ આ તરફ હતા. પ્રાચીન ગ્રીક અને ફિનિશિયન ખલાસીઓ બાતલ કરીએ તોપણ પોર્ટુગીઝોના ઉદયનાં ત્રણસો ચારસો વર્ષ અગાઉ આરબ લોકોએ નૌકાનયન વિદ્યામાં શ્રેષ્ઠ પ્રકારની પ્રવીણતા મેળવી હતી, અને જાપાનના કિનારાથી ભૂમધ્ય સમુદ્ર સુધી તેઓ ફરતા

વેચવા, અને એ વ્યવહાર ઉપર પોતાના રાજ્યનો નિર્વાહ ઉત્તમ રીતે ચલાવવો એ આ વેળાની ધામધુમનો મૂળ ઉદ્દેશ હતો પ્રોફેસર રામ્મે કહે છે કે 'જગતના ઇતિહાસનો એકંદર બ્હોળો તપાસતા એટલુ તો દેખાશે કે એશિઆ તથા યુરોપના સમાગમ પછી હમેશ એક જાતની જબરદસ્ત વિદ્યુચ્છક્તિ ઉત્પન્ન થતી જાય છે, અને તેમાથી સર્વ જગતના વ્યવહારને વેગ મળે છે જગતની પ્રગતિનુ આના જેવુ બીજુ કોઈ પણ કારણ ઇતિહાસમા મળી આવતુ નથી' (Contemperary Review, July 1906) સર વૉલ્ટર રાલેના મત પ્રમાણે 'જેના તાબામા દરીઆ તેના તાબામા વેપાર, જેના તાબામા જગતનો વેપાર, તેના તાબામા જગતની દોલત એટલે પ્રત્યક્ષ સર્વ જગત્

# પ્રકરણ ૩ જું.

## મલબારની પ્રાચીન હકીકત.

૧ મલબારનુ મહત્વ ૨ મલબારનો જુનો ઇતિહાસ
૩ મલબારના લો બ્રાહ્મણ અને નાયર ૪ મલબારમાના મુસલમાન
૫ મલબારમા ખ્રિસ્તી લોક ૬ મહામખ સમારંભ
૭ ટીપુનો આમોગીન

**૧. મલબારનું મહત્વ.**—યુરોપિઅનો પહેલવહેલા મલબારમા આવ્યા હતા સોળમા સૈકામા પોર્ટુગીઝ લોકોએ આ કિનારાનો ઘણો ખરો ભાગ જીતી ત્યા પોતાનુ રાજ્ય સ્થાપ્યુ આ પ્રદેશ હિંદુસ્તાનના બીજા ભાગોથી તદ્દન જુદોજ પડતો હતો માત્ર સૃષ્ટિરચનાને લીધેજ એમ હતુ નહીં, પણ રાજ્યવ્યવસ્થા તથા લોકોની રીતભાતમા એ પ્રાંત ભિન્ન જણાતો હતો આથી પરદેશી સત્તા સ્થાપન થવામા કંઈ વિલબ થયો નહી પોર્તુગીઝોની પહેલા આરબ તથા ખ્રિસ્તી વગેરે પરદેશીઓએ આ પ્રાંત ઘેરી લીધો હતો આ સર્વ હકીકત તેમજ ત્યાની તત્કાલીન તથા પ્રાચીન અંતસ્થિતિ સ્પષ્ટપણે સમજ્યા સિવાય હિંદુસ્તાનમા થયેલી યુરોપિઅન રાજ્યસ્થાપનાની મીમાંસા

સમજવી મુશ્કેલ છે. મૂળ સંસ્થા ઉત્તમ પ્રકારની હોવા છતાં પારકા અમલ નીચે તેની કેવી દશા થાય છે તે મલબારની હકીકત ઉપરથી ઘણી સારી રીતે જણાઈ આવે છે. મલબારની રાજ્યપદ્ધતિમાં પ્રજાસત્તાક તત્વ આમેઝ થયલું હોવાથી ઐતિહાસિક દ્રષ્ટીએ ત્યાંનો આગલો ઇતિહાસ અતિ મનોરંજક લાગે છે, એટલે વિષયાંતર ન કરતાં ત્યાંનો પ્રાચીન ઇતિહાસ સવિસ્તરપણે અહીંજ આપવાનું ઇષ્ટ જણાય છે.

હિંદુસ્તાનની ઉત્તરે હિમાલયના પ્રચંડ પહાડો આવેલા હોવાથી તથા તેની બીજી ત્રણ બાજુએ સમુદ્ર ફરી વળેલો હોવાથી એ દેશ અભેદ્ય હોય એવું સામાન્ય રીતે સમજવામાં આવતું. વાયવ્ય કોણ તરફથી એ દેશમાં દાખલ થવાનો એકજ માર્ગ હતો, અને ત્યાંથીજ સઘળી અન્ય પ્રજાઓ આ દેશમાં દાખલ થઈ હતી. બીજે માર્ગે ચંબીની ખીણમાં થઈને હતો જ્યાંથી બુદ્ધ યતિઓ ધર્મપ્રસાર કરવાના હેતુથી ટીબેટ ગયા હતા. યુરોપિઅન લોકો અહીં આવ્યા તે પૂર્વે સમુદ્ર માર્ગે દુર્લંઘ હતો એવું પાશ્ચિમાત્ય ગ્રંથકારો લખે છે, તેનો ભાવાર્થ એટલોજ હોવો જોઇએ કે એ માર્ગે હિંદુસ્તાનમાં પ્રવેશ કરવું શક્ય છે એ વાત યુરોપિઅનોએજ સિદ્ધ કરી આપી, પણ વસ્તુસ્થિતિ એવી નથી. મનુષ્યની બુદ્ધિનો પ્રભાવ થતાં કોઈ પણ વાત તેને દુર્ઘટ લાગતી નથી. પોર્ટુગીઝોએ અત્યંત સાહસ વેઠી હિંદુસ્તાન દેશ શોધી કહાડ્યો હતો એ ગર્વ મીથ્યા છે. એ કંઈ ખોવાઈ ગયલો દેશ નહોતો, તેમજ બીજા લોકોને તે જાણીતો નહોતો એવું હતું નહીં, પોર્ટુગીઝોનું સાહસ એટલુંજ કે તેમનાં વહાણો યુરોપનો કિનારો છોડી વચમાં કેથે અટકી નહીં પડતાં ઠેઠ હિંદુસ્તાનના કિનારા સુધી આવ્યાં હતાં. એ સમયે નૌકાશાસ્ત્રમાં યુરોપિઅનોની બરોબરી કરી શકે તેવા બલકે તેઓનાથી પણ ચડીઆતા ખલાસીઓ આ તરફ હતા. પ્રાચીન ગ્રીક અને ફિનિશિયન ખલાસીઓ બાતલ કરીએ તોપણ પોર્ટુગીઝોના ઉદયનાં ત્રણસો ચારસો વર્ષ અગાઉ આરબ લોકોએ નૌકાનયન વિદ્યામાં શ્રેષ્ઠ પ્રકારની પ્રવીણતા મેળવી હતી, અને જાપાનના કિનારાથી ભમધ્ય સમુદ્ર સુધી તેઓ ફરતા

હતા આ લાંબા અને તે સમયના કંઈક અંશે દુર્ઘટ પ્રવાસની જેઓને ધાસ્તી લાગી નહી તેઓ આફ્રિકાની પ્રદક્ષિણા કરવામાં ગભરાયા હોય એ માની શકાતુ નથી આફ્રિકાની દક્ષિણ બાજુએ વેપારના કોઈ પણ સાધન હતાં નહી, તેમજ ઈજીપ્તમાંથી ભૂમધ્ય સમુદ્રમાં જવા આવવાનું ઘણું થોડું હોવાથી તેમને આફ્રિકાની પ્રદક્ષિણા કરવાનો પ્રસંગજ આવ્યો નહી એમ છતાં આરબ જેવા દરીઆવર્દી લોકોની થોડે થોડે અંતરે સહાય લઈ પોર્ટુગીઝ ખલાસીઓ પુર્વે તરફ આવી શક્યા હતા હુકાણમાં, આરબ તથા બીજા પ્રાચીન સમયના લોકો વહાણવટાના ધંધામાં પ્રવીણ હતા છતા હિંદુસ્તાનની દોલત સ્વદેશ લઈ જવા જેવી સ્વાર્થી કલ્પના પોર્ટુગીઝો પહેલા અહીં આવનારા કોઈ પણ પરદેશી લોકે કરી નહી હતી યુરોપિઅનોએ હિંદુસ્તાન આવી નિરાળાજ પ્રકારનુ કૃત્ય આરંભ્યુ, એટલે તેની મહત્તા અગાડી આવી, અને અહીંની પ્રજાના સઘળા કામો દબાઈ ગયા પંદરમા સૈકામાં યુરોપિઅન તેમજ બીજા લોકો નૌકાગમનમાં સરખી રીતે કુશળ હોવા છતા, યુરોપિઅનોની પ્રગતિ થઈ અને ઈતર લોકો પાછળ પડી ગયા, એ બાબતનો વિચાર તે કાળની પરિસ્થિતિની મદદથી કરીએ તો સહજ જણાશે કે આ પ્રાચ્ય લોકો સંપત્તિવાન તથા સુવ્યવસ્થિત હોવાથી એઓને પરમુલકમાથી આ જાતની કંઈ પણ વસ્તુ આણવાની જરૂર લાગી નહીં પરધન તથા પરદેશ એ બન્ને બાબત તેમની અભિલાષા ન પ્રેરાયાથી તેમની પાસે હતુ તે ઉપરાંત વધારે મેળવવા માટે તેમણે સાહસ કરવાનો નહોતો બીજી તરફ સાહસિક આરબોએ વેપારમાં ઝીંપ લાવી યુરોપિઅનોને નુકસાન પહોંચાડ્યુ હતુ, એટલે તેઓ બહાર પડવાને અતિશય ઉત્તેજીત થયા હતા, અને હિંદ ઉપર આવી ધમપછાડ કરવા લાગ્યા હતા આથીજ તેમની પ્રગતિ થઈ હતી યુરોપિઅનોનો આ પ્રયત્ન શાને માટે હતો, અને આગળ ઉપર એનુ પરિણામ કેવુ આવશે એ તપાસવાની દરકારજ કોઈએ કરી નહીં આ કારણથી આગળ વધવા એશિઆના લોકો પાત્ર નહોતા અથવા યુરોપિઅન લોકોની બુદ્ધિજ કંઈ અલૌકીક તથા વિલક્ષણ હતી એમ કહી શકાય નહી

હિંદુસ્તાનના પશ્ચિમ કિનારાને મલબાર કિનારો કહે છે એ કિનારાની સમાંતર, સમુદ્રથી વીસેક માઇલ દૂર સહ્યાદ્રી પર્વતોની હાર આવેલી હોવાથી, એટલો મુલક હિંદુસ્તાનના બીજા ભાગથી છુટો પડી ગયો હોય એમ લાગે છે સુરતથી ગણીએ તો જમીનના આ ચીરામા અનુક્રમે ઉત્તર કોંકણ એટલે થાણા તથા કોલાબા જિલ્લા, દક્ષિણ કોંકણ એટલે રત્નાગીરી જિલ્લો, સાવંતવાડી સંસ્થાન, ગોમટક, ઉત્તર કાનડા, દક્ષિણ કાનડા, મલબાર, કોચીન અને ત્રાવણકોરના પ્રાંતો આવે છે મલબારની પૂર્વે મ્હૈસુર તથા કુર્ગના પ્રાંતો આવેલા છે આ કિનારે મુખ્ય બંદરો નીચે પ્રમાણે છે—સુરત, દમણ, દહેણુ, તારાપુર, માહીમ, વસઈ, થાણા, મુબઈ, અલીબાગ, જંજીરા, રત્નાગીરી, વિજયદુર્ગ, માલવણ, વેંગુર્લા, પણજીમ, માર્માગોવા, કારવાર, કુમટા, હોનાવર, ભટકળ (છેલ્લાં ત્રણ ઉત્તર કાનડામા છે); મેંગલોર ( દક્ષિણ કાનડા ), કાનાનુર, ટેલિચરી, માહી, કૅલીકટ, પુનાની (મલબાર), કોચીન, કોલમ (કિલોન), અંજનગો, ત્રિવેંદ્રમ અને કોમોરીન આમાંના કેટલાક બંદરોની હકીકત અગાડી આવતી હોવાથી સંપૂર્ણ નોધ અહીં આપી છે

૨. **મલબારનો જુનો ઇતિહાસ.**—મલબારનુ અસલ નામ કેરલ હતું પ્રાચીન કાળમા ચેર, ચોલ તથા પાંડ્ય એવા ત્રણ રાજ્યો દક્ષિણમા હતા, તે પૈકી ચેર એટલે કેરલ હતુ એવુ શોધકોએ ઠરાવ્યુ છે ચેરનાડ કરીને હાલમાં મલબારમાં એક તાલુકો છે, તેનુ નામ કેરલ ઉપરથીજ પડ્યુ હશે એવી આખ્યાયિકા છે કે પૂર્વે પરશુરામે સમુદ્ર પાછળ હઠાવી મલબારની જમીન ઉત્પન્ન કરી ત્યા ચાતુર્વર્ણ્યની સ્થાપના કરી હતી તેણે ચોસઠ ગામ વસાવી ચારચાર ગામનો એક ભાગ એવા સોળ ભાગ કર્યા હતા દરેક ભાગમાના લોકોએ પોતાનામાથી એક અમલદાર તે ભાગનો કારભાર કરવા માટે નીમવો તેણે ત્રણ વર્ષ કારભાર કરવો તથા ખર્ચ માટે એકંદર જમીનનો છઠ્ઠો ભાગ તેને આપવો, એવો શરૂઆતમા વહિવટ હતો પણ એ અમલદાર દર ત્રણ વર્ષે બદલાતો હોવાથી એ મુદતમા ફાવે તેટલો તે જુલમ કરતો આ જુલમનો અટકાવ કરવા માટે સઘળા લોકોએ તિરુના

વાયી નામને સ્થળે એકઠા થઈ સર્વાનુમતે એક રાજા ચુંટી કહાડયો, તેને પેરૂમાલ એટલે મોટા અથવા પરમેશ્વર કહેતા. પેરૂમાલે બાર વર્ષ અમલ કરી રાજ્ય છોડયું, અને ફરીથી લોકોએ મોટા સમારંભ કરી નવો રાજા પસંદ કરવો એ પ્રમાણેનો વહિવટ ઈ. સ. ૨૧૬ માં નક્કી થયો હોય એમ કહેવાય છે. ઉપર મુજબ ચેર પ્રાંતનો રાજા જે કોડુંગલૂર ઉર્ફે કાંગાનુરમાં રાજ્ય કરતો હતો તેનું નામ પેરૂમાલ પડયું હતું. એ નામ અશોકના શિલાલેખમાં પણ મળી આવે છે. પણ આ હકીકત માટે દંત કથા સિવાય બીજો આધાર નથી.

ઐતિહાસિક માહિતી તો એટલીજ મળે છે કે મલબાર કિનારા ઉપર રોમન લોકોનો વેપાર ચાલતો હતો. પાછળ કહ્યા પ્રમાણે એ લોકોનું અસલ નાણું મલબાર અને ત્રાવણકોરમાં પુષ્કળ મળી આવે છે. વિદ્વાનોની શોધ ઉપરથી જણાય છે કે ઈ. સ. ના ચોથા શતકમાં મલબારના કાંચી શહેરમાં પલ્લવ રાજાનું રાજ્ય હતું. એ રાજ્ય ઘણું કરીને ચૌદમા સૈકા સુધી હસ્તીમાં હતું. પલ્લવ રાજાના વખતમાં આવેલા ચીનાઈ મુસાફર ફાહિઆને મલબારનાં રાજ્યની કેટલીક હકીકત લખી છે. ઈ. સ. ના સાતમા સૈકામાં વાતાપી ઉર્ફે બદામીના ચાલુક્ય રાજાએ મલબાર ઉપર સ્વારી કરી પલ્લવનો પરાભવ કર્યો, પણ તેની સત્તા એ પ્રાંતમાં ચાલુ થાય તે પહેલાં તેને રાષ્ટ્રકુટે છીની લીધો. આ રાષ્ટ્રકુટ કેટલોક વખત મલબારમાં પ્રબળ રહ્યો હતો. પરંતુ આખા પ્રાંતમાં નાયર લોકોનાં મજબૂત સંસ્થાનો તથા નાનાં નાનાં રાજ્યો પથરાયલાં હોવાથી રાષ્ટ્રકુટનો અમલ બરાબર જામ્યો નહીં. આ નાયર લોકો મૂળ તામીલ હતા, અને પૂર્વ કિનારા ઉપરથી મલબારમાં આવી રહ્યા હતા. પણ એ ક્યારે આવ્યા તે નક્કી જણાયું નથી. મી. લોગિસનું કહેવું એવું છે કે ઈ. સ. ૩૮૯ ને સુમારે એ લોકો મલબારમાં આવ્યા અને તે મુલક પોત પોતાનામાં વ્હેંચી લીધો.

*૩. મલબારના લોક: બ્રાહ્મણ તથા નાયર.*—મલબારમાં નંબુતિરિ બ્રાહ્મણ, નાયર, મોપલા મુસલમાન અને ખ્રિસ્તી એ ચાર પ્રકા-

રના લોકો વસે છે, અને તે દરેકના અનેક પેટા વિભાગ છે હિંદુસ્તાનના બીજા ભાગોમા જેવી રીતે આર્ય સુધારાની અસર દરેક બાબતમા સ્પષ્ટ માલુમ પડી આવે છે તેવુ કઈ ચિન્હ મલબારમા જણાતુ નથી આનુ પરિણામ કેવુ આ યુ તેનો બારીક વિચાર કરવો જોઈએ આર્ય લોકોની ચાતુર્વર્ણ્ય સસ્થા દેશના બીજા ભાગોની માફક અહીં નહોતી આયાની જાતી વ્યવસ્થાનુ મૂળ કદુમ હતુ, અને તે ઉપર તેમણે પોતાની સમાજની રચના ગોઠવી હતી આ માટે તેમણે સમાજના ચાર મુખ્ય ભાગ કરી દરેકને ચાર જુદા જુદા કામો સોપી આપ્યા કાલાતરે કામની આ હેચણી એટલી તો સ્પષ્ટ તથા પૃથક થઈ કે એ પક્ષના ક્ષત્રિય લોકો માહો માહે લડતા હોય, તો એક તરફ બ્રાહ્મણ તપશ્ચર્યા કર્યા કરે અને બીજી તરફ કણબી ખેતી કર્યા કરે, પરતુ ચાલતા ઝગડામા પડવાનુ જરૂર છે એવી બુદ્ધિ એ એમાથી કોઈની ચાલતી નહીં (લોગન) આવા કારણને લીધેજ પરદેશી હુમલા આ દેશ ઉપર આવતા સઘળા લોકો સ્વદેશના રક્ષણ માટે શત્રુ ઉપર ઉઠ્યાના ઉદાહરણ આપણા પ્રાચીન ઇતિહાસમા ઘણા મળતા નથી દેશરક્ષણનુ કામ ક્ષત્રિઓનુજ છે એમ બીજી જાતો સમજતી એમ છતા આર્યોની આવી વ્યવસ્થાને લીધે સમાજની સુધારણા તથા આબાદી થઈ દરેક કસબને નવુ રૂપ મળવાથી પ્રાચીન આર્યોની પ્રગતિ અતિશય ઝડપથી થતી જણાઈ આવે છે પણ મલબારની સમાજવ્યવસ્થા ઘણા અર્વાચીન સમયની છે અહીંઆ નબુતિરિ બ્રાહ્મણ ઇસવી સનના આઠમા સૈકામા બહારથી આવ્યા ત્યાર અગાઉ માત્ર જૈન લોકો ઉત્તરમાથી આવ્યા હતા, અને તેઓજ આર્યોનો થોડો ઘણો સુધારો અહીં લાવ્યા હતા તેઓએ જુદા જુદા ધધાવાળાના સમાજ, જેને અગ્રેજીમા ગીલ્ડ્સ (Guilds) કહે છે તે મલબારમા સ્થાપ્યા આ સમાજોને શરૂઆતમા ધર્મનુ સ્વરૂપ આપવામા આવ્યુ નહોતું, પણ આઠમા સૈકામા બ્રાહ્મણોએ એ તત્વ ઉમેરી જાતિ બધન દૃઢ કર્યું આ બ્રાહ્મણો વૈદિક એટલે વેદાધ્યયન કરનારા હોવાથી તેમના વિભાગ પણ વેદને અનુસરીને હતા પ્રસિદ્ધ શકરાચાર્ય મૂળ મલબારના નબુતિરિ બ્રાહ્મણ છે, અહીંના સઘળા બ્રાહ્મણો તેનાજ અનુયાયી છે નબુતિરિ બ્રાહ્

ણોનાં દશ 'ગ્રામ' એટલે શાખા હતી પ્રત્યેક ગ્રામ ઉપર દેખરેખ રાખવા માટે લોકનિયુક્ત ૭ અધીકારીની સભા હતી, તેના અધ્યક્ષને 'સ્માર્ત' તથા સભાસદને 'મિમાંસક' કહેતા. દેશના રાજાની પરવાનગીથી આ સભા જાતિના સઘળા ટંટાનો નિકાલ કરતી.

મલબારમાં બીજી મુખ્ય જાત નાયરોની હતી. નાયર એટલે લોકોના નાયક, દેશનુ રક્ષણ કરનારા અથવા ક્ષત્રિઓનું કામ કરનારા શુદ્ર એવો અર્થ થાય છે. એ આર્ય નહોતા. અહીં ઘણા થોડાજ આર્યો આ વેળા હોવાથી તેમજ દેશ સંરક્ષણના કામ માટે જોઇએ તેટલા ક્ષત્રિય લોક ન હોવાથી, મલબારમાં ક્ષત્રિયોની નવીજ જાત બનાવવી પડી. રાજ્યવ્યવસ્થા માટે દેશના જે ભાગ પાડ્યા હતા તેને 'નાડ' એટલે નાયરોના અધિકારના દેશ કહેતા. પ્રત્યેક 'નાડ' માં છસો કુટુંબો હતાં, અને દરેક કુટુંબનો એકેક માણસ 'ગટશત' ( છસો ) નામની પરીષદનો સભાસદ હતો. આ સભા પોતાની 'નાડ' નો વહિવટ કરતી, સરકારી કર વસુલ કરતી, લશ્કરની મદદથી પ્રાંતનું રક્ષણ કરવા તજવીજ રાખતી, તાબાનાં માણસો ઉપર દેખરેખ રાખતી અને લોકોના ટંટા ચુકવતી. ટુંકમાં, પ્રાચીન કાળનાં ગ્રીક લોકનાં પ્રજાસત્તાક રાજ્ય જેવીજ કંઇક 'નાડ' ની સંસ્થા હતી. હજી પણ મલબારના કેટલાક તાલુકાનાં નામ 'એરનાડ' 'વલ્લુવનાડ' એવાં છે. 'નાડ' ના પેટા ભાગને 'તર' કહેતા. 'તેરૂ' એટલે ગલી એ શબ્દ 'તર' ઉપરથી આવ્યો છે. શરૂઆતમાં ચાર કુટુંબનો એક 'તર' માં સમાવેશ થતો હોવાથી દરેક 'નાડ' માં સવાસો 'તર' હતાં. 'તર' ના મુખ્ય વ્યવસ્થાપકને કર્ણવર ( Karnavara ) કહેતા, અને તેમના મુખ્યસ્થ, મધ્યસ્થ અને પ્રમાણિ એવા ત્રણ પ્રકાર હતા. દરેક 'નાડ' ઉપર સર્વાનુમતે નીમેલો એક અધિકારી હતો, અને સર્વ 'નાડ' મળી એક સાર્વભૌમ રાજા ચુંટી કહાડતાં.

મલબારની તે સમયની રાજ્યપદ્ધતિ જાણવા જેવી છે. રાજ્યનો પૂર્ણ અધિકાર 'નાડો' ની સભાના હાથમાં હોવાથી રાજા કે અધિકારીઓનો લોકો ઉપર જુલમ થતો નહીં. ટેલિચરીની અંગ્રેજી વખારનો દુભાષિઓ

પોતાની ગેઝેટિયરમા તા ૨૮ મી મે ૧૭૪૬ ને રોજ નીચે મુજબ લખે છે 'નાયર એટલે કૅલિકટની પ્રજાના મુખસારોની બનેલી સભા આપણી પાર્લામેન્ટ જેવીજ હતી આ સભાએ રાજાનો હુકમ શાતપણે સાભળવો એવુ કઇ હતુ નહીં, પણ તેના અમલદારો જો અન્યાય કરે તો તેમને શિક્ષા કરવાનો અધિકાર આ સભાને હતો ' નાડની આ સભાને 'કુટ' સભા કહેતા તે એકત્ર થઈ કામ કરતી અને રાજ્યમા તેનુ વજન અતિશય પડતુ સ્વારી, શિકાર, યુદ્ધ, પચાયત વગેરે અગત્યના કામમા આ સભા મળતી, અને આખ, હાથ અને હુકમ (the eye the hand and the Command) એ તેની લાક્ષણિક સજ્ઞા હતી એટલે લોકો પામે થી મહેસુલ ઉઘરાવવુ, તેઓના પરસ્પર હકમા વિક્ષેપ પડવા દેવો નહીં અને સર્વની રીતભાત યોગ્ય રીતે ચલાવવી એ કામ આ સભાનુ હતુ અને આ રાજ્યવ્યવસ્થા મલબારમા ચાલતી આ ભારતના દક્ષિણ કિનારા ઉપર અને ખાસ કરીને મલબારમા ચાલતી આ રાજ્યવ્યવસ્થા મને ૧૭૯૨ મા જ્યારે બ્રિટિશ સત્તા એ પ્રાતમા ચાલુ થઇ ત્યારે નાશ પામી અનેક પાશ્ચાત્ય ગ્રથકારોનો એવો અભિપ્રાય છે કે જો આ રાજ્યવ્યવસ્થાનો આ પ્રમાણે અત આવ્યો ન હોત તો અહીંના એ પ્રજાનુ સ્વતત્ર સ્વરાજ્ય કાયમને માટે ટકી રહેત

મલબારમા નાયર સિવાય જોગી શિલ્પક, સુતાર લુહાર, ગવૈયા, માછી વગેરે અનેક જાતિના લોક વસતા હતા, અને તેથી ગ્રામસસ્થા કાયમ થઇ હતી અહીંના જેવી પણ કઇક ફેરફાર વાળી ગ્રામસસ્થાની પદ્ધતિ તે વખતે આખા હિંદુસ્તાનમા પ્રચલિત હતી માળીના જેવી ખેડુતોની એક બીજી જાત 'તીયર' કરીને હતી તે મૂળ સિલોનથી મલબારમા આવી હતી એવુ કહેવાય છે આ જાતના સ્ત્રી પુરુષો સ્વરૂપવાન, સુદર અને ચતુર હતા સ્ત્રીઓ જો યુરોપિઅનો સાથે રહેતી તો ન્યાતમાથી તેમનો બહિષ્કાર થતો નહીં, એટલે એ જાતમા યુરોપિઅન લોહી ભેળાવવાથી તેમની વર્ણ ઘણીજ બગડાઇ ગઇ આ સિવાય હજામ, વાસફોડા, છત્તર બના વનારા, ચોગમાર એટલે ગુલામ જેવા લોક, વગેરે મુસલમાન તથા ખ્રિસ્તીઓ મલબારમા વસ્યા છે

ઉપર કહ્યા પ્રમાણે નાયર લોકોની વિશિષ્ટ પ્રકારની સ્વતંત્ર રાજ્ય વ્યવસ્થા ઘણા સૈકા સુધી મલબારમાં ચાલુ હતી જેમ જેમ નવા નવા લોકો ત્યાં આવતા ગયા તેમ તેમનો આ વ્યવસ્થામાં સમાવેશ થતો ગયો, અને તેમને કેટલાક હક પ્રાપ્ત થયા યાહુદી અને ખ્રિસ્તી લોકો આ પ્રાંતમાં આવી વસ્યા અને તેમની મહત્તા વધી એટલે તેમને પણ રાજાએ કેટલાક વિશિષ્ટ હકની સનદ કરી આપી આવી ત્રણ સનદો કોતરી કહાડેલા અક્ષરે મલયાળી ભાષામાં લખેલી મળી આવી છે તેના ખરાપણા વિશે સંશય લેવાનું કંઈ કારણ ન હોવાથી તે કાળની રાજ્યપદ્ધતિની ઘણી હકીકત તે ઉપરથી આપણને મળે છે એ સનદો નીચે પ્રમાણે છે –

૧ સનદ પહેલી ( ઈ સ ૭૦૦ )—ભાસ્કર રવિવર્મા નામના રાજાએ આપેલી

૨ સનદ બીજી ( ઈ સ ૭૭૪ )—વીરરાઘવ ચક્રવર્તીએ આપેલી

૩ સનદ ત્રીજી ( ઈ સ ૮૨૪ )—સ્થાણુરવિગુપ્ત રાજાએ આપેલી

આ ત્રણે સનદોનો લેખ વિદ્વાનોએ ઉકેલી તેનો અર્થ બેસાડ્યો છે તે ઉપરથી માલમ પડે છે કે પહેલી સનદથી યાહુદી લોકોને કેટલાક હક આપવામાં આવ્યા હતા બીજીની રૂએ ઉત્તર તરફના ખ્રિસ્તીઓને તથા ત્રીજી અન્વયે દક્ષિણ તરફના ખ્રિસ્તીઓને હક મળવામાં આવ્યા હતા

માર સોપાર નામનો એક ખ્રિસ્તી ગૃહસ્થ ઈ સ ૮૨૨ માં બેબીલોનથી હિંદુસ્તાનમાં કોલમ શહેરમાં આવ્યો હતો તેણે ત્યાંના સ્થાનિક અમલદારોની મારફતે મલબારમાં પોતાના ધર્મબાંધવોની હકીકત મેળવી એ હકીકતને આપણા ઇતિહાસ સાથે કંઈ સંબંધ નથી ઉપરની ત્રીજી સનદમાં 'મરૂવાન સાપીર ઇસો ' નું નામ આવે છે તે અને આ માર સોપાર એકજ હોવો જોઇએ આ લેખ ઉપરથી ચેર અથવા કેરલ પ્રાંતની હદ સામાન્ય રીતે કૅનિકરથી કોલમ સુધી હશે એવું જણાય છે સનદોમાં રાજાના નામો છે તે કદાચ ત્યાંના પેરૂમાલ રાજાના હશે એ ઉપરથી વળી એવું પણ અનુમાન થઈ શકે છે કે તેઓ બહુધા કોકણમાંના મૌર્યવંશી રાજાઓ હશે પ્રત્યેક સનદ ઉપર જે જે ભાગમાંના હક તેની રૂએ આપ

વામાં આવ્યા હતા તે ભાગના માંડળિક રાજાની તેમજ બીજા સાક્ષીઓની સહી છે તે ઉપરથી તેમજ સનદોની એકંદર રચના ઉપરથી એટલું સિદ્ધ થાય છે કે નાયરો રાજ્યમાં જે હક ભોગવતા હતા તેવાજ હક યાહુદી અને ખ્રિસ્તી લોકોને આપવામાં આવ્યા હતા. આ લોકોની એક એલાહેદી સમાજ એટલે નાડ બનાવી તેના ઉપર તેમનીજ જાતિનો એક અમલદાર નીમવામાં આવ્યો હતો. એ અમલદારને વંશપરંપરાનો અધિકાર સંપાદન થયો હતો, અને છત્રી, મસાલ, પાલખી, નોબત વગેરે મળવા ઉપરાંત તેને બીજા હકો પણ ઉપલબ્ધ થયા હતા. મરૂવાન સાપીર ઇસોએ કેટલીક જમીનની અંદરના પાણીના હક વેચાતા લીધા હતા. નાયરોના 'નાડ' ની માફક યાહુદી અને ખ્રિસ્તીઓની પણ 'પટ્સત' સભા હતી, અને બીજી જાતિઓનાં ગીલ્ડ જેવાં તેમનાં પણ ગીલ્ડ ઉર્ફે સંઘ થયા હતા. સમસ્ત પ્રજાની સંમતિથી આ હકો અન્ય ધર્મીઓને આપવામાં આવેલા હોવાથી સનદ ઉપર સઘળાની સાખ થઈ હતી. આવી રીતે ખ્રિસ્તી અને યાહુદી લોકો ઉપર સાર્વજનિક સંસ્થાની જવાબદારી સોંપવામાં આવી હતી, અને બીજાની માફક તેમના ખરચ સારૂ રાજ્યની ઉત્પન્નનો અમુક ભાગ વંશપરંપરા માટે છુટો પાડી આપવામાં આવ્યો હતો.

સનદના મજકુર ઉપરથી જણાય છે કે સાર્વભૌમ સરકારે પોતાના હાથમાં ઘણી થોડીજ સત્તા રાખી હતી તેણે દરેક પ્રાંતની નિરનિરાળી સભા સ્થાપી તેમને રાજ્ય કારભાર સોંપી આપ્યો હતો. એ સર્વના મુખી સાર્વભૌમ રાજા પેરૂમાલના તાબામાં દરેક પ્રાંતિક સભાનો ઉપરી ઉર્ફે માંડળિક રાજા હતો. સનદને છેડે લખેલા 'બ્રાહ્મણોએ બન્ને સભાને સંમતિ આપવાથી આ લેખ મંજુર કરવામાં આવ્યો છે' એ શબ્દો ઉપરથી જણાય છે કે બ્રાહ્મણોની પણ જુદી સમાજ હતી, અને કોઈ પણ નવી સમાજ હસ્તીમાં આવે તે અગાઉ તેમની તે બાબત સંમતિની જરૂર હતી. હિંદુસ્તાનના બીજા ભાગમાં ગ્રામ-સંસ્થા હતી, પણ મલબારમાંની આ રાજ્યપદ્ધતિ કંઈક જુદાજ પ્રકારની હતી. દેશમાં વેપાર અર્થે અથવા બીજા કારણે બહારના લોકો આવીને વસે અને તેઓની આબાદી થાય એટલે રાજ્યકારભારમાં તેમને સમાન-

તાના હક આપવા તથા પોતાની વ્યવસ્થા કરવાનુ તેમનેજ સોંપવું એ આપણું કર્તવ્ય છે, એવું તે સમયના રાજકર્તા સમજતા. ખ્રિસ્તી, યાહુદી વગેરે પરદેશી લોકોને પોતપોતાની રાજકીય સમાજ બનાવવા અને તેમના હકો અન્ય સમાજના હકની આડે નહી આવે એવી તજવીજ કરવી, અને સર્વ સ્વતંત્રપણે તથા શાંત રીતે પોતાના હક ભોગવે એવો વહિવટ મલબારમાં હતો.

ઉપર કહેલી ત્રણ સનદમાંથી માત્ર એકની બાબતમાંજ બ્રાહ્મણોની સંમતિ લેવાયલી હોવાથી પહેલી સનદ ઈ. સ. ૭૦૦ માં અપાયા પછી અને બીજી સનદ ઈ. સ. ૭૭૪ માં અપાયા પહેલાં નંબુતિરિ બ્રાહ્મણો દક્ષિણ કાનરામાંથી મલબારમાં આવ્યા હતા, એમ સહજ ધારી શકાશે.

નાયરોમાં પણ પેટા વિભાગ હતા. તેમની રહેણીકહેણી સ્વચ્છ હતી, અને સ્રીઓ સ્વતંત્ર હોવાથી સમારંભમાં પુરૂષોની માફક ખુલ્લી રીતે ફરતી. એમનામાં સ્વયંવરનો રીવાજ હોવાથી સ્રીઓ મોટી ઉમરની થયા પછી પોતાનો પતિ પસંદ કરતી.[1]

'મલબારના લોકોને હમેશાં લડાઇનો ધંધો વધારે ગમતો, છતાં તેઓ ઘણા સભ્ય હતા. એઓ સાતમે વર્ષે છોકરાને કસરતશાળામાં મુકતા અને તેમને હથીઆરનો ઉપયોગ કેમ કરવો તે શીખવતા. કસરતથી તેમનું અંગ એટલું બધું વળતું કે જાણે તેમના શરીરમાં હાડકાંજ હોય નહીં. તેઓ શરીરે તેલ મર્દન કરતા. પોતાનાં હથીઆર માટે તેઓ વિશેષ અભિમાની હતા. કોઈનું ખુન થાય તો મરનારના છોકરાએ અથવા સગાએ શત્રુનો પ્રાણ લેવોજ જોઇએ એવો એમનામાં ધારો હતો[2]. મુબઈનો ગવરનર જોનાથન ડનકન, સર હેકટર મનરો, લાબુડોને વગેરે અનેક ગૃહસ્થોએ નાયર લોકોની શસ્ત્રપ્રવીણતાની તથા શૌર્યની અતિશય તારીફ કરી છે. તેમનો સરદાર લડાઈમાં

1. Johnston's relations of the most famous Kingdom in the world. (Ed. 1611)

2. Mrs. Murdoch Brown to *Francis Buchanan, beginning of* 19th Century.

લડતાં પડતો તો પ્રાણ જતાં સુધી દુશ્મનની પાછળ પડવામાં તેઓ આનાકાની કરતા નહીં.

પ્રેત બાળ્યા પછી તેનાં હાડકાં પથ્થરની સુંદર પેટીમાં મુકી તે દાટવાનો ચાલ નાયરોમાં હતો. આવી રીતે દાટેલી જુદા જુદા ઘાટની પુષ્કળ જુની પેટીઓ હમણાં ખોદ કામ કરતાં મળી આવે છે. પેટી નકસીદાર હતી તથા તેના ઉપર લેખ કોતરેલા હતા. હવે આ જુનો ચાલ બંધ પડ્યો હોય છે, અને હાલમાં મૈયતના હાડકાં નદીમાં નાખવામાં આવે છે કે કોઈ તીર્થસ્થાનમાં દાટવામાં આવે છે.

અશોકના વખતથી મલબારમાં બુદ્ધ અને જૈન ધર્મનો પ્રસાર થયો હતો, તેમાં જૈન ધર્મનું પ્રાબલ્ય વિશેષ હતું. પણ આ સ્થિતિમાં આઠમા સૈકામાં નંબુતિરિ બ્રાહ્મણો મલબારમાં આવ્યા પછી ઘણો ફેર પડી ગયો અને શંકરાચાર્યનો પંથ પૂર્ણ જોશમાં ચાલ્યો.

મલબારનું વૃતાન્ત લખનારા મે. લોગન સાહેબ કહે છે કે એ પ્રાંતના સંબંધમાં યાદ રાખવા જેવી મહત્વની વાત છે તે નાયર લોકોની પ્રબળ સત્તાની છે. સેંકડો વર્ષ લગી લશ્કરી તેમજ બીજાં કામમાં તેઓ પ્રાધાન્યપણું ભોગવતા, અને જો પરદેશીઓ વચમાં નહીં આવ્યા હોત તો એ પ્રમાણે તેઓ કેટલાક સૈકા સુધી ટકી રહેતે. હજી પણ નાયર લોકો મલબારમાં રહે છે પણ દીલગીરીની વાત છે કે લોકોના હક ટકાવી રાખવા તેમનામાં જે સામર્થ્ય હતું તે હવે રહ્યું નથી. આવા રાજ્યબંધારણને લીધે રાજાનો પ્રજા ઉપર કાંઈ પણ જુલમ થતો નહીં અને તે અનિયંત્રિત રાજ્ય ચલાવી શકતો નહીં. સર્વ કામ તેને કુટ્ટં સભાની મારફત કરવું પડતું. આ પ્રજાસત્તાક રાજ્યવ્યવસ્થા પહેલી હૈદરઅલીએ તોડી

એકંદર રીતે જોતાં આ પ્રાંત ઘણા લાંબા કાળ સુધી સુખી અને આનંદી હતો, અને તેનો વેપાર ઘણો ધમધોકાર ચાલતો હતો.

**૪. મલબારમાંના મુસલમાન.**—મલબારમાં મુસલમાનનું મહત્વ ઘણું હતું કેમકે તેમને લીધે તેના વેપારની વૃદ્ધિ થઈ તે પ્રખ્યાત થયું હતું. નવમા સૈકામાં એટલે ઈ. સ. ૮૫૧ પછી મલબારમાં મુસલમાનો

આવ્યા. એવુ કહેવાય છે કે મલબારમા જ્યારે ચેરમાણુ પેરૂમાલ નામનો એક પરાક્રમી રાજા કાંગાનુરમાં રાજ્ય કરતો હતો ત્યારે કેટલાક આરબ ફકીરોએ ત્યાં આવી રાજાનું મન મુસલમાન ધર્મ તરફ ફેરવ્યું. તે ઉપરથી રાજાએ મક્કા લગી સફર કરી આવવા નિશ્ચય કર્યો, અને તે માટે ગુપ્ત રીતે એક જહાજ તૈયાર કરાવ્યું. એ વહાણુ મારફત અહીંથી નાસી જઈ રાજા અરબસ્તાનમાંના ‘ શહર ’ નામને ઠેકાણે ઉતર્યો. અહી મલિક–ઇબ્ન–દિનાર પોતાના આખાં કુટુબ સાથે રાજાને મળ્યો. આગળ જતાં બન્ને વચ્ચે સારી દોસ્તી થતાં રાજાએ મુસલમાની ધર્મ અંગીકાર કર્યો. કેટલોક સમય અરબસ્તાનમાં રહ્યા પછી હિંદુસ્તાન આવી અહીંના લોકોને એના ધર્મમાં વટલાવવા તેની ઇચ્છા હતી, પણુ એટલામાં તે આજારી પડી મરણુ પામ્યો. મરતા પહેલાં રાજાએ મલિક–ઇબ્ન–દિનાર અને બીજા સ્નેહીઓને પોતાની પાસે બોલાવી તેમને મલબાર જઈ ત્યાં મુસલમાની ધર્મનો પ્રસાર કરવા આગ્રહપૂર્વક વિનંતી કરી, અને ત્યાં મસીદ વગેરે બાંધવા નાણુાની મદદ કરવા મલબારના રાજા ઉપર તેણે કાગળ લખી આપી દેહ છોડ્યો.

આ પછી કેટલોક વખત વીત્યા બાદ મલિક–ઇબ્ન–દિનાર પોતાના કુટુંબનાં માણુસો સાથે પેરૂમાલ રાજા ઉપરનો કાગળ લઈ મલબાર આવ્યો. કાંગાનુરના રાજાએ તેનો સત્કાર કર્યો, અને ચેરમાણુના લખ્યા પ્રમાણે મસીદ બાંધવા માટે જગ્યા તથા નાણાંનો બંદોબસ્ત કરી આપ્યો. મલિક–ઇબ્ન–દિનાર મુખ્ય કાજી થયો. તેણે ત્રાવણકોર જઈ કોલમમાં મસીદ બાંધી, તેમજ ઉત્તર તરફ મંગલુર, કાસારગોડ વગેરે ઠેકાણે પણુ તેવીજ મસીદ ઉભી કરી. આ પ્રમાણે પશ્ચિમ કિનારા ઉપર મુસલમાની ધર્મની સ્થાપના થઈ હતી. પણુ મલિક–ઇબ્ન–દિનારે પોતાનું લક્ષ માત્ર ધર્મની બાબતમાં રોકી રાખ્યું નહોતુ. સર્વ ઠેકાણે અધિકારીઓ તરફથી એને મદદ મળતી હતી એટલે વેપારને માટે યોગ્ય જગ્યાઓ પસંદ કરવામાં તેણે ઢીલ કરી નહીં. મલિક હિંદુસ્તાનમાં આવ્યો તે પહેલાં આરબ વેપારીઓ મલબાર કિનારા ઉપર આવી રહ્યા હતા, તથા હિંદુ સ્ત્રીઓ સાથે લગ્નના ગાંઠથી જોડાઈ તેઓએ એક વર્ણુસંકર પ્રજા ઉત્પન્ન કરી હતી. આ

પ્રજાની સંખ્યા વધતાં તેમનામાં વ્યવસ્થિત રીતે ધર્મનો પ્રસાર કરવાની આવશ્યકતા જણાઈ, અને મલિક-ઇબ્ન-દિનારની મહેનત ફળીભૂત થઈ. આ પ્રમાણે બે વિધર્મી લોકમાંથી જે પ્રજા થઈ તેનું નામ 'મોપલા' પડ્યું. સામાન્ય રીતે મલબારના મુસલમાનો એ નામથી ઓળખાય છે. 'મહાપિલ્લા' ( મહા એટલે મોટું અને પિલ્લા એટલે છોકરો ) એટલે મોટો માનવંત પુરૂપ, છોકરાના જેવી હદ કરી આગળ વધનારો, એવા અર્થની વ્યુત્પત્તિ ઉપરથી આ શબ્દ પ્રચારમાં આવ્યો.

મોપલાના મુખ્ય સ્થાન કાનાનુરમાં અદ્યાપિ મુસલમાની રાજ્યકુટુંબ છે. ઇસિવી સનના બારમા સૈકાની શરૂઆતમાં મલબારમાં એક રાજા પાસે 'આર્યન કુલાંગર નાયર' નામનો એક કુલીન દીવાન હતો. તે હોંશીઆર તથા શાણો હોવાથી તેને સહેજ લાગ્યુ કે મુસલમાન ધર્મ સ્વીકારવાથી તેની દીવાનગીરી કાયમ રહેશે, એટલે તેણે તે ધર્મમાં દાખલ થઈ મહમદઅલ્લી નામ ધારણ કર્યું. ટુંકમાં તે સમયે મલબારમાં મુસલમાન થવામાંજ લાભ છે એવું લોકો સમજતા પણ અહીંના મુસલમાનોના કર્તવ્યમાં અને ઉત્તર હિંદુસ્તાનમાંના તેમના સ્વધર્મીઓના જોખમકારક કામમાં એક ચમત્કારિક વિરોધ જણાઈ આવે છે. હિંદુ લોકો ઉપર જુલમ કરી તેમને મુસલમાન કરવામાં તથા લડાઈ, છળકપટ અને કતલ- કરવામાં જ્યારે ઉત્તર તરફના મુસલમાનો મશગુલ થયા હતા, ત્યારે અહીં શાંત રીતે મુસલમાની ધર્મ પ્રસરાવવાનું કામ ચાલતુ હતું. ખ્રિસ્તી ધર્મ પણ અહીં ઠીક ફેલાયો હતો.

ખરૂં કહીએ તો મલબારમાં હિંદુ ધર્મ જામ્યો નહોતો. બ્રાહ્મણો બળવાન થયલા ન હોવાથી મુસલમાની ધર્મ ઘણી સહેલાઈથી સ્થપાયો હતો. મલબાર અને હિંદુસ્તાનના બીજા ભાગ વચ્ચે આ મોટો તફાવત છે. બીજા પ્રાંતોની માફક અહીં બ્રાહ્મણોનું ધર્મશિક્ષણ દાખલ થયલું ન હોવાથી અન્ય ધર્મનો પ્રવેશ પશ્ચિમ કિનારા ઉપર જેટલો સહેલથી થયો તેટલો બીજા કોઈ પણ પ્રાંતમાં થયો નહોતો. અહીં મુસલમાન તેમ પોર્ટુગીઝોને હાથે અસંખ્ય માણસો પરધર્મમાં વટલ્યા હતા વટલેલ લોકોની

એવડી મોટી સંખ્યા બીજે કોઈ ઠેકાણે મળતી નથી મલબાર કિનારા ઉપર પોર્ટુગીઝો જરા પગભર થયા એટલે આખા હિંદુસ્તાનમાં ખ્રિસ્તી ધર્મ સહેજમાં પ્રસરશે એવો ખ્યાલ આવતાં તે સંબંધી તેઓએ ખાસ પ્રયત્ન કર્યો એ ઉપરથી બ્રાહ્મણોએ સ્વધર્મનું રક્ષણ કરવામાં કેટલું મહાન કામ ઉપાડ્યું હતું તે તરત જણાશે વળી જેઓ એમ પ્રતિપાદન કરે છે કે બ્રાહ્મણોએ અન્ય જાતિના લોકો ઉપર પોતાનો લાગવગ વધારી દેશની હાની કરી છે તેમને માટે પણ બ્રાહ્મણોએ જે કામ અહીં કરી બતાવ્યું છે તે મનન કરવા જોગ છે એમના પરિશ્રમ ઉપરથી એટલું તો અનુમાન થાય છે કે હિંદુસ્તાનમાં બ્રાહ્મણોએ સ્વધર્મના રક્ષણ અર્થ માથું ઉચક્યું ન હોત તો આજે આખો દેશ મુસનમાની અથવા ખ્રિસ્તી થયો હોત

અરબસ્તાનના શહર નામના ગામમાં પેરૂમાલ રાજાની કબર છે હમણાના મોપના લોકોમાં આરબ લોહી ઘણું દેખાતું નથી, કેમકે અસલ જે વટલેલ પ્રજા થઈ હતી તેનોજ વિસ્તાર ચાલ્યા કરે છે કૅલિકટના ઝામોરીનને પોતાના વહાણને માટે મુસનમાન ખલાસીઓની જરૂર હોવાથી હિંદુ છોકરાઓને મુસનમાન ધર્મમાં વટલાવી તે પોતાના ઉપયોગમાં લેતો આ મુસનમાનો ઘણુંખરૂં હિંદુ રીતરીવાજ ચાલુ રાખે છે ને ધર્મે સુની છે

**૫. મલબારમાં ખ્રિસ્તી લોકો.**—આ સિવાય મલબારમાં બીજા મહત્વના લોકો ખ્રિસ્તી હતા એમ કહેવાય છે કે મલબારમાં સેન્ટ ટૉમસ નામના પાદરીએ ખ્રિસ્તી ધર્મનો ફેલાવો કર્યો હતો તેથી અહીંના ખ્રિસ્તીઓ સેન્ટ ટૉમસ ક્રિશ્ચીઅન્સ કહેવાતા તેઓ મૂળ સિરિઆના હોવાથી તેમને સિરિઅન ક્રિશ્ચીઅન્સ પણ કહેતા પ્રાચીનકાળમાં સિરિઆથી ખ્રિસ્તી વેપારીઓ ધંધા માટે હિંદુસ્તાન આવેલા તેમણે પોતાનો ધર્મ અહીં ચલાવ્યો હશે ક્યા ધર્મના લોક પ્રથમ અહીં આવ્યા એ નક્કી જણાતું નથી, તોપણ એટલી તો ખાતરી થાય છે કે ઈ સ ૧૦૦૦ લગીમાં નિરનિરાળા પંથના ખ્રિસ્તી લોકોએ અહીં આવી પોતાનો પંથ સ્થાપ્યો હતો પોર્ટુગીઝોના આવ્યા પછી એ સઘળા લોકો તેમની સાથે જોડાઈ ગયા અને ૧૫૯૮ માં એલેક્સિસ મેનેઝિસને ગોવાનો બિશપ બનાવી પોપે

મલબારમાં મોકલ્યો હતો. આગળ જતા સને ૧૬૪૩ મા ડચ લોકોએ કોચીન શહેર કબજે કર્યું ત્યારથી પ્રોટેસ્ટંટ પથ અગાડી આવ્યો હુકમા મલબારમાં ખ્રિસ્તી લોકો જેટલા મહત્વના બીજા કોઈ લોકો હતા નહી

૬. **મહામખ સમારંભ.**—મલબારમાં તા. ૨૫ મી ઓગસ્ટ સને ૮૨૫ થી શરૂ થયેલો 'કોલમ' નામનો શક ચાલે છે એનુ બીજુ નામ 'આચાર્ય વાગબેદા' એવુ છે, તે ઉપરથી એ શક શકરાચાર્યે ચાલુ કર્યો હતો એમ જણાય છે બીજી કલ્પના એવી છે કે આસરે સને ૮૨૫ માં મલબારનો છેલ્લો રાજા ચેરમાણ પેરૂમાલ રાજ્ય છોડી મક્કે ચાલ્યો ગયો તે વખતે કઈ પણ રાજ્યક્રાન્તિ થયા પછી આ શક થયો હતો

મલબારમા દર બાર વર્ષે નવો રાજા ચુટી કહાડવા માટે એક મોટો સમારભ અસલના વખતથી થતો હતો એ સમારભને 'મેનમ' અથવા મહામખ કહેતા, અને તે સને ૧૭૪૩ સુધી થતો હતો આ સમારભમાં સઘળી 'કુટ્ટ' સભાના સભાસદો અને રાજ્યના નાના મોટા લોકો હાજર રહેતા અને સા રાજ્યની સર્વ બાબતનો નિકાલ થતો

કેપ્ટન એલેક્ઝાન્ડર હેમિલ્ટન સત્તરમી સદીના અતમાં મલબારમા હતો તેણે આ સમારભની પ્રત્યક્ષ હકીકત આપી છે તે આ પ્રમાણે — 'મલબારના રાજાને ઝામોરીન (સામુદ્રી, મામુરી) કહેતા તેણે બાર કરતા વધારે વર્ષ રાજ્ય કરવાનુ નહોતુ, જો તેટલા વખતમા તે મરણ પામે તો ઠીક, નહી તો મોટો સમારભ કરી સર્વની સમક્ષ તેણે પોતાનો શિરચ્છેદ કરવો એવો ધારો હતો એ પ્રસગ આવતા રાજા એક મોટો સમારંભ કરી તેમા સઘળા સરદાર તથા સભ્ય ગૃહસ્થોને બોલાવતો અને તેમને મીજબાની આપતો તે પછી સઘળાની રજા લઈ રાજા વધસ્તભ આગળ જતો અને સર્વની રૂબરૂ પોતાનુ ડોકું કાપી આપતો સારબાદ તેના શબને સઘળા એકઠા થયલા લોકો બાળી આવી નવો રાજા નીમતા આ ચાલ પ્રાચીનકાળમા હતો, પણ હમણા તે ઘણો વખત થયા બધ પડ્યો છે હાલનો ઝામોરીન એવી છે કે દર બાર વર્ષે આખા રાજ્યમા એક મોટો ઉત્સવ

થાય. એક મોટા મેદાનમાં વિસ્તીર્ણ મંડપ તૈયાર કરી ત્યાં દસબાર દિવસ મહોત્સવ થતો અને રાત દિવસ વાજીંત્ર વાગતાં. બારમે દહાડે એકઠા થયલા લોકોમાંથી ગમે તે ચાર માણસો ત્રીસ ચાળીસ હજાર લશ્કરમાં ઘુસી જઈ તંબુમાં બેઠેલા ઝામોરીનને મારવા જતા. એઓમાંથી રાજાને જે મારી શકતો તેને રાજ્ય મળતું. સને ૧૬૯૬ માં થયલા સમારંભ વખતે હું હાજર હતો. આ સમારંભ કૅલિકટની દક્ષિણે ચાળીસ માઇલ ઉપર દરીઆ કિનારે પોનાની તાલુકામાં થયો હતો, અને એ પ્રસંગે માત્ર ત્રણજ આસામીઓ રાજાને મારવા ધસ્યા હતા. તેઓએ ઘણાને ઠાર માર્યા પણ આખરે પોતેજ કપાઈ મુઆ. એમાંના એકનો ભત્રીજો પાસેજ હતો તે તરતજ દોડતો ઝામોરીનના તંબુમાં ગયો અને તેના ઉપર તરવાર ઉગામી, પણ તે ચુકતાં રાજાના રક્ષકોએ તેને ઠાર કર્યો. આ વખતે તોપ વગેરેનો અવાજ બે ત્રણ દહાડા લગી મેં સાંભળ્યો હતો.'

કેરલમાહાત્મ્ય અને કરલોત્પત્તિ નામના મલબારના ઈતિહાસના બે ગ્રંથ, પહેલો સંસ્કૃતમાં અને બીજો મરાઠીમાં છે. ઉપરની હેમિલ્ટનની હકીકતમાં અને કેરલમાહાત્મ્યમાં આપેલી સમારંભની હકીકતમાં એટલોજ ફેર છે કે માહાત્મ્યમાં રાજાને મારી નાખવા બાબત કાંઈ નથી. તેમાં એટલુંજ છે કે રાજાએ સ્વેચ્છાથી બાર વર્ષે રાજ્ય છોડી દેવું અને પ્રજાએ નવો રાજા પસંદ કરી લેવો. મુંબઈના ગવર્નર જોનાથન ડંનકને પણ આ ઉત્સવનું વર્ણન લખ્યું છે*.

ગુરૂ દર બાર વર્ષે પોતાની પ્રદક્ષિણા પુરી કરી પુષ્ય નક્ષત્રમાં આવતો ત્યારે આ સમારંભ થતો. તે વખતે પુર્વેની સઘળી વ્યવસ્થા રદ થતી અને તેને બદલે સઘળી નવી ગોઠવણ થતી. એ ઉત્સવ પોનાની તાલુકામાં તિરૂનાવાયી સ્થળે થતો. કોલમ શક શરૂ થયા અગાઉ પેરૂમાલ રાજાઓનો અમલ મલબારમાં ચાલતો હતો ત્યારે આ સમારંભ થવા માંડયો હતો. છેલ્લો રાજા ચેરમાણ પેરૂમાલ મક્કે જઇ મુસલમાન થઈ ગયા પછી ઉત્સવ ઉજવવા કોઈ મુખ્ય રાજા નહીં રહેવાથી તિરૂનાવાયી ગામ જે વલ્લુવનાડ પરગણામાં હતું તેના

* Transactions of the Bombay Literary Society.

રાજાને માથે એ ફરજ પડી. આ વ્યવસ્થા બારમા તેરમા સૈકા સુધી ચાલ્યા પછી આરબોની મદદથી તથા વેપારમાં થતા અનહદ ફાયદાને લીધે કૅલિકટનો ઝામોરીન વિશેષ પ્રબળ થયો ત્યારે આખા કેરલ દેશ તરફથી તે આ સમારંભમાં મુખ્ય ભાગ લેવા લાગ્યો. એ સમયે ત્રાવણકોરનો મુલક કેરલને તાબે હોવાથી ત્યાંનો રાજા ઝામોરીનનો માંડળિક રાજા હતો. સને ૧૭૪૩ માં છેલ્લો સમારંભ થઈ ગયા પછી ત્રાવણકોર મલબારથી સ્વતંત્ર થયું તે આજ સુધી તેમજ છે. કૅલિકટમાં રહેતા ઝામોરીનના વંશજોની પરવાનગીથી ત્યાંનાં સર્વે દફતર તપાસી મે. લોગન સાહેબે સને ૧૬૮૩માં થયલા મહામખ સમારંભનું જે વર્ણન લખ્યું છે તે ઉપરથી માલમ પડે છે કે '.આ સમારંભ અઠ્ઠાવીસ દિવસ ચાલ્યો. તેને માટે કેટલાક મહિના અગાડી તૈયારી ચાલી હતી, અને લોકોને આમંત્રણ કરવામાં આવ્યાં હતાં. સારો દિવસ જોઇ રાજાએ સમારંભના સ્થળ તરફ પ્રયાણ કર્યું. તેની છાવણી મધ્યમાં હતી, અને તેની આસપાસ માંડળિક રાજાઓના મુકામ હતા. પોનાની નદી ઉપરથી હમણાં આગગાડી જાય છે ત્યાંથી સમારંભની જગ્યા નદીને ઉત્તર કાંઠે દેખાય છે. દશ દિવસ આખા.લશ્કરની તપાસ થયા પછી પ્રત્યેક પ્રાંતની ફોજે ઝામોરીન પાસે આવી તેને સલામી આપી.

'રાજ્યારોહણનો ઠાઠ ઘણો મોટો હતો. તે દહાડે રાજા રાંધેલા ભાતની એક મોટી થાળ પોતાની પાસે લઈ બેસતો, અને તેમાંથી પહેલાં પોતે થોડો ખાઇ એકઠા થયલા લોકોને પોતાને હાથે પ્રસાદ આપતો. જેઓ આ પ્રસાદ લેતા તેણે રાજાની જીંદગી માટે પ્રાણ આપવા સોગન લીધા હોય' એવું માનવામાં આવતું. આ સોગન તેઓ બરાબર પાળતા. નવમા સૈકાના મુસલમાની ગ્રંથોમાં પણ આ હકીકત આપેલી છે. ઘણા રાજાઓ-પાસે આવી રીતે જીવ આપનારાં માણસોની મોટી સંખ્યા રહેતી. મલબારમાંના મોપલા મુસલમાનોએ પણ આ પદ્ધતિ સ્વીકારી હતી. એ લોકો ઘણા ઝનુની હોવાથી બ્રિટિશ અમલમાં પણ તેઓએ અનેકવાર તોફાન હુલ્લડ કર્યું હતું, તે વખતે જીવની પરવા કર્યા વગર અંગ્રેજોની તલવાર ઉપર જઈ પડવાના દાખલા મળી આવે છે. હવે તેઓ ગરીબ થઈ ગયલા હોવાથી

તથા તેઓનું લડાઈનું કામ બંધ પડવાની સાથે તેમની સંખ્યા વધી જવાથી તેઓ ઘણા શાંત તથા નિરૂપદ્રવી થઈ રહ્યા છે '

**૭. કૅલિકટનો ઝામોરીન.**—ચેરમાણ પેરૂમાલ મુસલમાન ધર્મ સ્વીકારી અરબસ્તાન ગયો ત્યારે એણે પોતાના રાજ્યના બે ભાગ કર્યા એક ઉત્તર કોલત્તીરી એટલે મલબાર, અને બીજો દક્ષિણ કોલત્તીરી એટલે ત્રાવણકોર. એ રાજ્યો કેટલોક વખત ચાલ્યા પણ તેનો અમલ માંડળિક રાજા ઉપર બરાબર બેઠો નહીં આઠમા સૈકામાં એરનાડ નામના નાયર પરગણાનો મુખ્ય સામુરી ( એટલે સામુદ્રી, જેને પાશ્ચાત્ય ગ્રંથકારોએ ઝામોરીન એવું નામ આપ્યું છે ) કરીને હતો એના કુટુંબની અટક ' ઇરાદી ' કરી હતી રાષ્ટ્રકુટના અને બીજા હુમલા વખતે પેરૂમાલને ઘણી મદદ કરી સામુરીએ પોતાની અગત્યતા વધારી હતી પેરૂમાલના ગયા પછી તેણે રાજ્યનો વિસ્તાર વધાર્યો, અને તેણે દરીઆ ઉપર ફરવાનું શરૂ કરેલું હોવાથી તેનો ત્રાસ હદ ઉપરાતનો થયો વિશેષમાં એણે પોતાના નામ પાછળ ' કુન્નલકોન ' એટલે ' ગિરિસાગરપતિ ' એવી સંજ્ઞા ઉમેરી. સામુરીએ પોલનાડ પરગણું એટલે કૅલિકટની આજુબાજુનો પ્રદેશ જીતી પોતાના રાજ્ય સાથે જોડી દીધો, અને કૅલિકટમાં પોતાની રાજધાની સ્થાપી તેને કિલ્લેબંધી કરી, પરદેશી વેપારીઓને આશ્રય તથા ઉત્તેજન આપ્યું, અને તેમ કરી પોતાના રાજ્યની આબાદીમાં વધારો કર્યો આરબોના હાથમાં ત્રણસો આરસો વર્ષ સુધી પૂર્વનો વેપાર રહ્યો તે દરમિઆન સામુરીએ તેમને સાહ્ય કરી પોતાનો વેપાર વધાર્યો, અને આરબોએ તેના બદલામાં સામુરીને ઘોડા તથા લશ્કર ભેટ કરી વધારે મુલક જીતવામાં મદદ કરી આજ કારણથી પોર્ટુગીઝો કૅલિકટ આવ્યા ત્યારે ત્યાં તેમણે આરબોનો લાગવગ ઘણો જોયો પેરૂમાલના જવા પછી મહામખ સમારંભ કરવાનું માન કેટલોક વખત સુધી વલ્લુનાડના રાજાને મળ્યું અને ત્યારબાદ સામુરીને માથે તે ફરજ પડી, એ આપણે હમણાંજ જોઈ ગયા છીએ. સામુરીએ પોતાનું અંતર વધતાં કોચીનના રાજાનો ઘણોખરો પ્રદેશ જીતી લીધો હતો સને ૧૨૯૨–૯૩ માં માર્કોપોલો ફરતો ફરતો મલબારમાં આવ્યો,

ત્યારે સામુરીના તાબા હેઠળ તેણે બાર રાજ્યો જોયા હતા, તેમાના સૌથી મોટાનુ લશ્કર પચાસ હજાર આદમીનુ હતુ અને નાના પાસે પાચ હજાર માણુસની ફોજ હતી એ વખતે વિજયનગરનુ રાજ્ય પણ પ્રબળ હતું સામુરીની સત્તા ચૌદમા સૈકામા ઘણી વધી હતી અબદુલરઝાક નામનો એક પ્રવાસી સને ૧૪૪૨ મા લખે છે કે ‘ કૅલિકટમા ન્યાય સારો થાય છે, સર્વની માલમતાનુ સારૂ રક્ષણ થાય છે તે એટલે લગી કે મોટા મોટા વેપારીઓ અતિશય મુલ્યવાન માલ દૂર દેશથી આ શહેરમા લાવી ખુલ્લા રસ્તા ઉપર મુકે છે, અને તેની સભાળ રાખનાર કોઈ નહી હોય છતા તે ચોરાઈ જવાની બ્હીક રહેતી નથી તેમ કોઈ પણ પહેરો બેસાડતુ નથી જકાતનાકાનો અધિકારી એ માલ પોતાના તાબામા રાખે છે, જો માલ વેચાય તો સે કડે અઢી રૂપીઆ લેખે જકાત લે છે, અને નહીં તો જેનો તેનો માલ તેને પાછો સોપે છે ’ પૂર્વે આવા પ્રકારની વ્યવસ્થા હોવાથી પ્રજા સતુષ્ટ રહેતી અને રાજ્ય પણ આબાદ થતુ એવી દતેતી છે કે આવા પ્રમાણિકપણાને લીધેજ કૅલિકટનુ મહત્વ વધ્યુ હતુ પૂર્વ કિનારા ઉપર એક મોટો વેપારી પોતાના જહાજ સોનાએ ભરી પ્રવાસે જતો હતો રસ્તામા જહાજ વજન ન ખમી શકવાથી તે કૅલિકટ ગયો અને ત્યા સોનાનો મોટો ભાગ ઉતારી સામુરીના તાબામા મુકી પોતે સ્વદેશ ગયો તે પાછો કૅલિકટ આવ્યો ત્યારે સામુરીએ તેનુ સોનુ તેને જેવુ ને તેવુ પાછુ આપ્યુ તે ઉપરથી સર્વ વેપારીઓમા સામુરીની ખ્યાતિ થઈ

પોર્ટુગીઝો પ્રથમ મલબારમા આવ્યા ત્યારે તેઓ આરબ વગેરે વેપારીઓના જેવા માત્ર હશે એવુ ઘણા રાજાઓ માનતા વ્યાપારવૃદ્ધિના કામ સાથે ધર્મ પ્રસાર તથા રાજ્યસ્થાપનાના અતસ્થ હેતુ તેમના મનમા હશે એવો કોઈને પણ શક ગયો નહોતો તેમના આવવા અગાઉ હજારો વર્ષ લગી એવો પ્રયત્ન કોઈએ કર્યો નહોતો, પરતુ પોર્ટુગીઝો મલબારમા આ યા તે પ્રસગે જગતમા કેવા કેવા પ્રકારના સબધ ચાલતા હતા તે પશ્ચિમ કિનારા ઉપરના રાજાઓએ સમજવા કાઈ પણ તસ્દી લીધી નહીં સામુરીનો વૈભવ જોઈ કોચીનના રાજાને અદેખાઈ થઈ હતી આ વૈભવ સામુરીને

આરબો પાસેથી મળ્યો હતો તેજ પ્રમાણે પોર્તુગીઝો પાસેથી પોતાને મળવાની કોચીનના રાજાને આશા હશે અને તેથીજ પોર્તુગીઝો સાથે મિત્રાચારી કરી સામુરીનો નાશ કરવાનો વિચાર તેના મનમાં આવ્યો હશે. મનમાં ગમે તેમ હોય તોપણ આ પરદેશી વેપારીઓથી આપણને ફાયદોજ છે, અને તેમના પ્રયત્નથી આપણી આબાદી થશે એવું મલબારના રાજાઓ સમજતા હોવાથી તેઓએ કંઈ પણ શક લીધા વગર પોર્તુગીઝો અને બીજા પરદેશી લોકોને પોતાના રાજ્યમાં ખુશીથી આશ્રય આપ્યો.

વલંદા લોકો વેપારમાં ઘણા જુલમી હતા કેમકે અમુક માલ અમુક કિમતેજ વેચવો એવું તેમણે ઠરાવ્યું હતું. અંગ્રેજોની રીત એવી નહોતી. તેઓ પોતે ભાવ ઠરાવતા નહી પણ ચાલુ ભાવે વેપાર કરતા. મલબારમાં અંગ્રેજો સને ૧૬૬૪ માં દાખલ થયા ત્યારે ત્યાંના રાજા પાસેથી વેપારના કેટલાક હક તેઓએ મેળવ્યા અને ખાસ કરીને રાજા પામે એવો ઠરાવ કરાવી લીધો કે સઘળાઓ મરી એમનેજ વેચે ને બીજા કોઇને આપે નહીં. આરંભમાં અંગ્રેજોએ આ રાજા સાથે વાર્ષિક મક્તાનો ઠરાવ કર્યો હતો, પણ જેમ જેમ એમની સત્તા વધતી ગઈ તેમ તેમ રાજાને પોતાના તાબામાં લઈ નિમણુક વગેરે કરી આપી. કૅલિકટનો છેલ્લો રાજા મનવિક્રમ સામુરી સને ૧૮૬૬ માં મરણ પામ્યો. તેને 'મહારાજા બહાદુર'નો ખિતાબ અંગ્રેજ સરકારે આપ્યો હતો. તેની વાર્ષિક નિમણુક એક લાખ ચોત્રીસ હજારની હતી.

# પ્રકરણ ૪ થું.

## પોર્ટુગીઝ રાજ્યની સ્થાપના.

### ઈ. સ. પૂર્વેથી સને ૧૫૧૫

૧. યુરોપમાં પોર્ટુગલનો ઉદય.
૨. નૌકાશાસ્ત્રવેત્તા રાજપુત્ર હેનરી. (સને ૧૩૯૪ થી ૧૪૬૦)
૩. ડીઆસ અને કોલમ્બસની સફરો. (સને ૧૪૮૭-૧૪૯૨)
૪. ડ ગામાની પહેલી સફર (સને ૧૪૯૭-૯૮)
૫. પેડ્રો કેબ્રલની સફર (સને ૧૫૦૦).
૬. ડ ગામાની બીજી સફર (સને ૧૫૦૨-૩).
૭. ફ્રાન્સિસકો ડ આલ્મીડા. (સને ૧૫૦૫-૧૫૦૯)
૮. આલ્બુકર્કના શરૂઆતના કામો. (સને ૧૫૦૬-૧૫૦૯)
૯. ગોવાની પડતી (સને ૧૫૧૦-૧૫૧૨).
૧૦. મલાક્કાની પડતી (સને ૧૫૧૧).
૧૧. આલ્બુકર્કનું મૃત્યુ તથા તેનું કામ કરવાનું ધોરણ

આ પ્રકરણમાંની હકીકત બરાબર સમજવા સારૂ હેઠળ આપેલી પોર્ટુગલના રાજાઓની વંશાવળી ઉપયોગી થઇ પડશેઃ—

જૉન પહેલો (સને ૧૩૮૫-૧૪૩૮).

- પેડ્રો
  - ઑલ્ફૉન્સો પાંચમો (સને ૧૪૩૮-૧૪૮૧)
  - જૉન બીજો (સને ૧૪૮૧-૧૪૯૫)
  - ઇમેન્યુઅલ (સને ૧૪૯૫-૧૫૨૧)
  - જૉન ત્રીજો (સને ૧૫૨૧-૧૫૫૫)
  - સબેસ્ટિઅન (સને ૧૫૫૫-૧૫૮૦)
- પ્રિન્સ હેનરી (જન્મ સને ૧૩૯૪-મરણ સને ૧૪૬૦)

સને ૧૫૮૦ માં સ્પેન તથા પોર્ટુગલ જોડાઈ ગયાં.

**૧. યુરોપમાં પોર્ટુગલનો ઉદય.**—યુરોપના નૈઋત્ય ખુણા ઉપર

આવેલા આઇબીરીઆના દ્વીપકલ્પમા સ્પેન અને પોર્ટુગલનો સમાવેશ થાય છે ઈ સ પૃ ૧૧૦૦ ના અરસામા ટાયરના ફિનિશિયન લોકોએ આ દ્વીપકલ્પમા પોતાના થાણા સ્થાપ્યા, અને પૂર્વનો માલ અહી લાવી તે વેચવાનો ધધો શરૂ કર્યો આફ્રિકાના ઉત્તર કિનારા ઉપર કાર્થેજમા એ લોકોએ પોતાનુ રાજ્ય સ્થાપ્યુ હતુ, ત્યાથી પણ કેટલાકો આઇબીરીઆમા જઈ વસ્યા કાર્થેજના સરદાર હાસ્ડુબલે ન્યુકાર્થેજ એટલે સ્પેનમાનુ હાલનુ કાર્થેજીના શહેર સ્થાપ્યુ હતુ આગળ ઉપર રોમન લોકોનુ પ્રબળ વધતા તેઓએ આ દેશ ઈ સ પૂ ૨૦૦ ના સુમારમા કાર્થેજીનિયન અને ફિનિશિયન લોકો પાસેથી જીતી લીધો ત્યારથી ઈ સ ૪૭૦ સુધી એ દ્વીપકલ્પ રોમન લોકોના તાબામા રહ્યો તેઓએ તેનુ નામ હીસ્પાનીઆ પાડ્યુ રોમન લોકોનો પરાજય કરી વિઝિગૉથ લોકોએ સ્પેનમા પોતાનુ રાજ્ય સ્થાપ્યુ, તે ઈ સ ૪૮૨ થી ૭૧૧ સુધી ચાલ્યુ એમની રાજધાની ટૉલેડો શહેરમા હતી

ઈ સ ૭૧૧ મા તરીક નામના આરબ સરદારે સ્પેનમા મુસલમાની અમલ સ્થાપ્યો આ અમલ અગીઆરમા સૈકાની અધવચ સુધી ચાલ્યા પછી એ દેશ ખ્રિસ્તી લોકોના તાબામા ગયો એમણે કૅસ્ટાઇલ તથા એરેગૉનમા બે જુદા રાજ્યો સ્થાપ્યા, અને એ બન્નેએ મળી મુસલમાની રાજ્યની જે કાઈ થોડી ઘણી અસર ત્યા રહી હતી તે ધીમે ધીમે નાબુદ કરી ઈ સ ૧૪૬૯ મા એરેગૉનનો રાજા ફર્ડીનાન્ડ કૅસ્ટાઇલની રાણી ઇસબેલાને પરણ્યાથી બેઉ રાજ્ય જોડાઈ ગયા સને ૧૬૦૯ મા સ્પેનના રાજા ત્રીજા ફિલિપે દેશમા જાથુકના આવી રહેલા સબળ મુસલમાનોને જોરજુલમથી હાકી કહાડ્યા, પણ પરિણામમા સ્પેનનેજ નુકસાન થયુ ધધો રોજગાર અને હુન્નરમાજ મુસલમાનો હોશીઆર હતા એવુ કાઈ નહોતુ તેઓ ખેતીના કામમા પણ તેટલાજ પ્રવીણ હતા તેઓએ સાકર, રૂ, ચોખા અને રેશમની ખેતી શરૂ કરી હતી, અને નહેર વગેરે બાધી જમીન ફળદ્રુપ બનાવી હતી તેથી સ્પેનનો હુન્નર વધ્યો હતો, અને સાની જાણસોનો ખપ પરદેશમા વિશેષ થવા લાગ્યો હતો પરતુ મુસલમાનોને સ્પેનમાથી હાકી કહાડવાથી તેના વેપારને જે નુકસાન થયુ તેમાથી હજી એ દેશ નીકળી શક્યો નથી

જેને હમણાં આપણે પોર્ટુગલ કહીએ છીએ તે પ્રાંત પણ મુસલમાનોના તાબામાં હતો. એમની પાસેથી ઑલ્ફૉન્સો હેનરીએ એ મુલક જીતી લઈ સને ૧૧૫૮ માં લિસ્બનમાં પોતાની સ્વતંત્ર રાજધાની સ્થાપી હતી. એ પછીના બીજા સો વર્ષ લગી એક સરખું યુદ્ધ ચાલ્યા બાદ હમણાંના પોર્ટુગલ જેટલો પ્રદેશ સને ૧૨૭૯ માં સ્વતંત્ર થયો. ઈંગ્લંડનો રાજા પહેલો એડવર્ડ અને પોર્ટુગલનો ડેનિસ ઘાડા મિત્ર હોવાથી બન્ને રાજ્યો એક બીજાની મદદથી દરીઆ ઉપર તેમજ વેપારમાં ઘણા વખત સુધી સર્વોપરી રહ્યાં. સને ૧૩૮૬ માં એ બેઉ રાજ્યો વચ્ચે થયલા વિન્ડસરના તહનામાની રૂએ તેઓ વચ્ચે કાયમનો સ્નેહ બંધાયો. પોર્ટુગલના રાજા પહેલા જૉનને જૉન ધી ગ્રેટ ઉર્ફે મહાન જૉન કહેતા. તેણે ઈંગ્લંડ અને સ્પેન સાથે મિત્રાચારી રાખી ઘણાં વર્ષ લગી ડહાપણથી રાજ્ય ચલાવ્યું.

પંદરમા સૈકામાં અને તેની પૂર્વે યુરોપના રાજ્યોની અંતસ્થિતિ હમણાંના સરખી નહોતી. તે સમયે ત્યાં અનેક પેટાવિભાગવાળાં અસંખ્ય નાના નાના રાજ્યો હતાં. જીનોઆ, વેનિસ, ફ્લૉરેન્સ વગેરેનું મહત્ત્વ પણ તે તે શહેરોની હદ્દ બહાર વિશેષ નહોતું. પોર્ટુગીઝ રાજ્ય સ્વતંત્ર થયા પછી સુમારે ઈ૦ સ૦ ૧૦૮૫ થી ૧૫૨૧ સુધી સુમારે દોઢસો વર્ષ લગી એ પછી એક ગાદીએ આવેલા પાંચ બુદ્ધિશાળી તથા ચાલાક રાજાની કારકિર્દીમાં પોર્ટુગલ વૈભવની શિખરે પહોંચ્યું. આ કાળમાં ઈંગ્લંડ સાથેનો સ્નેહ, મુસલમાનોનો પોર્ટુગલ ઉપર દ્વેષ, તથા નહીં જણાયલા પ્રદેશોની શોધ, એ ત્રણ મુખ્ય બાબતોથી એ દેશનો ઇતિહાસ ભરેલો છે.

**૨. નૌકાશાસ્ત્રવેત્તા રાજપુત્ર હેનરી.** (સને ૧૦૮૪–૧૪૦૦)–જૉન ઑફ ગૉન્ટ ઉર્ફે ડ્યુક ઑફ લૅન્કૅસ્ટરની છોકરી ફિલિપા પોર્ટુગલના રાજા પહેલા જૉન સાથે પરણી હતી. તે ઘણી શાણી, સાદી જીંદગી ગુજારનારી ધર્મનિષ્ઠ રાણી હતી, અને તેણે પોતાની આખી જીંદગી એ બે રાજ્યો વચ્ચે ચાલતું વેર નાશ કરી તેમની વચ્ચે સ્નેહ અને સલાહ સંપ વધારવામાં વ્યય કરી હતી. એ રાણીને આઠ છોકરા થયા હતા. તે સર્વને તેણે ઉત્તમ પ્રકારનું શિક્ષણ આપ્યું હતું. એમાંના ડુઆર્ટ, પેડ્રો, ફરનાન્ડો અને

હેનરી એ ચાર ઘણા નામાંકિત થયા હતા એમાનો સૌથી નાનો હેનરી ઇતિહાસમા 'નૌકાનયનવેત્તા' તરીકે ઓળખાયવો છે એના પરાક્રમો સને ૧૪૧૨ પછીજ લોકોની જાણમા આવ્યા બાપની સાથે યુદ્ધમા જોડાઈ એણે વિજય મેળવ્યો એટલે જૉને એને ડ્યુકની પદવી તથા અનેક જાગીરો આપ્યા, પણ હેનરીનુ લક્ષ મૂળથીજ દરીઆ તરફ વિશેષ વળેલુ હતુ જીબ્રૉલ્ટરની સામા આફ્રિકાના ઉત્તર કિનારાપર સ્યૂટા નામના શહેરમા મુસલમાનોનો એલેકઝાન્ડ્રીઆ વગેરે સાથેનો મોટો વેપાર ચાલતો હતો, તે શહેર સને ૧૪૧૫ મા હેનરીએ કબજે કરી પોતાની ખ્યાતિ આખા યુરોપમા ફેલાવી સ્પેન ઉપર આરબોનો અમલ બેસ પછી ત્યા હિંદુસ્તાનની અનેક મુલ્યવાન વસ્તુનો ખપ થવા લાગ્યો હતો, પણ તે અમલ નષ્ટ થતાં એ વસ્તુઓ મેળવવામા લોકોને ઘણી અડચણ પડવા લાગી, ત્યારે હિંદુસ્તાન જવાનો સમુદ્ર માર્ગ શોધી કહાડવા, અને તેમ કરી મુસલમાનોની દોલત પોતે ખેચી લેવાના ઇરાદાથી હેનરીએ સમુદ્રમા અનેક સફરો મોકલી સને ૧૪૧૮ મા સસાર છોડી તેણે યુરોપના છેક નૈરુત્ય ખુણા ઉપર આવેલી સેગરની ભૂશિર આગળ અફાટ સમુદ્ર ઉપર નજર ફેકી શકાય એવી જગ્યાએ મકાન બાવી એક વેધશાળા સ્થાપી, અને ત્યાજ પોતે રહેવા લાગ્યો આ ઠેકાણે તેણે યુરોપના મોટા મોટા પડિતોને એકત્ર કર્યા, અને અન્ય પ્રદેશોની શોધખોળ કરવા કાફલાઓ રવાના કર્યા તે એક ખ્રિસ્તી સસ્થાનો અધ્યક્ષ હોવાથી તેમાથી જે ઉત્પન્ન આવતુ તે આ કામમા તે ખરચતો, વેપાર તથા ખ્રિસ્તી ધર્મ એ બન્નેની વૃદ્ધિ તેણે એકી વખતેજ કરવાની હતી જ્યોતિષ અને નૌકાશાસ્ત્રનો અભ્યાસ કરી તેણે જે શોધ કરી તેને પરિણામે એશિઆ, આફ્રિકા અને અમેરિકામા અદ્યાપી નહી જણાયલા પ્રદેશો યુરોપિઅનોને હાથ લાગ્યા એના ભાઈ પેડ્રોએ સને ૧૪૧૯ થી ૧૪૨૮ સુધી યુરોપના સઘળા દેશોમા ફરી વેપાર વગેરે બાબતની ખાસ માહિતી મેળવી તે હેનરીને ઘણી ઉપયોગી થઈ એ વેળા આફ્રિકાના કિનારા ઉપર આવેલી નન*ની ભૂશિરની પેલીમેર

* આ શબ્દનો અર્થ 'આગળ જવાની હદ બધ' એવો થાય છે

યુરોપનાં વહાણો જતાં નહીં. હેનરીએ તેની અગાડી કેપ બોજાડોર લગીનો કિનારો શોધી કહાડ્યો, અને તેની પાસેના મદીરાના ટાપુઓ સને ૧૪૧૮ થી ૧૪૨૦ ના અરસામાં ખોળી કહાડ્યા. સને ૧૪૪૦ થી ૧૪૫૦ ના વચગાળામાં એઝોર બેટ અને વર્ડની ભૂશિર તેને હાથ લાગ્યાં. ખ્રિસ્તી ધર્મનો પ્રસાર કરવાની મતલબથી આ સઘળી ખટપટ ઉપાડી છે એવું તેણે પોપને સમજાવ્યું, અને બોજાડોરની અગાડી જે કોઈ નવા પ્રદેશ શોધી કહાડવામાં આવે તે ઉપર પોર્તુગલનો અમલ રહે એવા આશયનો પોપનો હુકમ તેણે મેળવ્યો. આ પ્રમાણે સને ૧૪૪૧ માં રોમથી જે હુકમ નીકળ્યો, અને તેને વખતોવખત બીજા પોપે જે અનુમોદન આપ્યું તેના ઉપરજ પ્રદેશવૃદ્ધિની બાબતમાં યુરોપિઅન રાજ્યોનો મુખ્ય આધાર હતો.

આ સઘળી ધામધુમના મૂળમાં મુસલમાનોના અમલનો અંત આણી ખ્રિસ્તી ધર્મનો પ્રસાર કરવાનો આશય સમાયલો હતો. હાથ લાગેલા નવા મુલકોમાંથી લવાય તેટલા લોકોને આ રાજપુત્ર પોર્તુગલમાં આણતો, અને તેઓને ખ્રિસ્તી ધર્મની દીક્ષા આપી તેમની પાસેથી વેપાર સંબંધી સઘળી ખબર મેળવતો. આવી શરૂઆતથી ગુલામો વેચવા તથા ખરીદવાનો ધંધો હસ્તીમાં આવ્યો. આ ધંધાથી પોર્તુગલને ઘણીજ કીફાયત થઈ. ફોગટ કામ કરનારા લોકો દેશમાં આવવાથી ખેતી અને ઘરખાનગી કામ કરવા માટે પોર્તુગીઝોએ અસંખ્ય ગુલામોને પોતાની નોકરીમાં રાખ્યા, એટલે પોતે પરદેશ જવાને છુટા થયા. પણ આ પ્રમાણે લડવૈયા લોકોની દેશમાં થતી ભરતી ઓછી થવાથી રાજ્યને જે નુકસાન થયું, અને તેનું જે ખરાબ પરિણામ આવ્યું તેનું વિવેચન પ્રસંગોપાત થશે. હાલમાં તો નવીન પ્રદેશનું સ્વામિત્વ તથા ત્યાંની સુવર્ણ વગેરે સંપત્તિ યુરોપિઅનોને પ્રાપ્ત થઈ હતી. પૂર્વે દરીઆની લાંબી મુસાફરી કરવાની કોઈ હિંમત કરતું નહીં પણ એ બ્હીક જતી રહેતાં ધન મેળવવાની આશામાં યુરોપના ઘણા લોકો પોર્તુગીઝોના આસરા હેઠળ સમુદ્રયાત્રા કરી અનેક ધનાઢ્ય પ્રદેશ તરફ ધસવા લાગ્યા હતા. આવાં અનુપમ કામોની શરૂઆત કરી રાજપુત્ર હેનરી સને ૧૪૬૦ માં મરણ પામ્યા પછી તેના ભત્રીજા પાંચમા ઑલ્ફોન્સોએ

હેનરી એ ચાર ઘણા નામાંકિત થયા હતા એમાનો સૌથી નાનો હેનરી ઇતિહાસમા 'નૌકાનયનવેત્તા' તરીકે ઓળખાય છે એના પરાક્રમો સને ૧૪૧૨ પછીજ લોકોની જાણમા આવ્યા બાપની સાથે યુદ્ધમા જોડાઈ એણે વિજય મેળવ્યો એટલે જૉને એને ડ્યુકની પદવી તથા અનેક જાગીરો આપ્યા, પણ હેનરીનુ લક્ષ મૂળથીજ દરીઆ તરફ વિશેષ વળેલુ હતુ જીબ્રૉલ્ટરની સામા આફ્રિકાના ઉત્તર કિનારાપર સ્યૂટા નામના શહેરમા મુસલમાનોનો એલેક્ઝાન્ડ્રીઆ વગેરે સાથેનો મોટો વેપાર ચાલતો હતો, તે શહેર સને ૧૪૧૫ મા હેનરીએ કબજે કરી પોતાની ખ્યાતિ આખા યુરોપમા ફેલાવી સ્પેન ઉપર આરબોનો અમલ બેઠા પછી ત્યા હિંદુસ્તાનની અનેક મુલ્યવાન વસ્તુનો ખપ થવા લાગ્યો હતો, પણ તે અમલ નષ્ટ થતા એ વસ્તુઓ મેળવવામા લોકોને ઘણી અડચણ પડવા લાગી, ત્યારે હિંદુસ્તાન જવાનો સમુદ્ર માર્ગ શોધી કહાડવા, અને તેમ કરી મુસલમાનોની મેહનત પોતે ખેંચી લેવાના ઇરાદાથી હેનરીએ સમુદ્રમા અનેક સફરો મોકલી સને ૧૪૧૮ મા સસાર છોડી તેણે યુરોપના છેક નૈઋત્ય ખુણા ઉપર આવેલી સેગરની ભૂશિર આગળ અફાટ સમુદ્ર ઉપર નજર ફેંકી શકાય એવી જગ્યાએ મકાન બાધી એક વેધશાળા સ્થાપી, અને ત્યાજ પોતે રહેવા લાગ્યો આ ઠેકાણે તેણે યુરોપના મોટા મોટા પડિતોને એકઠા કર્યા, અને અન્ય પ્રદેશોની શોધખોળ કરવા કાફલાઓ રવાના કર્યા તે એક ખ્રિસ્તી સસ્થાનો અધ્યક્ષ હોવાથી તેમાથી જે ઉત્પન્ન આવતુ તે આ કામમા તે ખરચતો, વેપાર તથા ખ્રિસ્તી ધર્મ એ બન્નેની વૃદ્ધિ તેણે એકી વખતેજ કલ્પાની હતી જ્યોતિષ અને નૌકાશાસ્ત્રનો અભ્યાસ કરી તેણે જે શોધ કરી તેને પરિણામે એશિઆ, આફ્રિકા અને અમેરિકામા અદ્યાપી નહી જણાયલા પ્રદેશો યુરોપિઅનોને હાથ લાગ્યા એના ભાઈ પેડ્રોએ સને ૧૪૧૯ થી ૧૪૨૮ સુધી યુરોપના સઘળા દેશોમા ફરી વેપાર વગેરે બાબતની ખાસ માહિતી મેળવી તે હેનરીને ઘણી ઉપયોગી થઈ એ વેળા આફ્રિકાના કિનારા ઉપર આવેલી નન*ની ભૂશિરની પેલીમેર

* આ શબ્દનો અર્થ 'આગળ જવાની હદ બધ' એવો થાય છે

તથા બીજા જૉને આ શોધોનું કામ એના જેટલીજ ચીવટાઇથી તથા દ્રઢ-તથી આગળ ચલાવ્યું.

હેનરીના થકવી નાખે તેવા ઉદ્યોગને લીધે તે 'નેવીગેટર' એટલે નૌકાનયનવેત્તા તરીકે ઇતિહાસમાં પંકાયલો છે. પૂર્વે હજારો વર્ષ લગી આટલાંટિક મહાસાગરમાં થઇને આફ્રિકાને કિનારે જળમાર્ગે કેપ બોજાડોરની દક્ષિણે જવું ધાસ્તી ભરેલુ તથા નિરૂપયોગી છે, આટલાંટિક મહાસાગર દક્ષિણ તરફ તળાવ સરખો હોવાથી તે બીજા મહાસાગર સાથે મળેલો નથી, વગેરે જે માન્યતા હતી તે ભૂલ ભરેલી છે, અને હિમતથી આફ્રિકાના દક્ષિણ છેડાની પ્રદક્ષિણા કરી બીજા મહાસાગરમાં ઉતરવાનું સહેલ છે એવું હેનરીએ સિદ્ધ કરી આપ્યું. બેતાળીશ વર્ષ લગી પરિશ્રમ કરી દક્ષિણે અરાદમાં અંશ લગીનો પ્રદેશ એ રાજપુત્રે શોધી કહાડયો, અને તેની પણ આગળ શોધ ચલાવવાનો માર્ગ ખુલ્લો કરી તે વિશેનું ધોરણ નક્કી કર્યું.

આજે પણ પોર્તુગીઝોને પોતાના હિંદુસ્તાનમાંના રાજ્ય માટે આટલું બધું અભિમાન આવે છે તેનું કારણ એજ કે તે સ્થાપવા માટેનું તેમનું પ્રત્યેક કૃત્ય ઘણા શ્રમથી ઉઠાવવામાં આવ્યું હતુ, તેમ તે સાહસિક અને ખરચાળ પણ હતું. એ કામ પાર પાડવામાં તેમને અનેક અડચણો નડી હતી તેનું વિવેચન નૌકાશાસ્ત્રના ઇતિહાસ.માટે મહત્વનું છે. જર્સન ડ કુન્હાના મુંબઇના વર્ણનમાં (પૃષ્ટ ૧૨૦) હેઠળનો મજકુર છે;—

'રાજપુત્ર હેનરીને નવી શોધ ચલાવવા માટે સ્ફુરતી આવી તેનાં કારણો:—

૧. બોજાડોરની ભશિરની અગાડીનો પ્રદેશ કેવો છે તે જાણવાની ઇચ્છા;—
૨. તે પ્રદેશોમાં ખ્રિસ્તી રાજ્યો અને ઉપયુક્ત બંદરો હોય તો તેનો પોતાના દેશ સાથે વેપાર વધારવાની ઉત્કંઠા;
૩. આફ્રિકામાં મુસલમાનોનું પ્રબળ કેટલું છે તે જાણવાની, તેમજ
૪. તે તરફ તેમની વિરૂદ્ધ પોતાને મદદ કરી શકે એવું કોઇ ખ્રિસ્તી રાજ્ય છે કે નહીં તે શોધી કહાડવાની, તથા

૫. ખ્રિસ્તી ધર્મનો પ્રસાર કરવાની તેની અનહદ આકાંક્ષા.'

રાજપુત્ર હેનરીના મરણ પછી ત્રણ વર્ષે સને ૧૪૬૩ માં પોર્ટુગીઝ લોકો સીએરા લીઓન (સિંહની રાત્રીની ગર્જના) ના કિનારા લગી ગયા. સને ૧૪૭૧ માં તેઓ આફ્રિકાને કિનારે કિનારે ભૂમધ્યવૃત્ત સુધી પહોંચ્યા, અને સને ૧૪૮૪ માં કોંગો નદીના પ્રદેશમાં દાખલ થયા. નવો મુલક હાથ લાગતાં ત્યાં તેઓ ધર્મોત્સવ કરતા તે પ્રમાણે સને ૧૪૮૨ ના જાનેવારી માસની ૧૯ મી તારીખે લા મિનામાં ઉતર્યા પછી બીજે દિવસે સવારે એક ઉંચા ઝાડની ડાળી ઉપર તેઓએ પોર્ટુગલનો વાવટો ચડાવ્યો, અને ઝાડ નીચે એક મોટો હોમ કરી તથા સર્વેએ એકઠા મળી સ્તોત્ર ભણી, તે દેશના લોકોને ઇશ્વર ખ્રિસ્તી ધર્મમાં દાખલ થવાની બુદ્ધિ આપે, અને પોતાના ધર્મની ચડતી કરે એવી પ્રાર્થના કરી. ચાર વર્ષ બાદ સને ૧૪૮૬ માં બાર્થોલોમો ડીઆસ આફ્રિકાના દક્ષિણ ટુંકાની શોધ કરી યુરોપ પાછો ફર્યો.

તેરમા ચૌદમા સૈકામાં રોમના પોપનો લાગવગ આખા યુરોપમાં પૂર જામેલો હતો, અને તેના હુકમ પ્રમાણે તે ખંડનાં સઘળાં રાજ્યો દોરવાતાં હતાં. આવાજ કોઈ હુકમાનુસાર સને ૧૧૭૯ માં પોર્ટુગલ સ્પેનથી સ્વતંત્ર થયું હતું. અદ્યાપિ નહીં જણાયલા મુલકો જાણમાં આવતાં તે ઉપર પોપની સત્તા ચાલે તેવા હેતુથી પંદરમા સૈકામાં પોપના દરબારમાંથી અનેક હુકમો નીકળ્યા હતા. સને ૧૪૫૪ માં પાંચમા નિકોલસે એક ફરમાનની રૂએ પોતાના અનુયાયીઓને તેમની મરજીમાં આવે, તેવા વિધર્મી લોકોને ખ્રિસ્તી ધર્મમાં વટાળવાનો અધિકાર આપ્યો હતો. સને ૧૪૮૧ માં ચોથા સેકસ-ટસે કહાડેલા હુકમનો આશય એવો હતો કે કેપ બોજાડોરની દક્ષિણે પોર્ટુ-ગલે જે જે પ્રદેશો શોધી કહાડ્યા હોય તે સઘળા તેના તાબાના સમજવા.' તા. ૪ થી મે ૧૪૯૩ ને રોજે છઠ્ઠા એલેકઝાન્ડર પોપના હુકમ અન્વયે પોર્ટુગલ અને સ્પેનનાં રાજ્યોની હદ ઠરાવવામાં આવી હતી. આવા હુકમો કહાડવાના પોપના અધિકાર બાબત ઘણી ચર્ચા થઈ છે; પણ તે સમયે કેટલાક સૈકા સુધી ખ્રિસ્તી રાજ્યો વચ્ચેના ટંટાનો નિકાલ કરી તેમની વચ્ચે સલાહ કરાવવાનું કામ ખાસ કરીને પોપના હાથમાં હતું. આ રાજ્યો પોપના હુકમો

તથા બીજા જોને આ શોધોનુ કામ એના જેટલીજ ચીવટાઈથી તથા દૃઢતથી આગળ ચલાવ્યુ

હેનરીના થકવી નાખે તેવા ઉદ્યોગને લીધે તે ‘ નેવીગેટર ’ એટલે નૌકાનયનવેત્તા તરીકે ઇતિહાસમા પકાયલો છે પૂર્વ હજારો વર્ષ લગી આટલાન્ટિક મહાસાગરમા થઇને આફ્રિકાને કિનારે જળમાર્ગે કેપ બોજાડોરની દક્ષિણે જવુ ધાસ્તી ભરેલુ તથા નિરૂપયોગી છે, આટલાન્ટિક મહાસાગર દક્ષિણ તરફ તળાવ સરખો હોવાથી તે બીજા મહાસાગર સાથે મળેલો નથી વગેરે જે માન્યતા હતી તે ભ્રમ ભરેલી છે, અને હિંમતથી આફ્રિકાના દક્ષિણ છેડાની પ્રદક્ષિણા કરી બીજા મહાસાગરમા ઉતરવાનુ સહેલ છે એવુ હેનરીએ સિદ્ધ કરી આપ્યુ બેતાળીશ વર્ષ લગી પરિશ્રમ કરી દક્ષિણે અશાંશમા અંશ લગીનો પ્રદેશ એ રાજપુત્રે શોધી કહાડ્યો, અને તેની પણ આગળ શોધ ચલાવવાનો માર્ગ ખુલ્લો કરી તે વિશેનુ ધોરણ નક્કી કર્યુ

આજે પણ પોર્ટુગીઝો ને પોતાના હિંદુસ્તાનમાના રાજ્ય માટે આટલુ બધુ અભિમાન આવે છે તેનુ કારણ એજ કે તે સ્થાપવા માટેનુ તેમનુ પ્રત્યેક કૃત્ય ઘણા શ્રમથી ઉઠાવવામા આવ્યુ હતુ તેમ તે સાહસિક અને ખરચાળ પણ હતુ એ કામ પાર પાડવામા તેમને અનેક અડચણો નડી હતી તેનુ વિવેચન નૌકાશાસ્ત્રના ઇતિહાસ માટે મહત્વનુ છે જર્સન ડ કુન્હોના મુંબાઈના વર્ણનમા ( પૃષ્ઠ ૧૨૦ ) હેઠળનો મજકુર છે —

રાજપુત્ર હેનરીને નવી શોધ ચલાવવા માટે સ્ફુરતી આવી તેના કારણો –

૧ બોજાડોરની ભૂશિરની અગાડીનો પ્રદેશ કેવો છે તે જાણવાની ઇચ્છા –

૨ તે પ્રદેશોમા ખ્રિસ્તી રાજ્યો અને ઉપયુક્ત બંદરો હોય તો તેનો પોતના દેશ સાથે વેપાર વધારવાની ઉત્કંઠા

૩ આફ્રિકામા મુસલમાનોનુ પ્રબળ કેટલુ છે તે જાણવાની તેમજ

૪ તે તરફ તેમની વિરૂદ્ધ પોતાને મદદ કરી શકે એવુ કોઈ ખ્રિસ્તી રાજ્ય છે કે નહી તે શોધી કહાડવાની તથા

૫. ખ્રિસ્તી ધર્મનો પ્રસાર કરવાની તેની અનહદ આકાંક્ષા.'

રાજપુત્ર હેનરીના મરણ પછી ત્રણ વર્ષે સને ૧૪૬૩ માં પોર્ટુગીઝ લોકો સીએરા લીઓન (સિંહની રાત્રીની ગર્જના) ના કિનારા લગી ગયા. સને ૧૪૭૧ માં તેઓ આફ્રિકાને કિનારે કિનારે ભૂમધ્યવૃત્ત સુધી પહોંચ્યા, અને સને ૧૪૮૪ માં કૉંગો નદીના પ્રદેશમાં દાખલ થયા. નવો મુલક હાથ લાગતાં ત્યાં તેઓ ધર્મોત્સવ કરતા તે પ્રમાણે સને ૧૪૮૨ ના જાનેવારી માસની ૧૯ મી તારીખે લા મિનામાં ઉતર્યા પછી બીજે દિવસે સવારે એક ઉંચા ઝાડની ડાળી ઉપર તેઓએ પોર્ટુગલનો વાવટો ચડાવ્યો, અને ઝાડ નીચે એક મોટો હોમ કરી તથા સર્વેએ એકઠા મળી સ્તોત્ર ભણી, તે દેશના લોકોને ઇશ્વર ખ્રિસ્તી ધર્મમાં દાખલ થવાની બુદ્ધિ આપે, અને પોતાના ધર્મની ચડતી કરે એવી પ્રાર્થના કરી. ચાર વર્ષ બાદ સને ૧૪૮૬ માં બાર્થાલોમો ડીઆસ આફ્રિકાના દક્ષિણ ઠુંકાની શોધ કરી યુરોપ પાછો ફર્યો.

તેરમા ચૌદમા સૈકામાં રોમના પોપનો લાગવગ આખા યુરોપમાં પૂર જામેલો હતો, અને તેના હુકમ પ્રમાણે તે ખંડનાં સઘળાં રાજ્યો દોરવાતાં હતાં. આવાજ કોઈ હુકમાનુસાર સને ૧૧૭૯ માં પોર્ટુગલ સ્પેનથી સ્વતંત્ર થયું હતું. અદ્યાપિ નહીં જાણુયલા મુલકો જાણમાં આવતાં તે ઉપર પોપની સત્તા ચાલે તેવા હેતુથી પંદરમા સૈકામાં પોપના દરબારમાંથી અનેક હુકમો નીકળ્યા હતા. સને ૧૪૫૪ માં પાંચમા નિકોલસે એક ફરમાનની રૂએ પોતાના અનુયાયીઓને તેમની મરજીમાં આવે તેવા વિધર્મી લોકોને ખ્રિસ્તી ધર્મમાં વટાળવાનો અધિકાર આપ્યો હતો. સને ૧૪૮૧ માં ચોથા સેકસ-ટસે કહાડેલા હુકમનો આશય એવો હતો કે કેપ બોજાડોરની દક્ષિણે પોર્ટુ-ગલે જે જે પ્રદેશો શોધી કહાડ્યા હોય તે સઘળા તેના તાબાના સમજવા.' તા. ૪ થી મે ૧૪૯૩ ને રોજે છઠ્ઠા એલેકઝાન્ડર પોપના હુકમ અન્વય પોર્ટુગલ અને સ્પેનનાં રાજ્યોની હદ ઠરાવવામાં આવી હતી. આવા હુકમો કહાડવાના પોપના અધિકાર બાબત ઘણી ચર્ચા થઈ છે; પણ તે સમયે કેટલાક સૈકા સુધી ખ્રિસ્તી રાજ્યો વચ્ચેના ટંટાનો નિકાલ કરી તેમની વચ્ચે સલાહ કરાવવાનું કામ ખાસ કરીને પોપના હાથમાં હતું. આ રાજ્યો પોપના હુકમો

પાળતાં, અને સોળમી સદીની આખર સુધી તે તોડવાની તેમણે હિંમત કરી નહોતી. પોર્ટુગીઝ સરકારના તાબામાં હિંદુસ્તાનનો ઘણો મુલક નહીં હતો છતાં એ લોકો લખાપડીમાં આખો દેશ આપણો છે એવી જે ભાષા વાપરતા તે આવા હુકમોને લીધેજ હતું.

રાજપુત્ર હેનરીને પોર્ટુગલનું રાજ્ય મળ્યું નહીં, પણ તેના મોટા ભાઇનો છોકરો પાચમા ઑલ્ફોન્સો તરીકે સને ૧૪૩૮ માં ગાદીએ આવ્યો. તેણે ઉપર કહ્યા પ્રમાણે ઉપરાચાપરી કાફલાઓ રવાના કરી આફ્રિકાનો ઘણો કિનારો શોધી કહાડ્યો. તે સને ૧૪૮૧ મા મરણ પામતાં તેનો છોકરો બીજો જૉન રાજા થયો. એ ઘણો ચાલાક અને વિચિક્ષણ બુદ્ધિનો હોવાથી એના સમયમાં આ સઘળી શોધોનું ખરૂં ફળ પોર્ટુગલને પ્રાપ્ત થયું. જૉન રાજાએ ફક્ત સમુદ્ર ઉપરજ આધાર રાખી બેસી નહીં રહેતાં ખુશ્કી માર્ગે પણ તેણે અનેક પ્રયત્ન કર્યા.

આફ્રિકાના પૂર્વ કિનારા ઉપર આફ્રિકન લોકોનું એક પ્રબળ રાજ્ય હતું, અને તેનો રાજા પ્રેસ્ટર જૉન યુરોપમાં પ્રસિદ્ધ હતો. આ રાજ્યમાં મસાલા પાકે છે એવી બાતમી મળતાં પોર્ટુગલના જૉને તે બાબતની તપાસ કરવા માટે ભૂમધ્ય સમુદ્રમાં થઇને અને આગળ પગરસ્તે અનેક ટોળીઓ મોકલી. સને ૧૪૮૭ માં તેણે આ કામ સારૂ કોવિલો અને પેવા નામના બે હોંશીઆર ગૃહસ્થોને પૂર્વ તરફ મોકલ્યા હતા. તેઓ નેપલ્સ તથા એલેક્ઝાન્ડ્રીઆમાં થઇને કેરો પહોંચ્યા, અને મુસલમાનો પાસે ત્યાંથી આગળના પ્રદેશની માહિતી મેળવતાં મેળવતાં એડન ગયા. પાછા ફરી બન્નેએ કેરોમાં મળવું એમ નક્કી કરી કોવિલો એડનથી હિંદુસ્તાન તરફ વળ્યો, અને પેવા ઉત્તરે ઇથિઓપિઆ (એબીસીનિઆ)માં ગયો.

કોવિલો એક મુસલમાની વહાણમાં બેસી એડનથી મલબાર કિનારે કાનાનુર અને કૅલિકટ આવ્યો. કૅલિકટમાં સુંઠ, મરી વગેરે મસાલા પુષ્કળ થાય છે એની તપાસ કરી, તે ગોવા અને ઑર્મેઝ થઈ આફ્રિકાને કિનારે સોફાલા આગળ ઉતર્યો. અહીં તેને માડાગાસ્કરના ટાપુની તથા

કિનારે કિનારે દક્ષિણે થઈ યુરોપમાં જવાના માર્ગની ખબર મળી. આ હકીકત લઈ તે પાછો એડન થઈ કેરો આવ્યો ત્યારે ત્યાં જૉન રાજાએ મોકલેલાં બીજાં માણસો એને મળ્યાં, અને પેવાના મરણના સમાચાર તેણે જાણ્યા. અહીંથી પોતે મેળવેલી સર્વ હકીકત પોર્ટુગલ મોકલી તે ઑર્મઝ ગયો, અને ત્યાંથી એડન આવી ઇથિઓપિઆમાં ઉતર્યો. ત્યાં પ્રેસ્ટર જૉન ઉર્ફે એલેકઝાન્ડર નામના રાજા સાથે તેને દોસ્તી થઈ, અને તેણે પોર્ટુગલના રાજા માટે અત્યંત સ્નેહભાવ જાહેર કર્યો.

૩. **ડીઆસ તથા કોલમ્બસની સફરો (સને ૧૪૮૭–૧૪૯૨).** —પ્રેસ્ટર જૉનના મુલકની શોધ કરવા માટે જૉને બે ટોળીઓ મોકલી હતી. એક ભૂમધ્ય સમુદ્રમાં થઇને જમીન માર્ગે ઉપર કહી તે, અને બીજી આટલાંટિક મહાસાગરમાંથી આફ્રિકાની દક્ષિણ બાજુએ. આ બીજી ટોળીનો ઉપરી બાર્થોલોમ્યો ડીઆસ હતો. તે એક દરીઆ ઉપર મશહુર થયલા કુટુંબમાં જન્મેલો સાહસિક વહાણવટી હતો. પચાસ પચાસ ટનનાં (એક ટન સુમારે ૩ ખાંડી) બે વહાણો લઇને તે સને ૧૪૮૬ના ઑગસ્ટ માસની આખરે લિસ્બનથી નીકળ્યો. આફ્રિકાના દક્ષિણ છેડા ઉપર જઈ પહોંચતાં તેને હવા ઘણીજ ઠંડી લાગવા માંડી એટલે, કિનારા પાસે જવાના ઈરાદાથી દક્ષિણ દિશા છોડી તેણે પશ્ચિમ તરફ પોતાનાં વહાણો હંકાર્યાં. તે બાજુએ કિનારો ન મળવાથી તે પાછો ઉત્તર તરફ વળ્યો ત્યારે તેને કિનારો હાથ લાગ્યો. એનો અર્થ એટલોજ થાય છે કે અજાણતાં તેણે આફ્રિકાના દક્ષિણ છેડાની પ્રદક્ષિણા કરી. ઉત્તરમાંને ઉત્તરમાં જતાં આલ્ગોઆના ઉપસાગરમાંના એક બેટ ઉપર તે આવ્યો, અને તેણે તેનું નામ સેંટા ક્રુઝ પાડ્યું. એ નામ અદ્યાપિ પણ ચાલે છે. થોડે અગાડી ગયા પછી તે એક નદી આગળ આવ્યો અહીંથી ખલાસીઓના આગ્રહને લીધે ડીઆસને પાછા ફરવું પડ્યું. પાછા ફરતાં તેણે આફ્રિકાની પુનઃ પ્રદક્ષિણા કરી; પણ તેમ કરતાં તેને અનેક સંકટો ભોગવવાં પડવાથી તેણે તે ખંડના છેક દક્ષિણ છેડાનું નામ 'કેપ ઑફ સ્ટૉર્મ' (Cape of Storm) 'તોફાનની ભૂશિર' એવું આપ્યું. ડીઆસ સને ૧૪૮૭ના ડીસેમ્બર માસમાં

પાછો લિસ્બન જઈ પહોંચ્યો. એની સઘળી હકીકત સાંભળી જૉનને ઘણો સંતોષ થયો, કેમકે તેથી આફ્રિકાને દક્ષિણ છેડેથી સમુદ્રમાર્ગે હિંદુસ્તાન જવાનો રસ્તો મળવાની તેની આશા ફળીભૂત થઈ. આ આનંદના ઉભરામાં 'તોફાનની ભૂશિર' એ નામ બદલી જોને આફ્રિકાના દક્ષિણ છેડાનુ 'કેપ ઑફ ગુડ હોપ' (Cape of Good Hope) 'સારી આશાની ભૂશિર' એવું નામ પાડ્યું.

બીજી તરફ કોલમ્બસ શું કરતો હતો તે આપણે જોઇએ. એ જીનોઆનો રહેનાર હતો. એ રાજ્ય આબાદ હોવા છતાં એને ત્યાંથી કંઈ મદદ નહીં મળવાથી તે પોર્ટુગલના રાજાનાં તથા ત્યાંના લોકોની સાહસિક વૃત્તિનાં વખાણ સાંભળી આશ્રય માગવાના હેતુથી લિસ્બન ગયો. ત્યાં ભૂગોળશાસ્ત્રનું ઉત્તમ જ્ઞાન એને મળ્યું, તેમજ આટલાંટિક મહાસાગરમાં થઇને પશ્ચિમ તરફથી ઘસડાઇ આવેલી માણસની બનાવટની અનેક ચીજો તેના જોવામાં આવી. આ ઉપરથી ઠેઠ પશ્ચિમ તરફ જતાં એશિઆનો એટલે હિંદુસ્તાનનો પૂર્વ કિનારો આપણને મળશે એવો તેનો વિચાર દ્રઢ થયો. આ સફર કરવામાં તેણે પોર્ટુગલના રાજાની મદદ માગી ત્યારે તેણે એવા કામમાં નિપુણ હોય તેવા પંડિતોની એક સભા બેસાડી તેનો અભિપ્રાય માગ્યો. જ્યારે બે જુદી જુદી સભાએ એવો મત ઉચ્ચાર્યો કે, કોલમ્બસનો સાહસ મુર્ખાઈભરેલો તેમજ અર્થ વગરનો છે, ત્યારે રાજાએ નિરૂપાય થઈ તેને મદદ કરવા ના પાડી. તેમ છતાં તેણે મેળવેલી માહિતી તેની પાસેથી કઢાવી લઈ પોર્ટુગીઝોએ પોતેજ તેના કહેવા મુજબનો પ્રયત્ન કરવો એવી યુક્તિ રચાઈ. પરંતુ તેની ખબરો બીજાને શું કામ લાગે! તેની તરફ બતાવવામાં આવેલી દુષ્ટ વૃત્તિથી કોલમ્બસ નાસીપાસ થઈ ગયો, અને ઈ. સ. ૧૪૮૪માં ગુપ્તપણે લિસ્બન છોડી તે જીનોઆ પાછો ફર્યો. ત્યાં પણ તેનો કંઈ આદર થયો નહીં, ત્યારે અનેક સંકટો વેઠ્યા બાદ તે સ્પેનનાં રાજા રાણી ઉપર સિફારસ લઈ ગયો. રાણી આઈસાબેલાએ કોલમ્બસનું હિત હૈડે ધર્યું, અને તેને આશ્રય આપી સફરની સઘળી વ્યવસ્થા કરી આપી. આ પ્રમાણે કોલમ્બસ સને ૧૪૯૨ના ઑગસ્ટ

મહિનાની ત્રીજી તારીખે યુરોપથી નીકળી અમેરિકાની શોધ કરી પાછો ફર્યો, ત્યારે સ્પેનના રાજાને પોપ છઠ્ઠા એલેક્ઝાન્ડર તરફથી નવા મળેલા મુલક માટે સનદ મળી. એ સનદનો મજકુર એવો હતો કે, 'પૂર્વે ઈ. સ. ૧૪૫૪ માં પાંચમા નિકોલસ પોપે આફ્રિકામાંના દક્ષિણ તરફના મુલકની માલકિની સનદ પોર્ટુગલને આપેલી છે. હવે સ્પેનનાં રાજા રાણીએ શોધી કઢાવેલા મુલકના હક તેમને મળવા જોઇએ એવી તેમની ઇચ્છા છે. માટે આ ઉપરથી એવું ઠરાવવામાં આવે છે કે, એઝોર અને કેપ વર્ડ ટાપુઓની પશ્ચિમે ૩૦૦ માઇલ ઉપર દક્ષિણોત્તર એક મર્યાદા કલ્પી તે રેખાની પૂર્વ તરફના નવા, એટલે જ્યાં ખ્રિસ્તી રાજ્યનો અમલ નહી હોય, તેવા પ્રદેશ ઉપર યાવચ્ચન્દ્રદિવાકરૌ પોર્ટુગલની સત્તા સમજવી, અને એ રેખાની પશ્ચિમે આવેલા પ્રદેશ ઉપર સ્પેનની સત્તા સમજવી.' એક રાજ્ય પૂર્વ તરફ, અને બીજું પશ્ચિમ તરફ વધ્યુ જાય તો બન્ને કોઈ પણ ઠેકાણે મળશે એ વિચાર પોપે લક્ષમાં લીધા વિના આવી મર્યાદા ઠરાવી આપેલી હોવાથી આ બાબત ભવિષ્યમાં પુષ્કળ તકરાર થઈ. પ્રથમમાંજ પોર્ટુગલ અને સ્પેન વચ્ચે ટંટો થતાં ઉપરના હુકમમાં કહેલી ૩૦૦ માઇલની હદ ત્રણ ગણી વધારવામાં આવી.

આ પ્રમાણે યુરોપિઅન ખ્રિસ્તી રાજ્યોએ પૃથ્વી ઉપરના પ્રદેશોની તપાસણી શરૂ કરી, તે અદ્યાપિ ચાલુ છે. તેઓએ આ અથાગ મહેનત પૈસાના લોભમાં તણાઈ ઉપાડી હતી એ ખુલ્લું છે, તોપણ એ નિરંકુશિત ધનતૃષ્ણા તેઓએ ધર્મના બહાના હેઠળ ઢાંકી રાખી હતી. પારકા દેશમાં દાખલ થઈ ત્યાંની સંપત્તિ હસ્તગત કરવાની સામાન્ય પ્રજાની પ્રેરણા બુદ્ધિનું સમર્થન કરવા માટે સ્વધર્મનું ખેંચતાણ કરવામાં ખ્રિસ્તી ધર્મગુરૂઓએ કંઈ પણ આગળ પાછળ જોયું નહીં. પોપના હુકમમાંના 'ખ્રિસ્તી રાજ્યનો અમલ નહીં હોય એવા નવા પ્રદેશો' એટલા શબ્દો એવા સ્પષ્ટ છે કે તે ઉપર કંઈ પણ ટીકાની જરૂર નથી. આ હુકમ અન્વય સ્પેન તથા પોર્ટુગલનાં રાજ્યોએ સઘળી ગોઠવણ કરી, અને તે ઉપર તા. ૨૪ મી જુન સને ૧૫૦૬ ને દીને પોપની સંમતિ લીધી.

**૪. વાસ્કો ડ ગામાની પહેલી સફર** ( સને ૧૪૯૭-૯૮ ). ડીઆસના યુરોપ પાછા ફર્યા પછી થોડા સમયમાં જૉન રાજા માંદો પડયો, અને સને ૧૪૯૫ માં મરણ પામ્યો. તેની પછી તેનો છોકરો ઇમેન્યુઅલ ગાદી ઉપર આવ્યો. પૂર્વનો અનુભવ ઉપયોગમાં લઈ, એ હિંદુસ્તાન જવાનો જળમાર્ગ શોધી કહાડવાના કામમાં દ્રઢતાથી મચ્યો રહ્યો. પ્રસિદ્ધ જોશીઓને પ્રશ્ન કરી આ કામમાં તેને જરૂર યશ મળશે એવું અભયવચન તેણે મેળવ્યું. આ માટે તેણે ત્રણ વહાણો ખાસ બંધાવ્યાં, અને તેના ઉપર સઘળા પ્રકારની વ્યવસ્થા કરી વાસ્કો ડ ગામા નામના એક હોંશીઆર વહાણવટીને તેનો હવાલો સોંપ્યો. આ વહાણોનો આકાર ૧૨૫ થી ૩૦૦ ટન લગી હતો. વાસ્કો ડ ગામાની સાથે તેનો ભાઈ પોલો ડ ગામા, ડીઆસની સાથે સફરે ગયલામાંના કેટલાક ખલાસીઓ તથા બાર્થોલોમ્યો ડીઆસનો ભાઇ ડીઆગો ડીઆસ વગેરે હતા. સઘળા મળી આ પ્રવાસમાં સુમારે ૨૦૦ માણસો હતાં, અને તેઓ માટેની સઘળી વ્યવસ્થા રાજાએ જાતે મહેનત લઈ પૂર્ણ કરી હતી. શનિવાર તા. ૮ જુલાઈ ૧૪૯૭ ને રોજે આ વહાણો યુરોપનો કિનારો છોડી બહાર નીકળ્યાં. આસરે અકટોબર નવેમ્બરમાં તેઓએ આફ્રિકાનો દક્ષિણ છેડો વટાવ્યો, પણ અહીંઆં તેમને એટલું તો સખત તોફાન નડયું કે ખલાસીઓ ત્રાસી ગયા, આગળ જવા નાહિમત થયા, અને બંડ કરવા લાગ્યા. પણ ગામાએ સર્વને ધમકાવી કેટલાક અગ્રેસરોને અટકાવમાં રાખી તોફાન શાંત પાડયું. આગળ જતાં ક્રિસ્ટમસ ડે એટલે, ડીસેમ્બર માસની પચીસમી તારીખે કિનારો દેખાતાં ડ ગામાએ તેને નેટલ (એટલે ક્રાઇસ્ટનો જન્મ દિવસ) એવું નામ આપ્યું. એ નામ અદ્યાપિ ચાલે છે. સને ૧૪૯૮ ના માર્ચમાં આ કાફલો મોઝાંબિક પહોંચ્યો. રસ્તામાં તેણે મુસલમાન લોકોનું એક વહાણ પકડયું તો તેમાં મુંબઈ તરફનો દાવને ( Davane) નામનો એક મુસલમાન દલાલ તેમને મળ્યો. આ દલાલને હિંદુસ્તાન તરફના રસ્તાની તથા વેપારની ઘણી સારી માહિતી હોવાથી ગામાને તે ઘણો ઉપયોગી થઈ પડયો. આવા દલાલોનાં કૃતઘ્ન વર્તનને લીધે અનેક પ્રસંગે ગામાનો નિભાવ થયો હતો. કારણ

આફ્રિકાના કિનારા ઉપરના આરબ અધિકારીઓ પોર્ટુગીઝ લોકોને ઘણી સારી રીતે ઓળખતા હતા. એઓના આ તરફ આવવાથી પોતાના હાથમાંનો વેપાર જતો રહેશે અને સર્વનું નુકસાન થશે, એ તેઓ જાણતા હોવાથી ગામાનો નાશ કરવા અનેક પ્રયત્નો તેમણે કર્યા હતા, પણ આ દેશના લોકોએજ તેને સાવધ કરવાથી તેનો બચાવ થયો હતો.

મોઝાંબિક, મોમ્બાસા, કેલિકટ વગેરે ઠેકાણે થઈ ગામા એપ્રિલ ૧૪૯૮ માં મલિંદ (?) આવ્યો. અહીંના રાજાએ તેનો સારો સત્કાર કર્યો, અને તેને ખંભાત ન જતાં કૅલિકટ જવા સૂચવ્યું, તથા પોર્ટુગીઝ લોકો સાથે ઈમાનદારીથી વર્તવા હાવનેને ઉપદેશ કર્યો. મલિંદમાં ત્રણ મહિના રહી ગામાએ પોતાનાં વહાણો દુરસ્ત કર્યાં, અને આગળના દરીઆથી માહિતગાર હોય એવા ખલાસીઓ સાથે લઈ તા. ૬ ઠી ઓગસ્ટે તે ત્યાંથી નીકળ્યો, અને વીસ બાવીસ દિવસ પછી તેણે કૅલિકટના બંદરમાં પોતાનાં વહાણો નાંગર્યાં.

પોર્ટુગીઝ લોકોને હિંદુસ્તાન આવવાનો જળમાર્ગ હાથ લાગ્યો ત્યારે હજારો વર્ષના વેપારથી ધનાઢ્ય થયેલો પ્રદેશ તેમની પ્રત્યક્ષ નજર હેઠળ આવ્યો. એ વેળા કૅલિકટ, ઑર્મેઝ, એડન અને મલાકા વેપારનાં મુખ્ય ધામ હતાં. એ બંદરેથી અહીંની જણસો આરબ લોકો પોતાનાં વહાણમાં ભરી યુરોપ પહોંચાડતા. મલાક્કામાંથી મસાલા તથા એબની, ટિમોરની સુખડ, બોર્નિઓનું કપુર, સુમાત્રા અને જાવાનો લોબાન, કોચીન ચાયનાનો અગર (aloes wood); ચીન, જાપાન અને સિઆમનાં અત્તરો, ગુંદર, મસાલા, રેશમ અને રમકડાં; પેગુનાં રત્નો, કોરોમાંડલ કિનારા ઉપરથી બારીક કુમાસનાં વસ્ત્ર; બંગાળાનું કિમતી કાપડ, નેપાલ તથા ભુતાનનું ઉરીઆ જીરૂં ( spikenard ), ગોવળકોંડાના હીરા, નિર્મળનું પોલાદ; સિલોનના મસાલા, જમરૂદ અને મોતી; મલબારના મસાલા અને સાગ; ખંભાતની લાખ, કસબ અને જવાહીર; કાશ્મીરની શાલ તથા નકશીનાં વાસણો; સિંધમાંથી ગુગળ; ( bdellium ) ટિબેટમાંથી કસ્તુરી; ખોરાસાનમાંથી ગંધાબીરોજા ( galbanum ); અફઘાનિસ્તાનમાંથી ઘોડા; ઈરાનમાંથી

ગુંદર ( sagapenum ), ઝાઝીઆર, બર્બર, અને શહરમાંથી અંબર, હાથીદાંત, જમરૂદ, સુગંધી વસાણા, એ સિવાય અનેક જણસોની લેવડ-દેવડ કૅલિકટના બંદરે થતી*

આ વખતે કૅલિકટ બંદર ખરેખર ઘણુજ આબાદ હતુ એ શહેરનો વેપાર સુમારે છસો વર્ષ લગી આરબોના હાથમા હતો મક્કા અને કેરોના

* હમણાની અનેક શોધ ઉપરથી હિંદુસ્તાનના પ્રાચીન સુધારા વધારાની જે ખરી હકીકત મળે છે, તે ઉપરથી આપણને વધારે અને વધારે સ્પષ્ટ જણાય છે કે પ્રજાસત્તા રાજ્યવ્યવસ્થા, પરદેશ સાથે વેપાર, ઇત્યાદી અનેક મહત્ત્વની બાબતમા હિંદુ લોક પ્રાચીન કાળથી પ્રવીણ હતા તેઓ નૌકાનયનમા કુશળ હતા, તેમની પાસે મોટા મોટા જહાજ હતા, તે મારફત તેઓ બારદરીએ દૂર પર્યંત સફર કરતા, દશામા સૈકા સુધી આ કામમા તેમની બરોબરી કરી શકે તેવી બીજી કોઈ પ્રજા નહોતી પૂર્વમા ચીન જાપાન સુધી અને પશ્ચિમમા આફ્રિકાના આખા પૂર્વ કિનારા ઉપર હિંદુ વેપારીઓ ફરતા હતા જાવા, બોર્નિઓ, સુમાત્રા ઈત્યાદિ ટાપુઓમા હિંદુઓએ મોટા મોટા વસાહત સ્થાપ્યા હતા, તેમજ એડન, સોકોટ્રા, મોઝાંબિક વગેરે ઠેકાણે તેઓ દાખલ થયા હતા જાવા વગેરે બેટમાના દેવળો, જુની ઈમારતો, અને ત્યાના લોકોના ધર્માચાર તથા રીતરીવાજો એ સર્વ હિંદુઓના જેવાજ છે પશ્ચિમે અરબસ્તાનથી પૂર્વમા ચીન દેશ લગીના એશિઆના અડધાથી વધારે ભાગમા સર્વ જાતના સુધારા હિંદુસ્તાનને લીધે થયા હતા. આવી હકીકત હમણા મળી આવે છે [ બોમ્બે ગેઝીટીઅર વા ૧ લું ગુજરાતનો ઇતિહાસ આ પુસ્તકમા છેડે જાવા અને કંબોડીઆ વિષે બે લેખ આપેલા છે તે ઉપરથી ઉપરની હકીકત તારવી કહાડી છે ] ગુજરાત, કાઠીઆવાડ, સિંધ, માળવા, પંજાબ વગેરે પ્રાંતમાથી પુષ્કળ લોકો જાવા ને બીજા બેટોમા જઈ વસતા હતા ત્યા હિંદુસ્તાનના જેવીજ ગુફાઓ મળી આવે છે એ બન્ને દેશની ગુફાઓમાની મૂર્તિઓ તથા કોતરકામ આબેહુબ મળતા આવે છે ગુજરાતના કિનારા ઉપરની ઐતિહાસિક માહિતી ઉપરથી એટલુ માલમ પડે છે કે છેલ્લા બે હજાર વર્ષમા આ કિનારા ઉપરના લોકોએ વહાણવટામા ભારે કૌશલ્ય દાખવ્યું હતુ, અને વાયવ્ય હિંદુસ્તાનના લોકોને મલાયાદ્વીપ સમુહમા લઈ જઈ વસાવ્યા હતા વેપાર, વસાહત, અને દ્રવ્યના ઉદ્દેશથી હિંદુસ્તાનના લોકો પણ સમુદ્ર પ્રવાસ કરી દૂર-દેશ લગી જતા હતા

શ્રીમાન વેપારીઓનાં મોટાં જહાજો આરબી સમુદ્રમાં ફરતાં હતાં. હિંદુસ્તાનની જણસો ઈજીપ્તને રસ્તે યુરોપમાં પુરી પાડવાનો સંપૂર્ણ ઈજારો આરબોના હાથમાં હોવાથી તેઓ ઘણા પૈસાવાળા તથા મોભાદાર થયા હતા. એમને પોર્ટુગીઝ લોકોનું આ તરફ આવવું પસંદ પડયું નહીં, કેમકે તેઓના આગમનથી કેવો અને કેટલો અનર્થ થશે એ તેઓ સારી રીતે કળી શક્યા હતા.

હિંદુસ્તાનમાંથી પોર્ટુગીઝોનો ઉચ્છેદ કરવા માટે આરબોએ ભગીરથ પ્રયત્ન કર્યા પણ વાસ્કો ડ ગામા ઘણો ચતુર હોવાથી તેઓની સર્વ યુક્તિઓ તે નિર્મૂળ કરી શક્યો પ્રથમ તેણે એવી અફવા ઉડાવી કે 'પોર્ટુગીઝ લોકોનો એક મોટો કાફલો સફરે નીકળ્યો છે તેમાંથી આ વહાણો છુટાં પડી જવાથી, અમે તેની શોધમાં અહીં આવ્યા છીએ, બાકી હિંદુસ્તાન આવવાનો અમારો બીજો કંઈ હેતુ નથી.' ગામાનો વિચાર એકદમ કિનારે ઉતરી કૅલિકટના રાજાને મળવા જવાનો હતો, પણ દાવનેએ તેને સાવધ કરી કહ્યું કે આપણી સલામતીની જામીનગીરીના બદલામાં રાજા તરફનાં માણસો આપણા વહાણ ઉપર લીધા વિના તમારે બહાર પડવું નહીં. આ સૂચના ગામાને યોગ્ય જણાઈ. એ ઉપરથી તેણે પોતાનો વિચાર ફેરવ્યો, અને પોતાનાં આદમીઓને તાકીદ કરી કે વહાણો પાસે માલ વેચવા માટે જે હોડીઓ આવે તેની પાસેથી લોકો જે કિંમત માગે તે આપી માલ વેચાતો લેવો. આથી પોર્ટુગીઝ લોકોનાં ઔદાર્યપણાની વાખવાખી આખા શહેરમાં થઈ. ત્રણ દિવસ પછી કૅલિકટના રાજાએ માણસો મોકલી પોર્ટુગીઝ લોકો શા ઉદ્દેશથી આવ્યા છે તેની તપાસ કરાવી. ઉત્તરમાં ગામાએ દાવનેને રાજા પાસે મોકલ્યો, અને કહાવ્યું કે 'અમારાં છુટાં પડી ગયેલાં વહાણોની શોધમાં અમે અહીં આવ્યા છીએ; મસાલો વિગેરે વેચાતો લઈ અમો અહીંથી પાછા ફરશું.' ગામાએ મલિંદના રાજાને અનેક મુલ્યવાન વસ્તુ નજર કરી હતી, એવું દાવનેએ ઝામોરીનને કહેતાં ઝામોરીનના મ્હોડામાં પાણી છુટયું, અને તેણે મરી વિગેરે માલ જોઈએ તેટલો વેચાતો લેવાની ગામાને પરવાનગી આપી.

ઝામોરીનનો આ હુકમ સાભળતા આરબ વેપારીઓ શરમીંદા પડી ગયા તેઓએ આ વાત પશ્ચિમ કિનારા ઉપરના સર્વ બંદરોના વેપારીઓને પહોચાડી, અને રાજાને તેનો હુકમ ફેરવવા સમજાવવા માટે તેના કારભારીઓ મારફત ખટપટ કરી આરબોએ કારભારીઓને જણાવ્યુ કે 'પોર્ટુગીઝ લોકો ચૈસાવાળા છે, તેઓ માત્ર વેપાર અર્થેજ આટલે દૂર આવ્યા નથી. અહીંની અંત સ્થિતિ જોઇ સ્વદેશ પાછા ફરી ત્યાથી મોટા મોટા લડાયક બારકસો લાવી આ દેશ જીતી લેવાનો તેમનો ઇરાદો છે ' આ પ્રમાણે સમજાવી તથા કારભારીઓને નજરાણા આપી આરબોએ તેમને વશ કરી લીધા.

આ તરફથી ગામાએ પણ પોતાના જાસુસ તથા દુભાષીઆ મોકલી મુસલમાનોએ રચેલા બેતની સઘળી બાતમી મેળવી પરીઝ નામનો એક સ્પેનનો રહેવાસી મુસલમાન થઈ જઈ કૅલિકટમા રહેતો હતો તેની દાવનેએ ગામા સાથે વહાણ ઉપર મુલાકાત કરાવી. આ પરીઝે શહેરમાં મુસલમાનો પ્રત્યે મિત્રાચારી દાખવી તેઓની ગુપ્ત બાતમી ગામાને મેળવી આપી ટુકમા દાવને અને પરીઝ જેવા બે વિશ્વાસઘાતી મનુષ્યો ગામાને ખાસ કામ લાગ્યા તેઓની શિખવણીથી ગામાના વકીલે રાજાની મુલાકાત લીધી, પોર્ટુગીઝોએ દરરોજ કંઈક માલ કિનારે લાવી વેચવા માંડયો અને તેના બદલામાં બીજો વેચાતો લઈ વહાણ ઉપર ચડાવ્યો. આ વેપારમાં પોર્ટુગીઝોએ ભાવતાલ કરવાનુ, માલ સારો નરસો જોવાનુ તથા વજન બાબત તકરાર કરવાનુ મોકુફ રાખ્યુ આથી મુસલમાન વેપારીઓને રાજાને સમજાવવા ખુલ્લુ કારણ મળ્યુ કે 'આ લોકો કંઈ પણ દુષ્ટ હેતુથી આવેલા ગુપ્ત જાસુસો છે ખરો વેપારી આવો નુકસાનકારક ધંધો કદી પણ કરે નહીં, માટે તેઓને ઠાર કરી તેઓના વહાણો બાળી મુકવાં.'

એમ છતાં રાજાએ પોર્ટુગીઝ વહાણો ઉપર જામીન તરીકે પોતાનાં માણસો મોકલ્યાં, તેમને પોતાના કબજામા રાખી વાસ્કો ડ ગામા રાજાને મળવા ગયો, અને અનેક ઉત્તમ વસ્તુઓ નજર કરી રાજાની મુલાકાત લઇ ગામા પાછો ફરતો હતો ત્યારે અધિકારી લોકોએ તેને એક બીજેજ ઠેકાણે લઈ જઈ અટકાયતમા રાખ્યો એમ કરવામાં તેમનો હેતુ એવો હતો

કે ગમે તે પ્રકારે તેને ગુસ્સે કરી તેની પાસે કંઈ પણ ભયંકર કામ કરાવવું. પોતાના જાસુસો મારફત આ વાત અગાઉથી ગામાની જાણમાં આવી હતી એટલે, તે અત્યંત શાંતપણે વર્ત્યો. એની વિરૂદ્ધ થયલી ફરિઆદો ઉપરથી રાજાને તેના ઉપર ગુસ્સો આવ્યો, અને તેને મારી નાખવા માટે તેની તરફથી હુકમ પણ નીકળ્યો. એટલામાં ગામાના ભાઇએ વહાણ ઉપર જામીન તરીકે રાખેલાં રાજાનાં માણસોને રૂખસદ આપવાથી તેઓએ પોર્ટુગીઝ લોકોની ભલાઇના રાજા પાસે ગુણ ગાયા, અને તેમ થતાં ગામાનો છુટકારો થયો. હવે પોતાનું કામકાજ પણ પુરૂં થયલું જોઈ ગામાએ પરીઝની મારફતે રાજાને તથા સઘળા મુસલમાન વેપારીઓને ધમકી આપી કે 'તમે અમને આટલો બધો ત્રાસ આપ્યો છે તેના બદલામાં અમે તમારી પુઠે પડી વેર લીધા વિના રહીશું નહીં.' આમ કરી નવેમ્બર માસને સુમારે તે કેલિકટથી નીકળ્યો તે પહેલાં રાજાએ તેની ક્ષમા માગી, અને તેને કહ્યું કે 'ગુન્હેગાર લોકોને અમે શિક્ષા કરી છે માટે ગુસ્સો છોડી દઈ અમારા દેશમાં વેપાર કરવા પાછા આવવું.' જતી વેળા ઝામોરીને પોર્ટુગલના રાજાને આપવાનો એક પત્ર ગામાને આપ્યો તેની મતલબ એવી હતી કે 'તમારા સરદાર વાસ્કો ડ ગામાના અત્રે આવવાથી અમને અત્યંત આનંદ થયો છે. અમારા રાજ્યમાં તજ, લવંગ, સુંઠ, મરી અને જવાહીર પુષ્કળ હોવાથી તેના બદલામાં આપની તરફથી સોનું, ચાંદી, પરવાળાં ઇત્યાદી વસ્તુઓ અમને મળે એવી અમારી ઇચ્છા છે.'

કેલિકટથી નીકળી ગામા કાનાનુર ગયો. ત્યાંના રાજાને કેલિકટની સર્વ હકીકતની ખબર મળી હતી, અને તેની પાસે બન્ને પક્ષનાં માણસો આવ્યાં હતાં, તેથી પોર્ટુગીઝ લોકો સાથે મિત્રાચારી કરવાનો તેણે નિશ્ચય કર્યો. બંદરમાં આવતાંજ ગામાને તેણે પોતા પાસે બોલાવ્યો, અને તેની સાથે પોર્ટુગલના રાજાની દોસ્તી મેળવવા, તથા તેના તરફથી કેટલાક વેપારી હક મેળવવા માટે તહનામું કરી નજરાણું વગેરે આપ્યું. ગામાએ પણ તેનો સત્કાર સારો કર્યો. અહીં તેને વેપારી માલ એટલો બધો મળ્યો કે વહાણમાં જગ્યાની તંગીને લીધે તેમાંનો કેટલોક તેને છોડી દેવો પડ્યો.

આ કામ આટોપી ગામા તા. ૨૦ મી નવેમ્બર ૧૪૯૮ને દીને યુરોપ જવા માટે ઉપડયો. રસ્તામાં પવન પડી જવાથી ગોવા નજદીક અંજદ્વીપ આગળ તેને કેટલોક વખત ખોટી થવું પડયું. અહીંથી નીકળી એ તા. ૮ મી જાનેવારી ૧૪૯૯ ને દિવસે મલિંદ ગયો ત્યારે ત્યાંના રાજાએ તેનો યોગ્ય સત્કાર કર્યો. એ અહીં પહેલો આવ્યો ત્યારે રાજાએ તેને બે નિપુણ ખલાસીઓ સ્વાધીન કર્યા હતા તેમને હમણા એણે પોતાના ઉપયોગ માટે માગી લીધા, અને પોતાની સાથે યુરોપ લઈ જવા જણાવ્યું. અહીંથી તા. ૨૦ મી જાનેવારીએ નીકળી તા. ૧૮ મી સપ્ટેમ્બર ૧૪૯૯ ને દીને તે પાછો લિસ્બન આવી પહોંચ્યો. રસ્તામાં તેનો ભાઈ પોલો ગામા આજારી પડી મરણ પામ્યો હતો. આ વેળા હિંદુસ્તાનની સફરને ૯ થી ૧૨ મહિના થતા.

સ્વદેશ પાછા ફરતાં પોર્ટુગલના રાજાએ ગામાનો અંતઃકરણપૂર્વક આદરસત્કાર કર્યો એ કહેવાની જરૂર નથી. અનેક સદીઓનો પ્રયત્ન આજે સફળ નિવડવાથી રાજાના મનનો આનંદ ઉભરાઈ ગયો હતો. તે મોટો સમારંભ કરી ગામાને સામો લેવા ગયો, અને તેને ડૉમ એટલે ડ્યુકની પદ્વી આપી. ગામાનાં આણેલાં નજરાણાંથી રાજા અસંત સંતુષ્ટ થયો. તેનાં જહાજમાંનો સઘળો માલ વેચાઈ રહેતાં એવું માલમ પડયું કે મુસાફરીમાં જે કંઈ ખરચ થયો હતો તેના કરતાં સાઠગણી ઉત્પન્ન એ માલમાંથી થઈ હતી. એ વખતે યુરોપમાં મરી દર રતલના ૧ શી. ૫ પે., તજ ૩ શી. ૨ પે., સુંઠ ૨ શી. ૧ પે., જાવંત્રી ૫ શી. ૩ પે., અને જાયફળ ૧ શી. ૯ પે. ને ભાવે વેચાતાં હતાં.

આ પ્રમાણે હિંદુસ્તાન જવાનો જળમાર્ગ પોર્ટુગીઝ લોકોને મળી આવવાથી જગતના ઇતિહાસમાં એક મહાન ફેરફાર થયો. કૅલિકટના મુસલમાન વેપારીઓને પોર્ટુગીઝોના આવવાથી જે ધાસ્તી ઉત્પન્ન થઈ હતી તે આગળ જતાં ખરી પડી, તે હવે પછીની હકીકત ઉપરથી જણાશે. આ જળમાર્ગને લીધે યુરોપમાં પોર્ટુગલનું મહત્વ વધી ગયું. વેનિસ, જીનોઆ વગેરે ધનાઢ્ય રાજ્યોનો વેપાર બેસી ગયો, અને નૌકાનયનકળામાં પ્રવીણ

થયેલાં રાજ્યો એકદમ બહાર પડયાં, અને પોર્ટુગલના રાજાને ' ઇથિઓપિઆ, અરેબીઆ, ઇરાન તથા ચીનના વેપાર, નૌકાનયન તથા જીતેલા પ્રદેશોનો માલિક ' (Lord of the Conquests, Navigation and Commerce of *Ethiopia, Arabia, Persia and China*) એ નામની મહાન પદ્વી મળી.

**૫. પેડ્રો કેબ્રલની સફર** ( સને ૧૫૦૦ ). વાસ્કો ડ ગામાના પાછા આવ્યા પછી તેણે કહેલી એક વાત જે પોર્ટુગીઝ દરબાર તથા લોકોના મન ઉપર સજડ ઠસી ગઈ તે એ હતી કે જો હિંદુસ્તાનનો વેપાર આપણા તાબામાં લેવોજ હોય તો આરબ મુસલમાનો સાથે દૃઢતાથી યુદ્ધ ચલાવવાની જરૂર છે. આ ઉપરથી તેર મોટાં જહાજો, ઉત્તમ પ્રકારની યુદ્ધ સામગ્રી તથા ચાલાક ખલાસીઓ તૈયાર કરી પોર્ટુગલના રાજાએ ઈ. સ. ૧૫૦૦ માં પેડ્રો કેબ્રલને કૅલિકટ તરફ રવાના કર્યો. તેની સાથે ઝામોરીનને અર્પણ કરવાની અનેક વસ્તુઓ હતી અને વેપાર માટે તહ કરવાની તેને સૂચના આપવામાં આવી હતી બાર્થોલોમ્યો ડીઆસ પણ તેની જોડે હતો. આ સ્વારીમાં ૧૨૦૦ માણસો હતાં, અને સાથે ખ્રિસ્તી ધર્મગુરૂઓ પણ ઘણા હતા. આવો મોટો કાફલો તા. ૯ માર્ચ ૧૫૦૦ ને દીને પોર્ટુગલથી નીકળ્યો. કેપ વર્ડના ટાપુ આગળ આવી પહોંચતાં કેબ્રલનાં વહાણો પવનના જોરથી નૈરૂત્ય ખુણા તરફ ઘસડાઈ જવાથી તેઓ દક્ષિણ અમેરિકાના પૂર્વ કિનારા ઉપર આવેલા બ્રાઝિલ દેશમાં જઈ પહોંચ્યાં. આ ખબર પોર્ટુગલ મોકલી કેબ્રલ પોતે અગ્નિ કોણ તરફ વળ્યો. રસ્તામાં એક ભયંકર તોફાન થઈ આવવાથી તેનાં ચાર વહાણો ડુબી ગયાં, તથા બાર્થોલોમ્યો ડીઆસ સુદ્ધાં પુષ્કળ માણસો મરણ પામ્યાં. આગળ જતાં બીજાં બે વહાણો બીન ઉપયોગી થઈ પડવા પછી આ ટોળી બીજી ઑગસ્ટે મુસ્કેલીથી મલિંદ આવી લાગી અહીંથી ગુજરાતના બંદરથી માહિતગાર હોય તેવા બે ખલાસીઓ લઈ કેબ્રલ પહેલાં ઘોઘા બંદર આગળ આવ્યો. ત્યાંથી દક્ષિણમાં અંજદ્વીપ થઈ તા. ૩૦ મી ઑગસ્ટે તે કૅલિકટના બંદરમાં દાખલ થયો. આ વખતે કેબ્રલને પોર્ટુગલથી હિંદુસ્તાન પહોંચતાં સુમારે ૭ મહિના થયા.

કૅલિકટના રાજા પાસેથી જામીનગીરીના માણસો વહાણ ઉપર લઈ કેબ્રલે કિનારે ઉતરી રાજાની મુલાકાત લીધી બેઉ વચ્ચે થયલા દોસ્તીના કરારની રૂએ પોર્ટુગીઝ લોકોએ કૅલિકટમા વેપારની એક કોઠી સ્થાપી આટલુ કરવા છતા પણ મુસલમાન વેપારીઓએ કેબ્રલના માણસોને માલ આપ્યો નહીં બે મહિનામા બે વહાણ ભરાય તેટલો પણ માલ પોર્ટુગીઝોને નહીં મળવાથી, તેમની અને મુસલમાનો વચ્ચે પાણી ઉપર એક નાની સરખી લડાઈ થઈ તેમા પોર્ટુગીઝોના પચાસસાઠ માણસો માર્યા ગયા એ પછી મુસલમાનોના દશ જહાજ ડુબાવી દઈ કેબ્રલ કૅલિકટથી નીકળી ડીસેમ્બરમા કોચીન જઈ પહોચ્યો રસ્તામા મુસલમાનોના બીજા બે વેપારી વહાણો તેણે ડુબાવ્યા આ પ્રમાણે આરબ વેપારીઓ તથા પોર્ટુગીઝો વચ્ચે શરૂ થયલો ઝઘડો ઘણો વખત સુધી ચાલુ રહ્યો, અને તેમા વખત જતા જૂદા જૂદા પક્ષના લોકો સામેલ થયા આરબોને મુખ્ય ટેકો વેનિશિઅન લોકોનો હતો કોચીનના રાજા ત્રિમમ્પારાએ કેબ્રલનો આદરસત્કાર કરી વેપારને માટે માલ ખરીદ કરવા તેને છુટ આપી કોચીન શહેર એ સમયે ઘણી ગરીબ અવસ્થામા હતુ, અને ત્યાના રાજાનો વૈભવ પણ જુજ હતો પરતુ તેણે બતાવેલી ભલાઈના બદલામા 'કૅલિકટ જીતી તમને આપીશ' એવુ વચન કેબ્રલે તેને આપ્યુ કોચીનમા સ્થાપેલી કોઠીનુ મુખીપણુ બાર્બોઝા નામના પોર્ટુગીઝ વેપારીને સોપી કેબ્રલ કાનાનુર ગયો, અને ત્યાના રાજાએ પોર્ટુગલ દરબારમા મોકલેલા એલચીને સાથે લઈ તા ૧૬ મી જાનેવારીએ યુરોપ જવા નીકળ્યો કોચીનનો રાજા તેનો આવો ગાઢો મિત્ર થયો હતો છતા તેણે જામીનગીરીના બદલામા મોકલેલા માણસો કેબ્રલ પોતાની સાથે લઈ ગયો, તેમજ ત્યા રહેલા યુરોપિઅન વેપારીઓની સલામતી માટે કંઈ પણ વ્યવસ્થા કરી નહીં એમ છતા કોચીનના રાજાએ તેમની સારી રીતે બરદાસ્ત કરી સહીસલામત પાછા તેમને વતન રવાના કર્યા પાછા ફરતા મલિંદ આગળ કેબ્રલનુ એક વહાણ ખડક સાથે અથડાઈ ભાગી ગયુ આવા તથા બીજા અનેક સંકટો વેઠી તે તા ૨૨ મી જુલાઈ ૧૫૦૧ ને દિને લિસ્બન જઈ પહોચ્યો આ વખતે એ હિંદુસ્તાનમાથી અનેક વસ્તુઓ

લઈ ગયો હતો. તેમાંની કેટલીક નીચે પ્રમાણે હતીઃ—તજ, આદુ, સુંઠ, મરી, લવેંગ, જાવંત્રી, જાયફળ, કસ્તુરી, સરક ચુંરો (civet), સીલારસ (storax), લોબાન, નાગકેસર, (cassia buds), રૂમીમસ્તકી (mastic), પાચ (myrrth), લાલ અને સફેદ સુખડ, અગર, અંબર, કપૂર, canne, લાખ, anib, tuzzia, અફીણ, માટીનાં વાસણ વગેરે.

કેબ્રલના પાછા ફરવા પછી પોર્ટુગલના રાજાએ ડ નોવા નામના કપ્તાનની સરદારી હેઠળ ચાર વહાણો હિંદુસ્તાન રવાના કર્યાં. તેમની અને કૅલિકટનાં વહાણો વચ્ચે થયેલી મોટી લડાઈમાં પોર્ટુગીઝ લોકો વિજયી નીવડ્યા. આ લડાઈમાં કોચીનના રાજાએ પોર્ટુગીઝોને ઘણી મદદ કરી હતી. લડાઈની આખરે હાથ આવેલાં કૅલિકટનાં એક વહાણ ઉપર ૧૫૦૦ ઉત્તમ મોતી, કેટલાંક રત્નો અને ખલાસીઓને ઉપયોગનાં ત્રણ ચાંદીનાં યંત્રો ડ નોવાને મળ્યાં. આ યંત્રો એ સમયે યુરોપિઅનોની જાણમાં નહોતાં. આ સઘળો સામાન લઈ, તથા વહાણો માલથી ભરી ડ નોવા હિંદુસ્તાનથી નીકળ્યો. યુરોપ જતાં તા. ૨૧ મી મે સને ૧૫૦૨ ને દીને તેને એક બેટ હાથ લાગ્યો. એ દિવસે કૉન્સ્ટૅન્ટાઈન ધી ગ્રેટ બાદશાહની મા હેલીનાની પુન્યતિથિ હોવાથી તેણે આ બેટનું નામ મરનારના માનાર્થે સેન્ટ હેલીના આપ્યું. એ વેળા બેટ ઉપર વસ્તી બીલકુલ નહોતી, તેમજ માણસ જાતને જાણીતાં જાનવરો પણ ત્યાં નહોતાં. ડ નોવાએ વહાણ ઉપરનાં જાનવરોમાંથી કેટલાંક બકરાં, ગધેડાં, ડુક્કર વગેરે એ બેટ ઉપર છોડી દીધાં. આ ટાપુ ઉપર પાણી ઘણું સારૂં હોવાથી થોડાજ સમયમાં સફરે જતાં આવતાં વહાણોને તે ઘણો ઉપયોગી થઈ પડ્યો.

**૬. વાસ્કો ડ ગામાની બીજી સફર (૧૫૦૨–૦૩).**— કેબ્રલના વૃતાંત ઉપરથી હિંદુસ્તાનનો વેપાર હાથ કરવા માટે કૅલિકટના રાજા સાથે સખત યુદ્ધ કરવાની જરૂર છે એવું પોર્ટુગલના રાજાને લાગતાં તેણે એક મોટો લડાયક કાફલો તૈયાર કરાવ્યો, અને તેના ઉપરી તરીકે વાસ્કો ડ ગામાની નિમણુક કરી. આ કાફલામાં ૨૦ વહાણ તથા ૮૦૦ લડવૈયા હતા. તેઓને ઉત્તેજન તરીકે ખાનગી રીતે મસાલા વગેરે લાવી

કૅલિકટના રાજા પાસેથી જામીનગીરીના માણસો વહાણુ ઉપર લઈ કેબ્રલે કિનારે ઉતરી રાજાની મુલાકાત લીધી બેઉ વચ્ચે થયલા દોસ્તીના કરારની રૂએ પોર્ટુગીઝ લોકોએ કૅલિકટમા વેપારની એક કોઠી સ્થાપી આટલુ કરવા છતા પણ મુસલમાન વેપારીઓએ કેબ્રલના માણસોને માલ આપ્યો નહીં બે મહિનામા બે વહાણ ભરાય તેટલો પણ માલ પોર્ટુગીઝોને નહીં મળવાથી, તેમની અને મુસલમાનો વચ્ચે પાણી ઉપર એક નાની સરખી લડાઈ થઈ તેમા પોર્ટુગીઝોના પચાસસાઠ માણસો માર્યા ગયા એ પછી મુસલમાનોના દશ જહાજ ડુબાવી દઈ કેબ્રલ કૅલિકટથી નીકળી ડીસેમ્બરમા કોચીન જઈ પહોચ્યો રસ્તામા મુસલમાનોના બીજા બે વેપારી વહાણો તેણે ડુબાવ્યા આ પ્રમાણે આરબ વેપારીઓ તથા પોર્ટુગીઝો વચ્ચે શરૂ થયલો ઝઘડો ઘણો વખત સુધી ચાલુ રહ્યો, અને તેમા વખત જતા જૂદા જૂદા પક્ષના લોકો સામેલ થયા આરબોને મુખ્ય ટેકો વેનિશિઅન લોકોનો હતો કોચીનના રાજા ત્રિમમ્પારાએ કેબ્રલનો આદરસત્કાર કરી વેપારને માટે માલ ખરીદ કરવા તેને છુટ આપી કોચીન શહેર એ સમયે ઘણી ગરીબ અવસ્થામા હતુ, અને ત્યાના રાજાનો વૈભવ પણ જુજ હતો પરતુ તેણે બતાવેલી ભલાઈના બદલામા ‘ કૅલિકટ છતી તમને આપીશ ’ એવુ વચન કેબ્રલે તેને આપ્યુ કોચીનમા સ્થાપેલી કોઠીનુ મુખીપણુ બાર્બોઝા નામના પોર્ટુગીઝ વેપારીને સોપી કેબ્રલ કાનાનુર ગયો, અને ત્યાના રાજાએ પોર્ટુગલ દરબારમા મોકલેલા એલચીને સાથે લઈ તા ૨૬ મી જાનેવારીએ યુરોપ જવા નીકળ્યો કોચીનનો રાજા તેનો આવો ઘાડો મિત્ર થયો હતો છતા તેણે જામીનગીરીના બદલામા મોકલેલા માણસો કેબ્રલ પોતાની સાથે લઈ ગયો, તેમજ ત્યા રહેલા યુરોપિઅન વેપારીઓની સલામતી માટે કઈ પણ વ્યવસ્થા કરી નહીં એમ છતા કોચીનના રાજાએ તેમની સારી રીતે બરદાસ્ત કરી સહીસલામત પાછા તેમને વતન રવાના કર્યા પાછા ફરતા મલિંદ આગળ કેબ્રલનુ એક વહાણ ખડક સાથે અથડાઈ ભાગી ગયુ આવા તથા બીજા અનેક સંકટો વેઠી તે તા ૨૩ મી જુલાઈ ૧૫૦૧ ને દીને લિસ્બન જઈ પહોચ્યો આ વખતે એ હિંદુસ્તાનમાથી અનેક વસ્તુઓ

લઈ ગયો હતો. તેમાંની કેટલીક નીચે પ્રમાણે હતી:—તજ, આદુ, સુંઠ, મરી, લવેંગ, જાવંત્રી, જાયફળ, કસ્તુરી, સરકચુંરો (civet), સીલારસ (storax), લોબાન, નાગકેસર, (cassia buds), રૂમીમસ્તકી (mastic), પાચ (myrrth), લાલ અને સફેદ સુખડ, અગર, અંબર, કપૂર, canne, લાખ, anib, tuzzia, અફીણ, માટીનાં વાસણ વગેરે.

કેબ્રલના પાછા ફરવા પછી પોર્ટુગલના રાજાએ ડ નોવા નામના કપ્તાનની સરદારી હેઠળ ચાર વહાણો હિંદુસ્તાન રવાના કર્યાં. તેમની અને કેલિકટનાં વહાણો વચ્ચે થયેલી મોટી લડાઈમાં પોર્ટુગીઝ લોકો વિજયી નીવડ્યા. આ લડાઈમાં કોચીનના રાજાએ પોર્ટુગીઝોને ઘણી મદદ કરી હતી. લડાઈની આખરે હાથ આવેલાં કેલિકટનાં એક વહાણ ઉપર ૧૫૦૦ ઉત્તમ મોતી, કેટલાંક રત્નો અને ખલાસીઓને ઉપયોગનાં ત્રણ ચાંદીનાં યંત્રો ડ નોવાને મળ્યાં. આ યંત્રો એ સમયે યુરોપિઅનોની જાણમાં નહોતાં. આ સઘળો સામાન લઈ, તથા વહાણો માલથી ભરી ડ નોવા હિંદુસ્તાનથી નીકળ્યો. યુરોપ જતાં તા. ૨૧ મી મે સને ૧૫૦૨ ને દીને તેને એક બેટ હાથ લાગ્યો. એ દિવસે કૉન્સ્ટૅન્ટાઈન ધી ગ્રેટ બાદશાહની મા હેલીનાની પુન્યતિથિ હોવાથી તેણે આ બેટનું નામ મરનારના માન્યાર્થે સેન્ટ હેલીના આપ્યું. એ વેળા બેટ ઉપર વસ્તી બીલકુલ નહોતી, તેમજ માણસ જાતને જાણીતાં જાનવરો પણ ત્યાં નહોતાં. ડ નોવાએ વહાણ ઉપરનાં જાનવરોમાંથી કેટલાંક બકરાં, ગધેડાં, ડુક્કર વગેરે એ બેટ ઉપર છોડી દીધાં. આ ટાપુ ઉપર પાણી ઘણું સારૂં હોવાથી થોડાજ સમયમાં સફરે જતાં આવતાં વહાણોને તે ઘણો ઉપયોગી થઈ પડ્યો.

**૬. વાસ્કો ડ ગામાની બીજી સફર (૧૫૦૨–૦૩).**– કેબ્રલના વૃત્તાંત ઉપરથી હિંદુસ્તાનનો વેપાર હાથ કરવા માટે કૅલિકટના રાજા સાથે સખત યુદ્ધ કરવાની જરૂર છે એવું પોર્ટુગલના રાજાને લાગતાં તેણે એક મોટો લડાયક કાફલો તૈયાર કરાવ્યો, અને તેના ઉપરી તરીકે વાસ્કો ડ ગામાની નિમણુક કરી. આ કાફલામાં ૨૦ વહાણ તથા ૮૦૦ લડવૈયા હતા. તેઓને ઉત્તેજન તરીકે ખાનગી રીતે મસાલા વગેરે લાવી

વેચવાની પરવાનગી મળી હતી સને ૧૫૦૨ ના માર્ચ માસમા આ કાફલો પોર્ટુગલથી નીકળી, રસ્તામા મોઝામ્બિક, કિલ્વા વગેરે ઠેકાણે ત્યાના રાજા પાસેથી ખંડણી ઉઘરાવી ઑગસ્ટમા મલિંદ આવી લાગ્યો કિલ્વા આગળ કેટલીક મુસલમાન સ્ત્રીઓ ખ્રિસ્તી ધર્મ અંગીકાર કરવાના આશયથી પોર્ટુગીઝ જહાજ ઉપર આવી પણ તેમાની પરણેલી સ્ત્રીઓને રૂખસદ આપી બાકીનીને ગામાએ રહેવા દીધી મલિંદ છોડી તે પ્રથમ કાંબોલ ગયો ત્યાથી અંજદ્વીપ થઈ કાનાનુર આવતા રસ્તામા હોનાવરની ખાડી આગળ તિમચ્ચા નામનો લુટારુ ચાચીઓ તેને મળ્યો ગામાએ તેની પુઠ પકડી તેના વહાણો બાળી નાખ્યા પછી, બીજે દીને તે ભટકળ જઈ પહોચ્યો. વિજયનગરના રાજાના તાબાના એ બંદરમા તે કાળે ધમધોકાર વેપાર ચાલતો ત્યાના અધિકારી પાસેથી જોરજુલમથી પોતાના લાભનો ઠરાવ કરાવી લઈ ગામા કાનાનુર આવ્યો રસ્તામા મુસલમાનોનુ એક કિમતી માલથી ભરેલુ જહાજ તેણે બાળી નાખ્યુ, પણ તે ઉપરના માણસો જીવ જતા લગી ઘણા ઝનુનથી તેની સામે લડ્યા કાનાનુરના રાજા અને ગામાની સ્નેહપૂર્વક મુલાકાત થતા પરસ્પર નજરાણાની આપ લે થઈ, અને તેઓએ સઘળા વેપારીઓની સંમતિથી માલ ખરીદવા તથા વેચવા માટેના વજન-ના કાટલા તથા દર નક્કી કર્યા. આ પ્રમાણે ગોઠવણ કરી મુસલમાનોનાં વહાણો ઉપર તેમજ કૅલિકટના રાજા ઉપર વેર લેવા માટે ગામા નીકળ્યો

કૅલિકટના બંદરમા ગામાને એક પણ વહાણ મળ્યુ નહીં, પણ એ ત્યા દાખલ થયો એટલે રાજાએ પોતે તેને શરણે ગયો છે એમ બતાવવા એક બ્રાહ્મણ એલચીને તેની પાસે મોકલ્યો, અને કહાવ્યુ કે ‘ વિરોધ ત્રાસ આપનાર મુખ્ય દસ આરબોને હુ તમારા તાબામા સોપુ છુ તેમને તમારે ગમે તેવી શિક્ષા કરવી, એ ઉપરાંત માલની નુકસાની તરીકે વીસ હજાર રૂપીઆ ભરી આપુ છુ ’ આ સંદેશો ગામાએ કબૂલ કર્યો, પણ રાજાએ ઘણા થોડા આરબો મોકલ્યા તે તેને પસંદ પડ્યુ નહીં વળતે દિવસે એ દસ આરબોએ પોતાના છુટકારાને માટે વીસ હજાર રૂપીઆ આપવા માંડ્યા, પણ તેમનું કાંઈ પણ નહીં સાભળતા ગામાએ આરમાર એકદમ શહેરની

નજદીક લાવી તોપનો મારો શરૂ કર્યો. આથી શહેરમાં આક્રંદ અને ભય વ્યાપી રહ્યાં. બીજી તરફથી બે મોટાં અને બાવીસ નાનાં વહાણો કોરોમાંડલ કિનારેથી ચોખા ભરી બંદરમાં દાખલ થતાં હતાં તેને ગામાએ પકડ્યાં, તેના ઉપરનો સઘળો ઉપયોગી માલ તથા સરસામાન પોતાનાં વહાણ ઉપર લઈ લીધો અને તેમાંના સઘળા માણસોના હાથ, કાન અને નાક કાપી નાખ્યાં. કેલિકટના રાજાના એલચી થઈ આવેલા બ્રાહ્મણની પણ એજ દશા થઈ. એ પછી સઘળા માણસોના તેણે પગ બંધાવ્યા, અને દાંતવતી દોરીના બંધ તોડી નહીં પાડે તે માટે લાકડીવડે દાંત ભાગી નંખાવી તે તેમના મ્હોડામાં ભર્યા. આવાં ૮૦૦ માણસોને, ઢગલો કરી, એક વહાણમાં નાખ્યાં, તેના ઉપર પાતરાં વગેરે નાખી ઢગલાને આગ લગાડી અને સઢ ખેંચી વહાણને પવનને જોરે કિનારા તરફ હડસેલ્યું. તેવીજ રીતે ગામાએ બ્રાહ્મણ એલચીને બીજા એક વહાણ ઉપર બેસાડી તેના તાબામાં ઉક્ત પુરૂષોનાં કાપી નાખેલાં સઘળાં અવયવો આપ્યાં, અને રાજાને લખી મોકલ્યું કે 'આનું શાક કરી ખાવું.' આ ભયંકર કૃત્યથી સઘળા લોકોના મનમાં પોર્તુગીઝોની સામા ઘણો દ્વેશ ઉત્પન્ન થયો, અને તેનું કેવી રીતે વેર લેવું તેનો તેઓ વિચાર કરવા લાગ્યા. એમ્બોયનાના ટાપુમાં સને ૧૬૨૩ માં વલંદા લોકોએ થોડાક અંગ્રેજોની કતલ કરી, અથવા સુરાજ-ઉદ-દૌલાએ ૧૪૬ અંગ્રેજોને અંધારી કોટડીમાં પુરી મારી નખાવ્યા તે કૃત્યોનાં લંબાણ વર્ણન નિરનિરાળા ગ્રંથમાં આપવામાં આવ્યાં છે, તેવી રીતે ગામાનાં આ અઘોર કૃત્યની તેમજ તેના જેવાં બીજાં કામોની હકીકત ઐતિહાસિક સંપૂર્ણતાને માટે આપણને જાણવાની જરૂર છે.

કેલિકટથી વાસ્કો ડ ગામા કોચીન ગયો ત્યારે કાનાનુરના રાજાનો તેને એવો સંદેશો મળ્યો કે કેટલાક આરબ વેપારીઓ આઠ જહાજ ભરી માલની જકાત કિંવા કિંમત આપ્યા વિના ચાલ્યા જાય છે માટે તે બાબત બંદોબસ્ત કરવો. આ ઉપરથી સોદ્રે નામના ઈસમને ગામાએ તરતજ કાનાનુર રવાને કર્યો. સોદ્રે ત્યાં આવ્યો ત્યારે આરબ વહાણો બંદરમાંજ નાંગરેલાં હતાં, એટલે તેના માલિક ખ્વાજા મહમદને તેણે પકડી તેની

પાસેથી રાજાનો સઘળો હિસાબ ચુકવી અપાવ્યો, અને પછી તેને ઠાર મારી પુરો કર્યો. આ મહેનતના બદલામાં કાનાનુરના રાજાએ સોદ્રેને એક હજાર સોનાના પર્દાવ* ( Paradaos ) બક્ષિસ આપ્યા, અને તેને મરણી લેવા માટે દરરોજનો એક પર્દાવ આપવાનો ઠરાવ કર્યો. કાનાનુરના બંદરમાં પાર્ટુગીઝ વહાણ રહે ત્યાં સુધી તેમને દરરોજ એક પર્દાવ આપવાનો વહિવટ ઘણા દિવસ ચાલુ રહ્યો હતો.

પેલી બાજુએ ગામા કોચીન જઈ પહોંચતાં ત્યાંના રાજાએ તેનું સન્માન કરી તેનાં વહાણો માલથી ભરી આપ્યાં. પોર્ટુગીઝ લોકો આ તરફ આવવા લાગ્યા ત્યારથી કોચીનના રાજાને તેમના વેપારથી મોટો નફો થતો હતો, એટલે આગળ ઉપર તેના લોભનું કેવું પરિણામ આવશે તે બાબત તેણે કાંઈ પણ લક્ષ આપ્યું નહીં. કિવલોન અથવા કોલમ નામનું એક બીજું વેપારનું સ્થાન કૅલિકટની દક્ષિણે હતું. ત્યાંના રાજાએ વેપારથી થતી કિફાયતની હકીકત સાંભળી પોતાના બંદરમાંથી માલ ભરવા બે વહાણો મોકલવા ગામાને વિનંતી કરી, તે પ્રમાણે કોચીનના રાજાની સંમતિ લઈ તેણે બે વહાણો ભરી કિવલોનથી માલ મંગાવ્યો. એવામાં કોચીનના રાજા તરફથી વાસ્કો ડ ગામાને બાતમી મળી કે કૅલિકટથી એક મોટો કાફલો લડવા માટે તૈયાર થઈ તેની સામા આવે છે. કૅલિકટના રાજાએ અથાગ પરિશ્રમ લઈ પુષ્કળ પૈસો ખર્ચી આ કાફલો તૈયાર કર્યો હતો, અને તેની મદદથી એકવાર પોર્ટુગીઝોની તથા કોચીનના રાજાની સત્તાનો નાશ કરી તેમની હમેશની ખોડ ભુલાવવા તેનો વિચાર હતો. પણ ઝામોરીને રચેલા બેતની ખબર વિજળી વેગે મળતીઆઓ મારફત ગામાને મળેલી હોવાથી તેણે ઝામોરીનનો સંદેશો લઈ આવેલા બ્રાહ્મણના હાલહવાલ કરી તેના હોઠ તથા કાન કાપી નાખ્યા, અને કુતરાના કાન કાપી તેના કાન સાથે સીવી લઈ તેને આવી સ્થિતિમાં ઝામોરીન પાસે પાછો મોકલ્યો. એ પછી મોટાં મોટાં દસ વહાણો માલથી ભરી યુરોપ પાછા ફરવા માટે ગામા

*પર્દાવ ( સં. प्रताप ) એ ગોવામાં ચાલતો અસલનો સીક્કો છે અને તેની કિંમત સુમારે સવા રૂપીઓ હતી.

કોચીનથી નીકળ્યો. પણ સોદ્રે કેટલાંક વહાણો લઇ મુસલમાનો ઉપર તપાસ રાખવા પાછળ રહ્યો. રસ્તામાં ખ્વાજા કાસમ નામના વેપારીનાં જહાજ તેને મળ્યાં. ઉભય વચ્ચે થયલી ઝપાઝપીમાં મુસલમાનો પાછા હઠ્યા, અને બચાવનો કંઈ ઈલાજ ન રહેવાથી સમુદ્રમાં કુદી પડી તરતાં તરતાં કિનારે ગયા. એક જહાજમાં સોદ્રેને ભારે કિમતનો માલ મળ્યો; તેમ તેમાંની કેટલીક શ્રીમાન સ્ત્રીઓ તથા છોકરીઓ અને પેગમ્બર મહમદનું સોનાનું એક રત્ન જડીત પુતળું એ સઘળું તેના તાબામાં આવ્યું. એમાંની કેટલીક સુંદર છોકરીઓને પોર્ટુગલની રાણીને ભેટ તરીકે મોકલવા માટે રાખી બાકીની તેણે ખલાસીઓને સોંપી આપી. વળી મુસલમાનોનાં જે વહાણો તેના હાથમાં સપડાયાં તેને આગ લગાડી પવનની દિશામા મુકી કિનારે મોકલાવ્યાં. આ કામ બજાવી સોદ્રે કાનાનુર જઈ ગામાને મળ્યો એણે ત્યાંની વખાર ઉપર બોબીઝાની નિમણુક કરી, રાજાની સંમતિ લઈ કેટલીક તોપ તથા કાંઇક દારૂગોળો ગુપ્ત રીતે તેમાં ગોઠવ્યો અને આસપાસ કિલ્લેબધી કરી લીધી. એ ઉપરાંત તેણે રાતા સમુદ્રમાથી પશ્ચિમ કિનારા ઉપર આવતાં આરબોનાં વહાણોની તપાસ રાખવા સોદ્રેની નિમણુક કરી તેને મરજીમાં આવે તે વહાણ લૂટવા તથા ડુબાવી દેવાની પરવાનગી આપી. આ વ્યવસ્થા કરી ડ ગામા તા. ૮ મી ડીસેમ્બર ૧૫૦૨ ને દીને હિંદુસ્તાનથી નીકળ્યો તે તા. ૧ લી સપ્ટેમ્બર ૧૫૦૩ ને રોજે લિસ્બન જઈ પહોંચ્યો. આ વેળા અપાર દોલત એની પાસે હતી. પોર્ટુગલના રાજાએ તેનો અને તેના ખલાસીઓનો ભારે ઠાઠથી સત્કાર કરી તેમને બક્ષિસો આપી.

ગામાના જવા પછી કોચીનના રાજા સાથે લડવા માટે ઝામોરીને એક મોટી ફોજ તૈયાર કરી, ત્યારે કોચીનમાંના સઘળા પોર્ટુગીઝોને ઝામોરીનને સ્વાધીન કરી તેની સાથે સલાહ કરવા કોચીનના રાજા ત્રિમમ્પારાને તેના મિત્રમંડળે સલાહ આપી. પણ તે ન સાંભળતાં રાજાએ જે થાય તે ભોગવવા નિશ્ચય કર્યો. ત્યાંની પોર્ટુગીઝ વખારના મુખી કોરિઆએ સોદ્રેને પોતાની મદદે બોલાવ્યો, પણ તેણે દક્ષિણ તરફ નહીં જતાં ખંભાત આવી આરબોનાં પાંચ વહાણો લુટ્યાં પછી એક પવનની જગ્યાએ તે લંગર

નાખી રહ્યો. એ ઠેકાણે રહેવાનું ઘણું જોખમ ભર્યું છે એવું સઘળાનું કહેવું તેણે સાંભળ્યું નહીં, અને હઠ કરી ત્યાંજ પડી રહ્યો. એવામાં એક મોટું તોફાન ચડી આવ્યું તેમાં તેનો અને તેનાં વહાણોનો સદંતર નાશ થયો. પેલી તરફ કોચીનનો રાજા ઝામોરીન સામે લડવા સજ થયો, અને તેણે લશ્કરનું ઉપરીપણું પોતાના યુવરાજ નારાયણને આપ્યું. સને ૧૫૦૩ માં ઉભય લશ્કર વચ્ચે લડાઈ થઈ તેમાં નારાયણ માર્યો ગયો, અને ઝામોરીનને વિજય મળતાં તેણે કોચીન શહેરનો કબજો લીધો. ત્રિમમ્પારા ત્યાંથી નાસી જઈ એક દૂરની જગ્યામાં ભરાઈ બેઠો.

હિંદુસ્તાનમાં આ પ્રમાણે યુદ્ધ પ્રસંગ આવેલો જોઈ પોર્ટુગલના રાજાએ એક મોટો કાફલો તૈયાર કરી આ દેશ તરફ રવાના કર્યો. એ કાફલામાં નવ મોટાં જહાજ હતાં, અને તેના ત્રણ ભાગ કરવામાં આવ્યા હતા. એમાંના પ્રત્યેક ભાગ ઉપર ઑલ્ફૉન્સો ડ આલ્બુકર્ક, ફ્રાન્સિસ્કો ડ આલ્બુકર્ક અને સાલ્ડાના મુખ્ય કામદાર હતા. એમાનો પહેલો આલ્બુકર્ક ઘણો ચાલાક તથા વિલક્ષણ બુદ્ધિનો પુરૂપ હતો, અને તેનું નામ પોર્ટુગીઝ ઈતિહાસમાં ચિરસ્મરણીય રહી ગયું છે. સને ૧૫૦૩ ના અંતમાં આ વહાણો હિંદુસ્તાન આવી પહોંચ્યાં ત્યારે અહીંના પોર્ટુગીઝોને ધીરજ આવી, ઝામોરીનની ફોજ કોચીનમાંથી ચાલી ગઈ, અને ત્રિમમ્પારા સંકટમાંથી છુટયો. આખર સુધી પોર્ટુગીઝોને દૃઢતાથી વળગી રહેવા માટે બન્ને આલ્બુકર્કે તેને ભારે માનથી નવાજેશ કર્યો. તેમણે ઝામોરીનને હરાવી ત્રિમમ્પારાને કોચીનની ગાદી ઉપર પાછો બેસાડયો, અને પાચીકો નામના હોંશીઆર વહાણવટીને કેટલાંક વહાણ સાથે કોચીનમાં રહેવા દઈ તથા ક્વિલોનની રાણી સાથે કોલકરાર કરી તેઓ યુરોપ પાછા ફર્યા. પોર્ટુગીઝોનો કાફલો ઉપડી ગયા પછી ઝામોરીને કોચીન ઉપર બીજી સ્વારી કરી પણ પાચીકોએ તેનો સખત પરાજય કરી તેને નસાડી મુકયો. આ વખતે પાચીકોએ થોડાં માણસની મદદથી જે પરાક્રમ કરી બતાવ્યું તેથી પોર્ટુગીઝોનાં યુદ્ધકૌશલ્ય, શૌર્ય ઈત્યાદી ગુણો માટે આખા દેશમાં વાહવાહ થઈ, તેમના નામની સર્વત્ર હાક વાગી, રાજા અને ધનાઢ્ય લોકો તેમની દોસ્તી કરવા ઉત્સુક થયા, અને સુમારે સો વર્ષ લગી દેશમાં તેમની સારી

પ્રતિષ્ઠા બેઠી સને ૧૫૦૪ મા પાચીકો યુરોપ ગયો પણ શાબ્દિક ગૌરવ સિવાય પોર્ટુગલના રાજાએ તેને કંઈ પણ વધુ આપ્યુ નહીં

**૭. ફ્રાન્સિસ્કો ડ આલ્મીડા.** ( સ ૧૫૦૫–૦૮ )—પાચીકોના જવા પછી હિંદુસ્તાન સબધી પોર્ટુગલના રાજાનો વિચાર ઘણોજ બદલાઈ ગયો હમણાની સફરોથી હિંદુસ્તાનની અંતસ્થિતિની ઘણી હકીકત તેને મળી હતી, તે ઉપરથી તે દેશમા વિજય મેળવવા તેણે હવે શુ કરવુ તે તે બરોબર અટકળી શક્યો હતો હિંદુસ્તાનનો વેપાર તેના હાથમા સહેજમાં આવ્યો હતો, પણ પ્રયત્ન કરતા ત્યા આપણુ રાજ્ય પણ સ્થાપન કરી શકાશે એવી આશા તેને ઉત્પન્ન થઈ એમ છતા જો એશિઆના વેપારમાથી ભાગ પડાવવાને મુસલમાનો સાથે સખત યુદ્ધ કરવુ પડે તો તે માટે એક મજબૂત કાફલો અને લશ્કર હિંદુસ્તાનમા રાખવાનુ તેને અવશ્ય લાગ્યુ, અને જો એક વખત આટલી તૈયારી કરી મુકી તો પાછળથી જે કંઈ કરવાનુ યોગ્ય લાગે તે કરવામા વિક્ષેપ આવે નહીં, એમ પણ તેને વિચાર આવ્યો આ હેતુ બર લાવવા રાજા ઈમૅન્યુઅલે ઘણી મોટી તૈયારીઓ કરી આખા કાફલા તેમજ સઘળા વેપાર ઉપર દેખરેખ રાખવા માટે ફ્રાન્સિસ્કો ડ આલ્મીડા નામના એક મોભાદાર પુરૂષની નિમણુક કરી તેને આ તરફ મોકલ્યો રાજાના હુકમ અન્વય આ મીડાએ સને ૧૫૦૫ ના સપ્ટેમ્બર માસમા કાનાનુર આવી પોતાના કામનો હવાલો લીધો, અને તરતજ 'કોચીન, કાનાનુર અને કિલોનના પોર્ટુગીઝ પ્રતિનિધિ'ની માનપ્રદ પદ્વી ધારણ કરી આ અધિકાર તેણે ત્રણ વર્ષ ભોગવવાનો હતો

આવા દરજ્જાથી આલ્મીડાની નિમણૂક થયલી હોવાથી તેણે પોતાની રીતભાત પણ ફેરવી નાખી પોર્ટુગીઝ લોકોના વસાહત કિલ્લા વગેરે બાંધકામથી મજબૂત કરી, મુસલમાનોનો ઉચ્છેદ કરવાનુ, તથા આરબી સમુદ્ર ઉપર તેમજ આખા હિંદી મહાસાગર ઉપર પોર્ટુગીઝો સિવાય બીજા કોઈની સત્તા રહેવા નહીં દેવાનુ અગત્યનુ કામ તેણે હાથમા લીધુ પોર્ટુગલથી આવતા રસ્તામાં જરૂરને વખતે ઉપયોગમા લેવાય તેવી એક ફિટનેમધ જગ્યા હોવી જોઈએ એવા વિચારથી તેણે આફ્રિકાના પૂર્વ કિનારા

ઉપર કિલ્વામાં એક કિલ્લો બાંધ્યો, અને મોમ્બાસાના અધિકારીને પોતાનો માંડળિક બનાવ્યો. વળી વહાણના રસ્તાથી વાકેફગાર ખલાસીની વારંવાર જરૂર પડતી હોવાથી એ કામ માટે તેણે કાયમની નિમણુક કરી, એટલે પોર્ટુગીઝ વહાણોને અન્ય પ્રજાની મરજી ઉપર અવલંબી રહેવાની જરૂર રહી નહીં. આલ્મીડાની સાથે આવેલાં ૧૪ વહાણો તથા ૧૫૦૦ લશ્કરે હોનાવર તથા કાનાનુરનાં રાજ્યો છની કોચીનને પોતાનુ મુખ્ય થાણું બનાવ્યું. આલ્મીડાના પરાક્રમી પુત્રે કિવલોન આગળ મોપલા મુસલમાનોને શિકસ્ત આપી, સિલોન જઈ ત્યાંના અધિકારીને પોર્ટુગીઝ સત્તા કબૂલ કરવાની ફરજ પાડી, અને ત્યાંથી તજ વિલાયત મોકલવા કરાર કરાવ્યો. સિલોનથી આલ્મીડાના પુત્રએ પહેલ વહેલો હાથી યુરોપ મોકલ્યો હતો. તેણે વળી ઝામોરીનના કાફલાનો કૅલિકટ આગળ પરાભવ કર્યો. આ સઘળી ફત્તેહનું મુખ્ય કારણ એજ હતું કે પોર્ટુગીઝ તોપના મારા આગળ હિંદુસ્તાનનાં વેપારી વહાણો ટકી શકતાં નહીં.

પોર્ટુગીઝોની મહેનતને પરિણામે આરબોનો હિંદુસ્તાન સાથેનો વેપાર ઓછો થવાથી સઘળાં મુસલમાની રાજ્યો ગભરાટમાં પડયાં. આ નવા આવેલા પરદેશીઓને શેહ પહોંચાડવાની મતલબથી ઇજીપ્તના સુલતાને એક પ્રચંડ કાફલો તૈયાર કર્યો, અને તેની સરદારી અમીર હુસેન નામના એક ચાલાક વહાણવટીને આપી. અમીર હુસેન અને તેના હાથ હેઠળના અન્ય ખલાસીઓ દરીઆઈ યુદ્ધકળામાં પોર્ટુગીઝોના જેટલાજ પ્રવીણ હતા. સને ૧૫૦૮ માં આ કાફલો રાતા સમુદ્રને માર્ગે ગુજરાતના કિનારા ઉપર આવી પહોંચ્યો ત્યારે અમદાવાદના સુલતાન અને દીવના નવાબ મલીક અયાઝ તરફથી તેને પુષ્કળ મદદ મળી. પણ આગળ વધતાં, તેને કૅલિકટના ઝામોરીન તરફની મદદ મળતી અટકાવવાના હેતુથી, એ કાફલો ચૌલ બંદરમાં આવી લાગ્યો ત્યારે જુવાન આલ્મીડા, તેના ઉપર તુટી પડયો. બે દિવસ સખત અપાઝપી થઈ, બહાદુર આલ્મીડાના વહાણમાં બાકોરાં પડયાં, અને તોપના ગોળાથી તેના પગને ઇજા થઈ. એમ છતાં તે ખુરશી ઉપર પડયો પડયો લડાઈ ચાલુ રાખવાના હુકમો આપતો હતો તેવામાં એક બીજો

ગોળો તેના ઉપર આવવાથી તેણે તરતજ પ્રાણ છોડયો વીસ વર્ષના આ જુવાન પુરુષે કરેલુ પરાક્રમ મનન કરવા જોગ છે મલીક અયાઝને આ લડાઈમા જય મળ્યો છતા ઉદાર અત કરણથી તેણે હાથમા આવેલા પોર્ટુગીઝો ઉપર જુલમ કર્યો નહીં અને આવો શૂરવીર પુત્ર તેને હોવા માટે વૃદ્ધ આલ્મીડા ઉપર અભિનદનનો એક પત્ર લખ્યો

એટલામા આલ્મીડાની ત્રણ વર્ષની કારકિર્દી પુરી થવાથી તેની જગ્યાએ લિસ્બનથી આલ્બુકર્ક આ દેશમા આવ્યો, પણ પુત્રના મરણનુ વેર લીધા સિવાય આ'મીડાએ પોતાની જગ્યા છોડવા ના પાડી આલ્બુ-કર્ક તેની મરજીની આડે આવ્યો નહીં, એટલે આ'મીડા ઝડપથી મુસલમાનો ઉપર ધસી ગયો સને ૧૫૦૯ મા દીવ નજીક ઉભય પક્ષ વચ્ચે ભયકર લડાઈ થઈ તેમા ત્રણ હજાર મુસલમાન તથા બાવીસ પોર્ટુગીઝો પડ્યા અમદાવાદના સુલતાન મહમદ બેગડાએ મલીક અયાઝનો પરાભવ થયલો જોઈ તેનો પક્ષ છોડી દીધો, અને પોર્ટુગીઝો સાથે તહનામુ કર્યુ. આટલુ કરી આલ્મીડા તરતજ કોચીન પાછો ફર્યો, અને તેજ વર્ષના નવેમ્બર માસમા યુરોપ જવા નીકળ્યો, પરતુ રસ્તામા આફ્રિકાના કિનારા ઉપર મારામારીમા તેનુ મરણ નીપજ્યુ.

ફ્રાન્સિસ્કો ડ આલ્મીડા હિદુસ્તાનમા પહેલો પોર્ટુગીઝ વાઈસરૉય હતો તેના મત પ્રમાણે આ દેશમા પોર્ટુગીઝ રાજ્ય સ્થાપન કરવાનુ અશક્ય હોવાથી પોર્ટુગીઝો માટે પોતાનો કાફલો રાખી વેપારનુ સરક્ષણ કરવાનુ બસ હતુ આ બાબતમા તેનો અનુગામી આલ્બુકર્કનો અભિપ્રાય જુદોજ હતો એટલે આ'મીડાના જવા પછી આ'બુકર્ક વાઈસરૉય થતા તેણે સ્વદેશીઓ માટે હિદુસ્તાનમા કાયમનુ રહેઠાણ કરી આપ્યુ, અને તેમ કરી મોટુ માન મેળવ્યુ આ કારણથી તેણે કરેલા કામોનું વર્ણન જરા વિસ્તારથી આપવુ જોઈએ

**૮. ઑલ્ફોન્સો ડ આલ્બુકર્કનાં શરૂઆતનાં કામો (સને ૧૫૦૬–૦૯)**– આલ્બુકર્કનો જન્મ ઉચ્ચ કુળમા સને ૧૪૫૩ મા થયો હતો, અને તેને પાચમા ઑલ્ફોન્સો રાજાએ પોતાના પુત્રની સાથે યોગ્ય વિદ્યાદાન

આપ્યુ હતુ તેને ગણિતશાસ્ત્રનો શોખ હતો, તથા તે વખતની પદ્ધતિ પ્રમાણે યુદ્ધ અને સાહસથી માન મેળવવા તે ઉત્કંઠીત હતો સને ૧૪૭૧ મા મોરૉક્કો જીતવા માટે પોર્ટુગલથી ઉપડેલા લશ્કરમા તે ગયો હતો તે મુલકમા તેને દસ વર્ષ રહેવુ પડવાથી યુદ્ધકળામા તેને ઉત્તમ પ્રકારનો અનુભવ મળ્યો સને ૧૪૮૧ મા પોર્ટુગલ પાછા ફરતા તેને ઘોડેસ્વાર લશ્કરના સેનાપતિનો હોદ્દો મળ્યો બીજા જૉન રાજા ઉપર આલ્બુકર્કનો લાગવગ સારો ચાલતો હતો, પણ સને ૧૪૯૫ મા તે મરણ પામતા તેનો છોકરો ઈમૅન્યુઅલ ગાદીએ આવ્યો ત્યારે તે લાગવગ ટકી રહ્યો નહીં. તેને ફરીથી મોરૉક્કો જવુ પડયુ ત્યારે મુસલમાનો સાથે કામ પડતા તેમનો એને અનુભવ થયો, અને પરિણામમાં તેમની સામા એના મનમા અત્યંત વેર ઉત્પન્ન થયુ ત્યાથી પાછા આવ્યા પછી રાજાએ તેને ૧૫૦૩ મા હિંદુસ્તાન મોકલ્યો આ વેળા જોકે તેણે કંઈ પણ મહત્વનુ કામ કર્યું નહીં તોપણ આગળ ઉપર ઉપયોગી થઈ પડે એવો આ દેશની પરિસ્થિતિનો અનુભવ મેળવ્યો, અને ૧૫૦૪ મા પાછો લિસ્બન આવ્યો રાતા સમુદ્ર અને ઇરાની અખાતમા થઇને ચાલતો મુસલમાનોનો વેપાર હમેશ માટે બંધ કરવો જરૂરનો છે એવી સલાહ તેણે રાજાને આપવાથી સોકોટ્રાનો બેટ જીતવા માટે રાજાએ તેને ૧૫૦૬ માં આ તરફ રવાને કર્યો કૉન્સ્ટૅન્ટિનોપલના સુલતાનને પૂર્વ તરફના મુસલમાનોને મદદ કરતો અટકાવવાના વિચારથી ઈમૅન્યુઅલ રાજાએ એક આરમાર ભૂમધ્ય સમુદ્રમાથી તુર્કસ્તાન ઉપર મોકલ્યુ તુર્કસ્તાન અને ઇજિપ્ત વચ્ચે દુશ્મનાઈ હતી એ બીના પોર્ટુગીઝોના જ્ઞાન બહાર હોવાથી તેઓને ધારતી ઉપજ કે રખેને એ બેઉ રાજ્યો એકઠા થઈ તેનો રસ્તો રોકે મોકોટ્રા જીત્યા પછી આલ્બુકર્ક મલબાર કિનારે જઈ, આલ્મીડાની વાઇસરૉય તરીકેની મુદત પુરી થતા તે જગ્યાનો અધિકાર તેણે ભોગવવો એવો હુકમ રાજાએ આપ્યો હતો

મલબાર કિનારાની માફક આફ્રિકાના પૂર્વ કિનારા ઉપર અનેક નાના નાના રાજ્યો હતા કોચીનના રાજાની પેઠે મલિંદનો રાજા પોર્ટુગીઝોની સાથે મળેલો હોવાથી મોમ્બાસા, અંગોજા વગેરે ઠેકાણેના રાજાઓ તેને

હેરાન કરતા હતા. આ'લ્બુકર્કે પ્રથમ તે સઘળાઓનો દોર તોડયો, અને પોર્ટુગલના રાજાને ખંડણી આપવાની તેમને ફરજ પાડી, એ પછી તે સોકોટ્રા ગયો. અહીંઆં મુસલમાનોનો એક મજબૂત કિલ્લો હતો તે તેણે જતાંવારને સર કર્યો તેના ઉપર પોતાનો અમલદાર નીમી વહિવટ માટે નવીન વ્યવસ્થા કરી, અને મુસલમાનો હસ્તકની સઘળી જમીન વગેરે ખાલસા કરી ત્યાંના ખ્રિસ્તી લોકોમાં વ્હેંચી આપી આટલું કરી આલ્બુકર્ક સોકોટ્રાથી મસ્કત આવ્યો, ત્યાંના સ્થાનિક અધિકારીઓને જીતી ઇરાની અખાતના નાકા ઉપરનુ વેપારનુ મુખ્યસ્થાન ઑર્મેઝ તાબે કરવા તે ઉપડયો. ખ્વાજા અત્તર નામના ઑર્મેઝના નવાબના દિવાન મારફતે તેણે ત્યાં એક કિલ્લો બાંધવા સારૂ કોલકરાર કર્યો, પણ હાથ હેઠળના અમલદારો તેની સામા પડવાથી તેને તે કામ અડધુ નાખી મલબાર આવવુ પડયુ અહીં સુધીનાં કૃત્ય ઉપરથી આલ્બુકર્કની કામ કરવાની પદ્ધતિ ખુલ્લી દેખાઈ આવે છે આફ્રિકાના દક્ષિણ છેડાથી મલાક્કા પર્યંતનો કિનારો, અને એમાં આવેલા સઘળા બેટો તથા નાકા ઉપરના બંદરો પોર્ટુગીઝોના કબજામાં રાખવાં, દરેક ઠેકાણે કિલ્લા બાંધી ત્યાં પોર્ટુગીઝ લશ્કર મુકવુ, અને તેમ કરી મુસલમાનોનો વેપાર સદંતર બંધ પાડવો, અને તે પોર્ટુગીઝોએ લઈ લેવો એવો તેનો મત હતો પણ પોર્ટુગીઝ પ્રતિનિધિ આલ્મીડાનો અભિપ્રાય એથી ઉલટો હતો, અને કિલ્લા બાંધી પોતાની સત્તાનો પ્રસાર કરવાનુ તે અનુચિત ધારતો આ ઉપરથી કોચીનમા આલ્બુકર્ક અને આલ્મીડા વચ્ચે ઘણી તકરાર થવાથી આલ્બુકર્કને કેટલોક વખત કેદમાં રહેવુ પડ્યુ પોર્ટુગલથી બીજો કાફલો આવી લાગતા આ'લ્મીડાએ પોતાનો અધિકાર છોડયો, અને નવેમ્બર ૧૫૦૯ સ્વદેશ પાછો ફર્યો, ત્યારથી આલ્બુકર્ક હિંદુસ્તાનમાના પોર્ટુગીઝ રાજ્યનો ઉપરી થયો

**૯. ગોવાની પડતી** (સ ૧૫૧૦–૧૨)—આ'લ્મીડા સાથે ઉઠેલા ટંટામાં આલ્બુકર્કના જે દિવસો ગયા તેનો તેણે સારો ઉપયોગ કરી દેશની તત્કાલીન પરિસ્થિતિનુ સૂક્ષ્મ નિરિક્ષણ કર્યુ મલબારમાં અને દક્ષિણ હિંદુસ્તાનમાં હિંદુ રાજ્યો જોગવર હતાં, તેવીજ રીતે બ્રાહ્મણી રાજ્યની

મુસલમાની સાખા પ્રબળ હતી. બેઉ વચ્ચે અણબનાવ હોવાથી હિંદુ રાજ્યનો નાશ કરી સઘળા પ્રદેશ ઉપર મુસલમાની અમલ સ્થાપવાનો બ્રાહ્મણી રાજાનો વિચાર ચાલતો હતો સને ૧૫૬૫ માં તાલિકોટની લડાઈમાં વિજયનગરના હિંદુ રાજાની હાર થઈ અને મુસલમાનોની મતલબ પાર પડી. આફ્રિકાને પૂર્વ કિનારે, મલબાર કિનારે, અને આરબી સમુદ્ર ઉપર આરબો ફરતા હોવાથી તેઓની અને પોર્ટુગીઝો વચ્ચે સ્પર્ધા ચાલુ હતી. આરબ વેપારીઓ કિનારા ઉપરની હિંદુ રૈયતને તથા રાજાઓને અતિશય ત્રાસ દેતા અને તેમને વટલાવી મુસલમાન બનાવતા. આ કારણથી બહારનો શત્રુ આવી તેમનો પરાજય કરી નાશ કરે તો તે વાત કોચીન, ક્વિલોન, વગેરે ઠેકાણાના હિંદુ રાજાને ઇષ્ટ હતી. પોર્ટુગીઝ લોકોના કાવાદાવા માત્ર ઝામોરીનજ સમજી ગયો હતો, અને તેજ તેઓ સામે લડતો હતો. પણ બીજા હિંદુઓને પોર્ટુગીઝો કરતાં આરબોની ધાસ્તી વધારે હતી. વ્યાપારની બાબતમાં પણ આરબો તરફથી હિંદુઓને વિશેષ પ્રાપ્તી નહોતી. પોર્ટુગીઝ વેપારીઓ એકદમ જથાબંધ માલ ગમે તે ભાવે ઉપાડી યુરોપ લઈ જવા લાગ્યા હતા એટલે મલબારના વેપારમાં તેજી આવી હતી, અને સર્વ હિંદુ રાજા તથા પ્રજા જાણે પોર્ટુગીઝોનાં હિતચિંતક બની ગયાં હતાં. વિજયનગરનો નરસિંગરાવ આ સમયે પ્રબળ હતો, પણ મુસલમાનોના દ્વેષને લીધે તેણે પોર્ટુગીઝોની વિરૂધ કંઈ પણ હીલચાલ કરી નહી. વળી મુસલમાનોનો અમલ સ્પેનમાં ચાલતો હોવાથી, અને આફ્રિકાના ઉત્તર અને પૂર્વ કિનારા ઉપર આજલગી તેમની સાથે લડવાનો પોર્ટુગીઝોને પ્રસંગ પડેલો હોવાથી તેમને મુસલમાનો પ્રત્યે જેટલો દ્વેષ ઉત્પન્ન થતો તેટલો હિંદુઓ સામે થતો નહીં. ઉલટું હિંદુઓ તરફ તેના મનમાં સહાનુભૂતની લાગણી ઉશ્કેરાતી. અસલના વખતથી મલબાર કિનારા ઉપર ખ્રિસ્તીઓની વસ્તી ઘણી હતી, અને તે હિંદુ અમલ હેઠળ સુખી હતી. આ સ્થિતિ અવલોકન કર્યા પછી આલ્બુકર્કે હિંદુ રાજા સાથે હમેશને માટે મિત્રાચારી રાખવાનો, મુસલમાનોને હરાવી તેમની સત્તા નિર્મૂળ કરવાનો; અને તેમ કરી પોર્ટુગીઝોનો વેપાર તેમજ અમલ દૃઢ

કરવાનો નિશ્ચય કર્યો. ઑમર્ઝથી ઉત્તમ જાતના આરબી અને ઈરાની ઘોડા મલબાર કિનારા ઉપર આવતા, તેવા ઘોડા પોતે લાવી વિજયનગરના રાજાને પુરા પાડવા, તથા તેને મુસલમાનો સામે લડવામાં મદદ કરવી, એવી સરતે એક તહનામું આલ્બુકર્કે પોતાના એલચીને વિજયનગર મોકલી નક્કી કર્યું. હિંદુ સાથે મિત્રાચારી કરી મુસલમાનોનો નાશ કરવો એ તેના વર્તનનો મુખ્ય હેતુ હતો.

કૅલિકટના હિંદુ રાજા સાથે મિત્રાચારી કરવાની આલ્બુકર્કની ઈચ્છા હતી. તેની આ મનકામના પૂર્ણ થાય તે પહેલાં અન્ય અધિકારીઓએ સને ૧૫૧૦ માં કૅલિકટના રાજવાડા ઉપર એકાએક હલ્લો કર્યો, તેમાં ૧૦૦ પોર્ટુગીઝો તથા બાર મોટા મોટા અધિકારીઓ માર્યા ગયા, છતાં રાજાને જય મળ્યો. આ પ્રસંગે આલ્બુકર્ક જખમી થયલો, પણ તેનો ઘા વિશેષ જોખમકારક હતો નહીં. પછી સોકોટ્રા ઉપર સ્વારી લઈ જવા તૈયાર થઈ આલ્બુકર્ક જ્યારે ગોવાની પાસે અંજદ્વીપ આગળ આવ્યો ત્યારે તિમચા નામના એક કાવાબાજ હિંદુએ ગોવા જીતવા માટે તેને નીચે મુજબ સલાહ આપી.

તિમચાનું નામ વાસ્કો ડ ગામાની હકીકતમાં ઉપર આવી ગયું છે. એ દરીઆઈ બાબતમાં કુશળ હતો, તેમજ ખટપટી પણ ઘણો હતો. વાસ્કો ડ ગામાએ એનાં વહાણો બાળી નાખ્યાં હતાં, તોપણ એ વાત ભુલી જઈ એણે આલ્મીડાનો સ્નેહ સંપાદન કર્યો, અને પોર્ટુગીઝ લોકોને મદદ કરી પોતાનો વૈભવ વધાર્યો. તિમચાની શિખવણીથી આલ્બુકર્કે એવો વિચાર કર્યો કે ગોવા એ હિંદુસ્તાનના પશ્ચિમ કિનારા ઉપર વેપારનું એક મોટું મથક હતું, અને તે બે ખાડીની વચમાં આવેલું હોવાથી વહાણો પડી રહેવા માટે ત્યાં સારી જોગવાઈ હતી. વળી અહીંઆં સઘળા દેશનાં વહાણો આવતાં હતાં. આલ્બુકર્ક સહજ ધારી શક્યો કે આવી ઉત્તમ જગ્યા પોતાના તાબામાં હોવા સિવાય પોર્ટુગીઝ રાજ્ય સ્થાપી શકાશે નહીં. કોચીન, કૅલિકટ અને કિવલોનમાં પોર્ટુગીઝોની કિલ્લેબંધ કોઠીઓ હતી ખરી, તોપણ તે દરેક ઠેકાણે નિરનિરાળાં સ્વતંત્ર રાજ્યો હોવાથી પોર્ટુગીઝોને ત્યાંના રાજાની

મરજી ઉપર અવલંબી રહેવું પડતું આફ્રિકાથી આવનાર વહાણોને માટે ગોવા પશ્ચિમ કિનારાની અધવચ હોવાથી ઘણું પાસે પડતું કેમકે કોચીન છેક દક્ષિણ છેડે આવેલું હતું વળી ગોવા વિજાપૂરના મુસલમાન સુલતાનના તાબામાં હોવાથી તે કબજે કરતાં હિંદુઓનું વેર પોતા પ્રત્યે વ્હોરી લેવાશે નહીં એવી વ્યવસ્થા કરવામાં હિંદુઓ સાથે સ્નેહભાવ રાખી મુસલમાનોનો ઉચ્છેદ કરવાનો આલ્બુકર્કનો મુખ્ય હેતુ હતો આ પ્રમાણેનું તિમયાનું કહેલું તેને યોગ્ય લાગવાથી સોકોટ્રા જવાનું છોડી દઈ પ્રથમ ગોવા કબજે કરવાનો તેણે નિશ્ચય કર્યો

પ્રાચીન કાળથી ગોવા ઉપર અનેક હિંદુ રાજાઓનો અમલ હતો, પણ ચૌદમા શતકના આરંભમાં તે હોનાવરના મુસલમાન નવાબે જીતી લીધું પછી તે વિજયનગરના રાજાએ સને ૧૩૬૭ માં પોતાના તાબામાં લીધું સને ૧૪૪૦ માં ત્યાંના લોકો સ્વતંત્ર થયા, અને પાસેજ નવું ગોવા નામનું બીજું શહેર સ્થાપ્યું અહીં ઑર્મઝથી આવતા ઘોડાઓનો મોટો વેપાર ચાલતો સને ૧૪૭૦ માં બાહમણી રાજા બીજા મહમદે તે જીત્યા બાદ અનેક વેળા હિંદુ રાજાએ તે પાછું મેળવવા પુષ્કળ પ્રયત્ન કર્યા પણ તે પાર પડ્યા નહીં સને ૧૪૮૯ માં યુસુફ આદિલશાહ વિજાપૂરથી સ્વતંત્ર થયો ત્યારે તેના કબજામાં ગોવા આવ્યું આ આદિલશાહની કારકિર્દીમાં ગોવા ઘણું આબાદ સ્થિતિમાં હતું, અને એણે અહીં મોટાં મોટાં મકાનો બંધાવ્યાં હતાં, અને અહીંજ પોતાની રાજધાની કરવાનો તેનો વિચાર હતો પણ એના સમયમાં હિંદુઓ ઉપર ઘણો જુલમ થતો આલ્બુકર્ક ગોવે આવ્યો ત્યારે મલિક યુસુફ ગુર્ગી નામનો મુસલમાન અધિકારી ત્યાં હતો એની તરફથી હિંદુઓ ઉપર ઘણો કઠોર વર્તતો હોવાથી તિમયાએ આલ્બુકર્ક પાસે જઈ મુસલમાનોના ત્રાસમાંથી હિંદુઓને છોડવવા યુક્તિ રચી એ વખતે આદિલશાહ દૂર દેશમાં ગુંથાયલો હતો, અને સઘળી હિંદુ પ્રજા મુસલમાનોના ત્રાસથી ગભરાઈ જઈ પોર્ટુગીઝો સાથે સામેલ થવા તૈયાર હતી બંદરના નામ ઉપર પણજીમનો કિલ્લો આવેલો છે, તે આલ્બુકર્કે તા ૧ લી માર્ચ ૧૫૧૦ ને દીને સર કર્યો, પછી બે દિવસ રહી શહેર

પણ તેને હસ્તગત થયુ, એટલે મુસલમાન અમલદારો સાથી નાસી ગયા જુલમી અમલમાથી લોકોનો છુટકો થવાથી તેઓના આનંદનો પાર રહ્યો નહીં, અને તેમણે આલ્બુકર્કને સુવર્ણનાં પુષ્પોથી વધાવી લીધો આલ્બુકર્કે કંઈપણ વખત ગુમાવ્યા વિના શહેરનો બંદોબસ્ત કર્યો

આ ઉથલપાથલની ખબર તરતજ સર્વત્ર પ્રસરી ગઈ મુસલમાન અને હિંદુ રાજાઓએ આલ્બુકર્ક પાસે પોતાના વકીલો મોકલ્યા વિજયનગરના રાજાએ ગોવા પોતાને આપવા માટે માગણી કરી ઇરાનના શાહ તથા ઑર્મેઝના રાજાએ પોર્ટુગીઝો વિરુદ્ધ અંદર ખાનેથી કારસ્તાન ચલાવ્યાં પણ આલ્બુકર્કે ધૂર્તપણે સઘળાને દબાવી દીધા ગોવા શહેર પોર્ટુગીઝોના હાથમા ગયુ છે હકીકત સાભળી યુસુફ આદિલશાહ ૬૦,૦૦૦ લશ્કર લઈ ગોવા ઉપર સત્વર આવ્યો, અને આલ્બુકર્કને સંદેશો કહાવ્યો કે 'તમારે જોઇએ તે બીજા બંદરો હુ તમને આપુ છુ પણ તિમયાને અમારા હવાલામા સોપો, અને તેમ કરો તો ગોવા પણ હું તમને આપુ' પણ એ કહેણુ આલ્બુકર્કે માન્ય કર્યું નહીં ત્યારે આદિલશાહ શહેરમાં એકદમ દાખલ થયો એની સામા થવા આલ્બુકર્કમા સામર્થ્ય નહીં હોવાથી તે પોતાના સઘળા માણસો લઈ વહાણ ઉપર નાસી ગયો, પણ એમ કરતા અગાઉ એકઠો કરેલો દારૂગોળો તેણે ઉડાવી દીધો, અને હાથમા આવેલા દોઢસો મુસલમાનોને કાપી નાખ્યા ગોવાની ખાડીમાથી બહાર નીકળવાને અનુકૂળ હવા ન મળવાથી આલ્બુકર્કને બંદરમા ત્રણ મહિના પડી રહેવુ પડયુ અહીં દરરોજ ઉભયપક્ષ વચ્ચે ઝપાઝપી થતી આલ્બુકર્કની તગ સ્થિતિનો લાભ લઈ તેના અમલદારો પણ તેની સામા થયા, પણ એણે ઘણા ધૈર્યથી તેમને દબાવ્યા એટલામા યુરોપથી મદદ આવી પહોચતા હોનાવર જઈ તે તિમયાને મળ્યો આ તરફ આદિલશાહ ગોવા છોડી જવાથી ત્યા બંદોબસ્ત બરાબર રહ્યો નહોતો, એટલે તે ઉપર ફરીથી હલ્લો કરવાને તિમયાએ આલ્બુકર્કને સમજાવ્યો, ગરસપ્પાના રાજા સાથે તિમયા તેની મદદે આવ્યો, એટલે નવેમ્બર માસમા તેણે ગોવા ઉપર ફરીથી ચડાઈ કરી ઘણા ઝનુની યુદ્ધમા બે હજાર મુસલમાનો પડયા પછી શહેર તેના

હાથમા આવતા ત્યાના જે મુસલમાન રહેનારી તેના કબજામા આવ્યા તેને તેમના નિરપરાધી સ્ત્રી છોકરાઓ સુદ્ધા કતલ કરી ઉડાવી નાખ્યા, અને ત્રણ દિવસ સુધી શહેરમા લૂટ ચલાવવાની પોતાના માણસોને રજા આપી આ ક્રૂર કૃત્યનુ સમર્થન કરવુ અશક્ય છે બીલકુલ વખત ખોયા વિના આ'બુકર્કે ગોવાની કિલ્લેબધી મજબૂત કરી લીધી એટલામા યુસુફ આદિલશાહ મરણ પામ્યો, અને ગાદીએ આવેલો તેનો છોકરો ઇસ્માઇલ અલ્પ વયનો હોવાથી વિજાપૂર દરબાર તરફથી ગોવા સબધી કંઈ પણ પ્રયત્ન થયો નહીં

ગોવા પોર્ટુગીઝોને હસ્તગત થવાથી અનેક કાયમના પરિણામ નિપજ્યા, પોર્ટુગીઝોની સત્તા પશ્ચિમ કિનારા ઉપર હમેશની સ્થાપન થઈ વિજાપૂર, અમદાવાદ, વિજયનગર વગેરે ઠેકાણાના રાજ્યકર્તાને એક નવો શત્રુ ઉભો થયાની ધાસ્તી લાગી બીજા સો વર્ષ સુધી પૂર્વમાંથી યુરોપ જનારો સઘળો વેપાર એકલા પોર્ટુગીઝોના તાબામાં રહેવાથી ગોવા શહેર અસત ધનાઢ્ય અને નામાંકિત થયુ એ લાબા કાળમા પૃથ્વી ઉપરનાં સર્વ અગ્રગણ્ય શહેરો-મા ગોવાની પહેલી ગણના થતી ગોવાને લીધેજ આ'બુકર્ક અને તેનો કારભાર ઇતિહાસમા અમર થયો છે

૧૦. મલાક્કા ઉપર ચડાઈ (સને ૧૫૧૧)—ગોવામા શાતિ થયા પછી હોનાવરના રાજાના ભાઈ મલ્હારરાવને દરસાલ ત્રણ લાખ રૂપીઆ આપવાના બદલામા આ'બુકર્કે ગોવા બેટનો કારભાર ચલાવવા કરાર કરી આપ્યો, અને પોતે મલાક્કા દ્વીપકલ્પ જીતવાને ઇરાદે લડાયક બારકસો ત્યાથી હકારી ગયો મલાક્કા મસાલાના વેપારનું મુખ્ય નાકું હતું મસાલાના બેટો તથા ચીન જાપાન તરફનો સઘળો વેપાર આ દ્વીપ-કલ્પના તાબામા હતો, ખુદ મલાક્કા શહેર એક મુસલમાન સુલતાનની સત્તા હેઠળ હતુ, ત્યાનું અપ્રતિમ બદર મસાલાના વેપારથી પૈસાદાર થયુ હતું, અને ત્યા ઘણુખરુ સર્વ પ્રાચ્ય રાષ્ટ્રના વેપારી રહેતા હતા તેમના ટટાનો નિકાલ કરવા ચાર રાષ્ટ્રના ચાર પ્રતિનિધીની એક સભા નીમવામાં આવી હતી એ દ્વીપકલ્પ એવો આબાદ હતો કે તે 'ગોલ્ડન કર્સોનીસ'ને નામે

યુરોપમાં પ્રખ્યાત હતો. સને ૧૫૦૯માં શીક્વેરા નામનો પોર્તુગીઝ વહાણવટી પાંચ જહાજ લઈને અહીં આવ્યો હતો. તે તરફ ગયલો એ પહેલોજ યુરોપિઅન હોવાથી માલ ભરવાને પ્રયત્ન કરતાં આરબો તેની વિરૂદ્ધ પડ્યા. ઘણી હોંસાતોંસી પછી શીક્વેરા ત્યાંથી નાસી છુટ્યો તે પહેલાં તેનાં વીસ માણસો મલાક્કાના અમલદારોના હાથમાં સપડાયાં હતાં. તેમના ઉપર મુસલમાની ધર્મ સ્વીકારવા જુલમ થવા લાગ્યો ત્યારે નિનાચતુ ( Ninachatu ) નામના એક હિંદુ વેપારીએ ગુપ્ત રીતે તેમને મદદ કરી તેમનો પત્ર આલ્બુકર્કને પહોંચાડ્યો. આ ઉપરથી આલ્બુકર્ક પોતાના કાફલા સાથે મલાક્કા આવ્યો; કેટલાક દિવસની શાબ્દિક તકરાર પછી કેદ થયલા પોર્તુગીઝો આલ્બુકર્કને મળ્યા. એમ છતાં તેણે શહેર ઉપર હલ્લો કરી તેનો કબજો લીધો. સુલતાન નાસી ગયો, એટલે આલ્બુકર્કે ત્યાં વસતા હિંદુ, જાવાનીઝ, ચીની તથા બ્રહ્મી વેપારીઓને આશ્રય આપી તેમના તરફના પ્રતિનિધિઓનું એક રાજ્યમંડળ સ્થાપ્યું. નિનાચતુ ઉપર વિશેષ મહેરબાની કરી તેને હિંદુઓનો આગેવાન બનાવ્યો, જાવાનીઝ લોકોનો એક મુખ્ય આગેવાન આ સઘળી ગોઠવણની વિરૂદ્ધ હોવાની ખબર મળતાં આલ્બુકર્કે તેને અને તેનાં સગાંવહાલાંઓને ઠાર માર્યા. આ પ્રકારનાં ક્રુર કૃત્યોને લીધે તેનો ત્રાસ ચારે બાજુએ બેઠો. મલાક્કા પોર્તુગીઝોના તાબામાં આવતાં આરબ મુસલમાનોનો સઘળો વેપાર નાશ પામ્યો, અને યુરોપના પશ્ચિમ કિનારાથી તે ચીન જાપાન સુધી કોઈપણ ઠેકાણે તેમનો સ્વીકાર થયો નહીં. એ પછી સુમાત્રા, પેગુ, સિયામ, કોચીન ચાયના વગેરે ઠેકાણેના અધિકારીઓ સાથે આલ્બુકર્કે મિત્રાચારી કરી, અને મલાક્કામાં મજબૂત કિલ્લો બાંધી તથા રાજ્ય વહિવટનો બંદોબસ્ત કરી સને ૧૫૧૯ માં તે પાછો ફર્યો. એ સમયે ગોવા ઉપર ઘેરો પડ્યો છે ને તે હાથમાંથી જવાની ધાસ્તીમાં છે એવી ખબર તેને મળી. આલ્બુકર્ક હિંદુસ્તાનથી દૂર ઉપડી ગયો છે એવું વિજાપૂરમાં માલમ પડતાં ત્યાંના વજીરે પોલાદખાન નામના સેનાપતિને ગોવા કબજે લેવા ફરમાવ્યું. તિમયા તથા મલ્હારરાવનો પરાભવ થતાં તેઓ નાસી જઈ વિજયનગરમાં ભરાયા. ત્યાં તિમયાનું ખુન થયું, અને મલ્હારરાવને હોનાવરની

ગાદી મળતા તે ત્યા ચાલ્યો ગયો પછી ગોવાના કિલ્લામા ભરાઈ બેઠેલા પોર્ટુગીઝ અમલદારે પોલાદખાન ઉપર હલ્લો કર્યો, પણ તેમા તેનોજ પરાજય થયો અને તે માર્યો ગયો અવારનવાર થતી ઝપાઝપીથી પોલાદખાન ગોવા કબજે કરી શકતો નથી એવુ જોઈ વિજયનગરના દરબારે રસુલખાન નામના બીજા એક બહાદુર સરદારને ત્યા મોકલ્યો પણ પોલાદખાન અને રસુલખાન વચ્ચે તકરાર થવાથી, રસુલખાને પોર્ટુગીઝોની મદદ લઈ પોલાદખાનને ગોવામાથી મારી હઠાવ્યો પોલાદખાન ત્યાથી નીકળી ગયા પછી રસુલખાન પોર્ટુગીઝોની સામા ઉઠયો એ સરદાર કિલ્લાને ઘેરો ઘાલતો હતો તેજ વખતે આલ્બુકર્ક મલાક્કાથી આવી પહોચ્યો, અને પોર્ટુગલથી પણ સારી મદદ આવી લાગી સઘળુ લશ્કર એકઠુ કરી રસુલખાનની સામા તે લડ્યો અને ગોવા કબજે કર્યું રસુલખાન સઘળુ છોડી દઈ વિજાપૂર પાછો ફર્યો ગોવામા જે લોકો એને જઈ મળ્યા હતા તેની આલ્બુકર્કે ઘણી ભયકર અવદશા કરી આ બનાવ સને ૧૫૧૨ મા બન્યો

આ પ્રમાણે ગોવાને લીધે અનેક સકટો પોર્ટુગીઝો ઉપર આવતા હોવાથી તે છોડી દેવુ અને માત્ર વેપાર પુરતી તજવીજ કરવી એવુ પોર્ટુગલના રાજા તરફથી આલ્બુકર્કને લખાઈ આવતા, એણે તેનો જે ઉત્તર આપ્યો તેમા આ ધૂર્ત મુત્સદીએ સ્વદેશીઓના સર્વ ધોરણનુ સ્પષ્ટરીતે પ્રતિપાદન કર્યુ છે તેણે એવુ લખ્યુ છે કે ' એકલા ગોવામા પોર્ટુગીઝોએ વિજય સપાદન કરવાથી તેમનો અમલ જેટલો દૃઢ થયો છે તેટલો ગમે તેટલા કાફલા લાવતા પણ થતે નહીં સમુદ્ર ઉપર આપણી સત્તા બેસવી અસત અવશ્યની છે જો દરીઆ ઉપર એક પણ હાર થઈ, તો હિંદુસ્તાનમા આપણને ક્ષણભર કોઈ રહેવા દેનાર નથી આજે ગોવા આપણી પાસે હોવાથી ગમે તેવી સત્તા આપણે ભોગવીએ છીએ આટલા દિવસ અમે ગોવાનુ રક્ષણ કરી તેનો ટકાવ કર્યા છે તેથીજ આપણુ બળ લોકોએ જોયુ છે ગુજરાત, કૅલિકટ વગેરેના રાજાઓ અમારી સાથે દોસ્તી બાધવા ઉત્સુક થયા છે દરીઆ કિનારા ઉપર મજબુત કિલ્લા બાધી અનેક થાણાઓ આપણા તાબામા લીધા સિવાય માત્ર આરમારથી આપણુ સરક્ષણ થવાનું

નથી ગોવાની માફક દીવ અને કૅલિક્ટમા કિલ્લા બાધી આપણી મજબૂતી કરવી જોઇએ. આ સઘળી હકીકત જાણ્યા પછી આપણે ગોવા છોડી દેવાની બુદ્ધિ પરમેશ્વર આપશે, તો પોર્ટુગીઝ લોકોનુ રાજ્ય આ તરફ થાય નહીં એવુ તેના મનમા છે એમ હુ સમજીશ મારા જીવમા જીવ છે ત્યા સુધી સ્વરાષ્ટ્રને માટે લડવા હુ તૈયાર છુ પણ ફક્ત કુતર્કથી મારો ઉત્સાહ ભગ કરશો નહીં ' કઈક આવાજ પ્રકારનો વાદવિવાદ લગભગ ત્રણસો વર્ષ બાદ ઇસ્ટ ઇન્ડીઆ કપની તથા કનાઇવ અને વેલેસ્લી જેવા સરદારો વચ્ચે ચાલ્યો હતો તે ધ્યાનમા રાખવા જોગ છે

**૧૧. આલ્બુકર્કનું મૃત્યુ તથા તેનું કામકરવાનું ધોરણ.**— એડન કબજે કરી રાતા સમુદ્રમાનો મુસલમાનોના વેપારનો રસ્તો હમેશ માટે બધ કરવાનુ અને તેજુજ એક બીજુ મોટુ કામ આલ્બુકર્કને કરવાનુ હતુ, પણ તે તેને હાથે પાર પડ્યુ નહીં ગોવા, ગોવાનો બેટ અને પશ્ચિમ એ સઘળાની આસપાસ તેણે એક મજબૂત કોટ બાધ્યો હતો કૅલિકટનો ઝામોરીન મરણ પામતા તેના પુત્રએ કૅલિકટમા પોર્ટુગીઝોને એક ઘણો મજબૂત કિલ્લો બાધી આપ્યો સને ૧૫૧૪ નુ વર્ષ આલ્બુકર્કે એ સઘળાની અતર્વ્યવસ્થા કરવામા કહાડ્યા પછી બીજે વર્ષે તેણે ઑર્મઝ ઉપર સ્વારી કરી તે સર કર્યું એ તેની કારકિર્દીનુ છેવટનુ કૃત્ય હતું ઑર્મઝથી પાછા ફરતા તેની પ્રકૃતિ બગડી, અને ૧૫૧૫ ના ડીસેમ્બર માસમા ગોવાના બદરમા દાખલ થતા તે વહાણ ઉપર મરણ પામ્યો પહેલા તેના પ્રેતને ગોવામા દાટવામા આવ્યુ, પણ સને ૧૫૬૬ મા તેને લિસ્બન લઈ જવામા આવ્યુ હતુ મરણ સમયે તેની વય ૬૩ વર્ષની હતી, અને તેમાના છેલ્લા ૭ વર્ષ હિદુસ્તાનમા ગયા હતા શૌર્ય, મુત્સદી ચાતુર્ય, અને એકનિષ્ઠ સ્વરાષ્ટ્રસેવા, ઇત્યાદી ગુણોને લીધે આલ્બુકર્કનુ નામ પોર્ટુગીઝ ઇતિહાસમા અમર થઈ ગયુ છે એ પોર્ટુગીઝોનો સર્વથી મોટો અમલદાર હતો

હિદુસ્તાનમાના પોર્ટુગીઝ ઇતિહાસના મુખ્ય ત્રણ અગ છે વ્યાપાર વૃદ્ધિ, રાજ્યવિસ્તાર અને ધર્મપ્રસાર એ ત્રણે અગનો ઉદ્ભવ જુદે જુદે સમયે નિરનિરાળા પ્રકારે થયો હતો. વેપારની કલ્પના વાસ્કો ડ ગામા અને

તેની અગાઉના વહાણવટીઓએ કરી હતી ગજ્યવિસ્તારની કલ્પના આલ્બુકર્કની હતી એ પછી ધર્મપ્રસારના વિચારો ઉદ્ભવ્યા, અને તેને લીધેજ પોર્ટુગીઝોની સત્તાનો લય થયો વલંદા, અંગ્રેજ વગેરે લોકોના શરૂઆતના વિચારો આમાની પહેલી બે બાબતો ઉપર ઘેરાઈ રહ્યા હતા, ધર્મનું મહત્વ તેમને લાગેલું નહીં આલ્મીડાના વખતસુધી વેપાર વધારી પોતાની કોઠીઓ સ્થાપવાની ખટપટ ચાલી હતી, પણ કિનારા ઉપરના નાકાના સ્થાનો તાબામા લઈ સા કિલ્લા વગેરે બાંધી હિંદુસ્તાનમા પોતાનું રાજ્ય સ્થાપ્યા વિના વેપાર યથાસ્થિત ચાલશે નહીં, એ વિચારને પરિણામે રાજ્યનો પાયો નાખવાનું કામ આલ્બુકર્કનું હતું એ રાજ્યનો કંઈક ભાગ અનેક રાજ્યક્રાન્તિમાથી પસાર થઈ અદ્યાપિ પણ ટકી રહ્યો છે

ખ્રિસ્તી ધર્મનો ફેલાવો એશિયામા કરવાની કલ્પના પહેલવહેલી પોર્ટુગીઝોની હતી મોળમા સૈકામા ઇંગ્લંડ અને હોલેન્ડે ઉપાડેલા કામમા ધર્મનો સમાવેશ થયો હતો નહીં પોર્ટુગીઝોનો પણ શરૂઆતમા એ હેતુ નહોતો, અને કૅલિકટ વગેરે અન્ય સ્થળે તેમના વેપારને પ્રતિબંધ નડ્યો ન હોત તો કદાચ રાજ્યસ્થાપનાની પણ તેમને જરૂર પડતે નહીં. આલ્બુકર્કની એવી ખાતરી થઈ હતી કે, જે જગ્યા વેપાર માટે યોગ્ય અને ઉપયુક્ત હોય તે પૂર્ણપણે આપણા તાબામા હોયા સિવાય વેપાર ચલાવી શકાય નહીં પોતાનો વેપાર વધારવા કાજે પોર્ટુગીઝોએ મુસલમાનોનો એકહથ્થી વેપાર નાશ કર્યો આ બાબતમા તેમણે કરેલું કામ વિશેષ મુશ્કેલ હતું કારણ તે સમયના અપૂર્ણ સાધનો વડે હિંદુસ્તાન આવવાનો માર્ગ ગોધી કહાડવો, અને આફ્રિકાથી સુમાત્રા પર્યંતના વિશાળ પ્રદેશમાના મુસલમાનોનો ઉચ્છેદ કરવો એ કંઈ નાનું સરખું કામ નહોતું પરંતુ આ સઘળું ખુદ પોર્ટુગલના રાજાએ હાથમા લીધેલું હોવાથી પાર પડ્યું આગળ ઉપર વલંદાઓએ તથા અંગ્રેજોએ ઉપાડેલું કામ કેવળ વ્યક્તિવિષયક ખાનગી કંપનીનું હતું, અને તેમા રાજાને અથવા આખા દેશને કંઈ લાગતું વળગતું નહોતું પોર્ટુગીઝ રાજા ઈમૅન્યુઅલના લક્ષમા ખરી સ્થિતિ બરાબર ઉતરી હતી મુસલમાનોનો વેપાર બંધ કરવા માટે એડન, મોકાહ્યા,

ઑર્મેઝ, ગોવા, સિલોન, મલાક્કા ઇત્યાદી ઠેકાણાં તાબે કરવા માટે તે ઘણોજ આગ્રહી હતો. સુભાગ્યે તે સમયના પરાક્રમી મુસલ્માની રાજાઓ, રૂમશામનો સુલતાન પહેલો સલીમ, ઇજીપ્તનો સુલતાન અને ઈરાનનો શાહ ઇસ્માઇલ એ સઘળા માંહેમાંહે લડતા હતા. જો તેઓ એકમત હોત તો હિંદી મહાસાગરમાં પોર્ટુગીઝો સર્વોપરી થયા હોત નહીં. સર્વ મુસલમાનો પોર્ટુગીઝો સાથે એકજ ધોરણે કદી વર્ત્યા નહીં, અને તેથીજ આલ્બુકર્ક અનેક પ્રસંગે તેમની તરફ ક્રૂર થયો હતો એમ તેનો ચરિત્રકાર કહે છે. મુસલમાનોનો વેપાર ડુબાવવા પોર્ટુગીઝોએ ક્રમે ક્રમે અનેક યુક્તિઓ લડાવી પોર્ટુગીઝ અમલદારોની લેખી પરવાનગી વિનાનાં જે વહાણો રાતા સમુદ્ર પાસે વેપાર માટે જતાં આવતાં મળે તેને એકદમ પકડી લુંટી લેવાનો અથવા બાળી નાંખવાનો ઉદ્યોગ કેટલાંક વર્ષ ચાલ્યા પછી એવા પરવાના કોઇને આપવા નહીં એ પ્રમાણે ઠર્યું. ત્રીજી યુક્તિ નાકાંઓ ઉપર કિલ્લા બાંધવાની હતી. આટલે લગી રાજા ઇમૅન્યુઅલ, આલ્મીડા અને આલ્બુકર્ક એકમત હતા. પણ એથી અગાડી જઇ હિંદુસ્તાનમાં પોર્ટુગીઝોની સત્તા હમેશ માટે રહેવી જોઇએ એવો આગ્રહ કરનાર માત્ર આલ્બુકર્ક હતો. આ અમલ બેસાડવા માટે તેણે નીચેની ચાર ભિન્ન યોજના ઘડી કહાડી હતી:– (૧) દરીઆ ઉપરનાં નાકાનાં બંદરો જીતી લેવાં; (૨) દેશી સ્ત્રીઓ સાથે પોર્ટુગીઝ પુરૂષોનાં લગ્ન કરાવી આપી અમુક પ્રદેશમાં તેમનાં વસાહત કરવાં; (૩) કિલ્લા બાંધવા, તથા (૪) કેટલાક હિંદી રાજાઓ સાથે તહ કરી તેઓને પોર્ટુગલના માંડળિક બનાવવા. આ પૈકી બીજી યોજના સિવાય બાકીનાનું વિવેચન ઉપર આવ્યું છે. એ ઉપાય કંઇક વિચિત્ર હોવાથી તેનું પરિણામ પણ તેવુંજ આવેલું આજે આપણી દ્રષ્ટીએ પડે છે. પોર્ટુગીઝ અને હિંદી એવી બે ભિન્ન પ્રજા વચ્ચે લગ્નનો પ્રઘાત પાડી ઉત્પન્ન કરેલી વટલેલ ખ્રિસ્તી પ્રજા જ્યાં ત્યાં ફરતી આપણે જોઇએ છીએ તેની શરૂઆત આલ્બુકર્કેજ કરી છે. આવું બીજી કોઇ પણ યુરોપિઅન પ્રજાએ કર્યું નથી. ગોવા જીત્યા પછી આલ્બુકર્કે મુસલમાનોની કતલ કરી ત્યારે તેમની અનાથ વિધવાઓને તેણે પોર્ટુગીઝ પુરૂષો સાથે પરણાવી દીધી. આવા લગ્નમાં તે જાતે હાજર રહેતો, અને

ભેટ બક્ષિસ આપી ઉત્તેજન આપતો એની ટુક કારકિર્દીમા એણે આવા ચારસો લગ્ન કરાવી આપ્યા હતા આ પ્રમાણે હિંદુસ્તાનમા રહેનારી ખ્રિસ્તી પ્રજા ઉત્પન્ન કરી સ્વધર્મનો પ્રસાર કરવાની એક નવીન રીત આલ્બુકર્કે અમલમાં મુકી હતી, તોપણ તેની પછીના અધિકારીઓને એ પસંદ પડી નહોતી આલ્બુકર્કે આવા વિવાહ કરવામા વધારે સુગમતા કરી આપેલી તોપણ ખ્રિસ્તી ધર્મનો પ્રસાર આ દેશમા જોઇએ તેવો થયો નહીં, એટલા ઉપરથી હિંદુ ધર્મની દ્રઢતા સ્પષ્ટ જણાય છે દેશીઓની ચાલાકી તથા તીવ્ર બુદ્ધિ આલ્બુકર્ક પારખી શક્યો હતો, તેમને માટે તેણે નિશાળો સ્થાપી હતી, અને તેમનુ એક લશ્કર પણ તૈયાર કર્યું હતુ હિંદુસ્તાનમાના રાજ્યકારભારનો ખર્ચ અહીંના ઉત્પન્નમાથી કરવાનો હોવાથી, અહીની પ્રચલિત ગ્રામ્ય વ્યવસ્થા સ્વીકારી તેણે ગોવા અને મલાક્કામા ટંકશાળો સ્થાપી ત્યા પોર્ટુગીઝ રાજાના નામના નવા સિક્કા પાડયા ખ્રિસ્તી ધર્મના પ્રસાર માટે એણે જે ભારે ખટપટ ઉપાડી હતી તે જોરજુલમથી સ્વધર્મ સ્વીકારવા હિંદી લોકોને ફરજ પાડવાનુ જે ઘાતકી કામ પોર્ટુગીઝ અમલમા હવે પછી થયુ, તેની શરૂઆતજ હતી દેશી રાજાઓનો માહોમાહેનો વેરભાવ પોર્ટુગીઝોના ઉત્કૃષ્ટ જહાજ તથા તોપ, તેઓનુ અપ્રતિમ શૌર્ય, અને આલ્બુકર્કનુ પોતાનુ ડહાપણુ એ સઘળાને લીધેજ પોર્ટુગીઝ અમલ હિંદુસ્તાનમા ચાલુ થયો હતો

આલ્બુકર્ક મરણ પામ્યો ત્યારે ઑર્મઝથી સિલોન સુધી સર્વત્ર શાંતિ હતી. ખંભાત, ચૌલ, ડાભોલ, ગોવા, હોનાવર, ભટકળ, કાનાનુર, કોચીન વગેરે ઠેકાણા તેમજ એ હદમાના રાજાઓ તથા જમીનદાર સઘળા પોર્ટુગીઝોના માંડળિક હોવાથી આરબી સમુદ્ર ઉપર પોર્ટુગીઝોના વહાણો બીનહરકતે ફરતા હતા સિલોનથી મલાક્કા પર્યંતના કિનારા ઉપરના મોટા મોટા રાજાઓએ પોર્ટુગીઝો સાથે મિત્રાચારીના કોલકરાર કર્યા હતા, ચીન, જાવા અને પેગુના રાજાઓ પણ તેમના સ્નેહી હતા આ સઘળુ કરનાર મહાન આલ્બુકર્કજ હતો, અને એજ આખા પોર્ટુગીઝ અમલમા ખરેખરો મુત્સદી પુરુષ થઈ ગયો હતો

# પ્રકરણ ૫ મું.

## હિંદુસ્તાનમાં પોર્ટુગીઝોનું રાજ્ય.

### ( સને ૧૫૧૦—૧૬૪૦. )


૧. આલ્બુકર્ક પછીના અધિકારીઓ ( સને ૧૫૧૫-૧૫૨૮ ).
૨. ન્યુનો ડ કુન્હા (સને ૧૫૨૯-૩૮)
૩. જૉન ડૅક્સ્ટ્રો અને દીવની પડતી ( સને ૧૫૪૬ ).
૪. સને ૧૫૪૮ થી ૧૫૮૦ સુધીમાં આવેલા અધિકારીઓ.
૫. સને ૧૫૮૦ થી ૧૬૧૨ સુધીની હકીકત.
૬. પોર્ટુગીઝ અમલનો ઉતરતો કાળ ( સને ૧૬૧૨-૪૦ ).


**૧. આલ્બુકર્ક પછીના અધિકારીઓ (સને ૧૫૧૫–૧૫૨૮).**– આલ્બુકર્ક જીવતો હતો ત્યારેજ પોર્ટુગીઝ ઇન્ડિઆના ગવર્નર તરીકે આલ્બ-ર્ગારિઆની નિમણુંક થયલી હોવાથી તે હિંદમાં આવ્યો હતો. આલ્બ-ર્ગારિઆ કુળવંત હતો, પણ સ્વભાવમાં તે આલ્બુકર્કથી તદ્દન વિરૂદ્ધ હોવાથી તે તરતજ અપ્રિય થયો. ચાલુ નીતિ તરછોડી કહાડી નવી વ્યવસ્થા કર-વાની તેની ઇચ્છા હતી પણ તે પૂર્ણ કરી શક્યો નહીં, કેમકે આલ્બુકર્કની રાજ્યવ્યવસ્થા રાજા ઇમૅન્યુઅલને પસંદ પડી હતી. રાતા સમુદ્રમાંનો મુસલમાનોનો સંચાર બંધ કરવાનું મુખ્ય કામ ઇમૅન્યુઅલે આલ્બર્ગારિ-આને સોંપવાથી સને ૧૫૧૭ ને સુમારે ચાળીસ વહાણો અને ૧૦૦૦ માણસની ફોજ લઇ એ એડન જવા ઉપડ્યો. પૂર્વે આટલો મોટો પોર્ટુ-ગીઝ કાફલો કદી પણ બહાર પડ્યો નહોતો, છતાં માણસોના આળસ તથા નાખુશીને લીધે આ સ્વારી નિષ્ફળ નિવડી, અને વરસાદ વગેરેના તોફાન-થી નુકસાન ખમી તેને પાછા ફરવાની જરૂર પડી. ત્યારબાદ આલ્બર્ગા-રિઆએ સિલોન જઈ ત્યાંના રાજા પાસે ખંડણી ઉઘરાવી સને ૧૫૧૮ માં ત્યાં એક કિલ્લો બાંધ્યો. સિલોન જીતવાનો પોર્ટુગીઝોનો આ પ્રથમ પ્રયાસ હતો.

એજ વર્ષની આખરમાં લોપેઝ સેક્વીરાની પોર્ટુગીઝ હાકેમ તરીકે નિમણુંક થવાથી આલ્બર્ગારિઆ યુરોપ પાછો ગયો. સેક્વીરાએ ત્રણ

વર્ષ કામ કર્યા પછી એની જગ્યાએ મેનેઝીસ આવ્યો (ઈ સ ૧૫૨૧–૧૫૨૪) આ હાકેમના સમયમા કંઈ પણ અગત્યનો બનાવ બન્યો નહીં યુરોપમા રાજા ઇમૅન્યુઅલ સને ૧૫૨૧ મા મરણ પામ્યો હિંદુસ્તાનમા પોર્ટુગીઝ રાજ્યનો પાયો મજબૂત બેસાડવામા આ રાજાનુ ડહાપણ ઘણુ ઉપયોગી થયુ હતુ પોતાના કામ માટે યોગ્ય માણસો ચુંટી કહાડી તેમને પડતી અડચણો દૂર કરવાનુ, અને હાથમા લીધેલા કામ માટે પૈસા, માણસ તથા વહાણો જોઇએ તેટલા પુરા પાડવાનુ ઇમૅન્યુઅલે ખંતથી ઉપાડી લેવાથી આ કામમા તેને પૂર્ણ ફત્તેહ મળી તોપણ આવી બાબતનો સઘળો યશ તેના બાપ બીજા જૉન રાજાને આપવો જોઇએ, કેમકે દૂરના પ્રદેશો શોધી કહાડવાનુ વિકટ કામ તેણેજ પાર ઉતાર્યું હતું, અને તેણે તૈયાર કરેલા માણસોની મદદથીજ અગાડી પરાક્રમ થયા હતા રાજા ઇમૅન્યુઅલ પોર્ટુગલમા ઘણો પ્રિય નહોતો તે હરેક બાબતમા સંશયી તથા અનુપકારી હોવા ઉપરાત પૈસાનો લોભી હતો, એટલે હિંદુસ્તાનના વેપારમાથી થતો સઘળો ફાયદો તે પોતે ખાઈ જાતો ઇમૅન્યુઅલ પછી તેનો છોકરો ત્રીજો જૉન ગાદીએ આવ્યો બાપ કરતા છોકરો ઘણો ચાલાક તથા હોશીઆર હતો, તથા તેને ગુણ અવગુણની પારખ હોવાથી તે ગુણનો બદલો વાળ્યા સિવાય કદી રહેતો નહીં એમ છતા ધર્મની બાબતમા તે દુરાગ્રહી હતો હિંદુસ્તાનમા પોતાનુ રાજ્ય સ્થાપી વેપાર તથા ઐહિક સંપત્તિ વધારવી એટલોજ તેનો ઉદ્દેશ નહોતો, પણ તે દેશના લોકોને ખ્રિસ્તી ધર્મમા વટાળવાની તેને અત્યંત ઉત્કંઠા હતી પોર્ટુગલમા 'પવિત્ર ન્યાયાસન' (the Holy Inquisition) સ્થાપી તે દ્વારા લોકો ઉપર પડતો ધર્મનો ત્રાસ એણે એટલો બધો વધાર્યો કે પ્રજામા રાજ્યીય ઉત્સાહ તદ્દન મંદ પડી ગયો હિંદુસ્તાનમા લોકોને વટાળવાનુ નાપસંદ કામ તેણેજ શરૂ કર્યું હતુ, અને તેથીજ તેના રાજ્યનો પાયો ઘણો નબળો પડ્યો હતો

ત્રીજા જૉન રાજાએ પ્રસિદ્ધ વહાણવટી વાસ્કો ડ ગામાને પોર્ટુગીઝ વાઈસરૉય તરીકે સને ૧૫૨૪ મા હિંદુસ્તાન મોકલ્યો હતો ગામાએ કરેલા મહાન કામોને લીધે આ અગાઉજ તેનુ ગૌરવ વધતુ જોઈતુ હતુ, પણ

ઇમૅન્યુઅન રાજાની તેના તરફ ઇતિરાજી થવાથી તેના સઘળા કામો હવાઈ ગયાં હતા જ્યારે હિંદુસ્તાનમાના પોર્ટુગીઝ અમનદારોએ ઘણુંજ સ્વેચ્છા ચારી થઈ ઉપરીઓના હુકમો તરછોડી કહાડ્યા, તથા લાંચ લઈ કામ બરાબર કર્યુ નહીં ત્યારે ચાલતી ગેરવ્યવસ્થાનો બંદોબસ્ત કરવા ગામાને આ દેશમા મોકલવામા આવ્યો અહીં આવ્યા પછી તે ચૌલનો કિલ્લો જોઈ ગોવે ગયો ત્યાના અધિકારી પેસ્તાના વિરુદ્ધ પુષ્કળ અરજીઓ થવાથી તેને ગામાએ એકદમ બરતરફ કર્યો પછી કોચીન જઈ ત્યાના પોર્ટુગીઝ અમલદારને ગજીનામુ આપવા ફરજ પાડી આવા કૃત્યોથી ગામાનો ધાક સારો બેઠો, પણ તે પોતાનુ કામ પૂર્ણ કરતા સુધી જીવ્યો નહીં તે ઘણો વયોવૃદ્ધ હોવાથી સને ૧૫૨૪ ના ડીસેમ્બર માસમા મરણ પામ્યો તેને કોચીનમા દાટ્યો હતો, પણ પાછળથી સને ૧૫૩૮ મા તેના પ્રેતને પોર્ટુગલ લઈ જવામા આવ્યુ ગામાના ગુજરી જવા પછી બે વર્ષ સુધી ડૉમ હેનરી ડ મેનેઝીસે ગવર્નર તરીકે કામ કર્યું તે સને ૧૫૨૬મા મરણ પામ્યો ત્યારે લોપો વાઝ ડ સોપેયો ગવર્નર થયો પરંતુ એની સામે લોકોનો ગુમાટો ઘણો હતો, રાજ્યમા અવ્યવસ્થા વધી ગઈ હતી અને કિલ્લા વગેરે બચાવ ના કામોની સ્થિતિ જોઇએ તેવી હતી નહીં

પોર્ટુગીઝ લોકોએ વેનિસના વેપારને આકરો ફટકો લગાવ્યાથી તેઓ તરફ વેનિશિઅનોનો અપાર ગુસ્સો ઉશ્કેરાયો હતો અને વેર લેવા તેઓ તુર્કસ્તાનના મુસલમાની રાજ્ય સાથે મિત્રાચારી બાંધી, પોર્ટુગીઝોને શેહ આપવા મથન કરી રહ્યા હતા આ બાબતમા તેઓ કંઈ પણ કરી શકે તે પહેલા ઇજીપ્ત અને તુર્કસ્તાન વચ્ચે લડાઈ જાગી, યુદ્ધને અંતે ઇજીપ્ત તુર્કસ્તાનના તાબામા ગયુ તેમ સિરીઆ અને અરેબીઆના મુલકો પણ તે દેશે જીતી લીધા આ ગડબડાટના સમયમા તુર્ક સુલતાન સલીમ સને ૧૫૨૦ મા ગુજરી ગયો, અને તેનો પુત્ર સુલેમાન તખ્તનશીન થયો એ બાદશાહ ઘણો પરા ક્રમ તથા ચાલાક હોવાથી હિંદુસ્તાનને લીધે પોર્ટુગીઝોનુ મહત્વ કેટલુ અને કેવી રીતે વધી ગયુ હતુ તે સંપૂર્ણ રીતે તે કળી શક્યો હતો, અને તેથી તેમનો પ્રતિકાર કરવા માટે સુવેઝની સંયોગિભૂમી આગળ તેણે એક

મોટો કાફલો તૈયાર કરાવી સુલેમાન પાશ્ચાને તેનો સરદાર બનાવ્યો. આ આરમાર ઉપર વેનિસના ખ્રિસ્તી ખલાસીઓ તેમજ તુર્કસ્તાન તથા ઇજીપ્ત-ના વહાણવટીઓ પણ હતા.

૨. ન્યુનો ડ કુન્હા ( સને ૧૫૨૯–૧૫૩૮. )—આવે વિકટ પ્રસંગે હિંદુસ્તાનમાં કોઈ અક્કલવાન અમલદાર હોવો જોઈએ તેટલા માટે પોર્ટુગીઝ રાજા ત્રીજા જૉને ન્યુનો ડ કુન્હાને સને ૧૫૨૮ માં પોર્ટુગીઝ ઇન્ડિ-આનો ગવર્નર નીમી આ તરફ રવાના કર્યો. આલ્બુકર્ક પછી આવેલા હાકેમોમાં આ સર્વથી વધુ પરાક્રમી હતો, તેણે હિંદી મહાસાગરમાં અનેક સાહસિક કામો કર્યાં હતાં, અને સને ૧૫૨૫ માં મોમ્બાસાના રાજાનો પરાભવ કરી, તથા ઑર્મેઝના રાજા પાસે ખંડણી ઉઘરાવી નામના મેળવી હતી. સને ૧૫૨૯ માં ડ કુન્હાએ આ દેશમાં આવતાં તરતજ સાંપેયોને કેદ કરી પોર્ટુગલ મોકલાવી દીધો, જ્યાં તે કેટલોક સમય કેદ ભોગવી હદપાર થયો. કુન્હાએ સઘળાં થાણાં, કિલ્લા તથા વખારોની સત્વર તપાસ કરી, તથા અધિકારીઓની લુચ્ચાઈ ડોંગાઈ પકડી ગુન્હેગારોને સજા કરી. એ સિવાય વેપાર તથા રાજ્ય વધારવા કાજે એણે પુષ્કળ યત્ન કર્યા. અત્યાર સુધી કોરોમાંડલ કિનારા ઉપર સેન્ટ ટૉમેની ઉત્તરે પોર્ટુગીઝ વેપાર ચાલતો નહોતો, તેથી બંગાળાના મુસલમાન અધિકારીઓ સાથે સંધિ કરી તેણે તે પ્રાંત સાથે વેપાર શરૂ કર્યો. ગોવાના જેવું બંગાળાના કિનારા ઉપર પોતાનું એકાદ સ્વતંત્ર બંદર કરવાની કુન્હાની ઘણી ઇચ્છા હતી, પણ તે સફળ થઈ નહીં. ગુજરાતના કિનારા ઉપર પણ પોર્ટુગીઝોનું બંદર નહોતું; ત્યાંથી ઘણે દૂર ઉત્તરમાં ફક્ત ચૌલનું થાણું તેમની પાસે હતું. તુર્કસ્તાન-માંથી મુસલમાની આરમાર ગુજરાતના કિનારા ઉપર આવતાં તેને તે તરફ-ના મુસલમાની રાજાઓનો આશ્રય મળે તો પછી પોર્ટુગીઝોને તેમના કામમાં હરકત પડ્યા વિના રહે નહીં, એ ધાસ્તી નિર્મૂળ કરવાના હેતુથી ડ કુન્હાએ ગુજરાતમાં એક બંદર મેળવવા ખટપટ ચલાવી. એટલામાં અનુકૂળ તક તેને હાથ લાગી. ગુજરાતના સુલતાન બહાદુરશાહને દિલ્હીના બાદશાહ હુમાયુ સાથે લડાઈ જાગતાં બહાદુરશાહે પોર્ટુગીઝોની મદદ માગી, અને બદલામાં

વસઈનો બેટ તેઓને આપવા જણાવ્યું. એ બેટ તાબામાં લઈ પોર્ટુગીઝોએ ત્યાં એક મજબૂત કિલ્લો ઉભો કર્યો (સને ૧૫૩૪) ત્યારથી વસઈ ઉત્તર તરફનું એક મોટું થાણું થયું, અને ગોવાની માફક આબાદ થતું ચાલ્યું. એવીજ રીતે દમણ, થાણા, તારાપૂર, વાંદરા, માહીમ, મુંબઈ વગેરે ઠેકાણાંઓ પોર્ટુગીઝોએ કબજે કર્યા. સને ૧૫૩૫ માં એમણે આપેલી મદદના બદલામાં બહાદુરશાહે કાઠીઆવાડની દક્ષિણે આવેલો દીવનો બેટ તેમને બક્ષિસ આપ્યો. ડ કુન્હાએ તરતજ ત્યાં મજબૂત કિલ્લેબંધી કરી. આ પ્રમાણે બહાદુરશાહ અને કુન્હા વચ્ચે ઘાડી મિત્રાચારી હતી, પણ એક દિવસ કુન્હાની મુલાકાત લઈ બહાદુરશાહ પાછો ફરતો હતો તેવામાં વહાણ ઉપર તેનું એકાએક ખુન થતાં તેના ભત્રિજા ત્રીજા મહમદશાહે ગાદીએ આવી તુર્કસ્તાનના સુલતાન સુલેમાન સાથે તહ કરી પોર્ટુગીઝો સામે શસ્ત્ર ઉપાડયાં. સુલેમાને પાણી માર્ગે અને મહમદશાહે જમીન તરફથી દીવને ઘેરો ઘાલ્યો તે વખતે કિલ્લાનું બાંધકામ પુરૂં થઇ ગયલું હોવાથી પોર્ટુગીઝોને તે ઘણો કામ લાગ્યો.

સિલ્વેરા નામના પોર્ટુગીઝ અમલદારે દીવનો બચાવ ઉત્કૃષ્ટ રીતીએ કર્યો. ઘેરો લાંબો વખત ચાલ્યા પછી પોતાના માંહોમાંહેના વિગ્રહને લીધે મુસલમાનોને તે ઉઠાવવો પડયો, અને દીવ તેમના હાથમાં આવ્યું નહીં. આ ઘેરો ચાલતો હતો તે દરમિઆન ડ કુન્હાની જગ્યા ઉપર ગાર્શિઆ ડ નોરોનાની નિમણુક થઈ (સને ૧૫૩૮). ડ કુન્હા ઘણો કડક-પણે વર્તતો હોવાથી તેની સામા અનેક દુશ્મનો ઉભા થયા હતા, અને તેઓ તરફથી ગમે તેવી જુઠી વાતો રાજાને કાને પહોંચાડવામાં આવતાં તેને કેદ કરવાનો તથા પોર્ટુગલ પાછો મોકલી દેવાનો હુકમ રાજાએ આપ્યો હતો. એ હુકમ અન્વય કુન્હા સ્વદેશ પાછો ફરતો હતો તેવામાં સને ૧૫૩૯ માં રસ્તામાંજ તેણે પ્રાણ છોડયો. એ આલ્બુકર્કના જેવો નિપુણ અને હોંશીઆર હતો, અને એનું સૌથી મોટું કામ દીવ કબજે કરવાનું હતું.

**૩. જૉન ડ કૅસ્ટ્રો અને દીવની પડતી (સને ૧૫૪૬).**—ગાર્શિઆ ડ નોરોના સને ૧૫૪૦ માં ગોવામાં મરણ પામ્યો ત્યાર પછી વાસ્કો ડ ગામાનો

બીજો પુત્ર સ્ટીફેન ડ ગામા ગવર્નર થયો એણે પોતાની હાકમી દરમિયાન રાતા સમુદ્રમા એક સફર કરી સને ૧૫૪૨મા એની જગ્યાએ અફૉન્સો ડ સુઝાએ આવી વિજાપૂરના આદિલશાહ સાથે તહ કરી ગોવાની આસપાસનો મુલક મેળવ્યો સને ૧૫૪૫ મા ડૉમ જૉન ડ કૅસ્ટ્રો ગવર્નર તરીકે હિંદમા આવ્યો એ ઘણો સભ્ય તથા પ્રમાણિક હોવાથીજ એને આ જગ્યા મળી હતી હમણા હિંદુસ્તાન આવતા પોર્ટુગીઝ અમલદારો ગમે તે પ્રકારે પોતાનુ તળીયુ ટાઢુ કરવામા મશગુલ રહેતા, તેઓ સરકારી કામમા લાચ ખાતા હોવાથી, તથા ખાનગી વર્તનમા જુગાર અને બીજા વ્યસનથી વીંટળાઇ ગયલા હોવાથી જ્યા ત્યા ઘોટાળો તથા અન્યાય ચાલી રહ્યા હતા આ સઘળી ગેરવ્યવસ્થા દૂર કરવા કૅસ્ટ્રો તૈયાર થઈ આવ્યો હતો હિંદુસ્તાનમા નવ વર્ષ લસ્કરી નોકરી કર્યા પછી જોઇએ તેટલો ખાનગી વેપાર કરવાની પોતાની પ્રજાને પરવાનગી મળશે એવુ પોર્ટુગલના રાજાએ પહેલેથીજ જાહેર કરેલુ હોવાથી આ લાલચને લીધે પુષ્કળ લોકો હિંદુસ્તાન આવતા, અને તેથીજ હમણા અવ્યવસ્થા ઘણી વધી પડી હતી અમલદારોનો પગાર વગેરે ઠરાવી આપી આ સઘળો અન્યાય કમી કરવા માટે કૅસ્ટ્રોએ પુષ્કળ પ્રયત્ન કર્યા પણ તેને કઈ યશ મળ્યો નહીં

કૅસ્ટ્રો હિંદુસ્તાન આવ્યો ત્યારે પોર્ટુગીઝો સામે સઘળા મુસલમાનોએ હથીઆર ઉપાડ્યા હતા ખંભાતનો સુલતાન મહમુદ તથા તેનો મુખ્ય કારભારી ખ્વાજા જાફર દીવ પાછુ લેવા ખંતથી મંડ્યા હતા જાફર ઘણો અભિમાની પણ ચતુર પુરૂષ હતો એણે બહારથી પોર્ટુગીઝો સાથે સ્નેહ રાખી અંદરખાનેથી દીવ પાછુ મેળવવાના હેતુથી સઘળા મુસલમાનોને એકત્ર કર્યા એકાદ પોર્ટુગીઝને ભંભેરી તેની પાસે દીવનાં પીવાનાં પાણીમા ઝેર નખાવવાની એણે તજવીજ કરી, પણ આ પ્રપંચની પોર્ટુગીઝ લોકોને એક મુસલમાન સ્ત્રી મારફત ખબર મળવાથી તેઓએ કાંઈ પણ કરવામા આવે તે અગાઉ સખ્ત બંદોબસ્ત કર્યો મારકરીના કરીને દીવનો મુખ્ય અમલદાર હતો તેણે પણ લડવા માટે સઘળી તૈયારી કરી તેણે કિલ્લાના દરેક બુરજ ઉપર પોતાના ભરોસાનો એકેક અમલદાર મુકી તેના હાથ

નીચે ત્રીસ ત્રીસ માણસો ગોઠવ્યાં. ખ્વાજા જાફરે પ્રથમ સમુદ્ર મારફત દીવ ઉપર હલ્લો કર્યો; પણ તેની પાછળ આવતાં અન્નસામગ્રીથી ભરેલાં ત્રણ વહાણોને પોર્ટુગીઝોએ પકડી લીધાં. સામી બાજુએ જમીન ઉપર ખ્વાજા જાફરે એક ઉંચો માચડો બાંધી તે ઉપરથી કિલ્લા ઉપર મારો ચલાવ્યો. આ મારાથી પોર્ટુગીઝોની ઘણી ખરાબી થઈ, પણ તેઓ ભારે દૃઢતાથી લડ્યા. સ્ત્રીઓ તથા છોકરાંઓ પણ મરણીઆ થઈ લડાઈમાં ઝીંપલાવતાં. મુસલમાનની તોપથી આખા દિવસમાં કિલ્લાનો જે ભાગ તુટતો તે તેઓ રાતના પાછો બાંધી દેતાં. મારાનું કંઈ પણ અસરકારક પરિણામ નહીં આવતું જોઈ જાફરે બીજો એક ઉંચો માચડો બંધાવ્યો, અને તે ઉપરથી દીવ ઉપર મારો ચાલુ રાખ્યો. એક દહાડો કિલ્લામાં પડેલું બાકોરૂં તે તપાસતો હતો તેવામાં પોર્ટુગીઝ તોપનો ગોળો ઘણી ઝડપથી આવી તેને વાગતાં આ બહાદુર પુરૂષ તરતજ મરણ પામ્યો (તા. ૨૬ મી જુન ૧૫૪૬). જાફરનો છોકરો રૂમીખાન, જે બાપના જેવોજ શુરવીર હતો, તેણે ઘેરાનું કામ આગળ ચલાવ્યું. બેઉ બાજુના લોકો જીવ ઉપર આવી લડ્યા. હજાર હજાર માણસો લઈ રૂમીખાન જેટલી વાર દરેક બુરજ ઉપર વાગફરતી ધસતો તેટલી વાર અંદરના લોકો ઝનુનથી લડી તેને પાછો હઠાવતા. પણ ઘેરો ઘણો વખત ચાલવાથી ખોરાકી ખુટવા માંડી, અને કિલ્લામાંના માણસોની સ્થિતિ ભયંકર થઈ. એમ છતાં તેઓ લડતા હોવાથી અનેક વખત કિલ્લો મુસલમાનોને હાથ જશે એવી ધાસ્તી લાગતી. મુસલમાનોએ પણ સુરંગ તથા તોપનો કાતિલ મારો ચલાવ્યો પણ નિરર્થક. પોર્ટુગીઝોનાં કિલ્લામાં ૪૦૦ માણસો હતાં, તેમાંનાં અરધાં તો પહેલાં મરણ પામ્યાં હતાં, અને બાકીનામાંનાં ઘણાંખરાં ઘાયલ થયાં હતાં. આ બાજુએ મુસલમાનોનાં પાંચ હજાર માણસો માર્યાં ગયાં હતાં. થોડા સમયમાં પોર્ટુગીઝોની મદદે બીજું ચારસો માણસોનું લશ્કર આવી લાગવાથી, તથા અન્નસામગ્રીથી ભરેલાં મુસલમાનોનાં કેટલાંક જહાજ તેમના હાથમાં સપડાઈ જવાથી તેઓનામાં નવો જુસ્સો આવ્યો. ઘેરો આઠ મહિના ચાલ્યા પછી સને ૧૫૪૬ ના નવેમ્બરમાં ડૉમ ક્રેસ્ટ્રોએ સો વહાણનો મોટો કાફલો તૈયાર કરી દીવની મદદે મોકલ્યો. આ

કાફલાનો મુખી ડૉમ લિમા સ્વભાવે ઘણો ક્રૂર હોવાથી વસઈ, દમણ, સુરત, હાંસોટ વગેરે કિનારા ઉપરના પ્રદેશો બાળતો, લૂંટતો તથા અનેક રીતે તેનો નાશ કરતો તે દીવ આગળ આવ્યો. આ કાફલાની સાથે ગવર્નર કૅસ્ટ્રો પણ હતો. આ મદદ આવી પહોંચતાં પોર્ટુગીઝ લોકો કિલ્લા બહાર નીકળ્યા, અને જુદી જુદી ટુકડીઓમાં વ્હેંચાઈ મેદાનમાં પડેલા મુસલમાનો ઉપર તુટી પડ્યા. ત્રણચાર ખુનખાર લડાઈઓ થયા પછી આખરે રૂમીખાન તથા તેના અનેક બહાદુર સરદારો લડતા માર્યા જવાથી મુસલમાનો દીવ આગળથી પાછા હઠ્યા, અને તેમની તોપો તથા પુષ્કળ યુદ્ધસામગ્રી પોર્ટુગીઝોને મળી. ખંભાતના નવાબે આ પરાજયની હકીકત સાંભળતાંજ પોતાના તાબામાંના અઠ્ઠાવીસ પોર્ટુગીઝ કેદીઓનો શિરચ્છેદ કરાવ્યો. મળેલી ફત્તેહથી ફુલાઈ જઈ પોર્ટુગીઝોએ ખંભાત, ઘોઘા વગેરે બાળી નાખ્યાં, સુરત લૂટ્યું અને નિરપરાધી રૈયતની કતલ કરી પોતાનું ક્રુરપણું બતાવ્યું.

કૅસ્ટ્રોએ વિજાપૂરના આદિલશાહ સાથે શરૂ કરેલા યુદ્ધમાં આદિલશાહનો પરાભવ થયો, અને ડાભોલ બંદર પોર્ટુગીઝોને મળ્યું. આખરે સને ૧૫૪૭ માં બન્ને વચ્ચે સલાહ થઈ. દીવના વિજયની ખબર યુરોપ પહોંચતાં રાજા તરફથી કૅસ્ટ્રોને સાબાશી મળી, અને તેને હિંદમાં પોર્ટુગલના વાઇસરૉયની પદ્વી આપવામાં આવી. કૅસ્ટ્રો સને ૧૫૪૮ માં મરણ પામ્યો. આલ્બુકર્ક પછી થયેલા અનેક ગવર્નરોમાં એ એક મહાન અને પ્રતિષ્ઠિત નર લેખી શકાય. જેવી રીતે આલ્બુકર્કે ગોવા સર કરી ભારે કીર્તિ મેળવી હતી તેવીજ રીતે દીવ કબજે કરી કૅસ્ટ્રોએ પોતાની કીર્તિ પોર્ટુગીઝ ઇતિહાસમાં અમર કરી છે.

**૪. સને ૧૫૪૮ થી ૧૫૮૦ સુધીમાં આવેલા અધિકારીઓ**—કૅસ્ટ્રોની પછી આવેલા ગવર્નર ગાર્શિઆ ડ સાએ ગુજરાતના સુલતાન ત્રીજા મહમુદશાહ સાથે સલાહ કરી દીવનો કિલ્લો હમેશ માટે પોર્ટુગીઝો સારુ મેળવ્યો, પણ તેની આસપાસનો મુલક સુલતાનના અધિકારમાં રહ્યો. એ અમલદાર સને ૧૫૪૯ માં મરણ પામ્યો એટલે પોર્ટુગલથી અફૉન્સો ડ નોરોના વાઈસરૉય તરીકે આવી પહોંચે તે અરસામાં વસઇનો અધિ-

ફારી જ્યોર્જ કેબ્રલ ગવર્નર થયો. નોરોનાએ સને ૧૫૫૪ સુધી અધિકાર ભોગવ્યો, અને તે દરમિઆન સિલોનમાં પોતાની સત્તા ઘણી વધારી. એની પછી આવેલા ફ્રાન્સિસ્કો બારેટોએ સઘળા પોર્ટુગીઝ કિલ્લાની તપાસણી કરી યોગ્ય બંદોબસ્ત કર્યો, કે જેથી પોર્ટુગીઝોના ત્રાસની ધાસ્તી અન્ય લોકોમાં ઘટી જાય નહીં. એની કારકિર્દીમાં પ્રસિદ્ધ પોર્ટુગીઝ કવી કમોન્સે (Comoens) ગોવામાં પોર્ટુગીઝ અધિકારીઓએ ચલાવેલા ઉન્મત્તપણા ઉપર એક ટીકારૂપ કવિતા પ્રસિદ્ધ કરવાથી તેને મકાવમાં હદપાર કરવામાં આવ્યો હતો. એ અરસામાં યુરોપમાં ત્રીજો જૉન રાજા મરણ પામ્યો, અને તેનો હિણભાગ્ય નાની વયનો પૌત્ર સબેશ્ચિઅન ગાદીએ આવ્યો. પરંતુ રાજ્યનો સઘળો કારભાર મૈયત રાજાની રાણી કેથેરાઈનના હાથમાં રહ્યો. તેણે સને ૧૫૫૮ માં ગોવાના વાઈસરૉય તરીકે મોકલેલા કૉન્સ્ટૅન્ટીનો ડ બ્રૅગૅન્ઝાએ દમણ કબજે કરી ત્યાં એક મજબૂત કિલ્લો બાંધ્યો, તેમજ મલાકકા, ઑર્મેઝ, સિલોન વગેરે ઠેકાણે લશ્કરી વહાણો મોકલી પોતાની સત્તા કાયમ કરી. વળી જાતે સિલોન જઈ તેણે જાફનાપટ્ટણ નામનું બંદર સર કરી તેને પોર્ટુગીઝોનુ તે તરફનુ મુખ્ય થાણું બનાવ્યું. કૉન્સ્ટૅન્ટીનોએ હાથ હેઠળના અમલદારોની ગેરવર્તણુક અટકાવવા મહા પ્રયાસ કર્યો. સને ૧૫૬૧ માં ફ્રાન્સિસ્કો કૂટિનો વાઈસરૉય થયો. તેણે ત્રણ વર્ષ અમલ કર્યાં પછી ઍન્ટોનીઓ ડ નોરોના એની જગ્યાએ આવ્યો (સને ૧૫૬૪). આ સમયે સઘળાં મુસલમાની રાજ્યો વિજયનગરનું હિંદુ રાજ્ય જીતવામાં ગુંથાઈ ગયલાં હોવાથી પોર્ટુગીઝોને પોતાના કાર્યમાં કંઈ પણ અડચણ આવી નહીં. તેઓએ સિલોનનો આખો ટાપુ કબજે કર્યો, અને બીજાં નાનાં નાનાં બંદરો ઉપર પોતાનો અમલ બેસાડ્યો. મુસલમાનોએ તાલિકોટના રણક્ષેત્ર ઉપર વિજયનગરના નરસિંગરાયનો પરાભવ કર્યાની વાત પોર્ટુગીઝો દૂરથી શાંતપણે સાંભળ્યા કરતા હતા. આવે પ્રસંગે આલ્બુકર્ક હિંદુસ્તાનમાં હોત તો તે હિંદુ રાજાને મદદ કરી મુસલમાનોને શિરજોર થવા દેત નહીં. હિંદુ રાજ્યનું સંરક્ષણ કરી આખા દેશમાં પોતાનું રાજ્ય સ્થાપવાની હવે પછીના પોર્ટુગીઝ અમલદારોની માફક હાલના સત્તા-

ધિકારીઓની ઇચ્છા હોત તો તેઓએ મુસલમાનોને પ્રબળ થવા દીધા હોત નહીં. વિજયનગરના રાજાએ પૂર્વ કિનારા ઉપરના પોર્ટુગીઝના સેન્ટ ટૉમે નામના મથક ઉપર એક વખતે હલ્લો કર્યો હતો, ત્યારથી તેની પ્રત્યે પોર્ટુગીઝોનો અભાવ થયો હતો, અને કદાચ તેથીજ તેને મદદ કરવામાં તેઓ પછાત રહ્યા હશે

સને ૧૫૬૮ મા વાઇસરૉય તરીકે આવેલા લુઈ એથેડ ( Louis Athaide ) ને હિંદુસ્તાન આવતાજ તાલિકોટની લડાઈનુ પહેલુ પરિણામ ભોગવવુ પડ્યુ મેળવેલી ફત્તેહથી ફુલાઈ જઈ વિજાપૂરના આદિલશાહે એક લાખ લશ્કર તથા બે હજાર ઉપર હાથી લઈ ગોવા ઉપર સ્વારી કરી આ પ્રસંગે પોર્ટુગીઝો વિરૂધ ઘણાક રાજાઓએ એકત્ર થઈ તેમને આ દેશમાથી હાંકી કહાડવા મનસુબો કર્યો સને ૧૫૭૦ મા ગોવા ઉપર ઘેરો પડ્યો ત્યારે લડાઈમા કામ લાગે તેવા માત્ર ૭૦૦ માણસોજ તેમા હોવાથી પાદરી તથા અનેક પરદેશીઓની મદદ લઈ એથેડે લશ્કરમા આસરે બે હજાર માણસોની ભરતી કરી આ નાની અને બીનકેળવાયલી ફોજે દસ મહિના સુધી આદિલશાહના હુમલાની કંઈ દરકાર કરી નહીં તે ઉપરથી પોર્ટુગીઝોના શૌર્ય તથા દૃઢનિશ્ચયની વાખણાણી આખા દેશમા ફેલાઈ ઘેરો નિષ્ફળ જવાથી તથા આખરે આદિલશાહ તથા તેનુ લશ્કર અત્યંત હેરાન થવાથી તેને ગોવા આગળથી ચાલ્યા જવાની જરૂર જણાઈ આજ સમયે મલાક્કા ચૌલ અને ફૅરિફટ પામેના શાનેમાથી પોર્ટુગીઝોએ પોતાના શત્રુઓને મારી હઠાવ્યા તે પછી એથેડે મલબાર કિનારા ઉપર સ્વારી કરી સઘળા શત્રુઓનો પરાજય કર્યો, વિશેષમા હોનાવરના રાજાએ ગોવાના ઘેરામાં આદિલશાહને મદદ કરેલી હોવાથી તેણે હોનાવર શહેર બાળી નાખ્યુ, અને ત્યાં ભયંકર કેહેર વર્તાવ્યો સને ૧૫૭૧ માં આવેલા ઍન્ટોનીઓ ડ નોરોના પછી થઈ ગયલા અધિકારીઓ જેવા કે ડીઆર તથા ચાબાક નરોનો આફ્રિકાના કિનારાથી મલાક્કા પર્યંતનો દરિયા કિનારાનો સઘળો પ્રદેશ એકજ અમલદારના તાબા હેઠળ હોવાથી તેની યોગ્ય વ્યવસ્થા રાખવામાં અડચણ પડવા લાગવાથી પોર્ટુગાલ દરબારે આ વિશાળ અધિકાર-

ના ત્રણ કકડા પાડી નાખ્યા એડનથી સિલોન સુધીનો વચેનો મુખ્ય પ્રદેશ ગોવાના તાબામાં રહેવા દઈ ત્યાંના અમલદારને વાઈસરૉયની પદવી આપી સિલોનથી મલાક્કા સુધીનો પૂર્વ તરફનો ભાગ બીજા અધિકારીને સોંપી તેની બેઠક મલાક્કામાં રાખી, અને આફ્રિકાનો સઘળો પૂર્વ કિનારો ત્રીજા અધિકારીને સોંપી મોઝામ્બિકમાં તેનું મુખ્ય થાણું બનાવ્યું મોઝામ્બિકમાં રહેનાર અધિકારીએ આફ્રિકાના પૂર્વ તરફના પુષ્કળ મુલકની તપાસણી કરી નવી નવી શોધો ચલાવી સને ૧૫૭૩ માં એન્ટોનિઓ બેરેટો ગોવાનો અધિકારી થયો ત્યાર પછી ૧૫૭૬ થી ૧૫૭૮ સુધી ડીઓગો ડ મેનેઝીસે કારભાર ચલાવ્યો, અને ૧૫૭૮ થી ૧૫૮૧ સુધી ડૉમ એથેડ બીજી વખત વાઈસરૉય થયો એથેડ સને ૧૫૮૧ માં ગોવામાંજ મરણ પામ્યો એને આગલે વર્ષે એટલે ૧૫૮૦ માં યુરોપમાં કૌટુમ્બિક સબંધને લીધે પોર્ટુગલ તથા સ્પેન એકજ રાજાના અમલ હેઠળ આવવાથી હિંદુસ્તાનમાંના પોર્ટુગીઝ કારભારને જુદુંજ વલણ મળ્યું, અને તેનો અહીંના ઇતિહાસનો પ્રથમ ભાગ પુરો થયો

**૫. સને ૧૫૮૦ થી ૧૬૧૨ સુધીની હકીકત.**—સ્પેન અને પોર્ટુગલના સંયુક્ત મુલકનો પહેલો રાજા બીજો ફિલિપ હતો એણેજ સને ૧૫૮૮ માં ઈંગ્લંડ ઉપર એક અજીત આરમાર મોકલી રાણી ઈલીઝાબેથ સાથે લડાઈ કરી હતી, અને હિંદુસ્તાનમાંના સઘળા પોર્ટુગીઝ અમલદારો પાસેથી પોતે લીધેલું રાજ્યપદ કબુલ કર્યા વિષેના સોગન લેવાયા હતા એની તરફથી નીમાયલા ગોવાના વાઈસરૉય માસ્કરીનાએ સને ૧૫૮૧ થી ૧૫૮૪ પર્યંત કારભાર કર્યો તે દરમિયાન મુસલમાનો સામે તેને ચૌલ બંદરનું રક્ષણ કરવું પડયું હતું એની પછી આવેલા વાઈસરૉયના વખતમાં હિંદુસ્તાનમાં કંઈ પણ જાણવા જેવા બનાવો બન્યા નહીં દમણ, દીવ, વસઈ વગેરે બંદરોનું રક્ષણ કરવામાં, સિલોન, મલાક્કા વગેરેમાં સ્થપાયલાં થાણાંને મદદ કરવામાં, તથા એવા બીજા અનેક કામોમાં વાઈસરૉયનો વખત નિર્ગમન થતો આ અરસામાં ડચ વેપારીઓ ધીરે ધીરે હિંદી મહાસાગરમાં આગળ આવવા લાગ્યા, એટલે પોર્ટુગીઝો વેપારમાં પાછળ

પડ્યા. સારાંશ, યુદ્ધની ભાંજગડ સિવાય ઐતિહાસિક મહત્વનો કંઈ પણ બનાવ આ સમયે બન્યો નહીં. ઈ. સ. ૧૫૬૪ માં એન્ટોનિઓ નોરોના વાઇસરૉય થયો ત્યારથી અન્ય ધર્મના લોકોને જોરજુલમથી ખ્રિસ્તી ધર્મમાં વટલાવવાનું કામ ચાલુ થયું હતું. ગોવાથી જેઝુઈટ પાદરી સાષ્ટી બેટમાં ગયા, અને લશ્કરની મદદથી હિંદુ લોકોનાં મંદીરોનો નાશ કર્યો ત્યારે હિંદુ લોકો શસ્ત્ર લઈ તેમની સામા થયા, કેટલાંક ખ્રિસ્તી દેવળોને જમીન-દોસ્ત કીધાં, અને ખ્રિસ્તી ઉપદેશકો ઉપર તુટી પડી તેમના પ્રાણ લીધા. આનું વેર લેવા નોરોનાએ સાષ્ટી ઉપર ફોજ મોકલી ત્યાંના અસંખ્ય લોકોની કતલ કરી, તથા તેમનાં ઘરબાર બાળી મુકી દેવાલયોનો નાશ કર્યો. આવાં ત્રાસદાયક કૃત્ય પછી પોર્ટુગીઝોનો જ્યાંસાં દોર બેઠો, તેઓએ દરેક પ્રાંતમાં પોતાનાં દેવળો સ્થાપ્યાં, અને પ્રત્યેક ટેકરી ઉપર ક્રૉસ ઉભો કર્યો. સને ૧૫૮૪ માં વાઇસરૉયની જગ્યા ઉપર આવેલા ડૉમ ડુઆર્ટ ડ મેનેઝીસનો સઘળો કાળ લડવામાંજ પુરો થયો. તુર્ક લોકો પોતાનો ખોયલો વેપાર પાછો મેળવવા પ્રયત્ન કરી રહ્યા હતા એટલે તેમની અને પોર્ટુગીઝો વચ્ચે અનેક ઝગડા થયા, અને તેનો નિકાલ કરવામાં મેનેઝીસ-નો સને ૧૫૮૮ લગીનો વખત ગયો. આજ અરસામાં ઈંગ્લંડ અને સ્પેન વચ્ચે તકરાર ઉત્પન્ન થવાથી એક દરીઆઈ લડાઈ થઈ. સને ૧૫૮૮ માં ઉત્કૃષ્ટ માલથી ભરેલું એક પોર્ટુગીઝ જહાજ યુરોપ જતાં રસ્તામાં પ્રસિદ્ધ અંગ્રેજ વહાણવટી ડ્રેકના હાથમાં સપડાયું. તે ઉપરથી તેણે વિચાર્યું કે પોર્ટુગીઝોના જહાજમાં દમ વિનાનો માલ હતો, તથા હિંદુસ્તાનમાં તેઓનું પ્રાબલ્ય ધારવામાં આવતું હતું તેટલું વિશેષ નહોતું. એમ છતાં મળેલી લૂંટ ઉપરથી હિંદુસ્તાનની સંપત્તિનો કંઈક ખ્યાલ તેને આવ્યો. બીજેજ વર્ષે અંગ્રેજોના હાથમાં આવેલાં એક બીજાં પોર્ટુગીઝ વહાણમાંનો માલ ઈંગ્લંડ લઈ જઈ વેચતાં દોઢ લાખ પૌંડ ઉત્પન્ન થયા. વેપારી માલ સિવાય વહાણ ઉપર મુલ્યવાન જવાહીર પણ હતાં. આવા દાખલાઓથી હિંદુસ્તાનના વેપાર સંબંધી અંગ્રેજોના મ્હોડામાં પાણી છુટવા લાગ્યાં.

ડુઆર્ટ સને ૧૫૮૮ માં મરણ પામતાં ડી મુઝા કુટીનો વાઇસરૉય

થયો. તેણે સને ૧૫૯૧ સુધી કારભાર કર્યા પછી એની જગ્યાએ મેથી-આસ ડ આલ્બુકર્ક આવ્યો. એનો ૭ વર્ષનો અમલ પુરો થતાં ૧૫૯૭માં ફ્રાન્સિસકો ડ ગામા વાઇસરૉય થયો. એ સર્વ લોકો તરફ ઘણી ઉદ્ધત રીતે વર્તતો હતો. વળી હાથમાંની સઘળી જગ્યાઓ એણે પોતાનાં ઓળખીતાં માણસોને આપવાથી એની સામા અસંખ્ય ફરીઆદો થઇ હતી. એના સમયમાં મલાક્કા આગળ વલંદા અને પોર્ટુગીઝો વચ્ચે થયલી ઝપાઝપીમાં વલંદા લોકોનો પરાજય થયો હતો. સને ૧૬૦૦ માં સાલડાના નામનો પુરૂષ પોર્ટુગલથી ગોવાના વાઇસરૉયની જગ્યા ઉપર નિમાઈ આવવાથી ડ ગામાને સ્વદેશ પાછા ફરવું પડયું. એના અપ્રિય કારભારને લીધે જતી વેળાએ ગોવાના લોકો તરફથી એનો ઘણો તિરસ્કાર થયો હતો.

સાલડાનાની કારકિર્દીનો મુખ્ય બનાવ એ હતો કે એ સમયે ચીન દેશમાં ખ્રિસ્તી ધર્મનો પ્રસાર કરવા માટે પોર્ટુગીઝ ધર્મગુરૂઓની એક ટોળી મોકલવામાં આવી હતી. ખાઇબર ઘાટમાં થઈ મધ્ય એશિઆને રસ્તે અનેક સંકટો ભોગવી આ ટોળી પેકીન પહોંચી હતી. આજ વખત પછી ચીન દેશની ખરી માહિતી યુરોપિઅન લોકોને મળવા લાગી. સાલ-ડાનાની પછી સને ૧૬૦૪માં આલ્ફૉન્સો કૅસ્ટ્રો વાઇસરૉયના પદ ઉપર આવ્યો, ત્યારે વલંદા લોકોનું પ્રબળ ઘણું વધ્યું હતું, અને મલાક્કાની નજદીક તેઓએ પોર્ટુગીઝો ઉપર વિજય મેળવ્યો હતો. કૅસ્ટ્રો સને ૧૬૦૬ માં મલાક્કામાં મરણ પામવાથી ગોવાના આર્ચબિશપ (મુખ્ય પાદરી) મેન્ઝીસે બે વર્ષ લગી વાઇસરૉયનું કામ ચલાવ્યું. એ સમયે પોર્ટુગીઝ લોકોને વલંદા સાથે મોઝાંબિક આગળ લડાઈ થઈ હતી. ત્યારબાદ તાન્હોરા નામનો સખસ વાઇસરૉય થયો, તેના અમલ દરમિયાન પોર્ટુગીઝ તથા અંગ્રેજો વચ્ચે સુરતના બંદરમાં લડાઈ થઈ હતી. એની હકીકત આગળ આવશે.

**૬. પોર્ટુગીઝ અમલનો ઉતરતો કાળ (સને ૧૬૧૨ થી ૧૬૪૦).**— સને ૧૬૧૨ માં વાઇસરૉય તરીકે નીમાયલા અઝવીડોના સમયમાં મોગલ બાદશાહનું એક વ્યાપારી વહાણ પોર્ટુગીઝોએ સુરતના બંદરમાં પકડ-વાથી બાદશાહે દમણને ઘેરો ઘાલી પુષ્કળ નુકસાન કર્યું. એજ પ્રમાણે

વસઈને પણ ઘેરો પડયો ત્યારે પોર્ટુગીઝોને તેની સાથે સને ૧૬૧૫ માં તહ કરવાની જરૂર પડી આ તહનામામાં એક કલમ એવી દાખલ કરવામાં આવી હતી કે બાદશાહે અંગ્રેજ તેમજ વલંદા લોકોને આશ્રય આપવો નહીં, પરંતુ તેની આ કબુલાત ક્ષણભંગૂર નિવડી.

આ વેળાં પોર્ટુગીઝ અમલની ઘણી નિકૃષ્ટ અવસ્થા થઈ હતી. પોર્ટુગીઝોની આસપાસ સઘળી બાજુએ દુશ્મનો ઉભા થયા હતા; તેમની હસ્તકના મુલકની અંતરવ્યવસ્થા ઘણીજ બગડી ગઈ હતી; વેપારને અંગે માલ ખરીદ કરવા માટે જે નાણું યુરોપથી આ દેશમાં આવતું તે સઘળું સ્થાનિક અમલદારો રાજ્યના ખર્ચ પેટે વાપરી નાંખતા; ઘણા ખરા અધિકારીઓ સરકારના લેણદાર હતા; તીજોરી ખાલી હતી, અને દેવસ્થાનોનો સઘળો પૈસો સરકારી કામમાં વપરાઈ જતો હતો. આવી ભયંકર સ્થિતિમાં ચારે તરફથી લડાઈના ભણકારા વાગી રહ્યા હતા ત્યારે સને ૧૬૧૪ માં યુરોપથી હિંદુસ્તાનના પોર્ટુગીઝ અમલદારોને એવો હુકમ મળ્યો કે મોટા મોટા સરકારી હોદ્દાઓ લીલામ કરી વેચવા, અને જે ઉત્પન્ન આવે તેમાંથી રાજ્યનો ખર્ચ ચલાવવો. આ હુકમ અન્વય જુના નોકરોને એકદમ કમી કરવામાં આવ્યા, અને તેમની ખાલી પડેલી જગ્યાઓ જે કોઈ વધારે પૈસા આપતું તેને બિનઅડચણે મળવા લાગી. કિલ્લાના મુખ્ય અમલદારની જગ્યા પણ એજ પ્રમાણે વેચાઈ. ટુંકમાં પોર્ટુગીઝ લોકોની આબાદીનો અંત નજીક આવતો જણાયો. સને ૧૬૧૮ માં જૉન કુટીનો ગોવાંના વાઇસરૉય તરીકે આવતાં, અજવીડોને પોર્ટુગલ પાછા ફરવું પડયું. એનાં દુષ્ટ તથા ઘાતકી કૃત્યોને માટે પોર્ટુગીઝ સરકારે એને કેદ કરી અંધારી કોટડીમાં પૂર્યો. કેટલેક દિવસે ચાલેલી તપાસને અંતે અજવીડોની ઘણીજ બેઆબરૂ થઈ. હિંદુસ્તાનમાં એણે નહીં માની શકાય એવું દુષ્ટપણું ચલાવ્યું હતું. સિલોનમાં વિજય મળતાં તેણે માતાઓ પાસે તેમનાં છોકરાંઓને ઘાણીમાં ઘાલી પીલાવ્યાં હતાં, કેટલાંકને સિપાઇઓ પાસે ભાલાની અણી ઉપર નચાવી તેમનાં દુઃખથી આનંદ મેળવ્યો હતો, અને કેટલાંકને સમુદ્રમાં મગરના ભક્ષ તરીકે ફેંકી દીધાં હતાં.

કુટીનોના વખતમાં ઈરાન અને ચીન વચ્ચે પુષ્કળ વ્યવહાર વધ્યો. સને ૧૬૧૯ થી ૧૬૨૨ સુધી આલ્બુકર્ક વાઈસરૉય તરીકે રહ્યા, પછી ૧૬૨૭ લગી ફ્રાન્સિસ્કો ડ ગામાએ તેની જગ્યાએ કામ કર્યું. એ દરમિયાન સને ૧૬૨૧ માં યુરોપમાં ત્રીજો ફિલિપ મરણ પામ્યો, અને ચોથો ફિલિપ ગાદીએ આવ્યો. આ વખતથી સ્પેન દેશની પડતી શરૂ થઈ હતી. પોર્ટુગીઝ લોકોનું નસીબ પણ એવું ઉલટાઈ ગયું કે હિંદુસ્તાન તરફ તોફાનમાં તેમનાં અસંખ્ય વહાણો અને માણસ તથા પુષ્કળ માલ ડુબી ગયાં. પલટાઈ જતી બાજીની સર્વ હકીકત ગામાએ પોતાની સરકારને જણાવી, પણ પુનઃ ઉપર આવવાનો માર્ગ કોઈને જડયો નહીં. ગોવા તેમજ ઈતર ઠેકાણે ધર્માધિકારીઓની સંખ્યા સામાન્ય લોકો કરતાં બમણી હોવાથી નવા મઠો બાંધવાનું કામ મોકુફ રાખવાનું ફરમાન યુરોપથી આવ્યું. બીજી બાજુએ વલંદા તથા અંગ્રેજો પોર્ટુગીઝોની પાછળ પડ્યા, અને ઓર્મઝનું બંદર, જ્યાંથી તેમને વિશેષ ધનપ્રાપ્તિ થતી હતી, તે તેમના હાથમાંથી છીનવી લીધું. આવા કઠણ પ્રસંગે પણ પોર્ટુગીઝોનો ખાનગી વેપાર ચાલુજ હતો. લિસ્બનથી પુષ્કળ નિરાશ્રિત છોકરીઓને અહીં મોકલવામાં આવતી, કેમકે રાજ્યના ઠરાવ મુજબ તેમના ધણીઓને સરકારી નોકરી આપવાની હતી. અમુક છોકરીના ધણીને અમુક શહેરના ગવર્નરની જગ્યા મળે એવી વ્યવસ્થા થએલી હોવાથી તે જગ્યા માટે અનેક દાવાદારો આવતા. આવાં સાધનોથી પોર્ટુગીઝ પ્રજાની વૃદ્ધિ કરવાનો સરકારનો ઉદ્દેશ હતો.

કુટીનો સને ૧૬૨૮ માં સ્વદેશ ગયો ત્યારે કોચીનના બિશપ બ્રિટોએ કેટલોક વખત વાઈસરૉય તરીકે કામ કર્યું. તે બીજેજ વર્ષે મરણ પામ્યો ત્યારે તેની જગ્યાએ માઈકલ નોરોના આવ્યો. વલંદા તથા અંગ્રેજોના હિંદુસ્તાનમાં આવવાથી પોર્ટુગીઝોનો વેપાર સજ્જડ બેસી ગયો હતો તે પાછો ચાલુ કરવાના હેતુથી પોર્ટુગલના રાજાએ એક કંપની સ્થાપન કરી, તેના ભંડોળ પેટે પોતે પુષ્કળ નાણું આપ્યું, અને મોટા મોટા આસામીઓ પાસે આગ્રહથી તેમાં નાણું ભરાવ્યું, તેમજ હિંદુસ્તાનમાં ગોવા

વગેરે ઠેકાણે લોકોએ વેપારમાં નાણું રોકવું એવો હુકમ કહાડયો. પણ આ તરફ કંપનીની મુડીમાં કોઇએ નાણું ભર્યું નહીં એટલે કંપની તરતજ ડુબી ગઈ. નોરોનાના પ્રયાસથી પોર્ટુગીઝોને અંગ્રેજો સાથે થોડી મિત્રાચારી રહી, પણ વલંદા લોકો સાથે તેવો સંબંધ રહ્યો નહીં. નોરોના ઘણો ચકોર બુદ્ધિનો હતો, એટલે તે સહજમાં પારખી શકયો હતો કે અન્ય જાતિના દુશ્મનો કરતાં આપણાજ લોકો આપણો નાશ વિશેષ કરે છે, અને એ અભિપ્રાય હિંમતથી તેણે પોતાના રાજાને લખી મોકલ્યો હતો. વળી ધર્મખાતાના જેઝુઈટ તેમજ બીજા લોકો તરફથી તેને અસંત ત્રાસ પડવા લાગ્યો. તેઓ એના હુકમનો અનાદર કરતા, સરકારી પૈસા મરજી માફક ઉડાવતા, શત્રુ સાથે મળી અંદરખાનેથી કારસ્તાન રચતા, તથા પોર્ટુગલના રાજાના અમે કંઈ તાબેદાર નથી, એમ ખુલ્લે ખુલ્લું કહેતા. આ દેશમાં આવ્યા પછી પુષ્કળ પોર્ટુગીઝ લોકો સાધુ થઈ રહેતા કે જેથી ગમે તેવાં કાળાં કૃત્ય કરવામાં તેમને અડચણ આવે નહીં. સને ૧૬૩૩ માં ફ્રેન્ચ લોકો આ તરફ વેપાર અર્થે આવી લાગતાં પોર્ટુગીઝ સત્તાને પ્રચંડ ધક્કો લાગ્યો. એજ અરસામાં મોગલ બાદશાહ શાહજહાને પોર્ટુગીઝો સામે શસ્ત્ર ઉપાડ્યાં. બાદશાહ આદિલશાહ સાથે લડતો હતો તેવામાં પોર્ટુગીઝોએ આદિલશાહને મદદ કરવાથી બાદશાહનો ગુસ્સો તેમની પ્રત્યે ઉશ્કેરાયો, એટલે તેણે એક મોટી ફોજ મોકલી બંગાળ પ્રાંતમાંથી સઘળા પોર્ટુગીઝોને હાંકી કહાડ્યા.

અંગ્રેજોનાં નામના આશ્રય હેઠળ કદાચ સારો વેપાર ચલાવી શકાશે એવા વિચારથી સને ૧૬૩૫ માં અંગ્રેજોનું લંડન નામનું વહાણ ભાડે લઈ પોર્ટુગીઝોએ ચીન દેશ લગી સફર કરી. પણ તે તરફ અંગ્રેજોએ પોતાની વખારો આ પહેલાં ખોલેલી હોવાથી પોર્ટુગીઝોનાં આ કૃત્યથી અંગ્રેજોને ઉલટી મદદ મળવા જેવું થયું.

એજ વર્ષમાં નોરોનાની જગાએ પેડ્રો ડ સિલ્વાની નિમણુક થઈ. એ વેળા પોર્ટુગીઝ તીજોરીમાં પૈસા ન હોવાથી રાજ્ય ઉપર મોટું સંકટ આવ્યું. પૂર્વેનો બધો વેપાર વલંદા લોકોના હાથમાં ગયો હતો તેથી તેમજ

બીજાં કારણોને લીધે પડેલી અનેક અડચણોની સામે બાથ ભીડવા સિલ્વા અશક્ય નીવડ્યો, કેમકે તે અતિશય ગરીબ તથા સાદા સ્વભાવનો હતો! તે પોતાના હસ્તકના વેપારનું કંઈ પણ રક્ષણ ન કરી શકવાથી વલંદા તેમજ અંગ્રેજોની સત્તા વધતીજ ચાલી. એ સને ૧૬૩૯ માં મરણ પામતાં લિસ્બનથી જૉન મેન્ઝીસ વાઈસરૉયની જગ્યા ઉપર આવ્યો.

સને ૧૬૪૦ ના ડીસેમ્બર માસમાં પોર્ટુગીઝ લોકોએ સ્પેન વિરુદ્ધ બંડ ઉઠાવી ફરીથી તેઓ સ્વતંત્ર થયા, અને બ્રેગેન્ઝાનો ડ્યુક ચોથા જૉન તરીકે તેમનો રાજા થયો. તેણે વલંદા લોકો સાથે મિત્રાચારી કરી પોતાનો વેપાર જારી રાખવા પ્રયત્ન આદર્યો, પણ તેમાં તેને જશ મળ્યો નહીં, અને તેનો પૂર્વનો સઘળો વૈભવ નષ્ટ થયો. સિલોન, મલાક્કા, મકાવ એ સઘળાં તેના હાથમાંથી જતાં રહ્યાં. આથી વિશેષ પોર્ટુગીઝોની નિરાળી હકીકત આપવાનું કંઈ પ્રયોજન નથી, કેમકે તેમના સંબંધની જરૂર પુરતી હકીકત અંગ્રેજોના ઇતિહાસના પ્રકરણોમાં આવી જશે.

---

## પ્રકરણ ૬ ઠું.

### પોર્ટુગીઝ રાજ્યના ગુણ દોષની ચર્ચા.

૧. પોર્ટુગીઝ કારભારનું ધોરણ.
૨. પોર્ટુગીઝોની વેપાર વધારવાની યુક્તિ તથા આરબોની પડતી.
૩. પોર્ટુગીઝ વેપારની કિફાયત.
૪. પોર્ટુગીઝ લોકોનો એશઆરામ.
૫. પોર્ટુગીઝોનું ક્રૂરપણું.
૬. ધર્મમતસંશોધક પદ્ધતિ (Inquisition).
૭. ખ્રિસ્તી ધર્મના પ્રસાર માટેના પ્રયત્ન.
૮. પોર્ટુગીઝોની ભવનો બીજાઓને મળેલો લાભ.

**૧. પોર્ટુગીઝ કારભારનું ધોરણ.**—હિંદુસ્તાનમાં પોર્ટુગીઝ રાજ્યની સ્થાપના કેવાં કારણોને લીધે થઈ એ ચોથા પ્રકરણમાં આપણે વાંચી ગયા છીએ. પાંચમા પ્રકરણમાં અહીં આવેલા પોર્ટુગીઝ અમલદારોની હકીકતનું તથા તેઓએ કરેલાં મહાન કૃત્યોનું વર્ણન આપવામાં આવ્યું છે. એ વર્ણન

કેવળ યુદ્ધાત્મક હોવાથી ઘણુંજ કંટાળા ભરેલું લાગશે તોપણું આગળ આવતી હકીકત સમજવા માટે તે જરૂરનું હોવાથી તેના ઉપર ટીકા રૂપે કેટલુંક વિવેચન આ પ્રકરણમાં કરવાનું છે

આરંભમાં પોર્ટુગીઝ લોકોએ અનેક સંકટો ભોગવ્યા, તથા અનેક પ્રસંગે વિજય મેળવ્યો આ પ્રયાસથી વેપાર વધતા તેમને અતિશય કિફાયત થવા લાગી વહાણોનો નિયમિત પ્રવાસ, ક્યાં કઈ કઈ વસ્તુઓ મળે છે તેની ખાતરીલાયક ખબરો અને પોર્ટુગીઝ શસ્ત્રોની અગીમ શક્તિ એ કારણોને લીધે થોડાજ સમયમાં લિસ્બન શહેર તેમજ આખો પોર્ટુગલ દેશ અતિશય ધનાઢ્ય થઈ ગયા સને ૧૫૯૫ માં વલંદા લોકોએ પૂર્વ તરફ વેપાર શરૂ કર્યો ત્યાં સુધી પોર્ટુગલની આ અનન્યવિભક્ત આબાદી ચાલુ રહી વેપાર તથા પૈસા તરફ દેશનું લક્ષ ખેંચાઈ રહેવાથી રાજ્ય કારભાર તરફ દુર્લક્ષ થયું, અને ધનલોભના વમળમાં રાજ્યવિસ્તારના સઘળા વિચારો ઘસડાઈ ગયા

એશિયાનો વેપાર પોર્ટુગલના તાબામાં જવાનું મુખ્ય કારણ તેના દરીઆઈ કાફલાનું બળ હતું સને ૧૪૯૭ થી ૧૬૧૨ સુધીમાં હિંદુસ્તાનના વેપાર માટે નાના મોટા એકંદર ૮૦૬ વહાણો ઉપયોગમાં આવ્યા હતા, એમાંના ૧૮૬ તો સને ૧૫૮૦ થી ૧૬૧૨ સુધીના ટુંક સમયમાં આ તરફ આવ્યા હતા એ જુમલે વહાણોમાથી ૪૨૫ યુરોપ પાછા ગયા, ૨૮૫ એશિયામાં જુદે જુદે ઠેકાણે રહ્યા, અને ૮૬ તુટી તથા ડુબી જઈ નાશ પામ્યા આ મહાન કાફલાના વહાણોનું સરાસરી વજન ૧૦૦ થી ૫૫૦ ટન હતું તેના ઉપર તોપો પણ રાખવામાં આવતી કે જે યુદ્ધ સમયે કામ લાગવા ઉપરાંત વહાણમાં નીરમ તરીકે રહે પોર્ટુગલના કારીગરો પોતાનો હુન્નર દેખાડવા માટે મોટા જહાજ બાંધતા, પણ તે આટલી લાંબી સફરમાં ટકી શકતાં નહીં સને ૧૫૯૧ લગીના બાર વર્ષમાં એવા બાવીસ રાક્ષસી જહાજ ડુબી નાશ પામ્યા આ પ્રમાણે પડતી ખોટ પુરવાને ગોવા અને દમણનાં ઉત્તમ સાગના લાકડાના વહાણો પોર્ટુગીઝોએ બાંધ્યા હતા તેમાં ૧૫૫૦ માં મધાવલું મૅન્ગ્રૅન્ગીના નામનું વહાણ આફ્રિકાની પ્રદક્ષિણા કરી

સત્તગ્વાર સુગપ ગયુ હતુ, અને અનેક તોફાનમા ૭૫ વર્ષ ટકી રહ્યુ હતુ

આટલા નાના ફાફલાની મદદથી ૧૫,૦૦૦ માઈલનો કિનારો પોર્ટુગીઝ લોકોએ કેવી રીતે પોતાના તાબામા રાખ્યો એ એક મોટો પ્રશ્ન છે એનો ઉત્તર એટલોજ કે યોગ્ય લાગે ને તેમણે તથા અનુકૂળ સમયેજ તેઓ પોતાના વહાણો સહિત હુમલો કરતા વિજય મળતા તે જગ્યા કબજામાં લઈ ત્યા લશ્કર ગોઠવી દેતા, અને હારી જતા તો ક્રુરપણાથી લોકોને દહેશતમા નાખી દરીઆ માર્ગે નાસી જઈ ક્ષિતિજ મર્યાદા બહાર નીકળી જતા એશિયાના કિનારા ઉપરના લોકો આશ્ચર્યચકિત થતા કે આ શત્રુ સમુદ્રમાથી ગુપ્તપણે ક્યારે આવે છે અને ક્યાર અદ્રશ્ય થાય છે એમના આવવા જવા બાબત તેઓ કંઈ પણ અનુમાન કરી શકતા નહીં કેમકે આવુ ભયકર વેર લેનાર તથા શુરવીર શત્રુઓ એશિયાના લોકોએ પૂર્વ કદી અનુભવ્યા હતા નહીં કિનારે કિનારેજ પોર્ટુગીઝોએ પોતાના થાણા બેસાડવા હોવાથી પોર્ટુગલની પડતી આવતા તેમના પૂર્વના મુલકનુ સરક્ષણ કરવા માટે ઉપરની થોડી તૈયારી બસ હતી ત્યાસુધી તેમના જેવોજ કાફલો લઈ બીજા યુરોપિયન લોકો આ તરફ આવ્યા નહીં ત્યા સુધી તેઓએ એશિયામા સગ્માઈ ભોગવી, પરતુ અન્ય પ્રજાનુ એ તરફ આગમન થતા ત્યાની પોર્ટુગીઝ સત્તા નય પામી એટલા ઉપરથીજ એમના શૌર્ય તથા હુન્નર ઉતરતી પક્તિના હતા એમ સમજવાનુ નથી અને ૧૫૧૪ મા ઈમેન્યુઅલ રાજાએ રાતા સમુદ્ર તથા ઈરાનના અખાતના બદરોની, તેના એક બીજા વચ્ચેના અતરની, તેમજ ત્યાના વહાણ લાગરવાની જગ્યાની તપાસ કરવાનો હુકમ આપ્યો, ત્યારથી પોર્ટુગીઝોની સામુદ્રિક શોધ શરૂ થઈ એ પછીના સો વર્ષમા તેઓએ ભૂગોળ તથા સમુદ્રને લગતી બાબતોમા પુષ્કળ માહિતી એકઠી કરી યુદ્ધ સમયે આ માહિતી તેમને ઘણીજ ઉપયોગી થઈ ગતા સમુદ્રના નાકા ઉપર સિલોનને કિનારે તથા મલાક્કાની સામુદ્રધુની ઉપર કિલ્લેબધી કરવાથી લબાણ કિનારા ઉપર દેખરેખ રાખવાનુ પોર્ટુગીઝોને બની આવ્યુ એડન તેમના કબજામા નહોતુ ત્યારે તેઓએ દીવ લીધુ આ નાનુ બદર પણ તેમને ઘણુજ ઉપયોગી નીવડ્યુ

કેમકે રાતા સમુદ્ર તથા ઇરાનના અખાતમાંથી ગમે તે વહાણ હિંદુસ્તાન તરફ આવતું તો તેને અહીં અટકાવી શકાતું. આ પ્રમાણે દીવ, સિલોન અને મનાક્કા પોર્ટુગીઝોના હાથમાં હોવાથી મસાલાનો સઘળો વેપાર તેમને હસ્તક ચાલતો. આ અનહદ કમાઈ કરવા માટે પોર્ટુગીઝ વીરોએ અપ્રતિમ શૌર્ય દાખવ્યું હતું. અને તેમના અનેક શૂર પુરુષોની યુદ્ધકળામાં નિપુણતા ગમે તે ઇતિહાસને શોભા આપે તેવી હતી.

પરંતુ પોર્ટુગીઝોનો આધાર માત્ર શૌર્ય ઉપર નહોતો. કિનારા ઉપરના પ્રદેશના રાજાની તકરારમાં તથા અન્ય ખટપટમાં હાથ ઘાલી એક બાજુને મદદ કરીને, ગમે તેની સાથે યુદ્ધ અથવા તહ કરીને, તથા એવા બીજા સાધનો વડે પણ તેઓ પોતાનો સ્વાર્થ સાધી લેતા. આ તેમના ગુણનું યથાર્થ દર્શન હવે પછીની હકીકત ઉપરથી થશે. બીજાઓની તકરારમાં દાખલ થઈ પોતાનો ફાયદો મેળવી લેવાની પદ્ધતિ અન્ય યુરોપિયનોએ પણ ચલાવી હતી. દેશી લોકોની ફોજ તૈયાર કરી, તથા હિંદી રાજાઓની માંહોમાંહેની તકરારમાં ઝીપલાવી તે મારફત પોતાનો ફાયદો કરી લેવાનો ધંધો આદરવાથી પરદેશીઓ હિંદુસ્તાનમાં પોતાનું રાજ્ય સ્થાપી શકશે એ વિચાર પહેલો ડુપ્લેને આવ્યો હતો, એમ ઇતિહાસકારો કહે છે, પણ તેની અગાડી બસો વર્ષ ઉપર પોર્ટુગીઝ લોકોએ આ પ્રયોગ પ્રત્યક્ષ કરી બતાવ્યો હતો. વાસ્તવિક રીતે આ પ્રયોગની અજમાયશ પહેલવહેલી આલ્બુકર્કે કરી એમ કહી શકાય. પરંતુ રાજ્ય પ્રકરણની આ કુંચી શોધી કહાડવાને કંઈ કારણુજ નહોતું. યુરોપિયન લોકોએ એશિયાખંડમાં પગ મુક્યો ત્યારથીજ આ પરિણામ અનિવાર્ય હતું. હિંદુસ્તાનમાં મોગલોનું એકછત્રી રાજ્ય સ્થપાયું, તે પૂર્વે પચાસ વર્ષ ઉપર પોર્ટુગીઝો આ દેશમાં આવ્યા ત્યારે જ્યાં ત્યાં અંધાધુંધી ચાલતી હતી, એટલે તેઓની સામા ટક્કર ઝીલી શકે એવો કોઈ પણ સામર્થ્યવાન સત્તાધારી દેશમાં હતો નહીં. આથી પોર્ટુગીઝોને પોતાનો અમલ બેસાડવામાં અડચણ આવી નહીં. ત્યાર બાદ મોગલોનું રાજ્ય બસો વર્ષ લગી ચાલ્યું, અને તેની પડતી થતાંજ અંગ્રેજ લોકો રાજ્યાધિકાર મેળવવા ગયા ત્યારે પોર્ટુગીઝોની માફક તેમને

પણ વિજય મળ્યો. આ ઉપરથી કોઈ પણ પ્રદેશમાં સ્થાયી રાજ્યવ્યવસ્થાની કેટલી આવશ્યકતા છે તે સહજ સમજાશે.

**૨. પોર્ટુગીઝોની વેપાર વધારવાની યુક્તિ તથા આરબોની પડતી.**—જે વેળા પોર્ટુગીઝો હિંદુસ્તાન આવ્યા તે સમય તેમને માટે ઘણો અનુકૂળ હતો. મોગલોનું પ્રબળ રાજ્ય આ દેશમાં સ્થાપન થયું નહોતું, અને જ્યાં ત્યાં ગેરવ્યવસ્થા તથા લુચ્ચાઈ ઠોંગાઈ ચાલતાં હતાં. (મુસલમાની રિયાસત જુઓ.) વળી મલબાર કિનારા ઉપર જ્યાં તેઓ પ્રથમ ઉતર્યા હતા તે જગ્યા પણ તેમને માટે સગવડભરેલી હતી. ભૂગોળીક દૃષ્ટીએ એટલો પ્રદેશ દેશના બાકીના ભાગથી છુટો પડી ગયલો હોવાથી તેને કોઈ તરફની મદદ નહોતી, અને ત્યાં શું ચાલતું તેની કોઇને પરવા નહોતી. ત્યાં હજારો વર્ષ થયાં પરદેશી વેપારીઓની આવજાવ તથા લેવડદેવડ થતી હોવાથી આ નવા આવેલા પોર્ટુગીઝ વેપારીઓ રાજ્ય મેળવવામાં તથા સ્વધર્મની સ્થાપના કરવામાં સત્વર રોકાશે એવું ત્યાંના લોકોને બીલકુલ લાગ્યું નહી. ખ્રિસ્તી, યાહુદી, મુસલમાન વગેરે અનેક પરદેશી વેપારીઓને આપણે ત્યાં આશ્રય આપવાથી આપણને ફાયદોજ મળશે એવી મલબારના લોકોની માન્યતા હોવાથી, પોર્ટુગીઝોને કોઈ તરફની પણ અડચણ આવી નહી. એ કિનારા ઉપરનાં સઘળાં રાજ્યો પરદેશીઓ તરફ મમતાથી વર્તતાં, અને તેઓના ધર્મની બાબતમાં હાથ ન ઘાલતાં તેમને ટેકો આપી પોષણ કરતાં.

સેન્ટ ટૉમસ નામનો એક ખ્રિસ્તી મિશનરી અન્ય લોકોને સ્વધર્મના સિદ્ધાંતો શિખવવાના હેતુથી આખા હિંદુસ્તાનમાં ફરતો હતો. આખરે સને ૬૮ માં મદ્રાસ આગળ તેનો વધ થયો, ત્યારે તેના અનુયાયીઓ પૂર્વ તેમજ પશ્ચિમ કિનારા ઉપર પુષ્કળ થયા હતા. આજ ખ્રિસ્તીઓને રાજકીય હકનો લેખ કરી આપવામાં આવ્યો હતો. મલબારમાંના નાયર લોકોની બરોબર સેન્ટ ટૉમસ ખ્રિસ્તીઓને ગણવામાં આવતા, અને લશ્કરમાં પણ તેઓ જોડાતા. વિજયનગરના રાજ્યની નોકરીમાં એ ખ્રિસ્તીઓ ઘણા હતા. અને ૧૪૪૨ માં વિજયનગરના રાજાનો મુખ્ય પ્રધાન એક જાતનો

ખ્રિસ્તી હતો ખ્રિસ્તીઓની માફક મલબારમાં મુસલમાનોનું પણ વિશેષ જોર હતું તે વિશે પાછળ કહેવામાં આવ્યું છે

આ કારણોને લીધે પોર્ટુગીઝ લોકોનો મલબારમાં સહેલાઇથી પ્રવેશ થયો, અને તેમના વેપારની આબાદાની થઈ પહેલી ખેપે તેઓ યુરોપમાં જે માલ લાવ્યા તેમાંથી ખર્ચ કરતાં સાઠગણી આવક થઈ પોર્ટુગલના રાજા તથા લોકોનું આવું નસીબ ખુલી ગયેલું જોઈ યુરોપના અન્ય રાજ્યો ચકિત થઈ ગયા પોર્ટુગીઝ સરકારે આ વેપાર જો કે પોતાનાજ તાબામાં રાખ્યો હતો છતાં તેની તરફથી કેટલીક સરતે મરજીમાં આવે તે ખ્રિસ્તી પ્રજાને લિસ્બન આગળ પોતાના વહાણો મોકલી વેપાર કરવાની સવળતા કરી આપવામાં આવતી આ સવળતનો ફાયદો પહેલા પચાસ વર્ષમાં અંગ્રેજ વેપારીઓએ પુષ્કળ મેળવી લીધો પોર્ટુગલના રાજાએ બે ચાર વેળા હિંદ તરફ કાફલા રવાના કર્યા પછી તેની એવી ખાતરી થઈ કે મલબાર કિનારા ઉપરના પાંચ છ બંદરોમાંથી માલ ભરી યુરોપમાં લાવવાથી વેપાર શાંતપણે ચાલશે પરંતુ જો એમ નહીં કરતાં માત્ર કૅલિકટના મુખ્ય બંદરમાંથી સઘળો વેપાર ચલાવવાનો હોય તો આરબ લોકોનું પ્રાબલ્ય તોડવાની વિશેષ જરૂર છે આ પૈકી બીજો માર્ગ ઈમૅન્યુઅલ રાજાએ સ્વીકાર્યો પોર્ટુગીઝ સરદાર કેબ્રલે કાચીનમાં પહેલી વખાર સ્થાપી તેના રક્ષણ માટે રાજાએ વાસ્કો ડ ગામાના હાથ હેઠળ એક કાફલો મોકલ્યો હતો વાસ્કો ડ ગામાની પહેલી સફર ફક્ત નવા પ્રદેશો શોધી કહાડવા માટેજ હતી, પણ તેની આ બીજી સફરમાં તેને પોર્ટુગીઝ વેપાર માટે મલબાર કિનારા ઉપર કાયમની ગોઠવણ કરવાની હતી આ બન્ને કામો તેણે પૂર્ણપણે પાર પાડ્યાં ઈ સ ૧૫૦૨ માં તેણે કૅલિકટ સર કરી આરબોના એક આરમારનો નાશ કર્યો, તથા કોચીન, કાનાનુર, કોલમ અને ભટકળ એ ચાર બંદરો સાથે વેપાર શરૂ કરી, તેમાંના બેમાં પોતાની વખારો ખોલી આ વખારોના રક્ષણાર્થે તેણે કેટલાક વહાણો અહીં રહેવા દીધાં, અને કાનાનુરની વખારમાં કેટલીક તોપ તથા દારૂગોળો રાખ્યા પરંતુ તેના ગયા બાદ અરળા રિજરનો અનાદર તેના જુલમી કૃત્યોથી

સંપૂર્ણ રીતે નાશ થઈ ગયો છે. હવે પછીના એજ વર્ષમાં પોર્ટુગીઝ લોકોએ ખુલ્લી રીતે યુદ્ધની તૈયારી કરી આરબોની સત્તાનો નાશ કર્યો, અને મલબાર કિનારા ઉપર પોતાને અનુકૂળ પડે તેવી ગોઠવણો કરી.

આટલા ટુંક સમયના અરસામાં કોઈ પણ રાજ્યે આવો મહાન વિજય મેળવ્યાના દાખલા ઇતિહાસમાં ઘણા નથી. નવીન દેશ શોધી કહાડવા માટે યુરોપમાં જે આનંદ થયો તેમાં ફક્ત પોર્ટુગીઝ રાજ્યની વિલક્ષણ શક્તિ દુનીઆની જાણમાં આવી. એમના પૂર્વ તરફના સંચારથી માત્ર મુસલમાનોનોજ વેપાર તુટ્યો તેમ નહોતું. વેનિસ, જીનોઆ વગેરે ભૂમધ્ય સમુદ્ર ઉપરના રાજ્યોને પણ તેથી સખત ધક્કો પહોંચ્યો. હિંદમાં પોર્ટુગીઝોનું રાજ્ય સ્થપાયાથી એક મોટી નવી જવાબદારી રાજા ઇમૅન્યુઅલને માથે આવી પડી. જો એ રાજ્ય હમેશને માટે રાખવુંજ હોય તો ત્યાંની રાજ્યવ્યવસ્થા દરેક ગવર્નરની મારફત અન્તર ફેરવવી બીનઉપયોગી છે, અને તે એક વખતે નક્કી કરવી જોઇએ એવો વિચાર રાજાને આવવાથી તેણે આલ્મીડાને ગવર્નર તરીકે મોકલી તેને સૂચના કરી કે તેણે (૧) આફ્રિકાના કિનારા ઉપર મજબુત કોઠીઓ નાખી ત્યાં પોર્ટુગીઝોની સત્તાનો પાયો કાયમ કરવો, (૨) મલબાર કિનારા ઉપરના બંદરો પોતાના તાબામાં લઈ ત્યાં મજબુત વખારો બાંધવી, તથા (૩) આરબોનું દરીઆઈ બળ રાતા સમુદ્રમાંથીજ નષ્ટ કરવું. હિંદુસ્તાનનો વેપાર હાથ કરવા માટે આજ પર્યંત જે પ્રયત્ન યુરોપિયન રાજ્યોએ કર્યા તેમાં રાતા સમુદ્રમાં તથા તેના બન્ને કિનારા ઉપરના પ્રદેશમાં મુસલમાનોજ સર્વોપરી હતા. પણ ભૂમધ્ય સમુદ્રમાં આખરે સ્પેન અને પોર્ટુગલને યશ મળ્યો. આગળ ઉપર આ ઝગડો આરબી સમુદ્રમાં ચાલનાર હતો તેમાં પોતે ટકી શકશે નહીં એવું પોપ તેમજ કેટલાક ખ્રિસ્તી રાજ્યોને લાગતું હતું. પણ માત્ર ઇમૅન્યુઅલ રાજાનો અભિપ્રાય જુદો હતો. તેણે બહાદુરીથી પોતાનો પ્રયત્ન જારી રાખ્યો અને આખરે યશ મેળવ્યો. આલ્મીડા તથા તેના પરાક્રમી પુત્રએ આરબી સમુદ્ર ઉપર ફરેલા મુસલમાનોના સખત પરાભવ પછી સો વર્ષ લગી એ પોર્ટુગીઝોજ બળવાન રહ્યા હતા. એ અરસામાં મુસલમાનો ઇજીપ્ત જીતવાના

ડામમા રોકાયલા હોવાથી તેઓને આરબી સમુદ્રમા આવવાનુ ફાવ્યુ નહી

આટલાથીજ ઈમૅન્યુઅલ રાજાને સતોષ થયો નહી આરભેલા આ મહાન કાર્યમા તેણે વિલક્ષણ ધુર્તતા બતાવી ઈ સ ૧૫૦૦ થી ૧૫૦૫ સુધીના પહેલા પાચ વર્ષમા મલબાર કિનારા ઉપરનો વેપાર તેના તાબામા આવ્યો, બીજા પાચ વર્ષમા આરબી સમુદ્ર ઉપર તેને સર્વોપરી સત્તા મળી, અને ત્યાર પછીના પાચ વર્ષમા આલ્બુકર્કને હાથે પશ્ચિમ કિનારા ઉપર તેના રાજ્યનો પાયો નખાયો

આલ્બુકર્કે સને ૧૫૦૩–૪મા હિંદુસ્તાન તરફ પહેલી સફર કરી અહીંની સ્થિતિનુ સૂક્ષ્મ નિરીક્ષણ કરી પોર્ટુગલ પાછા ફરતા તેણે સઘળી હકીકત રાજાને નિવેદન કરી પુન ૧૫૦૭ મા રાતા સમુદ્રના કાઠા ઉપરનુ મુસલમાન થાણુ પોતાના તાબામા લેવાના હેતુથી એક કાફલો લઈ એ આ તરફ આવ્યો પ્રથમ તેણે સોકોટ્રા કબજે કર્યું ત્યા મુખ્ય વસ્તી મુસલમાનોની હતી હિંદુસ્તાનમાની માફક ત્યા કેટલાક ખ્રિસ્તીઓ પણ હતા એ કબજે કર્યા પછી મુસલમાનોની સઘળી જમીન તેણે ખ્રિસ્તી રહેવાસીઓમા વહેચી આપી, તથા તેમને રોમન કૅથૉલિક પથની દિક્ષા આપી ઓર્મઝમા પોતાની હાક બેસાડી આલ્બુકર્ક મલબાર કિનારે આવ્યો અહીંઆ સને ૧૫૦૯ મા આલ્મીડા પાસેથી તેને ગવર્નરની જગ્યાનો હવાલો મળ્યો આ જગા ઉપર એ ૭ વર્ષ રહ્યા તે દરમિયાન મલબાર કિનારા ઉપર પોર્ટુગીઝ સત્તા મજબૂત સ્થાપન થઈ વાસ્તવિક રીતે આલ્બુકર્ક ફક્ત કિનારા ઉપરના પ્રાતો મેળવવા માટે મથતો નહોતો, તેના સઘળા પ્રયત્નો મુસલમાનો સામે હતા ખ્રિસ્તી અને મુસલમાન ધર્મના લોકો વચ્ચે પૂર્વે જેરૂસલમ માટે જે ઝગડો ચાલ્યો હતો તેવોજ ઝગડો હમણા એ બેઉ ધર્મના અનુયાયીઓ વચ્ચે હિંદુસ્તાનના વેપાર બાબત ચાલતો હતો આ ઝગડાની કલ્પના આલ્બુકર્કના મનમા એવી ચટકી રહી હતી કે ઇજિપ્તના સુલતાનનો પ્રદેશ ઉજ્જડ કરવાના હેતુથી નાઈલ નદીનો પ્રવાહ ફેરવી રાતા સમુદ્રમા લાવવાની તથા મક્કામાના મહમદ પેગમ્બરની કબર ખોદી કહાડી મુસલમાનોને જડમૂળથી ઉખેડી નાખવાની વિલક્ષણ તથા

મુર્ખાઈ ભરેલી યોજનાઓ તેના મનમા રોળાયા કરતી હતી એમ છતા હિંદુસ્તાનના કારભાર સબધી તેના વિચારો યોગ્ય તથા શક્ય હતા રાતા સમુદ્ર તથા ઈરાની અખાત ઉપરના નાકા પોર્ટુગલના તાબામા લેવા, અને મુસલમાનોનો કિનારા ઉપર તથા પૂર્વ સમુદ્રમા ચાલતો વેપાર બધ કરવો, એ બે મુખ્ય હેતુઓ તેણે બર લાવવાના હતા ગોવા પોતાના કબજામા લઈ આરબી સમુદ્રમાથી મુસલમાનોનો સચાર તેણે બધ કર્યો, એટલે ઓર્મઝ તથા મલાક્કા પોર્ટુગીઝોને હાથ જવાથી મુસલમાનોને આ તરફ આવવાનો કોઈ માર્ગ રહ્યો નહી પોર્ટુગલ સરખુ સુમારે દસ લાખ વસ્તીનુ એક નાનુ ખ્રિસ્તી રાજ્ય આફ્રિકાથી મલાક્કા લગીનો સાત આઠ હજાર કોસ લાબો, તથા આફ્રિકાના દક્ષિણ છેડાથી રાતા સમુદ્ર સુધીનો બે હજાર કોસ પહોળો સમુદ્ર તથા તેને લગતો સઘળો કિનારો પોતાના તાબામા લે, અને સો વર્ષ લગી મુસલમાનો સામે ટક્કર ઝીલે એ કઈ નાનુસુનુ કામ નહોતુ

દેખાઈતી રીતે ચાલતો આ વેપાર બાબતનો ઝગડો ખરુ જોતા બે ધર્મ વચ્ચે હતો આલ્બુકર્કના મનમા મુસલમાની ધર્મ નષ્ટ કરી કૅથૉલિક પથની વૃદ્ધિ કરવાનો વિચાર એકસરખો રમી રહ્યો હતો મુસલમાનોના મનસુબા પણ કઈક એજ દિશામા જતા હતા, એટલે હિંદુસ્તાન તથા પશ્ચિમમાના તેમના સ્વધર્મીઓ અને સઘળા તુર્ક લોકો આ મોટા ઝગડામા સામિલ થયા આલ્બુકર્કના મરણ પછી કેટલાક વર્ષ તુર્ક લોકોએ પોર્ટુગીઝોની સારી ખબર લીધી દીવ, મસ્કત, મલાક્કા વગેરે ઠેકાણે તેમના કાફલાઓ પોર્ટુગીઝો સામે લડતા હતા, તેમા આરબોને વેનિશિઅન લોકોની મદદ હતી, કેમકે આરબોનો કેરો આગળનો વેપાર બધ થતા વેનિશિઅન લોકોને જે નુકસાન થયુ હતુ તેનુ વેર લેવા મુસલમાનોની મદદથી તેઓ પોર્ટુગીઝોને શેહ આપવાના હતા સ્વાર્થની વાત આવે છે ત્યારે સ્વજાતિ તથા સ્વધર્મ કેના બાજુએ મુકાય છે તેનુ આ પ્રત્યક્ષ ઉદાહરણ છે સને ૧૫૮૦ મા સ્પેન અને પોર્ટુગલ એકત્ર થયા ત્યારે ખ્રિસ્તી લોકોએ મુસલમાનો ઉપર સરસાઈ મેળવી સો વર્ષ ચાલેલા આ ઝગડાને અતે મારી પામેથી માગો એટલે – સર્વ ભિન્નધર્મી લોક તથા પૃથ્વી ઉપરના

દૂર દૂરના પ્રદેશો તમારા તાબામાં આપીશ’ એવું બાઈબલનું વચન ખરૂં પડ્યું હોય એમ યુરોપના લોક ભોળામાં ભોળામાં સમજવા લાગ્યા

હિંદુસ્તાનમાં મુસલમાનોનું રાજ્ય સ્થાપન થયું ત્યારે તે લોકો પોતાના ધર્મનો પ્રચાર કરવા આવ્યા હતા, અને તેમ કરવામાં લોકો ઉપર નાના પ્રકારના જુલમ કર્યા હતા એ આપણે મુસલમાનોના ઇતિહાસ ઉપરથી જાણીએ છીએ. પણ ખ્રિસ્તી લોકો તેમના જેવા કઠોર હૃદયના નથી અને ધર્મની બાબતમાં લોકો ઉપર જુલમ કરે નહી એવું જો કોઇ કહે તો તેને માટે આપણે એટલુંજ કહીશું કે તે તે વેળાનો ઇતિહાસ બરાબર સમજ્યો નથી ધર્મની બાબત ગુપ્ત રાખી વેપાર તથા સંપત્તિ મેળવવાનો હેતુ ખ્રિસ્તી લોકોને પાર પાડવાનો હતો રાજા ઇમેન્યુઅલે સને ૧૫૦૦માં કેબ્રલના આરમાર સાથે કેટલાક પાદરીઓને આ દેશમાં મોકલ્યા હતા, અને તેમને નીચે પ્રમાણે સૂચના આપી હતી —મુસલમાનો ઉપર તથા અન્ય પરધર્મીઓ ઉપર તલવાર ચલાવવા પહેલાં તેમને ખ્રિસ્તી ધર્મની ગોળીઓ ગળાવવી, અર્થાત્ બાઇબલનો ઉપદેશ કરી એ ધર્મ સ્વીકારવાનું તેમને કહેવું એ વાત જો તેઓ નાકબૂલ કરે, અને વેપારની આપ લે કરવા ઉત્સુક ન હોય તોજ તેમના ઉપર તલવાર તથા બંદુકની અજમાયશ કરી તેમનો નાશ કરવો ધર્મનું તથા સંસ્કૃતિનું નામ આગળ ધરી યુરોપિઅન રાજ્યોએ સર્વ પૃથ્વી ઉપર મોટો દિગ્વિજય ગજાવી મુક્યો છે, પણ તેમના એ સઘળા પ્રયાસના મૂળમાં કેવળ સ્વાર્થ સમાયલો હતો એમ હંટર સરખા ઇતિહાસકાર પણ કબૂલ કરે છે

સઘળો વેપાર પોતાના તાબામાં લેવા માગની પોર્ટુગીઝ લોકોની પદ્ધતિ હેઠળ લખ્યા પ્રમાણેની હતી એકાદ રાજાને અથવા અધિકારીને જીત્યા પછી તેને પોર્ટુગલના રાજાને શરણે લાવી, વખાર તથા કિલ્લા બાંધવાને જગ્યાની બક્ષિસ આપવાની, અને દર સાલ ખંડણી ઉપરાંત ફોજ વગેરેનો ખર્ચ આપવાની સરતે, પોર્ટુગીઝ અમલદારો તેની પાસે સામાન્ય રીતે તહનામા કરાવી લેતા રાતા સમુદ્રથી મલાકા પર્યંતના કિનારા ઉપરના સઘળા અધિકારીઓ સાથે આવા પ્રકારના તહ પોર્ટુગીઝોએ કર્યા હતા. આવા તહ-

નામાંના પરિણામમાં બંદરમાં આવતાં પોર્ટુગીઝ જહાજ ઉપર કર વગેરે માફ થતો અને જકાત પોર્ટુગલના રાજાને માટે વસુલ લેવામાં આવતી. આ સામાન્ય પ્રકાર હતો છતાં પ્રસંગોપાત તેના અનેક અપવાદ થતા. કૅલિકટનો ઝામોરીન પ્રબળ હોવાથી તેને તાબે કરતાં પોર્ટુગીઝોને ઘણો વખત લાગ્યો. કોચીનના રાજાને શરૂઆતમાં તેઓએ મીઠાં મીઠાં વચનો આપી આખરે ફસાવ્યો. કોલમમાં તેમને ભારે મહેનત પડી નહીં; ઈરાનના અખાતમાં આવેલું ઑર્મઝ એવીજ રીતે સ્હેલમાં તેમના તાબામાં આવ્યું, અને એડન ઉપર પણ તેમની થોડી ઘણી સત્તા બેઠી. આ સ્થળ વારાફરતી પોર્ટુગીઝો તથા મુસલમાનોના હાથમાં ગયું હતું. ઉપર કહ્યા પ્રમાણે પશ્ચિમ તરફ મુસલમાનોનું થોડું ઘણું પ્રાબલ્ય હતું. પણ પૂર્વમાં પોર્ટુગીઝોનો વેપાર સારો ચાલતો. મલબાર કિનારા ઉપર મરી તથા સુંઠ તેમને મળવા લાગ્યાં, અને સિલોનની તજ તથા પૂર્વ તરફના દ્વીપકલ્પમાંથી લવેંગ અને જાવંત્રી તેમના હાથમાં આવ્યાં. સને ૧૫૧૪ માં મલાક્કાનો સઘળો પ્રદેશ પોર્ટુગીઝોની સત્તા હેઠળ હતો.

પોર્ટુગીઝોએ દેશી રાજાઓ સાથે કરેલા કોલકરારો આગળ જતાં અંગ્રેજ ઈસ્ટ ઇન્ડિઆ કંપનીને ઘણા નડ્યા, કેમકે પોર્ટુગીઝોને હેરાન કર્યા સિવાય તેઓ પોતાનો વ્યવહાર ચાલુ કરી શકતા નહીં. પોર્ટુગીઝોનો સઘળો આધાર દરીઆઈ કાફલા ઉપર હોવાથી દેશી રાજાઓએ લડાયક વહાણો તથા દારૂગોળો રાખવાં નહીં એવી કલમ તેમના દરેક તહમાં રાખવાને તેઓ કાળજી રાખતા.

**૩. પોર્ટુગીઝ વેપારની કિફાયત.**—હિંદુસ્તાનમાં રાજ્ય સ્થાપી તે નિભાવવાનો ખર્ચ ઉપાડવાનું સામર્થ્ય પોર્ટુગીઝ રાજ્યમાં નહોતું, પણ વેપારમાં તેને અતિશય કિફાયત થતી હોવાથી આવાં કામો કરવાનું તેને બની શક્યું. આ કિફાયતનો અંદાજ કહાડવો મુશ્કેલ છે. પોર્ટુગીઝ આરમારનોજ ખર્ચ કેટલો હતો તે આપણે જોઈએ. સો વર્ષે ૮૦૬ વહાણો આ કામ માટે જરૂરનાં હતાં. એક વહાણ બાંધવાનો તથા તેના ઉપરના કપ્તાન, ખલાસી વગેરેનો એક સફરનો ખર્ચ સુમારે ૪૦૭૬ પૌંડ એટલે લગભગ

પચાસ હજાર રૂપીઆ થતા. વહાણોની એ સંખ્યામાં હિંદુસ્તાનમાં બાંધેલાં તેમજ શત્રુ પાસેથી છીનવી લીધેલાં વહાણોનો સમાવેશ થતો નથી. તે જો ગણીએ તો પોર્તુગીઝ વેપારની સર્વોપરીનાં સો વર્ષમાં એક હજાર વહાણો કામે લાગ્યાં હતાં એવું કહી શકાય દર સાલ વીસ જહાજ ભરીને માલ પોર્તુગલમાં આવતો. વાસ્કો ડ ગામાની પહેલી સફરથી થએલી આવક ખર્ચના સાઠ ૫ટ જેટલી હતી, તે આપણે ઉપર વાંચી ગયા છીએ. કેબ્રલ સને ૧૫૦૧ માં મસાલા, સુગંધી વસાણાં, ચીનાઈ વાસણ, મોતી તથા જવાહીર વગેરે માલ ભરી લાવ્યો હતો. એવીજ મુલ્યવાન વસ્તુઓ દર ખેપે હિંદ તરફથી યુરોપમાં કેટલી ગઈ હશે તેની ગણતરી નથી, પણ દર સફરના હેવાલમાં તેનું કેટલુંક વર્ણન આપણે કરી ગયા છીએ. આ સિવાય બંદરો-બંદર જે વેપાર ચાલતો તે જુદો. આ સધળા વેપારમાં મુખ્ય કિફાયતી માલ અફીણ હતું. એકજ વહાણ મારફત યુરોપમાં જે માલ જતો તેની ઉત્પન્ન સરાસરી આસરે એક લાખ પૌંડ એટલે દસ લાખ રૂપીઆ થતી. આમાં મોતી તથા બીજાં જવાહીર દાખલ કર્યાં નથી, કેમકે અસલ યાદી વિના જવાહીરની કિમત આંકવી અશકય છે. વળી ગોવાથી ચીન, જાપાન લગી માલ લઈ જવાનું એક વહાણનું ભાડું ૨૨,૫૦૦ પૌંડ એટલે સવાબે લાખ રૂપીઆ પડતું; અને ગોવાથી મોઝાંબિક સુધીના ૫૪,૦૦૦ રૂપીઆ થતું. આ ઉપરાંત ખાનગી વેપારમાંથી જે નફો મળતો તે જુદો. ચાંચીઆઓની લૂંટથી, તથા અન્ય લોકોનાં પકડેલાં વહાણો તથા માલ લીલામ કરી વેચવાથી, જે ઉપજ થતી તેનો અડસટ્ટો કહાડવાનું અનુકૂળ નથી. પણ કોઇક વહાણના કપ્તાને બે વર્ષના અરસામાં આવા ધંધામાં ૧૧ લાખ રૂપીઆ મેળવ્યાના દાખલા મળી આવે છે. આખા કિનારા ઉપરના પ્રદેશના રાજાઓ તરફથી મળતી ખંડણી, તથા ગોવા, દીવ અને મલાકામાંની જકાત એ સધળાની કુલ ઉપજ દર સાલ બાર લાખ રૂપીઆ હતી. આ સધળાં સાધનો મારફત મળતી નાણાંમાંથી પોર્તુગલના રાજાને પ્રતિવર્ષ પોતાના હીસ્સાના ૨૨,૫૦,૦૦૦ રૂપીઆ મળતા. આ ઉપરાંત તેને હિંદુસ્તાનમાંથી દર સાલ સુમારે ૧૫,૫૦,૦૦૦ રૂપીઆ વસુલ આવતું.* આ કરતાં પણ વધુ

* આ પુસ્તકમાં પૌંડના દસ રૂપીઆને ભાવે આંકડા મુકયા છે.

રકમ પોર્ટુગીઝ સરકારને મળવી જોઈતી હતી, પણ અનેક અધિકારીના હાથમાં થઈને વસુલ પસાર થતું હોવાથી તેમાથી દરેકનો ભાગ પડતો પોતાની પ્રજા વેપાર ધંધો કરી ફાયદો મેળવે એવી પોર્ટુગીઝ સરકારની ઈચ્છા હતી, પરંતુ એવા ધંધામાં અનેક સંકટો નડતાં હોવાથી તેની મદદ વિના કોઈ પણ નવે ઠેકાણે ખાનગી વેપાર શરૂ કરવાનુ તેમને માટે અશક્ય હતુ મસાલાના વેપારનો ઈજારો દરસાલ સાડાચાર લાખ રૂપીઆ આપવાના કરારથી, અને ઈતર વેપારનો ૧૫ લાખ આપવાના કરારથી પોર્ટુગલના રાજાએ વેપારીઓને આપી દીધો હતો ઉપર કહેલા સાડી બાવીસ લાખમા આ રકમ ઉમેરતાં પોર્ટુગલના રાજાની બારમાસની આવક ૪૨ લાખ રૂપીઆ થવા જતી આટલો બધો નફો થતો તે સઘળો લશ્કરના કામમા વપરાઈ જતો ખાનગી વેપારને સરકાર તરફથી ઉત્તેજન મળતુ પણ તેના ઉપર સત્તાધિકારીની દેખરેખને અભાવે વેપારીઓ પોતાનો ફાયદો શોધવામા સરકારનું તથા બીજા લોકોનુ મરજીમાં આવે તેટલુ નુકસાન કરતા સરકારને માટે જુદે જુદે બંદરેથી માલ ખરીદ કરવી વેળા તેઓ ગમે તેટલો મોંઘો ભાવ આપતા, પણ પોતાને માટે માલ લેવાનો હોય તો લોકો ઉપર જુલમ કરી તેઓ ઘણેજ સસ્તે દરે લેતા ‘જ્યા સુધી કપ્તાન તથા બીજા અધિકારીઓને ખાનગી વેપાર કરવાની છૂટ રહેશે ત્યા સુધી તમારા ફાયદા ઉપર કોઈ પણ લક્ષ આપશે નહીં’ એવા આશયના પત્રો વાર વાર પોર્ટુગલના રાજાને હિંદુસ્તાનમાથી મળતા કોઈ દરબારમા પોર્ટુગીઝ વકીલ રાખવામા આવ્યો તો તે પ્રથમ પોતાનુ ગજવુ તર કરતો હોવાથી ત્યા પોર્ટુગીઝ સરકારનુ કંઈ પણ વજન પડતુ નહીં વહાણના અમલદારો પણ પોતાનો માલ વેચ્યા પછીજ સરકારી માલની વ્યવસ્થા કરતા સને ૧૫૩૦ મા એક કપ્તાને મલબારથી બંગાળા લગી સફર કરી તેટલામા તેની પોતાની આવક રૂ ૨૪,૫૦૦ થઈ પણ સરકારની ફક્ત ૭૮૦ રૂપીઆ થઈ. આ સમયના પોર્ટુગીઝ ઈતિહાસમા આવા અનેક દાખલાઓ મળી આવે છે એકાદ સફરમાં નસીબને જોરે કેટલાકને તો એટલો બધો ફાયદો થતો કે તેથી તેમની આખી જીંદગીનુ દારિદ્ર ધોવાઇ જતું. કોઈ કોઈ વાર કસુરને માટે એકાદ અમલ-

દારનો પગાર અટકાવવામાં આવતો તો ત્રીજી સફરમાં, થએલું નુકસાન તે એવી રીતે વાળી દેતો કે પગાર નહીં મળવા માટે તેને ખોટ અથવા શરમ લાગતી નહીં. કોઈ તકરારી સવાલસબંધી અગર રખાયત કઇ માગણી કરતું તો તેની ઇચ્છા પૂર્ણ કરવા પોર્ટુગાલનો રાજા તેને એમદ સફર ઉપર મોકલી દેતો. આવી સ્થિતિમાંથી રાજ્યનો જલદીજ નાશ થયો. વેપારમાં ફાયદો મળે છે, અને લડાઇમાં વિનાકારણ ખર્ચ કરવા ઉપરાંત જીવ ખોવાનું જોખમ ખેડવું પડે છે એવો વિચાર દરેકના મનમાં આવવાથી શત્રુ ઉભો થતાં રાજ્યનો બંદોબસ્ત કરવા કોઇ તૈયાર થતું નહીં. એજ પ્રમાણે શરૂઆતનો ભપકો ઝાંખો પડતાં હિંદમાં ગવર્નરનું કામ કરવાને કોઇ પણ હિમ્મત કરતું નહીં. ખાનગી વેપાર બંધ કરવા માટે પોર્ટુગીઝ સરકારે થોડા પ્રયત્ન કર્યા હતા નહીં, પણ જેવી રીતે રેતીના બંધમાં પડેલું એક બાકોરૂં પુરતાં તેમાં બીજું પડે છે તેવીજ સ્થિતિ પોર્ટુગીઝ સરકારની થઈ હતી. લિસ્બનમાંની ઇન્ડિયન કચેરીમાં જે અન્યાય થાતો તે અટકાવવા પોર્ટુગીઝ સરકાર અશક્ત હતી તો પછી હિંદુસ્તાનમાં તે શું કરી શકે તેનો આપણેજ વિચાર કરી લેવો.

સ્પેન અને પોર્ટુગાલ એ બન્ને દેશ એકત્ર થયા ત્યારપછી, અથવા સને ૧૫૪૮ માં ડૉમ કૅસ્ટ્રો મરણ પામ્યો ત્યારપછી, હિંદુસ્તાનમાંના પોર્ટુગીઝો ની આબાદીનો અંત નજીક આવતો લાગ્યો. આલબુકર્કના જેવો કોઈ પણ નિયમસર કામ કરનાર અને પરાક્રમી પુરૂષ આ તરફ આવ્યો નહીં, તેમ તેની ભવ્ય કલ્પના અમલમાં મુકી તેણે નાખેલા પાયા ઉપર મોટી ઇમારત રચવાનું કામ કોઇએ ઉપાડી લીધું નહીં. સને ૧૫૯૫ માં વલંદા લોકોએ પૂર્વના વેપારમાં ઝોકાવ્યું, અને પોપે પૃથ્વિના નહીં જણાયલા ભાગની કરી આપેલી વ્હેંચણીમાં પોર્ટુગીઝોને માટે જે હદ નક્કી કરી હતી તે તેઓએ ઓળંગી, ત્યારથી વેપારમાં પોર્ટુગીઝોની પડતી થતી ગઇ.

પોર્ટુગીઝોના હાથમાંથી એશિયાનો વેપાર જતા રહેવાના બીજા અનેક કારણો હતા. પહેલું, સ્પેન અને પોર્ટુગલ એ બન્ને રાજ્યો સને ૧૫૮૦ માં એક રાજાના તાબામાં ગયા ત્યારે બેઉ દેશનો કારભાર જુદો જુદો ચલાવવાનો ઠરાવ થયો હતો. સને ૧૬૦૪ માં ઇંગ્લંડ અને ફ્રાન્સ

વચ્ચે સલાહ થયા બાદ હોલેન્ડ અને સ્પેન વચ્ચે યુદ્ધ શરૂ થયું, તેમાં હિંદુસ્તાનના વેપારથી જે આવક પોર્તુગાલને થતી તે સઘળી સ્પેને ખર્ચી નાંખવા માંડી, એટલે માલ ખરીદવા માટે તેની પાસે નાણું બચ્યું નહીં. બીજું, વલંદા અને અંગ્રેજો પૂર્વ તરફના દરીઆમાં દાખલ થએલા હોવાથી પોર્તુગીઝોના વેપારને નુકસાન પહોંચવા લાગ્યું. એ નુકસાન અટકાવવાના હેતુથી અંગ્રેજ તથા વલંદા વેપારીઓની માફક પોર્તુગીઝોએ પણ એક વેપારી સંસ્થા સ્થાપવાનો સને ૧૬૩૦ માં પ્રયત્ન કર્યો, પણ તે પાર પડ્યો નહીં. પાંચ વર્ષ રહીને કરેલો એવો બીજો પ્રયત્ન પણ નિષ્ફળ ગયો. આ પ્રમાણે વેપાર ચાલુ રાખવાની ખુદ સરકારની મહેનત વિફળ ગઈ ત્યારે ખાનગી વેપાર વધારવાના હેતુથી તજ સિવાયની બીજી સઘળી વસ્તુઓનો વેપાર યોગ્ય લાગે તેણે કરવો એવો હુકમ સને ૧૬૪૨ માં પોર્તુગીઝ સરકારે કહાડ્યો, અને ફરમાવ્યું કે ધર્મની બાબતમાં વેપારી લોકો ઉપર જુલમ થાય તોપણ તેમની મિલકત જપ્ત કરવી નહીં. એમ છતાં આ સઘળી યુક્તિઓ કંઈ ઉપયોગમાં આવી નહીં. સને ૧૬૫૩ ના એક લેખ ઉપરથી માલમ પડે છે કે એ સમયે ગોવામાં જકાતથી કંઈ આવક થઈ નહોતી.

સને ૧૬૯૯ માં પૂર્વનો વેપાર પુનઃ હાથ કરવાના હેતુથી એક કંપની ગોવામાં સ્થાપવામાં આવી હતી, પણ સને ૧૭૦૧ માં મોમ્બાસા પોર્તુગીઝ લોકોના તાબામાંથી નીકળી જવાથી તે પડી ભાંગી. એવાજ પ્રકારના બીજા અનેક પ્રયત્નો થયા હતા પણ તેનું કંઈ સારૂં પરિણામ આવ્યું નહીં. સને ૧૭૫૬ થી ૧૭૬૭ સુધી કાઉંટ એગા પોર્તુગીઝ વાઈસરૉય હતો તેણે પણ વેપારમાં થયલું નુકસાન ભરપાઈ કરવા બીજા કેટલાક નિષ્ફળ પ્રયત્ન કર્યા.

**૪. પોર્તુગીઝ લોકોનો એશઆરામ.**—પોર્તુગીઝોનો હિંદુસ્તાનમાંનો વૈભવ ક્ષણભંગુર નીવડવાના કારણોમાં ગોવામાંની તથા બીજાં ઠેકાણાંની તેમની રહેણી અગત્યની જગ્યા રોકે છે.

પોર્તુગીઝ લોકોના વખતના ગોવાનો વૈભવ હમણાં અદૃશ્ય થઈ ગયો છે.

જુના શહેરનું બંદર નદીના કાંપથી પુરાઇ જવાથી એક નવું શહેર વસાવવામાં આવ્યું તે અદ્યાપી પંજીમ કહેવાય છે. એ શહેરમાં પોર્ટુગીઝ ગવર્નરની બેઠક સને ૧૭૫૯ માં થઈ. જુના ગોવાનો વૈભવ પોર્ટુગીઝોની જાહોજલાલીના વખતમાં અપ્રતિમ હતો. ઇલિઝાબેથ રાણીના અમલમાં લંડનના વેપારીઓ તેને 'સોનાનું ગોવા' એ નામથી ઓળખતા. 'જેણે ગોવા જોયું તેને લિસ્બન જોવાની જરૂર નથી' એવી પોર્ટુગીઝ ભાષામાં કહેવત છે તે ઉપરથી પણ આપણને તે વખતના ગોવાના વૈભવનો ભાસ થાય છે. વેપારથી તે ધનાઢ્ય થવા ઉપરાંત લશ્કરી મથકના ભપકામાં તથા ધર્માધિકારીઓના દમામ તથા ધામધુમમાં ડોલી રહ્યું હતું. લોકો પોતાનું સઘળું કામ ગુલામો પાસે કરાવતા. પ્રતિષ્ઠિત પોર્ટુગીઝે કંઈ ધંધો રોજગાર કરવો તથા તેમની સ્ત્રીઓએ ઘરકામ કરવું એ તેમના વિચાર પ્રમાણે યોગ્ય નહોતું. લશ્કરની, ધર્મખાતાંની અથવા સરકારી નોકરી તથા થોડો ઘણો દરીઆ ઉપરનો વેપાર ચલાવવો એ સિવાય તેઓ સ્વતઃ કંઈ પણ ધંધો કરતા નહીં. લશ્કરી દમામથી ગાજી રહેલાં આ શહેરમાં લોકોને અનેક ઉપયુક્ત ધંધા તરફ તિરસ્કાર છુટવાથી તેઓ આળસુ અને વ્યસનાધીન થઈ ગયા. નિરૂદ્યમી પુરૂષોનાં ટોળાં રસ્તામાં તેમજ જુગારખાનાંમાં ભટકતાં દેખાતાં. સ્ત્રીઓ પડદામાં રહી સુખચેનમાં પોતાનો વખત ગાળતી. જુગારખાનાં ઉપર સરકારને કર મળતો એટલે વિના અંકુશે ત્યાં હરેક પ્રકારના મોજશોખ ઉડતા. નાચરંગ, ગાયન, જાદુઈ તથા નટના ખેલ, મજાક ઠઠ્ઠા ઈત્યાદીનો ત્યાં સુકાળ હતો. સ્ત્રીઓને પુરૂષો સાથે ભેળાવવાની મના હોવાથી તેઓ હોજલમાં રહી ગાયન, રમતગમત, ગપ્પાં મારવાં, મજાક ઠઠ્ઠા ચલાવવા, ગુલામોની મશ્કરી કરવી ઈત્યાદી જુદી જુદી જાતની મોજમજાહમાં પોતાનો કાળ નિર્ગમન કરતી; અને અસહ્ય તાપને લીધે તેઓ લગભગ અર્ધનગ્ન સ્થિતિમાં પડી રહેતી. ટુંકમાં યુરોપિઅન જનાનખાનાં ગોવામાં નિર્માણ થયાં હતાં. વળી એ સ્ત્રીઓ કપટવિદ્યામાં ઘણી નિપુણ હતી. ધણીઓને કપટથી લડાવવામાં, અથવા તેમને ઔષધથી બેશુદ્ધ કરી પોતાનો પ્રીતિવ્યવહાર યથેચ્છ રીતે ચલાવવામાં તેઓ એટલી તો આગળ વધી હતી કે 'ગોવા-

બેસી ભિક્ષા માગવા જાય છે, અને સાથેનો નોકર ઘરમાં જઈ ભિક્ષા લઈ આવે છે.' જે જે જગ્યાએ પોર્ટુગીઝોએ પોતાનાં રાજ્યો સ્થાપ્યાં હતાં ત્યાં ત્યાં આવોજ ઠાઠ હસ્તીમાં આવ્યો હતો, અને તેનું પરિણામ પણ તેવુંજ આવ્યું હતું.

પોર્ટુગીઝ રાષ્ટ્ર નાનું હોવાથી તે દેશથી અહીંઆ જોઇએ તેટલા લોકો આવી શકતા નહીં શરૂઆતનાં સો બસેં વર્ષમાં ઘણું તો આઠ હજાર પોર્ટુગીઝો હિંદુસ્તાનમાં આવ્યા હશે. અહીં રહી રાજ્યનો પાયો મજબૂત કરવાનું એટલાં થોડાં માણસો માટે અસંભવિત હતું, તેથી દેશી લોકોને થોડી ઘણી કવાયત શીખવી તેમની ફોજ તૈયાર કરવાની જરૂર તેમને પહેલેથીજ જણાવવા લાગી. શરૂઆતમાં થએલી મોટી લડાઇઓમાં દેશી લસ્કર હજાર બે હજારથી વધારે કદી પણ હતું નહીં, પણ ધીમે ધીમે તેની સંખ્યા વધવા માંડી. ઘોડેસ્વારમાં યુરોપિઅન લોકો રહેતા, અને પાયદળમાં દેશીઓને દાખલ કરવામાં આવતા. લસ્કરમાં સઘળા અમલદારો પોર્ટુગીઝ હતા; દેશીઓને પણ મોટા ઓદ્ધા મળતા. એ સમયે કવાયતમાં તથા હથીઆર વાપરવામાં દેશીઓ યુરોપિઅનો કરતાં કોઇપણ પ્રકારે ઓછા નિપુણ નહોતા.

એ વેળા ગુલામોની કિંમત ઘણી ઓછી હતી. બંગાળામાં એક પુરૂષના ૭ રૂપીઆ (૧૪ શિલિંગ) પડતા, અને સ્ત્રી તરૂણ અને સુંદર હોય તો તેની બમણી કિંમત પડતી. માનવી પ્રાણીની આટલી થોડી કિંમત એ પણ એક વિલક્ષણ બનાવ છે! ન્યુનો ડ કુનાએ સને ૧૫૩૦ માં એડન ઉપર સ્વારી કરી ત્યારે તેની સાથે ઘણાંખરાં નાનાં અને હિંદુસ્તાનમાંજ તૈયાર કરેલાં ૪૦૦ વહાણો, ૩૬૦૦ પોર્ટુગીઝ સિપાઈ, ૧૪૬૦ પોર્ટુગીઝ ખલાસીઓ, ૨૦૦૦ દેશી સિપાઈ, ૫૦૦૦ દેશી ખલાસી તથા ૮૦૦૦ ગુલામો હતા. આવડી મોટી પોર્ટુગીઝ ફોજ અગાઉ કદી પણ બહાર પડી નહોતી. પોર્ટુગીઝ લોકો પાયદળમાં નોકરી કરવા નાખુશ હોવાથી પોતાના ભરોસાનાં માણસોની સંખ્યા વધારવા માટે આલ્બુકર્કે યુરોપિઅન પુરૂષોનાં દેશી સ્ત્રીઓ સાથે લગ્ન કરાવી આપવાની યુક્તિ કરી.

એવાં લગ્ન કરાવી આપનારને બક્ષીસ મળતી અને પરણનાર પુરૂષને રાજ્યમાં નોકરી મળતી. આ રીતે વટલેલ પ્રજા દેશમાં પુષ્કળ વધી, તેને લીધે આવક કરતાં ખર્ચ વધી ગયો, છતાં એ વ્યવસ્થા જારી રાખવા ધર્માધિકારીઓ ઘણાજ આગ્રહી હતા. આ વટલેલ લોકો ગર્વિષ્ટ તડાકા મારનારા અને આળસુ હતા, અને નોકરી આપી તેમનું પોષણ કરવાનો ખર્ચ વિનાકારણ સરકારને માથે પડતો. વખત જતાં પોર્તુગીઝ સરકારને નાણાંની તંગી પડવા લાગી ત્યારે પોર્તુગીઝો તેમજ તેમની વટલેલ પ્રજા એક બંડખોર લશ્કર જેવાં થઈ બેઠાં. તેઓ પોતાની બંદુક રાજાઓને વેચતા, અને પેટ ભરવા માટે ગમે તેવું નીચ કૃત્ય કરતાં અચકાતા નહીં. 'એ લોકો અહરનિશ દ્વાર આગળ આવી ભીખ માગે છે; એટલુજ જો તેઓ કરતે તો કંઈ હરકત નહોતી, પણ તેઓ આપણે બારણે ન આવતાં મુસલમાનોને બારણે જઈ ભિક્ષા માગે છે; તો કોઈ પણ પ્રકારે એવા લોકોને લશ્કરી નોકર ગણી તેમનો પગાર ચાલુ કરવો.' આવી સિફારસ સને ૧૫૪૮ માં ગોવાની સરકાર તરફથી પોર્તુગલના રાજાને કરવામાં આવી હતી, પણ તેમના હાથમાં પૈસા આવતાં તેઓ તરતજ જુગારમાં ઉડાવતા.

આ સઘળી હકીકત સને ૧૫૮૦ ની અગાડીની છે. એ વર્ષમાં સ્પેન અને પોર્તુગલ એકત્ર થતાં પરિણામમાં પોર્તુગીઝ રાજ્યને અનેક અડચણો આવી. યુરોપમાં સ્પેનને કરવી પડેલી ભાંજગડને લીધે હિંદુસ્તાનમાંના પોર્તુગીઝ રાજ્યની વ્યવસ્થા સારી રહી નહીં. આફ્રિકાથી ગુલામ લાવી દેશમાં ભરવાનો પ્રચાર શરૂ થવાથી સઘળો આધાર ગુલામો ઉપર રહેવા માંડ્યો. પોર્તુગીઝો પોતે કંઈપણ કામ કરવામાં નાલાયક નીવડ્યા, અને રાજ્યના બંદોબસ્તનો સઘળો બોજો દેશી સિપાઇઓને માથે પડ્યો. લિસ્બન અને ગોવાના લશ્કરી અમલદારો કાગળ ઉપર સત્તર હજાર માણસના લશ્કરનો ખર્ચ બનાવી ખરેખર ચાર હજાર માણસો નોકરીમાં રાખતા. આવી અવ્યવસ્થા શરૂ થતાં દેશી સિપાઇઓના હાથમાં જે સત્તા આવી તે લઈ લેવા માટે પોર્તુગીઝોને મહા પ્રયાસ કરવો પડ્યો.

૫. **પોર્તુગીઝોનું ક્રુરપણું.**—પરધર્મીઓ તરફ અતિશય ક્રુરપણે

વર્તનામાં પોર્ટુગીઝ લોકો જરા પણ આંચકો ખાતા નહીં પોતાના ઘાતકી કૃત્યના ટેકામા તેઓ એટલુંજ કહેતા કે અમારે હિંદીઓ તરફ ક્રૂર નહીં થવું એવો કંઈ હકવ નથી આ તેમના ક્રૂરપણાના ટેકામાં ગમે તેના કારણો આપવામાં આવે તોપણ તે ન્યાયી કેમ કહેવાશે ? તેઓ પોતાના કૃત્યના સમર્થનમાં જણાવતા કે પોર્ટુગીઝ રાષ્ટ્ર નાનું અને તેના લોકો થોડા એટલે તેમણે એ માર્ગેજ અન્ય લોકો ઉપર પોતાનો ત્રાસ બેસાડવો જોઇએ વાસ્કો ડ ગામાની બીજી સફર પછી આ દેશમા લોકો પ્રત્યે ક્રૂર થવું એ પોર્ટુગીઝ રાજ્યની એક પદ્ધતજ પડી ગઈ દીવની લડાઈ પછી આલ્મીડાએ હાથમા સપડાયના દુશ્મનના કેદીઓના હાલહવાલ કરી મારી નખાવ્યા એક આરબ વહાણ ઉપરના ખલાસીઓને પાસે પોર્ટુગીઝોએ આપેલી પરવાનગીનો લેખ હતો અને વહાણો તેમની પાસે આવ્યા ત્યારે સ્વરક્ષણાર્થે તેઓએ હાથ પણ ઉપાડ્યો હતો નહીં છતા એક પોર્ટુગીઝ અધિકારીએ સઘળા આરબ ખલાસીઓને સઢ વચ્ચે સીવી લઈ દરીઆમા ફેંકી દીધા કાનાનુરના બંદરમા પકડાયના કેદીઓને આલ્મીડાએ તોપને ગોળે વહાણમાથી જમીન ઉપર ઉરાડયા બીજે એક પ્રસંગે સ્ત્રીઓના દાગીના કહાડી લેવા માટે પોર્ટુગીઝ સિપાઇઓએ તેમના હાથ કાન કાપી નાખ્યા હતા કોઇ પણ કાળે આવો ઘાતકી ત્રાસ લોકો ઉપર વરતેલો જાણવામા નથી એશિયાના લોકો તરફ હમેશાજ પોર્ટુગીઝો આ પ્રમાણે વર્તતા હોવાથી પ્રત્યેક પ્રસંગનું વર્ણન કરવું મુશ્કેલ છે વેર લેવાની ઇચ્છાથીજ આ ઘોર કૃત્ય કરવામાં આવતા નહીં એટલે કેવળ રાજ્ય વ્યવસ્થા માટે તેની જરૂર છે એમ પોર્ટુગીઝ અમલદારોને લાગતું આલ્બુકર્ક એવું કહેતો કે પરધર્મી લોકોને દયા બતાવવી જીસસ ક્રાઇસ્ટને અપ્રિય હોવાથી આવા કામ કરવા એ તેના ઉપર ઉપકાર કરવા જેવું હતું કેદીઓના નાક કાન કાપવા, વેદનામાથી છુટી મરવાને પાણીમા ડુબકી મારતા લોકોની પાછળ પડી તેમના શરીરના કકડા કરવા, અને તાબામા આવેલા શહેરમાના સ્ત્રી છોકરાઓની કતલ કરવી, એવા કૃત્ય કરનાર આ બુકર્ક લોકોને દયાના પુતળા જેવો લાગતો, કારણ તેની અગાઉ થઇ ગયના અધિકારીઓએ જે ઘાતકીપણું ચલાવ્યું હતું તેનું

વર્ણન પણ થઈ શકતું નથી. ઘાતકી અધિકારીઓના જુલમમાંથી ઈશ્વર આપણને છોડવે એવી કરૂણાજનક પ્રાર્થના કરવા હિંદુ અને મુસલમાન ધર્મના લોકો આલ્બુકર્કની કબર આગળ જતા. પોર્ટુગીઝ લોકોને રાજ્ય સ્થાપવું હતું, પણ તે માટે જરૂરનાં માણસ તથા પૈસો તેમની પાસે નહીં હતાં, એટલે એ ખોટ પુરી પાડવાને ક્રુર રીતે તેઓ વર્તતા હતા.

**૬. ધર્મમતસંશોધક પદ્ધતિ.**—સ્પેન અને પોર્ટુગલ દેશમાં ભયંકર પ્રકારનો ધર્મચ્છળ ચાલતો હતો. લોકોનો ધર્મની બાબતમાં કેવો મત છે તે તપાસવા તથા તે બાબતમાં ગુન્હેગાર ઠરે તેમને શાસન કરવા ઈન્કિવિઝીશન ( Inquisition ) નામની એક સંસ્થા સ્થાપવામાં આવી હતી. સોળમા સૈકામાં આખા યુરોપમાં ધર્મ સંબંધી સુધારો શરૂ થવાથી રોમન કેથૅાલિક પંથ પાછળ પડી ગયો, ત્યારે રાજા તથા ધર્માધિકારીઓ એ પંથના હોવાથી નવા પંથનો ઉચ્છેદ કરવાની મતલબથી આ ન્યાયમંડળ સ્થાપવામાં આવ્યું હતું. વાસ્તવિકરીતે એનો મૂળ ઉદ્દેશ વિધર્મી લોકોને શાસન કરવાનો હતો, પણ યુરોપમાં એકજ ધર્મના પણ ભિન્ન પંથના લોકો ઉપર પણ એનો પ્રયોગ ચાલુ થયો હતો. આ શાસનમંડળની સંસ્થા પોર્ટુગીઝ લોકોએ હિંદુસ્તાનમાંના પોતાના રાજ્યમાં શરૂ કરેલી હોવાથી અહીં તેનાથી કેટલો ઘોર અનર્થ થયો હતો તે બરાબર સમજવા માટે યુરોપમાં એ સંસ્થાનું વર્તન કેવું હતું તે આપણે જોઈએ.

આ અપૂર્વ ન્યાયાધીશી ઉપર કોઇનો પણ વિવાદ ચાલતો નહીં. તેના જાસુસો ગુપ્તપણે દરેક કુટુંબમાં રહી કોનો કેવો મત છે તેની બાતમી કહાડતા, અને એ હકીકત ઉપરથી ન્યાયાધીશો લોકોને તેમના મત માટે શિક્ષા કરતા. પ્રત્યક્ષ કૃત્ય માટેજ શિક્ષા કરી શકાય પણ મતને માટે નહીં એવો કાયદાનો મુખ્ય આશય આ ન્યાયાધીશીએ દૂર મુકયો હતો. માત્ર સંશય ઉપરથી કોઈ જો પકડયો તો તે કેથૅાલિક ધર્મ સ્વીકારવાનું કબૂલ કરે નહીં ત્યાં સુધી ન્યાયાધીશ તરફથી અનેક પ્રકારની વ્યથા તેના ઉપર કરવામાં આવતી, અને કેટલીકવાર તેઓ તેને જીવતો બાળી મુકતા. બે સાક્ષી હોય તો અંધારી કોટડી, ઉપવાસ વગેરેની શિક્ષા કરવાને ન્યાયાધીશો અચકાતા

નહીં. વેદના ભોગવ્યા પછી પકડાએલો શખ્સ કૅથૉલિક પંથ સ્વીકારવાની કબૂલાત આપવાને તૈયાર થાય તો તેની સઘળી માલમત્તા જપ્ત કરવામાં આવતી, અને શરીરમાં કફની પહેરાવી છોડવામાં આવતો. અંધારી કોટડીનો પ્રયોગ તેના ઉપર નિષ્ફળ જાય તો તેને અગ્નિકુંડમાં નાંખતા. જો એકજ સાક્ષીદાર મળે તો તેના પગમાં લોખંડનાં કડાં ઘાલવામાં આવતાં. આ કામ અંધારી કોટડીમાં થતું. આરોપીને વકીલ કરવા દેવામાં આવતો નહીં, તેમ સાક્ષીઓની જુબાની તેના દેખતાં લેવામાં આવતી નહીં. આરોપી સ્ત્રી હોય, પુરૂષ હોય, કિંવા કુમારિકા હોય, તોપણ તેને નગ્ન હાલતમાં વાંસની માચી ઉપર સુવાડી પાણી, અગ્નિ, ખીલા, અને નાના તરેહનાં યંત્રો વગેરેથી તેની નસો દબાય તેટલી દબાવવામાં આવતી, તેનાં હાડકાં ભાંગવામાં આવતાં અને જીવ નહીં જાય તેવી સઘળી વ્યથા કરવામાં આવતી. ચાલુ પંદર વર્ષ લગી આવી અસહ્ય વેદના ભોગવેલા આરોપીની અગ્નિકુંડમાં આહુતી આપ્યાના દાખલા મોજુદ છે. કેટલીકવાર શિક્ષા પામેલા અનેક કેદીઓને આવી રીતે ઘણો વખત રાખ્યા પછી તેમની ઘીસ કહાડી અગ્નિકુંડમાં હોમવામાં આવતા. આવે પ્રસંગે રાજા, સરદાર દરકદાર ધર્માધિકારીઓ વગેરે અસંખ્ય લોકો આ દેખાવ જોવા હાજર રહેતા. કેટલીકવાર આરોપીની જીભ મ્હોડું ઉઘાડતાં બહાર નીકળી નહીં શકે તેવી રીતે બાંધી લઈ તેની આગળ ઉત્તમ પકવાન મુકવામાં આવતાં, અને તેનો હાલ જોઈ એકઠા થયલા અધિકારીઓ આનંદ માનતા. સ્પેનમાંની આ સંસ્થાના પહેલા અધ્યક્ષ ટાર્કિમાડા એકલાએ પોતાની અટાર વર્ષની કારકિર્દીમાં ૧,૧૪,૪૦૧ લોકોને જુદી જુદી તરેહની શિક્ષા કરી અસંખ્ય કુટુંબોનો કચડઘાણ કહાડી નાંખ્યો હતો. આવીજ કંઈક પદ્ધતિ હિંદુસ્તાનમાંના લોકોને વટલાવવા માટે પોર્ટુગીઝોએ પોતાના રાજ્યમાં દાખલ કરી હતી.

**૭. ખ્રિસ્તી ધર્મના પ્રસાર માટેના પ્રયત્ન.**—વાસ્કો ડ ગામા હિંદુસ્તાન આવ્યો ત્યારે આ દેશના લોકોને ખ્રિસ્તી બનાવવાની પોર્ટુગીઝ લોકોને મોટી ઉમેદ હતી. એ લોકો ઘણાખરા ખ્રિસ્તીજ છે એવું તેઓ શરૂઆતમાં સમજતા. મલબાર કિનારા ઉપર નેસ્ટોરિઅન ખ્રિસ્તી ઘણાં

વાં ઉપર આવી રહ્યા હતા*. એમની પછી પોર્ટુગીઝો આવ્યા ત્યારે તેમણે આ સઘળા ખ્રિસ્તીઓને કેથૉલિક ધર્મની દીક્ષા આપવાનો નિશ્ચય કર્યો. સને ૧૫૪૨ માં અત્રે આવેલા ફ્રૅન્સિસ ઝેવિઅરે જેસુઇટ પંથની સ્થાપના કરી. સને ૧૫૬૦ માં ઇન્કવિઝિશન એટલે ધર્મમતસંશોધન પદ્ધતિ ગોવામાં દાખલ થવાથી અનેક પ્રકારનું ઘાતકીપણું તથા જુલમ ત્યાં શરૂ થયાં, અને તેમાં આરંભમાં આવેલા સેન્ટ ટૉમસ અને નેસ્ટોરિઅન ખ્રિસ્તીઓનો નાશ થયો.

પોર્ટુગીઝોએ પશ્ચિમ કિનારા ઉપર મુંબઈ, વસઈ વગેરે ઠેકાણાંઓ લીધાં ત્યારે તેમણે ત્યાંના પુષ્કળ લોકોને વટલાવી ખ્રિસ્તી બનાવ્યા, અને ખાસ કરીને બ્રાહ્મણ, પરભુ વગેરે ઉચ્ચ જાતિનાં માણસો ઉપર જુલમ કર્યો. આ ધર્મની લડતનાં કારણો અનેક હતાં. હિંદુસ્તાનમાં ખ્રિસ્તી ધર્મ દાખલ કરવાના તેમના મહાન હેતુનો મુખ્ય ઉત્પાદક રાજપુત્ર હેનરી હતો. પોતાની પહેલી તેમજ બીજી સફરમાં વાસ્કો ડ ગામા કેટલાક પાદરીઓ લાવ્યો હતો. સને ૧૫૮૧ માં કેબ્રલ પોતાની સાથે આઠ પાદરીઓ લાવ્યો, કેમકે તેમની મદદથી અહીંના લોકોને એકદમ વટલાવવાનો તેનો વિચાર હતો. આ પાદરી ફ્રૅન્સિસ્કન પંથના હતા, અને તેમનો મુખી કોઇમ્બ્રા સ્યુટાનો બિશપ હતો. હિંદુસ્તાનમાં આવ્યા પછી એમાંનાં સાત આસામી થોડાજ વખતમાં મરણ પામ્યાં. એ પછી આલ્બુકર્કની સાથે પાંચ પાદરીઓ આવ્યા. સને ૧૫૦૩ માં કોચીનનો કિલ્લો બંધાયો તથા ગોવા પોર્ટુગીઝોને હાથ આવ્યું ત્યારથી એમનું ધર્મપ્રસારનું કામ જોરમાં ચાલ્યું હતું. ગોવાની મસીદો તોડી પાડી પોર્ટુગીઝોએ તે જગ્યાએ પોતાનાં દેવળો બંધાવ્યાં. સને ૧૫૧૭ માં આવેલા લોરો નામના પાદરીએ એક નવું દેવળ બાંધવાની ગોઠવણ કરી. આ પ્રમાણે કેથૉલિક પંથની સ્થાપના હિંદુસ્તાનમાં થયા બાદ સને ૧૫૩૪ માં એ પંથના મુખ્ય ધર્મગુરૂ રોમના પોપે ગોવામાં બિશપ નામના મુખ્ય અધિકારીની નિમણુક કરી; પૂર્વે બિશપ મદીરા બેટમાં રહેતો હતો અને હિંદુસ્તાનના ધર્માધિકારીઓ તેના તાબામાં હતા. આ નિમણુક પછી

*જુઓ પૃષ્ઠ ૭૦.

બિશપના ઉપરીપણા હેઠળ કેપ ઑફ ગુડ હોપથી ચીન સુધીનો વિસ્તીર્ણ પ્રદેશ આવવાથી તેનું મહત્વ ઘણું વધ્યું. સને ૧૫૫૭ માં સબેસ્ચિઅન રાજાએ ગોવામાં આર્ચબિશપ નીમી તેના હાથ નીચે ગોવા, કોચીન અને મલાક્કાના ત્રણ બિશપને મુકયા. આ આર્ચબિશપે સને ૧૬૦૧ માં પૂર્વના પ્રાઇમેટનો ખિતાબ ધારણ કર્યો. આ સિવાય આગળ ઉપર ઘણાક ફેરફારો થયા પણ તેનું વર્ણન કરવાની આવશ્યકતા નથી.

ભૂગોળશાસ્ત્ર તથા વેપારના વિષયોમાં પોર્ટુગીઝ લોકોએ જે પરિશ્રમ ઉઠાવ્યો હતો તેના કરતાં પણ વિશેષ પરિશ્રમ ધર્મની બાબતમાં તેઓએ લીધો હતો. તેમનો મુખ્ય આશય પરધર્મીઓને વટલાવી ખ્રિસ્તી બનાવવાનો હતો, અને એ માટે તેઓએ પોતાથી બનતું કર્યું હતું. મુંબઈ બેટ પોર્ટુગીઝોના તાબામાં આવ્યા પછી ફ્રેન્સિસ્કન મિશનરીઓએ ત્યાં રહેતા સર્વ યોગી વેરાગીઓને વટલાવ્યા, અને મુંબઈ નજદીક આવેલા કેનરી અને મંડપેશ્વરમાંની બુદ્ધ લોકોની ગુફામાં ખ્રિસ્તી ધર્મની પ્રાર્થના શરૂ કરી. આ કામમાં મુખ્ય ભાગ લેનાર એન્ટોનિઓ પોર્ટોએ એકલા વસઈ પ્રાંતમાં બે વર્ષના અરસામાં ઓછામાં ઓછાં હજાર માણસોને વટલાવ્યાં હતાં.

આ કામમાં પોર્ટુગીઝ સરકાર તથા લશ્કરનો તેને ટેકો હોવાથી તેની આડે આવનાર સખ્ત શિક્ષા પામતું. આ ગુફામાં મુખ્ય ચૈત્ય છે ત્યાં સેન્ટ માઇકલના દેવળની સ્થાપના થઈ હતી, પણ હાલમાં તેની કંઈ પણ નિશાની માલૂમ પડતી નથી. વસઈ મરાઠાઓએ લીધું ત્યારે તેમણે એ ગુફાઓમાંની તેમજ આસપાસના મુલકમાંની ખ્રિસ્તી ધર્મની નિશાનીઓ જડમૂળથી ઉખેડી નાંખી. ખ્રિસ્તી લોકોએ પોતાના અમલમાં કરેલા મૂર્તિખંડનના અવશેષ અદ્યાપિ દ્રષ્ટીએ પડે છે. ફાધર પોર્ટો મંડપેશ્વર આવ્યો ત્યારે ત્યાંના સુમારે પચાસ યોગીઓ એકદમ નાસી ગયા. એ પછી હિંદુ દેવાલયોમાં ઘુસી જઈ ત્યાં પોર્ટોએ ખ્રિસ્તી દેવળો સ્થાપ્યાં. આગળ જતાં એ જગ્યાએ પોર્ટુગીઝ રાજા ત્રીજા જૉને વટલેલ લોકોનાં છોકરાંઓ માટે એક પાઠશાળા સ્થાપી. અને તેના ખર્ચ પેટે હિંદુ મંદીરોની આવક આપી

દીધી. આ મંદીરનું વચલું દીવાનખાનું ૧૦૦ હાથ લાંબું અને ૩૦ હાથ પહોળું હતું. ત્યાં પાંચ ખ્રિસ્તી ધર્મગુરૂઓ રહેતા હતા તેમને દરસાલ દોઢસો ખાંડી ચોખાની નિમણુક હતી. આમાંનું ઘણુંખરૂં અનાજ તેઓ ગરીબોમાં વ્હેંચી દેતા. એ પ્રાંત મરાઠાઓના કબજામાં આવ્યો ત્યારે તેમણે એ પાઠશાળાનું મકાન તોડી નાંખી કાટ થાણે લઈ ગયા, અને ખ્રિસ્તી લોકોએ પુરી નાંખેલી અસલની હિંદુ દેવતાઓની મૂર્તી ખુલ્લી કરી તેની પૂજાઅર્ચા પૂર્વવત્ ચાલુ કરી.

આ ધર્મપ્રચારના કામમાં આગળ પડતો ભાગ લેનાર પહેલો બિશપ જૉન આલ્બુકર્ક સને ૧૫૩૮ માં આ દેશમાં આવ્યો. તેની સાથે બાબો અને લાગોસ નામના બે ફ્રૅન્સિસ્કન પાદરીઓ પણ આવ્યા. એજ પાદરીઓએ પ્રથમ દેશી લોકોના ધર્મનો નાશ કર્યો. જૉન આલ્બુકર્ક હિંદુસ્તાનમાં પંદર વર્ષ (સને ૧૫૩૮–૫૩) રહ્યો તે દરમિયાન ફક્ત ગોવા શહેરમાંજ તેણે ૧૫ દેવળો સ્થાપ્યાં, અને આદિલશાહની મસીદમાં તેણે પોતાનું મુખ્ય દેવળ કર્યું. બીજે અનેક ઠેકાણે પણ આવાજ બનાવો બન્યા હતા. સને ૧૫૪૨ માં ફ્રૅન્સિસ્કન નામનો એક જેસુઈટ પાદરી પોતાના પંથના પુષ્કળ લોકોને લઈ ગોવામાં આવ્યો હતો. આજ પુરૂપ આગળ જતાં પ્રસિદ્ધિમાં આવેલો સેન્ટ ફ્રૅન્સિસ ઝેવિઅર હતો. એ પછી અનેક પંથના લોકો ગોવામાં આવેલા પણ ત્યાં મુખ્ય ભરતી ફ્રૅન્સિસ્કન પંથની થઈ હતી.

ધર્મની બાબતમાં ઉઠાવેલા કામનો આશય પોર્ટુગીઝોના વિચાર પ્રમાણે ત્રણ પ્રકારનો હતો; ખ્રિસ્તી ધર્મની વૃદ્ધિ કરવી, મૂર્તિપુજાનું ખંડન કરવું અને વટલેલા ખ્રિસ્તી લોકોનો ઉત્કર્ષ કરવો. આ ઉદ્દેશ બર લાવવામાં કંઈક વ્યક્તીની કડક તથા હદ ઉપરાંતની ધર્મશ્રદ્ધાને લીધે લોકો ઉપર કહેરવર્ત્યો અને મૂળ હેતુ પાર પડયો નહીં. ઉપર કહેલો આશય પાર પાડવાની સામગ્રી તૈયારજ હતી. ઈમારતો જોઈએ તો હિંદુ દેવાલયો હતાં; તેનું ઉત્પન્ન આ તરફ ખેંચી લે તો ખર્ચજોગું નાણું તરતજ મળતું. તેમ છતાં જો ખોટ આવે તો હિંદુનો પૈસો લૂંટી લેવામાં કોઈની બ્હીક નહોતી. આ પ્રમાણે સેન્ટ પૉલ કૉલેજ નામની પહેલી સંસ્થા સને ૧૫૪૧

માં સ્થાપન થઈ. તેમાં કાનડી, દક્ષણી, મલ્યાળી, સિંહાલી, બંગાળી, પેગુ, ચિની, જાપાની વગેરે સર્વ જાતિના વિદ્યાર્થીઓ હતા, અને તેમની સંખ્યા શરૂઆતમાં આસરે ત્રણ હજારની હતી. આ પાઠશાળા ઉપર સને ૧૫૪૮ માં કામાર્ટની નિમણુક થઈ ત્યારે તેને એવું થઈ આવ્યુ કે એકદમ આખું હિંદુસ્તાન ખાઈ જાઉં કે ગળી જાઉં, પણ પરધર્મી લોકો ઉપર જુલમ કરવાની રાજાની પરવાનગી નહીં હોવાથી, તેવી પરવાનગી મેળવવા સારૂ કૉલેજના વ્યવસ્થાપકોએ મુદ્દામ એક ગૃહસ્થને યુરોપ મોકલ્યો. આથી આ કામમાં જરૂરનો હોય તેટલો અધિકાર તેમને રાજા તરફથી મળ્યો, એટલે જો દેશીઓ ખુશીથી ખ્રિસ્તી ધર્મ નહીં સ્વીકારે તો તેમને જબરદસ્તીથી તેમ કરવા ફરજ પાડવી એવી છૂટ મળી. આ હકીકત ગોવાના લોકોની જાણમાં આવી કે તરતજ હિંદુ લોકો શહેર છોડી ચાલ્યા ગયા, ત્યારે પાદરીઓનાં આ કૃત્ય માટે પોર્ટુગીઝ વેપારીઓને ઘણો ક્રોધ ઉત્પન્ન થયો, કેમકે હિંદુઓના જવાથી તેમનો વેપાર બેસી ગયો. આ વેળા ગોવાની સેનેટ એટલે મ્યુનિસિપાલિટીએ સને ૧૫૪૬ માં એક પત્ર વાઈસરૉયને લખ્યો હતો. તેમાં કહેવામાં આવ્યું હતું કે “ અમે માફી માગી એવું કહેવા ઇચ્છા રાખીએ છીએ કે પરધર્મી વેપારી તથા શહેરીઓ વગેરે સર્વ લોકોએ આ કર્જ આપ્યું છે. પણ જ્યારે આપણી પાસેના કેટલાક નવરા ધાર્મિક પુરૂષોએ હિંદુસ્તાનના લોકો કંઈ પણ કામના નથી, તેઓને આપણા રાજ્યમાં રહેવા દેવા ઇષ્ટ નથી, તેઓને હદપાર કરવાજ જોઇએ એવા પ્રકારની સમજુત આપણા રાજાને કરેલી હોવાથી પરિણામ ખરાબ આવવા સંભવ છે. ” પરંતુ આ કામમાં ધર્માધિકારીઓના આગ્રહ આગળ ખુદ વાઈસરૉયનું પણ કંઈ ચાલ્યું નહીં, અને તેને રાજા તરફથી આવેલો હુકમ પ્રસિદ્ધ કરવો પડયો. એ હુકમનું તાત્પર્ય નીચે પ્રમાણે હતુંઃ—

૧. આપણા રાજ્યમાં મૂર્તિપૂજા બંધ કરવી એ ખ્રિસ્તી રાજ્યનું કર્તવ્ય છે.
૨. આપણા રાજ્યમાં મૂર્તિપૂજકોને પોતાનો ધર્માચાર પાળવાની પૂર્ણ છૂટ છે એ જાણી અમને અત્યંત ખેદ થાય છે.
૩. અમારૂં એવું ફરમાન છે કે સઘળી મૂર્તિઓ ભાંગી નાંખવી અને મૂર્તિ તૈયાર કરનાર કારીગરોને શિક્ષા કરવી.

૪ ખ્રિસ્તી ધર્મ સ્વીકારનારને ખાસ હક આપવા, અને તેઓને વેઠ વગેરે પકડવા નહીં

૫ જકાતની આવકનો કંઈક ભાગ વટલેલા લોકોને ચોખા વ્હેંચી આપવામાં ખર્ચવો

૬. પરધર્મી લોક ખ્રિસ્તીઓની મૂર્તિ બનાવે તો તેમને શિક્ષા કરવી

૭ વટલેલા લોકોને ધર્મનું તથા બીજી બાબતનું શિક્ષણ આપવા માટે પાઠશાળા સ્થાપવી, અને તેમાં વિધર્મી લોકોને પણ ખ્રિસ્તી ધર્મનું શિક્ષણ આપવું

૮ વટલેલા લોકોનો પ્રેમ આપણા ઉપર રહે માટે મમતાથી તેમની તરફ વર્તવું (પોર્તુગલના રાજાનો પત્ર તા ૮ માર્ચ સને ૧૫૪૬)

આવા હુકમને લીધે ધર્મગુરૂઓનું કામ સહેલું થઈ ગયું એ પ્રમાણે અમલ કરવાને વાઈસરૉયે રાજ્યમાં સઘળે ઠેકાણે ફરમાન મોકલ્યું, હિંદુઓના મંદીર જમીનદોસ્ત કરવાનો સપાટો ચલાવ્યો, અને બ્રાહ્મણો સામે થશે એમ ધારી તેમને પોતાના મુલકમાંથી હાંકી કહાડ્યા રાજા, બિશપ અને વાઈસરૉય એ ત્રણમાંથી ગમે તેણે ધર્મપ્રસારના કામમાં લેખી હુકમ આપવાથી જે કામ પુરૂં પ્રત્યેક માણસ કરી શકતું તે હવે રાજ્યનું મુખ્ય કામ થઈ પડ્યું બિશપે છોડેલા હુકમનો આશય નિચે પ્રમાણે હતો—'રાજાનો હુકમ સામિલ રાખી ધર્મ ખાતાના સર્વ અધિકારીઓને એવું ફરમાવવામાં આવે છે કે હિંદુ લોકોના મંદીરો બાંધેલાં તૈયાર હોય અથવા બંધાતા હોય તે સઘળાં જમીનદોસ્ત કરવાનો તેમને પૂર્ણ અખત્યાર છે, અને તેમ કરવું તેમની ફરજ છે, હવે પછી આવનાર અમલદારે પણ આ હુકમ બજાવવો, એવું પરમેશ્વરના નામથી મારૂં તમને કહેવું છે.' પાદરી પોર્ટો ઘણો વિલક્ષણ માણસ હતો તેનામાં લશ્કરી જુસ્સો અને ધર્માભિમાન હોવાથી તે દીવના ઘેરા વખતે હાથમાં ક્રૉસ લઈ સિપાઈઓને લડવાને ઉશ્કેરતો હતો

મુંબઈમાં ફ્રેન્સિસ્કન પાદરીઓ હમેશ સર્વોપરી હતા તેમણે અહીંથી વસઈ સુધીમાં અનેક દેવળો ઉભાં કર્યાં હતાં, અને ચેઉલ, સાષ્ટી તથા

થાણામા પણ પોતાની સંસ્થાઓ સ્થાપી હતી દેવળો બાંધી તેની આવક ચાલુ કરી આપવી, અને તેમાથી દેવળનો તથા વટલેલા લોકોનો ખર્ચ ચલાવવો એવી તેમની યોજના હતી ગરીબ નાના છોકરાઓ માટે તેઓએ સદાવ્રત બેસાડયા હતા, તેમાથી હજારો છોકરાઓ વટલાવવાનું કામ ચાલતુ દુષ્કાળ જેવે પ્રસંગે તેઓ નાચાર છોકરાઓ વેચાતા લેતા આ વેચાણની કિંમત વય ઉપર હતી એક વર્ષના છોકરાની કિંમત પોર્તુગલમા એક બકરા જેટલી પડતી ! આ કામ માટે ગામેગામ ફરનારા પાદરીઓના પ્રયાસથી ફક્ત થાણામાજ ત્રણ વર્ષના અરસામા ૭ હજાર છોકરાઓ એકઠા થયાના દાખલા મોજુદ છે એક વખત ગોકુળ અષ્ટમીને દીને (ઑગસ્ટ ૧૫૬૪) વસઇની ખાડીમા હિંદુ લોકો સ્નાન કરવા ગયા હતા, તેમની ઉપર જેઝુઇટ પાદરીઓએ હલ્લો કરી મારામારી કરી હતી આવા બનાવો વારવાર બનતા હોવાથી હિંદુઓને ધર્મના આચાર વિચાર પ્રમાણે ચાલવામા હરકત પડતી ખ્રિસ્તી પાદરીઓ એશઆરામ અને મોજમઝામા મશગુલ રહેતા, અને કોઈની પણ તેમને દરકાર હતી નહીં સધન પોર્તુગીઝ સ્ત્રી પુરુષો મરણ વખતે પોતાની સઘળી દોલત દેવ ળાને અર્પણ કરતા, એટલે પાદરીઓના હાથમા ઢગલાબંધ નાણું જમા થવાથી આ સિવાય બીજુ પરિણામ આવીજ શકે નહીં એ સ્વાભાવિક છે

ખ્રિસ્તી થઈ ગયલા હિંદુઓને સ્વધર્મમા પાછા દાખલ કરવા માટે તે સમયના બ્રાહ્મણોએ અનેક પ્રયત્નો કર્યા હતા પોતાના અસલ ધર્મમા આવવા માટે તેઓ એમને ઉપદેશ કરતા એટલુજ નહીં પણ ગોકુળ અષ્ટમી જેવા મોટા મેળાને દિવસે સમુદ્રસ્નાન અથવા ગંગાસ્નાન કરાવી તેમને શુદ્ધ કરતા આવા પવિત્ર દિવસોએ ગંગાસ્નાન કરવાથી સર્વ પાતકોનુ ક્ષાલન થાય છે તેવી રીતે ખ્રિસ્તી ધર્મ સ્વીકારવાથી થતું નથી એવો શાસ્ત્રાધાર તેઓ સર્વે લોકોને સમજાવતા બ્રાહ્મણોની આ યુક્તિથી પાદરીઓનો ગુસ્સો ઉશ્કેરાયો અને તેમના કામમા વિક્ષેપ પાડ- વાના હેતુથી તેઓએ થાણા, વસઈ, મુંબઈ વગેરે ઠેકાણાના દરીઆ કાંઠે ખડકો ઉપર જ્યાં ત્યાં ક્રૉસ ગોઠવી દીધા આમ થયા પછી જે જગ્યાએ

ઠેકાણે નહોતા ત્યાં બ્રાહ્મણોએ મેળા ભર્યાં. આખરે ખ્રિસ્તીઓના જુલમથી ત્રાસી જઈ તેઓએ વસઈ પાસેના રાનમાં આવેલું એક એકાંત તળાવ શોધી કહાડયું, અને ત્યાં કેટલોક વખત સુધી દેહ શુદ્ધીનું કામ ગુપ્તપણે ચલાવ્યું. આ હકીકત અન્ય લોકોના જાણમાં આવતાં પોર્તુગીઝ સિપાઈઓએ બ્રાહ્મણો ઉપર હલ્લો કરી તેમને ત્યાંથી નસાડી મુકયા. એ વેળા ખ્રીસ્તી થયલો પણ પુનઃ હિંદુ ધર્મમાં આવેલો એક વૈરાગી નિર્ભયપણે પોર્તુગીઝોની સામો થયો. એટલે તેઓ વધારે ઉશ્કેરાઈ ગયા, અને તેનો તેજ જગ્યા ઉપર વધ કર્યો, અને ગાય મારી તેનું માંસ તથા રક્ત તળાવમાં તેમજ આસપાસ નાંખી સઘળું અપવિત્ર કર્યું (આગસ્ટ ૧૫૬૮). સને ૧૫૭૮ માં જેઝુઇટ લોકોએ સાષ્ટીમાં એ આખાં ગામ વટલાવ્યાં તેમાં કુલ્લે દસ હજાર માણસોને ખ્રિસ્તી ધર્મ સ્વીકારવો પડયો. બીજે વર્ષે વાદરામાં બે હજાર કોળી લોકો વટલી ગયા. આવી રીતે દરમ્યાન કેટલા હિંદુઓએ પરધર્મ સ્વીકાર્યો તેની ગણતરી કરવી મુશ્કેલ છે, પરંતુ આવડી મોટી સંખ્યાએ સ્વધર્મ છોડયો છતાં હિંદુધર્મ આજે હસ્તીમાં છે એજ એક આશ્ચર્યની વાત છે.

પોર્તુગીઝોની સત્તા બળવાન હતી ત્યારે ડોમીનિકન, ફ્રેન્સિસ્કન, જેઝુઇટ અને સેન્ટ ઑગસ્ટાઇન એવા ચાર પંથના ધર્મગુરૂઓ ગોવામાં આવી વસ્યા હતા, અને હિંદુ મુસલમાનોને ખ્રિસ્તી ધર્મમાં વટલાવવાનો જાણે વેપાર માંડયો હતો. આવાજ કંઈ કામની ખટપટમાં કામોન્સ (Comoens) નામનો પ્રસિદ્ધ પોર્તુગીઝ કવિ સને ૧૫૫૩ માં અહીં આવ્યો હતો. ગોવામાં કેટલાક વર્ષ રહ્યા પછી તે ચીનમાં આવેલા મકાવ બંદરે ગયો, ત્યાંથી સને ૧૫૮૧ માં પાછો ગોવે આવી તે ચીનમાં જાહેર બાંધકામ ખાતાનો ઉપરી થયો હતો. આ પ્રમાણે સોળ વર્ષ પર્યંત રહી તે પાછો યુરોપમાં ગયો. એણે લખેલા ઉત્કૃષ્ટ ગ્રંથો હજી પણ જગદ્વિખ્યાત છે.

૮. **પોર્તુગીઝની ભુલનો બીજાઓને મળેલો લાભ.**—સોળમા સૈકાના પહેલા પચાસ વર્ષમાં પોર્તુગીઝો એશિયામાં વિશેષ આબાદ થયા હતા. આફ્રિકાના દક્ષિણ છેડાથી જાપાન લગીનો સઘળો કિનારો તેમના તાબામાં આવ્યો હતો. વાસ્તવિક રીતે તેમનું સ્વામિત્વ વેપાર ઉપર અને બી

રહ્યું હતું ભૂપ્રદેશ તાબામાં રાખવાની તેમની શક્તિ નહેતી, અને વેપાર ઉપર કાબુ મેળવવાની તેમનામાં યોગ્યતા નહેતી તેઓ ધર્માંધ હતા, અને તે અંગે ગમે તે સાહસ કરનાર સઘળા પરધર્મીઓને તેઓ દુશ્મન સમજતા તથા તેમનામાં ધર્મની ગમત અસહ્ય ભોળાપણું ક્રૂરપણું, ભ્રષ્ટતા વગેરે દુર્ગુણો હોય એમ કલ્પના કરતા તેમના પાદરીઓએ અનેક પ્રકારનો જુલમ આ દેશના વતનીઓ ઉપર વર્તાવ્યો હતો, માત્ર આલ્બુકર્કે જ હિંદુ લોકો સાથે કંઈક નમ્રતાથી વર્તવા થોડો ઘણો પ્રયત્ન કર્યો હતો ગામા, મેનેઝ, સિક્વેરા, મેન્ઝિસ વગેરેના ક્રૂર કૃત્યોથી સર્વ લોકો બેદિલ થઈ ગયા હતા, અને પરિણામમાં સને ૧૫૬૭ માં પોર્ટુગીઝ લોકો વિરુદ્ધ સઘળા હિંદી રાજ્યો એકત્ર થયા હતા તેમનામાં એટલું પણ શૌર્ય નહીં હોત તો તેમનો ત્યારેજ નાશ થયો હોત તેમનું વિલક્ષણ શૂરવીરપણું એજ તેમનો તારીફ કરવા યોગ્ય ગુણ માલમ પડે છે

સને ૧૫૫૮ માં પોર્ટુગાલનો રાજા ત્રીજો જૉન મરણ પામ્યો અને સબેસ્ચિઅન ગાદી ઉપર આવ્યો આ સબેસ્ચિઅને ગુમાવેલો વૈભવ પાછો મેળવવા બ્રગેન્ઝાને સંપૂર્ણ અધિકાર આપી હિંદુસ્તાન મોકલ્યો, પણ તેને હાથે કાંઈ ઘણું કામ થયું નહીં એક પ્રતિનિધિ સારૂ કામ કરતો તો તેની પછીના પાંચ જણ઼ આ તે બધનું ઉથલાવી નાખી ઘેટાળો વાળતા ચોવિગ માં નાસિરૉય આથેડે ( ઈ સ ૧૫૬૭–૧૫૭૧ ) સારો કારભાર ચલાવ્યો પણ એ પછીના પાંચ વર્ષમાં પાંચ નાલાયક અમલદારો હિંદુસ્તાનમાં આવ્યા તેઓએ ચલાવેલી અવ્યવસ્થા તથા ગેરબંદોબસ્તને લીધે રાજાને એશિયામાંના રાજ્યની સહીસલામતી માટે ધાસ્તી ઉત્પન્ન થવાથી તેણે આથેડને સને ૧૫૭૯ માં આ દેશમાં પાછો મોકલ્યો પણ એક વર્ષ પછી તે અહીંજ મરણ પામ્યો રાજા સબેસ્ચિઅને એજ વર્ષમાં દેહ છોડી ત્યારે પોર્ટુગાલનું રાજ્ય સ્પેનના રાજા બીજા ફિલિપના હાથમાં ગયું ( ઈ સ ૧૫૮૦ ) આ અગત્યના બનાવના પરિણામમાં કે ખુદ પોર્ટુગાલનું હિતાહિત જોનાર કોઈજ રહ્યું નહીં, અને સ્પેન દરેક બાબતમાં અદેખાઈ કરતું સને ૧૬૪૦ માં પોર્ટુગાલ પુનઃ સ્વતંત્ર થયું ખરૂ પણ તે વેળા પૂર્વમાં વલંદા

બધા પૈસા તેઓજ લઈ લેતા પોર્ટુગીઝ સિપાઇઓની પણ અત્યંત દુર્દશા થતી તેમના કપ્તાનને દર મહિને બાર શિલિંગ એટલે ૭ રૂપીઆ મળતાં તેમાં તેઓને ચોખા અને માસ ઉપર ગુજરાન ચલાવવું પડતું

પરંતુ એ સમયે પરાક્રમ કરવાથી બક્ષિસ પણ સારી મળતી અનેક નવીન પ્રદેશ અને બેટો ઉજ્જડ પડેલા હતા, ત્યાં મરજીમાં આવે તે જઈ લડે અને પ્રદેશ કબજે કરે પૂર્વ તરફના દ્વીપસમુહમાં પણ કંઈ આવીજ રીતનો ધંધો ચાલ્યો હતો આ તેમજ ઉપર કહેલા અન્યાય પોર્ટુગીઝ રાજા અટકાવી નહીં શક્યો તેનું એક ખાસ કારણ છે પોતાને પોષણ કરવું પડે એવા આળસુ પુરૂષો માટે હિંદુસ્તાનનો ઉત્કૃષ્ટ દેશ પોર્ટુગીઝ સરકારને મળ્યો હતો પોર્ટુગલમાં ખેતીનું કામ ગુલામો પાસે કરાવવામાં આવતું તેથી અસંખ્ય ગરીબ લોકો અન્ન વગર ટળવળતા, એ સઘળાને હિંદુસ્તાન મોકલી દેવા એટલોજ માર્ગ દેશની દારિદ્રતા ઓછી કરવાનો હતો અહીં આવ્યા પછી જો તેઓ મરણને આધિન થાય તો દુઃખમાંથી છુટતા, અગર નસીબને જોરે તેઓ શ્રીમંત થતા તો ઠીકજ હતું હિંદુસ્તાન જઈ દેશી સ્ત્રીઓ સાથે લગ્ન કરતા તેઓને રાજ્યમાં નોકરી મળતી, પણ એવી નોકરીઓ કેટલાને મળે ? એમ છતાં જરૂર હોય તે કરતા ઘણી વધારે જગ્યાઓ પોર્ટુગીઝોને માટે હતી હિંદુસ્તાન ઉપર ઉતરી પડેલા આવા લોકોના કર્તવ્યને લીધે ખ્રિસ્તી ( ફીરંગી ) એ શબ્દ તે વેળા કેટલો ભય ઉપજાવતો તે કહેવાની જરૂર નથી હાથ આવે તે તેઓ લઇને નાસી જતા, અને જોઇએ તેટલો અનાચાર અને ક્રુરપણું કરતા સને ૧૫૫૦ ના સુમારમાં આ અનાચાર પરાકાષ્ટાએ પહોંચવાથી ' ગમે તેમ કરી અમને આ દુઃખમાંથી છોડવો નહીં તો આગળ જતા અમારી બચવાની આશા નથી ' એવી વિનંતી લોકો તરફથી પોર્ટુગલના રાજાને કરવામાં આવી હતી

આજવરમાં હિંદુસ્તાનમાં યુરોપિયનોએ જે રાજ્ય સ્થાપ્યાં તેમાં પોર્ટુગીઝ રાજ્ય પહેલું હતું આટલા દૂર દેશના લોકોએ અત્રે આવી રાજ્ય સ્થાપ્યું એ બનાવ પહેલા તો આશ્ચર્યકારક લાગે છે, પણ ઐતિહાસિક દ્રષ્ટિએ જોતા આશ્ચર્યને કારણ રહેતું નથી આવી હકીકતમાં રાજ્ય સ્થા

પન કરવું એ એક પ્રકારનો પ્રયોગ છે પોર્ટુગીઝોને યોગ્ય જણાયું તેવી રીતે પોતાની શક્તિ અનુસાર રાજ્ય સ્થાપવા તેમણે પ્રયત્ન કર્યો તેમા કેટલેક પ્રસંગે તેમની ભૂલો થઈ અને કેટલીકવાર તેઓને યશ મળ્યો એમની પછી આવેલા અંગ્રેજોએ જ્યારે પોતાનું રાજ્ય સ્થાપવા માડ્યું ત્યારે પોર્ટુગીઝોનો અનુભવ તેમને ઘણો ઉપયોગમા આવ્યો પોર્ટુગીઝોની જે રીતી તેમને અયોગ્ય જણાઈ તે તેમણે વર્જ્ય કરી અને જે ઉપયુક્ત લાગી તે સ્વીકારી આ બે રાજ્યોના વચ્ચેનો અંતર સમજવા માટે પોર્ટુગીઝ રાજ્યની સ્થાપના સાથે તુલના કરવાથી ઐતિહાસિક વિવેચનને પુષ્કળ મદદ મળશે પોર્ટુગીઝોના રાજ્યમા ધર્મનું પ્રાબલ્ય વિશેષ હોવાથીજ તેમનું રાજ્ય નાશ પામ્યું એટલે અંગ્રેજોએ તે બાબત છેડી નહીં તેવીજ રીતે યુરોપિયન પુરૂષ અને દેશી સ્ત્રી વચ્ચે લગ્ન કરાવી આપી એક વટલેલ પ્રજા ઉત્પન્ન કરવાથી તેમજ એવી રીતે પરણનાર પુરૂષને નોકરી આપવાથી પોર્ટુગીઝોને કંઇ પણ ફાયદો નહીં થતા ઉલટું નુકસાન થયલું હોવાથી અંગ્રેજોએ તે પણ સ્વીકારી નહીં પૂર્વનો વેપાર કંપનીને આપવાથી ઇંગ્લંડની રાજ્ય પદ્ધતિનું કંઈ પણ વિશિષ્ટ પરિણામ પોર્ટુગીઝોની માફક અંગ્રેજોને નડ્યું નહીં તેમજ ખાનગી વેપાર પણ તેઓએ એકદમ અટકાવ્યો વળી ઉપર વર્ણવેલો પોર્ટુગીઝોનો એશઆરામ અંગ્રેજોએ ચાલવા દીધો નહીં પોતાનું કામ કરવા ગુલામો મળેલા હોવાથી પોર્ટુગીઝો આનંદ માનતા પણ આખરે તેઓ પોતે કંઈ પણ કામ કરવાને અશક્ત અને નાલાયક થયા આ સઘળું અંગ્રેજોને અયોગ્ય લાગવાથી તે તેમણે સ્વીકાર્યું નહીં, અને એમાંજ પોતાનું ડહાપણ બતાવ્યું એમ કોણ નહીં કહેશે ?

# પ્રકરણ ૭ મું.

## વલંદા લોકોની હકીકત.


૧. વલંદા લોકોનો પૂર્વક્રમ.

૨. પૂર્વના દ્વીપસમુહ ઉપર વલંદાઓનો અમલ.

૨. વલંદા લોકોનો અંગ્રેજો સાથે ઝગડો.

૪. ટંટાનું ભયંકર પરિણામ—એમ્બોય-નામાં અંગ્રેજોની કતલ.

૫. વેર લેવા તરફ બેદરકારી.

૬. વલંદા લોકોના જુલમની પરાકાષ્ઠા.

૭. વલંદાની પડતીનાં કારણો.

૮. વલંદા નોકરોના પગાર.


**૧. વલંદા લોકોનો પૂર્વક્રમ.**—યુરોપમાં વાયવ્ય દિશાએ સમુદ્ર કાંઠે આવેલા નેધરલેન્ડ દેશના લોકો ડચ અથવા વલંદા કહેવાય છે. આ દેશ લાંબા કાળ સુધી સ્પેનના તાબામાં હતો, પણ એ ઝુંસરી મહાન પરાક્રમ પછી તોડી નાંખી વલંદાઓ સ્વતંત્ર થયા. એઓ વહાણવટાના કામમાં ઘણા નિપુણ હતા. વાસ્તવિકરીતે પૂર્વ તરફના સમુદ્રમાં તેમનો પ્રવેશ અંગ્રેજોની પછી થયો હતો તોપણ તેઓ વેપારના કામમાં તેમની આગળ બહાર પડ્યા હતા. વેનિસ અને જીનોઆનો વેપાર બંધ પડ્યો, અને લિસ્બન શહેર આબાદ થયું, ત્યારે હિંદુસ્તાનથી લિસ્બન આવતો માલ વલંદાઓ પોતાનાં જહાજ મારફત યુરોપખંડના ઉત્તર ભાગને પુરો પાડતા. સને ૧૫૮૦ માં નેધરલેન્ડ દેશ સ્પેનથી સ્વતંત્ર થયો, અને પોર્ટુગલ સ્પેનના રાજ્યમાં જોડાયું, ત્યારે વલંદાઓ ઉપર વેર લેવા માટે સ્પેનના રાજા બીજા ફિલિપે તેમને લિસ્બન આવતા બંધ કર્યા. પરંતુ આ બંધીને લીધે તેમનું તેજ વધારેને વધારેજ પ્રકાશવા લાગ્યું.

સને ૧૫૮૮ માં ઇંગ્લંડ ઉપર કરેલી સ્વારીને પરિણામે સ્પેનિશ કાફલાનો પરાજય થયાની તક જોઈ, વલંદા વેપારીઓ સમુદ્ર માર્ગે હિંદુસ્તાન આવવાનો બીજો રસ્તો શોધી કહાડવામાં ગુંથાયા અને ૧૪૯૩ માં નીકળેલાં પોપનાં ફરમાન અન્વય પોર્ટુગલ દેશને જે હક મળ્યા હતા તેને બાધ ન આવે તેટલા માટે યુરોપની ઉત્તર તરફથી હિંદુસ્તાન આવવાના માર્ગની

તેઓએ તપાસ કરવા માટી સ ૧૫૯૪,૯૫ અને ૯૬મા વિલિઅમ બૅરંટ ( William Barent ) આવા માર્ગની તપાસમા ત્રણ પ્રયત્ન કર્યા, પણ તે સઘળા નિષ્ફલ ગયા, અને તેમાજ બૅરેંટ મરણ પામ્યો લિન્સ કૉટન નામનો એક ડચ વેપારી સત્તર વર્ષની વયે લીસ્બન ગયો હતો, ત્યા સુમારે બે ત્રણ વર્ષ રહી તે ગોવે આવ્યો અહીં તે તેર વર્ષ રહ્યો તે દરમિયાન તેણે વેપાર સબંધી પુષ્કળ માહિતી એકઠી કરી, અને સને ૧૫૮૩મા યુરોપ પાછા આવી ચાર વર્ષ રહી આ માહિતી પુસ્તકદ્વારા પ્રસિદ્ધ કરી આ પુસ્તક વેપારી તથા વહાણવટીઓને એટલું બધુ ઉપયોગી થઈ પડયુ કે તેના ભાષાતરો તરતજ સઘળી યુરોપિયન ભાષામાં થયા તેની સલાહથી આમસ્ટર્ડામના વેપારીઓએ સભા ભરી હિંદુસ્તાન તરફ એક કાફલો રવાના કરવાનો ઠરાવ કર્યા તે પ્રમાણે કૉર્નેલિઅસ હૌટમનની સરદારી હેઠળ સને ૧૫૯૫ મા ચાર વહાણો આફ્રિકાને રસ્તે આ દેશમા આવ્યા અહીં વર્ષ યુરોપ પાછી ફરેલી આ સફરથી વેપારમા કંઈ ફાયદો થયો નહીં, તોપણ એ બાબત આગળ કેમ ચાલવું તે નક્કી થયુ

આ પ્રમાણે અત્યાર સુધી જે વેપાર પોર્ટુગીઝોના એકલાના હાથમા હતો તેમા વલંદાઓ ભાગીઆ થયા વેનિશિઅન, ફ્રેન્ચ, ઈંગ્લિશ, તુર્ક વગેરે રાષ્ટ્રો પોતાના વેપારના માર્ગો અત્યંત ગુપ્ત રાખતા, અને તેમા બીજા કોઈને દાખલ થવા દેતા નહીં એ ધોરણ ઉપર નીકળેલા પોપના ફરમાન અન્વયે પૃથ્વી ઉપરનો સઘળો મુલક સ્પેન અને પોર્ટુગલ વચ્ચે વહેચી આપવામા આવ્યો હતો પરંતુ સોળમા સૈકાની આખરે આ ગુપ્તપણું ટકવ અશક્ય હતુ પોર્ટુગલના રાજપુત્ર હેનરીની શોધો લોકોની જાણમા આવી હતી વલંદા લોકોએ શોધી કહાડેલી છાપવાની કળાની મદદથી ઉત્તમ પ્રકારના ભૂગોળના પુસ્તકો તથા નકશા પ્રસિદ્ધ થતા હતા એ દ્વારા મળેલી માહિતીને આધારે ઈંગ્લંડ તથા હોલૅન્ડમા પૂર્વ તરફ વેપાર ચલાવવાના હેતુથી મોટી મોટી કંપનીઓ સ્થાપન થવા માંડી હતી ગુપ્તપણાનુ તત્વ નાશ થયા પછી જે પ્રદેશમા જે કોઈ પ્રથમ આવે તે પ્રદેશ તેની માલકીનો સમજવો, એ સિદ્ધાંતનો એશિયાના વેપારની બાબતમા કેટ-

લોક વખત લગી ઉપયોગ થયો. એ તત્વને પોપના હુકમની પુષ્ટિ મળી; તોપણ એ સઘળું કાયમ રહેવું મુશ્કેલ હતું. વખત જતાં જેણે નવો પ્રદેશ શોધી ન્હાડ્યો હોય અને તે પોતાના બળથી તાબામાં લીધો હોય તેજ તે પોતાનો સમજવો એવો નિશ્ચય ઉત્પન્ન થયો. ટુંકામાં 'બળીઆના બે ભાગ' એ ન્યાય અમલમાં આવતાં અનુસાર અંગ્રેજ તથા વલંદાઓએ શરૂઆતમાં પોતાનો પ્રયત્ન ચલાવ્યો.

પોર્ટુગીઝ લોકોના મોટા વર્ગના વેપારમાં લિસ્બન શહેર ઘણુંજ આબાદ થયું. હિંદુસ્તાનમાંથી લિસ્બન આણેલો માલ બીજા દેશોમાં લઈ જઈ તે વેચવામાં પોર્ટુગીઝ વેપારીઓને વલંદાની મદદ લેવી પડતી. ડચ વહાણો લિસ્બનથી સર્વ પ્રકારનો માલ ભરી યુરોપના ઉત્તર ભાગમાં પહોંચાડતાં, એટલે એશિઆ અને યુરોપ વચ્ચે માલ આપ લે કરવાનું કામ ઉપાડી લેવામાં તે શહેર ઘણુંજ આબાદ થયું. હોલેન્ડથી માલ લંડન જતો. એ સમયે હોલેન્ડમાં વેપારની એટલી ધમાલ પડતી કે શેલ્ટ નદીમાં દરરોજ પાંચસો વહાણો આવ જા કરતાં.

હાઉટમનના યુરોપ પાછા ફર્યા પછી સને ૧૫૯૮ માં પાંચ ડચ વહાણો પૂર્વ તરફ આવ્યાં. તેમની મારફત એશિયામાંથી આવેલા માલનું ઉત્પન્ન જોઈ સઘળા દેશો ઉન્મત્ત થઈ ગયા. હાઉટમન ફરીથી એકવાર પૂર્વ તરફ આવ્યો પણ ત્યાં તેનું ખુન થયું. સને ૧૬૦૧ સુધીમાં વલંદા લોકોએ એકંદર ૫૬૭ સફર કરી અને ઘણીએક વેપારી કંપનીઓ સ્થાપી. આ સઘળી કંપનીઓને એકઠી કરી ડચ પાર્લામેન્ટે 'ડચ ઈસ્ટ ઇન્ડીઆ કંપની' એ નામની એક મોટી સંસ્થા સ્થાપી. સને ૧૬૦૨. ડચ સરકારનું આ કામ ઘણું ડહાપણ ભરેલું હતું, કારણ જો આ સઘળી કંપનીઓ જુદી જુદી રહી હોત તો તેઓ મોટાં રાજ્યો સામે ટક્કર ઝીલી શકતે નહીં. આ એકત્ર કંપનીને હિંદુસ્તાનના વેપારનો સંપૂર્ણ ઈજારો એકવીસ વર્ષ માટે આપવામાં આવ્યો, અને એ વેપાર માટે જુદી કંપની કહાડવા સામે ડચ સરકારનો પ્રતિબંધ થયો. મુખ્ય કંપની ઉપર ડચ પાર્લામેન્ટની નજર સખત હતી અને તેના તરફથી કંપનીનો નિયામક

તથા તેના અમલદારોએ કહાડેલા હુકમો તપાસવામા આવતા કંપનીના આગેવાનોએ તરફથી ૫૮ લાખ રૂપિયાનો ભંડોળ એકઠો કર્યો વેપારને નામે યુદ્ધ કરી સ્પેનને ઉતારી પાડી નુકસાન કરવાનો ડચ સરકારનો વિચાર હોવાથી તેણે આ કંપનીને પોતાને નામે યુદ્ધ કિંવા તહ કરવાનો અધિકાર આપ્યો હોલેન્ડ જ્યારે સ્પેનના તાબામા હતુ ત્યારે સ્પેનિશ સરકારે લાખો વલંદાઓના પ્રાણ લીધા હતા તે વલંદાઓ ભૂલી ગયા નહોતા, અને તેનુ વેર આ કંપની મારફત લેવાનો તેમણે મનસુબો કર્યો હતો સને ૧૬૦૨ મા ડચ કંપનીએ બૅંટમ નજીક પોર્તુગીઝોનો પરાજય કરી મસાલાના બેટ તરફ જવાનો માર્ગ ખુલ્લો કર્યો સને ૧૬૦૩ મા તેઓએ ગોવા ઉપર ચડાઈ કરી અને ૧૬૦૬ મા ટેગસ નદીમાથી લિસ્બન ઉપર મારો ચલાવ્યો, અને તેજ વર્ષમા જીબ્રાલ્ટરના અખાતમા સ્પેનિશ આરમારનો સઘળો નાશ કર્યો વળી પૂર્વમા પોર્તુગીઝોનો મલાક્કા બેટ તેઓએ લીધો, અને જાપાન પર્યંત પોતાની સત્તા બેસાડી એશિયાના વેપારમા વલંદાઓનો મુખ્ય આધાર મસાલામા થતા નફા ઉપર હતો તેથી એ વેપાર અન્ય પ્રજાને કરવા દેવો નહીં તેમજ મલાક્કા, એમ્બોયના, બાંડા વગેરે મસાલાના બેટમા બીજા કોઈને પ્રવેશ કરવા દેવો નહીં એવી ડચ સરકારે પોતાના અધિકારીઓને સખ્ત તાકીદ કરી હતી

**૨. પૂર્વના દ્વીપ સમુહ ઉપર વલંદાઓનો અમલ.**—સિલોન અને મલાક્કા જેવા દૂરના બે નાકા વલંદાઓએ કબજે કર્યા પછી તેમણે એ વિશાળ અંતર દરમિયાન બીજા મુખ્ય થાણાઓ ઉભા કર્યા સને ૧૬૧૯ ના અરસામા તેમણે જાવા લીધુ, અને ત્યાના મુખ્ય બંદર બટેવિઆમા રાજધાની સને ૧૬૪૧ મા મલાક્કાની સામુદ્રધુની તથા દ્વીપકલ્પ કબજે કર્યા, સને ૧૬૩૮ થી ૧૬૫૮ સુધી પોર્તુગીઝો સાથે લડાઈ કરી તેઓએ સિલોન સર લીધો અને સને ૧૬૫૨ મા કેપ ઑફ ગુડ હોપમા તેઓએ પોતાનુ વસાહત ઉભુ કર્યું દરમ્યાન સને ૧૬૪૦ મા પોર્તુગાલ સ્પેનથી સ્વતંત્ર થયુ ત્યારે તે દેશની પૂર્વ તરફની સર્વ સત્તા વલંદા લોકોએ પોતાના સ્વાધીનમા લઈ

લીધી હતી. સને ૧૬૪૧ માં વલંદા તથા પોર્ટુગીઝ રાજ્યો વચ્ચે સલાહ થતાં વલંદાઓએ જીતેલો સઘળો મુલક તેમની પાસે રહે અને પૂર્વ તરફના દરિયામાં બેઉ પ્રજાનો સંચાર અપ્રતિહત ચાલે એવું ઠર્યું.

આ કામમાં વલંદાઓનો ઉદ્દેશ પોર્ટુગીઝ લોકોના ઉદ્દેશ કરતાં કંઇક જુદાજ પ્રકારનો હતો. આરબોનો વેપાર ડુબાવવો, ખ્રિસ્તી ધર્મની વૃદ્ધિ કરવી અને નવા પ્રદેશો જીતી પોર્ટુગીઝ રાજ્યનો વિસ્તાર લંબાવવો એ પોર્ટુગીઝ લોકોનો આશય વલંદા લોકોએ સ્વીકાર્યો નહીં; તેઓની દૃષ્ટિ માત્ર વેપાર પોતાના હાથમાં લઇ દ્રવ્ય પ્રાપ્ત કરવા તરફજ ચોંટી રહી હતી. વેપારની જણસો પોતાના હાથમાં રહે, અને અન્ય યુરોપિયન પ્રજાને તે મળે નહીં એટલા પુરતોજ તેઓ કોઈ પણ પ્રદેશ ઉપર પોતાનો અમલ સ્થાપતા, અને તેની રાજકીય વ્યવસ્થામાં હાથ ઘાલતા નહીં. તેઓએ ઉપાડેલી સઘળી ધમધુમનો મુખ્ય હેતુ એટલોજ હતો કે પૂર્વમાં આવેલા દ્વીપસમુહને હોલેન્ડના ઉપરીપણાં હેઠળ મુકવો, અને તેમના સિવાય કોઈ પણ યુરોપિયન વેપારીઓને અને વિશેષ કરીને અંગ્રેજોને પોતાની હદમાં આવવા દેવા નહીં. જેમ જેમ આ દ્વીપસમુહ ઉપર તેમની સત્તા દૃઢ થતી ગઈ તેમ તેમ તેમનો વેપાર વધતો ગયો. પોતાના લાભ સાચવવા માટે તેઓએ કરેલી ગોઠવણ મુજબ દેશી વેપારીઓને માલની ખરીદી તથા વેચાણ ઠરાવી આપેલી જગ્યાએજ કરવાની, તેમ કોઈ બીજા પ્રદેશનો માલ લાવ લઈ ન કરવાની નહીં એવી તાકીદ કરી, અને પોતાના વેપારને નુકસાન પહોચે તેવાં મસાલાનાં ઝાડો રોપવાની મનાઈ કરી. આ મસાલાનો દ્વીપસમુહ ઘણો મોટો છે, એમા ઉત્તર તરફ બોર્નિઓ અને પશ્ચિમે સુમાત્રા, જાવા, ફ્લોરિસ, તિમોર વગેરે બેટોની હાર આવેલી છે. બોર્નિઓની પૂર્વે સેલિબીઝનો ટાપુ છે, અને તેની પેલામેર મલાક્કા એટલે મસાલાના ટાપુઓ ટર્નેટ, ટાયડોર, બાંડા, એમ્બોયના, પુલવે, પુલારૂન, રોઝંજીન ઇત્યાદી અનેક બેટો છે. એની પણ પૂર્વે આવેલા ન્યુગિની નામના મોટા ટાપુની અગાડી ફિલિપાઈન બેટોની હાર ઉત્તર દક્ષિણ આવેલી છે. સુમાત્રાના વાયવ્ય ખુણા ઉપર મલાક્કાની સામુદ્રધુનીના નાકા ઉપર આવેલા

એચીન ( Achin ) બંદરના રાજાને પોર્ટુગીઝો સાથે ઘણા લાંબા વખત સુધી વાંધો પડયો હતો અને ૧૬૦૦ મા તેણે વલંદા લોકની મદદ લીધી ત્યાર પછી સુમાત્રા બેટમાના સઘળા નાના મોટા રાજ્યો વલંદાઓએ ધીમે ધીમે હસ્તગત કરી લીધા આ દ્વીપકલ્પના પશ્ચિમ કિનારા ઉપર પોર્ટુગીઝ લોકોનુ મલાક્કા નામનુ બંદર હતુ અને તેની દક્ષિણે પૂર્વ કિનારા ઉપર જોહોર નામનુ શહેર એક સ્વતંત્ર રાજાના કબજામા હતુ અને ૧૬૦૬ મા વલંદાઓએ જોહોરના રાજા સાથે દોસ્તી કરી મલાક્કા હાથ કરવાનો મનસુબો કર્યો પણ ઘણા લાંબા કાળ પછી એટલે કે સને ૧૬૪૧ મા તેમનો હેતુ સફળ થયો અને તે બંદર તેમના સ્વાધીનમા આવ્યુ મલાક્કાની સામુદ્રધુનીના જેવી સુમાત્રા અને જાવાની વચમા સુંડા નામની એક બીજી અગત્યની સામુદ્રધુની આવેલી છે જાવાના ઈશાન કિનારા ઉપરના બેન્ટામના એક નાના રાજા સાથે સને ૧૬૦૮ મા વલંદાઓએ મિત્રાચારી કરી ધીમે ધીમે જાવા બેટ ઉપર પગ પેસારો કર્યો બેન્ટામની પૂર્વ એક ખાડીના કાંઠા ઉપર આવેલુ જકાર્તા નામનુ નાનુ બંદર બેન્ટામ કરતા વેપાર માટે વધારે સગવડ ભરેલુ છે એવુ જોઈ વલંદાઓએ જુનુ શહેર તોડી નાખી તેજ ઠેકાણે બટેવિઆ નામનુ નવુ શહેર વસાવ્યુ ( સને ૧૬૧૯ ) આ પ્રમાણે પૂર્વ તરફના દ્વીપસમુહમા દખલ થવાનો લાગ એમના તાબામા આવ્યા પછી તેમણે અંદરના ભાગમા આવેલા બેટો ઉપર પોતની કોઠીઓ ઉભી કરી ત્યાના લોકો પોર્ટુગીઝ અમલથી ત્રાસી ગયેલા હોવાથી તેઓ ઘણી ખુશીથી તેમની સાથે જોડાઈ ગયા આ પ્રમાણે પોર્ટુગીઝ લોકો સામે પોતાનુ રક્ષણ કરવા માટે દેશી અધિકારીઓએ વલંદાઓનો આશ્રય લેવો એ ડચ સત્તાનુ પહેલુ પગથીઉ હતુ ટર્નેટના સુલતાન સાથે તહનામુ કર્યા પછી જુનો કિલ્લો તોડી નાખી નવો બાંધવાનુ કામ તેમણે આરંભ્યુ એ બાદ એમ્બોયનાના ટાપુમા મરજીમા આવે તે ભાવે લવીંગ વેચાતા લઈ શકાય તેના માટે તેમણે ટર્નેટ બેટમાના સઘળા લવીંગના ઝાડો ઉખેડી નખાવ્યા તેમના કૃત્યોથી કંટાળી જઈ આખરે સને ૧૬૪૯ મા ટર્નેટના સુલતાને ડચ ગવર્નરને

પોતાનો મુખ્ય પ્રતિનિધિ નીમ્યો

એમ્બોયનાનો ઇતિહાસ પણ એવોજ છે સને ૧૬૦૦ મા ત્યાના રાજા તથા વલંદા વેપારીઓ વચ્ચે સ્નેહભાવના કોલ કરારો થયા પાચ વર્ષ રહીને વલંદાઓને કિલ્લો બાધવાની પરવાનગી મળતા ત્યા હોલેન્ડનુ સાર્વભૌમત્વ કાયમ થયુ વળી તેમના સિવાય બીજા કોઇને લવેગ નહીં વેચવાની કબુલાત રાજા પાસે વલંદાઓએ કરાવી લીધી આમ કરતા કરતા સને ૧૬૧૮ મા એ લોકોએ એમ્બોયના ઉપર પોતાની સત્તા કાયમ કરી ત્યાનો સઘળો વેપાર પોતાના તાબામા લીધો, અને ત્યા પ્રોટેસ્ટંટ ધર્મ સ્થાપવાની, તથા પોતાના કામ માટે મજુરો વેઠે પકડવાની પરવાનગી કોલકરારની રૂએ મેળવી

શરૂઆતમા વલંદા લોકોનો અમલ ઘણોજ સુખી નીવડયો હતો એમની મદદથી પોર્ટુગીઝોએ વર્તાવેલો કેર આપણે દૂર કર્યો છે એવુ કેટલોક વખત લગી ત્યાંના લોકોને લાગ્યુ પરંતુ આ શાતિ ઘણો કાળ ટકી રહી નહી વખતના વહેવા સાથ ત્યાના લોકોને જોરજુલમથી પકડી કેદ કરવાનો, અને મજબૂત બાધાના લોકો ઉપર જુલમ કરી તેમને ગુલામ બનાવવાનો ધંધો વલંદાઓએ ચલાવવા માડયો, તથા પોતાના અધિકારીઓને હિંદુસ્તાનની સાથે અથવા એશિયાના બીજા દેશો સાથે કોઈ પણ પ્રકારનો વેપાર ધંધો કરતા અટકાવ્યા શરૂઆતમા જોકે તેમની માગણી વેપાર પુરતીજ હતી પણ પાછળથી અંગ્રેજો સાથે તેમનો ઝગડો શરૂ થતા તેઓએ પોતાનો ક્રમ બદલ્યો હતો

**૩. વલંદા લોકોનો અંગ્રેજો સાથે ઝગડો.**—મસાલાના ટાપુ ઉપર વલંદાઓનો કાબુ દૃઢ થતા લાગ્યો તે સમયે અંગ્રેજો તે તરફ વધતા હોવાથી આ ટાપુઓમા તેમને દાખલ થતા અટકાવવા વલંદાઓ તરફથી એવા કારણો આપવામા આવતા કે 'અમે આ દ્વીપસમુહમા પ્રથમ પ્રવેશ કર્યો અને દેશી લોકોને મદદ કરી તહનામાની રૂએ તેમના મુલકની વ્યવસ્થા કરવાની ગોઠવણ કરી માટે અન્ય પ્રજાને તેમા દાખલ કરવાનો તેમને હક નહોતો' આ તકરાર વિરુદ્ધ અંગ્રેજોનુ કહેવુ એવુ હતું કે 'આ

ટાપુઓ સને ૧૫૭૯ માં પ્રથમ અંગ્રેજ વહાણવટી ડ્રેકે શોધી કહાડયા હતા, એટલે આમતેમ બે ચાર કિલ્લા બાંધવાથી આખો પ્રદેશ વલંદાઓના તાબામાં સંપૂર્ણપણે આવી ગયો એમ ઠરતું નથી, અને તેથી એ મુલક ઉપર બન્ને પ્રજાનો હક સરખો રહેવો જોઇએ. ખરૂં જોતાં આમાંનો પહેલો સબબ નિરૂપયોગી છે. અમુક પ્રદેશમાં કોઇએ પ્રથમ પ્રવેશ કર્યો માટે તે તેની માલકીનો થયો એવી તકરાર અંગ્રેજોએ કદીપણ કબુલ કરી નહોતી, અને તે વિરૂદ્ધ પોતે સ્વીકારેલી નીતિની પુષ્ટિમાં પોર્ટુગીઝ તથા બીજા લોકો સાથે તેઓ લડતા હતા. પણ પ્રસંગાનુસાર પોતાને ઉપયોગી નીવડે તેવી તકરાર અંગ્રેજો તરફથી આગળ લાવવામાં આવતી. ઉપરનાં બન્ને વિરૂદ્ધ તત્વોનો ઉપયોગ તેમણે અનેક વેળા કર્યો હતો, અને તેને આધારે સરકારી કાગળપત્રોમાં ઇસ્ટ ઇન્ડીઆ કંપનીએ પણ પોતાના હક આગળ ધર્યા હતા. આ અનિશ્ચિતપણું અંગ્રેજો અને વલંદાઓની વચ્ચેના વેરનું મૂળ કારણ હતું. યુરોપમાં ઇંગ્લંડ અને હોલેન્ડ વચ્ચે મિત્રાચારી હતી કેમકે બન્ને પ્રૉટેસ્ટંટ ધર્મના અનુયાયી હતા. ઈ. સ. ૧૬૦૨ માં આ બન્ને દેશના એકત્ર આરમારે પોર્ટુગીઝ લોકોનો પરાભવ કર્યો હતો. આ સઘળું ખરૂં હતું, છતાં પણ પૂર્વ તરફનાં દ્વીપસમુહમાં અંગ્રેજો દાખલ થવાથી વલંદાઓનો વેપાર ટકવાનો નહોતો. અગ્રેજો થોડો થોડો ભંડોળ એકઠો કરી સફરે નીકળતા, અને બંદરે બંદર ફરી ચડસાચડસીમાં મરજીમાં આવે તેટલી કિંમત આપી માલ ખરીદતા. આવી વર્તણુક ઉપરથી વલંદાઓ દેશીઓને એવું ભંભેરતા કે આ અંગ્રેજો કેવળ લૂંટારા છે, એ કંઇ વેપારના ઉદ્દેશથી આ તરફ આવ્યા નથી માટે તેમને માલ વેચવો નહીં. પણ આથી દેશીઓ લાંબો વખત ફસાયા નહીં. અંગ્રેજ લોકો નિયમિત વખતે આવી યોગ્ય કિંમતે માલ ખરીદતા એ દેશીઓની જાણમાં હતું. પાછળથી દેશી વેપારીઓને વલંદાઓએ લાંચ આપી તોપણ અંગ્રેજોનો વેપાર અટકયો નહીં. સને ૧૬૦૩ માં ઇલિઝાબેથ રાણી મરણ પામતાં જેમ્સ રાજાએ ગાદી ઉપર આવી સ્પેન સાથે સલાહ કરી, અને પરિણામમાં વલંદા અને અંગ્રેજો વચ્ચેનો પ્રેમભાવ ઘટી ગયો, ધર્મનાં બંધન

હીના પગલા અને વેપાર તથા તેમાથી મેળવવાનો નફો એ સિવાય બીજુ કંઈ તેમની નજરે પડ્યુ નહીં

શરૂઆતમા અંગ્રેજ કંપની ઘણી ગરીબ સ્થિતિમા હતી ઘણી ઈસ્ટ ઈન્ડિઝ પછીના લોકો જેમની પદ્ધતિ અનિશ્ચિત હતી અને વલંદાઓ હમણાજ સ્વતંત્ર થયેલા હોવાથી તેમની સામે પડી તેમનો વેપાર નિર્મૂળ કરવા મથતા હતા અંગ્રેજ કંપની થોડી થોડી થાપણ એકઠી કરી સફરે ઉતરી પડતી, પણ વલંદાઓએ સને ૧૬૦૨ મા એક મહાન રાષ્ટ્રીય કંપની સ્થાપી તેમના દાખલાનુ અનુકરણ કરતા અંગ્રેજોને બીજા દસ વર્ષ લાગ્યા દ્વીપસમૂહના દેશી રાજાઓની નજરમાં વલંદાઓની વિરુદ્ધ તેઓ પડવા લાગ્યા સુમાત્રાના રાજાને એક અંગ્રેજ સ્ત્રી લાવી આપવાનુ અંગ્રેજોએ વચન આપ્યા પ્રમાણે એક છોકરી પસંદ કરવામા આવી પણ ત્યાર આગળ શુ થયુ તેની હકીકત જણાઈ નથી યુરોપિયન રાજ્ય પ્રકરણમા પણ ઈંગ્લંડ તથા હોલેન્ડ વચ્ચે ભિન્ન ભાવ ઉત્પન્ન થયો હતો ભવિષ્ય ભાખી વલંદા સરકારે પીટર બોથ ( Pieter Both ) નામના એક લાયક ગૃહસ્થને ગવર્નર જનરલ તરીકે આ તરફ મોકલ્યો તે આઠ વહાણો લઈ સને ૧૬૧૧ મા બૅટમ આવ્યો ચાર વર્ષમા તેણે દ્વીપસમૂહના સઘળા અગત્યને મથકોને જાળમા ગુંથી લીધા, અને ત્યાંથી મનીલા સુધીના વલંદા લોકોના વેપાર તથા સત્તા આગળ ઉભી થતી અડચણો દૂર કરી પૂર્વના દરીઆમા વલંદાઓની સત્તા સ્થાપનાર આ પહેલોજ પુરુષ હતો સને ૧૬૧૫ મા તે યુરોપ પાછો જતો હતો તે વેળા મોરિશિઅસ બેટ નજદીક તોફાનમા સપડાઈ જઈ મરણ પામ્યો પોર્ટુગીઝ લોકને મલબાર કીનારા ઉપર વેપાર ચલાવવા જે ત્રાસ ખમવો પડ્યો હતો તેવો વલંદાઓને પૂર્વ દ્વિપસમુદ્રમા ભોગવવો પડ્યો નહીં તેનુ કારણ એ હતુ કે ત્યાના રાજાઓ ઘણા નાના તથા એક બીજાથી અલગ હતા, તેમજ અંગ્રેજોએ તે તરફ પગ પેસારો કરવા દૃઢ પ્રયત્ન કર્યા હતો નહીં અને ૧૬૧૦ લગીમા અંગ્રેજોએ એકંદરે સત્તર વહાણો આ તરફ મોકલ્યા હતાં પણ તે પૈકી ઓછી વેળા ઘણાજ થોડા ગયા હતા એથી ઉલટુ વલંદા લોકોના

સને ૧૬૦૨ સુધીમાં ૬૫ વહાણો ગયાં હતાં, અને ફક્ત સને ૧૬૦૨ થી ૧૬૧૦ સુધીમાં આવેલાં વહાણોની સંખ્યા ૬૯ ઉપર ગઈ હતી. વળી અંગ્રેજ વહાણોમાં હથીઆરની તથા લડવૈયાની સંખ્યા ઘણી કમી હતી. વળી અંગ્રેજો કરતાં વલંદાઓમાં દાબ, વ્યવસ્થા અને નીતિ સારાં હતાં. અંગ્રેજ કંપનીએ હોલેન્ડમાં લોકો આગળ પોતાની ફરીઆદો રજુ કરી પણ તેનું કંઈ સારૂં પરિણામ આવ્યું નહીં, ત્યારે જેમ્સ રાજાએ એ ફરીઆદો નિર્મૂળ કરવા પ્રયત્ન કર્યાં. આથી બે જુદાજ પ્રકારની સ્થિતિ ઉપસ્થિત થઈ. યુરોપમાં ઈંગ્લંડ અને હોલેન્ડ વચ્ચે સલાહ રહેતી, પણ પૂર્વમાં બેઉની પ્રજા વચ્ચે લડાઈ ચાલતી. બેઉ દેશની સરકાર અત્યંત મહેનત કરી પોતપોતાની પ્રજા વચ્ચે એખલાસ કરાવવા મથતી, પણ તે સઘળું કાગળ ઉપરજ રહેતું, કેમકે સ્પેન તરફનો જેમ્સ રાજાનો સ્નેહભાવ હોલેન્ડને પસંદ પડતો નહીં. વળી સ્પેન તથા પોર્ટુગલ સામે લડવામાં હોલેન્ડના લોકો પુષ્કળ નાણું ખર્ચતા તે પ્રમાણે અંગ્રેજો કરવા તૈયાર હતા નહીં સને ૧૬૧૩ થી ૧૬૧૫ સુધીનાં ત્રણ વર્ષમાં લંડન તથા આમસ્ટર્ડામમાં બન્ને દેશના મહાન એલચીઓએ સંધીની ભાંજગડ કરી, પણ તેમની મહેનતનું કંઈ પણ જાણવા જોગ પરિણામ આવ્યું નહીં. આજ વર્ષોમાં મસાલાના ટાપુમાં બાંડા, એમ્બોયના, જાવા ઇત્યાદિ ઠેકાણે બન્ને રાજ્યના લોકો એકમેકની સામા વક્રદૃષ્ટીથી જોતા હતા. સને ૧૬૧૭ માં ઈંગ્લંડમાં ખબર આવી હતી કે એમ્બોયનામાં ૪૦-૫૦ અંગ્રેજો વલંદાઓના કેદખાનામાં ભુખે મરે છે. આવા અનેક ગપાટાઓ ઉડતા, અને બન્ને પ્રજા વચ્ચે અપશબ્દો ભરેલી બોલાચાલી થતી. સને ૧૬૧૪ અને ૧૬૧૫ નાં બે વર્ષમાં જેરાર્ડ રેન્સ્ટ્ ડચ ગવર્નર જનરલ હતો. એ પણ બોથ જેવો હોંશીઆર અને ચાલાક હોવાથી તેને સંપૂર્ણ અધિકાર મળ્યો હતો. તે અહીંજ મરણ પામ્યા પછી ત્રીજો ગવર્નર જનરલ લૉરેન્સ રિઆલ થયો; એણે કિલ્લા વગેરે બાંધી વલંદા લોકોની સત્તા ઘણી મજબૂત કરી.

બીજી તરફ અંગ્રેજોનું પ્રાબલ્ય ધીમે ધીમે વધતું ગયું. સને ૧૬૧૩-૧૬ માં સામાઈક ભંડોળથી ચલાવેલા વેપારમાં તેમને એટલો બધો નફો થયો કે

બીજેજ વર્ષે તેમના ૧૦૦ પૌંડના શેરનો ભાવ ૨૦૭ ઉપર ગયો. તેમનું મહત્વ મસાલાના બેટોમાં વિશેષ નહોતું, પરંતુ સર ટૉમસ રોના પરિશ્રમને લીધે હિંદુસ્તાનના પશ્ચિમ કિનારા ઉપર તેમનો અમલ સારો બેટો હતો. આથી સને ૧૬૧૭ થી ૨૦ સુધીનાં ચાર વર્ષ માટે બીજો સામાઈક ભંડોળ એકઠો કરવામાં આવ્યો ત્યારે ધનાઢ્ય લોકોએ ધામધુમ કરી દોઢ કરોડથી વધારે થાપણ ઉભી કરી. પરંતુ એટલી મોટી રકમથી પણ વલંદાઓનો નાદ ઉતારવાનું તેમને માટે મુશ્કેલ હતુ ડચ કંપનીની વ્યવસ્થા વલંદા સરકારના તાબામાં હોવાથી તેનાં કામને આખાં રાજ્યનો ટેકો હતો. અંગ્રેજ કંપનીને સરકારનો ટેકો નહોતો એટલુજ નહીં પણ આરંભમાં તેણે કકડે કકડે કરેલી સફરોને લીધે, તથા ત્યાર પછી ચાર ચાર વર્ષ માટે જમા કરેલા સામાઈક ભંડોળની મદદથી ઉપાડેલી સ્વારીઓને લીધે તેમની વ્યવસ્થામાં કંઈ પણ સરખાપણું રહ્યું નહોતું. વ્યવસ્થાનો આ દોષ અંગ્રેજોને લાંબો વખત નડ્યો હતો. ઠરાવેલી મુદતમાં થાય તેટલો નફો કરી લેવા પુરતોજ અંગ્રેજ વેપારીઓનો શરૂઆતમાં આશય હોવાથી કિલ્લા વગેરે બાંધી કાયમનો બંદોબસ્ત કરવાની તેઓ હિમત કરતા નહીં. વળી જેમ્સ રાજાના દરબારમાંના જુદા જુદા પક્ષોનો ત્રાસ તેમને વેઠવો પડતો. જેમ્સ સ્કૉટલંડ તેમજ ઇગ્લંડ એ બન્ને દેશનો રાજા હોવાથી તેને સ્કૉટલંડમાં સ્થાપન થયલી વેપારી કંપનીને સને ૧૬૧૭ માં સનદ કરી આપવી પડી. આથી લંડન કંપનીને સ્વાભાવિક રીતે ધાસ્તી ઉત્પન્ન થઈ, કેમકે સ્કૉચ અને અંગ્રેજો વચ્ચે સારો સંબંધ નહોતો, અને ધર્મ સંબંધમાં તેઓ વલંદાઓને મળતા હતા. સને ૧૬૧૮ માં લંડન કંપનીએ સ્કૉચ કંપનીને થયલું નુકસાન ભરી આપવાથી જેમ્સ રાજાએ સ્કૉચ કંપનીની સનદ રદ કરી.

એશિયામાં સને ૧૬૧૮ માં વલંદા તથા અંગ્રેજો વચ્ચે પાછો એક મોટો ટંટો શરૂ થયો. વલંદાઓ અંગ્રેજોને કેદ કરે છે, તેમની કોઠીઓ છીનવી લે છે, બે વહાણો બાળી નાંખી તેમાંના ખલાસીઓને કેદ કર્યા છે એવી અનેક ફરીઆદો કંપનીએ જેમ્સ રાજા આગળ કરી ત્યારે ફરીથી

કરારની ભાંજગડ કરવા તથા ફરીઆદોનો નીકાલ કરવા હોલેન્ડના દસ એલચીઓ સને ૧૬૧૮ માં લંડન આવ્યા. બીજા વર્ષના જુલાઇ માસમાં મુકરર થયેલી તહની સરતોમાં મોટે ભાગે વલંદાઓએ સરસાઈ મેળવી. વલંદા લોકો તરફથી અંગ્રેજ કંપનીને દર સાલ આસરે દસ લાખ રૂપીઆ નુકસાન થતું તે તેને ન મળ્યું એટલુંજ નહીં પણ ઉલટું પુર્વે તરફના દ્વીપ-સમૂહમાં અંગ્રેજનો કંઈ પણ હક રહ્યો નહીં. તહની રૂએ એટલુંજ ઠરાવવામાં આવ્યું કે જપ્ત કરેલાં વહાણો તથા માલ જેનાં તેનાં પાછાં આપી દેવાં, બન્નેએ પૂર્વમાં વેપાર ચલાવવો તથા પ્રત્યેક કંપનીએ દસ લડાયક વહાણો હમેશ માટે તે તરફ રાખવાં. આ તહની સરત પ્રમાણે વીસ વર્ષ લગી કામ કરવાનું હતું, અને તેની યોગ્ય બજાવણી માટે પ્રત્યેક રાષ્ટ્રના ચાર ચાર ગ્રહસ્થોની કૌન્સિલ નીમાઇ હતી. આવી પ્રતિકૂળ સરતો અંગ્રેજોને બીલકુલ પસંદ પડી નહીં, તેમ તેનો કંઇ ખાસ ઉપયોગ થયો નહીં. બાંડા અને એમ્બોયનાના લવેંગના વેપારમાં અગ્રેજોનો ભાગ હોવો જોઇએ અને બટેવિઆ નજદીક તેમનું એક મજબૂત થાણું રહેવું જોઇએ, એવી અંગ્રેજોની બે મહત્વની માગણી હતી, પણ સ્વરક્ષણ માટે વલંદાઓ તે સ્વીકારે એમ હતું નહીં. જાવાના મસાલાના વેપારમાં અંગ્રેજોનો સરખો હક તેઓએ કબૂલ રાખ્યો હતો, પરંતુ એમ્બોયના અને બાંડા જેવાં મહત્વને ઠેકાણે તેમનો હીસ્સો ફક્ત એક તૃતીયાંસજ મંજુર થયો હતો. આ બેટો ઉપર જવાનો રસ્તો છેક દક્ષિણ તરફ હોવાથી તે જો અંગ્રેજોના સ્વાધીનમાં જાય તો જાવા, સુમાત્રા વગેરે શહેરોમાંના વલંદાઓને પોતાની સલામતી માટે ધાસ્તી લાગવાથી બાંડા, એમ્બોયના વગેરે બેટો અંગ્રેજોને મળે નહીં એવી તેમની સંપૂર્ણ ઇચ્છા હતી. એ સમયે આ દ્વીપ-સમૂહમાં બન્ને પ્રજાના કાફલા હતા, અને બન્નેનું લશ્કર લગભગ સરખુંજ હતું.

આ સમયે વલંદા સંસ્થાનનું સૂત્ર હમણાની ધામધુમમાં પ્રસિદ્ધ થયેલા કોએન (Coen) નામના એક ઘણા ચાલાક અમલદારના હાથમાં હતું. એનો જન્મ સને ૧૮૫૭ માં થયો હતો. નાનપણમાં રોમની એક પ્રસિદ્ધ વેપારી પેઢીમાં શિક્ષણ લઇ તે સને ૧૬૦૭ માં પૂર્વનાં ડચ વસાહત-

માં આવી રહ્યો હતો જાત હોશીઆરીથી એ થોડાજ વખતમાં બહાર આવ્યો, અને એને ૧૬૧૩ માં બૅન્ટમના પ્રેસિડન્ટની પદવી મળી ચાર વર્ષ બાદ તેને રાજ્યના સર્વ હક તથા સત્તા પ્રાપ્ત થવા ઉપરાંત તે સંસ્થાનનો ગવર્નર જનરલ થયો પોર્ટુગીઝોનો આલ્બુકર્ક, ફ્રેન્ચ લોકોનો ડુપ્લે અને વલંદાઓનો કોએન એ ત્રણે ઐતિહાસિક દૃષ્ટિએ જોતા દરેક બાબતમાં એક બીજાને ઘણા મળતા આવે છે એશિયામાં વલંદાઓનું રાજ્ય સ્થાપવા કોએનની મહત્વાકાંક્ષા ઉશ્કેરાઇ હતી, અને તે ફળીભૂત કરવામાં તેને કંપનીનો તથા આખા દેશનો ટેકો હતો એણે સને ૧૬૧૮ થી ૧૬૨૩ સુધી અને ૧૬૨૭ થી ૧૬૨૯ સુધી ગવર્નર જનરલનો ઓધ્ધો ભોગવ્યો, અને જાવા બેટમાં બટેવિઆ નામનું શહેર વસાવી ત્યાં મજબૂત કિલ્લે બંધી કરી આ તૈયારીઓ ચાલતી હતી એવામાં યુરોપમાં ઇંગ્લંડ અને હોલેન્ડ વચ્ચે સલાહ થયાની ખબર આવી આ તહનામામાં વ્યક્ત થતા સંદિગ્ધપણાનો લાભ લઈ કોએને અનેક પ્રકારના પેચ લડાવ્યા કંપનીના સંરક્ષણાર્થે બેઉ પ્રજાના વહાણો તે તરફ રહે એવો ઠરાવ હતો, પણ કોએને બેઉ કાફલાનો ઉપયોગ સ્વપ્રજાની સત્તા વધારવા માટે કરવા માંડ્યો આ સઘળા ટંટાના મૂળમાં આ મુલક ઉપર સાર્વભૌમ સત્તા એ બે પ્રજામાંથી કોણે ચલાવવી, અને કયા દેશનો કાયદો ત્યાં અમલમાં મુકવો એ વિશે મુખ્ય તકરાર હતી કોએને વલંદાઓની સત્તા સર્વોપરી ગણી હોલેન્ડના કાયદા ચલાવ્યાથી અંગ્રેજોને ઘણો ત્રાસ પડવા લાગ્યો સને ૧૬૧૯ ના કોલકરારો ફાયદામંદ થવાને બદલે તેનાથી પૂર્વની તકરારોએ વધારે ઉગ્રરૂપ ધારણ કર્યું, એ વાત ઇંગ્લંડમાં પણ જાહેર થઇ ગઈ હતી

**૪. ટંટાનું ભયંકર પરિણામ—એમ્બોયનામાં અંગ્રેજોની કતલ.**—સને ૧૬૧૯ના કરારો થયા ન હોત તો અંગ્રેજોને વલંદા લોકોએ ક્યારના આ દ્વીપસમૂહમાંથી હાંકી કહાડ્યા હોત કોએને પોતાની સરકારને લખ્યું હતું કે 'અંગ્રેજ લોકો દ્વીપસમૂહમાંથી સ્વેચ્છાથી ચાલ્યા જવાની અણી ઉપર હતા, પણ આ સંધી મારફત તમે તેમને પુનઃ આશ્રય

આવી શકે એવા નવ અંગ્રેજો પાસેના બાંડાના ટાપુમાં હતા. આ દ્વીપસમૂહમાંનો અંગ્રેજોનો મુખ્ય પ્રતિનિધિ જાવામાં રહેતો હતો તેણે આ સઘળાઓને પોતાના સ્થાનમાંથી નીકળી જવા હુકમ કહાડયો હતો, પણ તે તેમને વેળાસર મળ્યો નહીં. સને ૧૬૨૩ માં તા. ૧૦ મી ફેબ્રુઆરીએ રાતના વલંદા લશ્કરમાંના એક જાપાનીઝ સિપાઇએ વલંદા પહેરેગીરને એકંદર કેટલા પહેરેગીરો છે અને પહેરો કયારે બદલાય છે તે વિશે કંઈક પુછપરછ કરી. બીજે દિવસે ગવર્નરે તેને આ તપાસ કરવાનું કારણ પુછયું ત્યારે જવાબમાં તેણે એટલુંજ કહ્યું કે સહેજ ખબર મેળવવા માટે આ પુછપરછ કરી હતી, તેમાં કાંઇ બીજો હેતુ હતો નહીં. ખરૂં જોતાં એક પહેરેગીરને કેટલો વખત સુધી ફરજ બજાવવી પડે છે તે જાણવા માટે તેણે આ તપાસ કરી હતી. ગવર્નર સ્પ્યુલ્ટને પોતાના ઉપર આવેલા નિષ્પક્ષપાતપણાના આરોપમાંથી છૂટા થવું હતુ, એટલે તેણે આવેલી તકનો લાભ લઇ જાપાનીઝ સિપાઈ ઉપર જુલમ કરી તેની પાસેથી અંગ્રેજો વિરૂદ્ધ પુરાવો એકઠો કર્યો, અને તેજ દિવસે જુબાની ઉપર તેની સહી કરાવી લીધી, અગર જો ડચ કાયદા પ્રમાણે કોઇ પાસેથી જબરદસ્તીથી કબૂલાત લેવામાં આવે તો તેવી કબૂલાત લીધા પછી ચોવીસ કલાકે તેને તે ફરીથી વાંચી બતાવ્યા પછી તેના ઉપર તેની સહી લેવાનું હતું. આ જાપાનીઝ સિપાઇએ કહેલી હકીકત જાણતા હોય તેવા આઠ નવ જાપાનીઝનાં નામો તેણે અગાઉથી આપેલાં હોવાથી તેમની પાસેથી પણ અંગ્રેજો વિરૂદ્ધ પુરાવો લેવામાં આવ્યો. જો આવી રીતેં પુરાવો આપવામાં કોઇ આનાકાની કરતા તો તેમને ડામ દેવા અને રડતા કકલતા ઉંચકી તુરગમાં નાંખવામાં આવતા. આવા જોરજુલમથી મેળવેલી કબૂલાત ઉપરથી એવો ઘાટ ગોઠવવામાં આવ્યો કે એકાદ અંગ્રેજ વહાણ આવી પહોંચે ત્યારે, અથવા ગવર્નર બીજી તરફ રોકાયલો હોય ત્યારે વલંદાઓના કિલ્લા ઉપર હલ્લો કરી તે સર કરવાનો ઉપર કહેલા અઢાર અંગ્રેજોએ એસતે વર્ષે સોગન ઉપર ઠરાવ કર્યો હતો, અને એ કામમાં મદદ કરવા જાપાનીઝ સિપાઇઓને ફિતુરી બનાવી ઉશ્કેરવા માટે પ્રાઇસ

નામના અંગ્રેજ હજામે વચન આપ્યું હતું. દારૂના ઘેનમાં ગેરકાયદે વર્તન કરવા માટે આ હજામ આ વખતે કેદમાં હતો. ૧૫ મી ફેબ્રુઆરીએ ગવર્નરે તેની જુબાની લઈ ઉપર મુજબની કબૂલાત ઉપર જોરજુલમથી સહી કરાવી લીધી. આ સઘળી હકીકત અંગ્રેજોને માલમ પડી ત્યારે ૫૦૦ માણસોનાં લશ્કર અને ૮ વહાણો સામે ૧૮ આસામી કિલ્લો લે એ કેવળ અસંભવિત લાગવાથી તેઓ એ બાબત બેફીકર રહ્યા. તોપણ ડચ ગવર્નરે લીધેલા પુરાવાનો ઉપયોગ કરી અંગ્રેજ કારભારી ટૉવરસન ( Towersen ) અને તેની સાથેનાં સત્તર માણસોને બેડી પહેરાવી કેદ કર્યાં. કાયદેસર તપાસ શરૂ થતાં અંગ્રેજોની વખારમાંથી અથવા કોઇ પણ પાસેથી એક ચીઠ્ઠીનો પણ પુરાવો મળ્યો નહીં, ત્યારે પ્રથમ બોમંટ અને જૉન્સન નામના બે જણાને વલંદાઓ આગળ લાવ્યા. બોમંટને બહાર દિવાનખાનામાં બેસાડી તેઓ જૉન્સનને અંદરની ઓરડીમાં લઈ ગયા. ત્યાંથી જૉન્સનનાં આક્રંદપૂર્વક કલ્પાંતનો સાદ આવતો બોમંટે સાંભળ્યો. એક કલાક પછી જૉન્સન આખા શરીર ઉપર દાઝી ગયેલો અને સોજી ગયેલો બહાર આવ્યો. એડવર્ડ કોલિન્મે સઘળું કબૂલ કરવાથી તેના ઉપર જુલમ થયો નહીં, તોપણ તેને પહેલાં તો કેટલુંક દુઃખ ખમવું પડ્યું હતું, અને વધુ દુઃખ અટકાવવા માટેજ તેણે સર્વ કબૂલ કર્યું હતું. આ પ્રમાણે શરૂ થયલી ક્રુરતા તથા જંગલીપણું તા. ૧૫ મીથી ૨૩ મી સુધી ચાલ્યાં. જુલમમાંથી બચવા માટેજ લાચાર અંગ્રેજો વલંદાઓ કહેતા તે સઘળું કબૂલ કરતા પણ તરતજ જાહેર કરતા કે 'અમે આ બધું ખોટુંજ કહ્યું છે.' કૉન પેડ્સને ચાર વખત વલંદાઓએ ઉંધે માથે લટકાવ્યો, પણ શું કહેવું તે તેને સમજ પડે નહીં, કેમકે તેઓ શું પુરવાર કરવા મથતા હતા તેની તેને ખબર નહોતી. આખરે પહેલા સાક્ષીની જુબાની તેને વાંચી સંભળાવવામાં આવી ત્યારે તેની આંખ ઉઘડી અને તેણે સર્વ બાબતની હા કહી. 'મારે શું લખવું અને શું બોલવું તે મને કહો કે તે પ્રમાણે હું કરૂં,' એવું પ્રત્યેક અંગ્રેજ કહેતો. જૉન ક્લાર્કે એટલો તો જુલમ સહન કર્યો કે એ કોઈ ભૂત હોવા જોઈ-

ગર હોય એમ વલંદાઓને લાગ્યુ. તેના વાળમાં તેણે કંઇ જાદુ ભરી રાખ્યું નથી એની ખાતરી કરવા તેઓએ તેની હજામત કરાવી નાંખી તેના ઉપર ફરીથી પ્રયોગ ચલાવ્યો. તેમણે તેના પગ, હાથ તથા કોણી ઉપર અને કાખમાં મીણબત્તી એ ડામ દઇ શરીરમાંનું માંસ બહાર ખેંચી કહાડયું. આ જખમો તેઓ ધોવા દેતા નહીં, તેમ તેના ઉપર ઔષધોપચાર પણ કરતા નહીં, એટલે આખરે તેમાં કીડા પડી સર્વાંગે દુર્ગંધ ઉઠતી. આવી ક્રૂર વર્તણુક ચલાવ્યાનું વલંદા ન્યાયાધીશો કબૂલ કરતા નથી; માત્ર મોઘમમાં થોડો ઘણો જુલમ કર્યાનુંજ તેઓ કહે છે. પણ ત્યાં હાજર રહેલાના મ્હોડામાંથી ખરી હકીકત બીલકુલજ બહાર આવી નથી. પ્રથમ તો તેઓ ગુન્હેગારના હાથ ઉલટાવી નાખી દરવાજા ઉપર પક્ષીઓની પેઠે તેને લાંબા ટાંગતા, પછી મ્હોડું ઢંકાઈ જાય તેમ ગરદન લગી રૂમાલ બાંધી તે ઉપર ધીમે ધીમે પાણી નાંખ્યા કરતા. આથી તેમનું શરીર સુજી બે ત્રણ ગણું મોટું થઇ જતું, અને આંખમાંના ડોળા નીકળી પડતા હોય તેમ દેખાતા. ટુંકામાં જીવ ગુંગળાઈ જઇ શરીર ફાટી જવા જેવી ગુન્હેગારની સ્થિતિ થતી. વળી તેને ટાંગ્યા પછી તેની હેઠળ દેવતા સળગાવી તેને અસહ્ય દુઃખ દેવામાં આવતું. આવા અસહ્ય તથા ઘાતકી જુલમમાંથી અરાઢ અંગ્રેજોમાંથી કોઇ પણ જીવતું રહેવા પામ્યું નહીં. આવી ભયંકર સ્થિતિમાં અંગ્રેજો હતા ત્યારે સઘળાઓને જવા ચાલ્યા જવાને આગ્રહ કરનારો પત્ર ત્યાંના પ્રેસિડન્ટ તરફથી આવ્યો. ગવર્નર સ્પેકુલ્ટે કબૂલ કર્યું છે કે આ પત્ર તેના વાંચવામાં આવ્યો હતો તે છતાં પણ તેણે વધુ કેર વર્તાવ્યો. હવે પછીની વ્યવસ્થા ડચ કાયદા પ્રમાણે કરવાની હતી પણ તેમ કંઇ થયું નહીં. વલંદાઓના વકીલે પકડાયલા ગુન્હેગારોને ફાંસીની શિક્ષા કરવા માટે ન્યાયાધીશ પાસે અરજ કરતાં તા. ૨૩ મી ફેબ્રુઆરીએ કેટલાકને છોડી મુકી બાકીનાઓને દેહાંત દંડની શિક્ષા કરવામાં આવી. ખાનગી મસલતથી ચયલી આ ગોઠવણની રૂએ એ સમયે એમ્બોયનામાં નહીં હતા તેવા સઘળા અંગ્રેજોને છોડી દેવામાં આવ્યા. બીજા ત્રણના નામની ચીઠીઓ કહાડી તેમને મરજીમાં આવે તેવી સજા કરવા માટે

એવી જેમ્સ રાજાની સ્તુતિ કરતો તે સ્વદેશ પાછો ફર્યો. પરંતુ આખી અંગ્રેજ પ્રજા વલંદાઓ વિરૂદ્ધ ખળભળી ઉઠી. તેમના ઉપર વેર લેવા કંપનીએ રાજાને એક અરજી કરી, અને કેટલાકોએ એ સંબંધમાં તેની મુલાકાત લીધી. રાજાએ નાઇલાજ થઇ હોલેન્ડમાંના પોતાના એલચીને વલંદા સરકાર પાસે જવાબ માગવા ફરમાવ્યું, અને જો સંતોષકારક જવાબ નહીં મળે તો મરજીમાં આવે તેટલા વલંદાઓનો શિરચ્છેદ કરવાની અથવા યુદ્ધ કરવાની ધમકી આપવા જણાવ્યું. આ સદેશાથી વલદા સરકાર તત્કાળ તો ગભરાઈ ઉઠી, અને તેણે ગવર્નર સ્પેુલ્ટને રાજ્ય ઉપર વિના કારણ સંકટ ઉભું કરવા માટે ઠપકો આપ્યો. એ સઘળું છતાં જેમ્સમાં કેટલું શૌર્ય હતું તે વલંદાઓ સારી પેઠે જાણતા હતા. તે બોલવામાં શૂરો પણ કામ કરવામાં બ્હીકણ હતો, એ બાબતથી તેઓ અજ્ઞાન નહોતા. એટલે આજે જવાબ આપીએ છીએ, કાલે જવાબ આપીએ છીએ એમ કરી કેટલોક વખત તેઓએ કહાડી નાંખ્યો, અને બટેવિઆમાં રહેલા અંગ્રેજોને સહીસલામત ત્યાંથી રવાના કરી દીધા. આ વાતમાં પાંચ સાત માસ નીકળી ગયા, અને જેમ્સ રાજા, માર્ચ ૧૬૨૫ માં મરણ પામ્યો. એટલામાં એમ્બોયનાની સઘળી બારીક વિગત ઈગ્લંડમાં સઘળાને મ્હોડે સંભળાવવા લાગી. ટૉવરસનની વાત સાંભળી લોકોને અસંત ખેદ થયો. ઇ.સ. ૧૬૦૪ માં તે ઈંગ્લંડ છોડી પરદેશ નીકળ્યો હતો, અને નિરનિરાળી જગ્યાએ અરાઢ વર્ષ લગી ઉત્તમ સેવા બજાવી એમ્બોયનામાં માસિક ૧૫૦ રૂપીઆના પગારે અંગ્રેજ કંપનીનો મોટો પ્રતિનિધિ થયો હતો. તે સ્વભાવે ઘણો ભોળો હોવાથી ડચ ગવર્નર સ્પેુલ્ટની સાથે તેણે દોસ્તી બાંધી હતી, અને પોતાના ખાનગી વિચારો તેને જણાવતો હતો. એટલુંજ કરી ટૉવરસન બેસી રહેતો નહીં. સ્પેુલ્ટના સુસ્વભાવનાં વખાણ બટેવિઆમાંના અંગ્રેજ પ્રેસિડન્ટને તે વારંવાર લખતો. એક વખત સ્પેુલ્ટને અભિવંદનનો પત્ર મોકલવા તથા કેટલીક દારૂની બાટલીઓ નજર કરવા તેણે પ્રેસિડન્ટને લખ્યું હતું. તેના જવાબમાં પ્રેસિડન્ટે ટૉવરસનને જણાવ્યું કે 'આવી બાબતોમાં સ્પેુલ્ટ સારો લાગે

છે પણ અંદરખાનેથી તે ઘણો લુચ્ચો અને ઠગ છે તેને કંઇ પણ નજ-
રાણું મોકલવાની જરૂરજ નથી માત્ર તેની મીઠી મીઠી વાતોથી તમો ફસા-
તા નહીં એટલે બસ ' આ પછી બીજેજ મહિને પ્રેસિડન્ટ તરફથી
એમ્બોયનામાંથી નીકળી જવાનો હુકમ ટૉવર્સનને મળ્યો હજી પણ તેનું
ભોળપણુ ચાલુજ હતું, આ સુસ્વભાવી મનુષ્યના આવા ઘાતકી અંત માટે
લોકોને દુઃખ ઉપજે એ સ્વાભાવિક છે

ઇંગ્લંડમાં સર્વત્ર એમ્બોયનાની કતલ વિરૂદ્ધ ઘુમાટો શરૂ થયો, અને
લંડનમા વલંદા લોકોને બહાર ફરવામા પોતાની સહીસલામતી માટે
બહીક લાગી આવી સ્થિતિમા ચાર્લ્સ ગાદીએ આવ્યો તેની લાગણી
સ્પેન વિરૂદ્ધ હોવાથી હોલેન્ડની મિત્રાચારીની તેને જરૂર જણાઇ. આથી
હોલેન્ડમાંના અંગ્રેજ વકીલ સર ડડલી કાર્લેટન ( Sir Dudley Carlton )
ને બે સામસામાં કામો કરવામા ઘણી મુશ્કેલી નડી, ત્યારે રાજાએ
વલંદા સરકારને એમ્બોયનાના બનાવ માટે જવાબ આપવા દોઢ વર્ષની
મહેતલ આપી, અને કંપનીને ગમે તેમ સમજાવી લીધી. આ દોઢ
વર્ષમાં ચાર્લ્સ રાજાને પાર્લામેન્ટ સાથે તકરાર થઈ અને ફ્રાન્સ સાથે
યુદ્ધ શરૂ થયુ, એટલે એમ્બોયનાની બાબત ફરીથી મુલતવી રહી ડચ
સરકારે કોએનને પાછો ગવર્નર જનરલ નીમી પૂર્વ તરફ મોકલ્યો, અને
જ્યારે અંગ્રેજોએ જુની બાબતનું તેમને સ્મરણ કરાવ્યુ ત્યારે ' અમે સઘળું
કામ ન્યાયની કોર્ટમાં મોકલાવ્યુ છે ' એવો જવાબ તેમને મળ્યો. આ
બાબતનો કંઈ પણ નીવેડો આવે એવુ લાગ્યું નહીં. રાજા અને
પાર્લામેન્ટ વચ્ચેની તકરારે ઉગ્ર રૂપ લીધુ, અને કંપનીને કોઈપણ જગ્યા-
એ દાદ મળી નહીં. ક્ષુલ્લક પ્રશ્નની ભાંજગડમા વર્ષોનાં વર્ષ નીકળી ગયાં,
એટલે એમ્બોયનાનો મુખ્ય ગુન્હેગાર અધિકારી હોલેન્ડ આવ્યો ત્યારે તેનો
ભારે સત્કાર કરવામાં આવ્યો

એમ્બોયનાનાં ઘોર કૃત્ય માટે ન્યાય મેળવવામાં અંગ્રેજોને જે મુખ્ય
નડતર હતી તે તેમની અને વલંદાઓ વચ્ચે સને ૧૬૧૯ માં થયલી સંધી હતી.
દિવાની ફોજદારી દાવા સંબંધી તેમા એક શબ્દ પણ હતો નહીં, અને

એકંદર રીતે તેની શબ્દરચના ગુચવણ ભરેલી હતી બીજુ કારણ એ હતુ કે અગ્રેજોને કોઇ પણ બાબતની પુરી માહિતી હતી નહીં વલંદા લોકો દરેક બાબતમા સપૂર્ણ વાકેફગાર હતા કોનો સ્વભાવ કેવો છે, કોને કેવી અડચણ છે, કેવો જવાબ આપવાથી અમુક બાબતમાથી છટકી જવાશે, એ સઘળુ તેઓ યથાસ્થિત સમજતા વળી વલંદા લોકોની કપની એજ વલંદા સરકાર અને વલંદા સરકાર એજ આખુ રાષ્ટ્ર એવી માન્યતા વલંદાઓની હતી એથી ઉલટુ અગ્રેજ કપનીની સ્થિતિ વિચિત્ર હતી, અને ઇગ્લડમા તેને માટે કોઇને પણ કાળજી નહોતી

એમ્બોયનાને લગતી હકીકત ઉપરથી રાજકીય બાબતો તે સમયે કેવી રીતે ઉડાવવામા આવતી એ સહજ જણાશે યુરોપના કાયદા તથા તેની બજાવણીને આ બાબત સાથે થોડો સબધ નથી લોકો ઉપર જુલમ ગુજરી તેઓ પાસેથી કબૂલાત લેવાનુ ધોરણ આખા યુરોપમા કાયદા અન્વયે તે વેળા પ્રચલિત હતુ ઇગ્લડ કઈ એ બાબતમા અપવાદ રૂપે હતુ નહીં રાજા જેમ્સે અનેક પ્રસગે આ ધોરણનો ઉપયોગ કર્યો હતો વળી તે વખતની વેપારી રીત પ્રમાણે એકજ માણસને વેપાર, લડાઈ, ન્યાય વગેરે જુદા જુદા કામો કરવા પડતા હોવાથી એક કામમા ઉપજેલો ગુસ્સો બીજા કામમા તે બાજુએ મુકે એ સભવિત નહોતુ ઉપર કહેલી હકીકત સિવાય અન્ય બાબતોમા પણ ડચ કાયદાનો પૂર્ણપણે ભગ થયો હતો સઘળા વલંદાઓ જાણતા હતા કે એમ્બોયનાની ખટપટમા અગ્રેજો સપૂર્ણ રીતે નિરપરાધી છે, તેમના દફતરોમાથી પણ આ બાબત સિદ્ધ થાય છે સઘળી હકીકતની તુલના કરતા માલમ પડે છે કે આઇઝેક બ્રુન નામના એમ્બોયનાના ડચ એકાઉન્ટન્ટ (હિસાબી અમલદાર) નુ એ સઘળુ માળુ કૃત્ય હતુ વેન સ્પેલ્ટને શરૂઆતમા જોકે અગ્રેજો વિરૂદ્ધ સશય પેદા થયો હોય તોપણ તપાસ પછી તે વિશે તેના મનમા કઈ વસવસો રહ્યો નહોતો છતા એક વખત ઉપાડેલુ કામ અટકાવવાની તેનામા હિમત નહોતી સઘળા અગ્રેજોને બટેવિઆ રવાના કરવા તથા પોતાની ખુશીથી એમ્બોયના છોડવા તેઓ તૈયાર છે એવો બટેવિઆના પ્રેસિડન્ટનો તેના ઉપર આવેલો પત્ર

દાબી મુકવો એટલુંજ તેના દુષ્ટ સ્વભાવની ખાતરી કરવા માટે પુરતું છે. આ બાબતની તપાસમાં અંગ્રેજ ન્યાયાસન આગળ સાક્ષી આપવી પડશે એવી તેને ધાસ્તી લાગવાથી એમ્બોયનામાંનું કામ પુરૂં થતાં તે છુપી રીતે યુરોપ આવતો હતો, પણ પ્રવાસ દરમિઆન રાતા સમુદ્રમાં તે મરણ પામ્યો.

એમ્બોયનાનાં ઘોર કૃત્યનું વેર ઈંગ્લંડ તરફથી લેવામાં આવશે એવી આશામાં સઘળા અંગ્રેજો બટેવિઆમાં રહ્યા હતા, પણ આખરે નિરાશ થઈ તેઓએ વલંદાઓ સાથેનો સંબંધ હમેશને માટે છોડયો.

**૬. વલંદા લોકોના જુલમની પરાકાષ્ઠા.**—અંગ્રેજો વિરૂદ્ધ ઉપાડેલી ઉક્ત તકરારમાં વલંદાઓના બે મુખ્ય હેતુ પાર પડયા. મસાલાના બેટામાંથી અંગ્રેજોનો પગ નીકળી ગયો, અને બટેવિઆમાં તેમની કંઈ પણ સત્તા રહી નહી. આ હેતુ બર લાવવા માટેજ તેઓ દુષ્ટપણે વર્ત્યાં હતા, એટલે હવે પછી કંઈ પણ અત્યાચાર તેઓએ કર્યો નહી, અને અંગ્રેજો સાથે પૂર્વની માફક સરળ રીતે વર્તવા લાગ્યા. એમ છતાં બન્ને પ્રજા વચ્ચે ચાલતા વેપારી સંબંધને લીધે સઘળી ખટપટનો અંત એટલેથીજ આવવાનો નહોતો. સને ૧૬૨૬ માં અંગ્રેજ કંપનીએ બટેવિઆમાંની વખાર બંધ કરી, છતાં એમ્બોયનાનાં કૃત્ય માટે વેર લેવાનો વિચાર તેમના મનમાં સળવળ્યા કરતો હતો. પહેલા જેમ્સ રાજાને લડાઈ કરવાની ઈચ્છા નહોતી, અને પહેલા ચાર્લ્સ રાજામાં તેમ કરવા સામર્થ્ય નહોતું. ચાર્લ્સના શિરચ્છેદ પછી ઈંગ્લંડનું રાજ્યસૂત્ર એક દૃઢ મનના પુરૂષના હાથમાં ગયું ત્યારે વલંદા લોકોએ અંગ્રેજોને કંઇક દાદ આપી. સને ૧૬૫૪ માં પાંચ મહિનાના ટુંક વખતની અંદર ક્રોમવેલે સઘળી બાબતનો નિકાલ કરી નાંખ્યો. વલંદાઓએ નુકસાનીના સાડાઆઠ-લાખ રૂપીઆ અંગ્રેજ કંપનીને આપ્યા, છત્રીસ હજાર રૂપીઆ મરણ પામેલા સખસોના વારસોને મળ્યા, અને પુલારૂન બેટ અંગ્રેજોને સ્વાધીન થયો. આટલું છતાં અંગ્રેજોના મનનો ડાઘ ગયો નહીં. બીજાં સો પચાસ વર્ષમાં આ બેઉ પ્રૉટેસ્ટંટ દેશો વચ્ચે મિત્રાચારી ન થવાથી યુરોપના રાજકીય ફેરફારે જુદુંજ વલણ લીધું.

જો તેમની વચ્ચે સ્નેહભાવ હોત તો ફ્રાન્સનો ચૌદમો લુઈ આટલો શિરજોર થાત નહીં, બીજા ચાર્લ્સ રાજાને ફ્રાન્સના દબાયલા રહેવું પડતે નહીં, અને બીજા જેમ્સ રાજાની ઈંગ્લંડમાં જુલમ કરવાની હીમત ચાલતે નહીં. સને ૧૬૮૮ માં ઈંગ્લંડમાં થયલી રાજ્યક્રાન્તિનું ગુપ્ત કારણ એમ્બોયનાની કતલ હતી. પૂર્વના વેપારના સંબંધમાં વલંદાઓનો જુસ્સો એટલો બધો નિરઅંકુશિત થયો હતો કે તેને લીધે તેમણે ચલાવેલાં ક્રુર કૃત્યોની સરખામણીમાં મલબાર કિનારા ઉપર પોર્ટુગીઝોનો ધર્મની બાબતનો જુલમ કંઈજ નહોતો એમ કહેવું જોઇએ. સ્પેન, પોર્ટુગલ તથા ઈંગ્લંડ એ સર્વે આ તરફ થોડું ઘણું ક્રુર આચરણ ચલાવ્યું હતું, તોપણ પૂર્વ દ્વીપસમૂહની દોલતનો ભંડાર વલંદાઓને હાથ લાગવાથી, અને હિંદુસ્તાનના મોગલ બાદશાહી માફક તે તરફ કોઈ મજબૂત રાજ્ય ન હોવાથી વલંદાઓને હાથે ભયંકર અનર્થ થયો હતો. રાજ્ય હોય તો પૈસા મળે અને પૈસા હોય તો વેપાર થાય, એ સિદ્ધાંત જેમ પોર્ટુગીઝોની બાબતમાં અવશ્ય જણાયું હતું, તેમજ વલંદાઓ માટે હતું. પોર્ટુગીઝોના શાણા સરદાર આલ્બુકર્કે પડેલી જરૂર મટાડવા પ્રયત્ન કર્યા પણ તેને પોર્ટુગીઝ રાજ્યનો ટેકો ન હોવાથી તેને જોઇએ તેવો યશ મળ્યો નહીં. પણ એવા હેતુમાં વલંદા સરદાર કોએનની ઉમેદ પાર પડી, કેમકે તેને આખાં ડચ રાષ્ટ્રનો ટેકો હતો. યુરોપમાંથી સ્ત્રી પુરૂષોને પૂર્વમાં લાવી વસાહત વસાવવાની કલ્પના ગમે તેવી સારી હોય તોપણ તે અમલમાં મુકવી અશક્ય હતી એ અનુભવ સિદ્ધ છે. પણ એ વિશે કોએન બરાબર સમજી ગયલો હોવાથી આ માટે મળે તેટલા મજુરો એકઠા કરવા તેણે મહાન યત્ન કર્યો. તેણે દ્વીપસમૂહના બેટોમાંના લોકોને ગુલામ બનાવ્યા, આફ્રિકા અને એશિયા ખંડમાંથી મળી આવે તેટલા ગુલામોને દ્વીપસમૂહમાં લાવવા તજવીજ કરી, અને ભર દરીએ પકડાય તે લોકોને ત્યાં લાવી રાખ્યા. આ ઉપરથી પોર્ટુગીઝોના અને વલંદાઓના જુલમમાં કેવા પ્રકારનો તફાવત હતો તે તરત સમજાશે. પોર્ટુગીઝ લોકોએ માત્ર દેશો જીત્યા, પણ વલંદાઓએ દેશ જીતવા ઉપરાંત ત્યાંના લોકોને ગુલામ

બનાવ્યા. પોર્ટુગીઝો બીજા લોકો પાસે ગુલામ વેચાતા લેતા, ત્યારે વલંદાઓ અન્ય લોકોને ગુલામ બનાવવા માટે મહાસાગરમાં પોતાનો કાફલો ફરતો રાખતા, અને અસંખ્ય માણસોને એકઠા કરતા. ઉપર કહેલી ત્રીજી યોજના કાંઈક વિશેષ ચમત્કારિક છે. પૂર્વમાં ચીન વગેરે દેશોના કિનારા ઉપર હથીઆરબંધ માણસો મોકલી મરજીમાં આવે તેટલાં લોકોને પકડી લાવવાની રીત કેટલી નિંદ્ય છે તે કહેવાની જરૂર નથી. આટલા લોકોની મજુરી અને જોઈએ તેટલી જમીન ફોગટ મળવાથી મસાલાનાં ઝાડો રોપી વલંદાઓએ અપરિમિત ફાયદો મેળવી લીધો. જો કોઈ ઠેકાણે અંગ્રેજોની આડખીલી હતી તો તે એમ્બોયનાના બનાવ પછી નીકળી ગઈ હતી. કોઈ પણ પરદેશીને તેઓ એક નાનો રોપો પણ જમીનમાં ઘાલવા દેતા નહીં. એવી અનેક રીતે સઘળા લોકો પાસે અથાગ મહેનત કરાવી ઉષ્ણકટિબંધમાંની અતિ ફળદ્રુપ જમીન આ લોકોએ સેંકડો વર્ષ લગી પકવી એ કેટલો ફાયદો અને તેટલા માટે લોકો ઉપર નાહક કેટલો જુલમ !!

આટલેથીજ કોએનની યુક્તિઓ અટકી નહોતી. કબજામાં આવેલા બેટોમાં વ્યવસ્થિત રાજ્યપદ્ધતિ શરૂ કરી કિનારે કિનારે ચાલતો સઘળો વેપાર તેણે પોતાના હાથમાં લીધો, અને ઠેકઠેકાણે નિયમિત જકાત તથા કર ઠરાવી આફ્રિકા, યુરોપ અને એશિયામાંના ઘણેખરે ઠેકાણેથી જળ માર્ગે માલ લાવવાનું તથા ત્યાં માલ પહોંચતો કરવાનું કામ ઉપાડયું. દ્વીપ-સમૂહના મળી ગયલા રાજ્યમાં તેઓએ થોડે ખર્ચે કીલ્લા વગેરે બાંધી સઘળો મુલક દુશ્મનો સામે ટક્કર ઝીલે તેવો મજબૂત કર્યો. આથી કરી તે સમયે આ તરફ આવેલા યુરોપિયન મુત્સદીઓના વિચાર પ્રમાણે શરૂઆતમાં થયલા પોર્ટુગીઝોના આલ્બુકર્ક અને છેવટે આવેલા ફ્રેન્ચના ડુપ્લે જેવોજ મધ્ય ભાગે આવેલા વલંદાઓનો કોએન વિલક્ષણ, ધૂર્ત, ચાલાક તથા દીર્ઘદષ્ટિ પુરૂષ હતો. આ ગુણો ઉપરાંત અત્યંત પાષાણહૃદયી એવું વિશેષણ પણ તેને લગાડવું જોઈએ, કેમકે માણસને ઈજાથી થતાં દુઃખ તરફ એના જેવું બેફીકરૂં બીજું કોઈ હતું નહીં. આ બેફીકરપણું એણે કાયદેસર ઠરાવ્યું, અને એક વખત એ નીતિ ઉચ્ચ રાષ્ટ્રમાં દાખલ થયા

પછી બીજા યુરોપિયન રાજ્યોએ તેનો લાભ લીધો અને તે પ્રમાણે વર્તન ચલાવતાં તેઓ પાશ્ચાત્ય લોકો તરફ કેવળ અંધ બની ગયા. આનો દાખલો યુરોપમાં થયેલાં ત્રીસ વર્ષના યુદ્ધમાં પ્રત્યક્ષ દેખાઇ આવે છે.

પૂર્વ સમુદ્રમાં જે યુરોપિયન પ્રજાઓ દાખલ થઇ હતી તેમાંથી માત્ર વલંદાઓએજ નિયમિત તથા વ્યવસ્થિતપણે કામ કર્યું હતું. પૂર્વના વેપારમાં આખાં રાજ્યનો ફાયદો હતો એવું એજ લોકો ગણતા, અને તેથી કરીનેજ સ્વાર્થત્યાગ કરી અથવા ગમે તેટલો અન્યાય કરી તે ઉપર ઢાંક પીછોડો કરવા તેઓ તૈયાર હતા. આ ધોરણ અંગ્રેજ પ્રજાએ ઉચકી લીધું નહીં. તેમના દેશની કંપની જીવે છે કે મરી ગઈ તેની પાર્લામેન્ટને પરવા નહોતી, એટલે કોએનના જેવાં તોફાની આચરણ કરવા ક્લાઇવ તથા હેસ્ટિંગ્સ સરખા અમલદારોએ હિંમત કરી નહીં ત્યાં સુધી અંગ્રેજો આગળ આવ્યા નહીં. ટુંકાણમાં રાજ્ય સ્થાપવામાં તથા વેપારમાં સર્વોપરી સત્તા મેળવવામાં કેટલો નહી માની શકાય એવો સંતાપ અને કેટલી પાષાણહૃદયી ખટપટ ઉપાડવી પડે છે એટલું જો આપણે આ ઇતિહાસ ઉપરથી અનુમાન કરી શકીએ તો બસ. બાકી હિંદુસ્તાનમાંના અંગ્રેજોનાં કામની ખરી હકીકત મેળવવા આજે આપણુને આટલી અડચણ પડે છે તો દૂરના પૂર્વ દ્વીપસમુહમાંના લોકોની દશાનો ખરો ઇતિહાસ મળવો દુર્લભ છે. નાના નાના બેટો એક બીજાથી અલગ હોવાને લીધે, લોકોમાં એક જાતિયપણું અને એકત્ર થવાની શક્તિ ન હોવાથી તેમજ તેમના અજ્ઞાનપણાને લીધે, તેમના ઉપર વલંદા લોકોના અમલમાં જે ભયાનક પ્રસંગ આવી પડયો હતો તેની હકીકત કાગળ ઉપર હોવાનોજ જ્યારે સંભવ નથી તો પછી તે બહાર મુકવાની વાતજ શું? આ ઉદાહરણ ઉપરથી આપણે તેની કલ્પના કરીએ એટલેજ બસ, કેમકે જે બનાવ આપણે સમજી શકતા નથી તે બન્યોજ નહોતો એમ કંઈ નહોતું.

**૭. વલંદાની પડતીનાં કારણો.**—આસ્ટ્રેલીઆનો મોટો પ્રદેશ વલંદા લોકોએ શોધી કહાડી તેને ન્યુ હોલેન્ડ એવું નામ આપ્યું હતું.

સને ૧૬૩૫ માં તેમણે ફૉર્મોસા બેટ પોર્તુગીઝો પાસેથી કબજે કર્યો; સને ૧૬૩૮ માં સિલોનમાં એ બેઉ પ્રજા વચ્ચે સંગ્રામ શરૂ થયા પછી છેક સને ૧૬૫૮ માં એ બેટ વલંદાઓને મળ્યો. સને ૧૬૬૧ થી ૧૬૬૪ સુધીમાં મલબાર કિનારા ઉપર કોલમ, કોચીન, કાનાનુર અને કાંગાનુર એમના તાબામાં આવ્યાં. સને ૧૬૬૯ માં સેન્ટ ટૉમી અને સેલિબીઝ બેટના પશ્ચિમ કિનારા ઉપર મૅકાસર તેમને હસ્તગત થયાં. સને ૧૬૮૨ માં અંગ્રેજો પાસેથી બૅંટમ લીધા બાદ સિયામ, ટૉન્કવીન, એમૉય વગેરેમાની પોતાની કોઠીઓ અંગ્રેજોને ઉઠાવી લેવી પડી. સને ૧૭૫૯ મા વલંદા લોકોએ બંગાળામાંથી અંગ્રેજોને હાંકી કહાડવા જબરો પ્રયત્ન કર્યો પણ કર્નલ ફોર્ડે તેમને ઘણી સખ્ત શિકસ્ત આપ્યા પછી એવો બંદોબસ્ત થયો કે બંગાળામાં તેમનું ૧૨૫ થી વધારે માણસોનું લસ્કર રહેવા દેવું નહીં. એ બેઉ પ્રજા વચ્ચે અનેક ભાંજગડો થઈ, અને લાંબા યુદ્ધને અંતે જ્યારે વલંદાઓની સત્તા પૂર્વમાંથી નિર્મૂળ થઈ ત્યારબાદ માત્ર નીચેનાં ઠેકાણાંઓ તેમના તાબામાં રહેવા પામ્યાં :—જાવા, સુમાત્રા, બાંકા, બોર્નિઓ, સેલિબીઝ, મલાક્કા ઉર્ફે મસાલાના બેટ, તિમોર ન્યુગિન્ત ઇત્યાદિ.

ધીમે ધીમે યુરોપની બીજી દરિયાવર્દી પ્રજાઓ પૂર્વના વેપારમાં આગળ આવવા લાગી. પહેલાં એશિયાનો વેપાર સત્તા તથા શિરજોરીના તત્વ ઉપર ચાલતો હતો, પણ અર્થશાસ્ત્રનાં મૂળતત્વોનું જ્ઞાન થતાં વેપારનાં એ ધોરણમાં ફેરફાર થયો. વલંદાઓએ નવી સ્થિતિ અનુસાર પોતાની વેપાર પદ્ધતિ બદલી નહીં, એટલે પરિણામમાં તેમના હાથમાંથી વેપાર જતો રહ્યો, અને તેની સાથે રાજ્યનો પણ ઘણોખરો ભાગ ગયો. મસાલાના વેપાર માટે વલંદાઓએ પોતાનું મુખ્ય થાણું દૂરના એમ્બોયના બેટમાં કર્યું હતું, પણ કોએને તે બદલી બટેવિઆમાં આણ્યું ત્યારે મસાલાના વેપારમાં તેમને ખોટ જવા ઉપરાંત તેઓની બદનામી થઈ, અને ધીરે ધીરે એકલા મસાલાના વેપાર ઉપર ઉપજીવિકા મેળવવાના દિવસ જતા રહ્યા. યુરોપમાંથી ફ્રેન્ચ, જર્મન, અંગ્રેજ વગેરે લોકો કાળ તથા દેશના બદલાતા સંજોગોને અનુસરી રાજકીય અને વેપારી બાબતમાં આગળ આવ્યા, તોપણ

વલંદાઓએ પોતાની જુની હઠ છોડી નહી, અને પોતાના પ્રતિસ્પર્ધિઓની પેઠે આગળ વધવાની દરકાર કરી નહીં. યુરોપમાં તેઓ સર્વથી છૂટા પડી ગયા હતા. કારણ તેઓએ પોતાની હદમાં પરદેશી વહાણોને આવવા દીધાં નહી, તેમ રાજ્યમાંની નદી તથા નહેરોમાં અન્ય લોકોને ફરવા દીધા નહીં. આવાં કારણોને લીધે તેમને અનહદ નુકસાન પહોંચ્યું. તેઓ જો જર્મની સાથે જોડાઇ ગયા હોત તો અંગ્રેજો એશિયા ખંડમાં મોટા મુલકના ધણી થઈ બેસત નહીં. વળી ડચ રાષ્ટ્રની પ્રજાની સંખ્યા નાની હતી, અને તેનાં પૂર્વ તરફનાં રાજ્યનો પાયો ઘણોજ ઢીલો હતો. આવાં અનેક કારણોને લીધે આખરે વલંદાઓ અંગ્રેજો સામે ટકી શક્યા નહીં. તેમની અને અંગ્રેજો વચ્ચે સો પચાસ વર્ષ ચાલેલા ઝગડામાં ઇંગ્લંડને તે વેળા ઘણું ખમવું પડયું હતું તોપણ તેનો અંતે જય થયો. વલંદાઓના જુલમમાંથી બચી જવા માટે અંગ્રેજોને પૂર્વના દ્વીપસમૂહમાંથી નાસી જવું પડવાથી તેમની દ્રષ્ટી અન્ય દિશા તરફ ફરી, અને તેથીજ તેઓ પોતાનું રાજ્ય હિંદુસ્તાનમાં સ્થાપી શક્યા. એ દેશ તેમના કબજામાં આવતાં સઘળા વેપાર ઉપર તેમનો કાબુ થયો. કોઇએ વિપત્તિમાં હડી જવું નહીં; ધૈર્ય રાખી આગળ વધતાં આખરે યશપ્રાપ્તિ થયા વિના રહેતી નથી એ અંગ્રેજ તથા વલંદા વચ્ચે ચાલેલા ઝગડાનો મનન કરવા યોગ્ય સાર છે.

૮. **વલંદા નોકરોના પગાર.**—વલંદા લોકોએ પૂર્વ તરફના બેટો- માં જે પદ્ધતિ ઉપર પોતાના વેપારની તથા રાજ્યની વ્યવસ્થા કરી હતી તેનુંજ કંઇક અનુકરણ અંગ્રેજ કંપનીએ હિંદુસ્તાનમાં કર્યું હતું. એ વ્યવસ્થા નીચે પ્રમાણે હતી.

વલંદાઓના કારભારમાં ૧૩ પ્રકારના નોકર હતાઃ—

| પ્રકાર. | નામ. | માસિક પગાર ગીલ્ડર.* | ભથ્થું ડૉલર.‡ |
|---|---|---|---|
| ૧ | કારકુન રાઇટર, સોલ્જર પૈકી. | ૯ થી ૧૪ | |
| ૨ | અંડર (હાથ નીચેનો) એસિસ્ટંટ. | ૨૦ | ૪ |
| ૩ | અપર (ઉપરી) એસિસ્ટંટ. | ૨૮ થી ૩૬ | ૪ |

* ગિલ્ડર=સવા રૂપીઓ. ‡ ડૉલર=ત્રણ રૂપીઆ.

| પ્રકાર. | નામ. | માસિક પગાર ગીલ્ડર. | ભથ્થુ ડૉલર. |
|---|---|---|---|
| ૪ | અંડર મર્ચંટ. | ૩૬ થી ૪૫ | ૮ |
| ૫ | મર્ચંટ (વેપારી). | ૫૦ થી ૬૫ | ૮ |
| ૬ | અપર મર્ચંટ. | ૮૦ થી ૧૨૦ | ૧૨ |
| ૭ | કોમોડોર (સ્ટેટ સેક્રેટરી). | ૧૫૦ | ૨૦ |
| ૮ | ડાયરેક્ટર. | ૨૦૦ | ૩૦ |
| ૯ | ગવર્નર. | | ૩૦ |
| ૧૦ | મેમ્બર એક્સ્ટ્રાઓર્ડિનરી કૌન્સિલ. | ૨૦૦ | |
| ૧૧ | બટેવિઆની કૌન્સિલના મેમ્બર. | ૩૫૦ | ૧૦૦ |
| ૧૨ | ડાયરેક્ટર જનરલ, બટેવિઆ, (બીજો). | ૬૦૦ | ૧૦૦ |
| ૧૩ | ગવર્નર જનરલ ઑફ બટેવિઆ. | ૧૨૦૦ | ૨૦૦ |

એમની લશ્કરી નોકરીમાં હેઠળ પ્રમાણે વ્યવસ્થા હતી:–

| પ્રકાર. | નામ. | માસિકપગાર ગિલ્ડર. | ભથ્થું ડૉલર. |
|---|---|---|---|
| ૧ | પ્રાઇવેટ, અંડર એસિસ્ટંટ. | ૨૦ | ૪ |
| ૨ | સાર્જંટ. | ૨૮ થી ૩૬ | ૪ |
| ૩ | એનસાઈન (અંડર મર્ચંટ પ્રમાણે). | ૩૬ થી ૪૫ | ૮ |
| ૪ | લેફ્ટનન્ટ (મર્ચંટ પ્રમાણે). | ૫૦ થી ૬૫ | ૮ |
| ૫ | કૅપ્ટન (અપર મર્ચંટ પ્રમાણે). | ૮૦ થી ૧૨૦ | ૧૨ |
| ૬ | મેજર (કોમોડોર પ્રમાણે). | ૧૫૦ | ૨૦ |

આ સિવાય ગવર્નર જનરલને સઘળો કાચો ખર્ચ મળતો. વળી સઘળા નોકરોને દર મહિને તેમના દરજ્જા પ્રમાણે દારૂ, મસાલા, તેલ, લાકડાં, ચોખા, આગલી, મીણબતી વગેરે ચીજો આપવાનો વહિવટ હતો. આ પ્રમાણે કાચું સીધું આપવા ઉપરાંત પ્રત્યેક માણસને તેની સગવડ માટે ઉપર લખ્યા પ્રમાણે ભથ્થું ઠરાવી આપ્યું હતું.

વસાહતના ઝફલાના નોકરો પણ ૭ પ્રકારના હતા અને તેમના પગાર વગેરે લગભગ ઉપરના જેવાજ હતા

પાદરી બે જાતના હતા—એક આજારી માણસોનો શુશ્રૂષક—તેનો પગાર ઉપર કહેલા ઍસિસ્ટંટ જેટલો હતો અને બીજો પ્રાર્થના કરનાર, તેનો પગાર અપર મર્ચંટ જેટલો હતો શસ્ત્રવૈદ્ય ( સર્જન ) ને અપર મર્ચંટ જેટલો પગાર મળતો

## પ્રકરણ ૮ મું.

### ઇસ્ટ ઇન્ડીઆ કંપનીની સ્થાપના.

સને ૧૬૦૦

૧ અમેરિકા અને પૅસિફિક મહાસાગરની શોધ
૨ પહેલી પૃથ્વી પ્રદક્ષિણા
૩ ઇલિઝાબેથ રાણીના બહાદુર વહાણવટીઓ
૪ ફ્રાંધર સ્ટીફન અને ગાર્ડ ફ્રેન્ચ
૫ કંપની સ્થાપવાનો ઉપક્રમ
૬ કંપનીની સભાની પહેલી બેઠક
૭ કંપની માટે સનદ મેળવવાની ખટપટ
૮ આ બાબત સ્ફુટ વિચાર

**૧. અમેરિકા અને પૅસિફિક મહાસાગરની શોધ.**—પંદરમા સૈકામા યુરોપમા અનેક મહત્વના બનાવો બન્યા હતા કૉન્સ્ટૅન્ટીનોપલ તુર્ક લોકોના હાથમા જવાથી ત્યાના ગ્રીક તથા લૅટિન પંડિતો પશ્ચિમ તરફના દેશોમા આવ્યા તે અરસામા છાપવાની કળા શોધી કહાડવામા આવેલી હોવાથી વિદ્યાને પુનરુજ્જીવન મળ્યુ, અને યુરોપમા એક નવીજ જાગૃતિ ઉત્પન્ન થઇ સઘળા વિષયોમા નવા વિચારો તથા નવી શોધો થવા લાગી નૌકાશાસ્ત્રમા પોર્તુગીઝો કેટલા આગળ વધ્યા હતા તે પાછલા પ્રકરણોમા આપણે જોયુ છે કોલમ્બસે આટલાંટિક મહાસાગરમા અનેક સફરો કરી પણ તેને અમેરિકાના કિનારાની પાસેના બેટો સિવાય મુખ્ય

પ્રદેશનો પત્તો લાગ્યો નહીં કોપર્નિકસ વગેરે અનેક વિદ્વાન શોધકોનો પૃથ્વી ગોળાકાર હોવા વિશેનો મત જનસમૂહમા ખરો મનાતો નહીં વાસ્કો ડ ગામાને હિંદુસ્તાન આવવાનો સમુદ્ર માર્ગ મળ્યો તોપણ પૃથ્વી ગોળ છે એમ સિદ્ધ થયુ નહીં માત્ર એશિયાના વેપારના લોભમા પૂર્વ તરફના મસાલાના બેટો પોતાના તાબામા લેવા અનેક યુરોપિયન પ્રજાને ઉત્કંઠા થઈ સને ૧૫૦૫ મા સ્પેન દરબારના એ બેટો શોધી કહાડવા માટે થયલી ગોઠવણ મુજબ નીકળેલા વહાણો દક્ષિણ અમેરિકનો કેટલોક કિનારો શોધી સ્પેન પાછા ફર્યા ઇંગ્લંડમા પણ આ પ્રયત્ન શરૂ થવાથી સાતમા હેનરીએ પોતાના ખલાસીઓને સફરે નીકળવાની સનદ આપી, અને પોર્તુગીઝો સાથે કંઈ પણ ટંટામા નહીં ઉતરવા તાકીદ કરી કોલમ્બસે શોધી કહાડેલા યુગાના ટાપુનો કિનારો જાપાનનો પૂર્વ ભાગ હશે એવુ અંગ્રેજો સમજતા હોવાથી તેઓએ યુરોપના વાયવ્ય ખુણા તરફથી દરીઆ માર્ગે હિંદુસ્તાન જવાની મહેનત કરી પૃથ્વી ઉપરનો નહી જણાયલો પ્રદેશ સ્પેન તથા પોર્તુગલના રાજ્યોમા વહેંચી આપનારા પોપના ફરમાનમા પૂર્વ અને પશ્ચિમ એ શબ્દો અનેક વેળા વપરાયલા હતા, પણ તેમા ઉત્તર દિશા માટે કંઈ પણ કહેલુ ન હોવાથી એ બાજુએથી હિંદુસ્તાન જવામા પોપના હુકમનો અનાદર થશે નહી, તેમજ પોતાનું કામ સરશે એવુ અંગ્રેજ ખલાસીઓ ધારતા આ સમયે બ્રિસ્ટલ શહેર ઘણુ આબાદ હતુ, અને દરિયાવર્દીના કામમા ત્યાના વેપારીઓ તથા અન્ય ખલાસીઓ અગ્રગણીય હતા એમાના કેબો (Cabot) નામના બે અગ્રેસર વેપારીઓને સને ૧૪૯૭ મા સાતમા હેનરીએ મદદ કરી હિંદુસ્તાનનો માર્ગ શોધી કહાડવા મોકલ્યા જૉન કેબો જીનોઆનો વેપારી હતો, અને લિસ્બનથી મક્કા લગી મુસાફરી કર્યા બાદ ઇંગ્લંડમા આવી રહ્યા હતો હેનરી રાજાના હુકમ અન્વય એ પોતાના છોકરા સબેસ્ટિયન સાથે એક વહાણ તથા અરાડ ખલાસી લઈ બ્રિસ્ટલથી નીકળ્યો એક મહિને ન્યૂફાઉન્ડલેન્ડના કિનારા ઉપર પહોચતા તેને લાગ્યુ કે તે ચીનને કિનારે આવેલો હતો અહીંથી પાછા ફરી કેબોએ પોતાની હકીકત રાજાને નિવેદન કરી, ત્યારે

લોકોએ તેને પુષ્કળ માનથી વધાવી લીધો એ પછી સબેશ્ચિઅન કેબોએ અમેરિકા લગી ત્રણ મુસાફરી કરી, અને દરેક વખતે નવા નવા પ્રદેશોની શોધ ચલાવી. લેબ્રેડોરના કિનારા ઉપર તેને અનેક સંકટો ખમવાં પડયાં હતાં. છતાં કેબોની આ સઘળી શોધનો બરાબર ઉપયોગ ઈંગ્લંડે કર્યો નહીં.

**અમેરિગો વેસ્પચી** (Amerigo Vespucci) નામનો એક ઇટાલિઅન ગૃહસ્થ કોલમ્બસના કાફલામાં પશ્ચિમ તરફ ઉપડયો હતો, પણ તેની સાથે યુરોપ પાછા ન આવતાં તે નવા હાથ લાગેલા બેટ ઉપર રહી, કિનારે કિનારે ફરી, નવા મુલકો શોધી કહાડતો હતો. એવામાં એક ઠેકાણે મોટાં મોટાં ઝાડો ઉપર ઘરો બાંધેલાં એવું એક ગામડું તેના જોવામાં આવ્યું. એ ઝાડો પાણીમાં ઉગેલાં હોવાથી એક ઘરમાંથી બીજા ઘરમાં જવા માટે યુરોપના વેનિસ શહેરની માફક ત્યાં જળમાર્ગ હતા. આ ગામડું નાનું સરખું વેનિસ હશે એમ જાણી અમેરિગોએ તેને વેનિઝુલા નામ આપ્યું. એ નામ અદ્યાપિ પ્રચલિત છે. કોલમ્બસના મરણ પછી અમેરિગોએ તથા બીજા ગૃહસ્થોએ નવા મુલકોમાં સફર કરી જે શોધો ચલાવી તે ઉપરથી એ સઘળાની ખાતરી થઈ કે જે ભૂમિ તેમને મળી આવી હતી તે કંઈ માર્કોપોલોનો ચીન દેશ નહોતો, તેમ વાસ્કો ડ ગામાનું હિંદુસ્તાન પણ નહોતુ, તે તો એક નવોજ ખંડ હતો. આ અનુમાનની પુષ્ટીમાં અમેરિગોએ ઘણાં પ્રમાણ આપ્યાં હતાં. તેનો અસલ પત્ર ઇટાલિઅન ભાષામાં હતો આખા યુરોપની જાણ માટે લૅટિન વગેરે ભાષાઓમાં તેનાં ભાષાંતરો સત્વર થયાં, તે ઉપરથી તેનું કહેવું ખરૂ હતું એવી સઘળા લોકોની ખાતરી થઈ. અગાઉના લોકોને નહી જણાયલો એવો એક નવો ખંડ અમેરિગોના પ્રયાસથી યુરોપની જાણમાં આવ્યો માટે તેના નામ ઉપરથી એ ખંડનુ નામ અમેરિકા પડયુ. એમ છતાં કોલમ્બસ, કેબો અને અમેરિગો એ સઘળાએ જુદે જુદે વખતે શોધી કહાડેલો પ્રદેશ એકજ હતો એવું સમજતાં લોકોને ઘણો વખત લાગ્યો.

એ સમયની દરેક શોધની હકીકત વાંચતાં આપણને આશ્ચર્ય લાગે છે. પૅસિફિક મહાસાગરની હયાતી વિશે યુરોપિયનોને બીલકુલ માહિતી નહોતી;

તે ઘણી ચમત્કારિક રીતે તેમના જોવામા આવ્યો. પંદરમા સૈકાના આરંભથી અમેરિકા ખંડ માટેની ચર્ચા યુરોપમા શરૂ થઈ હતી, અને એક પછી એક હજારો વહાણો તે તરફ જવા લાગ્યા હતા. એક વેળા સ્પેન દેશમાથી કેટલાક લોકો હેસ્પેનીઓલામા વસાહત કરવા માટે ગયા. તેઓમાનો બાલ્બોઆ નામનો ગૃહસ્થ ત્યા ગયા પછી થોડા વખતમા કરજદાર થયો. કરજદાર માણસને દેશમાથી બહાર જવા દેવા નહીં એવો સ્પેનનો કાયદો હોવાથી બાલ્બોઆ હેસ્પેનીઓલાની બહાર નીકળી શક્યો નહીં, ત્યારે એક વહાણ ઉપરના ખાલી પીપમા ભરાઈ બેસી તે ત્યાથી છટકી ગયો. ભરદરીએ ગયા પછી તે પકડાયો, પણ થોડા દિવસ પછી વહાણુ ખડક સાથે અથડાઈ ભાગી ગયુ. આવે મુશ્કેલ પ્રસંગે બાલ્બોઆનો સાહસિક અને ઉછાછળો સ્વભાવ તેને ઘણો કામ લાગ્યો. વહાણમાથી બચેલા લોકોને તે ડેરિઅન નદી, પનામાની સંયોગિભૂમીના લાંબા કટકા ઉપર આવેલા એક જંગલી લોકોના ગામમા લાવ્યો. અહીંઆ સઘળાઓ વસાહત કરી રહ્યા, અને બાલ્બોઆ તેમનો મુખી થયો. એમણે એ મુલકના અસલી રહેવાસીઓ સાથે મિત્રાચારી કરી સોનાની ખાણુ ખોદી તથા બીજુ કામ કરી પોતાનો નિર્વાહ કર્યા અને આસપાસના પ્રદેશની શોધ કરવા માડી. એક દિવસ સ્પેનના બે ગૃહસ્થો સોનુ વહેંચી લેતા લડી પડયા ત્યારે દેશી લોકોના સરદારે તેમને કહ્યુ કે 'આટલા સોના માટે શુ કામ લડો છો? જો તમારે સોનુજ જોઈતુ હોય તો અહીંથી દક્ષિણમા એક મોટો દેશ છે ત્યા જઈ જોઇએ તેટલુ લો. દક્ષિણ બાજુએ એક મોટો દરીઓ આવેલો છે ત્યાથી વહાણમા બેસી એ સુવર્ણમય (પેરૂ) દેશમા તમારાથી જવાશે.' દક્ષિણે સમુદ્ર છે એવુ સાભળતા બાલ્બોઆને અચંબો લાગ્યો. તરતજ કેટલા માણસોને સાથે લઈ તે નીકળ્યો, અને માર્ગમા આવતી ઉંચા પર્વતોની હાર ઉપર ઘણી મેહેનતથી તે ચડયો. શિખર ઉપર પહોચતા તેની નજર એક પ્રચંડ મહાસાગર પડયો. તે સમયે તેને ઉપજેલા અચંબાનુ વર્ણન કરવુ અશક્ય છે. ત્યા ઘુટણીએ પડી બાલ્બોઆએ ઈશ્વરની પ્રાર્થના કરી, અને તે જગ્યાએ પથ્થરનો

ક્રોસ ઉભો કરી તે પ્રદેશ સ્પેનના રાજાના નામથી પોતાના તાબામા લીધો પછી બીજી તરફથી નીચે ઉતરી ખુલ્લી તલવાર લઈ કમરપુર પાણીમા ઉભા રહી મહાસાગર ઉપર પોતાની સત્તા બેસાડી આ બનાવ તા ૧૩ મી સપ્ટેમ્બર ૧૫૧૩ ને દીને થયો આ શોધને પરિણામે અમેરિકા એક સ્વતંત્ર ખંડ છે, તેની પશ્ચિમે એક મોટો મહાસાગર છે અને તેની પેલી બાજુએ એશિયા ખંડ આવેલો છે એ સઘળુ સિદ્ધ થયુ એજ અરસામા સોલિસ નામનો એક વહાણવટી શોધ કરતા રિઓ પ્લેટા નદીમા દાખલ થઈ ઉપરનો મુલક જોવા માટે આગળ ગયો, પણ ત્યાના રહેવાસીઓ એને અને તેના આઠ સાથીઓને કાપી રાંધીને ખાઈ ગયા એટલે એ તરફ આગળ વધવાની કોઈની હિંમત ચાલી નહીં

**૨. પહેલી પૃથ્વી પ્રદક્ષિણા.**—મૅગેલન નામનો એક પોર્તુગીઝ ખલાસી આલ્બુકર્ક સાથે ગોવા જઈ ત્યાથી પૂર્વ તરફના દ્વીપસમૂહમા પ્રવાસે ફરતો હતો એ વેળા દેશીઓ સાથે તકરાર થતા અનેકવાર એણે પોતાની બહાદુરી બતાવી હતી અહીંથી પોર્તુગલ પાછા ફર્યા પછી તેને લાગ્યુ કે જો આપણે પશ્ચિમ દિશામાં આગળ ચાલ્યા જઈએ તો પૂર્વના બેટોમા અવશ્ય પહોચીએ, કેમકે આટલાંટિક મહાસાગરમાથી હિંદી મહાસાગરમા ઉતરવાનો કોઈપણ જળમાર્ગ હશે આ વિચાર પાર પાડવામા પોર્તુગલના રાજાએ તેને મદદ કરવા ના પાડી, ત્યારે સ્પેનના રાજાની મદદથી તા ૨૦ મી સપ્ટેમ્બર ૧૫૧૮ ને રોજ ભાગેલા તુટેલા પાચ વહાણો તથા ૨૮૦ માણસો લઈ મૅગેલન નીકળ્યો ત્રણ મહિને બ્રાઝિલ પહોચ્યા પછી સાથેના માણસોએ ઉઠાવેલુ બંડ ઘણા ધૈર્યથી દાબી દઈ તે આગળ વધ્યો જતા રસ્તામા લાપ્લેટા નદીના મુખ આગળ તેણે ધાર્યુ કે કદાચ એ નદી મારફતે બીજી તરફ નીકળવાનો માર્ગ હશે થોડુક ગયા પછી તેને જણાયુ કે આ કંઈ સમુદ્ર નથી પણ નદી છે ત્યારે તે પાછો ફર્યો, અને દક્ષિણ તરફ ચાલતો બાર્થોલોમ્યુએ શોધી કહાડેલા દરીઆમા દાખલ થવાનો તેનો વિચાર હતો, એટલે તેજ દિશામા એણે ચાલવા કર્યું આગળ જતા ટાઢ ઘણી લાગી, અને વધારે લાંબી મુસાફરી કરવાની કોઈએ હિંમત કરી

નહીં. તેની પાસેની અન્ન સામગ્રી ખુટી જતાં માણસોને ચામડાનાં દોરડાં કરડી તેનો રસ ગળવાનો વખત આવ્યો. આવાં કષ્ટ વેઠી તે એક સાંકડી સામુદ્રધુનીમાં દાખલ થયો. જમણા હાથ ઉપરનો જમીનનો ખુણો ઓળંગી આગળ જતાં તા. ૨૮ નવેમ્બર ૧૫૨૦ ને દિવસે તેણે એક મોટા શાંત સમુદ્રમાં પ્રવેશ કર્યો. આટલો વખત તોફાન વગેરે સહન કર્યા પછી એક શાંત દરીઓ મૅગેલનને હાથ લાગવાથી તેણે તેનું નામ પૅસિફિક મહાસાગર આપ્યું. હવે મૅગેલન પાસે ફક્ત ત્રણજ વહાણ રહ્યાં હતાં, તે લઇ કંઇક ઉત્તર તરફ જઇ ફરીથી તેણે પશ્ચિમ તરફ કૂચ કરી. અઠવાડીઆનાં અઠવાડીઆં અને મહિના પછી મહિના નીકળી ગયા તોપણ તેને જમીન હાથ લાગી નહીં. ચામડાં પાણીમાં પલાળી તે ખાવાની તેને અને તેનાં માણસોને જરૂર પડી. ભુખમરાથી કેટલાંક માણસો મરણ પામ્યાં, છતાં મૅગેલન પોતાના વિચારમાંથી ડગ્યો નહીં. અઠ્ઠાણું દિવસ પછી તે એક બેટ ઉપર આવી પહોંચ્યો ત્યાં એને તાજાં ફળ તેમજ શાકભાજી મળ્યાં. દસ દિવસની વિશ્રાંતિ બાદ આગળ જતાં રસ્તામાં તેણે બીજા કેટલાક બેટો જોયા, અને તે સ્પેનના રાજાને નામે મૅગેલને પોતાના તાબામાં લીધા. તે વેળાના ૭ વર્ષના સ્પેનના રાજા ફિલિપના નામ ઉપરથી આ ટાપુઓનું નામ ફિલિપાઇન આઇલન્ડસ પડયું. આ બેટમાં મૅગેલને ચીનાઇ વેપારીઓને મસાલો વગેરે લઇને આવેલા જોયા તે ઉપરથી તેની ખાતરી થઈ કે મસાલાના બેટો હવે નજદીકજ હોવા જોઇએ. મૅગેલન પોતે કંઇ થોડો ઉદ્યોગી તથા સંકટ વ્હોરી લેનાર નહોતો. આવી મુસાફરીમાં પણ તે પારકાં રાજ્યો લઈ લેવાનું તથા ત્યાંના લોકોને વટલાવી ખ્રિસ્તી કરવાનું કામ કરવા લાગ્યો. એક રાજા પાસે તેણે સ્પેન તરફથી ખંડણી માંગી પણ તે ન મળવાથી ૪૮ માણસો લઈ મૅગેલન કિનારે ઉતર્યો. તેના ઉપર હજારો લોકો ભાલા લઈ ધસી આવ્યા, અને થયલી ઝપાઝપીમાં લડતાં મૅગેલન માર્યો ગયો (તા. ૨૭ એપ્રિલ સને ૧૫૨૧). એના બે સાથીદાર સેરાનો તથા બાર્બોઝા ત્યાંથી નીકળી બોર્નિઓ થઇ એજ વર્ષના નવેમ્બર માસમાં મલાકકાના મસાલાના ટાપુ આગળ આવી પહોંચ્યા. ત્યાંથી હિંદુસ્તાનના તથા

આફ્રિકાના દક્ષિણ છેડાની પ્રદક્ષિણા કરી તા. ૮ મી સપ્ટેમ્બરે તેઓ સ્પેન પહોંચ્યા. મૅગેલનની સાથે ઉપડેલાં પાંચ વહાણો પૈકી વિકટોરીઆ નામનું એકજ વહાણ પૃથ્વીની આ પહેલી પ્રદક્ષિણા કરી સ્પેન પાછું આવ્યું. એ વહાણ અદ્યાપિ એક નવાઇ તરીકે જાળવી રાખવામાં આવ્યુ છે. મૅગેલનની આ સફરને લીધે પૃથ્વીના ગોળાકાર વિશે તેમજ તેના એકંદર વિસ્તાર વિશે યુરોપના લોકોને કંઇક ભાન થયું, અને રાજપુત્ર હેનરીએ ઉપાડેલું કામ પાર પડ્યુ. દક્ષિણ અમેરિકાના છેડા ઉપરની સામુદ્રધુની હજીપણ મૅગેલનની સામુદ્રધુનીને નામે ઓળખાય છે.

પોપના હુકમ અન્વય પોર્ટુગીઓને મળેલું નવીન પ્રદેશનું સ્વામિત્વ સુમારે સો વર્ષ લગી ટકી રહ્યું. એ મુદ્દતમાં એટલે સોળમા સૈકાના અંત લગી પોપના ફરમાન વિરૂદ્ધ વર્તન કરવાની યુરોપિયન રાજ્યોની છાતી ચાલી નહીં. પ્રૉટેસ્ટંટ ધર્મની સ્થાપના બરાબર થઈ નહીં હતી અને સ્પેનની સત્તા અપરિમિત હતી, ત્યાં સુધી એવી હિંમત કરનાર કોઇ હતું નહીં, એટલે પોપના હુકમ વિરૂદ્ધ કંઇ પણ આચરણ ન કરતાં વેપાર વધારવાના માર્ગ શોધી કહાડવાના હેતુથીજ અંગ્રેજોએ પોતાના શરૂઆતના પ્રયત્નો કર્યા હતા. વેનિશિઅન વેપારીઓ મુસલમાનોને મદદ કરી ખુશ્કીને માર્ગે પોર્ટુગીઝ લોકોના વેપારમાં આડખીલી નાખતા એ આપણે ઉપર જોયું છે. સને ૧૫૨૧ માં સ્પેન તરફથી મૅગેલને પૃથ્વીની પ્રદક્ષિણા કરી અને તેની ગોળાકૃતિ વિશે લોકોની ખાતરી કરી ત્યારે પોપના હુકમનું ઉલ્લંઘન કર્યા સિવાય પશ્ચિમ દિશામાં પ્રવાસ કરતાં ગમે તે મુલકમાં સ્પેનના લોકોને જવાની સગવડ મળી. આથી સ્પેન તથા પોર્ટુગલ વચ્ચે મસાલાના બેટ વાસ્તે ઘણો ઝનુની ટંટો થયો. એ તકરારનો અંત આણવા સને ૧૫૨૯ માં બન્ને દેશોએ સારાગોઝામાં તહ કરી એવું ઠરાવ્યું કે પોર્ટુગલે સ્પેનના રાજાને સત્તર લાખ રૂપીઆ આપવાના બદલામાં સ્પેને મસાલાના બેટ ઉપરનો પોતાનો હક છોડી દેવો. આ બાબત યુરોપમાં કલહ ઉત્પન્ન ન થાય એટલા માટે ઇંગ્લંડના આઠમા હેનરી રાજાને આ કોલકરારમાં સામેલ કરવામાં આવ્યો હતો.

સને ૧૫૨૭ માં રૉબર્ટ થૉર્ને અત્યંત પરિશ્રમ વેઠી વાયવ્ય કોણ તરફથી હિંદુસ્તાન જવાનો માર્ગ શોધવા માટે ફરીથી વહાણો રવાના કર્યાં, પણ તેનું જાણવા જેવું પરિણામ આવ્યું નહીં. તેવીજ રીતે સને ૧૫૩૬ માં હોઅર અને બીજાં સાઠ માણસો બે વહાણ લઈ ન્યુફાઉન્ડલેન્ડ લગી ગયાં હતાં, પરંતુ ખોરાકની તંગીને લીધે દરેકને વારા ફરતી ખાવાનું મળતાં સઘળાઓને પાછા ફરવું પડ્યું. એ પછી સને ૧૫૫૩ માં સર હ્યુ વિલોબી (Sir Hugh Willoughby) એ એક મહત્વની સફર માટે તૈયારી કરી. એ સફરમાં સબેસ્ટિઅન કેબો તેની સાથે હતો અને ખર્ચને માટે દરેકે ૨૫ પૌંડ આપી એકંદર ૬૦૦૦ પૌંડ એકઠા કર્યા હતા. વિલોબી સાથે ત્રણ વહાણો હતાં, અને તેને છઠ્ઠા એડવર્ડ રાજા તરફથી પૂર્વના રાજા ઉપર કાગળો મળ્યા હતા. નોવા ઝેમ્બ્લા પહોંચ્યા પછી રશિઆના ઉત્તર ભાગમાં આ વહાણો બરફમાં સપડાઈ ગયાં અને સઘળા લોકો મરણ પામ્યા. એ પછી બે વર્ષે બીજા લોકો તે તરફ ગયા ત્યારે વિલોબીને તથા તેનાં સત્તર માણસોને પોતપોતાનાં વહાણોમાં બરફમાં ઠરી જઈ મરી ગયલાં તેમણે જોયાં. વિલોબી કાગળો લઇ રોજનીશી લખતો પોતાની ખોલીમાં બેઠો હતો. તેના હાથ હેઠળના રિચર્ડ ચૅન્સેલરનું વહાણ વિલોબીનાં વહાણોથી દૂર હોવાને લીધે તે છટવા પામ્યો હતો. તેણે ઇંગ્લંડ પાછા આવ્યા પછી રશિઆના ઉત્તર ભાગમાં થઇ એશિયાખંડ સાથે વેપાર ચલાવનારી એક કંપની ઉભી કરી. આ કંપનીને રાણી મેરીએ સને ૧૫૫૪ માં વેપારની સનદ બક્ષી હતી. મસ્કોવી કંપનીને નામે પ્રસિદ્ધ થયલી આ કંપની અરાડમા સૈકાની આખર લગી ચાલી હતી. આ કંપનીનો જેન્કીન્સ નામનો એક વેપારી સને ૧૫૫૭ માં મૉસ્કો ગયો ત્યારે રશિઆના ઝારે તેને મિજબાની આપી હતી. ત્યાંથી આગળ વધી બુખારા જતાં તેને હિંદુસ્તાનના વેપારીઓ મળ્યા. આ જેન્કીન્સ ઇંગ્લંડ તથા મૉસ્કો વચ્ચે ફર્યા કરતો હતો. એનાજ પ્રયાસથી રશિઆનો કાફલો તૈયાર થયો, અને તે દેશનો દરીઆ માર્ગનો વેપાર વધ્યો. જેન્કીન્સે કહાડેલો માર્ગ ખુસ્કીનો હોવાથી પોર્ટુગીઝો સામે અંગ્રેજો ટકી શકયા નહીં, તેમજ

કાસ્પિઅન સમુદ્ર ઉપર ચાચીઆનો તથા વૉલ્ગા નદી ઉપર લૂગરૂ તાર્તારનો તેને અતિશય ત્રાસ નડવાથી આ વાનચ્ય કોણના માગથી અગ્રેજોને એકદર કઈ પણ ફાયદો મળ્યો નહી

**૩. ઇલિઝાબેથ રાણીના બહાદુર વહાણવટીઓ.**—સને ૧૫૫૩ થી ૧૫૫૮ સુધી ઇગ્લડની ગાદી ઉપર રાણી મેરી હતી તે કેથૉલિક પથની હતી, અને તેના લગ્ન સ્પેનના ફિલિપ રાજા સાથે થયા હતા પોતાના ધણીની મદદથી ઇગ્લડમા કેથૉલિક પથ પુન સ્થાપવાનો રાણી મેરીનો વિચાર હતો, પરતુ સને ૧૫૫૮ મા થયલા તેના મરણથી મહાન યોજના પડી ભાગી. એની પછી રાણી ઇલિઝાબેથ ગાદી ઉપર આવી, અને ઇગ્લડના ઇતિહાસને જુદાજ પ્રકારનુ વલણ મળ્યુ ઇલિઝાબેથને પ્રૉટેસ્ટટ ધર્મનુ અનહદ અભિમાન હતુ, અને સ્પેનનુ ઐશ્વર્ય જોઈ તેને અતિશય વૈશમ્ય લાગ્યુ હતુ ધર્મનો બચાવ કરવા માટે તથા વેપારને ઉત્તેજન આપી સપત્તિ મેળવવા માટે સ્પેનની સાથે ખુલ્લી રીતે બહાર પડવુ એ જોખમ ભર્યું હતુ એમ તેની ખાતરી હોનાથી તેણે પોતે ઇગ્લડની પ્રજાને સ્વાવલબનનો માર્ગ બતાવ્યો રાણી તરફનુ પ્રોત્સાહન મળતાજ ડ્રેક, હૉકિન્સ, ફ્રૉબિશર, ગિલ્બર્ટ, વગેરે અનેક નામાકિત વહાણવટીઓ એકદમ પ્રસિદ્ધિમા આવ્યા, અને દરીઆ ઉપર બહાદુરીના કામો કરવા લાગ્યા. ઇગ્લડની દરીઆઈ શક્તિનો આરભ આ સમયે થયો એમ યોગ્ય રીતે કહી શકાય

સર ફ્રાન્સિસ ડ્રેક (Sir Francis Drake) નુ નામ ઇગ્લડના વહાણવટીઓમા અગ્રગણ્ય છે આ અને બીજા પ્રખ્યાત વહાણવટીઓ ડેવનશાયર પ્રાતના વતની હતા ડ્રેક નાનો હતો ત્યારથી હોલેન્ડ લગી સફરે જતો એટલે તે દેશમા સ્પેને ચલાવેલા કેરની ખરી હકીકત તેને મળી હતી, અને તે ઉપરથી તે દેશનો વેપાર છીનવી લેવા તેણે નિશ્ચય કર્યો હતો સને ૧૫૬૭ મા જૉન હૉકિન્સ અને ડ્રેક થોડાક વહાણો લઈ અમેરિકા ગયા; ત્યાથી સોનુ, ચાદી, રત્ન વગેરે લઇ પાછા આવતા રસ્તામા સ્પેનના જહાજે તેમને લૂટ્યા, એટલે એ બેઉ જણા પોતાનો જીવ બચાવી મહા મહેનતે સ્વદેશ પાછા ફર્યા સ્પેનિશ લોકોને તેઓએ હાથ નતાવ્યાથી

તેમની પ્રતિષ્ઠા ઈંગ્લંડમાં ઘણી વધી. ફરીથી સને ૧૫૭૪ માં ડ્રેક ૭૩ માણસોને સાથે લઈ ગુપ્તપણે અમેરિકા ગયો. પનામા સંયોગિભૂમિના પશ્ચિમ કિનારા ઉપર સ્પેનિઅર્ડો પેરૂથી અપરિમિત સોનું લાવ્યા હતા, અને તે આટલાંટિક મહાસાગરના કિનારા ઉપર આણી સ્પેન લઈ જવાની તૈયારીમાં હતા, એવી બાતમી ડ્રેકને મળતાં તે એકદમ સ્પેનિઅર્ડો ઉપર તુટી પડ્યો. પણ એની પાસે ઘણાં થોડાં માણસો હોવાથી એની હાર થઈ અને સ્પેનિઅર્ડોએ એને હાંકી મુકયો. આ વેળા ડ્રેક ઉપર ભયંકર વાદળ ઘેરાઈ આવ્યું હતું, અને તેની દયાજનક અવસ્થાનું વર્ણન અત્યંત હૃદયદ્રાવક હતું. રોગથી તેનાં પુષ્કળ માણસો મરણ પામ્યાં હતાં, તેનો ભાઈ ગુજરી ગયો હતો, છતાં પણ ન ડગતાં તે સંયોગિભૂમી ઉપરના ડુંગરો ચડયો, અને તેના શિખર ઉપરથી પૅસિફિક મહાસાગર નિહાળી પ્રાર્થના કરી કે 'ઓ ઈશ્વર ! આ સમુદ્ર ઉપર મુસાફરી કરવા મને સામર્થ્ય આપ.' આજ લગી સ્પેનની અમેરિકામાંની સત્તા તથા દોલત ગુપ્ત હતી તે હવે પછી જગજાહેર થઈ.

ઇંગ્લંડ આવી સને ૧૫૭૭ માં રાણી ઇલિઝાબેથની પરવાનગી લઈ ડ્રેક પૃથ્વીની પ્રદક્ષિણા કરવા નીકળ્યો. એ વખતે તેની વય ફક્ત ૩૨ વર્ષની હતી, તોપણ તેની હિંમત ઘણી વિલક્ષણ હતી. તેના વહાણનું નામ પેલિકન હતું, અને સાથે દોડસો ખલાસીઓ હતા. રસ્તામાં માણસોનાં બંડ ફિતુર વગેરે તોફાનોને લીધે એને ઘણું ખમવું પડયું. વાલ્પારેઓના બંદરમાં તેણે કેટલાંક સ્પેનિશ જહાજો લુટયાં, અને તે ઉપરની અપાર સંપત્તિ તેના કબજામાં આવી. એ પછી તે અમેરિકાને પશ્ચિમ કિનારે થઈ સૅન ફ્રાન્સિસ્કો લગી ગયો; ત્યાંથી પશ્ચિમ તરફ વળી તે ફિલિપાઈન બેટોમાં આવ્યો. અહીં અનેક સંકટો સહન કરી તે મસાલાના ટાપુમાં ઉતર્યો, ત્યારે ટર્નેટના રાજાએ લવેંગનો સઘળો પાક અંગ્રેજ વેપારીઓને વેચવા કબુલ કર્યું. અહીંથી ડ્રેક હિંદી મહાસાગરમાં થઈ આફ્રિકાના દક્ષિણ છેડાનું ચક્કર લઈ, ઇંગ્લંડ છોડયા પછી બરાબર ત્રણ વર્ષે પાછો પ્લિમાઉથ બંદરમાં દાખલ થયો. આ પ્રમાણે પૅસિફિક મહાસાગર ઉપર મુસાફરી કરવાની તેની ઈચ્છા ઈશ્વરે પાર પાડી.

ડ્રેક જે કંઈ દ્રવ્ય લાવ્યો હતો તે સઘળું તેણે રાણી ઇલિઝાબેથને ભેટ કરી દીધું. મૅગેલનના 'વિક્ટોરીઆ'ની માફક ડ્રેકનું 'પેલીકન' જહાજ અદ્યાપિ સંગ્રહસ્થાનમાં છે. 'અજાણ્યા ભૂપ્રદેશના આ અથાગ ચોર'ને રાણીએ 'સર'નો ખિતાબ આપ્યો. ડ્રેકના આ સાહસને લીધે સ્પેનનો ઐશ્વર્યભાનુ પશ્ચિમ તરફ ઉતરવા લાગ્યો.

સ્પેનનો રાજા ફિલિપ આ અપમાન મુગે મ્હોડે સહન કરે તેવો નહોતો. પોતે ઉપાડેલા કામની પુષ્ટિમાં રાણી ઇલિઝાબેથે તેની સાથે એવી તકરાર ઉઠાવી કે હવા અને પાણી પરમેશ્વરે મનુષ્યના ઉપયોગ માટે નિર્માણ કરેલા હોવાથી બીજાઓને તેનો ઉપભોગ કરતા અટકાવવાનો કોઈને પણ હક નથી. આની તકરાર ફિલિપને રુચિકર ન થવાથી તેણે પોતાની સઘળી દોલત વ્યય કરી ઇંગ્લંડ જીતવા માટે એક પ્રચંડ કાફલો તૈયાર કર્યો. તેમાં તેણે એટલી બધી યુદ્ધ સામગ્રી ભરી હતી કે તેને 'અજીત કાફલો' (Invincible Armada) કહેવામાં આવતો. સને ૧૫૮૮ ના જુલાઈ માસમાં આ કાફલો ઇંગ્લિશ ચેનલમાં દાખલ થતાં કેટલાક અંગ્રેજ ખલાસીઓની યુક્તિ પ્રયુક્તિને લીધે, તથા કેટલાક ભયંકર તોફાનને લીધે તેનો સંપૂર્ણ નાશ થયો, સ્પેનના હજારો લોક મૃત્યુ વશ થયા, અને તેના આખા આરમારના ચુરેચુરા થઈ ગયા. વાસ્તવિક રીતે અહીંથીજ સ્પેનની પડતીનો આરંભ થયો કહી શકાય.

**માર્ટિન ફ્રૉબિશર** (Martin Frobisher)—ઇંગ્લંડના આ પ્રસિદ્ધ ખલાસીનો જન્મ સને ૧૫૩૫ માં થયો હતો. એનું સઘળું આયુષ્ય દરીઆ ઉપરજ વ્યય થયું હતું. કેબો અને વિલોબીની માફક એ પણ વાયવ્ય દિશા તરફથી હિંદુસ્તાન જવાનો જળમાર્ગ શોધી કહાડવાની ધુનમાં ઘસડાઈ ગયો હતો. આવો નવો રસ્તો જડતાં હિંદુસ્તાનની ધન સંપત્તિ પોતાના હાથમાં લેવાની તેના મનમાં મના હતી. ડ્રેકની પેઠે ચોફેરી વગારા તરફ નામ કહાડવાનું તેને પસંદ ન હોવાથી ગમે તેવી નવી શોધ કરી ઇંગ્લંડના ઇતિહાસમાં કીર્તિ મેળવવાનો તે મથતો હતો. આથી લોકો તેને 'મૂર્ખનો સરદાર' કહેતા. પુષ્કળ મહેનત કરી તેણે કેટલુંક નાણું એકઠું

કર્યું, અને ૧૫૭૬ મા બે જહાજ લઇ તે ઉત્તર ધ્રુવ તરફ જવા નીકળ્યો પણ લેબ્રેડોરની અગાડી બરફવાળા બેટોમા પુષ્કળ દિવસ ગુમાવી નાસીપાસ થઇ તેને પાછા ફરવુ પડયુ અહીથી તે કેટલાક સોનાના પથરા લાવ્યો હતો તે જોઈ લોકોના મ્હોડામા પાણી છુટયુ એટલે બીજેજ વર્ષે તેઓએ ફ્રૉબિશરને નવા પ્રદેશનો કબજો લેવા માટેની સઘળી તૈયારી કરી આપી ફરીથી ઉત્તર તરફ મોકલ્યો પહેલાની માફક આ સફર પણ નિષ્ફળ ગઈ, છતા લોકોની સોનાચાદીના ગચીઆં મેળવવાની ઉત્કંઠા શાન્ત પડી નહી. સને ૧૫૮૩ મા ફ્રૉબિશરે આણેલા સઘળા પથરામાથી એક હોશીઆર કારીગરે સોનુ ગાળી પાડયુ તો તે ત્રણ વાલ જેટલુ પણ નીકળ્યું નહીં આથી ફ્રૉબિશર તથા તેના અનુયાયીઓની સઘળી આશા ભાગી પડી, અને ત્રણ સફર મળી ખર્ચાયલા ત્રણ લાખ રૂપીઆ પાણીમાં ગયા. ફ્રૉબિશરે પોતાની જાત હિમત ઉપર આ કામ ઉપાડયુ હતુ પણ તેની સઘળી મહેનત વ્યર્થ જતા તેના ઉપર અનિવાર્ય સંકટ આવી પડયુ. તેને અન્ન તથા દાંત વચ્ચે વેર પડયુ તેના માગનારાઓ તથા તેની સ્ત્રી અને પંદર છોકરાઓની અનદશા થઇ સર્વે લોકોએ તેની સામે પૈસા માટે ફરીઆદ કરવાથી તેને ૩૫ વર્ષ કેદખાનુ ભોગવવુ પડયુ આ પ્રમાણે વાયવ્ય દિશા તરફનો રસ્તો શોધવાના અનેક પ્રયત્નો નિષ્ફળ ગયા

**સર હંફ્રી ગિલ્બર્ટ** ( Sir Humphrey Gilbert ) તથા **સર વૉલ્ટર રાલે** (Sir Walter Raleigh), એ બેઉ ડેવનશાયર પ્રાતમા રહેતા સાવકા ભાઇ હતા ઇગ્લંડમાં ઉત્કૃષ્ટ વહાણવટીઓ હોવા છતાં ત્યાના લોકો કેવળ લુટારાનો માર્ગ અંગીકાર કરી, બીજા દેશોના રહેવાસી પેઠે નવી શોધો કરે નહીં, તથા નવા પ્રદેશો શોધે નહીં એ બાબત તેમને અત્યંત દુઃખ ઉપજવાથી અમેરિકામા અગ્રેજી વસાહત સ્થાપવા માટે તેઓએ રાણી ઇલિઝાબેથને સલાહ આપી પ્રથમ એ સલાહ તેને પસંદ પડી નહીં કેમકે તે પ્રમાણે અમલ કરતા દેશમા પૈસો ન આવતાં ઉલટો ખર્ચ થઈ જાય એમ તેને લાગ્યુ એમ છતા સને ૧૫૭૮ મા ગિલ્બર્ટ અગીઆર વહાણ તથા પાંચસો માણસો લઇ ન્યૂફાઉન્ડલૅન્ડ ગયો, પણ

ત્યાં યોગ્ય વ્યવસ્થા ન થવાથી તેને પાછા આવવું પડ્યું ફરીથી સને ૧૫૮૩ માં તેજ ઠેકાણે એ ગયો, પરંતુ પુનરપિ અપયશ મળતાં તે પાછો ફરતો હતો તેવામાં રસ્તામાં વહાણ ભાગી જવાથી તે ઉપરના સઘળા માણસો સહિત તે દરીઆમાં ડુબી જઇ મરણ પામ્યો ગિલ્બર્ટ 'અંગ્રેજ વસાહતનો પિતા' કહેવાય છે

એની પછી સર વૉલ્ટર રાલેએ એ કામ ઉપાડી લીધું તેણે સને ૧૫૮૪ માં અમેરિકાના એક ઘણા ફળદ્રુપ પ્રદેશ ઉપર પહેલ વહેલું અંગ્રેજ થાણું સ્થાપન કર્યું અને તેને કુમારિકા ઇલિઝાબેથ રાણીના સન્માનાર્થે 'વર્જીનિઆ' નામ આપ્યું આ વસાહત યશસ્વી થતાં ઘણો કાળ નીકળી ગયો આજ અરસામાં તબાકુ અને બટાટા ઇંગ્લંડમાં પ્રથમ રાલે અને હૉકિન્સ લાવ્યા એવું કહેવાય છે

આ સિવાય **સર રિચર્ડ ગ્રેનવિલ, જૉન ડેવિસ, હેનરી હડ્સન** ઇત્યાદિ ઇંગ્લંડના અનેક બહાદુર વહાણવટીઓએ અસંખ્ય પરાક્રમો કર્યાં છે આ સઘળાથી સ્પેનિશ લોકોની સંપૂર્ણ ખાતરી થઈ કે અંગ્રેજો પણ વહાણવટામાં અત્યંત શૂરા હતા એમના પરાક્રમને પ્રતાપે તેમનાં નામ યુરોપમાં ધીમે ધીમે આગળ આવ્યાં આ ઉન્નતીનું ઘણુંખરૂં માન રાણી ઇલિઝાબેથને આપવું જોઇએ સ્પેનને તોડી પાડવાનો મન સાથે નિશ્ચય કરી આ વિલક્ષણ બુદ્ધિવાળી રાણીએ રાષ્ટ્રીય વૃદ્ધિના દરેક કામને પોતાનો પૂર્ણ ટેકો આપ્યો તેથીજ અનેક શૂરવીર પુરૂષો જાહેરમાં આવ્યા અંતઃકરણમાં ખરી લાગણી હોય તો એકજ માણસ શું કરી શકે છે તે આટલા ઉપરથી વ્યક્ત થાય છે

**૪. ફાધર સ્ટીફન ( Father Stephen ) અને રાલ્ફ ફિચ ( Ralph Fich )**—ફિલિપ અને ઇલિઝાબેથ વચ્ચેની તકરારના અનેક રૂપાંતરો થતા હતા ત્યારે સને ૧૫૮૫ પછીનાં ત્રણ વર્ષમાં જૉન ડેવિસ ત્રણ વખત ઉત્તર તરફ મુસાફરીએ ગયો હતો સને ૧૫૮૬ માં ટૉમસ કેંવેન્ડિશ ઇંગ્લંડથી નીકળી અમેરિકા થઈ ચીન, મસાલાના બેટો, હિંદુસ્તાન વગેરે ઠેકાણે કિનારે કિનારે ફરી, સ્પેનના તાબાના મુલકમાં બડ઼ ઉશ્કેરી

તથા પુષ્કળ મહત્વની ખબર મેળવી સને ૧૫૮૮ના સપ્ટેમ્બર મહિનામાં, એટલે સ્પેનિશ આરમારના પરાભવ પછી બે મહિને સ્વદેશ પાછો ફર્યો. ઉત્તરનો માર્ગ શોધવાની ખટપટ છોડી દઈ પોર્ટુગીઝોનેજ રસ્તે વેપાર ચલાવવાનું અંગ્રેજોના મન ઉપર પ્રથમ ઠસાવનાર કેવેન્ડિશ હતો. ઇંગ્લંડમાં આ વખતે મોટાં મોટાં જહાજો તૈયાર થતાં હતાં, પણ તેનો ઉપયોગ ન થવાથી તે નકામાં પડી રહ્યાં હતાં. નવાં વસાહત સ્થાપવા માટે અંગ્રેજો પાસે જોઇએ તેવી જગ્યા નહોતી, કેમકે પોપના હુકમ અન્વય નવા શોધી કહડાયલા મુલકના એકલા માલિક સ્પેન અને પોર્ટુગલનાં રાજ્યો હતાં ઇંગ્લંડનાં વહાણો આમસ્ટર્ડામ લગી જતાં પણ ક્વચિતજ ભૂમધ્ય સમુદ્રની પૂર્વ હદ સુધી તેઓ પ્રવાસ કરતાં. એમ છતાં પૂર્વ તરફના મસાલા, બનારસનું ઉંચું કાપડ, ઇરાનનું રેશમ, ગોવળકોન્ડાના હીરા વગેરે માલ જર્મની તથા હોલેન્ડનાં બંદરોમાંથી ઇંગ્લંડ આવતો હતો. સને ૧૫૮૬ માં સ્પેનના ફિલિપ રાજાએ હોલેન્ડના એન્ટવર્પ શહેરનો નાશ કર્યો ત્યારે ત્યાંના વેપારીઓ ઇંગ્લંડ આવી રહ્યા. એ દેશના વણકરો પુષ્કળ માલ તૈયાર કરતા, પણ પરદેશમાં તેનો ઉપાડ ન થવાથી તે સઘળો પડી રહેતો, અને અંગ્રેજ ખલાસીઓ આળસાઇમાં નિશ્ચિંત બેસી રહેતા. ઇંગ્લંડની આવી સ્થિતિ હતી ત્યારે કેવેન્ડિશ પૃથ્વીની પ્રદક્ષિણા કરી પાછો આવ્યો. તેની તરફથી પૂર્વના વેપારની ભરોસાલાયક હકીકત મળતાં લંડનના મુખ્ય મુખ્ય વેપારીઓએ કેવેન્ડિશની સહાયથી એક અરજી રાણી ઇલિઝાબેથને સાદર કરી. તેના ઉપર ઘણી તકરાર તથા ચર્ચા થયા પછી આખરે પૂર્વના વેપાર માટે સફર કરવાની રાણીએ પરવાનગી આપી, અને તેના ખર્ચ માટે વર્ગણી કરી નાણું ભેગું કરવામાં આવ્યું.

આ પ્રમાણે લંડનના સાહસિક વેપારીઓએ કેપ્ટન રેમંડના ઉપરીપણા હેઠળ ત્રણ વહાણો સને ૧૫૯૧ માં પૂર્વ તરફ રવાના કર્યાં. પણ યુરોપની અન્ય પ્રજાને ઇંગ્લંડના વેપારીઓનું આ કામ રૂચ્યું નહીં. વલંદા, ફ્રેન્ચ, સ્પેનિશ તથા પોર્ટુગીઝ લોકો ઇંગ્લંડની મજાક કરવા લાગ્યા, કેમકે તેમના મત પ્રમાણે અંગ્રેજો દરીઆ ઉપર બીલકુલ ઉપયોગના હતા નહીં.

અને આવું મોટું સાહસ ઉપાડવા માટે તેઓ નાલાયક હતા. આ પહેલોજ કાફલો ગયા પછી ટૉમસ સ્ટીફન નામના એક અંગ્રેજ ગૃહસ્થે હિંદુસ્તાનના વેપારની પુષ્કળ હકીકત ઇંગ્લંડ લખી મોકલી.

**ફાધર ટૉમસ સ્ટીફન** (ઈ. સ. ૧૫૪૯–૧૬૧૯). એનો જન્મ ઇંગ્લંડમાં સૅાલ્સબરી ગામ પાસે સને ૧૫૪૯ માં થયો હતો. એનો પિતા લંડનનો વેપારી હતો, અને તેણે એને નાનપણથીજ ધંધામાં નાંખ્યો હતો. પણ તેમાં એની કંઈ આવડત ન ચાલવાથી તે ઑક્સફર્ડની ન્યૂ કૉલેજમાં દાખલ થઈ ગ્રેડ્યુએટ થયો. એ દરમિઆન પ્રૉટેસ્ટંટ ચળવળ વિરૂદ્ધ અને રોમન કેથૉલિક પંથની તરફેણમાં એણે અનેક વેળા જુસ્સાદાર તકરાર ચલાવી હતી. તેજ વખતે થૉમસ પાઉન્ડ (Thomas Pound) નામનો એક વિદ્વાન કેથૉલિક પંથની વૃદ્ધિ માટે મહેનત કરતો હતો તેની સાથે સ્ટીફનને દોસ્તી થઇ. પાઉન્ડની વર્તણુક લોકોને નહીં પસંદ પડવાથી તેને માથે કારાગૃહનું સંકટ આવી પડ્યું, અને તેને ત્રીસ વર્ષ અસહ્ય વેદના ભોગવવી પડી. આ તોફાનમાં સ્ટીફન તેના દુશ્મનોની દ્રષ્ટી ચુકાવી રોમ નાસી ગયો, અને ત્યાં સોસાયટી ઑફ જીઝસ એટલે જેઝુઇટ નામના પંથમાં દાખલ થયો. આ પંથનું જોર પોર્ટુગલમાં વિશેષ હોવાથી એ પછી સ્ટીફન લિસ્બન ગયો. તે વેળા ત્યાં હિંદુસ્તાનના લોકોને ખ્રિસ્તી ધર્મમાં વટાળવા માટે જબરો પ્રયત્ન થતો જોઈ આવું ધાર્મિક કામ કરવાના ઉદ્દેશથી તે લિસ્બનથી ઉપડી સને ૧૫૭૯ ના અકટોબરમાં ગોવે આવ્યો. હિંદુસ્તાનની જમીન ઉપર પગ મુકનાર એજ પહેલો અંગ્રેજ હતો. ગોવે આવ્યા બાદ સ્ટીફને પ્રવાસની સર્વ હકીકતનો પત્ર પોતાના પિતાને લંડન મોકલ્યો. એ પત્રમાં તેણે હિંદુસ્તાનની સ્થિતિ તથા વેપાર સંબંધી જે ખબર આપી હતી તે ઇંગ્લંડમાં ઘણી ઉપયોગી થઇ પડી. અહીં દેશી લોકોને વટાળવાનું કામ પોર્ટુગીઝોએ ઘણું સપાટાબંધ ચલાવ્યું હતું તેમાં ફાધર સ્ટીફને ઘણી અગત્યની મદદ આપી. ગોવેથી તે સાષ્ટી ગયો અને ત્યાંજ પોતાના કામમાં મશગુલ રહી જીંદગી પુરી કરી. સાષ્ટીની તત્કાલીન સ્થિતિ વિશે તેણે એવું લખ્યું છે કે 'અહીંના ઘણાખરા હિંદુ લોક શરાતથા પોર્ટુગીઝ લોકોને અંતઃકરણથી

ધીક્કારતા હોવાથી તેઓ તરફથી આપણા ધર્મપ્રસારના કામને ધોકો લાગવાનો સંભવ છે.' પશ્ચિમ કિનારા ઉપરની ઉત્તમ હવા, સૂર્યનો આલ્હાદદાયક પ્રકાશ, નારીએળીનાં સુંદર વન, બ્રાહ્મણોની શ્રેષ્ઠ બુદ્ધિ, ખ્રિસ્તી ધર્મનો પ્રસાર કરવાની તેની અનહદ હોંસ તથા હિંદુ લોકોની સુંદર ભાષા ઈત્યાદિથી અંગ્રેજ ફાધર સ્ટીફન બાકીની જીંદગી અહીંજ પુરી કરવા લોભાયો, અને સ્વદેશ પાછા ફરવાની તેને ઈચ્છાજ થઈ નહીં. તેણે મરાઠી, ગોવાની, કોકણી, તેમજ સંસ્કૃત ભાષાઓનો સારો અભ્યાસ કર્યો, અને તેમાં તે એવો તો દક્ષતાથી સંચો રચો કે કોકણી ભાષામાં પણ રોમન લિપિમાં 'ખ્રિસ્તી પુરાણ' નામનો એક કવિતારૂપી ઉત્તમ ગ્રંથ બાઈબલને આધારે તે લખી શક્યો. તેણે મરાઠી અને કોકણી ભાષાનાં વ્યાકરણો પણ પોર્ટુગીઝ ભાષામાં લખ્યાં છે. હિંદુસ્તાનની ભાષાનાં પાશ્ચાત્ય સાક્ષરે લખેલાં આ પહેલાજ વ્યાકરણ હતાં.

સ્ટીફનના 'ખ્રિસ્તીપુરાણ'ના બે ભાગ છે; પહેલો ભાગ જુના કરારનો ૩૬ પદનો છે, અને બીજો નવા કરારનો ૫૯ પદનો છે, અને આખા ગ્રંથમાં ૧૧૦૧૮ લીટીઓ છે. આ ગ્રંથની પહેલી, બીજી તથા ત્રીજી આવૃત્તિ અનુક્રમે સને ૧૬૧૬, ૧૬૪૯ તથા ૧૬૫૪ માં પ્રસિદ્ધ થઈ હતી. હાલમાં એ ગ્રંથની છાપેલી એક પણ પ્રત મળતી નથી, માત્ર દસબાર સુંદર હસ્તલિખિત પ્રતો કાનડા જીલ્લામાં છે. પાંચપચાસ વર્ષ પૂર્વે મરાઠી જાણનારા ખ્રિસ્તી લોકોમાં આ ગ્રંથ ઘણોજ પ્રિય હતો. તેમનાં દેવળોમાં પણ તેની આવૃત્તિ હશે એમ સહજ અનુમાન થાય છે. ટિપુએ કાનડા જીલ્લો જીત્યો તે વેળા પ્રત્યેક ખ્રિસ્તી કુટુંબમાંથી આ પુરાણા ગ્રંથની નકલો મળી આવી, પણ તે સઘળી તેણે બાળી નંખાવી હતી. અદ્યાપી જેમની પાસે આ ગ્રંથ રહેવા પામ્યો છે તે તેમને અત્યંત વ્હાલો અને પ્રિય છે. નમુના તરીકે આ પુરાણા ગ્રંથની કેટલીક શરૂઆતની લીટીઓ હેઠળ ઉતારી છે:—

ॐ नमो विश्वभर्ता। देववापा सर्वे समर्था। परमेश्वरा सत्यवंता। स्वर्गपृथ्वीचा रचणारा ॥ १ ॥ तूं सिद्धिसिद्धीचा दातारू। कृपानिधि करुणाकरू। तूं सर्व सुखाचा संग्रहु। आदि अंतू नातुडे ॥ २ ॥ तूं परमानंद सर्वस्वरूपू। विश्वव्यापकू ज्ञानदीपू। तूं सर्व गुणें निर्लेपू

निर्मळू निर्विकारू स्वामिया ॥ ३ ॥ तूं अदृष्टू तूं आवेक्तू । समदृया सर्वप्राप्तू । सर्वज्ञानूं सर्वनीतिवंतू । पकुचि देवो तू ॥४॥ तूं साक्षात् परमेश्वरू । अनादिसिद्धू अपरंपारू । आदि अन्तादि अविनाशू अमरू । तुझें स्थान त्रिलोकीं ॥ ५ ॥*

ઉપલી લીટીઓ વાંચ્યા પછી તત્સમ્બંધી સ્ટીફનની પ્રશંસા કરતી વખતે આપણે એટલુ યાદ રાખવાનુ છે કે તે પરદેશી હોવાથી તેની શબ્દરચનામાં કેટલોક સ્વાભાવિક ફેરફાર છે કેટલાકના મત પ્રમાણે મૂળ બાઇબલ કરતાં આ પુરાણમાં સ્ટીફને વિશેષ રસ આમેઝ કરેલો હોવાથી, તથા પ્રાચ્ય રૂચીને અનુસરી તેની કાવ્યરચના કરવાથી પરિણામ સારૂંજ આવ્યું છે. ખ્રિસ્તી ધર્મનાં સઘળાં તત્વો તથા તેમાંની નીતિનો ભાગ આ પુરાણમાં ઉત્તમ પ્રકારે દાખલ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ ઉપરથી આપણને પાશ્ચાત્ય પ્રજાના ઉદ્યોગની કંઇક કલ્પના થાય છે.

રાલ્ફ ફિચ્ચ (Ralph Fich) નામનો બીજો એક અંગ્રેજ ગ્રહસ્થ ફરતો ફરતો ગોવે આવ્યો હતો. એને પોર્ટુગીઝોએ કેદ કર્યાની બાતમી સ્ટીફનેજ પ્રથમ ઇંગ્લંડ મોકલી હતી. ફિચ્ચ સને ૧૫૮૩ માં ખુશ્કી માર્ગે હિંદુસ્તાન જવા સારૂ ઇંગ્લંડથી નીકળ્યો ત્યારે તેને ઇલિઝાબેથ રાણીએ પૂર્વના રાજાઓ ઉપર ભલામણ પત્ર લખી આપ્યા હતા. ભૂમધ્ય સમુદ્રમાં થઈ એશિયાને પશ્ચિમ કિનારે ઉતર્યા બાદ ફિચ્ચ યુફ્રેટીસ નદીને કાંઠે કાંઠે ઇરાનના અખાત મારફત ઑર્મઝ આગળ આવ્યો. અહીંઆં પોર્ટુગીઝ લોકોના દ્વેષનો ભોગ થઇ પડતાં તેને તેઓએ કેદ પકડી ગોવે મોકલી દીધો. કેટલાક દિવસ પછી સ્ટીફનની સિફારસથી તેનો છૂટકો થતાં આગ્રા જઈ ફિચ્ચે મોગલ દરબારમાં અકબર બાદશાહની મુલાકાત લીધી. ત્યાંથી બંગા-

---

* સ્ટીફનના આ ખ્રિસ્તી પુરાણ ઉપર હાલના સબજડ્જ મી. જે. એ. સાલડાના બી એ એલએલ. બી. એ વાંચેલો નિબંધ Bombay Catholic Examiner, 1903, માં છપાયો છે તે ઉપરથી આ હકીકત લીધી છે. કવિતા અંગ્રેજી લિપિમાં લખેલી મળી છે.

દેશ, મલાક્કા, મસાનાના બેટો વગેરે ઠેકાણે ફરી પાછો ગોવે આવી તે ઈંગ્લંડ ગયો આ પ્રવાસમા ફ્રિચ્ચે પોર્ટુગીઝોના જુલમની તથા પૂર્વના વેપારની ઘણી ઉપયોગી માહિતી એકઠી કરી અને સ્વદેશ પાછા ફરી ઈંગ્લંડના લોકોને તે જણાવી આજે આખા જગતમા થતી ઉથલપાથલ આપણી હથેલીમા થતી હોય તેમ આપણે તે સહજમા જાણીએ છીએ પણ તે વખતની સ્થિતિ નિરાળીજ હતી ત્યારે ફ્રિચ્ચ જેવો એકાદો પ્રદસ્થ લાંબી મુસાફરી કરી પાછો ફરતો તો તેની હકીકત સાભળવા માટે લોકોના થોકેથોક એકઠા મળતા, અને સાહસિક પ્રવાસની વાત વણી આસ્થા તથા ઉત્સુકતાથી સાભળતા

જે વર્ષે ફ્રિચ્ચ ઈંગ્લંડ પાછો આવ્યો તેજ વર્ષ રેમંડ ત્યાથી હિંદુસ્તાન આવ્યો હતો પણ તેને કંઈ યશ મળ્યો નહીં, કેમકે તેની સાથેના બે વહાણમાના સઘળા માણસો રોગ તથા તોફાનને લીધે મૃત્યુને મુખે જઈ પડયા હતા રેમંડની સાથે એક ત્રીજુ વહાણ કૅપ્ટન લેંકેસ્ટરના ઉપરીપણા હેઠળ આ દેશમા આવી ત્યાથી મલાક્કા જઈ જુદી જુદી જાતનો માલ ભરી અનેક સંકટો ભોગવતુ સને ૧૫૯૧મા ઈંગ્લંડ પાછુ ફર્યું વેપાર માટે નીકળેલા અંગ્રેજ વહાણોમા આ પહેલુજ હતુ કારણ વલંદા લોકોએ એવી સફર હજી કરી નહોતી લૅંકેસ્ટર પૂર્વમાથી ગમે તેટલો થોડો માલ લાવ્યો પણ આવી શરૂઆતથી પોર્ટુગીઝોને પોપ તરફથી મળેલા વેપારી ઈજારાનું મહત્વ ઓછુ થવા માડયુ

**પ. કંપની સ્થાપવાનો ઉપક્રમ.**—સ્પેનિશ કાફલાના નાશ પછી પ્રૉટેસ્ટંટ રાષ્ટ્રોએ પોપનો હુકમ તરછોડી ન્હાડયો એટલુજ નહીં પણ નવી શોધ કરવાની પદ્ધતિમા પુષ્કળ ફેરફાર કર્યો પ્રાચીન તથા મધ્ય કાળમા વેપારની માહિતી તથા માર્ગ છુપા રાખવાનો ધારો પડી ગયો હતો જો કોઈ પોતાના દેશના નકશા વગેરે ન્હાડી વેચતુ તો તેને દેહાન્ત દંડની શિક્ષા થતી આફ્રિકૅટિક સમુદ્ર ઉપરના ગજ્યો ઈઝીપ્ત વગેરે પૂર્વના બીજા દેશોની કંઈપણ હકીકત આટલાંટિક મહાસાગર ઉપરની પ્રજાની જાણમા આવવા દેતા નહીં સોળમા સૈકામા આ રીત બદલાઈ ગઈ પોર્ટુગીઝ રાજપુત્ર

હેનરીએ પોતે કરેલી શોધો ગુપ્ત રાખી નહીં હતી. વળી આ અરસામાં હોલેન્ડમાં છાપવાની અને ધાતુ ઉપર કોતરવાની કળા પ્રસિદ્ધ થયા પછી નકશા જોઇએ તેને મળવા લાગ્યા. ઍન્ટવર્પ, બ્રુજ્સ વગેરે શહેરોમાંના મોટા મોટા નામાંકિત શિલ્પીઓએ પોતપોતાના કસબાના નકશા તથા હકીકત છપાઇબંધ બહાર પાડ્યા, અને તે સઘળા દેશોમાં મળે એવી ગોઠવણ કરી. આ સ્થિતિના એક પરિણામ તરીકે વલંદા અને અંગ્રેજ કંપનીઓ હસ્તીમાં આવી હતી એવું કહેવામાં અડચણ નથી. શરૂઆતમાં વેપાર ગુપ્તપણે ચાલતો. ત્યારબાદ જેના હાથમાં તે પ્રથમ આવતો તે તેનો પોતાનો ગણાતો. એવું કેટલોક વખત ચાલ્યા પછી જે પ્રજાથી જેટલો વેપાર પોતાના સ્વાધીનમાં રખાતો તેટલો તે રાખતી, એટલે નવી શોધો કરવાનું અને તે દ્વારા હાથ આવેલા પ્રદેશ ઉપર કાબુ રાખવાનું જેનામાં સામર્થ્ય હોય તેનો હક સર્વોપરી ગણાતો. આ છેલ્લાં તત્વ અનુસાર વલંદા અને અંગ્રેજ કંપનીઓએ વેપારના ઇજારાની સ્થાપના કરી હતી, અને તેના જોર ઉપરજ તેઓએ લાંબો વખત લગી સંપત્તિ મેળવી હતી.

પોર્ટુગીઝ લોકોએ પૂર્વનો વેપાર એક હાથ કર્યો હતો, છતાં યુરોપમાં અન્ય પ્રજા તરફ તેઓ કડક નહોતા. તેઓ જે માલ પૂર્વમાંથી લિસ્બનમાં લાવતા તે દેશોદેશ પહોંચાડવા માટે વલંદા વેપારીઓનેજ તેઓ કહેતા. અગાઉ હોલેન્ડનું બ્રુજ્સ શહેર પૂર્વના માલનું મુખ્ય ધામ હતું. પરંતુ તેની ખાડી રેતીથી ભરાઇ જતાં તે બંદર નિરૂપયોગી થયું. એટલે પોર્ટુગલના રાજાએ સને ૧૫૦૪ માં ઍન્ટવર્પ શહેરનું બંદર ખોદી તેને વેપારનું નાકું બનાવ્યું. આ સમયે લિસ્બન શહેર યુરોપમાં પૂર્વના માલનું મોટું મથક હતું. લંડનનો મુખ્ય વેપાર ઍન્ટવર્પ સાથે ચાલતો; તેને લિસ્બન સાથે કંઈ સંબંધ હતો નહીં. ઍન્ટવર્પના બંદરમાં દર વર્ષ ૯૨૦૦૦ વહાણો આવતાં જતાં હતાં. આ શહેર આબાદ થતાં ઇંગ્લંડના વેપારને પુષ્કળ ઉત્તેજન મળ્યું, અને તે પછીજ પોતાનાં વહાણો ઠેઠ પૂર્વ દેશોમાં મોકલી ત્યાંનો માલ બારોબાર સ્વદેશ લાવવાની અંગ્રેજ વેપારીઓને સ્ફૂર્તિ આવી. આ સ્ફૂર્તિને ઇલિઝાબેથ રાણીએ વધારે ઉત્તેજીત કરી ભૂમધ્ય સમુદ્રમાંથી

મોરોક્કો અને તુર્કસ્તાન સુધી કેટલાક લોકોને વેપાર અર્થે મોકલ્યા. સને ૧૫૮૭ માં ડ્રેકના હાથમાં સપડાયલા સેન્ટ ફિલિપ નામના એક મોટા સ્પેનિશ જહાજ ઉપરના માલનું ઉત્પન્ન દસ લાખ રૂપીઆ થયું હતું. સર જૉન બૅરોએ બીજું એક વહાણ સને ૧૫૯૨ માં પકડયું તેના માલની કિંમત ૧૫ લાખ રૂપીઆ થઇ. પરંતુ આ પ્રમાણે અંગ્રેજોનું નસીબ કવચિતજ ઉઘડતું. સ્પેનના રાજાને હાથે ઍન્ટવર્પનો નાશ થતાં અંગ્રેજોને પોતાના વેપાર માટે બહાર નીકળ્યા વિના છુટકો નહોતો, અને તેથીજ સને ૧૫૯૧ માં તેમની પહેલી સફર ઉપાડવામાં આવી હતી. સેન્ટ ફિલિપ જહાજ ઉપર જે કાગળો અંગ્રેજોને મળ્યા તે ઉપરથી પૂર્વના વેપારમાં કેટલો મોટો ફાયદો સમાયલો હતો તેની ખરી કલ્પના તેમને થઇ, અને બાકીના સઘળા માર્ગ છોડી દઈ આફ્રિકાના દક્ષિણ છેડાને રસ્તે વેપાર કરવાનો તેમનો નિશ્ચય થયો. એ પછી સને ૧૫૯૨ માં પકડાયલાં વહાણ ઉપરથી જે કાગળ પત્રો મળ્યા તેને આધારે કંપનીએ પોતાની અરજી રાણી ઇલિઝાબેથને સાદર કરી.

પંદરમા સૈકાની આખેરીએ જે ધોરણ ઉપર પોર્ટુગીઝ સરકારને તુર્કસ્તાન તથા અન્ય મુસલમાન દેશ વિરૂદ્ધ કામ લેવું પડયું હતું, તેજ પ્રમાણે સોળમા સૈકાની અંતમાં પ્રૉટેસ્ટંટ દેશોને કૅથૉલિક દેશ વિરૂદ્ધ કરવું પડયું હતું. તોપણ ભૂમધ્ય સમુદ્ર ઉપર સ્પેનની સત્તા ચાલુ હતી. આટલાંટીક મહાસાગર હાથમાંથી છટકી ગયો ત્યારે તેનો બદલો લેવા સ્પેનનો વિચાર થયો અને પરિણામમાં અંગ્રેજોની તુર્કી કંપનીને તેને હાથે ઘણું ખમવું પડયું.

મસ્કોવી કંપનીને જમીન માર્ગે વેપાર ચલાવવામાં અનહદ ખર્ચ લાગવાથી ભૂમધ્ય સમુદ્રને માર્ગે તુર્કસ્તાનના કિનારા ઉપરથી પૂર્વ તરફનો માલ ઇંગ્લંડ લાવવા માટે ટર્કી અને લિવૅંટ નામની કંપની સને ૧૫૮૧ માં સ્થાપન થઈ. એ કંપનીનો હેતુ યુરોપિયન તુર્કસ્તાનમાં થઈ એશિયા ખંડના પશ્ચિમ ભાગમાં વેપાર ચલાવવાનો હતો. ઉત્તર તરફથી હિંદુસ્તાન આવવાનો માર્ગ અંગ્રેજોને જડતો નહોતો તેથી સ્પેન અને પોર્ટુગલ સાથે લડવાનો પ્રસંગ 'લાવ્યા' વિના વેનિશિઅન વેપારીઓની મારફત ખુશ્કી માર્ગે પૂર્વના દેશનો માલ ભૂમધ્ય સમુદ્રમાં થઇ યુરોપમાં લાવવાનો આ

કંપનીનો પ્રયત્ન હતો. ભૂમધ્ય સમુદ્રના પૂર્વ ભાગનું નામ લિવૅંટ હોવાથી આ કંપનીને લિવૅંટ કંપની કહેવામાં આવતી. આ કંપનીના વેપારીઓ લિવૅંટ સમુદ્રમાં થઈ જમીનને રસ્તે એલેપ્પો, બગદાદ વગેરે ઠેકાણે જઈ ઇરાની અખાત ઉપર આવેલો પૂર્વ તરફનો માલ ખરીદ કરતા. આ કંપનીની સનદ સને ૧૫૯૩ માં વધારી આપવામાં આવી હતી, તોપણ આફ્રિકાના ઉત્તરના બાર્બરી લુટારાઓએ તથા ભૂમધ્ય સમુદ્રમાં ફરતાં ફિલિપના વહાણોએ તેનો વેપાર જરા પણ ચાલવા દીધો નહીં.

કેટલાંક વર્ષ બાદ રશિઆના બાદશાહ પિટર ધી ગ્રેટે પણ પોતાના દેશ સાથે હિંદુસ્તાનનો વેપાર જોડવા પ્રયત્ન કર્યો, અને સને ૧૭૧૭ માં બેકોવિટ (Beckovitz) ને મોકલી અમૂર્યા નદીના પ્રદેશની તપાસ કરાવી. ૭ વર્ષ રહી સને ૧૭૨૩ માં બ્રુસને કાસ્પિઅન સમુદ્ર ઉપર તેવીજ તપાસ કરવા રવાના કરવામાં આવ્યો હતો. અંગ્રેજ સરકારે પણ ૧૭૪૩ માં જૉન એલ્ટન(John Elton) ને રશિઆના અગ્નિ ભાગમાં મોકલી પોતાનો વેપાર વધારવા ખટપટ કરી. પણ એથી રશિઅન સરકારને પોતાનો વેપાર છુડવાની બ્હીક લાગવાથી હવે પછી અંગ્રેજોને વેપાર અર્થે રશિઆમાં દાખલ થવાની મનાઈ કરી.

લિન્સકોટન નામના વલંદા ખલાસીએ પોર્ટુગીઝ રાજ્યમાં કરેલા પ્રવાસની માહિતીનું જે પુસ્તક છપાવ્યું હતું તેની પ્રસ્તાવનામાં આપેલી કેટલીક હકીકત ઉપરથી ઇંગ્લંડમાં વેપારી જાગૃતિ પ્રબળ થતાં કંપની સ્થાપવાનો ઉદ્યોગ ત્યાં શરૂ થયો હતો. લિન્સકોટન[1] અને ફ્રિચના[2] પૂર્વના પ્રવાસથી અંગ્રેજ અને વલંદા લોકો વચ્ચે એશિયાનો વેપાર તાબે કરવા માટે ચડસાચડસી ચાલી. સ્ટેટ્સ જનરલ નામની હોલેન્ડની રાજ્યકારભાર ચલાવનારી સભાએ સ્પેનના ફિલિપનું બળ જેવી રીતે અજમાવી જોયું હતું તેવી રીતે રાણી ઇલિઝાબેથે કરેલું ન હોવાથી વલંદા લોકોની ત્વરાનું અનુકરણ તે કરી શકી નહીં. વળી અગ્રેજોની ઉપર કહેલી બે કંપનીઓ અત્યાર આગમજ વેપારમાં પડેલી હોવાથી ત્રીજી તરત

૧-૨ વધારે હકીકત માટે જુઓ અનુક્રમે પૃષ્ઠ ૧૯૯ તથા પૃષ્ઠ ૨૧૨

સ્થપાઈ નહીં. સને ૧૫૯૭ માં કૅપ્ટન બેન્જામીન વુડ (Captain Benjamin Wood) નો આખો કાફ્લો ડુબી જવાથી અંગ્રેજ લોકો વિશેષ ગભરાઈ ગયા હતા. છતાં વલંદાઓ ઈંગ્લંડમાંથી વહાણો ખરીદ કરે છે એ વાત સાંભળી તેઓ શરમીંદા પડયા, અને સને ૧૫૯૯ માં સઘળા વેપારીઓએ પોતપોતાનામાં વર્ગણી કરી ત્રણ લાખ રૂપીઆ એકઠા કર્યાં, અને 'અમારા દેશની આબરૂ રાખી વેપારની વૃદ્ધિ કરવા' રાણીને વિનંતિ કરી. આ વિનતિના ફળરૂપે અગ્રેજ ઈસ્ટ ઈન્ડીઆ કંપની હસ્તીમાં આવી.

**૬. કંપનીની સભાની પહેલી બેઠક** (તા. ૨૪ સપ્ટેમ્બર ૧૫૯૯).—કંપની સ્થાપન કરવાનો વેપારીઓએ ઠરાવ કર્યો છતાં તે પ્રમાણે અમલ કરવામાં અનેક અડચણો ઉભી થઈ હતી. કંપનીની વ્યવસ્થા કેવા પ્રકારની રાખવી એ સૌથી અગત્યનો પ્રશ્ન હતો. અત્યાર પહેલાં જે બે પ્રજાએ એશિયાના વેપારમાં ઝોકાવ્યું હતુ તેની કામ કરવાની રીત કંઇ જુદાજ પ્રકારની હતી. પોર્ટુગીઝ લોકોનો વેપાર સઘળો સરકારના તાબામાં હતો; એટલે શરૂઆતના રાજ્યસ્થાપના વગેરેના કામમાં જોકે તેઓ એકદમ આગળ પડયા તોપણ તેમની પદ્ધતિના અનેક દોષોને લીધે તેમને કેટલું અને કેવું નુકસાન થયું તે આપણે ઉપર જોઇ ગયા છીએ. વલંદા લોકોએ વેપાર બાબતની સઘળી સત્તા પોતાના હાથમાં રાખી હતી, પણ તેમની કંપનીના કામકાજ ઉપર વલંદા સરકારની દેખરેખ હોવાથી તેને સઘળા પ્રકારનો ટેકો મળતો. ગમે તે દેશ સાથે યુદ્ધ કિંવા તહ કરવાની, ગમે ત્યાં વસાહત સ્થાપવાની, કિલ્લા વગેરે બાંધવાની તથા સિક્કા પાડવાની સત્તા વલંદા કંપનીને આપવામાં આવી હતી. પરંતુ તેનો હિસાબ તપાસી તેની પાસેથી જકાત લેવાનો અધિકાર વલંદા સરકારે પોતાની પાસે રાખ્યો હતો. સરકારની સત્તા અને ખાનગી સંસ્થાની યોગ્ય વ્યવસ્થા એ બેઉ તત્વના અરસપરસ સંધાનથી વલંદા કંપનીનો ઉત્કર્ષ થયો હતો. એ કંપની જોકે અંગ્રેજ કંપની કરતાં બે વર્ષ પછી સ્થાપન થઈ તોપણ બેઉનાં બંધારણ ઘણી બાબતમાં મળતાં આવે છે. વલંદા લોકોની પદ્ધત સ્વીકારવાની તે વેળા ઈંગ્લંડની પરિસ્થિતિ નહોતી. લિવૅંટ કંપનીના વેપારીઓ

વિશેષ અનુભવી હતા, અને સ્પેન તથા પોર્ટુગલ સાથે ભરદરીએ લડાઇ કરી દક્ષિણ જળમાગ વેપાર ચલાવવાનુ સાહસ ખેડવામા તેઓએજ પ્રથમ અગાડી પડતો ભાગ લીધો હતો રિચર્ડ સ્ટેપર અને ટૉમસ સ્મિથ એ બે વેપારીઓ લિવૅંટ કંપનીના મૂળ સ્થાપક તથા તેના કામમા અગ્રેસર ભાગ લેનાર હતા એમને કંપનીના કામમા પૈસાનુ તેમજ બીજુ ઘણુ નુકસાન ખમવુ પડયુ હતુ આગળ જતા ટૉમસ સ્મિથ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીનો પહેલો ગવર્નર થયો હતો

સને ૧૫૯૯ ના એપ્રિલ માસમા કંપની સ્થાપવાનુ ખરૂ કામ શરૂ થયુ વર્ગણીના પૈસા એકઠા કરી કંપનીએ મિલ્ડનહૉલ નામના એક સાહસિક ગૃહસ્થને રાણી ઇલિઝાબેથની સહાનુભૂતી સાથે અકબર બાદશાહના દરબારમા એશિયાના વેપાર માટે ગોઠવણ કરવા રવાના કર્યો ઇલિઝાબેથ રાણીએ અકબર બાદશાહને એ બાબત એક પત્ર પણ લખ્યો હતો આ ગ્રહસ્થ બાદશાહની મુલાકાત લઇ ત્રણ વર્ષે ઇંગ્લંડ પાછો આવ્યો, ત્યારે મોગલ બાદશાહના વૈભવ વિશે તથા અનેક બાબતમા હિંદુસ્તાનની સુધરેલી સ્થિતિ વિશે ભરોસા લાયક હકીકત ઇંગ્લંડમા પહેલવહેલી મળી, પરંતુ વિનાકારણની અનેક ભાંજગડમા ગુચાઈ જવાથી કંપની તરફથી તેનો થવો જોઇએ તેવો ઉપયોગ થયો નહીં

તા ૨૨ મી તથા ૨૪ મી સપ્ટેમ્બર, ૧૫૯૯, ને દીને ફાઉન્ડર્સ હૉલમા લંડનના વેપારીઓની પહેલી સભા મળી તેમા એકદમ ત્રીસ હજાર પૌંડ એકઠા કરી ઉપાડેલુ કામ આગળ ચલાવવાનો ઠરાવ થયો લંડનમા જહાજ ખરીદ કરવા આવેલા વલંદા વેપારીઓને અંગ્રેજોએ સ્પષ્ટ જણાવ્યુ કે ‘અમારા વહાણો અમારે જોઇએ છીએ માટે તમને તે મળવાના નથી ’ આ પ્રમાણે અંગ્રેજોએ વલંદાઓને વહાણ ખરીદ કરવા ન દીધા, ત્યારે તેમને આ વેપારીઓની સ્થિતિ કંઈ નિરાળીજ દેખાઇ, અને તેમની ખાતરી થઈ કે તેઓ હવે વેપારમા તેમની આડે આવ્યા વિના રહેશે નહીં હમણા લંડન ઘણી આબાદ સ્થિતિમા હતું પચાસ વર્ષ અગાઉ ત્યા એક લાખ રૂપીઆ ઉભા કરવા ઘણુ મુશ્કેલ હતુ, પણ હાલમા આ વેપારીઓએ ટુંક સમયમા

રાણીને ૭ લાખ રૂપીઆ કર્જે ધીર્યા હતા. ઇતિહાસકાર ફ્રુડ લખે છે કે 'સને ૧૫૭૨ માં આખા ઈંગ્લંડમાં વેપારમાં રોકાયલાં વહાણોનો એકંદર આકાર ૫૦,૦૦૦ ટન હતો, અને મોટામાં મોટું વહાણ ૨૫૦ ટનનું હતું. સને ૧૫૮૮ માં ૪૦૦ ટનનાં બે ત્રણ વહાણોજ હતાં પણ સને ૧૫૯૯ માં ૬૦૦ થી ૮૦૦ ટનનાં પુષ્કળ વહાણો તૈયાર થયાં હતાં, અને ૧૧૦૦ ટનનું એક મોટું વહાણ એ પછી તરતજ બંધાયું.' જર્મનીમાંના હંસ વેપારીઓ[1] આ સમયે ઈંગ્લંડમાં હતા તેમને રાણી ઇલિઝાબેથના હુકમથી બહાર કહાડી મુકવામાં આવ્યા. લગભગ આજ વખતે હંસ-લીગ (Hanseatic League) નાં શહેરોમાં રહેલા અંગ્રેજ વેપારીઓ ધંધો શિખી લંડન પાછા ફર્યાં હતા.

લંડનના વેપારીઓને રાણી પાસેથી વેપારના ઇજારા બાબત જે ફરમાન જોઇતું હતું તે અંગ્રેજોના બીજા વ્યવહારમાં યોગ્યજ હતું. અમુક કિસમ અથવા વેપાર જો એકાદ ઠરાવેલી કંપનીને સોંપવામાં આવ્યો હોય તો તેમાં બીજા કોઇને હાથ ઘાલવાની પરવાનગી હોવી જોઇએ નહીં. આવા પ્રકારનાં ટ્રેડ ગિલ્ડસ અને ટ્રસ્ટસ એટલે મોટાં વેપારી મંડળો પાશ્ચાત્ય દેશોમાં અદ્યાપિ જ્યાં ત્યાં માલમ પડે છે. હજારો અડચણ વેઠી જેઓ હિંદુસ્તાન સાથે વેપાર શરૂ કરે તેનો ફાયદો થોડાં વર્ષ પછી અચાનક બીજું કોઈ ખાઈ જાય એ ન્યાયપૂર્વક કહેવાય નહીં તેથીજ પોતે ઉપાડેલા વેપારમાં બીજા કોઇને હાથ ઘાલવા દેવો નહીં એમ અંગ્રેજ વેપારીઓએ રાણી પાસે માગણી કરી હતી. આ માગણી કબૂલ થતાં કંપનીને વેપાર માટે જે સનદ મળી તે ઠરાવેલી મુદતને અંતે અનેક વાર ચાલુ કરી આપવામાં આવી હતી, અને સને ૧૮૫૮ લગી તેનો લાભ કંપનીએ મેળવ્યો હતો. આવા તત્વ ઉપર રચાયલી કંપની 'રેગ્યુલેટેડ કંપની' કહેવાતી. જુદાં જુદાં શહેરોમાંનાં ટ્રેડ ગીલ્ડસના ધોરણને વધારે વિસ્તૃત્વ કરવાથી તે 'રેગ્યુલેટેડ કંપની' ની પંક્તિમાં ગણાતાં. આવી કંપનીમાં

---

૧. જુઓ પાનું ૪૫.

જોડાયલા દરેક માણસને કંપનીના નિયમ અન્વય કામ કરવાની છૂટ હોવા ઉપરાંત તેને કંપનીના સંરક્ષક છત્રનો ફાયદો મળતો. આ નિયમ અનુસાર વેપાર કરવાની ઇચ્છા ધરાવનારો પુરૂષ ઠરાવેલી વર્ગણી કંપનીમાં ભરવાથી તેનો સભાસદ થઈ શકતો વળી વેપારી મંડળીઓમાં કેટલોક વખત ફોકટ કામ કરનાર ઉમેદવારો રાખવામાં આવતા, તેજ પ્રમાણે કંપનીમાં દાખલ થયલા ઉમેદવારો વખત જતા પોતાની લાયકાત પુરવાર કરી તેના સભાસદો થઇ શકતા. રાજ્ય તરફથી મળેલા આવા પરવાના વિરૂદ્ધ આચરણ કરવું ઘણું જોખમકારક હતું, કેમકે તેનો ભંગ કરનાર ભયંકર શિક્ષાને પાત્ર થતો. આ પ્રકારના મક્તા અથવા ઇજારા આપવાનો વહિવટ મરાઠી રાજ્યમાં સર્વત્ર હતો. તે સમયે તાલુકા અથવા પ્રાંતની વસુલ એકઠી કરવાનો ઇજારો લીલામથી વેચવામાં આવતો. અનિયંત્રિત વેપારનું ધોરણ આ સમયે ઇંગ્લંડમાં પ્રચલિત થયલું ન હોવાથી રાણી તરફથી ઇજારો મળવાનું કંપની માટે ઘણું મુશ્કેલ હતું. ઈસ્ટ ઈન્ડીઆ કંપનીએ માગેલા ઇજારામાં હમેશ કરતાં વધારે અડચણો સમાયલી હતી. તેણે અનેક રીતે વગવસીલાનો ઉપયોગ કર્યો, રાણીની તથા તેના મંત્રીઓની વારંવાર ખાનગી મુલાકાત લીધી, પણ તેમને દરેક વખતે નિરાશ થઈ પાછા ફરવું પડ્યું, કેમકે તેઓ સઘળા સામાન્ય પંક્તિનાં માણસોની પેઠે સાદા તથા ભોળા હતા. આ હકીકતમાં તેમની દાદ જલદી લાગી નહીં.

લંડનના ફાઉન્ડર્સ હૉલ મધ્યે તા. ૨૪ મી સપ્ટેમ્બરે લૉર્ડ મેયર, સર સ્ટીફન સોમ (Sir Stephen Soame)ના અધ્યક્ષપણા હેઠળ ભરાયલી સભામાં રિચર્ડ સ્ટેપર અને ટૉમસ સ્મિથે આગેવાન ભાગ લીધો હતો. એમાં કેટલાક નામાંકિત પુરૂષો તેમજ વહાણવટી, સિપાઈ, મુસાફર વગેરે અનેક જાતના લોકો હાજર હતા. લૅંકેસ્ટર, ડેવિસ, પ્રેટિ, ફ્રિચ્ચ, ઍલ્ડ્રિન, મિડલ્ટન વગેરે પૂર્વમાં પ્રવાસ કરી આવેલા શખ્સોએ એશિયાની ફળદ્રૂપતા તથા ધનસંપત્તિનો સભાને આબેહુબ ચિતાર આપ્યો. મુલ્યવાન માલથી છલોછલ ભરેલાં સ્પેનિશ તથા પોર્ટુગીઝ જહાજો તેઓએ વારંવાર ભરદરીએ જોયાં હતાં, અને કેટલાંક ઉપર તેમણે છાપો પણ માર્યો હતો.

પહેલી સફરની સઘળી ગોઠવણ કરવાનું માથે લીધું. પોપના હુકમનું ઉલ્લંઘન કરી દક્ષિણ આફ્રિકાને રસ્તે પૂર્વના વેપારમાં પોર્તુગીઝોની પ્રથમ આડે આવનારા લોકો અંગ્રેજ હતા વલંદાઓ અંગ્રેજોની પછી પૂર્વ તરફ ગયા હતા, તોપણ તેઓએ પોપનો હુકમ તોડેલો હોવાથી અમને વેપાર કરવાની પરવાનગી આપવામાં કંઇ હરકત નથી, એ મુજબ કંપનીએ પોતાની અરજીમાં લખ્યું હતુ ઇલિઝાબેથ રાણીનો વિચાર કંપનીની અરજી એકદમ મંજુર કરવાનો હતો, પણ પ્રિવિ કૌન્સિલ વિરૂદ્ધ પડી, અને તેણે કંપનીનો પ્રયત્ન તોડી પાડયો. સ્પેનની સાથે ચાલેલા લાંબા યુદ્ધથી કૌન્સિલ કંટાળી જવાથી તે સાથે તહ કરવાના વિચારમાં હતી. વળી રાણીની પ્રકૃતિ ક્ષીણ થતી હતી તેથી સ્પેન સાથે મિત્રાચારી કરવાનું તેને પણ યોગ્ય લાગતું હતું, તોપણ તેમ કરવામાં પોતાના વેપારીઓને નુકસાન કરવા તે કોઈ પણ રીતે તૈયાર નહોતી. તા. ૧૬ મી અકટોબરે કંપનીની કમિટિએ રાણીની મુલાકાત લીધી ત્યારે તેને કંપનીએ ઉપાડેલું કામ ઘણું સ્તુત્ય લાગ્યું, અને તેમની માગણી કબૂલ કરવા અભિવચન આપ્યું. 'પ્રિવિ કૌન્સિલ પાસેથી સફર કરવાની, તથા તેના ખર્ચ માટેના પૈસા પરદેશ લઇ જવાની પરવાનગી મેળવો, તમારે જે હક જોઇએ તે બાબતનો મુસદો તેમની પાસે પસંદ કરાવી લો, એટલે હું મારી મંજુરી આપીશ.' આવા મીઠા મીઠા શબ્દો વડે રાણીએ તક ઉડાવી, અને તેના સુસ્વભાવની તારીફ કરતા કમિટિના સભાસદો પાછા ફર્યા. પણ તેમને ભાગ્યેજ ખબર હતી કે આ પ્રસંગે અંદરથી તે કેટલી ગભરાઇ ગઈ હતી.

કેટલેક દિવસે કમિટિ પ્રિવિ કૌન્સિલ હજુર પોતાની અરજી નિવેદન કરવા ગઇ, ત્યારે તેને ચોખ્ખો જવાબ મળ્યો કે ' રાજ્યના કામ આગળ તમારૂં ખાનગી કામ કંઈ પણ મહત્વનું નથી. સ્પેનના દરબાર સાથે તહ કરવાની ગોઠવણ થાય છે તેમાં તમારા કામથી ખલેલ પહોંચશે.' આવા ઉત્તરથી કમિટિ છેકજ નાસીપાસ થઇ ગઈ, અને છેવટે એટલોજ સવાલ કર્યો કે 'ત્યારે અમારે વલંદા લોકોના ગુલામ થઈ રહેવું કે કેમ ? સ્પેન સાથેના તહનામાથી અમને દરસાલ દસ લાખ રૂપીઆ મળવાના છે ?' આથી પણ કૌન્સિલ નહીં

ડગતાં 'તમારે જોઇએ તે રાણી પાસે મેળવો' એટલું કહી ઉઠી ગઈ. આવી સ્થિતિમાં એક વર્ષ લગી પહેલી સફર રવાના કરી નહીં શકાશે એમ પ્રત્યક્ષ જણાયું.

કંપનીની ખટપટ સ્પેનના હિતની વિરૂદ્ધ છે એવું પ્રિવિ કૌન્સિલનું કહેવું ખોટું પુરવાર કરવા સારૂ ડાયરેક્ટરોએ પુષ્કળ શ્રમ લઈ અનેક ભૂગોલિક માહિતી તેની આગળ રજુ કરી, અને કહ્યું કે 'આ વિશાળ જગતમાં સ્પેન અથવા પોર્ટુગલનો પ્રવેશ નહીં થયો હોય એવા સેંકડો વિસ્તીર્ણ પ્રદેશો પડેલા છે તો ત્યાં જવાની અમને મનાઈ કરવાની સ્પેનને શી સત્તા છે?' કંપનીની અરજી બાબત રાણીએ તેમની સાથે પુષ્કળ વાદવિવાદ ચલાવ્યો, અને સેક્રેટરી વૉલસિંગહામ (Walsingham) ને અરજીમાં વર્ણવેલી હકીકતના ખરાપણા વિશે તપાસ કરવા ફરમાવ્યું. વૉલસિંગહામે યોગ્ય તજવીજ કરી રાણીને જણાવ્યું કે 'કંપનીની માગણી યોગ્ય છે. જો લિવૅંટ કંપનીને તુર્કસ્તાન સાથે વેપાર કરવામાં સ્પેન તરફથી કંઇ અડચણ નડતી નથી, તો તુર્કસ્તાનની માફક બીજા દેશો સાથે અંગ્રેજો વેપાર કરે તો તેમાં તેને શી હરકત હોય?'

કંપનીના ઇતિહાસમાં એક વાત ઘણી સ્પષ્ટપણે દેખાઇ આવે છે. જેવી રીતે કોઈ કામમાં યશ મળતાં તે આગળ ચલાવવામાં આપણે ઉત્તેજીત થઇએ છીએ, તેવીજ રીતે કંપનીને ડગલે ડગલે અપયશ મળતો છતાં પોતાનું કામ દ્રઢતાથી તે આગળ ચલાવવા મથતી. વારંવાર નાસીપાસ થતાં પણ કંપનીના આગેવાનો સ્વસ્થ બેઠા નહીં. પ્રિવિ કૌન્સિલ તરફથી પોતાની અરજી નામંજુર થઈ ત્યારે કંપનીએ કેપ ઑફ ગુડ હોપની પૂર્વે સ્પેનનાં કયાં કયાં સ્થળો છે તેની સંપૂર્ણ હકીકત સ્પેનના કમિશ્નર મારફતે મેળવી આપવા તેમને વિનંતી કરી. પરંતુ સ્પેન તરફથી આવો ખુલાસો મળવાનો બીલકુલ સંભવ ન લાગવાથી કંપનીએ સર્વ પ્રકારની માહિતી મેળવી કૌન્સિલને સાદર કરી. સને ૧૬૦૦માં સ્પેન અને ઇંગ્લંડ વચ્ચેની વિષ્ટિ પુરી થઇ નહીં, અને તેમ થવાની આશા પણ રહી નહીં, ત્યારે તા. ૨૩ મી સપટેમ્બર ૧૬૦૦ ને દીને મળેલી કંપનીની બીજી

સભામાં સત્તર માણસોને ડાયરેક્ટર નીમી વેપાર શરૂ કરવાનો ઠરાવ થયો. ડાયરેક્ટરોએ દરરોજ સભા ભરી ૧૦,૦૦૦ રૂપીઆનાં ચાર વહાણ વેચાતાં લીધાં, અને પહેલી સફર રવાના કરવા નક્કી કર્યું. રસ્તાના તથા ભોજન વગેરેના ખર્ચ માટે બીજા ૬૦,૦૦૦ રૂપીઆ આપવા તથા લોખંડ, કલઈ અને કાપડ પરદેશમા વેચવા માટે વહાણ ઉપર ચડાવવા ડાયરેક્ટરોએ નક્કી કર્યું.

આ ગોઠવણ થયા પછી કંપનીના ગવર્નરની તથા પહેલી સફરના ઉપરી ( Commander )ની નિમણુક કરવા માટે તા. ૩૦ અકટોબરે ભરાયલી સભામાં ચોવીસ ડાયરેક્ટરોની એક વ્યવસ્થાપક સભા મુકરર થઇ. એજ સભામાં ઓલ્ડરમેન ટૉમ્સ સ્મિથ કંપનીનો પહેલો ગવર્નર નીમાયો, અને કૅપ્ટન લૅંકેસ્ટર સફરનો ઉપરી થયો. એમના હાથ હેઠળ ડેવિસ, મિડલટન વગેરે કેટલાક બાહોશ પુરૂષો મળી એકંદર ૪૮૦ માણસો સર્વાનુમતે નીમવામાં આવ્યાં. એમાંના ૩૬ ફેક્ટર્સ ( Factors ) એટલે હિસાબી કારકુનોને રૂ. ૫૦૦૦ સુધીના જામીન આપવાના હતા. આ સઘળાઓના પગારની બાબતમાં એટલુંજ કહેવું બસ છે કે કેપ્ટન ડેવીસને ૧૦૦ પૌંડ પગાર તરીકે તથા જાતનો વેપાર કરવા માટે ૨૦૦ પૌંડ કર્જે આપ્યા હતા, અને પાછા ફર્યા પછી સફરનો નફો ૨૦૦ ટકા થાય તો ૫૦૦ પૌંડ બક્ષિસ, ૩૦૦ ટકા થાય તો ૧૦૦૦ પૌંડ બક્ષિસ અને ૫૦૦ ટકા થાય તો ૨૦૦૦ પૌંડ બક્ષિસ આપવાનો ઠરાવ હતો

તા. ૩૧ મી ડીસેમ્બર ૧૬૦૦ ને દિવસે કંપનીની સનદ ઉપર રાણીની સહી થઈ ત્યારે આ કંપનીમાં ૨૧૫ સભાસદ હતા, અને અર્લ ઓફ્ કંબર્લેંડ તેમનો અધ્યક્ષ હતો. સનદનો મુખ્ય મજકુર આ પ્રમાણે હતો—

આપણા દેશની આબરૂ રાખવા, લોકોએ સંપત્તિ મેળવવા, દરિયાઈ સત્તા વધારવા, એટલે ટુંકમાં કાયદાસર વેપાર કરી આપણા દેશને આબાદ કરવાના હેતુથી એક રાષ્ટ્રિય સંસ્થા સ્થાપન કરવામાં આવે છે. આ સંસ્થાને 'પૂર્વ તરફના પ્રદેશોમાં વેપાર કરનારી લંડનના વેપારીઓની કંપની અને ગવર્નર' એવું નામ આપવામાં આવે છે. આ નામ પ્રમાણે તેણે પોતાનું કામ કરવાનુ છે.

કંપનીને આપવામાં આવેલા અધિકારનો સારાંશ:—

૧. કંપનીના સભાસદ, તેમના પુખ્ત ઉમરના છોકરાઓ, તેમ તેના નોકર તથા ઉમેદવાર એ સર્વને પંદર વર્ષ લગી પૂર્વના વેપારનો ઇજારો આપવામાં આવે છે.

૨. મૅગેલનની સામુદ્રધુની અને કેપ ઑફ ગુડ હોપની વચમાંના એશિયા, આફ્રિકા અને અમેરિકાના ગમે તે દેશ, બંદર અથવા બેટનો માલ લાવી કંપનીએ વેપાર ચલાવવો.

૩. (અ) ઉપર કહેલા દેશોમાં જોઇએ તેટલી જમીન વેચાતી લેવાનો,
(બ) ફરીઆદ માંડવાનો, પોતાના ઉપરની ફરીઆદમાં બચાવ કરવાનો તથા સિક્કો વાપરવાનો,
(ક) પોતાની વ્યવસ્થા કરવા માટે જોઇએ તેવા નિયમ ઘડવાનો, તથા
(ડ) અંગ્રેજી કાયદા પ્રમાણે ગુન્હેગારોને દંડની અથવા કેદની શિક્ષા કરવાનો, કંપનીને અધિકાર છે.

(૪) આ સનંદમાં નિર્દિષ્ટ કરેલી કંપની સિવાય બીજા અંગ્રેજો ઉપર જણાવેલા દેશો સાથે વેપાર ચલાવશે તો તેને શિક્ષા થશે.

આ ઉપરાંત રાણીએ પોતે કંપનીને કંઇક વિશેષ સરળતા કરી આપી હતી. પહેલી ચાર સફરમાં કંપની વેચવા માટે જે માલ દેશાવર લઇ જાય તે ઉપર નિકાસ જકાત તેણે માફ કરી, અને આયાત જકાત ભરવા માટે ૬ થી ૧૨ મહિનાની મહેતલ આપી. પહેલી સફરમાં ત્રણ લાખ રૂપીઆ લગીની ચાંદી અથવા રોકડ નાણું ઈંગ્લંડની બહાર લઈ જવાની કંપનીને પરવાનગી હતી, પણ તે પછીની સફરોમાં પરદેશ ગયલું નાણું ૭ મહિનાની અંદર સ્વદેશ પાછું લાવવાનો ઠરાવ હતો. આનો અર્થ એટલોજ કે દેશમાંના પૈસા બહાર ન જવા દેવા માટે તે વેળા અડગ પ્રયત્ન થતા. મોગલ બાદશાહીમાં પણ નાણાં માટે એવાજ નિર્બંધ હતા. આ સિવાય ૫૦૦ અંગ્રેજ ખલાસી અને ૬ વહાણો જોઇએ ત્યારે કંપનીને મળ્યા કરે એવો રાણીએ હુકમ કર્યો હતો. વળી કામકાજ વ્યવસ્થિત રીતે ચાલશે તો ઇજારાની પંદર વર્ષની

સભામાં સત્તર માણસોને ડાયરેક્ટર નીમી વેપાર શરૂ કરવાનો ઠરાવ થયો. ડાયરેક્ટરોએ દરરોજ સભા ભરી ૬૦,૦૦૦ રૂપીઆનાં ચાર વહાણ વેચાતાં લીધાં, અને પહેલી સફર રવાના કરવા નક્કી કર્યું. રસ્તાના તથા ભોજન વગેરેના ખર્ચ માટે બીજા ૬૦,૦૦૦ રૂપીઆ આપવા તથા લોખંડ, કલઈ અને કાપડ પરદેશમાં વેચવા માટે વહાણ ઉપર ચડાવવા ડાયરેક્ટરોએ નક્કી કર્યું.

આ ગોઠવણ થયા પછી કંપનીના ગવર્નરની તથા પહેલી સફરના ઉપરી ( Commander )ની નિમણુક કરવા માટે તા. ૩૦ અક્ટોબરે ભરાયલી સભામાં ચોવીસ ડાયરેક્ટરોની એક વ્યવસ્થાપક સભા મુક્કરર થઇ. એજ સભામાં ઓલ્ડરમેન ટૉમ્સ સ્મિથ કંપનીનો પહેલો ગર્વનર નીમાયો, અને કૅપ્ટન લૅંકેસ્ટર સફરનો ઉપરી થયો. એમના હાથ હેઠળ ડેવિસ, મિડલટન વગેરે કેટલાક બાહોશ પુરૂષો મળી એકંદર ૪૮૦ માણસો સર્વાનુમતે નીમવામાં આવ્યાં. એમાંના ૩૬ ફેક્ટર્સ ( Factors ) એટલે હિસાબી કારકુનોને રૂ. ૫૦૦૦ સુધીના જામીન આપવાના હતા. આ સઘળાઓના પગારની બાબતમાં એટલુંજ કહેવું બસ છે કે કેપ્ટન ડેવીસને ૧૦૦ પૌંડ પગાર તરીકે તથા જાતનો વેપાર કરવા માટે ૨૦૦ પૌંડ કર્જે આપ્યા હતા, અને પાછા ફર્યાં પછી સફરનો નફો ૨૦૦ ટકા થાય તો ૫૦૦ પૌંડ બક્ષિસ, ૩૦૦ ટકા થાય તો ૧૦૦૦ પૌંડ બક્ષિસ અને ૫૦૦ ટકા થાય તો ૨૦૦૦ પૌંડ બક્ષિસ આપવાનો ઠરાવ હતો.

તા. ૩૧ મી ડીસેમ્બર ૧૬૦૦ ને દિવસે કંપનીની સનદ ઉપર રાણીની સહી થઈ ત્યારે આ કંપનીમાં ૨૧૫ સભાસદ હતા, અને અર્લ ઓફ કંબર્લેંડ તેમનો અધ્યક્ષ હતો. સનદનો મુખ્ય મજકુર આ પ્રમાણે હતો—

આપણા દેશની આબરૂ રાખવા, લોકોએ સંપત્તિ મેળવવા, દરિયાઈ સત્તા વધારવા, એટલે ટુંકમાં કાયદાસર વેપાર કરી આપણા દેશને આબાદ કરવાના હેતુથી એક રાષ્ટ્રિય સંસ્થા સ્થાપન કરવામાં આવે છે. આ સંસ્થાને ‘ પૂર્વ તરફના પ્રદેશોમાં વેપાર કરનારી લંડનના વેપારીઓની કંપની અને ગવર્નર ’ એવું નામ આપવામાં આવે છે. આ નામ પ્રમાણે તેણે પોતાનું કામ કરવાનું છે.

કંપનીને આપવામાં આવેલા અધિકારનો સારાંશ:—

૧. કંપનીના સભાસદ, તેમના પુખ્ત ઉમરના છોકરાઓ, તેમ તેના નોકર તથા ઉમેદવાર એ સર્વને પંદર વર્ષ લગી પૂર્વના વેપારનો ઇજારો આપવામાં આવે છે.

૨. મૅગેલનની સામુદ્રધુની અને કેપ ઑફ ગુડ હોપની વચમાંના એશિયા, આફ્રિકા અને અમેરિકાના ગમે તે દેશ, બંદર અથવા બેટનો માલ લાવી કંપનીએ વેપાર ચલાવવો.

૩. (અ) ઉપર કહેલા દેશોમાં જોઇએ તેટલી જમીન વેચાતી લેવાનો,
(બ) ફરીઆદ માંડવાનો, પોતાના ઉપરની ફરીઆદમાં બચાવ કરવાનો તથા સિક્કો વાપરવાનો,
(ક) પોતાની વ્યવસ્થા કરવા માટે જોઇએ તેવા નિયમ ઘડવાનો, તથા
(ડ) અંગ્રેજી કાયદા પ્રમાણે ગુન્હેગારોને દંડની અથવા કેદની શિક્ષા કરવાનો, કંપનીને અધિકાર છે.

(૪) આ સનંદમાં નિર્દિષ્ટ કરેલી કંપની સિવાય બીજા અંગ્રેજો ઉપર જણાવેલા દેશો સાથે વેપાર ચલાવશે તો તેને શિક્ષા થશે.

આ ઉપરાંત રાણીએ પોતે કંપનીને કંઇક વિશેષ સરળતા કરી આપી હતી. પહેલી ચાર સફરમાં કંપની વેચવા માટે જે માલ દેશાવર લઇ જાય તે ઉપર નિકાસ જકાત તેણે માફ કરી, અને આયાત જકાત ભરવા માટે ૬ થી ૧૨ મહિનાની મહેતલ આપી. પહેલી સફરમાં ત્રણ લાખ રૂપીઆ લગીની ચાંદી અથવા રોકડ નાણું ઇંગ્લંડની બહાર લઈ જવાની કંપનીને પરવાનગી હતી, પણ તે પછીની સફરોમાં પરદેશ ગયલું નાણું ૭ મહિનાની અંદર સ્વદેશ પાછું લાવવાનો ઠરાવ હતો. આનો અર્થ એટલોજ કે દેશમાંના પૈસા બહાર ન જવા દેવા માટે તે વેળા અડગ પ્રયત્ન થતા. મોગલ બાદશાહીમાં પણ નાણાં માટે એવાજ નિર્બંધ હતા. આ સિવાય ૫૦૦ અંગ્રેજ ખલાસી અને ૬ વહાણો જોઇએ ત્યારે કંપનીને મળ્યા કરે એવો રાણીએ હુકમ કર્યો હતો. વળી કામકાજ વ્યવસ્થિત રીતે ચાલશે તો ઇજારાની પંદર વર્ષની

મુદ્દતમાં વધારો કરી આપવામાં આવશે, અગર તેમાં જો કંઈ ગેરવ્યવસ્થા જણાશે તો એ મુદ્દત કમી કરવામાં આવશે એવું પણ ઠર્યું હતું.

આટલું કર્યા છતાં પણ કેટલીક અડચણો રહી હતી. પહેલીજ સફરના એકંદર ખર્ચનો અડસટ્ટો સાત લાખ રૂપીઆ થયો, પણ એટલું નાણું વખતસર વસુલ ન થઈ શકવાથી કામ શરૂ કરવા માટે કેટલાકોને પોતાની પદરના પૈસા કહાડવા પડ્યા હતા. આખરે સઘળી તૈયારી સંપૂર્ણ થતાં તા. ૧૩ મી ફેબ્રુઆરી, ૧૬૦૨ ને દિવસે ટેમ્સ નદી છોડી કંપનીનાં વહાણો પૂર્વની પહેલી સફરે ઉપડ્યાં.

૮. **આ બાબત સ્ફુટ વિચાર.**—આ પ્રમાણે ઇલિઝાબેથ રાણીના સમયમાં ઇંગ્લંડની નૌકાનયનમાં પ્રગતિ થઈ, અને કંપનીની સ્થાપનાથી તેનો મરતબો પુષ્કળ વધ્યો. અન્યોઅન્ય સહાય કરવાનું એટલે ઘણાં માણસોએ મળી એક નિશ્ચયથી અમુક કામ ઉપાડી તે પાર ઉતારવાનું ધોરણ આ પ્રસગે ઉત્તમ રીતે અમલમાં આવ્યું. હિંદુસ્તાન જેવા દૂર દેશનો વેપાર થોડો થોડો ખર્ચ કરી એકાદ બે વહાણ મોકલવાથી હાથમાં આવશે નહીં, તે માટે સર્વેએ એકત્ર થઇ આખા દેશનો ટેકો મેળવવો જોઇએ, સ્પેનિશ, વલંદા વગેરે અન્ય પ્રજા સાથે વખતોવખત હાથ ચાલાકી કરવી પડે તો થોડાં માણસોથી કામ સિદ્ધ થાય નહીં, એવી અનેક જાતની ફરીઆદો કંપનીના વેપારીઓ પોતાની અરજીમાં પ્રથમથીજ કરતા. વળી પ્રત્યેક બાબતમાં કોઇની પણ શરમ અથવા બ્હીક રાખ્યા વિના કામ કર્યા જવાનો આ વેપારીઓનો ઇરાદો હતો. રોકડા પૈસા નહીં ભરતાં જો કોઈ કંઇ માલ અથવા વહાણ આપે તો તે ન લેવાનો તેમનો સંકલ્પ હતો. સર્વ બાબતમાં હાલની જૉઇંટ સ્ટૉક કંપનીના જેવીજ આ કંપની હતી. પણ આગળ જતાં તેનુ કામકાજ વધી જશે, અને તેનાં કેટલાંક રૂપાંતરો થશે તેની એ સમયે કોઇને કલ્પના પણ થઈ નહોતી. કંપનીનો મુખ્ય આધાર ઇજારાની પદ્ધતિ ઉપર રચાયો હતો, એટલે બીજા કોઇને તેના વેપારમાં દાખલ કરવાની તેને છૂટ નહોતી. સઘળાની મદદની જે કામમાં જરૂર હોય ત્યાં વ્યક્તિની સ્વતંત્રતા ભાગ્યેજ જળવાય એ સ્વાભાવિક છે. આમ છતાં પણ વલંદા કંપનીની માફક આ કંપનીમાં આખા અંગ્રેજી

રાષ્ટ્રનો સમાવેશ થતો હતો નહીં, પણ તેનું સઘળું સામર્થ્ય રાજ્ય તરફથી મળેલા હક ઉપર અવલંબી રહ્યું હતું. દર ખેપે વહાણો મોકલવા માટે કંપનીને રાજાની પરવાનગી લેવી પડતી, તેમજ એક બંદરેથી બીજે બંદરે માલ લઈ જવા માટે પણ તેવી મંજુરીની જરૂર હતી. વળી રાજાનાં મરી વેચાયા સિવાય કંપનીએ પોતાનાં મરી વેચવાં નહીં એવો અટકાવ હતો. કંપનીની અંતર્વ્યવસ્થામાં કંઈ બખેડા થાય, કોઈ પોતાની વર્ગણી વેળાસર આપે નહીં, એકાદ સફરમાં મોકલવા માટે ખલાસી, વહાણ અથવા સુતાર મળે નહીં, અથવા જો કોઈ અપયશી કપ્તાન કંઈ કસુર કરે તો પ્રિવિ કૌન્સિલ મારફત તે સઘળી બાબતનો નિકાલ કરવાનો હતો. અર્થાત્ દરેકે દરેક બાબતમાં કંપની રાજાના હુકમોથી બંધાઈ ગયલી હતી, અને તેનું કામકાજ ચલાવવાનો સંપૂર્ણ અધિકાર ફક્ત ૨૪ માણસોના હાથમાં હતો. હાલમાં જેવી રીતે ઠરાવેલા કાયદા અન્વય કોઈ પણ કંપનીને સ્વતંત્ર અધિકાર આપવામાં આવે છે તે પ્રમાણે આ કંપની-ને કંઈપણ હક નહોતો.

કંપનીના સભાસદ થવા માટે જે અનેક માર્ગ હતા તેમાંનો મુખ્ય માર્ગ અમુક ભાગ વેચાતો લઇ તેમાં દાખલ થવાનો હતો. આરંભમાં એક ભાગની કિમત ૨૦૦ પૌંડ હતી. બીજી સફર વખત તે ૧૦૦ પૌંડ થઇ જતાં નાના નાના ભાગીદારોના હાથમાં કંપનીની સત્તા ગઇ. સને ૧૬૦૭ માં ઉપડેલી ત્રીજી સફરમાં ૨૦૫ ભાગીદારોમાંથી ૧૦૮ માણસો ૨૦૦ પૌંડની અંદરના ભાગીદારો હતા. આ સ્થિતિ અટકાવવાના હેતુથી ૧૬૦૮ માં કંપનીના પ્રત્યેક ભાગની કિમત ૫૦૦ પૌંડ કરવામાં આવી. એમ છતાં નાની પુંજીવાળા માણસો પણ વેપારમાં સામેલ થઈ શકે તે માટે ઘણાએએ એકઠા થઇ પોતામાંના એકાદ જણને નામે ભાગ લેવાની ગોઠવણ કરી એક ભાગ લેનાર કંપનીના વહિવટમાં એક મત આપી શકતો.

પહેલી સફરમાં જમા થયલો ૬૮,૩૭૩ પૌંડનો ભંડોળ કંપનીના સભાસદોએ એકઠો કર્યો હતો. દરેક સફરનો જમા ખર્ચ જુદો રાખી તેના નફાટોટાનો હિસાબ તે સફરનેજ ખાતે લખવાનું શરૂઆતથીજ નક્કી થયું

હતું. પણ બીજી સફર જાય તે અગાઉ પહેલી સફરનો હિસાબ પુરો થતો નહીં; આવેલો માલ વેચવામાં અથવા બીજી ભાંજગડોનો નિકાલ કરવામાં પુષ્કળ વખત નીકળી જતો, એટલે બીજી સફરના ખર્ચની જોગવાઈ પહેલી સભા પોતેજ કરતી, અથવા તેઓ બીજા પાસે એટલો ભંડોળ ઉભો કરાવતા, અને તે સફરમાં જે નફો નુકસાન થાય. તેજ તેમને માથે પડતો. આવી રીતે જે કોઈ વર્ગણી આપતું તે કંપનીનો સભાસદ થતું. ટુંકમાં પહેલી ઈસ્ટ ઈન્ડીઆ કંપની શરૂઆતમાં એકઠા થયલા એકજ ભંડોળ ઉપર ચાલી હતી એવું હતું નહીં, માત્ર દરેક સફરનાં નફો નુકસાન જે તે સફરને હિસાબે લખાતાં. એ પ્રમાણે ત્રીજી, ચોથી, અથવા તે પછીની સફરોમાં નવાંજ માણસો પૈસા ભરે તો પહેલી સફરના ભાગીદારોનું શું કામ પડે એ સ્વાભાવિક પ્રશ્ન ઉઠે છે. પણ તેઓ માટે પુષ્કળ કામ હતું. નવી સફરો કઇ બાજુએ રવાના કરવી, તેમાં લાગનાર ખર્ચનો અંદાજ કરી વર્ગણીથી રકમ ભેગી કરવી, તેને માટે રાજાની પરવાનગી મેળવવી, સફર માટે વહાણ, માલ વગેરે વેચાતાં લેવાં તથા પાછળથી નફા નુકસાનનો હિસાબ કરી વ્હેંચણી કરી આપવી, વગેરે અનેક પ્રકારનાં કામો તેમને માટે હતાં. કેટલીક વેળા નવા વર્ગણીદારો ન મળે તો પહેલાંનાજ લોકોને ભાગે પડતા પૈસા આપવા પડતા. આ સઘળું કહેવાની મતલબ એજ છે કે હાલની કંપનીઓના વહિવટ માફક આ કંપનીનું કામ સરળ નહોતું. તેમાં વખતો વખત નવા લોકો દાખલ થતા હોવાથી, તથા નવી રકમો ઉમેરાતી હોવાથી, તેમજ દરેક સફરનો હિસાબ જુદો રાખવામાં આવતો હોવાથી અનેક ભાંજગડ ઉત્પન્ન થતી. એક સફર ઉપડયા પછી કંપનીના સભાસદોને થોડી વિશ્રાંતિ મળે એટલામાં બીજો કોઇ ગ્રહસ્થ નવી સફરની યોજના કરે તો તેનો વિચાર કરવા માટે સભા ભરવામાં આવતી, અને કામ શરૂ થતું. તે સફર માટેનું જાહેરનામું તૈયાર કરી તેનો ઉદ્દેશ તથા ખર્ચ અને નફા નુકસાનનો અડસટ્ટો તેમાં લખવામાં આવતો, અને હાંજર હોય તે લોકો મરજી પ્રમાણે તેમાં રકમ ભરતા; પછી જે ચોપડીમાં ઉપલી સઘળી હકીકત લખવામાં આવી હોય તે ચોપડી વર્ગણી એકઠી કરવા માટે અન્ય લોકોમાં ફેરવવામાં આવતી.

આવી રીતે જો પૈસા એકઠા ન થાય તો ફરીથી તે કામ માટે એક ખાસ કમિટિ નીમાતી. કેટલીક વેળા પહેલી સફરનાજ વર્ગણીદારોને બીજી સફર માટે નાણું કહાડી આપવાની ફરજ પડતી. ભંડોળ એકઠો થતાં સફરને માટે નિયમો ઘડવાનું તથા રાજાની પરવાનગી મેળવવાનું કામ શરૂ થતું. આ સઘળું ઘણુંખરૂં ડાયરેકટરોની સભા કરતી, અને સર્વ બાબત નક્કી થયા બાદ વર્ગણીદારોની સભા સમક્ષ સઘળું નિવેદન થતું.

વર્ગણીદારોને 'બ્રધર ઑફ ધી કંપની' (Brother of the Company) અથવા 'પ્રોપ્રાયટર ઑફ ધી કંપનીઝ સ્ટૉક' (Proprietor of the Company's Stock) કહેતા. તેમની વર્તણુકમાંની સૌથી નજીવી બાબત માટે પણ નિયમો થતા. સભામાંથી ગેરહાજર રહેનારાને અથવા સભા બરખાસ્ત થયા પૂર્વે ઉઠી જનારાને આઠ આના, અને સભામાં મોડા આવનારને ચાર આના દંડ થતો. કેટલીક વેળા વર્ગણીદારોને તુરંગમાં મોકલવા માટે પ્રિવિ કૌન્સિલ પાસથી પરવાનગી મેળવવામાં આવતી. સભામાં કોઈને ત્રણથી વધારે વખત બોલવાની છૂટ નહોતી. એ નિયમનું ઉલ્લંઘન કરનારને પોણાબે રૂપીઆ દંડ થતો. બીજો બોલતો હોય ત્યારે વચમાં બોલનારને અથવા બડબડ કરનારને સવા રૂપીઓ, અને અયોગ્ય વર્તન માટે પાંચ રૂપીઆ દંડ કરવામાં આવતો. સભાસદોને અધ્યક્ષનો હુકમ માન્ય કરવો પડતો, અને દંડ ન આપનારને કેદની શિક્ષા થતી.

દરેક નવી સફરની સઘળી ગોઠવણ કરવા માટે ચાર મુખ્ય વાત જરૂરની હતી. પ્રથમ, રાજાની લેખી પરવાનગી મેળવવી; એ વિશે કરવાની અરજીમાં સફર માટે નિયુક્ત થયલા ઉપરી અમલદારને સર્વ પ્રકારના અધિકાર આપવા બાબત નિર્દિષ્ટ કરવામાં આવતું. બીજું, સફરના મુખ્ય કામદારોએ શું શું કામ કરવું તેની યાદી નક્કી કરવી. ત્રીજું, લેટર્સ પેટંટ એટલે રાજાની સહી સિક્કાવાળો પરવાનો મેળવવો, કેમકે તે દેશાવરના રાજાઓને બતાવવો પડતો; અને ચોથું, એ રાજાઓના ઉપર ઇંગ્લંડના રાજાનો સ્વહસ્ત લિખિત પત્ર લેવો. ઇલિઝાબેથ રાણીએ આવો એક પત્ર અચીનના રાજાને આપવા માટે પહેલી

સફરના મુખીને આપ્યો હતો. એ પત્ર અનેક રીતે અગત્યનો હોવાથી તેનું ભાષાંતર હેઠળ આપ્યું છે:—

"ફેબ્રુઆરી સને ૧૬૦૦.

પરમેશ્વરની કૃપાથી ઈંગ્લંડ, વેલ્સ અને આયરલંડની રાણી ઇલિઝાબેથ તરફથી........ના મહાન અને પરાક્રમી રાજ્યકર્તા જોગ.

સર્વ શક્તિમાન પ્રભુએ પોતાના અપરિમિત અને અગાધ ડહાપણથી તથા કૃપા દ્રષ્ટિથી આ જગતમાં મનુષ્યના ઉપભોગ માટે અનેક ઉત્તમ વસ્તુ ઉત્પન્ન કરી તેની સર્વત્ર સુવ્યવસ્થા કરી રાખી છે. તે જણસો ગમે તેવી રીતે પેદા થતી હશે, અને કેટલીક આ દેશમાં અને કેટલીક બીજા દેશોમાં તૈયાર થતી હશે, તોપણ તે આ પ્રભુના હુકમ અન્વય પૃથ્વી ઉપરના સઘળા દેશોમાં પહોંચે, અને તે મહા પ્રભુનું અપરિમિત ઔદાર્ય જનસમૂહને એક સરખું પ્રાપ્ત થાય, એવો તે પ્રભુનો ઉદ્દેશ દેખાય છે; જે પ્રદેશમાં અમુક ચીજ પાકતી હોય ત્યાંના લોકોએજ માત્ર તે વાપરવી, અને બીજા દેશોને તે મળે નહીં એવો તેનો હેતુ જણાતો નથી. એક દેશ બીજા દેશને ઉપયોગી થાય, અને જો એક જગ્યાએ કંઇ વસ્તુ અનહદ પાકે તો તે માટેની બીજા મુલકની જરૂરીઆત તેણે ટાળવી એવો ઇશ્વરી ઉદ્દેશ હોવાથી દૂરદૂરના અનેક દેશોમાં વેપારની ધામધુમ ચાલે છે, અને માલની લેવડદેવડ થતાં તેમની વચ્ચે સ્નેહ ભાવ તથા પ્રેમ વધે છે.

મહારાજ! આ ઉપર કહેલા હેતુ સિવાય અમારૂં એવું સમજવું છે કે કોઇ પરરાજ્યના લોકો વેપારનો ઉદ્દેશ મનમાં રાખી સ્નેહ ભાવથી તથા સૌમ્યવૃત્તીથી આપણા દેશમાં આવે તો તેનો ઉત્તમ પ્રકારે આદર કરવો. આથીજ અમારા કેટલાક વેપારીઓને આપના દેશમાં આવવાની પરવાનગી આપવાની અમને ઉમેદ થાય છે. આપના દેશમાં વેપારી માલના સોદા ઘણા ઉત્તમ થાય છે એવું અહીં ખાતરી લાયક સાધનોથી જાણવામાં આવ્યાથી, જળમાર્ગોનાં અનેક દુર્ઘટ સંકટો વેઠી આ વેપારીઓ તમારી તરફ આવે છે. આપના લોકો સાથે વેપારી ધોરણે સોદા કરવાનો એટલે અહીંનો માલ તમારા દેશમાં વેચી ત્યાંનો માલ અહીં વેચવા માટે

લાવવાનો, તેમનો ઉદ્દેશ છે. આટલાં સંકટો વેઠી આપના દેશમાં દાખલ થવા જે અર્થે તેમને સ્ફૂર્તિ આવી છે તે અર્થે આપ પણ તેમનો યોગ્ય સત્કાર કરશો, તો બોલવા ચાલવામાં તથા વ્યવહારમાં તેઓ ચોખ્ખા અને સભ્ય છે એમ આપને જણાઇ આવશે, અને આપના દેશમાં તેઓના આગમન માટે આપને ખોટું લગાડવાને કારણ રહેશે નહીં. તેવીજ રીતે તેઓ પોતાના વહાણમાં અહીંનો જે માલ ભરી લાવે છે તે આપને આપતાં, અને આપની તરફનો માલ અહીં લાવતાં એકમેકનો જે નિકટનો સહવાસ અને વ્યવહાર ચાલુ થશે તે ઉપરથી આપને એમ ઇચ્છા થશે કે તેઓ ફરીથી એવો માલ લઈ આપના દેશમાં આવે. આજ સુધી ફક્ત સ્પેનિશ અને પોર્ટુગીઝ વેપારીઓ અહીંનો કેટલોક માલ આપના દેશમાં લાવે છે, પણ તેઓ વેપારના સબંધમાં અમારા વેપારીઓ તથા બીજા લોકોને નાહક સતાવે છે. ખરૂં જોતાં તેઓ આપના દેશમાં વેપારના ઉદ્દેશથી આવ્યાજ નથી આપની તરફના સઘળા દેશોના માલિક અને બાદશાહ પોતે છે એમ તેઓ સમજે છે, અને ત્યાંના લોકો પોતાની પ્રજા છે, એવું અહીંના લોકોને તેઓ જાહેર કરી રહ્યા છે; લખાણમાં પણ એવીજ ખુદ્દી રીત તેઓએ અખત્યાર કરી છે

અમારા જે લોકો માત્ર વેપારના સૌમ્ય ઉદ્દેશથી આપની તરફ આવે છે તેઓને આપ મહેરબાની કરી આપના દેશમાં દાખલ થવા દેશો, અને આ પહેલા પ્રસંગની ઓળખ ચાલુ રાખી આપની અને અમારી પ્રજા વચ્ચે વેપાર અને સ્નેહની વૃદ્ધિ કરશો, એવી અમને આશા છે. આપની આજ્ઞા હશે તો અમારા કેટલાક વેપારીઓ અહીં પાછા આવી અહીંનો માલ ભરી તમારી તરફ લાવે તે પર્યંત બાકીનાં માણસો આપનાં કૃપાછત્ર હેઠળ આપના દેશમાં રહી ત્યાંની ભાષા વગેરે શિખશે, કે જેથી કરી એકમેકના વિચાર તથા રીતરિવાજ એક બીજાની જાણમાં આવ્યાથી સ્નેહની વૃદ્ધિ થતાં ઉભયનો હેતુ પાર પડે

આપની તથા અમારી વચ્ચેનો સ્નેહ વૃદ્ધિ પામી વ્યવહારને સ્ફૂર્તિ મળે એ માટે ઉભય પ્રજા વચ્ચે કંઇક કરાર અથવા ઠરાવ કરવાની જરૂર

છે, તેથી આ પત્ર આપની તરફ લાવનાર માણસને અમારી તરફથી સદેશા ચલાવવાનો, તથા ઠરાવ કરવાનો અમે સંપૂર્ણ અધિકાર આપ્યો છે. તે ગૃહસ્થ આપની સાથે જે ઠરાવ કરશે તે અમો ઇમાનદારીથી પાળીશું, અને આપ અમારા આ લોકો ઉપર જે મહેરબાની કિંવા ઉપકાર કરશો તેનો બદલો અમે અત્યંત આનંદથી વાળીશું. છેલ્લે એટલીજ માગણી છે કે અમારો આ ઉદ્દેશ આપને પસંદ પડયા વિશેનો જવાબ આવેલા લોકોને આપશો. આપના જવાબ મોકલવાથી અમારા ઉપર મોટી મહેરબાની થશે, અને અમને અતિશય સંતોષ ઉપજશે. ”

આ પત્ર ઉપર ટીકાની જરૂર નથી. આવા મીઠા શબ્દોથી પાશ્ચાત્ય પ્રજા આ દેશમાં કેવી રીતે દાખલ થઇ તે સહજ જણાશે.

પહેલી સફર ઉપડયા પછી જ્યોર્જ વેમથ નામના એક વહાણવટીએ કંપનીને અરજી કરી પુછાવ્યું કે ‘ ઉત્તર તરફથી હિંદુસ્તાન જવાનો રસ્તો હુ શોધી કહાડવા રાજી છું તો એ કામ પોતાને ખર્ચે કંપની હાથમાં લેવા તૈયાર છે કે નહીં? અને જો ન હોય તો હું સ્વતંત્રપણે માર્ગ શોધી કહાડું તો કેટલાંએક વર્ષ સુધી હિંદુસ્તાનના વેપારનો ઇજારો મને આપવા કંપની તૈયાર થશે કે નહીં?’ આ અરજી ઉપરથી કંપનીએ સભા ભરી પોતાને ખર્ચે તે કામ ઉપાડી લેવાનો ઠરાવ કર્યો, અને ખર્ચ માટે ૩૦,૦૦૦ રૂપીઆની જોગવાઇ કરી. કૅપ્ટન વેમથને હથીઆર ખરીદવા ૧૦૦૦ રૂપીઆ આપવા, તથા નવો માર્ગ શોધી કહાડવામાં તે ફતેહમંદ થાય તો બક્ષિસ તરીકે તેને ૫૦૦૦ રૂપીઆ આપવા, અને જો નિષ્ફળ જાય તો કંઇ આપવું નહીં, એવી મતલબનો કંપનીએ તેની સાથે કરાર કર્યો. પરંતુ આથી મસ્કોવી કંપનીના વ્યવહારમાં ખલેલ પહોંચશે એવી તકરાર તેની તરફથી ઉઠાવવામાં આવતાં તેનો સંતોષકારક નિકાલ કર્યા બાદ વેમથના કાફલાની સઘળી ગોઠવણ કરવામાં આવી. રાણી ઇલિઝાબેથ તરફનો પત્ર તૈયાર થયો, પરંતુ આ સફરનો કંઈ પણ ઉપયોગ થયો નહી, અને ખર્ચના પૈસા નકામા ગયા આ પછી ઉત્તર તરફ સફર મોકલવાની ભાંજગડમાં કંપની ઘણું પડી નહીં. એમ છતાં વચમાં વચમાં થયલા પ્રયત્નોમાં દાખલ કરવા તે ઉશ્કેરાતી હતી.

સને ૧૬૦૬મા જૉન નાઇટે, અને સને ૧૬૦૭-૮-૯ મા હેનરી હડ્સને ઉત્તર ધ્રુવના પ્રદેશો તરફ સફર કરી, અને ૧૬૧૨ લગીમા વિલિઅમ બૅફિને તે દિશાનો ઘણો પ્રદેશ શોધી કહાડયો સને ૧૭૪૧ માં રશિઅન કૅપ્ટન બેહરીંગે હાલની બેહરીંગની સામુદ્રધુની શોધી કહાડી

કંપનીની વ્યવસ્થાપક મંડળીમાં ગવર્નર, ડેપ્યુટી ગવર્નર, ટ્રેઝરર અને બીજા ૨૪ માણસો હતા આ સઘળા દરસાલ જુનાઈ મહિનામાં બહુમતિથી ચુંટી કહાડવામા આવતા, જુના સભાસદોને ફરીથી ચુંટાવવા માં હરકત નહોતી એ મંડળીની મદદમા એક સેક્રેટરી, એક એકાઉન્ટન્ટ અને કેટલાક કારકુનો હતા શરૂઆતમા જ્યાં સુધી જુદી જુદી સફરોનું કામ ચાલતુ ત્યા સુધી વ્યવસ્થાપક સભા સઘળી બાબતમા મુખત્યાર હતી વર્ગણીદારોના હાથમા ઘણી સત્તા નહોતી, પણ આસરે પચાસ વર્ષ વીત્યા બાદ આ વ્યવસ્થાપક મંડળીના અધિકારમા ઘણો ઘટાડો થયો પ્રત્યેક સફરનો હિસાબ જુદો રાખવામા આવતો, તોપણ ઘણુ ખરૂ એક સફરમા કામ કરનારા માણસોજ બીજી સફરમા રોકવામાં આવતા, તેવીજ રીતે એક સફરનો માલ તથા ઉત્પન્ન બીજી સફરના હિસાબમા ગણવામા આવતો હિંદુસ્તાનમા રહેના લોકો ઘણુ ખરૂ બદલાતા નહીં, પણ તેમનો ખર્ચ જે તે સફરમાથી ગણવામા આવતો તેઓ સઘળા એક કુટુંબ તરીકે રહેતા, અને તેમના ઉપર કંપનીની દેખરેખ રહેતી જ્યા જ્યા વખાર હોય ત્યા સઘળા કામદારો એકઠા રહેતા, એકજ ઠેકાણે જમતા, સવાર સાંજ એકઠા થઈ પ્રાર્થના કરતા અમુક ઠરાવેલા વખત પછી રાત્રે બહાર નીકળવાની મનાઈ હતી ઈસ્ટ ઇન્ડીઆ કંપની તરફથી લખાયલા શરૂઆતના ઘણા કાગળો આ લોકોના વર્તન સંબંધી છે ગાળાગાળી કરવી નહીં શરીર સ્વચ્છ રાખવુ, ઉપરીઓને માન આપવુ તથા તેમનુ કહેવુ સાંભળવુ, પ્રકૃતી જાળવવી, ચાડી ખાનાર તથા અનીતિને માર્ગે જનારને શિક્ષા થશે, જુગાર બીલકુલ રમવો નહીં, અમર્યાદિત મદ્યપાન તથા મીજબાનીઓ કરવી નહી, આવા પ્રકારના ઉપદેશો આ પત્રમા કરવામા આવેલા માલમ પડે છે વેપારની હકીકતની સાથે આવા ખાનગી વર્તણુક ના

ઉલ્લેખ જોઇ કંપનીને પોતાના નોકરો સાથે કેવો સંબંધ હતો તેનું સહજ અનુમાન થઇ શકશે. 'ઈશ્વિર ઉપર ભક્તિ રાખો તથા તેની બ્હીક રાખી વર્તો' આ ઉપદેશ લીટીએ લીટીએ છે. 'તમારે પહેરવેશ અને ખાનગી વર્તણુક એવાં રાખવાં કે તેથી ખર્ચ વધારે થાય નહીં, અને વેપારમાં કંઈ અડચણ આવે નહીં; કૅપ્ટન વગેરે લોકોના સન્માનાર્થે બંદુક અથવા તોપ ફોડી દારૂગોળો વાપરી નાંખવો યોગ્ય નથી; પોર્ટુગીઝ લોકો પોતાનો દારૂગોળો આવા કામમાંજ ઉડાવી દે છે એ ધ્યાનમાં રાખવું. ટુંકમાં પોર્ટુગીઝોને પગલે નહીં ચાલતાં વલંદા લોકોનું અનુકરણ કરો; તેઓ ઉદ્યોગી તથા સાવધ રહે છે તેવા તમે થાઓ.' આવો ઉપદેશ કંપની તરફથી તેના નોકરોને અહરનિશ કરવામાં આવતો, તેમને માટે સારાં સારાં પુસ્તકો પણ ઈંગ્લંડથી મોકલવામાં આવતાં. આવી ખંત અને મેહેનત ઉપરથીજ કંપનીએ પાછળથી મેળવેલા યશની કલ્પના થઈ શકશે.

## પ્રકરણ ૯ મું.

## નિયમિત સફરો તથા સર ટૉમ્સ રો.

(સને ૧૬૦૦–૧૬૨૦)

૧. યુરોપિયન કંપનીઓ.
૨. અંગ્રેજોની પહેલી નિયમિત સફર.
૩. પોર્ટુગીઝો સાથે પહેલો ઝગડો
૪. ચીન જપાન તરફ પ્રયત્ન.
૫. સર ટૉમ્સ રોની નિમણુક તથા તેનું હિંદ તરફ પ્રયાણ.
૬. મોગલ દરબારની સ્થિતિ.
૭. તહનામાનો મુસદ્દો તથા તેને લગતી ચર્ચા.
૮. આ ઉદ્યોગથી થયલો ફાયદો.
૯. ઈરાનમાં ખટપટ.

**૧. યુરોપિઅન કંપનીઓ.**—યુરોપિયન પ્રજામાંથી પ્રથમ હિંદ આવનાર પોર્ટુગીઝો હતા, પણ તેઓએ વેપાર અર્થે નિયમિત કંપની સ્થાપી નહોતી; તેમનો સઘળો વેપાર રાજ્ય તરફથી ચાલતો. સને ૧૭૫૨ માં પોર્ટુગીઝ સરકારે હિંદુસ્તાનનો વેપાર સર્વને માટે ખુલ્લો મુક્યો ત્યાં સુધી તેમના

હુકમ સિવાય કોઇને આ દેશમાં વેપાર કરવાની પરવાનગી નહોતી. વલંદા કંપની સને ૧૬૦૨ માં સ્થપાઇ હતી. ફ્રેન્ચ લોકોની અનેક કંપનીઓ ઉભી થઈ હતી. પહેલી કંપની સને ૧૬૦૪ માં, બીજી સને ૧૬૧૧ માં, ત્રીજી સને ૧૬૧૫ માં, ચોથી સને ૧૬૪૨ માં, અને પાંચમી સને ૧૬૪૪ માં સ્થપાઈ હતી, તેમની છઠ્ઠી અને સર્વેથી મોટી કંપની, પૂર્વ અને પશ્ચિમ એમ બેઉ દિશા તરફ વેપાર કરવા માટે સને ૧૬૧૯માં હસ્તીમાં આવી હતી. આ 'કંપની ઑફ ધી ઇન્ડીઝ' નો ઇજારો સને ૧૭૬૯ પર્યંત અમલમાં રહ્યો. સને ૧૭૯૦ માં ફ્રેન્ચ સરકારે સર્વને માટે વેપાર ખુલ્લો મુક્યો એટલે આ ઇજારો કાયમનો નિર્મૂળ ગયો.

ડેનમાર્કની પહેલી કંપની સને ૧૬૧૨ માં, તથા બીજી ૧૬૭૦ માં સ્થાપન થઈ હતી.

સ્કૉટલંડમાં સને ૧૬૧૭ માં 'સ્કૉટિશ ઇસ્ટ ઇન્ડીઆ કંપની' સર જેમ્સ કનિંગહામના અગ્રેસરપણા હેઠળ ઉભી થઈ હતી. સને ૧૬૯૫ માં ત્રીજા વિલિઅમ રાજાએ આફ્રિકા તથા ઇન્ડીઝમાં વેપાર કરનારી બીજી એક સ્કૉટ કંપનીને બાવીસ વર્ષની સનદ આપી, પણ તે મુદ્દત પુરી થવા અગાઉ એ કંપની ભાંગી પડી.

ઑસ્ટ્રીઆના બાદશાહે 'ઑસ્ટેન્ડ કંપની' નામની પૂર્વમાં વેપાર કરનારી એક કંપની સ્થાપવા સને ૧૭૨૩માં પરવાનગી આપી, પણ સને ૧૭૮૪ માં તે કંપનીનો અંત આવ્યો.

સ્પેનના લોકોએ સને ૧૭૩૩ માં સ્થાપેલી કંપની સને ૧૮૦૮ માં ભાંગી પડી. પ્રશિઅન લોકોએ સને ૧૭૫૦ માં સ્થાપેલી 'એશિયાટીક કંપની' સને ૧૮૦૩ માં નાશ પામી. તેઓએ ઉભી કરેલી 'બંગાલ કંપની' તરતજ ડુબી ગઈ ( સને ૧૭૫૫–૫૬ ).

આ રીતે આ દેશનો વેપાર હસ્તગત કરવા કાજે યુરોપમાં સ્થાપન થયલી અનેક કંપનીઓ ટુંકો અથવા લાંબો કાળ હસ્તી ભોગવી અદૃશ્ય થઈ હતી. સને ૧૬૦૦ માં સ્થાપન થયલી અંગ્રેજોની 'ઇસ્ટ ઇન્ડીઆ કંપની'

અંત સુધી ટકી રહી, અને હિંદુસ્તાનમાં બ્રિટિશ અમલ સ્થાપવામાં ફતેહમંદ થઈ.

**૨. અંગ્રેજોની પહેલી નિયમિત સફર (સને ૧૬૦૦-૧૬૧૨).—** ઉપરના પ્રકરણમાં વર્ણવેલી ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના વ્યવહારની પદ્ધત ધ્યાનમાં લઈએ તો તેના વહિવટની હકીકતના ભાગ પડી ગયેલા જણાય છે. સને ૧૬૦૦ થી ૧૬૧૨ સુધીના પહેલા વિભાગમાં જુદી જુદી સફરો ઇંગ્લંડથી ઉપડતી, અને તે દરેકનો હિસાબ નિરાળો રાખવામાં આવતો. પણ વખતસર હિસાબ પુરો કરવાનું તદ્દન અશક્ય લાગ્યું. બે જુદી સફરના લોકો એક વેળા હિંદુસ્તાન વગેરે ઠેકાણે આવી પહોંચતા, અને માંહોમાંહે ગળાકાપગીરી વેપાર કરતા. એમ કરવામાં સઘળાને નુકસાન થવા લાગ્યું, ત્યારે આ પદ્ધતિ અટકાવવાની જરૂર જણાઈ. બીજા ભાગમાં એટલે સને ૧૬૧૨ થી ૧૬૬૧ સુધી આગાઉ વેપાર, એટલે જોઇંટ સ્ટોક કંપનીના ધોરણ ઉપર માલનો વેપાર, કંપનીએ ચલાવ્યો. આ ધોરણ અન્વય સફરની મુદત ઠરાવવાની નહોતી, અને જેમ તેટલી મુદતે પણ તેનો હિસાબ એકઠો કરી આપવા ધોરણનો હેતુ દૂર કરવાનો આશય હતો. પચાસ વર્ષ સુધી સતત આ પ્રયત્ન પણ સફળ થયો નહીં. કેટલાક વર્ષ સફરની મુદત વધારી લેવાઈ, કોઈ સફરનો હિસાબ પુરો થયો નહીં, અને મધ્યે પોતાની મરજી આગળ કરે, એટલે એક જોઇંટ સ્ટોક પુરો કરી બીજો શરૂ કરવાના નિયમને નિર્ણયથી આખરી પડી, અને આખરે કંપનીના જોડાણના મેમ્બર આપવા ભાગ કરાવી ને તેમાં નવું ભેગું કરવાની રીત થઈ તે રીત આખર સુધી અમલમાં રહી.

પહેલી સફર માટે તૈયાર કરેલાં વહાણને ઇંગ્લંડનો કિનારો છોડતાં બે મહિના લાગ્યા. આ સફરમાં એક વહાણ ૬૦૦ ટનનું અને બીજાનાં વજન ૨૫૦ થી ૩૦૦ ટન સુધી હતાં, અને તે ઉપર સઘળા મળી ૪૮૦ માણસો હતાં. [illegible] ને ઉપર [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] સુધીની મુદત હતી [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ૧૦૫ માણસ [illegible] [illegible]

પામ્યાં. સને ૧૬૦૨ ના જુનની પાંચમી તારીખે કૅપ્ટન લૅંકેસ્ટર સુમાત્રાની રાજધાની અચીન આગળ આવ્યો. ત્યાંના રાજાને ઇલિઝાબેથ રાણીનો પત્ર તથા નજરાણું વગેરે સાદર કરી લૅંકેસ્ટરે તેની સાથે વેપાર માટે કોલકરાર કર્યાં, તોપણ તેને કંઈ માલ મળ્યો નહી, કારણ કે પોર્ટુગીઝ, વલંદા વગેરે વેપારીઓ સઘળો માલ દબાવી બેઠા હતા. વળી તેજ વર્ષે મરીનો પાક સારો ઉતર્યો નહોતો. એટલે નાસીપાસ થઈ તેણે પોર્ટુગીઝોનું એક ૯૦૦ ટનનું માલથી ભરેલું વહાણ લૂટયું. એ પછી જાવા બેટમાં બૅંટમના રાજા સાથે મિત્રાચારી કરી ત્યાં પોતાના વેપારીઓ રાખી લૅંકેસ્ટર સપ્ટેમ્બર સને ૧૬૦૩ માં ઇંગ્લંડ પાછો ફર્યો. એ સમયે રાણી ઇલિઝાબેથના મરણની ખબર એણે સાંભળી, અને દેશનો એક મોટો ટેકો જતો રહેવાથી સઘળાઓ ખિન્ન થયા. ઉઠાવેલી મહેનતના બદલામાં લૅંકેસ્ટરને રાજ્ય તરફથી નાઈટનો ખિતાબ મળ્યો, અને તે કંપનીનો ડાયરેક્ટર થયો. સને ૧૬૧૮ માં તે મરણ પામ્યો ત્યાં સુધી તેણે કંપનીની ઘણી સારી સેવા બજાવી.

મરી, લવેંગ, તજ અને સુંદર મળી એકંદર દસ લાખ પૌંડનો માલ લૅંકેસ્ટર પોતાની સાથે લાવ્યો તે જોઇ કંપનીના લોકોના આનંદનો પાર રહ્યો નહીં. વહાણમાંથી એ માલ ખાલી કરનારા ૭ મજુરો ગજવામાં ભરી મસાલો ચોરી ન જાય તે માટે તેમને સારૂ ખીસા વિનાનાં ખાદીનાં કપડાં કંપનીએ તૈયાર કરાવ્યાં હતાં. બૅંટમમાં મરીનો ભાવ શેરે ચાર આના હતો, પણ ઇંગ્લંડમાં તે હમેશ સુમારે સવા રૂપીઓ રહેતો, અને સને ૧૫૯૯ માં તો તે ૩–૪ રૂપીઆ લગી ચડયો હતો. તે સમયે મસાલાના વેપારમાં આવો અઢળક ફાયદો હતો. સને ૧૬૦૬ માં એમ્બોયનાના ટાપુમાંથી લીધેલાં ૩૦,૦૦૦ રૂપીઆનાં લવેંગની ઉપજ ઇંગ્લંડમાં સને ૧૬૦૮ માં ૩,૬૦,૦૦૦ રૂપીઆ થઇ હતી. પણ આવો ફાયદો હમેશજ થતો એવું કંઈ નહોતું. પહેલી સફરનાં વહાણો ઇંગ્લંડ આવ્યાં તે વર્ષે ત્યાં મરકી ચાલતી હતી. એ હંગામમાં એકજ વર્ષમાં એકલા લંડન શહેરમાં ૩૮,૧૩૮ માણસો મરકીનાં ભોગ થઈ પડયાં હતાં એમ કંપનીની હકીકત ઉપરથી માલમ પડે છે.

મરકી નાબુદ થતાં માલ વેચવાની અડચણ પડવા લાગી ત્યારે વર્ગણીદારોએ પોતાના પૈસાના વ્યાજ પેટે થોડો થોડો માલ વહેંચી લીધો. આ પ્રમાણે સને ૧૬૦૯ સુધી પહેલી સફરનો હિસાબ પત્યો નહીં. સઘળો હિસાબ પુરો થયો ત્યારે બે સફર મળી ૯૫ ટકા નફો થયલો જણાયો. પણ આ ફાયદો નવ વર્ષ જેટલી લાંબી મુદ્દત માટે થયલો ગણીએ તો તે ભારે જણાશે નહીં. પહેલી સફર પુરી થયા પછી કંપની ઘણી કફોડી સ્થિતિમાં આવી પડી. લોકોના પગાર વગેરે આપવા માટે એકદમ સાડા ત્રણ લાખ રૂપીઆ તેને જોઈતા હતા. પણ મરકીમાં માલ વેચાય નહીં, એટલે તેને પૈસાની તાણ પડી. હમેશ ૭ મોટાં તથા ૭ નાનાં વહાણો વેપાર માટે ફરતાં રહેવાં જોઇએ એવી કંપનીની સનદમાં એક સરત હતી, અને પ્રતિવર્ષે એક સફર ઉપડશે એવી રાણીની ધારણા હોવાથી આ વેળા કંપનીએ બતાવેલું ઢીલાપણું રાણીને પસંદ પડ્યું નહીં. પ્રિવિ કૌન્સિલ પણ એ બાબત દમ મારે નહીં, એટલે સને ૧૬૦૩ માં મહા પ્રયાસ પછી બીજી સફર રવાના કરવા કંપનીને ફરજ પડી. આ વખતે વર્ગણી એકઠી થવામાં અનેક મુશ્કેલીઓ નડી ત્યારે પહેલી સફરનાજ ભાગીદારોને તેમણે ધીરેલાં નાણાંના બદલામાં કંઇક અવેજ આપી તેમનીજ પાસે ફરીથી નાણું કઢાવ્યું. પહેલાંનાંજ વહાણો આ સફરમાં સને ૧૬૦૬ ના માર્ચ મહિનામાં કૅપ્ટન મિડલ્‌ટનના ઉપરીપણા હેઠળ ઉપડયાં. એમાં ફક્ત ૧૧,૦૦૦ રૂપીઆની કિંમતનો માલ હતો અને રોકડ પણ ઘણી થોડી હતી, એટલે સર્વ બાબતનો વિચાર કરી કંપનીએ બન્ને સફરનો હિસાબ એકત્ર કરવા ઠરાવ કર્યો. કૅપ્ટન મિડલ્‌ટને બૅંટમમાં બે વહાણો મરીથી ભર્યાં, અને બીજાં બે વહાણો ભરાય તેટલાં લવેંગ એમ્બોયનામાંથી ખરીદ કર્યાં. ટર્નેટના રાજાના તાબાના દરીઆમાં ચાંચીઆ લોકોનો અમલ ઉપદ્રવ હોવાનું સાંભળી મિડલ્‌ટન તે તરફ વળ્યો, અને તેમના ત્રાસમાંથી રાજાને છોડવ્યો. એ કામના બદલામાં તે કૃતજ્ઞ રાજાએ મિડલ્‌ટન સાથે લેખી કરાર કરી તેને વેપાર માટે સઘળી સરળતા કરી આપી. આ પ્રમાણે દેશી રાજા સાથે સ્નેહયુક્ત સંબંધ રાખી લેખી તહ કરાવી લેવાનો ઉદ્યોગ કંપનીએ શરૂઆતથીજ ચલાવ્યો હતો.

કંપનીનાં વહાણો ઉપર આવી તહના અનેક મુસદાઓ હમેશ તૈયાર રાખવામાં આવતા. આવી રીતે કાગળ ઉપર તહ કરી આપવામાં દેશી રાજાઓને બીલકુલ ધાસ્તી લાગતી નહીં, કેમકે તેમાંના ઠરાવોની બજાવણી કરવાનું તેમના પોતાના બળ ઉપરજ અવલંબી રહેતું. મિડલટન સને ૧૬૦૬ માં ઇંગ્લંડ પાછો ફર્યો ત્યારે રસ્તામાં તેનું એક વહાણ નાશ પામ્યું.

જ્યાં અંગ્રેજ લોકો પોતાનો ધંધો બ્હીતાં બ્હીતાં ચલાવતા ત્યાં વલંદા લોકો યાહોમ ઝોકાવતા અને ધમધોકાર વેપાર કરતા. તેમનો ભંડોળ ૫૪ લાખ રૂપીઆ કરતાં વધારે હતો, અને તેમના મોટા મોટા કાફલાઓ હમેશ ફરતા હતા. રાજ્યમાંનું સોનું ચાંદી પરદેશ જાય એ ઇંગ્લંડમાં તેમજ સ્પેન વગેરે અન્ય દેશોમાં ઘણું નુકસાનકારક સમજવામાં આવતુ, એટલે વલંદાઓની માફક કંપની જોઇએ તેટલું નાણું વેપારમાં રોકી શકતી નહીં. આજ સંધીમાં ઇલિઝાબેથ રાણી મરણ પામી, અને પહેલો જેમ્સ રાજા ગાદી ઉપર આવ્યો. આથી કંપનીની અડચણો ઘણી વધી ગઈ. માઇકિલબોર્ન (Michelbourne) કરીને લૉર્ડ ટ્રેઝરર બર્લે ( Burleigh ) નો દોસ્તદાર પહેલેથીજ હિંદુસ્તાનના વેપારનો ઇજારો માગતો હતો. પણ લંડનના સમગ્ર વેપારીઓની માગણી આગળ રાણી ઇલિઝાબેથે તેના એકલાની અરજી સ્વીકારી નહીં, ત્યારે લૉર્ડ બર્લેએ કંપનીની વ્યવસ્થાપક મંડળીને માઇકલબોર્નને સફરનો મુખી બનાવવા આગ્રહ કર્યો. મંડળીને આ માગણી રૂચી નહીં, કેમકે તેમના વિચાર પ્રમાણે જો એના જેવો કોઈ માણસ સફરમાં હિંદુસ્તાન તરફ જાય તો ત્યાંની સઘળી હકીકત તરતજ દરબારમાં પહોંચે, અને કંપનીના હાથમાં જે કંઇ ખાસ લાભ હોય તો તેમાં દરબારનું હિત આગળ કરવામાં આવે. આનું પરિણામ કંપનીના હિત વિરૂદ્ધ આવવાનો સંભવ હોવાથી મંડળીએ બર્લેનું કહેવું સ્વીકાર્યું નહીં, અને તેને જણાવ્યું કે પારકા 'લોકોનો પૈસો અમારા હાથમાં હોવાથી તેની વ્યવસ્થા અમારી મરજી માફક થવી જોઇએ. આ વેપારની વાત છે તેથી જેમાં ફાયદો વધારે થાય તેવું કામ કરવું જોઇએ. નજીવી વાતમાં ટંટો ઉપસ્થિત કરી તલવાર ઉંચકવાથી કામ થતું નથી.' એ પછી માઇકિલબોર્ને કંપનીનો એક

વર્ગણીદાર થયો, પણ પહેલી સફર પેટે ઠરાવેલી વર્ગણી તેણે ભરી નહીં, એટલે કંપનીએ પટામાંથી તેનું નામ કહાડી નાંખ્યું. ઇલિઝાબેથના મરણ પછી કંપની ઉપર વેર લેવાની તેણે તક સાધી. સને ૧૬૦૪ માં જેમ્સ રાજાએ તેને ખંભાતથી ચીન સુધીના કિનારા ઉપર કંપનીનો વેપાર નહીં ચાલતો હોય તેવે સ્થળે વેપાર કરવાની પરવાનગી આપી, અને કંપનીના ઇજારામાં એક આડખીલી નાંખી. કંઇ પણ વખત ખોયા વિના માઇકલબોર્ન પૂર્વ તરફ ઉપડી ગયો, બૅંટમમાં વલંદાઓ સાથે લડયો, ચીનનાં વહાણો લૂટયાં, અને અનેક રીતે પૂર્વમાં અંગ્રેજોનું નામ વાયડું કરી સને ૧૬૦૬ માં સ્વદેશ પાછો આવ્યો. આથી પૂર્વના દેશોમાં કંપનીની કંઈ પણ આંટ રહી નહીં, અને સ્પેન તથા પોર્ટુગલને ઇંગ્લંડ સાથે સલાહ થતાં પૂર્વમાંના તે તે દેશના લોકો ઉપર હાથ ચલાવવાનું કંપની માટે અયોગ્ય તથા અગવડ ભર્યું થયું. વળી વલંદાઓ સાથેની કંપનીની હોંસાતોંસી વધતી જતી હતી, તેવામાં માઇકલબોર્ને તેમના ઉપર કરેલા હુમલા માટે એમ્બોયનામાં આખરે તેમણે અંગ્રેજો ઉપર સખત વેર લીધું. માઇકલબોર્ન સને ૧૬૧૧ માં મરણ પામ્યો.

સને ૧૬૦૭ માં નીકળેલી ત્રીજી સફરનો મુખી કૅપ્ટન કીલિંગ (Captain Keeling) હતો. આ સફર મારફત ઇંગ્લંડ આવેલા મસાલાનું ઉત્પન્ન એટલું બધું થયું કે વર્ગણીદારોને સેંકડે ૨૩૪ ટકા નફો થયો. આટલા ભારે ફાયદાને લીધેજ કંઇક નિભાવ થયો. બીજે વર્ષે ચોથી સફર માટે બે વહાણ પુરતોજ માલ ખરીદી શકાય એટલો ભંડોળ મહા મુશ્કેલીએ ઉભો થયો, પણ દુર્ભાગ્યે એ બે વહાણ પણ આથી સને ૧૬૦૯ માં ઉપડેલી પાંચમી સફરમાં એકજ વહાણ ઇંગ્લંડથી રવાના થયું. વખતના વ્હેવા સાથ કંપનીની સ્થિતિ ઘણીજ ખરાબ થઇ ગઈ, છતાં દરબારમાં તેમજ શેઠ શાહુકારોમાં વેપારમાં મળતા આટલા મોટા ફાયદામાં ભાગ પડાવવાની ઇચ્છા પ્રદિપ્ત થઇ, અને ખુદ રાજાનુ મન પણ એ વિષયમાં પરોવાયું. સને ૧૬૦૯ માં રાજાએ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીની સનંદ ફરી ચાલુ કરી આપી તે વેળા સનદ માટે બંધાયલી પંદર વર્ષની હદ રદ

થઈ, અને કંપનીને જાથુકની સનદ મળી પરંતુ તેમાં એવી સરત દાખલ કરવામાં આવી હતી કે જો રાજાને એમ લાગે કે આ વેપારથી રાજ્યને કંઈપણ ફાયદો થતો નથી તો ત્રણ વર્ષની ચેતવણી બાદ કંપની બંધ કરવાને તે મુખત્યાર રહેશે આ નવીન સનદની રૂએ રાજાએ સઘળા મોટા મોટા લોકોને કંપનીમાં દાખલ કર્યા આ પછી સને ૧૬૧૦ માં નીકળેલી દસમી સફરનો ઉપરી સર હેનરી મિડલટન હતો કંપનીએ પોતે એક મોટું વહાણ બાંધ્યું હતું તેનું નામ પાડવાની ક્રીયા કરવા રાજા જાતે હાજર થયો હતો. આ વહાણ જેનું નામ (Trades Increase) વેપારવૃદ્ધિ' હતું તે બૅંટમ આગળ દુષ્ટ લોકોએ બાળી નાખ્યું, અને સર હેનરી મિડલટન ત્રણ વર્ષ રહી ત્યાંજ સને ૧૬૧૩ માં મરણ પામ્યો

આ અરસામાં વલંદા તથા પોર્ટુગીઝોએ અંગ્રેજોને હેરાન કરવા માંડયાથી તેઓ સામે ટક્કર ઝીલવા જુદી જુદી સફરનું ધોરણ કંપનીએ કહાડી નાખી જૉઈન્ટ સ્ટૉક કંપની એટલે સામાજીક ભંડોળની વ્યવસ્થા કરી સને ૧૬૧૧ તથા ૧૬૧૮ માં ઉપડેલી સફરો માટે ઘણા મોટા પાયા ઉપર તૈયારીઓ થઈ હતી આ પ્રમાણે શરૂઆતમાં ઉપડેલી એકંદર નવ સફરોનો કુલે ભંડોળ ૪૬ લાખ રૂપીઆ હતો, તેમાં ૨૬ વહાણો રોકાયાં હતાં, અને સઘળું મળી રોકેલી રકમ ઉપર ૧૫૦ થી ૨૫૦ ટકા નફો થયો હતો ૪૬ લાખમાંથી ૨૩ લાખ રૂપીઆ વહાણના ખર્ચના તથા માણસોના ખાધખોરાકીના લાગ્યા હતા, અને બાકીના વેપારમાં રોકાયા હતા એ મુદતમાં રાજ્યમાંથી ૧૩ લાખ રૂપીઆ રોકડ તથા ૬ લાખનો માલ દેશાવર ગયો હતો પહેલી નજરે નફાનો આંકડો આપણને ચકીત કરે છે, પણ તે સમયની અનેક અડચણો ધ્યાનમાં લેતાં તે વિશેષ નહોતો એમ સહજ જણાશે માલ ખપતો નહીં ત્યારે એક ઈંચ મીણબત્તી બજારમાં બળતી રાખી તે લીલામ કરી વેચવાનો રીવાજ પડયો, એ મીણબત્તી બળી રહે એટલે લીલામ પુરૂં થયલું જાહેર થતું કેટલીક વખત કંપનીને લોકોને હાથેપગે પડી ભંડોળ એકઠો કરવો પડતો શરૂઆતની સફરો પૂર્વના દ્વીપસમૂહ તરફ ઉપડી હતી, પણ એવામાં ઈંગ્લંડ તથા

સ્પેન અને પોર્ટુગલ વચ્ચે સલાહ થવાથી અંગ્રેજોને તે તરફનાં કેટલાંક થાણાં છોડી દેવાં પડયાં, અને તેઓ વલંદાઓ સામે પોતાનો ટકાવ કરી શકયા નહીં.

વાસ્તવિકરીતે અગ્રેજોને હિંદુસ્તાન સાથે વેપાર કરવો જોઇતો હતો, પણ તે સમયે મસાલાના બેટો સાથેના વેપાર જેટલો તે નફાકારક ગણાતો નહીં; વળી તેને માટે મોગલ બાદશાહની પરવાનગી મેળવવી પડતી. બાદશાહની સંમતિ મેળવવાના હેતુથી મિલ્ડન હૉલ નામના એક ગ્રહસ્થે તેની મુલાકાત લીધી હતી. તે પછી સને ૧૬૦૯ માં કૅપ્ટન હૉકીન્સ મોગલ દરબારમાં ગયો ત્યારે બાદશાહ તરફથી તેનો સારો સત્કાર થયો, અને કંપનીને સુરતમાં વેપાર કરવાની પરવાનગી મળી. બાદશાહે એક ખ્રિસ્તી સ્ત્રી સાથે હૉકીન્સનાં લગ્ન કરાવી આપ્યા અને તેને પગાર પણ બાંધી આપ્યો. હૉકીન્સનો વિચાર સ્વસ્થપણે રહી સંસાર ચલાવવાનો હતો, પણ કંપની તરફથી તે કંઇ પણ મહત્વનું કામ ન કરી શકવાથી, તેમજ દરબારમાં પોર્ટુગીઝોનું વજન ભારે હોવાથી, તેના સઘળા પ્રયત્ન નિષ્ફળ ગયા, અને મહા મુશ્કેલીએ સને ૧૬૧૨ માં તેને ખંભાતથી ઇંગ્લંડ ચાલ્યા જવાની જરૂર પડી બાદશાહની એકંદર સંપત્તિની એક યાદી હૉકીન્સે આગ્રામાં તયાર કરી ઇંગ્લંડ મોકલી હતી. એના મરણ પછી એની સ્ત્રીએ એમ્બોયનાના ગવર્નર ટૉવરસન સાથે લગ્ન કર્યાં. પૂર્વના બેટોમાં જ્યારે અંગ્રેજોનો વેપાર જામ્યો નહીં, ત્યારે કંપનીએ સુરતમાં પોતાની કોઠી ઘાલવા યત્ન કર્યો. તે પણ પોર્ટુગીઝ લોકોએ પાર પડવા દીધો નહીં. તેવીજ રીતે છઠ્ઠી સફરમાં સર હેનરી મિડલટને રાતા સમુદ્રમાં દાખલ થઈ વેપાર કરવા મથન કર્યું, પણ તે મહેનત સફળ થઈ નહીં. પછી તે સુરત આવતો હતો ત્યારે બંદરમાં દાખલ થવાનો રસ્તો રોકી પોર્ટુગીઝોએ તેને આગળ વધતો અટકાવ્યો.

પશ્ચિમ કિનારા ઉપર સુરત અને ખંભાતમાં વેપાર સારો ચાલશે એવું કંપનીના વેપારીઓને લાગ્યું, કારણ કે સને ૧૬૦૯ માં એન્ટની માર્લોએ સુરતથી લખેલા પત્રમાં કંપનીને જણાવ્યું હતુ કે ' આપણું કાપડ

તથા સીસું અહીં ઘણું ખપશે, અને લોખંડ એડન તરફ વધારે જશે; ગળી, કસ્તુરી, કૅલિકો, મરી વગેરે જણસો પુષ્કળ મળી શકશે.' આ ઉપરથી સને ૧૬૧૧ માં કોરોમાંડલ કિનારા ઉપર કૅપ્ટન હિપોને મચ્છલીપટ્ટણ નજદીક પેટ્ટપુલિ આગળ એક વખાર ઉભી કરી. પણ એ તરફ દેશીઓ સાથે ગુપ્ત બેત રચી પોર્ટુગીઝો અંગ્રેજોનું ખુન કરવા પ્રયત્ન કરતા, અને ગમે તે પ્રદેશમાં, પછી ત્યાં વેપાર હોય કે નહીં, તોપણ તેમને દાખલ થવા દેતા નહીં. જેમ્સ રાજાએ તેમની સાથે સલાહ કરી હતી એટલુંજ નહીં પણ પોતાના છોકરાનાં લગ્ન સ્પેનના રાજાની છોકરી સાથે કરવાની ખટપટ ઉપાડી હતી. આટલી વિરૂદ્ધતા છતાં અંગ્રેજ કંપનીને પોર્ટુગીઝો સાથે હિંદુસ્તાનમાં જે ઝઘડો શરૂ થયો તેમાં આખરે કંપનીએજ સરસાઈ ભોગવી.

૩. **પોર્ટુગીઝો સાથે પહેલો ઝગડો (સને ૧૬૧૨).**—સને ૧૬૧૧ માં અંગ્રેજ વહાણોને પોર્ટુગીઝ કાફલાએ સુરત આવવા દીધાં નહીં, ત્યારે સમુદ્રમાંજ ઉભા રહી થયો તેટલો સોદો તેમણે કર્યો. બીજે વર્ષે (*Red Dragoon*) રેડ ડ્રૂગુન નામનું તથા એક બીજું વહાણ લઇ અંગ્રેજ કૅપ્ટન બેસ્ટ સુરતના સુંવાળી બંદરે આવ્યો. અહીં તેને પકડવા માટે તા. ૨૯ મી નવેમ્બરે પોર્ટુગીઝોનાં ચાર વહાણો ૧૨૦ તોપ સહિત આવ્યાં. તેની અવ્યવસ્થિત સ્થિતિનો લાભ લઇ બેસ્ટે તેના ઉપર હલ્લો કર્યો. બે ત્રણ દિવસમાં ૧૦૦–૧૨૫ પોર્ટુગીઝો માર્યા ગયા પછી લડાઈ છુટક છુટક એક મહિના લગી ચાલી. અંગ્રેજ કૅપ્ટને ઘણી બહાદુરી તથા હિકમતથી પોર્ટુગીઝોના બળવાન કાફલાનો નાશ કર્યો. આ પછી કૅપ્ટન બેસ્ટ કંપનીની નોકરીમાં ઉંચી પાયરીએ ચડ્યો, અને સને ૧૬૩૮ સુધી મહત્વનાં કામ કરી સારી આબરૂ મેળવી. અંગ્રેજોને પોર્ટુગીઝો સાથે થયલી આ પહેલી લડાઇ ઘણી ઉપયોગી નિવડી. મહિના લગી ચાલેલો આ સંગ્રામ મોગલ અધિકારી તથા બીજા લોકોએ ભારે આશ્ચર્યથી જોયો. આ અગાઉ પોર્ટુગીઝો જમીન ઉપર બેઆબરૂ થયા હતા, અને દરીઆ ઉપર પણ તેમનો આવો પરાભવ થતાં તેમનું અભિમાન ઉતર્યું, અને સો વર્ષની તેમની મેળવેલી આબરૂ એક

ક્ષણમાં નાશ પામી. કૅપ્ટન કેરિજ બાદશાહનું ફરમાન મેળવવા આગ્રા ગયો હતો તે વેળા આ લડાઇની હકીકત સાંભળી જહાગીર બાદશાહે અંગ્રેજો સાથે વેપારી કોલકરાર કરવાનુ એકદમ ફરમાન કહાડયુ. વળી કૅપ્ટન બેસ્ટ સાથે સુરતના મોગલ અધિકારીઓએ પણ વેપાર બાબત ઠરાવ કર્યો, અને સુરત, ખભાત, વગેરે ઠેકાણે સેંકડે સાડાત્રણ ટકા જકાત ભરવાની સરતે કોઠી ઘાલી તેને વેપાર કરવા પરવાનગી આપી. આ પ્રમાણે અગ્રેજોના વેપારને કાયદાની સહાયતા મળી, અને તેમને હિંદુસ્તાનની પવિત્ર ભૂમિ ઉપર પગ મુકવાનું સ્થાન મળ્યુ. કોઈપણ કામ આખરે પોતાનાં બળ ઉપર અવલબી રહે છે, મ્હોડાના શબ્દ ઉપર કોઇ આધાર રાખતું નથી. જગતને આ અબાધિત ન્યાય આ દેશમાં અંગ્રેજોને પ્રથમજ અનુભવસિદ્ધ થયો. સુરતમાં કોઠી ઘાલવાથી તથા નિયમિત સફર ઉપાડવાનું ધોરણ મુકી દઇ સામાઇક ભંડોળની પદ્ધત સ્વીકારવાથી કંપનીના પહેલા ઉદ્દેશમાં ફેરફાર થયો, અને તેના ઇતિહાસના બીજા ભાગની શરૂઆત થઇ. હૅાકિન્સ પછી મોગલ દરબારમાં ગયલા અનેક અંગ્રેજ વેપારીઓને બાદશાહને ભેટ કરવા કંઈ નજરાણું લઈ જવું પડતું; હાથનાં મોજાં, પાકીટ, ચિત્રો, મોટાં ચપ્પુ, વાગતાં ઘડીઆળ, રેશમી મોજાં (સ્ત્રીઓનાં) એવી અનેક ચીજો તેઓ નજર કરતા તોપણ ચાલતુ

આ અરસામાં પોર્ટુગીઝ તથા અગ્રેજો વચ્ચે ખુલ્લી રીતે યુદ્ધ શરૂ થયું હતુ. કૅપ્ટન ડાઉન્ટન ( Downton ) નામનો એક સાહસિક ગ્રહસ્થ સને ૧૬૧૪ માં આવેલી સફરનો મુખી થઈ હિંદુસ્તાન આવ્યો તે વેળા અગ્રેજોની ખોડ ભુલાવવા ગોવામાં એક મોટો પોર્ટુગીઝ કાફલો તૈયાર થતો હતો. ત્યાંના વાઇસરૉયે આ કાફલાની સરદારી લીધી હતી, અને તેની પાસે ૨૬૦૦ યુરોપિયન સિપાઇઓ તથા ૨૩૪ તોપ હતી. ડાઉન્ટન પાસે માત્ર ૪૦૦ સિપાઇઓ તથા ૮૦ તોપ હતી. સુરત પાસે તાપી નદીના મુખ આગળ અંદરથી અગ્રેજો તથા બહારથી પોર્ટુગીઝો લડાઈની હરોલમાં સજ્જ થઇ આવ્યા. આ લડાઇના પરિણામ ઉપર અગ્રેજોનો ભાવી અભ્યુદય અવલબી રહેલો હોવાથી ડાઉન્ટને પરમેશ્વરની

એક સરખી પ્રાર્થના કરી ફત્તેહ માટે અડગ પ્રયત્ન કર્યાં. મહિના સુધી ચાલેલી ઝપાઝપીમાં પોર્ટુગીઝ કાફલાને પુષ્કળ નુકસાન લાગવાથી તેને નાસી જવા જરૂર પડી, અને અંગ્રેજોની નિઃસંશય ફત્તેહ થયલી જોઇ સુરતના મોગલ સુબેદારે ડાઉન્ટનને માનઅકરામથી નવાઝેશ કર્યો. આ પછી ડાઉન્ટન બૅન્ટમ જવા ઉપડ્યો, પણ ત્યાં કંઇ પણ કરી શકે તે પહેલાં તેનું મરણ નીપજ્યું. ઉક્ત લડાઇથી મલબાર કિનારા ઉપરની યુરોપિયન પ્રજામાં અંગ્રેજોએ સરસાઇ મેળવી. આ પછી બે વર્ષે સને ૧૬૧૬ માં કૅપ્ટન કીલિંગે કૅલિકટ જઇ ઝામોરીન સાથે તહ કરી. સને ૧૬૨૨ માં અંગ્રેજોએ પોર્ટુગીઝ લોકોનો ઇરાની અખાતમાંનો ઓર્મઝનો મોટો બેટ કબજે કરવાથી તે દિશામાંથી પણ તેમનો પગ નીકળી ગયો. પશ્ચિમ કિનારા ઉપરનું અંગ્રેજોનું ઉપરીપણું પોર્ટુગીઝોએ સને ૧૬૪૨ માં થોડું ઘણું કબૂલ કર્યું, પણ ૧૬૫૪ માં ક્રૉમવેલ તથા પોર્ટુગલના રાજા ચોથા જૉન વચ્ચે થયલા કોલકરારથી તે પૂર્ણપણે સ્થાપિત થયું.

સુરત આગળ સને ૧૬૧૨ માં કૅપ્ટન બેસ્ટે મેળવેલી ફત્તેહથી ઇંગ્લંડમાંના કંપનીના વ્યવસ્થાપકોને ઘણી ધીરજ આવી, અને એકદમ ૪૨ લાખ રૂપીઆ એકઠા કરી સને ૧૬૧૩ થી ૧૬૨૩ સુધીમાં ચાર સફરો હિંદુસ્તાન તરફ રવાના કરી. દરસાલ સુમારે સાત વહાણો ઇંગ્લંડથી ઉપડયાં, અને એ સફરોનો સરાસરી નફો ૮૭ાા ટકા જેટલો થયો. પોર્ટુગીઝો અને વલંદાઓનો ત્રાસ અંગ્રેજોને ખમવો પડ્યો ન હોત તો એથી પણ વધુ લાભ થતે. એક વેળા ૯૦,૦૦૦ રૂપીઆના માલની કિંમત ઇંગ્લંડમાં આઠ લાખ ઉપજી હતી. આ પ્રમાણે પહેલો સામાઇક ભંડોળ ચાર વર્ષની મુદત માટે હતો. એ પછી ઉભા કરેલા બીજા ભંડોળમાં એકદમ ૧,૬૨,૦૦,૪૦૦ રૂપીઆ રાજ્યના સઘળા મોટા મોટા ૯૬૪ ગૃહસ્થો તરફથી ભરવામાં આવ્યા હતા. આ સમયથી ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના વેપારમાં એકંદર અંગ્રેજ રાષ્ટ્ર સામેલ થયું એમ કહેવામાં કંઇ અડચણ નથી. સને ૧૬૨૧ માં કંપની તરફથી પાર્લામેન્ટ હજુર રજુ થયલા તેના વીસ વર્ષના કામકાજના હેવાલમાં નીચે પ્રમાણે હકીકત આપવામાં આવી હતી;—

| મોકલેલાં વહાણો. | સુરક્ષિત પાછાં આવેલાં. | ડુબી ગયલાં. | નુકશાની પામેલાં. | શત્રુના હાથમાં ગયલાં. | હિંદુસ્તાનમાં માલ ભરે છે. | કુલ્લે. |
|---|---|---|---|---|---|---|
| ૮૬ | ૩૬ | ૯ | ૫ | ૧૧ | ૨૫ | ૮૬ |

| રોકડ રકમ મોકલવામાં આવી હોત. | રોકડ રકમ ખરેખર મોકલેલી. | માલ મોકલેલો તેની કિંમત. | કુલ્લે ઈંગ્લંડની બહાર મોકલ્યા. | ૩૬ વહાણ ભરી આવેલા માલની ખરીદીની કિંમત | એ માલથી ઈંગ્લંડમાં થયલી ઉપજ. |
|---|---|---|---|---|---|
| ૧ લાખ રૂ. | ૬૧,૩૬,૮૧૦ | ૩૧,૯૨,૧૧૦ | ૯૩,૨૮,૯૨૦ | ૩૭,૫૨,૮૮૦ | ૨,૦૦,૪૬,૦૦૦ |

સને ૧૬૭૦ માં સર જોશુઆ ચાઈલ્ડે પાર્લામેન્ટને જાહેર કર્યું હતું કે દરેક મજલા ઉપર ૬૦ થી ૧૦૦ લડાયક સિપાઇઓ અને ૩૦ તોપ રહે એવા ત્રણ ત્રણ મજલાવાળાં ૨૫ થી ૩૦ લડાયક વહાણો કંપનીએ રાખેલાં હોવાથી દેશના કાફલામાં મોટું બળ ઉમેરાયું હતું.

**૪. ચીન જાપાન તરફ પ્રયત્ન.**—વિલિઅમ એડમ્સ નામનો કેન્ટ કાઉન્ટીમાં રહેતો એક અંગ્રેજ ગ્રહસ્થ સરકારી વહાણ ઉપર નોકર હતો, તે સને ૧૫૯૮ માં વલંદા લોકોનાં સફરી વહાણ ઉપર પાયલટ તરીકે આ તરફ આવ્યો. રસ્તામાં તેનું વહાણ બીજાઓથી જુદું પડી ગયું, તેના ઉપરનાં ઘણાં માણસો રોગથી પીડાઇ મરણ પામ્યાં અને વહાણ અથડાતું કુટાતું જાપાનને કિનારે ફિરંડો બંદરે જઈ પહોંચ્યું. જાપાનમાં તે વેળા પોર્ટુગીઝ તથા જેસુઇટ લોકો હતા તેમણે એને મારી નાંખવા મનસુબો કર્યો, પણ નસીબને યોગે તે બચી ગયો. જાપાનના બાદશાહ રૂબરૂ તેની તપાસ થયા બાદ તેની ચાલાકી જોઈ બાદશાહે તેને વહાણ બાંધવાનાં કામ ઉપર નોકર રાખ્યો. થોડાજ સમયમાં તેનું મહત્વ વધી ગયું, બાદશાહે તેને જમીન બક્ષિસ આપી, અને તેના હાથ હેઠળ ૮૦–૯૦ મજુરો મુકયા. સને ૧૬૦૯ માં એ બંદરે જઈ કેટલાક વલંદા લોકોને ચડેલા એડમ્સની સિફારસથી જાપાનમાં વેપાર કરવાની પરવાનગી મળી. આજ

વખતે વલંદા લોકો તરફથી એડમ્સને ખબર મળી કે અંગ્રેજ લોકો પણ વેપાર કરવા પૂર્વ તરફ આવ્યા હતા આ ઉપરથી બૅંટમમાંના પોતાના જાતભાઇઓને એડમ્સે ઘણી વિનતીપૂર્વક કાગળ લખી જાપાનમા કેવો વેપાર ચાલે છે તથા શુ શુ માલ ખપે છે તેની ખબર કરી, અને તેમને જણાવ્યુ કે ત્યાના જેવી ઉત્કૃષ્ટ રાજ્યવ્યવસ્થા પૃથ્વી ઉપર કોઇ પણ ઠેકાણે નથી માટે ત્યા જઈ વેપાર શરૂ કરવા આગ્રહ કર્યો આ પત્ર આવવા અગાઉ વલદા લોકો મારફત એડમ્સની હકીકત ઇગ્લડ પહોચી હતી, અને કપનીના વેપારીઓ જાપાન સાથે વેપારી સબધ જોડવા ઉત્સુક થયા હતા આ ઉપરથી સાતમી સફરમાનો એક વેપારી કૅપ્ટન સારીસ સને ૧૬૧૩ મા એક જહાજ લઇ ફિરાડો બદરે ગયો તેની અને એડમ્સ-ની મુલાકાત થયા પછી બન્નેએ મળી બાદશાહનુ મન મનાવી ફિરાડોમા વેપાર કરવાની કપની માટે પરવાનગી મેળવી દર સાલ ૧૦૦૦ રૂપીઆના વર્ષાસનથી કપનીની નોકરી સ્વીકારવાનો એડમ્સે કરાર કર્યો, પણ બાદશાહે તેને જાપાન છોડી બહાર જવા ન દીધો, ત્યારે સ્ત્રી છોકરાઓને મળી આવવાનું તેણે બહાનુ કહાડયુ બાદશાહનો તેથી પણ સતોષ ન થયો, અને તેના લગ્ન જાપાનમાજ કરાવી આપ્યા એથી તે દેશમાજ રહી એડમ્સે બે ત્રણ વર્ષ કપનીની નોકરી કરી સને ૧૬૨૦ મા મરણ પામ્યો આ એડમ્સના નામ ઉપરથી યેડો શહેરમા એક મહોલ્લાનુ નામ ‘પાયલટ સ્ટ્રીટ’ પડયુ છે એડમ્સના પ્રયાસ છતા જાપાનમા કપનીનો વેપાર સારો ચાલ્યો નહીં, પોર્તુગીઝ તથા વલદા લોકોએ અગ્રેજોને પુષ્કળ હેરાન કર્યા, અને કિનારેથી અદરના પ્રદેશમા જઈ વેપાર કરતા સઘળા યુરોપિયનોને જાપાનીઝ લોકોએ કાપી નાખ્યા કોચીન ચાયનાના રાજ્યમા વલદાઓએ માલ ખરીદવામા ખોટા નાણા ચલાવી લોકોને ફસાવ્યા તે ઉપરથી ત્યાંના રાજાએ જાપાનીઝ લોકો મારફત ઉપર પ્રમાણે સઘળાની કતલ કરાવી એવુ કહેવાય છે. સને ૧૬૧૬ મા થયલા જાપાનના બાદશાહના મરણ પછી ગાદીએ આવેલા નવા બાદશાહે અગ્રેજોને વેપાર કરવા કંઈ પણ સગવડ ન કરી આપવાથી કપનીના આસરે ચાર

લાખ રૂપીઆ ફોગટ ગયા, અને તેને જાપાનનો વેપાર બંધ કરવા જરૂર પડી (સને ૧૬૨૩).

આ પ્રમાણે જાપાન તરફ કરેલા પ્રયત્ન નિર્મૂળ જતા હતા તેજ પ્રસંગે, એટલે સને ૧૬૧૬ માં, કંપનીએ ચીન સાથે વેપાર કરવા ખટપટ ઉપાડી. આ પહેલાં ઇલિઝાબેથ રાણીએ સને ૧૫૯૬ માં સર રૉબર્ટ ડડલે સાથ ચીનના બાદશાહ ઉપર એક પત્ર મોકલ્યો હતો, પણ તેની સાથે ગયલું કોઈપણ માણસ પાછું ફર્યું નહીં. એ પછી સને ૧૬૧૪ માં કૅાકસ નામના માણસ સાથે જેમ્સ રાજાએ ચીનના બાદશાહ ઉપર બીજો પત્ર મોકલ્યો ત્યારે તે દેશ સાથે થોડો ઘણો વ્યવહાર શરૂ થયો.

વલંદાઓ જાપાનમાં અઢીસો વર્ષ થયાં વેપારની ખટપટ કરી રહ્યા હતા, અને ત્યાં ફાયદો મેળવી દૃઢ થવા સારૂ અનેક ઉપાયો યોજ્યા હતા, પણ તેમાં તેમને કંઈ પણ યશ મળ્યો નહીં. પોતાના દેશમાંથી સોનું ચાંદી બહાર નહી લઇ જવા જાપાનના બાદશાહે સખત હુકમ કહાડેલો હોવાથી પરદેશી માલ તેના મુલકમાં આવતો બંધ થયો. સને ૧૬૩૫ થી ૩૮ સુધીનાં ચાર વર્ષમાં પોર્ટુગીઝ લોકો એ કરોડ ત્રીસ લાખ રૂપીઆનું સોનું ચાંદી બહાર લઈ ગયા. તેવીજ રીતે સને ૧૬૧૧ થી ૧૬૪૦ સુધીમાં વલંદા લોકો બે અબજ છયાસી કરોડ રૂપીઆ જાપાનમાંથી ઘસડી ગયા એવો લેખી ઉલ્લેખ મળી આવે છે.[1] આટલું બધું નાણું દેશમાંથી બહાર જતું અટકાવવાના હેતુથીજ તત્સંબંધી બાદશાહે આકરા ઉપાય લીધા હતા.

**૫. સર ટૉમસ રોની નિમણુક તથા તેનું હિંદ તરફ પ્રયાણ**—સામાઈક ભંડોળની પદ્ધતિ સને ૧૬૧૩ માં કંપનીએ શરૂ કર્યા બાદ ઉપડેલી પહેલી સફરનો મુખી કૅપ્ટન ડાઉન્ટન હતો તે આપણે ઉપર વાંચ્યું છે. તેને ઇંગ્લંડના રાજાએ અન્ય પ્રજા સાથે વિના કારણ કલેશ નહી કરવા, તથા તેના કામની વચમાં આવનાર ઉપર વેર લેવા ઉપરાંત બીજું કંઇ નહીં કરવા, અને મેળવેલી લૂટ સરકારમાં જમે કરાવવા તાકીદ કરી હતી. સને ૧૬૧૪ ના અકટોબરમાં ડાઉન્ટન સુરત આવ્યો

1 Rundall's Memories of Japan.

ત્યારે ત્યા ઑલ્ડવર્થ કરીને કપનીનો મુખી હતો એણે વડોદરા, અમદાવાદ વગેરે શહેરોમા તેમજ તેની આસપાસના મુલકમા પ્રવાસ કરી મેળવેલી પુષ્કળ માહિતી ઉપરથી તેનો એવો અભિપ્રાય બધાયો હતો કે આ પ્રાતમા તૈયાર થતુ સુતરાઉ કાપડ ઘણુ મોઘુ હોવાથી યુરોપમા તેનો ઉપાડ સારો થશે, તેમજ અમદાવાદની સોધી ગળીનો વેપાર સારો ચાલશે પણ તેના મત પ્રમાણે એવા વેપારમા લાખ દોઢ લાખ રૂપીઆ હાથમા હોવા જોઇએ, અને વેપારના સરક્ષણાર્થે મોગલ દરબારમા એક જાથુકનો વકીલ હોવો જોઇએ ઑલ્ડવર્થે આ પ્રમાણે દર્શાવેલા સ્પષ્ટ અભિપ્રાયની ઇગ્લડમા યોગ્ય અસર થઈ, અને તેમા સમાયલા અનહદ ફાયદાને લીધે તે પ્રમાણે અમલ કરવા કપનીના કારભારીઓ સ્વભાવિક રીતે પ્રેરાયા

આગ્રાના મોગલ દરબારમા પોર્ટુગીઝોનુ વજન વિશેષ હોવાથી ઈસ્ટ ઇન્ડીઆ કપનીના વેપારમા અનેક અડચણો પડતી હોવાથી પ્રત્યક્ષ ઈગ્લડના રાજા તરફનો એક વિદ્વાન તથા મોભાદાર વકીલ મોગલ બાદશાહ પાસે ગયા સિવાય વેપાર બરાબર ચાલનાર નથી એવુ કપનીના વ્યવસ્થાપકોને અત્યાર આગમજનુ જણાયુ હતુ, અને એ વિચાર અમલમા લાવવા માટે ઘણા દિવસો થયા સદેશા ચાલતા હતા જેની રીતે ઑલ્ડવર્થે ગુજરાતના વેપાર સબધી હકીકત પત્રદ્વારા કપનીને જણાવતી વખતે એક અગ્રેજ એલચી મોગલ દરબારમા મોકલવાની આવશ્યકતા બતાવી હતી તેમ કેટલાક ચાલાક અગ્રેજ વેપારીઓના તેવી મતલબના પત્ર ત્યા ગયા હતા એ સઘળા ઉપરથી સને ૧૬૧૪ ના સપ્ટેમ્બર મહિનામા ગવર્નર સર ટૉમસ સ્મિથે એવો એક એલચી હિદુસ્તાન મોકલવાની સૂચના કપનીને કરી, તે ઉપર થયલી ઘણી તકરારને અતે એલચી મોકલવાનુ નક્કી થયા બાદ કોને મોકલવો તે વિશે કેટલોક વાદવિવાદ થયો, અને આખરે સર ટૉમસ રોને એ કામ માથે લેવા વિનતિ કરવામાં આવી

આ કામ માટે સર ટૉમ્સ રો સર્વ રીતે યોગ્ય હતો તે તરૂણ, વિદ્વાન, ચચળ, ઉદ્યોગી, અને દેખાવમા ભવ્ય હતો, અને તેની ડહાપણ-ભરેલી તથા આબરૂદાર વર્તણુકથી સર્વ જાણીતા હતા તેનો જન્મ

સને ૧૫૮૦-૮૧ ના અરસામા એક સારા કુટુબમા થયો હતો, તેના વડીલો સભાવિત તથા સધન હતા, અને તેનો દાદો લડનનો લૉર્ડ મેયર હતો નાનપણમા સારૂ શિક્ષણ લીધા બાદ તેને ઇલિઝાબેથ રાણીના માનકરીની નોકરી મળી હતી, અને જેમ્સ રાજાએ તેને સર નાઇટ બનાવ્યો હતો જેમ્સના રાજપુત્ર હેનરી તથા પુત્રી ઇલિઝાબેથ સાથે તેને સારો સ્નેહભાવ હતો, અને તેણે રાજપુત્રની મદદથી દક્ષિણ અમેરિકામા સફર કરી તત્કાલીન સાહસનો કેટલોક અનુભવ સપાદન કર્યો હતો આ સફર દરમિયાન તેણે એમેઝૉન નદીના મૂળ તરફ ઘણે દૂર સુધી પ્રવાસ કર્યો હતો આ રાજપુત્ર સને ૧૬૧૨મા મરણ પામતા એનો મોટો આશ્રય જતો રહ્યો સને ૧૬૧૪ મા રો પાર્લામેન્ટમા દાખલ થયો જેમ્સ રાજાએ પોતાની હઠીનાઇને લીધે સલાહકાર તરીકે તેને કામમા લીધો નહી, એટલે રાજાને ખુશી રાખી રાષ્ટ્રને ઉપયોગી થવુ તેને માટે અશક્ય હોવાથી પરરાજ્યમા એલચી તરીકે જવા સિવાય એને માટે બીજી યોગ્ય નોકરી નહોતી

આવી નોકરીનો સ્વીકાર કર્યા વિના તેનો છૂટકો નહોતો, કારણ કે સને ૧૬૧૪ ના અસરામા તે પૈસા સબધી ઘણી તગ હાલતમા આવ્યો હતો તેણે હમણાજ ગુપ્તપણે લગ્ન કરેલા હોવાથી તેની મુશ્કેલી ઘણી વધી ગઈ હતી, એટલે મોગલ દરબારમા ઈસ્ટ ઇન્ડીઆ કપનીના એલચીની નોકરી તેણે એકદમ સ્વીકારી વાર્ષિક પગાર ૬૦૦ પૌડનો ઠરાવી તેમાની નીમે રકમ તેણે કપનીના વેપારમા જમે કરાવવી, ૫૦૦ માર્ક ( ૩૩૩ પૌડ ) તેને કપડા માટે આપવા, જમવા ખાવાના ખર્ચ પેટે ૧૦૦ પૌડ તેને ઉછીના આપવા, તેની સાથે એક પાદરી તથા એક ડૉક્ટર કપનીને ખર્ચે દરસાલ અનુક્રમે ૫૦ અને ૨૪ પૌડને પગારે રાખવા, એ સિવાય નોકર ચાકરના તથા તેના કપડાલત્તા માટે દરસાલ રોને ૧૩૦ પૌડ વધારે મળે, અને જો ભોજનનો તેમજ બીજો ખર્ચ મોગલ દરબારમાથી ન મળે તો કપની- એ આપવો એવો ઠરાવ થયો હતો એને માત્ર બીજો ખાનગી વેપાર કરવાની છૂટ નહોતી આ ગોઠવણને રાજાની સમતિ મળી, અને જેમ્સે મોગલ બાદશાહ ઉપર એક પત્ર લખી આપી કેટલીક સૂચના પણ તેને કરી. 'જેમ્સ

રાજા મોટો ભાગ્યશાળી છે, તેની દરીઆ ઉપરની સત્તા પ્રબળ હોવાથી સઘળા દેશોને તેની બ્હીક લાગે છે, તેની રૈયત તેની આજ્ઞા પાળવામા હમેશ તત્પર રહે છે એટલુજ નહીં પણ તેને સર્વ રીતે પોતાના પિતા સમાન લેખે છે ' ઈત્યાદિ અનેક વાત મોગલ બાદશાહના મન ઉપર ઠસાવવા રોને પ્રયત્ન કરવા રાજાએ ખાસ આગ્રહ કર્યો હતો

આ પ્રમાણે સઘળી ગોઠવણ સપૂર્ણ કરી તા ૨૭ ફેબ્રુઆરી સને ૧૬૧૫ ને દીને સર ટૉમસ રો પદર નોકરોના રસાલા સાથે 'લાયન' નામના વહાણમા ઇગ્લડથી નીકળ્યો પ્રતિકૂળ પવનને લીધે એક મહિના સુધી ઇગ્લડના કિનારા ઉપરથી ઘણે દૂર એ જઈ શક્યો નહીં સુરત પહોચતા વિતેલા ૭ મહિના તેને ઘણા કટાળાભરેલા લાગ્યા, કેમકે વહાણ ઉપરના અધિકારી સાથે તેને અણુબનાવ થયો હતો રસ્તામા કેપ ઑફ ગુડ હોપ, કોમોરો અને સોકોટા બેટ આગળ રોના વહાણે લગર કર્યું હતુ તેને અહીં હિદુસ્તાનથી પાછુ ફરતુ એક વહાણ મળતા તેની તરફથી પૂર્વની ઘણી હકીકત તેને મળી તા ૧૮ મી સપ્ટેમ્બર ૧૬૧૫ ને દિવસે એ સુરત પાસે સુવાળીના બદરમા ઉતર્યો તે વેળા એડવર્ડ્સ નામનો કપનીનો એક એજટ આગ્રામા મોગલ દરબારમા હતો ગુજરાતની સુબાગીરી શાહજાદા ખુર્રમ (પાછળથી થયલા શાહજહાન) પાસે હોવાથી તેની તરફથી ઝુલ્ફીકારખાન ગુજરાતનો કારભાર ચલાવતો મુકરબખાન નામનો તેની પહેલાનો સુબેદાર દિલ્હીમા હોવાથી તેની મારફતેજ અગ્રેજો સાથે મોગલોની ભાજગડ ચાલુ હતી બાદશાહને પોર્ટુગીઝ લોકો સાથે થોડો વખત અગાઉજ સમુદ્ર ઉપર સ્હેજસાજ ઝપાઝપી થયા પછી બન્ને વચ્ચે સલાહ થઇ હતી, અને શાહજાદા તથા બીજા સરદારો સઘળા પોર્ટુગીઓના પક્ષમા દાખલ હતા

આવી સ્થિતિમાં રોને મુત્સદ્દીપણાનુ થોડુ કામ કરવાનું નહોતુ હિદુસ્તાનમા પગ મુકતાજ અનેક અડચણો તેની સામા આવી ઉભી રહી પ્રથમથીજ એણે પોતાનો ભાર ગણી કામ કરવા નિશ્ચય કર્યો કેમકે કપનીના અગાઉ થઈ ગયલા અધિકારીઓએ મોગલ દરબારમા હલકા નોકરોની તથા સિપાઇ, હમાલ વગેરેની ખુશામત કરી પોતાનુ કામ સાધ્યુ હતું

તેને આ રીત પસંદ પડી નહી. તેણે લાંચ કિંવા નજરાણાં આપી સુરતના અધિકારીઓની મરજી સંપાદન કરવા ખટપટ ઉઠાવી નહીં ત્યારે લાંચીઆ અધિકારીઓની તેની પ્રત્યે ખફા મરજી થઇ, અને તેઓએ તેને ત્રાસ આપવા માંડયો. આથી તે ધૂર્ત મુત્સદ્દી ડગમગ્યો નહીં, અને કંઈ પણ અપમાન સહન કર્યાં વિના તેણે પોતાનો ઉદ્દેશ પાર પાડયો. સુરતના અધિકારીઓની દરકાર ન કરતાં રો જ્યારે આગ્રા જવા નીકળ્યો ત્યારે તેમણે તેની ખુશામત કરવા શરૂ કરી. આટલાથીજ મોગલ અધિકારીઓ કરતાં અંગ્રેજ એલચીનું ડહાપણ વધારે જણાઈ આવે છે.

એક સત્તાધિકારી એલચી તરીકે રોના આ દેશમાં આવવાથી કંપનીની પરિસ્થિતિમાં ઘણો ફેર પડી ગયો. મોગલ દરબાર અને પોર્ટુગીઝ લોકો વચ્ચે જે કોલકરારો થતા હતા તેમાં અંગ્રેજોને મોગલ હદમાં નહીં રહેવા દેવા માટે એક કલમ હતી, અને તે મુજબનો હુકમ સુરત આવ્યો પણ હતો. આ ઉપરથી સુરતમાં વખત ખોયા વિના રો ત્વરાથી આગ્રા જવા ઉપડયો. આગ્રામાં એના આગમનની ખાતમી મળતાં તેને માટે રસ્તાનો પરવાનો દરબારમાંથી આવ્યો, અને સુરતના અધિકારીઓને ઠપકો મળ્યો. સુરતથી નીકળ્યા પછી બે મહિને તા. ૨૩ મી ડીસેમ્બર સને ૧૬૧૫ ને દીને રો અજમેર પહોંચ્યો. રસ્તામાં બહરાનપુર આગળ શાહજાદા પર્વિઝને મળી તેણે ત્યાં આગળ વેપારની કોઠી ઘાલવા પરવાનગી મેળવી. અહીં રોને ઘણો સખત તાવ આવ્યો, અને આગ્રા પહોંચ્યો ત્યારે એ ભયંકર માંદગીમાંથી ભાગ્યેજ છૂટો થયો હતો. તા. ૧૦ મી જાનેવારી સને ૧૬૧૬ ને દિવસે એ પહેલવહેલો જહાંગીરના દરબારમાં ગયો.

**૬. મોગલ દરબારની સ્થિતિ.**—જહાંગીર બાદશાહ વિશે રોનું મત ઘણું ઉંચા પ્રકારનું છે. મદ્યપાનથી બાદશાહ અશક્ત અને આળસુ થયો હતો, તોપણ તેનામાં અકબરના ઘણા ગુણો માલમ પડતા હતા. ખાસ કરીને બીજાને યોગ્ય સન્માન આપી તેની સાથે અદબથી વર્તવાનો મોટો ગુણ જહાંગીરમાં હતો. ઈરાની અથવા તુર્કી એલચીનો જેટલો આદર મોગલ દરબારમાં થયો હતો તેના કરતાં પણ વિશેષ સન્માનથી રોનો

બાદશાહે સત્કાર કર્યો. એની સભ્ય તથા પ્રતિષ્ઠિત વર્તણુકથી બાદશાહના મન ઉપર ઘણી સારી છાપ પડી, અને જો કે તેનો ઉદ્દેશ વિશેષ સફળ ન થયો, તોપણ બાદશાહ તેની તરફ કંઈક ખાસ પૂજ્યબુદ્ધિથી જોતો હતો એમાં સંશય નહોતો. રોનો ઉદ્દેશ સિદ્ધ ન થવાનું મુખ્ય કારણ એ હતું કે ખુદ બાદશાહના હાથમાં ઘણી સત્તા નહોતી. દરબારમાં બીજા ઘણા લોકો હોવાથી તે સઘળાની મરજી મેળવવાનું એને સહેલું નહોતું. રાણી નૂરજહાન, તેનો પિતા ઇતિમાદ–ઉદ–દૌલા તથા ભાઈ આસફખાન અને આસફખાનની છોકરી મુમ્તાજમહાલ (ખુર્રમની સ્ત્રી) એ સર્વ રાજ્યકારભારમાં પ્રમુખ હતાં. એમનો હેતુ ખુર્રમની સત્તા વધારી બાદશાહના વડા દીકરા સુલતાન ખુશરૂ અને શાહજાદા પર્વિઝને ઉતારી પાડવાનો હતો. જહાંગીરના મન ઉપર સારી છાપ પડેલી જોઇ રોએ બીજા કોઇની પરવા કરી નહીં, તેમજ જેઓના હાથમાં ખરી સત્તા હતી તેમનાં વજન તથા લાગવગની કંઈ પણ તુલના કરી નહીં. વળી તે સઘળાને નજર કરવા યોગ્ય કંઈપણ વસ્તુઓ તેની પાસે હતી નહીં. નૂરજહાન અને તેના ભાઈની દરબારમાં ચાલતી સત્તાનો વિચાર કર્યા વિના તેમને કંઈપણ નજરાણું એણે ભેટ કર્યું નહીં. શાહજાદા ખુર્રમ સાથેની પહેલીજ મુલાકાત વેળા રોએ સુરતના અધિકારીઓના દુર્વર્તન માટે બાદશાહ આગળ ફરીઆદ કર્યાની વાત કહાડી, પણ તે ખુર્રમને પસંદ પડી નહીં. રોનું માનવું એવું છે કે ખુર્રમ ઘણો તોછડો હતો, અને કદાચ સુરતના કુલરીકારખાને અંગ્રેજો વિરૂદ્ધ તેની આગળ ફરીઆદ કર્યાથી તે ઘણા અભિમાનથી વર્ત્યો હતો. આરંભમાં ખુર્રમે એના સંબંધમાં કંઇ પણ વૈમનસ્ય બતાવ્યું નહીં, એટલે તેને પોતાનું કામ સફળ થવાની આશા ઉત્પન્ન થઈ હતી. આ બાબત સૌથી પહેલું કામ પોર્ટુગીઝોને શિક્ષા કરવાનું હતું. અંગ્રેજો અને તેમની વચ્ચે સને ૧૬૧૨ તથા ૧૬૧૫ માં લડાઇ થઈ ગયા પછી એકજ વહાણમાં માલ ભરવાનો હોય તોપણ બંદોબસ્ત માટે કંપનીને પોતાનો સઘળો કાફલો સુરત આગળ રાખવો પડતો. ખરૂં જોતાં ગોવા ઉપર એકદમ હલ્લો કરવાથી સર્વ બાબતની ગોઠવણ પરભારી થઇ જશે એમ અંગ્રેજોને લાગતું, પણ એલચી

તરીકે શાંતિના કામ સારૂ આવેલા સર ટૉમ્સ રો માટે લડાઈ ઉપાડવાનું શક્ય નહોતું, નહીંતો પોર્ટુગીઝોનો બંદોબસ્ત આપોઆપ થઇ જાત મોગલો સાથેના કોલકરારો કાયમ થયા પછી અંગ્રેજોને નડતો આ ઉપદ્રવ બંધ પડયો હતો પોતાને થયલા નુકસાન માટે અંગ્રેજ વેપારીઓ પ્રસંગોપાત પોર્ટુગીઝ વહાણો ઉપર હલ્લો કરી તે લૂટતા, છતાં મોગલોએ તેમની વચ્ચેની લડાઇનો અંત આણ્યો નહીં એજ જાણે બન્ને પ્રજાની મરજી અનુસારજ હતું એમ લાગ્યું

એમ છતાં તેમની તકરારનો નિવેડો લાવવા માટે ખુર્રમ અને આસફ્ખાને પુષ્કળ પ્રયત્ન કરી જે તોડ કહાડયો તે રોને અનુકૂળ આવ્યો નહીં, ત્યારે બાદશાહને મળી તેણે ફરીઆદ કરી અંગ્રેજોને હેરાન કરવામાં શાહજાદા ખુર્રમ પણ સામેલ હતો એમ જાણતાં બાદશાહ એકદમ ઉશ્કેરાઇ ગયો, અને તેમને કોણે ત્રાસ આપ્યો તે કહેવા તેને આગ્રહપૂર્વક જણાવ્યું દુભાષિઆ મારફત રોએ બાદશાહનો ગુસ્સો શાંત પાડવા પ્રયત્ન કર્યો, પણ તે ફળીભૂત થયો નહીં, અને બાદશાહે ખુર્રમ તથા આસફ્ખાનને ત્યાંજ બોલાવી મંગાવી ભરદરબારમાં ખુર્રમને ઘણો સખત ઠપકો આપ્યો પોર્ટુગીઝ વકીલ અને રોની વચ્ચે ઘણી તકરાર થયા પછી આખરે આસફ્ખાને વચમાં પડી રોને પોતાની તકરાર લેખી રજુ કરવા જણાવ્યું, અને ટંટો પતાવ્યો

આ રસ્તો રોને ઘણોજ સમાધાનકારક લાગ્યો, કેમકે એક વખત સઘળી વાત કાગળ ઉપર મુકવાથી પોતાને અનુકૂળ આવે તેવા કોલકરારો કરાવી લેવા કંઇ અડચણ નડશે નહીં એમ તેને લાગ્યું વળી શાહજાદા તેમજ બીજાઓ સાથે વિના કારણે શબ્દની મારામારી કરવાનો પ્રસંગ ન લાવતાં જોઈએ ત્યાં કંપની માટે વેપાર કરવાની સામાન્ય પરવાનગી બાદશાહ પાસે મેળવી લેવા તેનો વિચાર હતો, કે જેથી બાદશાહી ફરમાન સુરતની પેઠે બીજે ઠેકાણે લાગુ પડતાં કંપનીના કામમાં વિક્ષેપ પડે નહીં વાસ્તવિકરીતે આવું ફરમાન પણ નિષ્ફળ જવાનું હતું કેમકે તે એક વિશિષ્ટ વ્યક્તિ ઉપર હુકમ તરીકે નીકળેલું હોવાથી તે સર્વ અધિ-

કારી ઉપર બંધનકારક નહોતું; અને વારંવાર તેની અસર નિર્મૂળ કરનારા હુકમ નીકળવાથી તે કોઈ પણ રીતે ઉપયોગી થવાનું નહોતું. આ હકીકતમાં બન્ને યુરોપિઅન પ્રજા વચ્ચે રીતસર કોલકરાર કરવાનોજ ઉપાય રો માટે ખુલ્લો હતો.

**૭. તહનામાનો મુસદ્દો તથા તેને લગતી ચર્ચા.**—આવા પ્રકારનાં તહનામાં તે સમયે યુરોપિયન તુર્કસ્તાન સાથે બીજાં યુરોપિયન રાજ્યોએ કર્યાં હતાં. તેવાંજ કોઈ તહનામા ઉપરથી રોએ તૈયાર કરેલા મુસદ્દામાં હેઠળ લખ્યા પ્રમાણે કલમો હતીઃ–અંગ્રેજ વેપારીઓને સિંધ, બંગાળા સુદ્ધાં હિંદુસ્તાનના કિનારા ઉપર જોઇએ તે બંદરમાં વેપાર કરવા છૂટ આપવી; રાજ્યમાં બીજી રીતે ચાલુ હોય તે કરતાં અંગ્રેજોના માલ ઉપર વધારે જકાત લેવી નહીં; માલ ખરીદવા તથા વેચવામાં, વખાર, વહાણુ તથા ગાડાં ભાડે કરવામાં, જીંદગીની જરૂરીઆત વસ્તુઓ ચાલુ ભાવે બજારમાંથી ખરીદવામાં અંગ્રેજોને તેમની મરજી માફક વર્તવા દેવા, અને સરકારી અધિકારીઓએ વચ્ચે પડવું નહીં. આ ઉપરાંત મૈયત અંગ્રેજ વેપારીઓની મિલકત સરકારમાં ખાલસા કરવી નહીં, વેપારી કિનારે ઉતરે ત્યારે તેની જડતી લેવી નહીં, બાદશાહને નજર કરવા આણેલી વસ્તુ કિનારા ઉપર ઉઘાડી તપાસવી નહીં, જકાતી નાકાં ઉપર માલ પડી રહેવા દેવો નહીં, વગેરે અનેક બાબતો વિશે મુસદ્દામાં કલમો હતી. મોગલ બાદશાહ આ સઘળું કબૂલ કરે તો અંગ્રેજોને નીચેની સરતો પાળવાની હતીઃ—ઈંગ્લંડના શત્રુ અથવા અંગ્રેજ વહાણુને હેરાન કરનાર લોકો સિવાય બીજા દેશની પ્રજાનાં વહાણુને અંગ્રેજોએ કનડવાં નહીં; હિંદુસ્તાનમાં રહેનારા અંગ્રેજ વેપારીઓએ સભ્યપણે અને શાંતવૃત્તિથી રહેવું; બાદશાહ સારૂ કંઇ અપ્રતિમ વસ્તુઓ પેદા કરવા તેમણે યત્ન કરવું; બાદશાહ યોગ્ય માગણી કરે તો તેને જોઇએ તે માલ અથવા યુદ્ધસામગ્રી વેચાતી આપવી; અને સઘળાની સુલેહ શાંતિનો ભંગ કરનાર કોઇ શત્રુ પેદા થાય તો તેનો બંદોબસ્ત કરવામાં બાદશાહને મદદ કરવી. આવી સરતો પોર્ટુગીઝો પાળવાને કબૂલ હોય તો તેમની સાથે પણ એવા કોલકરાર કરવા અંગ્રેજોને હરકત નથી;

હતું પરંતુ બીજી દિશામાં જવાની અંગ્રેજો માટે તે વેળા જોગવાઇ નહોતી એ તે સારી પેઠે જાણતો હતો.

આવી રીતે એક ઘાના બે કકડા કરવાનો વિચાર રોના મનમાં ઘોળાયા કરતો હતો તેવામાં એક અકલ્પિત વાત બની. મુકરબખાન કરીને એક સરદાર અંગ્રેજો વિરૂદ્ધ ઘણી સખત લાગણી ધરાવતો હતો. છતાં તેણે આવે પ્રસંગે તેમની તરફથી કંઈ નજરાણું મેળવવાની આશાએ દરબારમાં રોની ગેરહાજરીનું ખરૂં કારણ બાદશાહને જણાવ્યું. તરતજ બાદશાહે તેની મારફત રોને ખબર કરી કે 'અમે તમને દરબારની બંધી કરી નથી.' પરંતુ આસફખાનને છોડી મુકરબખાન ઉપર ભરોસો મુકવાનું એને પસંદ પડ્યું નહીં. બીજી તરફ મુકરબખાને ઉપાડેલી ખટપટથી આસફખાન પણ રોને સમજાવી લેવા મહેનત કરવા લાગ્યો. આ સઘળી ખટપટના પરિણામમાં રો તા. ૨૫ મી જુને દરબારમાં પાછો ગયો ત્યારે બાદશાહે તેનો પૂર્વની માફક સત્કાર કર્યો, પણ આટલા દિવસ દરબારમાં ન આવવાનું તેને કારણ પુછ્યું નહીં. એ પછી ઝુલફીકારખાન અને શાહજાદો ખુર્રમ દક્ષિણમાં લડાઈ ઉપર જતા હોવાથી ઝુલફીકારખાન ઉપરની ફરીઆદની ત્વરાથી તપાસ થવા લાગી. કેટલીક ભાંજગડ પછી તા. ૯ મી જુલાઇએ કંઇક નિકાલ થયો, તોપણ ઘણી આનાકાની પછી તા. ૫ મી ઑગસ્ટે સંપૂર્ણ પતાવટ થઈ, એવું રોએ પોતાની ડાયરીમાં લખ્યું છે. એણે માગેલી સઘળીજ રકમ તેને મળી હોય એમ જણાતુ નથી, છતાં મોગલ દરબારના સર્વશક્તિમાન રાજપુત્રના મિત્રને થોડો ઘણો પણ દંડ આપવો પડે, એ અંગ્રેજ એલચીએ થોડો પ્રયત્ન કરેલો કહેવાય નહીં. બીજા અધિકારીઓ ઉપર પણ આની અસર સારી થઇ. શાહજાદા તથા રો વચ્ચે દેખાઇતો સ્નેહ બંધાયો; બાદશાહે તેનો સારો સત્કાર કર્યો, અને આસફખાને પણ તેની સાથે દોસ્તી કરવા માંડી.

આ ભાંજગડ ચાલતી હતી તે દરમિયાન વિલાયતથી આવેલી એક સુંદર તસવીર રોએ બાદશાહને નજર કરી અને ગર્વ કર્યો, 'કે આપના દેશમાં એની નકલ ઉતરાવી બન્ને એક ઠેકાણે મુકશો તોપણ આ તસવીર નક્કી

ઓળખાઈ આવશે.' આ તાણાનો ભાવાર્થ એજ હતો કે હિંદુસ્તાનમાં એવું કામ થઇ શકવાનુંજ નથી. આ ઉપરથી બાદશાહે તેની એવી તો આબેહુબ નકલો ઉતરાવી કે રો પોતાની તસવીર ઓળખી શકયો નહીં. બાદશાહે તે નકલો એને ભેટ આપી ઇંગ્લંડ મોકલવા જણાવ્યું, અને ઉમેર્યું કે 'તમે ધારો છો તેટલા અમારા લોકો મૂર્ખ નથી.'

કેટલાક દિવસ બાદ વલંદા લોકોનાં વહાણ યુરોપથી સુરત આવી લાગર્યાં. એ લોકોનો હિંદુસ્તાનમાં પગ પેસારો થવાથી અંગ્રેજોને વેપારમાં ઘણું નુકસાન થનાર હતું, તોપણ તેમની વિરૂદ્ધ તકરાર ઉઠાવવામાં સઘળા લોકોને વેપારની સરળતા એક સરખી રહેવી જોઇએ એવો પોર્ટુગીઝ વિરૂદ્ધ રોએ ઉઠાવેલો મુદ્દો અર્થ વિનાનો થઇ પડતો હતો. આથી વલંદાઓ માત્ર મોગલોનાં વહાણો લૂટવાના હેતુથીજ અહીં આવ્યા છે એવું આસફખાનને સમજાવી તેમનો પ્રતિકાર કરાવવા રોએ યત્ન કર્યો; પણ તે ફળીભૂત ન થતાં અંગ્રેજ વેપારીઓને જેવા હક પ્રાપ્ત થયા હતા તેવાજ હક મોગલ દરબાર તરફથી સને ૧૬૧૮ માં વલંદા વેપારીઓને મળ્યા.

તહનામાની સરતો દરબારમાં રજુ કર્યાને પાંચ મહિના નીકળી ગયા તોપણ તેનો કંઈ ઉત્તર આવ્યો નહીં. એવામાં ઇંગ્લંડથી માલ ભરી વહાણ આવેછે એવી ખબર મળતાં રોએ શાહજાદા પાસે ખટપટ કરી તેની તરફથી સુરતના અધિકારી ઉપર તેટલા વખત માટેનો હુકમ મેળવ્યો. જે જે ચીજો વેચવા માટે અંગ્રેજો લાવે તે પ્રથમ શાહજાદાને બતાવી તેમાંથી તેને જોઇએ તેટલી તે પોતાને માટે રાખી લે એવી કબૂલાત રોએ આપવાથી, અંગ્રેજોને સુરતમાં વહાણ લાંગરી વેપાર કરવાની છૂટ મળી.

સપ્ટેમ્બર માસમાં જહાંગીર બાદશાહનો જન્મ દિવસ આગ્રામાં મોટા દાડથી ઉજવવામાં આવ્યો. બાદશાહની સુવર્ણતુલા જોવા રોને દરબારમાંથી ખાસ આમંત્રણ ગયું હતું, પણ વખત સમજવામાં ચુક થવાથી એને તે જોવાની તક મળી નહીં. સાંજે પાછું આમંત્રણ આવવાથી રો બાદશાહ પાસે ગયો. એ વેળા બાદશાહ ઉત્તમોત્તમ વસ્ત્રાલંકારથી સજ થયલો હતો, અને ઉમરાવ લોકો તેની આસપાસ બેઠેલા હતા. મદ્યપ્રાશનનો સપાટો ચાલતાં

રો તેમાં સામિલ થઈ ગયો; જે સોનાના પ્યાલામાં તેણે મદ્ય પ્રાશન કર્યું હતું તે ઢાંકણાં સાથે બાદશાહે તેને બક્ષિસ આપ્યું. આ પ્રસંગે જહાંગીર બાદશાહ તરફથી પોતાને અપૂર્વ માન મળેલું જોઈ રોએ તક સાધી તહ કાયમ કરવા માટે આસફખાનને આગ્રહ કર્યો. તરત તો તેણે આશ્વાસન આપી એને શાંત પાડ્યો, પણ બે દિવસ રહી તહનો મુસદ્દો તેના ઉપર પાછો મોકલાવ્યો. એમાંનો કેટલોક મજકુર ખાને પોતાને હાથે ફરી લખી કહાડ્યો હતો અને તેમાંની ઘણી કલમો નાકબૂલ કરી હતી. વિશેષ કરીને આવી સરતે કોલકરાર કરવા બાદશાહના દરજ્જાને યોગ્ય નથી એવું જણાવી આસફખાને રોને ખબર કરી કે સુરતનો સંપૂર્ણ અધિકાર શાહજાદા પાસે હોવાથી ત્યાંનું ફરમાન તેમની પાસેથી મેળવી લેવું એટલે બસ; બાકી બંગાળા તથા સિંધ પ્રાંતમાં વેપાર કરવાની પરવાનગી આપવામાં આવશે નહીં. એમ છતાં કેટલીક કલમો પસંદ કરી તે પૂરતા કોલકરાર કરવા હોય તો તે ઉપર બાદશાહી સિક્કો કરી આપવામાં હરકત નથી. મોગલ બાદશાહીના આ સમયના ઇતિહાસ ઉપરથી સ્પષ્ટ જણાય છે કે રાજ્યની લગામ આસફખાન જેવા યોગ્ય મુત્સદીના હાથમાં હોવાથીજ બાદશાહી આબાદ થઈ હતી. એવે વખતે 'અમારા કામમાં સુરતના અધિકારીની દખલ રાખવી નહીં અને તેમના હુકમ અમે ગણકારીશું નહીં,' એવી રોની માગણી નાકબૂલ થાય તેમાં કંઈ નવાઇ નહોતી. તહનો મુસદ્દો ખાનના હાથમાં જતાંજ તેણે રોને જણાવ્યું હતું કે 'તમારી માગણીઓ અયોગ્ય હોવાથી પસંદ થવા જોગ નથી.' આવી તકરારથી મોગલ અધિકારીઓ કંટાળી ગયા હતા; એને લીધે ઉપસ્થિત થયલો ટંટો ગુજરાતમાંજ રાખવાની, તથા તેને બંગાળા તથા સિંધ પ્રાંત તરફ ન લંબાવવાની તેમની ખાસ ઇચ્છા હતી. વળી ઈગ્લંડનો રાજા મોગલ બાદશાહનો બરોબરીઓ હોય એમ તેમને કબૂલ નહોતું. એકંદર રીતે જોતાં દૂરદષ્ટિના મોગલ અધિકારીઓના મનમાં ઘણા સચોટ દાવપેચ તથા સંશય ઘર કરી રહ્યા હતા. આસફખાને ઘણા દિવસ સુધી રોને આશામાં અથડાવ્યા કર્યો, પણ તેમાં તેનો દોષ નહોતો. રોએ ફરીથી એકવાર ખટપટ કરી ત્યારે પણ ખાને તેને શાહજાદા પાસે મોકલ્યો, એટલે હવેથી શાહજાદા મારફતજ પોતાનો હેતુ સિદ્ધ કરવા રોએ વિચાર કર્યો.

અકટોબરના અરસામાં ખુર્રમની બદલી દક્ષિણના સુબેદાર તરીકે થઈ અને ત્યાંનો કારભાર શાહજાદા પર્વિઝ પાસેથી લઈ લેવા હુકમ નીકળ્યો, કારણ પર્વિઝની નિમણુંક બંગાળામાં થઈ હતી. દક્ષિણમાં ઘણી ગડબડ ચાલતી હોવાથી ખુર્રમના કામમાં મદદ કરવા બાદશાહ પોતે તે તરફ જવા નીકળી પ્રથમ અજમેર આવ્યો. એના નીકળવા અગાઉ આગ્રે આવેલા ઈરાનના એલચી હજુરીઆનો દમામ તથા તેમણે આણેલાં નજરાણાં જોઈ અંગ્રેજ વકીલ ઘણો ફિક્કો પડી ગયો તોપણ તેના ગૌરવમાં કંઈ ન્યૂનતા આવી નહીં.

આ તરફ કૅપ્ટન પૅપ્વેલના ઉપરીપણા હેઠળ કેટલાંક જહાજ ઈંગ્લંડથી સુરત આવ્યાં. રસ્તામાં તેમની અને પોર્ટુગીઝો વચ્ચે થયલી ઝપાઝપીમાં અંગ્રેજોને જય મળ્યાની ખબર રોએ ઘણીજ ઉત્કંઠાથી મોગલ દરબારમાં જણાવી, તે ઉપરથી બાદશાહે તેને પુછયું કે 'વહાણમાં અમારે માટે શું નજરાણું આવ્યું છે?' રોએ ચાલાકીથી જવાબ આપ્યો કે 'નજરાણાં પુષ્કળ આવ્યાં છે; પરંતુ પેટીઓ બંદર ઉપર ઉઘાડયા વિના અહીં લાવવાની પરવાનગી જોઈએ.' બંદર ઉપર સંપૂર્ણ સત્તા ખુર્રમની હોવાથી તેની રજા મેળવવા બાદશાહે રોને જણાવી તેની ધારણા પાર પાડી નહીં. આજ અરસામાં મોગલો પાસેથી એકાદ બંદર માંગી લઇ ત્યાં કિલ્લેબંધી કરવાની પરવાનગી મેળવવા રોને ઈંગ્લંડથી હુકમ મળ્યો. આ યોજના પસંદ પડતાં તે પાર ઉતારવા તેણે ખટપટ કરી, શાહજાદાને વિનંતિપૂર્વક જાહેર કર્યું કે પોર્ટુગીઝોનો હમણાંજ પરાભવ થયલો હોવાથી તેઓ પુન: અંગ્રેજો તથા દેશીઓનાં વહાણ ઉપર હલ્લો કરશે, માટે જો એક કિલ્લેબંધ બંદર સંપૂર્ણપણે અંગ્રેજોના તાબામાં મુકવામાં આવે તો સઘળા કિનારા ઉપરના તેમજ રાતા સમુદ્રમાં દેશીઓના ચાલતા વેપારનું સંરક્ષણ થાય. આ માગણીનો ઉત્તર ધારવા પ્રમાણે નકારમાંજ આવ્યો, અને તેમાં શાહજાદાએ સ્પષ્ટ રીતે જણાવ્યું કે 'અમને તેમજ અમારા વડીલોને તમારી મદદની જરૂર નથી; અમારે માટે તમારે પોર્ટુગીઝો સાથે લડવાની તસ્દી લેવી નહીં, એટલે તમને કિલ્લેબંધી કરવાની જરૂર રહેશે નહીં.' મોગલોનો રાજ્યકારભાર કેવી દક્ષતાથી ચાલતો હતો તે ઉપરના કટાક્ષ

જવાબથી જણાઇ આવે છે. પછી રોએ એજ વિનંતિ બાદશાહ પાસે રજુ કરવા આસફખાનને કહ્યું, પણ તેણે તેને રોકડો જવાબ આપ્યો કે 'અમારે અમારા ધણી આગળ આવું પ્રકરણ ઉઘાડવું કોઇપણ પ્રકારે ઇચ્છીત નથી.'

**૮. આ ઉદ્યોગથી થયલો ફાયદો.**—એક વર્ષ હિંદુસ્તાનમાં રહી પોતે કરેલાં કામ બાબત ઇંગ્લંડ મોકલેલી લંબાણ હકીકતમાં રોએ જણાવ્યું હતું કેઃ— ' વેપારના સંબંધની આપની મર્યાદિત ઇચ્છા સફળ થવામાં અડચણ નથી. બાદશાહ આગળ અમારી સારી આંટ બેઠી છે. અને આપનો ટેકો ઘણો ઉપયોગી થઇ પડે છે. બરોબરીના સંબંધ ઉપર બાદશાહ સાથે કાયમના કોલકરાર થવા અશક્ય છે. આપના તરફથી યોગ્ય નજરાણાં ન આવવાથી મારી ગેરઆબરૂ થઈ છે. છતાં મારા અહીં આવ્યાથી કંઈ નહીં તો ઘણો ફાયદો થયો છે. આજ પર્યંત અમારી પાસેથી લાંચ નજરાણાં વગેરેમાં ઉપડેલા પૈસા પાછા મળી ગયા હશે, અને તે ઉપરાંત ઘણો ફાયદો મળવાની આશા રહે છે. મોટી યોગ્યતા તથા દરજ્જાવાળો અંગ્રેજ એલચી આ દરબારમાં રાખવાની આવશ્યકતા જણાતી નથી. અમને માનપાન ઘણાં મળે છે; વાસ્તવિક રીતે આ દરબારમાં સઘળું માનપાન છોડી દઈ હાજી હાજી કરનારા મનુષ્યની જરૂર છે. વાર્ષિક એક હજાર રૂપીઆના પગારે એકાદ દેશી વકીલ રાખવાથી સઘળું કામ થઇ શકશે. મોગલોને મદદ કરવી તથા કિલ્લેબંધી કરી કિનારાનું રક્ષણ કરવું નિરૂપયોગી છે. એથી ખર્ચ માત્ર વધશે, અને તેનો કંઇપણ ઉપયોગ થશે નહીં. વિના કારણ લોભથી પ્રેરાઈ ખર્ચ વધારવામાં શું હાંસલ છે? વ્યાપાર અને યુદ્ધ એ બન્ને પરસ્પર વિરોધી છે; પોર્ટુગીઝ લોકો એ નાદને લીધે હલકા પડ્યા છે એ બાબત આપણે સારી પેઠે વિચાર કરવાનો છે. આપણે એક નિયમ કરવો જોઇએ કે નફો મેળવવો હોય તો તે સમુદ્ર ઉપર શાંતપણે વેપાર કરી મેળવવો. કેમકે કોઈ વ્યક્તિ તરફથી તકરારનું કારણ ઉપસ્થિત ન કરવામાં આવે તો કિલ્લેબંધી તથા યુદ્ધ કરવાં એ મોટી ભૂલ છે.'

નવેમ્બર માસમાં બાદશાહે અજમેરથી નીકળી માંડવગઢ તરફ કૂચ

કરી. રસ્તો ઘણો વિકટ તથા લંબાણ હોવાથી બાદશાહી સ્વારી માર્ચ મહિના સુધી ત્યાં આવી પહોંચી નહીં. અહીંથી નેવું માઇલ દૂર આવેલા બરહાનપુરમાં ખુર્રમની છાવણી હતી. રો માથે હોવાથી એને એક જુની મસીદમાં રહેવાની જગ્યા મળી હતી. માર્ચથી અકટોબર સુધી સ્વારી માંડવગઢમાં રહી તે દરમિયાન ઇંગ્લંડથી આવેલાં નજરાણાં એડવર્ડ ટેરીએ ત્યાં લાવી બાદશાહને બતાવ્યાં. રસ્તામાં ટેરી અને શાહજાદા ખુર્રમ વચ્ચે મુલાકાત થતાં શાહજાદાની તેને આગળ જવા દેવાની મરજી જણાઈ નહીં, પણ બાદશાહનો હુકમ ઘણો કડક હોવાથી નાઇલાજ થઇ તેણે નજરાણાંની પેટીઓ અગાડી જવા દીધી. પેટીઓ આવી લાગતાંજ રોને પુછ્યા વિના બારોબાર બાદશાહે તાબડતોબ તે સઘળી ઉઘડાવી નાંખી, અને તેને માટે હોય કે નહીં તોપણ તેમાંની સઘળી વસ્તુઓ લઈ લીધી; પેટીમાં બીજા અધિકારીઓને આપવાની ચીજો હતી તે પણ બાદશાહે પોતે રાખી. પોતાની ગેરહાજરીમાં પેટીઓ ઉઘાડવાથી રોને અતિશય ગુસ્સો આવ્યો, અને દરબારમાં તેની અને બાદશાહ વચ્ચે સખત બોલાચાલી થઈ. બીજી તરફ ખુર્રમની દક્ષિણમાં પણ મોટી ફતેહ થઇ એટલે તે માંડવગઢ આવ્યો ત્યારે બાદશાહે તેનો સન્માનથી આદર કરી તેને 'શાહજહાન'નો ખીતાબ આપ્યો. બાદશાહ સર્વ રીતે તેના દાબમાં હતો. વારંવાર મળેલી નાસીપાસીથી કંટાળી જઇ રોએ ઇંગ્લંડ પાછા ફરવાની ઇચ્છા દર્શાવી હતી, પણ થોડોક વધારે વખત રહેવા તેને જણાવવામાં આવ્યું હતું. આટલો વખત નૂરજહાન અને શાહજહાન એકજ વિચારના તથા પક્ષના હતા, પણ શાહજહાનના વધતા જતા લાગવગને લીધે દરબારમાં પાછા બે પક્ષ પડી ગયા, ત્યારે પ્રસંગાનુસાર વારા ફરતી એક બાજુએ ઢળી તેણે પોતાનો નીભાવ કર્યો.

અકટોબર ૧૬૧૭ ના અંતમાં માંડવગઢ છોડી બાદશાહની સ્વારી અમદાવાદ આવી એટલામાં વિલાયતથી આવેલી જણસો પોતાને માટે મેળવવાની શાહજહાનની ઇચ્છા થવાથી, સુરતથી પેટીઓ આવતાંજ તેના ઉપર તેણે પોતાનો સિક્કો મારી દીધો. પેટી અમદાવાદ આવ્યા પછી રોએ વીસ દીવસ વાટ જોઇ પણ તે ઉઘાડવાની પરવાનગી આવી નહીં, ત્યારે સિક્કો

તોડી નાંખી એણે પેટીઓ ઉઘાડી. રોનાં આ કૃત્યથી સઘળાનો રોષ અતિશય ઉશ્કેરાયો; શાહજહાને બાદશાહ આગળ તે બાબત ફરીઆદ કરી, અને રો લગભગ નજરકેદ રહ્યો. બાદશાહે તેને ખુલ્લેખુલ્લું જણાવ્યું કે 'તમે સરકારનો હુકમ તોડવાથી તમારા ઉપરનો સઘળો વિશ્વાસ ઉઠી ગયો છે.' રોના સંબંધમાં બાદશાહનો ગુસ્સો આ વખત પ્રથમજ પ્રદર્શિત થયલો હોવાથી તેણે પોતાના બચાવમાં અજાણપણે કામ કરવાનું જણાવ્યું હતું.

સને ૧૬૧૮ ના ફેબ્રુઆરી માસમાં ઇંગ્લંડ મોકલેલી વાર્ષિક હકીકતમાં રો સાફ લખે છે કે 'હમેશ માટે કોલકરાર કરવા શક્ય નથી. સમયાનુસાર આપણું વર્તન રહેવું જોઇએ. જરૂર જોગાં ફરમાનો હાલ તરત મળેલાં છે, અને કંઇક મેળવવાનાં બાકી છે. બાદશાહની મરજી એજ કાયદો હોવાથી ધનતૃષ્ણાના જોર ઉપરજ સઘળો વ્યવહાર ચાલે છે. એકંદર લોકોને ન્યાય સારો મળે છે; તેમના ઉપર અમલદાર વર્ગનો જુલમ નથી; માત્ર પોતાને જોઈતી ચીજો ગમે તેમ કરી તેઓ મેળવી લે છે. અમને જે હેરાનગતી ભોગવવી પડે છે તે અમારી અવ્યવસ્થાને લીધેજ છે. આ લોકો તરફ ગરીબાઈથી વર્તવામાં લાભ નથી, તેમનાથી અમે કંટાળી ગયા છીએ; તેમનાં સઘન બંદરોનો નાશ કરી અમે તેમનો સઘળો વેપાર ડુબાવ્યો છે. અમારો જેટલો કરબ તેમના ઉપર બેસશે તેટલું આપણું કામ થશે, જો આપણી માગણીઓ અધિકારીઓ સ્વીકારે નહીં તો દેશી વેપારીઓનાં વહાણો પકડી આપણે આપણું કામ ચલાવવું.' આટલે હદ લગી વાત આવી નહીં તોપણ પોતે ઉપાડેલું કામ કદી પડતું નહીં મુકવાનો રોનો અભિપ્રાય હતો. કદાચિત વલંદા લોકો વચમાં પડતાં વળી કંઇ અવનવો બનાવ બને એટલીજ તેને માટી ધાસ્તી હતી.

એજ વર્ષની શરૂઆતમાં બાદશાહ કેટલાક દિવસ શિકારે ગયો હતો તે દરમિયાન રો બરહાનપુર જઇ આવ્યો. મે માસમાં અમદાવાદમાં ચાલેલી મરકીમાં ત્યાં રહેતા અંગ્રેજોમાંનાં સાત માણસો મરણ પામ્યાં. ઑગસ્ટમાં બાદશાહ અમદાવાદથી આગ્રા જવા નીકળ્યો ત્યારે પાછું ગોગલ

રાજધાનીમાં જવાનું બીનજરૂરી લાગવાથી રોએ સ્વદેશ પાછા ફરવાની રજા લીધી. જતી વેળા બાદશાહ પાસેથી જેમ્સ રાજા ઉપર એક પત્ર લખાવી લીધો જેમાં અંગ્રેજ વેપારીઓનો સારો સત્કાર કરવાનું તેણે વચન આપ્યું હતું. શાહજહાનને મળી રોએ સુરત માટે એક ફરમાન મેળવ્યું; તેમાં અનેક બાબતોનો ઉલ્લેખ હતો. તે અન્વય નવાં ઘરો બાંધવાની તથા તે હમેશને માટે ભાડે રાખવાની અંગ્રેજોને મના કરવામાં આવી હતી, અને અંગ્રેજ કંપનીમાંનાં માણસોને હથીઆર વાપરવાનો પરવાનો આપવાનો નહોતો; પણ રોએ આ બાબત પુષ્કળ પ્રયત્ન કરી, તથા અંગ્રેજો સુરતના લોકોને ત્રાસ આપશે નહીં એવું વચન આપી, હથીઆરના પરવાનાની કલમ ફરમાનમાંથી શાહજાદા પાસે રદ કરાવી. સપ્ટેમ્બર ૧૬૧૮ માં એ ફરમાન મળતાં રો સુરત ગયો. ત્યાં ચાર મહિના રહી વહાણો માલથી ભરાયા બાદ સને ૧૬૧૯ ના ફેબ્રુઆરીની તા. ૧૯ મીએ એ વિલાયત જવા ઉપડયો, તે તેજ વર્ષના ઑગસ્ટ મહિનાની આખરે લંડન પહોંચ્યો. અહીં તેનો ભારે સત્કાર થયો, તેની કામગિરી સઘળાને પસંદ પડી, અને કંપનીએ તેને ૧૫,૦૦૦ રૂપીઆની રકમ બક્ષિસ આપી.

એકંદર એવું માનવામાં આવે છે કે રોનું આ દેશમાં આવવું છેક નિષ્ફળ ગયું નહોતું; ખરૂં છે કે તેને સંપૂર્ણ યશ મળ્યો નહીં, પણ એમાં તે નાઈલાજ હતો. એના પ્રયાસથી પોર્ટુગીઝ લોકોની બાબતમાં કાયમનો બંદોબસ્ત થયો. એક પ્રજા તરીકે અંગ્રેજોની છાપ મોગલ દરબારમાં સારી બેઠી. તેમના તરફ સ્થાનિક અમલદારોનો ત્રાસ અટકવાથી જે બી હિંદુસ્તાનમાં રોપવામાં આવ્યાં હતાં તેનાં મૂળ બાઝવા માટે અવકાશ મળ્યો. પોર્ટુગીઝ વગેરે બીજા લોકો છળતાજ માર્ગ સ્વીકારતા, ત્યારે અંગ્રેજોએ રો સરખા વજનદાર તથા દ્રઢ વિચારના ગૃહસ્થને ત્રણ ચાર વર્ષ લગી મોગલ દરબારમાં રાખી પોતાની ઈજ્જત ઘણી વધારી. અંગ્રેજ એલચીના ગુણ જહાંગીર અને શાહજહાન ઘણી સારી રીતે પારખી શકયા હતા. ટુંકમાં જે મહાન અંગ્રેજ પુરૂષોએ પોતાના અનેક ગુણોને લીધે હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્યની ઈમારત ઉભી કરી હતી તેમાં સર ટૉમસ રો અગ્રસ્થાને હતો; તેની બરોબરી

કરી શકે એવા કેટલાક પુરૂષો થયા હતા, પણ તેનાથી શ્રેષ્ઠ કોઇ પણ થયું નહોતું એવો ઇતિહાસકારોનો સામાન્ય મત છે. એની રોજનીશી તથા પત્રો વાંચવાથી મોગલ બાદશાહીની તત્કાલીન સ્થિતિનો આબેહુબ ચિતાર આપણી આગળ ખડો થાય છે. તે સમયના પાશ્ચાત્ય ગ્રંથકારોમાં એના લેખની કિંમત વિશેષ અંકાય છે. સુરત સિવાય ઇરાન અને રાતા સમુદ્ર ઉપરનાં બંદરોમાં અંગ્રેજોનો વેપાર વધારવા માટે પણ રોએ અથાગ મહેનત કરી હતી.

હિંદુસ્તાનમાંથી ગયા પછી રોએ બીજાં ઘણાં મોટાં મોટાં કામો કર્યાં. બે વર્ષ પાર્લામેન્ટના મેમ્બર તરીકે રહ્યા પછી સને ૧૬૨૧ માં કૉન્સ્ટેન્ટીનોપલમાં સુલતાનના દરબારમાં એલચી તરીકે તેની નીમણુંક થઇ. આ જગ્યા ઉપર તેણે ઘણું ઉત્કૃષ્ટ કામ કર્યું. અહીં ઘણી નાખુશી છતાં સને ૧૬૨૮ લગી રહ્યા પછી રોએ સ્વીડન અને પોલેન્ડ વચ્ચેના કોલ-કરાર ઠરાવવામાં મધ્યસ્થ તરીકે કામ કર્યું. શરૂઆતમાં ચાર્લ્સ રાજાએ તેનો સારો આદર કર્યો, પણ ભિન્ન વિચારને લીધે તેને પોતાના કામમાં લીધો નહીં, છતાં પણ બીજાં પાંચ દસ વર્ષ લગી એણે અનેક ઉપયોગી કામો કર્યાં. સને ૧૬૪૨માં રાજા અને પાર્લામેન્ટ વચ્ચે થયલા યુદ્ધમાં તેણે ઘણી મહેનત કરી. તેનો અભિપ્રાય લોક તરફ હતો, પણ રાજા ઉપર ખુલ્લી રીતે શસ્ત્ર ઉંચકનાર પ્રત્યે તેને તિરસ્કાર હતો. રો સને ૧૬૪૪ ના નવેમ્બર માસની ૬ ઠી તારીખે મરણ પામ્યો.

**૮. ઇરાનમાં ખટપટ.**—ઇલિઝાબેથના પત્ર લઈ કેટલાક વેપારીઓ હિંદુસ્તાન અને ચીનની માફક ઇરાનમાં પણ ગયા હતા. સર એન્ટની શર્લે (Sir Antony Shirlay) એ સને ૧૫૯૯ માં શાહ અબ્બાસ પાસેથી ઇરાનના વેપારની લેખી પરવાનગી મેળવી ઈંગ્લંડ રવાના કરી હતી. એન્ટનીનો ભાઈ સર રૉબર્ટ શર્લે ઘણો વખત લગી એ દેશમાં જઈ રહ્યો હતો. તેને ઇરાનના શાહે પોતાના એલચી તરીકે સને ૧૬૦૭ માં ઈંગ્લંડ સાથે મિત્રાચારી કરવા માટે મોકલ્યો હતો. ઈસ્ટ ઈન્ડીઆ કંપનીએ ઈરાન સાથે વેપાર શરૂ કરવા પુષ્કળ ખટપટ કરી પણ તે પાર

પડી નહીં. સુરતથી કંપનીના એક ગૃહસ્થ કૅપ્ટન કેરિજે સ્ટીલ નામના એક વેપારીને પત્ર આપી ઈરાન મોકલ્યો હતો. તે પ્રથમ જાસ્ક આગળ ઉતરી ત્યાંથી રાજધાની ઈસ્પહાન ગયો ત્યારે તેનો સારો સત્કાર થયો. શર્લેએ તેને ખબર કરી કે તુર્કસ્તાન અને ઇરાન વચ્ચે યુદ્ધ ચાલતું હોવાથી ઇરાનનું રેશમ તુર્કસ્તાનની હદમાં થઈને યુરોપમાં જતું અટકયું છે, માટે સુરતથી આ માલ યુરોપમાં લઈ જવાની તક સારી છે. વળી યુરોપમાંનો કાપડ વગેરે પુષ્કળ માલ ઈરાનમાં ઉપડી જશે. આ ઉપરથી સુરતના વેપારીઓએ ૨૦,૦૦૦ રૂપીઆનો માલ ખરીદી જાસ્ક રવાના કર્યો. પણ સર ટૉમસ રો સુરત આવ્યો ત્યારે તેને ઇરાનમાં વેપાર ચલાવવા માટે કરેલી ખટપટ પસંદ પડી નહીં. આગ્રેથી પાછા ફર્યા પછી પણ તેણે આ વેપાર અટકાવવા મહેનત કરી, અને માલ ભરી જાસ્ક ગયલાં વહાણો ભૂલથી તે બંદરમાં ચાલ્યાં ગયાં છે એવું તેણે ઇરાનના શાહને લખી મોકલ્યું. બીજી તરફથી સર રૉબર્ટ શર્લેએ કંપની સાથે લુચ્ચાઈ કરી પોતાનું ગજવું તર કરવા મનસુબો કર્યો. પણ પાછળથી કંપની તરફથી કંઇ સારો નફો મળશે નહીં એમ ધારી શર્લેએ ઈરાન અને સ્પેન વચ્ચે સલાહ કરાવી વેપાર ચલાવવા માટે જોગવાઇ કરાવી આપી, અને શાહની સંમતિ લઈ એ સ્પેન ગયો. તેની ગેરહાજરી દરમિયાન કંપનીના ઇસ્પહાનમાંના પ્રતિનિધિ કૉનાકે (Connock) એને ઉઘાડો પાડવાના ઈરાદાથી તેણે રચેલી બાજી વિશે શાહને લખી જણાવ્યું, અને તેની સંમતિથી પોર્ટુગીઝોના તાબામાંનો ઓર્મઝનો ટાપુ એકદમ કબજે કરવા સુરતના અંગ્રેજ અમલદારોને લખ્યું. સુરતમાં તે વખતે સર ટૉમસ રો હતો, તેને આ નવી હકીકત સાંભળી પોતાનો વિચાર ફેરવવો પડયો. આ સઘળી ખટપટને લીધે શર્લે અને સ્પેનનો વકીલ ઈરાનમાં દાખલ થયા ત્યારે કંપનીની સંપુર્ણ તૈયારી થઇ હતી. કૉનાક જાતે હોંશીઆર તથા ચાલાક હોવાથી શાહ સાથે તહ વગેરે કરવા સર્વ રીતે લાયક હતો. સને ૧૬૨૦ માં કંપનીના આરમારે પોર્ટુગીઝ કાફલાનો પરાભવ કરી પોતાનો માલ ઈરાનના બંદરમાં ઉતાર્યો, એટલામાં પોર્ટુગીઝ લોકોએ શાહ સામે શસ્ત્ર

વેદના ભોગવી જાવા બેટને છેલ્લી સલામ-કરી ત્યાંથી જતા રહેવાની તેમને ફરજ પડી; અને લગભગ એજ અરસામાં હિંદુસ્તાનના પૂર્વ અને પશ્ચિમ કિનારા ઉપર પણ તેમને નાના પ્રકારની અડચણો વેઠવી પડી. આવી હકીકતમાં કંપનીને ઇંગ્લંડમાં પણ બીલકુલ નીરાંત નહોતી. વિશેષમાં તેની આંટ ઘણી ઓછી થઈ ગઈ હતી, અને તેના સો પૌંડના શેરનો ભાવ એંસી પણ ઉપજતો નહોતો. કરજનો બોજો મનસ્વીપણે વધારી મુકેલો હોવાથી તેને કોઈ વધારે નાણું ધીરતું નહીં. ડાયરેક્ટરોમાં માંહોમાંહે ફાટફુટ તથા વિરોધ હતો. આ કંપની ઇંગ્લંડનાં માણસો તથા ઇંગ્લંડના પૈસા પરદેશમાં લઇ જઈ ડુબાવે છે એવો પ્રચલિત થયલો સામાન્ય વિચાર કંપનીને નુકશાનકારક હોવાથી તે દૂર કરવા તેની તરફથી અનેક ગ્રહસ્થોએ પુષ્કળ મહેનત કરી પણ તે સઘળી તે વખતે તો વ્યર્થ ગઈ.

આવા સંકટ સમયે રાજા તરફથી કંપનીને જે મદદ મળવી જોઈએ તે મળી નહીં, અને ઉલટું તેના વિરોધીઓને રાજાનો ટેકો મળવા લાગ્યો. કંઠે પ્રાણ આવી ગયો હોય તેવી સ્થિતિમાં કંપનીના ડાયરેક્ટરોએ સને ૧૬૨૮ માં પાર્લામેન્ટ રૂબરૂ પોતાનું સઘળું દુઃખ નિવેદન કર્યું. 'આ વેપાર રાષ્ટ્રને જોખમકારક છે કે કેમ તે વિશે બારીક તપાસ કરવા, તપાસ અંતે તે જો હાનિકારક ઠરાવવામાં આવે તો ખુશીથી તે બંધ કરાવવા, પણ જો નફાકારક જણાય તો તેને સ્પષ્ટરીતે મદદ કરવા' કંપનીએ પાર્લામેન્ટને આજીજીપૂર્વક વિનતિ કરી. આ ઉપરથી તેની ગંભીર સ્થિતિનું કંઇક આપણને ભાન થાય છે, અને વિશેષમાં તે વેળાના વેપારી ધોરણનું અને ભાવી ઉદયનું દિગ્દર્શન થાય છે. કંપની વિરૂદ્ધ સામાન્ય પ્રજાનો એવો આક્ષેપ હતો કે તેના વેપારના નાદમાં તણાઇ હજારો લોક ભયંકર સમુદ્ર ખેડી મૃત્યુના મ્હોંમાં જતા હોવાથી રાષ્ટ્ર બળહીન થતું જતું હતું. આ બાબત કંપનીનો સ્પષ્ટ ઉત્તર એ હતો કે તેણે ઉપાડેલા કામને લીધે રાજ્યને કે પ્રજાને કાંઈ પણ નુકસાન થવાને બદલે ઉલટો ફાયદોજ હતો. તેના વેપારને લીધે ઇંગ્લંડના વહાણવટીઓ નૌકાશાસ્ત્રમાં તથા દરીઆવર્દી કામમાં તૈયાર થતા હતા, અને દુશ્મન ચઢી આવતાં તેનાં વહાણો, ખલાસીઓ તથા અન્ય સામગ્રી

દેશને અતિશય ઉપયોગી થઇ પડવાની હતી. રાજ્યમાંથી પૈસો કંપની બહાર લઇ જઇ પરદેશમાં ઉડાવે છે એ આક્ષેપના જવાબમાં તેનું કહેવું એવું હતું કે, કંપની રાષ્ટ્રના પૈસા બીલકુલ ડુબાવ્યા વિના હિંદુસ્તાનનો માલ ઈંગ્લંડ લાવી તથા યુરોપના જુદા જુદા દેશોમાં કીફાયત ભાવે વેચી દેશને મોટો ફાયદો કરી આપતી હતી. વળી તેના ધાકથી વલંદા લોકો મર્યાદામાં રહ્યા હતા, નહીંતર ઇંગ્લંડનો સઘળો વેપાર તેઓ હાથ કરી જતે. આ પ્રમાણે રાજાને તથા લોકોને અનેક રીતે પોતે કેવી રીતે કામ લાગે છે તે કંપનીએ જાહેર કર્યું.

આ સંબંધમાં રાજાની વર્તણુક કેવળ આપમતલબી હતી. આ કંપની પોતેજ સ્થાપન કરી હતી, અને પોતાનાજ હુકમાનુસાર તે ચાલતી હતી એમ તે સમજતો હોવાથી કંપની પ્રત્યે એક પ્રકારનું મમત્વ તે બતાવતો. સઘળા વેપારનો ઇજારો એકલી કંપનીના હાથમાં આપવો એ કંઇ નાની વાત નહોતી. આવા ઇજારાને લીધે રાજ્યમાં જકાતનું ઉત્પન્ન વધે, પણ તે ઉપરાંત રાજા તથા તેની આસપાસના દરબારીઓને ખુશ રાખવા માટે કંપનીને હમેશ લાંચ આપવાની ફરજ પડતી. વખત જતાં આવી રીતે આપવાની રકમ અનહદ વધી ગઇ અને રાજા કંપની પાસે તે નાણું માંગવા લાગ્યો. આ માગણી સ્વીકાર્યા સિવાય કંપનીનો છૂટકો નહોતો, કેમકે વારંવાર પરરાજ્યો સાથે થતા ટંટામાં તેને રાજાની મદદ ઘણી કામ લાગતી. વળી જેમ્સ રાજા તરફથી કોઇ પણ વેળા અમર્યાદિત માગણી ન થતી હોવાથી આવી રીતે થોડા ઘણા પૈસા કંપનીને આપવા પડતા તેમાં કંઈ વિશેષ નહોતું. પણ ચાર્લ્સ રાજા હમેશાંજ મુશ્કેલીમાં હોવાથી કંપની પાસે પૈસા ઓકાવવા તેણે સઘળી શરમ છોડી દીધી. સને ૧૬૨૮ માં તેણે તેની પાસે એક લાખ રૂપીઆ ઉછીના માગ્યા, પણ તે ન મળવાથી કંપનીના શત્રુ વલંદાઓ પાસે તેણે ત્રણ લાખ રૂપીઆ લીધા, અને તેમ કરી તે પ્રજાને ફાયદો કરી આપી સ્વદેશી કંપનીનું નુકસાન કર્યું. સને ૧૬૪૦ માં રાજાએ ફરીથી કંપની પાસે પૈસાની માગણી કરી, ત્યારે તેની પાસે રોકડ સિલક કંઇજ ન હોવાથી વેચાવા વિના પડી

પક્ષનીજ હતી, પણ રાજાએ તેની રાજનિષ્ઠા તરફ ધ્યાન આપવાનું નહોતું. આ બાબત રાજાની તરફેણમાં એટલું તો કહેવું જોઇએ કે તેણે કહાડેલા હુકમ માટે તે જાતે કેટલો જવાબદાર હતો અને તેના સલાહકારો કેટલા જવાબદાર હતા એ નક્કીપણે હાલ કહી શકાતું નથી. ધારવામાં આવે છે તેટલો તે જાતે દુષ્ટ નહોતો. પણ તેની તોછડી, અનિશ્ચિત અને સ્વછંદી વર્તણુકને લીધે જેવી રીતે લોકોએ તેના ઉપર શસ્ત્ર ઉપાડયાં હતાં, તેજ પ્રમાણે વેપારના કામમાં કંપની પણ તેની સામા પડી હતી એમ કહેવામાં હરકત નથી. સર્વ રીતે જોતાં ચાર્લ્સ રાજા ફાંસીએ ચડયો ત્યારે કંપની છેકજ પાયમાલ થઈ ગઈ હતી.

**૨. સુરતની કોઠી.**—હિંદુસ્તાનમાંજ માત્ર કંપનીના વેપારીઓ નિરાશ થયા નહોતા. શરૂઆતમાં તેમની વખારનું ધોરણ કેવળ વેપાર ઉપર અવલંબી રહ્યું નહોતું. પશ્ચિમ કિનારા ઉપરજ સઘળી પરદેશી વેપારની ધામધુમ ચાલતી; તે કિનારે પોર્ટુગીઝ લોકો ફરી વળેલા હોવાથી તેમની સામા ટકાવ કરવા માટે કંપનીના વેપારીઓને હિંદુસ્તાનના રાજ્યકર્તાની મદદની જરૂર હતી. આ કારણથી એ કિનારા ઉપર કંપનીએ મોગલોના મુખ્ય શહેર સુરતમાં પ્રથમ કોઠી ઘાલી. પ્રાચીનકાળથી એ શહેર વેપારનું મુખ્ય નાકું હતું, અને તેની પાસેનું સુંવાળીનું બંદર વહાણો માટે સગવડ ભર્યું હતું. સુરતમાં વેપાર ચલાવવા માટે મોગલ બાદશાહ તરફથી છૂટ મેળવવા કૅપ્ટન હૉકિન્સ તથા સર ટૉમસ રો ઈંગ્લંડથી એલચી તરીકે આગ્રાના દરબારમાં આવ્યા હતા તેમની હકીકત આપણે ઉપર વાંચી ગયા છીએ. અહીં પણ વલંદા લોકોએ અંગ્રેજોની પુઠ પકડવાનું છોડયું નહીં, પરંતુ મોગલ રાજ્યનો બંદોબસ્ત સારો હોવાથી તેમનાથી અંગ્રેજોને કંઈ પણ નુકસાન થયું નહીં. યુરોપિયન લોકોમાં અંગ્રેજ, વલંદા, પોર્ટુગીઝ વગેરે જુદી જુદી પ્રજા છે, અને તેમનો વ્યવહાર પૃથક્ છે, એ વાત મોગલ અધિકારીઓને આરંભમાં બરાબર જાણીતી ન હોવાથી કોઈકિ વેળા વલંદા લોકોના અપરાધ માટે અંગ્રેજોને શાસન ભોગવવું પડતું. પણ થોડાજ સમયમાં આ પ્રકાર બંધ થયો. અંગ્રેજો વખતોવખત

જકાતનું ભરણું કરતા, અને કોઈની આડે જતા નહીં. વળી ઇરાની અખાત તથા પશ્ચિમ કિનારા ઉપર પોર્ટુગીઝોનું તોફાન દાબી દેવામાં તેઓ મોગલોને ઘણા ઉપયોગી થતા હોવાથી પશ્ચિમે દરીઆની હદના બંદોબસ્તમા અંગ્રેજ કાફલો આપણને ઘણો મદદગાર થઈ પડશે એવું મોગલોને લાગ્યું. સને ૧૬૨૯ માં શાહજહાન બાદશાહે પોર્ટુગીઝ લોકો જ્યાં મળે ત્યાં તેમને શિક્ષા કરવાની પરવાનગી અંગ્રેજોને આપી. બીજેજ વર્ષે સુવાળી આગળ અંગ્રેજ તથા પોર્ટુગીઝ વહાણો વચ્ચે મોટી લડાઈ થઈ તેમાં બન્ને પક્ષ સરખા ઉતર્યા, તોપણ અંગ્રેજોની શ્રેષ્ઠતા કાયમ રહી. સને ૧૬૩૦ માં ઇંગ્લંડ તથા પોર્ટુગલ વચ્ચે મેડ્રીડ આગળ થયલા તહનામાની રૂએ એવું ઠર્યું હતું કે બેઉ દેશની પ્રજાએ પૂર્વ તરફના દેશો સાથે શાંત રીતે વેપાર કરવો. પરતુ આવા કાગળ ઉપરના ઠરાવોથી મનુષ્યના વ્યવહારનું બધારણ થયું હોત તો પછી જગતની સ્થિતિ નિરાળીજ થાત. એટલુ તો ખરૂં હતુ કે અંગ્રેજોને લીધે જકાતનું ઉત્પન્ન મેળવવામાં, અને બીજા શત્રુનો બંદોબસ્ત કરવામાં મોગલ સરકારને ઘણો ફાયદો થયો હતો એમ તેઓ સમજતા. એ સમયે મોગલ બાદશાહની સત્તા સમુદ્ર ઉપર બરાબર ચાલતી નહી. દરીઆ ઉપરના બંદોબસ્ત માટે, અને મક્કે જતા યાત્રાળુઓનાં વહાણનાં સરક્ષણ માટે મોગલ સરકારે જેવી રીતે જજીરામાં હબસીઓનું થાણું વસાવ્યું હતુ તેવી રીતે સુરતમાંના અંગ્રેજો આપણને ઉપયોગી થશે એવું તેમનું માનવું હતું. આ વેળા શાહજહાન બાદશાહની શાંત કારકિર્દી શરૂ થતી હતી, અને હિંદુસ્તાનમાં સર્વ પ્રકારની આબાદી હતી. એશિયા ખંડના સઘળા ભાગમાંનો અનેક તરેહનો માલ સુરત બંદરમાં થઈને હિંદુસ્તાનમાં દાખલ થતો. મચ્છલિપટ્ટણ, બહરાનપુર અને આગ્રા સાથે એ શહેરનો મુખ્ય વ્યવહાર ચાલતો હોવાથી માલથી ભરેલાં અસખ્ય ગાડાંઓ તથા મોટી મોટી વણઝારો સુરત જવાના રસ્તા ઉપર સર્વકાળ ફરતાં માલમ પડતાં. રાજ્યમાંના ઉત્કૃષ્ટ બંદોબસ્તને લીધે વેપાર તથા દોલત વૃદ્ધિ પામ્યાં. મોસમ વખતે પરદેશી વેપારીઓ સુરતમાં એટલા બધા એકઠા થતા કે તેમને રહેવા

માટે જગ્યા પણ મળતી નહીં. અંગ્રેજોના મુખ્ય કામદાર એક પછી એક ઘણા હોંશીઆર આવતા ગયા, અને હેનરી લૉર્ડ વગેરે કેટલાક શોધક બુદ્ધિના ગૃહસ્થોએ હિંદુઓના રીતરીવાજ તથા ધર્મ સંસ્કાર વગેરે અનેક બાબતોની માહિતી એકઠી કરવા મહા પ્રયાસ કર્યો.* પાછળના અંગ્રેજ રાજ્યકર્તાઓને આ માહિતી ઘણી ઉપયોગી થઈ પડી. ભાવી રાજ્ય સ્થાપનાની આ એક પ્રકારની જાણે તૈયારીજ હતી. પોર્તુગીઝ લોકોએ હિંદુસ્તાનમાં પોતાનું રાજ્ય સ્થાપતી વેળા આવી કંઇ પણ તૈયારી કરી નહીં. સુરતમાં ચાલતા ધમધોકાર વેપાર વિશે કંપનીને ખબર હોવાથી તેણે ત્યાંના પ્રેસિડન્ટને આ તરફના સઘળા અંગ્રેજો ઉપર અધિકાર ચલાવવાની સત્તા આપી હતી. સને ૧૬૩૦ માં ગુજરાતમાં પડેલા ભયંકર દુકાળમાં અસંખ્ય માણસો મુઆં; સુંવાળીમાં ૨૬૦ ઘરો હતાં તેમાંથી માત્ર ૧૧ જ આ સપાટામાંથી બચવા પામ્યાં, એમ સને ૧૬૩૧ માં એક વલંદા વેપારીએ લખ્યું હતું. સુરતના રસ્તાઓમાં પ્રેતના ઢગલા પડતા; અને એકંદર ત્રીસ હજાર લોક દુકાળમાં મરણ પામ્યાં હતાં. પાછળથી ફાટી નીકળેલા રોગમાં અંગ્રેજ પ્રેસિડન્ટ તેમજ ઘણા વેપારીઓ મરણ પામ્યા, છતાં તેમનો વેપાર ચાલુજ હતો. સુરત કંપનીનું મુખ્ય થાણું થવાથી તેના તાબાનાં સઘળાં વહાણોનો ઉપયોગ ત્યાં થવા લાગ્યો. હિંદુસ્તાનમાં કંપનીનાં વીસ પચીસ વહાણો જુદે જુદે બંદરે ફરતાં હતાં. સને ૧૬૨૯ નો એક દાખલો એવો મળી આવે છે કે છેલ્લાં બાર વર્ષમાં બંદરોના વેપાર માટે અંગ્રેજોનાં ૫૭ વહાણો રોકાયલાં હતાં, અને તેમનો કુલ્લે આકાર ૨૬,૬૯૦ ટન હતો. આ વહાણો ભરવા માટે રોકડ તથા માલ મળી કંપનીના ૧,૧૪,૫૪,૪૨૦ રૂપીઆ બહાર આવ્યા; અને ૨૮,૯૬,૪૩૦ રૂપીઆ તેણે હિંદુસ્તાનમાં વ્યાજે લીધા, એટલે કુલ્લે ૧,૪૩,૫૦,૮૫૦ રૂપીઆ ખર્ચ થયો. આ વહાણો સિવાય સુરતના બારાના બંદોબસ્ત માટે ૭ ૭ તોપવાળાં વહાણોનો એક નાનો કાફલો હતો. આ

* Lord's Account of Surat માં સુરતની જાહોજલાલીનું સંપૂર્ણ વર્ણન આપેલું કહેવાય છે. પણ એ પુસ્તક હાલ ઉપલબ્ધ નથી.

પૈકી દસ વહાણો સને ૧૬૧૫ માં કૅપ્ટન ડાઉટનની સરદારી હેઠળ લડાઈમાં ઉતર્યાં હતાં, અને તેમાંનાં ચાર સને ૧૬૨૨ માં ઇરાનના અખાતમાંથી પોર્ટુગીઝોને હાંકી કહાડવા માટે વપરાયાં હતાં. પોર્ટુગીઝ જહાજો કરતાં અંગ્રેજોનાં જહાજો ઘણાં સારા હતાં. હિંદુસ્તાનમાં અંગ્રેજ આરમારની શરૂઆત આવી રીતે થઈ હતી. સને ૧૬૩૫ માં અંગ્રેજ પ્રેસિડન્ટ તથા ગોવાના વાઇસરૉય વચ્ચે થયલા વેપાર સંબંધી કોલકરારની રૂએ બન્નેને વહાણ ભરી માલ લેવાની સગવડ મળી. આવી રીતે હિંદુસ્તાનમાં કંપનીના વેપારીઓ સ્વસ્થ બેસી ન રહેતાં અડગ પ્રયત્ન કરતા હોવાથી પહેલા ચાર્લ્સ રાજાની નુકસાનકારક રાજ્યનીતિ સામે કંપની ટકી હતી.

કંપનીનો વેપાર ધમધોકાર ચાલતો જોઈ અંગ્રેજ વેપારીઓ નિવૃત્ત થઈ બેસી રહ્યા નહોતા. તેમનો ખાનગી વેપાર ઘણો ભારે હતો, અને વખત આવે પદરના પૈસા ખર્ચી વિકટ કામ માથે ઉપાડવા તેઓ સમર્થ હતા. વલંદા વેપારીઓ અંગ્રેજોથી ઘણા અદેખાતા. તેઓ પોતાના કરતાં ઘણા કુશળ છે એવી વલંદાઓની ખાતરી હતી, અને તેઓ સાથે મિત્રાચારી રાખી વેપાર ચલાવવામાં મોટો ફાયદો સમાયલો છે એવું તેઓ પોતાની સરકારને વારંવાર જણાવતા; પણ તેમના ઘુમાટા પ્રત્યે કોઇએ લક્ષ આપ્યું નહીં.

ચાર્લ્સ રાજાએ કોર્ટેને ઉભી કરેલી કંપનીને હિંદુસ્તાનમાં વેપાર કરવાની સનદ આપવાથી તેના વેપારીઓએ આ દેશમાં આવી ઇસ્ટ ઇન્ડીઆ કંપનીની વખારો ઉપર સરસાઈ ભોગવવા માંડી. તેમણે રાતા સમુદ્રમાં મોગલોનાં યાત્રાળુ વહાણો લુટ્યાં તે માટે સુરતના પ્રેસિડન્ટ તથા બીજાં માણસોને મોગલોએ એકદમ કેદમાં પુર્યાં; પણ ૧,૭૦,૦૦૦ રૂપીઆ દંડ ભરતાં તે સઘળાનો છૂટકારો થયો. કોર્ટેન કંપનીના કૅપ્ટન વેડલે (Captain Weddell) રાજાપુરમાં પોતાની કોઠી ઘાલી. તેનો વહિવટ ઘણો વખત લગી સારો ચાલ્યો હતો. સને ૧૬૩૯ માં સુરતના પ્રેસિડન્ટે વચમાં પડી મોગલ બાદશાહ તથા પોર્ટુગીઝો વચ્ચે તહ કરાવી આપી.

અગ્રેજ પ્રેસિડેન્ટના આ સઘળા કૃત્યો આપણને એટલુજ સુચવે છે કે સુરતમાથીજ અગ્રેજોની સત્તાનો આરભ થયો હતો ટૉમસ રૅસ્ટેલ (૧૬૨૫-૩૧) અને વિનિઅમ મેથ્વૉલ્ડ વગેરે સુરતના અધિકારીઓ કપનીના સુભાગ્યે ઘણા સારા હતા તેમણે કપનીની પ્રતિષ્ઠા જાળવી રાખી, અને બાદશાહ આગળ પોતાનો મોભો હેઠો પડવા દીધો નહીં પૈસાની લેનદેવડ, ચાચીઆ લોકોનો બદોબસ્ત, અને મક્કે જનારા યાત્રાળુઓની ધમાલ એ ત્રણે કામને લીધે સુરતનુ મહત્વ વધ્યુ, અને બીજા રાષ્ટ્રોની વતી મોગલ બાદશાહ સાથે મધ્યસ્થ તરીકે કામ કરવા જેટલુ અગ્રેજ વેપારીઓમા જોમ આવ્યુ સને ૧૬૫૭ મા સુરતના પ્રેસિડન્ટના તાબા હેઠળના સઘળા વેપારી મુલકને એક પ્રેસિડન્સી તરીકે ગણવાનો કપનીએ ઠરાવ કર્યો

સને ૧૬૨૯ થી સને ૧૬૩૪ સુધીમા કપનીના વેપારમા ૩૬ વહાણો વપરાયા હતા, એ પૈકી 'વિનિઅમ' નામના વહાણ ઉપર ૧૬૦ ખલાસીઓ હતા એમાના આઠ વહાણો એ પાચ વર્ષમા નવા બધાયા હતા, એ સમયે ૬૦૦-૭૦૦ ટન આકારના વહાણો બાધવામા ૫૦ થી ૬૦ હજાર રૂપીઆ ખર્ચ થતો સને ૧૬૩૩ મા હિદુસ્તાનમાની સઘળી અગ્રેજ વખારો મળી ૧૯૦ વેપારીઓ ( factors ) કામ કરતા હતા, એમાના ૪૮ રોગથી આ દેશમાજ મરણ પામ્યા હતા પાછળથી વધી ગયલો ખર્ચ કમી કરવાના હેતુથી કપનીના માણસોનો પગાર ઘણો કાપી નાખવામા આવ્યો, તોપણ ઈંગ્લડમા કપની કેટલોક ધર્માદા ખર્ચ કરતી હતી તે તેણે ઓછો કર્યો નહીં ગરીબોને અન્ન તથા ભિક્ષા આપવાનું, હૉસ્પિટલ વગેરે સસ્થાઓમા વર્ગણી ભરવાનુ તથા એવાજ બીજા કામો કરવાનુ કપનીએ ચાલુ રાખ્યુ હતુ કેટલીક વાર ઈંગ્લડમા તેનો માલ ચોરાઇ જતો હતો સને ૧૬૩૪ મા ચાર મજુરોએ મરીનુ ભરેલુ એક પોતુ ચોર્યું હતુ, અને ખીસામા ભરેલા મરી ખાતા મજુરો પકડાઇ ગયા હતા એવીજ રીતે હિદુસ્તાનથી આવતી કાપડની ગાસડીઓમાથી પણ અનેક વેળા ચોરી થતી

કોર્ટેનની કંપનીને પહેલી સફરમાં જો કે સારો ફાયદો મળ્યો હતો તોપણ તે ઇસ્ટ ઇન્ડીઆ કંપની સામે ટક્કર ઝીલી શકી નહીં. વલંદા લોકો તરફથી તેનાં વહાણોને અતિશય હેરાનગતી પહોંચતી પણ સ્વરક્ષણના સાધનને અભાવે કોર્ટેનની કંપની ઇસ્ટ ઇન્ડીઆ કંપની સાથે પડેલા વિગ્રહ બાબત કંઈ પણ તોડ કહાડવા અથવા તો તેમાં જોડાઈ જવા તૈયાર થઈ. રાજાને પણ જેવી ઇસ્ટ ઇન્ડીઆ કંપની તરફથી પ્રાપ્તિ હતી તેવી કોર્ટેન તરફથી ન હોવાથી તે તેના અત્યે નાખુશ થયો હતો. ત્યારબાદ સને ૧૬૩૯ માં રાજાએ પૂર્વના વેપારની બરાબર તપાસ કરી ખરી હકીકત જાહેર કરવા માટે એક કમિટિ નીમી. તે કમિટિએ કરેલી તપાસ ઉપરથી રાજાએ કોર્ટેનની સનદ રદ કરી, અને ઇસ્ટ ઇન્ડીઆ કંપનીને નવો ભંડોળ ઉભો કરવા પરવાનગી આપી. આવેલી અડચણ ગમે તેમ કરી રાજા નિભાવી લેતો; પણ આખરે તેનો સને ૧૬૪૯ માં અંત આવ્યો.

સને ૧૬૪૩ માં ઈંગ્લંડમાં કંપનીના ગવર્નર તરીકે વિલિઅમ કૉકેન (William Cokayne) ની એક ડેપ્યુટી ગવર્નર તરીકે વિલિઅમ મેથ્વૉલ્ડ (William Methwold) ની નિમણુંક થઇ. મેથ્વૉલ્ડ ઘણો ચાલાક તથા હોંશીઆર હતો, હિંદુસ્તાનના વેપારની તેને સંપૂર્ણ માહિતી હતી, અને ત્યાંથી ધનાઢ્ય થઇ તે ઈંગ્લંડ પાછો ફર્યો હતો. એ પ્રથમ સને ૧૬૧૫ માં સુરત આવ્યો; પછી વેપારની માહિતી મેળવતો આખા હિંદુસ્તાનમાં ફર્યો. ગોવળકોન્ડાની હીરાની ખાણની વાત એણેજ પ્રથમ પ્રસિદ્ધ કરી. સને ૧૬૩૧ થી ૩૭ સુધી એ સુરતનો પ્રેસિડન્ટ હતો તે દરમિયાન કંપનીનો વેપાર તેણે ઘણો સારો ચલાવ્યો. બંગાળા પ્રાંતમાં વખાર ખોલવાનું પ્રોત્સાહન કંપનીને એણેજ આપ્યું હતું. ટુંકાણમાં ઈંગ્લંડમાં કંપનીની સ્થિતિ માઠી થતાં મેથ્વૉલ્ડ સરખા ગૃહસ્થોએ હિંદુસ્તાનમાં તેને વધારે ટેકો આપી સજીવન કરી હતી.

આવી રીતે અંગ્રેજ વેપારીઓ અનેક ખટપટ કરવામાં નિરંતર મશગુલ રહેતા. ચાર્લ્સ રાજા હૈયાત હતો ત્યારે અને તેનો શિરચ્છેદ થયા

પછી પણ કેટલોક વખત સુધી કંપનીને ખુલ્લી રીતે પોતાના વિચાર દર્શાવવાની મનાઈ હતી કયારે કયો પક્ષ સર્વોપરી થશે અને કોના હાથમા આપણી મુડી જશે એનો કંઈ પણ ભાસ અગાઉથી ન પડતો હોવાથી પ્રત્યેક વ્યવહારમા તેને સાવચેતીથી વર્તવુ પડતુ, અને કોઈ પણ પક્ષ ગુસ્સે ન થાય એવી ભાષા વાપરવાની ફરજ પડતી આ સમયે હિંદુસ્તાન આવેના કેટલાક પત્રો ઉપર શરૂઆતમા 'વાચીને બાળી નાખવા' એ પ્રમાણે સ્પષ્ટ સૂચના હતી આ રીતે અનેક પત્રો બળી ગયના હોવાથી તેમાનો મજકુર જાણવાને આજે આપણી પાસે કંઈ સાધન નથી એટલુ તો ખરુ કે અગ્રેજ લોકોએ પોતાના રાજાને ફાસી દીધાની બાતમી ઈરાન, હિદુસ્તાન વગેરે ઠેકાણે પહોચી હતી અને તેથી તેમને માટે અન્ય પ્રજાનો કંઈક વિરુદ્ધ અભિપ્રાય બધાયો હતો આવો વિચાર અગ્રેજોને કેટલી વાર નડયો એ જણાવવાની જરૂર નથી

૩ **મદ્રાસની ઉત્પત્તિ** (સ ૧૬૩૯)—કોરોમાડલ કિનારા ઉપર અગ્રેજોની વ્યવસ્થા યોગ્ય રીતે ચાલી નહી તેનુ કારણુ એ હતુ કે તે તરફ મોગલ બાદશાહની સત્તા સ્થાપન થયલી ન હોવાથી નાના નાના ગજ્યો માહોમાહે લડયા કરતા હતા સને ૧૫૬૫ મા તાલિકોટાની લડાઈમા વિજય નગરના રાજ્યનો અત આવ્યાથી પૂર્વ કિનારા ઉપર ગોવળકોન્ડાના કુતબશાહી રાજાઓનો અમલ શરૂ થયો હતો મદ્રાસની ઉત્તરે ૨૩ માઈલ ઉપર પુલિકટ આગળ વલદા લોકોનુ થાણુ હતુ એ પુલિકટ નાનો સરખો બેટ છે અને તે ૧૬૦૯ મા વલદાઓએ કબજે કર્યો હતો સને ૧૬૧૧ મા અગ્રેજોની સાતમી સફર વેળા કંપનીના વહાણોએ તે કબજે કરવા પ્રયત્ન કરેલો, પણ વલદાઓની સામા તેમનુ કંઈ ફાવ્યુ નહીં, ત્યારે એની ઉત્તરે પેટ્ટપુળી આગળ કૅપ્ટન હિપોને (captain Hippon) અગ્રેજોના કોઠી ઘાલી (ઑગસ્ટ ૧૬૧૧) પેટ્ટપુળી એ હાલનુ કૃષ્ણા જિલ્લામા આવેલુ નિઝામપટ્ટણ શહેર છે સને ૧૬૨૦ મા ઈગ્લડ અને હોલેન્ડ વચ્ચે સલાહ થવાથી વલદાઓએ પુલિકટમા અગ્રેજોને વેપાર કરવાની છૂટ આપી, પણ એમ્બોયનાની કતલ પછી એ શહેર પણ નજી દેવાની તેમને ફરજ પડી પેટ્ટપુળીનો વેપાર કેટલોક વખત ધીમો

ધીમો ચાલ્યો પણ ત્યાંની ખરાબ હવાને લીધે તે પણ અંગ્રેજોને છોડી દેવું પડ્યું એમ છતાં સને ૧૬૩૩ માં અંગ્રેજોએ ફરીથી ત્યાં પોતાની વખાર સ્થાપી હતી આની રીતે ગમે તેમ કરી અહીં અંગ્રેજો રહેતા, પણ સને ૧૬૮૭ માં કંપનીના હુકમાનુસાર એ વસાહત સદતર ઉઠાડી નાખવામાં આવ્યું

કૃષ્ણા નદીના આ બંદરમાં અંગ્રેજોનો નિભાવ થશે નહીં એમ જાણી કૅપ્ટન હિપોને એજ નદીને ઉત્તર તીરે આવેલા મચ્છલિપટ્ટણમાં જઈ સને ૧૬૧૧ માં એક કોઠી ઘાલી અહીં કાપડ પુષ્કળ મળે એમ હતું, અને અહીંથી અનેક બંદરો માટે નિરનિરાળા પ્રકારનો માલ રવાના થતો હોવાથી વેપારના નિકાસ માટે સઘળી સગવડ હતી ગોવળકોન્ડાના હીરા અને માણેક તથા દેશના બીજા ભાગોમાં તૈયાર થતા સુંદર વસ્ત્રનો પરદેશમાં મોટો ખપ થતો હતો, તેમજ પૂર્વ તરફના બેટોમાંથી આવતું સોનું, રૂ, લોબાન વગેરે માલનો મચ્છલિપટ્ટણમાં ઉપાડ થતો સને ૧૬૨૭ માં બટેવિઆના વેપારીઓએ ઇંગ્લંડમાં કંપનીને લખી જણાવ્યું હતું ‘કે જો તમે દર સાલ પોણાસાત લાખ રૂપીઆ મચ્છલિપટ્ટણમાં રોકડ મોકલી તેનું કાપડ ખરીદી બટેવિઆમાં વેચો તો તેટલી મુડીથી સાડાતેર લાખ જેટલો ભારે નફો થવાનો સંભવ છે’ સુરતમાં કોઠી ઘાલી અંગ્રેજોએ જેવી રીતે પોર્ટુગીઝોનો પશ્ચિમ કિનારાનો વેપાર છીનવી લીધો હતો તે પ્રમાણે મચ્છલિપટ્ટણની અંગ્રેજ વખારને લીધે તેમનો પૂર્વ કિનારા ઉપરનો સઘળો વેપાર દબાયો હતો એમ છતાં આ અગત્યનું બંદર અંગ્રેજો પોતાના એકલાના કબજામાં રાખી શક્યા નહીં, કારણ તેમને એ બંદર માટે વલંદાઓ સાથે ઘણી ચડસાચડસી થઈ હતી સને ૧૬૧૩ માં કિનારાના મુલકના દેશી અધિકારી પાસેથી અંગ્રેજ વેપારીઓએ સુવર્ણપત્ર ઉપર વેપાર કરવા પરવાનો લખાવી લીધો હતો સને ૧૬૧૯ ના એક લેખ ઉપરથી જણાય છે કે મચ્છલિપટ્ટણની કોઠીનો વ્યવહાર થોડા ખર્ચે ઘણા ઉત્તમ પ્રકારનો ચાલતો હતો થોડાજ સમયમાં વલંદાઓએ અંગ્રેજોને એટલા હેરાન કર્યા કે ત્યાંના કેટલાક અંગ્રેજ વેપારીઓ નાસી

જઇ આર્માંગામમાં જઇ રહ્યા ( સને ૧૬૨૮ ) એમ છતાં મચ્છલિપટ્ટણ માટેની અગ્રેજોની આશા છેકજ નષ્ટ થઈ નહોતી સને ૧૬૩૦ ના સુરતના દુકાળની અસર મચ્છલિપટ્ટણમા ઘણી સખ્ત જણાઈ ભુખે મરતા લોકો ફાડી ખાશે એવી બ્હીકથી મુસાફરી કરવી દુર્ઘટ થઇ હતી, અને વણકર વગેરે બીજા અસખ્ય ધધાદારીઓ માર્યા ગયા હતા. સને ૧૬૩૨ માં અંગ્રેજોએ ગોવળકોન્ડાના કુતબશાહી રાજા પાસેથી મચ્છલિપટ્ટણની વખારનો પરવાનો સુવર્ણ પત્ર ઉપર લખાવી લીધો તેના બદલામા અગ્રેજોએ ઇરાનના ઘોડા લાવી શાહને વેચવા કબૂલ કર્યું આ પ્રમાણે મચ્છલિપટ્ટણમાં અગ્રેજોએ શરૂ કરેલો વેપાર અદ્યાપિ ચાલુ છે.

સને ૧૬૨૩ માં આર્માંગામમાં અગ્રેજોએ પહેલી કોઠી ઘાલી, અને ત્યાં તોપ વગેરે મુકી વલદાઓ સામે પોતાનો બચાવ કરવા માડયો વખત જતા અહીં માલ બરાબર નહીં મળવાથી તેમને આ જગ્યા પણ છોડવી પડી. આર્માંગામના મુખ્ય વેપારી ફ્રાન્સિસ ડે ( Francis Day ) એ વલદા લોકોનો ત્રાસ મટાડવાના હેતુથી પુલિકટની દક્ષિણે મદ્રાસમા નવું વસાહત સ્થાપના ઠરાવ્યુ ત્યા બદર ઘણુ સારૂં હતુ, અને નજદીકના સેંટ થોમેમાંના પોર્ટુગીઝોની તેને મદદ મળવાની હતી

વિજયનગરના રાજ્યની પડતી પછી ત્યાનુ રાજ્ય કુડુગ મદ્રાસની નૈરૃત્યે સુમારે ૭૦ માઇલ ઉપર આવેલા ચદ્રગિરિ નગરમા જઇ વસ્યુ હતું આર્માંગામ તથા મચ્છલિપટ્ટણમાં વલદાઓ સામે અગ્રેજ વેપારીઓ ટકી શકવાથી નહીં ફ્રાન્સિસ ડે આ ચદ્રગિરિના નાયક પાસે ગયો ( સને ૧૬૩૯ ઑગસ્ટ તા ૨૭ ) ત્યારે શ્રીરગરાય નાયકે તેનો સારો સત્કાર કર્યો નાયકની હસ્તકના મુલકમા અગ્રેજો માટે વેપારની સોઈ સારી હોવાની તથા મચ્છલિપટ્ટણ કરતા ૪૦ ટકા સસ્તો માલ ત્યાં મળતો હોવાની ડેની ખાતરી થવાથી શ્રીરંગરાય નાયક પાસેથી કેટલાક હક મેળવવા તેણે તજવીજ કરી શ્રીરંગરાયે ડેની માગણી તરતજ સ્વીકારી, અને વર્ષ પુરૂં થાય તે અગાઉ પોતાના તાબામાની કેટલીક જગ્યા તથા

ત્યાં કિલ્લેબંધી કરવાની પરવાનગી તેણે અંગ્રેજોને આપી શ્રીરંગરાયના મૈયત પિતા ચન્નાપાના સ્મારક તરીકે નવા શહેરનું નામ ચન્નાપટ્ટણ પાડવાની શ્રીરંગરાયે અંગ્રેજો પાસેથી કબુલાત માગી હતી કેટલાક એતદ્દેશીય લોકો મદ્રાસને હજી ચન્નાપટ્ટણ તરીકે ઓળખે છે મદ્રેશ્વર નામના એક પુરાતન રાજાના નામ ઉપરથી મદ્રાસ નામ પડેલું હશે એવું અનુમાન થાય છે ચંદ્રગિરિનો નાયક નિરાશ્રિત હતો, એટલે અંગ્રેજો પોતાના મુલકમાં કિલ્લેબંધી કરશે તો વખત આવે તેમની તરફથી પોતાનો બચાવ થઈ શકશે એના હેતુથી તેણે અંગ્રેજ કંપનીને આશ્રય આપ્યો હતો અરાજક સ્થિતિનું પરિણામ દેશને કેટલું ભયંકર થાય છે એના અનેક ઉદાહરણોમાંનું આ એક છે મચ્છલિપટ્ટણમાં અંગ્રેજોનો ટકાવ નહીં થવાનું કારણ એ હતું કે ત્યાં કુતબશાહ રાજાનો અમલ જોરમાં હતો સુરતમાં પણ અંગ્રેજોની તેવી સ્થિતિ હતી પણ મદ્રાસમાં તેઓ તેવી કંઈ પણ બ્હીક વગર રહી શક્યા શ્રીરંગરાય પાસેથી ઉપર કહેલો કરાર કરાવી લઈ ડે તરતજ મચ્છલિપટ્ટણ ગયો, ત્યાંના મુખ્ય અમલદાર કોગનને ડેના વિચાર પસંદ પડ્યા, પરંતુ તેની પાસે પૈસા ન હોવાથી ડેએ નાણું વ્યાજે કહાડી કિલ્લાનું કામ શરૂ કર્યું (ફેબ્રુઆરી, ૧૬૪૦) તા ૨૩ મી એપ્રિલે એટલે સેન્ટ જ્યૉર્જના પુન્ય દિનસે કોટ પુરો થવાથી એ કિલ્લાનું નામ ફોર્ટ સેન્ટ જ્યૉર્જ પાડવામાં આવ્યું થોડાજ વખતમાં વણકર વગેરે લોકોના ૪૦૦ કુટુંબો કિલ્લાના બહારના ભાગમાં આવી વસ્યાં, એ ઉપરથી અંદરનો ભાગ વ્હાઈટ ટાઉન (ગોરાઓનું શહેર) તરીકે ઓળખાવવા લાગ્યો, અને બહારના ભાગનું નામ બ્લૅક ટાઉન (કાળાનું શહેર) પડ્યું કિલ્લા ઉપર દસ હજાર પેગોડા એટલે સુમારે ૩૫,૫૦૦ રૂપીઆ ખર્ચ થયો તોપણ પુષ્કળ કામ બાકી હતું શરૂઆતમાં કિલ્લાના સરક્ષણાર્થે આસરે ૩૫ અંગ્રેજો તથા તેટલાજ દેશીઓ રાખવામાં આવ્યા હતા ડે સને ૧૬૪૨ માં ઇંગ્લંડ ગયો ત્યારે મચ્છલિપટ્ટણમાંના અંગ્રેજો મદ્રાસમાં આવી રહ્યા

કંપનીના હુકમ વિના કરેલું આ કામ ઇંગ્લંડમાં પસંદ પડ્યું નહીં

સાની તે વેળાની ડામાડોળ સ્થિતિ ધ્યાનમા લઈએ તો આવા નુકસાન કારક કામમા ખર્ચ કરવાની કંપનીની તાકાત નહોતી એમ સહજ જણાશે આ માટે સુરતના પ્રેસિડન્ટને ઠપકો મળ્યો ત્યારે તેણે તે વિશે પોતાની અજ્ઞાનતા જાહેર કરી, તોપણ મદ્રાસનો કિલ્લો ઘણો ઉપયોગી થઈ પડશે એવો તેણે મત આપ્યો આ બાબત તપાસ કરવા માટે કોર્ટ ઓફ ડાયરેકટરો તરફથી નીમાયલી કમિટિએ સને ૧૬૪૫ના મે માસની ૧૩ મી તારીખે એવો અભિપ્રાય આપ્યો કે પાસે પૈસા ન હતા છતા આવુ ખર્ચાળુ કામ ઉપાડવુ એ મોટી ભૂલ હતી, તોપણ કંપની પાસે વહેલો મોડો કંઈક ભંડોળ જમે થતા આ કિલ્લાનો ઘણો સારો ઉપયોગ થઈ શકશે, આ કામમા કોઈ એકજ માણસને અપરાધી ઠરાવી શકાતો નથી, અપરાધી ગણીએ તો તે ડે હતો, પણ તે અત્યાર આગમજ કંપનીની નોકરીમાથી નીકળી ગયો હતો, અને કિલ્લાનુ કામ પુરુ થઈ ગયુ હતુ, એટલે બનેના બનાવ માટે માથાકુટ કરવી નિરૂપયોગી છે ડે જેવો વૃતં અને દીર્ઘદર્શી પુરૂષ એક વેળા મન ઉપર લીધેલુ કામ ઉપરી અધિકારીઓના હુકમની રાહ ન જોતા કેવી રીતે સપૂર્ણ રીતે પાર પાડે છે એ ધ્યાનમા રાખવા જોગ છે આલ્બુ ર્ક, ડ્યુપ્લે વગેરે પુરૂષોની પણ રીત આવીજ હતી વાસ્તવિક રીતે હિંદુસ્તાનમાનુ અગ્રેજી રાજ્ય વરિષ્ઠ અધિકારીઓના હુકમના અનાદરને લીધેજ સ્થાપન થયુ છે હુકમ યોગ્યરીતે સન્માનવાની તજવીજ કરવાથી તે કદી પણ સ્થપાયુ હોત નહીં

આ પ્રમાણે મદ્રાસની સ્થાપના થઈ અને પૂર્વ કિનારા ઉપર કંપનીનો વ્યવહાર મક્કમરીતે ચાલુ થયો મદ્રાસ પાસે આવેલા સેંટ થોમેના પોર્ટુગીઝો સાથે અગ્રેજોને સારી મિત્રાચારી હતી એટલે થોડાજ વખતમા અહીં અગ્રેજોની સત્તા જામી ગઈ શરૂઆતમા આ વસાહત બૅંટમના તાબા હેઠળ હતુ, પણ સને ૧૬૫૩ મા મદ્રાસ પ્રેસિડન્સિ તરીકે તે સ્વતંત્ર થયુ આ વસાહત અગ્રેજોની બીજી વખારો કરતા ભિન્ન પ્રકારનુ હતું, કારણ કે અહીં સેંટ થોમ્સ નજદીક કિનારે કિનારે છ માઈલ લાંબો અને એક માઈલ પહોળો જમીનનો કકડો કાયમનો કંપનીના તાબામા

આવવાથી આ થાણું ઉભું થયું હતું. દેશના બીજા ભાગોમાં તેમની માત્ર વખારોજ હતી. સને ૧૬૪૫ માં ગોવળકોન્ડાના કુતબશાહી રાજા પાસેથી મદ્રાસની સનદ કંપનીએ મેળવી. યુરોપમાં ક્રૉમ્વેલે વલંદાઓ સાથે આ થાણા બાબત લડાઈ કરી બંદોબસ્ત કર્યો. સને ૧૬૫૭ માં મદ્રાસના કામકાજની યોગ્ય વ્યવસ્થા થઈ ત્યારથી આ શહેર આબાદ થતું ગયું છે.

**૪. બંગાળામાં અંગ્રેજ કોઠીની શરૂઆત.**—સુરત અને મદ્રાસ કરતાં બંગાળાની સ્થિતિ કંઈક જુદાજ પ્રકારની હતી. એ પ્રાંત મોગલોની રાજધાનીથી ઘણો દૂર પડેલો હોવાથી ત્યાંના અધિકારીઓ ઘણુંખરા સ્વતંત્ર હતા. ગુજરાતમાં સુરત ઉપર જેવી રીતે બાદશાહનું પ્રત્યક્ષ લક્ષ રહેતું હતું તેવું બંગાળા ઉપર નહોતું. એવું કહેવાય છે કે ગ્રેબિઅલ બાઉટન (Gabriel Boughton) નામનો એક અંગ્રેજ શસ્ત્રવૈદ્ય સને ૧૬૩૬ માં બાદશાહના આમંત્રણને માન આપી સુરતથી આગ્રે ગયો હતો. ત્યાં એક રાજકન્યા દાઝી ગઈ હતી તેને બાઉટને ઉપચાર કરી સારી કરી. એ માટે પોતે ફી ન લેતાં તેણે કંપની માટે બંગાળા પ્રાંતમાં બિનજકાતી વેપાર કરવાની પરવાનગી મેળવી. પણ આ વાત ખરી હોય એમ જણાતું નથી. બંગાળામાં વેપાર કરવાનો પરવાનો મેળવવા માટે સર ટૉમસ રોના વખતથી અંગ્રેજ વેપારીઓ મથતા હતા એ ખરૂં, તોપણ બંગાળા તરફ પ્રથમ પગપેસારો કરનારાં મચ્છલિપટ્ટણની અંગ્રેજ કોઠીનાં માણસો હતાં. તેમણે સને ૧૫૩૩ માં કાર્ટરાઈટ (Cartwright) વગેરે કેટલાક વેપારીઓને મહા નદીમાં થઈ ઓરિસા પ્રાંતમાં મોકલ્યા હતા. તેઓ પ્રથમ હરિશ્પૂર આગળ ઉતર્યા. ત્યાંના હિંદુ કારભારીએ તેમને આશ્રય આપી તેમને કટકના મુસલમાન નવાબ પાસે મોકલ્યા. કિનારા ઉપરના નાના મોગલ અધિકારી, વરિષ્ટ સુબેદાર તથા મુખ્ય બાદશાહ એઓ વચ્ચેનો ફરક આરંભમાં અંગ્રેજ ગૃહસ્થો બરાબર સમજતા ન હોવાથી તેઓએ સઘળાને રાજાની સંજ્ઞા આપેલી તેમના અનેક લેખ ઉપરથી માલમ પડે છે. ઓરિસાનો નવાબ ખરૂં જોતાં બંગાળાના સુબેદારના તાબામાં હતો; તોપણ તેણે અંગ્રેજ વેપારીઓનો સત્કાર કરી તેમની મુલાકાત લીધી, ત્યાં

દરમાનમાં પોર્ટુગીઝ વેપારીઓ સાથે કાર્ટરાઈટને સખત તકરાર થઈ તેમાં કાર્ટરાઈટ ઘણું જગલીપણાથી વર્ત્યો આથી તેનો ધાક બેઠો, અને ઓરિસાના અધિકારીઓએ તેને પોતાના પ્રાતમા જમીન વેચાતી લઈ કોઠી ઘાલવાની તથા વહાણુ બાધવાની પરવાનગી આપી (સને ૧૬૩૩), અને જતી વેળા તેને વિદાયગીરીના માન તરીકે મિજબાની પણ આપી હતી અગ્રેજોએ તરતજ હરિહરપૂર તથા બાલાસોરમા વખારો ઉઘાડી, અને સને ૧૬૩૩ ના જુલાઈ મહિનામા ઈગ્લડથી આવેલો માલ ત્યા ઉતાર્યો પણ એ માલ ત્યા ખપ્યો નહીં ચોમાસામા તાવથી હેરાન થઈ અગ્રેજોના ઘણા માણસો ગુજરી ગયા આ સકટમા તેઓ ફસાયલા હતા તેવામા એક તરફથી પોર્ટુગીઝોએ તથા બીજી તરફથી વલદાના વહાણોએ તેમના ઉપર હલ્લો ચલાવ્યો 'આ નુકસાનકારક પ્રસગ માથે વહોરી લેવાની આપણને જરૂર નથી' એવુ ઈગ્લડમા કપનીને તેમજ અહીં મચ્છલિપટ્ટણના અધિકારીઓને પણ લાગ્યુ સને ૧૬૪૧ મા બાલાસોરનો વેપાર છોડી દેવાનો ઈગ્લડથી હુકમ આવ્યો. પણ એજ સમયે ફ્રાન્સિસ ડે મદ્રાસથી બાલાસોર ગયો, અને ત્યાની સઘળી હકીકત જોઈ એ વખાર બધ નહીં કરવા ઠરાવ કર્યો આથી આખર નિર્ણય માટે આ પ્રશ્ન ફરીથી ઈગ્લડ રવાના થયો પણ સને ૧૬૫૦ સુધી તેનુ કઈ પણ નિરાકરણ થયુ નહીં એ વર્ષમા ડાયરેક્ટરોએ બંગાળામા વખાર રાખવાની જરૂર જોવાથી કપનીએ બાલાસોરને મધ્યસ્થાન રાખી ત્યાથી વિલાયતનો માલ હુગલીમા વેચવા માટે મોકલવાની ગોઠવણુ કરી એ વર્ષ પૂર્વે હુગલી આગળ પોર્ટુગીઝ લોકોએ પોતાની કોઠી ઘાલી હતી પણ તેમણે કરેલી કિલ્લેબધી વગેરે શાહજહાનને પસદ ન પડવાથી તેણે સને ૧૬૩૨ માં પોર્ટુગીઝ થાણાનો નાશ કર્યો હતો હુગલીની નીચે થોડે અતરે ચિનસુરામા વલદાઓનુ થાણુ હતુ એમનોના વહાણો માટે બગાળ પ્રાતમા હુગલી મુખ્ય બદર હોવાથી ડાયરેક્ટરોના હુકમ અન્વય સને ૧૬૫૦ મા કપનીએ બાદશાહના અમલદારો પાસે એ ઠેકાણે વેપાર કરવાનો પરવાનો મેળવ્યો. સને ૧૬૫૨ થી આ પ્રદેશમા નારાયણ નામનો એક હિદુ

ગ્રહસ્થ અંગ્રેજોને મદદ કરતો હતો; તેને ફસાવવા માટે અંગ્રેજોના શત્રુઓએ અનેક પ્રયત્ન કર્યા તોપણ તે ઇમાનદાર રહ્યો, અને તેણેજ હુગલીની વખાર બાબત તેમને સર્વ તરેહની મદદ કરી. વળી ઉપર કહેલો શસ્ત્રવૈદ્ય બાઉટન આ સમયે બંગાળાના સુબેદાર શાહજાદા સુજા પાસે હતો, તેણે સુજા માટે કરેલાં કામના બદલામાં શાહજાદાએ કંપનીને બંગાળામાં બિનજકાતી વેપાર ચલાવવાની પરવાનગી આપી. આ માટે કંપનીને ૩,૦૦૦ રૂપીઆ નજરાણું ભરવું પડયું. ટુંકાણમાં સને ૧૬૫૧ થી આખા બંગાળ પ્રાંતમાં અંગ્રેજોનો વેપાર ચાલુ થયો, અને બાલાસોર, પિપળી, હુગલી, કાસીમબઝાર, પટના વગેરે ઠેકાણે તેમણે પોતાની કોઠી ઘાલી વેપારની શરૂઆત કરી. પણ આટલા મોટા વિસ્તાર ઉપર કંપનીનાં મૂઠી-ભર માણસોને ફરી વળવું અશકય હતું. પડતી મુસ્કેલીઓ ધ્યાનમાં લઇ ૭ સાત વર્ષમાં મદ્રાસની કૌન્સિલે બંગાળામાની વખારો બંધ કરવા ઠરાવ્યું.

કંપનીના વહિવટમાં ચાલતી ગેરવ્યવસ્થાનો અંત આણવા સને ૧૬૫૭ માં ક્રૉમવેલે એક ઉત્તમ વ્યવસ્થા રચી. હિંદુસ્તાનમાના અંગ્રેજ વેપારી-ઓની વર્તણુક ઘણી અનિયમીત હોવાથી કંપનીનો ફાયદો ન વિચારતાં તેઓ પોતાનાં ખીસાં ભરતા. આનો અટકાવ કરવા માટે તેણે પ્રત્યેક વખાર માટે નિયમ બાંધ્યા; દરેક વખારમાં એક મુખી, ત્રણ મદદનીશ તથા બીજા હાથ હેઠળના લોકો રાખવાની ગોઠવણ કરી; અને સુરતમાં મુખ્ય અધિકારી રાખી તેના તાબામાં મદ્રાસ તથા મદ્રાસની હસ્તક હુગ-લીની વખારો મુકવા તુર્ત વેળા બંદોબસ્ત કર્યો. આ સઘળું મહત્વનું કામ આટોપી તથા કંપનીના કામમાં નવું જોમ ઉમેરી અને તેની સઘળી વ્યવસ્થા પૂર્ણ કરી ક્રૉમવેલ સને ૧૬૫૮ માં મરણ પામ્યો. અહીં એજ વર્ષમાં શાહજહાન બાદશાહ આજારી પડયો, અને તેની કારકિર્દીનો અંત આવ્યો. સને ૧૬૫૮ પછીનાં સો વર્ષ લગી અંગ્રેજો કેવળ વેપારી હતા; સને ૧૭૫૮ માં તેઓએ રાજ્ય સંપાદન કરવા માંડયું, અને બીજાં સો વર્ષમાં એટલે સને ૧૮૫૮ માં તે પૂર્ણ કર્યું. આ હકીકતમાં આ ત્રણ સન ખાસ યાદ રાખવા જોગ છે.

**૫. ક્રૉમ્વેલે કરેલી વ્યવસ્થા** (સને ૧૬૫૭)—ઇંગ્લંડમાં થયલી રાજ્યક્રાન્તિને લીધે કંપનીને ઘણો ત્રાસ ભોગવવો પડતો હતો ચાર્લ્સ રાજાના મૃત્યુ પછી રાજચિન્હ તરીકે જે કંઈ કંપની પાસે હતુ તે સઘળુ તેને નાશ કરવુ પડયુ તેવીજ રીતે સને ૧૬૬૦ મા ઇંગ્લંડની ગાદી ઉપર બીજો ચાર્લ્સ રાજા આવતા વચગાળાના પ્રજાસત્તાક રાજ્યની નિશાનીઓ પણ કંપનીને નાશ કરવી પડી હુકમ વખત આવે તેમ તેને વર્તવાનુ હતુ ક્રૉમ્વેલનો સર્વ ઉદ્યોગ અંગ્રેજ લોકોના ઉત્કર્ષ માટે હતો અને કંપનીનુ તેણે હમેશ માટે હિત કર્યું હતુ વેપાર એ રાષ્ટ્રના અભ્યુદયનુ મુખ્ય અંગ છે, અને તે વધારવા માટે રાજ્યકર્તાએ મહેનત કરવી જોઈએ એ તત્વ ક્રૉમ્વેલ પૂર્ણ રીતે જાણતો હતો વલંદા લોકોએ કંપનીને ઘેરી લીધી છે, તથા પોર્ટુગીઝો તેને હેરાન કરે છે એ બરોબર તેના ધ્યાનમા ઉતર્યું હતુ સ્વપ્રજા સારૂ પૂર્વનો વેપાર ખુલ્લો મુકવામા આવશે એવી સરત તેણે પોર્ટુગલ જોડે કરેલા કોલકરારમા દાખલ કરાવી હતી, અને એમ્બોયનાની કતલ માટે વલંદા લોકોને ઘણી ભારે શિક્ષા કરી હતી કંપનીની અંતર્વ્યવસ્થા સુધારી સામાઈક ભંડોળની પદ્ધત કંપનીના ઉદય માટે સર્વોત્તમ ઠરાવી હતી આ સવડાને કાયદાનુ રૂપ આપવા માટે ક્રૉમ્વેલે કંપનીને સને ૧૬૫૭ મા નવી સનદ કરી આપી આથી લોકોને ધીરજ આવી, અને કંઈપણ બ્હીક રાખ્યા વિના તેઓએ પોતના પૈસા કંપનીને ધીર્યા ક્રૉમવેલના આ ઉપક્રમને લીધેજ પછીના બસો વર્ષ લગી રાજ્યસ્થાપનાનુ પ્રચંડ કામ કંપની ઉપાડી શકી હતી

ક્રૉમ્વેલનો તથા કંપનીનો જન્મ એકજ વર્ષમા થયો હતો (સને ૧૫૯૯) કંપનીએ સને ૧૬૨૮ મા પાર્લામેન્ટ પાસેથી પ્રથમ દાદ માગી, અને તેજ વર્ષે ક્રૉમ્વેલ પાર્લામેન્ટમા દાખલ થયો ત્યારથી સને ૧૬૪૯ પર્યંત કંપનીની ઘણી માઠી હાલત થઈ તે દરમિયાન અને મુખ્યત્વે કરીને ૧૬૪૨ થી ૧૬૪૯ સુધી ચાલેલા બન્ને પક્ષ વચ્ચેના યુદ્ધમા કંપનીને ઘણુ ખમવુ પડયુ હતુ આવી સ્થિતિમા કંપનીના નોકરો હિંદુસ્તાનનો વેપાર મહામુશ્કેલીએ પણ ચલાવી શકયા એજ ખાસ મનન કરવા જોગ છે

ક્રૉમ્વેલના હાથમાં રાજ્યસૂત્ર આવતાંજ તેણે સર્વ હકીકતની બારીકાઈથી તપાસ કરી વેપાર એ રાજ્યનો હિતકર્તા છે એવો તેનો અભિપ્રાય થયો, ત્યારે હિંદુસ્તાનનો વેપાર અંગ્રેજોના કબજામાં લેવા માટે કેવા ઉપાયો યોજવા જોઈએ તેનો વિચાર કરતાં કંપનીનેજ મદદ કરવાનું વધારે યોગ્ય છે એવી તેની ખાતરી થઈ કંપની વિશે તેના મનમાં કંઈ પણ પક્ષપાત નહોતો. અન્ય દેશોમાં તથા દરીઆ ઉપર ઇંગ્લંડના કાફલાનું મહત્વ વધારવા માટે તેણે નેવિગેશન ઍક્ટ (સને ૧૬૫૧) વગેરે અનેક મહત્વના ઉપાય યોજ્યા. વલંદા લોકો વિરૂદ્ધ કંપનીના પત્રો પાર્લામેન્ટ પાસે જતા હતા, તેઓએ કંપનીને છેલ્લાં વીસ વર્ષમાં બે કરોડ રૂપીઆનું નુકસાન કર્યું હતું એવી તેની મુખ્ય ફરીઆદ હતી. માત્ર કંપનીની તરફેણ કરી વલંદા રાજ્ય વિરૂદ્ધ એકદમ યુદ્ધ શરૂ ન કરતાં બીજાં કારણો મળવા પછીજ ક્રૉમ્વેલે વલંદા લોકો ઉપર સખ્ત વેર લીધું. યુદ્ધને અંતે સને ૧૬૫૪ માં હોલૅન્ડે ઇંગ્લંડ સાથે કરેલા કોલકરારમાં કંપનીને થયલી નુકસાની ભરપાઈ કરવાની મુખ્ય સરતની રૂએ વલંદા લોકોએ આસરે નવ લાખ રૂપીઆ કંપનીને આપ્યા, તથા પુલરૂન બેટ જાથુકનો અંગ્રેજોને મળ્યો. બાર વર્ષ અગાઉ એટલે સને ૧૬૪૨ માં વલંદા પાસેથી પાંચ લાખ રૂપીઆ લઈ સઘળો ટંટો પતાવવા કંપની તૈયાર હતી પણ તે વખતે તેઓએ તુંડાઈથી એ માગણી ઉડાવી પોતાનાજ પગમાં કુહાડો માર્યો. આ પ્રમાણે વલંદાઓનો બંદોબસ્ત કર્યા બાદ ક્રૉમ્વેલે પોર્ટુગલ સામે ફરીઆદ શરૂ કરી, ઇંગ્લંડની તોપના મ્હોડાં તેમની તરફ ફરતાંજ પોર્ટુગીઝો દબાઈ ગયા, અને હિંદુસ્તાનમાં અંગ્રેજોની આડે નહીં જવાની કબુલાત આપી તહ કરી. આ સઘળાં કામના બદલામાં ક્રૉમ્વેલે કંપની પાસેથી વ્યાજે કહાડેલા ૭ લાખ રૂપીઆ રાષ્ટ્રના કામમાં વાપરી દેશનું કર્જ ફેડી દીધું.

કંપનીની અંતર્વ્યવસ્થા વિશે વિચાર કરતાં ક્રૉમ્વેલને માલમ પડ્યું કે ઇસ્ટ ઇન્ડીઆ કંપની સિવાય કોર્ટનની કંપની તથા લંડન અને બ્રિસ્ટલ વગેરે ઠેકાણાના વેપારીઓ હિંદુસ્તાનના વેપાર માટે માંહોમાંહે

વદતા હતા. સને ૧૬૫૦ માં ઇસ્ટ ઇન્ડીઆ કંપની સાથે કોર્ટન જોડાઈ જવાથી કંપનીને પહેલાં ભંડોળ મળ્યો નહી, કારણ કે એકલી કંપનીના હાથમાં સઘળા વેપારનો મકતો રહે એ અટળક પૈસાવાળા વેપારીઓને પસંદ નહોતું. ખરૂં જોતાં ખુલ્લો અગર અનિયંત્રિત વેપાર અને નિયંત્રિત વેપાર એ બન્ને વચ્ચે આજની માફક તે વેળાએ પણ ટંટો ચાલુ હતો. સઘળો વેપાર એકલી કંપનીના હાથમાં રહે અને તેમાં બીજાઓને ભાગ મળે નહીં એવું કંપનીનું કહેવું હતું. વિરૂદ્ધ મત ધરાવનારાનો વર્ગ ઘણો મોટો અને લાગવગ ધરાવનારો હતો. સને ૧૬૫૪ માં આ પ્રશ્ન આખર નિકાલ માટે ક્રૉમ્વેલ આગળ આવ્યો ત્યારે તેણે વિચાર કર્યો કે હિંદુસ્તાનનો વેપાર આખી પ્રજા માટે ખુલ્લો મુકવામાં આવે તો પોતાના કાફલાથી તેનું રક્ષણ કરવાને ઇંગ્લંડે તૈયાર રહેવું જોઈએ; પરંતુ યુરોપનાં રાજ્યો સાથે બાથ ભીડવા જેટલું સામર્થ્ય અંગ્રેજોના અંગમાં નહોતું, એ તે પક્કું જાણતો હોવાથી તેણે વેપારનો મકતો કંપની પાસેજ રહેવા દીધો; પણ જો બીજા કોઇને ધંધામાં પડવું હોય તો તેને માટે કંઈ સરળતા કરી આપી. આટલું થતાં પણ કંપનીના સભાસદોમાં ભેદ રહ્યો; એક પક્ષનું કહેવું એવું હતું કે ખુદ કંપનીએ સામાઈક ભંડોળથી વેપાર ચલાવવો, જ્યારે બીજાનો વિચાર એવો હતો કે જે કોઈ એ સંસ્થાનો સભાસદ થાય તેને પોતાનો વેપાર ખાનગી રીતે કેટલાક નિયમોને અનુસરી ચલાવવા પરવાનગી આપવી. બીજા પંથના વ્યવહારને નિયમબદ્ધ વ્યાપાર (Regulated System) કહી શકાય. આ સઘળાનું તાત્પર્ય એજ હતુ કે કંપનીની વ્યવસ્થા કેવી હોવી જોઈએ એ મોટો ને મુખ્ય સવાલ હતો. આ પ્રશ્ન ક્રૉમ્વેલે અભિપ્રાય માટે કૌન્સિલ ઑફ્ સ્ટેટ* તરફ મોકલ્યો. એ બાબત પુષ્કળ વિચાર કરતાં 'કંપની' એ સંજ્ઞાની વ્યાખ્યા કરવામાં કૌન્સિલને મુશ્કેલી નડી. ફાયદાની વાત હોય ત્યાં દરેક જણ કંપનીના સભાસદ હોવાનો દાવો કરતો, પણ ખોટ વખતે પ્રત્યેક આસામી કાને હાથ દેતો. આવી સ્થિતિમાં

* ક્રૉમ્વેલના સમયમાં પાર્લામેન્ટનું મહત્વ ઘટી જવાથી રાજ્યનો કારભાર ચલાવવા માટે 'કૌન્સિલ ઑફ સ્ટેટ' નામનું એક મિત્રમંડળ નીમવામાં આવ્યું હતું.

કામનો પાર આવે નહીં; બે વર્ષ વિતી ગયાં તોપણ કૌન્સિલના હાથમાંથી કંપનીના કારભાર બાબતનો નિકાલ થયો નહીં, ત્યારે થાકીને કંપનીએ એક છેલ્લી અરજી ક્રૉમ્વેલને સાદર કરી. તે અરજી ઉપર સ્વહસ્તે એક તાકીદનો હુકમ લખી કૌન્સિલને એક નાની કમિટિ નીમી આ બાબત જલદીથી નિકાલ કરવા તેણે આગ્રહ કર્યો. આ કમિટિમાં તેણે પોતાની તરફનાંજ સઘળાં માણસો નીમ્યાં. એમાં કર્નલ ફિલિપ જોન્સ કરીને ક્રૉમ્વેલની પ્રીતિ ધરાવતો તથા ભરોસા લાયક એક ગૃહસ્થ હતો તેણેજ સઘળું તૈયાર કરી દોઢ મહિનાની અંદર કમિટિ પાસે ઠરાવ કરાવ્યો, કે આ વેપાર એકલી કંપનીએજ સામાઇક ભંડોળની પદ્ધત ઉપર ચલાવવો. એ રીતસર પ્રકરણ હુકમ માટે ક્રૉમ્વેલ આગળ આવ્યું, તે અગાઉ ઇંગ્લંડના વેપાર બાબત તેણે પુષ્કળ વિચાર કર્યો હતો. સ્વદેશનો વેપાર ભવિષ્યમાં સારી સ્થિતિમા આણવાની યોજના ઘડી કહાડી તેણે પ્રથમ સને ૧૬૫૧ માં નેવિગેશન એક્ટ નામનો કાયદો પસાર કરાવ્યો હતો. આ કાયદા અન્વય એવું ઠરાવવામાં આવ્યું હતું કે ઇંગ્લંડના કિનારા ઉપર ઉતરનારો માલ અંગ્રેજ વહાણમાંજ આવવો જોઈએ; પરદેશી વહાણોને ત્યાં આવવા દેવાં નહીં. આ કાયદાને લીધેજ હોલેન્ડ સાથે ઇંગ્લંડને યુદ્ધ થયું હતું. સ્પેનનાં કૅથૉલિક રાષ્ટ્ર સાથે પણ લડવામાં ક્રૉમ્વેલનો ઉદ્દેશ વેપારજ હતો; પોર્ટુગલ પાસેથી તેણે વેપાર બાબત કોલકરાર કરાવી લીધા હતા. આ સઘળું કરવામાં દુનીઆના કોઇ પણ ભાગમાં આવેલા દરીઆ ઉપર બિનહરકતે ઇંગ્લંડની સત્તા ચાલે એવી તેની ઇચ્છા હતી. એશિયા ખંડના સમુદ્રમાં મોટો કાફલો રાખવા જેટલી શક્તિ અંગ્રેજ પ્રજામાં ન હોવાથી ત્યાંનો વેપાર અન્ય પ્રજાઓ માટે ખુલ્લો મુકવો શક્ય નહોતું. એવી હકીકતમાં સામાઇક ભંડોળની પદ્ધત ઉપર કંપનીએ વેપાર કરવો કે કંપનીના સભાસદોએ ઠરાવેલા નિયમાનુસાર ખાનગી રીતે પૃથકપણે વેપાર ચલાવવો એ બે વાત પૈકી ક્રૉમ્વેલે પહેલીજ પસંદ કરી હતી. જુદા જુદા ભંડોળથી વેપાર કરવાના પુષ્કળ પ્રયત્ન થયા, પણ અનેક અડચણોને લીધે તે છોડી દેવા પડયા. તે વેળાની સામાઇક ભંડોળની રીત પણ હમણાના જેવી નહોતી. ત્યારે

કેટલાંક માણુસો સામાઇક ભંડોળ એકત્ર કરી બે ચાર વર્ષ વેપાર કરતા, અને તે મુદ્દતની આખરે સઘળો વેપાર આટોપી લઈ પોતપોતાની રકમ નફા નુકસાની સાથે લઈ લેતા. તે સમયની પદ્ધતને પરિણામે પડતી મુશ્કેલીઓથી કંટાળી જઇ કંપની બંધ કરવાનો ઠરાવ થતે, પણ ક્રૉમ્વેલે તા. ૧૯ મી અકટોબર સને ૧૬૫૬ માં કૌન્સિલ ઑફ સ્ટેટની સંમતિ લઇ એક નવી સનદ કંપનીને કરી આપી. થોડાજ કાળમાં બીજો ચાર્લ્સ રાજા ગાદીએ આવતાં પોતાની રાજ્યનિષ્ઠા જાહેર કરવા તેણે ક્રૉમ્વેલે આપેલી સનદ રદ કરી, તોપણ દેશના ઇતિહાસમાં એ સનદ એક મહત્વની જગ્યા રોકે છે. અગાઉની સઘળી સનદોમાંનો સારો સારો ભાગ તેણે આ સનદમાં ઉતારી લીધો હતો, અને તે ઉપરાંત કંપનીની સગવડ માટે કેટલીક નવી કલમો દાખલ કરી હતી. પચાસ રૂપીઆની રકમ ભરનાર સભાસદ તરીકે જોડાઈ શકે એવો નવો નિયમ કંપની તરફથી ઘડાયો. ઠરાવેલી મુદતના સામાઈક ભંડોળની પદ્ધતિ રદ કરી પ્રથમ સાત વર્ષે અને ત્યાર પછી દર ત્રણ વર્ષે કંપનીના વેપારનો હિસાબ બંધ કરવો, અને કોઇને પોતાનો ભંડોળ લઈ લેવો હોય તો તેમ કરવાની સગવડ રાખી. ક્રૉમ્વેલની આ સઘળી નવી વ્યવસ્થાથી ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના કામને જાણુકને માટે સ્થિરતા મળી.

આ વ્યવસ્થાની રૂએ ૭૩,૯૭,૨૮૦ રૂપીઆની નવી વર્ગણી ઠરાવવામાં આવી. ઓછામાં ઓછી વર્ગણી ૧૦૦૦ રૂપીઆની હતી. ૫,૦૦૦ રૂપીઆ ભરનારાને એક મત મળતો તથા ૧૦,૦૦૦ રૂપીઆ ભરનારાને કમિટિમાં નીમાવવાનો હક રહેતો. એકથી વધારે માણુસોએ મળી પાંચ હજાર રૂપીઆ એકઠા કરી એકના નામ ઉપર તે રકમ કંપનીમાં જમા કરાવવાની સવડ હતી. કૉર્ટ ઑફ ડાયરેકટર્સ કરીને કંપનીની વ્યવસ્થાપક સભામાં પૂર્વેની માફક એક ગવર્નર, એક ડેપ્યુટી ગવર્નર, એક ખજાનચી તથા ૨૪ સભાસદો હતા. આ પ્રમાણે ક્રૉમ્વેલની સનદની રૂએ નિર્માણ થયલી કંપનીએ પહેલાના ભાગીદારો હસ્તકની આવક, માલ, જમીન, મકાનો, કિલ્લા વગેરે બે લાખ રૂપીઆ માટે ખરીદી લીધાં. આ વ્યવસ્થા ચાલુ થતાં ખાનગી વેપાર કરનારને શિક્ષા કરવાનું ઠર્યું હતું. ગવર્નરે તથા ડેપ્યુટી

કામનો પાર આવે નહીં; બે વર્ષ વિતી ગયાં તોપણ કૌન્સિલના હાથમાંથી કંપનીના કારભાર બાબતનો નિકાલ થયો નહીં, ત્યારે થાકીને કંપનીએ એક છેલ્લી અરજી ક્રૉમ્વેલને સાદર કરી. તે અરજી ઉપર સ્વહસ્તે એક તાકીદનો હુકમ લખી કૌન્સિલને એક નાની કમિટિ નીમી આ બાબત જલદીથી નિકાલ કરવા તેણે આગ્રહ કર્યો. આ કમિટિમાં તેણે પોતાની તરફનાંજ સઘળાં માણસો નીમ્યાં. એમાં કર્નલ ફિલિપ જોન્સ કરીને ક્રૉમ્વેલની પ્રીતિ ધરાવતો તથા ભરોસા લાયક એક ગૃહસ્થ હતો તેણેજ સઘળું તૈયાર કરી દોઢ મહિનાની અંદર કમિટિ પાસે ઠરાવ કરાવ્યો, કે આ વેપાર એકલી કંપનીએજ સામાઇક ભંડોળની પદ્ધત ઉપર ચલાવવો. એ રીતસર પ્રકરણ હુકમ માટે ક્રૉમ્વેલ આગળ આવ્યું, તે અગાઉ ઇંગ્લંડના વેપાર બાબત તેણે પુષ્કળ વિચાર કર્યો હતો. સ્વદેશનો વેપાર ભવિષ્યમાં સારી સ્થિતિમા આણવાની યોજના ઘડી કહાડી તેણે પ્રથમ સને ૧૬૫૧ માં નેવિગેશન એક્ટ નામનો કાયદો પસાર કરાવ્યો હતો. આ કાયદા અન્વય એવું ઠરાવવામાં આવ્યું હતું કે ઇંગ્લંડના કિનારા ઉપર ઉતરનારો માલ અંગ્રેજ વહાણમાંજ આવવો જોઈએ; પરદેશી વહાણોને ત્યાં આવવા દેવાં નહીં. આ કાયદાને લીધેજ હોલેન્ડ સાથે ઇંગ્લંડને યુદ્ધ થયું હતું. સ્પેનનાં કૅથૉલિક રાષ્ટ્ર સાથે પણ લડવામાં ક્રૉમ્વેલનો ઉદ્દેશ વેપારજ હતો; પોર્ટુગલ પાસેથી તેણે વેપાર બાબત કોલકરાર કરાવી લીધા હતા. આ સઘળું કરવામાં દુનીઆના કોઇ પણ ભાગમાં આવેલા દરીઆ ઉપર બિનહરકતે ઇંગ્લંડની સત્તા ચાલે એવી તેની ઇચ્છા હતી. એશિયા ખંડના સમુદ્રમાં મોટો કાફલો રાખવા જેટલી શક્તિ અંગ્રેજ પ્રજામાં ન હોવાથી ત્યાંનો વેપાર અન્ય પ્રજાઓ માટે ખુલ્લો મુકવો શક્ય નહોતું. એવી હકીકતમાં સામાઇક ભંડોળની પદ્ધત ઉપર કંપનીએ વેપાર કરવો કે કંપનીના સભાસદોએ ઠરાવેલા નિયમાનુસાર ખાનગી રીતે પૃથકપણે વેપાર ચલાવવો એ બે વાત પૈકી ક્રૉમ્વેલે પહેલીજ પસંદ કરી હતી. જુદા જુદા ભંડોળથી વેપાર કરવાના પુષ્કળ પ્રયત્ન થયા, પણ અનેક અડચણોને લીધે તે છોડી દેવા પડયા. તે વેળાની સામાઇક ભંડોળની રીત પણ હમણાના જેવી નહોતી. ત્યારે

કેટલાંક માણસો સામાઇક ભંડોળ એકત્ર કરી એ ચાર વર્ષ વેપાર કરતા, અને તે મુદતની આખરે સઘળો વેપાર આટોપી લઈ પોતપોતાની રકમ નફા નુકસાની સાથે લઈ લેતા. તે સમયની પદ્ધતને પરિણામે પડતી મુશ્કેલીઓથી કંટાળી જઇ કંપની બંધ કરવાનો ઠરાવ થતે, પણ ક્રૉમ્વેલે તા. ૧૯ મી અક્ટોબર સને ૧૬૫૬ માં કૌન્સિલ ઑફ સ્ટેટની સમતિ લઇ એક નવી સનદ કંપનીને કરી આપી. થોડાજ કાળમાં બીજો ચાર્લ્સ રાજા ગાદીએ આવતાં પોતાની રાજ્યનિષ્ઠા જાહેર કરવા તેણે ક્રૉમ્વેલે આપેલી સનદ રદ કરી, તોપણ દેશના ઇતિહાસમાં એ સનદ એક મહત્વની જગ્યા રોકે છે. અગાઉની સઘળી સનદોમાનો સારો સારો ભાગ તેણે આ સનદમાં ઉતારી લીધો હતો, અને તે ઉપરાંત કંપનીની સગવડ માટે કેટલીક નવી કલમો દાખલ કરી હતી. પચાસ રૂપીઆની રકમ ભરનાર સભાસદ તરીકે જોડાઈ શકે એવો નવો નિયમ કંપની તરફથી ઘડાયો. ઠરાવેલી મુદતના સામાઈક ભંડોળની પદ્ધતિ રદ કરી પ્રથમ સાત વર્ષે અને ત્યાર પછી દર ત્રણ વર્ષે કંપનીના વેપારનો હિસાબ બંધ કરવો, અને કોઇને પોતાનો ભંડોળ લઈ લેવો હોય તો તેમ કરવાની સગવડ રાખી. ક્રૉમ્વેલની આ સઘળી નવી વ્યવસ્થાથી ઈસ્ટ ઇન્ડીઆ કંપનીના કામને જાયુકને માટે સ્થિરતા મળી.

આ વ્યવસ્થાની રૂએ ૭૩,૯૭,૨૮૦ રૂપીઆની નવી વર્ગણી ઠરાવવામાં આવી. ઓછામાં ઓછી વર્ગણી ૧૦૦૦ રૂપીઆની હતી ૫,૦૦૦ રૂપીઆ ભરનારાને એક મત મળતો તથા ૧૦,૦૦૦ રૂપીઆ ભરનારાને કમિટિમાં નીમાવવાનો હક રહેતો. એકથી વધારે માણસોએ મળી પાંચ હજાર રૂપીઆ એકઠા કરી એકના નામ ઉપર તે રકમ કંપનીમાં જમા કરાવવાની સવડ હતી. કોર્ટ ઑફ ડાયરેકટર્સ કરીને કંપનીની વ્યવસ્થાપક સભામાં પૂર્વની માફક એક ગવર્નર, એક ડેપ્યુટી ગવર્નર, એક ખજાનચી તથા ૨૪ સભાસદો હતા. આ પ્રમાણે ક્રૉમ્વેલની સનદની રૂએ નિર્માણ થયલી કંપનીએ પહેલાના ભાગીદારો હસ્તકની આવક, માલ, જમીન, મકાનો, કિલ્લા વગેરે બે લાખ રૂપીઆ માટે ખરીદી લીધાં. આ વ્યવસ્થા ચાલુ થતાં ખાનગી વેપાર કરનારને શિક્ષા કરવાનું ઠર્યું હતું. ગવર્નર તથા ડેપ્યુટી

કામનો પાર આવે નહીં, બે વર્ષ વિતી ગયા તોપણ કૌન્સિલના હાથમાંથી કંપનીના કારભાર બાબતનો નિકાલ થયો નહીં, ત્યારે થાકીને કંપનીએ એક છેલ્લી અરજી ક્રૉમ્વેલને સાદર કરી તે અરજી ઉપર સ્વહસ્તે એક તાકીદનો હુકમ લખી કૌન્સિલને એક નાની કમિટિ નીમી આ બાબત જલદીથી નિકાલ કરવા તેણે આગ્રહ કર્યો આ કમિટિમા તેણે પોતાની તરફનાજ સઘળા માણસો નીમ્યાં એમા કર્નલ ફિલિપ જોન્સ કરીને ક્રૉમ્વેલની પ્રીતિ ધરાવતો તથા ભરોસા લાયક એક ગૃહસ્થ હતો તેણેજ સઘળુ તૈયાર કરી દોઢ મહિનાની અંદર કમિટિ પાસે ઠરાવ કરાવ્યો, કે આ વેપાર એકજ કંપનીએજ સામાઇક ભંડોળની પદ્ધત ઉપર ચલાવવો એ રીતસર પ્રકરણ હુકમ માટે ક્રૉમ્વેલ આગળ આવ્યુ, તે અગાઉ ઇંગ્લંડના વેપાર બાબત તેણે પુષ્કળ વિચાર કર્યો હતો સ્વદેશનો વેપાર ભવિષ્યમા સારી સ્થિતિમા આણવાની યોજના ઘડી કહાડી તેણે પ્રથમ સને ૧૬૫૧ મા નેવિગેશન એક્ટ નામનો કાયદો પસાર કરાવ્યો હતો આ કાયદા અન્વય એવુ ઠરાવવામા આવ્યુ હતું કે ઇંગ્લંડના કિનારા ઉપર ઉતરનારો માલ અંગ્રેજ વહાણમાંજ આવવો જોઈએ, પરદેશી વહાણોને ત્યા આવવા દેવા નહીં આ કાયદાને લીધેજ હોલેન્ડ સાથે ઇંગ્લંડને યુદ્ધ થયુ હતુ સ્પેનના કૅથૉલિક રાષ્ટ્ર સાથે પણ લડવામા ક્રૉમ્વેલનો ઉદ્દેશ વેપારજ હતો, પોર્ટુગલ પાસેથી તેણે વેપાર બાબત કોલકરાર કરાવી લીધા હતા આ સઘળુ કરવામા દુનીઆના કોઇ પણ ભાગમા આવેલા દરીઆ ઉપર બિનહરકતે ઇંગ્લંડની સત્તા ચાલે એવી તેની ઇચ્છા હતી એશિયા ખંડના સમુદ્રમા મોટો કાફલો રાખવા જેટલી શક્તિ અંગ્રેજ પ્રજામા ન હોવાથી ત્યાનો વેપાર અન્ય પ્રજાઓ માટે ખુલ્લો મુકવો શક્ય નહોતું એવી હકીકતમા સામાઇક ભંડોળની પદ્ધત ઉપર કંપનીએ વેપાર કરવો કે કંપનીના સભાસદોએ ઠરાવેલા નિયમાનુસાર ખાનગી રીતે પૃથક્પણે વેપાર ચલાવવો એ બે વાત પૈકી ક્રૉમ્વેલે પહેલીજ પસંદ કરી હતી જુદા જુદા ભંડોળથી વેપાર કરવાના પુષ્કળ પ્રયત્ન થયા, પણ અનેક અડચણોને લીધે તે છોડી દેવા પડયા તે વેળાની સામાઇક ભંડોળની રીત પણ હમણાના જેવી નહોતી. ત્યારે

૧વ્યવસ્થા—ઉપર
ફી એ માટે આગ્રહ
ઉપરાંત અસલથી
ચોવીસ ડાયરેક્ટરો
ા કંપની પણ હયાત
કંપનીનું સઘળું કામ
નહીં સામાન્યરીતે
ી ૬૦ સભામાં હાજરી
ા, નવી વર્ગણી એકઠી
ડોળનો હિસાબ બંધ
૦ રકી ત્યાં થતા અનેક
ને માટે થોડું નહોતું.
ની પાર્લામેન્ટમાં પોતાનો
જુના
ને કરવા સારૂ કંપની ત્રણ
ા સને ૧૬૦૦-૧૬૨૧
સુધી સર મોરિસ અબટ
કંપનીના ગવર્નર હતા, અને
ર ટૉમસ સ્મિથની હકીકત
ડીએ સર મોરિસ ઍબટનો
ા સને ૧૬૩૫ માં થયો હતો
ાથી પડયો હતો, પણ તે

પાર્લામેન્ટ શિરચ્છેદ કર્યો
ન નહોતો પણ એવું લોકો

૧લો જેમ્સ, સ ૧૬૮૫-૧૬૮૮
ઍન, સ ૧૭૦૨-૧૭૧૪
૩જો જ્યોર્જ, ૧૭૨૭-૧૭૬૦
ોથો જ્યોર્જ, ૧૮૨૦-૧૮૩૦
રાણીઆ ૧૮૩૭-૧૯૦૧

ગવર્નરે લાગલાગટ બે વર્ષથી વધારે વખત કામ કરવું નહીં; ચોવીસ ડાયરેકટરોમાંથી દર વર્ષે આઠ જણાએ પોતાનો ઓદ્દો છોડવો અને તેને બદલે તેટલાજ નવા માણસોની નિમણુંક કરવી; ગમે તે સબબસર ભાગીદારને પૈસાને બદલે કાચો માલ ન આપતાં સર્વ વ્યવહાર રોકડથી ચલાવવો; એવા બીજા ઘણા નિયમો થયા હતા. સુરત તથા પશ્ચિમ કિનારા ઉપરનાં બીજાં વસાહત, ફોર્ટ સેન્ટ જ્યોર્જ, મદ્રાસ તથા બંગાળાના કિનારાનાં વસાહત, બૅંટમ તથા તેના તાબાનાં જમ્બી, મેકાસર અને પુલરૂન, ઇરાનના અખાતમાંનું ગોમરૂન, એટલી જગા નવી કંપનીને બે લાખ રૂપીઆમાં મળી ગઈ. તે વેળાની સ્થિતિનો વિચાર કરતાં આ કિંમત ઓછી લેખી શકાય નહીં. નવો ભંડોળ હાથમાં આવતાં સને ૧૬૫૮ ના જાનેવારી માસમાં કંપનીએ વેપાર ચલાવવાનાં કુલ્લે સત્તર ઠેકાણાં મુકરર કર્યાં; અને એ કામમાં હોંશીઆર હોય તેવા એકાણું નવા માણસોને હિંદુસ્તાનમાં જુદી જુદી જગ્યાએ મોકલી આપ્યા. ક્રૉમ્વેલે કરેલાં કામો ઉથલાવી નાંખવાના તેના પછી થયલા રાજાઓની કારકિર્દીમાં અનેક પ્રયત્નો થયા, તોપણ પૂર્વ તરફનો વેપાર એ રાષ્ટ્રના જીવનનો મુખ્ય આધાર છે એ સિદ્ધાંત ધ્યાનમાં રાખી તેણે કંપનીને પુનર્જન્મ આપ્યો તથા દેશનું કોટિ કલ્યાણ કર્યું એ વાત નિર્વિવાદ છે. ક્રૉમ્વેલે ઇંગ્લંડનો કાફલો મજબૂત કર્યો, રોમન કેથૉલિક રાજ્યોનું જોર નરમ પાડ્યું તથા હોલેન્ડ જેવાં પ્રૉટેસ્ટંટ રાજ્યોનો ગર્વ ઉતાર્યો, એથીજ સ્પેન અને હોલેન્ડની સત્તા હવે પછી ઓછી થઈ ગઈ, અને અંગ્રેજી રાજ્યની વૃદ્ધી થઈ. આ હવે પછીના ઇતિહાસ ઉપરથી બરાબર દેખાઈ આવશે.*

*-ટીપ—આ અને બીજાં પ્રકરણોમાં ઇગ્લંડના રાજાના સંબધની કેટલીક હકીકત અવારનવાર આવતી હોવાથી તે દેશનો ઇતિહાસ ન જાણનારા વાચકોને નીચેનાં નામો ઉપયોગી થઈ પડશે. ખરૂં જોતાં ઇગ્લંડનો ઇતિહાસ માહિત હશે તોજ કંપનીના આ વખતના ઇતિહાસનું મર્મ સમજી શકાશે.

રાણી ઇલિઝાબેથ સ. ૧૫૫૮–૧૬૦૩. એની કારકિર્દીમાં ઇસ્ટ ઈન્ડીઆ કંપની સ્થાપન થઈ. રાજા પહેલો જેમ્સ, સ. ૧૬૦૩–૧૬૨૫.

**૬. કંપનીના નોકરોના પગાર તથા અંતર્વ્યવસ્થા**—ઉપર વર્ણવેલી અનેક અડચણો છતાં કંપની કેવી રીતે ચાલુ રહી એ માટે આશ્ચર્ય થવાનું કારણ નથી. તેનું જીવિત પૈસા તથા વેપાર ઉપરજ અવલંબી રહ્યું નહોતું. કંપનીના ગવર્નર, ડેપ્યુટી ગવર્નર અને ચોવીસ ડાયરેક્ટરો જ્યાં સુધી કાયદા અન્વય હયાતી ભોગવે છે ત્યાં સુધી કંપની પણ હૈયાત છે એમ ગણવાનું છે. વળી ગવર્નર સારો હોય તો કંપનીનું સઘળું કામ ઉપાડી લઇ તેને લોકોની નજરમાં હલકી પડવા દે નહીં. સામાન્યરીતે ગવર્નર ઉપર કામનો બોજો વિશેષ હતો. ડાયરેક્ટરોની દર સભામાં હાજરી આપવી, પાર્લામેન્ટમાં કંપની તરફથી જવાબ આપવા, નવી વર્ગણી એકઠી કરવી, માલની ખરીદી તથા વેચાણ કરવાં, દરેક ભંડોળનો હિસાબ બંધ કરી નફો નુકસાન નક્કી કરવું, રાજદરબારમાં હાજર રહી ત્યાં થતા અનેક વિચારો ઉપર લક્ષ રાખવું એટલું કામ ગવર્નરને માટે થોડું નહોતું; સિવાય પૈસા ટકાની બાબતમાં અત્યંત નિસ્પૃહી રહી પાર્લામેન્ટમાં પોતાનો મોભો જાળવવા માટે તેને પ્રયત્ન કરવા પડે તે જુદા.

શરૂઆતમાં આ સઘળું કામ નિયમિત રીતે કરવા સારૂ કંપની ત્રણ બાહોશ ગવર્નર મેળવવામાં ભાગ્યશાળી થઈ હતી. સને ૧૬૦૦–૧૬૨૧ સુધી સર ટૉમસ સ્મિથ, સને ૧૬૨૪–૧૬૩૭ સુધી સર મોરિસ અબ્બટ તથા સને ૧૬૪૩–૧૬૫૮ સુધી વિલિઅમ કોકેન કંપનીના ગવર્નર હતા, અને એમણે સઘળું કામ આરંભમાં ઉપાડી લીધું હતું. સર ટૉમસ સ્મિથની હકીકત આપણે આજ પ્રકરણમાં આગળ વાંચી ગયા છીએ. સર મોરિસ ઍબટનો પિતા કાપડનો વેપારી હતો, અને એનો જન્મ સને ૧૬૩૫ માં થયો હતો. ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના કામકાજમાં તે શરૂઆતથી પડયો હતો; પણ તે

---

રાજા પહેલો ચાર્લ્સ, સ. ૧૬૨૫–૧૬૪૯. એનો પાર્લામેન્ટે શિરચ્છેદ કર્યો.
ઑલિવર ક્રૉમ્વેલ, સ. ૧૬૪૯–૧૬૫૮ એ રાજા નહોતો પણ એણે લોકો તરફથી કારભાર કર્યો હતો.
રાજા બીજો ચાર્લ્સ, સ. ૧૬૬૦–૧૬૮૫.
„ ત્રીજો વિલિઅમ, સ. ૧૬૮૮–૧૭૦૨.
„ પહેલો જ્યોર્જ, સ ૧૭૧૪–૧૭૨૭.
„ ત્રીજો જ્યોર્જ, સ ૧૭૬૦–૧૮૨૦.
„ ચોથો વિલિઅમ, સને ૧૮૩૦–૧૮૩૭.
રાજા બીજો જેમ્સ, સ ૧૬૮૫–૧૬૮૮.
રાણી ઍન, સ. ૧૭૦૨–૧૭૧૪.
રાજા બીજો જ્યોર્જ, ૧૭૨૭–૧૭૬૦.
રાજા ચોથો જ્યોર્જ, ૧૮૨૦–૧૮૩૦.
રાણી વિક્ટોરીઆ, ૧૮૩૭–૧૯૦૧.

ઉપરાંત તુર્કી કંપની તથા વાયવ્ય કોણમાંથી માર્ગ શોધી કહાડવા ઉભી થયલી અનેક કંપનીઓ વગેરેમાં તે હમેશ આગળ પડતો ભાગ લેતો. ડાયરેક્ટરોની સભામાં ઘણો વખત કામ કર્યા પછી તે સને ૧૬૧૫ માં ડેપ્યુટી ગવર્નર થયો. તેનો ભાઈ પણ તેના જેવોજ ઉદ્યોગી અને સાહસિક હતો. સને ૧૬૨૪ થી ૧૬૩૭ સુધી કંપનીનો વહિવટ ચલાવી તે ૭૩ મે વર્ષે લંડનનો લૉર્ડ મેયર થયો. એનો કારભાર ઘણાઓને પસંદ પડયો નહીં; રાજા તથા પ્રજા બન્નેને ખુશ રાખવાનું કઠણ કામ કરતાં અનેક વેળા તે કંટાળી જતો, અને હાથમાં લીધેલું કામ છોડી દેવા તૈયાર થતો પણ કંપનીને તેના વિના બીલકુલ ચાલતું નહીં; સઘળાં પક્ષોને રીઝવી પોતાનું કામ દક્ષતાથી કહાડી લેનારો બીજો યોગ્ય અમલદાર કંપનીને કયાંથી મળવાનો હતો? ગમે તેમ કરી મોરિસે કંપનીનું રગસીયું ગાડું ઘણો વખત લગી હંકાર્યાં કર્યું.

વિલિઅમ કોકેન પણ મોરિસ ઍબટની માફક હોંશીઆર તથા સર્વે બાતથી વાકેફગાર હતો. સને ૧૬૨૯ માં ડાયરેક્ટરોની સભામાં દાખલ થઈ તે સને ૧૬૩૯માં ડેપ્યુટી ગવર્નર, અને સને ૧૬૪૩ માં ગવર્નર થયો. એના અમલમાં રાજા, પાર્લામેન્ટ તથા બીજા પક્ષદારો તરફથી કંપની ઉપર નાના તરેહના હુમલા થયા, તોપણ ડગમગ્યા વિના તે પોતાના કામમાં મંડયો રહ્યો, અને આખરે ક્રૉમ્વેલ પાસેથી કંપનીનાં કામની વ્યવસ્થા કરાવી લીધી. આમાંજ તેની ખરી કરામત દેખાઈ આવે છે. કોકેનને વિલિઅમ મેથ્વોલ્ડ તરફની સારી મદદ હતી. આ મેથ્વોલ્ડ વિશે આપણે અગાડી કંઈ વાંચી ગયા છીએ. સને ૧૬૧૫ માં એણે કંપનીના વેપારી તરીકે સુરત આવી આખા હિંદુસ્તાનની મુસાફરી કરી, અને સર્વ ઠેકાણાના વેપારની ઉત્કૃષ્ટ માહિતી ભેગી કરી. સાત વર્ષ લગી સુરતના પ્રેસિડન્ટ તરીકે કામ કર્યું તે દરમિયાન તેણે લખેલા પત્રોથી ઈંગ્લંડમાંના કારભારીઓને પુષ્કળ ધીરજ આવી. મદ્રાસમાં તથા બંગાળાના કિનારા ઉપર કોઠીઓ સ્થાપવાનો અભિપ્રાય તેણેજ દર્શાવ્યો હતો. એ ઈંગ્લંડ પાછો ફર્યો ત્યારે એશિયામાંથી અપાર સંપત્તિ તે લઈ ગયો હતો. ખરૂં જોતાં હિંદુસ્તાનમાં ચાલતી વેપારની ધામધુમ જાતે જોઈ તેમાં પોતાના લોકોને

નાંખવાની આગ્રહપૂર્વક ખટપટ કરનાર આ પહેલોજ મહાન પુરૂષ હતો. મેથ્વોલ્ડ સને ૧૬૫૩ માં ગુજરી ગયો.

આ પ્રમાણે કંપનીનાં પહેલાં ૬૦ વર્ષ દરમિયાન ઉપર કહેલા ત્રણ ચાર માણસોએ તેનું કામ ઘણી બહાદુરીથી તથા ચાલાકીથી આટોપ્યું હતું. ક્રૉમ્વેલની નવી વ્યવસ્થાને લીધે કંપનીના હાથમાં સઘળો ભંડોળ કાયમનો આવવાથી નાણાંની ભીડ દૂર થઈ એટલે ગવર્નરનું મહત્વ વિશેષ રહ્યું નહીં. ગવર્નર અને ડેપ્યુટી ગવર્નર બે વર્ષથી વધારે પોતાની જગ્યા રાખી શકતા ન હોવાથી તેમજ દરસાલ આઠ ડાયરેક્ટરો બદલાતા હોવાથી નફા નુકસાનનું સરવાયું કહાડવાની ભાંજગડ રહી નહોતી.

ગવર્નર, ડેપ્યુટી ગવર્નર તેમજ ડાયરેક્ટરોને શરૂઆતમાં કાંઈ પણ પગાર મળતો નહીં, પણ તેમનું કામ જોઈ બક્ષિસ આપવાનો વહિવટ હતો. આ બક્ષિસ બંધ કરવાનો સવાલ ક્રૉમ્વેલના વખતમાં નીકળ્યો હતો, પણ મોરિસ ઍબટે તે ઉડાવી દીધો હતો. ક્રૉમ્વેલની વ્યવસ્થાને અનુસરીને ઉપરનાં માણસો સિવાય કંપનીના બાકીના સઘળા અધિકારીઓનો પગાર હેઠળ પ્રમાણે ઠરાવવામાં આવ્યો હતોઃ—

| ઓદ્ધાનું નામ. | વાર્ષિક પગાર. |
|---|---|
| એકાઉન્ટન્ટ જનરલ. | ૨૨૦૦ રૂપીઆ. |
| એકાઉન્ટન્ટ જનરલના એસિસ્ટન્ટ. | ૮૦૦ ,, |
| પત્ર લેખક અને કાપડના કોઠારનો મુખી. | ૧૫૦૦ ,, |
| તીજોરીનો મુખી. | ૧૫૦૦ ,, |
| તીજોરીનો એસિસ્ટન્ટ. | ૮૦૦ ,, |
| સુરાખારની કોઠારનો મુખી. | ૮૦૦ ,, |
| વહાણોનો તપાસણી કામદાર. | ૫૦૦ ,, |
| ખલાસીઓને પગાર આપનાર કારકુન. | ૩૦૦ ,, |
| મુખ્ય જમાદાર ( સિપાઈ તથા હમાલોનો ). | ૩૦૦ ,, |
| મરીના કોઠારનો મુખી. | ૧૪૦૦ ,, |
| સોલિસિટર ( વકીલ ). | ૨૦૦ |
| ગળીના કોઠારનો મુખી. | ૮૦૦ |

ઉપરાંત તુર્કી કંપની તથા વાયવ્ય કોણમાંથી માર્ગ શોધી કહાડવા ઉભી થયલી અનેક કંપનીઓ વગેરેમાં તે હમેશ આગળ પડતો ભાગ લેતો. ડાયરેકટરોની સભામાં ઘણો વખત કામ કર્યા પછી તે સને ૧૬૧૫ માં ડેપ્યુટી ગવર્નર થયો. તેનો ભાઈ પણ તેના જેવોજ ઉદ્યોગી અને સાહસિક હતો. સને ૧૬૨૪ થી ૧૬૩૭ સુધી કંપનીનો વહિવટ ચલાવી તે ૭૩ મે વર્ષે લંડનનો લૉર્ડ મેયર થયો. એનો કારભાર ઘણાઓને પસંદ પડયો નહીં; રાજા તથા પ્રજા બન્નેને ખુશ રાખવાનું કઠણ કામ કરતાં અનેક વેળા તે કંટાળી જતો, અને હાથમાં લીધેલું કામ છોડી દેવા તૈયાર થતો પણ કંપનીને તેના વિના બીલકુલ ચાલતું નહીં; સઘળાં પક્ષોને રીઝવી પોતાનું કામ દક્ષતાથી કહાડી લેનારો બીજો યોગ્ય અમલદાર કંપનીને કયાંથી મળવાનો હતો? ગમે તેમ કરી મોરિસે કંપનીનું રગસીયું ગાડું ઘણો વખત લગી હંકાર્યા કર્યું.

વિલિઅમ કોકેન પણ મોરિસ ઍબટની માફક હોંશીઆર તથા સર્વ બાતથી વાકેફગાર હતો. સને ૧૬૨૯ માં ડાયરેકટરોની સભામાં દાખલ થઈ તે સને ૧૬૩૯ માં ડેપ્યુટી ગવર્નર, અને સને ૧૬૪૩ માં ગવર્નર થયો. એના અમલમાં રાજા, પાર્લામેન્ટ તથા બીજા પક્ષદારો તરફથી કંપની ઉપર નાના તરેહના હુમલા થયા, તોપણ ડગમગ્યા વિના તે પોતાના કામમાં મંડયો રહ્યો, અને આખરે ક્રૉમ્વેલ પાસેથી કંપનીનાં કામની વ્યવસ્થા કરાવી લીધી. આમાંજ તેની ખરી કરામત દેખાઈ આવે છે. કોકેનને વિલિઅમ મેથ્વોલ્ડ તરફની સારી મદદ હતી. આ મેથ્વોલ્ડ વિશે આપણે અગાડી કંઈ વાંચી ગયા છીએ. સને ૧૬૧૫ માં એણે કંપનીના વેપારી તરીકે સુરત આવી આખા હિંદુસ્તાનની મુસાફરી કરી, અને સર્વ ઠેકાણાના વેપારની ઉત્કૃષ્ટ માહિતી ભેગી કરી. સાત વર્ષ લગી સુરતના પ્રેસિડન્ટ તરીકે કામ કર્યું તે દરમિયાન તેણે લખેલા પત્રોથી ઈંગ્લંડમાંના કારભારીઓને પુષ્કળ ધીરજ આવી. મદ્રાસમાં તથા બંગાળાના કિનારા ઉપર કોઠીઓ સ્થાપવાનો અભિપ્રાય તેણેજ દર્શાવ્યો હતો. એ ઈંગ્લંડ પાછો ફર્યો ત્યારે એશિયામાંથી અપાર સંપત્તિ તે લઈ ગયો હતો. ખરૂં જોતાં હિંદુસ્તાનમાં ચાલતી વેપારની ધામધુમ જાતે જોઈ તેમાં પોતાના લોકોને

નાંખવાની આગ્રહપૂર્વક ખટપટ કરનાર આ પહેલોજ મહાન પુરૂષ હતો. મેધ્વોલ્ડ સને ૧૬૫૩ માં ગુજરી ગયો.

આ પ્રમાણે કંપનીનાં પહેલાં ૬૦ વર્ષ દરમિયાન ઉપર કહેલા ત્રણ ચાર માણુસોએ તેનું કામ ઘણી બહાદુરીથી તથા ચાલાકીથી આટોપ્યું હતું. ક્રૉમ્વેલની નવી વ્યવસ્થાને લીધે કંપનીના હાથમાં સઘળો ભડોળ કાયમનો આવવાથી નાણાંની ભીડ દૂર થઈ એટલે ગવર્નરનું મહત્વ વિશેષ રહ્યું નહીં. ગવર્નર અને ડેપ્યુટી ગવર્નર બે વર્ષથી વધારે પોતાની જગ્યા રાખી શકતા ન હોવાથી તેમજ દરસાલ આઠ ડાયરેકટરો બદલાતા હોવાથી નફા નુકસાનનું સરવાયું કહાડવાની ભાંજગડ રહી નહોતી.

ગવર્નર, ડેપ્યુટી ગવર્નર તેમજ ડાયરેકટરોને શરૂઆતમાં કાંઈ પણ પગાર મળતો નહીં, પણ તેમનું કામ જોઈ બક્ષિસ આપવાનો વહિવટ હતો. આ બક્ષિસ બંધ કરવાનો સવાલ ક્રૉમ્વેલના વખતમાં નીકળ્યો હતો, પણ મોરિસ ઍબટે તે ઉડાવી દીધો હતો. ક્રૉમ્વેલની વ્યવસ્થાને અનુસરીને ઉપરનાં માણસો સિવાય કંપનીના બાકીના સઘળા અધિકારીઓનો પગાર હેઠળ પ્રમાણે ઠરાવવામાં આવ્યો હતોઃ—

| ઓદ્દાનું નામ. | વાર્ષિક પગાર. |
|---|---|
| એકાઉન્ટન્ટ જનરલ. | ૨૨૦૦ રૂપીઆ. |
| એકાઉન્ટન્ટ જનરલના એસિસ્ટન્ટ. | ૮૦૦ ,, |
| પત્ર લેખક અને કાપડના કોઠારનો મુખી. | ૧૫૦૦ ,, |
| તીજોરીનો મુખી. | ૧૫૦૦ ,, |
| તીજોરીનો એસિસ્ટન્ટ. | ૮૦૦ ,, |
| સુરાખારની કોઠારનો મુખી. | ૮૦૦ ,, |
| વહાણોનો તપાસણી કામદાર. | ૫૦૦ ,, |
| ખલાસીઓને પગાર આપનાર કારકુન. | ૩૦૦ ,, |
| મુખ્ય જમાદાર ( સિપાઈ તથા હમાલોનો). | ૩૦૦ ,, |
| મરીના કોઠારનો મુખી. | ૧૪૦૦ ,, |
| સોલિસિટર ( વકીલ ). | ૨૦૦ |
| ગળીના કોઠારનો મુખી. | ૮૦૦ |

ઉપરાંત તુર્કી કંપની તથા વાયવ્ય કોણમાંથી માર્ગ શોધી કહાડવા ઉભી થયલી અનેક કંપનીઓ વગેરેમાં તે હમેશ આગળ પડતો ભાગ લેતો. ડાયરેકટરોની સભામાં ઘણો વખત કામ કર્યા પછી તે સને ૧૬૧૫ માં ડેપ્યુટી ગવર્નર થયો. તેનો ભાઈ પણ તેના જેવોજ ઉદ્યોગી અને સાહસિક હતો. સને ૧૬૨૪ થી ૧૬૩૭ સુધી કંપનીનો વહિવટ ચલાવી તે ૭૩ મે વર્ષે લંડનનો લૉર્ડ મેયર થયો. એનો કારભાર ઘણાઓને પસંદ પડયો નહીં; રાજા તથા પ્રજા બન્નેને ખુશ રાખવાનું કઠણ કામ કરતાં અનેક વેળા તે કંટાળી જતો, અને હાથમાં લીધેલું કામ છોડી દેવા તૈયાર થતો પણ કંપનીને તેના વિના બીલકુલ ચાલતું નહીં; સઘળાં પક્ષોને રીઝવી પોતાનું કામ દક્ષતાથી કહાડી લેનારો બીજો યોગ્ય અમલદાર કંપનીને કયાંથી મળવાનો હતો? ગમે તેમ કરી મોરિસે કંપનીનું રગસીયું ગાડું ઘણો વખત લગી હંકાર્યા કર્યું.

વિલિઅમ કોકેન પણ મોરિસ ઍબટની માફક હોંશીઆર તથા સર્વ વાતથી વાકેફગાર હતો. સને ૧૬૨૯ માં ડાયરેકટરોની સભામાં દાખલ થઈ તે સને ૧૬૩૯માં ડેપ્યુટી ગવર્નર, અને સને ૧૬૪૩ માં ગવર્નર થયો. એના અમલમાં રાજા, પાર્લામેન્ટ તથા બીજા પક્ષદારો તરફથી કંપની ઉપર નાના તરેહના હુમલા થયા, તોપણ ડગમગ્યા વિના તે પોતાના કામમાં મંડયો રહ્યો, અને આખરે ક્રૉમ્વેલ પાસેથી કંપનીનાં કામની વ્યવસ્થા કરાવી લીધી. આમાંજ તેની ખરી કરામત દેખાઈ આવે છે. કોકેનને વિલિઅમ મેથ્વોલ્ડ તરફની સારી મદદ હતી. આ મેથ્વોલ્ડ વિશે આપણે અગાડી કંઈ વાંચી ગયા છીએ. સને ૧૬૧૫ માં એણે કંપનીના વેપારી તરીકે સુરત આવી આખા હિંદુસ્તાનની મુસાફરી કરી, અને સર્વ ઠેકાણાના વેપારની ઉત્કૃષ્ટ માહિતી ભેગી કરી. સાત વર્ષ લગી સુરતના પ્રેસિડન્ટ તરીકે કામ કર્યું તે દરમિયાન તેણે લખેલા પત્રોથી ઇંગ્લંડમાંના કારભારીઓને પુષ્કળ ધીરજ આવી. મદ્રાસમાં તથા બંગાળાના કિનારા ઉપર કોઠીઓ સ્થાપવાનો અભિપ્રાય તેણેજ દર્શાવ્યો હતો. એ ઇંગ્લંડ પાછો ફર્યો ત્યારે એશિયામાંથી અપાર સંપત્તિ તે લઈ ગયો હતો. ખરૂં જોતાં હિંદુસ્તાનમાં ચાલતી વેપારની ધામધુમ જાતે જોઈ તેમાં પોતાના લોકોને

(૩) સીક્રેટ કમર્શિઅલ કમિટિ, એટલે ગુપ્ત વેપારી કામ જોનાર મંડળી. એ સને ૧૮૧૫ માં સ્થાપન થઈ હતી.

(૪) કમિટિ ઑફ બાઈ-લૉઝ, એટલે નિયમ ઘડનારી મંડળી.

આ પૈકી પહેલી એટલે સ્ટેન્ડીંગ કમિટિના બાર પેટા વિભાગ હતા, તે નીચે પ્રમાણેઃ—

(અ) પત્ર વ્યવહારની કમિટિ—આ કમિટિનું કામ અતિશય મહત્વનું હતું. પરમુલકમાંથી આવેલા કાગળો તથા સામાનની યાદી વાંચી તે સઘળાનો યોગ્ય નિકાલ કરવાનું, નોકરોની ફરીઆદનો નિકાલ કરવાનું, નોકરોની નિમણુક કરવાનું, ઈત્યાદી કામ આ કમિટિ પાસે હતું.

(બ) દિવાની દાવાની કમિટિ—કંપનીના વ્યવહારમાં લાવવા પડતા દાવાનું કામ આ કમિટિ કરતી.

(ક) લશ્કરના લોકોને મદદ કરનારી કમિટિ—એ સને ૧૭૭૦ માં કલાઇવે સ્થાપી હતી. તેનું કામ લશ્કરમાંના અનાથ લોકોને અથવા તેમની વિધવાને યોગ્ય મદદ આપી તેમની સંભાળ લેવાનું હતું.

(ડ) ટ્રેઝરી કમિટિ—એની પાસે નાણાંનું તથા ખતપત્રો વગેરેનું કામ હતું.

(ઈ) સિવિલ કૉલેજ કમિટિ—એ ઘણી પાછળથી નીમાઈ હતી. હિંદુસ્તાન આવનારા અમલદારોને યોગ્ય શિક્ષણ આપવાનું કામ આ કમિટિ કરતી. ઈન્ડીઅન સિવિલ સર્વિસની આ શરૂઆત ગણી શકાય.

(ફ) લાઇબ્રેરી કમિટિ—કંપનીની આબાદી પછી એ કમિટિ નીમાઈ હતી.

(ગ) ખરીદી તથા વખારની કમિટિ—કંપનીના વેપારનું એટલે માલ વેચવા લેવાનું કામ આ કમિટિ કરતી.

(જ) હિસાબી કમિટિ—સઘળા પ્રકારના હિસાબ રાખવા માટે આ કમિટિ હતી.

(ન) હોમ કમિટિ—સ્થાનિક સવાલોનું નિરાકરણ કરવાનું કામ આ કમિટિ બજાવતી.

કંપનીનો કારભાર કેવી રીતે ચાલતો હતો તે બાબત અગાડી વિવેચન કરવામાં આવ્યું છે. ખરી ઈસ્ટ ઇન્ડીઆ કંપની એટલે સને ૧૬૦૦ માં સ્થાપન થયલી કંપનીજ આખર લગી ટકી રહી એવું કંઈ નહોતું. જુદે જુદે વખતે અનેક કંપનીઓ ઉભી થઈ હતી, તે સઘળાનો અંતર્ભાવ એકજ સંસ્થામાં મળી જઈ આખરે ઈસ્ટ ઇન્ડીઆ કંપનીનું નામ પ્રચારમાં આવ્યું. એ પ્રમાણે આ સંસ્થામાં વખતોવખત થયલા રૂપાંતરનું વર્ણન યોગ્ય સ્થાને આવશે.

કંપનીના ભંડોળના ભાગીદારોને ' પ્રોપાયટર ઑફ્ ધી કંપનીઝ સ્ટૉક ' તથા તેમની સભાને ' કોર્ટ ઑફ્ પ્રોપાયટર્સ ' કહેતા. નામનો સઘળો અધિકાર આ કોર્ટ પાસે હતો, અને તે પૈકી બહુમતે ચુંટી કહડાયલા ચોવીસ આસામીઓની બનેલી ' કોર્ટ આફ્ ડાયરેક્ટર્સ ' અર્થાત્ વ્યવસ્થાપક સભા કાચો કારભાર ચલાવતી. ' કોર્ટ ઑફ્ ડાયરેક્ટર્સ ' ના સભાસદો દરસાલ નવા ચુંટી કહાડવામાં આવતા, અને ' કોર્ટ ઑફ્ પ્રોપાયટર્સ'ની સભા વર્ષમાં ચાર વેળા માર્ચ, જુન, સપ્ટેમ્બર અને ડીસેમ્બર માસમાં ભરાતી. કંપનીના ભંડોળમાં વીસ હજાર રૂપીઆ ભરનારને વ્યવસ્થાપક સભામાં ચુંટી કહડાવવાનો અધિકાર હતો. ડાયરેક્ટરોને બદલવાના હોય ત્યારે ' કોર્ટ ઑફ્ પ્રોપાયટર્સ 'ની બે સભા ભરાતી, અને તેમાં બહુમતીથી કામ ચાલતું. પ્રત્યેક ડાયરેક્ટરને વાર્ષિક ત્રણ હજાર તથા તેમના અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ દરેકને પાંચ હજાર રૂપીઆ પગાર મળતો.

કામના વિભાગ પાડી નાંખી નીચે પ્રમાણે ડાયરેક્ટરોની ચાર પેટા કમિટિ નીમવામાં આવી હતીઃ—

(૧) સ્ટેન્ડીંગ કમિટિ, એટલે હમેશનું કામ કરનારી મંડળી.

(૨) સીક્રેટ પોલિટિકલ કમિટિ, એટલે દરબારમાં ચાલતા ગુપ્ત કામ ઉપર દેખરેખ રાખનારી મંડળી. આ મંડળી પાર્લામેન્ટે સને ૧૭૮૮ માં ખાસ નીમી હતી. કંપની યુદ્ધ કિંવા તહ કરે તેમાં ઇંગ્લંડનું હિત સમાયલું હોવાથી આવા વ્યવહાર ઉપર દેખરેખ રાખી પાર્લામેન્ટ અને પ્રધાન મંડળને જોઈતી બાતમી તથા મદદ આપવાનું કામ આ કમિટિ કરતી.

(૩) સીક્રેટ કમર્શિઅલ કમિટિ, એટલે ગુપ્ત વેપારી કામ જોનાર મંડળી. એ સને ૧૮૧૫ માં સ્થાપન થઈ હતી.

(૪) કમિટિ ઑફ બાઈ-લૉઝ, એટલે નિયમ ઘડનારી મંડળી.

આ પૈકી પહેલી એટલે સ્ટેન્ડીંગ કમિટિના બાર પેટા વિભાગ હતા, તે નીચે પ્રમાણેઃ—

(અ) પત્ર વ્યવહારની કમિટિ—આ કમિટિનું કામ અતિશય મહત્વનું હતું. પરમુલકમાંથી આવેલા કાગળો તથા સામાનની યાદી વાંચી તે સઘળાનો યોગ્ય નિકાલ કરવાનું, નોકરોની ફરીઆદનો નિકાલ કરવાનુ, નોકરોની નિમણુક કરવાનું, ઈત્યાદી કામ આ કમિટિ પાસે હતું.

(બ) દિવાની દાવાની કમિટિ—કંપનીના વ્યવહારમાં લાવવા પડતા દાવાનું કામ આ કમિટિ કરતી.

(ક) લશ્કરના લોકોને મદદ કરનારી કમિટિ—એ સને ૧૭૭૦ માં ક્લાઇવે સ્થાપી હતી. તેનું કામ લશ્કરમાના અનાથ લોકોને અથવા તેમની વિધવાને યોગ્ય મદદ આપી તેમની સભાળ લેવાનું હતું.

(ડ) ટ્રેઝરી કમિટિ—એની પાસે નાણાંનુ તથા ખતપત્રો વગેરેનુ કામ હતું.

(ઈ) સિવિલ કૉલેજ કમિટિ—એ ઘણી પાછળથી નીમાઈ હતી. હિંદુસ્તાન આવનારા અમલદારોને યોગ્ય શિક્ષણ આપવાનું કામ આ કમિટિ કરતી. ઈન્ડીઅન સિવિલ સર્વિસની આ શરૂઆત ગણી શકાય.

(ફ) લાઈબ્રેરી કમિટિ–કંપનીની આબાદી પછી એ કમિટિ નીમાઈ હતી.

(ગ) ખરીદી તથા વખારની કમિટિ—કંપનીના વેપારનું એટલે માલ વેચવા લેવાનું કામ આ કમિટિ કરતી.

(જ) હિસાબી કમિટિ—સઘળા પ્રકારના હિસાબ રાખવા માટે આ કમિટિ હતી.

(ન) હોમ કમિટિ—સ્થાનિક સવાલોનું નિરાકરણ કરવાનું કામ આ કમિટિ બજાવતી.

(૫) લશ્કરી શિક્ષણ કમિટિ.
(બ) નૌકા કમિટિ—એની પાસે વહાણુને લગતી દરેક બાબતની વ્યવસ્થા કરવાનુ કામ હતુ.
(ભ) ખાનગી વેપારની કમિટિ—કંપનીના નામ હેઠળ કંપનીના માણસો તરફથી ચલાવવામાં આવતા ખાનગી વેપાર ઉપર આ કમિટિ દેખરેખ રાખતી.

કંપનીની નોકરીમાં રહેવા ઇચ્છનાર શખ્સનું નામ કોર્ટની રૂબરૂ એકાદ સભાસદ તરફથી મુકવામાં આવતું; ત્યાં તે સ્વીકારવામાં આવતાં તેને નોકરી માટે કંપનીને રીતસર અરજી કરવી પડતી. પછી એવા ઉમેદવારોની પરીક્ષા લેવા માટે હિસાબી કમિટિને લખવામાં આવતું; ત્યાં પાસ થયલા ઉમેદવારોને કોર્ટ ઑફ ડાયરેકટર્સના સભાસદોની બહુમતીથી નોકરીમાં લેવામાં આવતા. એવી વખતે પ્રત્યેક સભાસદ પોતાનો મત કાગળ ઉપર લખી તે કાગળ એક પેટીમાં નાંખતો, અને એ રીતે એકઠા થયલા મતોની ગણત્રી થતી; કોઈ કોઈ વાર હાથ ઉંચા કરી મત લેવાનો પણ પ્રચાર હતો. એ પછી જે ગ્રહસ્થની નિમણુક મંજુર થઈ હોય તેને ડાયરેકટરો રૂબરૂ ઈમાનદારીથી વર્તવાના સોગન લેવા પડતા, અને જામીન રજુ કરવા પડતા. હિંદુસ્તાનમાં ઘણુંખરૂં ત્રણ પ્રકારના નોકર હતા; વેપારી (મર્ચંટ), દુકાનદાર (ફેક્ટર) અને કારકુન (રાઈટર). એ ઉપરાંત કેટલાક નાના છોકરાઓને ઉમેદવાર તરીકે લેવામાં આવતા; તેઓ સાત વર્ષ લગી એક નિષ્ઠાથી ઉમેદવારી કરે તો તેમને કાયમની નોકરી મળતી. કારકુન એટલે રાઈટરને વાર્ષિક પગાર ૧૦૦ રૂપીઆ મળતો, અને તેને ૫૦૦૦ રૂપીઆના જાતમુચરકા આપવા પડતા. ત્રણ વર્ષ દુકાનદારી કર્યા બાદ તેને વરિષ્ઠ દુકાનદાર તરીકે નીમવામાં આવતો, અને બીજાં ત્રણ વર્ષ બાદ તે વેપારી એટલે મર્ચંટની પદવી ઉપર જતો, એવા વેપારીનેજ વખારના મુખીની જગ્યા મળતી, જેનો વાર્ષિક પગાર ૪૦૦ રૂપીઆ હતો. આવી રીતે ઠરાવેલા પગાર ઉપરાંત સઘળાં માણસોને રહેવાની જગ્યા તથા જમવાખાવાનું કંપનીને ખર્ચે મળતું. સને ૧૬૬૦

ઇંગ્લંડ કરતાં હિંદુસ્તાનમાંના નોકરોને ઓછો પગાર મળતો. દાખલા તરીકે વિલાયતમાં ઇન્ડીઆ હાઉસમાંના ચીફ એકાઉન્ટન્ટનો વાર્ષિક પગાર ૨૨૦૦ રૂપીઆનો હતો, ત્યારે સુરતના એકાઉન્ટન્ટને ૧૫૦૦ રૂપીઆ મળતા. ઇંગ્લંડમાંના તીજોરી કામદારને ૧૫૦૦ રૂપીઆ, અને સુરતના કામદારને ૧૦૦૦ રૂપીઆ, ઇંગ્લંડમાંના રાઇટર તથા કાપડના દુકાનના મુખીને ૧૫૦૦ રૂપીઆ મળતા પણ સુરતના તેવાજ અધિકારીને માત્ર ૭૦૦ મળતા. હિંદુસ્તાનમાં ખર્ચ ઓછો થતો ખરો પણ તેમ કંપનીના અમલદારોની જવાબદારી વિશેષ રહેતી. હિંદુસ્તાનમાં કામ કરનારાને વધારે પગાર આપવાનો ઠરાવ ઘણાં વર્ષ પછી અમલમાં આવ્યો.

ક્રૉમ્વેલની સનદ પછી થયલી નવીન વ્યવસ્થામાં સુરતના પ્રેસિડન્ટના હાથ હેઠળ સોળ નોકરોનું મહેકમ વાર્ષિક ૧૧,૧૦૦ રૂપીઆને ખર્ચે રાખવામાં આવ્યું, અને મદ્રાસ તથા બૅન્ટમનો દરેક વખારમાં ૨૦૦૦ રૂપીઆનું મહેકમ રખાયું. બીજા સામાન્ય વસાહત માટે ૧૦૦૦ રૂપીઆનો ખર્ચ નક્કી કરવામાં આવ્યો. એ સિવાય ભોજન તથા રહેવાની જગ્યા સઘળા નોકરોને કંપનીને ખર્ચે મળતા. સઘળાઓ એકી વેળા એકજ ટેબલ ઉપર ભોજન લેતા. પ્રેસિડન્ટનો વર્ષનો પગાર ૫૦૦૦ રૂપીઆ હતો. તે ઉપરાંત ભોજન ખર્ચ માટે માણસ દીઠ વર્ષના ૨૦૦ રૂપીઆ પ્રમાણે બાર માણસોના ૨૪૦૦ રૂપીઆ તથા કિરકોળ ખર્ચ માટે ૨૬૦૦ રૂપીઆ તેને મળતા. પ્રેસિડન્ટના હાથ હેઠળના ત્રણ કૉન્સિલરોને જુદા ઘરમાં સ્વતંત્ર રહેવાની પરવાનગી હતી. નોકરોને મળતા પગાર ઉપરાંત તેમના ઉત્તેજનાર્થે વેપારમાં કંઈક હિસ્સો તેમને માટે રાખવામાં આવતો, અને કોઈ કોઈ વેળા નફામાંથી પણ તેમને ભાગ મળતો. કંપનીનો નોકર ખાનગી વેપાર કરે તો ઠરાવેલી રકમ સુધીનોજ વેપાર કરવાની તેને છૂટ હતી. દાખલા તરીકે સને ૧૬૦૦માં ફૉર્ટનને ૧૦૦૦ રૂપીઆ સાલીઆણું મળતું ત્યારે તેને ૨૦૦૦ રૂપીઆ સુધીનો આગલો વેપાર ખેડવાની પરવાનગી હતી. અને પ્રત્યેક સફર માટે ઉભ કરેલા ભંડોળ કરતાં દુપ્પટ અથવા પાચપટ ફાયદો થાય તો પાનથી વીસ ટકા સુધી નફાનો ભાગ તેને મળતો.

પોતાના નોકરો સદાચરણથી વર્તે એ વિશે હિંદુસ્તાનમાં કંપની તરફથી વિશેષ કાળજી લેવામાં આવતી હતી. નોકરો માટે પ્રાર્થનામંદીરો બંધાયાં હતાં. વિલાયતથી સફર નીકળતી વેળા ઈશ્વરની આરાધના કરવામાં આવતી, અને સફર સુખરૂપ પાછી ફરતાં આભારપ્રદર્શક પ્રાર્થના થતી. હિંદુસ્તાન વગેરે ઠેકાણે રહેનારાં કંપનીનાં માણસો માટે પુસ્તકો તથા પાદરીઓ મોકલવામાં આવતા. સને ૧૬૨૩ માં પીટ્રો ડેલા વ્હેલે, અને સને ૧૬૩૮માં મંડેલ્સ્લોએ સુરતની અંગ્રેજી વખાર પ્રત્યક્ષ જોઈ નોકરોની વર્તણુક તથા સદાચરણ માટે અનુકૂળ અભિપ્રાય પ્રદર્શિત કર્યો હતો. દૂર દેશમાં આવી પડવાથી અંગ્રેજોને ઘણું દુઃખ ઉપજતું; તેઓ દારૂ પીતા, પણ હિંદુસ્તાનની હવામાં તે અનુકૂળ પડતો નહીં. કેટલાક વેપારીઓ ઘણા ચાલાક, તીવ્ર બુદ્ધિના તથા હોંશીઆર તેમજ લડવામાં કુશળ હતા. તોપણ તેમના કેટલાક દુરાચારો માટે કંપનીને હમેશ ધાસ્તી લાગતી. અમર્યાદ મદ્યપાન, ઉદ્દામપણું મુલ્યવાન દાગીના તથા કારચોબી કપડાં પહેરવાની હોંસ, રાતે બહાર ભટકવું, દેવલમાંથી પ્રાર્થના સમયે ગેરહાજર રહેવું, ઇત્યાદિ કેટલાક અવગુણો તેમનામાં હતા. પણ એ કરતાં તેમનામાં સૌથી મોટો દુર્ગણ જુગાર હતો. એ લતમાં ઘણા માણસો પાયમાલ થઈ ગયા હતા. બે ત્રણ વર્ષનો પગાર એક બે કલાકમાં ઉડાવી નાંખવો એ તેમને માટે મોટી વાત નહોતી. એકજ રાત્રીમાં એક પ્રહરથે ૧૦,૦૦૦ રૂપીઆ ખોયાના દાખલા મળી આવે છે. આવાં વ્યસન માટે શિક્ષા કરવામાં કંપનીના અધિકારીઓ આગળ પાછળ જોતા નહીં. પોર્તુગીઝોના અમલમાં જુગારખાનાં કાયદા અન્વય ચાલુ હતાં, અને તેમાંથી સરકારને આવક થતી. પણ આ રીત અંગ્રેજોએ સ્વીકારી નહીં. એ બંધ કરવા માટે સુરતના પ્રેસિડન્ટને હમેશ ધુર્તપણે કામ લેવું પડતું હતું વખતસર વખારમાં ન આવનારને તથા રાત્રે બહાર ભટકનારને વીસ રૂપીઆ એટલે સવા મહિનાનો પગાર દંડ આપવો પડતો. પ્રાર્થનામાંથી ગેરહાજર રહેનારને રવીવાર માટે અઢી રૂપીઆ અને બીજા દિવસો માટે સવા રૂપીઓ દંડ થતો; સોગન ખાવા માટે આઠ આના અને દારૂ પીવા માટે સવા રૂપીઓ દંડ થતો; પારકાં

માણસોને ગાળ દેનારને તથા તેમની સાથે મારામારી કરનારને બે દિવસ સખત મજુરીની કેદ ભોગવવી પડતી. વખારની વ્યવસ્થા એક કુટુંબ સરખી હતી. કુટુંબના મુખ્ય માણસ જેવો વખારનો પ્રેસિડન્ટ હતો. નોકરોનાં સારાં નરસાં કામો લખવા માટે બે જુદી ચોપડીઓ વખારમાં રાખવામાં આવતી. મદ્યપાનથી હિંદુસ્તાનમાં અંગ્રેજો વ્હેલા મરતા. વારંવાર ફાટી નીકળતા અનેક રોગોથી પણ કંપનીના હજારો લોકો મરણ પામતા. આ સમયે દર પાંચ વર્ષે સરાસરી એક ચતુર્થાંશ લોક મરતા એમ કહેવાય છે.

૭. **ખાનગી વેપાર.**—ઉપર કહ્યા પ્રમાણે પગાર સિવાય બીજી રીતે પૈસા મેળવવાની સવળતા કંપનીનાં સઘળાં માણસોને આરંભથીજ કરી આપવામાં આવી હતી. પરંતુ આનું પરિણામ ધારવા કરતાં ઘણુંજ ઉલટું આવ્યું. પગાર માત્ર એક આધાર તરીકે લેખી આસપાસ હાથ મારવો અને પૈસા કમાવવા એવો અભિપ્રાય સઘળા વેપારીઓનો થયો હતો. કંપનીની હસ્તીની શરૂઆતનાં બાર વર્ષ પૃથક ભંડોળની પદ્ધત ચાલુ હતી ત્યાં સુધી આ ખાનગી વેપાર મર્યાદામાં રહ્યો હતો; સામાઇક ભંડોળની પદ્ધત અમલમાં આવતાંજ એ વેપારનો સુમાર રહ્યો નહીં. પહેલ વહેલાં દરેક વહાણ ઇંગ્લંડ પાછું ફરતું એટલે તપાસણી કામદાર ડોવરના બંદરમાં જઈ કંપનીના માલની તથા લોકોના ખાનગી માલની નોંધ કરતો; પણ સામાઇક પદ્ધતિને લીધે આ તપાસણી બંધ પડતાં ખાનગી વેપાર એકદમ અનહદ વધી ગયો. કઈ કઈ જણસોનો ખાનગી રીતે લોકોએ વેપાર ચલાવવો તેની યાદી કરવામાં આવી; પણ આ વેપારથી કંપનીને પુષ્કળ નુકસાન લાગવાથી કાયદા રૂએ તે બંધ કરાવવા કંપનીએ ફરીઆદ કરી. પહેલા ચાર્લ્સ રાજાએ આ બાબતમાં કંઇક સખતીના ઉપાય લીધા હતા. પણ કંપનીની સ્થિતિ ઘણી કઢંગી થયા પછતાં એ સર્વ પ્રસાજો બીન-

ઈગ્લડમા એક ભંડોળનો હિસાબ પુરો કરી તે સફરને અગે રાખેલા નોકરો તથા ખરીદેલો સરસામાન બીજા ભંડોળના માલિકોને સોપવામા આવતો હોવાથી હિંદુસ્તાનમા આવેલા માણુસોના શેર ત્યાને ત્યાં બદલાતા, અને તેમના માહોમાહેના કનડને લીધે હિંદમાના નોકરોનું ફાવી જતુ. નવા ભંડોળવાળા ગમે તેમ કરી પોતાના વહાણો માલથી ભરી પાછા સ્વદેશ તરફ વિદાય થતા, પણુ તેમના અહીં રહેતા નોકરો નકામા બેસી રહેતા, અને તેમના ઉપર કોઈની દેખરેખ નહોતી પાછળથી કપનીને ભંડોળ મળતો અટકી પડતા દર સાલ નવી સફરો ઉપડતી બધ થઈ, ત્યારે આ દેશમાના માણુસોએ નકામો વખત ન ગુમાવતા નિરાળોજ પથ લીધો, અને અહીં જુદા જુદા બદરોનો સ્થાનિક વેપાર શરૂ કર્યો કપનીના જે દસવીસ વહાણો હિંદી મહાસાગરમા રહેતા તે વડે આ લોકોએ પોર્ટુ-ગીઝોની માફક પોતાના ખીસા તર કરવાનો રસ્તો લીધો કપનીના ડાય-રેક્ટરો તેમને દડ કરતા તો તે મુગે મ્હોડે ભરી પોતાનો ધધો તેઓ ચલાવ્યા જતા સને ૧૬૩૫ મા અગ્રેજો તથા પોર્ટુગીઝો જોડાઈ જવાથી બન્નેનો વેપાર સારો ચાલ્યો ઈગ્લડ અને હોલેન્ડ વચ્ચે તકરાર હોવા છતા ખાનગી રીતે અગ્રેજ તેમજ વલદા વેપારીઓનો ધધો એક સરખો ચાલતો હતો ઈગ્લડના કેટલાક લોકો આ ગેરરીતી તરફ ઢાકપીછોડો કરતા કેમકે પોતાની હિંદુસ્તાનમા નિમણુક થતા એજ રીતી સ્વીકારવી પડે તેવી આશામા તેઓ તેનો નિષેધ કરતા નહીં

ચાર્લ્સ રાજાને ફાસી દેવામા આવી ત્યારે અને તે પછી કેટલોક વખત લગી સઘળો વેપાર આખા દેશને માટે ખુલ્લો હોવો જોઈએ એમ લોકોએ આગ્રહપૂર્વક જણાવ્યુ હતુ એ વખતે પણુ ખાનગી વેપારીઓ ઘણા જોર ઉપર આવ્યા હતા કપની પાસે પોતાનો વેપાર ચલાવવા પુરતો ભંડોળ ન હોય તો લોકોએ પોતાની મરજી પ્રમાણે કેમ નહીં ચાલવુ એવી ચર્ચા ચાલુ થઈ હતી એનો ફાયદો અહીંના માણુસોને મળતા ખાનગી વેપાર કરવાનો તેમનો હક છે એમ દરેક જણુ સમજવા લાગ્યુ જે કોઈ વેપારી ઓ ઈગ્લડથી માલ લઈ આ દેશમા આવતા તેમના પ્રતિનિધિ તરીકે

માંથી કંપનીને દર ટન દીઠ પાંચ શિલિંગ એટલે અઢી રૂપીઆ ઉત્તેજન તરીકે મળતા. આવી રીતે સારાં મજબૂત વહાણો બાંધવામાં આવ્યાં ત્યારેજ પોર્ટુગીઝ તથા વલંદાઓ સામે કંપની ટકી શકી. પણ આ વહાણો બાંધવાનો ખરચ ઘણો ભારે પડવાથી તેમજ પહેલા ચાર્લ્સ રાજાના સમયમાં કંપનીની સ્થિતિ ઘણી માઠી થઈ જવાથી, એ કામ પડતું મુકવાની તેને ફરજ પડી, અને અગાઉ માફક લોકોનાં વહાણો ભાડે લઈ વેપાર કરવાનું પુનઃ ચાલુ કર્યું, ક્રૉમ્વેલે કંપનીની વ્યવસ્થામાં સુધારો કર્યો પછી આ પદ્ધતિમાં પણ અનેક ઉપયુક્ત ફેરફાર કરવામાં આવ્યા હતા.

આરંભમાં કંપનીનો સઘળો વ્યવહાર ગુપ્તપણે ચાલતો. સઘળો હિસાબ છુપો રાખી વેપાર કેવો ચાલ્યો છે તે લોકોને નહીં જાણવા દેવાની પુરતી કાળજી રાખવામાં આવતી. વળી વેપારના કામમાં એટલી ભાંજગડ ઉત્પન્ન થતી કે તે વેળાના હિસાબની પદ્ધતિને લીધે તેનો નિકાલ થતો નહીં. એકાદ વહાણ ભરી આણેલા માલ ઉપર કોની માલકી હોય, અથવા હિંદુસ્તાનમાં અમુક કરજ આપવાનું છે તો તે કોણે આપવું, એવા પ્રશ્નનો નિકાલ સુદ્ધાં હિસાબના કાગળ ઉપરથી થઈ શકતો નહીં. અગ્રેજોના વેપારની રીત વલંદાઓ કરતાં સારી હતી, અને અંગ્રેજ કંપનીમાં દરેકને વધારે અધિકાર હતો. તે સમયમાં ઇંગ્લંડમાં થયલી રાજ્યક્રાન્તિનું પરિણામ કંપનીના વેપાર ઉપર વિલક્ષણ થયું હતું. ક્રૉમ્વેલના મરણની ખબર સુરત પહોંચતાં સઘળા અંગ્રેજોએ ઠરાવ કર્યો કે હિંદુસ્તાનથી પાછા ફરતાં સઘળાં વહાણોએ સાથે થઈ જવું; સેન્ટ હેલીના પહોંચતાં સુધી ઇંગ્લંડની સ્થિતિની ખબર ન મળે તો વહાણોએ એકદમ ઇંગ્લંડ નહીં જતાં કિનારે કિનારે ખબર મેળવતાં આગળ વધવું અને પ્રસંગ પ્રમાણે વર્તવું.

# પ્રકરણ ૧૧ મું.

---

## મુંબઈની સ્થાપના અને કંપનીની આબાદી.

### ( સને ૧૬૫૮–૧૬૮૮. )

૧. મુંબઈની સ્થાપના
૨. મુંબઈના પહેલા ત્રણ ગવર્નર
૩ કંપનીના નોકરોની રહેણી.
૪. વેપારની આબાદી.

**૧. મુંબઈની સ્થાપના ( સને ૧૬૬૮ ).**—નાના નાના ટાપુઓના સમૂહનો બનેલો મુંબઈ બેટ મોગલોના અમલ પૂર્વે ગુજરાતના સુલતાનના તાબામાં હતો. પશ્ચિમ કિનારા ઉપર પોર્ટુગીઝ લોકો યુદ્ધ પ્રસંગે આવતા ત્યારે વારંવાર આ બેટ ઉપર ઉતરતા, કેમકે અહીંઆં વહાણો માટે અનુકૂળ પડે તેવી પુષ્કળ જગ્યાઓ હતી એ વેળા મુંબઈ બેટ વસઈ સંસ્થાનને લગતો હોવાથી સને ૧૫૩૪ માં તે પણ વસઈની સાથે પોર્ટુગીઝોના તાબામાં ગયો* ત્યારે તેમણે આ બેટમાંની સઘળી જમીન ઠરાવેલે દરે જુદા જુદા લોકોમાં વહેંચી આપી તે વખતે એ બેટની ઉપજ ૧૭૦૦ રૂપીઆ હતી, અને લોક સંખ્યા દસ હજાર હતી. પોર્ટુગીઝ, દેશી ખ્રિસ્તી, થોડા બ્રાહ્મણ, પરભુ, કોળી, ભંડારી, કણબી, કોકણી મુસલમાન ઇત્યાદિ જાતિના લોકો તે વખતે મુંબઈમાં રહેતા હતા; પારસીઓ પાછળથી આવી વસ્યા હતા. પોર્ટુગીઝોએ અહીં ખ્રિસ્તી ધર્મનો પ્રસાર એકે સપાટે કરવા માટે અડગ પ્રયત્ન કર્યો હતો; પરંતુ જો એ ભાંજગડમાં ન પડતાં તેઓએ માત્ર વેપારના કામ માટે આ બેટનો સદુપયોગ કર્યો હોત તો તેમની સત્તા જે ઝડપથી નાશ પામી તેમ થાત નહીં. ધર્માંધપણાના વ્હોમાં તણાઈ તેઓએ આખો બેટ પોતાનાં દેવળોથી ભરી નાંખ્યો હતો, અને પાદરીઓની સત્તા સર્વત્ર જામતાં તેમના હાથમાંથી કંઈ પણ બચવા પામ્યું નહીં. હિંદુ તથા મુસલમાનોને અનેક રીતે જેઝુઈટ પંથના લોકોએ હેરાન કર્યા. આવાં કારણોને લીધે પોર્ટુગીઝ અમલમાં મુંબઈ આબાદ થયુ નહીં.

---

* પાનું ૧૨૩ મું જુઓ.

એમ છતાં પોતે સ્થાપવા ધારેલા સ્વરાજ્યના રક્ષણ માટે આ બેટ ઘણોજ ઉપયુક્ત છે એમ પોર્ટુગીઝો સમજી શક્યા હતા, અને અંગ્રેજો મૂળથીજ તે લેવાને માટે લોભી બન્યા હતા.

સને ૧૬૬૦ માં જેમ્સ રાજાના થયલા શિરચ્છેદ પછી તેનો દીકરો બીજો ચાર્લ્સ ઇંગ્લંડની ગાદીએ આવ્યો ત્યારે આખા દેશનો અગાધ પ્રેમ તેની પ્રત્યે ઉશ્કેરાયો હતો. આ પ્રેમવમળમાં જનસમૂહની સાથે કંપની પણ તણાઈ હતી, અને રાજાને દેવના જેવી ભક્તિથી પૂજવા લાગી હતી. કંપની તરફથી તેને વારંવાર મોટી ભેટ સોગાદો મળવા ઉપરાંત પ્રસંગોપાત કર્જે નાણું મળતું. આ પ્રમાણે ચાર્લ્સ રાજાને મળેલા કુલ્લે સત્તર લાખ રૂપીઆના બદલામાં તે કંપનીને વખતોવખત સહાય કરી તેની અડચણો દૂર કરતો. તેણે પોતાની કારકિર્દીમાં આપેલી એકંદર પાંચ સનદોની રૂએ કંપનીને પુષ્કળ નવો અધિકાર મળ્યો હતો. ચાર્લ્સ રાજા તખ્તનશીન થયો ત્યારે વેપાર કરવા સિવાય બીજી સત્તા કંપની પાસે હતી નહીં. પણ સ્વતંત્ર સિક્કા પાડવાનો, કિલ્લા બાંધી આસપાસના મુલકના લોકો ઉપર હકુમત ચલાવવાનો, યુરોપિયન તેમજ દેશી લશ્કર ઉભું કરવાનો, દારૂગોળા વગેરે યુદ્ધ સામગ્રી તથા જરૂર પડે તેટલા લોકોને ઈંગ્લંડમાંથી પરદેશ લઈ જવાનો, બહારના દેશોમાં યુદ્ધ કરવાનો તથા પરરાજ્યો સાથે તહ કરી નવીન સંબંધ જોડવા વગેરેનો અધિકાર, જે હમેશ રાજા પોતેજ ભોગવી શકતો તે સઘળો તેણે કંપનીને આપ્યો, એ સિવાય પોર્ટુગીઝ, વલંદા વગેરે પરદેશી શત્રુઓને તેમજ કંપનીના હિત વિરૂદ્ધ કામ કરનારા અનેક અંગ્રેજ ગ્રહસ્થોને દબાવવામાં રાજા સાથેનો સંબંધ કંપનીને ઘણો ઉપયોગી નીવડ્યો. એથી ઉલટું જ્યારે રાજા મુશ્કેલીમાં આવી પડતો ત્યારે તેને કંપનીનો ખપ પડતો. હોલેન્ડ વિરૂદ્ધ ઉઠાવેલી ખટપટમાં બીજા ચાર્લ્સ રાજાનો મુખ્ય આધાર ફ્રાન્સ ઉપર હતો. પરંતુ ઈંગ્લંડને ફ્રાન્સ જેવા રોમન કૅથૉલિક રાષ્ટ્રનો સ્નેહ પ્રતિકૂળ હોવાથી તેને પ્રૉટેસ્ટંટ ધર્મી વલંદાઓની મૈત્રીની ખાસ જરૂર હતી. ચાર્લ્સ રાજા અંદરખાનેથી પ્રૉટેસ્ટંટ ધર્મની સામા હોવાથી ફ્રાન્સના રાજા સાથે તેણે ગુપ્તપણે ગોઠડી રાખી હતી. આ કામમાં કંપની-

ની વૃત્તિ પણ રાજાના જેવીજ હતી એમ્બોયનાની કતલ પછી વલંદાઓ તરફ તેનુ ઝનુની વેર ઉકળી રહ્યું હતુ, અને અંગ્રેજોની કતલ તેના મનમા હજી સુધી એક સરખી સાલ્યા કરતી હતી આ ઉપરથી કંઈ પણ બાબતની પરવા કર્યા વિના કંપની દરેક વિષય રાજાની અનુયાયી થઈ તે માટે તેને ઈનિ સાફ મળ્યા વગર રહ્યો નહી બીજા ચાર્લ્સ રાજાના શરૂઆતના કામો ક્રૉમ્વેલે કરેની ગોઠવણને ઉથલાવી પાડવાના પ્રત્યક્ષ હેતુથી ઉપાડવામા આવેલા હોનાથી તેણે સને ૧૬૬૧ મા ક્રૉમ્વેલની સનદ રદ કરી, અને ઇલિઝાબેથ તથા પહેલા જેમ્સ રાજાએ આપેલી સનદોને ધોરણે કંપનીને નવી સનદ કરી આપી એમ છતા ભાષામા ફેરફાર કરવા ઉપરાંત ક્રૉમ્વેલે કરેની વ્યવસ્થા ચાર્લ્સ તોડી શક્યો નહીં પોતે બક્ષેલી સનદની રૂએ રાજાએ કંપની ના વ્યવસ્થાપકોમા પોતાની મરજીના કેટલાક માણસો દાખલ કર્યા, અને તેમને માટે માન્યાર્થ સબોધન છૂટથી ઉપયોગ કર્યો વળી ક્રૉમ્વેલે કંપની ને દરેક સફરમા ત્રણ લાખ રૂપીઆ લગીની રોકડ રકમ ઇંગ્લંડની બહાર લઈ જવાની પરવાનગી આપી હતી તે હદ વધારી રાજાએ પાચ લાખ રૂપીઆની કરી આપી

વલંદાઓ સાથેની ચાલુ તકરારને ઉગ્રરૂપ આપનાર કારણો થોડા નહોતા ચાર્લ્સ રાજાના ભાઈ જેમ્સે આફ્રિકાના કિનારા ઉપર વેપાર કરવા ના હેતુથી નવી કંપની સ્થાપવાથી અંગ્રેજોને વલંદાઓ તરફનો ત્રાસ નડવા લાગ્યો અહીં પોર્ટુગીઝ લોકોને પણ તેમની તરફનો ઉપદ્રવ નડતો હતો, એટલે પડતી અડચણો દૂર કરવા માટે તેમણે અંગ્રેજોનો આશ્રય લીધો આમ કરવામા તેમનો આશય ઘણો ઉંડો હતો કારણ જો પશ્ચિમ કિનારા ઉપર પણ અંગ્રેજોનો પગદંડો જામે તો ત્યાથી વલંદાઓનો પ્રતિકાર કરવા માં પોતાને એ પ્રજાની મદદ મળશે પણ તેમને આશા હતી, અને તેથી તા ૨૩ મી જુન સને ૧૬૬૧ ને દીને પોર્ટુગલના રાજાએ બીજા ચાર્લ્સ રાજા સાથે લગ્ન મુકામે તહનામુ કર્યું એની રૂએ પોર્ટુગલના રાજાની છોકરી કેથેરાઈનને ચાર્લ્સ સાથે પરણાવવાનુ તથા ભેટ તરીકે મુબઈ અને આજુબાજુના ટાપુઓ ચાર્લ્સને આપવાનું ઠર્યું. આ પછી પૂર્વ

તરફના વેપારના સંબંધમાં વલંદા તથા અંગ્રેજો વચ્ચે ફરીથી જે યુદ્ધ શરૂ થયું (સ. ૧૬૬૫–૬૭) તેમાં પાર્લામેન્ટે પાણીની માફક પૈસો ખરચ્યો તોપણ ઈંગ્લંડને યશ મળ્યો નહીં. હિંદુસ્તાનમાં તે વેળાએ મોગલ બાદશાહ ઔરંગજેબે ઉભય પ્રજાને લડવાની મનાઈ કરવાથી અંગ્રેજો બચી ગયા, નહીંતર અહીં પણ તેમની કંપની ઉખડી જતે. મોગલ સત્તાની હદની બહારના પ્રદેશમાં વલંદાઓ સર્વોપરી હોવાથી તેઓએ કૅલિકટ, કોચીન, પુલરૂન વગેરે કબજે કર્યાં. આ ઉપરથી અંગ્રેજો અને તેમની વચ્ચે યુદ્ધ શરૂ થાય તે અગાઉ, મસાલાના ટાપુઓમાં જેવી આપણી હાલત થઈ તેવીજ હિંદુસ્તાનમાં પણ થશે કે શું એવી સુરતમાંની અંગ્રેજ કોઠીના પ્રેસિડન્ટને ધાસ્તી પડી. પણ એ બેઉ પ્રજા વચ્ચે યુરોપમાં ચાલેલાં યુદ્ધનો સને ૧૬૬૭ માં બ્રેડા આગળ થયલા કોલકરારથી અંત આવ્યો. એ કરારની રૂએ પૂર્વમાંના દ્વીપસમૂહ ઉપર સઘળે ઠેકાણે વલંદાઓનું ઉપરીપણું મંજુર થયું. આ મુજબ ચાર્લ્સ રાજાનો અપજશ થવાથી તે ગભરાઈ ગયો. મુંબઈ બેટ તેને નકામો પડ્યો, બેટ મળતાં તે તાબે લેવા માટે સને ૧૬૬૨ માં તેણે પાંચ વહાણોમાં ચારસો અંગ્રેજો મોકલ્યા હતા, પણ અનેક રોગોથી પીડાઈ તેમાંનો મોટો ભાગ મરણ પામવાથી, ત્રણ વર્ષે માત્ર ૯૭ આદમીઓ મુંબઈમાં ઉતર્યાં. એના વહિવટ માટે પાંચ વર્ષમાં રાજાએ ત્રણ ગવર્નર મોકલ્યા, પણ તે ત્રણે નાલાયક, તકરારી તથા આપમતલબી નીકળ્યા.

મુંબઈ બેટ અને ટાપુ એ સંજ્ઞામાં થાણા તથા સાષ્ટીનો સમાવેશ થતો કે નહીં, એ બાબત પોર્ટુગીઝ અને અંગ્રેજો વચ્ચે તકરાર ઉપસ્થિત થઈ હતી, છતાં પણ એ પ્રાંતો તે વેળા અંગ્રેજોના તાબામાં આવ્યા નહોતા. માત્ર મુંબઈ બેટ ચાર્લ્સ રાજાને મળ્યો, પણ તેનો કંઈ ઉપયોગ થયો નહીં; અને વિના કારણ તે ઉપર તેને ભારે ખરચ કરવો પડતો. સુરતના અંગ્રેજ અને ગોવાના પોર્ટુગીઝ વચ્ચે વિના કારણ વિરોધ થવાથી મરાઠા તથા મોગલની સ્વારીઓ સામે પોતાનો બચાવ કરવાનું બન્નેને મુશ્કેલ લાગ્યું. આથી મુંબઈની નડતર કહાડી નાખવાનું રાજાના મનમાં આવતાં કંપનીને મુંબઈ જોઈતું હોય તો લેવા કહ્યું. કંપનીનો ડોળો એ ટાપુ ઉપરજ

હતો. શિવાજીએ સુરત લૂટયું ત્યારથી અંગ્રેજોને પોતાના બચાવ માટે ધાસ્તી પડી હતી. મોગલો તરફથી તેમને જોઈએ તેવો આશ્રય મળતો નહીં, અને અનેક શત્રુ સામે લડવામાં તેમની શક્તિનો હદપાર વ્યય થતો. આવી હકીકતમાં સુરત છોડી મુંબઈ જવાથી સઘળા ત્રાસમાથી છૂટકો થશે એવું કંપનીના અમલદારોને લાગ્યું. વળી તેમને સહજ જણાયું કે મુંબઈમાં બંદરની યોગ્ય વ્યવસ્થા કરવાથી કિનારા ઉપર તેમજ પરદેશમા કંપનીની હાક વાગશે, વલંદા તથા પોર્ટુગીઝો ઉપર નજર રાખવા માટે તથા પશ્ચિમ કિનારા ઉપરનાં બંદરોના માહોમાહેના વેપાર માટે અગ્રેજ વેપારીઓને તે જગ્યા ઘણી સગવડભરી થઈ પડશે, અને એ ટાપુ મોગલ રાજ્યની હદની બહાર હોવાથી ત્યા જરૂરની કિલ્લેબંધી કરી બચાવનાં બાંધકામ ઉભાં કરવાનું કંપનીને અનુકૂળ પડશે. મુંબઈ બેટ મેળવવા માટે સને ૧૬૨૬ થી કંપનીનો પ્રયત્ન ચાલુ હતો; સુરતની કૌન્સિલ માટેનાં વહાણો વસઈમાં બંધાતાં હતા, અને ૧૬૫૨–૫૩ મા મુંબઈ તથા વસઈ પોર્ટુગીઝો પાસેથી વેચાતાં લેવા કંપની મહેનત કરતી હતી. પણ સને ૧૬૬૬ મા જ્યારે ચાર્લ્સ રાજાએ એ બેટ વેચાતો લેવા કંપનીને કહ્યું ત્યારે ઓછી કિંમતમાં પડાવી લેવાની મતલબથી 'મુંબઈનો અમને કંઈ ખપ નથી, તે માટે અમને નકામો ખરચ કરવો પડે માટે અમારે તે જોઈએ નહીં' એવું જુઠું કહેણ તેણે રાજાને મોકલ્યું. કેટલીક વિષ્ટી પછી આખરે દર વર્ષે દસ પૌંડ એટલે ૧૦૦ રૂપીઆ ભાડા તરીકે રાજાને આપવાના કરારથી મુંબઈ બેટ સને ૧૬૬૮ માં તા ૨૩ મી સપ્ટેમ્બરે કંપનીના સ્વાધીનમાં આવ્યો.

રાજાનો આ બાબતનો હુકમ સુરતના અધિકારીને તા. ૧ લી સપ્ટેમ્બર ૧૬૬૮ ને દીને મળતાં ત્યાના ગવર્નર ઑક્સેન્ડને ગુડિઅર (Goodyer) તથા સર સ્ટૅનશમ માસ્ટરને મુંબઈ મોકલી ગેરી (Gary) પાસેથી બેટનો કબજો મેળવ્યો. એ પછી ઑક્સેન્ડને મુંબઈ આવી કામની વ્યવસ્થા માટે નવા નિયમો કરી તેનો અમલ કરવા માટે એક અધિકારી નીમ્યો. એ પછી તરતજ એ મરણ પામવાથી વધુ વ્યવસ્થા કરવાનું ઑંજીઅરને માથે

પડયું. મુંબઈનું બંદર ઉત્કૃષ્ટ છે, અને તેના ઉપર આપણી સત્તા હોવાથી ત્યાં મોગલોનો ઉપદ્રવ થશે નહીં એવા અનેક ફાયદા કંપનીના અમલદારોને તરતજ જણાવવા લાગ્યા.

સુરતનો પ્રેસિડન્ટ ઑક્ઝીઅર મુંબઈનો ગવર્નર તથા કમાન્ડર-ઇન-ચીફ થયો ત્યારે તેણે તે સ્થળ સુધારવા માટે અનેક ઉપાયો કર્યા. એણે પોર્ટુગીઝોએ બાંધેલી ધર્મજાળ તોડી નાંખી, વેપારીઓને કામધંધા માટે સગવડ કરી આપી, રાજ્યકારભારની વ્યવસ્થા કરી, ટંકશાળ બાંધી અને કિલ્લેબંધી કરવાની યોજના ઘડી કહાડી. સને ૧૬૬૬ ની ભયંકર આગમાં લંડન શહેરનો નાશ થવા પછી તે ફરીથી બાંધવા માટે જે નકશા તથા નિયમો તૈયાર થયા હતા તેની નકલો કંપનીના ડાયરેક્ટરોએ મુંબઈ શહેર બાંધવા માટે હિંદુસ્તાન મોકલી હતી. રાજા તરફના જે કંઈ થોડા અંગ્રેજો અહીં હતા તેમાંથી શહેરનાં સંરક્ષણ માટે એક લશ્કર ઉભું કરવામાં આવ્યું હતું. એ અંગ્રેજોને કેટલીક સરતે મુંબઈમાં ઘરબાર કરી રહેવાની પરવાનગી આપવામાં આવી હતી. એ સિવાય મુંબઈની વસ્તી વધારવા માટે ઈંગ્લંડથી વીસ નિર્વ્યસની સ્ત્રીઓ લાવી પ્રૉટેસ્ટંટ ધર્મના અંગ્રેજપુરૂષો સાથે તેમનાં લગ્ન કરાવી આપવાનું નક્કી થયું હતું. ત્રણ વર્ષમાં મુંબઈની વસ્તી ઘણી વધી. અહીં રહી કુક્કર તથા કબુતર પાળવાનો ઘણા અંગ્રેજોને શોખ લાગ્યો હતો. શરૂઆતનાં એક બે વર્ષનો પગાર આગ ઉપર આપી કંપનીએ કેટલાક કારીગરોને મુંબઈ લાવવાનો બંદોબસ્ત કર્યો; તેવીજ રીતે બહાર ગામના વણકરોને ખાસ મુંબઈ બોલાવી તેમની પાસેથી પોતાના હસ્તકના કોઠારમાંથી રૂ આપી કાપડ વણાવી લેવાની ગોઠવણ કરી ગોવામાં વણાતાં પગનાં મોજાંનો ખપ ઈંગ્લંડમાં સારો થતો હોવાથી તે કામ જાણનારા લોકોને મુંબઈ બોલાવ્યા; સુરતના શ્રીમંત વાણીઆ અને વેપારીઓને ખાસ સરળતા કરી આપી ત્યાં વસવાટ કરવાની ગોઠવણ કરી. એ લોકોમાં દીવનો નીમો પારેખ અગ્રેસર હતો. તે પ્રથમ આવ્યો ત્યારે કોઈ પણ તેને ત્રાસ દે નહીં તથા તેના વેપાર, ધર્મ તથા વ્યવહારમાં કોઈ આડે આવે નહી તે બાબત કંપનીએ તેને લેખી જામીનગીરી આપી હતી.

આ પ્રમાણે સર્વ રીતે મુંબઈ સુધારવા માટે કંપનીએ ઝપાટાબંધ પ્રયત્ન કર્યા. સુરતના દેશી વેપારીઓ મુંબઈ જવા કબુલ નહોતા, કેમકે ત્યાંના પ્રેસિડન્ટ ઉપર તેમનો ભરોસો નહોતો. ઈંગ્લંડથી કંપનીની મુખ્ય કોર્ટ મારફત સંરક્ષણનું અભિવચન મળે નહી ત્યાં સુધી મુંબઈ જવાની તેઓ ના પાડતા. એ બેટની હવા પણ તે વખતે અતિશય ખરાબ હતી. જ્યાંત્યાં લોકો ખુજળીથી પીડાતા અને મહામારી તથા તાવથી ટપાટપ મરતા. પાંચ વર્ષમાં ૫૦૦ માંથી ૪૦૦ યુરોપિઅનો ગુજરી ગયા હતા; અને સને ૧૬૭૫ ના ચાર મહિનામાં ૧૦૦ અંગ્રેજ સિપાઇઓ મરણને શરણ થયા હતા. આથી ત્યાં કામ ઉપર જવાને કોઈ હિંમત કરતું નહી. પેટમાં દુઃખવાનું, મરડો અને તાવ એ મુખ્ય વિકાર હતા; પણ આ સઘળા રોગો યુરોપિયન વસ્તીમાં જોરથી ફાટી નીકળવાનાં કારણ તેમની અમર્યાદ દારૂ પીવાની લત તથા વ્યભિચાર હતાં.

ઑઞ્જીઅરનાં મરણ પછી ઉપસ્થિત થયલા માંહોમાંહેના કલહ, યુદ્ધ, અહીંના વેપાર માટે જુદી જુદી કંપનીઓની તકરાર અને મોગલ, મરાઠા, આંગ્રે, જંજીરાના સીધી, આરબ ઈત્યાદિ લોકોએ કરેલા ઉપદ્રવ એ સઘળાંને લીધે હવે પછીનાં પચાસ વર્ષમાં મુંબઈની અતિશય દુર્દશા થઈ, અને તેને પરિણામે સને ૧૭૧૮ માં મુંબઈની લોકસંખ્યા ૬૦,૦૦૦ થી ૧૬,૦૦૦ જેટલી ઘટી ગઈ. મુંબઈમાં જ્યાં ત્યાં કાદવ હતો; કોલાબાથી માહિમ લગી નાના નાના સાત બેટો હતા. હાલની પાયધુની આગળ એક ખાડી હતી તેમાં પગ ભીના થયા વિના મુંબાદેવીનાં દર્શણ કરવા જવાતું નહીં, તેથી તે જગ્યાનું નામ પાયધુની પડ્યું. તેવીજ રીતે ઉમરખાડી, ભીંડીબજાર વગેરે લત્તો પાણીમાં હતો; અને હમણાના કામાટીપુરામાં તે વખતે હોડીઓ ફરતી. સને ૧૬૭૫ માં મુંબઈનું એકંદર ઉત્પન્ન સુમારે એક લાખ રૂપીઆ હતું.

મુંબઈની વસાહત સંબંધી બે શબ્દ લખવા જરૂરના છે. હિંદુસ્તાનમાં ઈંગ્લંડના પ્રત્યક્ષ સ્વામિત્વ હેઠળ આવેલું પહેલું ઠેકાણું મુંબઈ છે. બીજાં કેટલાંક થાણાંઓ કંપનીના તાબામાં હતાં પણ ત્યાંની સત્તા ઘણું ખરૂં દેશી રાજાઓની મરજી ઉપર અવલંબી રહી હતી. ઔરંગઝેબ બાદશાહે તે વેળ

આ યુરોપિયન લોકોની હીલચાલ તરફ કંઈ પણ લક્ષ આપ્યુ નહીં, ઉલટુ બાદશાહનું મુર્ખપણુ હિંદુસ્તાનની રાજ્યક્રાન્તિનુ કેવી રીતે કારણ થઈ પડયુ તેનું ઉત્કૃષ્ટ ચિત્ર આ મુબઈના વૃત્તાંતથી દેખાઈ આવે છે ઔરંગઝેબ સરખા શાણા, અક્કલબાજ અને આટલા મોટા રાજ્યના માલીક પોર્ટુગીઝ, વલંદા તથા અગ્રેજોને પોતાના કિનારા ઉપર બીનઅડચણે ઉતરવા દીધા, તેમની મૂળ શક્તિ કેવી છે, તેમના માહોમાહેના દાવપેચ કેવા છે, તેમણે ઉપાડેલા ઉદ્યોગનુ પરિણામ શુ આવશે એ સઘળું સમજવાનો પ્રયત્ન કરવાનું બાજુએ રાખી તેમના કામ પ્રત્યે તદ્દન અખાડા કર્યા એજ તેની મોટામાં મોટી ભૂલ હતી. આરમાર બાબત વિચાર કરીએ તો આરબોએ સો વર્ષ સુધી પોર્ટુગીઝો સાથે પોતાના કાફલાની મદદથી બાથ ભીડી હતી એ મુસલમાન જાતભાઈનાં પરાક્રમની વાત ઔરંગઝેબ બાદશાહને ખબર ન હોય એ સંભવિત લાગતુ નથી આરબોને મોગલ બાદશાહે પૈસાની તેમજ બીજી મદદ કરી હોત તો પોર્ટુગીઝ વગેરે પાશ્ચિમાત્ય પ્રજાનો પોતાના કાફલાથી બદોબસ્ત કરવાનુ તેને માટે અશક્ય થતે નહીં એ વાત બાજુએ રાખીએ તોપણુ વિજાપુર અને ગોવળકોન્ડાના મુસલમાની રાજ્યોનો નાશ કરી, પૂર્વ તથા પશ્ચિમ કિનારા ઉપર યુરોપિયન લોકોને જે થોડો ઘણો ધાક હતો તે ઔરંગઝેબે નિર્મૂળ કર્યો પોર્ટુગીઝ લોકોએ અગ્રેજોને મુબઈ બેટ આપ્યા પછી તેઓ પોતાનો કાફલો ઉભો કરી તથા બીજી રીતે તે ટાપુને કિલ્લેબધી કરી પશ્ચિમ કિનારા ઉપર પોતાનો પાયો મજબૂત કરતા હતા, અને તેથી કરીને સુરત વગેરે અગત્યનાં શહેરોમાના મોગલ સત્તાધિકારીઓને તેઓ જાણે ધમકાવતા, એ સઘળુ બાદશાહ પચીસ વર્ષ દક્ષિણમાં રહેલો હોવાથી તેનાથી જોઈ શકાય તેમ હતુ પરતુ તેનો કંઈ પણ પ્રતિકાર કરવા કરતાં ઉલટો તેમને પોતે કેટલીક સવળતા કરી આપી ઉત્તેજન આપતો.

મુબઈમા ઠામ પડયા પછી ત્યાથી ઠેઠ ઇગ્લડ લગી કિનારે કિનારે પોતાનો રસ્તો સહિસલામત રાખવા માટે અગ્રેજોએ ઉપાડેલો ઉદ્યોગ તેમની ધૂર્તતાની સાક્ષી પુરે છે આફ્રિકાના દક્ષિણ છેડાપર આવેલો કેપ ઑફ

ગુડ હોપનો મુલક પ્રથમ પોર્ટુગીઝોના તાબામા હતો, તે સને ૧૬૫૨ મા વલદા લોકોએ કબજે કર્યો સને ૧૬૦૩ મા કૅપ્ટન લૅંકેસ્ટર સેન્ટ હેલીના ના ટાપુ ઉપર ઉતર્યો હતો પણ તે સને ૧૬૪૫ મા વલદા લોકોએ હસ્તગત કર્યો ત્યા વસાહત સ્થાપવાનો એ લોકોએ સાત વર્ષ લગી પ્રયત્ન કર્યો તેમનુ પણ કંઈ ન વળતા ત્યાથી નિરાશ થઇ સઘળા કેપના મુલકમા જઈ રહ્યા એ પછી અનેક વેળા વલદા તથા અંગ્રેજો વચ્ચે ઝપાઝપી થયા બાદ આખરે સને ૧૬૭૩ માં સેન્ટ હેલીના અંગ્રેજોને મળ્યુ મુબઈની માફક એ ટાપુનો સર્વ અધિકાર રાજાએ કપનીને સ્વાધીન કર્યો, અને એ બન્ને ઠેકાણા ઈંગ્લડના અગ્નિ કોણ ઉપરના કૅંટ કાઉન્ટીમા નામના દાખલ કરવામા આવ્યા અગ્રેજ વહાણો માટે સેન્ટ હેલીના અડધે રસ્તે ઉતારો લેવાની જગ્યા થઈ કેપનો મુલક અંગ્રેજોના હાથમાં આવતા કેટલોક કાળ નીકળી ગયો ( સને ૧૮૦૬ )

બીજા ચાર્લ્સ રાજાનો કપનીને સારો ટેકો હતો, અને કપની પણ પૂર્ણપણે તેની મરજી અનુસાર ચાલતી હતી તોપણ અન્ય કારણોને લીધે કપનીના કારભારમા પુષ્કળ બખેડા થયા ક્રૉમ્વેલે કરેલી વ્યવસ્થા પ્રમાણે તેની તરફથી પ્યુરિટન પથના ઘણા માણસો હિંદુસ્તાન મોકલવામા આવ્યા હતા બીજો ચાર્લ્સ ગાદીએ આવતા બાજી ફેરવાઇ ગઇ, અને રાજાએ ધીમે ધીમે પોતાના કામદારો મોકલવા માડ્યા, એમ કરી પ્યુરિટન અનુયાયીઓએ ઉપાડેલા કામને નિષ્ફળ ઉતારવાનો તેનો હેતુ હતો ફ્રાન્સ અને હોલેન્ડ સાથે ચાર્લ્સ રાજાએ જે પ્રકારનો વ્યવહાર ચલાવ્યો હતો તે અગ્રેજ પ્રજાને પસદ નહોતો છતા માહોમાહે લડાઈ ન કરતા બન્ને પક્ષો ગમે તેમ કરી સલાહસપથી રહ્યા કપનીના ગવર્નરે એ વર્ષથી વધારે વખત કામ ઉપર નહીં રહેવુ એવો નવો નિયમ અમલમા મુકાતા કપનીના કારભારમા અવ્યવસ્થા ઉત્પન્ન થઈ, અને તેની અસર મુખ્ય કરીને મુબઈ તથા સેન્ટ હેલીના ઉપર થઈ

સને ૧૬૬૮ મા મુબઈ બેટ કપનીના તાબામા આવ્યો ત્યારે ત્યાની અગ્રેજ ફોજના સરદાર કુકે બખેડો કર્યો હતો એ પછી સને ૧૬૭૪ માં

સઘળા અંગ્રેજ સિપાઈઓએ બંડ ઉઠાવ્યું હતું, પણ બંડખોરોને સખત શિક્ષા થતાં તે દબાઈ ગયું. સને ૧૬૮૩ માં રિચર્ડ કૅગ્વિન નામના કાફલા ઉપરના એક અધિકારીએ મુંબઈના ડેપ્યુટી ગવર્નરને કેદ કરી સઘળો કારભાર પોતાના હાથમાં લીધો, અને નામે જાહેરનામું કહાડયું કે તે રાજાનું માન રાખી બંડખોર લોકોને યોગ્ય શાસન કરશે. આવી રીતે એક વર્ષ લગી તેણે મરજીમાં આવે તેમ તોફાન કરવાથી કંપનીનો અધિકાર નાશ પામતો હતો કે શું એમ સર્વ કોઇને લાગ્યું. સુરતના પ્રેસિડન્ટને પણ કેદમાં પુરવાનો કૅગ્વિન વિચાર કરતો હતો એટલામાં ચાર્લ્સ રાજાએ પોતાની સહીનો હુકમ મોકલી તેને કેદ પકડાવ્યો, પણ પાછળથી તેને માફી આપી છોડી મુકવામાં આવ્યો. મદ્રાસમાં પણ આવું તોફાન સને ૧૬૬૫ પછીનાં ત્રણ વર્ષ ચાલુ હતું. સેન્ટ હેલીનામાં સને ૧૬૭૩ થી સને ૧૬૮૪ સુધી અનેક પ્રકારનાં તોફાનો અંગ્રેજ રહેવાસીઓમાં તથા ત્યાંના અધિકારીઓમાં થયાં હતાં, આવી ગડબડાટના સમયમાં સને ૧૬૮૫ માં બીજો ચાર્લ્સ રાજા મરણ પામ્યો, અને તેનો ભાઈ બીજો જેમ્સ ગાદી ઉપર આવ્યો ત્યારે બંડખોરોને સખત શિક્ષા કરવામાં આવી.

**૨. મુંબઈના પહેલા ત્રણ ગવર્નર.**—અંગ્રેજોએ મુંબઈમાં નવું થાણું કરી ત્યાંનો બંદોબસ્ત કર્યો. એ વાત વલંદા લોકોને રૂચી નહીં. આ પ્રમાણે મુલક કબજે કરવાની પદ્ધત તેમણેજ માત્ર સ્વીકારી હતી. અદ્યાપી શરૂઆતમાં કંપનીને નડેલી અનેક અડચણો છતાં તે વેળા હિંદુસ્તાનમાં આવેલા બે ત્રણ અધિકારીઓનાં ડહાપણ તથા બીજા ઉત્તમ ગુણોને લીધે કંપની ટકી રહી હતી. નવીન સંજોગોને લઇને તેના અમલદારોને રાજ્ય કરવાનો કસબ શિખવો પડયો અને તેઓ તે પૂર્ણ રીતે શિખ્યા. સને ૧૬૬૨ થી ૧૬૯૦ સુધી સુરતનો કારભાર ત્રણ પ્રેસિડન્ટોએ ચલાવ્યો હતો:—સર જ્યોર્જ ઑકસેન્ડન (Sir George Oxenden), જીરાલ્ડ ઑંજીયર (Gerald Aungier) અને સર જૉન ચાઇલ્ડ (Sir John Child)

**સર જ્યોર્જ ઑકસેન્ડન**—એનો જન્મ સને ૧૬૨૦ માં થયો હતો. ક્રૉમવેલના વખતમાં એ કંપનીની નોકરીમાં દાખલ થયો અને બીજા

ચાર્લ્સના રાજ્યારોહણ પછી તેને સરનો ખિતાબ તથા સુરતના પ્રેસિડન્ટની જગ્યા મળી (સને ૧૬૬૨). તેના વાર્ષિક ૮૦૦૦ રૂપીઆના પગાર ઉપરાંત, ૨૦૦૦ બક્ષિસ તરીકે આપવાના ઠર્યાં હતા. તે સુરત આવ્યો ત્યારે શિવાજીનો ઉદય થવા માડયો હતો સને ૧૬૬૪ મા તેણે સુરત ઉપર સ્વારી કરી ત્યારે ઑક્સેન્ડને અગ્રેજ કોઠીનુ સરક્ષણ કરવાથી ઔરગજેબ બાદશાહે તેને બહુ માનપૂર્વક પોશાક આપ્યો, અને કપની તરફથી પણ તેને બક્ષિસ મળી એણે સને ૧૬૬૮ મા મુબઈ બેટ તાબામાં લઈ ત્યાં દિવાની તથા લશ્કરી કાયદા દાખલ કરી સઘળી બાબતનો યોગ્ય બદોબસ્ત કર્યો તે ઘણો ધીટ તથા ચાલાક હતો, આ દેશમાં અગ્રેજી રાજ્યની સ્થાપના કરવામાં તેણે ઘણી મદદ કરી હતી, અને ઇસ્ટ ઇન્ડીઆ કંપનીનું લશ્કર ઉભું કરવામા તેણે અગ્રેસર ભાગ લીધો હતો તે સને ૧૬૬૯ માં સુરતમાંજ મરણ પામ્યો હતો, એની કબર ત્યાં અદ્યાપિ છે મુબઈ બેટ કપનીના કબજામાં આવ્યા પછી ત્યાં વહાણો બાધવાનુ મોટું કારખાનુ કહાડવાનો કંપનીનો વિચાર હતો, અને બે વહાણો તૈયાર કરવાનો ઑક્સેન્ડનને હુકમ પણ મળ્યો હતો. પરન્તુ ક્રૉમ્વેલના નેવિગેશન એક્ટ પરદેશમાથી ઇગ્લડ આવતો માલ ઇગ્લડમા તૈયાર થયલા વહાણમાંજ આવવો જોઇએ એવો પ્રતિબધ હોવાથી, મુબઈમા વહાણો બાધવાનો વિચાર ત્યાગ કરવામાં આવ્યો

એના પછી **જીરાલ્ડ ઑજીયરે** સને ૧૬૬૯ થી સને ૧૬૭૭ સુધી સુરતના પ્રેસિડન્ટનો અધિકાર ભોગવ્યો એ મુબઈનો ખરો સ્થાપક હતો; એણેજ મુબઈને વહાણોનુ તેમજ વેપારનુ મુખ્ય બદર બનાવ્યુ, અને ત્યાં કિલ્લેબધી કરી વખારનો બચાવ કરવા પગલા ભર્યાં. તેણે મુબઈના સઘળા રહેવાસીઓને શહેરના સરક્ષણાર્થે લડવાની ફરજ પાડી હતી અને બ્રાહ્મણ તથા વાણીઆઓ જાતે લડાઈમાં ઉતરવાનુ પસદ નહીં કરતા હોવાથી તેમને માટે કંઈક રકમ કપનીમાં ભરવાની ગોઠવણ કરી હતી. એ પ્રમાણે ૬૦૦ દેશી તથા ૪૦૦ યુરોપિયન સિપાઈઓનું લશ્કર તૈયાર કરી એક અગ્રેજ સેનાધિપતીને તેના ઉપર દેખરેખ રાખવા મુકવામાં આવ્યો હતો. એ સેનાધિપતીને કૌન્સિલમાં સભાસદ થવાનો હક

પણ હતો. સને ૧૬૭૩ માં વલંદાઓએ મુંબઈ ઉપર હલ્લો કર્યો ત્યારે આ પ્રમાણે થયલી લશ્કરી વ્યવસ્થાની કસોટી થઈ. અહીંની સઘળી બાબતની સંપુર્ણ તૈયારીથી ગભરાઈ જઈ વલંદાઓ નાસી ગયા. આંજીયરે કંપનીની ટંકશાળમાં નાણાં પાડવા માંડ્યાથી તેને ઘણો ફાયદો થયો. મોગલ અને બીજા અધિકારીઓએ તેને એવાં નાણાં કેમ પાડવા દીધાં તે સમજણ પડતી નથી. મુંબઈ બેટ ઉપર અંગ્રેજોનો અમલ હતો ખરો તોપણ ત્યાં પરમુલકનાં નાણાં પાડવાનો તેમનો અધિકાર પહોંચતો નહીં. છતાં મોગલ સરકારે તેમને એ માટે લેખી પરવાનગી આપેલી જણાય છે. ઉત્પન્નના અંદાજ ઉપર આંજીયરે જમીનનો કર ઠરાવી આપ્યો તે મળી મુંબઈની કુલ્લે આવક ૧૬,૬૬૦ રૂપીઆ હતી. દેશી વેપારીઓ તથા કારીગરોને ખાસ સવળતા કરી આપી મુંબઇ ખોલાવવામાં આંજીયરે પ્રયાસ કર્યો; અને તેમના ઉપર ધર્મ સંબંધી જુલમ કરવામાં નહીં આવે તથા તેની ગોવધથી તેમની લાગણી નહીં દુઃખવવાની ગોઠવણ કરી. દેશીઓ પોતપોતાની જાતિની પંચ નીમી પોતાની તકરારોનો નિવેડો લાવે એ બાબત આંજીયરે કંપનીના ઉપરી અધિકારીઓની પરવાનગી મેળવી હતી. તેણે મુબાઈની હવા સુધારવા અનેક પ્રયત્ન કર્યાં તથા રોગના ઉપચાર માટે દવાખાનાં ઉઘાડ્યાં, પ્રાર્થના કરવા માટે એક મોટું દેવળ બાંધ્યું, અને ફોજદારી તથા દિવાની કોર્ટ સ્થાપી. તે વખતે મુંબઇને વિશેષ ત્રાસ આરબો તરફનો હતો; તેમનાં વહાણો આખા પશ્ચિમ કિનારા ઉપર પાંચ પાંચ માઇલને અંતરે ફરતાં હોવાથી તેઓ યુરોપિયન વહાણો ઉપર ગમે ત્યારે ઉતરી પડતા. વાસ્તવિક રીતે આરબી સમુદ્ર ઉપર આરબોનીજ સત્તા અનાદિકાળથી હતી એ તેના નામ ઉપરથી ખુલ્લું દેખાય છે. આ સમુદ્રમાં બીજા કોઈને દાખલ કરવા તેઓ ખુશી નહોતા, તેઓએ સ્વરક્ષણ માટે હજારો વર્ષ લગી કરેલા જનુની યુદ્ધનો ઇતિહાસ મળતો નથી. જો તે હાથ લાગ્યો હોત તો તેમનાં શૌર્ય, સાહસ વગેરે ઉત્તમોત્તમ ગુણોનાં અનેક અપ્રતિમ ઉદાહરણો આપણને મળતે. આ આરબોને ઇતિહાસકારો ચાંચીઆનું નામ આપી આરબી સમુદ્ર ઉપર યુરોપિયન પ્રજાની સત્તા પૂર્વાપાર હોય એમ બતાવે છે. મુંબઈ અંગ્રેજોએ કબજે કર્યું એ

આરબોને પસંદ પડયું નહીં અનેક વેળા તેમણે કરેલા હુમલા સામે અંગ્રેજ તોપ વડે શહેરનું રક્ષણ કરવામાં આવ્યું હતું શિવાજીના લૂંટારૂ લશ્કરની હેરાન-ગતીથી અંગ્રેજોનો બચાવ કરવાના હેતુથી સને ૧૬૭૪ માં જ્યોર્જ ઑક્સેન્ડનના છોકરા હેનરી ઑક્સેન્ડનને આંજીયરે રાયગઢ મોકલી શિવાજી સાથે તહ કરી હતી એની રૂએ શિવાજીએ અંગ્રેજોને પશ્ચિમ કિનારા ઉપર વેપારી વખારો ઉઘાડવાની તથા માલની ખરીદી તથા વેચાણ કરવાની પરવાનગી આપી, અને વિલાયતથી આવતા માલ ઉપર અઢી ટકાની જકાત ઠરાવી એ સિવાય મોગલ આરમારનો મુખી જંજીરાનો સીદી દરસાલ ચોમાસામાં મુંબઈ આવી રહેતો અને મરાઠાઓ સામે લડતો તેની સાથે પણ આંજીયરે મિત્રાચારી રાખી હતી હિંદુ લોકોના ધર્મ તથા રીતરીવાજની એણે ઘણી માહિતી મેળવી ત્યારે તેમની જાતિભેદનો લાભ લઈ અંગ્રેજી રાજ્ય વધારવામાં બાધ નડશે નહી એ તે સહજ જોઈ શકયો, અને તે પ્રમાણે તેણે પ્રયત્ન પણ શરૂ કર્યા દેશી જ્ઞાતોને કંઈક ગજકીય હક આપી તેમને પોતાના અધિકાર હેઠળ મુકવાનો તેનો વિચાર હતો પણ તે પ્રમાણે અમલ કરવા કંપનીએ તુર્તવેળા મંજુર કર્યું નહીં

આ પ્રમાણે થયેલા સુધારા તથા શાંતિને લીધે થોડાજ સમયમાં મુંબઈની વસ્તી ૧૦,૦૦૦ ઉપરથી ૬૦,૦૦૦ થઈ વસુલ પણ ઘણું વધ્યું, અને ધીમે ધીમે સુરતનું મહત્વ ઓછું થતાં એ શહેર આબાદ થવા લાગ્યું સુરત છોડી અંગ્રેજોએ કાયમને માટે મુંબઈ જઇ રહેવું એવો આંજીયરનો અભિપ્રાય હતો, પણ તેને વિલાયતથી અનુમોદન મળ્યું નહીં ઑક્સેન્ડનની પેઠે આંજીયર પણ સને ૧૬૭૭ માં સુરતમાંજ ગુજરી ગયો પશ્ચિમ કિનારા ઉપર અંગ્રેજોની સત્તા કાયમ કરનારો આ પહેલો પુરૂષ હતો 'તેની મહત્તાનું વર્ણન શબ્દથી થઈ શકતું નથી' એ પ્રમાણે કૌન્સિલે લખ્યું છે તેના એક લેખ ઉપરથી તેની દુરદર્શી કુશળતા વ્યક્ત થાય છે 'દેશી સત્તાધીશોને કાગળ ઉપર ધમકી આપવી ઉપયોગી નથી હાથમાં તરવાર લઇ વેપાર ચલાવવો જોઇએ'' પરમેશ્વરની તમારા ઉપર મોટી મહેરબાની હોય એમ દેખાય છે. બીજી કોઈ પણ યુરોપિયન પ્રજા

પવા તેમની પાસે દગાવ કરાવ્યો. એ હુકમ અન્વયે સને ૧૬૮૬ માં અંગ્રેજોએ સુરત છોડયું, અને મુંબઈના બંદોબસ્ત તેમજ બચાવ માટે આરમાર તથા બીજી યુદ્ધસામગ્રી તૈયાર કરવા માટે જરૂરનો ખરચ કરવાની કંપનીએ પરવાનગી આપી.

આજ અરસામાં મરાઠા છાવણીમાં પણ અવ્યવસ્થા શરૂ થઈ એ ધ્યાનમાં રાખવાનું છે. શિવાજી મરણ પામ્યો હતો, અને તેનો છોકરો સંભાજી તેના પિતાએ સ્થાપેલી મહાન સત્તા સંભાળવાને બીલકુલ નાલાયક હતો. વળી ઔરંગઝેબ જાતે તેની છાતી ઉપર આવી બેઠેલો હોવાથી બીજી તરફ નજર ફેરવવાનું તેને ફાવ્યું નહીં. આ સ્થિતિ લક્ષમાં રાખી તેનો લાભ લેવાનું કામ સર જૉને ઉપાડયું. તેણે આ વખતે કરેલી સઘળી વ્યવસ્થા તત્કાલીન પરિસ્થિતિનો લાભ લેવા માટેજ યોજાયલી માલમ પડે છે.

**૩. કંપનીના નોકરોની રહેણી.**—ક્રૉમ્વેલે કંપનીના વહિવટની કરેલી ગોઠવણ પછી સુરતમાંના અંગ્રેજ વેપારીઓની રહેણી સુધરતાં તેઓ સુખી જીંદગી ગુજારવા લાગ્યા. આરમારને માટે કેટલાક સુંવાળીમાં બંગલા બાંધી રહ્યા હતા. વિલાયતથી વહાણ આવે ત્યારે એ બંદરનો દેખાવ ઘણો સુશોભિત થતો. એ વેળા લોકો બે પૈડાની તથા ચાર પૈડાની બળદની ગાડીઓ વાપરતા, અંદર પગ લાંબા કરી બેસવાની જગ્યા ન હોવાથી પલાંઠી વાળી બેસવું પડતું. ગાડીમાં બેસવા માટે રંગબેરંગી કાપડની ગાદીઓ હતી. ગાડીની સાથે સિપાઇઓના ટોળા ચાલતા. ત્યારે સ્વારીની રોનક ખુબીદાર થતી.

સુરતના પ્રેસિડન્ટની સ્વારી મોટા ઠાઠથી નીકળતી, સાથે નગારખાનું, રણશીંગડાં વગેરે વાજીંત્રો વાગતાં, તથા સામાન સજેલા ઘોડા રહેતા. તેમજ છત્રી, ચમ્મર તથા પંખાવાળા ઉપરાંત પાલખીની બન્ને બાજુએ યુરોપિયન સિપાઈઓની હાર ચાલતી. મુંબઈના ડેપ્યુટી ગવર્નરનો ઠાઠ પણ લગભગ તેવોજ હતો. મદ્રાસના પ્રેસિડન્ટની શહામત સુરતના અમલદાર જેવીજ હતી. તેની પાસે ૩૦૦ દેશી સિપાઇઓ રહેતા અને જરૂર પડતાં બીજા ૧૫૦૦ માણસો તૈયાર રહેતા. આ સિવાય કૌન્સિલર વગેરે અધિકારીઓ

મુકવામાં આવી છે કોઠીનો બગલો પથ્થરનો બાંધેલો, મજબુત અને સુંદર હતો તેના એક ભાગમાં કચેરી વગેરેની ગોઠવણ હતી, અને ઉપલો ભાગ પ્રેસિડન્ટને રહેવા માટે જુદો કહાડયો હતો બગલાની આસપાસ ફરતી અગાસી હતી, લાકડા ઉપર નકસીનું કોતરકામ કરેલું હતું નાના પ્રકારની વસ્તુઓથી બગલાને શણુગારવામા આવ્યો હતો, અને ચિત્રવિચિત્ર પક્ષી તથા પ્રાણીઓની આકૃતિ ઠેકઠેકાણે મુકવામા આવી હતી કચેરીનુ કામ ઘણુ ખરૂ સવારના દસથી બાર સુધી અને સાંજના ચારથી કોઈ કોઈવાર મોડી રાત લગી ચાલતુ મકાનના છેક નીચેના ભાગમા માલ ભરવામા આવતો કાપણી વખતે લોકોની આવ જા ઘણી ભારે થતી, એ વેળા વખારની હદમાં અતિશય ગડબડાટ તથા શોરબકોર થતો દરેક માણુસ પોતાની સ્થિતિ પ્રમાણે સ્વમાન જાળવા પ્રયત્ન કરતો કંપનીના સઘળા અમલદારોને દેશી ભાષા શીખવવા માટે એક મુનશી રાખવામા આવતો, છતા અહીંની ભાષા ઘણાને આવડતી નહીં, એટલે તેમને ઇંગ્લડથી ઠપકા મળતો બહાર ગામની નાની વખારોમા જે માણુસોને મોકલવામા આવ્યા હતા તે નિશાળના છોકરાઓ જેવા આળસુ તથા રમતીઆળ હતા અને ધ્યાન દઈ બીલકુલ કામ કરતા નહીં આથી તેમને વારવાર ઈંગ્લડથી દડની શિક્ષા ફરમાવવામા આવતી આવી રીતે એકઠા થયલી દડની રકમ જુદી રાખી તેનો કોઇ સાર્વજનિક કામમા ઉપયોગ થતો સુરતમાની અગ્રેજ તેમજ વલદા લોકોની કબરો જોવાથી તેમની જીદગીનો વૈભવ તથા ઠાઠમાઠનો કંઈક વિચાર આપણુને આવી શકે છે આ ખ્રિસ્તી લોકોએ મુસલમાન અમલદારોના આડબરની આબેહુબ નકલ કરી હતી એ લોકોને મોટો ઠાઠ કરી નકામો ખર્ચ નહીં વધારવા માટે વારવાર ઇગ્લડથી તાકીદ થતી પણ તે સઘળી નિષ્ફળ જતી

મેડેલ્સ્લો નામના પ્રવાસીએ સુરતની એ સમયની જાહોજલાલીનું વર્ણન નીચે પ્રમાણે કર્યું છે —

તાપી નદીના બન્ને કાંઠા ઉપર સુંદર બાગો હતા, અને તેમા મોટા અને ભવ્ય મકાનો આવી રહ્યા હતા આ હવેલીઓનો ખુલ્લો સફેદ રંગ આસપાસના લીલા કુંજર બાગમા ઘણો ખીલી નીકળતો હતો 'વહાણુ

પરથી ઉતર્યા બાદ અમે પ્રથમ જકાતતપાસણી માટે મુસલમાન સુબાના મકાન આગળના કસ્ટમ હાઉસમાં ગયા. ત્યાં અમારા જેવા યુરોપથી આવેલા ઉતારૂઓ પાસે જે કંઈ સામાન હોય તેમાંથી જોઈએ તેવો માલ અધિકારીઓ વેચાતો માગતા. જો ખાનગી વસ્તુ હોય તો તે તેને આપવીજ પડતી; એમ છતાં તે વિશે ખરી હકીકત કહીએ તો તે ઘણીવાર પાછી મળતી. આ વસ્તુઓ જોવા માટે મોગલ સુબેદાર જાતે ત્યાં આવે છે. યુરોપના વેપારીઓ નાના તરેહની જણસો ખાનગી જણાવી દાણચોરીથી લઈ જાય છે, અને પાછળથી મરજીમાં આવે તે કિમતે વેચે છે તેથી જકાત અધિકારીઓને ઘણા સાવધ રહેવું પડે છે.'

મંડેલ્સ્લો બંદર ઉપર ઉતરી તેને માટે આવેલી બે સફેદ બળદની ગાડીમાં બેસી પ્રેસિડન્ટને ત્યાં ગયો. અહીં પ્રેસિડન્ટ તેની તરફ ઘણા સ્નેહ ભાવથી વર્ત્યો, અને તેને પોતાને ઘેર રાખી તેની યોગ્ય આગતાસ્વાગતા કરી. વખારની વ્યવસ્થા તથા ત્યાંનો કરબ ઘણાં ઉત્તમ પ્રકારનાં હતાં, અને સઘળા નોકરોને પ્રેસિડન્ટનો ભારે ધાક હતો. તે વેળા ચાહ પીવાનો વહિવટ દેશીઓ ઉપરાંત અંગ્રેજ તેમ વલંદાઓમાં પણ હતો. મંડેલ્સ્લોને અંગ્રેજી ન આવડતું હોવાથી બીજાઓ સાથે વાત કરવામાં તેને ઘણી અડચણ પડી. એ સુરતથી અમદાવાદ ગયો ત્યારે આરબખાન નામનો હોંશીઆર મોગલ સુબો ત્યાં અમલ ચલાવતો હતો. તેની વય સુમારે સાઠ વર્ષની હતી, અને તેની મિલકત દસ કરોડ રૂપીઆની અંકાતી હતી. તેની એક સ્વરૂપવાન છોકરીને બાદશાહના બીજા છોકરા સુજા સાથે પરણાવવામાં આવી હતી. મંડેલ્સ્લો હિંદમાં આવ્યો તે અગાઉ તરતજ એ લગ્ન થયાં હતાં. છોકરી સાસરે ગઈ ત્યારે આરબખાને તેની સાથે વીસ હાથી, એક હજાર ઘોડા, તથા નિરનિરાળી જણસોથી ભરેલાં ૭ હજાર ગાડાં બાદશાહને નજરાણાં તરીકે મોકલ્યાં હતાં. અમદાવાદના સુબેદારની કચેરીમાં પાંચસો નોકર હતા અને તેના ખાનગી ચાકરોની સંખ્યા ચારસોની હતી. એ સઘળા રોજ ઘેરજ જમતા. સુબેદારના ઘરનો ખરચ દર મહિને સુમારે બાર તેર હજાર રૂપીઆનો હતો, અને એ ઉપરાંત તેના ખાનગી પાંચસો ઘોડા તથા

પચાસ હાથીનો ખરચ હતો, તેના નોકર ચાકરોનો પોશાક ઘણો મુલ્યવાન હતો, તોપણ સુબેદાર પોતે ઘણો સાદો રહતો મડેલ્સ્લોએ જ્યારે એ સુબેદારની મુલાકાત લીધી ત્યારે તે તેની તરફ ઘણી અદબથી વર્ત્યો હતો, અને તેને ખાના ઉપર તેડી તેનો સત્કાર કર્યો હતો આ આરબખાન ઘણો ક્રુર અને કડક સ્વભાવનો હતો

કંપનીની મુખ્ય વખાર સુરતમાં આવેલી હોવાથી એ શહેરની જાહોજલાલી આ સમયે અવર્ણનીય હતી કંપનીના અમલદારોએ લખેલાં એ શહેરના વર્ણન વાચી આપણે ચકિત થઇએ છીએ અને બસો વર્ષમાં મુંબઈની ચડતીથી એ પુરાતન શહેરની કેવી અવદશા થઇ એ કળી શકતા નથી અહીં અનેક દેશી વેપારીઓ કંપનીના આડતીઆ તરીકે કામ કરતા અને તેમને સઘળી જાતના વેચાણ તથા ખરીદ ઉપર સેંકડે બે ટકા દલાલી મળતી સુરતની આસપાસ કાપડનો મોટો વેપાર ચાલતો વરસાદની શરૂઆતમાં કંપનીના અમલદારો ગામેગામ ફરી વેચાતું લીધેલું સુતર વણકરોને વ્હેંચી આપતા કે ચોમાસા બાદ વિલાયત મોકલવા માટે જોઇતું કાપડ તૈયાર થાય આના જેવી દરેક વખારની ચાર શાખા હતી પહેલી હિસાબી શાખા તેમાં એકાઉન્ટન્ટની સહી થયલો કોઈ હિસાબ પ્રેસિડન્ટ આગળ રજુ થયા વિના તથા તેની ઉપર તેની સહી થયા વિના તીજોરીમાંથી પૈસા અપાતા નહીં બીજી શાખા માલના ભંડારની હતી ખરીદી તથા વેચાણની નોંધ રાખવાનું કામ ભંડારના ઉપરીનું હતું ત્રીજી શાખામાં વહાણને લગતું કામ થતું, અને તેના ઉપરીને પર્સર કહેતા તે માલની નોંધ તપાસી તે પ્રમાણેનો માલ વહાણ ઉપર ચડાવવાનું તથા ત્યાંથી ઉતારવાનું કામ કરતો છેલ્લી અને ચોથી શાખા સેક્રેટરીની હતી તેનું કામ સઘળા પ્રકારનો પત્રવ્યવહાર ચલાવવાનું, કૌન્સિલની સભાની હકીકત નોંધવાનું અને અગત્યના કાગળો ઉપર કંપનીનો સિક્કો મારવાનું હતું

સને ૧૬૬૮ માં પ્રત્યેક અંગ્રેજ વખારમાંના કંપનીના નોકરોના વર્તન બાબત દસ નિયમો ઠરાવવામાં આવ્યા, અને તેની નકલો સઘળે મોકલી દરેક વખારમાં જાહેર જગાએ ચોંટાડવામાં આવી. અંગ્રેજોના

બાઇબલમાં એવીજ દસ આજ્ઞાઓ પરમેશ્વરે લોકોને આપેલી છે તે ઉપરથી આ આજ્ઞાની વખારમાં ઘણીજ ટોળ થતી. આ બાબતમાં સર જૉન ચાઇલ્ડે હેઠળના મજકુરનો પત્ર ઇંગ્લંડ લખ્યો હતો:—'કંપનીએ આજ્ઞા આપી છે પણ તેના ઉલ્લંઘન માટે સઘળી બાબતમાં શિક્ષા ઠરાવી નથી. આજ લગી પ્રેસિડન્ટ તથા તેની કૌન્સિલે વખારના બંદોબસ્ત માટે ઘડેલા નિયમ અન્વય અપરાધીઓને શિક્ષા કરવાનું નક્કી થયેલું છે. વ્યભિચાર કરનારને તથા પ્રાર્થનામાંથી ગેરહાજર રહેનારને સખત શિક્ષા કરવામાં આવે છે; મારા મત પ્રમાણે કંપનીની આજ્ઞા કરતાં આ નિયમ ઉત્તમ પ્રકારે પળાય છે. પ્રાર્થનામાં હાજર નહીં રહેનારને રવિવારે અઢી રૂપીઆ તથા આડે દહાડે સવા રૂપીઓ દંડ થાય છે. દારૂ પી દેશીઓને ગાળ દેવા માટે ગુન્હેગારને બેડી પહેરાવી આખો દિવસ વખારના મુખ્ય દરવાજા ઉપર બેસાડી રાખવામાં આવે છે, અને રાતના થાંભલા સાથે અંદરના ભાગમાં બાંધી રાખવામાં આવે છે. પ્રેસિડન્ટની રજા વિના વખારની બહાર જનારને વીસ રૂપીઆ દંડ થાય છે. આ શિક્ષા વારંવાર કરવામાં આવે છે, અને કોઈ પણ ગુન્હેગાર સજામાંથી છટકવા પામતો નથી. વળી પ્રેસિડન્ટની રીતભાત ઘણી ઉત્તમ હોવાથી અમારી વખાર એવી અત્યુત્કૃષ્ટ સ્થિતિમાં છે, કે તેને કોઈ કૉલેજ અથવા મઠની ઉપમા આપી શકાય, કારણ કે અહીં વ્યાખ્યાનો તેમજ વાદવિવાદ પણ ચાલે છે. ઇતિહાસ, નીતિ, આત્મસંયમન, વેપાર, દ્રવ્ય પ્રાપ્તિ, ઇત્યાદિ વિષયો ઉપર વારંવાર અહીં ચર્ચા થાય છે. દરરોજ સવારે વખારના દરવાજા ઉઘાડવા પહેલાં અમે પ્રાર્થના કરીએ છીએ, અને રાતના દરવાજા બંધ કરવા પછી ૮ અને ૯ ની વચમાં ફરીથી ઇશ્વરપ્રાર્થના કરીએ છીએ. રવિવારે દિવસમાં બે વખત પ્રાર્થના થાય છે અને પાદરી ઉપદેશ કરે છે. એકંદર રીતે ધર્મના નિયમ અમે એક નિષ્ઠાથી પાળીએ છીએ. કેટલાંક ટાણાંને દિવસે અમે સમારંભ કરીએ છીએ, અને અપવાસને દિવસે અપવાસ પણ કરીએ છીએ. ક્રિસ્ટમસ, ઇસ્ટર અને વિટસન્ટાઇડ એ અમારા મોટા તહેવાર છે; તે દહાડે પ્રાર્થના અને મિજબાની થાય છે. એ દિવસોમાં અમે સઘળું સરકારી કામ બંધ રાખીએ

છીએ, અને મઝા ઉડાવીએ છીએ તેની બહારના સઘળા લોકોને ખબર હોય છે. 'ગનપાઉડર પ્લૉટ'નો દિવસ, તા. ૫ મી નવેમ્બર, રાજાની જન્મગાંઠનો દિવસ, તા. ૨૯ મી મે, પણ અમારા મોજના દહાડા છે. લેંટ, ગુડફ્રાઇડે અને પહેલા ચાર્લ્સની ફાંસીનો દિવસ (તા. ૩૦ જાનેવારી) એ અમારા અપવાસના દહાડા છે. પ્રેસિડન્ટ વગેરે કેટલાક લોકો દર શુક્રવારે પણ અપવાસ કરે છે. અપવાસને દહાડે ફક્ત માછલી ખાવી, પણ માંસ લેવું નહીં એવી રોમન સંપ્રદાયની આજ્ઞા અમે પાળતા નથી. એ દિવસે જોઇએ તેથી પણ થોડું અમે ખાઇએ છીએ; અને આખો દહાડો કંઈ પણ ન ખાતાં રાતના થોડો ખોરાક લઈ પ્રાર્થના કરી સુઇ જઇએ છીએ. આ ઉપરથી સહજ જણાશે કે અમારૂં વર્તન તમને લાગે છે તેટલું નિંદક નથી. અમે ધર્મબંધનો તરછોડી નાંખ્યાં નથી, પણ પવિત્ર આચરણ કરીએ છીએ; આપની મરજીમાં આવે તો આ હકીકત કંપની રૂબરૂ મુકવી. મુંબઈ તા. ૧૮ જાનેવારી સને ૧૬૭૨.

"જૉન ચાઇલ્ડ."

ચાઈલ્ડનું આ કહેવું ખરૂં હોય તોપણ હિંદુસ્તાનની વખારમાં પુષ્કળ અનાચાર ચાલતો હતો એવું અનેક માણસોનું કહેવું છે. જે કોઈ દુરાગ્રહી થતો તે કંપનીના કારભારમાંથી દૂર થઈ પોતાનો સ્વતંત્ર પંથ લેતો. એવા બંડખોરો તરફથી કંપનીને ઘણો ત્રાસ પડતો. સને ૧૬૬૭ માં કંપનીએ ઈંગ્લંડથી પોતાના નોકરોનાં છોકરાંઓને શીખવવા માટે પોતાને ખર્ચે શિક્ષકોને મદ્રાસ મોકલ્યા હતા. હિંદુસ્તાનમાં આવી હજારો માણસો મરતાં તોપણ અંગ્રેજો પોતાનું ધૈર્ય છોડતા નહીં, અને હાથ ધરેલું કામ ઘણીજ ધૈર્યતાથી ચલાવતા એજ તેમનું મોટું ભૂષણ છે. ફ્રાયર કહે છે કે 'ઝાડને ઉખેડી નાખી કોઈ ભળતીજ જગ્યાએ રોપ્યું હોય તેવી અમારી સ્થિતિ છે. ૫૦૦ લોક અહીં આવે તેમાંથી ૧૦૦ જીવવા પામતા નથી. એ સોમાંથી પચીસને દ્રવ્યનો લાભ થયો કે નિરાંત અને એમાંના દસમાંનો એક સ્વદેશ પાછો ફરેતો તો ઘણુંજ થયું.'

તે વેળા વ્યભિચાર તથા મદ્યપાનના અવગુણો ઈંગ્લંડમાં બે હદ વધી ગયા હતા. રાજા બીજો ચાર્લ્સ પડે એ વ્યસનોના પુતળારૂપ થયો હતો,

અને તેનો અનુવાદ આ દેશમા થયા વિના રહ્યો નહીં લોકો ઉપર જુલમ કરવો, લાચ ખાવી, સ્વધર્મની નિંદા કરવી, બીજાઓ ઉપર વિનાકારણ પ્રતિબંધ મુકવા, બંડ ઉઠાવવા, વગેરે આરોપો વારંવાર કંપનીના નોકરો ઉપર આવતા, દારૂ પી તોફાન કરવાનુ તો હમેશ ચાલુજ હતુ આવા તોફાનીઓને કાબુમા રાખવાનુ કામ અતિશય મુશ્કેલ હતુ તે સમયની સ્ત્રીઓ પણ પુરૂષોની માફક વ્યસનાધીન થઈ હતી સેન્ટ હેલીનામા લાવી રાખેલા ગુલામો કામ બરાબર નહીં કરતા હોવાથી તેમને માટે તેમની જાતની સ્ત્રીઓ વહાણ ભરી લાવવામા આવી ત્યારેજ તેઓ શાંત પડી કામ કરવા લાગ્યા તેજ પ્રમાણે કંપનીએ પોતાના મોલ્જરો માટે તથા બીજા નોકરો માટે ઇંગ્લડથી સ્ત્રીઓ મોકલવાની તજવીજ કરી પણ એવી સ્ત્રીઓના ઉદર-નિર્વાહના સાધનો પુરતા ન હોવાથી, તેમજ સવગીના લગ્ન થવા મુશ્કેલ હોવાથી, સ્વદેશથી સાથે આણેલી સદાચરણની અલ્પ પુંજી ખપી જતા તેઓને પેટને માટે આડે રસ્તે ઉતરવાની જરૂર પડતી તેમના ધર્મવિરૂદ્ધ અને નીતિભ્રષ્ટ વર્તન સુધારવા માટે ઑંજીયરે પુષ્કળ મહેનત કરી પણ તેનો કંઈ ઉપયોગ થયો નહીં બીજા ચાર્લ્સ રાજાના શોખીન સ્વભાવ સમજવાનો કંઇક ખ્યાલ આવે તે માટે સને ૧૬૮૩ મા વિલાયતથી આવેલા એક પત્રનો ઉતારો હેઠળ આપ્યો છે —

'રાજાની અમને એવી આજ્ઞા થઈ છે કે હિંદુસ્તાનમાથી એક અતિશય ઠીંગણો સત્તર અઢાર વર્ષનો સીધો પુરૂષ અને ચૌદ ચૌદ વર્ષની બે સીધી છોકરીઓ પ્રાપ્ત કરી મોકલી આપવી તેઓ બની શકે તેટલાં તંદુરસ્ત અને ખુબસુરત હોવા જોઇએ યોગ્ય વ્યવસ્થાથી તેમને વહાણ ઉપર ચડાવી તેમની ઉત્તમ પ્રકારની કાળજી લેવા માટે કપ્તાનને તાકીદ કરવી ખાસ કરીને માર્ગમા ખલાસીઓ છોકરીઓનું પાતિવ્રત્ય ભ્રષ્ટ કરે નહીં એની બરાબર તજવીજ રાખવી રસ્તામા તેમના ખાવા પીવાની તેમજ કપડાલત્તાની યોગ્ય વ્યવસ્થા કરવી, અને દેશના રીવાજ મુજબ હાથે પગે વગેરે અન્ય જગ્યાએ પહેરવાના સવગી જાતના ખોટા દાગીના તેમને પહેરાવી મોકલવા ' માણસનો જાનવરોની માફક સોદા કરવાનો પ્રઘાત તે વખતે કેટલો હતો તે આ ઉપરથી દેખાઈ આવે છે.

**૪. વેપારની આબાદી.**—ખરૂ જોતાં કંપનીના વેપારને પરશત્રુ તરફથી ઘણો ઉપદ્રવ નડતો નહીં, પણ અનેક અંગ્રેજ વેપારીઓ કંપનીના ઇજારાનો અનાદર કરી વેપાર અને સમુદ્ર સર્વને માટે એક સરખાં ખુલ્લાં હોવાં જોઇએ એ ધોરણ ઉપર પોતાનો વેપાર ચલાવતા. આ પીડાનો બંદોબસ્ત કંપનીને હાથે કદી થયો નહીં. રાજાની મદદથી અથવા અન્ય ઉપાયોથી એ ત્રાસ કંઇક વેળા મટતો, તોપણ ફરીથી તરતજ સ્થિતિ તેવીને તેવી થતી. એમ છતાં બીજા ચાર્લ્સ અને જેમ્સ રાજાઓના અમલમાં આવા બંડખોરોનો સારો બંદોબસ્ત થયો હતો. જેમ્સે પોતાનો ઘણો પૈસો આ ધંધામાં નાંખ્યો હતો એટલે પોતાના હિત માટે તે બંડખોરોને શિક્ષા કરવા હમેશ તત્પર રહેતો.

સને ૧૬૬૦ પછીનાં પચીસ ત્રીસ વર્ષમાં કંપનીનો વેપાર ઘણોજ ધમધોકાર ચાલ્યો હતો. ઇંગ્લંડમાં જ્યાં ત્યાં લોકોમાં સુંદર રેશમી કાપડના અને એશઆરામના શોખ શરૂ થયા હતા, અને ગરીબાઈ તથા બ્હીકણપણાના દિવસ જતા રહેલા જણાતા હતા. પુષ્કળ મરી મસાલાવાળાં ભોજનમાં લોકોને ગમત પડવા લાગી હતી. સર થોમસ મન (Sir Thomas Munn) ઇંગ્લંડના આ વેપારની યોગ્યતા નીચેના શબ્દોમાં વર્ણવી છેઃ—'પરદેશ સાથેના અમારા વેપારમાંથી રાજાને મોટું વસુલ ઉત્પન્ન થાય છે, દેશની આંટ વધે છે, લોકોને સારો ઉદ્યોગ મળે છે, કળાકૌશલ્યમાં તેઓ આગળ વધે છે, અમારી જરૂરીઆત પુરી પડે છે, ગરીબોને પેટ ભરવાનાં સાધન મળે છે, જમીનની ફળદ્રુપતા વધે છે, રાષ્ટ્રીય ખલાસીઓની શાળા ઉભી થાય છે, રાજ્યના સંરક્ષણ માટેનો કોટ કિલ્લા આપોઆપ ખડા થાય છે, પૈસાનો ઝરો સદૈવ વહ્યા કરે છે, અમારાં યુદ્ધનો ખર્ચ નીકળે છે, અને શત્રુના હુમલા દબાઈ જઈ બીજાં અનેક કામો આ એકલા વેપારને લીધેજ પાર પડે છે.*

સને ૧૬૬૩-૬૪ માં રાજાના ભાઈ જેમ્સે વેસ્ટ ઇન્ડીઆ બેટમાં

---

*Sir Thomas Munn's England's Treasure by Foreign Trade, 1664.

ઉદ્યોગ ચલાવવાના વિચારથી એક કંપની ઉભી કરી રાજા પાસેથી તેને માટે સનદ મેળવી. આ કંપનીનું મુખ્ય કામ આફ્રિકાના પશ્ચિમ કિનારા ઉપરથી ગુલામો પકડી તેમને જેમેકામાં કામે લગાડવાનું હતું. પણ એવી રીતે ગુલામ પકડવા એ પણ એક જાતનો વેપાર હોવાથી અને આફ્રિકાના સઘળા વેપારનો મક્તો ઈસ્ટ ઈન્ડીઆ કંપનીને આપેલો હોવાથી, આ બાબતમાં રાજાએ ઈસ્ટ ઇન્ડીઆ કંપનીની આફ્રિકા પુરતી સનદ રદ કરી જેમ્સની કંપનીને આપી, ત્યારે એ કિનારા ઉપરનું પોતાનું સઘળું કામ કંપનીએ બંધ કર્યું, અને માલ તથા માણસો આ નવી કંપનીને આપી દીધાં. ગુલામના વેપારમાં કંપનીને અતિશય ફાયદો હતો. આમ પકડી આણેલા ગુલામોથી સુરતના રસ્તા હમેશ ભરાયલા લાગતા હતા.

આ આબાદીના વખતમાં દરસાલ ઈંગ્લંડથી બેથી ત્રીસ લાખ મણ માલ સુરત આવતો. હિંદુસ્તાનમાંનું રૂ ઇંગ્લંડ મોકલવા માટે અંગ્રેજોએ અસીમ મેહેનત ઉપાડી હતી. પહેલાં રૂની ગાંસડીઓ બાંધવામાં આવતી નહોતી તેથી તેમણે ગાંસડી બાંધવાનાં યંત્રો હિંદુસ્તાનમાં લાવી જુદે જુદે ઠેકાણે મુક્યાં અને ત્યાં સઘળું રૂ એકઠું કરી તેની ગાંસડી બાંધી ઇંગ્લંડ રવાના કરવા લાગ્યા.

સને ૧૬૭૦ માં કોરોમાંડલ કિનારા ઉપર કંપનીનો વેપાર ઘણોજ ધમધોકાર ચાલતો. તે તરફ વલંદા લોકોનો ઉપદ્રવ ઝાઝો ન હોવાથી તે વર્ષમાં તેમણે સોળ લાખ રૂપીઆનું સોનું તથા ચાંદી મદ્રાસ મોકલી નાણું પડાવી માલ ખરીદ કર્યો.

કંપનીના સઘળા નોકરોને એકજ જાતનાં એટલે યુનિફોર્મ કપડાં વાપરવાં પડતાં, કેમકે તેથી દેશીઓનાં મન ઉપર સારી છાપ બેસતાં પોતાનાં માણસોનો વકર જળવાઈ રહેશે એમ કંપનીને લાગતું.

બંગાળા પ્રાંતમાં આવેલા હુગલીમાં સુરાખારનો વેપાર ઘણો ચાલતો. સને ૧૬૭૩ માં પ્રથમ બંગાળામાંથી કંઈક ઉત્તમ રેશમી કાપડ વિલાયત ગયું ત્યારે કંપનીની સભામાં તેની તપાસ થતાં જણાયું કે એ બારીક

**૪. વેપારની આબાદી.**—ખરૂં જોતાં કંપનીના વેપારને પરશત્રુ તરફથી ઘણો ઉપદ્રવ નડતો નહી, પણ અનેક અંગ્રેજ વેપારીઓ કંપનીના ઇજારાનો અનાદર કરી વેપાર અને સમુદ્ર સર્વને માટે એક સરખા ખુલ્લા હોવા જોઇએ એ ધોરણ ઉપર પોતાનો વેપાર ચલાવતા આ પીડાનો બંદોબસ્ત કંપનીને હાથે કદી થયો નહી રાજાની મદદથી અથવા અન્ય ઉપાયોથી એ ત્રાસ કંઇક વેળા મટતો, તોપણ ફરીથી તરતજ સ્થિતિ તેવીને તેવી થતી એમ છતાં બીજા ચાર્લ્સ અને જેમ્સ રાજાઓના અમલમાં આવા બડખોરોનો સારો બંદોબસ્ત થયો હતો જેમ્સે પોતાનો ઘણો પૈસો આ ધંધામાં નાખ્યો હતો એટલે પોતાના હિત માટે તે બડખોરોને શિક્ષા કરવા હમેશ તત્પર રહેતો

સને ૧૬૬૦ પછીના પચીસ ત્રીસ વર્ષમાં કંપનીનો વેપાર ઘણોજ ધમધોકાર ચાલ્યો હતો ઈંગ્લંડમાં ત્યાં સા લોકોમાં સુંદર રેશમી કાપડના અને એશઆરામના શોખ શરૂ થયા હતા, અને ગરીબાઈ તથા બ્હીકણુંપણાના દિવસ જતા રહેલા જણાતા હતા પુષ્કળ મરી મસાલાવાળા ભોજનમાં લોકોને ગમત પડવા લાગી હતી સર થોમસ મને (Sir Thomas Munn) ઈંગ્લંડના આ વેપારની યોગ્યતા નીચેના શબ્દોમાં વર્ણવી છે—'પરદેશ સાથેના અમારા વેપારમાંથી રાજાને મોટું વસુલ ઉત્પન્ન થાય છે, દેશની આટ વધે છે, લોકોને સારો ઉદ્યોગ મળે છે, કળાકૌશલ્યમાં તેઓ આગળ વધે છે, અમારી જરૂરીઆત પુરી પડે છે, ગરીબોને પેટ ભરવાના સાધન મળે છે, જમીનની ફળદ્રુપતા વધે છે, રાષ્ટ્રીય ખલાસીઓની શાળા ઉભી થાય છે, રાજ્યના સંરક્ષણ માટેના કોટ કિલ્લા આપોઆપ ખડા થાય છે, પૈસાનો ઝરો સદૈવ વહ્યા કરે છે, અમારા યુદ્ધનો ખર્ચ નીકળે છે, અને શત્રુના ડુમના દબાઈ જઈ બીજા અનેક કામો આ એકલા વેપારને લીધેજ પાર પડે છે *

સને ૧૬૬૩–૬૪ મા રાજાના ભાઈ જેમ્સે વેસ્ટ ઈન્ડીઆ બેટમાં

*Sir Thomas Munn s England s Treasure by Foreign Trade, 1664.

ઉદ્યોગ ચલાવવાના વિચારથી એક કંપની ઉભી કરી રાજા પાસેથી તેને માટે સનદ મેળવી. આ કંપનીનું મુખ્ય કામ આફ્રિકાના પશ્ચિમ કિનારા ઉપરથી ગુલામો પકડી તેમને જેમેકામાં કામે લગાડવાનું હતું. પણ એવી રીતે ગુલામ પકડવા એ પણ એક જાતનો વેપાર હોવાથી અને આફ્રિકાના સઘળા વેપારનો મક્તો ઈસ્ટ ઈન્ડીઆ કંપનીને આપેલો હોવાથી, આ બાબતમાં રાજાએ ઈસ્ટ ઇન્ડીઆ કંપનીની આફ્રિકા પુરતી સનદ રદ કરી જેમ્સની કંપનીને આપી, ત્યારે એ કિનારા ઉપરનુ પોતાનું સઘળું કામ કંપનીએ બંધ કર્યું, અને માલ તથા માણસો આ નવી કંપનીને આપી દીધાં. ગુલામના વેપારમાં કંપનીને અતિશય ફાયદો હતો. આમ પકડી આણેલા ગુલામોથી સુરતના રસ્તા હમેશ ભગાયલા લાગતા હતા.

આ આબાદીના વખતમાં દરસાલ ઇંગ્લંડથી બેથી ત્રીસ લાખ મણ માલ સુરત આવતો. હિંદુસ્તાનમાંનું રૂ ઇંગ્લંડ મોકલવા માટે અંગ્રેજોએ અસીમ મેહેનત ઉપાડી હતી. પહેલાં રૂની ગાંસડીઓ બાંધવામાં આવતી નહોતી તેથી તેમણે ગાંસડી બાંધવાના યંત્રો હિંદુસ્તાનમાં લાવી જુદે જુદે ઠેકાણે મુકયાં અને ત્યાં સઘળું રૂ એકઠુ કરી તેની ગાંસડી બાંધી ઇંગ્લંડ રવાના કરવા લાગ્યા.

સને ૧૬૭૦ માં કોરોમાંડલ કિનારા ઉપર કંપનીનો વેપાર ઘણોજ ધમધોકાર ચાલતો. તે તરફ વલંદા લોકોનો ઉપદ્રવ ઝાઝો ન હોવાથી તે વર્ષમાં તેમણે સોળ લાખ રૂપીઆનું સોનું તથા ચાંદી મદ્રાસ મોકલી નાણું પડાવી માલ ખરીદ કર્યો.

કંપનીના સઘળા નોકરોને એકજ જાતનાં એટલે યુનિફોર્મ કપડાં વાપરવાં પડતાં, કેમકે તેથી દેશીઓનાં મન ઉપર સારી છાપ બેસતાં પોતાનાં માણસોનો વકર જળવાઈ રહેશે એમ કંપનીને લાગતું.

બંગાળા પ્રાંતમાં આવેલા હુગલીમાં સુરાખારનો વેપાર ઘણો ચાલતો.' સને ૧૬૭૩ માં પ્રથમ બંગાળામાંથી કંઈક ઉત્તમ રેશમી કાપડ વિલાયત ગયું ત્યારે કંપનીની સભામાં તેની તપાસ થતાં જણાયું કે એ બારીક

રેશમી કાપડ અતિશય સુંદર, હલકું અને બેસુમાર સસ્તું હતું, માત્ર કેટલાકના રંગ સારા નહોતા; આ રંગમાં થોડો સુધારો કરવાથી એ કાપડના વેપારમાં ઘણો ફાયદો થશે એમ જણાયાથી કંપનીએ કેટલાક રંગારાઓને ઇંગ્લંડથી આ દેશમાં મોકલ્યા, અને હિંદુસ્તાનમાંના પોતાના વેપારીઓને સખત તાકીદ કરી કે 'રંગવાનું કામ ઘણું ગુપ્ત રીતે ચલાવવું અને તે દેશીઓને શીખવવું નહીં.'

સને ૧૬૬૮ માં ચાલેલા વેપારનું અનુમાન નીચેના આંકડા ઉપરથી સહજ થઈ શકશેઃ—

| | વહાણોની સંખ્યા. | તેમાં ઇંગ્લંડથી માલ આવ્યો તેની કિંમત રૂ. |
|---|---|---|
| સુરતમાં ઉતર્યાં | ૩ | ૭,૫૦,૦૦૦ |
| કોરોમાંડલ કિનારે ,, | ૪ | ૯,૦૦,૦૦૦ |
| ઉપરના વહાણોમાંથી | | |
| બંગાળામાં ,, | ૦ | ૨,૪૦,૦૦૦ |
| બૅંટમમાં ,, | ૦ | ૧,૦૦,૦૦૦ |

એટલે કુલ્લે એક સાલમાં પહેલાં ૧૯,૯૦,૦૦૦ રૂપીઆનો તથા પાછળથી ૧,૩૦,૦૦૦ રૂપીઆનો માલ ઇંગ્લંડથી આ દેશમાં આવ્યો હતો.

ઇંગ્લંડમાંથી પૂર્વની માફક આ વખતે પણ મોટા બરનું કાપડ (Broad cloths), કલઇ, જસત, પારો, સિસું, સોનું અને રૂપું હિંદુસ્તાનમાં આવતાં; અને બદલામાં મરી મસાલા, રેશમી કાપડ, કૅલિકો, રેશમી કાપડ, સુરોખાર એ જણસો ત્યાં જતી. હિંદુસ્તાનમાં અમુક વસ્તુનો બજાર ભાવ શું છે અને ત્યાં કઈ વસ્તુ વિશેષ ખપશે તે અગાઉથી જાણવાનું અશક્ય હોવાથી સોનું તથા ચાંદી બહાર મોકલવામાંજ કંપનીને કિફાયત પતી.

બીજા ચાર્લ્સ રાજાની કારકિર્દીમાં કંપનીનો વેપાર કેટલો આબાદ સ્થિતિમાં હતો તે નીચેના કોઠા ઉપરથી જણાશેઃ—

| સન | માલ ખરીદવા માટે કંપનીએ હિંદુસ્તાન મોકલેલું સોનું તથા ચાંદી. |
|---|---|
| ૧૬૬૭—૬૮ | ૧૨,૮૬,૦૫૦ રૂપીઆ. |
| ૧૬૬૮—૬૯ | ૧૬,૨૩,૯૪૦ ,, |
| ૧૬૬૯—૭૦ | ૧૮,૭૪,૫૮૦ ,, |
| ૧૬૭૦—૭૧ | ૧૮,૬૧,૪૯૦ ,, |
| ૧૬૭૧—૭૨ | ૧૮,૬૪,૨૦૦ ,, |
| ૧૬૭૨—૭૩ | ૧૩,૧૩,૦૦૦ ,, |
| ૧૬૭૩—૭૪ | ૧૮,૨૯,૮૩૦ ,, |

ઈંગ્લંડથી બહાર ગયલા આ અવેજના તેમજ વેચવા માટે મોકલવામાં આવેલા માલ ઉપરની જકાતના ઈંગ્લંડના રાજાને દર સાલ ૩,૫૦,૦૦૦ રૂપીઆ કંપની તરફથી મળતા. એ સિવાય પ્રતિ વર્ષ વહાણો બાંધવા માટે કંપની તરફથી દસ લાખ રૂપીઆ ખર્ચ થતા તે પણ મજુરીના રૂપમાં અંગ્રેજોને મળતા, અને પૂર્વ તરફનો સઘળો માલ સસ્તે દરે તેમને મળતો તે જુદું. જો એ માલ બીજા દેશોમાંથી ઇંગ્લંડ આવ્યો હોત તો તે પેટે ઉપર કહેલી સોનાચાંદીની અવેજ કરતાં ઘણી મોટી રકમ ઈંગ્લંડમાંથી બહાર ગઈ હોત. આવી મોટી આવક ઇસ્ટ ઇન્ડીઆ કંપની તરફથી રાજ્યને થતી તે ઉપરાંત કંપનીની પરવાનગીથી બીજા હજારો વેપારીઓ ખાનગી રીતે વેપાર કરી નાના પ્રકારની જણસો પૂર્વમાંથી યુરોપમાં લાવતા.

સને ૧૬૭૪–૭૫ ની સાલમાં કંપની હિંદુસ્તાનમાંથી ૧૧,૦૦,૦૦૦ રૂપીઆનો માલ અને ૩૨,૦૦,૦૦૦ રૂપીઆનું સોનું તથા ચાંદી ઈંગ્લંડ લઇ ગઈ હતી. રંગીત તથા રેશમી કાપડ, કાચું રેશમ, મરી, સુરોખાર, ગળી, મસાલા, ઔષધ વગેરે વસ્તુઓની ભારે નિકાસ થતી. ઉપર કહેલા ૧૧ લાખ રૂપીઆના માલની કિંમત ત્યાં ૮૬ લાખ રૂપીઆ ઉપજી હતી. એ કિંમત મોટી દેખાય છે તેમ તે માટે ખર્ચ પણ પુષ્કળ થતો. પ્રવાસ-

નો ખર્ચ અને તેમાં સોસવા પડતા સંકટો જબરદસ્ત હતાં તેમજ જકાત પેટે પણ ભારે રકમ આપવી પડતી. વળી હિંદુસ્તાનની વખારના સંરક્ષણ માટે તથા દેશી રાજાઓ સાથે ભાંજગડ કરવામાં આસરે ૭ લાખ રૂપીઆ દરસાલ ઉપડતા. એમ છતાં કંપનીના શેરનો ભાવ જે સને ૧૬૭૦ માં ૭૦ હતો તે સને ૧૬૭૫ માં મેકડે ૨૪૫ ઉપર ગયો હતો.

સને ૧૬૫૭ માં ક્રૉમ્વેલે કંપનીના વહિવટ માટે કરેલી ગોઠવણ પછી એ સંસ્થાને જોઇએ તેટલું નાણું મળવા લાગ્યું, અને વેપારમાં પુષ્કળ નફો થવા માંડયો. સને ૧૬૬૧ માં એના શેરનો ભાવ ૯૨ થી ૯૪ હતો તે સને ૧૬૬૫ માં વલંદાઓ સાથે યુદ્ધ શરૂ થતાં એકદમ ૭૦ લગી ગગડી ગયો. ચાર વર્ષ પછી ફાયદો થતાં આ ભાવ ૧૮૦ લગી ચડયો. એ પછી દર ત્રણ વર્ષે કંપનીના વેપારનો હિસાબ બંધ કરી ભાગીદારોના નાણાં તેમને પાછાં સ્વાધીન કરવામાં આવતાં. એ પ્રમાણે શેરના વેચાણ તથા ખરીદી થવાની હમણાંની જૉઈન્ટ સ્ટૉક સંસ્થાની તે સમયે શરૂઆત થતી હતી. આ સામાઇક ભંડોળની પદ્ધતિનો ફાયદો પ્રથમ મેળવનાર ઇંગ્લંડમાં ઈસ્ટ ઈન્ડીઆ કંપની હતી. બીજા ચાર્લ્સ રાજાના સમયમાં એમાં નાણાં રોકવા જેવો બીજો કંઈ પણ ફાયદાકારક ધંધો લોકો માટે નહોતો. સને ૧૬૭૭ માં શેરનો ભાવ ૨૪૫ થયો, અને બીજા ચાર વર્ષમાં ૨૮૦ ઉપર ગયો. સને ૧૬૮૨ ના જાનેવારી માસમાં સેંકડે દોઢસો ટકા લેખે ભાગીદારોને નફો વ્હેંચી આપવામાં આવ્યો હતો. આ પ્રમાણે થયલા ભારે નફાને પરિણામે સને ૧૬૫૮ માં કંપનીએ ઉભો કરેલો ૩૫,૯૮,૯૧૦ રૂપીઆનો ભંડોળ લોકોને પાછો મળવા ઉપરાંત તેટલીજ રકમ કંપની પાસે રહી. એવેલિન (Evelyin) લખે છે કે 'સને ૧૬૫૭ માં મેં પાંડનો શેર ૨૫૦ પૌંડ માટે મેં ખરીદ્યો હતો તે સને ૧૬૮૨ માં ૭૫૦ પૌંડ માટે વેચ્યો.' એટલે પચીસ વર્ષમાં મૂળ ભંડોળ પાછો મળવા ઉપરાંત તેને ૫૦૦ પૌંડ નફો થયો હતો. આ નફો સને ૧૬૮૩ માં પરાકાષ્ઠાએ પહોંચ્યો કેમકે ત્યારે ૧૦૦ પૌંડના શેરનો ભાવ ૩૫૦ પૌંડ થયો હતો, અને કોઈ કોઈ વેળા તે ૫૦૦ પૌંડ ઉપર જતો હતો. માલની ખરીદી તથા વેચાણ ઉપર થતો આ નફો મનન

કરવા યોગ્ય છે. સને ૧૬૭૫ માં ૪૩ લાખ રૂપીઆનો માલ કંપની ઈંગ્લંડમાંથી ઉપાડી ગઈ; તેના બદલામાં હિંદુસ્તાનમાંથી જે માલ પાછો આવ્યો તે વેચતાં ૮૬ લાખ રૂપીઆ ઉત્પન્ન થયા. એ સિવાય કંપનીની સંમતિથી ચાલેલા ખાનગી વેપારનો નફો થયો તે જુદો. એજ વર્ષમાં તેનો ખર્ચ ૧૫ લાખ થયો, અને ૩૦ લાખ રૂપીઆ ઉપજ થઈ, એટલે એક સાલમાં કંપનીએ ૫૮ લાખ ખર્ચ કર્યાં અને ૫૮ લાખ રૂપીઆ નફો મેળવ્યો. સને ૧૬૬૪ માં કંપનીએ ત્રણ વેચાણ મળી ૧ કરોડ ૮૦ લાખ રૂપીઆ મેળવ્યા તેથી આખા દેશનો અડધો વેપાર એકલી કંપનીએ સ્વાહા કર્યો હતો એવું ગુમરાણ ઈંગ્લંડમાં થઈ રહ્યું. સને ૧૬૫૭ થી ૧૬૯૧ સુધીનાં ૩૪ વર્ષમાં સેંકડે ૮૪૦ રૂપીઆ ભાગીદારોને નફાના મળ્યા હતા, એટલે સરાસરી દર વર્ષે તેમને ૨૫ ટકા નફો થયો હતો. સને ૧૬૭૬ થી ૧૬૮૫ સુધીનાં ૯ વર્ષમાં કંપનીએ ૯૬ લાખ રૂપીઆનો નફો કર્યો હતો. આ સઘળો નફો માત્ર વર્ગણીથી એકઠા થયલા ભંડોળ ઉપરજ નહોતો, પણ કરજે કઢાડેલાં નાણાંથી કંપની વેપાર ચલાવતી તે સઘળી રકમ સુદ્ધાં એકંદર નફો ગણ્યો છે. સને ૧૬૮૧ માં વેપાર માટે કંપનીએ ૫૫ લાખ ૨ થી ૬ ટકાની તેરીખે લીધા હતા.

ઈંગ્લંડમાં કંપનીના મક્તા વિરૂદ્ધ ફરીઆદ ઉઠાવનારા પુષ્કળ લોકો હતા પરંતુ જોશુઆ ચાઈલ્ડે તે સઘળાને શાંત પાડ્યા હતા. તેણે સને ૧૬૮૧ માં જાહેર કર્યું હતું કેઃ—‘ કંપનીના વેપારને લીધે ઈંગ્લંડના રાજાને વર્ષે ૭ લાખ રૂપીઆ ફક્ત જકાતનાજ મળે છે. સુમારે ૭ સાત લાખનો માલ દેશાવર જાય છે. ઈસ્ટ ઈન્ડીઆ કંપનીનો વેપાર ચાલતો ન હોત તો આટલો બધો માલ અહીંથી ચડત નહી, અને વલંદા તથા ફ્રેન્ચ વેપારીઓએજ પૂર્વમાં ખપતો માલ અહીંથી નિકાસ કર્યો હોત.’ આવો ચોખ્ખો અને કડક ઉત્તર બહાર પડતાં ઉપરની ફરીઆદ કેટલેક અંશે બંધ પડી હતી. ખરૂં જોતાં કંપની પોતાના ઈજારામાં ઘણી સખત નહોતી; તેની સંમતિથી ગમે તે માણસને ખાનગી વહાણો મોકલી વેપાર કરવાની છૂટ હતી, પણ કેટલીક વસ્તુઓની ખરીદી તથા વેચાણ એના સિવાય બીજાથી

થઈ શકતાં નહીં. આ બાબતમાં થતી ફરીઆદ બંધ કરવાના હેતુથી રાજાએ કંપનીને ફરીથી એક સનદ આપી; પણ એ રીતે લોકોનો હક ડુબાવવાનો રાજાને અધિકાર નથી એવી તકરાર ઉપર કંપની વિરૂદ્ધ કોર્ટમાં દાવા મંડાયા–'રાજાનો અધિકાર વિરૂદ્ધ હિંદુસ્તાનનો વેપાર' એ નામે આ મુકરદમાએ ઘણી ગડબડાટ મચાવી. જેમ્સના મુખ્ય ન્યાયાધિશ જેફ્રીઝે આ મુકરદમો રાજાની તરફેણમાં ચુકવ્યો, અને કેટલાકને શિક્ષા થતાં લોકોને કંપનીની ઘણી દહેશત લાગી. જેમ્સ રાજાની એકંદર કારકિર્દી ઇંગ્લંડને જેટલી નુકસાનકારક હતી તેટલીજ તે કંપનીને હિતકારી હતી. રાજાનો સઘળો અધિકાર સંપૂર્ણપણે કંપનીને મળ્યો હતો તે ઉપરાંત તેને બીજાની જરૂર નહોતી. સને ૧૬૮૫માં કંપનીની આબાદી પરાકાષ્ટાએ પહોંચી હતી. રાજા પોતે કંપનીનો મોટો ભાગીદાર (શેર હોલ્ડર) હતો તોપણ તેને એક સાધારણ ભાગીદાર કરતાં વિશેષ હક નહોતા. આ તરફ પુષ્કળ ઠેકાણે કંપનીના તાબામાંના મુલક ઉપર મુલકી, દિવાની, લશ્કરી વગેરે સર્વ અધિકાર કંપની ચલાવતી હતી. તેને નાણાં પાડવાની સત્તા હતી, તેમજ યુદ્ધ તથા સલાહ કરવાનો કુલ અખત્યાર હતો. એ અધિકાર બજાવવાને રાજાના કામદારો હમેશ તત્પર હતા. વાસ્તવિકરીતે જોતાં એ એક મુઠી ભર વેપારીઓની સભા નહોતી, પણ રાજાના જેવી સઘળી સત્તા ચલાવનાર એક મોટી મંડળી હતી, અને તેનો વહિવટ ઘણો કડક તથા નિયમિતરીતે ચાલતો હતો. ખુદ લંડનમાં હાઈ એક્સચેન્જ (High Exchange) કરીને આખા દેશની લેવડદેવડની એક મોટી સંસ્થા હતી તેનાથી ઉતરતી પંક્તીનીજ ઇસ્ટ ઈન્ડીઆ હાઉસ એટલે કંપનીની પેઢીની યોગ્યતા હતી. કંપનીની સભામાં એકાદ મહત્વનો સવાલ નિકાલ માટે આવતો તે પ્રસંગે હજારો પ્રેક્ષકો આતુરતાથી સભાનું કામકાજ નિહાળવા એકઠા થતા.

સર જોશુઆ ચાઈલ્ડ જેવા હોશીઆર અમલદારે કંપનીના વહિવટની વ્યવસ્થા ઘણા ઉત્તમ પ્રકારની કરી, અને વધી ગયલી નિરર્થક લખાપડી તથા બીજાં કામોનો અટકાવ કર્યો. પૂર્વ તરફથી વહાણમાં

આંવતો સઘળો માલ લીલામથી વેચી નાંખવામાં આવતો. આ લીલામમાં કંપનીના ભાગીદારોજ માત્ર માંગણી કરી શકતા. માલ આવતાં કોર્ટની સભા ભરાતી, અને તેમાં એક ઇંચ લાંબી મીણબત્તી સળગાવી મુકવામાં આવતી. તે કકડો બળી રહે તે પહેલાં જેની માગણી વધારે આવે તેને નામે માલ ચડાવી આપવામાં આવતો. દર બે ત્રણ વર્ષે નવી વર્ગણી એકઠી કરી તેનો હિસાબ જુદો રાખવાનો વહિવટ હોવાથી ઉત્તરોત્તર આ પૃથક વર્ગણીની સંખ્યા વધી જતાં, પ્રત્યેકનો નફો નુકસાન વહેંચવાનું કામ ઘણુંજ મુશ્કેલ થવા લાગ્યું. વળી નફો રોકડ વહેંચાતો નહીં પણ તે પેટે માલ આપવામાં આવતો. દાખલા તરીકે સને ૧૬૪૧ માં ૨૫ ટકાની વહેંચણી નક્કી થતાં ૠ રેસમ, ૠ કાપડ અને ૠ લવેંગ એ રીતે નફો વહેંચાયો હતો. આથી ઘણોજ ઘોંટાળો ઉત્પન્ન થતો.

ડૉ. ફ્રાયર સને ૧૬૭૩ થી ૧૬૮૦ ના અરસામાં સુરત આવ્યો હતો તે કંપનીના વેપાર વિશે લખે છે કે, 'સુરતથી કંપનીનાં વહાણો કાપડ ભરી બૅંટમ જાય છે. ત્યાં કાપડ વેચી ડચ ડૉલર્સ લે છે અને આગળ ચીન જઈ ત્યાં સાકર, ચાહ, ચીનાઈ તથા લાખનાં વાસણ, પારો અને તાંબું વગેરે માલ લાવે છે; રસ્તામાં સુમાત્રા આગળ અનાજને બદલે હાથીદાંત લે છે; ઈરાનથી ઔષધ અને ઉન, મોખ્ખાથી કૉફી, અમદાવાદથી રેશમી કાપડ અને સોનેરી નકસીવાળી તલવાર, આગ્રાથી ગળી અને કાપડ, પશ્ચિમ કિનારેથી મસાલા, મરી, અફીણ સુરોખાર, ઈત્યાદિ વસ્તુઓ ભરી લાવે છે.'

સુરતના જકાત અધિકારીઓ તરફથી કંપનીના નોકરોને અત્યંત ત્રાસ પડતો પણ એજ સંબંધમાં યુરોપનો પ્રવાસ આજે પણ કેટલો ત્રાસદાયક છે તે જેણે જોયું છે તેને તે વખતનો ત્રાસ નિર્જીવ લાગશે. કોઈ પણ ઈસમ અથવા વહાણ બંદરમાં આવતાં તેની જડતી લેવાતી; રાતનાં આવેલાં વહાણને બીજા દહાડા સુધી એમને એમ પડી રહેવું પડતું. એ જડતીમાં દરેકને પુષ્કળ ત્રાસ પડતો; વહાણ તથા સામાન ઉપર પહેરો મુકવામાં આવતો, અને પ્રત્યેક ઉતારૂને બોટની ફીનો એક રૂપીઓ આપવો

પડતો. જડતીનું કામ પુરૂ થયા સિવાય નવા આવેલા ઉતારૂઓને અહીંના લોકો સાથે ભાષણ પણ કરવા દેવામાં આવતું નહીં, તેમની આસપાસ બાના સોટવાળા સિપાઇઓ ખડા થઈ જતા, દરેક ઉતારૂનું નામ લખી તથા તેની સાથેના સામાનની નોંધ કરી સોના ચાંદી ઉપર સેંકડે અઢી ટકા અને બીજા ઉપર પાંચ ટકા લેખે જકાત લેવાતી કોટના બોરીઆ ઉપર પણ એ પ્રમાણે જકાત હતી સુરતના અધિકારીઓની કોઇ પણ કારણે ઇતરાજી થતાં એ ઉપદ્રવની સીમાજ રહેતી નહીં એમ છતાં યુરોપિયન સ્ત્રીઓની જડતી લેવાતી નહીં

આપણે પ્રસંગોપાત જોઈ ગયા છીએ કે ધીમે ધીમે કંપનીનો વેપાર આબાદ થતાં તેને હિંદુસ્તાનમાં રાજાના સઘળા હકો પ્રાપ્ત થયા હતા સિક્કા પાડવા, કર નાખવા, કિલ્લા બાંધવા, લશ્કર ઉભું કરવું અને યુદ્ધ અથવા તહ કરવા એ સઘળું કરવાનો અધિકાર રાજાનેજ હોય છે, પણ તે સઘળા કંપનીને મળ્યા હતા એ હક તેને કોની તરફથી મળ્યા, રાજાએ આપ્યા હોય તો તેને તેમ કરવાનો અધિકાર છે કે નહીં, પાર્લામેન્ટે તેના ઉપર દાબ કેમ ન રાખ્યો, વગેરે અનેક પ્રશ્નો કંપનીના વ્યવહારમાં ઉભા થાય છે. પહેલા ચાર્લ્સ રાજાના અમલમાં એ વેપાર ઘણો ઓછો થઈ જવાથી લોકોએ તે તરફ કંઈ લક્ષ આપ્યું નહીં બીજા ચાર્લ્સ રાજાની કારકિર્દીમાં તેને રાજ્ય ગાદી તરફથી પુષ્કળ ટેકો મળતો હોવાથી પાર્લા-મેન્ટ કંપનીના કામમાં હાથ ઘાલી શકી નહીં પરંતુ બીજા જેમ્સના સમય-માં ખુદ રાજાનો અધિકાર પાર્લામેન્ટે લઈ લેવાથી કંપની પણ તેના કાબુ હેઠળ ગઇ આ કેવી રીતે થયું તે જાણવા જેવું છે.

'ઇસ્ટ ઇન્ડીઆ કંપનીને ફાયદો થવાનું કારણ એ છે કે જે જગ્યા તેના તાબામાં આવી તે ઉપર તેણે ઉત્તમ પ્રકારની કિલ્લેબંધી કરી અને ત્યાં આજુબાજુનો વેપાર તણાઈ આવે એવી દરેક તજવીજ રાખી, માલ તૈયાર કરવાના કારખાના ખોલ્યા અને વણકર, ગરીબ અને શ્રીમંત લોકોને તેની હદમાં આવી રહેવા સમજાવ્યા અહીં આવી વસનારા તરફ કંપનીના માણસો યોગ્ય રીતે વર્તતા, અને તેમના ધર્મસંબંધી વિચારોમાં આડે આવતા નહીં,

પરધર્મીના ઘરમાં કોઈ દાખલ થતું નહીં, અને તેઓ તેમને તેમના આચાર-વિચારો પ્રમાણે ચાલવા દેતા, ખ્રિસ્તી ધર્મ બીજા ઉપર જુલમથી ઠસાવવા યત્ન કરતા નહીં, અને અયોગ્ય કામ કરવાનું લોકોને કહેતા નહીં. અન્ય લોકોનાં વહાણો પોતાના બંદરોમાં કંપની આવવા દેતી, પોતાનાં વહાણોવડે બંદરમાંનાં સઘળાં જહાજ તથા માલનું રક્ષણ કરતી, અને વખારમાં ઉત્પન્ન થતા માલ ઉપર આરંભમાં જકાત લેતી નહીં. તેણે પોતાના સિક્કા પાડ્યા; ન્યાયાધિશી સ્થાપી; વસાહતમાં રહેનારા લોકના જાનમાલનું યોગ્ય રક્ષણ કર્યું. સને ૧૬૮૫ થી ૧૬૯૦ સુધી અન્ય લોકો સાથે યુદ્ધ કરી જોયું, પણ તેમાં તેને યશ મળ્યો નહીં.' આ પ્રમાણે બીજી યુરોપિઅન પ્રજા કરતાં અંગ્રેજોનો ક્રમ નિરાળો હતો. જે વાત માટે તેઓએ જુલમ વર્તાવ્યો તે આ લોકોએ કરીજ નહીં અને તેથી તેમનો અમલ પીડાકારી તથા અપ્રિય થયો નહીં.

સને ૧૬૭૨ અગાઉ કંપનીની નાણાં સંબંધી સઘળી લેવડદેવડ ઑલ્ડરમૅન બ્લૅકવેલ મારફત ચાલતી. એ સદ્દર અને નામાંકિત પેઢીમાં સને ૧૬૭૦ માં કંપનીને નામે ૨,૩૭,૦૦૦ રૂપીઆ જમે હતા. કંપનીના શેરનો ભાવ પણ આ વર્ષે એટલે સને ૧૬૭૨ માં અગાઉ નહીં થયો હોય તેટલો થયલો, તથા તેના ભંડોળ જેટલી ઉપજ તેને એક વર્ષમાં મળેલી એ ઉપરથી તેની આંટ કેટલી વધી હતી તે સહજ સમજાશે. સઘળા ભાગીદારોની સંખ્યા ૮૦ થી વધારે નહોતી, અને તેમાંના માત્ર દસેક જણાજ સર્વ વહિવટ ચલાવતા. સને ૧૭૫૦ માં એ ભાગીદારોની સંખ્યા ૫૦૦ થઈ તે સને ૧૭૮૦ માં ૨૦૦૦ ઉપર ગઈ હતી. ચોવીસ ડાયરેક્ટરોની સભા સઘળો કારભાર ચલાવવા માટે મુખત્યાર હતી. સર જોશુઆ ચાઇલ્ડ કંપનીનો ગવર્નર હતો ત્યારે સને ૧૬૮૫ માં ભંડોળનો ત્રીજો ભાગ તેના એકલાનો હતો. આ કડક સ્વભાવના અમલદારે હિંદુસ્તાનમાંના સર્વ નોકરો ઉપર પોતાનો ધાક બેસાડ્યો હતો. 'તમારા પત્રની ભાષા ઉદ્ધત છે, અર્થ શુદ્ધ નીકળતો નથી, તમે વેળાસર જવાબ મોકલતા નથી, અને અમારો હુકમ બજાવતા નથી, એનો અર્થ શું? અમે તમારા ઉપરી છતાં અમારી બરોબરી કરવા તમો યત્ન કરો છો, અને એથીજ કદાચિત તમારી કૌન્સિલ-'

માં પુનઃ ફેરફાર કરવાની જરૂર પડશે. આ સઘળું લક્ષમા રાખી અમને તેમ કરવા ફરજ પાડશો નહીં તથા આ પત્રની નમ્ર ભાષા છોડી દેવા અમને પ્રવૃત્ત કરશો નહીં એવી આશા છે.' આ રીતે સર જોશુઆ ચાઈલ્ડનો પત્ર તે સમયની સ્થિતિનો કંઈક ખ્યાલ આપે છે. હિંદુસ્તાનના અમલદારોને ઇંગ્લંડથી હુકમ આવે પણ તેનો તેઓ અનેક કારણો બતાવી અનાદર કરે એવું હમેશ થતું. સો વર્ષ પછી થયલા ફોકસ અને પિટના ઈન્ડીઆ બીલનો મુદ્દો આ સ્થિતિ સુધારવાનો હતો. એમ છતાં વિલાયતથી આવતા હુકમ જો સ્થાનિક અધિકારીઓએ અક્ષરસઃ પાળ્યા હોત તો અંગ્રેજો આ રાજ્ય મેળવી શકતે નહીં એવો કેટલાકોનો અભિપ્રાય છે.

સને ૧૬૧૫ માં સર ટૉમસ રોએ કંપનીના વેપારની કરેલી ગોઠવણ પછીનાં ૭૦ વર્ષ આ સ્થિતિ ચાલુ હતી, પણ પાછળથી રોની પદ્ધતિ બદલી નાંખી કંપનીએ ઔરંગજેબ બાદશાહ સાથે યુદ્ધ ચલાવ્યું, અને તેમાં લગભગ ૪૦ લાખ રૂપીઆ ઉડાવી નાંખ્યા. એ ઉપરાંત વેપાર બંધ પડવાથી કંપનીને એક કરોડનું નુકસાન થયું. આ દેશમાં લશ્કરી ખર્ચ વધ્યો; ઈંગ્લંડમાં થયલી રાજ્યક્રાન્તિને લીધે કંપનીના કામમાં ઘણોજ ઘોંટાળો ઉત્પન્ન થયો. આ કારણોને લીધે કંપનીની આંટ ઉતરી ગઈ, અને સને ૧૬૮૩ માં તેના શેરનો ભાવ ૫૦૦ પૌંડ હતો તે સને ૧૬૯૨ માં ૧૫૦ પૌંડ સુધી ગગડી ગયો.

હિંદુસ્તાન, ચીન વગેરે અનેક દેશમાંની આબાદીનું પરિણામ યુરોપના વેપાર ઉપર અતિશય થયું હતું એમ ઘણા વિદ્વાનોએ સિદ્ધ કર્યું છે. હિંદુસ્તાનમાં વરસાદની તંગીને લીધે દુષ્કાળ પડી ધાન્યના ભાવમાં એકદમ ફરક પડી જતો તો તરતજ તેનું પરિણામ ઇંગ્લંડના વેપાર ઉપર થયા વિના રહેતુ નહીં એ આજ બસેં વર્ષનો અનુભવ છે. સારાંશમાં દુનીઆનાં મોટાં મોટાં વેપારી શહેરોમાં એકદમ થયલી ચળવળ અથવા રાજ્યક્રાન્તિનું કારણભૂત હિંદુસ્તાન એટલે તે દેશનો વેપાર હતો એવો કેટલાક વિદ્વાનોનો મત છે.*

* Birdwood's Report of the Old Records of the India Office વગેરે ટીપ પૃ. ૯૦.

**ઢાકાની મલમલ.**—ઢાકામાં અનેક તરેહની ઉત્તમ મલમલ ઘણા અસલના વખતથી બનતી હતી, જેવી કે સાદી, ચોકડીવાળી, પટીવાળી, દાણાદાર, વેલબુટ્ટીની વગેરે. એમાંની સાદી અપ્રતિમ હતી.- એ રોમન બાદશાહોની પૂર્વે બેબિલોનિયન અને એસિરિયન કાળમાં પણ મશહુર હતી. સને ૧૬૬૦-૭૦ ના અરસામાં આ મલમલ ઈસ્ટ ઈન્ડીઆ કંપની મારફત પ્રથમ ઈંગ્લંડમાં આવી. એ વખતે ઢાકાથી દર વર્ષે દસ લાખ રૂપીઆની કિંમતની મલમલ હિંદુસ્તાનમાંથી બહાર જતી. કંપનીના વેપારીઓ તે ઈંગ્લંડ લાવ્યા ત્યારથી ત્યાં પણ તેનો ખપ વિશેષ થવા લાગ્યો. સને ૧૭૮૫ માં રૂ કાંતવાનું યંત્ર ઈગ્લંડના નૉટિંગહામ પ્રાંતમાં વાપરવામાં આવ્યાથી આ વેપારને ધોકો લાગ્યો. એ વર્ષે રહી અહીંના જાડા નમુના પ્રમાણેનાં કાપડના પાંચ લાખ તાકા ઈંગ્લંડમાં તૈયાર થયા ત્યારે અહીંનો માલ ત્યાં જતો અટકાવવા માટે કાપડ તૈયાર કરાવનારાઓએ સખત બુમારો ઉઠાવી કાપડ ઉપર ૭૫ ટકા જેટલી આયાત જકાત બેસાડવાની સરકારને ફરજ પાડી. આથી ઢાકાનો વેપાર ધીમે ધીમે દબાતો ગયો. સને ૧૭૮૭ માં જ્યારે ૩૦ લાખ રૂપીઆનો માલ ઈંગ્લંડ ગયો ત્યારે સને ૧૮૦૭ માં ફક્ત ૮ાા લાખનો, સને ૧૮૧૩ માં ૩ાા લાખનો ગયો; અને સને ૧૮૧૭ માં તો એ વેપાર તદ્દન અટકી પડ્યો, ત્યારે કંપનીએ પોતાની વખાર ઢાકામાંથી ઉપાડી લીધી. ઉપર કહેલી કાપડ ઉપરની ૭૫ ટકાની જકાત સને ૧૮૨૫ માં કમી કરી ૧૦ ટકાની ઠરાવવામાં આવી તોપણ ઢાકાની મલમલનો વેપાર ફરીથી તરી આવ્યો નહીં. કેમકે ઈંગ્લંડમાં યંત્ર ઉપર તૈયાર થયલું બારીક સુતર હિંદુસ્તાનમાં આવવા લાગ્યું હતું અને તેનો ખપ વિશેષ થતો હતો. સને ૧૮૨૭ માં ૩૦ લાખ પૌંડનું અંગ્રેજી સુતર હિંદુસ્તાનમાં આવ્યું હતું તે વધીને સને ૧૮૩૭ માં ૬૬ લાખ જેટલું થયું હતું. આથી ઢાકાની ઉંચી મલમલ માટે જોઈતું દેશી સુતર આ દેશમાં નીકળતું બંધ થઈ ગયું. આવી રીતે મલમલના વેપારમાં અત્યંત આબાદ થયલું ઢાકા શેહેર તદ્દન નાશ પામ્યું. ઢાકા પ્રમાણે હિંદુસ્તાનમાંની સઘળી અસલની સધન પેઢીઓની દુર્દશા થઈ છે. ઈંગ્લંડના નૉટિંગ હામ, ગ્લાસગો વગેરે શહેરોને આબાદ કરવા માટે અંગ્રેજોએ હિંદુસ્તાનનું

હિત રહેજ પણ લક્ષમાં લીધુ નહીં. કંપનીના જાહોજલાલીના વખતમાં આ દેશનો વેપાર પુષ્કળ વધ્યો હતો, કેટલીક વસ્તુઓ નવી તૈયાર થવા માંડી હતી, અને ઇંગ્લડથી આવતું ઉત્તમ પ્રકારનું ગરમ કાપડ ફ્લેનલ વગેરે જોઈ અહીંના કારીગરો તેવાં કાપડ તૈયાર કરવા લાગ્યા હતા. આ હકીકતમાં સર બર્ડવુડના મત પ્રમાણે હિંદુસ્તાનનું ધન કંપની નહીંતો ઇંગ્લંડની સરકાર લઈ ગઈ હતી.

સત્તરમા સૈકાના અંતમાં અને અરાઢમા સૈકાની શરૂઆતમાં હિંદુસ્તાનના વેપાર તરફ અંગ્રેજોએ વિશેષ લક્ષ દોડાવ્યું હતું. કંપનીને થતા ભારે નફાથી સઘળા લોકોના મ્હોડામાં પાણી છૂટયું, અને તેના મક્તા તરફ લક્ષ ન આપતાં ખાનગી રીતે વહાણો રવાના કરી વેપાર ચલાવનારાઓની સંખ્યા બેસુમાર વધી ગઈ. આ લોકોને પાયરેટ્સ (Pirates) કિંવા ઈન્ટરલોપર્સ ( Interlopers ) એટલે ચાંચીઆની સંજ્ઞા ગ્રંથકારોએ આપી છે. સને ૧૭૦૮ માં બે કંપનીઓ જોડાઈ ગઈ છતાં આ ચાંચીઆનો દોર બધ પડયો નહીં. અરાઢમા સૈકામાં ઇંગ્લંડનો ઘણો ખરો કાળ યુરોપનાં બીજાં રાજ્યો સાથે મોટાં મોટાં યુદ્ધ કરવામાં ગયો. આ યુદ્ધના ખર્ચ પેટે રાજ્ય તરફથી કંપની પાસે મોટી મોટી રકમો વ્યાજે લેવામાં આવી હતી, એટલે કંપનીની સનદ રદ કરવાનું અથવા ચાંચીઆ લોકોનો ત્રાસ અટકાવવાનુ ઇંગ્લંડ સરકારે મનપર લીધું નહીં. કંપનીને લીધે રાજ્યને મોટો ફાયદો થતો હતો. તેની નોકરીમાં જે લોકો જોડાયા હતા તેમનાં મરણ બાદ તેમના છોકરાને નોકરી આપી અગર અન્ય રીતે તેમની વિધવા તથા છોકરાંઓની સભાળ લેવા કંપની તરફથી પ્રયત્ન થતા. આવી રીતે પોષણ થતા લોકોની સંખ્યા ઇંગ્લંડમાં મોટી હતી. સને ૧૬૮૯ પછી જુની કંપની બંધ કરવા સામે વિરૂદ્ધતા બતાવવામાં આવી ત્યારે એવી વિધવા તથા છોકરાઓએ પાર્લામેન્ટને તેમ નહીં કરવા પ્રાર્થના કરી હતી. તે સમયની ઇંગ્લંડની સઘળી આબાદી વેપાર ઉપર અવલંબી રહી હતી, અને તે વેપારનો મોટો હિસ્સો હિંદુસ્તાન વગેરે ઠેકાણે કંપનીના હાથમાં હતો.*

* Cunningham's Growth of England's Commerce.

વેપારમાં પડેલી કોઈ સંસ્થાએ પોતાની વ્યવસ્થા તથા વહિવટ કેવી રીતે બદલ્યા કરવાં તેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ઈસ્ટ ઈન્ડીઆ કંપનીના ઈતિહાસ ઉપરથી આપણને મળે છે. શરૂઆતનાં સો વર્ષમાં રાજ્યમાંથી નાણું અને માણસો પરદેશ ઘસડી લઈ જવાનો કંપની ઉપર આક્ષેપ હતો; તે દૂર કરવા માટે અને તે વિના કારણનો છે એવું લોક સમક્ષ પ્રત્યક્ષ પુરવાર કરવા સારૂ કંપનીને ઘણી મહેનત કરવી પડી. એ પછી અરાઢમા સૈકાના આરંભમાં કંપની વિરૂદ્ધ બીજીજ ફરીઆદ શરૂ થઈ. હિંદુસ્તાનમાં વણાયલાં ઉત્તમ રેશમી અને સુતરાઉ કાપડ ઈંગ્લંડ લાવી કંપનીએ સસ્તે દરે વેચવાથી ત્યાંના કારીગરો નકામા થઈ ગયા અને એક રીતે આથી તેમના પેટ ઉપર પગ મુકાયો. હિંદુસ્તાનના બારીક કાપડનો ખપ ઈંગ્લંડમાં એટલો થવા લાગ્યો હતો કે ગરીબ ચાકરડીઓથી મોટા મોટા સરદારો સુદ્ધાં કોઈને પણ એ કાપડ વિના ચાલતું નહીં. લોકોનાં શરીર ઉપર, ઘર સામાનના શણગારમાં અને ઓરડાઓ સુશોભિત કરવામાં જ્યાં જુઓ ત્યાં એ કાપડ નજરે પડતું. વિલાયતથી કેટલાક કુશળ વણકરો, રંગારા વગેરેને હિંદુસ્તાન લાવી તેમની મારફત દેશી કારીગરોને હુન્નર શીખવી ઈંગ્લંડમાં ખપતો માલ અહીં તૈયાર કરાવી કંપની લઈ જતી. આથી થોડા વેપારીઓને મોટો નફો થતો એ ખરૂં, પણ તેમ કરવામાં હજારો અંગ્રેજ કારીગરોની અવદશા થઈ. આ હકીકત નિર્દિષ્ટ કરવા માટે નૉરીચ શહેરમાંથી પાર્લામેન્ટને અસંખ્ય અરજીઓ થઈ, ત્યારે સને ૧૭૦૦ માં પાર્લામેન્ટે કાયદા અન્વયે એવું ઠરાવ્યું કે કંપનીએ હિંદુસ્તાનનું કાપડ ઈંગ્લંડમાં વેચવું નહીં, પણ તે યુરોપના બીજા દેશોમાં લઈ જઈ વેચવામાં હરકત નહોતી. આ ઠરાવથી ઈંગ્લંડના કારીગરોનું સંરક્ષણ થયું અને થોડા વખતમાં તેમનો ઉભરો બંધ પડયો.

હિંદુસ્તાનના સંબંધમાં વેપારી દ્રષ્ટીએ જોતાં કંપનીનાં આ કૃત્યથી આપણા દેશને ઘણું નુકસાન થયું નહોતું; પણ આગળ જતાં જ્યારે યંત્રનો ઉપયોગ થવા માંડયો, અને હિંદુસ્તાનમાં ઉત્પન્ન થતો કાચો માલ ઈંગ્લંડ લઈ જઈ ત્યાં યંત્રની મદદથી આ દેશમાં ખપતો માલ તૈયાર કરી કંપની અહીં લાવવા લાગી ત્યારે પાર્લામેન્ટની માફક આપણા દેશના કારીગરોનું

સરક્ષણુ કરવા માટે કોઈ જોખમદાર સસ્થા ન હોવાથી આપણા લોકોનો વેપાર ડુબ્યો અને અસખ્ય લોકો દરિદ્ર અવસ્થામા આવી પડ્યા

આ સમયે સાકર રેશમ અને સુરોખાર બગાળામા પુષ્કળ અને સસ્તા મળતા અને તેમાથી કપનીને મોટી કિફાયત થતી, હોવાથી તે સર્વ વસ્તુ ગમે તે ભાવે પણ ખરીદ કરવા કપનીની તાકીદ હતી જો કે આ વેપારથી ઘણો મોટો નફો થતો તોપણ તેને શરૂઆતમા ઘણી અડચણો વેઠવી પડતી અનેક સકટો આવતા છતાં અહીંના માણુસોને ધીરજ નહીં છોડી ફરી ફરીને યત્ન કરવા ઇંગ્લડથી આગ્રહ થવાથી આખરે તેમને જશ મળ્યો સને ૧૬૫૮ ના અરસામા કપનીએ બગાળામાના પોતાના નોકરોની સખ્યા બેવડી કરી, નોકરોની ગેરવર્તણુક અટકાવી, અને તેમનો પગાર વધાર્યો શાહજહાનની માદગીથી તેના કુટુબમા કનેપ થયો તોપણ અગ્રેજો સ્વસ્થ ચિત્ત રાખી પોતાનુ કામ કર્યા ગયા

સને ૧૬૬૧ મા બીજા ચાર્લ્સ રાજાએ આપેલી નવી સનદની રૂએ ખ્રિસ્તી સિવાય બીજા લોકો સાથે યુદ્ધ કરી પોતાનો વેપાર વધારવાની કપનીને સત્તા મળી મદ્રાસના પ્રેસિડન્ટ પાસે બગાળાનો અધિકાર હતો ત્યારે સર એડવર્ડ વિંટરની ખાતરી થઈ હતી કે, ' શાત રહી હાજી હાજી કરવાથી આપણો વેપાર વધવાનો નથી જો કોઈ મોગલ અધિકારી જકાત માગે તો તેના ઉપર એકદમ શસ્ત્ર ઉચકી તેમની સામે થઈ વેપાર ચલાવવો ' તે વેળા ઔરગઝેબનો અમલ શરૂ થતો હતો અને પ્રખ્યાત મીર જુમ્લા બગાળાનો કારભારી હતો અગ્રેજોએ તેને કઈ છેડઆગળી કરવાથી તે શસ્ત્ર લઈ તેમની સામે ઉઠ્યો ત્યારે વિંટરને પોતાની સ્થિતિનુ ભાન થયુ, અને કપનીને તેને પાછો બોલાવી લેવા જરૂર પડી એમ છતાં વેપાર ચાલ્યા કરતો અને તેમાથી અસીમ નફો અગ્રેજોને મળ્યા કરતો વિંટરે ગગા નદીની તથા તેના પાણીની ઉંડાઈની બારીક તપાસ કરી હતી, અને નદી માર્ગે માલ લઈ જઈ બગાળાનો સ્થાનિક વેપાર પણ પોતાના કબજામા લીધો હતો આથી દેશી અને વિદેશી વેપારીઓ વચ્ચે સખત હોસાતોસી ચાલી

મીર જુમ્લા પછી થયલા બંગાળાના કારભારી શાઇસ્તખાને પોતાના પ્રાંતનો ઉત્કૃષ્ટ બંદોબસ્ત કરી કંપનીને મળેલા ફરમાનથી વેપારીઓને નુકસાન થાય નહીં એવા પ્રયત્ન કર્યા.

સને ૧૬૭૬ માં સર સ્ટ્રેન્શામ માસ્ટરની નિમણુંક બંગાળામાં થઈ હતી. અગાઉ તે સુરતમાં હતો, અને સને ૧૬૭૦ માં શિવાજીની સ્વારીને પ્રસંગે લોકોના જાનમાલના રક્ષણ માટે કરેલી મહેનતથી તેની પ્રતિષ્ઠામાં વધારો થયો હતો. એ બાદ તે સ્વદેશ ગયો હતો, પણ ત્યાં તેને હુકમ મળતાં સને ૧૬૭૬ માં તે હિંદુસ્તાન પાછો આવ્યો. કંપનીના વહિવટનો સુરતનો હિસાબ વગેરે તપાસી, કામ કરવાની પદ્ધત સુધારવાનું, તથા પરદેશથી આવેલો માલ કિફાયતથી કેવી રીતે ખપે, હિંદમાંથી લાવેલા માલનો દર ઈંગ્લંડમાં કેવી રીતે સારો ઉપજે, કંપનીના નોકરોની બગડેલી નીતિ તથા રહેણી સુધારવા માટે કેવા ઉપાય લેવા, તેઓમાં થતા અનેક તરેહના બખેડા કેવી રીતે મટાડવા, એ સઘળી બાબત યોગ્ય તપાસ કરી ઈંગ્લંડ રીપોર્ટ કરવાનું કામ તેને સોંપવામાં આવ્યું હતું. આ હુકમની રૂએ મોકલેલી હકીકત ઉપરથી તે સમયની ઘણી સારી માહિતી મળે છે.

બંગાળામાં હુગલી અને કાસીમ બજારમાં અંગ્રેજોની પહેલવહેલી કોઠીઓ થઈ હતી; ત્યાં તેઓ પોતાનો ઘણો માલ લાવી વેચતા. ત્રીજી કોઠી બાલાસોરમાં હતી. સર સ્ટ્રેન્શામ માસ્ટર હુબલીમાં પહેલો આવ્યો ત્યારે તેનાં જહાજની આસપાસ માછલી વેચવા માટે અસંખ્ય નાની હોડીઓ વીંટળાઈ વળી હતી; કેમકે ત્યાં માછલી એટલી સોંઘી હતી કે એક આનામાં દસ માણસનું પેટ ભરાય તેટલી મળતી. હુગલીમાં વેપારની સગવડ ઘણી હતી એ માસ્ટર જોઈ શક્યો હતો. ત્યાં રેશમ, સાકર, અફીણ, ચોખા, ઘઉં, તેલ, ઘી, અંબાડાં અને સણ એ જણસો મોટા જથ્થામાં આવતી, અને આસપાસના મુલકમાં વણકરોની વસ્તી પણ મોટી હતી.

અંગ્રેજી વખારમાં હમેશ એક દેશી દુભાષીઓ રહેતો; તેના હાથમાં

સઘળા સોદા કરવાનુ હોવાથી તેની મહત્તા ઘણી હતી આસપાસના પ્રદેશ મા ફરી કપની માટે માલ ખરીદવાનું તેનુ મુખ્ય કામ હતુ તેને જામીન આપવા પડતા, અને સઘળી જાતના સોદા ઉપર તેને ત્રણ ટકા મળતા કેટલીક વેળા આસપાસના વેપારીઓ માલના નમુના લઈ વખારમા આવતા અને સોદો નક્કી થતા તેમને કપનીના અમલદાર તરફથી જકાતની માફીનો પરવાનો મળતો આવા પરવાનાની રૂએ અગ્રેજ વખારમાથી વેચવા માટે બહાર પડતા માલ ઉપર, અને બહારથી ખરીદ કરેલા અને વખારમા આવતા માલ ઉપર જકાત લેવામા આવતી નહીં

આ સમયે હિંદુસ્તાન આવતા અગ્રેજો હમણાની માફક દેશીઓથી દૂર રહેતા નહીં, કારણ તેમ કરવાથી તેમને અહીં સ્થાન મળવાનુ મુશ્કેલ હતુ તેઓ છૂટથી લોકોમા ભેળાતા અને ઘણુખરૂ અહીંની રીતભાત પાળતા અને જમીનઉપર બેસી જમતા સુરતમાના કપનીના નોકરોનીસામાન્યરહેણી વિરૂદ્ધ દેશીઓને પોકાર ઉઠાવવાને કઈ કારણ નહોતુ, પણ એ બાબતમા બગાળામા હીનાપણુ તથા અવ્યવસ્થા હતા ત્યાના અગ્રેજો વિશે શેઈસ્ત ખાન વારવાર કહેતો કે ‘ તેમના જેવા દુષ્ટ, તકરારી, અને જુઠા લોકો બીજા કોઈ નહોતા ’ સર હેનરી યૂલ લખે છે કે, ‘ આ સમયના તેમના નિંદ્ય વર્તન ઉપરથી આગળ જતા તેઓ સા નામ મેળવશે અને તેમાથી એલ્ફિન્સ્ટન, મન્રો, માલ્કમ, લૉરેન્સ જેવા કૃતત્વવાન પુરૂષો ઉત્પન્ન થશે એવુ કોઈને પણ લાગતુ નહીં ’ માહોમાહે જ્યારે એ લોકો ગાળાગાળી કરે અને ગેરવર્તણુક ચલાવે ત્યારે દેશી વેપારીઓ પ્રત્યે તેમની વર્તણુક ભયકર અને ત્રાસદાયક હોવી જોઈએ તેમના હાથમા દેશી વેપારી સપડાયો તો તેની પાસે કપનીનો માલ મોઘે ભાવે પણ વેચાતો લેવાડવા માટે, અને પોતાનો માલ અતિશય સસ્તે દરે કપનીને આપવા માટે હરેક રીતે તેને કનડતા અને તેની પુઠ પકડતા, સોદો નક્કી થાય નહીં ત્યાં સુધી તેને છૂટો મુકતા નહીં, અને બજાર ભાવની પણ તેને ખબર પડવા દેતા નહીં

વખારમાં અગ્રેજોના ખાનાના ટેબલ ઉપર હરતેરહની વસ્તુઓ હમેશ

પુષ્કળ આવતી. શાક, ફળફળાદિ, શિકાર, માછલી ઇત્યાદિ ભોજનના પદાર્થ સસ્તા અને પુષ્કળ મળતા. દરેક વખારની પાસેના નોકરોના રહેવાનાં ઘરોની બાજુમાં મોટા બાગ હતા, અને ત્યાં શાકભાજી વગેરે પુષ્કળ થતું. કપડાંલત્તાં પણ તેમને જોઈએ તેટલા સોંઘાં મળતાં.

સને ૧૬૯૯ માં બંગાળા પ્રાંતમાંની સઘળી વખારની એક સ્વતંત્ર પ્રેસિડન્સી એટલે ઈલાકો બનાવવામાં આવ્યો, અને ચાર્લ્સ આયર (Charles Eyre) તેનો પહેલો ગવર્નર થયો.

# પ્રકરણ ૧૨ મું.

## રાજ્ય સ્થાપનાનો લોભ.

( સને ૧૬૮૮ )

૧. ધમધોકાર વેપારનું પરિણામ.　　૨. રાજકીય પરિસ્થિતિ.
૩. કલકત્તાની સ્થાપના.　　૪. ઔરંગઝેબ સાથે યુદ્ધ.
૫. મદ્રાસની સ્થિતિ.

**૧. ધમધોકાર વેપારનું પરિણામ.**—વ્યક્તિનાં અને રાષ્ટ્રનાં ચરિત્રમાં આબેહુબ સમાનતા છે એનું એક ઉત્તમ ઉદાહરણ કંપનીના આ સમયના કામમાંથી મળી આવે છે. પ્રથમ કંપની ગરીબ હતી ત્યાં સુધી તે દેશી અધિકારીઓની મરજી સંભાળતી હતી. ક્રૉમ્વેલની વ્યવસ્થા પછીનાં દસવીસ વર્ષમાં તેને જે આબાદી પ્રાપ્ત થઈ તેથી પૂર્વની મર્યાદામાં રહેવાનું તેને યોગ્ય લાગ્યું નહીં, પણ રાજ્યસ્થાપના તરફ તેનું લક્ષ દોરાયું. એ કેવી રીતે બન્યું તે હવે આપણે જોવાનું છે.

ક્રૉમ્વેલે વલંદા રાજ્યને તોડી પાડી કંપનીના વેપારની સુવ્યવસ્થા કરી આપ્યા પછીનાં પચીસ વર્ષમાં એ સંસ્થા અતિશય આબાદ થઈ. પોર્ટુગીઝ લોકોની સત્તાનો લય થતાં વલંદાઓ પણ મંદ પડી ગયા હતા.

એ સ્થિતિમા વેપારનો ઉદ્યોગ થોડો બાજુએ મુકી, તેના નામ હેઠળ રાજ્યપ્રાપ્તિનો વિચાર કરવાનુ બની શકશે, અને યોગ્ય પ્રયત્ન કરવામા આવે તો તે સિદ્ધ પણ થાય એના સ્વપ્નમા કપનીના આ દેશમાના કેટલાક અધિકારીઓને આવના લાગ્યા મુબઈ જેવી સ્વતંત્ર જગ્યા તેમના તાબામા આવ્યા પછી માહોમાહે લડતા દેશી સત્તાધિકારીઓની વચ્ચે પડી પોતાનો અતિમ હેતુ સાધી લેવાની કપનીને સારી સવડ મળી રાજ્ય સ્થાપનાનો પહેલો વિચાર કરનારાઓ ઑમ્સેન્ડન, ઑક્ઝીયર અને ચાઈલ્ડ હતા, અને એ કામમા તેઓએ આગળ પડતો ભાગ લીધો હતો તે સમયની રાજકીય પરિસ્થિતિનુ સારૂ અવલોકન તેમણે કર્યું હતુ, અગ્રેજ કાફલાનુ ખરૂ બળ તેઓ જાણતા હતા મોગલ બાદશાહ દ્રઢતાથી રાજ્યની ધુળધાણી કરવા મડ્યો હતો તે તેઓએ બરાબર જોયુ હતું ચાઈલ્ડે ઉતાવળ કરી બાદશાહ સાથે બાથ ભીડી જોઈ હતી પણ એ સઘળુ છતા તે વેળાની કપનીની વધતી જતી સત્તાની, અને ઔરગઝેબના નષ્ટ પડતા સામર્થ્યની તુલના કરવી કેવળ અસભવિત વાત હતી ઔરગઝેબે અગ્રેજોને સહેજમા હરાવ્યા હતા, છતા તેઓ શિક્ષાને લાયક નથી એમ સમજી તેમના તરફ તેણે દયા બતાવી હતી એજ અરસામા ચાઈલ્ડ મરણ પામવાથી કપની નિર્વિઘ્ને પોતાનુ કામ કરી શકી આ સઘળુ સમજવા માટે મુબઈની વ્યવસ્થા, બગાળના સુબેદાર શઈસ્તખાનનુ અગ્રેજો તરફ વર્તન અને ઈસ્ટ ઈન્ડીઆ કપનીના મનસુબા ઈત્યાદિ એકમેકમા ગુથાયલી અનેક બાબતો લક્ષમા લેવી જોઈએ આમાજ એક બીજા મહત્વના પ્રશ્નનુ નિરાકરણ સમાયલુ છે હિંદુસ્તાન આપણે જીતી શકીશુ એ વાત પ્રથમ ડુપ્લેએ ખુલ્લી કરવાની અને તેથીજ સને ૧૬૫૦ ના સુમારમા અગ્રેજ તેમજ ફ્રેન્ચ બન્ને એ કામ તરફ પ્રેરાયાની સામાન્ય માન્યતા ભૂલભરેલી છે મરાઠાઓ જ્યારે નવુ રાજ્ય સ્થાપે છે ત્યારે આપણાથી તેમ કેમ નહીં બને ? બાદશાહના સુબેદારો બગાળા વગેરે ઠેકાણે સ્વતત્ર કારભાર ચલાવે છે તો આપણે તેનો લાભ કેમ નહીં લેવો ? એવા પ્રશ્ન શિવાજીના વખતમાજ વિચારવત અને દૂરદ્રષ્ટિ અગ્રેજોના મનમા ઘોળાયા કરતા હતા

પોર્ટુગીઝોએ આ પ્રયોગ તે પહેલાનો સિદ્ધ કરી બતાવ્યો હતો આની ખરી સ્થિતિ છતા કંપનીએ સને ૧૭૫૦ સુધી શાંતપણે વેપાર ચલાવ્યા કર્યો, અને ત્યારબાદ તેનું લક્ષ રાજ્ય મેળવવા તરફ ગયુ એ કહેવુ ભૂલ ભરેલુ લેખી શકાય,

કનાઈવિની પૂર્વે ૭૫ વર્ષ ઉપર આ કામમા કંપનીની ધામધુમ ચાલુ હતી, પણ તેનુ સારૂ પરિણામ આવ્યુ નહીં એટને કનાઈવિની ફત્તેહ એજ અંગ્રેજોના હિંદુસ્તાનમાના રાજ્યનુ પહેલુ પગથીયુ હોય એમ સ્વાભાવિક રીતે ગણાયુ

સને ૧૬૭૭ મા ઑક્ષ્યર ગુજરી જવાથી પ્રેસિડન્ટનો અધિકાર રોલ્ટના હાથમા કેટલોક વખત રહ્યો તે વેપારના કામમા કુશળ હતો, પરન્તુ મોગલ અને મરાઠા સાથે યુક્તિ લડાવી પોતાની મતલબ સાધી લેવા જેટલો તે ચાલાક નહીં હોવાથી ઇતિહાસકારોએ તેની તરફ તિરસ્કાર જાહેર કર્યા છે પણ ખરૂ જોતા દેશીઓના માહોમાહેના ઝગડામા નહી પડવાનો તેને વિલાયતથી મળેલો હુકમ અક્ષરસ પાળવાનો તેણે પ્રયત્ન કર્યો, અને તેથીજ તેને બીલકુલ યશ મળ્યો નહીં તેની પછી જૉન ચાઈલ્ડની પ્રેસિડન્ટના હોદ્દા ઉપર નિમણુક થતા કંપનીના કારભારમા તેજી આવી

કંપનીના તાબામા હવે થોડુ ઘણુ લશ્કર તૈયાર થયુ હતુ ઑક્ષ્યર અને ચાઈલ્ડે એની વ્યવસ્થા તરફ વિશેષ લક્ષ આપ્યુ હતુ, કેમકે તેમના મનમા રાજ્યસ્થાપનાના વિચારો રમ્યા કરતા હતા આ સબધમા કંપનીના હુકમમા હમેશ નીચેનુ વાક્ય હતુ 'અમે આપણા સરક્ષણ માટે તેમજ વેપાર વધારવા માટે લશ્કર રાખીએ છીએ, નકામુ યુદ્ધ કરી વિજય સંપાદન કરવાનો લોભ અમારે જોઈએ નહીં' એમ છતા સ્વરક્ષણનો સવાલ કંઈ નાનો નહોતો, અને તેના ઉપરજ ઑક્ષ્યર અને ચાઈલ્ડે ઇમારત ખડી કરી હતી સ્વસરક્ષણ માટે માત્ર લશ્કર રાખવાથી સઘળી ફરજ અદા થઈ નહોતી, પણ આ દેશમા આવતા પ્રત્યેક અંગ્રેજે લશ્કરી કામ કરવા તૈયાર રહેવુ જોઈએ એવો કંપનીનો ઠરાવ હતો, અને તેને લીધેજ અનેક કલમબહાદુર પુરૂષો તલવારબહાદુર પણ થયા હતા

**૨. રાજકીય પરિસ્થિતિ.**—બંગાળામાંની અંગ્રેજ વખારો વિશેની કેટલીક હકીકત આપણે દસમા પ્રકરણના ચોથા વિભાગમાં વાંચી ગયા છીએ. સને ૧૬૫૯ માં એ પ્રાંતનો વહિવટ ચલાવવા ઔરંગજેબ બાદશાહે પ્રસિદ્ધ મીર જુમ્લાની સુબેદાર તરીકે નિમણુક કરી. એ ઘણો હોશીઆર અને દક્ષ હતો. હુગલીમાંના કંપનીના પ્રતિનિધિએ પોતાની માગણી પેટે ગંગા નદી ઉપર ફરતી એક દેશી વેપારીની હોડી પકડવાની ખબર પહોંચતાં કંપનીના અમલદારો ઉપર તે ઘણો ગુસ્સે થયો, અને તેમની હુગલીની વખાર બંધ કરી બંગાળામાંથી તેમને હાંકી કહાડવાની ધમકી આપી. અંગ્રેજ પ્રતિનિધિએ આ બાબત સુરત લખી મોકલતાં ત્યાંથી તેનાં કૃત્ય માટે તેને ઠપકો મળ્યો, અને જપ્ત કરેલી હોડી તેના માલિકને સ્વાધીન કરવા તાકીદ થઈ. 'એટલું કરતાં પણ સુબેદાર શાંત પડે નહીં તો સર્વએ બંગાળા પ્રાંત છોડી નીકળી આવવાની તૈયારી કરવી.' 'મોગલ અધિકારીઓ વિશે ઘણા સાવધ રહેવું; તેમની મીઠી વાણી ઉપર વિશ્વાસ મુકશો નહીં. તેમના મનમાં જ્યારે કંઈ ભયંકર મનસુબા થતા હશે ત્યારેજ તેઓ બહારથી વિશેષ ભલાઈ બતાવે છે.' આ પ્રમાણે સુરતના અધિકારીએ બંગાળાના તેના ગોઠીઆઓને સલાહ આપી હતી પણ આ પછી તરતજ એટલે સને ૧૬૬૩માં મીર જુમ્લાના થયલા મરણથી આ પ્રકરણનો અંત આવ્યો, અને શાઇસ્તખાન બંગાળાનો સુબેદાર થયો.

મુંબઈ બેટ સ્વતંત્ર રીતે અંગ્રેજોને મળ્યો એટલે તેઓએ ત્યાં પોતાનો બંદોબસ્ત કરવા માંડયો એ મોગલોને બીલકુલજ પસંદ પડયું નહી; અને એ વખતથીજ તેમના મનમાં એઓ પ્રત્યે વસવસો પેદા થયો. મુંબઈમાં રહેતા અંગ્રેજોમાં બે પક્ષ હતા. એક ઇંગ્લંડના રાજાનો અને બીજો કંપનીનો. રાજાના પક્ષનાં કેટલાંક માણસો મોગલો સાથે જંગલીપણે વર્ત્યાં તે માટે બાદશાહે કંપનીનેજ જવાબદાર ગણી, કેમકે અંગ્રેજોમાં આવા બે પક્ષ હતા એ દેશી અધિકારીઓ જાણી શકે એમ નહોતુ. કંપનીનુ વર્તન સામદામનુ હતું. ઑક્ઝંડર જેવા પુરૂષો રાજ્ય સ્થાપવાની લાંબી લાંબી વાતો વિલાયત લખી મોકલતા, તે ત્યાંના ઉપરી અમલદારોને

ખરી લાગતી નહીં. એ વેળા પણ હિંદુસ્તાનનું રાજ્ય તેમના હાથમાં હતું, પણ તે માટે પ્રયત્ન કરવા જોગી જરૂરની સામગ્રી તેમની પાસે નહોતી. બ્રુસ લખે છે કે, "શિવાજી અથવા મોગલ સાથે પ્રેસિડન્ટે કેવા પ્રકારનો વ્યવહાર રાખવો તેનું ધોરણ નક્કી કરવાનું છોડી દઈ ઉલટું 'સાવધગિરીથી વર્તવું, ટંટા ઉપસ્થિત કરવો નહીં' એવા મજકુરના હુકમો કંપની પોતાના અધિકારીઓને મોકલતી; આથી કરીને પ્રેસિડન્ટની અડચણ દૂર થતી નહીં. ઈંગ્લંડમાંના અધિકારીઓને હિંદુસ્તાનના વ્યવહારની ખરી કલ્પના આવતી નહીં, એટલે આ દેશમાંના નોકરોની અડચણો તેઓ સમજી શકતા નહીં, અને તેમના લખેલા પત્રોથી, હિંદુસ્તાનમાં કંઈ કામ થતું નહી."* ઔરંગઝેબ દક્ષિણમાં ઉતરી પડ્યો ત્યારથી મોગલ, મરાઠા, સીધી, તેમજ વિજાપુર અને ગોવળકોન્ડાના રાજાઓ એ સઘળાના એકત્ર ત્રાસદાયક પ્રયાસને લીધે દક્ષિણનો મુલક ઉજ્જડ થવાથી અંગ્રેજોના વેપારને પણ ધોકો લાગ્યો હતો. સુરતની વખારને દસ લાખ રૂપીઆ દેવું થયું હતું, તે વખતે વધારે ખર્ચ કરી મુંબઈમાં કિલ્લા વગેરે બાંધવા કંપની તૈયાર નહોતી. આ કામને માટે સુરતની કૌન્સિલ તરફથી ૫૦ લાખ રૂપીઆની માંગણી ઈંગ્લંડ ગઈ હતી પણ તે ત્યાં સ્વીકારવામાં આવી નહીં.

એમ છતાં કંપનીના વિચારમાં ધીમે ધીમે ફરક પડતો ગયો હતો, એના એક પત્રમાં હેઠળનો મજકુર છે. મી. હિગિન્સનને અમે એકદમ મોટી જગ્યા આપી તે માટે તમારે શક લાવવા કારણ નથી. હિગિન્સનને માટે અમારા મનમાં પક્ષપાત નથી, તેમ તેને માટે કોઈએ અમારા ઉપર સિફારસ લગાડી નથી. પ્રત્યક્ષ તેના મનમાં પણ આ જગ્યા લેવા કંઈ અભિલાષા નથી. વળી આ નિમણુકથી બીજા કોઈનો હક ડુબાવી તેને અપમાન કરવાની અમારી ઈચ્છા નથી. આ નિમણુક અમે ખરેખર દેશહિતના વિચારથીજ કરી છે. મી. હિગિન્સન વિદ્વાન છે; લૅટિન અને ગ્રીક ભાષા તે જાણે છે; ઇતિહાસની તેને માહિતી છે, અને જાતે બુદ્ધિવાન હોવાથી કંપનીનો કારભાર ચલાવવા તથા રાજકીય ઉથલપાથલ સમજવા માટે તે યોગ્ય પુરુષ છે. અમને

* Bruce's Annals of British Commerce.

દુનીઆનો જે અનુભવ મળ્યો છે તે ઉપરથી અમારૂ સમજવુ છે કે આવુ કામ કરનારાને દેશના કાયદા કાનુન તથા રીતભાતની માહિતી હોવી જોઇએ, કેમકે ત્યારેજ તે પરદેશી રાજા સાથે તહ, યુદ્ધ કિંવા વેપારના કામ યોગ્ય રીતે કરી શકે માત્ર નાનપણથી સઘળી જીંદગી હિંદુસ્તાનમા ગાળવાથી, ત્યાની ભાષા શીખવામાં લાંબો કાળ વ્યય કરવાથી, અથવા વેપારની ઉથલપાથલ સમજવાથી આવા કામ માટે જોઇતી દક્ષતા મળી હોય એમ ધારી શકાતું નથી ફોર્ટ સેન્ટ જ્યોર્જમા ડેપ્યુટી ગવર્નર તરીકે કામ કરનારને ઉપરના સઘળા ગુણની જરૂર છે ખરી, તોપણ તેના કરતાં પણ વધારે વિદ્વતાની હવે જરૂર છે અમે જ્યારે માત્ર વેપાર પાછળ રોકાયા હતા ત્યારે આ ગુણો કદાચિત યોગ્ય લાગતે, પણ હાલમા અમારા મહાન પ્રતાપી રાજાએ અમારા ઉપર મહેરબાની કરી સનદ વગેરે આપી અમારી સત્તા અને અમારો અધિકાર વધારી આપ્યા છે હવે હિંદુસ્તાનમા રાજાની યોગ્યતા અમને મળી છે, એટલે વનદા લોકોની માફક અમને પોતાનો બચાવ કરવાની, સ્નેહીઓને મદદ કરવાની તથા શત્રુઓને શિક્ષા કરવાની સત્તા પ્રાપ્ત થઈ છે'

સને ૧૬૮૬ ના સુમારમા લખાયલા આ પત્ર ઉપરથી કંપનીની મહત્વાકાંક્ષા તે વેળા કેટલી હતી તે સ્પષ્ટ દેખાઈ આવે છે સર જૉન ચાઈલ્ડે મુબઈના અધિકારની લગામ હાથમા લીધી ત્યારથી કંપનીને સદ્ધર બનાવવા તરફ અમલદારોનુ વિશેષ લક્ષ હતુ સુરત ઉપર મરાઠાઓ વારવાર ઉતરી આવવાથી ત્યાની મોગલ સત્તા ઢીલી પડી ગઈ હતી બીજી તરફ કર્નાટક અને મદ્રાસની સ્થિતિ પણ એવીજ હતી એથી કરીને વહાણોની સખ્યા વધારી તથા તે ઉપર તોપ વગેરે ગોઠવી પોતાના રક્ષણ માટે યોગ્ય ઉપાય કરવાનું કંપનીને અવશ્યનુ હતુ આ ઉપાય ધીમે ધીમે અમલમાં આવ્યો સુરત છોડી અંગ્રેજો મુબઈ ગયા, પૂર્વ કિનારે બગાળા પ્રાતમા ભારે અથડામણ પછી તેમને હાથે કલકત્તાની સ્થાપના થઈ, મદ્રાસની હકીકત પણ તેવીજ હતી આ સ્થિતિની અસર ઈંગ્લંડ લગી પહોચી હતી કોર્ટ ઑફ ડાયરેક્ટરોએ સને ૧૬૮૪ માં અનિશ્ચિતપણુ ત્યાગ કરી ફોજ કિલ્લા અને લડાયક જહાજની મદદથી મુબઈ વગેરે બીજા ઠેકાણાંમાની પોતાની સત્તા

મજબુત કરવાનો ઠરાવ કર્યો. એમ છતાં ખર્ચ ઘણો નહીં કરવો અને વેપાર-નો લોભ છોડવો નહીં એ બાબત તેમનો મત પહેલાં જેવોજ દૃઢ રહ્યો હતો. પરંતુ સુરત છોડી મુંબઈ આવ્યા પછી નવીન પ્રકાર ઉદ્ભવ્યો. ત્યાં અંગ્રેજોને મોગલોનો આશ્રય નહીં મળવાથી તેમણે પોતાનો બંદોબસ્ત કરવો નહીંતર હિંદુસ્તાન છોડી ચાલ્યા જવું એ પ્રશ્ન તેમની આગળ ખડો થયો. બંગાળામાં શઈસ્તખાન સાથે તેમને ઝગડો શરૂ થતાં ત્યાં પણ તેમણે શસ્ત્ર ધારણ કરવાં નહીં તો બંગાળામાંથી ચાલતા થવું એવો પ્રસંગ આવ્યો.

સને ૧૬૧૬માં સર ટૉમસ રોએ વહિવટની પદ્ધત ઠરાવી ત્યારથી ૭૦ વર્ષ લગી તો તેણે દોરી આપેલી હદમાં કંપનીનું કામ ચાલ્યું. રો લખે છે કે, 'યુદ્ધ અને વેપાર એ પરસ્પર વિરૂદ્ધ છે. તમને મારૂં આગ્રહ-પૂર્વક કહેવું છે કે તમારે સમુદ્ર સિવાય બીજે ઠેકાણે યુદ્ધ કરવું નહીં; ત્યાં પણ તમને વિજય મળશે એમ ખાતરી નથી, લશ્કર વધારી પોર્ટુગલે આપણો નાશ કર્યો હતો, છતાં સાંના રાજાને હિંદુસ્તાનમાંથી કંઈ પણ ફાયદો મળ્યો નહીં એ ધ્યાનમાં રાખવું. વલંદા લોકોએ તલવારના જોર ઉપર ખેતી કરવા માંડી એ પણ ભૂલ હતી. કારણ ખેતીમાંનો સઘળો ફાયદો નોકરોના પગારમાં પુરો થઈ જાય છે. માટે જો તમારે ફાયદો મેળવ-વો હોય તો સમુદ્ર ઉપર શાંતપણે વેપાર કરી મેળવવો. લશ્કર વધારી યુદ્ધપ્રસંગ ઉપસ્થિત કરવામાં નિઃસંશય હાનિ થશે.' મોગલ બાદશાહીના સંબંધમાં રોએ કરેલું અનુમાન યોગ્યજ હતું. 'જે કંઈ કરવું હોય તે પ્રત્યક્ષ મોગલ બાદશાહ સાથે બંદોબસ્ત કરી કરવું વચમાંનાં માણસોને ગણકારવાં નહીં.' પરંતુ આ સિદ્ધાંત પ્રમાણે મોગલ રાજ્યની બહાર કંપનીએ કેવી રીતે ચાલવું? પૂર્વ કિનારા ઉપર મોગલોની સત્તા નાશ થતાં પોતાનાં રક્ષણ અર્થે કિલ્લા વગેરે બાંધવાની તેણે પોતાના નોકરોને રજા આપી નહીં એનું પરિણામ વખતના વહેવા સાથ ઘાતક નિવડ્યું. દેશમાંનો બંદો-બસ્ત ઢીલો પડતાં ગમે તેણે ધસી આવી અંગ્રેજોને ગભરાવી તેમની વખારો લૂટવા માંડી, તોપણ કંપની ચેતી નહીં. મદ્રાસમાં કિલ્લેબંધી ઉપર ખર્ચ કરવા માટે કેટલાક પ્રેસિડન્ટ બરતરફ કરવામાં આવ્યા હતા;

મુબઈમાં પણ શરૂઆતમાં તેજ સ્થિતિ હતી. સીધી અને મરાઠાઓના કાફલા એ બંદરમાં વિના અડચણે દર વર્ષે દાખલ થતા તેમનો પ્રતિકાર કરવા જેટલું સામર્થ્ય ત્યાંના અધિકારીઓમાં નહોતું. બંગાળામાંના અંગ્રેજોની સ્થિતિ આ કરતાં સારી નહોતી, એટલે સઘળી તરફથી ભય તેમની સામે ડોકીઆં કરી રહ્યો હતો, અને તેમને ગાંસડા પોટલાં ઉઠાવી હિંદુસ્તાનમાંથી ચાલ્યા જવાનોજ માર્ગ ખુલ્લો હતો.

સને ૧૬૬૩ માં મીર જુમ્લા મરણ પામતાં બંગાળાનો કારભાર શાઇસ્તખાનના હાથમાં આવ્યો. એ મોગલ રાજ્યકુટુંબનો પુરૂષ હતો, અને દરબારમાં એનુ વજન વિશેષ હતું. બંગાળામાં તેનો અધિકાર પૂર્ણપણે સ્વતંત્ર હતો એમ કહેવામાં હરકત નથી. એનો જન્મ સને ૧૬૦૮ માં થયો હતો; અને એ જહાંગીરના વજીર અને નૂરજહાંનના બાપ, ઇતિમાદદોલાનો પૌત્ર અને આસફખાનનો છોકરો થતો હતો; એટલે શાહુજહાનની રાણી મુમ્તાઝમહાલનો ભાઈ અને ઔરંગજેબનો મામો થતો. આસફખાનનાં મરણ બાદ કેટલોક વખત એણે શાહજહાનના વજીર તરીકે કામ કર્યું હતું. મુરાદ અને ઔરંગજેબ એ બેઉને શાઇસ્તખાનની ભત્રીજીઓ આપી હતી. દારા શેખોનો નાશ કરી તેણે ઔરંજેબનો સ્નેહ સંપાદન કર્યો હતો (મુસલમાની રિયાસત જુઓ). એ કેટલોક વખત ગુજરાતનો સુબેદાર હતો અને ત્યાર પછી શિવાજીની સામે લડવા ગયો હતો. એમાં એને યશ નહીં મળ્યો ત્યારે સને ૧૬૬૩ માં તેની નિમણુક બંગાળામાં થઈ જ્યાં તેણે ૨૫ વર્ષ કારભાર ચલાવ્યો. ગોવળકોન્ડાના યુદ્ધમાં એ ઔરંગજેબનો સેનાપતિ હતો (સને ૧૬૮૬). તે સને ૧૬૯૪ માં મરણ પામ્યો ત્યારે તેની ઉમર ૮૬ વર્ષની હતી.

આવા મોટા સરદારને બંગાળાનો સંપૂર્ણ કારભાર સોંપવામાં મોગલ બાદશાહે કંઇ વિશેષ કર્યું નહોતું. એ પ્રાંતમાં અંગ્રેજોએ વેપારની જે શરૂઆત કરી હતી તે શાઇસ્તખાનના વિચાર પ્રમાણે અનુકૂળ નહોતી. સને ૧૬૭૪ માં મદ્રાસના પ્રેસિડન્ટ સર એડવર્ડ વિન્ટરે (Sir Edward Winter) ત્યાંના બંદરનો બંદોબસ્ત કરવા સાટે ઘણી મહેનત કરી,

પણ કંપનીએ તેને પાછો બોલાવી લીધો મદ્રાસની પાસેનુ સેન્ટ ટોમે ફ્રેન્ચ લોકોએ કબજે કરવાથી અંગ્રેજોની ગભરામણનો પાર રહ્યો નહીં સને ૧૬૭૭ મા શિવાજીએ કર્નાટક ઉપર સ્વારી કરી ત્યારે તેઓ છેકજ ગભરાઇ ગયા હતા તે વેળા મદ્રાસનો પ્રેસિડન્ટ સર સ્ટ્રેન્શમ માસ્ટર તે શહેરની મજબૂત કિલ્લેબંધીમા વધારો કરતો હતો, છતા મરાઠાઓનો હુમલો તેને ઘણો નાસદાયક નિવડ્યો શિવાજી મરણ પામવાથી અને ગોવળકોન્ડાનુ રાજ્ય ઔરંગજેબે કબજે કરવાથી મદ્રાસના અંગ્રેજોને કંઇક ધીરજ આવી શિવાજી તરફથી તેમને સ્વાભાવિક રીતે કેટલીક દહેશત ઉપજી હતી, અને તેના જેવોજ તેનો છોકરો સંભાજી લાયક અને શક્તિવાન નીકળ્યો હોત તો ઇતિહાસનુ સ્વરૂપ કેવુ બદલાઈ જતે એ વિચારવા યોગ્ય છે માસ્ટરે અત્યંત મહેનત લઈ મદ્રાસને મજબૂત કર્યું, લોકો પાસે નાણુ ઉઘરાવી એક મંદીર બંધાવ્યુ પુનામાલીના લિંગાપા નાયકે મદ્રાસને ઘેરો ઘાલ્યો, પણ એમાથી અંગ્રેજો છૂટયા નહીં એટલામા ઔરંગજેબે દક્ષિણ તરફ પ્રયાણ કર્યું બાદશાહના ફરમાનથી કામ થશે, કિલ્લેબંધી કરવાની જરૂર નથી, એવુ કંપની હજી પણ કહેતી પરંતુ જ્યારે સર્વ તરફથી ઘેરાઈ ગયેલા સર માસ્ટરે આ હુકમનો મક્કમ રીતે અનાદર કર્યો ત્યારે કંપનીએ તેને પણ પાછો બોલાવી લીધો (સને ૧૬૮૧)

સને ૧૬૫૦ મા શાહજાદા સુજાના હાથમા બંગાળાની સુબેદારી હતી, તેણે તે પ્રાંતમાથી માલ લઇ જવાની તથા ત્યા લાવવાની, અને બિન જકાતે વેચાણ તથા ખરીદી કરવાની પરવાનગી અંગ્રેજોને આપી હતી સને ૧૬૬૪ મા શાહસ્તખાન બંગાળામા આવ્યો ત્યા સુધી આ વ્યવસ્થા નિર્વિઘ્ને ચાલી હતી નવો સુબેદાર ઘણો કડક હોવા છતા તેણે કંઈ નજરાણુ લઈ આ પરવાનો પુન ચાલુ કરી આપ્યો હતો પરંતુ આગળ જતા તેના મનમા આ બાબત વસવસો પેદા થતા તેણે સને ૧૬૭૨ મા અંગ્રેજોની સુરોખાર ભરેલી હોડી એકદમ અટકાવી, અને બીજા દેશી વેપારીઓની પેઠે જકાત ભરવા તથા સુબેદાર તરફથી શત્રુ સામે લડવા માટે પોતાનુ લશ્કર મોકલવા તેમને હુકમ કર્યો પાચ વર્ષ લગી આવો થોડાળો ચાલ્યા પછી સને

૧૬૭૭ મા મદ્રાસના પ્રેસિડન્ટે સુબેદારને લખી જણાવ્યુ કે, ' જો આ નવો જુલમ આપના તરફથી બધ ન થશે તો બગાળા પ્રાત છોડી અમારે ચાલ્યા જવુ પડશે ' આ ધમકીનો અર્થ એટલોજ થઇ શકે કે જો અગ્રેજો બગાળા માથી ખસી જાય તો સુબેદારને તેમના વિના ચાલશે નહીં તેજ વર્ષમા થોડા દિવસ શાઇસ્તખાનની બદલી થવાથી એકવીસ હજાર રૂપીઆ દડ ભરી નવા સુબેદાર પાસેથી બગાળામા જકાતની માફી અને વેપારની પરવાનગી અગ્રેજોએ મેળવી પરતુ સને ૧૬૭૯ મા શાઇસ્તખાન બગાળામા પાછો આવ્યો ત્યારે ફરીથી તે ત્રાસ આપશે એ બ્હીકે તેમણે બાદશાહનુ નવુ ફરમાન મેળવ્યુ એમા માત્ર સુરતમાજ એમની પાસેથી જકાત લેવી પણ બીજે ઠેકાણે લેવી નહીં એવો હુકમ બાદશાહે કર્યો હતો (સને ૧૬૮૦) આ હુકમ હુગલી પહોચતા અગ્રેજોએ પોતાનો આનદ પ્રદર્શિત કરવા માટે ૩૦૦ તોપની સલામી આપી પણ એ તોપના અવાજો ભાગ્યેજ બધ પડયા એટલામા બાદશાહના હુકમની કિંમત કેટલી હતી તે સુબેદારે તરતજ તેમને બતાવી આપી બગાળાનો વેપાર ઘણો નફાકારક હોવાથી, આ પ્રમાણે મળેલા બાદશાહી ફરમાનના જોર ઉપર કપનીએ ઉત્સાહથી પ્રેરાઈ બગાળાની વખારો મદ્રાસથી સ્વતત્ર બનાવી દીધી, અને હુગલીમા બદોબસ્ત જાળવવા માટે ૨૦ અગ્રેજ સિપાઇઓ મોકલ્યા પરતુ સુબેદારે સુરોખાર વેચાતો લેવા અગ્રેજોને મના કરી સુરોખાર લેનારા તેમના પ્રતિનિધિને તેણે કેદમા પુર્યાં, અને ફરમાનમાનો ઉલ્લેખ સશયાત્મક હોવાના કારણે તેમની સઘળી ખરીદી તથા વેચાણ ઉપર ૩।। ટકા જકાત નાખી આ જકાત નાખવાનું બીજુ ખાસ કારણ એ હતુ કે અહીં થોડી કિંમતે ખરીદેલો સુરોખાર અગ્રેજો વિલાયત લઈ જઈ ત્યા તેનો દારૂગોળો બનાવી લડાઇના કામમા લેતા જકાત કેટલી બેસાડી હતી તેનો પ્રશ્ન નથી, જો થોડી હોય તો તેના બદલા હેઠળ કપનીને હેરાન કરવાની મોગલ અધિકારીઓને જોઇએ તેટલી સવડતા પડે એ સ્વાભાવિક છે આ જકાત નાખવાનુ મુખ્ય કારણ એજ હતુ કે અગ્રેજો મોગલોના તાબામા છે અને એ પરતત્રતા તેઓએ ભુલવી જોઇએ નહીં, એવી શાઇસ્તખાનની ખાસ ઇચ્છા

હતી બીજી યુરોપિયન પ્રજાની વખારો સમુદ્રની ઘણી નજદીક હતી, પણ અંગ્રેજોએ બાદશાહના ફરમાન ઉપર ભરોસો રાખી હુગલી શહેરમા પોતાની કોઠી વાલી હતી એ ઠેકાણુ તદ્દન સહીસલામત ન લાગવાથી હુગલી નદીના કાંઠા ઉપરના આગ ઉતારવાના ઘાટપર થોડી કિલ્લેબંધી કરવાની પરવાનગી અંગ્રેજ પ્રતિનિધીએ સુબેદાર પાસે માગી (સને ૧૬૮૫) આ પરવાનગી નહી આપતા એ લોકો ઉદ્દામપણે વર્તી આપણા હુકમો તોડે છે એવી ફરીઆદ તેણે બાદશાહને કરી કંપનીના વહાણો માલ ન મળવાથી ખાલી પાછા ફર્યાં, અને બંગાળામાનો બીજો વેપાર પણ સ્થાનિક અધિકારીની મરજી ઉપર અવલંબી રહેવા લાગ્યો આથી એમણે બંગાળા પ્રાંત છોડી જવો કે મોગલો સાથે ખુલ્લી રીતે લડવુ એ અગત્યના સવાલ નુ નિરાકરણ કરવાનું કંપનીને માથે આવી પડયુ

આ તરફ મુંબઈમા સર જૉન ચાઈલ્ડ લડાઈનીજ વાતો કરતો હતો સને ૧૬૮૪ ના તેના એક પત્રમા હેઠળ પ્રમાણે મજકુર છે—' મોગલો સાથે તકરાર કરવાનો પ્રસંગ આવતા હુ શુ કરીશ તે કહી શકતો નથી આજ લગી થયા તેટલા ઉપાયો કર્યા દરરોજ અમારૂં અપમાન તથા અવદશા થાય છે તેની સીમા નથી આથી થવાનુ હોય તે થાય, પણ એકવાર મોગલોને હાથ બતાવી જોવાનો ઘણો વિચાર થાય છે હમણા ચાલતી ગડબડાટમા આપણો નિભાવ કરવાની, તેમજ આપણા રાજાની તેમજ દેશની ગયેલી સઘળી આબરૂ પાછી મેળવવાની ઈચ્છા હોય તો બાદશાહ સાથેજ બાથ ભીડવી જોઈએ ' જમીન ઉપરના યુદ્ધમા અંગ્રેજો ટકી શકશે નહીં એ ચાઈલ્ડ જાણતો હતો, પણ સમુદ્ર ઉપર મોગલોના માલાગુ વહાણોની બરાબર ખબર તેઓ લઈ શકશે એ તે સારી પેઠે સમજતો હતો અને અત્યાર પહેલા તેવા પ્રકારની ભાષા કાગળપત્રમા તે વાપરવા લાગ્યો હતો

એ સઘળી ફરીઆદ ઇંગ્લંડમાં કંપનીના કાન ઉપર આવતા હિંદુસ્તાન મા અંગ્રેજોએ શુ કરવુ તે વિશે ઘણી તકરાર ચાલી જેવી રીતે આ દેશમા સર જૉન ચાઈલ્ડ મોગલો સામે લડવા ઉત્સુક બન્યો હતો તેવીજ

રીતે તેનો ભાઈ સર જોશુઆ ચાઇલ્ડ ઈંગ્લંડમાં કંપનીના ગવર્નરના હોદ્દા ઉપર હોવાથી લડાઈ કરવા આતુર હતો. સર જોશુઆના આગ્રહથી કોર્ટ ઑફ ડાયરેકટર્સે મોગલ બાદશાહ સાથે યુદ્ધ કરી કંપનીને તારવવા પોતાના નોકરોને હુકમ કર્યો. હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્ય સ્થાપનાનો ખરો આરંભ અહીંથી થયલો કહેવાય. કારણ ૭૦ વર્ષ ઉપર સર ટૉમસ રોએ દોરી આપેલી મર્યાદા ઓળંગી કંપનીએ હવે પોતાનો માર્ગ બદલ્યો. મદ્રાસમાં કિલ્લો બાંધવાની પરવાનગી આ પહેલાં સને ૧૬૮૫ માં અંગ્રેજોને મળી હતી, અને બંગાળામાંની વખારોની સલામતી માટે ગોઠવણ કરવા હુકમ પણ આવ્યો હતો.

મોગલોની સામે થવામાં કંપનીએ કરેલા નિશ્ચયને જેમ્સ રાજા તરફથી અનુમોદન મળ્યું હતું. રાજાની મોટી રકમ* કંપનીમાં ગુંચવાયલી હોવાથી તેણે જહાજ, માણસ, પૈસા વગેરેની જોઈતી મદદ એકદમ કંપનીને આપવાથી ખરચ માટે કંપનીના હાથમાં જરૂરી નાણું આવ્યું. યોગ્ય તૈયારી પછી કૅપ્ટન નિકલસનની સરદારી હેઠળ ૭ પાયદળ ટુકડી અને દસ લડાયક વહાણો ઈંગ્લંડથી બંગાળા જવા રવાના થયાં. એ લશ્કરમાં હિંદી વખારનાં માણસો જોડાવવાનાં હતાં. 'પશ્ચિમ તરફના દરીઆમાં મોગલોનાં યાત્રાળુ વહાણો પકડવા પછી બંગાળામાંથી સઘળાં માણસો એકઠાં કરી પૂર્વ સરહદ ઉપર આવેલું ચિત્તગામ કબજે કરવું, અને ત્યાં એક ટંકશાળ ખોલવી; પછી ગંગાના મુખમાં દાખલ થઈ ઢાકા જઈ ત્યાં સુબેદારના મકાન ઉપર હલ્લો કરી તેની પાસેથી જોઈએ તેવું તહનામું કરાવી લેવું. આટલું કર્યા પછી સિયામના રાજાને શિક્ષા કરી મુંબઈની પાસેનાં સાષ્ટી અને થાણા પોર્ટુગીઝો સાથે યુદ્ધ કરી લેવાં.' આ પ્રમાણે આ સ્વારીના અમલદારોને ઇંગ્લંડથી સ્પષ્ટ હુકમ મળ્યો હતો.

આ સઘળું કામ આટોપવું કંપની માટે કેટલું અશક્ય હતું તેનો ઈંગ્લંડના જુમ્મેદાર અધિકારીઓએ વિચાર કરેલો જણાતો નથી. મુંબઈ ક્યાં,

*ઈસ્ટ ઈન્ડીઆ કંપનીમાં રાજાનો જે ભંડોળ હતો તેના નફા ઉપર ઇંગ્લંડમાંથી હદપાર થયાબાદ બાકીનું આયુષ્ય તેણે પુરૂં કર્યું. ફ્રાન્સમાં નાસી જતી વખતે ૭૦,૦૦૦ રૂપીઆંનો પોતાનો ભાગ તેણે વેચી નાંખ્યો હતો.

ચિત્તગામ ક્યાં, મોગલોની સત્તા કેટલી, ઈત્યાદી બાબતોમાં તેઓ આટલા બધા અજ્ઞાત હોય એ આશ્ચર્યકારક છે. અર્થાત ઉપરનો એક પણ વિચાર પાર પડ્યો નહીં એટલુંજ નહીં, પણ અન્ય ઉપાયોથી બાદશાહની મરજી અંગ્રેજોએ મેળવી લીધી હોત નહીં તો હિંદુસ્તાનનો ઈતિહાસ આજે તદ્દનજ બદલાઈ ગયો હોત.

**૩. કલકત્તાની સ્થાપના.**—મોગલો સાથે ચાલેલા આ યુદ્ધ દરમિયાન કલકત્તાની સ્થાપનાનો આરંભ થયો હતો. અંગ્રેજોના સુભાગ્યે બંગાળામાં આ વેળા જૉબ ચાર્નોક ( Job Charnock ) નામના ધૂર્ત ગ્રહસ્થના હાથમાં કંપનીનો કારભાર હતો. સને ૧૬૫૫ માં તે હિંદુસ્તાન આવ્યા બાદ ત્રણ વર્ષ પછી કાસીમબજારની કૌન્સિલમાં ૨૦૦ રૂપીઆને પગારે તેની નિમણુક થઈ હતી, અને સને ૧૬૬૪ માં બંગાળાની મુખ્ય જગ્યા તેને મળી હતી. મોળ વર્ષ પટનામાં રહી તેણે દેશસ્થિતિનું સારૂં નિરીક્ષણ કર્યું હતું. કેટલીક વેળા તેને નવાબના હાથની ચાબુક ખાવી પડેલી અને કેદમાં પણ જવું પડેલું. આજ અરસામાં ઔરંગઝેબના રાજ્યમાં ચાલતી અવ્યવસ્થાનો લાભ લઈ સ્થાનિક અમલદારો મરજી માફક વર્તવા લાગ્યા હતા. એક હિંદુ બાઈ સતી થવા જતી હતી તેને ચાર્નોકે સિપાઈ મોકલી પકડી મંગાવી તેની સાથે લગ્ન કર્યાં, અને દેશી રીત પ્રમાણે તેની સાથે રહેવા લાગ્યો. તે બાઇને સંતતિ થઈ તોપણ તેણે ખ્રિસ્તી ધર્મ સ્વીકારવાનું કબુલ કર્યું નહીં, પણ ઉલટો ચાર્નોકને પોતાના ધર્મ તરફ વાળ્યો. આ ઉપરથી એણે ખ્રિસ્તી ધર્મ છોડી દીધો એમ કેટલાકનું કહેવું છે પણ તે મળતા પુરાવા ઉપરથી ખરૂં લાગતું નથી એમ હંટર સાહેબ લખે છે. કલકત્તામાં એની કબર છે તે ઉપરથી તે મરણ સમયે ખ્રિસ્તી ધર્મનો અનુયાયી હતો એમ ખુલ્લું જણાય છે. સને ૧૬૮૧ માં બંગાળાની વખારો મદ્રાસના હાકેમથી સ્વતંત્ર કરવામાં આવી ત્યારે કાસીમબજારની મુખ્ય જગ્યા મેળવવા ચાર્નોકને અપેક્ષા થઈ હતી; પણ બે વખત તેની આશા ભંગ થઈ. દેશી વેપારીઓએ ચાર્નોકની સામે વખારને હિસાબે લ્હેણાની ફરીઆદ માંડી મોગલ અધિકારી પાસેથી હુકમનામાં મેળવ્યાં ત્યારે એણે જવાબ આપ્યો કે 'અન્યાયી અને

ભ્રષ્ટ અધિકારીઓના હુકમનામા ખુ પાળતો નથી ' સને ૧૬૮૫મા એને હુગલીની મુખ્ય જગ્યા મળી ત્યારે કાસીમ બજારની વખારના ઘેરામા તે સપ ડાયલો હતો; પણ યુક્તિથી તેમાથી છટકી જઇ તે હુગલી આવ્યો એ પછી સુબેદારે આ શહેર ઉપર લશ્કર મોકલી તેને ઘેરો ઘાલ્યો ત્યારે અંગ્રેજોને અન્ન ખોરાકી મેળવવાની અડચણ પડી તા ૨૮ મી અકટોબર સને ૧૬૮૬ ને દીને લડાઈ શરૂ થતા, બજારમા ગયલા અંગ્રેજોને મોગલોએ કાપી નાખ્યા ચાર્નોક પોતાના માણસો લઇ માર્યાં ગયલા અંગ્રેજોના પ્રેત ઉંચકી લાવવા ગયો પણ ઘણી સખત લડાઈ પછીજ તે પોતાના કામમા ફત્તેહ-મંદ થયો એની પાસે ૪૦૦ માણસો હતા, છતા મોગલો સામે ટકી શક-વાનુ અશક્ય જણાતા એણે સઘળા માણસો તથા સામાન હોડીમા ચડાવી દીધા, અને હુગલી નદીના મુખ તરફ ૨૭ માઇલ દૂર આવેલી એક જગ્યાએ સર્વને લઈ ગયો એ સ્થાન લડાઇને માટે યોગ્ય જણાતા ચાર્નોકે ત્યા પોતાને વાસ્તે કિલ્લેબંધી કરી અહીથી સમુદ્ર ૭૦ માઇલ દૂર હતો, અને નદીના વાકમા મોટા મોટા વહાણો આવવા માટે સારી સોઈ હતી અહીંજ પૂર્વે પોર્ટુગીઝ લોકો પોતાનો માલ ઉતારી બગાળામા વેપાર કરતા એ ઠેકાણા-ની આસપાસ બે ત્રણ ગામડા હતા તેમાથી એકનુ નામ સુતનત્તી હાટ એટલે સુતરનુ બજાર હતુ નદીમા આવતી રેલ તથા બન્ને કાંઠા ઉપરના વિસ્તીર્ણ ભાઠાને લીધે એ જગા મનુષ્ય વસ્તી માટે યોગ્ય છે એવુ કોઇને પણ લાગ્યુ નહીં, કારણ અહીં અગાઉ નદી હશે પણ પાછળથી તે ખસી જતા આ પ્રદેશ થયો હતો એમ સામાન્ય માન્યતા છે નદીના કિનારા ઉપર આવેલા કાળી દેવીના મદીર પાસે નદીમાથી ઉપર આવવાના ઘાટ છે તેને કાળીઘાટ કહે છે આ કિનારા ઉપર સને ૧૬૮૭ ના જાનેવારીમા ચાર્નોકે કેટલાક ઝુપડા ઉભા કર્યા ત્યારેજ વાસ્તવિક રીતે કલકત્તા શહેરનો પાયો નખાયલો ગણી શકાય અહીં પણ મોગલોનો હલ્લો આવવાથી ચાર્નોક પોતાનો સઘળો સરજામ તથા માણસો લઇ દરીઆ તરફ ઉતરી પડયો એમ છતા લડાઇ ચાલુજ રહી, રોગ અને લડાઇમા તેના પુષ્કળ માણસો મુઆ તોપણ મદદની આશામા તેણે માણસોને ટકાવી

રાખ્યા આખરે સન ૧૬૮૭ ના જુનની ૪ થી તારીખે તહનામાની સરતો નક્કી કરી એના માણસો મોગલોને તાબે ગયા પછી સપ્ટેમ્બરમા કાલીઘાટ આની તેણે ફરીથી ત્યા પોતાનુ થાણુ સ્થાપ્યુ ચાર્નોક્ના આ કામ માટે તેને કોઇએ શાબાશી આપી નહીં, પણ ઉલટુ મૂર્ખની માફક ભળતેજ ઠેકાણે બેસી રહી કપનીને નુકસાનમા ઉતારવા માટે તેને ઠપકો મળ્યો સને ૧૬૮૮ મા ઝુપડા વગેરે બાધી એ સ્થીર થતો હતો એટલામા ઇગ્લડથી કૅપ્ટન હીથ આવી પહોચ્યો અને કપનીના માણસો સુબેદારના તાબામા કેદમા હતા છતા તેણે ચિત્તગામ જીતવાની તૈયારી કરી એ શહેર આરાકાનના રાજાના અખત્યારમા હતુ એનો બદોબસ્ત ઉત્તમ હોવાથી અગ્રેજોનો પ્રયત્ન નિષ્ફળ ગયો, અને પુષ્કળ માણસો પડયા પછી કપનીના લડાયક વહાણો ચાર્નોક્ની સાથે ખાલી મદ્રાસ પાછા ફર્યા

**૪. કંપની અને ઔરંગઝેબ વચ્ચે યુદ્ધ (સ ૧૬૮૭-૯૦) —** બન્ને ચાઇલ્ડ બધુઓએ કરેલા કામની કેટલીક વિગત અગાડી આવી ગઈ છે તેમણે સ્વદેશની નોકરી કરતા પોતાનો પણ પુષ્કળ ફાયદો કરી લીધો હતો એમ કહેવાય છે કે સર જોશુઆ ચાઈલ્ડે પોતાના અમલમા વીસ લાખ રૂપીઆની પુજી એકઠી કરી હતી તેના ભાઈ સર જૉન ચાઈલ્ડનુ કપનીના અધિકારમા ઘણુ માન હતુ પણ તેણે ઘણા શત્રુઓ ઉભા કર્યા હતા, અને ૬૦ વર્ષ પછી થયલા ક્લાઈવની માફક અમુક કામ કરવાનુ મન ઉપર લેતા તેનો ન્યાયાન્યાય તથા તેની યોગ્ય અથવા અયોગ્યતા જોવાની તે તસ્દી લેતો નહીં પોતાના સાહસિક અને નતનમી કૃત્યોથી કપનીનુ કર્જ તેણે ફીટાડી દીધુ અને ઉલટો મોટો નફો કરી બતાવ્યો

આ બેઉ ભાઈઓની એકત્ર લાગવગને લીધે અહીં જોઇએ તેટલો જુલમ અને ત્રાસ કરવા કપનીએ પોતાના નોકરોને સપૂર્ણ છુટ આપી પ્રત્યક્ષ મોગલ બાદશાહ ઉપર શસ્ત્ર ઉગામવા પહેલા તેઓએ સિયામ, ઍરમ વગેરે દેખાણાના નાના નાના રાજાઓ ઉપર ગમે તેવા કારણો શોધી લડાઈ કરી પોતાની શક્તિ અજમાવી હતી ઇગ્લડમા કપનીએ રાજાને વિનતિ કરી કેટલુક લશ્કર હિંદુસ્તાન મોકલવા તજવીજ કરી, અને

પોતાની સઘળી તૈયારી અતિશય ગુપ્ત રીતે ચલાવી. ચાઇલ્ડે વિના કારણે સુરતના મોગલ અધિકારી સામે તકરાર ઉઠાવી, અને અનેક બાબતમાં તેનુ અપમાન કર્યું. આ વિશે તેણે કંપનીને જણાવ્યું હતું કે ' યુદ્ધની સઘળી જવાબદારી મારા ઉપર નાંખો. યશ નહી મળે તો મને આગળ કરી તમારા હુકમ સિવાય કામ કર્યાનું જાહેર કરવું; યશ આવે તો તેનો સઘળો લાભ તમનેજ મળવાનો છે.' ટુંકમાં, વેપાર માટે બીજા ઉપર અવલંબી રહેવાની જરૂર પડે નહીં, અને સઘળી કુંચી આપણા હાથમાં આવે તોજ આ વ્યવહાર ચાલે એવી તેની સલાહ હતી.

આ યુદ્ધ કંઈ બંગાળાની હદમાંજ સમાઈ રહ્યું નહોતું. સર જૉન ચાઇલ્ડે મોગલોનાં યાત્રાળુ જહાજ પકડયાં ત્યારે બાદશાહે ગુસ્સાના આવેશમાં અંગ્રેજોને આખા રાજ્યમાંથી હાંકી મુકવાનો હુકમ કહાડયો. સુરત, મચ્છલિપટ્ટણ, વિશાખાપટ્ટણ વગેરે ઠેકાણાની અંગ્રેજ વખારો મોગલ અધિકારીઓએ કબજે કરી; મુંબઈ તરફ સીદીનો કાફલો રવાના થયો; અને બંગાળામાંથી અંગ્રેજો નાસી છૂટયા. આ હકીકતમાં જૉન ચાઇલ્ડે ફ્રેન્ચ અને વલંદા લોકોની મદદ મેળવવાની ખટપટ કરી પણ તે નિષ્ફળ ગઈ.

સને ૧૬૮૭ ના મે મહિનામાં અંગ્રેજોએ મુંબઈથી પોતાનાં વહાણો મુદ્દામ મોકલી મોખા, બસરા, વગેરે બંદરોમાંથી પાંચ સાત મોગલ જહાજો પકડી મંગાવ્યાં; અને તેમનાં જે કાંઈ વહાણો મુંબઈમાં હતાં તે ચાઇલ્ડે સ્વાધીનમાં લીધાં. સુરતનો મોગલ અધિકારી આ કાવાદાવા સમજ્યો નહીં. આ કોઈ ઉચ્છૃંખલ અંગ્રેજ ગ્રહસ્થનું કામ હશે અને તેમાં કંપનીના મુખ્ય અધિકારીઓ સામિલ નહી હશે એમ ધારી તેણે આ બનાવ અંગ્રેજ અમલદારોના કાન ઉપર આણ્યો. એટલામાં તેની બદલી થતાં નવા સુબાએ ડીસેમ્બર ૧૬૮૮ માં ખુલ્લી રીતે અંગ્રેજો સામે યુદ્ધ શરૂ કર્યું, સુરતની વખાર જપ્ત કરી, અને ચાઇલ્ડને જીવતો પકડી લાવનારને મોટું ઇનામ આપવાનું જાહેર કર્યું. આ સાંભળી અંગ્રેજોને પણ શૂર છૂટયું. તેઓએ બેધડક મોગલ વહાણો ઉપર અને દેશી વેપારીઓ ઉપર હલ્લો શરૂ કર્યો, અને મોગલોનાં ૪૦ જહાજ પકડયાં. એમ છતાં ચાઇલ્ડ બાદશાહને કાલા-

કાલા પત્રો લખી છેતરતો હતો. 'ગંજે સવાઈ' નામનું એક મોટું મોગલ જહાજ તેનાં માણસોએએ પકડયું ત્યારે ઔરંગઝેબ તેમની સઘળી લુચ્ચાઈ સમજી ગયો. તેણે સુરતમાંના સઘળા અંગ્રેજોને પકડી કેદ કર્યા, અને બેડી પહેરાવી રસ્તે રસ્તે ફેરવ્યા. સુમારે ત્રણ વર્ષ સુધી આ લોકો સુરતમાં કેદ રહ્યા. તે વેળાના તેમની દુર્દશાના દયાજનક પત્રો વાંચવા લાયક છે. આ પ્રમાણે બાદશાહે સહેજ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ચાઈલ્ડ ગભરાઈ ગયો. જ્યાં ત્યાં અંગ્રેજોને પાછળ હઠવું પડવાથી સઘળા લોકો એના ઉપર ગુસ્સે થયા; તેના હાથ હેઠળનાં માણસો તેનું સાંભળતાં નહીં; પોર્ટુગીઝો પણ તેની વિરૂધ થયા. મુંબઈનો બચાવ કેવી રીતે કરવો તેની તેને ધાસ્તી પડી એટલે બહારના યુદ્ધ બાબતનું તેનું સઘળું અભિમાન જતું રહ્યું તે કહેવાની જરૂર નથી. 'બંગાળા તથા મદ્રાસના અંગ્રેજો મને મદદ કરતા નથી, મારે એકલાએ શું કરવું' એવી રીતે તે કંપનીનાં કાલાંવાલાં કરવા લાગ્યો. એટલામાં સને ૧૬૮૯ ના ફેબ્રુઆરી માસમાં મોગલ કાફલાનો મુખી જંજીરાનો સીધી યાકુબખાન ૫૫,૦૦૦ માણસો લઈ મુંબઈ ઉપર ઉતરી પડયો. મધ્યરાત્રે એકદમ ઘેરો આવવા સાથે કિલ્લામાંથી ત્રણ તોપો ફુટી તે સાંભળી યુરોપિયન અને દેશી લોકો સ્ત્રી છોકરાંઓ સાથે લઈ ગભરાટમાં નાસવા લાગ્યા. સવારમાં સીધીએ મજગામનો કબજો લઈ ત્યાં તોપખાનું ઉભું કર્યું, અને માહીમનો કિલ્લો હસ્તગત કર્યો ત્રીજે દિવસે નાની લડાઈ થતાં કિલ્લા સિવાયનો બાકીનો સઘળો બેટ સીધીએ પોતાના તાબામાં લીધો અને આખું ચોમાસું ત્યાં રહ્યો, એટલે ચાઈલ્ડને શરણે ગયા વિના છુટકો થયો નહીં. અત્યંત માનભંગ સ્થિતિમાં તેણે ક્ષમા માગવા માટે પોતાના બે અંગ્રેજ વકીલોને બાદશાહ પાસે મોકલ્યા. 'પીઠ ઉપર હાથ બાંધી માથું નીચું ઘાલી તેઓ બાદશાહ પાસે આવ્યા.' ઔરંગઝેબના મનમાં અંગ્રેજ વેપારીઓને દેશમાંથી હાંકી કહાડવાનું બીલકુલ નહોતું. તેમના વેપારથી રાજ્યને મોટો ફાયદો થતો જાણી તથા તેમને થયલું અપમાન પુરતું ગણી કેટલીક સરતે તેણે એ વકીલોનુ કહેવું માન્ય કર્યું, અને તેમની પાસેથી કબુલાત મેળવી કે મોગલ અધિકારીઓનું તેમજ હિંદુ-

સ્તાનની રૈયતનું તેમને હાથે જે જે નુકસાન થયું હોય તે અગ્રેજોએ ભરી આપવું અને ચાઈલ્ડે આ દેશમા રહેવું નહીં અગ્રેજોએ હિંદુસ્તાનમાં પગ મુકયો ત્યારથી અત્યાર સુધીમા આવુ અપમાન તેમને કદીપણ સહન કરવુ પડેલું નહીં. ફરમાનની ભાષા ઉપરથી સ્પષ્ટ જણાય છે કે અગ્રેજોને એક સ્વતંત્ર રાજ્યના લોક તરીકે નહીં ગણતા ક્ષમા કરેલા ગુન્હેગાર હોય તેવી રીતે બાદશાહ તેમની તરફ વર્ત્યો હતો આ યુદ્ધમાં કપનીને ૪૦ લાખ રૂપીઆ ખરચ થવા ઉપરાત આખા અગ્રેજ રાષ્ટ્રનું માન ખડીત થવાથી ઇંગ્લંડના લોકો કપની વિરૂદ્ધ ખળભળી ઉઠ્યા, અને તેથીજ આગળ જતાં બીજી કપની ઉભી કરવાના કામને ઉત્તેજન મળ્યુ આ સઘળુ ચાઈલ્ડના તોફાની સ્વભાવનુ પરિણામ હતુ અને ૧૬૯૦ ના ફેબ્રુઆરીમા એ મહાન નર મરણ પામ્યો.

બાદશાહની સ્થિતિ આ વેળા ઘણીજ વિચિત્ર થઈ હતી. મરાઠા સામે લડીને તે થાકયો હતો, તેમને જીતવાના આવેશમાં કપનીનાં કામ તરફ લક્ષ આપવાની તેને સવડ મળી નહોતી અગ્રેજોને દબાવવા માટે જરૂરનો કાફલો તેની પાસે નહોતો, છતાં 'તેમને ગમે ત્યારે કચડી શકીશું, તેમનો આપણા આગળ શુ ભાર છે' એ વિચારમાં તે મગરૂર રહતો. વળી તેમના વેપારથી બાદશાહને મોટી રકમ મળતી હતી, એટલે તેમને હાંકી કહાડી હમણાજ ઉભી થયલી પૈસાની અડચણ વધારવી તેને યોગ્ય લાગી નહીં. એ ઉપરાંત અગ્રેજોનો કાફલો બાદશાહના ઉપયોગમા આવતો અને તેનો તેના શત્રુઓને ધાક હતો. આથી તેમજ અગ્રેજોનો કાફલો પોતાની મદદે હોવાથી મરાઠાઓની દરકાર રાખવાનુ તેને કારણુ નહોતુ વળી અગ્રેજોની શક્તિ આરમારમાં છે, અને પોતાની પાસે તેવુ સાધન ન હોવાથી તેમનો સપૂર્ણ રીતે પરાજ્ય કરવાનુ તેને માટે શકય નહોતુ એ તે સમજતો હતો. બાદશાહને અગ્રેજો પ્રત્યે કદી અભાવ નહોતો; પણુ ઉલટુ તેમને જોઈતી સવળતા કરી આપી તેમનો ઉત્કર્ષ થાય અને મોગલ રાજ્યમા તેઓ સુખચેનમા રહે એવી તેની ઇચ્છા હતી આથી કરીને શાઇસ્તખાન જેવા અનુભવી સુબેદાર તરફથી તેમની વિરૂદ્ધ થતી ફરીઆદો ઉપર બાદશાહ લક્ષ આપતો નહીં, પણુ પોતાનાજ અમલદારોને ઠપકો આપતો ખરૂ જોતા જો ચાઈલ્ડે બાદશાહનાં યાત્રાળુ

દીને તેઓ કાલીઘાટપર પાછા આવ્યા ત્યા અહોરાત્ર વરસાદ પડતો હોવાથી અગ્રેજ લોકોની મરજી મોગલ હદમા આવેલા હુગલી શહેરમા જવાની હતી, પણ પોતાના વહાણો ઉપરની તોપનો આશ્રય છોડી દૂર જવાનુ વૃદ્ધ ચાર્નોકને ધાસ્તી ભર્યું લાગવાથી તેણે ત્યાજ નવુ થાણુ વસાવ્યુ આ કામ પાર પાડતા થયલાં બે વર્ષ દરમિયાન અગ્રેજોને ભારે સકટ વેઠવુ પડયુ હતુ પરતુ એક વખત ત્યા થોડા બચાવના કામ ઉભા થતા કપનીની તોપને લીધે અન્ય લોકોને પણ એ જગ્યા સુરક્ષિત લાગી, અને તેથી કરીને વેપાર તથા લોકોની ત્યા જે ધમાલ શરૂ થઈ તે આજ સુધી ચાલ્યા કરે છે, અને કલકત્તા હિંદુસ્તાનમા પહેલી પક્તિનુ રાજધાનીનુ શહેર બન્યુ છે કાલીઘાટ ઉપર ઝુપડા નખાયા પછી દસ વર્ષમા કલકત્તાનો વિસ્તાર વધવા માડ્યો પોતાના પ્રયત્નનુ આ શુભ પરિણામ આવેલુ જોયા બાદ તા ૧૦ મી જાન્યુઆરી સને ૧૬૮૩ ને રોજ ચાર્નોકે કલકત્તામા પોતાનો દેહ છોડયો તેણે કરેલા દેખાઈતી રીતે નજીવા પણ ખરૂ જોતા મહત્વના કામની ખરી કિંમત બહાર પડતા ઘણા દિવસ લાગ્યા, પરતુ એટલુ તો ખરૂ છે કે બગાળા પ્રાતમા કપનીને વેપાર કરવાની ઇચ્છા હોય કે નહી તો પણ ચાર્નોકની હઠને લીધેજ કલકત્તા શહેર સ્થપાયુ હતુ

શાઇસ્તખાન પછી સુમારે દસ વર્ષ લગી બગાળાના કારભાર ઉપર કોઈ લાયક પુરૂષ આવ્યો નહીં સને ૧૭૦૨ મા મુર્શિદકુલીખાનની નિમણુક થઇ તે પહેલા અગ્રેજોએ પોતાનુ કામ આટોપી લીધુ હતુ સને ૧૬૯૮ મા રહિમખાન નામના એક અફઘાને બગાળામા ઉઠાવેલુ બડ દાબી દેવામા અધિકારીઓ નિષ્ફળ જવાથી અણધાર્યાં તોફાન વખત તેઓ અગ્રેજ તથા અન્ય લોકોનુ કેવી રીતે રક્ષણ કરી શકશે એ બાબત સ્વાભાવિક પ્રશ્ન ઉઠ્યો આથી ' તમે તમારો બદોબસ્ત જોઇએ તેવો કરી લો, કિલ્લા બાધો અથવા જોઇએ તે કરો એવુ સુબેદાર તરફથી યુરોપિયન લોકોને કહેવામા આવતા જાણે તેઓ આવા કહેણની રાહ જોતા હોય તેમ તેઓ પોત પોતાની વખારની આસપાસ કિલ્લા બાધવા મડી પડ્યા આવી રીતે અગ્રેજોએ કલકત્તામા બાધેલા કિલ્લાનુ નામ ઇંગ્લંડના રાજાના નામ ઉપરથી

ફોર્ટ વિલિઅમ પાડયુ (સને ૧૬૯૮) ઘણા વર્ષ લગી કિલ્લેબધી કરવાની યુરોપિયનોને મનાઈ હતી તે આ પ્રમાણે રદ થઈ ગઈ, પણ એનુ પરિણામ બંગાળાના નવાબને પ્રાણઘાતક નિવડ્યુ તે હવે આપણે જોઈશુ

સને ૧૬૫૮ માં ઔરગઝેબ ગાદીએ આવ્યો ત્યારથી સને ૧૬૮૩ સુધીનાં ૨૫ વર્ષ તેનો રાજ્યનો કારભાર યોગ્ય રીતે ચાલ્યો તે વેળા રાજ્યના છેક દૂરના ભાગમા પણ તેની સત્તા માન્ય હોવાથી તેના ફરમાન પ્રમાણે વેપાર કરી પોતાનો નફો કરી લેવાનુ અગ્રેજોને બની આવ્યુ કપની માટે પુષ્કળ આબાદીનો આ સમય હતો. પણ સને ૧૬૮૩ મા બાદશાહે દક્ષિણમા મરાઠા ઉપર સ્વારી કરી ત્યારથી તે યુદ્ધમા ગુથાઈ જવાથી તેનો કારભાર અવ્યવસ્થિત થયો, તેની હકુમત ઢીલી પડી, અને પ્રાતિક અમલદારો પોતાની મરજી માફક વર્તવા લાગ્યા આથી અગ્રેજોનો કોઈ એકજ ધણી રહ્યો નહીં પ્રત્યેક અધિકારીને લાચ આપી તેનુ મ્હોડુ બધ કરતા કપનીને ભારે નુકસાન થવા લાગ્યુ ત્યારેજ પડની હેરાનગતીમાથી છૂટવા માટે યાત્રાળુ જહાજોને હેરાન કરી અગ્રેજ લોકો ખુદ બાદશાહને જાણે ધમકાવવા લાગ્યા મોગલ બાદશાહીની ઉતરતી કળા અને કપનીની ચડતી કળા એ બન્ને વચ્ચેનો ખુબીદાર વિરોધ આ ૨૫ વર્ષમા સ્પષ્ટ માલમ પડે છે એજ અરસામા ઇગ્લડમા સર્વ પ્રકારની યોગ્ય વ્યવસ્થા થતા કપનીની સ્થિતિ મજબૂત થઈ ત્યારે મોગલ બાદશાહી લથડી પડી, અને હિંદુસ્તાનનુ રાજ્ય જે કોઈ બળવાન હોય તેના હાથમા જતુ હતુ એમ સર્વ કોઈને લાગવા માડયુ બાદશાહ દક્ષિણમા રહેવાથી તેના રાજ્યનો બદોબસ્ત ઢીલો પડી ગયો, અને નવા જીતેલા વિજાપૂર તથા ગોવળકોન્ડાના પ્રાતોમા તેનો અમલ જામ્યો નહીં વળી દૂર દૂરના કિનારા ઉપર તેનો કાબુ નરમ પડયો, આ નવા જીતાયલા પ્રદેશના અમલદારો અને બાદશાહના અસલ શત્રુ મરાઠાઓ તેના ઉપર વેર લેવા માટે કપનીના મદદગાર થયા, એથી કપનીને પોતાની કિલ્લેબધી યોગ્ય રીતે પરીપૂર્ણ કરવામા અડચણ આવી નહીં કપનીને સુભાગ્યે તે વેળા યુરોપમા ફ્રાન્સ અને હોલેન્ડ વચ્ચે યુદ્ધ ચાલતુ હોવાથી એ બન્ને દેશની પ્રજા તરફથી હિંદુસ્તાનમા અગ્રેજોને

કઇપણુ પ્રતિબધ નડયો નહીં ટુકમા ફ્રાન્સના લુઇ અને હિંદુસ્તાનના ઔરગજેબ બાદશાહ તરફથી આ દેશમા અગ્રેજી રાજ્યનો પાયો મજબુત કરનામા આડકતી પરતુ સપૂર્ણ મદદ મળી હતી

ઉપરની અગ્રેજ-મોગલ તકરારની બીજી બાજુની હકીકત વાચતા અદરનુ રહસ્ય જણાઇ આવશે 'જકાતની માફી' એ શબ્દ ઘણા સાદા દેખાય છે, પણ તેને લીધે સઘળી જાતનો વેપાર માફીદારોના હાથમા ગયો હતો બગાળામા આ જકાત વિશેનો ટટો સો વર્ષ લગી ચાલ્યો હતો સને ૧૭૫૬-૫૭ મા નવાબ સુરાજ-ઉદ-દૌલાને, અને સને ૧૭૬૩ મા મીર કાસમને અગ્રેજો સાથે થયના યુદ્ધનુ કારણ આ જકાતજ હતી શઇસ્તખાન આ પ્રશ્નનુ મહત્વ સમજતો હતો છતા પણ ખુદ બાદશાહના ફરમાનને માન આપવાની તેને ફરજ પડી આ બાબતમા જહાગીર અને શાહજહાનના સમયમા કપનીને જે સવડતા મળી નહીં તે સઘળી ઔરગજેબ બાદશાહ ના અમલમા તેને મળી મીઠુ, મરચા, સોપારી, તબાકુ વગેરે ગરીબ લોકોના રોજના નિર્વાહની વસ્તુઓનો તેમજ હિંદુસ્તાનમા પાકતી તથા ત્યાજ ખપનારી જણસોનો વેપાર સુદ્ધા જકાતની માફીને લીધે અગ્રેજોના હાથમા ગયો ઔરગજેબે આપેલી આ પરવાનગીને પરિણામે સો વર્ષ સુધી બગાળાના સુબેદારને અસહ્ય બોજો ખમવો પડયો હતો આખરે મીર કાસમે સઘળી જકાત માફ કરી તેટલાથી પણ સતોષ નહીં પામતા અગ્રેજોએ લડાઇ કરી બગાળા પ્રાત પોતાના કબજામા લીધો સારાશમા આ જકાતની તકરારને લીધે અગ્રેજી રાજ્યનો પ્રવેશ આ દેશમા થયો આ સઘળી હકીકત અગ્રેજ ગ્રથકારોની છે, સામી બાજુનુ કહેવુ શુ હતુ અને શઇસ્ત ખાનની તકરાર અગ્રેજો વિરુદ્ધ કેવા પ્રકારની હતી તેનો ખુલાસો તેમણે ન આપેલો હોવાથી ઐતિહાસિક દૃષ્ટિએ આ પ્રશ્નનુ વિવેચન સપૂર્ણ રીતે સમજાતુ નથી

સન ૧૬૮૮ મા થયના અનુભવ પછી કપનીએ કેટલીક બાબત લક્ષમા રાખી પહેલુ તો જમીન ઉપર મોગલો સામે હાથ અજમાવવા તેને માટે અશક્ય હતુ, બીજુ મક્કે જતા યાત્રાળુ વહાણને હેરાન કરવાથી તથા

કાફલાની મદદથી મોટાં મોટા વેપારી બદરોની નાકેબધી કરવાથી મોગલો કેટલેક અંશે કાબૂમાં આવશે એમ તેને લાગ્યુ ત્રીજુ કિલ્લેબધી કર્યા સિવાય તથા લશ્કર ગખ્યા સિવાય પારકા ગજ્યમા વખારનો નિભાવ થઇ શકશે નહીં, એટલે જ્યાં વેપાર ચલાવવાનો હોય ત્યાં પોતાના રક્ષણ માટેની તજવીજ પહેલેથીજ કરવી જોઇએ એમ તેમનો નિશ્ચય થયો

એમ છતાં વખારનાં રક્ષણ માટે કરવાનાં બચાવના કામો માટેનો ખરચ કોણે ભગપાઈ કરવો એ મોટો સવાલ હતો કપનીને રાજ્ય લેવુ નહોતું એટલે બચાવ માટે કિલ્લેબધી કરવા તે ના પાડતી. એવી અડચણ ઉભી થતા સર જોશુઆ ચાઈલ્ડે વલદા લોકોની પદ્ધત સ્વીકારી. જે ઠેકાણે એવાં કામો કરવાની જરૂર જણાય ત્યાના લોકો ઉપર કર નાખી ખરચની જોગવાઇ કરવાની અને પરભાર્યું નાણુ ઉભુ કરવાની યુક્તિ એણે શોધી કહાડી. 'વેપાર અને વસુલાત' એ ઉત્પન્નની બે બાબતો સને ૧૬૮૪ પછી શરૂ થઇ એશિયાખડમા બીજા કોઈ પણ રાજ્ય કરતા અમારી હદમા રહેનારા લોકો વધારે સુરક્ષિત અને કોઇ પણ જાતની ધાસ્તી રહિત હોવાથી એ સુરક્ષિતપણાની કિમત તેમની પાસેથી વસુલ કરવી જોઇએ' એવો કપનીએ ઠરાવ કર્યો સને ૧૬૮૮ મા મદ્રાસમા મ્યુનિસિપાલીટી સ્થાપવામાં આવી અને તેમા સર્વ લોકોના પ્રતિનિધી બોલાવવાનુ કર્યું. આ નવી સસ્થામાં 'દિવાની અને લશ્કરી અમલનુ ઉત્તમ રીતે જોડાણ કરી વસુલાતની એવી પદ્ધત નક્કી કરવી કે તે નમુના ઉપર આગળ જતા મજબૂત અને કાયમનુ રાજ્ય હિંદુસ્તાનમા અંગ્રેજોને સુભાગ્યે સ્થાપવાને બની આવે અમારી સાથે જે સારો સબધ રાખે તેમના ઉપર જુલમ કરવાની અમારી ઇચ્છા નથી 'ગોગ્ય' અને 'દંડ' એ બે શબ્દોમાં અમારા હેતુનુ રહસ્ય રહેલુ છે. અમારો વેપાર વધારવાની અમારી ઇચ્છા છે ખરી, પણ તે પ્રમાણે દરેક ઠેકાણાનુ વસુલાત વધારવા માટે તમારે ઉદ્યોગ કરવો જોઇએ અમારા વેપારમાં અનેક વિઘ્ન આવે છે પણ વસુલાત શરૂ થઈ ગઈ હોય તો અમારી સત્તાને ધક્કો આવે નહી, અને તેથી કરીનેજ હિંદુસ્તાનમાં અમારૂ રાજ્ય કાયમ થશે એમ નહીં થાય તો

અમે માત્ર ચાચીઆ વેપારી છીએ એમ સમજીશુ વલદા લોકોએ આજ માર્ગ સ્વીકાર્યો છે વેપાર કરતા દસ ઘણુ લક્ષ તેઓ રાજ્ય તરફ આપે છે, અને તેથીજ મસાલાના ટાપુ તથા જાપાનમા તેઓ સરસાઇ ભોગવે છે ' રોએ ઠરાવી આપેલી પદ્ધતિ છોડી દઇ કંપનીએ આ નવી રાહનો ખુલ્લી રીતે અગીકાર કર્યો ઇંગ્લંડમા સને ૧૬૮૯ મા મોટી રાજ્યક્રાન્તિ થઇ તેજ માફક કંપનીના વહિવટમા પણ તે વર્ષે એક મોટો ફેરફાર થયો. આ વખતથી કંપનીને આગળ જતા રાજ્ય સ્થાપનાના સ્વપ્ના આવના લાગ્યા. એ સ્વપ્ના તેજ સમયે ઔરંગજેબ કળી શક્યો નહી એ બહારથી સર્વોપરી સત્તા ભોગવતો જણાતો હતો, પણ અદરખાનેથી તેની બાદશાહીમા ધીરો પણ સચોટ ફેરફાર થતો હતો તે આ ઠેકાણે સ્પષ્ટ જણાઇ આવે છે કામમા ઔરંગજેબ બાદશાહ જહાંગીર અને શાહજહાન બન્ને કરતા વધારે ચાલાક અને હુંશીઆર હતો, પણ દુરાગ્રહથી તેણે પોતાના રાજ્યનુ, વશનુ અને દેશનુ હમેશ માટે નુકસાન કર્યું હતુ

કંપની તથા ઔરંગજેબ વચ્ચે ચાલેલા ઉપર વર્ણવેલા ઝગડામા બાદશાહ આટલો બેફીકર અને નિષ્કાળજી દેખાય છે એ કંઇક આશ્ચર્યજનક છે વિસ્તીર્ણ રાજયના ખુણાખોચરામા બનતા બનાવોની બાતમી વિદ્યુતવેગે જે બાદશાહને મળતી, અને સરકારી બાબતોમા પણ જેના હુકમનુ યત્કિંચિત ઉલ્લઘન થઇ શકતુ નહીં, તેવો ધૂર્ત અને ચાલાક પુરૂષ યુરોપિયનોની યુક્તિઓ સવેળા સમજી શક્યો નહી એ માટે સ્વાભાવિક રીતે ખેદ થાય છે યુરોપિયન લોકો કિનારા ઉપર તે વેળાનાં પાંચદસ અપ્રસિદ્ધ ઠેકાણે આવી વસ્યા હતા બાદશાહ તેમને કોઇપણ બાબતમા યોગ્ય ગણતો નહીં. પણ દરીઆ ઉપર નાકેબંધી કરી તેઓ પાછળથી એના ઉપર ચડી બેસશે એ તે બીલકુલજ સમજ્યો નહીં, પણ ઉલટો તે અગ્રેજોને પોતાના ખાસ ઉપયોગના માણસો તરીકે ગણતો સુરત તથા બગાળાના બાદશાહી અમલદારો યુરોપિયનોના કૃત્યો બાદશાહ રૂબરૂ ખુલ્લા કરી આપતા, પણ તેમનાં વાજબી કહેણને પુષ્ટી આપવાનુ છોડી દઇ બાદશાહ તેમને ધમકાવતો હતો

પડતીના વખતમાં ડાહ્યાં માણસોની પણ અક્કલ બહેર મારી જાય છે તેનું આ ઉદાહરણ છે.

ઈ. સ. ૧૭૦૧ માં ઔરંગઝેબ ફરીથી પરદેશીઓ ઉપર ગુસ્સે થઈ ગયો, અને તેણે સઘળા અંગ્રેજોને દેશમાંથી બહાર કહાડવા હુકમ આપ્યો. આવા કડક હુકમ માટે અંગ્રેજો પોતેજ જોખમદાર હતા. દરસાલ બાદશાહનું વહાણ સુરતથી મક્કા અને જીદ્દા વગેરે માટે પુષ્કળ માલ ભરી મોખા બંદરે જતું. સને ૧૭૦૧ માં તે જહાજ પાછું ફરતું હતું ત્યારે તેના ઉપર સોનું ચાંદી મળી ૫૨ લાખ રૂપીઆનો અવેજ હતો. વહાણનો કપ્તાન ઇબ્રાહિમખાન હતો, અને તેની પાસે ૮૦ તોપ, ૪૦૦ બંદુક અને બીજાં હથીઆરો હતાં. એ જહાજ મોખાથી નીકળી સુરત તરફ આવતું હતું, ત્યારે આઠ નવ દિવસે તેને એક નાનું સરખું અંગ્રેજ વહાણ મળ્યું. ઉભય વચ્ચે લડાઈ થતાં અંગ્રેજોએ મોગલોનું વહાણ પકડયું, તે ઉપરનાં સઘળાં માણસોને કેદ કર્યાં અને સઘળો ખજાનો લૂટી લીધો. આ વર્તમાન બાદશાહને પહોંચતાં તેનો ગુસ્સો હદપાર ઉશ્કેરાઇ ગયો, અને તેણે સુરત, મુંબઈ વગેરે ઠેકાણેથી તેમને હાંકી મુકવાનો હુકમ કહાડયો. બાદશાહના ગુસ્સાનુ બીજું કારણ એ હતું કે અંગ્રેજોએ ટંકશાળ સ્થાપી પોતાનાં નાણાં પાડવા માંડયાં હતાં. આ તકરારનો નિવેડો આણવા સારૂ ખાફીખાન મુંબઈ ગયો ત્યારે તેને કંપની તરફથી એવો જવાબ મળ્યો કે જે લોકોએ વહાણ લૂટયું હતું તેઓ કંપની-ની નોકરીમાં નહોતા, અને જેઓ બરતરફ થયા હતા તેઓજ આવો ધંધો લઈ બેઠા હતા. એકંદર રીતે પોર્તુગીઝ, વલંદા અને અંગ્રેજ એ સઘળાનાં એકત્ર વર્તનથી મોગલ બાદશાહીને કેવું નુકસાન થતું હતું તેનો વિચાર ઉપરની હકીકતથી વાચકવર્ગ કરી શકશે.

**૫. મદ્રાસની સ્થિતિ.**—અદ્યાપિ કંપનીની મુખ્ય કોઠી પશ્ચિમ કિનારા ઉપર હોવાથી, અને બંગાળાની વખારો મદ્રાસથી સ્વતંત્ર થયલી હોવાથી, જ્યારે ઔરંગઝેબનું લક્ષ સુરત અને કલકત્તા તરફ લાગેલું હતું ત્યારે મદ્રાસની કોઠીના અમલદારો શાંત રીતે ઉપયુક્ત કામ કર્યાં જતા હતા. આ કોઠીની વ્યવસ્થા ઘણે અંશે સુરત વગેરેમાં ચાલતી ગોઠવણ સરખીજ હતી.* મદ્રાસની સ્થાપના પછી ત્યાં આવેલા મુખ્ય ગવર્નરો નીચે પ્રમાણે હતા:—

* જુઓ પ્રકરણ ૧૦ મું વિભાગ ૩ જો.

| | | |
|---|---|---|
| સર વિલિઅમ લેગહૉર્ન | સને | ૧૬૭૦–૧૬૭૭. |
| સ્ટ્રૅન્શમ માસ્ટર | ,, | ૧૬૭૭–૧૬૮૩. |
| વિલિઅમ ગિફર્ડ | ,, | ૧૬૮૩–૧૬૯૮. |
| થૉમસ પિટ | ,, | ૧૬૯૮–૧૭૦૯. |
| કૉલેટ | ,, | ૧૭૧૭–૧૭૨૦. |

સર વિલિઅમ લેગહૉર્નના સમયમાં મદ્રાસની સ્થિતિ ઘણી ભયભીત થઈ હતી. તેની દક્ષિણે આવેલું સેન્ટ ટૉમેનું બંદર ફ્રેન્ચ કાફલાએ કબજે કરવાથી તે પાછું લેવા માટે ગોવળકોન્ડાનો સેનાપતિ બાબા સાહેબ મોટું લશ્કર લઈ પૂર્વ કિનારાપર આવ્યો. ફ્રેન્ચ સાથે લડવામાં અંગ્રેજોએ તેને મદદ નહીં કરવાથી બાબા સાહેબ ઘણો ગુસ્સે થયો પણ જાતે કંઈ ન કરી શકવાથી દોઢ વર્ષ નકામું ગયું, અને તે દરમિયાન ફ્રેન્ચ લોકોએ બચાવનાં કામો ઉભાં કર્યાં તેથી સેન્ટ ટૉમે બાબા સાહેબના હાથમાં આવ્યું નહીં. એ વખતે મદ્રાસનો કિલ્લો સેન્ટ ટૉમે જેટલો મજબૂત નહોતો, એટલે શત્રુના હાથમાં સપડાયા કરતાં મદ્રાસ એમને એમ અચાનક છોડી દેવાનો કંઈક વેળા અંગ્રેજોએ વિચાર કર્યો. એ પછી સને ૧૬૭૪ માં વલંદા લોકોએ ફ્રેન્ચ લોકો પાસથી સેન્ટ ટૉમે છીનવી લીધું, અને વખતે મદ્રાસ પણ તેઓ કબજે કરતે, પણ એટલામાં યુરોપમાં ઇંગ્લંડ અને હોલન્ડ વચ્ચે સલાહ થયાની બાતમી મળતાં વલંદાઓ તેમ કરતાં અટક્યા, અને મદ્રાસના અંગ્રેજોના જીવમાં જીવ આવ્યો.

અહીં અંગ્રેજો નીતિપૂર્વક રહે તેટલા માટે લેગહૉર્ને કેટલાક નિયમ ઠરાવ્યા હતા, અને સઘળી જાતના ગુન્હા માટે શિક્ષા પણ નિર્માણ કરી હતી. એમ છતાં લોકોની નીતિ સંતોષકારક નહોતી. ટંટા અને મારામારી માત્ર દારૂની દુકાન તથા બજારમાંજ થતાં એવું કંઈ નહોતું પણ ભર કૌન્સિલમાં સુદ્ધાં વારંવાર તોફાન થતાં. મદ્રાસમાં પૅટ્રિક વૉનેર નામનો એક પાદરી હતો તે લખે છે (તા. ૩૧ જાનેવારી, સને ૧૬૭૬) કે 'ડાયરેક્ટર મહારાજ, આપ ધર્માભિમાની હોઈ, આપના મનમાં ઈશ્વર માટે પુજ્યબુદ્ધિ છે એમ હું સમજું છું; પણ

આપના દેશ બંધુઓ અહી હિંદુસ્તાનમાં એવાં નિંદ્ય આચરણ કરે છે કે તે આપના કાન ઉપર આવતાં આપને તે બાબત સંતાપ થયા વિના રહેશે નહીં. મદ્યપાન અને ભ્રષ્ટતા આ લોકોમાં એટલાં ચાલે છે કે તેનું વર્ણન સાંભળી આપનાં રૂઆં ઉભાં થઈ જશે. આ સઘળું ખુલ્લે દિવસે ચાલતું હોવા છતાં તે માટે એ લોકોને યત્કિંચિત શરમ આવતી નથી. દારૂ, જુગાર અને વ્યભિચારને લીધે આ લોકો આપનું કેટલું નુકસાન કરે છે તેનું વર્ણન કરવું અશક્ય છે.'

લિંગાપા કરીને ગોવળકોન્ડાની નોકરીમાં એક લશ્કરી અમલદાર હતો. તેણે મદ્રાસ ઉપર સ્વારી કરી ચાર મહિના સુધી અંગ્રેજોને હેરાન કર્યા અને તેનો સઘળો વેપાર બંધ પાડયો. આખરે નાઇલાજ થઇ ત્રીસ હજાર રૂપીઆ દંડ ભરી લિંગાપાના ત્રાસમાંથી અંગ્રેજો છૂટયા. સને ૧૬૭૯ માં શિવાજી કર્નાટકમાંથી પાછા ફરતાં મદ્રાસ આવ્યો ત્યારે અંગ્રેજોએ બસો અઢીસોનો સામાન તેને નજરાણાં તરીકે ભેટ કર્યો.

મદ્રાસની આસપાસના દેશી લોકોને પકડી પરદેશ લઈ જઈ તેમને ગુલામ તરીકે વેચવાનો ચાલતો રીવાજ અટકાવવા માટે ત્યાંના અધિકારીઓ પ્રયત્ન કરતા હતા (સને ૧૬૮૩). આ ધંધો મુખ્યત્વે કરી વલંદા અને પોર્ટુગીઝ લોકો ચલાવતા, અને તે અટકાવવા માટે મોગલ બાદશાહે પણ ચાલુ પ્રયત્ન કર્યા હતા. કૉલેટના સમયમાં મદ્રાસના અંગ્રેજ લોકો પાસે પુષ્કળ ગુલામ હતા. ઘણાઓએ સ્ત્રીઓને ગુલામ તરીકે રાખી હતી. આવા સંબંધથી થયલી સંતતિ માટે બે ધર્માદા શાળાઓ. કહાડવામાં આવી હતી. કંપનીના મદ્રાસના દફતરમાં આ ગુલામો બાબત ઘણી જાણવાજોગ માહિતી આપેલી છે.

સને ૧૬૮૭ માં ઔરંગજેબે ગોવળકોન્ડા કબજે કરવાથી તે તરફ અંગ્રેજો ઉપર પડતો ત્રાસ ઘણો ઘટી ગયો, કેમકે તેમને ધમકાવી શકે તેવી માત્ર મોગલોનીજ સત્તા હતી. ઝુલફીકારખાને જીંજીને ઘેરો ઘાલ્યો તે વેળા મોગલ લશ્કરને દારૂગોળો વગેરે લડાઈનો સામાન કંપનીએ મદ્રાસમાંથી પુરો પાડયો હતો. ઘણી વખત મરાઠાઓ તરફથી પરાભવ પામી મોગલ અમલ-

દારો પોતાનાં લશ્કર સહિત મદ્રાસમાં અંગ્રેજોના આશ્રય હેઠળ આવી રહેતા. છંજીના ઘેરામાં મરાઠાઓએ મોગલ ફોજને એવી બારીક હાલતમાં આણી નાંખી હતી કે રાજારામ અને તેના સરદારોને જરા પણ હેરાન નહીં કરવા માટે અંગ્રેજોને પોતાના નોકરોને તાકીદ કરવી પડી હતી. ઝુલ્ફીકારખાને અંગ્રેજો પાસે સાડાત્રણ લાખ રૂપીઆ વ્યાજે માંગ્યા હતા, પણ કંપની તેની માગણી સ્વીકારી શકી નહીં. છંજી પડયા પછી ૪૦,૦૦૦ રૂપીઆ ભરી ઝુલ્ફીકાર મારફતે અંગ્રેજોએ બાદશાહ પાસેથી વેપારની સનદ મેળવી. આવી રીતે અનેક વખતે સ્થાનિક અધિકારીઓને લાચ રૂશવતથી દબાવી અંગ્રેજો પોતાનો બચાવ કરતા અથવા કામ કઢાડી લેતા. મદ્રાસની દક્ષિણે આવેલા નાગાપટણની આસપાસનો થોડો પ્રદેશ છત્રપતિ રાજારામ પાસેથી ખરીદી લઈ અંગ્રેજોએ ફોર્ટ સેન્ટ ડેવિડ નામનો નવો કિલ્લો બાંધ્યો.

## પ્રકરણ ૧૩ મું.

### નિયંત્રિત અને અનિયંત્રિત વેપારપક્ષ વચ્ચે ટંટો.

૧. ચાંચીઆપણાનો ધંધો. ૨. નવી કંપનીની સ્થાપના.
૩. બે કંપનીઓ વચ્ચે હિંદુસ્તાનમાં વિરોધ. ૪. સર વિલિઅમ નૉરિસની દરમિઆનગિરી.
૫. બે કંપનીનાં જોડાણ માટે ભાંજગડ. ૬. સમેલન અને તેનું પરિણામ.
૭. ભાવી રાજ્ય સ્થાપનાની સિદ્ધતા.

**૧. ચાંચીઆપણાનો ધંધો.**—હિંદુસ્તાનના વેપારમાં કંપનીને કાલ્પનિક પ્રાપ્તિ થતાં ઇંગ્લંડના લોકોના મનમાં તે બાબત મોટી શંકા ઉત્પન્ન થઈ. ભાગીદારોનાં નાણાં પુરતાં આપી દેવામાં તોપણ શેરનો ભાવ ૫૦૦ પૌંડ રહેતો તે ઉપરથી કંપની લૂંટ ચલાવે છે કે શું એમ અંગ્રેજ પ્રજાને લાગવા માંડ્યું. સને ૧૬૬૫ માં લંડનમાં ભયંકર મરકીના સપાટામાં હજારો માણસ મરણ પામ્યાં, અને બીજે વર્ષે નાશકારક અગ્નિપ્રલયથી લોકોનું પુષ્કળ નુકસાન થયું. પરંતુ કંપનીને આ ઈશ્વરી કોપની કંઈ પણ અસર

લાગી નહીં, અને તેની આબાદી કાયમજ રહી. આથી તેની સામા અનેક શત્રુઓ ઉત્પન્ન થયા. પણ બીજા ચાર્લ્સ તેમજ બીજા જેમ્સ રાજાના અમલમાં કંપનીને રાજ્યનો સારો ટેકો હોવાથી શત્રુઓનું કંઈ ચાલ્યું નહીં. કંપનીએ કંઈક નરમ પડી મરજીમાં આવે તેને પોતાના આશ્રય હેઠળ વેપાર કરવાની સવળતા કરી આપી કેટલાકોને સમજાવી લીધા, તેથી તેમજ પોતાના નોકરોને પણ ખાનગી વેપાર ચલાવવા છૂટ આપવાથી પુષ્કળ અંગ્રેજોએ આ દેશમાં આવી મુંબઈ મદ્રાસ વગેરે ઠેકાણે ખાનગી વેપાર કરવા માંડયો. આ પછી કેટલોક વખત કંપનીના શત્રુઓનાં મ્હોડાં બંધ થયાં; પણ આ ખાનગી વેપારની નોંધ રાખવાનું અને તે ઉપર દેખરેખ રાખવાનું કંપનીને ઘણું કઠણ પડવા લાગ્યું. વળી હિંદુસ્તાનમાંના તેના વ્યવસ્થાપકોમાં અનુક્રમે જોશુઆ ચાઈલ્ડ અને ટૉમસ પૅપિલોનના મુખીપણા હેઠળ બે પક્ષ પડી ગયા હતા. ચાઈલ્ડનું કહેવું એવું હતું કે સઘળો વેપાર કંપની જેવી એક સંસ્થાનાજ તાબામાં હોવો જોઈએ. પણ પૅપિલોનના વિચાર પ્રમાણે વેપાર સઘળા માટે એક સરખો ખુલ્લો હોવો જોઈએ, અને રાજાને તે ઉપર અટકાવ નાંખવાનો અધિકાર નહોતો. રાજાની કૃપાથી આપણે ગમે તે કરી શકીશું એવી ચાઈલ્ડની હિમત હતી; પણ કંપનીમાં આખા દેશનો સમાવેશ કરી વેપારમાંથી થતો ફાયદો સર્વેને સરખે હિસ્સે મેળવવા દેવાની ખટપટ પૅપિલોને ઉપાડી હતી. આખરે મોટા મોટા અધિકારીઓને પૈસા વગેરેની લાંચ આપી ચાઈલ્ડે પોતાનો મત કંપની પાસે સિદ્ધ કરાવ્યો. તે પોતે તો ઘણોજ ધનાઢ્ય થયો હતો. સને ૧૬૮૩ માં તેણે પોતાની છોકરી ડયુક આફ્ બોફ઼'ના છોકરા સાથે પરણાવી તે વેળા પાંચ' લાખ રૂપીઆ પહેરામણીમાં આપ્યા હતા; સને ૧૬૯૨ બીજી છોકરીનાં લગ્ન વખતે પહેરામણીમાં ચાર લાખ રૂપીઆ આપ્યાની ગપ ઉડી હતી. તેનો છોકરો સર રિચર્ડ ચાઈલ્ડ અર્લ થયો હતો, અને તેણે બૅન્સ્ટેડનો બાગ (Banstead Park) વેચાતો લઈ ત્યાં અખરોટનાં ઝાડ રોપી મચ્છીખાનું બાંધવામાં વીસ લાખ રૂપીઆ ખર્ચ કર્યો હતો. આ પ્રમાણે ચાઈલ્ડના પક્ષની સરસાઈ થતાં પૅપિલોનના અનુ-

યાયીઓને સખત શિક્ષા ખમવી પડી, અને તે કેટલોક વખત લગી કંઈ પણ કરવા અશક્ત થયો. પૅપિલોન પોતે ઇંગ્લંડમાંથી નાસી જઈ હોલેન્ડમાં યુટ્રેચ શહેરમાં ભરાયો. ચાઇલ્ડની અડચણો આ પ્રમાણે દૂર થતાં તેણે પોતાનો અભિપ્રાય પુરવાર કરી આપવા દૃઢ નિશ્ચય કર્યો, અને એ કામમાં હિંદુસ્તાનમાંના તેના ભાઈ તરફની મદદ મેળવી. અહીં કંપનીનો મકતો રદ કરાવવા પૅપિલોનના પક્ષનો ઉદ્યોગ ચાલુજ હતો. રાતા સમુદ્રના બન્ને કિનારા ઉપરના પ્રદેશમાં તુર્કી કંપની નામનું એક મંડળ ઘણા દિવસો થયાં વેપાર કરતું હતું. તેણે સને ૧૬૮૨ માં કેપ ઑફ ગુડ હોપને માર્ગે રાતા સમુદ્રમાં માલ લાવવાની પરવાનગી રાજા પાસેથી માંગી. આ પરવાનગી મેળવવી એટલે ઈસ્ટ ઈન્ડીઆ કંપનીના મકતાને આડકત્રો સપાટો લગાવવો એ ખુલ્લું હોવાથી એ બાબત પુષ્કળ ખટપટ થઈ, અને આખરે રાજાએ તુર્કી કંપનીની માંગણીનો અસ્વીકાર કર્યો. આ પ્રમાણે બહારના વેપારના સવાલનો નિવેડો આવતાં એ કંપનીએ પોતાનો હેતુ બર લાવવા નવીજ યુક્તિ કરી. ઈસ્ટ ઈન્ડીઆ કંપનીના હક વિરુદ્ધ જે લોકો વેપાર કરતા હોય તેમનાં વહાણો અને માલ પકડી કંપનીએ સ્વાધીન લેવાં, અને એ બાબતમાં ઉપસ્થિત થતી તકરારના નિરાકરણ માટે તેણે એક આરમર કોર્ટ સ્થાપવી, એવું ફરમાન રાજાએ સને ૧૬૮૩ માં આપ્યું હતું. આવો હુકમ આપવાને રાજાને અધિકાર નથી એવું કંપનીના વિરુદ્ધ પક્ષે જાહેર કરી થોમસ સૅન્ડિસ (Thomas Sandys) નામના ગૃહસ્થ મારફત એ બાબત ન્યાયાધીશી આગળ દાવારૂપે આણી, કેમકે સૅન્ડિસનાં વહાણો કંપનીએ પકડ્યાં હતાં. આ દાવો ઇંગ્લંડના લૉર્ડ ચીફ જસ્ટિસ જેફ્રિસ આગળ એક વર્ષ સુધી ચાલ્યો; બન્ને પક્ષે પોતાનું જોર અજમાવવામાં કંઈ બાકી રાખ્યું નહીં. એક બાજુએ રાજા તથા કંપની હતાં, અને તેમની સામી બાજુએ કંપનીના મકતા વિરુદ્ધ પોકાર ઉઠાવનારા વેપારીઓ હતા. ઇંગ્લંડમાંના તે સમયના નામાંકિત કાયદા પંડીતો આ દાવામાં સામિલ થયા હતા, અને તેને એક મોટું ઐતિહાસિક રૂપ મળ્યું હતું. નિયંત્રિત વેપાર અને અનિયંત્રિત વેપાર વચ્ચે આગળ જતાં થયલાં મહાન યુદ્ધનો આ માત્ર પૂર્વરંગ હતો. રાજ-

પક્ષનો મુખ્ય વકીલ હોલ્ટ હતો, અને લોકપક્ષ તરફથી સર જ્યૉર્જ ટ્રેબી હતો. હોલ્ટની તકરાર એવી હતી કે 'કોઈ પણ અંગ્રેજને રાજાની પરવાનગીનું ઉલ્લંઘન કરી પરધર્મી રાષ્ટ્ર સાથે વેપાર કરવાનો અધિકાર નહોતો, કારણ કે ઇંગ્લંડના રાજા અને પરદેશના રાજા વચ્ચે થયલા પ્રત્યક્ષ કોલકરારની રૂએ આ વેપાર શરૂ થયલો હોવાથી રાજા જેને પરવાનગી આપે તેજ આ વેપાર કરી શકે. પોતાના અધિકાર અન્વય રાજાએ આ વેપાર કંપનીને સોંપેલો હોવાથી બીજાઓને તેની વચ્ચે પડવાનો અધિકાર નથી.' આ સામે ઉલટ પક્ષનું કહેવું એવું હતું કે, 'ત્રીજા એડવર્ડ રાજાએ (સને ૧૩૨૭–૧૩૭૭) સમુદ્ર સર્વ પ્રકારના વેપાર માટે ખુલ્લો છે એવો ઠરાવ કરેલો હોવાથી ઈસ્ટ ઈન્ડીઆ કંપનીને વેપારી મકતો આપતાં બીજાઓનો સમુદ્ર ઉપર યથેચ્છ સંચાર કરવાનો હક છીનવી લેવાનો ઇલિઝાબેથ રાણીને અધિકાર નહોતો, અને તેજ પ્રમાણે ચાર્લ્સ રાજા પણ એ બાબતમાં દખલ કરવા અશક્ત હતો. પરધર્મીઓ સાથે રાજાની પરવાનગી વિના લોકોને વેપાર કરવાનો અધિકાર નથી એ કહેવું મૂર્ખાઈ ભરેલું છે. તુર્ક અને વલંદા લોકો ખ્રિસ્તીઓ સાથે વેપાર કરી પોતાના દાવા ન્યાયાધીશોમાં લાવે' છે. ઇંગ્લંડના રાજાએ પરદેશના રાજા સાથે વેપાર બાબત તહ કરી તો પછી તેનો ફાયદો આખા દેશને મળવો જોઈએ; અમુક વ્યક્તિનેજ તેનો લાભ મળે, અને બીજાઓ તેમાંથી દૂર રહે એવો ભેદ રાખવા તેને સત્તા નથી. વળી કંપની કંઈ દ્રશ્ય વસ્તુ નથી. આપ લેનો વ્યવહાર ફક્ત વ્યક્તિમાંજ થઈ શકે છે, અને લેણદાર દેણદારને ઓળખી શકે છે. પરંતુ આ કંપનીની સ્થિતિ તેવી નથી. તેને જીવ નથી, તેમ દેહ પણ નથી. તેની સત્તા આખા સમુદ્ર ઉપર ચાલતી કહેવાય છે, પણ નજર કરીએ તો કેથે દેખાતી નથી. જો આવી કંપની બીજા અંગ્રેજોને ધંધો રોજગાર કરતી અટકાવે તો આખા દેશનો વેપાર વધારવા માટે તે સ્થાપન થઈ છે એમ કેમ'કહી શકાય?' આ પ્રમાણે અનેક વિદ્વાન ધારા શાસ્ત્રીઓનાં ભાષણો થયા પછી આખરે ચીફ જસ્ટિસ જેફ્રિસે કંપનીની તરફેણમાં ચુકાદો આપ્યો. જેફ્રિસ રાજાના દબાણમાં હોવાથી આ સિવાય બીજો

નિકાલ થવો શક્ય નહોતું, તોપણ આ મુકદ્દમાથી તેમાં સમાયલા મહત્વના સવાલ ઉપર યોગ્ય ચર્ચા થઈ હતી.

સર જોશુઆ ચાઈલ્ડના હાથમાં આ મુકદ્દમો આવતાં તેણે કંપનીના વેપારમાં દાખલ કરનારા માણસોનો તાબડતોબ બંદોબસ્ત કર્યો, પણ તેથી વેપારનું ખુલ્લું સ્વરૂપ જતું રહી તેને ચોરી તથા ચાંચીઆપણાનું સ્વરૂપ પ્રાપ્ત થયું. આ પ્રમાણે શરૂ થયલો ચાંચીઆપણાનો ધંધો ઘણા દિવસ સુધી ચાલ્યો, અને તેમાં કિડ (Kidd), એવરી (Avory) વગેરે અનેક ચાંચીઆઓ નામાંકિત થયા, તેઓ માડાગાસ્કર વગેરે ઠેકાણે રહી કંપનીનાં જતાં આવતાં વહાણો ઉપર હલ્લો કરી તેને લૂંટતા, આથી મોટા અફાટ પ્રદેશ ઉપર ખાનગી વેપાર બંધ કરવાનું કેટલું અશક્ય હતું તે સહજ જણાઈ આવ્યું. કંપનીની નોકરીમાંથી બરતરફ થયલા લોકો કંઈ પણ અડચણ વિના આ ધંધો કરતા, લંડનના કેટલાક વેપારીઓ મારફત નાણાની તેમજ બીજી મદદ મેળવતા, અને હિંદુસ્તાનમાંના રાજાઓ સાથે સંબંધ રાખતા. આ દેશના પૂર્વ કિનારા ઉપર આવા લોકોએ કંપની વિરૂદ્ધ પોતાનાં વસાહત સ્થાપ્યાં હતાં. ટૉમસ પિટ નામનો એક ગ્રહસ્થ સને ૧૬૭૪ માં બાલાસોરમાં આવી રહ્યો, અને અગીઆર વર્ષ લગી ઈરાનથી બંગાળા પર્યંતના કિનારા ઉપર વેપાર ચલાવી ધનાઢ્ય થયો. કંપનીની ધમકી તેણે પત કરી નહીં, અને તેને પકડવા માટે થયલા અનેક પ્રયત્નો નિષ્ફળ ગયા. એનાં કૃત્ય વિરૂદ્ધ કંપનીએ મોગલ સુબેદાર રૂબરૂ ફરીઆદ કરી, પણ પિટે લાંચ આપી તેનું મ્હોડું બંધ કર્યું. ૧૬૮૩ માં પિટ અઢળક દોલત લઈ ઇગ્લંડ પાછો ફરતો હતો ત્યારે તેની સામા નીકળેલા વૉરંટની રૂએ તે કંપનીના હાથમાં પકડાઇ ગયો. પોતાના છૂટકારા માટે તેને ચાર લાખના જામીન આપવા પડ્યા હતા. તેની ઉપર ચાર વર્ષ લગી દાવો ચાલ્યા બાદ સને ૧૬૮૯ માં તેને ૬૦૦૦ રૂપીઆના દંડની શિક્ષા થઈ. એ પછી તરતજ તે પાર્લામેન્ટમાં દાખલ થયો, અને ત્યારથી ખુલ્લી રીતે કંપનીની વિરૂદ્ધ પડી તેનો વેપારી ઇજારો તોડવા માટે ખટપટ કરી. સને ૧૬૯૩ માં તે પાર્લામેન્ટનો સભાસદ હતો ત્યારે ફરી એકવાર તે હિંદુસ્તાન

આવી ગયો. પણ એજ અરસામાં બીજાં અનેક કારણોને લીધે પોતાની સ્થિતિ ભયભીત થવાથી કંપનીએ પોતાના શત્રુઓને મેળવી લીધા, અને પિટને સને ૧૬૯૭ માં મદ્રાસના પ્રેસિડન્ટના ઓદ્ધા ઉપર નિમ્યો. અગીઆર વર્ષ આ જગ્યાનો કારભાર ભોગવી તેણે પોતાનાં તેમજ કંપનીનાં ગજવાં ભરવામાં કંઈ બાકી રાખ્યું નહીં. સને ૧૭૦૯ માં અપાર સંપત્તિ લઈ તે ઈંગ્લંડ પાછો ગયો; ત્યાં એણે એક હીરો ૧૩ લાખ રૂપિઆની કિંમતે વેચ્યો હતો. એ 'પિટ હીરો' જ્યારે ફ્રાન્સના રાજાએ સને ૧૭૯૧ માં ખરીદ્યો ત્યારે તેની કિંમત ૪૮ લાખ રૂપીઆ અંકાઈ હતી.

**૨. નવી કંપનીની સ્થાપના.**—પાછલાં પ્રકરણમાં આપણે જોઈ ગયા તે પ્રમાણે કંપનીની અસીમ આબાદીએ તેની સામા અસંખ્ય દુશ્મનો ઉભા કર્યા હતા. સને ૧૬૫૭ માં એકઠી કરેલી વર્ગણી ઉપરજ પછીનાં ત્રીસ વર્ષ વેપાર ચાલેલો હોવાથી કંપનીમાં નવા સભાસદો દાખલ થઈ શક્યા નહીં; તેની હસ્તકનો સઘળો વેપાર આસરે ૮૦ આસામીઓના તાબામાં રહ્યો, અને તેમાંથી ફક્ત પાંચ દસ જણાએ પોતાની મુખત્યારી ઉપર સઘળો કારભાર ચલાવ્યો. આ ઘોંટાળો અટકાવવા માટે અનેક ચર્ચા અને ફરીઆદો થઈ. મુઠીભર માણસો પોતાની મરજીમાં આવે તેટલું નાણું કર્જે કહાડી વેપાર ચલાવે, અને જોઇએ તેટલો ફાયદો મેળવે એ અત્યંત નિંદ્ય વાત હતી; એથી રાજ્યનું ભયંકર નુકસાન થાય છે; રાજ્યની દોલત પરદેશ ઘસડાઈ જાય એ દેશનેજ ઘાતક છે. એવી અનેક ફરીઆદો કંપનીની હસ્તીનાં પહેલાં પચાસ વર્ષમાં સંભળાઇ હતી. એ પછીનાં પચાસ વર્ષ દરમિઆન ગણતરી માણસોના હાથમાં રાષ્ટ્રનો સઘળો વેપાર રહે એ રાજ્યને નુકસાનકારક છે એવી તકરાર તેના દુશ્મનોએ ઉઠાવી હતી. 'સર જોશુઆ ચાઇલ્ડ, જેની તરફેણમાં કંપનીના ૮૦ મત હતા તે, ગમે તેવા ખોટા ગપાટા ઉડાવી પૈસા મેળવવા તજવીજ કરે છે. કંપનીનાં વહાણો દરીઆમાં ડુબી ગયાં એવી નાપાયાદાર ખબરને લીધે શેરનો ભાવ ઉતારી નાંખી તે કમાઈ કરી લે છે. કોઈક દિવસ ચાઇલ્ડનો પ્રતિનિધી એકાએક શેર બજારમાં આવી, નિસાસો નાંખી ઘણા દુઃખમાં

આવી પડ્યો હોય એમ બતાવવાનો ઢોંગ કરે છે, અને હિંદુસ્તાનમાંથી ખેદકારક ખબર આવેલી હોવાથી સર જોશુઆ ચાઇલ્ડ જોઇએ તે કિમતે પોતાના શેર વેચવા તૈયાર છે એમ કહે છે. આથી હોહાકાર થતાં લોકો પોતાના શેર તાબડતોબ વેચી નાખે છે એટલામાં બીજી તરફથી ચાઇલ્ડના છુપા અનુયાયીઓ બજારમાં આવી તેજ શેર ખરીદી લે છે. આ પ્રમાણે તે એક લાખના શેર સેંકડે ૪–૫ ટકા ખોટ ખાઈ વેચી નાખે છે, અને તરતજ ૧૦–૧૨ ટકાને નફે તે દસ લાખ રૂપીઆના શેર ખરીદી લે છે.' આવી ફરીઆદો સર ચાઇલ્ડ વિરૂદ્ધ અનેક વાર ઉઠી હતી.

કંપની સામે બીજી ફરીઆદ એવી હતી, કે રેશમી, સુતરાઉ અને ગરમ કાપડ પરદેશથી ઇંગ્લંડમાં આયાત કરી તેણે અંગ્રેજ કારીગરોના ધંધાનો નાશ કર્યો હતો. આ ફરીઆદ સરકારને કાને નાંખવામાં આવી, પણ જેમ્સ રાજાની સહાયતાના જોર ઉપર ચાઇલ્ડે તે બાબત કંઈ પણ દાદ આપી નહીં, ઉલટું સને ૧૬૮૬ માં તેણે સર્વ પ્રકારના અધિકારની સનદ રાજા પાસેથી મેળવી લીધી. વળી કંપનીને દરેક રીતે મદદ કરવા રાજાએ પોતાના સઘળા અધિકારીઓને હુકમ આપવાથી ચાઇલ્ડને ઘણું અભિમાન આવ્યું. કંપની આ અગાઉ એક નાની વેપારી મડળી હતી, પણ હવે તે હિંદુસ્તાનમાં રાજાનો અધિકાર ધામધુમથી ચલાવે છે એવી મગરૂરી તેણે બતાવી. આ વાતને બે વર્ષ થયાં નહીં એટલામાં ઇંગ્લંડમાં રાજ્યક્રાન્તિ થતાં સઘળુ બદલાઈ ગયુ. જેમ્સ પોતાના શેરો વેચી નાંખી ફ્રાન્સમાં જઈ બેઠો. જેફ્રિસે તુરંગમાં પડતાં આત્મઘાત કર્યો; અને પાર્લામેન્ટ કંપની વિરૂદ્ધ ઉઠી રહેલા કોલાહલ બાબત તજવીજ કરવા તૈયાર થઈ. કંપનીના કારભારીઓએ આ સમયે રચેલી બાજીનું ઉત્કૃષ્ટ વર્ણન મેકૉલેના ઈતિહાસમાં આપ્યું છે. આ વખતની તેની યુક્તિપ્રયુક્તિમાંજ હિંદુસ્તાનનું રાજ્ય જીતવાની અને તે ટકાવી રાખવાની શક્તિ બીજા સો દોઢસો વર્ષમાં કંપનીને કેવી રીતે પ્રાપ્ત થઈ તેનુ રહસ્ય સમાયલું છે.

સને ૧૬૮૮ ની રાજ્યક્રાન્તિ અગાઉ પાર્લામેન્ટે કંપનીના કામકાજ ઉપર ઘણું લક્ષ આપ્યું નહોતું. પણ હવે સઘળુ શાંત થતાં સને ૧૬૮૯

તે ભાગી પડી હજી પાર્લામેન્ટમા ચાલતો બન્ને કંપનીનો પરસ્પર વિરોધ અટક્યો નહોતો અને ૧૬૯૭ મા ત્રણ હજાર વણકરોએ ચાઇલ્ડના ઘરપર હલ્લો કરી કંપનીનો ખજાનો લૂટયો બીજે વર્ષે જેમ્સ રાજાને વ્યાજે નાણુ જોઇતુ હોવાથી ઇસ્ટ ઇન્ડીઆ કંપનીએ ૭૦ લાખ રૂપીઆ ૪ ટકાને વ્યાજે ધીરવા માગણી કરી, તેની સામા બીજી કંપનીએ બે કરોડ રૂપીઆ ૮ ટકાને વ્યાજે રાજાને આપવા પોતાની ખુશી બતાવી તેજ વર્ષમા નવીન કંપની સ્થાપન કરવા માટેનો કાયદો પાર્લામેન્ટે પસાર કર્યો, અને તેજ કંપનીની માગણી રાજાએ સ્વીકારી આવી રીતે કંપની પાસેથી વ્યાજે નાણા લઈ અથવા નજરાણુ લઇ તેને જરૂરના હક આપવાનો વહિવટ અગાઉના વખતથી ચાલુ હતો એ આપણે પાછળ જોયુ છે આ નવી કંપનીએ બે કરોડ રૂપીઆ રાજાને ધીરવા, અને બીજા બે કરોડનો ભંડોળ ઉભો કરી હિંદુસ્તાન વગેરે દેશો સાથે વેપાર ચલાવવો, ગમે તે અંગ્રેજને કિંવા પરમુલકના માણસને કંપનીના રોગ લેવામા અડચણ નાખવી નહીં, ધીરેલી રકમના વ્યાજમા મીઠુ, મરી વગેરે કેટલીક જણસો ઉપર કંપનીને જકાતની માફી મળે અને ત્રણ વર્ષ બાદ જુની કંપની વેપાર કરતી અટકે, એ પ્રમાણે ઠરાવ થયો હતો આ કંપનીનુ નામ 'The Fnglish Company Trading to the East Indies' એવુ રાખવામા આવ્યુ હતુ, અને દેવુ ફીટે ત્યા સુધી તેની સનદની મુદત હતી આ નવી કંપનીમા ૩૧ લાખના શેર એકલી જુની કંપનીએ લીધા, અને ત્રણ દિવસમા બે કરોડનો ભંડોળ જમે થયો, એટલા ઉપરથી આ વેપારના નફા ઉપર લોકોને કેટલો ભરોસો હતો તે જાહેર થાય છે રાજા વિલિઅમની આ સનદ ઘણી વિસ્તારથી લખેલી છે, અને તેમા હિંદુસ્તાનના વેપાર માટે ચાલેલી સઘળી ભાજગડનો ઇતિહાસ આપવામા આવ્યો છે જુની કંપનીનુ અનુકરણ કરી રાજાએ નવી કંપનીનો કારભાર ચોવીસ સભાસદની કમિટિને સોપ્યો, અને તેમને ડાયરેક્ટરની પદવી આપી લીલામ મીણબત્તી બાળી કરવા, ૫૦૦ ટન સુરોખાર ખરીદભાવે સરકારને પુરો પાડવો, હિસાબના ચોપડા સઘળાને જોવા માટે ખુલ્લા રાખવા, પ્રત્યેક પાચ હજારના શેર લેનારા નવ આસા

મીની માગણી ઉપરથી સમગ્ર કોર્ટની સભા અવશ્ય ભરનીજ જોઈએ, દરેક વહાણ તેમજ વસાહતમા નિદાન એક પાદરી રાખવો, કપનીના નોકરોને પોર્ટુગીઝ અને હિંદુસ્તાનની ભાષા શીખવાની ફરજ પાડવી, ઈત્યાદિ અનેક કલમો આ નવી સનદમા હતી

ઇગ્લિશ કપની સ્થાપન થતા ઈસ્ટ ઈન્ડીઆના ભાવ એકદમ ગગડી ગયા, અને ૩૩-૪૦ પર જઈ અટકયા તોપણ તે ડગમગી નહીં નવી સસ્થાને વેપારનો અનુભવ ન હોવાથી બન્ને કપનીઓ કોઈ પણ દિવસ જરૂર એકત્ર થશે એવી તેની અગાઉથીજ માન્યતા હતી, અને એ પ્રમાણે ધીરજથી વર્તવા જુની કપની પોતાના હિંદમાના નોકરોને વારવાર લખતી હતી તેના એક પત્રમા હેઠળનો મજકુર મળી આવે છે –' આપણા ઘુટણ જકડાઈ ગયા છે, અને આ નવા બાળકો આગળ આપણે નમતા નથી શરૂઆતમા એવુ કહેવામા આવતુ કે ચારે દિશા તરફ આપણુને નુકસાન થતું હોવાથી આપણો નાશ નજદીક હતો છતા આપણી હિમત ઉપર આપણે તરી પાર ઉતર્યા છીએ, અને પહેલા નાણુ ગુમાવ્યુ છતા વધારે રકમ ધધામા નાખી વેપાર ચલાવ્યો એવુ આજપર્યંત આપણુને કોઇએ કહ્યુ નથી આ ઉપરથી આપણી સ્થિતિ જણાઈ આવશે, માટે આવા સકટ સમયે આપણે બીલકુલ ગભરાતા નથી એવુ દુનીઆને બતાવવુ તોફાનથી ઝાડ ઉથલાઇ પડતા નથી, માત્ર તેના પાદડા જરા હાલે છે, અને તેના મૂળ વધારે મક્કમ થાય છે એવી આપણી સ્થિતિ છે આવી અડચણોને લીધે આપણા કામને વધારે મજબુતી મળે છે એમા સશય નથી '

એમ છતા કપનીની મુશ્કેલીઓ થોડી નહોતી સરકારને ધીરવા પુરતુ નાણુ એકદમ એકઠુ થઈ ગયુ, પણ વેપાર માટે જોઈતો ભડોળ મળ્યો નહીં, અને જે થોડી ઘણી રકમ આવી તેનાથી મક્કમપણે વેપાર ચલાવવો શક્ય નહોતુ આવી હકીકતમા નવી કપનીએ પોતાનો વેપાર જુની સસ્થા સાથે જોડી દેવા ઠરાવ કર્યા પણ જુનીએ તે વિચાર માન્ય કર્યો નહીં ત્રણ વર્ષની મુદત વીત્યાબાદ પોતાની સ્થિતિ કેવી થશે તે બાબત તેને ઘણી ધાસ્તી હતી, અને તે દૂર કરવાના હેતુથી સપ્ટેમ્બર ૧૭૦૧ થી

એ કંપની બંધ ન કરતા તેમની તેમ તેને ચાલુ રાખવા દેવા પાર્લામેન્ટને અરજી કરી, અને તેજ વેળા નવી કંપનીએ બન્નેનો વેપાર જોડી દેવાનો ઠરાવ કર્યો માર્ચ ૧૬૯૯ માં ઇસ્ટ ઇન્ડીઆ કંપનીની માગણી પાર્લામેન્ટ તરફથી નામંજુર થતા બેઉ કંપનીએ ઐક્ય કરવાની મતલબથી ખટપટ ચલાવી આખરે દરેક કંપનીના સાત પ્રતિનિધીઓની બનેલી સભાએ ઐક્ય કરવાનુ ધોરણ નક્કી કરી રીપોર્ટ કરવા ઠરાવ થયો. સને ૧૬૯૯ ના માર્ચથી ડીસેમ્બર લગી આ બાબત અનેક વિવેચન થયાં પણ કંઈ નિશ્ચયાત્મક પરિણામ આવ્યુ નહીં. સને ૧૭૦૦ મા પોતાનો ધંધો બંધ નહીં પાડવા માટે ઇસ્ટ ઇન્ડીઆ કંપનીએ કરેલી અરજી પાર્લામેન્ટે મંજુર કરવાથી તેને ઘણી ધીરજ આવી કેટલેક દિવસે રાજા તરફથી આ ઠરાવને અનુમોદન મળતાં શેરનો ભાવ જે અગાઉ ૭૦ હતો તે વધી ૧૪૯ થયો. આથી ઇંગ્લિશ કંપનીની ધીરજ ઘટી ગઇ, અને બેઉ સંસ્થાની ઐક્યતાનાં ચિન્હ અદ્રશ્ય થઇ ગયાં.

**૩. બે કંપનીઓ વચ્ચે હિંદુસ્તાનમાં વિરોધ.**–હિંદુસ્તાનમાં ઇંગ્લિશ કંપનીએ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીની પદ્ધત સ્વીકારી હતી જુની કંપનીએ કહાડી મુકેલા જુદા અને નાલાયક લોકોને નવી કંપનીએ નોકરીમાં રાખવાથી બન્ને વચ્ચે કલહ ઉત્પન્ન થયો. ઇંગ્લિશ કંપનીનાં માણસોએ હિંદુસ્તાનમાંના સઘળા અંગ્રેજો ઉપર હકુમત ચલાવવા માંડી, પણ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના નોકરોએ સને ૧૭૦૧ સુધીની ઠગવેલી મુદત પુરી થતા લગી તેમના હુકમ માન્ય કર્યા નહીં. આ તકરાર મુખ્યત્વે કરીને મુંબઇ, મદ્રાસ અને બંગાળામાં ચાલી હતી. એ ત્રણે ઠેકાણે નવી કંપનીના જે પ્રેસિડન્ટ હતા તે સર્વ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીમા મૂર્ખ ઠરી બરતરફ થયા હતા, અને તેઓએજ પોતાના શેઠોનુ ખરેખર નુકસાન કર્યું હતું. તેઓને રાજાના સલાહકાર ( King's counsel ) ની વિશિષ્ટ પદવી આપવામાં આવેલી હોવાથી તેઓ આ દેશમાંના જુના અને નવા સઘળા નોકરો ઉપર પોતાનો અમલ ચલાવવા લાગ્યા હતા પરંતુ જુની કંપનીની મુદત સને ૧૭૦૧ માં પુરી થાય તે પહેલાં આ પ્રમાણે પોતાની હકુમત શરૂ કરી એક મોટી

ભૂલ કરી હતી. વાસ્તવિક રીતે વેપાર ઉપર લક્ષ રાખી તેમને ઇસ્ટ ઈન્ડીઆ કંપનીની આડે જવા જરૂર નહોતી. 'અમને પાર્લામેન્ટે નીમી આ દેશમાં મોકલ્યા છે. અમારા સન્માનાર્થે હથીઆર નમાવનાં જોઇએ, અને સઘળાઓએ અમારા હુકમ પાળવાનુ વચન આપવુ જોઇએ,' એવાં અભિમાનથી ભરેલાં વચનોમાંજ તેઓએ પોતાનું કર્તવ્ય માન્યુ. છતાં તેમની પાસે પૈસા તેમજ ફોજ હતાં નહીં, અને કામ પણ નહોતુ એટલે ઇસ્ટ ઇન્ડીઆ કંપનીનાં માણસોએ તેમના હુકમો તરછોડી કહાડી તેમની અવદશા કરી એમાં કંઇ વિરોધ નહોતુ. ઈંગ્લિશ કંપનીના ડાય-રેક્ટરોને પોતાના નોકરોનુ ઉદ્દામપણુ પસંદ પડયુ નહીં આજ અરસામાં મોગલો અને મરાઠાઓ મુબઇની આસપાસ ભમતા હોવા-થી ઘણા કટોકટીના વખતે ઇસ્ટ ઈન્ડીઆ કંપનીનો અધિકારી સર જૉન ગેયર (Sir John Gayer) ઘણું કષ્ટ વેઠી તેઓના હુમલા સામે મુબઈનુ સરક્ષણ કરતો હતો. દરીઆ ઉપર પણ સઘળી જાતના લૂટારૂ વહાણો મુબઈ બંદરમાં ધસી આવી વારવાર ધાડ પાડતા, અને ૫૦ વર્ષ પછી કલાઇવે મરાઠાઓના કાફલાને દબાવ્યો નહીં ત્યાં સુધી મુબઈની સ્થિતિ ઘણીજ જોખમકારક રહી પોતે ચારે તરફથી ઘેરાયલો હોવાથી તેમજ માહોમાહેની ફાટફુટને લીધે કટાળી જવાથી સર ગેયરે સને ૧૬૯૯ માં પોતાના ઓહ્દાનું રાજીનામુ સાદર કર્યું, પરતુ કંપનીએ તે માન્ય કર્યું નહીં. ઉલટી હિંદુસ્તાનમાં એવી બાતમી આવી કે, ઇસ્ટ ઈન્ડીઆ કંપનીનાં કૃષ્ણ કૃત્ય રાજાની જાણમાં આવતાં તેણે તે એકદમ બંધ કરી છે, અને ઇંગ્લિશ કંપનીની યોગ્ય રીતે સ્થાપના કરી છે. આ ખબરને અનુસરી ઈંગ્લિશ કંપની તરફથી સર નિકોલસ વેઇટ (Sir Nicholas Waite) સને ૧૭૦૦ માં મુબઇનો પ્રેસિડન્ટ થઈ આવ્યો એ ઘણો ઉદ્દામ અને મૂર્ખ હતો. તેને સુરતમાના ઇસ્ટ ઈન્ડીઆ કંપનીના અધિકારીઓ તરફથી કંઈ પણ આદરસત્કાર નહીં મળ્યો ત્યારે તેણે પોતાના માણસો મોકલી માનની વ્ય-વસ્થા કરાવી એટલામા સુરતના મોગલ સુબેદારે તેને જણાવ્યુ કે 'ઇગ્લડના રાજાએ તમને આ દેશમાં મોકલ્યા હોય તોપણ અહીં વેપાર ચલાવવા

માટે અમારા બાદશાહનુ ફરમાન તમો મેળવો નહીં ત્યા સુધી અમે માત્ર જુની કંપનીનેજ માન્ય આપીશુ, અને તેમા તમારે દખલ કરી તોફાન કરવાનુ કારણ નથી' આવી રીતે માહોમાહે તકરાર કરી બન્ને ઇંગ્લિશ કંપની વચ્ચેનો વિરોધ હિંદુસ્તાનના લોકોને જાહેર કરવો એ ઠીક નહીં એ પ્રમાણે ગેયરે સર વેઈટને અનેક રીતે સમજાવ્યો, પણ તેણે કંઈ પણ વાત કાને ધરી નહીં તેણે મોગલ બાદશાહને કંઇ પણ વિચાર કર્યા વિના જણાવ્યુ કે, 'ઇસ્ટ ઇન્ડીઆ કંપની ચોર અને લુટારૂ હોવાથી તેના કામને બાદશાહી મજુરી મળવી જોઇએ નહીં' આથી ઔરંગજેબનો પિત્તો એકદમ ઉછળ્યો મક્કે જતા વહાણોને અદ્યાપિ પુષ્કળ ત્રાસ નડેલો હોવાથી અંગ્રેજો ચાંચીઆનો ધંધો કરતા હતા અને તેઓજ લુટારા હતા એમ સમજી બાદશાહે ઇસ્ટ ઇન્ડીઆ કંપનીનો માલ પકડી નોકરોને કેદ કરવા પ્રાંતોપ્રાંતના અધિકારીઓને લઈ તાકીદ કરીને સર જૉન ગેયર પોતાની સ્ત્રી વેઇટ સાથે ભાંજગડ કરવા મુંબઇથી સુરત ગયો હતો તેવામા ઉક્ત હુકમ અન્વય ત્યા પહોચતાજ મોગલોએ તેને કેદ કરી બંધીખાનામા નાખ્યો આવી સ્થિતિમા તેને ઘણા વર્ષ કહાડવા પડયા હતા

બંગાળામા પણ આજ સ્થિતિ હતી ત્યા ઇસ્ટ ઇન્ડીઆ કંપનીનો અધિકારી જૉન બીઅર્ડ (John Beard) હતો, અને ઇંગ્લિશ કંપનીનો વહિવટ સર એડવર્ડ લિટલટન (Sir Edward Littleton) પાસે હતો સને ૧૬૮૨ મા ઇસ્ટ ઇન્ડીઆ કંપનીની નોકરીમાથી બરતરફ થયલો આ લિટલટન ઘણો ઉદ્ધત અને પોતાનુ ખીસુ તર કરી ગમે તેનુ બગાડવામા આનાકાની કરનાર નહોતો તેના તાબામા તેના જેવાજ સ્વભાવના અને બરતરફ થયલા માણસો કંપનીએ મોકલ્યા હતા મહિના પંદર દિવસમાજ કંપની લિટલટનના કૃત્યોથી કંટાળી ગઇ, પણ પાર્લામેન્ટમા તેનો મોટો વસિલો હોવાથી તેને કંઈ પણ નુકસાન થયુ નહીં ઇસ્ટ ઇન્ડીઆ કંપનીનો ફોર્ટ વિલિઅમનો ગવર્નર જોન બીઅર્ડ ઘણો હોશીઆર અને નિયમિત રીતે કામ કરનાર હતો બંગાળામા પહોચ્યા પૂર્વે લિટલટને બીઅર્ડને ગભરાવવા એક સંદેશો મોકલ્યો હતો

ઈંગ્લંડમાં ઈસ્ટ ઇન્ડીઆ કંપનીનીજ સત્તા ગમે તેટલી નરમ પડી ગઇ હતી તોપણ હિંદુસ્તાનમાં તેનો અધિકાર કેટલો મોટો હતો તેની લિટલટનને કલ્પના પણ નહોતી. આવતાં વારજ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના નોકરો પોતાની જગ્યા પટાપટ ખાલી કરી તેને સોંપશે એવી તેને આશા હતી. વળી કંપનીની જગ્યાએ આવ્યા પછી તેણે કરેલું કરજ આપવું નહીં પણ સઘળો નફો લઇ લેવા આપણે મુખત્યાર છીએ એવો ઠરાવ તેણે કર્યો હતો. પરંતુ બીઅર્ડ લિટલટનના ગભરાવવાથી દબાઇ નહીં જતાં તેના પત્રનો જવાબ પણ વાળ્યો નહીં, અને વિશેષમાં તેનો હુકમ કોઇએ માન્ય કરવો નહીં એવું પોતાના અમલદારોને જણાવવા એક જાહેરનામું કહાડયું. આથી લિટલટન ઘણો ઉશ્કેરાઈ ગયો, પણ તે કંઇ કરી શકયો નહીં. તેની સાથેનાં ઘણાંખરાં માણસો મરી જવાથી આપોઆપ તેનો ગર્વ ઉતરી ગયો. બાદશાહના ફરમાનની નકલો તેને જોઇતી હતી તે પણ બીઅર્ડે આપી નહીં.

મદ્રાસમાં જૉન પિટ અને થૉમસ પિટની આવીજ જોડી હતી. થૉમસ પિટ વિશે આપણે અગાડી વાંચી ગયા છીએ; તેજ આ વેળાએ ફોર્ટ સેન્ટ જ્યૉર્જનો ગવર્નર હતો. જૉન પિટ તેનો કુટુંબી હતો. સને ૧૬૯૯ ના જુલાઈ માસમાં તે મદ્રાસ આવ્યો ત્યારે થૉમસે તેને સલામી નહીં આપવાથી તેનો મિજાજ બગડી ગયો. બીઅર્ડની માફક થૉમસે પણ પોતાના નોકરોને હુકમ ફરમાવી જૉનની સત્તા નહીં સ્વીકારવા જણાવ્યું હતું, પરંતુ તેની પણ ફજેતી થતાં ગુસ્સાના આવેશમાં તરફડીઆં મારી આખરે તે સ્વસ્થ બેઠો.

**૪. સર વિલિઅમ નૉરિસની દરમિયાનગિરી** (સને ૧૬૯૯–૧૭૦૨)–સને ૧૬૯૮ માં ઈંગ્લિશ ટ્રેડીંગ કંપનીની સ્થાપના વખતે પાર્લામેન્ટે કરેલા ઠરાવમાં એક કલમ એવી હતી કે, મોગલ દરબારમાં કંપનીના વેપાર બાબત યોગ્ય વ્યવસ્થા કરવા માટે ઇંગ્લંડના એક પ્રતિનિધિને તેણે પોતાને ખરચે આગ્રામાં રાખવો, કે જેથી કિલ્લા વગેરે બાંધી લશ્કર રાખવાનું પ્રયોજન રહે નહીં. પહેલાં આ બાબત કંઇક વિરૂદ્ધતા બતાવવામાં આવી, પણ આખરે નવી કંપનીની સ્થાપના પછી પ્રતિનિધિ

મોકલવાનું નક્કી થતાં લિવરપુલ વિભાગ તરફથી પાર્લામેન્ટમાં બીરાજતા વિલિઅમ નૉરિસ ( William Norris ) ને 'સર' નો ખિતાબ આપી વાર્ષિક ૨૦,૦૦૦ રૂપીઆને પગારે અહીં મોકલવામાં આવ્યો. તેની સાથે એક સેક્રેટરી, એક શસ્ત્રવૈદ્ય, એક ઉપાધ્યા તથા મોટો રસાલો હતો, અને સઘળાને ઉંચો પોશાક આપવામાં આવ્યો હતો. ઈસ્ટ ઇન્ડીઆ કંપની ને આ ગોઠવણ રૂચી નહીં એટલે તેણે પણ પોતાનો પ્રતિનિધિ મોકલવા ઠરાવ કર્યો પરંતુ તે પ્રમાણે કંઈ અમલ થયો નહીં. સર નૉરિસ સને ૧૬૯૯ ના સપ્ટેમ્બર માસમાં હિંદુસ્તાન આવ્યો ત્યારે તેણે કયે બંદરે ઉતરવું એ બાબત પ્રશ્ન ઉઠયો હતો પરંતુ જૉન પિટે વિના કારણ કરેલા વિશેષ આગ્રહથી તે છેવટે મચ્છલિપટ્ટણમાં ઉતર્યો. મોગલ બાદશાહ તે વેળા મહારાષ્ટ્રમાં હોવાથી તેની મુલાકાત લેવા માટે મુંબઈ ઉતરવું તેને માટે સગવડ ભર્યું હતું. કારણ દેશમાં ચાલતી લડાઇને લીધે થઈ રહેલા ગડબડાટમાં મચ્છલિપટ્ટણથી પગરસ્તે મહારાષ્ટ લગી આવવું ઘણું કઠણ હતું. પણ નૉરિસને ઠાઠમાઠ કરવાની ઘણી હોંસ હતી; સંપૂર્ણ રસાલો સાથે લીધા વિના તે કદી બહાર નીકળતો નહીં; વખત વિચારી વર્તવાની બુદ્ધિ તેનામાં નહોતી. આગ્રહ કયારે કરવો અને કયારે નહી તે જેટલું સ્પષ્ટ સર ટૉમસ રો સમજતો હતો તેટલું એ સમજતો હતો નહીં. પરંતુ તેના વિચાર પ્રમાણે સ્વારીની તજવીજ જૉન પિટને હાથે ન થવાથી તેની તૈયારીમાં કેટલાક મહિના નીકળી ગયા. એટલામાં સર નિકોલસ વેઇટ તરફથી તેને સુરત બોલાવવા માટે ઉપરાચાપરી પત્રો આવવાથી સર નૉરિસ ત્યાં જવા નીકળ્યો. સાધારણ રીતે આ મુસાફરીને દોઢ મહિનો થતો પણ ઠાઠમાઠથી જતાં તેને ત્રણ મહિના લાગવાથી સને ૧૭૦૦ ના ડીસેમ્બરમાં સુરત પહોંચ્યો. જાનેવારી માસમાં મોટા રસાલા સહિત તે બાદશાહને મળવા ગયો. ઔરંગઝેબ એ વખતે મરાઠાઓનો પન્હાળાનો કિલ્લો કબજે કરતો હતો એટલે નૉરિસ બાદશાહના દીવાન આસદખાન પાસે બ્રહ્મપુર ગયો. ત્યાં વાજાં વગાડતાં મોટી સ્વારી સાથે દીવાનની ભેટ લેવા તેણે આગ્રહ ધરવાથી આસદખાને તેની મુલાકાત લેવા ના પાડી એટલે તે પન્હાળા તરફ વળ્યો. ત્યાં બાદશાહે તા. ૨૮ મી એપ્રિલે

તેને રૂબરૂમાં મુલાકાત આપી. સુદૈવથી બાદશાહે તેની સઘળી હઠ ચાલવા દીધી, અને તરતજ ત્રણે ઈલાકામાં વેપાર કરવા માટે ફરમાન આપવાનું કબૂલ કર્યું. પરંતુ એ ફરમાન તૈયાર થતાં અનેક અડચણો ઉપસ્થિત થઇ. યુરોપિઅન પ્રજાને આ દેશમાં વેપાર કરવાનું ફરમાન આપતાં ઔરંગજેબે તેમાં એક એવી સરત દાખલ કરી હતી કે પશ્ચિમ કિનારા ઉપરથી મક્કે જતાં મુસલમાન યાત્રાળુઓનાં વહાણોનું તેમણે સંરક્ષણ કરી ચાંચીઆ લોકોનો ઉપદ્રવ તેને નડે નહીં એમ કરવું. આ સરત અન્વય કામ કરવા માટે દરેક પ્રજા વાસ્તે અમુક હદ બાદશાહે ઠરાવી હતી, અને તે ગોઠવણ મુજબ સુરતથી રાતા સમુદ્ર સુધી વલંદા લોકોએ, ઈરાની અખાત ઉપર ફ્રેન્ચ લોકોએ અને દક્ષિણ કિનારા ઉપર અંગ્રેજ લોકોએ પહેરો મુકવાનો હતો. આ પહેરાનું કામ અત્યાર સુધી બરાબર નહીં ચાલવાથી, અને તેને લીધે યાત્રાળુઓને ઘણો ત્રાસ પડવાથી બાદશાહ ગુસ્સે થઇ ગયો હતો. એજ સંધીમાં સુરતથી સર નિકોલસ વેઇટે બાદશાહને જણાવ્યું હતું કે જો અંગ્રેજોને સુરતમાં વેપારની સગવડતા કરી આપવામાં આવે તો મુસલમાન યાત્રાળુઓનાં વહાણોનું સર્વ ઠેકાણે રક્ષણ કરવા તેઓ તૈયાર હતા. બાદશાહને આથી વધારે શું જોઈએ? તેણે એકદમ આ વાત કબૂલ કરી તેવા પ્રકારનું ફરમાન કહાડવા હુકમ કર્યો. પણ નૉરિસને એવું ફરમાન જોઇતુ નહોતું. વેઇટે કબૂલ કરેલી ગોઠવણ તેને ના કબૂલ હતી; તેને યાત્રાળુઓનું રક્ષણ કરવાની કબૂલાત આપ્યા સિવાય વેપારની સવળતા મેળવવી હતી. આ બાબત વેઇટ સાથે તે ચડભડી પડવાથી પરવાનગી મેળવવાના કામમાં ઢીલ પડી. યાત્રાળુઓનું રક્ષણ કરવાની ફરજ અંગ્રેજોને માથેજ નાંખવા વલંદા લોકો પણ આતુર હતા. એ હકીકતમાં જાણી જોઇને સઘળું જોખમ એકલી પોતાની કંપની ઉપર વ્હોરી લેવા નૉરિસની ઈચ્છા નહોતી, અને કદાચ એવી ગોઠવણ તેણે કબૂલ કરી હોત તો તે અમલમાં મુકવા તે જાતે અશક્ય હતો. તે પોતાની સાથે ચાર લડાયક વહાણો લાવ્યો હતો, પણ તે ઉપરના અધિકારીઓ અને તેની વચ્ચે અણબનાવ થવાથી તેઓ તેનો હુકમ માન્ય કરતા નહીં. આવી રીતે પડેલી ઢીલનો લાભ લઈ ઈસ્ટ ઈન્ડીઆ કંપનીનો પ્રતિનિધિ

દરબારમા લાચ વગેરે આપી નૉરિસનો હેતુ ઉડાવવા ખટપટ કરી રહ્યો હતો આ સ્થિતિમા બાદશાહે તેને ખુલ્લે ખુલ્લુ જણાવ્યુ કે 'પાત્રાળુઓનુ રક્ષણ કરવાનુ કબૂલ કરો, નહીં તો ઇંગ્લંડનો રસ્તો લો' આ ઉત્તર સાભળી નૉરિસે વ્યાકુળવ્યાકુળ થઈ જઈ સ્વદેશ પાછા ફરવાનો વિચાર કર્યો બ્રહ્મપુરમા પચાસ હજાર મોગલ લશ્કરે તેના ઉપર ઘેરો ઘાલવાથી છોકરવાદીપણામા તે પોતાની પાસેની ચાર તોપો સજ્જ કરી યુદ્ધ કરવા તૈયાર થયો આ પ્રમાણે અડી મહિના ગયા પછી મોગલ સરદારોને શરણે જઈ તેણે પોતાનો છુટકારો મેળવ્યો, અને હાથ હલાવતો સને ૧૭૦૨ ના માર્ચ મહિનામા તે સુરત પાછો ફર્યો અહીં તેની અને વેઈટ વચ્ચે ચાલેલી તકરારે ઉગ્ર સ્વરૂપ લીધુ અને ઉપાડેલુ કામ ફસામણમા નાખવા માટે તેઓ એક બીજાને દોષ દેવા લાગ્યા ખરૂ જોતા નૉરિસનુ કામ વિચિત્ર હતું તેનામા સર ટૉમસ રોની હોશીઆરી નહોતી, એટલે એ સ્પષ્ટ હતુ વિના કારણ તેની વકિલાતનો સાત લાખ રૂપીઆનો ખર્ચ ઈંગ્લિશ કંપનીને માથે પડ્યો લગભગ આજ અરસામા પાર્લામેન્ટે ઈસ્ટ ઈન્ડીઆ કંપનીની મુદ્દત વધારી આપ્યાની ખબર નૉરિસને મળતા તે તદ્દન ઉત્સાહભંગ થઈ ગયો, અને તેણે ઇંગ્લંડ જવાનો નિશ્ચય કર્યો તેને કંપનીનુ વહાણ નહીં મળ્યુ ત્યારે એક ખાનગી વેપારી વહાણ ઉપર તે સ્વદેશ જવા નીકળ્યો, પણ રસ્તામા સને ૧૭૦૨ ના ઑક્ટોબર માસમા સેન્ટ હેલીના આગળ તે મરણ પામ્યો ઈસ્ટ ઈન્ડીઆ કંપનીના અડગ પ્રયત્ન, ઈંગ્લિશ કંપનીના અધિકારીઓના માહોમાહેના ટંટા અને ખટપટ, ઈત્યાદિથી બાદશાહ અંગ્રેજોની બાબતમા સશયાત્મક થઈ ઘણો ચીરડાઈ ગયો સઘળે ઠેકાણેથી તેમનો માલ પકડી માણસોને કેદમા નાખ્યા બંગાળામા અને મદ્રાસના કિનારા ઉપર પણ તેમજ થયુ કર્નાટકના નવાબે મદ્રાસ ઉપર સ્વારી કરી અને થૉમસ પિટને ધૈર્ય પિટે ત્રણ મહિના સુધી ઘણું શૌર્ય બતાવી પોતાનું રક્ષણ કર્યુ એટલામા ઈસ્ટ ઈન્ડીઆ કંપનીએ ધીમે ધીમે સરસાઈ મેળવી પોતાની સ્થિતિ સુધારી નાખી

**૫. બે કંપનીના જોડાણ માટે ભાંજગડ.**—આવે સંકટ સમયે પાર્લામેન્ટે બન્ને કંપનીને જોડી દેવાની કરેલી તજવીજને લીધેજ હિંદુસ્તાન

માં અંગ્રેજી અમલ કાયમ રહ્યો. સને ૧૭૦૧ ના આરંભમાં પાર્લામેન્ટની નવી ચુંટણી થતી હતી તે પ્રસંગનો લાભ લઈ બન્ને કંપનીએ લાંચ, વગવસિલો, બીજબાની અને સતત પ્રયત્ન ઇત્યાદી ઉપાયો કરી પોતાની તરફનાં માણસો પાર્લામેન્ટમાં મોકલવા એટલી તો જબરદસ્ત ખટપટ ઉપાડી કે ડાહ્યા અને ત્રાહિત લોકો કહેવા લાગ્યા કે જો બન્ને કંપનીઓને અટકાવવામાં નહીં આવશે તો રાજ્યને માટે કંઈ પણ શુભ પરિણામ આવશે નહીં. એમ છતાં નવી પાર્લામેન્ટમાં આ વેપારના પ્રશ્ન ઉપર વિચાર કરવાને યોગ્ય હોય એવા પુષ્કળ સભાસદો ચુંટાઈ આવ્યા, પણ ખુદ રાજાનું લક્ષ આ વેપાર તરફ નહોતું. ફ્રાન્સના રાજા ચૌદમા લુઈનું પ્રબળ ઘણું વધ્યું હતું, અને તેને દબાવવાના હેતુથી ફ્રાન્સ સાથે યુદ્ધ શરૂ કરવાનો રંગ આવ્યો હતો. એથી કરીને બન્ને કંપનીઓને એકત્ર કરી વારંવાર થતી તકરારનો અંત લાવવા રાજાએ એક જાલીમ હુકમ કહાડ્યો; અને પાર્લામેન્ટમાંની તેની ચર્ચા બંધ કરી. સને ૧૭૦૧ ના એપ્રિલ માસમાં દરેક કંપનીના સાત સાત પ્રતિનિધિઓ આ બાબત નિકાલ કરવા બેઠા. એક વર્ષ લગી નાના તરેહની તકરાર અને ચર્ચા ચાલી એટલામાં ઇંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે લડાઈ જાગવાનો પ્રસંગ આવ્યો. સને ૧૭૦૨ ના એપ્રિલમાં કંપનીઓનું સંમેલન કરવાનો ઠરાવ રાજાને સાદર કરવામાં આવ્યો. એ દરમિયાન રાજા ત્રીજો વિલિઅમ મરણ પામ્યો, અને રાણી એન તખ્તનશીન થઈ. તેણે જુલાઈ ૧૭૦૨ માં આ ઠરાવ મંજુર કર્યો; અને તેને બે વેપારી કંપનીઓ તથા ઇંગ્લંડની રાણી વચ્ચે થયલા કોલકરારનું રૂપ આપવામાં આવ્યું. તેમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું:—

૧. આ નવી કંપનીને 'હિંદુસ્તાન સાથે વેપાર કરનારા અંગ્રેજોની સંયુક્ત મંડળી' (The United Company of Merchants of England Trading to the East Indies) એવું નામ આપવામાં આવ્યું.

૨. પ્રત્યેક કંપનીએ બાર ડાયરેક્ટરો નીમવા, અને એ ચોવીસ ગ્રહસ્થોએ ઇંગ્લંડમાં રહી કંપનીના સઘળા કામકારભાર ઉપર દેખરેખ

રાખવી તેમણે અગ્રેજી માલની હદ ઠરાવી સરખે ભાગે બેઉ કંપનીને વહેંચી આપવો

૩ સાત વર્ષની મુદતમા અગાઉની સઘળી લેવડદેવડ બધ કરવી, અને તે પછી બન્ને કંપનીનો વેપાર અને અદ્યપિ મેળવેલી સઘળી સનદો તથા હક નવી કંપનીએ વાપરવા

૪ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના તાબામાંની ઈમારતો, કિલ્ના વગેરેની કિંમત ૩૩ લાખ રૂપીઆ, અને ઇંગ્લિશ કંપનીના હસ્તકની ઈમારતોની ૭ લાખ રૂપીઆ ઠરાવવામા આવી આ પ્રમાણે સઘળો વ્યવહાર ઉકેલવામા આવ્યો

આ ઠરાવની ખબર હિંદુસ્તાનમા આવી, પણ કેવળ કાગળ ઉપરની તારીખથી અહીંનો વેપાર એકદમ બધ કરવા જેવો નહોતો ઇંગ્લડમા પણ પાંચ સાત વર્ષ લગી સંયુક્ત ડાયરેક્ટરો ઉપરાત દરેક કંપનીના ૨૪ ડાયરેક્ટરો પોતપોતાની સભા ભરી હિંદુસ્તાનમા હુકમો મોકલ્યા કરતા હોવાથી ત્રણ નિરનિરાળા પ્રકારના હુકમો આ દેશમા આવતા આ ઘોટાળો સને ૧૭૦૮ સુધી ચાલ્યો ઈંગ્લિશ કંપનીના જે અધિકારીઓ નાલાયક હતા તે સઘળાને કહાડી મુકવામા આવ્યા, અને 'રાજાના સલાહકાર' (Kings Counsel)ની તેમને મળેલી પદવી છીનવી લેવામાં આવી સુરતમા મોગલોને હાથે કેદ પકડાયલા સર જૉન ગેયરને મુબઈના મુખ્ય પ્રેસિડન્ટની જગ્યા આપવામાં આવી, અને નિકોલસ વેઈટને તેના તાબામાં સુરતમાં નીમવામાં આવ્યો પણ દુષ્ટ વેઈટે આ હુકમો લેખ્યા નહીં, મોગલ અધિકારીઓને લાચ વગેરે આપી બીજા ૭ વર્ષ લગી ગેયરને કેદમાં સડવા દીધો, અને પોતે મરજી માફક દુર્વર્તન ચલાવવા લાગ્યો તેની સ્ત્રી ઇંગ્લડમાં હયાત છતા તેણે હિંદુસ્તાનમા પોતાની ભત્રીજી સાથે લગ્ન કર્યાં આખરે કંપનીએ વિલાયતથી તાકીદનો હુકમ મોકલી તેને કેદમાં નખાવ્યો, અને સર જૉન ગેયરને છોડ્યો (સ ૧૭૧૦) આ દુર્ભાગ્ય મહરથ ઇંગ્લડ પાછો ફરતો હતો તેવામાં રસ્તામા ફ્રેન્ચ લડાયક વહાણોએ તેને પકડી કેદ કર્યો, અને એજ સ્થિતિમાં સને ૧૭૩૧ માં તેનો કાળ થયો ઑંજી

પરના સમયનાં શિષ્ટાચાર અને અંગ્રેજોનો ત્રાસ, અને સને ૧૭૦૦ પછીનાં દસ વર્ષમાં થયલી તેમની બદનામી એ સર્વેનો એકંદર વિચાર કરીએ તો માંહોમાંહેના કલહને લીધે તેમની સત્તા કેટલી નરમ પડી ગઈ હતી તે દેખાઈ આવે છે. મદ્રાસમાં થૉમસ પિટના ડહાપણને લીધે અને જૉન પિટના સને ૧૭૦૩ માં થયલાં મરણને લીધે તે ઇલાકામાં મુંબઈ જેવો ઘોંટાળો થયો નહીં. બંગાળામાં જૉન બીઅર્ડ સને ૧૭૦૫ માં, અને લિટલટન સને ૧૭૦૭ માં મરણ પામ્યા તે સાથે ત્યાંની તકરારનો પણ અંત આવ્યો.

એકંદર અંગ્રેજ વેપારીઓની માઠી અવસ્થા ઈંગ્લંડને સુભાગ્યે યોગ્ય વખતે થઈ હતી. સન ૧૭૦૦ પૂર્વે ઔરંગજેબની સત્તા પુર જોરમાં હતી તે વખતે ઑક્ઝિયર અને ચાઇલ્ડ જેવા હોંશીઆર અને દૃઢ પુરૂષો અધિકાર ઉપર નહોત, કિંવા બીજા ચાર્લ્સ તેમજ બીજા જેમ્સ રાજાએ કંપનીને ઉત્તમ પ્રકારની સહાયતા આપી નહોત, તો અંગ્રેજો હિંદુસ્તાનમાંથી ક્યારના અદ્રશ્ય થઇ ગયા હોત. તેરીજ રીતે સને ૧૭૧૩ માં થયલાં યુટ્રેક્ટનાં તહનામા પછી ફ્રાન્સની સત્તા વધી ત્યારે જો કંપનીની અંતર્વ્યવસ્થામાં ઉપરના સરખો ડંગો ચાલુ રહ્યો હોત તો ફ્રેન્ચ લોકોએ અંગ્રેજ કંપનીને તરતજ ઉડાવી દીધી હોત. ફ્રાન્સ સામે ટક્કર ઝીલવાનો પ્રસંગ આવે તે પહેલાં કંપનીની અવદશા પુરી થઈ હતી, તેની સ્થિતિ મજબુત થયે તેમના અંગભૂતોની માંહોમાંહેની ફાટફુટ અટકી પડી હતી, અને તેથીજ હિંદુસ્તાનમાં અંગ્રેજ રાજ્ય સ્થાપવાનો પ્રસંગ અનુકૂળ આવ્યો; નહીંતો પોર્ટુગીઝ, વલંદા અને ફ્રેન્ચની માફક તેઓ પણ છેવટે આ દેશમાંથી અદ્રશ્ય થઈ ગયા હોત.

**૬. સંમેલન અને તેનું પરિણામ.**—સને ૧૭૦૨ માં થયલા ઠરાવ પ્રમાણે બન્ને કંપનીનું સંપૂર્ણ ઐક્ય ન થવાથી અને તેઓ એક બીજા સામે સંશય લેતા હોવાથી સને ૧૭૦૮ માં રાજ્યના મુખ્ય પ્રધાન અર્લ ઑફ ગોડૉલ્ફિને કંઈક ધમકી આપી તથા કંઈક સમજુત કરી તેમનું સંમેલન કરવાના હેતુથી પાર્લામેન્ટમાં એક મુસદ્દો રજુ કર્યો. એ કંઈ પણ ભાંજગડ વિના પસાર થયો, અને તેને રાણી એનનું અનુમોદન મળ્યું. એ મુસદ્દાને

ગોડૉલ્ફિનનો ચુકાદો ( Godolphin's award ) કહે છે અને તે તા ૨૯ મી સપ્ટેમ્બર ૧૭૦૮ ને દીને આપવામા આવ્યો હતો તેમાની મુખ્ય કલમ પ્રમાણે (૧) કપનીએ અગ્રેજ સરકારને એક કરોડ વીસ લાખ રૂપીઆ પાચ ટકાને વ્યાજે ધીરવાના હતા આથી પૂર્વનુ અને હમણાનુ મળી કુલ્લે ૩ કરોડ વીસ લાખ રૂપીઆનુ સરકારી કરજ થયુ હતુ, (૨) કંપનીની સનદ સને ૧૭૧૧ પછી ત્રણ વર્ષની મુદ્દતની ચેતવણી બાદ રદ થવાને પાત્ર હતી, તે મુદ્દત સને ૧૭૨૬ સુધી વધારવામા આવી હતી, (૩) બન્ને કપની વચ્ચેની તકરારનો નિકાલ ગોડોલ્ફિને કરવો અને તે બન્નેએ માન્ય કરવો એમ ઠર્યું હતુ

આ પ્રમાણે કપનીના ઇતિહાસનો એક વિભાગ પુરો થયો, અને તેના કામને એક જુદીજ દિશાએ પ્રવૃત્તિ મળી છેલ્લા વીસ વર્ષમા કપની ઉપર જે અસખ્ય આક્ષેપો કરવામા આવ્યા હતા તેને લીધે તેનુ સ્વાર્થીપણુ અને સકુચિત દષ્ટી જતા રહી તેના ઉદ્યોગનો વિસ્તાર વધ્યો હતો સર્વ લોકોને તેમા દાખલ થઈ વેપાર કરવાની સગવડ મળી હતી, અને વેપાર ધધામા પૈસા રોકવાને પુષ્કળ લોકો તૈયાર થયા હતા પરતુ પૈસા હોય ત્યા વેપાર ચલાવવાની બુદ્ધિ પણ હોય એવુ સાધારણ રીતે બનતું નથી વેપારની ખરી પદ્ધત થોડાનેજ બરાબર માહિત હોય છે, અને તેથી રોકેલી સઘળી રકમની વ્યવસ્થા તેમના હાથમા હોય તોજ વેપાર બરાબર ચાલે છે. આવી રીતે ઘણાના પૈસાથી થોડાએ વેપાર કરવાની પદ્ધત જોઈન્ટ સ્ટૉક પદ્ધત કહેવાય છે અદ્યાપિ સ્વતત્ર ધધો ઉપાડનારા ઘણા ફસાઈ પડ્યા હતા, પણ વેપારની એ રીત હવે બધ પડતાં આખા ઇગ્લડનો ટેકો એટલે નાણુ, ઉદ્યોગ, આરમાર અને આંટ કપનીની મદદે આવવાથી હિંદુસ્તાનમા રાજ્ય સ્થાપવાની યોગ્યતા તેને મળી નિયત્રિત તથા અનિયત્રિત વેપાર વચ્ચે શરૂ થયલા વિરોધનો યોગ્ય વિચાર કરનારા ઍડમ સ્મીથ જેવા અર્થશાસ્ત્રજ્ઞ થોડાજ વખતમા ઉત્પન્ન થયા સને ૧૭૦૮ પછીના ત્રીસ ચાળીસ વર્ષ કપનીનો કારભાર શાતપણે ચાલ્યો આ સમયથી સને ૧૭૪૬ મા અગ્રેજોને ફ્રેન્ચ લોકો સાથે હિંદુસ્તાનમા યુદ્ધ શરૂ થયુ ત્યાં સુધી કપનીનો વહિવટ કેવી રીતે ચાલતો હતો તેની કોઇએ દરકાર પણ લીધી

નહોતી. આ શાંતિના કાળમાં તેને વેપારમાં અઢળક ફાયદો થયો હતો. સને ૧૬૦૦ થી સને ૧૭૦૮ પર્યંતના કાળને કંપનીના સંબંધમાં 'વખારનો કાળ' કહી શકાય, કારણ કે એ ૧૦૦ વર્ષમાં કંપનીનું ઘણુંખરું લક્ષ વખારો સ્થાપી વેપાર ચલાવવામાં પરોવાયું હતું. પણ તે સાથે કિલ્લા બાંધવા, લશ્કર રાખવાં, જરૂર પ્રમાણે સંગ્રામ કરવો અને હિંદુસ્તાનમાં બને તેટલો પ્રદેશ કબજે કરી તે ઉપર પોતાનો અમલ બેસાડવો એ અનિવાર્ય છે એવી અંગ્રેજ પ્રજાની ખાતરી થતાં તે કામમાં કંપનીને મદદ કરવા આખો દેશ તૈયાર થયો. આ કારણે કંપનીના વહિવટનાં શરૂઆતનાં ૧૦૮ વર્ષનો મોટો વિભાગ ધ્યાનમાં રાખવા જોગ છે.

**૭. ભાવી રાજ્ય સ્થાપનાની સિદ્ધતા.**—સને ૧૬૯૦ માં ઔરંગજેબ અને કંપની વચ્ચે સલુમતી થયા પછી પણ કંપનીના વેપારમાં વધારેને વધારે અડચણો આવવા લાગી. તેની વખારોની આસપાસ જાયુકની લડાઈઓ થવા લાગી, યુરોપિયન ચાંચીઆઓનો ઉપદ્રવ વધ્યો, અને ફ્રેન્ચ તથા વલંદા લોકોએ તેને વધારે નુકસાન કરવા માંડયું. આવી મુશ્કેલીઓને લીધે દેશી અધિકારીઓ ઉપર અવલંબી ન રહેતાં પોતાનો બચાવ કરવાનો ઉપક્રમ કંપનીએ ઉપાડયો. હિંદુસ્તાનની રાજ્યવ્યવસ્થા નિયમિત ચાલી હોત તો આ નવી તૈયારીઓ કરવા તેને જરૂર પડત નહીં, અને એજ મુદ્દો તેની તે સમયની લખાપડીમાં મુખ્યત્વે કરીને જણાઈ આવે છે. સને ૧૬૯૦ પછી ઔરંગઝેબ બાદશાહની મુશ્કેલીઓ પણ વધવા લાગી. મુસલમાન તથા મરાઠાઓનાં લશ્કરથી તથા તેમની વચ્ચે ચાલતાં યુદ્ધને લીધે હિંદુસ્તાનના દ્વિપકલ્પનો સમગ્ર ભાગ ઘેરાઈ ગયો. વળી બાદશાહ વયોવૃદ્ધ થયલો હોવાથી આ સર્વ ગડબડાટનું શું પરિણામ આવે છે તે જોવા સઘળા આતુર બની રહ્યા.* આવી પરિસ્થિતિને લીધે સ્વભાવિક રીતે હિંદુસ્તાનમાં પોતાનું રાજ્ય સ્થાપી શકવાની કંપનીને ભ્રમણા આવવા લાગી. આ પ્રયોગ કંઈ નવો નહોતો. વલંદા લોકોએ પૂર્વદ્વિપ સમૂહમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું, તેમ પોર્ટુગીઝોનું રાજ્ય પણ આ દેશમાં થયું હતું. આ સમયના વેપાર તથા

* મુસલમાની અને મરાઠી રિયાસતમાંના ઔરંગઝેબ વિશેનું પ્રકરણ જુઓ.

રાજ્યસ્થાપના વિષે સર ચાર્લ્સ ડેવનાન્ટ (Sir Charles Dowenant) અને લીબ્નીસે (Leibnitz) કરેલા ઉત્તમ વિવેચન વાચવાથી હિંદુસ્તાનમા અગ્રેજી રાજ્ય સ્થપાના બાબત કઈ આશ્ચર્ય લાગશે નહી ડેવનાન્ટ કહે છે કે, 'જેના હાથમા અહીનો વેપાર તેજ આ ભૂપ્રદેશનો માલિક, હિંદુસ્તાન ઉપરનો આપણો કાબુ રહેજ ઓછો છતા આપણો વેપાર બેસી જશે, અને તેમ થતા કાફલો નાશ પામશે કાફલો જતા રાજ્યનો પણ અત આવેલો લેખી શકાશે હિંદુસ્તાનના વેપારને લીધે જોઈએ તે પ્રજા સાથે આપણે લડી શકીશુ ' અદ્યાપિ અગ્રેજોનુ રાજ્ય આજ તત્વ ઉપર ચાલ્યુ છે લીબ્નીસ ફ્રેન્ચ ગૃહસ્થ હતો, તેણે ફ્રાન્સના રાજા ચૌદમા લુઇને જણાવ્યુ હતું કે, 'યુરોપમા વલન્દા લોકો સાથે યુદ્ધ કરવાથી તેઓ દબાવવાના નથી તેમની સઘળી શક્તિ પૂર્વના વેપાર ઉપર અવલબી રહી છે માટે પ્રથમ ઇજીપ્ત દેશ જીતી વલન્દા લોકોના વેપાર અને કાફલાના મૂળનો નાશ કરો ત્યારેજ તેઓ યુરોપમા નરમ પડશે એટલુજ નહીં, પણ આપણાથી એશિયા ખડમા મોટુ રાજ્ય મેળવી શકાશે

કેટલાક ગ્રથકારોએ હિંદુસ્તાનમા અગ્રેજી રાજ્ય સ્થાપન થયાનો એક અદ્ભૂત બનાવ ગણ્યો છે તે ઉપરની હકીકતથી મિથ્યા માનમ પડ્યા વિના રહેશે નહીં એમા કઈ પણ વિલક્ષણ થયુ નહોતુ બેચાર નાની વેપારી કોઠીઓ ઉપરથી એક કલ્પના બહારનુ રાજ્ય નિર્માણ થયુ નહોતુ એક રાષ્ટ્રને બીજુ રાષ્ટ્ર જીતવા માટે પૂર્વના સાધનો હતાં, એટલે સીકદર અથવા સીઝરની માફક મોટા લશ્કર લઈ તેમણે વિજય મેળવવાનો હતો પણ એના કરતા વધારે સગવડ ભર્યું વધારે પ્રચડ, પણ પ્રત્યક્ષ જણાઈ ન આવતુ સાધન વેપારનુ હતુ વેપારમાજ રાજ્યપ્રાપ્તિના મૂળ હોય છે એ ઘણાઓને માલુમ ન હોવાથી તેમને અગ્રેજી રાજ્ય વિસ્તારનો બનાવ અજાયબી ભરેલો લાગે છે અગ્રેજોની વખારો થોડી હતી પણ તે દેશના અગ્રસ્થાનો ઉપર હતી ત્યા વેપાર ધમધોકાર ચાલતો, અને સા કાફલાના જોરે પૂર્વ તરફના એકદર વેપારનુ સરક્ષણ કરવાનુ અગ્રેજોને અનુકૂળ હતું વેપાર ઉપર ધનપ્રાપ્તિ, ધનપ્રાપ્તિ ઉપર આરમાર અને આરમાર ઉપર વેપાર એવાં પરસ્પર અવલબી રહેલા કારણો હતાં, પણ તેમા નેપોલિયન અથવા

સીઝર જેવા યોદ્ધાઓએ રાજ્ય જીતવાના કામમાં જે કરામત વાપરી હતી તેના કરતાં વિશેષ ચાલાકી અને હોંશીઆરી જરૂરનાં હતાં. અંગ્રેજી રાજ્યની બાબતમાં કંઈ પણ અપૂર્વ હતું તો તે આજ હતું. અગાઉ લશ્કરના જોરથી જે કામ થતું તે હવે કાફલાથી થવા લાગ્યું, એટલોજ ફરક હતો. આરમાર તથા વેપારની શક્તિ કેટલી છે તે પ્રથમ લોકોને નિર્દિષ્ટ થયલી નહીં એટલે જાણે આકાશમાંથી અચાનક એક ફળ મોંડામાં આવી પડે તે પ્રમાણે હિંદુસ્તાનનું રાજ્ય અકલ્પિત અને અનાયાસે અંગ્રેજોના હાથમાં આવી પડવાની તેઓ વાતો કરે છે, પરંતુ તે સર્વ રીતે મિથ્યા તથા ખોટી છે. ઈસ્ટ ઈન્ડીઆ કંપનીએ સો પચાસ વર્ષમાં પોતાનો વેપાર થોડો થોડો વધાર્યો. એટલે તેમાં તેમને ધીમે ધીમે વધારે કિફાયત થતી ગઈ; પૈસા મળતાં તેમનું જોર અને શક્તિ વધ્યાં; અને એ શક્તિ ઉપર તેણે ભવિષ્યના રાજ્યનો પાયો ધીરે ધીરે મજબુમ રીતે ઉભો કર્યો. આ કંપનીઓનું અંતઃસ્વરૂપ તપાસવાથી તેઓ રાજ્યમાં ફેરફાર કરનારી સ્વતંત્ર સંસ્થા હોય એમ જણાશે, કેમકે એવીજ સંસ્થાએ અમેરિકા તેમજ આફ્રિકામાં નવાં રાજ્યો નિર્માણ કર્યા છે. આફ્રિકાના કિનારાથી જાપાનના કિનારા સુધીના ભૂજળ પ્રદેશના વિસ્તિર્ણ વ્યાપારોપયોગી પટાનો પૂર્વ તરફનો ભાગ વલંદા લોકોએ રોકયો અને પશ્ચિમ તરફનો ભાગ અંગ્રેજોએ રાખ્યો. પણ એવી રીતે પડેલા વિભાગને કાયમ થતાં ઘણો કાળ નીકળી ગયો, અને છેક ઓગણીસમી સદીમાં એ ગોઠવણ હમેશને માટે નક્કી થઈ. આ ખટપટ કરવામાં પાશ્ચિમાત્ય પ્રજાઓએ એક મોટી યુક્તિ એવી કરી હતી કે આ દેશમાં જે કંઈ વસાહતના થાણાં, વખારો, અને સંસ્થાનો તેઓ મેળવતા તે પોતપોતાના યુરોપિયન રાજાઓને નામે લેતા. દેશી રાજાની હકુમત હેઠળ પોતે છે, અને પોતાના રાજા સાથે કંઈ પણ સંબંધ નથી એવો સ્વતંત્ર વિચાર તેમણે કદી પણ જાહેર કર્યો નહોતો. હાલમાં પણ અંગ્રેજ, જર્મન કિંવા ફ્રેન્ચ લોકો ચીન, જાપાન, અથવા સિયામમાં આગગાડી બાંધવાનું, ખાણનું અથવા બીજું કંઈ પણ સાર્વજનિક કામ પોતાના યુરોપિયન સત્તાધીશોને નામે કરે છે, તે તે દેશના એલચીઓ મારફત તેમનું સંરક્ષણ થાય છે, અને તેમને પરદેશમાં યતિકંચિત પણ ઉપદ્રવ નડે છે તો યુરોપમાંની સરકાર મારફત તેમને દાદ મળે છે. આથીજ તેમનો ઉદ્યોગ સહજમાં પાર પડે છે.

# પ્રકરણ ૧૪ મું.

## ફ્રેન્ચ લોકોની હકીકત.

### ઈ. સ. ૧૭૪૦ સુધી.

૧. ફ્રેન્ચ અને અંગ્રેજ લોકોના કામ વચ્ચે ફરક ૨. શરૂઆતના પ્રયત્ન
૩. માર્ટિન અને પોન્ડીચેરીની સ્થાપના. ૪ લેન્વૉર, લાબુરડને, ડુપ્લે અને ડુમાસ.

**૧. ફ્રેન્ચ અને અંગ્રેજ લોકોનાં કામ વચ્ચે ફરક.**—અંગ્રેજો પેઠે ફ્રેન્ચ લોકોએ પણ પૂર્વનો વેપાર કબજે લેવા પુષ્કળ પ્રયત્ન કર્યા હતા. પોર્ટુગલ અને સ્પેનના ખલાસીઓને દુનીઆના સઘળા ભાગમાં નવા નવા પ્રદેશો તાબે કરતા જોઈ ફ્રેન્ચ લોકોને પણ મુલકગિરી ઉપર નીકળવાની અપેક્ષા થવા લાગી તે વેળાના ફ્રેન્ચ ગ્રંથો પરદેશની માહિતી તથા વેપારથી દેશને થનારા ફાયદા વિશેનાં વિવેચનથી ભરપૂર છે. એમ છતાં ઇંગ્લંડ અને હોલેન્ડમાં સને ૧૬૦૦ના અરસામાં જેવી રીતે વેપારી કંપનીઓ સ્થાપન થઈ તેવી ફ્રાન્સમાં થઈ નહીં. સને ૧૬૨૪ માં નામાંકિત ધર્મોપાસક કાર્ડિનલ રિશે'લ્યુ ફ્રાન્સનો મુખ્ય પ્રધાન થયો એ હોદ્દા ઉપર તે ઘણો વખત રહ્યો તે દરમિયાન તેણે દૂર દેશમાં જઈ વસાહત કરવા માટે નવા નવા ઉદ્યોગો ઉપાડ્યા અંગ્રેજો તથા વલંદાઓએ આરંભેલા કામમાં અને ફ્રેન્ચ લોકોના તે સમયના કામમાં ફરક એટલોજ હતો કે પરદેશમાં રોમન કેથૉલિક ધર્મનો પ્રસાર કરી ત્યાંના લોકોને ખ્રિસ્તી બનાવી તેમને પોતાના રાજ્યમાં દાખલ કરવાનો ફ્રેન્ચ લોકોનો મુખ્ય ઉદ્દેશ હતો અને તેમ કરી સ્પેનની વધતી જતી આબાદી કમી કરી પોતાનો ફાયદો મેળવી લેવાની તેમની યોજના હતી અર્થાત, સ્પેનની સત્તા વધતી અટકાવવાના કામમાં ઇંગ્લંડ, હોલેન્ડ અને ફ્રાન્સ એકત્ર થઈ ગયાં હતાં પરદેશમાં ખ્રિસ્તી ધર્મ વધારવાનો વિચાર તત્કાલીન ફ્રેન્ચ લોકોને ઘણોજ અનુકૂળ થઈ પડ્યો હતો. તેમણે પુષ્કળ નાણું એકઠું કરી ટોળાં બંધ મિશનરી લોકોને અમેરિકા

વગેરે ઠેકાણે મોકલ્યા હતા. ઉત્તર અમેરિકામાં જેઝુઇટ લોકોની વિશેષ ભરતી તેમણેજ કરી હતી. આ કામમાં તેમને ફ્રેન્ચ સરકારનો સંપૂર્ણ ટેકો હતો, પરંતુ વેપારીઓને સરકારી અધિકારીઓનો દાબ અસહ્ય લાગતો હતો છતાં ફ્રાન્સની સરકારે લોકોના હાથમાં કંઈ પણ સત્તા રહેવા દીધી નહીં. ખરૂં જોતાં વેપાર જેવું કામ લોકોએજ સંભાળવું જોઇએ. એમાં સરકારની દખલથી સર્વેને નુકસાનજ થાય છે. ઈંગ્લંડમાં વેપારની બાબતમાં સરકારે લોકોને સંપૂર્ણ સ્વતંત્રતા આપવાથી તેમનો વેપાર ધમધોકાર ચાલ્યો હતો. ફ્રાન્સની રીત એથી ઉલટીજ હતી; વેપારમાં સરકારનો ભાગ મુખ્ય હતો; નાણું સરકારનું હતું, અને અધિકારીઓ પણ તેમાં ગુંચવાયલા હતા. મોટી જગ્યાઓની નિમણુક સરકારી અધિકારીઓ પોતપોતામાં વહેંચી લેતા હતા. કંપનીના સભાસદોમાં તથા વ્યવસ્થાપકોમાં દરબારી માણસો પુષ્કળ હતાં. કાર્ડિનલ રિશેલ્યુની આ વ્યવસ્થા લોકોને રૂચી નહીં. ધર્મપ્રસારની બાબત પણ તેમના વિચારને અનુકૂળ નહોતી. રૂઆઁ અને માર્સેલના વેપારીઓએ સરકાર આગળ અનેક જાતની ફરીઆદો કરી, પણ તેનું કોઇએ સાંભળ્યું નહીં. એમ છતાં રિશેલ્યુએ ઉપાડેલા કામનું કંઈ જાણવા જેવું પરિણામ આવ્યું નહીં. શરૂઆતમાં કરેલી કેટલીક વેપારી સફરોને લીધે ફ્રેન્ચ લોકોનો માર્ગ સુલભ થવા સિવાય બીજો કંઇ પણ વિશેષ લાભ થયો નહીં. એ ઉપરથીજ તે સમયના ફ્રેન્ચ અને અંગ્રેજ લોકોના ઉપક્રમમાં કેટલોક ખુલ્લો ભેદ જણાઇ આવે છે. લોકોએ સ્થાપેલી અંગ્રેજ કંપનીને રાજાનો ટેકો માત્ર નામનોજ હતો. પણ ફ્રાન્સમાં રાજાએ પૂર્વના વેપાર માટે કંપની સ્થાપી હતી. અંગ્રેજોએ પોતાના નિયમ અને વ્યવસ્થા પોતાની મરજી માફક તથા સગવડ ભરેલાં કરી લીધાં હતાં. પણ ફ્રેન્ચ કંપનીના નિયમ સરકારે ઠરાવી આપ્યા હતા. અંગ્રેજ વેપારી પૃથ્વી ઉપર ગમે ત્યાં સ્વેચ્છાથી ફરતો હતો, અને જોઈએ તે સાહસ ખેડતો હતો. ફ્રેન્ચ વેપારીથી સરકારે દોરી આપેલી રેખા બહાર પગ મુકાતો નહીં.

ફ્રાન્સમાં મહાન રાજા ચૌદમો લુઇ રાજ્ય કરતો હતો ત્યારે તેના પ્રસિદ્ધ દીવાન કોલબર્ટે યુરોપની બહાર ફ્રેન્ચ રાજ્ય વધારવા અનેક ઉપાયો

કર્યાં સને ૧૬૬૪ મા તેણે બે કંપનીઓ સ્થાપી એક ઇસ્ટ ઈન્ડીઆમા વેપાર ચલાવવા માટે, અને બીજી વેસ્ટ ઈન્ડીઆમા એવાજ કામ માટે અંગ્રેજ અને વલંદા કંપનીઓ પેઠે આ ફ્રેન્ચ કંપનીઓને પણ મોટા અધિકારો આપવામા આવ્યા હતા પરંતુ ફ્રાન્સના રાજ્યકારભારમાં રાજા કરે તે કાયદો એવો પ્રકાર ચાલુ હોવાથી લોકો પોતાનો ભંડોળ કંપનીમા નાખવાને બહાર આવતા નહીં દેવળમા પ્રાર્થના વખતે પણ પાદરીઓ આ કંપનીઓમા નાણું રોકવા લોકોને ઉપદેશ કરતા છતા રકમ એકઠી કરવામા અસાધારણ મુશ્કેલી નડી વેસ્ટ ઇન્ડીઆ કંપની દસ વર્ષમાંજ બંધ કરવી પડી ઇસ્ટ ઇન્ડીઆ કંપનીનું કામ કેટલોક સમય ચાલુ રહ્યું હતું માડાગાસ્કરનો બેટ છતી તેને ફ્રાન્સના અમલ હેઠળ મુકવાનું આ કંપનીને ફરમાવવામા આવતા તે નુકસાનમા ઉતરી પડી, પણ મૂળ હેતુ પાર પડ્યો નહીં યુરોપમા ફ્રાન્સ અને હોલેન્ડ વચ્ચે ચાલતા યુદ્ધની અસર આ કંપનીને પહોચી, કેમકે ઘણું ખરૂં તે યુદ્ધનું એક કારણ પૂર્વ તરફના વેપાર બાબત આ બે વચ્ચે ચાલતી સખ્ત સ્પર્ધા હતી સને ૧૭૦૨ થી ૧૭૧૩ સુધી અંગ્રેજ અને ફ્રેન્ચ લોકો વચ્ચે પણ યુરોપમા દારૂણ યુદ્ધ ચાલ્યુ હતું સને ૧૭૧૩ મા યુટ્રેક્ટના તહનામાથી આ યુદ્ધનો અંત આવતા ફ્રેન્ચ કંપની આબાદ થવા લાગી ૨૫ વર્ષમાં તેનો વેપાર એટલો તો ધમધોકાર ચાલ્યો કે સો વર્ષના ઉદ્યોગ પછી અંગ્રેજોએ જે નફો મેળવ્યો હતો તેટલો ફ્રેન્ચ કંપનીએ ૨૫ વર્ષમા કર્યો માહી, પોન્ડીચેરી અને ચંદ્રનગર એ અંગ્રેજોના મુંબઈ મદ્રાસ અને કલકત્તા જેવા ફ્રેન્ચ સંસ્થાન થયા લેબૉર, ડુમાસ અને ડુપ્લે જેવા હોશીઆર અને ઉદ્યોગી અમલદારો એક પછી એક હિંદુસ્તાનમા આવ્યા, અને તેમણે દરેક બાબતમા અલ્પકાળમા અંગ્રેજોની બરોબરી કરી એટલે સને ૧૭૪૦ ના સુમારમાં ઇંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે યુરોપની પશ્ચિમ તેમજ પૂર્વ તરફના બન્ને ભાગમા જબરદસ્ત સ્પર્ધા અને ચડસાચડસી ઉત્પન્ન થયાં પશ્ચિમ તરફની સ્પર્ધા વસાહત માટે હતી, અને તેનો નિકાલ અમેરિકામા થવાનો હતો, પૂર્વ તરફની સ્પર્ધા વેપાર માટે હતી, અને તેનો નિકાલ હિંદુસ્તાનમા થવાનો હતો

આવી રીતે જો કે બન્ને દેશો અનેક રીતે એક સરખા દેખાતા હતા. તોપણ તેમનાં મૂળનાં રાષ્ટ્રીય સ્વભાવ અને ધોરણો કાયમ હતાં. ફ્રેન્ચ કંપનીને રાજાએ મોટી રકમ વ્યાજે ધીરી હતી, પણ એથી ઉલટું ઇંગ્લંડમાં ત્યાંની સરકારને કંપની પાસે વ્યાજે નાણું લેવું પડયું હતું. સને ૧૭૫૦ માં એ કરજ આસરે સાડાચાર કરોડ રૂપીઆનું થયું હતું. ફ્રેન્ચ કંપનીના અધિકારીઓ સરકારે નીમેલા હોવાથી કેવળ લાગવગ તથા સીફારસથી આગળ વધ્યા હતા. પણ અંગ્રેજ વેપારીઓ જાતે હિમતનાં કામ કરી યોગ્ય પદવીએ ચ્હડયા હતા. સને ૧૭૧૫ માં ફ્રાન્સનો રાજા ચોદમો લુઈ મરણ પામતાં પંદરમો લુઈ ગાદીએ આવ્યો. તે સદા એશઆરામમાં નિમગ્ન રહેલો હોવાથી કારભારીઓ મનમાં આવે તેમ અમલ ચલાવવા લાગ્યા હતા. આ સઘળો તફાવત ધ્યાનમાં રાખવાથી આ ઝગડાનાં છેવટે પરિણામ યોગ્ય રીતે સમજવામાં મુસ્કેલી નડશે નહીં.

આ બન્ને દેશ વચ્ચેના ટંટાએ દક્ષિણ હિંદુસ્તાનમાંજ ઉગ્ર સ્વરૂપ કેમ ધારણ કર્યું તે સમજવા માટે હિંદુસ્તાનની તત્કાલીન સ્થિતિ ધ્યાનમાં રાખવાની છે. પશ્ચિમ કિનારા ઉપર મરાઠાઓનો અમલ ઘણો જાજવલ્યમાન હતો. બંગાળામાં પણ નવાબનો અમલ કડક હોવાથી તે પરદેશીઓને પોતાની હદમાં તોફાન કરવા દેવાની વિરૂદ્ધ હતો. બાકી રહેલા પૂર્વના કોરોમાન્ડલ કિનારા ઉપર સર્વત્ર ઘોંટાળો એકઠો થયો હતો. નિઝામ તથા સતારા અને તાંજોરના મરાઠાઓ તેમજ આર્કટના નવાબ વગેરે અનેક સત્તાધીશો તે પ્રદેશ ઉપર પોતાનો હક હોવાનો દાવો કરતા હતા, એટલે આ પરદેશી પ્રજાઓને પ્રથમ એક બીજા ઉપર શસ્ત્ર ઉગામવા માટે આ પ્રદેશ અનેક રીતે સગવડ ભર્યો તથા અનુકૂળ લાગ્યો. હિંદુસ્તાનની સ્થિતિ ગમે તેવી હોય તોપણ ઇંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચેની તકરારનો આખર નિકાલ જેવી રીતે યુરોપમાં અને અમેરિકામાં થયો તેજ ધોરણ ઉપર હિંદુસ્તાનમાં પણ થવો જોઇએ એવી અટકળ કરવામાં કંઈ હરકત નથી.

**૨. શરૂઆતના પ્રયત્ન.**—પોર્ટુગીઝ, વલંદા અને અંગ્રેજ લોકો

વેપારના આશયથી આ દેશમા આવ્યા હતા તેજ પ્રમાણે ફ્રેન્ચ પણ આવ્યા હતા. સઘળાની પછી તેઓ આવ્યા તોપણ ટુંક સમયમાં તેઓએ ઘણું કર્યું હતુ વલંદા અને અંગ્રેજોના કરતાં તેમનું માન પૂર્વમાં જો કે હમણા ઘણું ઓછું છે તોપણ તેમનામા હોંશીઆરી કિંવા શૌર્ય ઓછાં હતાં એમ નહોતુ વલંદા અને અંગ્રેજ પ્રજાની પેઠે ફ્રેન્ચ લોકોને યુરોપમાં હેરાનગતી વેઠવી પડી નહોતી; છતાં તેઓ સ્થાનિક ભાંજગડમાં ગુચવાયલા હોવાથી પરદેશના વેપાર તરફ શરૂઆતમાં તેમણે ઘણું લક્ષ ફેરવ્યુ નહોતું. હવે પછીની હકીકત સમજવા સારૂ ફ્રાન્સના કેટલાક પ્રસિદ્ધ રાજાઓની વંશાવળી અહીં આપવામાં આવી છે —

| | | |
|---|---|---|
| અગીઆરમો | લુઇ | સને ૧૪૬૧–૧૪૮૩. |
| આઠમો | ચાર્લ્સ | સને ૧૪૮૩–૧૪૮૯. |
| બારમો | લુઈ | સને ૧૪૮૯–૧૫૧૫. |
| પહેલો | ફ્રાન્સિસ | સને ૧૫૧૫–૧૫૪૭. |
| બીજો | હેનરી | સને ૧૫૪૭–૧૫૫૯. |
| બીજો | ફ્રાન્સિસ | સને ૧૫૫૯–૧૫૬૦. |
| નવમો | ચાર્લ્સ | સને ૧૫૬૦–૧૫૭૪. |
| ત્રીજો | હેનરી | સને ૧૫૭૪–૧૫૮૯. |
| ચોથો | હેનરી | સને ૧૫૮૯–૧૬૧૦. |
| તેરમો | લુઇ | સને ૧૬૧૦–૧૬૪૩. |
| ચૌદમો | લુઇ | સને ૧૬૪૩–૧૭૧૫.+ |
| પંદરમો | લુઇ | સને ૧૭૧૫–૧૭૭૪. |
| સોળમો | લુઈ | સને ૧૭૭૪–૧૭૮૯. |

સને ૧૭૮૯ માં ફ્રાન્સ દેશમાં થયલી રાજ્યક્રાન્તિ સુપ્રસિદ્ધ છે.

સને ૧૫૦૩ માં રૂઍા શહેરના વેપારીઓએ વેપાર માટે બે વહાણો તૈયાર કરી પૂર્વ તરફ રવાના કર્યાં, પણ તે રસ્તામાંજ ગુમ થઇ ગયાં. તે પછી રાજા ફ્રાન્સિસે સને ૧૫૩૭ માં તથા ૧૫૪૩ માં જાહેરનામાં કહાડી લોકોને પરદેશ સાથે વેપાર કરવા ઘણું ઉત્તેજન આપ્યું, પણ

+ ઔરંગઝેબનો સમકાલીન

તે ઉપયોગી નીવડયું નહીં. સને ૧૫૭૮ માં ત્રીજા હેનરીએ એવુંજ એક જાહેરનામું કહાડયું તે પણ નિરર્થક ગયું. પણ ચોથા હેનરીની કારકિર્દીમાં રાજ્યમાં શાંતિ હોવાથી તેને આ વિષય તરફ વધારે લક્ષ આપવા બની આવ્યું. તા. ૧ લી જુન સને ૧૬૦૪ માં એક ફ્રેન્ચ કંપની સ્થાપન થઈ, અને તેને રાજા તરફથી પંદર વર્ષ લગી વેપાર કરવાની પરવાનગી મળી. આખરે આ કામમાં તકરાર ઉત્પન્ન થતાં કાંઈ પણ નિષ્પન્ન થયું નહીં. સને ૧૬૧૫ માં તેરમા લુઇએ પહેલી કંપનીના કેટલાક વેપારીઓને એકઠા કરી નવી સનદ આપી. આ નવી સંસ્થાએ પોતાનું કામ તરતજ ઉપાડી લઈ, બે વહાણ તૈયાર કરી તેને ચાલાક કપ્તાનોને સોંપી પૂર્વ તરફ રવાના કર્યાં. એમાંનું એક વહાણ નાશ પામ્યું છતાં એકંદર આ સફરનો ઘણો ફાયદો થયો. સને ૧૬૧૯ માં ફરીથી ત્રણ જહાજો પૂર્વ તરફ મસાલાના બેટમાં જઈ પુષ્કળ કિફાયત કરી પાછાં ફર્યાં. આ બેઉ સફરના મુખી કેપ્ટન બોલિઓને વલંદા તરફથી પુષ્કળ ત્રાસ ખમવો પડયો હતો. સને ૧૬૪૨ માં પ્રસિદ્ધ ફ્રેન્ચ મુત્સદ્દી રિશેલ્યુએ આ કામ મન ઉપર લઈ 'હિંદુસ્તાનની કંપની' એવે નામે એક નવી સસ્થા સ્થાપી. એની મુદત વીસ વર્ષની ઠરાવવામાં આવી હતી. આ કંપનીએ પ્રથમ માડાગાસ્કર બેટમાં પોતાનું થાણું ઉભું કર્યું. યુરોપ અને હિંદુસ્તાન વચ્ચે અર્ધ માર્ગે પોતાની સત્તાની જગ્યા રાખવા સઘળી યુરોપિયન પ્રજા વિચાર કરતી હતી, અને તેજ વિચાર ફ્રેન્ચ લોકોને પણ યોગ્ય લાગવાથી માડાગાસ્કરનો કબજો લેવા તેમણે ત્રીસ વર્ષ સુધી પુષ્કળ પ્રયત્ન કર્યાં. પણ સાંના લોકોને આ પરદેશી લોકોનો સમાગમ પસંદ ન પડવાથી તેઓએ હર પ્રયત્ને તે જગ્યા છોડવાની તેમને ફરજ પાડી.

એ પછી સને ૧૬૪૩ માં ચૌદમો લુઈ ફ્રાન્સની ગાદીએ આવ્યો. તેનો મુખ્ય પ્રધાન પ્રસિદ્ધ કોલબર્ટ હતો. એણે દેશનો કારભાર ઉત્તમ રીતે ચલાવ્યાથી ફ્રેન્ચ ઇતિહાસમાં તેની કીર્તિ ઘણી ભારે છે. રાજ્યની વસુલ, ઉદ્યોગ ધંધો, વેપાર અને આરમાર એ સઘળી બાબતમાં નવીન યોજના કરી તેણે ફ્રાન્સને આબાદ કર્યું. આરમારની સગવડ માટે

કિલ્લા તથા બંદરો બાંધી તેણે સો નવાં લડાયક વહાણો તૈયાર કર્યાં. પૂર્વ તરફના વેપારનો નફો કોલબર્ટ સમજતો હતો, એટલે અંગ્રેજોની પદ્ધતનુ અનુકરણ કરી તેણે ફ્રેન્ચ કંપનીને હિંદુસ્તાનના વેપાર માટે પચાસ વર્ષનો મકતો કરી આપ્યો. કંપની પાસે કર ન લેતાં પહેલાં દસ વર્ષમાં જે નુકસાન થાય તે ભરી આપવાની તથા સરકારમાથી તેને હરેક પ્રકારની સહાયતા મેળવવાની કોલબર્ટે ગોઠવણ કરી આપી. તેણે કંપનીનો ભંડોળ ૬૦ લાખ રૂપીઆનો ઠરાવી તેના પાંચમા હિસ્સાની રકમ સરકારમાંથી આપી. આ પ્રમાણે સરકારે અગ્ર ભાગ લેવાથી તાલેવંત લોકોએ પણ વેપારના કામમાં લક્ષ આપી મહેનત કરવા માંડી. નવી કંપનીએ પોતાનો ઉદ્યોગ શરૂ કર્યો, તોપણ ફ્રેન્ચ લોકોએ માડાગાસ્કર છોડી દેવાની હિમત કરી નહીં. અર્થાત્, પહેલેથીજ ભૂલ થતાં અગાઉની માફક નુકસાન થયું. ત્યાંની નુકસાનકારક હવા, ખરાબ જમીન તથા મૂળ વતનીઓનો વેરભાવ એ ત્રણ કારણોને લીધે તેમને ઘણું જોખમ તથા દુઃખ વેઠવાં પડયાં. સને ૧૬૭૨ માં માડાગાસ્કરના વતનીઓએ કંપનીનાં પુષ્કળ માણસોની કતલ કરી ત્યારે તે બેટ છોડી ફ્રેન્ચ લોકો હિંદુસ્તાન તરફ વળ્યા, અને કેટલાક લોકો પાસે આવેલા બુર્બોન નામના ટાપુમાં જઈ રહ્યા. તે બેટ અદ્યાપિ ફ્રાન્સના તાબામાં છે.

સને ૧૬૬૬ માં ફ્રાન્સિસ કેરૉન (Francois Caron) નામના એક ચંચળ ગ્રહસ્થનાં ઉપરીપણાં હેઠળ ફ્રેન્ચ કંપનીએ કેટલાંક વહાણો હિંદુસ્તાન મોકલ્યાં. આ કેરૉન જાતે ડચ હતો, અને વલંદા કંપનીમાં પ્રથમ હલકી નોકરી સ્વીકારી મોટી યોગ્યતાએ ચડયો હતો. જાપાન જઈ ત્યાંની ભાષા શીખી તેણે ડચ કંપનીને ઘણો ફાયદો કરી આપ્યો હતો. પણ પાછળથી અણબનાવ થવાથી નોકરી છોડી તે ફ્રેન્ચ પ્રધાન કોલબર્ટ પાસે આવ્યો. કોલબર્ટે તેનો હાથ પકડયો, અને ફ્રેન્ચ વેપારનો મુખ્ય અધિકાર તેને આપી હિંદુસ્તાન મોકલ્યો. તે સને ૧૬૬૭ માં ફ્રાન્સથી નીકળી રસ્તામાં માડાગાસ્કરની દુઃખદ સ્થિતિ જોઈ કોચીન થઈ સુરત આવ્યો. ત્યાં સને ૧૬૬૮ માં એણે ફ્રેન્ચની પહેલી કોઠી ઘાલી, અને મિલનસાર વર્તણુંક

ચલાવી શરૂઆતમાંજ કંપનીને સારો નફો કરી આપ્યો. કેરૉનના હાથ હેઠળ મર્કારા નામનો ઇસ્પહાનનો એક ગ્રહસ્થ હતો, તે ગોવળકોન્ડા જઇ સુલતાનને મળ્યો, અને વલંદા તથા અંગ્રેજોએ તેના માર્ગમાં પુષ્કળ અડ-ચણો નાંખી છતાં પણ તેની પાસેથી જકાતની માફી તથા પૂર્વ કિનારા ઉપર વેપાર કરવાની પરવાનગી મેળવી. બીજે વર્ષે એટલે સને ૧૬૬૯ માં તેણે મચ્છલિપટ્ટણમાં વખાર ઉભી કરી. ફ્રેન્ચ લોકોના સ્વભાવમાં મુખ્ય દોષ એ હતો કે તેઓ માંહોમાંહે એક બીજાની અદેખાઈ તથા દ્વેષ કરતા, અને એથીજ હરેક બાબતમાં ફ્રાન્સને ભારે ખમવું પડયું હતું. ઉપર વર્ણવેલા કામમાં પણ એ દોષ બહાર પડયા વિના રહ્યો નહીં. કેરૉન અને મર્કારા વચ્ચે તકરાર થતાં તેમણે એક બીજા સામે ફ્રેન્ચ સરકાર આગળ ફરીઆદ કરી. આવા વિરોધ છતાં કેરૉન પોતાનું કામ કર્યો જતો હતો. હિંદુસ્તાનમાં પોતાની સત્તાની એકાદ જગ્યા હોવી જોઇએ એવા ઉદ્દેશથી એણે મદ્રાસની દક્ષિણે વલંદા લોકોના તાબામાંનું સેન્ટ ટૉમે કબજે લીધું. એમ છતાં બીજે ઠેકાણે ફ્રેન્ચ લોકોને થયલાં સઘળાં નુકસાનનો દોષ કેરૉન ઉપર આવ્યો, અને તેને ફ્રેન્ચ સરકારે પાછો બોલાવી લીધો. સ્વદેશ પાછા ફરતાં લિસ્બન નજદીક તેનું વહાણ ભાંગી ગયું અને તે મરણ પામ્યો (સને ૧૬૭૪).

**૩. માર્ટિન અને પોન્ડીચેરીની સ્થાપના. (૧૬૭૪–૧૭૦૬).–** કેરૉને સેન્ટ ટૉમે લીધું ત્યારે તેની સત્તા હેઠળ ફ્રાન્સિસ માર્ટિન નામનો એક હોંશીઆર ગ્રહસ્થ હતો. તે શરૂઆતમાં વલંદા કંપનીમાં નોકર હતો ત્યાંથી નીકળી જઈ પાછળથી ફ્રેન્ચ કંપનીમાં દાખલ થયો હતો. તેના ઉપર કેરૉનનો પૂર્ણ વિશ્વાસ હતો, અને સઘળાને તે ઘણો પ્રિય હતો. સેન્ટ ટૉમે પોતાના કબજામાં રહેશે કે નહીં એ બ્હીકથી તેણે ગોવળકોન્ડાના કુતુબશાહી રાજા પાસેથી પૂર્વ કિનારા ઉપર થોડી જગ્યા વેચાતી લીધી. એ પછી થોડાજ વખતમાં વલંદા લોકોના એક મોટા કાફલાએ આવી સેન્ટ ટૉમેનો કબજો લીધો. તે વખતે જે ફ્રેન્ચ લોકો જીવતા છટકવા પામ્યા તે આ નવી વેચાતી લીધેલી જમીન ઉપર ચાલ્યા ગયા. એ ઠેકાણે માર્ટિને વસાવેલું શહેર પુલિચેરી ઉર્ફે પોન્ડીચેરી હતું (૧૬૭૫). અહીં માર્ટિને સઘળી વ્યવસ્થા

ઉત્તમ પ્રકારની કરી એ જાતે અત્યંત મિલનસાર હોવાથી દેશીઓ તરફ ઘણી સભ્યતાથી વર્તતો. આથી પોન્ડીચેરીમાં ધમધોકાર વેપાર શરૂ થયો, અને ફ્રેન્ચ કંપનીને પુષ્કળ નફો થવા લાગ્યો સને ૧૬૭૭ માં શિવાજીએ કર્નાટક ઉપર સ્વારી કરી ત્યારે માર્ટિને તેને નજરાણું આપી સંતુષ્ટ કર્યો, અને તેની પાસેથી પોન્ડીચેરીમાં વેપાર કરવાનો પરવાનો મેળવ્યો (સને ૧૬૭૭) એ પછીના સુમારે પંદર વર્ષ લગી તે ઠેકાણે ફ્રેન્ચ લોકોએ શાંત રીતે પોતાનો વેપાર ચલાવી શહેરને તથા કંપનીને અત્યંત આબાદ કર્યાં. પણ સને ૧૬૯૨ માં તેમની અને વલંદા વચ્ચે યુરોપમાં યુદ્ધ શરૂ થતાં હિંદી મહાસાગરમાંના વલંદા આરમારે સને ૧૭૦૩ માં પોન્ડીચેરી હસ્તગત કર્યું. એ શહેર ચાર વર્ષ વલંદાઓના કબજામાં રહેવા પછી રીઝવીકના કોલકરારની રૂએ પાછું ફ્રેન્ચ લોકોને કબજે ગયું. આટલા વખતની મહેનતથી ટકાવી રાખેલું શહેર અન્ય પ્રજાના હાથમાં જતાં માર્ટિન તદ્દન નિરાશ થઈ ગયો હતો. પણ ફ્રેન્ચ લોકો સઘળી તરફથી સંકટમાં ઘેરાઈ ગયા હતા તે વખતે આટલું શહેર પણ તેમને આખરે પાછું મળ્યું એનું માન માર્ટિનનેજ ઘટે છે. તે અત્યંત નિસ્પૃહી અને એકનિષ્ઠ દેશભક્ત હતો. દેશ કલ્યાણના આવેશમાં તે પોતાની જાતને પણ તુચ્છકારી કહાડતો હતો, અને તેથીજ વલંદા પાસેથી પોન્ડીચેરી પાછું મળતાં તેણે તેને નવું સ્વરૂપ આપવા ભારે મહેનત ઉઠાવી હતી.

સુરતની વખારમાં વિશેષ ફાયદો નહીં મળવાથી સને ૧૭૦૦ ના સુમારમાં તે જગ્યા ફ્રેન્ચ લોકોએ છોડી દીધી. તેમને ત્યાંના દેશી વેપારીરીઓનું પુષ્કળ કરજ થયું હતું, તે તેમણે અદા નહી કરવાથી તેમની આંટને ભારે ધોકો લાગ્યો, તેમના ઉપરનો વિશ્વાસ ઉઠી ગયો, અને તેમના વેપારને પણ નુકસાન પહોચ્યું આ હકીકત જોઈ માર્ટિને ફરીથી પોન્ડીચેરીનો કારભાર પોતાના હાથમાં લીધો, ત્યારે સુરતમાંનું સઘળું દેવું પતાવી દીધું કે જેથી ફ્રેન્ચ ઉપર લોકોનો વિશ્વાસ બેસે. મચ્છલિપટ્ટણની વખાર પુષ્કળ આબાદ સ્થિતિમાં હતી. સને ૧૬૮૮ માં ફ્રેન્ચ લોકોએ બંગાળામાં હુગલી નદીના કિનારા ઉપરનું ચંદનગર શહેર ઔરંગઝેબ પાસેથી ખરીદી

લઇ ત્યાં પોતાનો વેપાર શરૂ કર્યો હતો. ધીમે ધીમે તે શહેર આબાદ થતું ગયું. જેમ ત્યાંની વસ્તી અને અગત્યતા વધતાં ગયાં તેમ ફ્રેન્ચ લોકોને ત્યાં બચાવનાં સાધનો રાખવા જરૂર જણાતાં તેમણે એક કિલ્લો બાંધ્યો. એ શહેર પોન્ડીચેરીને તાબે હતું.

સને ૧૬૯૩ માં વલંદા લોકોએ પોન્ડીચેરી લીધું ત્યારે માર્ટિન ફ્રાન્સ ચાલ્યો ગયો. ત્યાં ફ્રેન્ચ સરકારે તેનો ઉત્તમ પ્રકારે સત્કાર કર્યો. પોતાની હાજરીનો લાભ લઈ તેણે પોન્ડીચેરીના તેમજ આખા હિંદુસ્તાનના વેપારનું મહત્વ સરકારને સમજાવ્યું. એ ઉપરથી વિગ્રહને અંતે તહ થતાં ફ્રેન્ચ લોકોએ પોન્ડીચેરી વલંદા પાસેથી પાછું મેળવ્યું. એ પછી એ શહેરની સુધારણા સપાટાબંધ થઈ. સાર્વજનિક રસ્તા, મોટી મોટી ઈમારતો, બંદરમાં વેપારની આવજા માટેની પૂરતી સગવડો વગેરેની તજવીજ પ્રથમ માર્ટિને શરૂ કરી. ત્યાંના કાયદા તથા વ્યવસ્થા ઉત્તમ હોવાથી ઘણા દેશીઓ ત્યાં જઈ રહેવાને લલચાયા. સને ૧૭૦૬ માં ત્યાંની વસ્તી ૪૦,૦૦૦ ની હતી. સને ૧૬૯૭ માં એ શહેર હિંદુસ્તાનમાંનાં સઘળાં ફ્રેન્ચ સંસ્થાનની રાજધાની થઈ, અને માર્ટિનને 'ડાયરેકટર જનરલ ઑફ ફ્રેન્ચ એફેર્સ ઈન ઈન્ડીઆ'નો માનવંત હોદ્દો મળ્યો. આ જગ્યા ઉપર તે તા. ૩૦ મી ડિસેમ્બર ૧૭૦૬ ને રોજે મરણ પામ્યો ત્યાં સુધી રહ્યો. તેની પાસે કામ કરનારા અનેક લોકોએ પોતાનાં ખીસાં ભર્યાં હતાં, પણ તે જાતે પ્રમાણિકપણે વર્તી પૈસાની બાબતમાં બેફિકર રહેવાથી તે કંઈપણ એકઠું કરી શક્યો નહીં. એના પરિશ્રમથી એના મરણ સમયે હિંદુસ્તાનનાં સઘળાં દરબારમાં તેમજ દેશીઓમાં ફ્રેન્ચ લોકોની કીર્તિની સારી છાપ બેઠી હતી. જાતે બડેજાવ ન રહેતાં માર્ટિન અને તેનાં માણસો હિંદુસ્તાનના રાજા રજવાડાઓને સારી રીતે માન આપતા; અને તેમની રીતભાત તુચ્છકારી નહીં કહાડતાં બને ત્યાં સુધી પોતે પણ હિંદી રીવાજો પાળતા. એની યોગ્ય વ્યવસ્થાને કારણેજ આગળ ઉપર ડુપ્લે હિંદુસ્તાનમાં ફ્રેન્ચ સત્તા પ્રબળ કરી શક્યો, અને બીજી યુરોપિયન પ્રજા કરતાં તેમનો મોભો અને હાક જ્યાં ત્યાં બેઠાં. આસપાસના મુલકના રાજાઓ ખુશીથી પોન્ડીચેરીમાં

આવતા, અને ફ્રેન્ચના પરોણા તરીકે રહી તેમની સાથે મિત્રાચારી કરતા ઉભય વચ્ચે ઈર્ષા કે કપટની લાગણી કદી ઉત્પન્ન થતી નહીં અનેક દેશી મહસ્થો પોતાના ટટાનો નિકાલ તેમની મારફત કરાવતા, અને તેમને પોતાના યજમાન અથવા માલિક ગણતા ફ્રેન્ચનું રાજ્ય હિંદુસ્તાનમા સ્થાયી કેમ ન રહ્યુ તેના કારણો હવે પછી આપણે જાણીશુ પણ આરભમા માર્ટિને કરેલો ઉપક્રમ ઉત્તમ હતો, અને તેને માટે ફ્રેન્ચ પ્રજાએ તેને ધન્યવાદ આપવો જોઇએ એમા સશય નથી

**૪. લેન્વૉર, લાબુરડને, ડુપ્લે અને ડુમાસ.**—(૧) લેન્વૉર (સને ૧૭૨૬–૧૭૩૫) સને ૧૬૬૪ મા ચૌદમા લુઇએ ફ્રેન્ચ કપનીને આપેલી પચાસ વર્ષની સનદની મુદ્દત સને ૧૭૧૪ મા એટલે માર્ટિનના મરણ પછી આઠ વર્ષે રદ થનાર હતી એટલી મુદ્દતમા તેને કઈ વિશેષ લાભ મળ્યો નહોતો, એટલે ખાનગી વેપારીઓને પોતાની જવાબદારી ઉપર જોઇએ તેવો વેપાર કરવાની પરવાનગી તેની તરફથી ઘણાને આપવામા આવી હતી આવા ઉપાયોથી પણ કપની ટકી શકી નહીં તેનુ કરજ વધતુ ગયુ યુરોપથી વહાણો અને માલ આવતા બધ થવાથી પોન્ડીચેરીની આબાદી રહી નહીં પણ ફ્રેન્ચને સુભાગ્યે માર્ટિનના મરણ બાદ થોડા વખતમા ઔરગજેબ બાદશાહનો કાળ થવાથી મોગલ બાદશાહીમા જે ગડબડાટ થઈ રહ્યો તેનો સણસણાટ પોન્ડીચેરી લગી પહોચ્યો નહીં સઘળા પક્ષ સાથે ફ્રેન્ચ લોકોની મિત્રાચારી ટકી રહી હતી સને ૧૭૧૫ મા એમના રાજા તરફથી કપનીને બીજા દસ વર્ષની મુદ્દત મળી એજ વર્ષમા રાજા ચૌદમો લુઇ મરણ પામ્યો ફ્રાન્સનો ચૌદમો લુઈ અને હિંદુસ્તાનનો ઔરગજેબ એ બેઉ ઘણી ખરી બાબતોમા સરખા હતા લુઈ સને ૧૬૪૩ મા બાળપણમાં ગાદીએ આવ્યો હતો, અને તેણે ૭૨ વર્ષ રાજ્ય કર્યું હતું એ દરમિયાન તેણે પોતાની જબરદસ્ત મહત્વાકાક્ષાને જોરે આખુ યુરોપ હચમચાવી મુકયુ અને અતકાળે કરજ, દુખ પરાભવ ઈત્યાદી અનેક કષ્ટો વેઠી તે અવદશામા મરણ પામ્યો ખાસ કરીને એના અમલ દરમિયાન ફ્રેન્ચ સરકાર અતિશય મુશ્કેલીમા આવી પડી હતી એ મુશ્કેલીમાથી નીકળ

વા માટે જે ઉપાયો યોજવામાં આવ્યા હતા તે અમલમાં મુકવાને કેટલાક ચાલાક ફ્રેન્ચ ગ્રહસ્થો હિંદુસ્તાન આવ્યા હતા તેમની પૂર્વ હકીકત અહીં આપવી અસ્થાને લાગશે નહીં. માર્ટિનની પછી પોન્ડીચેરીમાં નીમાયલા નાના મોટા અધિકારીઓમાં લેન્વૉર (Lenoir) હોંશીઆર, ઉદ્યોગી, દઢનિશ્ચયી અને વેપારના કામમાં અત્યંત પ્રવીણ હતો. તેણે દેશી વેપારીઓની સહાયતાથી કંપનીનો વેપાર ચલાવી ઘણો ફાયદો કર્યો હતો. સને ૧૭૨૩ માં ફ્રેન્ચ સરકારે કંપની સાથેનો ઘણો ખરો સંબંધ તોડી નાંખ્યો, અને તેને સંપૂર્ણ સ્વતન્ત્રતા આપી. આ પછી તરતજ કંપનીએ મોટો ભંડોળ એકઠો કર્યો, અને કેટલાંક વહાણો હિંદુસ્તાન રવાના કર્યાં, ત્યારે બોવલિએ .( Beauvallier ) લેન્વૉરની જગ્યાએ ફ્રેન્ચ ગવર્નર થઈ આવ્યો. એણે ત્રણ વર્ષ કંપનીનો વેપાર ધમધોકાર ચલાવ્યા પછી સને ૧૭૨૬ માં લેન્વૉરની નિમણુક ફરીથી એની જગ્યા ઉપર થઈ. એ પછી દર સાલ દસ વીસ લાખની કિંમતનો માલ ફ્રેન્ચ વહાણોમાં યુરોપ જવા લાગ્યો, પોન્ડીચેરીની આબાદી વધતી ચાલી, અને વસ્તી પણ વધી, ત્યારે શહેરના બચાવ માટે આસપાસ એક કોટ બાંધવામાં આવ્યો તેમજ અંદરના ભાગને સુધારવા અર્થે બાગ, રસ્તા, સગવડભર્યાં બંદરો વગેરેની યોજના થઈ.

પોન્ડીચેરીમાં મુખ્ય અધિકારી ગવર્નર હતો, અને તેની મદદમાં વધતામાં વધતા પાંચ સભાસદોની એક કૌન્સિલ હતી. એમના હાથમાં સઘળો અધિકાર હતો. એમને નીમવાની તથા કહાડી મુકવાની સંપૂર્ણ સત્તા કંપનીને હતી, અને રાજા તે બાબતમાં વચ્ચે પડી શકતો નહીં. ગવર્નરની સ્વારી મોટા ઠાઠથી બહાર નીકળતી. એકંદર શાંત રીતે વેપાર ઉદ્યોગ વધારવાની તક પોન્ડીચેરીના અમલદારોને મળી, પણ તે ઘણો વખત ટકી નહી. એમ છતાં બીજાં પાંચ પચાસ વર્ષ આવી જાહોજલાલીમાં પસાર થયાં હોત તો પોન્ડીચેરીમાં ફ્રેન્ચની સત્તા હમેશને માટે સ્થપાયા વિના રહત નહિ.

**(૨.) લાબુરડને ( સને ૧૭૨૫-૪૮ ).**--સને ૧૭૨૫ માં પોન્ડીચેરીના ગવર્નરે માહી બંદરનો કબજો લેવા માટે લડાયક વહાણો મોકલ્યાં હતાં. એ

બંદર મલબાર કિનારા ઉપર તલેચરીની દક્ષિણે એક દેશી રાજાના તાબામાં હતું. સુરત છોડયા પછી પશ્ચિમ કિનારાના દક્ષિણ છેડા સુધી પોતાની સત્તાનું કોઇપણ બંદર ન હોવાથી ફ્રેન્ચ લોકોને ઘણી અગવડ પડતી; અને તેથી હરેક પ્રયત્ન કરી એવું એકાદ ઠેકાણું મેળવવા ફ્રેન્ચ કંપની તરફથી પોન્ડીચેરીના ગવર્નરને એક સરખો આગ્રહ થતો હતો. તદનુસાર માહી કબજે કરવા આવેલાં વહાણો ઉપર બર્ટ્રાંડ ફ્રાન્સિસ ડ લાબુરડને ( Bertrand Francis La Bardormans ) નામનો એક ગૃહસ્થ હતો. એનો જન્મ સેન્ટ મેલો ( St. Malo )માં સને ૧૬૯૯ માં થયો હતો. દસ વર્ષની ઉમરે તે વહાણમાં દૂર પ્રદેશો લગી સફરે નીકળ્યો હતો, અને દક્ષિણ મહાસાગરમાં તેમજ પૂર્વ તરફ ફિલિપાઇન બેટ સુધી તેણે પ્રવાસ કર્યો હતો. તેણે અભ્યાસ કરી કંઇક જ્ઞાન પણ સંપાદન કર્યું હતું. સને ૧૭૧૬–૧૭ માં ઉત્તર સમુદ્ર અને ભૂમધ્ય સમુદ્ર લગી ગયો હતો. એ પછી બે વર્ષ રહી ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીની નોકરી સ્વીકારી તે સુરત આવ્યો. અહીં પોતાની હોંશીઆરીને જોરે તે તરતજ અગત્યના ઓદ્ધા ઉપર ગયો, પણ કેટલોક વખત હિંદુસ્તાનમાં રહી તે ફ્રાન્સ પાછો ફર્યો, ત્યાં નેવલ એન્જીનિઅરીંગનો અભ્યાસ કરી તે પોન્ડીચેરી આવ્યો ત્યારે ઉપર કહ્યા પ્રમાણે માહી હસ્તગત કરવા ઉપડેલી સ્વારીમાં તેની નિમણુક થઇ, અને તેનીજ હોંશીઆરીથી તે શહેર ફ્રેન્ચ લોકોના કબજામાં આવ્યું.

(૩.) જોસેફ ફ્રાન્સિસ ડુપ્લે (Joseph Francis Dupleix)– લાબુરડનેની માફક ફ્રેન્ચ કંપનીની નોકરીમાં એ પુરૂષ એટલો તો પ્રસિદ્ધિમાં આવ્યો કે ફ્રેન્ચ ઇતિહાસમાં તેનું નામ અમર થઇ ગયું છે. એ ફ્રાન્સ દેશમાં સને ૧૬૯૭ માં જન્મ્યો હતો. તેનો બાપ તાલેવંત હોવાથી ફ્રેન્ચ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીમાં એક ડાયરેક્ટર હતો. જોસેફને નાનપણથી ગણિતનો ઘણો શોખ હોવાથી તેના પિતાએ તેને સને ૧૭૧૪ માં સમુદ્રના પ્રવાસે મોકલ્યો, અને પરિણામે આટલાંટિક અને હિંદી મહાસાગરમાં મુસાફરી કરી તે ઘણો હોંશીઆર થયો. દરીઆ ઉપર સાહસ કરવાની તેને ઘણી હોંસ થઈ, અને અસીમ મહત્વાકાંક્ષાનાં ચિન્હ તેનામાં દેખાવા લાગ્યાં. તેના પિતાના

લાગવગથી તે પોન્ડીચેરીની કૌન્સિલનો પહેલો એટલે લશ્કરી સભાસદ થઈ આ દેશમાં સને ૧૭૨૦ માં આવ્યો. એજ વખતે પોન્ડીચેરીનો વેપાર મંદ પડ્યો હતો એટલે મનમાં ઘોળાયા કરતા દ્રવ્ય મેળવવાના વિચારો અમલમાં મુકવાની ડુપ્લેને સારી તક મળી. યુરોપ અને હિંદુસ્તાન વચ્ચેના વેપારમાં સારો નફો નહીં થવાથી તેણે હિંદુસ્તાનના કિનારા ઉપરનો વેપાર હાથમાં લીધો. આ ધંધામાં કંપની નહીં પડે એવા હેતુથી ખાનગી વેપારીઓને તે ચલાવવા તેણે ઉત્તેજન આપ્યું, અને પોતે પણ તેમાં મોટી રકમ રોકી. એમાં તેને ઘણો યશ મળવાથી સઘળા લોકો તેની પાછળ ગાંડા થઇ ગયા હતા, અને થોડાજ વખતમાં પોન્ડીચેરીનું બંદર સઘળી જાતનો માલ દક્ષિણ હિંદુસ્તાનમાં પુરો પાડનારૂં મોટું ધામ થયું હતું. એમ છતાં ડુપ્લેનું વર્તન ફ્રાન્સમાંના ડાયરેક્ટરોને પસંદ પડયું નહીં, એટલે તેને સને ૧૭૨૬ માં એ કામ ઉપરથી ખસેડવામાં આવ્યો. પરંતુ પોતાની વર્તણુક બાબતની ખરી હકીકત લખી મોકલ્યા પછી ડુપ્લેને ચાર વર્ષે યોગ્ય ન્યાય મળ્યો, અને સને ૧૭૩૦ માં ચંદ્રનગરના મુખ્ય અધિકારી તરીકે તેની નિમણુક થઇ.

સને ૧૬૭૬ માં ચંદ્રનગર વસાવવામાં આવ્યું ત્યારથી તેના ઉપર કોઈએ વિશેષ લક્ષ નહીં આપવાથી તે અત્યંત મંદ સ્થિતિમાં પડી રહ્યું હતું. સને ૧૬૮૮ માં ત્યાં એક નાનો કિલ્લો બાંધવામાં આવ્યો, તોપણ ત્યાં કોઇપણ જાતનો ઉદ્યોગ ધંધો ચાલતો નહોતો. આ હકીકતમાં એ શહેરનો વેપાર વધારવાની મતલબથી ડુપ્લેની સને ૧૭૩૧ માં ત્યાં મુદામ નિમણુક કરવામાં આવી. અહીં પુષ્કળ કામ કરવાનું હતું અને તે ઉપાડી લેવાની તેનામાં હિમ્મત હતી એ તે સારી પેઠે જાણતો હતો. એણે એકદમ વહાણો વેચાતાં લઈ માલ ભરવાનું શરૂ કર્યું, અને ગામેગામના વેપારીઓને એકઠા કરી વેપાર ઉપાડયો. હાથ હેઠળનાં માણસોને તેણે યોગ્ય પ્રોત્સાહન આપ્યું, કેટલાકોને વેપાર ચલાવવા પૈસા ધીર્યા અને કેટલાકોને પોતાના ભાગીદાર પણ બનાવ્યા. આ પ્રમાણે તેણે એકદમ વેપાર ચલાવવા ધામધુમ કરી મુકવાથી બંગાળાનો માલ સુરત, બસરા, જદ્દા, મોખા

ઇત્યાદિ શહેરોમાં જવા લાગ્યો. દેશી રાજાઓ સાથે મૈત્રી કરી ડુપ્લેએ પોતાના કામમાં હરેક પ્રકારની મદદ મેળવી. આ શ્રમને લીધે થોડાંજ વર્ષમાં ચંદ્રનગરનો વૈભવ સર્વત્ર ફેલાયાથી ફ્રાન્સમાં કંપનીના સભાસદોને અત્યંત આનંદ થયો. લોકો ડુપ્લેની તારીફ કરી તેને ધન્યવાદ આપવા લાગ્યા. સને ૧૭૩૧ થી ૧૭૪૧ લગીનાં દસ વર્ષમાં ચંદ્રનગરની સ્થિતિમાં અસાધારણ ફેરફાર થઈ ગયો, અને ડુપ્લેનો ખાનગી વેપાર પુષ્કળ વધવાથી તે પણ પૈસાવાળો થયો.

**(૪.) ડુમાસ.**—સને ૧૭૩૫ માં લેન્વૉરનો કારભાર પુરો થતાં તેની જગ્યાએ બેન્વૉટ ડુમાસ (M. Benoit Dumas) ની નિમણુક થઈ. એ ઘણો ચાલાક અને હોશીઆર હતો. એ જુની ફ્રેન્ચ કંપનીનો નોકર હતો, અને સને ૧૭૧૩ માં સત્તર વર્ષની ઉમરે પોન્ડીચેરી આવ્યો હતો. પાંચ વર્ષમાં તે સુપ્રિમ કૌન્સિલનો મેમ્બર થયો, અને ૧૭૨૧ માં એટર્નિ જનરલની જગ્યા ઉપર ગયો. એ પછી કેટલાંક વર્ષ બુર્બોનના ગવર્નરનો ઓદ્ધો ભોગવ્યા બાદ એ પોન્ડીચેરીમાં ફ્રેન્ચ કંપનીનો મુખ્ય અમલદાર થઈ આવ્યો. તે નિયમિત કામ કરનારો તથા સ્વદેશાભિમાની હતો, દેશીઓના રીતરીવાજ સંપૂર્ણ સમજતો હતો અને ગમે તેમ કરી ફ્રાન્સની સત્તા વધારવા માટે તે અતિશય મહેનત કરતો હતો. શાંત રીતે તથા ધીરજથી પોતાનો ઉદ્દેશ પાર પાડવા તે ઉત્સુક હતો. કર્નાટકના નવાબ દોસ્તઅલી સાથે એને ગાઢી મિત્રાચારી હતી, અને તેની મારફતે મોગલ બાદશાહ મહમદશાહ પાસેથી પોન્ડીચેરીમાં નાણું પાડવાની પરવાનગી તેણે મેળવી હતી. એ નાણું સોનાચાંદીનું હતું, અને મોગલ સિક્કાની માફક તેની એક તરફ મોગલ બાદશાહનું ડોકું તથા બીજી તરફ નામ છાપેલું હતું. આ પરવાનગીથી પોન્ડીચેરી અત્યંત આબાદ થયું. યુરોપમાંથી સોનું ચાંદી લાવી અહીં તેના સિક્કા પાડી તે વડે વેપાર ચલાવી ફ્રેન્ચ લોકોએ દરસાલ બે લાખ રૂપીઆ નફો કર્યો. હવે પછીના બનાવોમાં આ ફ્રેન્ચ ગ્રહસ્થ વિશે આપણે વધારે જાણીશું.

# પ્રકરણ ૧૫ મું.

## કર્નાટકની રંગભૂમી ઉપર તૈયારી.

### ઈ સ ૧૭૩૯–૧૭૪૪.

૧ યુદ્ધ માટેની તૈયારી
૨ મોગલ બાદશાહીમા કર્નાટકની વ્યવસ્થા
૩ ચદા સાહેબ અને ફ્રેન્ચ વચ્ચે મિત્રાચારી
૪ મરાઠાઓની કર્નાટક ઉપર સ્વારી
૫ રાઘુજી અને ફ્રેન્ચ વચ્ચે પત્રવ્યવહાર.
૬ ડુપ્લે અને કર્નાટકમા ગડબડાટ.

**૧. યુદ્ધ માટેની તૈયારી.**—ગોડોલ્ફિને ભાજગડ કરી ઇંગ્લડમાના વિરૂદ્ધ પક્ષનુ સમાધાન કરવાથી એશિયા ખડમા રાજ્ય મેળવવા માટે ઇસ્ટ ઇન્ડીઆ કપની એક પ્રચડ સસ્થા નિર્માણ થઈ આ વેળા લડન શહેર સપત્તિમા ડોલી રહ્યુ હતુ, અને ત્યાની અપાર દોલતનો ટેકો અગ્રેજ કપનીને મળવા લાગ્યો હતો આખા ઇંગ્લડના વહાણવટીઓ તેને મદદ આપના તત્પર હતા બળવાન બ્રિટીશ સરકારની તેને સહાયતા હતી, સરકારના કારભારી ઓ ઘણા ખરા ધનાઢ્ય વેપારીઓના હાથમા હતા કપનીનુ મુખ્ય સ્થાન લડનમા હતુ, અને ત્ત્યાંથી ક્લિલેમધી કરેલા વસાહતના અસખ્ય થાણા દૂરના પ્રદેશોમા ઠામોઠામ હતા, વેપારના સરક્ષણ માટે એક મહાન કાફલો તૈયાર હતો, અને હિંદુસ્તાનમા મરજી માફક વહિવટ કરવાને સનદની રૂએ તેને અધિકાર મળેલો હતો આ પ્રમાણે અનેક રીતે પોતાની સ્થિતિ અનુકૂળ હોવાથી માહોમાહે લડતા મોગલ અધિકારીઓ વચ્ચે ઝીંપલાવવા કપની શક્તિવાન થઈ તેમા કઇ નવાઈ નહોતી લડનથી હિંદુસ્તાન દૂર હોવાથી કપનીને કેટલીક રીતે નુકસાન હતુ તેમ બીજી રીતે તેને ફાયદો પણ હતો પાચ હજાર મૈલના અતરને લીધેજ યુરોપિયન રાજ્યોના વાર-વારના પરસ્પર તેમજ સ્થાનિક વિરોધમા આ દેશ અફળાતો નહીં, તેમજ તેને લગતો કોઈ પણ પ્રશ્ન યુરોપના રાજકીય ક્ષિતિજમા દાખલ થવા પામતો નહીં સતરમા સૈકામા આખુ યુરોપ અનેક પ્રકારના ઝગડામા એટલું તો ગુચવાઈ ગયુ હતુ કે હિંદુસ્તાન તેનાથી ઘણે અતરે હોવાને

લીધેજ તેમા સપડાઈ જતા બચી ગયુ અને કપની પોતાની મરજી માફક વર્તી શકી વળી અહીંના નિરનિરાળા પક્ષોને પોતપોતાના ટટામા અગ્રેજ તથા ફ્રેન્ચ જેવા ત્રાહિત લોકો ઘણા ઉપયોગી લાગવાથી તેઓએ નિર્ભયપણે તેમને આશ્રય આપ્યો

યુટ્રેક્ટના તહનામા પછીના પચીસ ત્રીસ વર્ષમા ફ્રેન્ચ અને અગ્રેજ કપનીને જે સ્વસ્થતા મળી તેમા તેની સ્થિતિ અત્યત આબાદ થઇ, અને પરિણામમાં ઉભય સસ્થાને એક બીજા પ્રત્યે જબરદસ્ત ઇર્ષા ઉત્પન્ન થઈ યુરોપમા ઇગ્લ અને ફ્રાન્સ વચ્ચે વિગ્રહ ચાલતો હોવાથી તેની અસર હિંદુસ્તાનમા જણાવવા લાગી સને ૧૭૪૩ પછીના વીસ વર્ષમા યુરોપમા જે પ્રમાણે ઇગ્લડ અને ફ્રાન્સ વચ્ચે યુદ્ધ ચાલ્યુ હતું તેજ માફક હિંદુસ્તાનમા અગ્રેજ અને ફ્રેન્ચ કપનીઓ વચ્ચે ભારે લડાઇ થઇ હતી અને તેમા અનેક દેશી સત્તાધીશો સામેલ થયા હતા આ ઝગડાને અતે ફ્રાન્સના હાથમાથી પૂર્વ તરફના મુલક ઉપરનો સઘળો કાબુ જતો રહ્યો અને અગ્રેજોએ વિજયી થઇ પોતાની સત્તા દૃઢ કરી

આગળ કહેલો અગ્રેજ તથા ફ્રેન્ચ લોકોની આબાદીનો સમય તેજ મોગલ બાદશાહીની પડતીનો કાળ હતો ઔરગજેબ બાદશાહ સને ૧૭૦૭ મા મરણ પામ્યો ત્યારે તેનુ રાજ્ય ભયકર સ્થિતિમા આવી પડયુ હતું રાજ્યમા જ્યા ત્યા અવ્યવસ્થા અને ગેરબદોબસ્ત હતા મરાઠા વગેરે અન્ય શત્રુઓ પ્રબળ થયા હતા સર્વને ધાકમા રાખી અનેક મહાન મોગલ બાદશાહે જે વિસ્તીર્ણ રાજ્ય સપાદન કર્યું હતુ તેને સભાળી શકે એવો કોઇપણ કર્તવ્યવાન પુરૂષ ઔરગજેબની પાછળ થયો નહી, એટલે મળેલી તકનો લાભ લઈ રાજધાનીથી દૂર પડેલા જુદા જુદા પ્રાતના સુબેદાર તથા નવાબો રાજ્યને માટે લડી મરવા લાગ્યા જે કોઇને લશ્કરની મદદ મળતી તે પોતાની હસ્તકના મુલક માટે બીજાઓ સામે લડતા પ્રજામા કઇપણ દમ ન રહેલો હોવાથી તેને જે કોઇ ઝુકાવતું તેમ તે ઝુકાવવા તૈયાર થતી આ સજોગોમા કોઈ યશસ્વી પુરૂષ આ અધાધુધીનો અત આણી દેશમા શાતિ ફેલાવે એવી સર્વ કોઇની ઇચ્છા થવા લાગી

મોગલ બાદશાહીની પડતીના કાળમા નિઝામ ઉલ મુલ્ક, અસખ્ય મરાઠા સરદારો, તેમજ અગ્રેજ ફ્રેન્ચ વગેરે અનેક લોકો આ દેશમા પોતાનુ રાજ્ય પ્રાપ્ત કરવા ઉત્સુક બન્યા હતા, અને પોતાનો હેતુ બર લાવવા સઘળા એકસરખા મથન કરતા હતા આવી રીતે ઉદ્યોગ કરનારા પૈકી કેટલાક તો ઉપાડેલા કામ માટે દેખાઇતી રીતે અશક્ત હતા, કેટલાકોએ પોતાની ધારણા પાર ઉતારવા અસાધારણ ઉતાવળ કરી હતી, તથા કેટલાકોની પોતાનીજ અતર્વ્યવસ્થા સતોષકારક નહોતી અગ્રેજ સરખા તીવ્ર બુદ્ધિવાળા લોકો દેશના થતા ફેરફારોનુ બારીકાઇથી નિરીક્ષણ કરી તટસ્થ વૃત્તિ બતાવતા હતા જે કોઇ ઉતાવળ અથવા ભૂલ કરશે તેમને તેમના કામનુ ફળ આપોઆપ મળશે, તથા લડાઇમા નિ સત્વ થશે એમ સમજી આવેલો પ્રસગ ઉડાવી, તેઓ યોગ્ય તકની રાહ જોતા બેઠા આવા કામમા એક પ્રકારનો દ્રઢ નિશ્ચય તથા હિંમત જરૂરના હોવાથી મરાઠા જેવા બહાદુર લડવૈયાઓનુ તે તરફ પ્રથમ લક્ષ ગયુ પહેલા બાજીરાવ પેશ્વાએ દેશની ખરી પરિસ્થિતિ તરતજ જાણી લીધી, અને મોગલ બાદ શાહીના સઘળા અગભૂતો ઉપર એકદમ હલ્લો કરવાની શરૂઆત કરી પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ અને ઉત્તર એમ ચારે દિશામા ધસી જઇ મોગલ પ્રદેશ જીતી લેવાનુ કામ તેણે આરભ્યુ એમાની દક્ષિણ તરફની સ્વારીની સરદારી રાઘુજી ભોસલે ઉર્ફે રઘનાથરાવ પાસે હતી તેનો અને ફ્રેન્ચ લોકોનો સબધ કેવા પ્રકારનો થયો હતો તે હવે પછીની હકીકત ઉપરથી જણાઈ આવશે, તેમા એમ સ્પષ્ટ માલમ પડશે કે યુરોપિયન લોકોનો મુખ્ય આધાર કાફલા ઉપર હતો શત્રુના આઘાતથી વિશેષ નુકસાન ન ખમતા, બારીક પ્રસગ આવતા આરમારની મદદથી નાસી છૂટવાની તેમને અનુકૂળતા હતી પરદેશીપણુ જેવી રીતે કેટલેક પ્રસગે નુકસાનકારક નીવડે છે, તેમ તે કોઈ કોઈ વેળા ફાયદેલાર પણ થાય છે દેશી સત્તાધિકારીઓ પરસ્પર વૈમનસ્યમા ગુથાઈ જવાથી, યુરોપિયન લોકોનું પરદેશીપણું કઇક અશે તેમને નફાકારક થઈ પડયુ

હવે પછીની હકીકત ઉપરથી બીજી એક વાત એવી પણ સિદ્ધ

થશે કે હિંદુસ્તાનમા રાજ્ય સ્થાપન કરવામા અગ્રેજો કરતા ફ્રેન્ચ લોકોએ આગળ પડતો ભાગ લીધો હતો, અને તેમા તેમની તિવ્ર બુદ્ધિનો ઉપયોગ થયો હતો ખરી પરિસ્થિતિ ફ્રેન્ચ લોકોએ ઓળખી લીધી હતી, અને તદનુસાર ઉદ્યોગ પણ તેમણેજ શરૂ કર્યો હતો એ પછી અગ્રેજોએ ફ્રેન્ચ લોકોનો પરાભવ કરી તેમણે ઉપાડેલુ કામ પાર પાડ્યુ

**૨. મોગલ બાદશાહીમાં કર્નાટકની વ્યવસ્થા.** મોગલ અમલમા આખા રાજ્યના મોટા મોટા વિભાગો કરવામા આવ્યા હતા, અને દરેકને સુબાગિરી એવી સજ્ઞા આપવામા આવી હતી, સુબાગિરીના મુખ્ય અમલદારને સુબેદાર કહેતા સુબાગિરીના પેટા ભાગો ઉપરના અમલદારને નવાબ કહેવામા આવતા આ નવાબો સુબેદારના હાથ હેઠળ હોવાથી, હાલની રાજ્યપદ્ધતિના કલેક્ટરની બરોબર તેમનો ઓધ્ધો ગણી શકાય સુબેદાર તથા નવાબની નિમણુક ખુદ બાદશાહ તરફથી થતી, પરતુ રાજધાનીનુ શહેર દૂર હોવાથી, કોઈ મુશ્કેલ પ્રસગે રાજ્યકારભાર અટકી નહીં રહે તે માટે તાબડતોબ નવાબની નિમણુક કરવાનો અધિકાર સુબાને હતો આવી રીતે થયલી નિમણુક માટે પાછળથી બાદશાહની મજુરી મેળવવાની જરૂર હતી મોગલ અમલમા આ વ્યવસ્થા યોગ્ય રીતે પ્રચલિત હોવાથી કોઈ પણ અમલદાર તેની વિરૂદ્ધ થતા તે બાબતની વ્યવસ્થા બાદશાહ રૂબરૂ સત્વર થતી પણ ઔરગઝેબના અમલની અતમા તથા તેના મરણ બાદ રાજ્યમા અધાધુધી શરૂ થવાથી, સુબેદાર તેમજ નવાબો મરજી પ્રમાણે પોતપોતાની નિમણુક કરવા લાગ્યા અને નવાબે મરણ સમયે પોતાના પુત્ર અગર નજદીકના સગાને પોતાની જગ્યા ઉપર નીમવો એવો પ્રઘાત શરૂ થયો કેટલીકવાર આવી નિમણુક મજુરી માટે બાદશાહ પાસે સાદર થતી, પણ ખુદ બાદશાહ અમલદારોના હાથમા પુતળા સમાન હોવાથી દરેક ગોઠવણ મજુર કર્યા વિના તેનો છૂટકો નહોતો આપણી તરફ મરાઠી અમલની પડતીના કાળમા જેની રીતે પેશ્વાઇનો પોશાક સતારાના છત્રપતિ તરફથી જેને જોઇએ તેને મળવા લાગ્યો હતો, તેવીજ કંઈક ગેરવ્યવસ્થા મોગલ બાદશાહીમા શરૂ થઈ હતી

બાદશાહીના બીજા પ્રાંતોની માફક દક્ષિણની સુબાગિરીની હદ નિશ્ચિત થઇ નહોતી. વળી દક્ષિણ દેશ એટલે હિંદુસ્તાનના દ્વીપકલ્પનો મધ્યભાગ કાયમનો મોગલોએ કદી જીત્યો નહોતો. તે હસ્તગત કરવા માટે અકબરના વખતથી પ્રત્યેક બાદશાહે સ્વારી કરી હતી, અને છેવટે ઔરંગજેબે એ હેતુ બર લાવવામાંજ પોતાનો પ્રાણ ખોયો હતો. ગોવળકોન્ડા અને વિજાપુરનાં રાજ્યો તેણે જીત્યાં હતાં, અને તેમનો મુલક દક્ષિણની છ સુબાગિરીમાં સામેલ કર્યો હતો, તોપણ મહારાષ્ટ્રની પેલી તરફનો પ્રદેશ જેને કર્નાટક કહે છે તે તથા મરાઠાઓના કબજામાંનો મહારાષ્ટ્રનો પ્રાંત જીતવાનું કામ ઔરંગજેબનાં મરણ સમયે શરૂ થયું હતું. ટ્રીચીનાપોલી, તાંજોર તથા મ્હેસુરમાં જે સ્વતંત્ર રાજ્યો હતાં તેમની ઉત્તર તથા પૂર્વ તરફના મુલકને સામાન્ય રીતે કર્નાટક કહેવામાં આવે છે. આર્કટ આ પ્રદેશના મધ્યભાગમાં હોવાથી તેની રાજધાનીનું શહેર હતું. આ પ્રાંતની જુદી સુબાગિરી ઔરંગજેબે કદી સ્થાપી હતી નહીં, કેમકે એક સુબાગિરીમાં સમાવી શકાય એટલો દક્ષિણનો સંબંધ પ્રદેશ તે કદી જીતી શક્યો હતો નહીં. આ કારણથી દક્ષિણનો જે કંઈ મુલક મોગલોને હસ્તક આવ્યો તેટલો તે તરફના બીજા પ્રાંતોમાં સમાવી દેવામાં આવ્યો હતો. આવાંજ કોઈ કારણોને લીધે હૈદરાબાદનો નિઝામ આર્કટના નવાબ ઉપર પોતાની હકુમત ચલાવવાનો દાવો કરતો, અને આ માની લીધેલા હકને લીધેજ હવે પછીની અનેક ભાંજગડો ઉપસ્થિત થઇ હતી. આરંભમાં આ પ્રાંત જીતવામાં ઔરંગજેબનો સેનાપતિ ઝુલફીકારખાન મુખ્ય હોવાથી તેનેજ બાદશાહે કેટલોક વખત આર્કટના નવાબ પદ ઉપર આરૂઢ કર્યો. પાછળથી જ્યારે તે બાદશાહ સાથે મહારાષ્ટ્રમાં આવ્યો ત્યારે તેની કર્નાટકની જગ્યા ઉપર દાઉદખાન પન્નીની નિમણુક કરવામાં આવી હતી. સને ૧૭૦૬ માં દાઉદખાન મહારાષ્ટ્ર ગયો ત્યારે તેણે પોતાનો અધિકાર સાદત-ઉલ્લા-ખાનને સોંપ્યો; પાછળથી બાદશાહે આ નિમણુક કાયમની કરી આપી હતી. આ પ્રાંતનો કારભાર સાદત-ઉલ્લાએ સને ૧૭૧૦ થી ૧૭૩૨ સુધી ભારે ડહાપણથી ચલાવ્યો. તેને કોઈ વારસ ન હોવાથી મરણ સમયે તેણે પોતાના

ભાઈના છોકરા દોસ્તઅલીને દત્તક લઈ તેને કરનાટકનો કારભાર સોંપ્યો સાદત-ઉલ્લા સને ૧૭૩૨ માં મરણ પામ્યો

દોસ્તઅલ્લીની નિમણુક દક્ષિણના સુબા નિઝામ-ઉલ-મુલ્કને પસંદ પડી નહીં, કેમકે સઘળા દક્ષિણ પ્રાંતનો પોતે સુબો હોવાથી કર્નાટકના નવાબની નિમણુક તેની સમ્મતીથી થવી જોઈએ એમ તે માનતો હતો આથી તેણે દોસ્તઅલી સામે વાંધો લીધો દિલ્હીમાં નિઝામનો લાગવગ ભારે હોવાથી દોસ્તઅલીની નિમણુક યોગ્ય રીતે દરબારમાંથી મંજુર થઈ નહીં આ દોસ્તઅલીને બે છોકરી અને એક છોકરો નામે સફ્દર અલ્લી એમ ત્રણ છોકરા હતા છોકરીઓના લગ્ન મુર્તઝાઅલ્લી અને ચંદા સાહેબ સાથે થયા હતા અને ચંદા સાહેબ કર્નાટકના નવાબના દિવાન તરીકે કામ કરતો હતો

આ પ્રકરણમાં વર્ણવેલી ભાંજગડ બરાબર સમજવા માટે કર્નાટકના નવાબની વંશાવળી ઉપયોગી થઈ પડશે —

નવાબ સાદત-ઉલ્લા
( સને ૧૭૧૦-૧૭૩૨ )

- દોસ્તઅલ્લી ( સને ૧૭૩૨-૪૦ )
  - સફ્દરઅલી
    - સૈયદ મહમદ
  - હસનઅલ્લી
  - છોકરી =મુર્તઝા અલ્લી
  - છોકરી= ચંદા સાહેબ
- બાકરઅલ્લી ( વેલોરનો કારભારી )
  - મુર્તઝાઅલ્લી

**૩. ચંદા સાહેબ અને ફ્રેન્ચ વચ્ચે મિત્રાચારી.**—ચંદા સાહેબ એક ગરીબ કુટુંબનો પણ હોશીઆર, સાહસિક અને અત્યંત મહત્વાકાંક્ષી પુરૂષ હતો, અને નવાબના જમાઈ થવા પછી તેની મહત્તા પુષ્કળ વધી હતી તેના અનેક પ્રતિસ્પર્ધીઓ હોવાથી પ્રથમથીજ કોઈની સહાય લેવાના

હેતુથી તેણે ફ્રેન્ચ લોકોનો આશ્રય મેળવ્યો હતો એઓ પણ પોતાની સત્તા વધારવાના નાદમાં મગરૂર હોવાથી બેઉને એક બીજાના આશ્રયની જરૂર હતી ચંદાસાહેબ વારંવાર પોન્ડીચેરી જતો ત્યારે ડુમાસ અને બીજા અધિકારીઓ તરફથી તેનો સારો સત્કાર થતો

કર્નાટકનો મોટો ભાગ મુસલમાની અમલ હેઠળ હતો આર્કટ, ગિરે, કડાપ્પા, કરનુલ અને માનાનગર એ પાંચ મોટો નવાબ અતિ સામર્થ્યવાન હતો, ત્રીચીનાપોલી તથા તાંજોરમાં સ્વતંત્ર હિંદુ રાજ્યો પૂર જોરમાં ચાલતા હતા સને ૧૭૩૬ માં ત્રીચીનાપોલીનો રાજા મરણ પામતાં તેના વારસોમાં ગાદીને માટે ઉત્પન્ન થયેલા ટટામાં મૈયત રાજાની રાણી એક બાજુએ હોવાથી, તેને મદદ કરવા માટે નવાબ દોસ્તઅલીએ પોતાના જમાઈ ચંદા સાહેબને ફોજ સહિત તે તરફ રવાના કર્યો એણે રાણી તેમજ બીજા સઘળા વારસોને બાજુએ મુકી પોતેજ તે શહેરનો કબજો લીધો, અને ત્યાંનો કારભાર ચલાવવા માંડ્યો આ સ્થિતિમાં તેને ફ્રેન્ચ લોકો સાથે વધારે ગાઢો સંબંધ બાંધવા અનેક તક મળી, અને તેમાં તાંજોરના રાજાના તાબામાં આવેલું પૂર્વ કિનારા ઉપરનું બંદર એણે મોટી યુક્તિથી ફ્રેન્ચ લોકોને મેળવી આપ્યું આ હકીકત નીચે પ્રમાણે બની તાંજોરનો પહેલો રાજા, શિવાજીનો સાવકો ભાઈ વ્યંકોજી મરણ પામ્યા પછી તેનો છોકરો તુકોજીરાવ કેટલાક વર્ષ રાજ્ય કરી સને ૧૭૩૮ માં ગુજરી ગયો એને ત્રણ છોકરા હતા બે ઔરસ, બાબા સાહેબ અને શાહુજી, તથા ત્રીજો અનૌરસ પ્રતાપસિંહ તુકોજી પછી બાબા સાહેબ તાંજોરની ગાદીએ આવ્યો, પણ તે થોડાજ વખતમાં મરણ પામ્યો તેને કંઈ સંતતી ન હોવાથી તેના ભાઈ શાહુજીએ રાજ્યાસન લીધું, પણ સઘળી સત્તા લશ્કરી અધિકારી સૈયદખાનના હાથમાં હોવાથી શાહુજીને તે ટેકો આપે એમ નહોતું સૈયદખાને સિધોજી નામના બીજા એક ગૃહસ્થની આણ ફેરવતાં, શાહુજી નાસી જઈ પોન્ડીચેરી નજદીક ચિદંબરમમાં ભરાયો, અને ત્યાંથી ફ્રેન્ચ લોકોની મદદ માગી ફ્રેન્ચ લોકો જો તેને તાંજોરની ગાદી મેળવી આપે તો પૂર્વ કિનારા ઉપરનું કારિકલનું બંદર, તેની પાસેનો

કરકનગઢી નામનો મજબૂત કિલ્લો તથા કેટલાક ગામો કાયમના તેમને સપુરદ કરવાનું શાહુજીએ કબૂલ કર્યું આની રીતે આની મળેલી સધિ ડુમાસે જવા દીધી નહીં તેણે તરતજ શસ્ત્રથી સપૂર્ણ રીતે સજ થયલી ફોજ તથા બે વહાણો કારિકલ તાબે કરવા મોકલ્યા આજ લશ્કરે આગળ વધી શાહુજીને તાંજોરની ગાદીએ બેસાડવાનો હતો બીજી તરફ શા જીની કંઈ જુદા પ્રકારની ખટપટ ચાલુ હતી, અને તેની અતે તેણે સૈયદખાનને વશ કરી તેની મદદથી તાંજોરની ગાદી મેળવી અને ફ્રેન્ચ લોકોને કારિકલનું બંદર આપવા ના પાડી આથી હાથમા આવેલો દાવ જતો રહેલો જોઇ ડુમાસ નાસીપાસ થયો, છતા શાહુજી સાથે ખુલ્લી રીતે લડવા તે હિંમત કરી શક્યો નહીં પરતુ ફ્રેન્ચ લોકોને ખુશ કરવાની આ સધિ ચંદા સાહેબને આયતી મળી આવવાથી તેણે જાતે કારિકલનુ બંદર જીતી તેમને સોપવા માટે તે તરફ લશ્કર રવાના કર્યું શાહુજીએ બચાવ માટે પોતાની ફોજ મોકલી, પણ તે ત્યા જઈ પહોચે તે પહેલા ફ્રેન્ચ લશ્કરે કારિકલ હસ્તગત કરી લેવાથી શાહુજી નિરુપાય થઈ અગાઉ કરેલા કરાર પ્રમાણે અમલ કરવા તૈયાર થયો એટલામા તેના હાથમાંથી ગાદી જતી રહી, અને પ્રતાપસિંહે રાજ્યપદ ધારણ કરી ચિદંબરમનો કરાર પાર પાડવા માથે લીધુ આથી કરી કારિકલ, કરકનગઢી તથા પૂર્વ કિનારા ઉપરનો સુમારે રૂ ૩૦ થી ૪૦,૦૦૦ ની વસુલાતનો પ્રદેશ ફ્રેન્ચ લોકોને મળ્યો (સને ૧૭૪૧)

**૪. મરાઠાઓની કર્નાટક ઉપર સ્વારી.**—ચંદા સાહેબ ટ્રીચીના પોલીમા રહેવા લાગવાથી તેની જગ્યા ઉપર નવાબે મીર આસદને દિવાન તરીકે નીમ્યો મીર આસદ પોતાની વિરૂદ્ધ ખટપટ કરે છે એવુ સાભળી ચંદા સાહેબે ટ્રીચીનાપોલીમા પોતાના બચાવ માટે સર્વ પ્રકારની મજબૂતી કરી, અને મદુરા તથા ડિંડીગલમા પોતાના બે ભાઇઓ બડા સાહેબ તથા સાદિક સાહેબને ગોઠવી દીધા આ પ્રમાણે કર્નાટકમા મુસલમાની રાજ્યની વૃદ્ધિ થતી જોઇ તાંજોર અને મૈસુરના હિંદુ રાજાઓના મનમા કંઇક વસવસો પેદા થયો બીજી તરફ ખુદ નિઝામને પણ કર્નાટકના નવાબની વધેલી સત્તા પસદ પડી નહીં નિઝામ પોતે દિલ્હીમા રોકાયલો હોવાથી

મરાઠાઓ સાથે સંધાન કરી તેમને કર્નાટક ઉપર સ્વારી કરવાને ઉશ્કેર્યા. આ પ્રાંત જીતવો એ મરાઠાઓના કાર્યક્રમનો એક ભાગ હોવાથી શાહુ મહારાજના હુકમ અનુસાર રઘુજી ભોંસલેએ પચાસ હજાર ચુંટી કહાડેલા લશ્કર સાથે તે ઉપર સ્વારી કરી ( સને ૧૭૩૯ ). તે વેળા કર્નાટકનો નવાબ દોસ્તઅલ્લી હતો, અને તેનો છોકરો સફદરઅલ્લી તથા જમાઈ ચંદા સાહેબ ટ્રીચીનાપોલીમાં પોતાનો અમલ બેસાડવાના કામમાં રોકાયા હતા. રઘુજીની સામે થવા માટે તેમને દોસ્તઅલ્લીએ જોર જુલમથી પાછા બોલાવ્યા, પણ ચંદા સાહેબનો મૂળ ઉદ્દેશ સ્વાર્થી હોવાથી તે તાબડતોબ આવ્યો નહીં. એટલામાં રઘુજીએ દોસ્તઅલ્લીને રણક્ષેત્ર ઉપર ઘેરી તેના ઉપર સખત હુમલો કર્યો. દોસ્તઅલ્લી જીવ ઉપર આવી ઝનુનથી લડ્યો, પણ નિરૂપાય થઇ તે અને તેનો છોકરો હસનઅલ્લી સંગ્રામમાં માર્યો ગયા, દિવાન મીર આસદ કેદ પકડાયો, તથા રાજ્યના મોટા મોટા અધિકારીઓ મરાઠાને હાથે કપાઇ મુઆ. આ લડાઈ દમલચરીની ખીણમાં તા. ૨૦ મી મે સને ૧૭૩૯ ને દીને થઈ હતી. નવાબના આવા પરાભવથી આખા કર્નાટકમાં કેર વર્ત્યો. આ પહેલાં મરાઠાઓએ સર્વ હિંદુસ્તાન પોતાના પગ હેઠળ ખુંદી માર્યું હતું એટલે હવે કોઈ પણ તેઓની સામે ટકી શકશે નહીં એમ સર્વ કોઇને લાગવા માડ્યું. સફદરઅલ્લી પોતાના રક્ષણાર્થે વેલોરના કિલ્લામાં ભરાઈ બેઠો. જે થયું તે એક રીતે સારૂં થયું એમ ગણી ચંદા સાહેબ ટ્રીચીનાપોલીમાં સ્વસ્થ બેસી રહ્યો. પરંતુ આ બેઉ જણાએ પોતાનું કુટુંબ, જવાહીર વગેરે સઘળું પોન્ડીચેરી મોકલવાથી ત્યાંના ગવર્નર ડુમાસને પોતાની સલામતી માટે ધાસ્તી પેડી. રાતદિવસ મહેનત કરી તેણે પોન્ડીચેરીના બચાવનાં કામ પુરાં કર્યાં, અને અજસામગ્રી તથા દારૂગોળાની ભરતી કરી. નવાબના કુટુંબ સિવાય બીજા પણ પુષ્કળ લોકો આસપાસના પ્રદેશમાંથી તેને આશ્રયે જઈ પડ્યા. નવાબ દોસ્તઅલ્લીની સ્ત્રી, છોકરાં વગેરે તા. ૨૫ મી મેને દીને પોન્ડીચેરી આવ્યાં ત્યારે તેમને અંદર આશ્રય આપવો કે નહીં એ બાબત ડુમાસને મોટો વિચાર પડ્યો. નવાબનું 'કુટુંબ તથા ધનદોલત ફ્રેન્ચના તાબામાં છે એમ મરાઠાઓની જાણમાં આવતાં તેઓ પોન્ડીચેરી

ઉપર આવ્યા વિના રહેશે નહીં જો તેમને આશ્રય આપવામા નહીં આવે તો આટલા દિવસના સ્નેહ ઉપર પાણી ફરે, અને ફ્રેન્ચ લોકોની તેમના કૃતઘ્નપણા માટે લોકોમા ફજેતી ઉડે તે જુદી આની મુશ્કેલીમા સપડાઇ જતા ડુમાસે તાબડતોબ કૌન્સિલની સલાહ લઇ નવાબના કુટુબને પોન્ડીચેરીમા દાખલ કરવાનો નિશ્ચય કર્યો, અને જાતે કિલ્લાના દરવાજા ઉઘાડી મોટા સન્માનથી તેમને અદર લીધા, અને તોપની સલામી આપી તેમને રહેવાની સોઈ કરી આપી થોડા દિવસ બાદ ચદાસાહેબના સ્ત્રી છોકરાઓ આવ્યા તેમને માટે પણ ડુમાએ ફ્રેન્ચ મગ્થાનમા વ્યવસ્થા કરી પેની તરફ મરાઠાઓએ આર્કટ લીધુ, પણ નવાબની સઘળી સપત્તિ પોન્ડીચેરીમા મોકલાવી દીધેલી હોવાથી તેમના હાથમા કઇ પણ આવ્યુ નહીં એટલે તેઓ ઘણા ગુસ્સે થઈ ગયા, અને આગળ શુ કરવુ તેના વિચારમા પડયા નવાબ *દોસ્તઅલ્લીનો કારભારી મીર આસદ તેમના કબજામા હતો તે ચદા* સાહેબનો કટ્ટો વેરી હોવાથી તેનુ એકલપેટાપણુ તે બરાબર સમજતો હતો, એટલે ચદા સાહેબને છોડી દઇ મરાઠાઓ સાથે નવાબને સલાહ કરાવવાના હેતુથી રાઘુજી સાથે તેણે સદેશા ચલાવ્યા રાઘુજીએ તેનુ કહેવુ માન્ય કરી તેને બધનમાથી મુક્ત કર્યો, અને તેને મધ્યસ્થ રાખી ઑગસ્ટ સને ૧૭૪૦ મા સફદરઅલ્લી સાથે તહ કરી એની રૂએ એવુ ઠર્યું હતું કે મરાઠાઓએ સફદરઅલ્લીને કર્નાટકના નવાબ તરીકે કાયમ રાખવો, તેણે મરાઠાઓને એક કરોડ રૂપીઆ હફતે હફતે આપવા, અને પૂર્વ કિનારા ઉપરના હિંદુ રાજાનો જે મુલક સને ૧૭૩૬ પછી બીજાઓએ જીતી લીધો હોય તે જેનો તેને પાછો આપવો એ પછીની કલમ તાંજોરના તાબામાંના કારિકલ માટે હતી, અને છેલ્લી બે કલમો ગુપ્ત રાખવામા આવી હતી આ તહ નામાની સરતો ઉપરથી ફ્રેન્ચ લોકોની મતલબ શુ હતી તે મરાઠાઓએ પૂર્ણપણે ઓળખી લીધી હતી, અને તે પાર પાડવા માટે તેઓ મથતા હતા એ ખુલ્લુ હતુ

**૫. રાઘુજી અને ફ્રેન્ચ વચ્ચેનો પત્રવ્યવહાર.**—ફ્રેન્ચ લોકોએ પૂર્વ કિનારા ઉપર રાજ્યસ્થાપનાની શરૂઆત કરી અને નવાબના કુટુબને

તેમની દોલત સહિત આશ્રય આપ્યો એ વાત રાધુજીને રૂચી નહીં. તેણે તરતજ એક પત્ર એ બાબત ફ્રેન્ચ ગવર્નરને મોકલ્યો; તેમાંનો મી. મેલીસને આપેલો કેટલોક ઉતારો* આ પ્રમાણે છે:—

'અમારા મહારાજાએ તમને પોન્ડીચેરીમાં રહેવાની પરવાનગી આપ્યાને ૪૦ વર્ષ થઈ ગયાં. હાલમાં અમારૂં લશ્કર આ બાજુએ આવેલું છે છતાં તમારી તરફથી કંઈ પણ ખબર આવી નહીં. તમે અમારી દોસ્તીને પાત્ર છો; અમારા શબ્દો કદી ઉથાપશો નહીં અને આપના કરાર બરોબર પાળશો એવી અમારી ખાતરી હતી. તેથીજ તમને મહારાજાએ આ મુલકમાં રહેવા દીધા હતા. એ માટે દરસાલ ખંડણી આપવાનું તમે કબૂલ કરેલું છતાં અદ્યાપિ પર્યંત કંઈ પણ ભરણું કર્યું નહીં, તેથી આખરે મહારાજાને પોતાનું લશ્કર આ તરફ મોકલવા ફરજ પડી. અહીંના મુસલમાન લોકો ગર્વથી અતિ ફુલાઈ ગયા હતા. તેમની ખબર આ લશ્કરે ઠીક લીધી છે એ વર્તમાન તમને મળ્યા હશે; અમારે એ વિષે વધુ જણાવવાની જરૂર નથી. હમણા જીંજી તથા ટ્રીચીનાપોલીના કિલ્લા લઈ તેમનો બંદોબસ્ત કરવાનો તેમજ કિનારા ઉપર રહેતા યુરોપિયન લોકો પાસેથી ખંડણી વસુલ કરવાનો અમને હુકમ થયો છે. એ હુકમ અમલમાં મુકવાનું અમને જરૂરનું છે. તમારી વર્તણુક તથા મહારાજાએ તમારા ઉપર કરેલી મહેરબાની ધ્યાનમાં લેતાં એ ખંડણી તમે નહીં ભરો એ યોગ્ય કહેવાય નહીં. અમે તમારા ઉપર મહેરબાની કરીએ તેના બદલામાં તમે અમારી વિરૂદ્ધ વર્તન ચલાવો છો. તમે મુસલમાનોને તમારી જગ્યામાં આશ્રય આપો એ શું યોગ્ય છે ? વળી ટ્રીચીનાપોલી અને તાંજોરમાંની દોલતની પેટીઓ, હાથી; ઘોડા, જવાહીર વગેરે જે કંઈ હાથ લાગ્યું તે સઘળું, કુટુંબનાં માણસો તથા છોકરાંઓ સુદ્ધાં ચંદાસાહેબે પોન્ડીચેરીમાં લાવી તમારી પાસે રાખ્યાં એ શું બરાબર કહેવાય ? જો તમારે અમારી સાથે મિત્રાચારીનો સંબંધ રાખવો હોય તો ઉપર કહેલી સઘળી દોલત ચંદાસાહેબના કુટુંબ

---

* abstract translation from the French original in the archives of the Company of the Indies as given by Malléson.

કબીલા સાથે તમોએ અમારે હવાલે કરવી. એ સઘળું તાબામાં લેવા માટે સ્વાર મોકલ્યા છે. આ કહેણુ તમે નહી સ્વીકારશો તો જબરદસ્તીથી એ સઘળું લેવાની અમને જરૂર પડશે, અને ચાલીસ વર્ષ લગી નહીં ભરેલી ખંડણી પણ જોરજુલમથી લઈશું. વસઈની સ્થિતિ શી થઈ હતી તે તમે સાંભળીજ હશે. હમણા અમારી પાસે અહીં મોટી ફોજ હોવાથી તેનો ખર્ચ ચાલવો જોઈએ. સીધી રીતે તમો અમારી માગણી કબુલ ન કરો તો તમારી પાસે કેવી રીતે અમારી માગણી વસુલ કરવી એ અમે જાણીએ છીએ. થોડાજ દિવસમાં અમારો કાફલો પણ અહીં દાખલ થનાર છે, માટે આ પ્રકરણનો નિકાલ સત્વર થાય તો સારૂં. આ પત્રમાં માગ્યા પ્રમાણે ચંદાસાહેબનું કુટુંબ તથા છોકરાં તેમજ હાથી, ઘોડા, જવાહીર વગેરે સઘળું તાબડતોબ અમારી તરફ મોકલી આપશો એવી આશા છે.'

ડુમાસે મોકલેલા આ પત્રના જવાબમાંથી નીચલો ઉતારો બસ થશે:— 'મહારાજાને ખંડણી આપવાનુ અમે કબૂલ કરેલું હોવા છતાં ચાલીસ વર્ષ લગી કંઈ ભરણું કર્યું નહીં એમ તમે કહો છો, પણ ફ્રેન્ચ પ્રજા ઉપર આજ લગી કદી પણ કોઈએ ખંડણી બેસાડી નથી. મેં ખંડણી આપવાને કબૂલ કર્યું છે એવું જો ફ્રાન્સનો રાજા જાણે તો તે તરતજ મારૂં ડોકું ઉડાવી દે. અહીંના રાજાએ અમને સમુદ્રકાંઠા ઉપર રેતીમાં કિલ્લા તથા શહેર બાંધવાની પરવાનગી આપી, ત્યારે દેશી લોકોના ધર્મ તથા દેવાલયોને કોઈ પણ પ્રકારનો ઉપદ્રવ કરવો નહીં એટલીજ સરત અમે કબૂલ કરી હતી; અને એ સરત અમે અનઃકરણપૂર્વક પાળીએ છીએ. એટલાજ માટે તમારાં લશ્કરને આ તરફ આવવાની જરૂર નહોતી. જીંજી અને ત્રીચીનાપોલીના કિલ્લા હસ્તગત કરવાનો તમને હુકમ મળેલો હોવાનું તમે જણાવો છો, પણ જ્યાં સુધી આપણી વચ્ચે વેરભાવ ઉત્પન્ન થયો નથી ત્યાં સુધી એ બાબત અમને હરકત નથી. આ પ્રાંતમાં જેટલા મોગલ અધિકારીઓ આવી ગયા છે તેઓ સઘળાએ અમો ફ્રેન્ચ સાથે સ્વમાનથી દોસ્તી રાખી છે. તેઓએ અમારા ઉપર અનેક ઉપકારો કર્યા છે, અને આ સ્નેહને લીધેજ નવાબ દોસ્તઅલ્લીના કુટુંબને આશ્રય આપવાનું અમને અવશ્ય છે.

અમારા દરવાજા બંધ કરી તેમને બહાર ભટકતાં રાખવાં એ અમને ઠીક લાગે કે ? જેને પોતાને માટે કંઈ પણ અભિમાન હોય તે એવું કદી પણ કરશે નહીં. ચંદા સાહેબની સ્ત્રી, તેની મા તથા ભાઈ સાથે અહીં આવી છે, પણ બાકીનાં સઘળાં માણસો આર્કટમાંજ રહેલાં છે. આ બાઈને તેના છોકરા તથા તેની સંપત્તિ સાથે તમારા સ્વારના હવાલામાં સોંપવા તમે લખો છો. તમો બહાદુર તથા મોટા મનના સરદાર હોવાથી આવું નિંદ્ય કૃત્ય મારી પાસે કરાવી મારે માટે તમારા મનમાં કેવો અભિપ્રાય બંધાય તે તમો સહજ સમજી શકશો. ચંદા સાહેબની સ્ત્રી ફ્રેન્ચ રાજાના રક્ષણ હેઠળ પોન્ડીચેરીમાં છે; અને હિંદુસ્તાનમાંનો એકેએક ફ્રેન્ચ ગૃહસ્થ ઠાર થયા સિવાય તે તમારા હાથમાં આવનાર નથી. તમારી માગણી ના કબૂલ થતાં તમો જાતે સઘળાં લશ્કર સહિત પોન્ડીચેરી આવવા જણાવો છો, તો અહીં તમારો યોગ્ય સત્કાર કરવા સારૂ સપૂર્ણ તૈયારી અમે કરીએ છીએ. સર્વ જગતમાં શૂરવીર તરીકે વખણાયલા સિપાઈઓ અમારી પાસે છે; તેઓ ઉપર અન્યાયથી હલ્લો કરનારની ખબર કેવી રીતે લેવી તે તેઓ સારી પેઠે સમજે છે, એ તમે સહજ જાણી શકશો. પરમેશ્વરની સત્તા આગળ મોટાં મોટાં લશ્કર સુદ્ધાં તૃણવત્ હોય છે. એ પરમેશ્વર ઉપર અમારો પૂર્ણ ભરોસો હોવાથી તે અમને સંપૂર્ણ યશ બક્ષસે એવી આશા છે. વસઈની હકીકત અમે જાણીએ છીએ, પણ તે વિષે કહેવાનું એટલુંજ કે તેનો બચાવ ફ્રેન્ચ લોકો કરતા નહોતા.' (સ. ૧૭૪૦).

આવો પત્રવ્યવહાર ચાલુ હતો તેવામાં સફદરઅલ્લીએ મરાઠાઓ સાથે કરેલા તહનામાંની ગુપ્ત કલમોની માહિતી ડુમાસને મળતાં તેણે ઝપાટાબંધ યુદ્ધની તૈયારી કરી. તેણે ૧૨૦૦ યુરોપિયન તથા ૫૦૦૦ મુસલમાન લશ્કરને કવાયત શીખવી તૈયાર કર્યું. હિંદુસ્તાનમાં કવાયતી ફોજની આ શરૂઆતજ હતી. વળી તેણે સર્વ પ્રકારની સામગ્રી શહેરમાં ભરી, અને કાફલાનાં માણસોને પણ જમીન ઉપરની યુદ્ધકળા શીખવી. એટલામાં નવાબ સફદરઅલ્લી પોન્ડીચેરી આવ્યો, અને પોતાની માને મળી ડુમાસનો અત્યંત આભાર માન્યો. આ વેળા તેની સાથે ચંદા સાહેબ

પણ આવ્યો હતો. આ પ્રસંગે પૂર્વ કિનારા ઉપરનો દસ હજાર રૂપીઆની ઉત્પન્નનો મુલક સફદરઅલીએ ફ્રેન્ચ લોકોને જુદો પાડી આપ્યો, અને એ માટે દિલ્હીના બાદશાહનું ફરમાન પણ મેળવ્યું. કેટલાક દિવસ પોન્ડીચેરીમાં રહ્યા પછી સફદરઅલી પોતાની ગાદીએ લઈ આર્કટ ગયો, અને ચંદા સાહેબ ત્રીચીના-પોલી તરફ રવાના થયો, પણ તેનાં સ્ત્રી છોકરાંઓ ફ્રેન્ચ સંસ્થાનમાં રહ્યાં. પોન્ડીચેરીથી પાછા ફર્યા બાદ ચંદા સાહેબે નગરરક્ષણની તજવીજ છોડી દઈ, પોતાના ભાઈ બડા સાહેબને વધારે મુલક હસ્તગત કરવા માટે મદુરા મોકલ્યો. બડા સાહેબ તથા ચંદા સાહેબને છૂટા પડેલા જોઈ રાઘુજીએ એકદમ ત્રીચીનાપોલીને ઘેરો ઘાલ્યો. ચંદા સાહેબ ઘણી ઝનુનથી તેની સામે લડ્યો. બડા સાહેબને તાબડતોબ પાછો બોલાવવા ગયેલા કહેણ પ્રમાણે તે આવી ચંદા સાહેબને મળે તે પૂર્વે રાઘુજીએ તેની સામા વીસ હજાર લશ્કર મોકલ્યું. નાઈલાજ થઈ લડતાં બડા સાહેબ લડાઈમાં પડ્યો અને તેની ફોજ ગભરાટ-માં પડી વિખરાઈ ગઈ. બડા સાહેબના પ્રેતને રાઘુજીએ મોટા ઠાઠથી ચંદા સાહેબને મોકલી આપ્યું. ત્રીચીનાપોલીનો ઘેરો તા. ૧૫ મી ડીસેમ્બરથી ત્રણ મહિના સુધી ચાલ્યા બાદ તા. ૨૧ મી માર્ચ સને ૧૭૪૧ ને દીને ચંદા સાહેબે નિરૂપાય થઈ કિલ્લો મરાઠાઓને સ્વાધીન કર્યો, અને પોતે પણ તેમને શરણે ગયો. ચંદા સાહેબને કેદ કરી રાઘુજીએ સતારા મોકલ્યો, અને મુરારરાવ ઘોરપડેના* હાથ હેઠળ ચાર હજાર માણસો આપી કર્નાટકનો વહિવટ ચલાવવાનું કામ તેને સોંપ્યું. ચંદાસાહેબને પકડ્યા પછી રાઘુજીએ

* પૂર્વે રાજારામ મહારાજના સમયમાં સંતાજી ઘોરપડેનું ખુન થયા પછી તેના પૌત્ર શિદોજીએ સૈન્ય એકઠું કરી કર્નાટકમાં લૂંટ ચલાવી, અને ગુત્તી, ગજેંદ્રગઢ, અને સોંડૂરના કિલ્લા તથા તેની આસપાસનો પ્રદેશ કબજે કરી ત્યાં એક સ્વતંત્ર સંસ્થાન સ્થાપ્યું. કોઈની પણ મદદ વિના પરમુલકમાં તલવારને જોરે મેળવેલું આ નાનું સંસ્થાન ઘોરપડેએ ઉત્તમ રીતે સંભાળી રાખ્યું, અને કૃષ્ણા નદીથી રામેશ્વર પર્યંત સઘળા રાજ્યો ઉપર પોતાની ધાક બેસાડી, એ બધા ઉપરથી તેનું પરાક્રમ વ્યક્ત થાય છે. શિદોજીનો પુત્ર મુરારરાવ ઘોરપડે પ્રણાલીમાં આવે તો કર્નાટકમાં કંઈ પણ લડાઈનો પ્રસંગ ઉપસ્થિત થતાં બે પક્ષમાંના એક પક્ષ તરફ મુરારરાવ ન હોય એમ ભાગ્યેજ બનતું. તેનું સૈન્ય થોડું પણ અત્યંત વ્યવસ્થિત હતું. અંગ્રેજોને અનેક વેળા સહાય કરવા માટે તેમણે મુરારરાવની સ્તુતિ કરી છે. (ખરેના ઐતિહાસિક લેખ ભા. ૨)

ફ્રેન્ચ લોકો ઉપર ખંડણી માટે તગાદો કરવા માંડયો. પાછલી બાકી પેટે સાઠ લાખ રૂપીઆ આપવાની હવે પછી દરસાલ ખંડણી ભરવાનું વચન આપવાની તથા ચંદા સાહેબનાં સ્ત્રીછોકરાંઓને પોતાને સ્વાધીન કરવાની તેણે ડુમાસને માગણી કરી. ડુમાસે કંઈ દાદ ન દેતાં યુરોપથી એકદમ વધારે મદદ મેળવવા ગોઠવણ કરી. રાઘુજીએ ૧૬૦૦૦ ફોજ પૂર્વ કિનારા ઉપર મોકલી, પણ તેથી ફ્રેન્ચ લોકોને કંઈ ઈજા પહોંચી નહીં. એજ વખતે રાઘુજીએ બીજી ફોજ માહી ઉપર રવાના કરી, અને પોતાના વકીલને પોન્ડીચેરીમાં રૂબરૂ સંદેશા ચલાવવા મોકલ્યો. ડુમાસે આ વકીલનો ઉત્તમ પ્રકારે સત્કાર કરી પોતાનાં સઘળાં બચાવનાં કામો તેને બતાવ્યાં, અને પાછા ફરતી વેળા રાઘુજી ભોંસલેને નજર કરવા માટે ફ્રાન્સના ઉત્કૃષ્ટ દારૂની દસ બાટલીઓ તેની સાથે મોકલી. તે દારૂ રાઘુજીની સ્ત્રીને એટલો તો પસંદ પડયો કે તેના આગ્રહને આધીન થઈ રાઘુજીએ બીજી દસ બાટલી ડુમાસ પાસે મંગાવી. તેણે જવાબમાં ત્રીસ બાટલીઓ સાથે સલાગાલિકનો પત્ર મોકલવાથી વખત જતાં ઉભય વચ્ચે સ્નેહભાવ ઉત્પન્ન થયો. પોન્ડીચેરીને કંઈ પણ નુકસાન નહીં પહોંચાડવા રાઘુજીએ પોતાની ફોજને તાકીદ કરી, અને અગાઉની સઘળી માગણીઓ છોડી દઈ તે માહી તરફ નીકળી ગયો.

૬. ડુપ્લે અને કર્નાટકમાં ગડબડાટ.—ફ્રેન્ચ ગવર્નર ડુમાસ એક ચાલાક અને હોંશીઆર અધિકારી હતો, અને તેના અમલમાં ફ્રેન્ચ સત્તા અને લાગવગ પુષ્કળ વધ્યાં હતાં. એવીજ રીતે ડુપ્લેનો ચંદ્રનગરનો કારભાર લોકોને સારો પસંદ પડયો હતો. તેણે ત્યાં કંપનીને પુષ્કળ ફાયદો કરી આપી પોતે પણ અતિશય સંપત્તિ મેળવી હતી. સને ૧૭૪૧ માં ડુમાસનો કારભાર પુરો થતાં તે સ્વદેશ પાછો ફર્યો. ત્યારે ડુપ્લેની નિમણુક પોન્ડીચેરીમાં થવાથી તે વર્ષના ઓકટોબર માસમાં એણે ત્યાં આવી વહિવટ કરવા માંડયો. ડુમાસે રાઘુજી સાથે જે સખત ભાષા વાપરી વિરૂદ્ધ વર્તન દાખવ્યું હતું તેથી મુસલમાન દરબારમાં ફ્રેન્ચ લોકોની એવી વાહવાહ થઈ રહી હતી. નિઝામ–ઉલ–મુલ્કે ડુમાસની વર્તણુકની પત્રદ્વારા સ્તુતિ

કરી, સફદરઅલ્લીએ તેને અનેક મુલ્યવાન વસ્તુ નજર કરી; દિલ્હીના બાદશાહ મહમદશાહે તેને સ્વતન્ત્ર નવાબ બનાવી સાડાચાર હજાર સ્વારોની સરદારી આપી, અને એ નિમણુક પોન્ડીચેરીના ગવર્નર પાસે હમેશની રહે એવું ઠરાવ્યું. સારાંશમાં, બાદશાહ, તેના સુબેદાર, તથા તેના તાબાનો કર્નાટકનો નવાબ એ સઘળા કેટલા નિઃસત્વ થયા હતા, અને સ્વરક્ષણને માટે ગમે તેનો આશ્રય લેવા માટે કેવા તત્પર હતા, એ આ ઉપરથી સ્પષ્ટ દેખાય છે. બમો વર્ષના રાજ્યભોગવટા પછી શૂરવીર મુસલમાનોમાં આટલો મોટો ફરક પડી ગયો હતો. આગળ ગમે તે થાય પણ હાલનું સંકટ ટાળવા માટે તેમની બુદ્ધિ સંકોચાઈ ગઈ હતી. હવે પછી મરાઠાઓ કરતાં પણ યુરોપિઅન લોકો સર્વોપરી થશે એમ તેમને બીલકુલ લાગ્યું નહીં, એ તેમની બુદ્ધિની સીમા દાખવે છે.

પોન્ડીચેરીમાં ડુપ્લે મોટા ઠાઠમાઠથી રહેવા લાગ્યો. હરેક પ્રકારનાં વૈભવચિન્હો ધારણ કરી તેણે પોતાની હાક ચારે દિશામાં બેસાડી. ચંદ્રનગરની કૌન્સિલના એક સભાસદ મી. વિન્સેન્ટનાં મરણ બાદ તેની વિધવા સાથે એણે સને ૧૭૪૧ માં લગ્ન કર્યાં. આ બાઈ હિંદુસ્તાનમાં જન્મેલી હોવાથી તેનો વિદ્યાભ્યાસ અહીંજ થયો હતો. તે મહાન બુદ્ધિશાળી અને ધીટ સ્વભાવની હતી, અને તે દેશી ભાષામાં સપૂર્ણ રીતે પ્રવીણ હતી. આથી તત્કાલીન રાજકીય બાબતોમાં સલાહકાર તરીકે ડુપ્લેને તે ઘણી ઉપયોગી થઈ પડી. આ બેઉ જણાએ એક બીજાની સલાહથી આગળ જતાં કંઈક ભારે રાજનીતિ ઉપાડી હતી.

ડુપ્લેએ પોન્ડીચેરીમાં વહિવટ શરૂ કર્યો ત્યારે મરાઠાઓની સ્વારીને લીધે કર્નાટકની ભારે દુર્દશા થઈ હતી. નવાબ સફદરઅલ્લી ચંદા સાહેબની જાળમાંથી છુટયો હતો, પણ નિઝામ તેના ઉપર હકુમત ચલાવવા આતુર બન્યો હતો. એનું કહેવું એવુ હતું કે આર્કટનો નવાબ તેનો તાબેદાર હોવાથી તેણે હૈદરાબાદ દરબારને ખંડણી આપવી જોઇએ. નવાબ દિલ્હીના બાદશાહ સિવાય બીજા કોઇની સત્તા કબૂલ રાખવાને ના પાડતો, કેમકે બીજા સત્તાધીશોની માફક તે પણ અનુકૂળ આવે તેટલી સ્વતંત્ર સત્તા

સ્થાપવામાં ગુંથાયલો હતો. તેની પાસે સંપત્તિ પુષ્કળ હતી, પણ નિઝામને ખંડણી આપવાની તેને બીલકુલ મરજી ન હોવાથી ગમે તે કારણે તેને ઉડાવવા તે મહેનત કરતો. બીજી તરફથી એ ખંડણી ભરવાને નિમિત્તે નવાબે તાબાના જમીનદાર પાસે પૈસા કઢાવવા સપાટો ચલાવ્યો એટલે તે લોકોમાં અપ્રિય થતાં તેની વિરૂદ્ધ ગુપ્ત કારસ્તાનો ચાલવા લાગ્યાં. આ તોફાનમાં દોસ્તઅલ્લીનો બીજો જમાઈ મુર્તઝાઅલ્લી સામેલ થયો હતો, કેમકે તેની અને સફદરઅલ્લી વચ્ચે અણબનાવ હતો. સફદરઅલ્લીના દુશ્મનો વસુલાત ભરવામાં સામા થવાથી રાજ્યની ઉપજ વખતસર જમા થઇ નહીં, અને નિઝામને જોઈતી હતી તેવી અવ્યવસ્થા શરૂ થઈ. આ અધાધુધીના સમયમાં સને ૧૭૪૨ માં વેલોર આગળ મુર્તઝાઅલ્લીએ સફદરઅલ્લીનું ખુન કર્યું, અને પોતે આર્કટ જઈ નવાબપદ ધારણ કર્યું મુલકમાં અનેક પક્ષ ઉત્પન્ન થતાં તેમાંના એક મુરારરાવ ઘોરપડે તથા અંગ્રેજોની મદદ વડે મુર્તઝાઅલ્લીને આર્કટમાંથી હાંકી કહાડયો, અને સફદરઅલ્લીના અલ્પવયના પુત્ર સૈયદ મહમદખાનને નવાબની ગાદી ઉપર બેસાડયો (સને ૧૭૪૨).

- આવો ઘોંટાળો ચાલુ થતાં કર્નાટકમાં પોતાનો અમલ બેસાડવાની સારી તક આવેલી જોઈ વૃદ્ધ નિઝામે મોટી ફોજ સાથે સને ૧૭૪૩ માં દક્ષિણ તરફ પ્રયાણ કર્યું. એ વેળા એની સાથે ૮૦,૦૦૦ સ્વાર તથા બે લાખ પાયદળ હતું એમ કહેવાય છે આવડાં મોટાં લશ્કર વડે સપાટાબંધ સર્વેનો પરાભવ કરી તેણે બંડખોરોને દાબી દીધા. મુરારરાવના નીકળી જવાથી ટ્રીચીનાપોલી સહજમાં તેના હાથમાં આવ્યું. નિઝામની આ સ્વારીમાં બનેલો એકજ બનાવ જાણવાથી તે સમયની દેશસ્થિતિ કેવી હતી તે બરાબર સમજાશે. ઔરંગઝેબનાં મરણ પછી ઠેકઠેકાણેના અધિકારીઓ સ્વતંત્ર થઇ પોતાને નવાબ કહેવાડતા હતા. એક દિવસ નિઝામે દરબાર ભર્યો તો તેમાં તેની મુલાકાતે એક પછી એક અઠાર નવાબો આવ્યાનું ચોપદારે જાહેર કર્યું ત્યારે નિઝામે ગુસ્સામાં જણાવ્યું કે 'આજ પર્યંત હું એમ સમજતો હતો કે દક્ષિણમાં છ સુબાગિરીના અધિકાર તથા નવાબની પદવીને માટે યોગ્ય હું એકલોજ હતો, પણ હવે માલમ પડે છે કે જ્યાં ત્યાં નવાબ ઉભરાઇ જાય છે. હવે પછી કોઈ પણ નવાબ તરીકે

દરબારમા આવશે તો તેને મુક્ટાગ બાધી ચામકનો માગ મારનામા આવશે ' કર્નાટક પ્રાતનો બદોબસ્ત કરી નિઝામેઆર્કટના નવાબની ગાદી ઉપર અન્વરૂદીન નામના એક પોતાના માણુસને એપ્રિલ સને ૧૭૪૪ મા બેસાડ્યો અન્વરૂદીનનો પિતા ઔરગઝેબ આગળ કુરાન પઢતો હતો આ વસીલાને લીધે તેને પ્રથમ પાચસોની મનસબ મળી હતી પછી તે નિઝામ-ઉલ-મુલ્કના બાપ પાસે ગુજરાતમા રહ્યા હતો, અહીંથી નિઝામ પાસે આવી તેના હાથ હેઠળ અનેક જગા ઉપર અણે કામ કર્યુ હતુ નિઝામે કર્નાટક ઉપર સ્વારી કરી ત્યારે અન્વરૂદીન ગોવળકોન્ડામા મુખ્ય સત્તાધીકારી હતો જ્યારે નિઝામના હાથમા કર્નાટકનો મુલક આવ્યો ત્યારે ત્યાનો બદોબસ્ત જાળવવા આ પુરૂષ યોગ્ય છે, અને તે પોતાના ભરોસાનો તથા શૂરવીર અને અનુભવી છે એમ જાણી નિઝામે તેને આર્કટની નવાબગિરી સોપી, અને કર્નાટકનો પ્રાત પોતાના તાબામા આવ્યો છે એમ સર્વ લોકોને જાહેર કર્યુ

પરતુ અન્વરૂદીનનો કારભાર લોકોને રૂચ્યો નહીં તે અતિશય વૃદ્ધ હતો સાદતઉલ્લાના કુટુબીઓએ ત્રીસ વર્ષ નવાબગિરીનો કારભાર કર્યો હતો, અને રૈયતને માટે કાળજી રાખી પ્રાતની આબાદાની વધારી હતી તેથી લોકોની તે કુટુબ ઉપર ભક્તિ હતી નિઝામે સફ્દરઅલ્લીના છોકરાની વતી અન્વરૂદીનને કારભાર સોપ્યો હતો સફ્દરઅલ્લીના છોકરા સૈયદ મહમદનુ થોડાજ વખતમા કોઈક લગ્ન પ્રસગે ખુન થયુ આ ખુન મુર્તઝાઅલ્લીએજ કર્યુ એમ લોકવાયકા હતી, વળી એવુ પણ કહેવાય છે કે મુર્તઝાઅલ્લી અને અન્વરૂદીને મળી જઈ સૈયદ મહમદને ઠાર કર્યો હતો ગમે તેમ હોય પણ સૈયદ મહમદના નાશ પછી નિઝામે અન્વરૂદીનને નવાબની ગાદી ઉપર કાયમ કર્યા આ પ્રમાણે કર્નાટકની વ્યવસ્થા કરી નિઝામ પોતાના મુલક તરફ પાછો ફર્યો, અને કર્નાટકમા અગ્રેજ અને ફ્રેન્ચ વચ્ચે યુદ્ધ શરૂ થયુ

# પ્રકરણ ૧૬ મું.

## કર્નાટકમાં પહેલું યુદ્ધ.

### ઈ સ ૧૭૪૪–૪૮.

૧ અંગ્રેજ અને ફ્રેન્ચ લોકો વચ્ચે યુદ્ધ  ૨ બુર્બોનમાં લાબુર્ડોનેનો કારભાર
૩ મદ્રાસનુ લાબુર્ડોનેને શરણે થવું અને લાબુર્ડોનેનો અંત  ૪ સેન્ટ ટૉમેની લડાઈ.
૫. યુદ્ધનું ઉથલ.  ૬. નિષ્કર્ષ

**૧. અંગ્રેજ અને ફ્રેન્ચ લોકો વચ્ચે યુદ્ધ.**—ડુપ્લે અતિશય મહત્વાકાંક્ષી હોવાથી રાજ્ય મેળવવા માટે ચાલતી ખેંચતાણમા પોતાનો લાગ સાધી લેવાની તેને અત્યત ઉત્કંઠા થઈ હિંદુસ્તાનમાં ફ્રેન્ચ રાજ્ય સ્થાપવા માટે પોતે યોગ્ય અને સમર્થ છે એમ તેને સ્વાભાવિક રીતે લાગ્યું સને ૧૭૩૯ માં યુરોપમાં ઇંગ્લંડ અને સ્પેન વચ્ચે ચાલેલા યુદ્ધનુ મુખ્ય કારણ વેપાર અને વસાહત માટે તે બે દેશ વચ્ચેની સ્પર્ધા હતી. ધીમે ધીમે આ યુદ્ધમાં ફ્રાન્સ સામેલ થશે એવો રગ દેખાતા ડુપ્લેએ પોતાની સર્વ તૈયારી કરી રાખી, પણ ફ્રેન્ચ સરકારે હિંદુસ્તાનના અગ્રેજો સામે દુશ્મનાવટ જાહેર કરવાનો હુકમ ન મોકલાવતાં ખર્ચ કમી કરવા સખત તાકીદ કરવાથી ડુપ્લે ઘણી કઢંગી સ્થિતિમાં આવી પડયો. એમ છતાં અધિકારીઓના હુકમ બાજુએ રાખી તેણે પોન્ડીચેરી ઉપરનાં બચાવનાં કામો મજબૂત કર્યા. આ કામ માટે આગળ જતાં એને શાબાશી મળી.

સને ૧૭૪૪ માં ફ્રાન્સે ઇંગ્લંડ સામે ખુલ્લી રીતે શસ્ત્ર ઉપાડ્યાં. આ યુદ્ધને ‘ ઑસ્ટ્રીઆના વારસા બાબતનુ યુદ્ધ ’ ( War of the Austrian Succession ) એમ કરી કહે છે. એકાદ ગાદીના વારસા માટે ટંટો ઉપસ્થિત થતાં કોઈ પણ દેશે ખાલી લાભ મેળવી લેવો નહીં એવો યુરોપિયન રાષ્ટ્રોમાં એક પ્રતિબંધ હતો. તદનુસાર આ યુદ્ધની શરૂઆત દેખાઈની રીતે થઈ હતી, તોપણ તેનુ ખરૂ કારણ વેપાર, દોલત અને વસાહતના સંબધમાં પાશ્ચાત્ય પ્રજા વચ્ચે ચાલેલી ચ઼ાચાઢ઼ી હતી. ઇંગ્લંડ

અને ફ્રાન્સનો રાજ્ય વિસ્તાર યુરોપમા પૂર્વ તેમજ પશ્ચિમ તરફ હોવાથી આ યુદ્ધની અસર બન્ને રાજ્યોમા સઘળે જણાઈ

યુદ્ધના આરભમા ફ્રેન્ચ આરમાર અને કિલ્લાઓની સ્થિતિ સતોષકારક નહોતી પણ એ વિષયમા અગ્રેજો સપૂર્ણ રીતે તૈયાર હોવાથી તેઓ જોર ઉપર આવ્યા લડાઈ જાહેર થતા એક મોટો અગ્રેજ કાફલો ફ્રેન્ચ લોકોના વેપારને નુકસાન પહોચાડવાના હેતુથી આ તરફ આવવા માટે ઈંગ્લડથી ઉપડયો હતો ફ્રાન્સમા કાફલો તૈયાર નહી હોવાથી ફ્રેન્ચ સરકારે કેટલાક વહાણો અહીં મોકલવા વિચાર કર્યા પણ તે વખતસર તૈયાર થઈ નીકળી શક્યા નહીં આથી ગમે તે રીતે અગ્રેજો સાથે મિત્રાચારી રાખી યુદ્ધ પ્રસગ ઉડાવવા માટે ફ્રેન્ચ કપનીએ ડુપ્લેને ફરમાવ્યુ ડુપ્લેનો વિચાર પણ તેવોજ હતો, પરતુ તે પ્રમાણે અમલ કરવો શક્ય નહોતું એ તે સમયની હિંદુસ્તાનની પરિસ્થિતિ ઉપરથી સપૂર્ણ રીતે તે જાણતો હતો આ દેશમા ફ્રેન્ચ લોકોની કમતૈયારીથી અગ્રેજો માહિતગાર હોવાથી લડાઈ કરવા તેઓ ખાસ ઉત્સુક હતા મદ્રાસના ગવર્નર મિ મૉર્સને પત્ર લખી ડુપ્લેએ યુદ્ધ ન કરવા વિનતી કરી ત્યારે તેણે જવાબ વાળ્યો કે, 'ઇગ્લડથી લડાઈ કરવા સામન હુકમ આવેલો હોવાથી એમા હું નાઈલાજ છુ ' આથી નાસીપાસ થઈ ડુપ્લેએ આર્કટના નવાબ અન્વરૂદ્દીનને સમજાવ્યુ કે 'આપણી દોસ્તી ઘણા લાબા કાળની હોવાથી એક યુરોપિયન પ્રજા બીજી પ્રજા સામે આપના મુલકમા લડાઈ ચલાવે એ યોગ્ય નહીં, અને તેવો જો કોઇ બનાવ બને તો આપે અવશ્ય તે અટકાવવો જોઇએ ' આ રસ્તો અન્વરૂદ્દીનને પસદ પડવાથી તેણે અગ્રેજ તેમજ ફ્રેન્ચ અધિકારીઓને યુદ્ધ કરવાની સખત મનાઈ કરી અને તેથીજ આવા બારીક પ્રસગે ફ્રેન્ચ લોકોનો નાશ થતો અટક્યો

**૨. કર્નાટકમા લાબુર્ડોનેનો કારભાર.**—ફ્રેન્ચ સરદાર લાબુર્ડોનેએ સને ૧૭૩૫ મા મારીશસ કબજે કર્યું એ આપણે ઉપર વાચી ગયા છીએ એ પછી ત્રણ ચાર વર્ષ પોતાની હિંમત ઉપર હિંદી મહાસાગરમા વેપાર કર્યા પછી તેણે કેટલોક વખત ગોવાના પોર્તુગીઝ સરકારની નોકરી કરી

સને ૧૭૩૩ માં તે ફ્રાન્સ પાછો ફર્યો. બે વર્ષ રહી સને ૧૭૩૫ માં તેની બુર્બોનના કારભારી તરીકે નિમણુક થઈ. માડાગાસ્કર, બુર્બોન, અને આઈલ ઑફ ફ્રાન્સ નામના આફ્રિકાના પૂર્વ કિનારા ઉપર આવેલા ત્રણ બેટો ફ્રેન્ચના તાબામાં હોવાનું આગળ કહેવામાં આવ્યું છે. એમાંનો માડાગાસ્કર ઘણોખરો છોડી દેવા સરખો હતો; આઈલ ઑફ ફ્રાન્સમાં તેમનું મુખ્ય થાણું હતું, અને તેની રાજધાની સેન્ટ લુઈ નામનાં બંદરમાં હતી. આ બેટમાં સને ૧૭૧૯ માં કૉફી, તથા સાબુચોખાનાં ઝાડો તથા શેરડી રોપવાની ફ્રેન્ચ લોકોએ શરૂઆત કરવાથી ત્યાંનું ઉત્પન્ન તથા વેપાર પુષ્કળ વધ્યાં. સને ૧૭૨૧ માં ત્યાં એક મોટું ફ્રેન્ચ વસાહત સ્થપાયું, અને સને ૧૭૨૩ માં ત્યાંના વહિવટ માટે એક ગવર્નર અને કૌન્સિલની નિમણુક થઈ. સને ૧૭૩૫ માં અહીંના પહેલા ગવર્નર ડુમાસની બદલી પોન્ડીચેરી થતાં લાબુર્ડોને સેન્ટ લુઈના ગવર્નર તરીકે આવ્યો. આ બેટની જમીન ફળદ્રુપ, હવા માફકસર અને બંદરની સોઈ યોગ્ય હોવાથી તેનું મહત્વ તરતજ વધી ગયું. લાબુર્ડોનેએ ત્યાંનાં મોટાં મોટાં જંગલો તોડાવી નંખાવ્યાં, ત્યાં અનેક ઠેકાણેથી આવેલા નિરનિરાળી જાતના તેમજ દેશના પુષ્કળ લોકો હતા તેમને યોગ્ય રીતે તૈયાર કરી તથા જીવતોડ મહેનત કરી તેણે બેટની સ્થિતિ અત્યંત સુધારી. ખેતી, કલાકૌશલ્ય અને લશ્કરી કામ એ ત્રણ બાબતમાં લોકોને પાવરધા કરી તેણે વહાણ બાંધવાનો ઉદ્યોગ આરંભ્યો, અને એજ પ્રમાણે બીજા બેટ બુર્બોનમાં પણ પુષ્કળ સુધારો કરી વસ્તી વધારી.

લાબુર્ડોને આ સઘળું કરતો હતો તેમાં તેનો કંઈ પણ અંતરસ્થ હેતુ સમાયલો હતો એમ તેના શત્રુઓએ ફ્રાન્સમાં બુમાટો ચલાવ્યો. સને ૧૭૪૦ માં તે પોતાનું કામ છોડી ફ્રાન્સ ગયો ત્યારે તેણે સઘળા લોકોની ખાતરી કરી દુશ્મનોનાં મ્હોડાં બંધ કર્યાં, એટલે દરબારમાં સુદ્ધાં તેનાં કામ માટે તેમજ કલ્પનાશક્તિ માટે તેની વાહવા થઈ. તે વેળા ફ્લ્યુઅરી (Fleury) ફ્રાન્સનો મુખ્ય પ્રધાન હતો. તે જાતે નકામો હોવાથી શાંતિ જાળવી રાખવા સિવાય બીજા કંઇ પણ રાજકીય કામમાં તે માથું મારી શક્યો નહીં. ફ્રાન્સ ગયા પછી

લાબુર્ડોનેને સઘળી હકીકત જોતાં તરતજ લાગ્યું કે ઇંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે યુદ્ધ થવાની અણીપર મામલો આવ્યો હતો. સ્વદેશ તરફથી એ યુદ્ધમાં ઉતરી અંગ્રેજોનો ગર્વ ઉતારવાનો વિચાર આવતાં દરબારની અને લોકોની મદદથી સઘળી તૈયારી કરી એક મોટો કાફલો લઈ તે પૂર્વ તરફ આવવા નીકળ્યો. તેના વિચાર પ્રમાણે ચાલવામાં તેને ફ્રેન્ચ સરકારનો ટેકો મળ્યો હોત તો આ યુદ્ધનું પરિણામ જુદુંજ આવત. પણ તે સમયે ફ્રાન્સનો રાજા, ત્યાંના રાજ્યદ્વારી પુરૂષો અને રાજ્યપદ્ધતિ એટલાં નકામાં થઈ ગયાં હતાં કે તેવી સ્થિતિમા દેશ આબાદ થવો મુશ્કેલ હતો. લાબુર્ડોને ફ્રાન્સનો કિનારો છોડી આગળ ગયો નહીં એટલામાં તેના દુશ્મનોએ ફ્રેન્ચ સરકાર મારફત સઘળાં વહાણો પાછાં ફેરવવા હુકમ મોકલાવ્યો. પ્રધાન ફ્લ્યુઅરીએ આ હુકમ આપ્યો ત્યારે તેની વય ૯૦ વર્ષની હતી. લાબુર્ડોને આઇલ ઑફ્ ફ્રાન્સ આવી પહોંચ્યો એટલામાં પાછળથી આવો હુકમ આવ્યો ત્યારે તેના મનની સ્થિતિ કેવી થઇ હશે તે સહજ કલ્પી શકાશે. અંગ્રેજોનો સઘળો વેપાર ડુબાવવાનો સંકલ્પ કરી નીકળેલા લાબુર્ડોનેની આથી સઘળી આશા ભગ થઇ ગઈ, અને ગમે તેવો પણ મુખ્ય પ્રધાન તરફથી નીકળેલો હુકમ માન્ય કરી તેણે સઘળાં ફ્રેન્ચ વહાણો સ્વદેશ પાછાં રવાના કર્યાં. એ પછી લગભગ વર્ષ છ મહિના જીવતોડ મહેનત કરી તથા અનેક ઉપાયો લઈ તેણે પાંચ છ નવાં વહાણો તૈયાર કર્યાં. એટલામાં યુદ્ધ શરૂ થઈ ગયું, અને કૉમોડોર બાર્નેટે ફ્રેન્ચ વેપારનો નાશ કરવાનો તાગડો રચ્યો. આ અપમાન લાબુર્ડોનેને મુગે મ્હોડે સહન કરવું પડયું પણ એટલામાં આરમારની મદદ લઈ હિંદુસ્તાન આવવા માટે ડુપ્લે તરફથી તાકીદનું કહેણ આવતાં સંકટ સમયે તેનું ખરૂં ધીટપણું વ્યકત થયું. કોઈ પણ રીતે ડગમગ્યા વિના તેણે દરેક રીતે જહાજ તૈયાર કરી તે ઉપર સઘળી સામગ્રી ભરી. એજ અરસામાં ફ્રાન્સથી કેટલાંક વહાણો હમેશ આવતાં તે અને આ નવાં તૈયાર થયલાં વહાણોનો મોટો કાફલો સને ૧૭૪૬ ના આરંભમાં કોરોમાન્ડલ કિનારા ઉપર આવી લાગ્યો. તેની સામા થવાને કૉમોડર પેટન અંગ્રેજ કાફલો લઈ આવતો હતો તેવામાં એક દિવસ બેઉ

કાફલા સામસામા આવી ગયા, પણ બીજે દીને કૉમોડર પેટન ફ્રેન્ચની નજર ચુકાવી ચાલતો થયો. લાબુર્ડોનેને તેની પાછળ જવાનું તેમજ મદ્રાસ ઉપર હલ્લો કરવાનું યોગ્ય ન લાગતાં તે પોન્ડીચેરી આવ્યો. અહીં ડુપ્લેને મળી બન્નેએ આગળ ઉપર કેવી રીતે કામ લેવું તે બાબત ઠરાવ કરવાનો હતો.

**૩. મદ્રાસનું લાબુર્ડોનેને શરણે થવું અને લાબુર્ડોનેનો અંત (સ. ૧૭૪૬).**—લાબુર્ડોને અને ડુપ્લે બન્ને સાહસિક, મહત્વાકાંક્ષી અને મુશ્કેલ પ્રસંગે ચાલાકી તથા દ્રઢતાથી વર્તનાર હતા, પણ બન્નેને હકુમત ચલાવવાની ચેટક લાગેલી હોવાથી બીજાઓના હુકમનો અમલ કરવા તેઓ ઇંતેજાર નહોતા. બન્નેએ અત્યાર સુધી સ્વતંત્રપણે વર્તી પરાક્રમ કરી બતાવ્યાં હતાં, પણ હવે પ્રસંગ જુદોજ હતો. એકજ ઠેકાણે બન્નેની હકુમત ચાલવી અશક્ય હતી, અને એમાંથી એક પણ તાબેદાર સ્થિતિમાં રહેનારો નહોતો. લાબુર્ડોને સેન્ટ લુઇમાં સ્વતંત્ર અધિકાર ભોગવતો હતો, છતાં પોન્ડીચેરીના ગવર્નર તથા કૌન્સિલની તેના ઉપર સત્તા હતી. યુરોપમાં જાગેલી લડાઇનો લાભ લઈ અંગ્રેજોને હિંદુસ્તાનમાંથી નસાડવા માટે મદ્રાસ ઉપર હલ્લો કરી તે શહેર કબજે કરવા માટે બન્ને જણાએ એકમતિથી ઠરાવ કર્યો. આ વખતે ડુપ્લેએ માન અપમાનની સઘળી વાત બાજુએ રાખી લાબુર્ડોનેને મનોભાવથી મદદ કરવા કબલ કર્યું, અને એ સાહસનું સઘળું માન લાબુર્ડોનેને મળે એવી તેને ખાતરી આપી. હમણાને પ્રસંગે મદ્રાસ કબજે લેવું એ બન્નેને અગત્યનું લાગ્યું અને તે હેતુથી રચેલી યુક્તિ સિદ્ધ કરવા તેમનો દ્રઢ વિચાર થયો, પણ મદ્રાસ ઉપર હલ્લો લઇ જવાનો બારીક પ્રસંગ નજદીક આવ્યો ત્યારે લાબુર્ડોનેએ ફાંફાં મારવા માંડયાં, અને નહીં સબબના સબબ કહાડી નક્કી થયલા ઠરાવ પ્રમાણે અમલ કરવામાં કાલ્પનિક મુશ્કેલીઓ ઉભી કરી. એવામાં મદ્રાસ ઉપર જવાનો ઢોંગ કરતો નીકળેલો લાબુર્ડોને અચાનક અંગ્રેજ વહાણોની નજરે પડતાં ફ્રેન્ચની ધાસ્તીથી ગભરાઈ તેઓ નાસી ગયાં. પણ લાબુર્ડોનેએ તેજ વખતે મદ્રાસ તરફ કૂચ કરવાનું છોડી દઈ પોન્ડીચેરી પાછા ફરવાનું મુનાસબ વિચાર્યું. આમ કરવાનું કારણ અન્યના હુકમ અન્વય ચાલવાનું તેને અપમાન

ભરેલું લાગવાનું માનવામાં આવે છે. આખરે ઘણીજ આનાકાની પછી સપ્ટેમ્બર, ૧૭૪૬ માં તે મદ્રાસ ઉપર ગયો.

મદ્રાસના ફોર્ટ સેન્ટ જ્યોર્જના કિલ્લા ઉપરાંત કોરોમાન્ડલ કિનારા ઉપર પોન્ડીચેરીથી સોળ માઇલ દક્ષિણે કડલોર પાસે ફોર્ટ સેન્ટ ડેવિડ અને પોર્ટોનોવોમાં તેમજ પેટ્ટપુળી, મચ્છલિપટ્ટણ, મોદાપુળમ અને વિશાખાપટ્ટણમાં અંગ્રેજ વસાહત હતાં. સને ૧૭૪૪ માં મદ્રાસના ગવર્નરના ઓહ્દા ઉપર આવેલો મિ. મોર્સ (Morse) પૂર્વે વેપારી હતો, અને સ્વભાવે અત્યંત સાદો તથા શાંત હતો. સાહસ એ શબ્દજ તેને ખબર નહોતો, અને રાજકીય ધોરણ પણ તેનામાં કંઇ નહોતું. તે વેળાના રાજ્યદ્વારી પુરૂષોની યોગ્યતા તત્તકાલીન સ્થિતિ ઉપરથી માપી શકાતી નથી એ અંગ્રેજી ઇતિહાસનો મોટો દોષ છે. પાછળનાં સો દોટસો વર્ષમાં થયલા ફેરફારની દ્રષ્ટીએ આગળનો ઇતિહાસ લખવાનું આપણે મથન કરીએ છીએ. જે ગ્રહસ્થો વરિષ્ટોનો હુકમ બરાબર પાળી ગમે તેવી ભાંજગડમાં પડતા નહીં તે ઘણા બ્હીકણ અને નકામા ગણાતા; અને જેઓ ખાલી ધામધુમ મચાવી ગડબડાટ કરી મુકતા, અને પોતાને તેમજ પોતાના દેશને વિનાકારણ ઘોંટાળામાં નાંખતા તેઓ સાહસિક, શૂરવીર અને મહાન ઠરતા. આવો ચમત્કાર આ ઇતિહાસમાં ડગલે ડગલે જણાઈ આવશે. સને ૧૭૪૪ માં જ્યારે ડુપ્લેએ યુદ્ધ ન કરવા માટે મોર્સને વિનવ્યો ત્યારે તેણે ખસુસ યુદ્ધ કરવાનો હુકમ મળ્યાનું જાહેર કર્યું, પણ તેની સઘળી તૈયારી છતાં કર્નાટકના નવાબે તેને લડવા દીધો નહીં. પછી મદ્રાસને ફ્રેન્ચ લોકો તરફથી કંઇ પણ નુકસાન પહોંચવાનો સંભવ નથી એમ તેને લાગતાં ત્યાંની તૈયારી અને બંદોબસ્ત ઢીલાં પડી ગયાં. થોડા વખત પછી લાબુર્ડોને મદ્રાસ ઉપર હલ્લો લાવે છે એવી ખબર આવી ત્યારે ત્યાં એકદમ ગડબડાટ થઈ રહ્યો. ગવર્નર મોર્સે નવાબને પહેલાંની પેઠે લડાઈ અટકાવવા વિનંતી કરી, પણ એ વિનંતી સાથે મોકલવાનાં નજરાણાં તેણે નહીં મોકલવાથી તે માન્ય કરવા નવાબે સાફ ના પાડી. ફ્રેન્ચ લોકોએ પણ અંગ્રેજો વિરૂદ્ધ ખટપટ ચલાવી હતી.' તા. ૧૫ મી સપ્ટેમ્બરે લાબુર્ડોને કાફલા સહિત મદ્રાસ આવી

પહોંચ્યો. અંગ્રેજ કાફલો તે વખતે બંગાળા તરફ ગયલો હોવાથી અંગ્રેજી કોઠી પોતાનો બચાવ કરવા અશક્ત નિવડી. પાંચ દિવસની થોડી ઘણી ઝપાઝપી પછી મદ્રાસ શહેર અને કિલ્લો ફ્રેન્ચ લોકોના હાથમાં ગયાં, અને ત્યાંના સઘળા અંગ્રેજો તેમના હાથમાં સપડાઈ ગયો. હવે મદ્રાસની બાબતમાં કેવી રીતે કામ લેવું એ વિકટ પ્રશ્ન ઉપર લાબુર્ડોને તથા ડુપ્લે વચ્ચે તકરાર શરૂ થઈ અને ઉભય વચ્ચે લાંબો પત્રવ્યવહાર ચાલ્યો. લાબુર્ડોનેનો વિચાર દંડ લઈ મદ્રાસ અંગ્રેજોને પાછું સોંપવાનો હતો, પણ ડુપ્લેને તે હમેશને માટે ફ્રેન્ચના તાબામાં રાખવું હતું. આ ભાંજગડ ચાલતી હતી તેવામાં આર્કટના નવાબે યુદ્ધ બંધ કરવા માટે ડુપ્લેને સખત હુકમ આપ્યો ત્યારે તેની સાથે મળી જઈ ડુપ્લેએ એમ નક્કી કર્યું કે અંગ્રેજોનો જે મુલક છતાય તે તેણે નવાબને હવાલે કરવો, અને વિશેષમાં જણાવ્યું કે 'અમને રાજ્ય સ્થાપવાની કંઈ પણ અપેક્ષા નથી; આમ કરી અમારે માત્ર અંગ્રેજોની ખોડ ભુલાવવી છે.' આ ઠરાવ પ્રમાણે મદ્રાસ નવાબને સોંપવાનું હોવાથી લાબુર્ડોને અગ્રેજોને તે પાછું આપી શક્યો નહીં એટલે હમણાથીજ તેણે ઘણી સ્વતંત્ર રીતે વર્તી ગવર્નર અને કૌન્સિલના હુકમ તુચ્છકારી કહાડ્યા. મદ્રાસનો નિકાલ કરવા ત્રણ માર્ગ ખુલ્લા હતાઃ તે થાણું ફ્રેન્ચ લોકોએ પોતેજ લઈ લેવું, ત્યાંના કિલ્લા વગેરે જમીનદોસ્ત કરવા, અથવા મોટો દંડ લઈ અંગ્રેજોને હવાલે કરવું. લાબુર્ડોનેના મત પ્રમાણે જો યુદ્ધ પુરૂં થતાં મદ્રાસ અંગ્રેજોને પાછું આપવું પડે તો હમણા તેનો કબજો લેવો નકામો હતો; વળી ત્યાંનો કિલ્લો જમીન દોસ્ત કર્યો તો તે પાછો બાંધવાને અંગ્રેજોને વિલંબ અને વધારે ખરચ લાગવાનો નથી. આ કારણથી ભારે દંડ લઈ શહેર છોડી દેવું એજ ઉત્તમ માર્ગ હતો. એ વિરૂદ્ધ ડુપ્લેનું કહેવું એવું હતું કે 'આપણે અંગ્રેજોને હિંદુસ્તાનમાંથી હાંકી કહાડવા છે. આજ પર્યંત તેમના ત્રાસને લીધે પોન્ડીચેરીનો બચાવ કરવામાં કેટલો ખરચ અને હેરાનગતી ભોગવવાં પડ્યાં છે તે મશહૂર છે. પોન્ડીચેરીની નજદીકમાં મદ્રાસ સરખું અંગ્રેજોનું મુખ્ય થાણું ટકવા દેવાથી ફ્રેન્ચ લોકો પોતાના હેતુમાં કદી પણ પાર પડશે નહીં.

વળી નવાબને આપેલા વચનો શું ઉપયોગના છે? તે વચન પળાયા નહીં તો એકદમ મોટી ફોજ લઈ પોન્ડીચેરી ઉપર ઉતરી પડતા તેને વખત લાગશે નહીં માત્ર પૈસા લેવાથી પણ શું ફાયદો? અગ્રેજો નાણું એકદમ આપવાના નથી, તેઓ તો હમણા હુંડી આપશે, અને જો એ હુંડી પાછળથી સ્વીકારાઈ નહીં તો આપણે શું કરી શકીશું કાલે તેમનો કાફલો આવી પહોચ્યો, અને તેઓને જય મળ્યો તો તેઓ અગાડી કરેલા કરાર પાળવાના નથી માટે મદ્રાસ આપણા તાબામા લેવુ એજ યોગ્ય છે' ડુપ્લેનો આ સકલ્પ કૌન્સિલને પસદ પડવાથી તે પ્રમાણે અમલ કરવા લાબુર્ડનેને હુકમ ગયો. ડુપ્લેએ તેને અનેક રીતે વિનવ્યો, પગે પડયો, સ્વદેશાભિમાન તથા સ્વરાજ્યની વાતો કરી પણ લાબુર્ડનેએ પોતાનો મમત છોડયો નહીં એવુ કહેવાય છે કે અગ્રેજો તરફથી તેને થોડી ઘણી લાચ મળવાની હતી તેથી તેણે કોઇનુ કહ્યુ ગણકાર્યું નહીં, અને નજીવા સ્વાર્થ માટે રાષ્ટ્રહિતનો ઘાત કર્યો તેણે આ પ્રમાણે કૌન્સિલના હુકમનો અનાદર કર્યો ત્યારે તેને બાજુએ મુકી પોતાના હુકમની બજાવણી કરવા માટે ડુપ્લેએ પોતાના તરફથી ૭ પ્રતિનિધિઓ મદ્રાસ મોકલ્યા ફોજ અને આરમારની મદદથી લાબુર્ડનેએ તેમને કેદમા પુર્યા, અને સાડાચાર લાખ રૂપીઆ દડ લઈ મદ્રાસ અગ્રેજોને પાછુ આપવા કરાર લખી આપ્યો આવે વિકટ પ્રસગે હવે શુ કરવુ તે ડુપ્લેને સુઝયુ નહીં ફ્રાન્સથી હુકમ મગાવવા વખત નહોતો, લશ્કરી બળ સઘળુ લાબુર્ડનેના હાથમા હતુ આવી રીતે ડુપ્લે સાથે તકરાર થવાથી લાબુર્ડનેને પણ આગળ શુ કરવુ તેનો વિચાર પડયો કેમકે કઈ પણ અવનવુ થતાં તેને મદ્રાસ છોડવુ પડયુ તો ડુપ્લેના હાથમાં સઘળો કારભાર આવશે એ મોટી ધાસ્તી હતી આથી ગમે તેવા કારણ શોધી લાબુર્ડનેએ ડુપ્લે સાથે તકરાર કરવા માંડી, પણ ડુપ્લેએ અચાનક તેની સાથે વિરોધ કરવાનુ છોડી દીધુ આમ કેટલાક દિવસ વીતી ગયા પછી તા ૧૩ મી અકટોબરની રાતે મદ્રાસના દરીઆમા એકાએક ભયકર તોફાન થઈ આવ્યુ, અને તે પ્રકોપમા બેત્રણ દિવસ ઝુમાયુ તેમા ફ્રેન્ચ લોકોના ઘણાં વહાણો નાશ પામવાથી લાબુર્ડને લાચારીથી પોતાના ભાગેલાં તુટેલા વહાણ સહિત પોન્ડીચેરી

આવ્યો ત્યા તેની અને ડુપ્લે વચ્ચે મુલાકાત થઈ નહીં, તોપણ બીજાઓની મારફત ઉભય વચ્ચે ઘણી સખત બોલાચાલી થયા પછી, લાબુર્ડોને હિંદુસ્તાનથી નીકળી તા ૧૦ ડીસેમ્બર સને ૧૭૪૬ ને દિને પોર્ટ લુઈ આવ્યો અહીં તેની જગ્યા ઉપર બીજા માણસની નિમણુક થયલી હોવાથી અને વહિવટ સવળો તેને સોપાયલો હોવાથી, પોતાની સઘળી હકીકત ફ્રેન્ચ સરકાર રૂબરૂ નિવેદન કરવાની મતલબથી લાબુર્ડોને સ્વદેશ જવા નીકળ્યો, પણ રસ્તામા આફ્રિકાના પશ્ચિમ કિનારા ઉપર અંગ્રેજ વહાણોએ તેને પકડી કેદ કર્યો અને ઇંગ્લંડ લઈ ગયા અત્યાર અગાઉ એણે કરેલા ઉપકારના બદલામા અંગ્રેજ કંપની તથા સરકારે તેનો સારો સત્કાર કર્યો, અને કેટલેક દિવસે તેને ફ્રાન્સ મોકલી દીધો

ફ્રાન્સમા સઘળા લોકો તેની સામા હતા શત્રુઓ સાથે મળી જવા માટે તેમજ સરકારના હુકમ અમાન્ય કરવા માટે તેને ત્રણ વર્ષની શિક્ષા થઇ, અને તે બૅસ્ટિલની તુરગમા પડયો અહીં તેને તેની સ્ત્રી તથા છોકરાઓને મળવા દેવામા આવતા નહીં તેમજ તેને લખવા વાચવા માટે પુસ્તક વગેરે પણ મળતા નહીં એમ છતા ભાતનાં ઓસામણમા રૂમાલ બોળી તે ઉપર કાંઈના રંગવતી તાંબાના નાણાની લેખણ બનાવી તેણે પોતાનુ ચરિત્ર લખ્યુ પાછળથી એ પ્રસિદ્ધ થતા ડુપ્લેને ઘણુ બાધક થઈ પડયુ તુરગમાથી છૂટયા પછી તરતજ સને ૧૭૫૩ ના સપ્ટેમ્બર માસની ૯ મી તારીખે એ નામાંકિત ફ્રેન્ચ સરદાર મરણ પામ્યો

૪. સેન્ટ ટૉમેની લડાઇ. ( સને ૧૭૪૬ )—લાબુર્ડોનેના જવા પછી મદ્રાસનો વહિવટ ડુપ્લેએ ચલાવ્યો એ શહેર અંગ્રેજોને પાછુ આપવાનું નહોતું, તે નવાબને આપવુ પડે તો અંગ્રેજોએ બાધેલા કિલ્લા વગેરે બચાવના કામો તોડી પાડવાનો તેનો વિચાર હતો, અને ફ્રાન્સથી પણ તેવોજ હુકમ આવ્યો હતો લાબુર્ડોને એ અંગ્રેજોને આપેલાં વચન પ્રમાણે અમલ કરવાનુ ઘણું મુશ્કેલ હતુ મદ્રાસ ફ્રેન્ચ લોકોના હાથમાં આવ્યાને મહિનો થઈ ગયો છતા તે નવાબને હવાલે કરવામા ન આવવાથી અન્વરદીનનો ગુસ્સો ઉશ્કેરાયો ડુપ્લે અને લાબુર્ડોને વચ્ચેનો ટટો માત્ર તેને ફસાવવા

માટેજ હતો એમ તેને સંશય આવ્યો તે ખોટો નહોતો. જેમ જેમ દિવસ જવા લાગ્યા તેમ તેમ નવાબનો ગુસ્સો વધ્યો. ‘ આ ફ્રેન્ચ લોકો કરે છે શું ! એક વખત તેઓ આપણી આજ્ઞા માન્ય કરે છે, બીજી વખત આપણી વિરૂદ્ધ થવા ચુકતા નથી. એકવાર એમની ખોડ ભુલાવવી જોઇએ. તેમની પાસે ગમે તેટલી ફોજ હશે તોપણ તેમનુ એક માણસ તો આપણાં વીસ, એવડી મોટી ફોજ તેમની સામા આપણે મોકલી શકીશું. તેમની સત્તા સમુદ્રકાંઠા ઉપર બે ત્રણ ઠેકાણે છે પણ આપણે આખા કર્નાટકના માલિક છીએ, માટે આપણી સાથે કરેલા કરાર પાળવાનું તેમને એક વખત શીખવવું જોઇએ.’ નવાબે આ પ્રમાણે વિચાર કરી લાબુર્ડોને પાસેથી મદ્રાસનો હવાલો ડુપ્લેને મળ્યો તે પૂર્વે એક નાનું લશ્કર તે તરફ મોકલાવ્યું, અને તેની મદદે બીજું ૧૦,૦૦૦ માણસોનું લશ્કર તેના વડીલ પુત્ર માફુઝખાનની સરદારી હેઠળ તૈયાર રાખ્યું.

લાબુર્ડોને હિંદુસ્તાનથી નીકળી ગયો કે તરતજ એ લશ્કર મદ્રાસ આવી લાગ્યું. એક તરફથી લાબુર્ડોનેએ દંડની રકમ ભરેથી મદ્રાસ અંગ્રેજોને સોંપવા ઠરાવ કર્યો હતો; બીજી તરફ નવાબ તે શહેર લેવા તૈયાર થઇ આવ્યો હતો. આવી સ્થિતિમાં નવાબને મદ્રાસ નહીં આપ્યું અને ત્યાંના કિલ્લા વગેરેનો નાશ નહીં કર્યો તો તેના હાથમાં ફ્રેન્ચ વિરૂદ્ધ એક મોટું શસ્ત્ર આપવા બરાબર થશે એમ ડુપ્લેને લાગ્યું. વળી નવાબનું લશ્કર પાસે હોવાથી તેમની નજર હેઠળ કિલ્લા વગેરે જમીન દોસ્ત કરવા એ સ્વાભાવિક રીતે તેમને અરૂચિકર લાગે. આવે મુશ્કેલ પ્રસંગે ડુપ્લેનું ડહાપણ તથા તેનો દૃઢ નિશ્ચય ઉત્તમ રીતે ઉપયોગમાં આવ્યાં. પહેલાં નવાબને સમજાવી સંતોષકારક રીતે તેના મનનું સમાધાન કરવું, અને તે પ્રયત્ન નિષ્ફળ જાય તો ગમે તેવું જોખમ વેઠી તેની સાથે લડાઈ કરવી એવો ડુપ્લેએ ઠરાવ કર્યો. એ ઉપરથી તેણે મદ્રાસમાંના ફ્રેન્ચ અધિકારીઓને કોઈ પણ પ્રકારે નવાબનાં માણસોને નહીં છંછેડવા, અને પ્રસંગ આવે બચાવ કરવાની તજવીજ રાખવા ફરમાવ્યું. મદ્રાસમાં ફ્રેન્ચનાં સુમારે ૬૦૦ યુરોપિયન અને તેટલાંજ દેશી માણસો યુરોપિયન રીતે કવાયત શીખેલાં

હતાં, તે સઘળાંને કિલ્લામાં લઈ ફ્રેન્ચ અધિકારીઓએ બચાવની તૈયારી કરી. માફુઝખાને ઘેરો ઘાલી તેમને અતિશય હેરાન કરવાથી, તેમજ જે ઝરામાંથી તેમને પાણી મળતું હતું તે તેણે પોતાના કબજામાં લઈ લેવાથી, મુસલમાની ફોજ ઉપર એકદમ છાપો મારી તેનામાં ભંગાણ પાડી નીકળી જવા સિવાય ફ્રેન્ચ લશ્કર માટે બીજો માર્ગ રહ્યો નહીં. તા. ૨ જી નવેમ્બર, સને ૧૭૪૬ ને દીને ન્ચનાં ૪૦૦ માણસો બે હલકી તોપ લઈ દુશ્મન ઉપર હલ્લો કરી ઝરો તાબામાં લેવા વહેલી સવારમાં નીકળ્યા. આ લોકો ઘણા થોડા હશે એમ સમજી ઘોડેસ્વાર લશ્કર વડે ધસારો કરી તેમને કચડી નાંખવાના વિચારથી મોગલ ફોજ તૈયાર થઈ. મુસલમાનોએ ફ્રેન્ચની તોપ જોઈ નહોતી, એટલે જેવા તેઓ તોપના ગોળાની હદમાં આવ્યા કે તરતજ ફ્રેન્ચની તોપો તેમની ઉપર ચાલુ થઈ. પહેલેજ મારે કેટલાક સ્વારો પડ્યા ત્યારે ક્ષણવાર થોભી ધીરેથી એકઠા થઈ મુસલમાનો આગળ આવ્યા. પણ પદર મીનીટ સુધી ચાલેલા તોપના એક સરખા મારાથી તેઓ ગભરાઈ ગયા; આશ્ચર્ય અને બ્હીકથી ચકિત થતાં તેઓને કંઈ ભાન રહ્યું નહીં, અને સઘળા ગભરાટમાં નાસવા લાગ્યા. તેમનો મેદાન ઉપર રહેલો સઘળો લશ્કરી સરંજામ ફ્રેન્ચના કબજામાં આવ્યો; આ ઝપાઝપીમાં તેમણે એકંદર ૭૦ માણસો ખોયાં.

પેરી તરફ ડુપ્લે કંઈ સ્વસ્થ બેઠો નહોતો. નવાબની ફોજ મદ્રાસ ઉપર આવેલી જોઇ સામી બાજુએથી તેને દબાવવા માટે પરાડીસ (Paradis) નામના એક ચાલાક અને શૂરવીર ફ્રેન્ચ અમલદારની સરદારી હેઠળ સુમારે એક હજાર માણસને તેણે પોન્ડીચેરી તરફથી નવાબના મુલકમાં થઇને મદ્રાસ તરફ રવાના કર્યા. તેમને આગળ વધતાં તેમજ મદ્રાસના કિલ્લામાંનાં લશ્કર સાથે મળી જતાં અટકાવવાના હેતુથી માફુઝખાન સેન્ટ ટૉમે આગળ તેમની સામે થયો. અહીં તેનાં લશ્કરનું મુખ્ય સ્થાન હતું, અને તેની અને પરાડીસની વચ્ચે અડીઆર નામની નદી હતી. તા. ૪ થી નવેમ્બર, સને ૧૭૪૬ ને દીને પરાડીસ આ નદી ઓળંગી સામી બાજુએ જનાર હતો. નદીની ઉત્તર તીરે મુસલમાનોની ૧૦,૦૦૦ ફોજ પડેલી હતી અને

તેના સરક્ષણ માટે મોટું તોપખાનું પણ હતુ દક્ષિણ તીરે પડેલા પરાડીસ પાસે તોપ નહોતી, તોપણ જાતે ઘણો શૂરવીર અને હિંમતવાન યોદ્ધા હોવાથી મુસલમાનોની હરોળ તોડી નીકળી જવાનો તેણે નિશ્ચય કર્યો, અને શત્રુઓની તોપ સામા લશ્કર સહિત નદી ઓળગી મુસલમાનો ઉપર બંદુકનો મારો ચલાવ્યો આમ થતા ગભરાઈ જઇ તેઓ સેન્ટ ટૉમે શહેરમા ઘુસી ગયા, અને ત્યાના બચાવના કામના આશ્રય હેઠળ લડવા તૈયાર થયા પરાડીસે તેમની પાછળ આવી મોહલ્લામા એકઠા થયલા મુસલમાની લશ્કર ઉપર કર્યા ગોળી બહાર કે તરતજ તેઓ પાછા નાસવા લાગ્યા પણ ભીડમા છટકી જવાનો માર્ગ તેમને મળ્યો નહીં, અને તેમના અસખ્ય માણસો કપાઈ ગયા એટલામા થયલી ઝપાઝપીની વાત સાભળી મદ્રાસની ફ્રેન્ચ ફોજ તેમની સામા આવી આથી મુસલમાન લશ્કરની સ્થિતિ ઘણીજ ભયકર થઈ માફુઝખાન અત્યાર આગમજ નીકળી નાઠો હતો, અને હવે તેનુ લશ્કર રસ્તો મળતા ગમે તે દિશાએ ગભરાટમા નાસી જઈ આર્કટ તરફ ગયુ આ પ્રમાણે પરાડીસ તથા મદ્રાસની ફોજ જોડાઈ જવાથી ફ્રેન્ચ લોકોને મોટો જય મળ્યો, અને એક ભારે સકટમાથી તેઓ બચી ગયા ઐતિહાસિક દૃષ્ટીએ સેન્ટ ટૉમેની લડાઈનુ મહત્વ ઘણુ છે કેમકે આજ ઠેકાણે યુદ્ધની શિસ્ત અને કવાયત શીખેલુ યુરોપિયન અને દેશી લશ્કર બીનકવાયતી લશ્કર સામે હિંદુસ્તાનની ભૂમી ઉપર આવ્યુ હતું આના સાધારણ પરિણામ ઉપરથી દેશીઓના મનમા પોતાની મહત્તા કેટલી ભારે છે તે આ વેપારી યુરોપિયનોને બરાબર માલમ પડ્યુ, અને હિંદુસ્તાનમા પોતાનું રાજ્ય સ્થાપવાનુ બની આવશે એવી પહેલી દ્રશ્ય કલ્પના તેમના મગજમા એકદમ આવી દેશી રાજ્ય ગમે તેવુ મોટુ હોય અને તેનું લશ્કર ગમે તેવુ હોય તોપણ પોતાનું સામર્થ્ય તેમનાથી અધિક છે એમ ફ્રેન્ચ લોકો બરાબર સમજવા લાગ્યા અત્યાર લગી દેશી રાજ્યના દરબાર સાથે મિત્રાચારી કરવા ફ્રેન્ચ અધિકારીઓ ઘણા આતુર હતા માર્ટિન, ડુમાસ અને ડુપ્લેએ ઘણોજ પરિશ્રમ વેઠી અહીંના રાજાઓનો સ્નેહ મેળવ્યો હતો પણ મદ્રાસની મદદે એક લશ્કર મોકલવા

જેવા એક ક્ષુલ્લક પ્રસંગે આ સઘળું ક્ષણમાં ફેરવી નાંખ્યું. નવાબના પગ આગળ ઘુંટણીએ પડી વિનંતી કરવાનો વખત યુરોપિયનો માટે જતો રહ્યો, અને તેજ નવાબ ડુપ્લેના હાથમાં એક રમકડાં જેવો થઈ રહ્યો. હવેથી યુરોપિયન લોકોની યોજનાઓ બદલાઈ ગઈ; તેઓ વેપાર છોડી રાજ્યપદ મેળવવા માટેના ઝગડામાં દાખલ થવા લાગ્યા. દરેક બાબતમાં ફાયદો તેમનાંજ પક્ષમાં હોવાથી હિંદુસ્તાનમાં યુરોપિયનોમાંથી ફ્રેન્ચ કે અંગ્રેજ સર્વોપરી સત્તા ભોગવશે એ પ્રશ્ન બન્ને પ્રજાની શકિત ઉપર અવલંબી રહ્યો હતો; પણ હવે આ દેશમાં તેમનું રાજ્ય થશે એ ભવિષ્ય નિર્વિવાદ સિદ્ધ થયું. આ નવા ફેરફારનું સઘળું માન ફ્રેન્ચ લોકોને ઘટે છે.

૫. યુદ્ધનું છેવટ,—આ વિજયથી ડુપ્લેની અડચણો નાશ પામી, અને લાબુર્ડોનેએ જે ઘોંટાળો વાળ્યો હતો તેમાંથી તેનો છૂટકારો થયો. નવાબે જાતે ફ્રેન્ચ સાથે યુદ્ધ કરવાથી મદ્રાસ તેને સોંપવા બાબત થયલા ઠરાવનો અમલ કરવાની ફરજ ડુપ્લે ઉપરથી જતી રહી. વળી તે શહેર લાબુર્ડોનેના કરાર પ્રમાણે અંગ્રેજોને આપવાનું હતું, પણ તેને ડુપ્લે અને કૉન્સિલની સંમતિ ન હોવાથી તે કરાર પ્રમાણે ચાલવાની આવશ્યકતા રહી નહોતી; એટલે પરાડીસને મદ્રાસનો લશ્કરી ગવર્નર નીમી ડુપ્લેએ તે શહેર ફ્રેન્ચ રાજ્ય માં સામીલ કરવામાં આવ્યા બાબતનું જાહેરનામું કહાડ્યું, અને ઘણાખરા અંગ્રેજોને લડાઈના કેદી તરીકે પોન્ડીચેરી લઈ ગયો. આ વેળા કેટલાક અંગ્રેજો નાસી સેન્ટ ડેવિડના કિલ્લામાં ભરાયા તે વખતે ત્યાં રોબર્ટ કલાઈવ હતો. એ કિલ્લો પોન્ડીચેરીની દક્ષિણે સુમારે ૧૨ માઈલ ઉપર છે, અને ત્યાંથી બે માઇલ ઉપર કડલોર શહેર છે. આ સઘળી જગ્યા સને ૧૬૯૧ માં અંગ્રેજોએ પ્રથમ વેચાતી લઈ ત્યાં પોતાનું થાણું કર્યું હતું, અને ધીમે ધીમે તેના બંદોબસ્તની ગોઠવણ કરી હતી. મદ્રાસ ફ્રેન્ચ લોકોના હાથમાં પડ્યા પછી અંગ્રેજોએ પોતાનું મુખ્ય થાણું અહીં કર્યું, અને હર પ્રયત્નથી તેનો બચાવ કરવા નિશ્ચય કર્યો. ફોર્ટ સેન્ટ ડેવિડના કિલ્લાની જગ્યા અંગ્રેજોના હાથમાંથી લઈ લેવાય તો તે બાજુએથી સંપૂર્ણ રીતે અદ્રશ્ય થઈ જાય એમ ડુપ્લેને જણાયાથી તે મેળવવા માટે તેણે

ખતથી મહેનત કરવા માંડી એ કામ માટે તેણે પરાડીસને પોન્ડીચેરી બોલાવ્યો તે પ્રમાણે ડીસેમ્બર મહિનામાં ત્રણસો માણસો તથા ખજાનો લઈ જતો હતો એવામાં માફુઝખાને છુપાઈ રહી તેના ઉપર હલ્લો કર્યો પણ તેમાંથી પોતાનો બચાવ કરી તે પોન્ડીચેરી આવ્યો અહીં ફોર્ટ સેન્ટ ડેવિડ ઉપર સ્વારી કરવાની સઘળી તૈયારીઓ થઈ રહી હતી, અને તેમાં પરાડીસનેજ મોકલવા ડુપ્લેનો આગ્રહ હતો પણ જનરલ બ્યુરી પોન્ડીચેરીનો મુખ્ય સેનાપતિ હતો તેને છોડી દઈ પરાડીસને સઘળું કામ સોંપવા કૌન્સિલ કબૂલ થઈ નહીં, ત્યારે સ્વારીના ઉપરી તરીકે જનરલ બ્યુરીનેજ મોકલવામાં આવ્યો તેણે પોન્ડીચેરીથી નીકળી અંગ્રેજોના કિલ્લા નજદીક પોતાનું મુખ્ય સ્થાન રાખી વિશ્રાંતિ લેવા પડાવ નાખ્યો અંગ્રેજો પાસે ૩૦૦ યુરોપિયન સોલજરો તથા કવાયત શીખી તૈયાર થયેલા ૧૦૦૦ દેશી સિપાઇઓ હતા વળી તેમણે નવાબનો સ્નેહ સંપાદન કરી, ઉભયે મળી ફ્રેન્ચ લોકો ઉપર એકદમ બન્ને બાજુએથી હલ્લો લઈ જવાનો મનસુબો કર્યો હતો જો આ વખતે પરાડીસ ફ્રેન્ચ લશ્કરનો મુખી હોત તો તેને ખચિત જય મળતે પરંતુ બ્યુરી વૃદ્ધ અને અકુશળ હતો, અને શત્રુના મુલકમાં પોતાની સલામતી માટે તદ્દન બેફીકર હતો તેની ઉપર નવાબની ફોજે આવી એકાએક હલ્લો કરવાથી તેને જીવ લઈ નાસવાની ફરજ પડી, અને તેનો ઘણો સરંજામ અંગ્રેજોના હાથમાં ગયો એમ છતાં આ ઝપાઝપીમાં નવાબના બે હજાર માણસો માર્યા ગયા એ પછી એક તરફથી નવાબને સેહ પહોંચાડવાનો વિચાર કરી, ડુપ્લેએ અંદરખાનેથી સલાહ કરવા ખટપટ ચલાવી એ ખટપટ ફળીભૂત થતાં નવાબની તરફથી માફુઝખાને ફ્રેન્ચ સાથે તહ કરી અંગ્રેજોનો પક્ષ છોડી દેવા કબૂલ કર્યું આ થયા પછી ડુપ્લેએ પરાડીસને કડલોર અને ફોર્ટ સેન્ટ ડેવિડ કબજે કરવા મોકલ્યો ( માર્ચ સને ૧૭૪૭ ) પરંતુ એ દરમિયાન અંગ્રેજો માટે યુરોપથી મેજર લૉરેન્સની સરદારી હેઠળ એક મોટું લશ્કર આવી પહોંચવાથી ડુપ્લેને પોન્ડીચેરીમાં પોતાની સલામતી વાસ્તે ધાસ્તી લાગી એ શહેર ઉપર હલ્લો આવવાની બ્હીકથી પરાડીસને તેણે પાછો બોલાવી

લીધો, અને બુર્બોન તથા સેન્ટ લુઇથી પણ મદદ મંગાવી. હવે ડુપ્લે સમક્ષ પોન્ડીચેરીનું સંરક્ષણ કરવાનો એક વિકટ પ્રશ્ન ખડો થયો હતો. સને ૧૭૪૮ માં એડમીરલ બોસ્કૅવન ( Admiral Boscawen ) નાં ઉપરી- પણાં હેઠળ મદ્રાસ અને પોન્ડીચેરી કબજે કરવા માટે એક મોટો કાફલો આવવાથી અંગ્રેજોએ પાછલાં શહેર ઉપર ઘેરો ઘાલ્યો, પણ તેમાં તેનો એક સરખો નાશ થયો. 'લડાઇની ગડબડાટમાં પોન્ડીચેરીના કિલ્લામાંના દારૂના ભંડારમાં આગ લાગવાથી કિલ્લો ઉડી ગયો, અને તેમાં પરાડીસ ઠાર થયો. આથી ફ્રેન્ચ લોકોને મોટું નુકસાન થયું, તોપણ ડુપ્લેએ મોટી ધૂર્તતા બતાવી અંગ્રેજોનો પૂર્ણ પરાજય કર્યો. અને તેમને ઘેરો ઉઠાવી પાછા ફર- વાની જરૂર પાડી (તા. ૨૭ મી અકટોબર, ૧૭૪૮). આ પછી લડાઈ માટે નવી સામગ્રી ભેગી કરી બન્ને યુરોપિયન પ્રજા ઝનુન ઉપર આવી એક- બીજાનો પ્રાણ લેવા તૈયાર થઈ. પરંતુ એટલામાં યુરોપમાં થયલા એઈ લા શાપેલના તહનામાની રૂએ અંગ્રેજ અને ફ્રેન્ચ વચ્ચેનું યુદ્ધ બંધ પાડવાનો હુકમ આવ્યો, ( જાનેવારી ૧૭૪૯ ). આ તહનામાના ઠરાવ મુજબ એક- બીજાનો જીતેલો મુલક જેનો તેને પરત આપવાનો હોવાથી મદ્રાસ શહેર અંગ્રેજોને સ્વાધીન કરવાની ડુપ્લેને ફરજ પડી. સ્વાભાવિક રીતે આ ગોઠવણ તેને ઘણી ભારે લાગી, કેમકે એથી આટલા દિવસની એની જીવતોડ મહેનત ફોગટ ગઈ. વળી પૈસા ખરચી વધારે મજબૂત કરેલું ત્યાંનું થાણું તેના હાથમાંથી જતું રહે અને વિશેષમાં અંગ્રેજોને હિંદુસ્તાનમાંથી હાંકી મુકવાનો તેનો મનોરથ ભંગ થાય એના જેવું મરણપ્રાય દુઃખ તેને બીજું કેવું હોય? પોન્ડીચેરીનું સંરક્ષણ કરવામાં ડુપ્લેએ જે હોંશીઆરી અને યોગ્યતા બતાવ્યાં હતાં તે અપ્રતિમ હતાં.

૬. **નિષ્કર્ષ.**—આ પ્રમાણે પાંચ વર્ષ લડાઈ ચાલ્યા પછી અસલ સ્થિતિમાં બન્ને પ્રજાઓ મુકાઈ. ફરક એટલોજ પડયો કે આ લડાઈ અગાઉ અંગ્રેજ અને ફ્રેન્ચ વચ્ચે તીવ્ર વેર નહોતું તે મદ્રાસને લીધે તેમજ પોન્ડીચેરીના હલ્લાને લીધે અતિશય વધી ગયું, અને સ્થિતિ એવી થઈ કે બન્નેમાંથી એકનો નાશ થયા વિના એ વેર અટકશે નહીં એમ સર્વે

કોઇને લાગ્યું. સેન્ટ ટૉમેની લડાઈ પછી ડુપ્લેના મનમાં ભાવી વિજયનાં દિવ્ય સ્વમાં આવવા લાગ્યાં હતાં વળી ઉક્ત યુદ્ધમાં બન્ને પ્રજાનાં લશ્કરની સંખ્યા તેમની શક્તિ બહાર વધી જવાથી શાંતિના સમયમાં તેનો મોટો ખરચ ઉપાડવાનું તેમનામાં સામર્થ્ય નહોતુ તેમ તેમના ઉપરી તરફનો તે વિશે હુકમ પણ નહોતો. અર્થાત આ લશ્કર ટકાવી રાખવાનું કામ શોધી કહાડવાનું બન્ને કંપનીના અમલદારોને માથે આવ્યું. આજ લગી તેમણે હાથમાં ત્રાજવાં લઈ વેપાર ચલાવ્યો હતો, પણ હવે તે છોડી દઈ તેને બદલે તલવાર લીધી હતી, એટલે દેશી રાજાઓ તેમની તરફની મદદની અપેક્ષા રાખી તેમને વિધ વિધ રીતે વિનવવા લાગ્યા હતા. અંગ્રેજ અને ફ્રેન્ચ હવે તાબેદાર મટી બરોબરીઆ થયા હતા, પરતુ ઈંગ્લંડમાંની ઇસ્ટિ ઇન્ડીઆ કંપનીના અધિકારીઓને આ સઘળી હકીકત બરાબર સમજતાં ઘણો કાળ વ્યતીત થયો. તહનામું થયા પછી તેમને લાગ્યું હતું કે હવે બન્ને પ્રજા પૂર્વનો વેપાર અગાઉની માફક ચાલુ કરી અરસપરસ સ્નેહભાવથી વર્તશે. પણ તેમની આ ધારણા ખોટી હતી. હિંદુસ્તાનમાંના તેમના અને ફ્રેન્ચ કંપનીના પ્રતિનિધિઓનાં મનમાં રાજ્યસ્થાપનાની જે કલ્પના ઉદ્ભવી હતી તે તેમને સ્વસ્થ બેસવા દેનાર નહોતી.

ઉપલાં યુદ્ધ પછી ડુપ્લેની ચાલાકી તેમજ કામ કરવાની રીત વિશે દેશીઓના મનમાં સારા વિચારો આવ્યા હતા, તેનો લાભ લઈ હિંદુસ્તાનમાં ફ્રેન્ચ રાજ્ય સ્થાપનાનો ઉદ્યોગ તેણે ઉપાડયો. એમાં આખરે ફસાયો. તેમાં ડુપ્લે નાઇલાજ હતો. હિંદુસ્તાનથી ફ્રાન્સ લગીનો ફ્રેન્ચ વહાણોના સંચારનો માર્ગ અંગ્રેજોની માફક નિર્ભય નહોતો, એટલે પાયો મજબૂત બેઠેલો ન હોવાથી રાજ્યની ઈમારત કયારે ગબડી પડશે એ વાત ડુપ્લેના લક્ષમાં આવી નહીં, અને તેજ પ્રમાણે આગળ પણ થયું. લાબુર્ડોનેએ એ હુકમ માન્ય કર્યો હોત તો અંગ્રેજ કાફલા સાથે છેવટ સુધી તેને ટક્કર ઝીલવી પડતે નહીં.

દેશને આરમારનો કેટલો મોટો આધાર હતો એ વાત લોકોને સમજતાં પુષ્કળ વખત લાગ્યો. મદ્રાસ સરખું એકાદ થાણું હસ્તગત થવાથી

ડુપ્લેને કંઈ મોટો ફાયદો નહોતો આરમાર સિવાય લશ્કરને કોઈની મદદ મળે નહીં, અને યુદ્ધનો માર્ગ* મૂળબિંદુથી લડાઈના આખર ટુકા લગી એક સરખો પોતાના તાબામા હોવો જોઇએ એ બાબત ડુપ્લેના લક્ષમા રહી નહીં એ તેની એક મોટી ગફલતી ગણી શકાય વાસ્તવિક રીતે હિંદુસ્તાનમાંની સત્તાના મૂળ યુરોપમા મજબુત બેઠેલાં હોવા જોઇએ ત્યા મૂળ પાયો સહજ પણ ડગમગતા અહીંનુ રાજ્ય એકદમ ગબડી પડે એ ઉપરના યુદ્ધનો નિષ્કર્ષ ઐતિહાસિક અભ્યાસથી મન ઉપર ઠસ્યા વિના રહેતો નથી યુરોપિયન પ્રજાના આરમારોની યોગ્યતા કેવી હતી, અને દરેકની શકિત તથા બળ કેવા હતા એજ ડુપ્લેને ખબર નહોતી યુરોપમાં થયલાં દારૂણયુદ્ધને પરિણામે ફ્રાન્સનો કાફલો ઘણોખરો નાશ પામ્યો હતો, અને ઇંગ્લંડનો કાફલો પુષ્કળ જોર ઉપર આવ્યો હતો એ સગ્રામમાં ફ્રાન્સે હોલેન્ડને કચડી નાખ્યુ ખરૂં, પણ તેથી ઇંગ્લંડનો એક શત્રુ અચાનક કમી થઈ ગયો વળી ઇંગ્લંડનુ દરીઆઈ બળ વધી જતા ફ્રાન્સનો સઘળો વેપાર નાશ પામ્યો, અને ફ્રેન્ચ કંપનીને પોતાની હસ્તી માટે ધારતી ઉપજ આમ થવાથી કંપનીની વ્યવસ્થા સુધારવા માટે ફ્રેન્ચ સરકારે નવા અધિકારીઓની નિમણુક કરી પણ તેથી ઘોટાળો વિશેષ થયો ફ્રેન્ચ કંપની ગરીબ થતાં કરજમા ડુબી ગઈ હતી ફ્રાન્સની પણ લગભગ તેવીજ સ્થિતિ હતી ઇંગ્લંડ વેપારમા સધન થયુ હતુ, અને તેનો કાફલો પણ અત્યત પ્રબળ અને તૈયાર હતો અગ્રેજ ઇસ્ટ ઇન્ડીઆ કંપની પોતાનો વહિવટ અત્યત સ્વતત્ર રીતે ચલાવી સરકારની બહુ દરકાર રાખતી નહીં ઉલટી ઇંગ્લંડની સરકાર ઘણે અંશે તેના ઉપર અવલબી રહી હતી ફ્રેન્ચ કંપની-ની સ્થિતિ આથી તદન ઉલટી હતી ફ્રેન્ચ લોકો બુદ્ધિમાન અને શૂરા હતા, પરતુ ફ્રાન્સના રાજાઓના જુલમ હેઠળ કચડાઈ જવાથી તેઓની ઘણી અવદશા થઈ હતી અગ્રેજોનો કારભાર જગતમા સ્વેચ્છાથી ફાલતા એક પ્રચડ વૃક્ષની પેઠે સદૃઢ અને પ્રબળ થતો જતો હતો સ્વતત્ર સસ્થાને લીધે રાષ્ટ્રનો ભાગ્યોદય કેવો થાય છે, અને તેથી ઉલટુ લોકોની સસ્થાને

* Line of Communication

સરકારના જુલમ હેઠળ દાબી દેવાથી રાષ્ટ્રનો કેવો નાશ થાય છે એ આ વેળાના અંગ્રેજ–ફ્રેન્ચના ઈતિહાસ ઉપરથી સારી રીતે વ્યક્ત થાય છે.

હિંદુસ્તાનમાં રહી ડુપ્લે આ સઘળું સમજી શકયો નહીં એમાં નવાઇ નથી. બીજાઓ પણ એનાથી વધારે સારી રીતે સમજી શકયા નહોતા એટલે તેને લાગ્યું કે થોડી ઘણી કવાયત લીધેલી ફોજ રાખી દેશી રાજાઓના દરબારમાં પોતાનો મોભો જાળવ્યો તો સહજમાં રાજ્ય સ્થાપન કરી શકાશે. આ તેની ભૂલભરેલી સમજણ આખરે નુકસાનકારક નીવડી. પોતે સ્વદેશાભિમાનનું અને સ્વદેશહિતનું મહાન કાર્ય કરતો હતો છતાં લોકોની તેના પ્રત્યે સહાનુભૂતિ તથા આદર નહોતો એ જોઈ ડુપ્લેને આશ્ચર્ય લાગતો. પણ ખરી હકીકત જુદાજ પ્રકારની હતી. ફ્રેન્ચ લોકોની સાંપત્તિક સ્થિતિ અતિશય નબળી પડી ગયલી હોવાથી ફ્રેન્ચ સરકાર તરફથી તે કંઈ પણ સહાય મળી નહીં. પણ આરંભના વિજયથી તે અને બીજા ફ્રેન્ચ અહરથો એટલા બધા ચકિત થઈ ગયા હતા કે ખરી સ્થિતિ કોઈના ધ્યાનમાં રહી નહીં.

## પ્રકરણ ૧૭ સું.

### કર્નાટકમાં બીજું યુદ્ધ.

સને ૧૭૪૯–૧૭૫૪.

૧. હિંદીઓના કલહમાં અંગ્રેજોનું ઝીંપલાવવું. ૨. મુઝફ્ફરજંગ અને ચંદા સાહેબ વચ્ચે ઐક્યતા.
૩. બે તડ અને ફ્રેન્ચ લોકોનો વિજય. ૪. ડુપ્લેની પોકળ મનકામના.
૫. ક્લાઈવની પૂર્વ હકીકત. ૬. આર્કટનો ઘેરો.
૭. ચંદા સાહેબનું છેવટ.

**૧. હિંદીઓના કલહમાં અંગ્રેજોનું ઝીંપલાવવું.**—બે રાષ્ટ્ર અગર પક્ષ વચ્ચે યુદ્ધ કે ટંટા થાય ત્યારે આરંભમાં તેને કંઈ પણ નિરાળી સંજ્ઞા આપવામાં આવતી નથી. વળી અમુક એક યુદ્ધ કરવું અને તે અમુક

રીતે અમુક મુદતમા પુરૂ કરવુ એવુ અગાઉથી નિર્ધાર કરી કોઈ યુદ્ધ કરતું નથી યુદ્ધ થઈ ગયા પછી તેનો ઐતિહાસિક સબધ જોડવામા આવે છે, અને એમ કરવા માટે ઇતિહાસકાર વખતના જુદા જુદા ભાગ ઠરાવી તે દરમિયાન ચાલેલા યુદ્ધને પહેલુ યુદ્ધ, બીજુ યુદ્ધ એવા નિરાળા નામ આપે છે એવીજ રીતે આ કર્નાટકના યુદ્ધનુ છે ખરૂ કહીએ તો સને ૧૭૪૪ મા અગ્રેજ ફ્રેન્ચ લોકોએ લડાઈ શરૂ કરી તે હિંદુસ્તાનમાથી ફ્રેન્ચ સત્તા અદ્રશ્ય થઈ જઈ સને ૧૭૬૩ મા પેરિસના કોલકરાર થયા ત્યાં સુધી થોડે ઘણે અશે ચાલુ હતી પણ તેમા બે વખતે થોડો થોડો ખાળો પડયો હતો એક વખત સને ૧૭૪૮ મા અને બીજી વખત સને ૧૭૫૪ માં આ પ્રમાણે કર્નાટકમા ચાલેના યુદ્ધના ત્રણ વિભાગ પડે છે પહેલો સને ૧૭૪૪ થી ૧૭૪૮ સુધીનો, બીજો સને ૧૭૪૯ થી ૧૭૫૪ સુધીનો, તથા છેલ્લો અને ત્રીજો સને ૧૭૫૬ થી ૧૭૬૩ સુધીનો આ ત્રણ વિભાગને અનુક્રમે કર્નાટકમા પહેલુ, બીજુ, અને ત્રીજુ યુદ્ધ એના સાદા નામ આપવાં યોગ્ય લાગે છે પહેલા અને ત્રીજા વિભાગમા અગ્રેજ અને ફ્રેન્ચ વચ્ચે યુરોપમા પણ યુદ્ધ ચાલ્યુ હતુ, બીજા વિભાગમા ઝગડો આ દેશમાંજ ચાલ્યો હતો, પણ યુરોપમા શાતિ હોવાથી ઇગ્લડ અને ફ્રાન્સને તે પસદ પડયો નહીં એથી કરી કેટલાક લેખકો આ બીજા યુદ્ધને નહીં ગણતા કર્નાટકમા પહેલુ યુદ્ધ સને ૧૭૪૪ થી ૧૭૪૮ લગી થયલુ ગણી, બીજુ યુદ્ધ સને ૧૭૫૬ થી ૧૭૬૩ સુધીનુ ગણે છે, અને મધ્ય વિભાગના ઝગડાને અગ્રેજ અને ફ્રેન્ચ કપનીઓ વચ્ચેનો માહોમાહેનો ઝગડો એવુ નામ આપે છે આપણને એવો ભેદ રાખવાને કારણ નહીં હોવાથી ત્રણે યુદ્ધને કર્નાટકમા પહેલું, બીજુ અને ત્રીજુ યુદ્ધ એના નામ આપવામા આ યા છે

પહેલા યુદ્ધમા અગ્રેજ તેમજ ફ્રેન્ચ લોકોએ લશ્કરી ખર્ચ પુષ્કળ વધારી મુકયો હતો તે તહ થયા બાદ ઉપાડવાનુ તેમનામા સામર્થ્ય ન હોવાથી એ ખર્ચ બહારોબહાર કહાડવાની તેમણે તજવીજ કરવા માડી તેમની આસપાસના હિંદી રાજાઓમા ઝગડા થયા કરતા હોવાથી તેમની તરફથી આ યુરોપિયન વેપારીઓને મદદની જે માગણી કરવામા આવી તે

તેમને અનકૂળજ પડી અહીંનો ખર્ચ કમી કરવા માટે યુરોપથી વારવાર લખાઈ આવતુ હોવાથી, દેશી રાજાઓ તરફથી આવેલી મદદની માગણી કબૂલ કરવાની તક મળવા બાબત ડુપ્લેએ પોતાની સરકારને લખી જણાવ્યુ એમ છતા દેશી રાજ્યોના કારભારમા ખુલ્લી રીતે હાથ ઘાલવાનું પ્રથમ અંગ્રેજોએ શરૂ કર્યું હતું

તાંજોરના મરાઠી રાજ્યની ગાદી ઉપર શાહુજીનો હક છતા તેના નાના ભાઈ પ્રતાપસિંહે તે ગાદી છીનવી લીધી હતી અને શાહુજી ભટકતો ફરતો હતો પ્રતાપસિંહે લોકોના મન જીતી લીધા હતા પણ શાહુજી તરફ કોઈની પ્રીતિ નહોતી દસ વર્ષ વીતી ગયા તોપણ શાહુજીએ ગાદી મેળવવાનો પોતાનો પ્રયત્ન છોડયો નહીં પોતાનો ફાયદો મેળવી રાજ્યનું ગમે તેવુ નુકસાન કરવા તે તૈયાર થયો છેલ્લા પ્રકરણમાં વર્ણવેલો અંગ્રેજ ફ્રેન્ચ વચ્ચેનો યુદ્ધ પ્રસગ જોઈ, તેમની મદદ મળે તો પોતાનો હેતુ પાર પડે એમ સમજી તેણે સને ૧૭૪૯ મા અંગ્રેજોની મદદ માંગી, કેમકે પ્રતાપસિંહને પહેલેથીજ ફ્રેન્ચ લોકો સાથે મિત્રાચારી હતી એ મદદના બદલામા શાહુજીએ અંગ્રેજોને દેવીકોટા શહેર તથા આસપાસનો પ્રદેશ તેમજ સ્વારીનો ખર્ચ આપવા કબૂલ કર્યું સને ૧૭૪૯ ના એપ્રિલમા ૪૩૦ યુરોપિયન અને એક હજાર દેશી સિપાઈની ફોજ કેપ્ટન કોપની સરદારી હેઠળ શાહુજીની મદદે આવી, અને દેવીકોટા સર કરવા માટે કેટલોક કાફલો ત્યાં મોકનવામા આવ્યો કેપ્ટન કોપ તાંજોરની નજદીક આવી લાગતા પ્રતાપસિંહનુ લશ્કર તેની સામે લડવા નીકળી આવ્યુ તેની આગળ પોતે ટકી નહીં શકશે એમ ધારી કેપ્ટન કોપ દેવીકોટા તરફ પાછો ફર્યો, પણ ત્યા અંગ્રેજ કાફલો તેની નજરે ન પડવાથી તે સેન્ટ ડેવીડના કિલ્લા તરફ નીકળી ગયો વાસ્તવિક રીતે અંગ્રેજોનો મુખ્ય હેતુ દેવીકોટા મેળવવાનો હતો અને શાહુજીની તેમને વિશેષ પરવા નહોતી એ પછી દેવીકોટા લેવા માટે મેજર લૉરેન્સની સરદારી હેઠળ આવેલા અંગ્રેજોની બીજી ફોજ સામે પ્રતાપસિંહે કેટલોક વખત સુધી પોતાનો બચાવ કર્યો. પણ એટલામાં ચંદાસાહેબ તાંજોર ફ[illegible] કરવા આવે છે એવુ લાગતું દેવીકોટા અંગ્રેજોને આપી

પ્રતાપસિંહ તાંજોરનો બચાવ કરવા ઝડપથી ગયો. આથી અંગ્રેજોએ શાહુજીનો પક્ષ છોડી દીધો. પ્રતાપસિંહને દર સાલ ૪૦૦૦ રૂપીઆનો મુસારો આપી મદ્રાસમાં પોતાની દેખરેખ હેઠળ રાખ્યો, અને ચદા સાહેબ તાંજોર ઉપર હુમલો કરે તો તેને મદદ કરવા કબૂલ કર્યું. આ પ્રમાણે દેશી રાજાઓની મદદે પોતાની ફોજ મોકલવાનો રીવાજ અંગ્રેજોએ શરૂ કર્યો. આ અગાઉ એમણે તેમજ ફ્રેન્ચ લોકોએ હિંદીઓને મદદ કરી હતી, પણ તે સમયે તેમની વચ્ચે ખુલ્લુ યુદ્ધ ચાલતું હોવાથી તેમ કરવામાં તેઓએ કંઈ ગેરરીતી ચલાવી હતી એમ કહી શકાય નહીં. આ પરદેશી લોકોને દેશી રાજાઓએ પોતાની હદમાં જાહેર રીતે લડવા દીધા એજ તેમની મોટી ભૂલ હતી. તથાપિ એટલું તો લક્ષમાં રાખવું જોઈએ કે આ વેળા કર્નાટકમાં મોગલોની સત્તા છેકજ નષ્ટ થઈ ગઈ હતી, અને જે તે રાજ્ય મેળવવા મથન કરી રહ્યું હતું. એ સ્થિતિમાં યુરોપિયન લોકોને પોતપોતાનો કાફલો ઘણો ઉપયોગી થયો, કારણ પોન્ડીચેરી અને મદ્રાસમાં તે વડેજ ઉભય પ્રજાનો બચાવ થતો હતો.

યુરોપમાં ઈંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે સલાહ થતાં હિંદુસ્તાનમાંની પ્રતિસ્પર્ધિ કંપનીઓથી ખુલ્લી રીતે લડાઈ ચલાવાતી નહીં, એટલે આસપાસ ચાલતા ઝગડાનો લાભ લઈ એક બીજા સામે ચડસાચડસી કરી બને તેમ આગળ વધવાનું તેમને માટે યોગ્ય હતું. તેમનાં લશ્કરનો ખર્ચ આપી પોતાના કામમાં તેનો ઉપયોગ કરવા અનેક દેશી રાજાઓ ઉત્સુક હતા. એમાં કેટલાક આસામીઓ કેવળ સ્વપરાક્રમ ઉપર નસીબ અજમાવવાની રાહ જોતા; કેટલાકનો રાજ્ય ઉપર હક હતો છતાં તે મેળવવા તેમના હાથમાં જોર નહોતું; કેટલાકો વિસ્તિર્ણ પ્રદેશ દબાવી બેઠા હતા, અને એ સિવાય મરાઠાઓ અને મુસલમાન સરદારો આખા પ્રદેશ ઉપર ભટકયા કરતા હતા. આ સ્થિતિમાં થોડો વખત પાડોસમાં રહેતા યુરોપિયનોની મદદ લેવાથી દેશ કે પ્રજા ઉપર આખરે શું પરિણામ આવશે તેની કોઈને પણ દરકાર નહોતી. પરંતુ આવાં તેડાંથી યુરોપિયનોને તો આયતોજ લાભ મળતો. લશ્કરનો ખર્ચ નીકળે, દુશ્મનો સાથે ઝપાઝપી કરી મનમાંનો દાવ સાધવાની

તક મળે, પૈસાની તેમજ થોડા ઘણા પ્રદેશની પ્રાપ્તિ થાય, વેપારની સવળતા વધે, વગેરે અનેક ફાયદાઓ સહેલાઈથી મળતા હોવાથી યુરોપિયનો પોતાને થતી માંગણીઓ સ્વીકારવાને શું કામ આનાકાની કરે? તાંજોરની તકરારમાં અંગ્રેજોએ પ્રથમ હાથ ઘાલ્યો તે આવીજ કંઈક મતલબથી હતો. તેમાં તેમને બરાબર યશ મળ્યો નહીં પણ ઉલટું બેવડુ નુકસાન થયું. એક તો તેમના ધારવા જેવો ફાયદો થયો નહીં, અને બીજું આવા કામમાં તેમણે શરૂઆત કરવાથી તેમને પગલે ચાલવામાં કંઈ હરકત ન હોય એમ જણાવવા ડુપ્લેને કારણ મળ્યું, અને એજ સબબ ઉપર હિંદુસ્તાનમાં ફ્રેન્ચ સત્તા સ્થાપવાનું કામ તેણે ઉપાડયું.

હૈદ્રાબાદના પહેલા નિઝામ આસફ્જાહનાં મરણથી ડુપ્લેને જોઈતી તક મળી. આસફ્જાહના મજબૂત અમલનો અંત આવતાં તેના મુલકમાં તેમજ કર્નાટકમાં સર્વત્ર બખેડા થયા. નાના તરેહનાં યુદ્ધ, સંતલસ, ખુન, લડાઈ, ઘેરા તથા નાના મોટા સંગ્રામને લીધે દક્ષિણ હિંદુસ્તાનમાં જે ગડબડાટ થઈ રહી તેને ઇતિહાસકારોએ 'કર્નાટકનું યુદ્ધ' એવું સામાન્ય નામ આપ્યું છે. આ ભાંજગડમાં દાખલ થઈ પહેલાં કર્નાટકમાં અને પછી ધીમે ધીમે હૈદ્રાબાદમાં પોતાની લાગવગ બેસાડયા પછી, દક્ષિણમાં ફ્રેન્ચ સત્તા કાયમ કરવાનો ડુપ્લેનો વિચાર હતો. ફ્રાન્સ પાછા ફરતાં આ બાબત તેના ઉપર કામ ચાલ્યું ત્યારે પોતાના બચાવમાં તેણે એવું પ્રતિપાદન કર્યું કે 'હિંદુસ્તાનની તે કાળની સ્થિતિમાં તટસ્થ વૃત્ત ધારણ કરવાનું અશક્ય હતું. જો મેં દેશીઓને મદદ કરી ન હોત તો અંગ્રેજો કરતે, અને તેમ કરી તેઓ સર્વોપરી થયા હોત.' સને ૧૭૪૮ ના તહનામાંથી તકરાર મટવાની જે અપેક્ષા અંગ્રેજ-કંપનીએ રાખી હતી તે ખોટી ઠરી; ઉલટી ડુપ્લેના ઉપલા ઉપક્રમને લીધે પહેલા કરતાં વધારે ઝનુની તકરારો ઉપસ્થિત થઈ. એકવાર ડુપ્લેએ ચંદા સાહેબ અને મુઝફ્ફરજંગને મદદ કરી એટલે તેમના સામા પક્ષને મદદ કરવાનું અંગ્રેજો માટે અનિવાર્ય હતું. 'ફ્રેન્ચ લોકોએ અમારાં વસાહતનો ઉચ્છેદ કરવા માંડયો છે, મોટા મોટા પ્રદેશો તેમણે પોતાની સત્તા હેઠળ લીધા છે, અને અમને એવી રીતે ઘેરી લીધા છે કે આપના તરફથી

જલદી મદદ ન આવશે તો અમને નિર્વાહનાં સાધાન મેળવવાને પણ અડચણ પડશે' એવો મજકુર અંગ્રેજોએ ઈંગ્લંડ લખી મોકલ્યો. બેઉ પાશ્ચાત્ય પ્રજાનાં લશ્કર કર્ણાટકમાં લડતાં હતાં ત્યારે મદ્રાસ અને પોન્ડીચેરી વચ્ચે ઘણી તિક્ષણ અને તીવ્ર ભાષામાં પત્ર વ્યવહાર ચાલતો હતો. આવે પ્રસંગે કલાઈવની યુક્તિથી અંગ્રેજોનો બચાવ થયો; તેણે આર્કટ ઉપર હલ્લો કરવાથી બાજી ફેરવાઈ ગઈ. આ સઘળી હકીકત હવે વિસ્તારથી કહેવાની છે.

**૨. મુઝફ્ફરજંગ અને ચંદા સાહેબ વચ્ચે ઐક્યતા.**—સને ૧૭૪૮ માં વૃદ્ધ નિઝામ-ઉલ-મુલ્ક આસફજાહ મરણ પામ્યો તેને ૭ છોકરા હતા તે નીચે પ્રમાણેઃ—

આસફજાહ.

ગાઝીઉદ્દીન | નાસીરજંગ | છોકરી | સલાબતજંગ | નિઝામઅલ્લી | મહમદશરીફ (બસાલતજંગ) | પીરમોગલ.

છોકરી — મુઝફ્ફરજંગ

એમાંના પહેલા બે સગા ભાઈઓ હતા અને બાકીના સાવકા હતા. વડીલ પુત્ર ગાઝીઉદ્દીન દિલ્હીમાં વઝીરની જગ્યા ઉપર હતો, અને બીજો નાસીરજંગ પિતાનાં મરણ સમયે તેમની પાસે હતો. પરંતુ પિતાને તે અપ્રિય હોવાથી વૃદ્ધ નિઝામે પોતાની છોકરીના છોકરા મુઝફ્ફરજંગને પોતાની પછી હૈદ્રાબાદની ગાદી આપવાનું ઠરાવ્યું હતું, અને એ વ્યવસ્થાને બાદશાહે અનુમોદન આપ્યું હતું. નિઝામના બાકીના છોકરાઓ આ વેળાએ વિશેષ પ્રસિદ્ધિમાં આવ્યા નહોતા. નિઝામનાં મરણ સમયે મુઝફ્ફરજંગ વિજાપૂરના સુબાના ઓધ્ધા ઉપર હતો એટલે તે સંધિનો લાભ લઈ નાસીરજંગે લશ્કરના સરદારને મેળવી લઈ તેની મદદવડે દક્ષિણની સુબેદારી પોતાના તાબામાં લીધી. આ પ્રમાણે મુઝફ્ફરજંગ પોતાની ધારણામાં નિરાશ થવાથી મરાઠાની મદદ મેળવવા તે સતારા ગયો. ત્યાં માજી નવાબ દોસ્તઅલ્લીનો જમાઈ ચંદાસાહેબ કેદમાં હતો તેની અને મુઝફ્ફરજંગ વચ્ચે મુલાકાત થઈ. ચંદાસાહેબમાં પોતાના છૂટકારા માટે દંડ આપવાની શક્તિ ન હોવાથી તે

ઘણાં વર્ષ થયાં સતારામાં પડી રહ્યો હતો. ઈતિહાસકાર ઓર્મ (Orme) કહે છે કે હિંદુસ્તાનના રાજાઓ ઘણા કંજુસ હતા; કેદમાં ગમે તેટલાં સંકટ સહન કરતા પણ દંડ ભરી છૂટતા નહીં. ચંદા સાહેબ પાસે દંડ આપવાને પૈસા નહીં હતા એવું કંઈ નહોતું પણ તે હાથમાંથી છૂટચાજ નહીં, અને તેથી ૭ સાત વર્ષ તેણે કેદમાં કહાડ્યાં. ચંદાસાહેબની સ્થિતિ તપાસતાં ઑર્મનું આ કહેવું સંભવનીય લાગતુ નથી. ગમે તેમ હોય પણ સતારામાં મુઝફ્ફર-જંગ અને ચંદાસાહેબ એ બન્ને સરખી સ્થિતિના પ્રહસ્થોએ છુપી મસલત કરી મરાઠાઓની મદદથી પોતપોતાના હક પાછા મેળવવા નિશ્ચય કર્યો. પરંતુ પોતાના વેરી મરાઠાઓની મદદથી ઉક્ત હેતુ પાર પાડવાનું ચંદાસાહેબને યોગ્ય લાગ્યું નહીં, તેથી તેણે સઘળી હકીકત ડુપ્લે આગળ રજુ કરવાની ગોઠવણ સૂચવી. પોન્ડીચેરીમાં રહેતી ચંદા સાહેબની સ્ત્રીને ડુપ્લેની સ્ત્રી સાથે સ્નેહ હતો તેની મારફત આ વિશેના સંદેશા ચાલવા માંડ્યા. ડુપ્લે આવી તકની રાહજ જોતો હતો, કેમકે ગમે તે રીતે દક્ષિણ હિંદુસ્તાનમાં પોતાનો અમલ સ્થાપવા માટે તે અતિશય આતુર બન્યો હતો. તદનુસાર તેણે તરતજ ચંદા સાહેબને મરાઠાઓના હાથમાંથી છૂટકારો મેળવી લેવા જણાવ્યું, અને વિશેષમાં તેમની મદદ નહીં સ્વીકારવા આગ્રહ કર્યો. ચંદા સાહેબના છૂટકા માટે સાત લાખ રૂપીઆ દંડ ભરવાની જામીનગિરી ડુપ્લેએ પોતે આપવા પેશ્વાના દરબારમાં જાહેર કર્યું. આ જામીનગિરી કબૂલ કરી મરાઠાઓએ ચંદા સાહેબને છોડી મુકયો, અને સને ૧૭૪૮ ના આરંભમાં બંદોબસ્ત માટે ત્રણ હજાર સ્વાર આપી તેને સ્વદેશ તરફ રવાના કર્યો. અનેક ઠેકાણે યુદ્ધ કરતો તથા લશ્કર એકઠું કરતો ચંદા સાહેબ કર્નાટકમાં આવી તુરતજ ડુપ્લેને મળ્યો, અને એવો ઠરાવ કર્યો કે પોન્ડીચેરીમાંનાં બે હજાર દેશી લશ્કરનો ખર્ચ આપવાના બદલામાં તે રોજ ઉપરાંત ૪૦૦ યુરોપિયન સોલજરો ડુપ્લેએ તેની મદદે આપવા, અને એ ખર્ચપેટે ચંદાસાહેબે પોન્ડીચેરીને લગતો કેટલોક મુલક ફ્રેન્ચ લોકોને જાથુકનો આપી દેવો. આ ઠરાવ માત્ર અંગ્રેજોએ આગળ ઉપર ઉભાં કરેલાં સાહ્યકારી લશ્કર (subsidiary

armies ) ની શરૂઆતજ હતી એમ સુજ્ઞ વાચકોને જણાયા વિના રહેશે નહીં. ડુપ્લેએ આપેલી ફોજ ઉપરાંત ચંદા સાહેબે ૭ હજાર માણસો એકઠાં કર્યાં હતાં, અને મુઝફ્ફરજંગ ત્રીસ હજારનું મોટું લશ્કર લઈ તેને આવી મળ્યો હતો. ફ્રેન્ચ ફોજનો ઉપરી ડોટીલ ( d' Auteuil ) હતો. આ સઘળુ લશ્કર દમલચેરીના ઘાટમાં દાખલ થયું ત્યારે તેને ખબર મળી કે અનવરૂદ્દીન વીસ હજાર લશ્કર લઈ તેની સામે ધસી આવતો હતો. આ વખતે અનવરૂદ્દીન અંબુરમાં પડેલો હતો એટલે ત્યાં સુધી જવાને ચંદા સાહેબને હરકત પડી નહીં. તા. ૩ જી ઑગસ્ટ, સને ૧૭૪૯ ને દીને ડોટીલે અનવરૂદ્દીન ઉપર હલ્લો કર્યો પણ લડાઈમાં તે જખમી થવાથી તેનાં માણસો નાસવા લાગ્યાં. આ પ્રસગે ડોટીલના હાથ હેઠળના બુસી (Bussy) નામક ફ્રેન્ચ અમલદારે પાછાં ફરતાં માણસોને ધીરજ આપી ફરીથી લડાઈ શરૂ કરી. થોડો વખત ઘણું ઝનુની સંગ્રામ થયા બાદ અનવરૂદ્દીન માર્યો ગયો. એ વેળા તેની વય ૧૦૭ વર્ષની હતી એમ કહેવાય છે. એનો એક છોકરો માફૂઝખાન ચંદા સાહેબના હાથમાં સપડાયો, પણ બીજો મહમદઅલ્લી નાસી ગયો. વિજયી ચંદા સાહેબ અને મુઝફ્ફરજંગ રાજધાની આર્કટમાં દાખલ થયા એટલે આખો કર્નાટક પ્રાંત તેમના તાબામાં આવ્યો. અહીં મુઝફ્ફરજંગે દક્ષિણના સુબેદારની પદવી ધારણ કરી ચંદા સાહેબને કર્નાટકની નવાબી આપી. ત્યારબાદ બન્નેએ પોન્ડીચેરી જઈ ડુપ્લેનો અત્યંત આભાર માન્યો. તેણે પણ તેમનો ભારે સત્કાર કર્યો અને લોકો ઉપર છાપ બેસાડવા માટે મોટો સમારંભ કરી સઘળાને લશ્કર તથા કાફલાનો ભારે ઠાઠ બતાવ્યો, કેમકે દેશીઓના મનમાં પોતાનું વજન વધારવાની તક ડુપ્લે કદી પણ ગુમાવતો નહીં. ચંદા સાહેબે પણ તેનો અનંત ઉપકાર માન્યો, અને પોતે કરેલા ઉપકારના બદલામાં ડુપ્લેને પોન્ડીચેરી પાસેનાં ૮૧ ગામની રાજ્યસત્તા હમેશને માટે સોંપી દીધી. એ પછી મુઝફ્ફરજંગ પોતાનાં ૫૦ હજાર લશ્કર સહિત પોન્ડીચેરીથી નીકળી ગયો, પણ ચંદા સાહેબ આગળનો વિચાર કરવા ત્યાંજ રહ્યો. કર્નાટક એના તાબામાં આવ્યું હતું, તોપણ

જ્યાં સુધી અનવરૂદ્દીનનો છોકરો મહમદઅલ્લી છૂટો રહે ત્યાં સુધી એનાથી સ્વસ્થપણે બેસી શકાશે નહીં એમ ડુપ્લેને લાગ્યું. અંબુરથી નાસી મહમદઅલી ટ્રીચીનાપોલીમાં ભરાયો હતો, કેમકે એ શહેરનો બંદોબસ્ત ઘણા ઉત્તમ પ્રકારનો હતો. સુબેદાર નાસીરજંગ મોટાં લશ્કર સાથે કર્નાટક ઉપર આવે છે એવી બાતમી મળતાં ડુપ્લેએ ચંદા સાહેબને એકદમ ટ્રીચીનાપોલી જઈ તે કબજે લેવા આગ્રહ કર્યો. આ બનાવ બનતા હતા તેજ વખતે અંગ્રેજોએ પ્રતાપસિંહ પાસે દેવીકોટા મેળવ્યું, અને તે પછી તરતજ અંબુરની લડાઈની હકીકત તેમની જાણમાં આવતાં તેઓ ચંદા સાહેબનો પક્ષ લેવો કે મહમદઅલ્લીને મદદ કરવી એ બાબત વિચારમાં પડ્યા. પણ પોન્ડીચેરીમાં ડુપ્લેએ ચંદાસાહેબને સઘળી ગોઠવણ કરી આપી હતી; પોતાની ગાંઠના એક લાખ રૂપીઆ તેને વ્યાજે આપી બીજાઓ પાસેથી બે લાખ રૂપીઆ અપાવ્યા હતા, અને એ ઉપરાંત ડ્યુકિન (Duquesne) ની સરદારી હેઠળ ૮૦૦ યુરોપયન અને ૩૦૦ આફ્રિકન લશ્કર તૈયાર કરી આપ્યું હતું. સર્વ તૈયારી થયા પછી ચંદા સાહેબ ટ્રીચીનાપોલી આવવા નીકળ્યો. ડુપ્લેએ સઘળી તજવીજ કરી આપી ખરી પણ તે પ્રમાણે અમલ કરી ઉપાડેલો હેતુ પાર પાડવાનું કામ બીજાના હાથમાં હતું. ચંદા સાહેબના હાથમાં આવેલી રકમ તેણે અને મુઝફ્ફરજંગે મળી ભળતીજ બાબતમાં વાપરી નાંખી, અને અડધે રસ્તે આવ્યા પછી નાણાંની તંગીને લીધે ટ્રીચીનાપોલી ઉપર જવાનું મુકી દઈ તે તાંજોરના રાજા પાસેથી પૈસા ઓકાવવાની મતલબથી તે તરફ વળ્યો. અહીં આવી ચંદા સાહેબે રાજા પાસે ખંડણીની માંગણી કરી. આ જુદાજ પ્રકારનું સંકટ જોઈ રાજાએ ફાંફાં મારવા માંડયાં, અને ગમે તે કારણે પૈસા ન આપતાં નાસીરજંગ તથા અંગ્રેજોને આગ્રહપૂર્વક સંદેશા મોકલી તેમની પાસેથી મદદ માંગી. અંગ્રેજોએ મહમદઅલ્લી માટે થોડી મદદ મોકલી હતી, તેમાંનાં વીસ માણસોને તાંજોર મોકલ્યાં. ચંદા સાહેબની સુસ્તી જોઈ ડુપ્લે વ્યાકુળવ્યાકુળ થઈ ગયો, અને તાંજોરના લોભમાં ચંદા સાહેબ સઘળું ગુમાવતો હતો કે શું એમ તેને લાગ્યું. તેણે ડ્યુકિનને તાકીદનો હુકમ મોકલી, તાંજોરના રાજાને

ભયંકર ધમકી આપી, પૈસા વસુલ કરી એકદમ ટ્રીચીનાપોલી જવા ફરમાવ્યું. આ ઉપરથી ડયુકિને તાંજોરનો કિલ્લો સર કર્યો કે તરત પ્રતાપસિંહ શરણે આવ્યો, અને સાત લાખ રૂપીઆ આપવા કબૂલ થયો; એ ઉપરાંત તેણે ફ્રેન્ચ લશ્કરને બે લાખ રૂપીઆ ઇનામ તથા ફ્રેન્ચ સરકારને ૮૧ ગામ બક્ષિસ આપવા કહ્યું. પણ આ પૈસા આપવામાં તે દિવસો કહાડવા લાગ્યો; કોઈ વેળા દાગીના, કોઈ વેળા વાસણ ઇત્યાદિ થોડો થોડો સામાન મોકલી પૈસા ભરવાનાં બહાનાં કહાડતો હતો, કેમકે ખરૂં જોતાં તે નાસીરજંગ અથવા અંગ્રેજોની તેની મદદે આવી પહોંચવાની રાહ જોતો હતો, કે જેથી તેના ઉપરનું સંકટ ટળે.

**૩. બે તડ અને ફ્રેન્ચ લોકોનો વિજય.**—એટલામાં નાસીરજંગ મોટાં લશ્કર સહિત કર્નાટક ઉપર ઉતરવાની બાતમી મળતાં ચંદા સાહેબ અને મુઝફ્ફરજંગનું લશ્કર ગભરાટમાં પોતાના સરદારોને છોડી નાસવા લાગ્યું, અને ફ્રેન્ચ ફોજ પોન્ડીચેરી પાછી ફરી. નાસીરજંગ આર્કટ ઉપર આવ્યો ત્યારે તેને મુરારરાવ ઘોરપડે દસ હજાર લશ્કર સહિત મળ્યો, અને ૬૦૦ અંગ્રેજ સોલજરો મેજર લૉરેન્સની સરદારી હેઠળ તેમની મદદે આવ્યા. આ પ્રમાણે ડુપ્લેએ રચેલી યુક્તિ તુટી ગઈ અને તે મુશ્કેલીમાં આવી પડયો. આવા કટોકટીને સમયે ફ્રેન્ચ લશ્કરમાંના અધિકારીઓએ બંડ કરવાથી ઑટિલને પોન્ડીચેરી પાછા આવવું પડયું. રસ્તામાં મુરારરાવ ઘોરપડેએ તેની પુઠ પકડી. એમાંથી ગમે તેમ બચી જઈ ફ્રેન્ચ લશ્કર સલામત નીકળી ગયું તેની સાથે ચંદા સાહેબ પણ ચાલ્યો ગયો. પછાડી રહેલા મુઝફ્ફરજંગને નાસીરજંગે પકડયો અને બેડી પેહેરાવી સખત કેદમાં નાખ્યો. આથી નાસીરજંગ દક્ષિણની સુબેદારીનો માલિક થયો, અને તેણે તરતજ મહમદઅલ્લીને આર્કટના નવાબપદ ઉપર નીમ્યો. આ પ્રમાણે કર્નાટકના યુદ્ધમાં નાસીરજંગ, મહમદઅલ્લી અને અંગ્રેજ, તથા મુઝફ્ફરજંગ, ચંદાસાહેબ અને ફ્રેન્ચ એમ પ્રત્યક્ષ બે પક્ષ પડી ગયા. મુઝફ્ફરજંગ અને ચંદા સાહેબે હાથ આવેલી સોના જેવી તક ગુમાવી એટલે ડુપ્લે અત્યંત નિરાશ થઈ ગયો અને તેની યુક્તિ પ્રયુક્તિઓ ઉડી

ગયા જેવી લાગી. એમ છતાં ડરી નહી જતાં હિમતથી તેણે પોતાનો ઉદ્યોગ અપ્રાટાબંધ આગળ ચલાવ્યો. પ્રથમ શત્રુની બ્હીકથી નાસી આવેલા ફ્રેન્ચ લશ્કરને શિક્ષા કરી તથા તેની ફજેતી ઉડાવી તેની યોગ્ય ગોઠવણ કરી, અને તે મધ્યે નવું જોમ ઉત્પન્ન કર્યું. બીજી તરફ પોતાનાં મનની ધાસ્તી બહાર ન જણાવતાં ડુપ્લેએ નાસીરજંગ સાથે સલાહ કરવાનો પ્રયત્ન ચલાવ્યો, જાણે પોતાને જય મળ્યો હોય તેમ તહ કરવાને પોતાના પ્રતિનિધિને તેની પાસે મોકલ્યો, અને તેના તાબાના અનેક સરદારોને અંદરખાનેથી ફોડી પોતાના પક્ષમાં લીધા. આવી રીતે તેણે પોતાની સઘળી તૈયારી કરવાનો વખત મેળવ્યો. નાસીરજંગ તેની રચેલી યુક્તિમાં ફસાયો નહીં પણ તેણે લડવાનો નિશ્ચય ચાલુ રાખ્યો; એમ છતાં તેનાં સ્વસ્થપણા તથા સુરતીને લીધે ડુપ્લેને પોતાની બાજી રચવામાં ફત્તેહ મળી. તા. ૧૨ એપ્રિલ, સને ૧૭૫૦ ને દીને રાતે ફ્રેન્ચ લશ્કરે મુરારરાવ ઘોરપડેની છાવણી ઉપર ગુપ્ત રીતે હલ્લો કરી ૧૨૦૦ મરાઠાઓને કાપી નાંખ્યા અને સવાર પહેલાં તે પોન્ડીચેરી પાછું ફર્યું. આટલાથીજ નાસીરજંગ ગભરાઈ જઈ આર્કટ ગયો. ફ્રેન્ચ લોકો ઉપર વેર લેવા માટે તેણે મચ્છલીપટ્ટણનું થાણું કબજે કરાવ્યું, પણ ડુપ્લેએ આરમાર મોકલી તરતજ તે પાછું લીધું. થોડા દિવસ પછી મહમદઅલ્લીને દહેશત આપવાની મતલબથી તેની છાવણી પાસેનું તિરૂવાદી નામનું થાણું ડુપ્લેએ ડોટિલને મોકલી પોતાના તાબામાં લીધું. તે હસ્તગત કરવા અંગ્રેજ અને મહમદઅલ્લીએ પુષ્કળ યત્ન કર્યા પણ તે ફત્તેહમંદ થયા નહીં. હવે અંગ્રેજોએ ખુલ્લી રીતે નાસીરજંગ અને મહમદઅલ્લીનો પક્ષ લીધો હતો અને તે તોડવા માટે ડુપ્લે અતિશય મથન કરતો હતો. નાસીરજંગને વધારે દહેશતમાં નાંખવા માટે તેના તાબાનો જીંજીનો મજબૂત કિલ્લો ડુપ્લેએ બુસીને મોકલી સર કરાવ્યો. શિવાજી અને ઔરંગજેબના વખતથી આ કિલ્લો લેવા માટે અનેક પ્રયત્નો થયા હતા અને તે આખા દક્ષિણ હિંદુસ્તાનમાં અતિશય મજબૂત કિલ્લો ગણાતો હતો. તે એકદમ જીતી લેવાથી બુસીનું શૌર્ય પ્રગટ થયું અને ફ્રેન્ચ લોકોની હાક વાગી.

હવે પછીની હકીકતમાં બુસીનું નામ અગ્રસ્થાને આવવાનું હોવાથી તેની વિશેની કેટલીક હકીકત અહીં જણાવવી અસ્થાને લેખાશે નહીં. એનો જન્મ ફ્રાન્સમાં સને ૧૭૧૮માં થયો હતો, અને લાબુર્ડોને ગવર્નર હતો તે સમયે તે સેન્ટ લુઈ આવ્યો હતો. સને ૧૭૪૬ માં તે લાબુર્ડોનેની સાથે પોન્ડીચેરી આવ્યો ત્યારથી તે હિંદુસ્તાનમાંજ રહ્યો. અહીં ડુપ્લેની સાથે રહેવાનો અનેકવાર તેને પ્રસંગ મળવાથી એકમેકના ગુણોની પરીક્ષા કરવાની તેમને તક મળી, અને તેમના મનમાં એક બીજાને માટે પુજ્યબુદ્ધિ ઉત્પન્ન થઈ. આગળ જતાં બન્નેએ સાથે મળી સ્વરાષ્ટ્રના હિતનાં અનેક કામો કર્યાં. જીંજીનો કિલ્લો સર કરવામાં બુસીનું ખરૂં શૂર જાહેર થતાં, હિંદુસ્તાનમાંનાં દેશી દરબારોમાં ફ્રેન્ચ લોકોની દહેશત લાગી, અને તેઓ હવે સર્વ હિંદુસ્તાનનું રાજ્ય કબજે કરે છે કે શું એમ થોડો વખત સઘળાને લાગ્યું. નાસીરજંગે ગભરાટમાં ફ્રેન્ચ સાથે મિત્રાચારી કરવાનો વિચાર કરવા માંડ્યો; પણ મુઝફ્ફરજંગને કેદમાંથી છોડી તેના છોકરાને નવાબગિરી આપવાનું વચન તે આપે નહીં ત્યાં સુધી ફ્રેન્ચ સાથે તહ થવી મુશ્કેલ હતી. નાસીરજંગને એ વાત કબૂલ ન હોવાથી લડાઈ સિવાય તેને માટે બીજો માર્ગ હતો નહીં. આવી રીતે લડવાનો પ્રસંગ આવે તે અગાઉ ડુપ્લેએ અંદર ખાનેથી કારસ્તાન કરી નાસીરજંગના તાબાના ઘણા મરાઠા અને મુસલમાન સરદારોને ફોડી મુઝફ્ફરજંગના પક્ષમાં વાળી લીધા હતા. નાસીરજંગ સદા એશઆરામમાં નિમગ્ન રહેતો, અને હાથ હેઠળના સરદારો પ્રત્યે ઉદારપણાથી નહીં વર્તતાં ફ્રેન્ચ સાથે સલાહ કરવા તરફ દુર્લક્ષ કરતો. આ રીત સરદારોને પ્રતિકૂળ પડતાં ડુપ્લે અને મુઝફ્ફરજંગની ઉશ્કેરણીથી તેમનાં મન અસ્વસ્થ થયાં, અને તેઓ નાસીરજંગનો નાશ કરવા ઉદ્યુક્ત થયા. આથી નાસીરજંગ ફ્રેન્ચ સાથે સલાહ ન કરતાં લડાઈ કરવાનો હુકમ આપે તેજ વખતે તેને છોડી જઈ વિરૂદ્ધ પક્ષમાં મળી જવાનો ગુપ્ત ઠરાવ તેઓએ કર્યો હતો. આ ભેદ તેમણે ગમે તેટલો છુપો રાખ્યો તોપણ નાસીરજંગ પોતાની સ્થિતિ ઘણીખરી સમજતો હતો. લડાઈનાં વિલક્ષણ પરિણામની બ્હીકે તેણે ડુપ્લેનું કહેવું કબૂલ કરવાનો ઠરાવ કરી તેવા આશયનો પત્ર

પોન્ડીચેરી મોકલ્યો, અને તેહની સરતો નક્કી કરવા પોતાના ત્રણ વકીલને પૂર્ણ અધિકાર આપી રવાના કર્યા. તેઓ પોન્ડીચેરી પહોંચે તે પૂર્વે અહીં લડાઈ શરૂ થઈ હતી. નાસીરજંગની છાવણી જીંજીથી થોડા અંતરે હતી, અને જીંજીમાં ફ્રેન્ચ ફોજ લા ટુશ (M. de La Touche) ની સરદારી હેઠળ તૈયાર હતી. ફિતુરી થયલા સરદારો તરફથી સૂચના મળતાં નાસીરજંગ ઉપર હલ્લો કરવાનો તેને હુકમ હતો. ઉપર કહેલો પત્ર નાસીરજંગે ડુપ્લેને મોકલ્યો હતો છતાં લા ટુશને આવી સૂચના મળતાં તે એકદમ નીકળી ફોજ ઉપર જઈ પડયો. નાસીરજંગ તૈયાર નહોતો છતાં પણ આ કૃતઘ્નતાથી ગુસ્સે થઈ તેણે લડવામાં બાકી રાખ્યું નહીં; સરદારો ફિતુરી થયા ન હોત તો તેને ખચિત જય મળતે. લડાઈ શરૂ થતાંજ તેના હાથ હેઠળના ફિતુરી પઠાણ સરદારો, મ્હેસુરનો રાજા અને મરાઠાઓ વીસ હજાર ફોજ સહિત ફ્રેન્ચ નિશાન ઉરાડતા લડાઈની હરોલ-માંથી નીકળી ગયા, ત્યારે નાસીરજંગ હાથી ઉપર બેસી આ ફિતુરીઓને અટકાવવા માટે જાતે લડાઈમાં ઉતર્યો. અને પાસેના બીજા હાથી ઉપર મુઝફ્ફરજંગને બેસાડયો. કડાપ્પાના નવાબને પોતાની સામા આવતાં જોઈ નાસીરજંગે તેની આવી કૃતઘ્નતા માટે સખત ઠપકો આપ્યો કે તરતજ ગુસ્સાના આવેશમાં નવાબે નાસીરજંગને ગોળી મારી ઠાર કર્યો અને તેનું ડોકું કાપી મુઝફ્ફરજંગ આગળ રજુ કરી તેને પ્રણામ કર્યા. આ હકીકતની ખબર લા ટુશને મળતાં તેણે ખુસીને મુઝફ્ફરજંગ પાસે મોકલી તેનો આદર કર્યો. સંધ્યાકાળે લડાઈ અટકતાં લા ટુશ પોતે મુઝફ્ફરજંગને મળ્યો, અને તેને દક્ષિણના સુબેદાર તરીકે સન્માન આપ્યું (ડીસેમ્બર ૧૭૫૦). 'હમણાની મદદ. માટે હું ડુપ્લેનો તેમજ સર્વે ફ્રેન્ચ લોકોનો અત્યંત આભારી છું; તમારી સલાહ સિવાય હું કંઈ પણ કરીશ નહીં' એવી ડુપ્લેની ખાતરી કરનારો સંદેશો તેણે લા ટુશ મારફત પોન્ડીચેરી મોકલ્યો, અને પાછળથી તરતજ પોતે પણ ત્યાં જઈ પહોંચ્યો. આ લડાઈ જીંજીની લડાઈ તરીકે ઇતિહાસમાં જણાઈ છે. આ વિજયની બાતમી પોન્ડીચેરી પહોંચતાં ત્યાં અસાધારણ આનંદ, ઉલ્લાસ, અને આશ્ચર્ય પ્રસરી

રહ્યાં, અને દરેકને વિચાર આવ્યો કે ૮૦૦ ફ્રેન્ચ સિપાઈ તથા તેણે તૈયાર કરેલી ૩૦૦૦ દેશી ફોજના જોર ઉપર સાડાત્રણ કરોડની વસતી ઉપર રાજ્ય કરનાર અધિકારી નીમવાની ફ્રેન્ચ લોકોને તક મળી એના કરતાં બીજું કોઈ પણ મોટું પરાક્રમ હોઈ શકે નહીં. 'આટલો મોટો અધિકારી આપણું સન્માન કરે, આપણાં પરાક્રમ આગળ પોતાની કિંમત ગણે નહીં, અને હવે પછી તે આપણી સલાહ પ્રમાણે ચાલનાર હોવાથી સાડાત્રણ કરોડની વસતીના ખરા રાજ્યકર્તા આપણે પોતેજ' એ કલ્પનાથી ડુપ્લે, તેના તાબાના અમલદારો, અને સિપાઈઓ અત્યંત ચકિત થઈગયા. સને ૧૬૭૪ માં પોન્ડીચેરીની સ્થાપના થયા પછી પોણો સો વર્ષમાં ફ્રેન્ચ લોકોએ આટલું મોટું પરાક્રમ કરવાથી દેશી લોકોને તેમના સ્વાર્થત્યાગ તથા સ્વાર્થનિરપેક્ષતા બાબત આશ્ચર્ય લાગ્યું, અને સર્વ લોકોએ તેમની મહેરબાની મેળવવા પ્રયત્ન કર્યો. આવા આનંદસાગરમાં ડુપ્લે ઝોલ્લા ખાતો હતો તેવે સમયે તા. ૨૭ મી ડીસેમ્બર ૧૭૫૦ ને દીને મુઝફ્ફરજંગ પોતે પોન્ડીચેરીમાં આવી લાગવાથી તેના આનંદનો પાર રહ્યો નહીં. ડુપ્લે જાણે ત્રાતા, અન્નદાતા, દેવાધિદેવ હોય તેમ આ નવા સુબેદારે તેને માનથી નવાજેશ કર્યો. નાસીરજંગનાં સઘળાં ધનદોલત, જરજવાહીર, સોનું ચાંદી વગેરે મુઝફ્ફરજંગે ડુપ્લેને અર્પણ કર્યાં ત્યારે તેની નિરપેક્ષતાનો પાર રહ્યો નહીં અને તેણે કહ્યું કે, 'મારે કંઈ જોઈએ નહીં, હું એને સ્પર્શ સુદ્ધાં કરનાર નથી; તમારૂં કામ થયું, અને મારે હાથે તમારા દેશનો ઉદ્ધાર થયો એથીજ હું પોતાને કૃતકૃત્ય થયેલ માનું છું.' આવાં મધુર ભાષણથી દેશીઓની પ્રીતિ સંપાદન કરવાનું માન ભાવી ડુપ્લેને શીખવવાની જરૂર નહોતી. આ કામમાં તે સંપૂર્ણ રીતે કાબેલ હોવાથી દેશીઓનાં મનની વાત જાણી લેવાની શક્તિ તેના એકલાનામાંજ હતી એમ તે સમજતો હતો, તેથી તેણે પોતાને અર્પણ થયલી સઘળી દોલત મુઝફ્ફરજંગ અને તેના સાહુકારી નવાબ વચ્ચે સરખે ભાગે વહેંચી લેવા ફરમાવ્યું. આવી રીતે સઘળાનાં મન મેળવી લીધા પછી ડુપ્લેએ મોટો દરબાર ભરી મુઝફ્ફરજંગને દક્ષિણના સુબેદારનું પદ ધારણ કરાવ્યું. આ દરબારનો ઠાઠ અવર્ણનીય તથા

અવિસ્મરણીય હતો. મુઝફ્ફરજંગને અગ્રસ્થાને બેસાડી ડુપ્લે તેની પાસે બેઠો. તેણે અને ઇતર સરદારોએ સુબેદારને નજરાણા કર્યા પછી સુબેદારે ભાષણ કરી આ પ્રમાણે બક્ષિસ આપી. 'અમે દક્ષિણના સુબેદાર મુઝફ્ફરજંગે અમારા મિત્ર ડુપ્લેને કૃષ્ણા નદીની દક્ષિણના મ્હૈસુર સુદ્ધા સઘળા પ્રાંતની નવાબગિરી બક્ષિસ કરી છે, તે ઉપરાંત વાલડોર (Valdaur) નો કિલ્લો અને તેની આસપાસનો એક લાખની આવકનો પ્રદેશ જાગીર તરીકે તેમને આપવામાં આવે છે. તેને 'સપ્તહજારી' મનસબ તથા મત્સ્યાકૃતિવાળુ મોગલ નિશાન અર્પણ કર્યું છે, અને પોન્ડીચેરીનુ નાણુ કરનાટકમા ચાલે એવુ ફરમાવવામા આવે છે મચ્છલિપટ્ટણ, યુનાન, કેરિકલ વગેરેનો સઘળો પ્રદેશ ફ્રેન્ચ કંપનીની સત્તા હેઠળ હોય એમ સમજવુ ડુપ્લેની સમતિ વિના અમે એક તરણુ સરખુ પણ અહીંથી તહીં ખસેડનાર નથી એવી અમે તેને ખાતરી આપીએ છીએ ' આના ઉત્તરમા ડુપ્લેએ પોતાના સ્વભાવ તથા પ્રસગને અનુસરતું વર્તન ચલાવ્યુ ચંદા સાહેબને સુબેદાર આગળ લઈ જઈ તેણે જાહેર કર્યું કે 'અમારા ઘણા દિવસના મિત્ર આજ પર્યંત અનેક વિપત્તિ ભોગવે છે. કર્નાટકની નવાબગિરીના નામધારી માલિક આપે અમને કર્યા છે પણ તે ઉપર ખરો હક આ ચંદા સાહેબનો છે તેની આજ સુધીની ઇમાનદારી તથા મહેનતના બદલામા ખરી બક્ષિસ તેને મળવી જોઈએ.' ડુપ્લેના આ ઔદાર્યથી દેશીઓના મન ઉપર કેવી અસર થઈ હશે તેનો વિચાર સહજ આવશે તેની સર્વત્ર વાહવા બોલાઈ અને તેને માટે સર્વના મન ઉપર ઉત્કૃષ્ટ છાપ બેઠી ઉપર કહેલી બક્ષિસ સિવાય મુઝફ્ફરજંગે ડુપ્લેને પાચ લાખ રૂપીઆ ફ્રેન્ચ લશ્કરમા વહેંચી આપવા માટે આપ્યા. વળી તેને ફ્રેન્ચ કંપનીનું દેવુ હતુ તેમાથી પાચ લાખ રૂપીઆ આપી દઈ બાકીની રકમ માટે જામીનગિરી આપી આ સઘળા ઉપરાંત ફ્રેન્ચ કંપનીને દરસાલ ચાર લાખની વસુલ ઉત્પન્ન કરનારો મુલક મળ્યો હતો. આ વિજયનુ ચિરકાલીન સ્મારક ઉભુ કરવાના હેતુથી જે ઠેકાણે મુઝફ્ફરજંગને જય મળ્યો હતો તે જગ્યા ઉપર ડુપ્લેએ એક શહેર વસાવી તેને ડુપ્લે ફત્તેહઆબાદ એવું નામ આપ્યુ, અને ત્યા એક વિજયસ્થંભ ઉભો કરી તે ઉપર ફ્રેન્ચ લોકોનાં પરાક્રમ કોતરાવ્યા.

**૪. ડુપ્લેની ખાલી મનકામના.**—આટલું થયા છતાં પણ મુલકમાં શાંતિ પ્રસરી નહોતી. મહમદઅલ્લી પછાડા માર્યા કરતો હતો. નાસીરજંગનાં મૃત્યુથી નિરાશ થઈ તે ટ્રીચીનાપોલીમાં જઈ રહ્યો હતો. અંગ્રેજોએ પણ તેનો ત્યાગ કર્યો ત્યારે પોતાના પિતાની સઘળી મિલકત આપી દેવાના બદલામાં દક્ષિણની સુબાગિરીમાં કેથે પણ એકાદ મનસબ તેને આપવામાં આવે તો નવાબગિરી ઉપરથી પોતાનો હક છોડી દેવા તે તૈયાર છે, એવો સંદેશો ડુપ્લે મારફતે નવા સુબા મુઝફ્ફરજંગને તેણે મોકલાવ્યો. આ વિચાર મહમદઅલ્લીએ રાજા વંકોજી મારફત ડુપ્લેને જણાવ્યો હતો. ડુપ્લેને તે સર્વ રીતે અનુકૂળ લાગતાં એવી વ્યવસ્થાથી કર્નાટકનો ટંટો હમેશને માટે મટવાની આશા ઉપર તેણે વંકોજીને પાછો મોકલી પોતાની સંમતિ મહમદ-અલ્લીને જણાવી.

પોન્ડીચેરીમાં પોતાનું કામ પુરૂં થવાથી મુઝફ્ફરજંગ પોતાની ઔરંગાબાદ જવા નીકળ્યો. માર્ગમાં કોઈ દુશ્મન આવે તો તેની સામે પોતાનું સંરક્ષણ કરવા માટે તેણે એક ફ્રેન્ચ ફોજ સાથે લીધી, અને તેનો ખર્ચ આપવા કબૂલ થયો. ડુપ્લેને તો એ જોઈતું જ હતું. આ ફોજને લીધે સુબેદાર ઉપર પોતાનો સેહ રાખી આખા દક્ષિણ હિંદુસ્તાનનું રાજ્ય કરવાનું મળશે એવી તેને આશા હતી. માત્ર આ સાહુકારી લશ્કરની શરૂઆત હતી, અને તે દુર્બળ રાજ્યોને પ્રબળના સામસામાં બરાબર પકડી રાખવા માટેની જાળ હતી. ડુપ્લેએ બુસીના ઉપરીપણાં હેઠળ ૩૦૦ ફ્રેન્ચ અને ૨૦૦ દેશી સિપાઈઓ મુકી તેને મુઝફ્ફરજંગની સાથે મોકલ્યો. મહમદઅલ્લી દગો કરે, અને કંઈ મુશ્કેલ પ્રસંગ આવી પડે તો બુસી પાસે સંરક્ષણનું કંઈ પણ સાધન નહોતું એ બાબત ડુપ્લેને કંઈ પણ વિચાર આવ્યો નહીં.

તા. ૭ મી જાનેવારી, સને ૧૭૫૧ ને દીને મુઝફ્ફરજંગ પાન્ડીચેરીથી નીકળ્યો. બાવીસ દિવસ પછી તે કડાપ્પાના નવાબની હદમાં દાખલ થયો. એ નવાબ મુઝફ્ફરજંગના લશ્કરમાંજ હતો, પણ તે તથા કર્નુલ અને સાવાનુરના નવાબો મળી ગુપ્ત કારસ્તાન કરતા હતા તેની મુઝફ્ફરજંગને ખબર નહોતી. એક

દિવસે સુબેદારની ફોજ તથા કડાપ્પાના નવાબની ફોજ વચ્ચે કંઇક નજીવા કારણથી ટટો ઉપસ્થિત થયો, પણ ખરૂં જોતાં તે રચેલા ભેદનો આરંભજ હતો. નવાબનાં માણુસોએ સુબેદારની પછવાડેના જનાનખાનાની તહેનાતમાં રહેલી ટુકડી ઉપર હલ્લો કર્યો. આથી સુબેદાર ગુસ્સે થયો, અને નવાબને શિક્ષા કરવા બુસીને જણાવ્યું. આ બાબતને ઉગ્રરૂપ લેતું અટકાવવા માટે બુસીએ સમાધાન કરવા પ્રયત્ન કર્યો, પરંતુ ત્રણે નવાબો બંડખોર થઈ વધારે બખેડો કરવા લાગ્યા. એકદમ ગુસ્સાના આવેશમાં બુસીની મદદની રાહ ન જોતાં મુઝફ્ફરજંગે નવાબો ઉપર હલ્લો કર્યો, ત્યારે ઘણી ઝનુની અને ખુનરેજી ભરેલી ઝપાઝપી થઈ. બુસી ત્વરાથી આવી પહોંચતાં લડાઇની ગડબડમાં સાવનૂરનો નવાબ રણમાં પડ્યો, અને કડાપ્પાનો નવાબ જખમી થવાથી તેને તેનાં માણુસો ઉચકી લઈ ગયાં. આ મુખ્ય બંડખોર જીવતો છટકી જાય એ મુઝફ્ફરજંગને પસંદ ન પડતાં તે તેની પાછળ ધસ્યો. એટલામાં કર્નૂલનો નવાબ તેની આડે આવ્યો; બન્ને હાથોહાથ થઈ જતાં કર્નૂલના નવાબે મુઝફ્ફરજંગને ભાલાથી ઠાર કર્યો, તે જોઈ મુઝફ્ફરજંગનાં માણુસોએ નવાબને પણ સ્વધામ પહોંચાડ્યો.

આ પ્રમાણે મુઝફ્ફરજંગ પડવાથી ભયંકર ઘોંટાળો થયો, તોપણ બુસીનું ડહાપણ અને વખત સાચવી લેવાની કળા જબરાં હતાં. તેણે ધીરજથી સઘળું શાંત પાડી નિઝામ નાસીરજંગનો ભાઈ સલાબતજંગ જે આ સ્વારી-માં કેદમાં પડેલો હતો તેને છોડી સુબેદારી ઉપર દાખલ કર્યો, અને જાણે કંઈ પણ અડચણ આવી ન હોય તેમ સઘળી વ્યવસ્થા કરી તે આગળ ચાલ્યો. સલાબતજંગે ફ્રેન્ચ લોકો સાથે થયલા અગાઉના સઘળા કરારો મંજુર રાખ્યા, અને વિશેષમાં તેમને કેટલાંક પરગણાંઓ બક્ષિસ આપ્યાં. આગળ જતાં તેણે કર્નૂલનો કિલ્લો જમીનદોસ્ત કર્યો, અને પેશ્વા બાલાજી બાજીરાવે તેને બે લાખ રૂપીઆ આપી મરાઠાઓની અડચણ દૂર કરી. હૈદ્રાબાદમાં થોડા દિવસ રહ્યા પછી સ્વારી તા. ૯ મીએ ઔરંગાબાદમાં દાખલ થઈ, અને ત્યાં સલાબતજંગને યથાવિધિ દક્ષિણના સુબેદારનો પોશાક આપવામાં આવ્યો.

આ પ્રમાણે ફ્રેન્ચની સત્તા તથા બુસિ પરાકાષ્ઠાએ પહોચી મુઠીભર કવાયતી લશ્કરની મદદથી સાડાનવ કરોડ વસ્તીનો પ્રદેશ તેઓએ જોત જોતામા પોતાના તાબામાં લીધો હતો, અને તેઓ ધારતે તો કર્નાટક સુદ્ધાંનો સઘળો પ્રદેશ ફ્રેન્ચ સત્તા હેઠળ આણી શકતે પણ તુર્ત વેગા તેમ નહીં કરતા દેશી રાજાઓનો મોભો જાગવી રાખનાનુ ડુપ્લેને યોગ્ય લાગ્યુ મહમદઅલીને લગભગ સમજાવી લેનામા આ યો હતો આ બાબત અંગ્રેજોને વૈષમ્ય લાગ્યુ હોય તોપણ તેમને વચમાં પડવાને કારણુ નહોતુ, કેમકે તેમની મદદ માંગવાને કોઈ તયાર હતું નહીં એમ છતા અંગ્રેજોનો હિંદુસ્તાનમાથી કાંટો કહાડવા ડુપ્લે અતિ તત્પર હતો, એઈ લાશાપેનના કોલકરારથી તેના હાથ બધાઈ ગયના હોવાથી તેમને ચાલતી ધમાધમીમા વચ્ચે આવવાનો અનકાશજ મળે નહીં એવી ડુપ્લેની યુક્તિ હતી, અને તે ઘણીખરી પાર પડ્યા જેવીજ હતી

એ દરમિયાન ડુપ્લે પોન્ડીચેરીમા બેઠો બેઠો શેત્રજના મોહરાંની માફક કર્નાટકમા દક્ષિણના સત્તાધીશોને ફેરવતો હતો તે દાવ જીતી ગયો હોય તેમ ઘણાખરાઓને તેમજ તેને પણ ક્ષણભર લાગ્યુ આ દાવ આગળ કેવી રીતે અને ક્યારે પુરો થયો તે જોવાનો પ્રસગ આવે છે તુર્ત એટલુ તો ખરૂં કે આ દુનીઆની વ્યવસ્થા કરવાને પ્રત્યક્ષ પરમેશ્વરને પણ વખત અને સ્વસ્થતા જોઈએ છે, પણ ડુપ્લેએ તો મોટા મોટા પ્રદેશના રાજકીય ફેરફાર ક્ષણવારમા કરી નાખ્યા રાષ્ટ્રીય ફેરફાર પાર પાડવામા વખત લાગે છે, અને રાષ્ટ્રની તેમજ સમાજની રીતચાલ સમજવા તથા કેવા બનાવો બને છે તે જાણવા વખત લાગે છે કલ્પનાની ઝડપ કરતાં આપણી અક્કલ વધારે વેગથી જાય છે એ ડુપ્લેના લક્ષમા રહ્યુ નહીં ડુપ્લેના રાષ્ટ્રબધુ નેપોલિયનની પણ આગળ ઉપર આવીજ સ્થિતિ થઈ હતી એમ ઇતિહાસ કહે છે એકદમ જોરથી કુદકો મારી સઘળુ સ્વાહા કરનારાને આખરે કઈજ મળતુ નથી એ વ્યવહારિક ન્યાય દેશને પણ લાગુ પડે છે એ ઉપરના ઉદાહરણથી આપણને જણાય છે ધીરજ, ગાભીર્ય તથા શાત વિચાર આગળ ઉતાવળ અને દોડધામ કઈ કામ લાગતા નથી એક નાની

ભૂલને લીધે સઘળી બાજી ઉલટાઈ ગઈ એમ જે આગળ જતાં હમેશાં ડુપ્લેને લાગતું હતું તે ખરૂ નહોતું.

ઉપરની હકીકત ઉપરથી તે સમયની સ્થિતિની ઘણી સારી માહિતી મળશે. વચમાંનાં રાજ્યો તુટવાથી દેશની કેવી ધુળધાણી થાય છે તેનું આ ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. દેશમાં કોઈને પોતાની સ્થિરતા માટે ક્ષણનો પણ ભરોસો નહોતો અને સઘળાનો જીવ તાળવે ટંગેલો હતો, એવી પરિસ્થિતિમાં ડુપ્લે જેવાનું ફાવ્યું. તે જે એમ ધારતો હતો કે પોતે અત્યંત નિઃસ્વાર્થ બુદ્ધિથી તથા દેશીઓનું હિત કરવાના વિચારથી સઘળું કરતો હતો તે તો ખાલી ભ્રમણાજ હતી. મૅલીસનના કહેવા મુજબ આવી યુક્તિથી દેશીઓનાં મન ઉપર ડુપ્લેએ પોતા માટે સારી છાપ બેસાડી હતી, પણ આ દેશના લોકો તે વેળા એટલા બધા મુર્ખ અને નાદાન નહોતા. કોઈ પણ માણસ ગમે તેવું વર્તન કરે તોપણ તે હમેશાં બીજાનું સારૂં કરવા માટે કરે છે એમ તે સમજે છે; તેને હાથે બીજાનું ખરાબ થાય છે એમ તે કદી કહેતોજ નથી. એ ન્યાય મુજબ વિચાર કરતાં આપણને લાગે છે કે આટલી ખટપટ ન કરતાં ડુપ્લે પોતાના વેપારને વળગી રહ્યો હોત તો તેણે પોતાના દેશનો વધારે ફાયદો કર્યો હોત એમાં સંશય નથી.

મહમદઅલ્લી હજી ટ્રીચીનાપોલીમાં હતો. અગાઉના ઠરાવ પ્રમાણે તેની સમજુત થઈ સર્વ ભાંજગડ જલદી મટી જશે એવી ડુપ્લેને આશા હતી; પણ ગમે તેવાં કારણ આગળ કરી મહમદઅલ્લી પોતાની યુક્તિ પાર પાડવા ફાંફાં મારવા લાગ્યો. અંદરખાનેથી તેણે અંગ્રેજોની મદદ મેળવવા જોરમાં ખટપટ ચલાવી, અને તેમને સ્પષ્ટ જણાવ્યું કે 'મારો પક્ષ તે તમારોજ પક્ષ છે; મારા નાશ થવાની સાથે તમારે પણ હિંદુસ્તાનમાંથી હમેશને માટે નીકળી જવું પડશે એમ જાણજો.' મહમદઅલ્લીએ પોતાની ખટપટનું આશાવંત પરિણામ આવતું જોઈ પોતે ટ્રીચીનાપોલી છોડી દેવા તૈયાર નથી એમ ડુપ્લેને ખુલ્લી રીતે જણાવ્યું. આવો જવાબ મળતાં કર્નાટક હસ્તગત કરવામાં મહમદઅલ્લી તરફની પડતી અડચણ દૂર કરવા માટે તેણે પુનઃ યુદ્ધની તૈયારી કરી. ચંદા સાહેબની સાત આઠ હજાર ફોજની

મદદે ચારમો યુરોપિયન સિપાઈઓને મોકલી ડોટિલને તે સાથે ટ્રીચીનાપોલી કબજે કરવા રવાના કરવામાં આવ્યો (માર્ચ ૧૭૫૧). ડુપ્લેને આ પ્રમાણે વિજયી થતો જોઈ અંગ્રેજો સ્વાભાવિકરીતે ધાસ્તીમાં પડ્યા. કર્નાટકની નવાબગિરી એના તાબામાં આવે તો તે અંગ્રેજોને આ દેશમાંથી હાંકી કહાડ્યા વિના રહે નહીં. એ ભય સામે સ્વસંરક્ષણ કરવાની જરૂર હોય તો તેમણે મહમદઅલ્લીને બને તેટલી સહાય કરવી જોઈએ એવા વિચારથી તેમણે કેપ્ટન કોપની સરદારી હેઠળ ૨૮૦ યુરોપિયન અને ૩૦૦ દેશી લશ્કર મહમદઅલ્લીને ઘેરામાંથી છોડવવા ટ્રીચીનાપોલી તરફ મોકલ્યું; અને કેપ્ટન ડુંજેનના હાથ હેઠળ ૬૦૦ યુરોપિયન અને ૧૦૦૦ દેશી સિપાઈઓની બીજી ફોજ ટ્રીચીનાપોલીની આસપાસ રહી નવાબના પક્ષને ટેકો આપવા માટે રવાના કરી. ડુંજેનની સાથે રોબર્ટ ક્લાઈવ હતો. ટ્રીચીનાપોલીની ઉત્તરે ૪૦ માઈલ ઉપરનું વોલકોંડા (Volcondah) નું મજબૂત શહેર ચંદા સાહેબ સર કરવાની તૈયારીમાં છે એમ સાંભળી અંગ્રેજ લશ્કરે તે દિશામાં કૂચ કરી (જુલાઈ ૧૭૫૧). ત્યાંના અધિકારીએ કોઈને પણ શહેરમાં દાખલ થવા દીધા નહીં, અને કર્નાટકનો જે કોઈ નવાબ ઠરે તેને તે સોંપવા જણાવ્યું. આ ઉપરથી અંગ્રેજોએ તે ઉપર હલ્લો કર્યો, પણ સામી બાજુએથી ફ્રેન્ચ લોકો તેમની વિરૂદ્ધ પડ્યા કે તરત ત્યાંથી તેઓ નાસી ગયા. આ પ્રસંગે ફ્રેન્ચ લશ્કરે અંગ્રેજોની પુઠ પકડી હોત તો સઘળા તેના હાથમાં સપડાઈ જતે, અને વધુ યુદ્ધ બંધ પડતે. પણ ફ્રેન્ચ સેનાપતિ ડોટિલ ઘુંટણનાં દરદથી હેરાન હોવાથી કામ કરવા અસમર્થ હતો; તેમજ ચંદા સાહેબનાં કેટલાંક માણસોએ બંડ ઉઠાવવાથી તે અંગ્રેજોની પુઠ પકડવા માટે અશક્ત હતો. આવી રીતે અંગ્રેજોને શાસન કરવાની અમુલ્ય તક ફ્રેન્ચ લોકોના હાથમાંથી જતી રહી. એમ છતાં કંઈ પણ વખત ખોયા વિના ચંદા સાહેબ અને ફ્રેન્ચ ફોજે મળી ટ્રીચીનાપોલીને ઘેરો ઘાલ્યો, અને કાવેરી નદીમાંનો શ્રીરંગ નામનો બેટ હસ્તગત કર્યો. આજ અરસામાં ડોટિલ ભયંકર માંદગીને લીધે પોન્ડીચેરી ચાલ્યો ગયો, અને તેનું કામ લૉ નામના અફસરે કરવા માંડ્યું. લૉ યુદ્ધકળામાં તદન નાલાયક અને બ્હીકણ હતો; પણ ફ્રેન્ચ સરકારમાં તેનો લાગવગ સારો હોવાથી તેને સઘળું કામ સોંપ્યા

સિવાય છૂટકો નહોતો. એને બદલે બીજો કોઈ હોંશીઆર અહસ્ય ફ્રેન્ચ કંપની પાસે હોત તો આ લડાઈનું પરિણામ જુદુંજ આવ્યું હોત. એકદમ બહાદૂરીથી હલ્લો કરી ફ્રેન્ચ લોકોએ ટ્રીચીનાપોલી કબજે કર્યું હોત તો સઘળી બાબતનો નિવેડો આવત.

ફ્રેન્ચ લશ્કરના ઉપરી તરીકે લૉ જેવો નાલાયક અહસ્ય હતો ત્યારે અંગ્રેજોને સુભાગ્યે તેમની તરફથી એક અત્યંત સાહસિક અને હોંશીઆર અહસ્ય બહાર આવ્યો. એ રૉબર્ટ ક્લાઈવ ડુપ્લેની માફક હિમતવાન, બહાદૂર અને યુદ્ધકળામાં સંપૂર્ણ રીતે પ્રવીણ હતો. ડુપ્લેનામાં એક ખોડ એટલીજ હતી કે તેને યુદ્ધકળાની કંઈ ખબર નહોતી, અને સેનાપતિ તરીકે તે નકામો હતો. તે દૂરથી સઘળી તજવીજ કરી આપતો, અને અત્યંત વિકટ પ્રસંગે પણ ડગમગ્યા વિના શું કરવું તે ઉત્કૃષ્ટ રીતે સૂચવતો. પરંતુ તેની સૂચનાનો અમલ કરવાનું કામ બીજા પાસે હોવાથી તેને દરેક પ્રસંગે બીજા ઉપર આધાર રાખવાનો હતો. ક્લાઈવ અને ડુપ્લે વચ્ચે મોટો તફાવત આજ છે; ક્લાઈવ જાતે રણમાં ઉતરવા સમર્થ હતો, પણ ડુપ્લેનામાં તેવી શક્તિ નહોતી. પોતે લડાઇનાં મેદાનમાં જવાથી પ્રસંગાનુસાર યુક્તિ શોધી કહાડવા માટે ક્લાઈવને બીજા ઉપર અવલંબી રહેવાની જરૂર નહોતી, પણ ડુપ્લે તેમ કરવા અશક્ત હતો.

**૫. ક્લાઈવની પૂર્વ હકીકત.**—હવે પછીના બનાવો વર્ણવવા પહેલાં હિંદુસ્તાનના ઇતિહાસમાં આ સમયે અગત્યનો ભાગ લેનારા પુરૂષ રોબર્ટ ક્લાઈવની પૂર્વ હકીકત અત્રે આપવી અસ્થાને લાગશે નહીં.

ઈંગ્લંડના શ્રોપશાયર કાઉંટીમાં માર્કેટ ડ્રેટનના નાના ગામડામાં તા. ૨૯ મી સપ્ટેમ્બર, સને ૧૭૨૫ ને દીને રોબર્ટ ક્લાઈવ જન્મ્યો હતો. તેર ભાઈ બ્હેનોમાં તે સર્વથી વડીલ હતો. એનો પિતા વકીલનો ધંધો ચલાવી ઉદરનિર્વાહ કરતો હતો. નાનપણથીજ રોબર્ટ સાહસિક, ઉતાવળીઓ અને અવિચારી હતો; મારામારી કર્યા વિના તેનો એક પણ દિવસ જતો નહીં. બચપણમાં બે ત્રણ વર્ષ તે પોતાની માસીને ત્યાં રહ્યો હતો ત્યારે તેણે સઘળાંની સ્થિતિ ઘણી દયાજનક કરી મુકી હતી. જ્યાં જ્યાં તેને નિશાળે મોકલવામાં આવતો ત્યાં ત્યાં તે નાના પ્રકારનાં તોફાન તથા તકરાર

કરતો. અભ્યાસ તરફ તેણે કંઈ પણ લક્ષ આપ્યું નહીં. હમેશાં તે કંઈ તોફાન મસ્તીના કામમાં ગુંચાયલો રહેતો. તેની વિરૂદ્ધ પડવાની કોઈની હિંમત ચાલતી નહીં. તેની ચાલાકી, ચંચળતા તથા સાહસ જોઈ કેટલાકને એમ લાગતું કે નસીબને જોરે યોગ્ય પ્રસંગ આવ્યો તો તેમાં કલાઈવ કંઈ વિલક્ષણ કૃત્ય કરી ઇતિહાસમાં નામ કહાડશે. તે મોટો થતો ગયો તેમ તેમ તેનાં માબાપની ચિંતા વિશેષ વધવા માંડી, કેમકે તે વિદ્યારહીત હતો. આથી તેને કંઈ પણ દાબમાં રાખવાના વિચારથી તેમણે તેને ઈસ્ટ ઈન્ડીઆ કંપનીની નોકરીમાં એક કારકુનની જગ્યા અપાવી. સને ૧૭૪૩ માં અરાઢમે વર્ષે તે મદ્રાસ જવા ઇગ્લંડથી નીકળ્યો. તે વેળા રાઈટરની જગ્યા કેટલી ત્રાસ-દાયક હતી તેની વાચકોને કંઈક કલ્પના હશે. તેમાં કલાઈવ સરખા તોફાની માણસને આખો દિવસ ટેબલ ઉપર બેસી આંકડા ગણતાં કેટલો કંટાળો આવ્યો હશે તે કહેવાની જરૂર રહેતી નથી. વેપારીને લાયકનો એક પણ ગુણ તેનામાં નહોતો, અને વેપારનું કામ આવડ્યા સિવાય પૈસા મેળવવાનું રાઈટરને કંઈ પણ સાધન નહોતું. ઈંગ્લંડથી નીકળ્યા પછી આ દેશમાં આવતાં તેને એક વર્ષ લાગ્યું. પાસે ખર્ચ માટે કંઈ મળે નહીં, કોઈ તેનો સ્નેહી સોબતી પણ નહીં એવા વિપત્તિમાં તેણે મદ્રાસમાં કામ શરૂ કર્યું. મિલનસારપણાને અભાવે કોઈ તેની સાથે વાતચીત કરતું ન હોવાથી તે એકલવાયા જેવો રહેતો હતો. તેની જીંદગીનો જે ભાગ તેણે મદ્રાસમાં ગાળ્યો હતો તે વિપત્તિથી ભરપૂર હતો. થોડાજ વખતમાં અતિશય દુઃખથી કંટાળી જઈ તથા નિરાશ થઈ તેણે સ્વદેશ પાછા ફરવાનો વિચાર કર્યો. ‘સ્વદેશ છોડ્યા પછી મારો એક પણ દિવસ આનંદમાં ગયો નથી’ એવું તેણે આ વેળાના એક પત્રમાં લખ્યું છે. પીસ્તોલ ફોડી પ્રાણ ત્યાગ કરવાનો પણ તેણે પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેમાં તે નિષ્ફળ થયો ત્યારે તે એટલુંજ બોલ્યો કે, ‘મારો પ્રાણ જતો નથી તે ઉપરથી માલમ પડે છે કે આ દુનીઆમાં મારી જીંદગીનું કંઈ પણ પ્રયોજન છે.’ સરકારી કામમાં તે ઉપરીઓની દરકાર રાખતો નહીં, એટલે ત્યાં પણ તે નચિંત નહોતો. લાચારીએ ગમે તેમ કરી તે પોતાનો વખત કહાડતો હતો. મદ્રાસના ગવર્નર મી. મૉર્સ તેને પોતાની પાસે બોલાવી

જોઇએ તે પુસ્તકો વાચવા પરવાનગી આપી સને ૧૭૪૬ મા ફ્રેન્ચ લોકો-એ મદ્રાસનો કબજો લીધો ત્યારે ફોર્ટ સેન્ટ ડેવિડમા નાસી આવેલા અગ્રેજ મડળમાં ક્લાઇવ પણ હતો. એ મુસલમાની વેષ ધારણ કરી મદ્રાસમાથી નાસી ગયો હતો આ વખતે તેને કઈ પણ ખાસ કામ કરવાનુ નહીં હોવાથી તે પાનાં રમવામા પોતાનો વખત ગુમાવતો. પછીથી જ્યારે ફ્રેન્ચ લોકોએ ફોર્ટ સેન્ટ ડેવિડ ઉપર હુમલો કર્યો ત્યારે ત્યા અગ્રેજ ફોજ ઘણી થોડી હોવાથી સઘળા લોકોને હથીઆર ઉપાડવા પડયા, એટલે ક્લાઇવને મરજી માફકનુ કામ મળ્યુ, અને સર્વના એકત્ર પ્રયત્નથી ફ્રેન્ચ લોકોને ફોર્ટ સેન્ટ ડેવિડ આગળથી પાછા હઠવુ પડયુ એ પછી અગ્રેજોએ પોન્ડીચેરીને ઘેરો ઘાલ્યો ત્યારે ક્લાઇવ ત્યાં હાજર હતો, અને એણે કરેલા મોટાં પરાક્રમથી અગ્રેજ સેનાપતિ મેજર લૉરેન્સને એના ગુણની પરીક્ષા કરવાની તક મળી દેવીકોટા કબજે કરવા માટે ગયલી અગ્રેજ સ્વારીમા ક્લાઇવને લેફ્ટનન્ટની પદવી આપવામા આવી હતી તે શહેર હસ્તગત કર્યા પછી તેને લશ્કરની તજવીજ રાખવાનુ કામ સોપવામા આવ્યુ આવી રીતે મળેલી તકનો લાભ લઈ તે હિંદુસ્તાનની પરિસ્થિતિ બારીકાઇથી તપાસતો હતો. દેશી લશ્કર, યુરોપિયન પ્રજાએ કરેલાં ચિત્તાકર્ષક કામો, ઇત્યાદિ જોવાથી તેને મોટા મોટા વિચારો આવવા લાગ્યા હતા પોન્ડીચેરીના ઘેરા વખતે બહાદૂરી ભરેલાં અનેક કામો તેણે કર્યા હતા; દેવીકોટામા પણ તક મળતા જોખમ ખેડવાને તે ચુકયો નહોતો કૅપ્ટન જીજેનના છોકરવાદીપણાથી નિષ્ફળ ગયલા હલ્લામાં તે લશ્કરી સરંજામ પુરો પાડવાના કામ ઉપર હતો એ વખતે પોતાનાં માણસોને ધીરજ આપવા તેણે પુષ્કળ મહેનત કરી પણ તે ફળીભૂત થઈ નહીં. જીજેનની ગોઠવણ તેને બીલકુલ પસદ પડી નહીં એટલે પોતાનુ કામ છોડી ગવર્નરને મળવા તે ફોર્ટ સેન્ટ ડેવિડ ગયો તે વખતે મી. મૉર્સની જગ્યાએ ગવર્નર સૉંડર્સ ( Saunders ) તરતનોજ આવેલો હતો. સઘળી તરફથી આવી પરેલા બારીક પ્રસગે ચાલાકીથી કામ કરવાનું હોવાથી ક્લાઇવે તેની આગળ સઘળી હકીકત જાહેર કરી ત્રીચીનાપોલીમાં સપડાયલા મહમદઅલીને મદદ મોકલવાની અતિશય જરૂર હતી, કેમકે જો

તેને ચંદા સાહેબના હાથમાંથી છોડવવામાં ન આવે તો અંગ્રેજો ઘણી મુશ્કેલીમાં આવ્યા વિના રહે નહીં. એટલામાં ઈંગ્લંડથી થોડી મદદ આવી પહોંચતાં સૉન્ડર્સ ૮૦ યુરોપિયન અને ૩૦૦ દેશી સિપાઈની ફોજ જુલાઈ, સને ૧૭૫૧ માં ટ્રીચીનાપોલી તરફ મોકલી. આ વેળા મેજર લૉરેન્સ તબીએત સુધારવા માટે ઈંગ્લંડ ગયલો હોવાથી આ ફોજમાં મી. પિગટની સાથે ક્લાઈવ પણ ગયો હતો. થોડા દિવસ પછી આવી બીજી એક ફોજ સૉન્ડર્સે ટ્રીચીનાપોલી મોકલી. એ સમયે ક્લાઇવે પોતાની પહેલી જગ્યા છોડી દઈ કંપનીના લશ્કરમાં કૅપ્ટનની જગ્યા કાયમની સ્વીકારી હતી. ટ્રીચીનાપોલી પહોંચ્યા પછી ત્યાંની સઘળી અવ્યવસ્થા એની નજરમાં આવી. ફોજના ઉપરી જીંજેન અને કોપ બન્ને નાલાયક હતા, મહમદઅલ્લી તદ્દન નાસીપાસ થઈ ગયો હતો, દુશ્મનનું લશ્કર ઘણું તાજું અને ઉત્સાહી હતું, અને તેની સાથે ૯૦૦ ફ્રેન્ચ સિપાઇઓ સઘળી રીતે તૈયાર થઈ આવ્યા હતા. મહમદઅલ્લી પાસે પૈસા નહોતા, લશ્કર પગાર માટે બુમ મારતું હતું, એવી ભયંકર સ્થિતિમાં ટ્રીચીનાપોલીનો ઘેરો ઉઠાવવાનું અંગ્રેજો માટે મુશ્કેલ હતું એટલુંજ નહીં પણ સઘળી તરફથી તેમનો નાશ થવાનું નક્કીજ લાગતું. આ સ્થિતિ જોઈ ક્લાઈવની ખાતરી થઈ કે સહજ પણ ડગમગવાથી સ્થિતિ ફેરવાઈ જશે, મહમદઅલ્લી છુટશે નહીં; જો તેને છોડવી અને લોકોનો ગર્વ ઉતારવોજ હોય તો અંગ્રેજોએ બીજેજ ઠેકાણે જઈ સઘળી વ્યવસ્થા બદલી નાંખવી જોઇએ. આ વિચાર આવતાં તે ફોર્ટ સેન્ટ ડેવિડ પાછો ફર્યો, અને મનમાં રચેલો બેત ગવર્નર સૉન્ડર્સ તેમજ બીજા કૉન્સિલરોને જણાવ્યો. ક્લાઈવના વિચાર પ્રમાણે દુશ્મન સાથે માત્ર પોતાના બચાવ અર્થે લડાઈ કરવાથી કંઈ વળવાનું નહોતું, એટલે હિમતથી તેના મુલકમાં દાખલ થઈ ત્યાં ગડબડાટ મચાવી તેમને હંફાવવા જોઇએ. આ કામ ભારે સાહસથી ભરેલું હતું અને તે પાર ઉતારવા માટે એક ચંચળ, સાહસિક, હિમતવાન અને સખત હૈયાના માણસની જરૂર હતી. જો હેતુ ફળીભૂત થયો તો તો ઠીકજ નહીંતર અંગ્રેજો નુકસાનમાં ગરકાવ થઈ જાય એવો વિલક્ષણ પ્રયત્ન ક્લાઇવે મનમાં ઉપાડ્યો હતો. નેપોલીઅન સરખા મોટા યોદ્ધાઓએ પણ આવીજ

યુક્તિ અનેક વેળા કરી હતી. પરંતુ આ કલ્પના ક્લાઇવિનીજ હતી, અને તે જોખમદાર અધિકારીઓને જણાવી, અને થોડી મહેનતે તે પાર પાડવાની સઘળી જવાબદારી તેણે પોતાને માથે લીધી હતી. હમણાની મહેનત સઘળી નિરૂપયોગી હોવાની તેમજ તેમાંથી કંઈપણ લાભ નહીં મળવાની તેણે સૉંડર્સની ખાતરી કરી. ચંદા સાહેબની સઘળી શક્તિ ટ્રીચીનાપોલીના ઘેરામાં રોકાયલી છે, અને નવાબની રાજધાની આર્કટ અરક્ષિત સ્થિતિમાં પડ્યું છે તો આવેલી તકનો લાભ લઈ તે શહેરનો કબજો લેવાથી દુશ્મન ગભરાટમાં પડશે અને તેને ટ્રીચીનાપોલીનો ઘેરો ઉઠાવવાને વિલંબ લાગશે નહીં એવી યુક્તિ તેણે સઘળાને સમજાવી.

ચાલાક અને ચંચળ મનના સૉંડર્સને આ યુક્તિ પસંદ પડી, અને ગમે તેમ કરી તે અમલમાં મુકવા માટે સઘળી તૈયારી તેણે એકદમ કરી આપી. ક્લાઇવ ફોર્ટ સેન્ડ ડેવિડથી મદ્રાસ ગયો, અને લશ્કર તૈયાર કરી ૩૦૦ દેશી તથા ૨૦૦ યુરોપિઅન સિપાઈ સાથે લઈ સને ૧૭૫૧ ના સપ્ટેમ્બરની ૬ ઠી તારીખે મદ્રાસથી આર્કટ ઉપર જવા નીકળ્યો.

**૬. આર્કટનો ઘેરો (સપ્ટેમ્બર, સને ૧૭૫૧ ).**—આર્કટ શહેરની વસ્તી એક લાખ માણસની હતી, અને ત્યાંના નાના કિલ્લા ઉપર ૧૦૦૦ દેશી સિપાઇઓ તથા તોપખાના માટે બે ત્રણ ફ્રેન્ચ માણસો હતાં. રસ્તામાં એક દિવસ કાંચીવરમ ( કૉન્જીવરમ ) આગળ વિશ્રાંતિ લઈ તા. ૧૧ મી સપ્ટેમ્બરે ક્લાઇવ આર્કટ પહોંચ્યો. તે દહાડે સખત ગાજવીજ સાથના ભારે વરસાદથી તે ઘણો હેરાન થયો આવા વરસાદની દરકાર ન કરતાં ક્લાઇવ પોતાના ઉપર ધસ્યો આવે છે એમ સાંભળતાંજ આર્કટમાંની ફોજ નાસી ગઈ. જો તેણે ધીરજ રાખી હોત તો ચંદા સાહેબે મોકલેલી મદદ તેને આવી મળતે. પણ તેના ગભરાઇને નીકળી જવાથી વગર મહેનતે ક્લાઇવે કિલ્લામાં પ્રવેશ કર્યો, અને શહેર તાબામાં લીધું. કિલ્લામાંથી આઠ તોપ તથા દારૂગોળો તેને મળ્યો. કદાચ તે કિલ્લામાં ઘેરાઈ જાય તો બચાવનાં સાધન તરીકે ક્લાઇવે અન્ન સામગ્રીની તેમજ ખીજી સઘળી તજવીજ કરી. આ ખબર ડુપ્લેને મળી પણ એથી તે બીલકુલ ગભરાયો

નહીં. આર્કટ તરફ લક્ષ ન આપતાં ટ્રીચીનાપોલી કબજે કરવાનું કામ બને તેટલા જોરથી તથા ત્વરાથી ચલાવવા તેણે લૉ અને ચંદા સાહેબને આગ્રહપૂર્વક તાકીદ કરી. આ યુક્તિ એ બેઉ જણાએ તાબડતોબ અમલમાં મુકી હોત તો ક્લાઇવનું કંઈ પણ ચાલત નહીં. પણ ચંદા સાહેબે તેમ નહીં કરતાં પોતાની ફોજમાંથી ૩૦૦૦ માણસો છૂટાં પાડી તેના છોકરા રાજા સાહેબની સરદારી હેઠળ આર્કટ તરફ રવાના કર્યા. ક્લાઇવે આર્કટ સર કર્યાની બાતમી ટ્રીચીનાપોલીમાં મળતાં મહમદઅલ્લીને ધીરજ આવી; ત્રાહીત પક્ષનાં માણસો મહમદઅલ્લીને આવી મળવા લાગ્યાં; અને રાજા સાહેબને હાથે શું પરાક્રમ થાય છે તે જોવા સઘળા આતુર બન્યા. બીજી તરફ લૉએ ગમે તેવાં બહાનાં કહાડી ટ્રીચીનાપોલી ઉપર હલ્લો કર્યો નહીં, અને અત્યંત સુસ્તી બતાવી પોતાનું અને ફ્રેન્ચનું સર્વસ્વ નુકસાન કર્યું. આવો નાલાયક અમલદાર ડુપ્લેને મળ્યો. એજ તેનું દુર્દૈવ માની શકાય.

રાજા સાહેબે આર્કટને ઘેરો ઘાલ્યો તેમાં ક્લાઇવ અને તેનાં મુઠીભર માણસો ફસાઈ ગયાં. આ પ્રસંગે ક્લાઇવનાં નાનકડાં પણ બહાદુર લશ્કરે ઘણા શૌર્યથી પોતાનો બચાવ કરી શત્રુને કંઈ પણ મચક આપી નહીં. અનેક વેળા શત્રુના મારામાંથી ક્લાઇવ નસીબને જોરે બચી ગયો. કેટલીક વેળા તેની પાસે ઉભેલાં માણસો ગોળીથી વિંધાઈ ગયાં પણ તેને કંઈ ઈજા થઈ નહીં. રાજા સાહેબની તોપના મારાથી કિલ્લાના કોટનો ઘણો ભાગ તુટી પડ્યો, અને જો જરા વધારે ઝનુનથી તેણે હુમલો જારી રાખ્યો હોત તો ક્લાઇવનો પરાજય થયા વિના રહેત નહીં. પણ રાજા સાહેબની ઢીલથી ક્લાઇવને પોતાનો બંદોબસ્ત કરવાની તક મળી. કોટમાં ભંગાણ પડતાંને વાર રાજા સાહેબે તેના ઉપર હુમલો કર્યો નહીં, પણ ખોરાકી ખુટી જશે એટલે અંગ્રેજો તરત તાબે થશે તેની રાહ જોતો બેઠો.

ક્લાઇવ પોતાના બચાવ માટે દરેક પ્રયત્ન કરતો હતો. તેણે જાસુસો તેમજ દેશી લોકોને પોતાના પક્ષમાં ખેંચી લીધા હતા, એટલે દુશ્મન તરફની સઘળી ખબર તેને ગુપ્તપણે મળ્યા કરતી. આમ ક્લાઇવ બહાદુરીથી પોતાનો બચાવ કરી શકતો હોવાથી તેને માટે દુશ્મનનો પણ ઉંચો મત

બધાયો એટલામા ઇંગ્લંડથી આવી પહોચેના લશ્કરને લૉર્ડસેં ક્લાઇવિની મદદે મોકલ્યુ મુરારરાવ ઘોરપડે પોતાની મદદે આવે છે એમ જાણતા રાજા સાહેબે કનાઈનને શરણે આવવા સદેશો મોકલ્યો આ કહેણુ કનાઇવે ધીટકારી કહાડવાથી મોહરમને દિવસે અચાનક હલ્લો કરી કિલ્લાનો કબજો લેવા રાજા સાહેબે તજવીજ કરી પણ આ ગોઠવણની સપૂર્ણ ખબર કનાઈનને અગાઉથી મળી રાજા સાહેબે વાગવાર ઝનુની હુમના કર્યા પણ અદરના લોકોએ હિમતથી સામે થઈ તેને પાછો વાળ્યો આ ઝપાઝપીમાં રાજા સાહેબના ૪૦૦ માણસો માર્યા ગયા એક વખત પહેલાજ પ્રયત્નમા લોકો પાછા હઠી જાય તો ફરીથી તેવો પ્રયત્ન કરવા દેશી લશ્કર ઉતાવળથી હિમત કરતુ નહીં એવો અનુભવ અગ્રેજોના આ સમયના ઇતિહાસ માથી અનેક વેળા થાય છે દેશી ફોજનો વારવાર પરાભવ થવાનુ કારણ અગ્રેજ ગ્રથકારોના મત પ્રમાણે આજ હતુ રાજા સાહેબની પણ આવીજ અવસ્થા થઈ, અને આખરે કઈ પણ નહીં કરી શકવાથી તા ૨૪ મી નવેમ્બરે ઘેરો ઉઠાવી ચાલ્યા જવાની તેને ફરજ પડી

આર્કટના ઘેરા જેવા અનેક બનાવો અગ્રેજ લેખકો સ્વદેશના ભૂષણ અર્થે અતિશય ખીલવીને વર્ણવે છે, પણ સાધારણ રીતે વિજયી માણસના ગીત ગાઈ વખાણ કરવા એ મનુષ્યનો ધર્મ છે ઐતિહાસિક દ્રષ્ટિએ દરેક બનાવનુ સમતોલપણુ જળવાતુ નથી, કેમકે વિરુદ્ધપક્ષ તરફની જોઇએ તેટલી સપૂર્ણ હકીકત વાચકો આગળ આવતી નથી આર્કટના ઘેરા વખતે જેવી રીતે કનાઈનની દીવચાલની બારીક ખબરો આપણને મળે છે તેમ રાજા સાહેબની સ્થિતિ કેવી હતી, તેની અડચણો કેવા પ્રકારની હતી, તેની હીલચાલો શી હતી, તે બાબત પણ આપણને ખરી હકીકત જાણવી જોઇએ, નહીં તો સઘળુ વર્ણન એકતર્ફી થાય છે, એ વાચકોએ આ પ્રસગે તેમજ હવે પછીના એવાજ પ્રસગે યાદ રાખવુ જોઇએ

બીજો એક મુદ્દો એવો છે કે દરેક પ્રસગે દેશીઓ સર્વ પ્રકારની ગુપ્ત બાતમી પરદેશીઓને આપતા હતા એથી સામાન્ય રીતે આ દેશના લોકોમા દેશ માટેનુ અભિમાન બિલકુલ દેખાઈ આવતુ નથી એ ખુલ્લુ છે

વળી ગ્રીચીનાપોલીનો ઘેરો ચાલુ હતો ત્યારે અત્યંત બારીક પ્રસંગે મ્હૈસુર, ગુટી, તાન્જોર, પુદુકોટા વગેરેના અનેક સત્તાધીશો બે પરદેશી પ્રજા વચ્ચેના ઝગડાનો તમાશો જોતા આસપાસ ઉભા રહ્યા હતા બેમાંથી વિજયી કોણ થાય છે તેની સ્વસ્થપણે રાહ જોઈ બેઠા હતા જે વિજયી થાય તેનો પક્ષ સ્વીકારવાની અપેક્ષા રાખતા હતા પણ પોતાનામાં શક્તિ હોવા છતાં આ પરદેશી લોકો આપણા મુલકમાં શું કામ લડે છે તેનો તેમણે વિચાર પણ કર્યો નહીં, તો પછી તેમનો પ્રતિકાર કરવાની વાત તો ક્યાંજ તે વેળા લોકોનાઓના મનની સ્થિતિ પણ આવી ભયંકર અને શોચનીય થઈ હતી એમ આ પ્રસંગની હકીકત ઉપરથી દેખાય છે

આર્કટનો ઘેરો હિંદુસ્તાનમાં અંગ્રેજોના ઇતિહાસનો પહેલો મહાન બનાવ હોવાથી અંગ્રેજી ઇતિહાસમાં તેની ખ્યાતિ વિશેષ છે આ બનાવે હવે પછી થનારા યુદ્ધ તથા રાજકીય ફેરફારનું સ્વરૂપ તદ્દન બદલી નાખ્યું ફ્રેન્ચ લોકો નબળા પડવા લાગ્યા, તેમ અંગ્રેજો જોરપર આવ્યા ઉપરી અમલદાર અંગ્રેજ હોય તો તેનો હુકમ અક્ષરશ પાળી જીવની પરવા કર્યા વિના દેશી લશ્કર જોઈએ તેવું મુશ્કેલ કામ કરવાને અચકાતું નહીં, એ હિંદુસ્તાનના વતનીઓના લોકો ગુણની પહેલી પરીક્ષા આર્કટમાં થઈ, અને ત્યારથી આજ લગી એ પોતાનો અમુલ્ય ગુણ હરેક પ્રસંગે તેઓ પ્રગટ કરે છે આ ગુણનો ફાયદો મેળવી અંગ્રેજોએ હિંદુસ્તાનનું રાજ્ય સ્થાપ્યું અને એજ ગુણ ઉપર આજે તેઓ તેનું રક્ષણ કરે છે ગમે તેવા અણીને પ્રસંગે પણ હિંદુસ્તાનની ફોજ પોતાના કર્તવ્યથી પરાઙ્મુખ થઈ નહીં લડાઈનો નિકાલ માત્ર લશ્કરની સંખ્યા ઉપર અવલંબી રહેલો નથી, લશ્કરી કવાયત અને દૃઢ નિશ્ચય એ બે ગુણોથી ગમે તેવું પરાક્રમ કરવા બની આવે છે, એ વિચાર દેશી લોકોના મન ઉપર આર્કટ આગળ પહેલી વાર ઠસ્યો અને ત્યાંજ અંગ્રેજ અધિકારીઓને પ્રથમ જાહેર થયો એ વિચાર કલાઇવના લક્ષમાં આવતાંજ તેણે તેનો ઉપયોગ કર્યો, અને હવે પછીને પ્રસંગે અંગ્રેજ સેનાપતિએ તથા રાજ્યદ્વારી પુરૂષોએ તેજ યુક્તિનો ઉપયોગ કર્યો ટુંકમાં અંગ્રેજ રાજ્યનો જન્મ આર્કટમાં થયો એમ કહેવાને હરકત નથી

સઘળા લોકો ફ્રેન્ચ અને ચંદા સાહેબનો પક્ષ છોડી દઈ અંગ્રેજ અને મહમદઅલ્લીની છાવણીમાં ચાલ્યા ગયા. લૉએ મેજર લૉરેન્સને અટકાવવા પ્રયત્ન કર્યો પણ તેમાં તે નિષ્ફળ જવાથી અંગ્રેજ લશ્કર મહમદઅલ્લીને જઈ મળ્યું. આ વર્તમાનથી ડુપ્લે નિરાશામાં ગરકાવ થઈ ગયો, તેની સઘળી મનકામના રસાતળ ગઈ, સર્વ પ્રકારે તે નાઇલાજ થયો અને આગળ કેમ અને શું કરવું એ બાબત નક્કી કરવાનું તેને માટે મુશ્કેલ થયું. એમ છતાં હડી નહીં જતાં બની શકી તેવી તજવીજ તેણે ચલાવી ડોટિલને લૉની મદદે રવાના કર્યો. ડોટિલ અનુભવી હતો પણ વયને લીધે તેમજ વ્યાધીની પીડાને લીધે તેનામાં શક્તિ રહી નહોતી. લૉએ ઘેરો ઉઠાવી નીકળી જવાને બદલે મુર્ખપણામાં કાવેરી નદીમાં આવેલા શ્રીરંગ બેટમાં ફોજ સહિત છાવણી નાંખી. અહીં તે અંગ્રેજોના હાથમાં બરાબર સપડાયો કેમકે તેમણે તરતજ આવી તેને ઘેર્યો. ચંદા સાહેબને લૉની યુક્તિ પસંદ પડી નહીં, પણ ગમે તે થાય તોપણ પોતાના દોસ્ત ફ્રેન્ચ જ્યાં જાય ત્યાં જવાનો તેણે નિશ્ચય કર્યો, અને તેથીજ આગળ જતાં તેની જીંદગી જોખમમાં આવી. ડુપ્લેની સૂચના અન્વય ડોટિલ લૉની મદદે જતો હતો તેને કલાઇવે રસ્તામાં અટકાવ્યો અને તેનો પરાભવ કર્યો તેથી તે લૉને સહાય કરવા જઈ શકયો નહીં. શ્રીરંગ બેટમાં ફસાઈ પડવાથી ચંદા સાહેબ અને લૉની અવદશા થઇ, અને તેમને દુશ્મનને શરણે જવા સિવાય બીજો માર્ગ રહ્યો નહીં. માત્ર ફ્રેન્ચ લશ્કર અંગ્રેજોને તાબે ગયું હોત તો હરકત નહોતી, કેમકે ઈંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે યુરોપમાં શાંતિ હોવાથી ફ્રેન્ચ લોકોને કેદ કરવાનું અંગ્રેજોથી બને એમ નહોતું. એમ છતાં ચંદા સાહેબનો નાશ પાસે આવતો જણાયો. તે જો મહમદઅલ્લીના હાથમાં આવ્યો તો એ તેને મારી નાંખ્યાવિના છોડશે નહીં એ નક્કી હતું. આ હકીકતમાં ચંદા સાહેબનો બચાવ કરવાની ચિંતા લૉને થવાથી તેણે તાંજોરના સેનાપતિ મંકોજીને પૈસા આપી ચંદા સાહેબને શ્રીરંગમાંથી સહિસલામત બહાર કહાડી કોઈ સુરક્ષિત જગ્યાએ લઈ જવા ગોઠવણ કરી. મંકોજીએ ઠરાવેલી રકમ લેવાના બદલામાં ચંદા સાહેબને દુશ્મનોના હાથમાંથી બચાવી લેવા સોગન ખાધા. આ પ્રમાણે ચંદા સાહેબ

પાલખીમાં બેસી મેકાજીની છાવણીમાં આવ્યો કે તરત એકદમ તેને બેડી ઠોકવામાં આવી. બીજે દિવસે ચાર મુખ્ય રાજ્યના પ્રતિનિધિની મળેલી સભામાં એને વિષે વિચાર ચલાવવામાં આવ્યો ત્યારે મેજર લૉરેન્સ હાજર હતો. પહેલે દિને કંઇ પણ નિકાલ થયો નહીં. લૉરેન્સ ચંદા સાહેબને પોતાના તાબામાં લઈ એકાદ સંસ્થાનમાં કેદ રાખવા તૈયાર હતો, પણ એ વિચાર અન્ય સભાસદોને પ્રતિકૂળ લાગતાં બીજે દિવસે લોરેન્સે કાને હાથ મુક્યા અને એ બાબત વચ્ચે પડવા ના પાડી, એટલે તેજ દહાડે (તા. ૩ જી જુન ૧૭૫૨) મેંકાજીના હુકમથી ચંદા સાહેબનું ડોકું ઉડાવી નાંખી મહમદઅલ્લીને રવાના કરવામાં આવ્યું. બીજી તરફ લૉ અને ફ્રેન્ચ ફોજ અંગ્રેજોને શરણે આવી, પણ મહમદઅલ્લીની વિરૂદ્ધ નહીં લડવાની કબુલાત આપવાથી તેઓ છૂટયા. આ પ્રમાણે તા. ૧૩ મી જુન, ૧૭૫૩ ને રોજે ૭૮૫ યુરોપિયન સિપાઇ, ૩૫ અમલદાર અને ૨૦૦૦ દેશી સિપાઈઓ અંગ્રેજોને તાબે થયા. અંગ્રેજોને ૪૧ ફ્રેન્ચ તોપો મળી. નાલાયક માણસોના હાથમાં લડાઈના મેદાન ઉપર સંપૂર્ણ અધિકાર હોવાથી ફ્રેન્ચ સત્તાને ઘાતક નિવડે એવું ખરાબ પરિણામ આવ્યું. એ માટે ડુપ્લેને કંઇ પણ દોષ આપવામાં આવતો નથી તેમ તેણે રચેલી બાજી અયોગ્ય હતી એમ પણ ઠરતું નથી. અત્યંત બારીક પ્રસંગે તેણે અપ્રતિમ ધૈર્ય અને દૃઢનિશ્ચય દાખવ્યાં એજ તેનું ભુષણ છે. એ જાતે સેનાપતિનું કામ કરવાને લાયક ન હોવાથી તેને બીજાના ઉપર આધાર રાખવો પડતો હતો એજ ભેદ ધ્યાનમાં રાખીએ તો સર્વ વાત સ્પષ્ટ થઈ જાય છે.

આટલું થયા છતાં પણ ડુપ્લે જાતે ડગ્યો નહીં; પણ અંગ્રેજ જેવા વિરૂદ્ધ પક્ષને જય મળવાથી ફ્રેન્ચ છાવણીમાં ટંટા તથા તકરાર ઉત્પન્ન થયાં. સઘળી તરફથી નાસીપાસ થવાથી ડુપ્લેએ હવે બીજીજ બાજી રચી. તાંજોરનો રાજા, મ્હૈસુરનો રાજા અને મરાઠાઓ મહમદઅલ્લીના મળતીઆ હતા, તેમની વચ્ચે ફુટ પડાવી શત્રુનું જોર કમી કરવાનો ઉદ્યોગ તેણે ઉપાડયો. એ હેતુ સિદ્ધ થતાં મહમદઅલ્લીના સાથીદારો તેને છોડી ચાલતા થયા. એટલામાં ડુપ્લેને યુરોપથી મદદ આવી મળતાં તેણે અંગ્રેજોનો એક બે

કેમણે પરાજય કર્યા, અને ટ્રીચીનાપોની અંગ્રેજોના હાથમા ગયુ તે પછીના બે માસની અંદર ડુપ્લેએ પોતાનુ સઘળુ જોર અજમાવવા પ્રયત્ન કર્યો આ અરસામા કર્નાટકનો નવાબ નીમવા માટે સલાબતજંગ તરફથી ડુપ્લેને હુકમ મળતાં ચંદા સાહેબના છોકરા રાજા સાહેબને તે અધિકાર સોપવા તેણે વિચાર કર્યો પણ આ મુશ્કેલ કામ માથે લેવા રાજા સાહેબ નાખુશ હોવાથી ચંદા સાહેબના સાડુ મુર્તઝાઅલીને તે જગ્યા આપવામા આવી આથી મેજર લૉરેન્સ, જે આ વખતે માંદો હતો, તે ચીરડાઈ ગયો, અને તેણે એકદમ પોન્ડીચેરી તરફ કૂચ કરી માગમા બહુર આગળ ઉભયપક્ષ વચ્ચે એક ઝનુની તથા સખત લડાઈ થઈ તેમા અંગ્રેજોને જય મળ્યો, અને ફ્રેન્ચ સેનાપતિ કર્જીન ( Kerjean ) બસો માણસો સાથે અંગ્રેજોના હાથમા સપડાયો અંગ્રેજોના માત્ર ૮૦ માણસો આ લડાઈમા મરણ પામ્યા તેમની જીત છતા મરાઠા તથા મ્હૈસુરવાળાઓ ખુલ્લી રીતે તેમને છોડી ફ્રેન્ચ લોકોને જઈ મળ્યા બીજી તરફ કનાઇવે કોવેલગ અને ચિંગલપટના બે કિલ્લા સર કર્યા પણ એ પછી તરતજ એની તબીએત બગડી આવવાથી તે ઇંગ્લંડ ચાલ્યો ગયો ( ફેબ્રુઆરી, સને ૧૭૬૩ ) વિલાયત જતા પહેલા મદ્રાસમા તેના એક સ્નેહીની બેન મિસ મારકલિન કરીને હતી તેની સાથે એણે લગ્ન કર્યા અને તેને પોતાની સાથે લઈ ગયો છેલ્લા બેચાર વર્ષની ધામધુમમા તેણે બે લાખ રૂપીઆ પેદા કર્યા હતા

આ વિગ્રહમા જો કે ડુપ્લેનુ અભિમાન ઉતર્યું હતુ તોપણ તેના લાગવગ કે મહત્વને કંઈ ઘણો ભારે ધોકો લાગ્યો નહોતો તેના સઘળા કામ માટે ફ્રેન્ચ કંપનીએ તેને ઘણી સાબાશી આપી હતી ખરૂ જોતા અંગ્રેજ કંપની કરતા ચોથે હિસ્સે પણ ફ્રેન્ચ કંપનીની આવપત નહોતી અને અંગ્રેજો માફક ફ્રેન્ચને પૈસાની તેમજ બીજી મદદ બીનકુલ મળતી નહીં વળી ડુપ્લેને કર્નાટકનુ રાજ્ય પ્રાપ્ત થયલુ હોવાથી તેને કોઈ બાબત ન્યૂનતા ન હશે એમ ધારી ફ્રેન્ચ કંપનીએ તેને કંઈ પણ મદદ મોકલી નહીં ફ્રાન્સના રાજ્યકારી પુરુષોનુ માનવુ એવુ હતું કે વખત જતા આખા હિંદુસ્તાનનું રાજ્યપદ તેમના સ્વદેશ બંધુઓના હાથમા આવશે જો એવી આશા

તેમને ઉત્પન્ન થઇ હતી તો ડુપ્લેને તેમણે આ પ્રસંગે સારી મદદ કરવી જોઇતી હતી. સને ૧૭૫૧ માં બે ત્રણ હજાર ફ્રેન્ચ લોકો પોન્ડીચેરી આવ્યા હોત તો સહજમાં સર્વ કામ આટોપી લેવાતે; અને એમ કરવા ફ્રેન્ચ સરકાર કંઇ અસમર્થ નહોતી. પણ ડુપ્લેને રાજ્ય મળવાની માન્યતા ઉપર હમેશની ઠરેલી મદદ પણ તેને માટે આવી નહીં, અને લૉ સરખા નકામા અમલદારને હાથે તેને કામ લેવું પડ્યું. જે અનેક અડચણોમાં ડુપ્લે આ સમયે ઘેરાઇ ગયો હતો તે છતાં તેણે જે કામ ઉઠાવ્યું હતું તે માટે તેના અંગ્રેજ દુશ્મનો પણ તેની પ્રસંશા કરે છે. મેજર લૉરેન્સ કહે છે કે, 'ડુપ્લેનું ધૈર્ય ઉતાવળથી ખપી જાય તેવું નહોતું. પોતાની શક્તિને અનુકૂળ લાગે તેવો વખત તે નિભાવી લે તો; તેનું મગજ શાંત હોવાથી અતિશય વિચારવંત હતું.' સ્વદેશનાં હિત માટે તેણે ઓછામાં ઓછા ૧૪ લાખ રૂપીઆ પોતાની ગાંઠના ખરચી નાંખ્યા હતા, સ્વદેશ આગળ પોતાનાં હિતની તેને દરકાર નહોતી. સંકટ સમયે તેની ધીરજ અપ્રતિમ હતી. સામાવાળાનાં મન ઉપર અમુક બાબત એકદમ છાપ બેસાડી શકતો, અને તેથીજ અંગ્રેજો મહમદઅલ્લીને તેની પાસે બહુ જવા દેતા નહીં. એને પણ ડુપ્લેએ લખી જણાવ્યુ હતુ કે 'હું મારો મુખત્યાર ન હોવાથી મારા હાથ બંધનમાં છે.' એક તરફ ડુપ્લેની મનકામના પાર પડવાની અણી ઉપર હતી તેજ બારીક પ્રસંગે અંગ્રેજો તરફથી ક્લાઇવ જેવા અદ્વિતિ પુરૂષનું તેની સામા પડવું થયું એ તેની ગ્રહ દશાનોજ યોગ હોય અથવા ઇંગ્લંડના સુદૈવનું જોર હોય. કર્નાટકમાં જોકે ફ્રેન્ચ લોકોને પુષ્કળ નુકસાન થયું હતું તોપણ નિઝામના દરબારમાં બુસીએ ફ્રેન્ચ મહત્વ ઉત્તમરીતે સ્થાપન કર્યું હતું.

મહમદઅલ્લી કરતાં ચંદા સાહેબ ઘણો કર્તૃત્વવાન હતો. તે શૂરો તેમ ડાહ્યો હતો, અને અનવરૂદ્દીન કરતાં પણ તે ચડીઆતો હતો. વાસ્તવિકરીતે કર્નાટકની નવાબગિરી તેનેજ મળવી જોઇતી હતી. હમણાં જે વિગ્રહ ચાલતો હતો તે એ પ્રાંતમાં યોગ્ય નવાબ બેસાડવા માટે નહોતો, પણ અંગ્રેજ અને ફ્રેન્ચમાંથી એ પ્રાંત કોણ લે તે માટે હતો. મહમદ-

અલ્લીને આગળ કરી ચંદા સાહેબની વિરૂદ્ધ પડવામાં અંગ્રેજોએ જેવી રીતે પોતાનું હિત જોયું હતું તેમ ફ્રેન્ચ લોકોએ સામા પક્ષને મદદ કરવામાં કર્યું હતું નહીં. તેમની ઇચ્છા માત્ર પોતાના અનુયાયીઓને આગળ પાડી તેમની સગવડ સાચવવાની હતી. મહમદઅલ્લીનો પક્ષ લેવામાં અંગ્રેજોએ કંઈ વિચાર કર્યો નહોતો; એ પાછળથી કેવો નીકળ્યો, અને પોતાના મદદગાર પ્રત્યે કેવી રીતે વર્ત્યો એ પ્રસંગાનુસાર વિદિત થશે.

## પ્રકરણ ૧૮ મું.

### ફ્રેન્ચ, નિઝામ અને મરાઠા.

સને ૧૭૫૧-૫૭.

૧. નિઝામના દરબારમાં બુસીનો લાગવગ. ૨. મરાઠાઓનો અંતિમ હેતુ
૩. ડુપ્લેના કારભારનો અંત. ૪. ગોડેહુ અને ડિલેરી.
૫. ડુપ્લેની રાજનીતિ.

**૧. નિઝામના દરબારમાં બુસીનો લાગવગ (સને ૧૭૫૧-૫૩).**—સલાબતજંગને નિઝામની ગાદીએ બેસાડી બુસી ઔરંગાબાદમાં દાખલ થયો હતો તે આપણે ઉપર વાંચી ગયા છીએ. સલાબતજંગ મૈયત નિઝામનો ત્રીજો છોકરો હતો, અને તેનો મોટો ભાઈ ગાઝીઉદ્દીન દિલ્હીમાં દીવાનપદ ઉપર હતો. નાસીરજંગને નિઝામી મળેલી જોઈ ગાઝીઉદ્દીન ખુશ હતો; પણ નાસીરજંગ અને મુઝફ્ફરજંગ બન્નેનો નાશ થતાં સલાબતજંગ આગળ નીકળી આવ્યો, અને નિઝામ દરબારમાં ફ્રેન્ચનું ઉપરીપણું સ્થાપન થયું. એ મરાઠાઓના વિચારને અનુકૂળ નહોતું. પશ્ચિમ કિનારા ઉપરનો પોર્ટુગીઝ અમલ જેમનો તેમ હતો, એટલામાં પૂર્વ કિનારા ઉપર અને મરાઠા રાજ્યની સરહદ ઉપર બીજું યુરોપિયન રાજ્ય થાય એ તેઓ સહન કરી શકે તેમ નહોતું. નિઝામની ઉત્તર સરહદ ઉપર ભોસલે અને પશ્ચિમ તરફ પેશ્વા હોવાથી એ બન્નેને ફ્રેન્ચ સત્તા વિરૂદ્ધ કંઈક શક પેદા થાય એ

વાભાવિક હતું. આ સમયે મરાઠાઓ હિંદુ પાદશાહી સ્થાપવામાં રોકાયલા હતા, અને એ પ્રયત્ન સિદ્ધ કરવા બાલાજીરાવ પેશ્વા સઘળી તરફથી અથાગ મહેનત તથા પ્રયત્ન કરતો હતો. દિલ્હીમાં ગાઝીઉદ્દીન મરાઠાઓની સહાયતાથીજ કારભાર ચલાવતો હોવાથી ઉભય વચ્ચે સ્નેહ હતો. એનો લાભ લઈ પેશ્વાએ ગાઝીઉદ્દીનને ઉશ્કેર્યો અને દક્ષિણમાં આવી નિઝામશાહી હસ્તગત કરવા સલાહ આપી. આ બાબતની મસલત મરાઠા સરદાર મલ્હારરાવ હોલકરની મારફતે ચાલ્યા પછી દક્ષિણ તરફ પ્રયાણ કરવાનો ગાઝી-ઉદ્દીનનો વિચાર નક્કી થયો. આજ અરસામાં તેની સામા નજીબખાન રોહીલાએ મોટું કારસ્તાન ઉપાડ્યું હતું. અહમદશાહ અબદલ્લીને હિંદુસ્તાન બોલાવી, ગાઝીઉદ્દીનને લીધે દિલ્હીમાં જામેલા મરાઠાઓના લાગવગને તોડવાનો નજીબ-ખાનનો ઉદ્દેશ હતો. આ તોફાન નિર્મૂળ કરવામાં ગાઝીઉદ્દીને ઘણા દિવસ ભાગ્યા પછી દિલ્હીનો યોગ્ય બંદોબસ્ત કરી તે મરાઠાઓની મદદ લઈ સને ૧૭૫૨ ના સપ્ટેમ્બરમાં ઔરંગાબાદ આવી પહોંચ્યો. એ વખતે તેની સાથે દોઢ લાખ માણસોની ફોજ હતી. દિલ્હીમાંનો મરાઠા લાગવગ તોડવાનો રોહીલા વગેરે અફઘાનોએ તગાડો રચેલો હોવાથી ફ્રેન્ચ લોકોને દક્ષિણમાં પગપેસારો કરતા અટકાવવાનો મરાઠાઓનો પ્રયત્ન કરતા હતા. પરંતુ તે પૂર્વે દક્ષિણમાં બુસીએ શું શું કર્યું હતું તે જાણવું જોઇએ.

થોડાં માણસો સાથે બુસી નિઝામને લઈ અનેક અડચણો વેઠતો ઔરંગાબાદ આવ્યો એટલાથીજ આસપાસના પ્રદેશ ઉપર તેનો ત્રાસ બેઠો. ટુંક સમયમાં તે નિઝામનો એક કુટુંબી થઈ પડ્યો, કેમકે એના સિવાય નિઝામને એક ક્ષણભર પણ ચાલતું નહીં. તેણે ઔરંગાબાદના કિલ્લામાંજ એક બાજુએ પોતાની ફોજને રહેવાનું સ્થાન આપ્યું, અને સઘળા ટંટાનો આખર નિકાલ લશ્કરના જોર ઉપરજ થવાનો છે એ બુસી બરાબર સમજતો હોવાથી તેણે પોતાની છાવણીમાં સર્વોત્તમ પ્રકારનો બંદોબસ્ત કર્યો. લશ્કરની આસપાસ તોપ વગેરે મુકી દઈ તેણે પોતાનાં માણસોને અણી વખતે તૈયાર થઈ બહાર પડી શકે એવી સ્થિતિમાં રાખ્યાં હતાં. ફોજમાં અતિશય સખત નિયમોનો અમલ થતો હોવાથી મદ્યપાન, તકરાર વગેરે સઘળું બંધ હતું

અને ફ્રેન્ચ છાવણી એક અતિ સુરક્ષિત જગ્યા તરીકે ઓળખાવવા લાગી હતી નિઝામ જાતે વ્યસની તથા અશક્ત હોવાથી તેના ઉપર પોતાનો અમલ ચલાવી મોટી યુક્તિથી બુસીએ રાજ્યનો સઘળો કારભાર પોતાના હાથમા લીધો. એ માટે લોકોને કંઈ શક જાય નહીં તે હેતુથી તેણે કોઈ પણ પ્રકારની શેખી બતાવી નહીં, અને પોતાની સત્તા જાહેરમા જણાવવા દીધી નહીં. વળી પોતાનું લશ્કર નિઝામની છાતી ઉપર બેઠેલુ છે તેવું તેને કદી લાગવા દીધુ નહીં. જાણે પોતે કંઈજ વિસાતમા ન હોય પણ ખરૂં જોતા તેની સમતિ વિના પાદડું પણ હાલે નહીં એવી ઉત્તમ વ્યવસ્થા બુસીએ કરી ડુપ્લે સાથે અગાઉથી મસલત કરી આ સઘળી ગોઠવણ માટે તેમજ અન્ય બાબત માટે તેણે ઠરાવ કર્યાં હતો બુસી પાસે લશ્કરી સામર્થ્ય હતું, અને પ્રસગ આવે તે સામર્થ્યનો ઉપયોગ કરી પોતાનુ કામ પાર પાડવાની ઈચ્છા તેના મનમા થતી હતી આ પ્રમાણે સઘળું અનુકૂળ હોવાથી ફ્રેન્ચ લોકોને આ દેશમા પોતાનુ રાજ્ય સ્થાપવામા કોણ અટકાવી શકનાર હતુ ? 'કર્નાટક તો હાથમાં છેજ અને દક્ષિણના રાજ્ય ઉપર આપણી સત્તા ચાલતી હોવાથી અહીંથી દિલ્હી ઉપર કુદકો મારતા શો વિલંબ થશે' એવો મનોરથ ડુપ્લે અને બુસીના મગજમા રમવા લાગ્યો. બુસી ઔરગાબાદમાં સ્થાયી પડ્યો હતો. તે કંઈ માત્ર નિઝામના સરક્ષણ માટે નહોતો, પણ કર્નાટકમા ડુપ્લેએ બેસાડેલા ફ્રેન્ચ લાગવગને આગળ વધારવા માટે હતો નવાબને ફ્રેન્ચ ફોજ સિવાય ચાલવાનુ નથી, અને તેમનો લાગવગ નવાબ વિના કાયમ રહેનાર નથી, એવી રીતે બન્ને બાજુ પરસ્પર અવલબી રહેલી હોવાથી બુસી અને ડુપ્લેની દક્ષિણ હિંદુસ્તાનમાં આ સમયે હાક વાગી રહી હતી આવો મોટો ફાયદો ડુપ્લેની નજર આગળ હોવાથીજ બુસીને હમેશને માટે પોતાની પાસેથી દૂર મોકલવા તેને જરૂર પડી અગ્રેજો તેની પાડોસમા હતા છતા પોન્ડીચેરીના બચાવનો બદોબસ્ત કીધો પાડી ડુપ્લેએ બુસીને ઔરગાબાદ મોકલવાની મોટી ભૂલ કરી હતી, એમ વિગ્રહના આવેલા પરિણામ ઉપરથી લાગવાનો સભવ છે. તોપણ શરૂઆતની પરિસ્થિતિ ઉપરથી ડુપ્લે તદ્દન નિર્ભય હતો.

લૉરેન્સ ઈંગ્લંડમાં હતો; કલાઈવની યોગ્યતા બહાર દેખાઈ આવી નહોતી, અને ડુપ્લેએ રચેલી બાજી ઘણીખરી ફત્તેહમંદ નિવડી હતી. કલાઈવ જેવો અનુપમ પુરૂષ આ વેળા અંગ્રેજો તરફથી નીકળી આવ્યો ન હોત તો ડુપ્લેએ ફ્રેન્ચ સત્તાનો પાયો હિંદમાં મજબૂત કર્યો હોત એમ હજુ પણ કેટલાક લોકો માને છે. પરંતુ મહાન પુરૂષોની પણ વિચાર શક્તિ એવે પ્રસંગે એકજ બાજુએ એટલી તો જોરમાં દોરાઈ જાય છે કે તેઓ પોતાનાં કૃત્યની ઉલટ બાજુ જોઈ શકતા નથી એ એક સામાન્ય માનવી ધર્મ છે, અને તેને અનુસરીનેજ ડુપ્લેએ આગળ પાછળનો કંઈ પણ વિચાર ન કરતાં ભાવી વૈભવની ધુનમાં પોતાની મૂળ શક્તિ હીણુ કરી અને બુસી સરખા લડવૈયાને પોન્ડીચેરીથી દૂર કહાડ્યો. આને લીધેજ ડુપ્લેને પુષ્કળ નુકસાન થયું હતું; બાકી નિઝામ દરબારમાં ફ્રેન્ચ અમલ બેસાડવા માટે બુસી જેવો લાયક પુરૂષ તેને મળતે નહીં. ઔરંગાબાદમાં તેણે પગ મુક્યો તેજ દિવસથી યુક્તિ પ્રયુક્તિથી તેણે પોતાનું વજન અતિશય વધાર્યું, ફ્રેન્ચની સહાયતા વિના તેને ક્ષણભર પણ ચાલશે નહીં એવી સલાબતજંગની પકકી ખાતરી કરી, અને તેની આસપાસના દીવાન વગેરે અધિકારી મંડળમાં પોતાની તરફનાં માણસો રાખી સઘળી સત્તા પોતાના હાથમાં ખેંચી લીધી.

આવી ગોઠવણ ચાલતી હતી તેવામાં ગાઝીઉદ્દીન મરાઠાઓની સાથે નિઝામની સામા ધસતો આવતો હતો એવી ખબર ઔરંગાબાદમાં આવી. ઉત્તરમાંથી દોઢ લાખ અને પશ્ચિમ તરફથી પેશ્વાની એક લાખ ફોજ નિઝામના રાજ્ય ઉપર ઉતરી આવતી સાંભળી બુસી બીલકુલ ડગ્યો નહીં, પણ તેમની સામે થઈ કવાયત શીખેલું ફ્રેન્ચ લશ્કર મરાઠાઓને કેટલું ભારે પડે છે તે ખુલ્લી રીતે દુનીઆને જાહેર કરવા તેણે નિશ્ચય કર્યો. તે નિઝામને લઈ ઔરંગાબાદથી બેદર આગળ આવ્યો, અને પુણા ઉપર સ્વારી કરવાની તૈયારી કરી. આથી બાલાજીરાવ પેશ્વાને પોતાની સલામતી માટે ધાસ્તી પડી, અને બુસીને બેદર છોડી પુણા ઉપર આવતો અટકાવવા માટે તે નીકળ્યો. ફ્રેન્ચ અને મરાઠાઓ વચ્ચેની આ પહેલ-

વહેલી ઝપાઝપી હતી. પેશ્વા પાસે ચુંટી કહાડેલું ચાળીસ હજાર ઘોડેસ્વાર લશ્કર હતું, અને બાકીનું પુણાના બચાવ માટે તેણે પાછળ રાખ્યું હતું. બુસીએ તોપનો મારો ચલાવ્યો તે સામે મરાઠા સ્વારો ચાલાકીથી આગળ ધસ્યા. પણ તોપના ઉપરાચાપરી આવતા ગોળા સહન નહી કરી શકવાથી તેઓ પાછા ફરી નાસી ગયા ( નવેમ્બર ૧૭૫૧ ). પાણીપતનાં યુદ્ધ પૂર્વે મરાઠાઓ તોપખાનાનો ઘણો ઉપયોગ કરતા નહીં કેમકે તેમનાં અસાધારણ ઝડપથી ભટકવામાં ભારે તોપખાનું અડચણ રૂપજ હતું.

આ સમયે મરાઠાઓમાં બે પક્ષ હતા. તારાબાઈ અને પેશ્વા વચ્ચે વિરોધ હોવાથી પેશ્વાનો નાશ કરવા માટે તારાબાઇએ નિઝામને પુણા ઉપર સ્વારી કરવા ઉશ્કેર્યો હતો. એ ઉપરથી નિઝામની છાવણીમાં ભંગાણ પડાવવાના હેતુથી પેશ્વાએ એવો ગપાટો ચલાવ્યો કે બુસી નિઝામનું રાજ્ય છીનવી લેવા ખટપટ કરી રહ્યો હતો. આવાં અંતરસ્થ કારસ્તાનો ચાલુ હતાં, તે વખતે મરાઠાઓની પુઠ પકડી કુકડી નદી ઉપર પેશ્વાની છાવણી હતી ત્યાં બુસી એકદમ આવી પહોંચ્યો. એક દિવસે ચંદ્રગ્રહણ હોવાથી રાતે પેશ્વાનાં માણસો સ્નાન તથા પુજા કરવામાં નિમગ્ન હતાં ત્યારે બુસીએ એકાએક તોપખાનું લાવી તેમના ઉપર મારો ચલાવ્યો કે તરતજ મરાઠાઓ સ્વાર થઈ જીવ લઈ નાઠા. એમ છતાં આ વખતે મરાઠાઓને ઘણું નુકસાન થયું નહીં. બીજે દિને બુસીએ તળેગામ ઉપર હલ્લો કરી શહેરનો નાશ કર્યો. તા. ૨૭ મી નવેમ્બરે રાણોજી શિંદે તથા તેના છોકરા દત્તાજી અને મહાદજી તેમજ કાન્હેર ત્રિંબક એકબોટે એ સઘળાએ મળી બુસી ઉપર હલ્લો કર્યો, તેમાં પણ મરાઠાઓને યશ મળ્યો નહીં, તોપણ એકબોટેનાં વિલક્ષણ પરાક્રમને લીધે તેમનો સદંતર નાશ થતો અટક્યો; એકબોટેને આ વેળાએ ‘ ફાંકડે ’ નો ખિતાબ મળ્યો. બીજે દિવસે ભિમા નદી ઉપરનું કોરેગામ બુસીએ કબજે કરવાથી તે હવે પુણાથી વીસ માઈલજ દૂર રહ્યો હતો. બુસીના મનમાં હજી આગળ વધી લડવાનો વિચાર હતો પણ સલાબતજંગને તે પસંદ પડયો નહીં, કારણકે દિલ્હીથી ધસી આવતા ગાઝીઉદ્દીનને હરાવવા તે યાકુળવ્યાકુળ થતો હતો. ગાઝીઉદ્દીન પણ ત્વરાથી

દક્ષિણ તરફ આવે છે એવી બાતમી મળતાં, તેમજ અહીં સમાધાન કરવા માટે મરાઠાઓ તૈયાર હોવાથી, તેમની સરતો માન્ય કરી બુસી અને નિઝામ ગોવળકોન્ડા તરફ પાછા ફર્યા. એ પછી નિઝામના દીવાન રાજા રઘુનાથદાસનું ખુન થવાથી સલાબતજંગે બુસીની સલાહથી સૈયદ લસ્કરખાનને પોતાનો દીવાન બનાવ્યો. પણ લસ્કરખાન રઘુનાથદાસના જેવો ફ્રેન્ચનો દોસ્ત નહોતો. હરેક બહાને તેમને પોતાનાં રાજ્યમાંથી હાંકી કહાડવાની તેની અંદરખાનેની ખટપટ હતી, અને એ હેતુ બર લાવવા તે મરાઠાઓ તથા અંગ્રેજો સાથે કાવાદાવા ચલાવતો હતો. પરંતુ બહારથી બુસી પ્રત્યે તેણે એવો પ્રેમ દાખવ્યો, કે તેની મીઠી વાણીમાં લુબ્ધ થઈ તેનેજ દીવાન તરીકે નીમવા બુસીએ નિઝામને સૂચના કરી.

ગાઝીઉદ્દીન સપ્ટેમ્બર ૧૭૫૨ માં ઔરંગાબાદ આવી પહોંચ્યો. તેણે મરાઠાઓને પુષ્કળ મુલક આપવાની કબુલાત આપી પોતાના પક્ષમાં આવવા લલચાવ્યા. આ ભાંજગડ ચાલતી હતી તેવામાં નિઝામ-ઉલ-મુલ્કની બીજી સ્ત્રી, નિઝામઅલ્લીની મા, જે ઔરંગાબાદમાં રહેતી હતી, તેણે ગાઝીઉદ્દીનને પોતાને ત્યાં મિજબાનીમાં બોલાવી ખોરાકમાં ઝેર આપી મારી નાંખ્યો. આ પ્રમાણે સલાબતજંગનો પણ નાશ કરી પોતાના છોકરાને નિઝામી અપાવવાનો તેનો આશય હતો. ગાઝીઉદ્દીનનાં મરણથી સલાબતજંગનો એક શત્રુ ઓછો થયો, અને તેણે મરાઠાઓ સાથે તહ કરી એટલે તેઓ પણ દૂર થયા. આ કોલકરારથી તાપી અને ગોદાવરી વચ્ચેનો પ્રદેશ મરાઠાઓને મળ્યો, અને ભોંસલેએ વેણગંગાની પેલીમેર જવું નહીં એમ ઠર્યું. આ મુજબ વ્યવસ્થા કરી નિઝામ અને બુસી સને ૧૭૫૩ ના આરંભમાં હૈદ્રાબાદ આવ્યા. એ શહેર આગળ જતાં નિઝામની રાજધાની થયું.

**૨. મરાઠાઓનો અંતિમ હેતુ.**—કર્નાટકમાં તથા મહારાષ્ટ્રમાં આ સમયે ચાલેલા અંગ્રેજ ફ્રેન્ચ વ્યવહારમાં મરાઠાઓએ તેમજ તેમનો રાજ્યકારભાર ચલાવનાર પેશ્વાએ આગળ પડતો ભાગ લીધેલો હોવાથી, તેમના રાજ્યકારભારનું રહસ્ય સમજ્યા સિવાય અંગ્રેજ ફ્રેન્ચ વગેરેના અનેક

પ્રસગો આપણે સ્પષ્ટ રીતે જાણી શકીશુ નહીં આ વ્યવહારમા વિશેષ ગુચવાડો ઉતપન્ન થવાનુ કારણ એજ હતુ કે મરાઠાઓના જિરનિરાળા સરદારો જુદે જુદે પ્રકારે રાજ્ય પ્રાપ્તી માટે ખેંચતાણ કરી રહ્યા હતા. નિઝામના અને કર્નાટકના વ્યવહારમા નાગપુરનો ભોસલે તથા પેશ્વાનો સબધ વિશેષ હતો છત્રપતિ શાહુના મરણ બાદ નિઝામનુ સઘળુ રાજ્ય છીનવી લેવાનો બાનાજી પેશ્વાએ ઉપક્રમ ઉપાડયો હતો નાસીરજગ તથા મુઝફ્ફરજગની તપાસ રાખવા માટે તેણે પોતાના લશ્કરી સરદારો મુકી દીધા હતા નિઝામના દરબારમા રહેતા પેશ્વાઈ વકીલની મારફત ત્યા થતી દરેક હીલચાલની બાતમી તાબડતોબ પેશ્વાને મળતી હતી* સને ૧૭૫૧ ના જાનેવારી માસમા સલાબતજગને નિઝામગિરી મળી તેજ અરસામા પેશ્વાએ તેના રાજ્ય ઉપર સ્વારી કરી, પરતુ તારાબાઈ અને ગાયકવાડના કારસ્તાનોને લીધે અડધુ કામ મુકી તેને ત્યાથી પાછા ફરવુ પડયુ એ પછી બુસીની સલાહથી નિઝામે પેશ્વા સામે યુદ્ધ ચલાવ્યુ ઉત્તર હિંદુસ્તાનમાથી આવતો પેશ્વાનો ખજાનો નિઝામે લુટયો, અને પુણા ઉપર હુમલો લાવવાના હેતુથી તે પોતાના રાજ્યની હદ છોડી બહાર નીકળ્યો નિઝામનો દીવાન રામદાસપત ઉર્ફે રાજા રઘુનાથદાસ તે વેળાએ સર્વ સૂત્ર હલાવતો હતો, અને બુસી તથા તેની વચ્ચે ઐક્ય હતુ ઉપર કહ્યા પ્રમાણે નવેમ્બર માસમા ગ્રહણને દિવસે કુકડી નદી ઉપર પેશ્વા ઉપર હલ્લો કરી નિઝામ કોરેગામ નગી આવી પહોચ્યો, ત્યારે પેશ્વાએ રાયોજી દાદા, શિંદે, હોલકર અને બીજા અનેક સરદારોને લઈ નિઝામના રાજ્યમા વર્ષ ૭ મહિના સુધી જનુની લડાઈ ચલાવી, અને તેના રાજ્યનો મોટો ભાગ ખુચવી લીધો આજ યુદ્ધમા સને ૧૭૫૨ ના એપ્રિલ માસમા રામદાસપતનુ ખુન થયુ હતુ ડીસેમ્બરમાં ભાલકી મુકામે લડાઈ થતા મરાઠા સરદારોએ નિઝામ ને સઘળી બાજુએથી ઘેર્યો એ પછી થયેલા તહનામાની રૂએ નિઝામે પોતાના રાજ્યમાંના એક સબધ પ્રાતની સુબાગિરી પેશ્વાને હમેશ માટે

* આ મજકુરના કેટલાક પત્રો રા રાજવાડેના ઐતિહાસિક નિબધના પહેલા ભાગના ભાગ ૭

આપી. મરાઠાઓના જમાવ આગળ બુસીનું કંઈ પણ ચાલ્યું નહીં. સલાબતજંગ તદ્દન બ્હીકણુ તથા અશક્ત હતો, અને બુસીએ તેને સઘળી રીતે ઘેરી લીધેલો હોવાથી તેજ કરે તે નિઝામ દરબારમાં થાય એ સ્થિતિ હતી. આ પ્રકાર પ્રત્યક્ષ નિઝામને તથા તેના સરદારોને દુઃસહ લાગતો હતો, અને બુસીને દૂર કરવાના પ્રયત્ન નિઝામ દરબારમાં ચાલુ થયા હતા. એનો વધેલો લાગવગ પેશ્વાને પણ નુકસાનકારક હતો, એટલે તે પણ તેને દક્ષિણમાંથી હાંકી કહાડવાના ઉદ્યોગમાં આગળ જતાં સામીલ થયો. આવાં કારણોને લીધે મહારાષ્ટ્રમાં અંગ્રેજોનો પ્રવેશ આવકારદાયક થયો. બુસીને મરાઠાઓનો ત્રાસ ભારે હતો. પેશ્વાનાં મુત્સદ્દીપણા આગળ તેને હમેશાં નમતું પડતું હતું. તોપણ લાલીએ બુસીને કર્નાટકમાં બોલાવી લીધો ન હોત, તો ફ્રેન્ચનું રાજ્ય હિંદુસ્તાનમાં કાયમ થવાનો ઘણો સંભવ હતો. ભાલકીનાં તહ પછીનાં બે વર્ષમાં બુસીએ સલાબતજંગને સંપૂર્ણ રીતે પોતાના કાબુમાં લીધો હતો. ઉત્તર હિંદુસ્તાનમાંના ઘણા રાજા રજવાડાઓ સાથે તેની ભાંજગડો ચાલુ હતી, અને નિઝામનો સઘળો વ્યવહાર તેની મારફતજ ચાલતો હતો. આમ કરવામાં તેનો મુખ્ય હેતુ નિઝામને હલકો પાડવાનો હતો. પેશ્વાએ પણ તેવોજ બેત રચેલો હોવાથી તેને ઘણું નુકસાન પહોંચ્યું. આ બાબત નિઝામે ડુપ્લે આગળ અનેક ફરીઆદો કરી, પણ તેણે કંઈ પણ મન ઉપર લીધું નહીં. બુસી અને નાના સાહેબ પેશ્વા વચ્ચે સારો સ્નેહભાવ હોવાથી એઉની ખટપટને લીધે દક્ષિણમાં મોગલોનું રાજ્ય બુડતું હતું એમ મુસલમાનોને પણ લાગતું. શાહુ છત્રપતિનાં મરણ પછીનાં દસ વર્ષમાં સર્વ હિંદુસ્તાન ઉપર ફરી વળવા માટે મરાઠાઓએ જે મહાન યોજના ઉપાડી હતી તેમાંજ ‘ આખો દક્ષિણનો પ્રદેશ છુટો કરવાનો’ પેશ્વાનો મનસુબો સમાયલો હતો. સલાબતજંગનાં કુટુંબમાં ભાઈઓ ભાઈ વચ્ચે કલહ હતો. શાહ નવાજખાન જેવા રાજદ્રોહી મુસલમાન તથા જાનણા નિંબાલકર સરખા લુચ્ચા મરાઠા સરદાર તેના દરબારમાં રહેતા હતા. ભુખ્યાં વરૂની માફક સત્તાને માટે તરફડીઆં મારતા બુસી જેવા માણુસના હાથમાં રાજ્યનું મુખ્ય સૂત્ર હતું આ સઘળાં કારણોને લીધે

નિઝામનું રાજ્ય નાશ થવાની અણી ઉપર આવ્યું તેમાં કઈ નવાઈ નહોતી પરંતુ બુસીને હૈદ્રાબાદમાંથી કહાડવાની બુદ્ધિ સનાબતજંગને સુઝવાથી તે બચી ગયો, નહીંતો પેશ્વા તથા બુસીએ સતલસ કરી સલાબતજંગને ઉડાવ્યો હોત વળી પાણીપતના મેદાન ઉપર મરાઠાઓનો ચુરેચુરો થયો નહીં હોત તો કદાચ અંગ્રેજ તથા ફ્રેન્ચ લોકો હિંદુસ્તાનમાં ટકી શકતે નહીં, અને કનાઈવિના કારસ્તાનો માટે જગા રહેત નહીં શાહુ છત્રપતિના મરણ પછી જેમ જેમ પાણીપતનું યુદ્ધ પાસે આવતું જાય છે તેમ તેમ મરાઠી રાજ્યની કીર્તિમાં વધારો થતો જાય છે, અને એ કીર્તિધ્વજ ક્યાં અટકે છે એ જોવા પ્રેક્ષકોની મનોવૃત્તિ અત્યંત ઉત્કંઠીત થાય છે, ત્યારે એકદમ પાણીપત ઉપર મરાઠાઓનો સદંતર નાશ થઈ સઘળું અટકી પડે છે અહમદશાહ અબદાલીએ મરાઠાઓનો ઘાણ કહાડી નાખ્યો નહોત, તોપણ તેમના રાજ્યકારભારમાંના સાંપત્તિક દોષને લીધે તેમજ રાજ્યની મજબુતી વધારવાના અનેક ઉપાયો તરફ દુર્લક્ષ કરવાને લીધે પરદેશીઓનો પ્રવેશ હિંદુસ્તાનમાં કેવળ અનિવાર્ય હતો એવું તે કાળનું અવલોકન કરનારાઓને ઐતિહાસિક દૃષ્ટિએ લાગતું હતું પાણીપતના યુદ્ધથી તફાવત માત્ર એટલોજ પડ્યો કે અંગ્રેજોને આ દેશમાં આગળ વધતા અટકાવનાર કોઈ રહ્યું નહીં અને ચારે દિશા તેમને માટે એકદમ મોકળી થઈ ગઈ આ પુસ્તકમાં નમૂદ કરેલા કર્નાટકના તથા મહારાષ્ટ્રના એકંદર બનાવો ઉપરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે દેશી રાજ્યકર્તાઓના દરબારમાં અંગ્રેજ ફ્રેન્ચની સલાહ સિવાય એક પાંદડું પણ હાલી શકતું નહીં, અને અરસપરસનો ભરોસો તથા સ્નેહ અદૃશ્ય થઈ જતાં, આ પરદેશી લોકોનું રાજ્ય આ દેશમાં કાયમ થાય તો સારૂ એવી રાજા તેમજ રૈયતના મનની સ્થિતિ ચપળ હોવાથી આગળ ઉપર શું પરિણામ આવશે તેનાં ચિન્હ અગાડીથીજ જણાવવા લાગ્યાં હતાં

બુસી આ પ્રમાણે રોકાયલો હતો ત્યારે પડતી અડચણમાંથી કેમ છટકી જવું એ માટે તે ડુપ્લે સાથે પત્રવ્યવહાર ચલાવતો હતો કર્નાટકમાં ફ્રેન્ચ લોકોની અવદશા થતી જતી જોઈ તેને અકળામણ થવા માંડી હતી,

પણ નિઝામશાહીમાનુ પોતાનુ કામ છોડી દઈ ડુપ્લેની મદદે જવાનુ તેને અનુકૂળ નહોતુ એમ છતા કર્નાટકની નવાબગિરી ડુપ્લેને સોપવાનો હુકમ નિઝામ પાસેથી મેળવી તેણે પોન્ડીચેરી રવાના કર્યા સને ૧૭૫૩ ના આરભમા નિઝામના રાજ્યની સઘળી વ્યવસ્થા થઈ ગઈ હોય એમ બુસીને લાગ્યુ, પણ ખરી સ્થિતિ કંઈ વિચિત્રજ હતી એનામા એકાએક તે અતિશય ભયકર માદગીમા સપડાઈ ગયો, અને સઘળુ કામ છોડી વિશ્રાતિ લેવા માટે મચ્છલિપટ્ટણ જવાની તેને ફરજ પડી એ વખતે ગૂપિન (Goupil) નામના તેના હાથ હેઠળના ઈસમને નિઝામ દરબારનુ સઘળુ કામ સોપવામા આવ્યુ આ ગ્રહસ્થ ઘણોજ સાદો તથા તત્કાલીન યોજનાઓ સમજવા તદ્દન અસમર્થ હતો આથી સૈયદ લશ્કરખાનને કારસ્તાનો ઉઠાવવા અવકાશ મળ્યો ગૂપિનના ઢીલાપણાને લીધે લશ્કરનો સઘળો બદોબસ્ત નરમ પડી ગયો, અને સૈયદ લશ્કરખાને તેને વખતસર પગાર નહીં આપવાથી તેઓ બડ ઉઠાવવા પ્રવૃત્ત થતા તેણે અનેક કારણે ફ્રેન્ચ લશ્કરના વિભાગ પાડી દરેકને જુદે જુદે ઠેકાણે રવાના કરી દીધા આ પ્રમાણે સઘળુ અવ્યવસ્થિત થતા સૈયદ લશ્કરખાન નિઝામને લઈ ઔરગાબાદ ચાલ્યો ગયો કે જેથી એટલે દૂર દુશ્મનો સામે તેનુ સરક્ષણ કરવા જવા માટે ફ્રેન્ચ લશ્કર અશક્ત નિવડે આવી રીતે ફ્રેન્ચ લોકોને પોતાની નજદીકમાથી વિખેરી નાખી લશ્કરખાને અગ્રેજો સાથે સધાન કરી તેમના લશ્કરને પોતાની મદદે આવવા આમત્રણ કર્યુ તેની રૂએ સને ૧૭૫૩ ની આખરે અગ્રેજ ફોજે દક્ષિણમા જવુ એવુ ઠર્યુ હતુ આ બાબત અગ્રેજોને લશ્કરખાને લખેલો એક પત્ર ફ્રેન્ચના હાથમા પડતા તે ડુપ્લેને મળ્યો ત્યારે તેને સઘળી હકીકત વાકેફ થઈ કઈપણ વખત ખોયા વિના તેણે પત્રદ્વારા બુસીને સઘળી હકીકત જણાવી, અને તેને ગમે તેમ કરી મચ્છલિપટ્ટણ છોડી તાબડતોબ દક્ષિણ તરફ જવા આગ્રહ કર્યો બુસીની પ્રકૃતિ બરાબર સુધરી નહોતી છતા પણ તેમનો તેમ તે નીકળ્યો, સઘળુ ફ્રેન્ચ લશ્કર એકત્ર કર્યુ અને બનતી ત્વરાથી ઔરગાબાદ તરફ પ્રયાણ કર્યુ ત્યા તેની અને નિઝામ વચ્ચે મુલાકાત થઈ સૈયદ લશ્કરખાને તેને ખરી ખોટી કઈ પણ ખબર આપી નહીં,

પણ આજીજીપૂર્વક બુસી પાસે આવી તેની મરજી માફક કરવા કબૂલ થયો આ તકનો લાભ લઈ બુસીએ નિઝામ સાથે તા ૪ થી ડિસેમ્બર, સને ૧૭૫૩ ને દીને નવુ તહનામુ કર્યું, અને લશ્કરના ખર્ચ પેટે ઉત્તર સરકારનો ઉત્કૃષ્ટ પ્રાત પોતાના તાબામાં લઇ લીધો આ પ્રાતનુ વાર્ષિક ઉત્પન્ન ૪૦ લાખ રૂપીઆ હતુ, અને આ વિસ્તીર્ણ મુલક ફ્રેન્ચના કબજા મા આવવાથી ૬૭૦ માઈલના સમુદ્ર કિનારા ઉપર તેમની સત્તા લબાઈ, અને ગંજામ, ચિકાકોલ, વિજયનગર, વિશાખાપટ્ટણ, કોરિંગા, યુનાન, મચ્છલિપટ્ટણ, એલોર, નિઝામપટ્ટણ, વગેરે તે પ્રદેશના મોટા શહેરો તેમને મળ્યા હુકમા આ વેળા કર્નાટકમા ફ્રેન્ચ લોકોને જે ભારે નુકસાન થયું હતું તે ઉપર પ્રમાણે ભરપાઈ થઈ જવા ઉપરાત તેમને ઘણો ફાયદો થયો કોલકરાર થતાજ બુસીએ થોડી ફોજ તથા કેટલાક અમલદાર મોકલી આ નવો પ્રાત પોતાના તાબામા લીધો અને ત્યાનો કારભાર શરૂ કર્યો

આ વાત સૈયદ લશ્કરખાનને બીલકુલ પસદ પડી નહીં, કારણ એથી તેનો રચેલો સઘળો બેત ઉલટાઈ ગયો, ફ્રેન્ચ લોકો અતિશય પ્રબળ થયા, અને આખો નિઝામશાહીનો મુલક તેઓ હસ્તગત કરશે કે શુ એવો રંગ દેખાવા લાગ્યો આ દરમિયાન નાના તરેહના પ્રયત્ન કરી ફ્રેન્ચ પ્રાબલ્ય કમી કરવા તે મથન કરી રહ્યો હતો, પરતુ બુસી આગળ તેનું કઈ પણ ચાલ્યુ નહીં, અને નિઝામની તેના ઉપર ઇતરાજી થતાં, તેણે રાજીનામુ આપી નોકરી છોડી દીધી એની પછી શાહનવાજખાન નામનો એક ગરજમતલબી ગ્રહસ્થ દીવાનપદ ઉપર આવ્યો, તેણે બુસી સાથે મિત્રાચારી રાખી રાજ્યની સઘળી વ્યવસ્થા ફ્રેન્ચ તત્ર અનુસાર ચલાવી. એમ છતા ફ્રેન્ચ લોકોનો લાગવગ વધેલો જોઈ ભોંસલે તથા બીજા મરાઠા સરદારોને અનેક પ્રકારની અકળામણ થઈ, અને તે નિર્મૂળ કરવા માટે તેમણે સતત પ્રયત્ન ચલાવ્યો. એટલામા નિઝામને લઈ બુસી હૈદ્રાબાદ ગયો, અને ત્યા બે મહિના રહી મચ્છલિપટ્ટણ તરફના પ્રદેશની વ્યવસ્થા કરવા માટે જુન, ૧૭૫૪ માં તે તરફ ચાલ્યો ગયો બુસીના જતા પહેલાં નિઝામે દરબાર ભરી ' આપ અમને છોડી ચાલ્યા જાઓ નહીં, તમારા

સિવાય અમને ક્ષણભર ચાલવાનું નથી ' એવી તેને આગ્રહપૂર્વક વિનતી કરી આ ઉપરથી સનાબતજગનો આધાર ફ્રેન્ચ લોકો ઉપર કેટલો હતો તે સ્પષ્ટ થાય છે

૩. ડુપ્લેના કારભારનો અંત (સને ૧૭૫૪)—સને ૧૭૫૨ ના આખર સુધીનાં ડુપ્લેના કૃત્યોની હકીકત અગાડી આપવામા આવી છે સને ૧૭૫૩ મા બુસી પોતાના રાજ્યને માટે મુલક કબજે કરતો હતો, ત્યારે ડુપ્લે અનેક સકટ સોસતો ટ્રીચીનાપોલીની કબજે કરવાની ખટપટમા ગુથાયો હતો કનાઈન યુરોપ ચાલ્યો ગયો હતો, અને ફ્રાન્સથી લા ટુશની મગદારી હેઠળ ડુપ્લે માટે મોટી મદદ આવતી હતી લા ટુશે પૂર્વે આ તરફ પરાક્રમ કરી અનુભવ મેળવ્યો હતો, પરતુ ડુપ્લેના દુર્ભાગ્યે જે જહાજ ઉપર તે આવતો હતો તેને સમુદ્રમા આગ લાગવાથી તે ઉપરના સઘળા માણસો સુદ્ધા તે બળી ભસ્મ થયુ (સને ૧૭૫૨) આથી અગ્રેજોની સર્વોપરી સત્તા કાયમ રહી, અને તેના સેનાપતિ મેજર લૉરેન્સને સ્ફુરતા આવી મરાઠાના સરદાર મુરારરાવ ઘોરપડે તથા મ્હેસુરના કારભારી નદરાજને ડુપ્લેએ વશ કરી લઈ ટ્રીચીનાપોલીની સર કરવાનું કામ ઉપાડ્યુ હતું ફ્રેન્ચ સેનાપતિ મેસિન (Massin) તથા બીજા મરાઠા સરદારોએ મળી મેજર લૉરેન્સની ફોજને ખોરાકી વગેરે મળતી અટકાવી તેના ઉપર છાપો મારી તેને હેરાન કરવાનો ઉપક્રમ શરૂ કર્યા આ પ્રમાણે ત્રણ મહિના લૉરેન્સ અતિશય હેરાન થયો ટ્રીચીનાપોલી કબજે કરવાનો ફ્રેન્ચ લોકોનો પ્રયત્ન એક સરખો ચાલુ હતો, મરાઠાઓની તથા મ્હેસુરની ફોજે શ્રીરગ કબજે કર્યું હતુ ટ્રીચીનાપોલીનો બચાવ કરનાર અગ્રેજ અમલદાર ડૉલ્ટને શ્રીરગ ઉપર હલ્લો કર્યો પણ તેમા તેને કઈ યશ મળ્યો નહીં ડૉલ્ટનની યુદ્ધસામગ્રી ખપી જતા લૉરેન્સ તેની મદદે આવ્યો તેની સામા ડુપ્લેએ પોન્ડીચેરીથી જુદીજ ફોજ રવાના કરી વચમા વચમા મરાઠાઓએ અગ્રેજોને શીકસ્ત આપ્યા પછી બેઉ લશ્કરની છાવણી ટ્રીચીનાપોલીની પાડોસમા આવી પડી અને તેમની વચ્ચે જે નાની મોટી અનેક લડાઈઓ થઈ, તેમા ઘણુખરુ ફ્રેન્ચ

લોકોનો પરાભવ થતો ગયો. આ ઝપાઝપીમાં લૉરેન્સે ઘણી બહાદૂરી તથા ચાલાકી દાખવ્યાં હતાં, અને છેવટની લડાઇમાં અસંખ્ય ફ્રેન્ચ લોકો તેના હાથમાં કેદ પકડાયા હતા. આ પ્રમાણે એક સરખો પરાજય થવાથી ફ્રેન્ચ લશ્કરની હિંમત ખપી ગઇ. ઝઘડો એક વર્ષ ચાલ્યો છતાં ટ્રીચીનાપોલી સર થયું નહીં ત્યારે અંગ્રેજોની સામા થવાનું છોડી દઇ તેમની સાથે તહ કરવાની ડુપ્લેને ઇચ્છા થઇ. યુરોપથી પણ યુદ્ધ બંધ પાડવાનું તેને જણાવવામાં આવ્યું હતું. અસિમ ખર્ચને લીધે કંપની ખુમરાણ કરતી હતી, અને ડુપ્લેના શત્રુઓએ મળેલી તકનો લાભ લઇ તેની વિરૂદ્ધ પોકાર ઉઠાવ્યો હતો. પોતાના દેશને કંઇ પણ ફાયદો ન થતાં એની રૂચી અનુસાર વર્તન કરવાથી વેપારને ભારે નુકસાન થયું હતું એમ ફ્રેન્ચ કંપનીને લાગવા માંડ્યું. ડુપ્લેએ ઉપાડેલી યોજના અને આ દેશના રાજકીય વાતાવરણમાં થતા ફેરફાર બરાબર સમજવામાં નહીં આવવાથી ગમે તેવો લાભદાયી કે નુકસાનકારક પ્રસંગ આવતાં તેમના મનમાં ચળવિચળ થતી હતી. છતાં આવાં છુટક છુટક યુદ્ધથી પોતાનો હેતુ બર આવશે નહીં એમ ડુપ્લેને જણાયાથી, થોડા દિવસની વિશ્રાંતિ બાદ દેશી રજવાડાઓ સાથે નવાં કારસ્તાનો રચી અંગ્રેજોનો પરાભવ કરવાનો તેણે મનસુબો કર્યો. બુસીએ પણ તેને એ બાબત અનુમોદન આપ્યું. નિઝામના દરબારમાં જોકે એનું વજન વિશેષ હતું છતાં તે લાંબો કાળ ટકી શકશે નહીં એમ તે પ્રત્યક્ષ રીતે સમજતો હતો. એથી ગમે તેમ કરી અંગ્રેજો સાથે તહ કરવા તે ડુપ્લેને આગ્રહ કર્યા કરતો હતો. એ બેઉ વચ્ચે ગાઢી મિત્રાચારી બંધાઇ હતી, અને પરિણામે બુસીને દત્તક લેવા ડુપ્લેનો વિચાર થયો હતો અને બુસીને પણ તે વાત કબૂલ હતી. પણ કરવા ધારેલા તહમાં કર્નાટકનો નવાબ કોણ થાય એ પ્રશ્ન મુખ્ય હોવાથી તે ઉપર અંગ્રેજ ફ્રેન્ચનું એકમત થવા સંભવ નહોતો. અંગ્રેજો મહમદઅલ્લીને નવાબપદ માટે આગળ કરતા, ત્યારે ડુપ્લે પોતે નવાબ થવા માગતો હતો. ડુપ્લેએ ફરીથી એકવાર ટ્રીચીનાપોલી હસ્તગત કરવા પ્રયત્ન આદર્યો, તે માટે નવું લશ્કર તથા નવા સરદારો મોકલ્યા, પણ નસીબનો જોગ

એવો કંઈક વિચિત્ર હતો કે ટ્રીચીનાપોલી આગળ ફ્રેન્ચ લોકોને બીલકુલ જશ મળતો નહીં. આખરે નાઈલાજ થઈ ડુપ્લેએ મદ્રાસના ગવર્નર સૅાડર્સને તહ કરવા માટે વિનંતી કરી, અને વકીલ લોકોના સદ્રાસ (Sadras) નામના મથકે બન્ને બાજુના વકીલો કોલકરારની ભાંજગડ કરવા મળ્યા (તા. ૩૦ મી ડીસેમ્બર, સને ૧૭૫૩). ડુપ્લેએ તકરારી સવાલો બાજુએ રાખ્યા, પણ મહમદઅલ્લીને બીજો ઓધ્ધો અપાવી યુદ્ધનો સઘળો ખર્ચ ફ્રેન્ચ લોકોએ પગાર કરવાની સરતે કર્નાટકની નવાબગિરી પોતે સ્વાધીન કરવાનો ડુપ્લેનો આશય હતો. એ તેનો હેતુ અંગ્રેજોનાં લક્ષ બહાર રહ્યો નહીં. આ પ્રમાણે પુષ્કળ ભાંજગડ થઇ પણ તકરારનું કંઈ નિરાકરણ થયું નહીં એટલે બન્ને પક્ષના વકીલો પોતપોતાને સ્થાને પાછા ફર્યા. ડુપ્લેએ આ વખતે ઘણી મોટી ભૂલ કરી હતી. ગમે તેમ કરી કોલકરાર કરવાનું તેને માટે આ સમયે લાભદાયી હતું. જો ફ્રેન્ચ લોકો મહમદઅલ્લીને નવાબ તરીકે સ્વીકારે તો અન્ય બાબતોમાં તેમના કહેવા પ્રમાણે કરવા લૅારેન્સ તૈયાર હતો. એવે પ્રસંગે થોડો કાળ મહમદઅલ્લી કર્નાટકના મસનદ ઉપર આરૂઢ થતે તો પાછળથી તેને પોતાના પક્ષમાં ખેંચી લેતાં અથવા તેને જીતી લેતાં કંઈ ડુપ્લેને આવડતું નહોતું એવું કંઇ નહોતું. અનેક પ્રસંગે મોટાં માણસોનાં મન કંઇક વિકારને વિલક્ષણ રીતે એવાતો સખત વશ થઇ જાય છે, કે આખરે હઠીલાઇમાં તેઓ પોતાનું સર્વસ્વ નુકસાન કરે છે. આવાં અસંખ્ય ઉદાહરણો મળી આવે છે. ડુપ્લેના દેશબંધુ પ્રસિદ્ધ નેપોલિયન બોનાપાર્ટની આગળ ઉપર એવીજ અવસ્થા થઇ હતી તે જગજાહેર બીના છે. આવી કંઇક હઠમાં ડુપ્લેએ પોતાનું સર્વસ્વ ખોયું.

વિષ્ટી ભાંગી પડતાં ડુપ્લેને અંગ્રેજોએ અકળાવવા માંડયો અને તેને ઘણી સખત રીતે ઘેર્યો. યુદ્ધ કેટલોક વખત તુટક તુટક ચાલ્યું પણ તેમાંથી કંઈ પણ વિશેષ નિષ્પન્ન થયું નહીં, ઉલટા મરાઠાઓ તથા તાંજોર અને મ્હૈસુર વગેરેના રાજાઓ ફ્રેન્ચનો પક્ષ છોડી દેવાનો વિચાર કરવા લાગ્યા. બીજી તરફથી એ વર્ષમાં ફ્રેન્ચ લોકોનો પૈસો તથા વખત નાહકનાં વ્યય થવા સાથે ડુપ્લેનો દરેક ઠેકાણે પરાજય થવાથી તેની વિરૂદ્ધ ફ્રાન્સમાં

ભારે કચવાટ થરૂ થયો હતો પરિણામમા તેના ઉપરથી દેશીઓનો વિશ્વાસ ઉડી ગયો એટલુંજ નહીં પણ ફ્રેન્ચ સરકાર પણ તેનાથી કંટાળી ગઈ આવા માણસોના દુશ્મનો ઘણા હોય છે એટલે તેઓએ પણ આવેની તકનો લાભ લઈ ડુપ્લેને પાછો બોલાવી લેવા ડાયરેક્ટરોને ભભેર્યા કંપનીને મળતો સરકારી ટેકો ઓછો થતા પોતાના વહિવટની ખરી સ્થિતિ છુપાવી રાખવા ડુપ્લેને જરૂર લાગી હતી પરંતુ હિંદુસ્તાનમા કંપનીને દસ લાખ રૂપીઆનુ કરજ થયાનુ જ્યારે ફ્રાન્સમા જાહેર થયુ ત્યારે તેને કામગીરી ઉપરથી પાછો બોલાવી લેવાનો ઠરાવ થયો આમ થવાનુ બીજુ કારણ એ હતુ કે આ દેશમાના અંગ્રેજોએ તેની વિરૂદ્ધ પુષ્કળ ફરીઆદો પોતાની સરકારને લખી મોકલી હતી 'ઇસ્ટ ઇન્ડીઆ કંપનીનો વેપાર એ આખા અંગ્રેજ રાષ્ટ્રનો વેપાર છે કૃષ્ણા નદીની દક્ષિણ તરફનો સઘળો પ્રદેશ પોતાના તાબામા લેવાનો ડુપ્લેનો હેતુ હોવાથી, તે હિંદુસ્તાનમાંથી જાય નહીં તો આપણુ તેમજ એકદર અંગ્રેજ રાષ્ટ્રનુ અતિશય નુકસાન થશે માટે ખુદ ફ્રેન્ચ સરકાર સાથે ખટપટ કરી ડુપ્લેને પાછો બોલાવી લેવાની તજવીજ કરવી' આ ઉપરથી અંગ્રેજ સરકારે ફ્રાન્સ સાથે સંદેશા ચલાવ્યા હતા ફ્રેન્ચ લોકોને તે સમયે પૈસાની તાણ હોવાથી, તેઓની યુદ્ધ કરવાની હોંસ મંદ પડી ગઈ હતી આથી બન્ને દેશોએ અગાઉની વેપારી વ્યવસ્થા શરૂ કરી દેશીઓને માહોમાહેની તકરારમાં મદદ કરવાનું છોડી દેવાનો બેઉ સરકારે ઠરાવ કરવાથી ફ્રેન્ચ કંપની તરફથી અંગ્રેજો સાથે ભાંજગડ કરી હિંદુસ્તાનમાના ટંટાનો નિકાલ કરવા માટે તેણે પોતાના પ્રતિનિધિને લંડન મોકલ્યો. ત્યા અંગ્રેજ કંપનીનો એકજ આગ્રહ હતો કે 'સર્વ ટંટાનુ મૂળ ડુપ્લે હોવાથી તેને પાછો બોલાવી લેવા સિવાય હિંદુસ્તાનમા શાંતિ થવી શક્ય નથી અનહદ મહત્ત્વાકાંક્ષાના જોસમા તે સઘળાઓને લડાવી મારતો હતો' ખરૂ જોતા દુશ્મનો તરફથી આવો આરોપ થયેલો હોવાથી ફ્રેન્ચ કંપનીને તે કબુલ કરવાને કંઈ કારણ નહોતું વળી ડુપ્લે સ્વદેશનું હિત સમજતો હતો કે સ્વાર્થી થઇ પોતાની સ્થિતિ મજબૂત કરતો હતો તેનો કંપનીએ પોતે વિચાર કરવાનો હતો શત્રુ તરફથી આવેલી

સૂચના પોતાનાં અહિતની હશે એવી શંકા સુદ્ધાં ફ્રેન્ચ વકીલને આવી નહીં. અંગ્રેજ વકીલોએ સભ્યતાનો ડોળ ચઢાવી જે કંઇ વાત હિમતથી પ્રતિપાદન કરી તે સઘળી ફ્રેન્ચ લોકોને ખરી લાગી. ફ્રેન્ચ વિચારમાં આ ફેરફાર કંઇ એકદમ થયો નહોતો; ધીમે ધીમે પ્રસંગ અનુસાર રાષ્ટ્રીય મત બદલાઈ ગયો હતો. આ સંદેશા ચાલતા હતા તેવામાં હિંદુસ્તાનમાં તહ થયાની ખબર ડુપ્લે તરફથી આવી હોત, એટલે, મદ્રાસ આગળ ચાલેલી તકરારમાં મહમદઅલ્લી વિષેનો અંગ્રેજોનો આગ્રહ કબૂલ કરી ડુપ્લેએ સંધિ કરી હોત તો ભવિષ્યનાં સઘળાં સંકટો ટળી જાત, અને તેને પાછો બોલાવવાની જરૂર રહેત નહીં. વળી બે વર્ષ દેશમાં શાન્તિ રહેવાથી સામ્રાજ્ય સ્થાપવાનો વિચાર પરિપક્વ કરી તે પાર પાડવાને ડુપ્લેને વખત મળતે. કર્નાટકના બદલામાં ઉત્તર સરકારનો પ્રાંત ડુપ્લેને મળતાં, બુસીએ તે તાબામાં લીધો હોત તો બે વર્ષ સાંની યોગ્ય વ્યવસ્થા કર્યા પછી બંગાળ પ્રાંત કબજે કરવામાં તેને અડચણ પડતે નહીં. કલકત્તાની અંધારી કોટડીના બનાવ પછી સુરાજ–ઉદ–દૌલાએ ફ્રેન્ચ લોકોની મદદ માંગી હતી, તે વેળા ઉત્તર સરકારમાંથી ફ્રેન્ચ લશ્કર સહેલાઇથી મોકલી શકાતે. એમ થતાં પ્લાસીની લડાઇનું પરિણામ કંઈ નિરાળુંજ આવતે, અને કદાચિત કલકત્તાને બદલે ચંદ્રનગર આબાદ થતાં ફ્રેન્ચ લોકોનું રાજ્ય હિંદુસ્તાનમાં સ્થપાયું હોત. પણ આ સઘળા સંજોગો ડુપ્લેની હઠને લીધે બગડ્યા એમ કહેવું પડે છે.

એટલું છતાં લંડનમાં ચાલેલા સંદેશાને પરિણામે ફ્રેન્ચ વકીલે ડુપ્લેને એકદમ પાછો બોલાવી લેવા કબૂલ કર્યું નહીં. ત્યાં એવું ઠરાવવામાં આવ્યું હતું કે અંગ્રેજ તથા ફ્રેન્ચ તરફનો એકેક અધિકારી હિંદુસ્તાન મોકલવો, અને તે બેઉએ મળી સઘળા પ્રશ્નનો નિકાલ કરવો. એ પ્રમાણે ફ્રેન્ચ કંપનીએ ગોદેહ (M. Godcheu) ને હિંદુસ્તાન મોકલ્યો, પણ અંગ્રેજોએ યુક્તિ કરી નવા માણસને ન મોકલતાં સૅાંડર્સને એ બાબત સર્વ અધિકાર આપ્યો. આમ થવાથી ડુપ્લેનો પક્ષ તદ્દન નરમ પડી ગયો. ગોદેહ પૂર્વે ચંદ્રનગરમાં રહ્યો હતો, સારે તેણે ડુપ્લે સાથે અત્યંત વિશ્વાસુપણાથી વર્તી

તેની મરજી સંપાદન કરી હતી પરંતુ તેનું અંતઃકરણ દુષ્ટ હોવાથી તે ડુપ્લેનો નાશ કરવાની તક જોતો હતો. આવેલી તકનો લાભ લઈ કેદ કરી ફ્રાન્સ પાછો મોકલવાનો તેણે ઘાટ રચ્યો, પણ એ વિચારને ડાયરેક્ટરોએ અનુમતી આપી નહીં. તા. ૧ લી ઑગસ્ટ સને ૧૭૫૪ ને દીને ગોદેહનું વહાણ પોન્ડીચેરીના બંદરમાં દાખલ થયું. એને સરળપણે સઘળી વાત સમજાવી હિંદુસ્તાનમાંથી નીકળી જવાની ડુપ્લેને આશા હતી પણ જ્યારે ગોદેહને મળવા તે વહાણ ઉપર ગયો, ત્યારે તેનો અત્યંત તિરસ્કાર થવાથી તેની મૂળ મતલબ માટે તેને સંશય આવવા માંડ્યો. ગોદેહના ઉતરવા બાદ બીજે દીને, એટલે તા. ૨ જી ઑગસ્ટે ડુપ્લેએ ફ્રેન્ચ સંસ્થાનનો સઘળો કારભાર તેને હવાલે કર્યો. આટલો વખત અનહદ કષ્ટ વેઠી એક નિષ્ઠાથી સ્વરાષ્ટ્રની સેવા કરવાનું આવું પરિણામ આવતું જોઈ તેને અત્યંત દુઃખ ઉપજ્યું. ગોદેહૂએ તેના કારભારના છિદ્ર બહાર પાડવા સારૂ અસાધારણ ખટપટ ઉપાડી, પણ તેની વિરૂદ્ધ કંઈ પણ પ્રાપ્ત થયું નહીં. સરકારી પૈસાની ઉચાપત થઈ હોય તો તે શોધી કહાડવા તેણે સઘળો હિસાબ બારીકાઈથી તપાસ્યો, પણ તેમાં સરકારી નાણું તફરકે થયાનું કંઈ નિશાન નહીં મળતાં, ઉલટું ડુપ્લેના ખાનગી પૈસા કંપનીના દફતરમાં જમે થયલા માલમ પડ્યા. ડુપ્લે આ પૈસા માટે માગણી કરે તો તેને હેરાન કરવા ઉપાડેલી યોજના નિષ્ફળ જાય એ બ્હીકે ગોદેહૂએ હિસાબ તપાસવાનું છોડી દીધું. કોઈ પણ રીતે ડુપ્લે પોતાના સાણસામાં સપડાતો નથી એમ વ્યક્ત થતાં, છેવટે તેને ધમકી આપી હિંદુસ્તાનમાંથી હાંકી કહાડવાનો, તથા કંપની ઉપર નીકળતા ૨૪ થી ૨૮ લાખ રૂપીઆમાંથી તેને એક બદામ પણ નહી મળવા દેવાનો ગોદેહૂએ નિશ્ચય કર્યો, અને તે પ્રમાણે અમલ કર્યો. ડુપ્લેના આ લ્હેણા માટે ગોદેહૂએ એક અક્ષર પણ ફ્રાન્સ લખી જણાવ્યો નહી. એણે કર્નાટકમાં અનેક લોકોને નાણું કરજે આપી તેમનો મુલક પોતાના તાબામાં લીધો હતો, એ મુલકની વસૂલાત સીધીરીતે ડુપ્લેને આપી હોત તો તેનું દેવું ફીટી જાત, પણ તેમ નહીં કરતાં ગોદેહૂએ તે સઘળો મુલક કંપનીનો હોય તેમ ગણી દીધો. કંપનીએ ફ્રાન્સથી ડુપ્લેને માટે બે લાખની હુંડી

મોકલી હતી તેના પૈસા પણ ગોદેહૂએ તેને આપ્યા નહીં. ડુપ્લેને બીજાઓનું પુષ્કળ દેવું આપવાનું હતું, કેમકે તેના એકલાના ભરોસા ઉપર હજારો વ્યવહાર ચાલ્યા કરતા હતા. એ કરજ પતાવવા સારૂ ડુપ્લે પાસે કંઈ પણ નાણું નહોતું, અને ગોદેહૂએ તેના લહેણા વિશે કંઈ નિકાલ કહાડયો નહીં. આવી વિપત્તિમાં હિંદુસ્તાનને છેલ્લી સલામ કરી તા. ૨૪ મી અકટોબરે સ્વદેશ પાછા જવા માટે ડુપ્લે નીકળ્યો ત્યારે દરેક ફ્રેન્ચ ગ્રહસ્થને તેમજ અસંખ્ય હિંદીઓને ભારે ખેદ થયો.

ફ્રેન્ચ સરકારની ખરી ઇચ્છા ડુપ્લે પાછો આવે એવી નહોતી, અને તે પ્રમાણે તેણે હુકમ પણ મોકલ્યો હતો. પણ એ હુકમ હિંદુસ્તાન પહોંચે તે અગાઉ ડુપ્લે નીકળી ગયલો હોવાથી એ બાબત કંઈ પ્રશ્ન રહ્યો નહીં. છતાં એના હિંદુસ્તાનથી પાછા ફરવાને લીધે રાષ્ટ્રને ભારે નુકસાન થયું એમ સર્વ કોઈને લાગ્યું. ફ્રાન્સમાં આવ્યા પછી શરૂઆતમાં તેનો સારો સત્કાર થયો, પણ પાછળથી ગોદેહૂએ અંગ્રેજો સાથે અનિયમિત તહ કરી એણે મેળવેલું સઘળું ગુમાવી દીધું એટલે તેની પ્રતિષ્ઠા ઘટી ગઈ. હવે તેની પાસેથી કશું મળવાનું નથી એ વિચારથી સઘળાઓએ તેની વિરૂદ્ધ થઈ તેની દાદ લીધી નહીં, તેમજ તેની પૈસાની માગણી મન ઉપર ધરી નહીં. દેણદારોએ સામા થઈ તેને ખુબ સતાવ્યો; બુસી સુદ્ધાં આ કરજદારોનાં ટોળામાં ભળ્યો. મરણના ત્રણ મહિના અગાઉ તેનું ઘર પણ જપ્ત થયું. ‘સ્વદેશના ફાયદા માટે મેં મારી જુવાની, મારી ધનદોલત અને મારૂં સર્વ જીવિત ખરચી નાંખ્યું, મારા ઉપર ભરોસો રાખી મારા અનેક સગાં સ્નેહીઓ મારી પેઠેજ ગરીબ થયાં, એમ છતાં હું આજે અત્યંત વિપત્તિકાળમાં સડું છું; મારાં દેવાંની રકમ મેં સઘળા અધિકારીઓને જાહેર કરી પણ મારી દાદ કોઈ લેતું નથી; મેં કરેલાં કામો સઘળાંને ખોટાં લાગે છે, અને મારી માગણીઓ બાળચેષ્ટા તુલ્ય ગણવામાં આવે છે. અત્યંત હલકટ મનુષ્ય તરફ પણ કદી કોઈ આવી રીતે વર્ત્યું હશે નહીં. મને આજે અતિશય વિપત્તિ પડે છે, ઘરમાં જે કંઈ થોડું ઘણું હતું તે સર્વ સરકારે જપ્ત કર્યું છે, મારે તુરંગમાં જવાનો વારો ન આવે તે હેતુથી

હું બારણે બારણે મદદ માગતો ફરું છું.' આવા ઉદ્દગારો મરણના ત્રણ દિવસ અગાઉ ડુપ્લેના મ્હોડામાંથી નીકળતા હતા. જેણે સ્વરાષ્ટ્રની આટલી મોટી સેવા કરી, તેના તરફ ફ્રેન્ચ સરકારે આ પ્રમાણે વર્તવાનું યોગ્ય હતું ? દૈવગતિ વિચિત્ર છે! આવાં અનેક સંકટો વેઠતો ડુપ્લે તા. ૧૦ મી નવેમ્બર, સને ૧૭૬૪ ને દીને મરણ પામ્યો.

સરકારે અધિકારના જોર ઉપર આવો ન્યાય કર્યો છતાં ઇતિહાસકારો ખરી હકીકત પ્રસિદ્ધ કરી શકતા નથી. કલાઈવ, વૉરન હેસ્ટીંગ્સ તથા વેલેસ્લી જેવા પુરૂષોને ઇતિહાસમાં મોટાં સ્થાન આપવામાં આવ્યાં છે, ત્યારે તેના બરોબરીઆ તરીકે ડુપ્લેને કંઈક માન મળવું યોગ્ય છે. ઉપાડેલા ખેતમાં તે ફસાઈ ગયો તેથીજ તેની નિંદા કરવી વાજબી નથી. તેના અપયશનો દોષ આખા ફ્રેન્ચ રાષ્ટ્ર ઉપર છે, નહીં કે તેના એકલાના ઉપર. સ્વદેશથી પાંચ હજાર કોસને અંતરે જઈ થોડાક અંગ્રેજોએ હિંદુસ્તાનનું વિસ્તીર્ણ રાજ્ય મેળવ્યું એ માટે આશ્ચર્યચકિત થઈ અંગ્રેજ ગ્રંથકાર દેશબંધુઓનાં ગીત ગાવામાં મશગુલ થાય છે, પણ આ પરાક્રમનું ખરૂં શ્રેય કોઇને પણ જો આપવાનું હોય તો તે ડુપ્લેનેજ આપવું જોઈએ. પોતાની વિલક્ષણ કલ્પના પ્રમાણે પ્રથમ ડુપ્લેએ પ્રત્યક્ષ અમલ કરી બતાવ્યો હતો, અને તેણે દર્શાવેલો માર્ગ સુધારી અંગ્રેજોએ ઉત્કર્ષ કર્યો હતો. મૂળ કલ્પના ડુપ્લેની હતી, એ કામની શરૂઆત તેણેજ કરી હતી, અને પહેલો વિજય પણ તેણેજ મેળવ્યો હતો, એ વાત સર્વે વિચારવંત અંગ્રેજો પણ કબૂલ કરે છે. આવું મહાન કાર્ય ઉપાડવાની ફ્રેન્ચ રાજ્યની યોગ્યતા તે સમયે નહોતી. તે વખતના ફ્રેન્ચ રાજ્યકર્તા અદૂરદર્શી, બ્હીકણ તથા વ્યસની હતા; સદ્વર્તન, ધર્મિષ્ટપણું, સત્ય ઇત્યાદી મહાન ગુણોની ત્યાં અવગણના થતી. એથીજ ડુપ્લેની યોજના પડી ભાંગી, અને તેજ અંગ્રેજોએ ઉપાડી લઈ પાર પાડી, એ આગળ આવતી હકીકત ઉપરથી સહજ જણાઈ આવશે.

૪. ગોદ્હ્યુ અને ડિલેરી (સને ૧૭૫૪–૧૭૫૮).—આટલી નામોશી થતાં પણ ડુપ્લેએ પોતાના મત પ્રમાણેની સઘળી વ્યવસ્થા કાગળ ઉપર

ટપકાવી ગોદેહને હવાલે કરી હતી, અને ફ્રેન્ચ સત્તા કાયમ બેસાડવા માટે કર્નાટકમાં તેમજ બીજે ઠેકાણે કેવી યોજના કરવી જોઈએ, તે સર્વ સ્પષ્ટ જણાવ્યું હતું વળી અંગ્રેજોની મદદે એડમિરલ વૉટસનની સરદારી હેઠળ એક મોટી ફોજ આવી પહોંચે તે અગાઉ કર્નાટકનો બંદોબસ્ત પુરો કરવા માટે ડુપ્લેએ આગ્રહપૂર્વક ગોદેહને સૂચના કરી હતી તેણે એમાંનું કંઈ પણ નહીં કરતાં, માત્ર અંગ્રેજ ગવર્નર સૉંડર્સ સાથે તહનામાના સંદેશા ચાલુ કર્યા ડુપ્લેના જવાથી અંગ્રેજોને અતિશય સંતોષ થયો હતો, અને તેમણે દેશીઓનાં મન ફ્રેન્ચ લોકોની નાલેશીથી ભરવા માંડ્યાં હતા. આથી ફ્રેન્ચ લોકોના અનુયાયીઓ શરમીંદા પડી ગયા સલાબતજંગનો વિશ્વાસ ખુસી ઉપરથી ઉઠવા લાગ્યો મુરારરાવ ઘોરપડે તથા મ્હૈસુરનો રાજા ફ્રેન્ચનો પક્ષ છોડવા તૈયાર થયા જુદા જુદા ઠેકાણાના ફ્રેન્ચ અધિકારીઓને પોતાના કામો કરવામાં અડચણ જણાવવા લાગી, અને ભવિષ્યમાં શું કરવું તે બાબત તેઓ વિચાર કરવા લાગ્યા ટ્રીચીનાપોલી આગળ યુદ્ધ ચાલતું હતું, પણ ત્યાં મદદ મોકલવાની ગોદેહએ કંઈ તજવીજ કરી નહીં ત્યારે અંગ્રેજોએ તે શેહેર સંપૂર્ણ રીતે કબજે કર્યું અને ત્યાંની યોગ્ય વ્યવસ્થા કરી ગમે તે રીતે તહ કરવાનો અને ડુપ્લેએ ઉપાડેલા સઘળા કામો ઉલટાવી નાખવાનોજ ગોદેહનો ઉદ્દેશ હતો આ વાતથી સૉંડર્સ માહિત હોવાથી તેણે પોતાના સંસ્થાનનો સઘળી રીતે ફાયદો મેળવી લીધો સને ૧૭૫૪ના અક્ટોબર માસમાં કોલકરાર માટે સંદેશા ચાલુ થતાં બે મહિનામાં હેઠળ પ્રમાણેની સરતો નક્કી થઈ— અંગ્રેજ તથા ફ્રેન્ચ કંપનીઓએ દેશી રજવાડામાંથી મેળવેલો માનમરતબો છોડી દેવો, હવે પછી તેમના માંહોમાંહેના કલહમાં બીલકુલ દખલ કરવી નહીં, મદ્રાસ, ફોર્ટ સેન્ટ ડેવિડ અને દેવીકોટા અંગ્રેજો પાસે રહે, અને પોન્ડીચેરી તથા નિઝામપટ્ટણ ફ્રેન્ચના કબજામાં રહે, ઉત્તર સરકારનો પ્રાંત બન્ને સંસ્થાએ સરખે હીસ્સે વહેંચી લેવો. આ ઉપરાંત કોલકરારમાં પુષ્કળ કલમો હતી, પણ મહમદઅલીની બાબતમાં કંઈ પણ ઉલ્લેખ નહોતો *આનો અર્થ એજ થયો કે મહમદઅલીને વિના તકરારે કર્નાટકનો કબજો* મળી ગયો, ડુપ્લેનો શ્રમ ફોગટ જતાં અંગ્રેજોનો ઉત્કર્ષ થયો, અને

ઉત્તર સરકાર પ્રાંત ફ્રેન્ચ લોકોના હાથમાંથી છટકાવવાનું સુલભ થયું. ફ્રેન્ચ સત્તાને આના કરતાં વધારે લાંછન લાગવાનું બાકી રહ્યું નહોતું. દેશીઓનાં મનમાં તેમને વિષે જે પૂજ્યભાવ તથા ધાસ્તી હતાં તે સઘળાં ક્ષણવાર નાશ પામ્યાં. આવે વખતે અંગ્રેજ ગવર્નર સૉંડર્સ પણ મહાન યુક્તિ બાજ મુત્સદ્દી નિવડવાથી અંગ્રેજોને સર્વોપરી થતાં વિલંબ લાગ્યો નહી. તેણે ગોદેહૂને થોડાજ વખતમાં ખોખરો કરવાથી બીજી કંઈ વ્યવસ્થા કરવાને આ દેશમાં તે ઘણા દિવસ રહ્યો નહી. સુમારે ૭ મહિનાના વહિવટ પછી સને ૧૭૫૫ ના ફેબ્રુઆરીમાં તે ફ્રાન્સ પાછો ફર્યો, અને મૅા. ડિલેરી (M. Duval de Leyrit) ની તેની જગ્યાએ નિમણુંક થઈ. ગોદેહૂના જવાથી સઘળી ફ્રેન્ચ પ્રજાને સંતોષ ઉપજ્યો કેમકે ફરીથી થોડા વખત ડુપ્લે હિંદુસ્તાન પાછા આવે છે એવી ખબર આવી હતી.

પોન્ડીચેરી આવવા અગાઉ ડિલેરી માહીમાં હોવાથી ડુપ્લેનું કામ તેની નજર બહાર નહોતું. સને ૧૭૪૧ થી ચંદ્રનગરનો કારભાર તેના હાથમાં હતો. તેને વેપારની માહિતી સારી હતી, પણ તેનામાં હિમત અને દૃઢ નિશ્ચય ન હોવાથી તેનો વહિવટ ફ્રેન્ચ રાજ્યને કંઈ ફાયદેમંદ નિવડ્યો નહીં. તહનામાં ઉપર સહી થતાં અંગ્રેજોએ પ્રત્યેક કલમ તોડવાનો આરંભ કર્યો. તેઓએ મહમદઅલ્લીને મદદ મોકલી, અને દેશી રાજાઓના કારભારમાં માથું મારી મરજીમાં આવે તેમ ગડબડાટ કરવા માંડી. તેમને અટકાવનાર કોઈ રહ્યું નહોતું; ફ્રેન્ચ લોકોની શાબ્દિક સૂચના પ્રત્યે લક્ષ આપવાનું કારણ નહોતું, કારણ તેમનામાંથી કોલકરારો અમલમાં મુકાવવાની શકિત અદ્રશ્ય થઈ ગઇ હતી. દેશીઓની તકરારમાં વચ્ચે નહી પડવાની કલમ નિરૂપયોગી થઇ હતી, કેમકે બન્ને પ્રજાના હાથ અહીંના વ્યવહારમાં એટલા બધા અકડાઈ ગયા હતા કે તે ખેંચી કહાડવા તેમને માટે અશક્ય હતું, એમ છતાં ગોદેહૂએ કરેલુ મૂર્ખપણું ડિલેરી તરતજ સમજી ગયો હતો, એટલે તહનામું મંજુરી માટે યુરોપ મોકલ્યું હતું તેનો જવાબ શું આવે છે તેની રાહ જોતો કેટલોક વખત તે સ્વસ્થ રહ્યો; છતાં ઉત્તર તરફ તેને લશ્કર મોકલવું પડ્યું. વળી નિઝામના દરબારમાં બુસીનો લાગવગ સારો જામેલો હતો તે

અંગ્રેજોને યોગ્ય લાગ્યું નહીં. સને ૧૭૫૫ ના અકટોબરમાં ક્લાઈવ ઈંગ્લંડથી મુંબઈ આવી પહોંચ્યો, અને તેણે પશ્ચિમ કિનારા ઉપરનો આંગ્રેનો વિજયદુર્ગનો કિલ્લો પેશ્વાની મદદથી સર કર્યો. અહીંઆં અંગ્રેજોને પુષ્કળ નાણું તેમજ પશ્ચિમ કિનારા ઉપર એક આશ્રય લેવાની જગ્યા મળી. ( સને ૧૭૫૬ ). આ કામ પૂર્ણ થતાં ક્લાઈવ અને વૉટસન ફ્રેન્ચ સંસ્થાનની ખબર લેવા મદ્રાસ આવ્યા એટલામાં કલકત્તાની અંધારી કોટડીમાં અંગ્રેજો ઉપર વર્તેલા જુલમની બાતમી આવતાં, હતી તેટલી સઘળી ફોજ તથા કાફલો લઈ એ બેઉ જણા એક ખુશ્કી માર્ગે તથા બીજો દરિયા માર્ગે, કલકત્તા તરફ ઉપડ્યા.

સને ૧૭૫૬ ના મે મહિનામાં યુરોપમાં ઈંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે શરૂ થયલાની 'સાત વર્ષના વિગ્રહ' ( Seven years' war ) ને પરિણામે ઈંગ્લંડનો ભારે ઉત્કર્ષ થયો, અને ફ્રાન્સ અધમ અવસ્થાએ જઈ પડ્યું. એવુંજ પરિણામ હિંદુસ્તાનમાં પણ આવ્યા વિના રહ્યું નહીં. યુરોપમાં લડાઈ જાગવાની બાતમી આ દેશમાં મળતાં ફ્રાન્સનું સર્વોપરીપણું પાછું મેળવવા ડિલેરીએ મોટો પ્રયત્ન ઉપાડ્યો. અગાઉના અનુભવવાળો ડોટિલ પોન્ડીચેરી હતો તેને તેણે લશ્કરનો ઉપરી બનાવ્યો; પણ તે સઘળી તરફથી નાસીપાસ થયલો હોવાથી તેનામાં ઉત્સાહ અને તાકાત બીલકુલ રહ્યાં નહોતાં. તકરારનું મૂળ ટ્રીચીનાપોલી હોવાથી ફ્રેન્ચ ફોજ સને ૧૭૫૭ ના મે મહિનામાં ત્યાં આગળ આવી. અંગ્રેજોનો સરદાર કૅલિઍાડ ( Calliand ) ડોટિલને ફસાવી ટ્રીચીનાપોલીની મદદે નીકળી જવાથી ડોટિલને હાર ખાઈ પોન્ડીચેરી પાછા ફરવાની જરૂર પડી. એ પછી સોબિને ( M. Saubinet ) ની સરદારી હેઠળ ફ્રેન્ચ લશ્કર કર્નાટકમાં દાખલ થયું, અને અનેક ઠેકાણાં હસ્તગત કરી વારંવાર અંગ્રેજોનો પરાભવ કર્યો. આ પ્રમાણે કર્નાટકમાં યુદ્ધ ચાલતું હતું તેવામાં ફ્રાન્સથી કાઉન્ટ લાલી ( Count Lally ) ના હાથ નીચે એક મોટો કાફલો સને ૧૭૫૮ ના એપ્રિલ માસમાં ફ્રેન્ચ સત્તા ફરીથી આ દેશમાં સ્થાપન કરી અંગ્રેજોને હાંકી કહાડવા માટે પોન્ડીચેરી આવ્યો. એ વખતે આર્કટ, વેલોર, કૉંજીવરમ,

ચિંગલપટ અને વૅાંડીવાશ ફ્રેન્ચના તાબામાં હતાં, અને અંગ્રેજો મદ્રાસ અને ટ્રીચીનાપોલીમાં ઘેરાઇ ગયા હતા.

**૫. ડુપ્લેના કારભાર ઉપર વિવેચન.**—ગોદેહૂએ મુર્ખાઈ ભરેલા કોલકરાર કરવાથી હિંદુસ્તાનમાં ફ્રેન્ચ સત્તાની અવદશા થઈ, અને ડુપ્લેએ ઠરાવી આપેલી પદ્ધતિ છોડી દેવામાં ફ્રેન્ચ સરકારે પોતાનું બ્હીકણપણું તથા ટુંકી દૃષ્ટિ પ્રદર્શિત કર્યાં, એવી સામાન્ય સમજ હોવાથી, હમણાના કેટલાક ફ્રેન્ચ લેખકો એમ પ્રતિપાદન કરે છે કે, યશ મેળવવાના ઘણા બારીક પ્રસંગે ફ્રેન્ચ સરકારે ડુપ્લેના પ્રચંડ ઉદ્યોગને તરછોડી કહાડ્યો, તેના જેવા વિચારવંત, સાહસિક તથા સ્વરાજ્ય હિતચિંતક પુરૂષને અડચણને વખતે ફસાવ્યો, અને ખરૂં જોતાં તેને તોડી પાડી અંગ્રેજોએ હિંદુસ્તાનમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. હિંદુસ્તાનના ઇતિહાસકાર જેમ્સ મીલનું કહેવું એવું છે કે, 'લશ્કરી કવાયત શીખેલા યુરોપિયનો આગળ દેશી લશ્કર ટકી શકવાનું નહોતું, અને આ લશ્કરી કવાયત અહીંના લોકોને સહજ શીખવી શકાશે એ બે મહત્વની શોધ ફ્રેન્ચ લોકોએ કરી હતી.' બીજા ગ્રંથકારોએ મીલના વિચારનો અનુવાદ કર્યો છે, અને ફ્રેન્ચ સરકારે બતાવેલી બેદરકારી વગેરે ડુપ્લેના અપયશનાં કારણો હોય તેમ વર્ણન કર્યું છે. ડુપ્લે વિચારશીલ, દૂરદૃષ્ટિ તેમજ સાહસિક હતો એમાં સંશય નથી, પણ તેના હાથ હેઠળ બુસી સિવાય બીજો કોઈ પણ લાયક પુરૂષ હતો નહીં. અંગ્રેજો પાસે તે સમયે બુસીની બરોબરી કરી શકે તેવા કલાઇવ અને લૉરેન્સ હતા. પણ બુસી પોતાનો માનમરતબો તથા સંપત્તિ વધારવામાં ગુંથાયલો હોવાથી, ડુપ્લે તથા લાલીએ ચલાવેલા રાષ્ટ્રીય ઝગડામાં તેનું ચિત્ત નહોતું. લશ્કરી કવાયત શીખવી તૈયાર કરેલી દેશી ફોજ પ્રથમ ડુપ્લેએજ ઉપયોગમાં લીધી હતી, કિનારો છોડી દેશના માંહેલા ભાગમાં પ્રથમ તેણેજ લશ્કર રવાના કર્યું હતું, અને મોગલ બાદશાહીની પડતીની વાત પાશ્ચાત્ય પ્રજાને તેણેજ જાહેર કરી હતી. આ સઘળું ખરૂં હોય તોપણ, અમુક અમુક વિષયોમાં નવી શોધો ડુપ્લેએ કરેલી એમ જ્યારે કહેવામાં આવે છે, ત્યારે અહીંની યુદ્ધ પદ્ધતિની અને

રાજકીય પરિસ્થિતિની કલ્પના તે લેખકને નહોતી એમ કહેવું પડે છે પાશ્ચાત્ય પ્રજાની લશ્કરી કવાયત સામાન્ય રીતે પૂર્વમાં અગાઉ કદી દાખલ થઈ નહોતી હિંદુસ્તાનની સ્રષ્ટ સ્થિતિ ભિન્ન પ્રકારની હોવાથી, એશિયા ખંડના બીજા દેશો કરતા આ દેશ પરદેશી હુમલાને માટે વધારે સગવડ ભર્યો હતો પ્રાચીનકાળમા દેશ સરક્ષણનું કામ ક્ષત્રિઓના હાથમા હતું પરતુ અર્વાચીન કાળમા જોઈએ તો મધ્યએશિયામાથી જ્યારે જ્યારે દુશ્મનોના મોટા મોટાં ઝુંડ આ દેશ ઉપર ઉતરી આવ્યા ત્યારે ત્યારે તેમનો પ્રતિકાર દેશી ફોજથી થયો નહીં એમ ઈતિહાસ સાક્ષી પુરે છે પ્રત્યેક રાજા પાસે લશ્કર હતું ખરૂ પણ તે માત્ર ભાડુતી હતુ, અને તેને રાષ્ટ્રનું કે દેશનું અભિમાન બીલકુલ નહોતું ઔરગઝેબનું લશ્કર હિંદુસ્તાનના પ્રમાણમા સારી રીતે તૈયાર થયલુ હતું, પરતુ તેજ વેળા (સને ૧૭૦૨–૧૨) યુરોપમા ચાલેના 'સ્પૅનિશ વારસા'ના વિગ્રહમાના એકાદ ફ્રેન્ચ સેનાપતીએ એ આખા લશ્કરનો ક્ષણ માત્રમા ફડચો ઉડાવી દીધો હોત આ દેશના સેનાધિપતિઓએ યુરોપિયન કવાયત જોઈ નહોતી, અને એ જોવાનો પ્રસગ ડુપ્લેના સમય અગાઉ હિંદુસ્તાનમા આવ્યો નહોતો, એટલે કોઈ પણ યુરોપિયન સેનાપતિને દેશી લશ્કરની આ ખામી તરતજ જણાઈ આવે એ સ્વાભાવિક છે મોગલોના લશ્કરમા થોડા ઘણા યુરોપિયનો સેનાનાયક તરીકે હમેશા રહેતા, પરતુ તેમણે પોતાની ફોજ યુરોપિયન પદ્ધતિ ઉપર તૈયાર કરવી એવી કોઇ પણ યોજના મોગલ બાદશાહે કરી નહીં ડુપ્લેએ ઉપાડેલા સગ્રામ જોયા પછી આ દેશમાના ઘણાખરા સત્તાધીશોને કવાયતનું મહત્વ જણાયુ, અને યુરોપિયન લોકોને નોકરીમા રાખી તેમની મારફતે પોતના લશ્કરને કવાયત શીખવવાની તેમણે શરૂઆત કરી આ ઉપરથી નવીન શોધ કરવાનું માન જો કોઈને પણ આપવાનુ હોય તો તે દેશીઓનેજ આપવુ જોઈએ યુરોપિયનોને એ બાબત અગાઉથી ખબર હોવાથી ડુપ્લેએ નવી શોધ કરી એવુ કહી શકાતું નથી

ખરો મહત્વનો પ્રશ્ન એજ હતો કે ડુપ્લે જેવા સ્વદેશાભિમાની અને અક્કલવાન પુરૂષને કેમ યશ મળ્યો નહીં ફ્રેન્ચ સરકારે તેમજ તાબાના

માણસોએ ડુપ્લેને બરાબર સહાય કરી હોત તો હિંદુસ્તાનમાં અંગ્રેજોનું રાજ્ય ન થતાં ફ્રેન્ચ રાજ્ય સ્થપાયું હોત એવું જેઓ પ્રતિપાદન કરે છે તેઓને તત્કાલીન ઐતિહાસિક પરિસ્થિતિની સંપૂર્ણ માહિતી નહોતી એમ લાગે છે. મહત્વના રાજદ્વારી ફેરફારો એક નજીવી લડાઇનાં પરિણામ ઉપર, કટોકટીને પ્રસંગે થયલી એકાદ ભૂલ ઉપર, અથવા આકસ્મિક કારણો ઉપર અવલંબી રહે છે એમ કહેવું ઐતિહાસિક દષ્ટિની અવગણના કરવા બરાબર છે. મહાન માધવરાવ પેશ્વાનું અકાળ મરણ, નારાયણરાવ પેશ્વાનું ખુન અથવા નાના ફડનવિસના મૃત્યુ ઇત્યાદી કારણને લીધે મરાઠાઓનું રાજ્ય લય પામ્યું, કિંવા કોઈએક કારણને લીધે પાણીપતના મેદાન ઉપર મરાઠાઓનો પરાજય થયો, એ કહેવું દેશના ઇતિહાસનું સશાસ્ત્ર અધ્યયન કરનારને ખરૂં લાગશે નહીં. ડુપ્લેની યોજના પાર કેમ પડી નહીં એ સમજવા માટે ફ્રાન્સ તથા ઈંગ્લંડની તે વખતની પરિસ્થિતિનું બરાબર અવલોકન કરવું જોઈએ. ફ્રેન્ચ સરકારે ડુપ્લેને પાછો બોલાવી લેવાથીજ આ દેશમાંની તેમની સત્તાની પડતી આવી અને તેથીજ અંગ્રેજો સર્વોપરી થયા એ કહેવું પણ ખરૂં નથી.

કર્નાટકના બીજા વિગ્રહનું કંઈ જાણવા જોગ પરિણામ આવ્યું નહીં. ડુપ્લે અવારનવાર ફત્તેહમંદ થયો તેનું કારણ એજ હતું કે અંગ્રેજ અને ફ્રેન્ચ વચ્ચે લડાઈ જાહેર ન થયલી હોવાથી તે પોતાને સગવડ પડતી જગ્યાએ સંગ્રામ ચલાવતો હતો. બન્ને પ્રજા વચ્ચે ખુલ્લું યુદ્ધ ચાલતું હોત તો અંગ્રેજ કાફલાએ ફ્રેન્ચ લોકોનો તરતજ નાશ કર્યો હોત. એવીજ કંઈ દશા લાલીને ભોગવવી પડી હતી. ડુપ્લેની બાજી ફસાઈ ગઈ તેનું કારણ તેની આ કામ માટેની હોંશીઆરી ઓછી હતી એમ નહોતું, પરંતુ ઇંગ્લંડના પ્રમાણમાં ફ્રાન્સની એકંદર શક્તિ તે વેળા ઘણી કમી હતી તે હતું. વેપારની સવળતા માટે દેશી અધિકારીઓની મરજી ઉપર અવલંબી રહેવું યોગ્ય ન જણાયાથી દેશીઓને હરાવી કહાડી આપણે આપણું રાજ્ય સ્થાપવું જોઇએ અને ત્યારેજ આપણો વેપાર બરાબર ચાલે એમ ડુપ્લે માનતો હતો; અને જો અંગ્રેજો આડે આવ્યા ન હોત તો કદાચિત એ વિચાર ફળીભૂત થાત. હિંદુસ્તાનના

લોકોની માફક વર્તી તેમના ઠાઠમાઠ તથા એશઆરામ ડુપ્લેએ સ્વીકાર્યા, અને એવા ઠાઠમાઠથી દેશીઓને આપણે દબાવી શકીશું, અને બીજા નવાબો-ની માફક આપણે પણ એક નવાબ બની જઈશું, એ ડુપ્લેની માત્ર ભ્રમણા હતી, અને તેજ તેની મોટી રાજકીય ભૂલ હતી. ડુપ્લેને કર્ના-ટકની નવાબગિરી મળેલી જોઈ અંગ્રેજો કદી શાંત બેસતે નહી અને ઈગ્લંડના કાફલાનો સંપૂર્ણ નાશ થયા વિના અંગ્રેજોનો પગ હિંદુસ્તાનમાંથી કદી નીકળી શકતે નહીં. લૉરેન્સે પણ ડુપ્લે માટે એવોજ અભિપ્રાય દર્શાવ્યો છે. 'ડુપ્લે હિંદુસ્તાનમાં છે ત્યાં સુધી તહ થવી શકય નથી. આટલી બધી એકસરખી હારથી ગમે તેની આંખ ઉઘડે પણ ડુપ્લેને કંઈ અસર થઈ નહીં. પોતાને તે કર્નાટકનો રાજા માને છે, અને પોતાનાં અભિમાન આગળ બીજાની તે પરવા રાખતો નથી.' લૉરેન્સ ડુપ્લેનો પ્રતિપક્ષી હતો તોપણ તેના કહેવામાં ઘણી સચ્ચાઇ છે.

આ બે પ્રજાના ઝગડાનું જે આખર પરિણામ આવ્યું તે ફેરવવાને ડુપ્લેનામાં સામર્થ્ય નહોતું. ઈગ્લંડ વિરૂદ્ધ જે જે વિચારો પાર પાડવા તેણે મનસુબો કર્યો હતો, તે સઘળા વિચારોનું નિર્મૂળ કહાડવા અંગ્રેજોએ તેની વિરૂદ્ધ મથન કર્યું. આ સઘળું ખરૂં છે છતાં આ નાના પણ તીવ્ર ઝગડામાં ડુપ્લે સર્વાંશે મુખ્ય હતો એમાં સંશય નથી. હિંદુસ્તાનમાં પોતાનું રાજ્ય સ્થાપન કરી શકાશે એવી અજમાયશ એની અગાઉ કેટલાકોએ કરી હતી. સને ૧૭૫૪ માં અંગ્રેજ અને ફ્રેન્ચ વચ્ચે કોલકરાર થયા તે વેળા લશ્કરી બાબતમાં એઉની સ્થિતિ સરખી હતી. પરંતુ ફ્રેન્ચના તાબામાં વધારે મુલક હોવાથી દેશી દરબારમાં તેમનું વજન વધારે હતું. એમ છતાં ફ્રેન્ચ તેમની સત્તા આ દેશમાંથી નિર્મૂળ થવા માટે તેને દોષ દેવાને કારણ નથી. ડુપ્લેના ચાર વર્ષના જબરદસ્ત ઉદ્યોગથી ફ્રેન્ચ લોકોને કંઈ પણ પ્રત્યક્ષ ફાયદો થયો નહોતો. ખર્ચ અઢળક વધી ગયો હતો, અને કર્જ પુષ્કળ થયું હતું. અંગ્રેજોનું અભિમાન ઉતર્યું હતું તોપણ તેમનો બહુધા જેવો પરાજય થયો નહોતો. તેમની સાંપત્તિક સ્થિતિ સારી હતી. ડુપ્લેને હિંદુસ્તાનમાંથી બોલાવી લેવા માટે યુરોપમાં અંગ્રેજ સરકાર તરફથી ફ્રાન્સ

ઉપર તગાદો થતો હતો અગ્રેજોનો આ દેશમાંનો સઘળો વેપાર ડુબવાનો પ્રસગ આવતા બે કપનીના ઝગડામા આખુ ઇગ્લંડ તરતજ સામીલ થશે, અને ફ્રેન્ચ આરમાર નિ શક્ત થયલુ હોવાથી, અગ્રેજ કાફલો સહજમા તેનો નાશ કરશે એ વાત ફ્રેન્ચ સરકાર સમજતી હતી આથી ડુપ્લેને પાછો બોલાવવાની અને કર્નાટકનુ નવાબપદ મહમદઅલીને આપવાની અતિ નુકસાનકારક બાબતો કબૂલ કરી ફ્રેન્ચ સરકારે તહનામુ કર્યું, અને આવી પડેલા મુશ્કેલ પ્રસગમાથી કળે કરી પોતાના હાથ ખેંચી લીધા આ સઘળી હકીકત ધ્યાનમાં લેતા ડુપ્લેના ફસી પડવાનો આરોપ ફ્રેન્ચ સરકાર ઉપર નાખી શકાશે નહીં

આ સિવાય ફ્રેન્ચ સરકારને નાણાની ભારે ભીડ હતી અનેક યુક્તિ કરી ગમે તેમ તે પોતાનો નિભાવ કરતી હતી, તેવામાં હિંદુસ્તાનમા યુદ્ધ ચલાવતી કપનીને પૈસા પુરા પાડવાનુ સાધન તેની પાસે નહોતુ એની આર ઘણી ધગી ગઈ હતી, અને એણે જો દેવાળુ કહાડયુ હોત તો સરકારને ભારે ધક્કો લાગતે રાજ્યસત્તા હાથમા આવ્યા સિવાય વેપાર ચલાવી શકાવવાનો નથી એ ડુપ્લેનો વિચાર જો કે નિ સશય ખરો હતો, તોપણ તે આ સમયે ફ્રાન્સ અને ઇગ્લડમા લોકમાન્ય થયો નહોતો વેપારી કપનીએ વેપારજ કરવો અને તેણે રાજ્ય મેળવવાનો લોભ કરવો નહીં એવો મત તે વેળાના નામાંકિત ફ્રેન્ચ મુત્સદ્દીઓનો હોવાથી તેઓ એકસરખી રીતે તે ડુપ્લેના મન ઉપર ઠસાવતા હતા આ અભિપ્રાય સર્વમાન્ય થતા ડુપ્લેનો મુદ્દો ફ્રેન્ચ સરકારે સ્વીકાર્યો નહી તેમણે એને પાછો બોલાવ્યો ન હોત તોપણ આ ઝગડાનું આખર પરિણામ ઘણુ જુદુ આવત નહીં રાજ્યની ઇમારત આટલી નબળી ભીંત ઉપર ખડી કરી શકાતી નથી. થોડાક ભાડુતી સિપાઇઓ ઉપર અથવા દેશી રાજાઓની નિષ્ઠા ઉપર ઘણો ભરોસો રાખી શકાય નહીં એ વાત, હમણાની માફક, તે વેળા પણ નિર્વિવાદ હતી, અને તેથીજ ડુપ્લેનો મનોરથ નિષ્ફળ થયો તેમા કઈ આશ્ચર્ય નથી એનો હેતુ પાર પાડવા માટે ફ્રેન્ચ કાફલો મજબૂત હોવા ઉપરાત ઠેઠ યુરોપ સુધી તેનો સચાર

અબાધિત હોવો જોઈએ. સને ૧૭૪૮ માં ફ્રેન્ચ કાફલાનો નાશ થઈ ગયો હતો, અને સને ૧૭૫૫ માં અંગ્રેજ ફ્રેન્ચ કાફલાની તુલના કરી જોતાં માલમ પડશે કે અંગ્રેજ આરમાર એ બેમાં વધારે મજબૂત હતો. હિંદુસ્તાનમાં કઈ પ્રજાનું રાજ્ય કાયમ થશે એ પ્રશ્નની મૂળ કુચી આરમારની શક્તિમાં હતી. એ શક્તિ અજમાવી જોવા ફ્રેન્ચ સરકારે કંઈ ઓછા પછાડા માર્યા નહોતા. સને ૧૭૫૬ માં અંગ્રેજ ફ્રેન્ચ વચ્ચે જે યુદ્ધ સર્વ પૃથ્વી ઉપર શરૂ થયું, તેમાં બન્ને પ્રજાએ બને તેટલી મહેનત કરી પોતપોતાના કાફલાની શક્તિ અજમાવી જોઈ. એ યુદ્ધમાં ફ્રેન્ચ આરમારના થયલા નાશમાંથી ફ્રેન્ચ રાજ્ય હજી પણ બહાર નીકળી શકયું નથી. સારાંશમાં, ડુપ્લેને પાછો બોલાવવાથી નહીં પણ ફ્રેન્ચ આરમારમાં અંગ્રેજો સામે ટકર ઝીલવાનું સામર્થ્ય નહોવાથી હિંદુસ્તાનમાં ફ્રેન્ચ રાજ્ય સ્થાપન થયું નહીં.*

યુરોપમાં ફ્રેન્ચ કાફલાનો નાશ થતાં પણ ડુપ્લેનો અહીંનો ઉપક્રમ સિદ્ધ થયો હોત કે નહીં એ એક અન્ય દૃષ્ટિથી જોતાં વિચારવા યોગ્ય પ્રશ્ન છે. અરાઢમા સૈકામાં દક્ષિણના નિઝામ અગર અયોધ્યાના વઝીરની માફક, પરદેશના સાહસિક પુરૂષો હિંદુસ્તાનમાં આવી રાજ્ય મેળવતા હતા તેમ ડુપ્લેએ સ્થાપેલું સંસ્થાન એક વખત મજબુત થતાં, આરંભમાં ફ્રેન્ચ રાષ્ટ્ર તરફથી તેને મદદ નહીં મળતે તોપણ તે અહીં રાજ્ય સ્થાપી શકતે; અને એકવાર ડુપ્લેનો પગ ઠામ થતાં ફ્રેન્ચ સરકારે તેને ટેકો આપ્યો હોત, એવો એક સંભવનીય મુદ્દો લાયલના વિવેચન વિરૂદ્ધ ઉભો કરવા જેવો છે. એ બાબત જીજ્ઞાસુના વધુ વિવેચન માટે છોડી દેવી ઈષ્ટ છે.

* Lyall's British Dominion in India.

# પ્રકરણ ૧૯ મું.

## કર્નાટકમાં ત્રીજું યુદ્ધ.

### સને ૧૭૫૬–૬૩

૧. વિજયદુર્ગ કિલ્લાનું સર થવું ૨ બુસી, નિઝામ અને ઉત્તર સરકાર પ્રાંત
૩ કાઉન્ટ લાલીનું આગમન અને તેની અડચણો ૪ લાલી અને અંગ્રેજો વચ્ચેનો સગ્રામ
૫ લાલીના અપયશનું અવલોકન ૬ ફ્રેન્ચની પડતી ઉપર વિવેચન

**૧. વિજયદુર્ગ કિલ્લાનું સર થવું (સને ૧૭૫૬)**—સતારામાં શાહુ મહારાજ ગાદીએ આવ્યો ત્યારથી રાજ્યમાં બે પક્ષ પડી ગયા હતા; એક શાહુનો અને બીજો તારા બાઇનો ઘણાખરા મરાઠા સરદારો આ બે પક્ષમાંના ગમે તે એકમાં જોડાઈ ગયા હતા શાહુને મુખ્ય આધાર પેશ્વાનો હતો, તેમ તારાબાઇને મુખ્ય ટેકો આંગ્રેનો હતો, અને તેથીજ પેશ્વા અને આંગ્રે વચ્ચે સુમારે પચાસ વર્ષ સુધી એક સરખો વેરભાવ ચાલ્યો હતો શાહુના મરણબાદ રાજ્યની સર્વ સત્તા પેશ્વાના હાથમાં જવાથી તારાબાઇના પક્ષને વધારે ઝનુન ચડયું આ પક્ષને એકવાર તોડવાથી, મહારાષ્ટ્રમાં પોતાનો પાયો મજબુત થતાં હિંદુસ્તાનમાં રાજ્ય વિસ્તારવાનો મનોરથ ફળીભૂત કરવાનું ઠીકફાવશે એમ પેશ્વાને લાગવાથી તેણે આંગ્રેનો પરાજય કરવા સારુ સને ૧૭૫૬ માં એક લશ્કર રવાના કર્યું ખરૂં જોતાં આંગ્રે મરાઠી આરમારનો મુખ્ય અધિકારી હતો અને દરીઆવર્દી ખાતામાં તેનું માન વિશેષ હતું આરમોના કાફલાનો પોર્ટુગીઝ લોકોએ નાશ કર્યા પછી, હિંદુસ્તાનમાં કાફલાની સત્તા કાયમ રાખવા માટે જો કોઇ પણ શૂર વીર પુરૂષો બહાર પડ્યા હોય તો તે આ આંગ્રેજ હતા મરાઠી કાફલા ઉપર આંગ્રેની નિમણુક છત્રપતિ શિવાજીએ કરી હતી, અને મરાઠી રાજ્યમાં આગળ જતાં કુટુંબ કલેશ ઉત્પન્ન થયો ન હોત, અને મરાઠાઓએ પોતાના આરમારની શક્તિ અબાધિત રાખવાની તજવીજ કરી હોત, તો આંગ્રેની મારફત પાશ્ચાત્ય પ્રજાઓનો કદાચિત નખતમર અટકાવ થઇ શક્યો હોત

મોગલ બાદશાહની પડતીના કાળમા બીજાઓની પેઠે આંગ્રે પણ પોતાનુ રાજ્ય વિસ્તારી, પોતાના કુટુબીઓને માટે કાયમની ગજગાદી સ્થાપવાના કામમા રોકાયો હતો એ ખરૂ, પણ શિંદે, હોલકર, ધારપડે, ભોસલે વગેરે સરદારો હિંદુસ્તાનના નિરનિરાળા ભાગમા સ્વપરાક્રમને જોરે રાજ્યનો વિસ્તાર વધારી પોતપોતાના કુટુબની આબરૂ વધારતા હતા, ત્યારે આંગ્રેને પશ્ચિમ કિનારા ઉપર મુલક હસ્તગત કરવા અવકાશ મળે એ શક્ય નહોતુ તારા બાઈના પક્ષમાં દાખલ થવાથી તેને પેશ્વા તરફથી કઈ પણ મદદ મળતી નહોતી. કાફલાની યોગ્ય વ્યવસ્થા રાખવા માટે નાણું જોઇએ, અને તે આરમારને જોરે વેપાર કિંવા રાજ્ય વધાર્યા સિવાય મળે નહીં પરતુ વેપાર તરફ આંગ્રેનુ કઇ લક્ષ નહોતુ, બલ્કે વેપાર કરવા માટે તેનુ અસ્તિત્વજ નહોતુ પશ્ચિમ કિનારાના બંદોબસ્તનુ કામ તેની પાસે હતુ, અને તે યોગ્ય રીતે બર લાવવા માટે રાજ્ય વધારવાનું તેને માટે જરૂરનુ હતુ એમ છતાં એનો મુલક પુણા સતારાની નજદીક હોવાથી રાજ્યના વિસ્તાર માટે તેને અવકાશ નહોતો આ પ્રમાણે આંગ્રે પોતે બધાઇ ગયલો હતો તે પુરતુ ન હોય તેમ ગમે તે ઉપાય કરી તેનો અને તેની સાથે મરાઠાઓના દરીઆઇ બળનો નાશ કરવાની બુદ્ધિ પેશ્વાને સુઝી. આ કામમા અગ્રેજોની મદદ લેવાને પેશ્વાએ આનાકાની કરી નહીં મુબઇમા તેમની સત્તા સારી જામી હતી, પરતુ પેશ્વાના ધાકને લીધે મદ્રાસ અથવા બગાળાની માફક મુકરર થયલી હદની બહાર નીકળવાનુ તેમને સગવડ ભર્યું નહોતું પેશ્વાને ખુશ રાખી તેઓ પોતાનો બને તેટલો લાગ સાધી લેતા હતા સને ૧૭૫૦ મા મુબઇના ગવર્નર તરીકે આવેલા રીચર્ડ બુર્શિયરે (Richard Bourchir) પેશ્વાને લાડ લડાવી તેની જોડે ગાઢી મિત્રાચારી કરી હતી. પશ્ચિમ કિનારા ઉપર અગ્રેજોના સ્વતત્ર સચારમા આંગ્રે તરફથી પ્રતિબધ નડતો હોવાથી વચમાથી તેનો કાંટો નીકળે તો સમુળગો કહાડી નાખવાનો તેમણે અગ્રેજોએ ઘણો વખત થયા વિચાર કર્યો હતો અર્થાત્ આ બાબતમાં અગ્રેજોનો અને પેશ્વાનો ઉદ્દેશ એકજ હોવાથી પેશ્વાના કોકણના કારભારી રામાજી મહાદેવે ( બીવલકરનો પૂર્વજ ? ) રુબઈ જઈ આંગ્રેનો નાશ

કરવા માટે પેશ્વાની વતી અંગ્રેજો સાથે કોલકરાર કર્યા આંગ્રેના કિલ્લા વિજયદુર્ગ અને સુવર્ણદુર્ગ ઉભયપક્ષે જીત્યા પછી તે પેશ્વાને મળે, એનો નાશ થયા પછી પશ્ચિમ કિનારા ઉપર અંગ્રેજોની સત્તા રહે, લૂટ સઘળી પેશ્વાને મળે, અને બાણુકોટ, હિંમતગઢ અને નજીકના પાંચ ગામો હમેશ માટે અંગ્રેજોને મળે, એવા પ્રકારનો કરાર તેમની અને પેશ્વા વચ્ચે થયો (માર્ચ સને ૧૭૫૫). આ તહના મુખ્ય આશય અન્વયે પશ્ચિમ કિનારા ઉપર બંદોબસ્ત રાખવાનું કામ પેશ્વાએ અંગ્રેજોને સોંપ્યુ, પણ એથી તેણે પોતાની સ્વાતંત્રતાને કેટલું નુકસાન પહોંચાડ્યુ તેનો વિચાર વાચકોને આવશે.

આંગ્રેના તાબામાના અનેક કિલ્લાઓ પૈકી સુવર્ણદુર્ગ અને વિજયદુર્ગ વિશેષ મજબૂત અને પ્રસિદ્ધ હતા વિજયદુર્ગને મુસલમાનો ઘેરીઆ કરીને કહે છે સને ૧૭૫૫ ના માર્ચ મહિનાની ૨૨ મી તારીખે કૉમોડોર જેમ્સ ચાર નાના જહાજ લઈ મુંબઈથી નીકળ્યો, અને તેણે પંદર દિવસની અંદર સુવર્ણદુર્ગના કિલ્લાનો કબજો લીધો તેની સાથેની પેશ્વાની ફોજ મુલક જીતતી રત્નાગિરી લગી નીકળી ગઈ, પણ ચોમાસુ નજદીક હોવાથી વિજયદુર્ગ જીતવાનું કામ પડતુ મુકી કૉમોડોર જેમ્સ મુંબઈ પાછો ફર્યો, અને પેશ્વાની ફોજ પોતાને સ્થાને ગઈ વરસાદના દિવસોમા ઇંગ્લંડથી ઘણું મોટુ લશ્કર ઍડમિરલ વૉટસન અને કર્નલ ક્લાઇવની સરદારી હેઠળ મુંબઈ આવી પહોંચ્યું દક્ષિણમા નિઝામના દરબારમા ફ્રેન્ચ લાગવગ અતિશય વધ્યો હતો, અને બુસી ઘર કરી રહેતો હતો તેનો ધાક માત્ર નિઝામને નહીં પણ પેશ્વા સુદ્ધાંને લાગતો હતો, અને તેને ત્યાંથી કહડાવી મુકવા માટે પેશ્વાના હર પ્રયત્ન ચાલુ હતા અંગ્રેજોને પણ એજ જોઈતુ હતુ, અને બુસીને એક વખત દૂર કરવાથી કર્નાટકની માફક નિઝામના દરબારમાં પણ પોતાનો અમલ બેસશે એમ તેમને લાગતુ હતુ આ કામને માટેજ ઈંગ્લંડથી મોટી ફોજ આવી હતી, અને મહારાષ્ટ્રમાં જવા કાજે તે મુંબઈ ઉતરી હતી પણ અહીં આવી પહોંચતાં મદ્રાસમાં અંગ્રેજ અને ફ્રેન્ચ વચ્ચે તહ થયાની બાતમી ક્લાઇવને મળી, તેથી મુંબઈથી નિઝામના રાજ્ય તરફ જવાનો વિચાર તેને માંડી વાળવો પડ્યો.

હુકમ પ્રમાણે પાછો હૈદ્રાબાદ ગયો પણ ગોદેહૂની અનીતિ અને અપ લક્ષણનું પરિણામ નિઝામના દરબારમા જણાઈ જવાથી ફ્રેન્ચ લોકોના વચન ઉપરથી લોકોનો ભરોસો ઉઠી ગયો ખુદ નિઝામે બુસીને કહી સભળાવ્યુ હતુ કે 'કર્નાટકનો અધિકારી મહમદઅલી અગ્રેજોની સહાયથી સર્વોપરી થયો છે, અને ફ્રેન્ચનુ નામ જ્યા ત્યા ડુબે છે, આજલગી ફ્રેન્ચ લોકોએ મારા ઉપર અનેક ઉપકારો કર્યા છે તે મારી સ્મરણમા છે, પણ હવે પછી અમને મદદ કરવાને તેઓમા સામર્થ્ય અને ઇચ્છા બન્ને રહ્યા નથી ' બુસીએ નિઝામને પુષ્કળ સમજાવ્યો, પણ તેનુ કઈ મન માન્યુ નહી આ પછી નિઝામે મ્હૈસુર ઉપર કરેલી સ્વારીમા બુસીએ તેને સારી મદદ કરી, પણ ત્યાથી પાછા ફરતા વઝીર શાહનવાજખાને બુસી વિરુદ્ધ તોફાન ઉઠાવી તેને નિઝામની નોકરીમાંથી કમી કરાવ્યો બુસીને નિઝામ દરબારમાથી હાકી કહડાવવાની પેશ્વાની ખટપટ આ પ્રમાણે ફતેહમદ ઉતરતા બુસીને પોતાના સઘળા ફ્રેન્ચ માણસો સાથે રાજ્ય છોડી ચાલ્યા જવાનો લેખી હુકમ નિઝામે આપ્યો, અને મદ્રાસથી અગ્રેજોની મદદ માગવાનો પત્ર મોકલ્યો (સને ૧૭૫૬) આ ઉપરથી અગ્રેજ લશ્કર નિઝામની મદદે જવા ઉપડવાનુ હતુ, પણ કલકત્તામા અધારી કોટડીનુ તોફાન ઉઠવાથી તેને એકદમ તે તરફ જવુ પડયુ ઉપલા હુકમથી બુસી કઈ ડગ્યો નહીં બાલાજીરાવ પેશ્વા તેને નોકરીમા રાખવા તૈયાર હતો, પણ સુબેદારના હુકમનો અનાદર નહીં કરવાના વિચારથી તે હૈદ્રાબાદ ગયો અને 'ચાર મિનાર નામના બાગમા પડાવ નાખ્યો' તેની મદદે પોન્ડીચેરીથી મુખ્ય અમલદાર લૉની સરદારી હેઠળ લશ્કર આવતુ હતુ રસ્તામા અનેક સકટો ખમી દુશ્મનોની સામે થઇ હૈદ્રાબાદ આવી તે બુસીને મળ્યો એટલે તે જોર ઉપર આવ્યો, નિઝામે તેને પુન પોતાની નોકરીમા લીધો, અને સઘળો વ્યવહાર અગાઉની માફક ચલાવવા માડયો આ ભાજગડમા ગુમાવેલા બાર ૭ મહિના બુસીને મળ્યા હોત, અને પોન્ડીચેરીનો વહિવટ ડુપ્લે સરખા ચાલાક પુરૂષના હાથમા હોત, તો અગ્રેજોનો હિંદુસ્તાનમાથી સમૂળગો ઉચ્છેદ કરવાની ફ્રેન્ચ લોકોને સારી તક મળી હોત મદ્રાસનુ સઘળુ

લશ્કર કલકત્તે ગયું હતું, અને ત્યાં બંગાળાના નવાબે અંગ્રેજોનો ફડચો ઉડાવવાનો રંગ જમાવ્યો હતો.

સને ૧૭૫૬ માં નિઝામ દરબારમાં પોતાનો લાગવગ બરાબર બેસતાં બુસી થોડું લશ્કર લઈ ઉત્તર સરકાર પ્રાંતમાં ગયો, તો ત્યાં તેને નવાબ સુરાજ-ઉદ-દૌલાની મદદે જવા માટે આગ્રહપૂર્વક કહેણુ મળ્યું. એટલામાં ચંદનગર અંગ્રેજોને હાથ જવાની ખબર બુસીને મળી. તરતજ તેણે અંગ્રેજોના ઉત્તર સરકારના પ્રાંતમાંનું વિશાખાપટ્ટણનું ઘણું આબાદ થાણું હલ્લો કરી કબજે કર્યું ( સને ૧૭૫૭ ). પણ એ કામ પાર પડે તે પહેલાં નિઝામના દરબારમાં ઘોંટાળો ઉપસ્થિત થવાથી બુસીને ત્વરાથી ઔરંગાબાદ જવું પડયું. નિઝામ સલાબતજંગના બન્ને ભાઈ બસાલતજંગ અને નિઝામ-અલ્લી તથા દીવાન શાહ નવાઝખાન એ સઘળાએ એકત્ર થઈ નાના તરેહનાં કારસ્તાનો ઉપાડ્યાં, રાજ્યમાં બખેડા કર્યાં, અને મરાઠાઓની મદદ વડે ફ્રેન્ચ લોકોને હાંકી કહાડવા તજવીજ કરી. આથી સલાબતજંગે ગભરાઈ ઉઠી બુસીને પાછો બોલાવ્યો. એણે આવી બખેડો જડમૂળથી ઉખેડી નાખ્યો, અને દરબારમાં અગાઉના જેવી વ્યવસ્થા ચાલુ કરી. આ પછી લાલી તરફથી આગ્રહપૂર્વક તેડુ આવતાં તેને નાઈલાજે અહીંથી પોન્ડીચેરી જવું પડયું. વાસ્તવિક રીતે બુસી નિઝામનો નોકર હતો, અને તેને લાલીનો હુકમ માનવાની જરૂર નહોતી; પણ પોતાની બહાદૂરીથી પ્રેરાઈ સ્વરાષ્ટ્રદ્રોહનું પાતક તેણે પોતાને માથે લીધું નહીં. હૈદ્રાબાદથી નીકળતી વેળા બુસીએ કૉનફ્લેન્સના (Conflans) હાથ હેઠળ પોતાનું કેટલુંક લશ્કર દક્ષિણમાં રાખ્યું.

ઉત્તર સરકાર પ્રાંત તરફ બુસીની પુઠ થતાં વિશાખાપટ્ટણના રાજા આનંદરાજે ફ્રેન્ચ લોકોને હાંકી મુકી શહેર હસ્તગત કર્યું, અને તેમની સામે પોતાનો બચાવ કરવા બંગાળામાંથી કલાઈવની મદદ માગી. આ વખતે પ્લાસીની લડાઈ થઈ ગઈ હતી, અને કલાઈવ કંઈ ખાસ કામમાં રોકાયલો નહોતો. ઉત્તર સરકારમાંના જમીનદારો ફ્રેન્ચ અમલની અવગણના કરી સ્વતંત્ર થવા લાગતા હતા તે સંધિનો લાભ લઈ કલાઈવે કૌન્સિલની

સલાહ વિરૂદ્ધ બંગાળામાંથી કર્નલ ફોર્ડને પાંચસો યુરોપિયન અને બે હજાર દેશી ફોજ આપી, આનંદરાજને મદદ કરી ઉત્તર સરકારનો કબજો લેવા મોકલ્યો. લાલીએ પણ તેની સામા થવાને કૉનફ્લેન્સને સત્વર રવાના કર્યો. પણ આ કામથી અણવાકેફ હોવાથી તે કંઈ વિશેષ કરી શક્યો નહીં; સને ૧૭૫૭ ના ડીસેમ્બર માસમાં ફોર્ડે કૉનફ્લેન્સને હરાવ્યો, એટલે કૉનફ્લેન્સ મચ્છલીપટ્ટણ તરફ ગયો, અને ત્યાંથી નિઝામ સલાબતને પોતાની મદદે બોલાવ્યો. તેની તરફનું કંઈ પણ લશ્કર આવી મળે તે અગાઉ કર્નલ ફોર્ડે વીજળીક ત્વરાથી ઉત્તર સરકારમાં પ્રવેશ કર્યો, અને જમીનદારોની સહાયતાથી સર્વ પ્રાંત કબજે લઈ રાજમહેન્દ્રી તથા મચ્છલીપટ્ટણનાં બે કિલ્લેબંધ શહેરો હસ્તગત કર્યાં. કૉનફ્લેન્સ પોતાનાં માણસો સાથે ફોર્ડની શરણે ગયો, એટલામાં સલાબતજંગ આવી પહોંચ્યો; પરંતુ ફ્રેન્ચ તરફથી પોતાનો બચાવ યોગ્ય રીતે થતો નથી એમ તેને જણાતાં તેણે તેમની દોસ્તી કાયમને માટે છોડી દીધી, અને અંગ્રેજોને પોતાના રાજ્યમાં આમંત્રણ કર્યું. આ વિજયને લીધે અંગ્રેજોની સત્તા સઘળે ઠેકાણે જણાવવા લાગી. સલાબતજંગે કર્નલ ફોર્ડ સાથે તહ કરી, રાજમહેન્દ્રી, મચ્છલીપટ્ટણ અને આસપાસનો ચાર લાખની આવકવાળો પ્રદેશ અંગ્રેજોને કહાડી આપ્યાં, અને ફ્રેન્ચ લોકોએ કૃષ્ણા નદીની ઉત્તરે વેપારી થાણાં સ્થાપવાં નહીં, અને તેમને નિઝામે પોતાની નોકરીમાં રાખવા નહીં એવો ઠરાવ થયો. આ પ્રમાણે આટલાં વર્ષ અતિશય ખટપટ કરી નિઝામના દરબારમાં બુસીએ જમાવેલો ફ્રેન્ચ લાગવગ એક ક્ષણમાં અદૃશ્ય થઈ ગયો.

આ ઝગડો ઉત્તર સરકારમાં ચાલુ હતો તેવામાં ક્લાઇવે બંગાળામાંનું ચંદનગરનું ફ્રેન્ચ થાણું કબજે કર્યું તેની હકીકત ૨૧ મા પ્રકરણમાં આવશે.

**૩. કાઉન્ટ લાલીનું આગમન અને તેની અડચણો.**—સને ૧૭૫૬ માં યુરોપમાં ઇંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે શરૂ થયેલાં સાત વર્ષનાં યુદ્ધનું પરાવર્તન હિંદુસ્તાનમાં થયું અને પરિણામમાં જે વિગ્રહ થયો તેને 'કર્નાટકનું ત્રીજું યુદ્ધ' કહે છે. એ યુદ્ધને કેટલાકો અંગ્રેજ ફ્રેન્ચ વચ્ચેનું બીજું યુદ્ધ પણ કહે છે.

યુરોપના અનેક દેશના લોકો અમેરિકામાં વસાહત કરી રહેતા હતા. તેમાં ઈંગ્લંડ અને ફ્રાન્સના લોકો પુષ્કળ હોવાથી ત્યાંનાં થાણાં ઉપર એ બે દેશમાંથી કોનો અમલ ચાલે એ બાબત ટંટો ઉપસ્થિત થતાં, સને ૧૭૫૬ ના અરસામાં બન્ને પ્રજા વચ્ચે લડાઈ જાગવાનો પ્રસંગ દેખાયો. બીજી તરફથી યુરોપમાં પ્રશિયાનો પરાક્રમી બાદશાહ ફ્રેડ્રીક ધી ગ્રેટ રાજ્યનો વિસ્તાર વધારવાના લોભમાં પડોસમાં આવેલા ઑસ્ટ્રીઆની રાણી મેરિયા થેરીસાનો મુલક હોઇઆં કરવાની તૈયારી કરતો હતો. બચાવમાં ફ્રેડ્રીક સાથે લડવા માટે મેરિયાએ અનેક રાજાની મદદ મેળવી, ત્યારે ફ્રાન્સ તેના પક્ષમાં જોડાયું. ઈગ્લંડના રાજાની માલીકીનું હેનોવરનું સંસ્થાન પ્રશિયાની હદમાં હોવાથી તેનો બચાવ કરવાના હેતુથી તેણે ફ્રેડ્રીકનો પક્ષ લીધો. આ યુદ્ધમાં જમીન ઉપર ફ્રેડ્રીક સામે અને સમુદ્ર ઉપર અંગ્રેજોના કાફલા સામે લડવામાં ફ્રાન્સે કંઈક ઉતાવળ કરી. હિંદુસ્તાનમાં ગોદેહૂએ કરેલા તહનામાની રૂએ અંગ્રેજ અને ફ્રેન્ચ કંપની વચ્ચેના ટંટાનો જોઇએ તેવો નિકાલ થયો નહીં. યુરોપમાં યુદ્ધ શરૂ થતાં તેની અસર અહીં જણાવવા લાગી, તોપણ અંગ્રેજ લશ્કર ક્લાઇવની સાથે બંગાળામાં ગયલું હોવાથી, કર્નાટકમાં એકદમ લડાઈ શરૂ થઈ નહીં. એમ છતાં ફ્રેન્ચ લોકોએ અંગ્રેજોનાં સંસ્થાન ઉપર છાપો મારવાનો ઉદ્યોગ ઉપાડ્યો. ટ્રીચીનાપોલી અદ્યાપિ અંગ્રેજોના તાબામાં હતું, અને ત્યાંની સંરક્ષક ફોજનો વડો કૅપ્ટન કૅલિઑડ હતો. સને ૧૭૫૭ ના એપ્રિલ માસમાં કૅલિઑડે મદુરા કબજે લેવા પ્રયત્ન કર્યો, પણ તેમાં તે નિષ્ફળ થયો. મરાઠા સરદારો કર્નાટકમાં આવી પોતાનો વાર્ષિક હક ઉઘરાવતા હતા, અને ત્યાંથી નિઝામની સત્તા અદ્રશ્ય થઈ હતી.

આ અગત્યના સંગ્રામમાં ફ્રેન્ચ તરફથી મુખ્ય ભાગ લેનાર લાલીનો જન્મ સને ૧૭૦૭ માં થયો હતો. નાનપણથી તેનો કાળ યુદ્ધ સંગ્રામમાં ગયો હતો, અને તેણે અનેક મોટાં મોટાં પરાક્રમો કર્યાં હતાં. ફ્રેન્ચ દરબારમાં તેની ખ્યાતિ ઘણી હતી, અને તેણે રાજાની સારી મહેરબાની સંપાદન કરી હતી. તે અતિશય સાહસિક, શૂરવીર અને દૃઢનિશ્ચયી તરીકે વખણાયલો હતો. ગમે તેવાં સંકટને તે ગણકારતો નહીં. અંગ્રેજો વિરૂદ્ધ

તેના મનમાં અત્યંત દ્વેષ ભરાયલો હોવાથી તેમને અમેરિકા તેમજ હિંદુસ્તાનમાંથી હાંકી કહાડવા જોઇએ એવો તેનો મત હતો. ડુપ્લેને બોલાવી લીધા પછી ફ્રેન્ચ સરકારે સર્વ બાબતનો વિચાર કરી હિંદુસ્તાનમાં કેવા પ્રકારની ગોઠવણ કરવી તેનો નિશ્ચય કર્યો હતો; અને તે પ્રમાણે અમલ કરવા લાલીને કેટલીક તાકીદ કરી હતી. ફ્રેન્ચ સત્તા સ્થાપવાનો ઉપક્રમ બીલકુલ કરવો નહીં, કિનારો છોડી દેશના માંહેલા ભાગમાં જવું નહીં, દેશીઓની વઢવાડમાં પડવું નહીં, અને અંગ્રેજોનાં કિનારા ઉપરનાં કિલ્લેબંધ સંસ્થાનો કબજે કરવાં, તેમનો વેપાર સર્વસ્વ ડુબાવવો એવા હુકમો લઈ લાલી ફ્રાન્સથી નીકળ્યો હતો. આથી કરી ખર્ચ વધ્યા વિના પૈસાની બાબતમાં થતું નુકસાન ભરપાઈ થશે એમ ફ્રેન્ચ સરકાર માનતી હતી.

યુદ્ધ શરૂ થતાં ફ્રેન્ચ સરકારે લાલીને લશ્કરનો ઉપરી બનાવી કેટલુંક લશ્કર તથા કાફલો લઈ હિંદુસ્તાન જવા રવાના કર્યો. આરંભમાં જેટલી ફોજ લાલી સાથે આવવાનું ઠર્યું હતું તેટલી પાછળથી આવી શકી નહીં. ફ્રાન્સની તે સમયની સ્થિતિનો વિચાર કરતાં એમ લાગે છે કે ફ્રેન્ચ સરકારે હિંદુસ્તાન અને અમેરિકામાં અંગ્રેજો સાથે લડાઈ કરી તેના કરતાં એકજ ઠેકાણે પોતાનું બળ જમાવી યુદ્ધ કર્યું હોત તો પરિણામમાં તેને ફાયદો થતે. અનેક પ્રકારની અડચણોને લીધે લાલીને ફ્રાન્સથી નીકળતાં વિલંબ લાગ્યો. એની સાથે ઘણા બહાદુર અને નામાંકિત ફ્રેન્ચ સરદારો આ દેશમાં આવ્યા, પણ તે સઘળાઓમાં જોઇએ તેવો ઐક્યભાવ નહોતો. ખુદ લાલી બુદ્ધિમાન અને ચંચળ હતો, અને ગમે તે કામ મારફાડ કરી પાર પાડતો; પણ સ્વભાવે તે અતિશય ઉતાવળો હતો. હિંદુસ્તાનમાં ચાલતા વ્યવહારની તેને બીલકુલ માહિતી નહોતી. સઘળા સ્થાનિક ફ્રેન્ચ અધિકારીઓ લાંચીઆ, અરાજનિષ્ઠ અને બ્હીકણ હોવાથી તેના કહેવા ઉપર લક્ષ ન આપતાં, યોગ્ય લાગે તે વ્યવસ્થા મક્કમપણે કરવાનો ફ્રેન્ચ સરકારનો તેને ખાસ હુકમ હતો. માત્ર બુસી માટે ફ્રાન્સમાં સારો અભિપ્રાય હતો. લાલીને સર્વ અધિકાર આપવામાં આવ્યો હતો છતાં ગવર્નર ડીલેરી અને તેની કૉન્સિલની સત્તામાં કંઈ ફેરફાર થયો નહોતો. લાલીના હાથ હેઠળનો અડધો કાફલો આસરે ૭

મહિના અગાઉ નીકળી સને ૧૭૫૭ ના સપ્ટેમ્બરમા પોન્ડીચેરી આવ્યો. તે પછી બીજા વર્ષના એપ્રિલ માસમાં લાલી આવ્યો તે અગાઉ ડીલેરીએ પ્રથમની ફોજનો ઉપયોગ કર્યો હોત તો એ પ્રાંતમા તે વેળાએ અંગ્રેજોનુ કંઈ પણ લશ્કર ન હોવાથી ફ્રેન્ચ સત્તા કાયમ થતા મદ્રાસ અને ફોર્ટ-સેન્ટ ડેવિડ તે સહેલાઈથી કબજે કરી શકતે. લાલીની સાથે આવેલા કાફલામા કાઉન્ટ ડાશે (d' Ache) નામનો એક વિચિત્ર ગૃહસ્થ હતો; *તેની નિમણુક લાલીના વડપણ હેઠળ ન થયલી હોવાથી તે મનમાનતી* રીતે વર્ત્યો, તેણે લાલીની સલાહ ગણકારી નહીં, અને તેને લીધે આખરે સ્વદેશને ભારે નુકસાન કર્યું

પ્રથમથીજ પોન્ડીચેરીના અધિકારીઓ માટે લાલીનો અભિપ્રાય સારો નહોતો, અને એ સઘળાઓને સુધારી શિક્ષા કરવા માટે પોતે આવ્યો છે એમ તે સમજતો હોવાથી તેને કોઈ સાથે બન્યુ નહીં કોઈ સલાહ આપતુ તો તે કપટથી આપી હશે એમ ધારી તેનો તે સ્વીકાર કરતો નહીં. તેના આવા કૃત્યથી કંટાળી કોઈએ ખરી ઉત્કંઠાથી તેને મદદ કરી નહીં 'આપણા શૌર્યને બટ્ટો લાગે, આપણે રાષ્ટ્રદ્રોહી ગણાઈએ પણ લાલીની ખોડ ભુલાવવી' એવો બેત તેની ઉદ્દામ વર્તણુકને લીધે ઉશ્કેરાઈ જઈ અનેક ફ્રેન્ચ ગૃહસ્થોએ રચ્યો હતો ઉપરથી હેઠળ સુધીના સઘળાઓના મનમા આવા મૂર્ખાઈ ભરેલા વિચારો દાખલ થયા હતા કિનારા ઉપર ઉતરતા લાલીએ મદ્રાસ અને ફોર્ટ સેન્ટ ડેવિડ લેવાનો ઠરાવ કર્યો, પરતુ સઘળુ વ્યર્થ હતુ ડીલેરી તરફની કંઈ તૈયારી નહોતી, દુશ્મન તરફની કંઈ બાતમી નહોતી, તીજોરી ખાલી પડી હતી, માર્ગ બતાવી શકે તેવા માણસો નહોતા, આટલુ છતા લાલીને મદદ કરવાની ઈચ્છા જોઈએ તો કોઈને નહોતી લાલીએ ગાંઠના પૈસા ખર્ચી બની શકે તેટલી તૈયારી કરી. અગ્રેજ કાફલો ડાશેની પછી ત્રણ મહિને નીકળી તેની પહેલા સવા મહિના અગાઉ અહીં દાખલ થયો હતો. માર્ગમા નાગાપટ્ટણ આગળ બન્ને સામસામા થતા થયલી ઝપાઝપીમાં ડાશેને ભારે નુકસાન પહોચ્યું તા ૧ લી મે, સને ૧૭૫૮ ને દીને લાલી પોન્ડીચેરીથી નીકળી કડલોર ગયો, અને

ચોથે દિવસે તેણે તે શહેર હસ્તગત કર્યું. અહીંથી ફોર્ટ સેન્ટ ડેવિડ ઉપર તેને જવું હતું, પણ તેની પાસે સૈન્યને માટે જોઈતી ધાન્ય સામગ્રી હતી નહીં, તેમ સામાન લઈ જવા માટે ગાડાં પણ નહોતાં, છતાં અન્ય મુલકમાં દાખલ થઈ મળી આવે તેવાં માણસોને પકડી કામે લગાડવા એણે ઠરાવ કર્યો. એ પ્રમાણે અમલ કરવાથી તથા લૂટથી જે કંઈ હાથ આવે તે લેવાનું શરૂ કરવાથી દેશી લોકો તેની વિરૂદ્ધ ખળભળી ઉઠ્યા અને તેને સઘળી તરફથી ઘેરી લીધો. આથી તે અત્યંત મુશ્કેલ સ્થિતિમાં આવ્યો, છતાં ગમે તેવી અડચણોની દરકાર કરે તેવો તે નહોતો. પ્રસંગોપાત જે સુઝે તે પ્રમાણે અમલ કરી તેણે પોતાનું કામ ચલાવ્યું. તા. ૧૬ મી મેએ તેણે ફોર્ટ સેન્ટ ડેવિડ ઉપર તોપનો મારો ચલાવ્યો, અને થોડાજ દિવસમાં તે સર કરી શકાશે એમ તેને લાગ્યું. એટલામાં પોન્ડીચેરી ઉપર અંગ્રેજ કાફલો આવી પહોંચ્યાની, અને ફ્રેન્ચ સિપાઈઓ કામ કરવા ના પાડી પગારને વાસ્તે હઠ લઈ બેસી રહેવાની, તેને ખબર મળી. લાલી ત્વરાથી પોન્ડીચેરી ગયો, અને સ્વતઃના પૈસાથી ફોજને સમજાવી લીધી. ફોર્ટ સેન્ટ ડેવિડ ઉપર પાછા ફરી તા. ૨ જી જુનને દિવસે તેણે કિલ્લો કબજે કર્યો, અને પછી તરતજ દેવીકોટા લીધું. એટલામાં ડાશે કાફલા સહિત ફોર્ટ સેન્ટ ડેવિડ આગળ આવી લાગ્યો. તેને લાલીએ પુષ્કળ વિનવી મદ્રાસ ઉપર હલ્લો લઈ જવામાં મદદ કરવા જણાવ્યું. ડાશેએ તેમ કરવા સાફ ના પાડી, અને કહ્યું કે 'હું તો વેપારી જહાજોનું સંરક્ષણ કરી સેન્ટ લુઈ પાછો ફરીશ.' એ પ્રમાણે ૬૦૦ માણસો સહિત કાફલો લઈ તે ઉપડી ગયો તે પૂર્વે તેણે વેપારી વહાણોનો બચાવ બરાબર કર્યો નહીં. એની નજર ચુકાવી અંગ્રેજ વહાણો પુષ્કળ પૈસા તથા સામાન સાથે મદ્રાસ પહોંચ્યાં. લાલીને પણ મદ્રાસ તરફ કૂચ કરવી હતી, પરંતુ ખર્ચ માટે તેની પાસે કંઈ ન હોવાથી તાંજોર ઉપર સ્વારી કરી પૈસા કઢાવવાની સલાહ તેને કૌન્સિલ તરફથી મળી. છપન્ન લાખ રૂપીઆ આપવા માટે તાંજોરના રાજાએ ડુપ્લેને જે દસ્તાવેજ લખી આપ્યો હતો તેની બજાવણી કરવાની આ યુક્તિ હતી. લાલીને કૌન્સિલનાં ફરમાન મુજબ કરવાનું યોગ્ય

લાગ્યું નહીં તોપણ નાઇલાજ થઈ તેને તેમ કરવાની ફરજ પડી. તાંજોર જતાં રસ્તામાં લાલીએ મંદીરો અને ગામો લૂટ્યાં. લોકોને તેની સ્વારીની એટલી બધી ધાસ્તી લાગી કે સઘળા તેનો રસ્તો ચુકાવી આડ પ્રદેશમાં નીકળી ગયા, એટલે તેને સઘળો પ્રાંત ઉજ્જડ અને વેરાન જણાયો. તા. ૮ મી જુલાઈએ તે તાંજોર પહોંચ્યો કે રાજાને પોતાની સલામતી માટે દહેશત પડી, અને પાંચ લાખ રૂપીઆ આપવા કબૂલ થયો. પણ લાલીના ઉતાવળા અને અધીરા સ્વભાવને લીધે સઘળું બગડી ગયું. જરા વિજય મળ્યા બાદ રાજાને તેનાં સઘળાં માણુસો સહિત કેદ કરી સેન્ટ લુઈ લઈ જવાની કંઈક નિષ્ઠુરપણે આવેલી ધમકીથી રાજા પ્રતાપસીંગ ગુસ્સે થઇ ગયો, અને ગમે તે થાય તોપણ ફ્રેન્ચ લોકોને હાથ બતાવવા તેણે નિશ્ચય કર્યો. તાંજોર ઉપર ફ્રેન્ચ તોપનો મારો શરૂ થવાની અણી ઉપર હતો એવામાં કારિકલ અને પોન્ડીચેરી સર કરવા અંગ્રેજ ફોજ આવી લાગવાની બાતમી લાલીને મળી, એટલે ગમે તે પ્રકારે જીવ બચાવી તાંજોર છોડી પોન્ડીચેરી જવાની તેને જરૂર પડી. પાછા ફરતાં તાંજોરનાં માણુસોએ તેને એટલો ત્રાસ આપ્યો કે એક વખત તે જાતે તેમના હાથમાં સપડાઇ જવાની અણી ઉપર હતો, પણ તેમાંથી તે બચી ગયો. તેને ત્રણ મોટી તોપમાં ખીલા મારી રસ્તામાં છોડી દેવાની જરૂર પડી. આ પ્રમાણે દરીઆ ઉપર ડાશે અને જમીન ઉપર લાલી દુશ્મનને હાથે માર ખાતા પોન્ડીચેરી આવ્યા, છતાં ડાશે લાલીને મદદ કરવા કબૂલ થયો નહીં. માત્ર એક ડચ વહાણુ તે પકડી લાવ્યો; તે ઉપરનું નાણું અને બીજી સામગ્રી લઇ લાલી એકદમ મદ્રાસ તરફ રવાના થયો. રસ્તામાં તેને બુસી મળ્યો. બુસીના કહેવા પ્રમાણે તે વર્ત્યો હોત તો સઘળાને ફાયદો થાત, પણ બેઉ વચ્ચે માત્ર નામની મિત્રાચારી હોવાથી બુસી જે કંઈ કહે તે કંઇ પણ મતલબથી કહેતો હશે એમ લાલીને લાગતું. બુસી પાસે અઢળક દોલત હોવાની લાલીને ખબર હતી, પણ આ પૈસા તેણે અન્યાયથી મેળવ્યા હશે એવું તે માનતો હોવાથી બુસીની સલાહની તે અવગણના કરવા લાગ્યો. આથી બન્ને વચ્ચે ઈર્ષા ઉત્પન્ન થતાં બુસીએ અંતઃકરણથી લાલીને સહાય કરી

નહીં. એમ છતાં આખર પર્યંત રાજનિષ્ઠાની લાગણીનું ઉલંઘન કરી યત્કિંચિત કૃત્ય બુસીએ કર્યું નહીં, એ તેનું ભૂષણ છે. બુસીને નિઝામના દરબારમાંથી બોલાવી લેવાથી લાલીને કંઈ પણ પ્રત્યક્ષ ફાયદો થયો નહીં, પણ ત્યાં રહી પૈસાની તેમજ બીજી મદદ તે કરી શકતે તે જોગવાઇ જતી રહી. લોકોની આજીજી નહીં કરતાં સર્વેએ એક ઠેકાણે મળી અંગ્રેજો ઉપર અચાનક હલ્લો લઈ જવાના વિચારથી લાલીએ બુસીને બોલાવી મંગાવ્યો હતો.

લાલી તરફનું કહેણ મળતાં બુસી મોટી મુસ્કેલીમાં પડ્યો. હૈદ્રાબાદ છોડી જવાથી નિઝામ દરબારમાંનો ફ્રેન્ચ લાગવગ એકદમ અદ્રશ્ય થઈ જવાની ધાસ્તી હતી; તેમ એ ન કરે તો લાલીનો પરાજય થતાં તેની અસર હૈદ્રાબાદમાં તેને જણાયા વિના રહે નહીં, અને હુકમ તોડવાનો દોષ માથે આવે તે જુદો. હૈદ્રાબાદમાં રહી નાણાંની અને લશ્કરની મનમાનતી મદદ મેળવી શકાય તેટલી મદદ થોડી ફોજ સહિત લાલીને જઈ મળવાથી મેળવી શકાય નહીં એ તે સારી પેઠેગ સમજતો હતો. તેના આ વિચારો બરાબર હતા, પણ હૈદ્રાબાદ દૂર હોવાથી ત્યાંથી મોકલેલી મદદ સહીસલામત લાલીને પહોંચવામાં અનેક અડચણો પડવાનો સંભવ હતો, એટલે બુસીના જાતે જઈ લાલીને મળવાથી કંઈ ખોટું થયું હોય એમ કહી શકાય નહીં.

**૪. લાલી અને અંગ્રેજો વચ્ચેનો સંગ્રામ (સને ૧૭૫૮–૬૧).**— મદ્રાસ ઉપર હુમલો કરવાની સઘળી વ્યવસ્થા બુસીને સોંપવાનો સર્વ તરફથી થયલો આગ્રહ લાલીએ ગણકાર્યો નહીં, પણ બુસીએ સર્વનાં મન પોતાની વિરૂદ્ધ ઉશ્કેર્યાં હોય એવો તેને સંશય આવ્યો. નવેમ્બર સને ૧૭૫૮ ના આરંભમાં સાત આઠ હજાર માણસો લઇ લાલી, બુસીને લઈ મદ્રાસ જવા નીકળ્યો. રસ્તામાં આર્કટ કબજે કરી તેણે રાજાસાહેબને કર્નાટકની નવાબગિરી આપી.

મદ્રાસમાં એ વેળા પાંચ હજાર અંગ્રેજ ફોજ હતી. લૉર્ડ પિગટ (Lord Pigott) જેવો હોંશીઆર મદ્રાસ ત્યાંનો ગવર્નર હતો, અને અનુભવી કર્નલ લૉરેન્સ પાસે લશ્કરનું વડપણ હતું. અંગ્રેજોનું ચિંગલપટનું

સરસ્થાન ફ્રેન્ચ લોકો હસ્તગત કરી શક્યા તેથી અંગ્રેજોને બહારથી મદદ મેળવવાની સગવડ મળી તા ૧૩ મી ડીસેમ્બરે મદ્રાસના કિલ્લા બહારનો બ્લૅક ટાઉન (Black Toun) નામનો દેશીઓનો વિભાગ લાલીના હાથમા આવ્યો આ શહેરમા રહેતા દેશી વેપારીઓ પુષ્કળ તાલેવન હતા તે સઘળાને લૂટી ફ્રેન્ચ લશ્કરે સુમારે સાત લાખ રૂપીઆનો અવેજ મેળવ્યો પણ લશ્કરની અવ્યવસ્થાને લીધે આ મોટી રકમમાથી માત્ર ૨૫-૩૦ હજાર રૂપીઆ સરકારી ત્રીજોરીમા જમે થયા પોન્ડીચેરીના અધિકારીઓના માહોમાહેના સશત્રાત્મક વર્તનથી લશ્કરી વ્યવસ્થા એટલી ખરાબ થઈ ગઈ હતી કે આજીજીપૂર્વક વિનતી કરી તેમની પાસે કામ કરાવવાની લાલીને જરૂર પડતી તા ૧૪ મી ડીસેમ્બરે મદ્રાસ આગળ અગ્રેજ અને ફ્રેન્ચ વચ્ચે ઘણીજ ઝનુની લડાઈ શરૂ થઈ, તેમા લાલીના લશ્કરે બહાદૂરીથી લડી અગ્રેજોને સખત માર માર્યા અને તેને કદાચ હરાવતે, પરંતુ બુસીએ આપત્તી વેળાએ આપવી જોઈએ તેવી સહાય નહીં આપવાથી અગ્રેજો છટકી જઈ કિલ્લામા ભરાઈ બેઠા ફ્રેન્ચ લોકોએ મદ્રાસના સેન્ટ જ્યોર્જના કિલ્લાને ઘેરો ઘાલ્યો તેમા પણ જોઈએ તેવી ચાલાકી તેઓ બતાવી શક્યા નહીં લાલીના માણસો બ્લૅક ટાઉનની લૂટ પચાવી પાડવામા અને અનેક તરેહના અનાચાર કરવામા મશગુલ હતા, એટલે તાજોર વગેરે ઇતર પ્રાતના લોકોને ઉશ્કેરી અગ્રજોએ તેને હેરાન કરવા માડ્યો વળી બસો ફ્રેન્ચ સિપાઇઓ સ્વરાજ્યનો દ્રોહ કરી અગ્રજોને જઈ મળ્યા હતા, તેઓ વારંવાર કિલ્લા ઉપર આવી પોતાના મળતીઆઓને અગ્રેજોને મળી જઈ પોતાનુ કલ્યાણ કરવા, અને વિના કારણ છતા જોખમમા ન નાખવા આગ્રહ કરતા એમ છતા તા ૨ જી જાનેવારી સને ૧૭૫૯ થી દોઢ મહિના સુધી લાલીએ તોપનો મારો ચલાવી કિલ્લો લેવા મહાન પ્રયત્ન કર્યો કિલ્લાની દીવાલમા ભગાણુ પડતા એકદમ અંદર દાખલ થવાનો તેણે મનસુબો કર્યો પણ તેના અમલદારો તથા માણસોએ આગળ પગ મુકવાને હિંમત કરી નહીં તા ૧૬ મી ફેબ્રુઆરીએ એડમિરલ પોકૉક (Admiral Pocock) મોટો કાફલો લઈ અગ્રેજોને મદદ કરવા આવી પહોચતા લાલીની આબ

ઉઘડી. છુટ બચાવી કેવી રીતે પાછા ફરવુ, અને પોન્ડીચેરીનો બચાવ કેવી રીતે કરવો એ એક મોટો પ્રશ્ન તેની રૂબરૂ ખડો થયો. દારૂગોળો તથા અન્નસામગ્રી ખુટી ગયા હતા, ૩ ફ્રેન્ચ સિપાઇઓ જખમી થઈ પડેલા હતા તેમને લઈ લાલીથી જવાય તેમ નહોતુ, એટલે તેમને પાછળ મુકી ઘેરો ઉઠાવી સેન્ટ ટૉમેને રસ્તે તે પોન્ડીચેરી આવ્યો મદ્રાસથી ઉપડતા પહેલા એણે જખમી માણસોની કાળજીપૂર્વક સારવાર કરવા અગ્રેજ ગવર્નરને એક વિનતી પત્ર લખ્યો હતો આ પ્રમાણે હિંદુસ્તાનમાથી અગ્રેજોને હાકી કહાડવાનો મોટો ઈરાદો કરી અહીં આવેલા લાલીને તેમને જેમને તેમ રહેવા દઈ ચાલ્યા જવાની ફરજ પડી. આ અપયશ માટે સઘળો ઠપકો એને શીર નાખવામાં આવે છે. લાલી દુરાગ્રહી અને હઠીલો હતો એ ખરૂ, પણ તેનું વર્તન આખર સુધી શૂર પુરૂષને શોભા આપે એવું અને અત્યત રાજનિષ્ઠ હતું તેની સાથેનાં બીજા માણસો સ્વાર્થલોભમા તણાઈ સ્વદેશની ઘાત કરવા પ્રેરાયલા હોવાથી આ અપયશનો મોટો દોષ તેમને માથે પડે છે.

મદ્રાસથી નીકળી લાલી કૉઞ્જીવરમ, આર્કટ વગેરે ઠેકાણે થોડો ઘણો બદોબસ્ત કરી પોન્ડીચેરી આવ્યો અહીં ડિલેરી અને કૉન્સિલ સાથે તેને મોટી તકરાર થઇ. બીજી તરફ અગ્રેજોએ ફ્રેન્ચ થાણુ કબજે કરી ત્યાંના લશ્કરને પોન્ડીચેરી તરફ હાકી કહાડયુ, તોપણ લાલીએ પોતાની ધીરજ છોડી નહીં, હરેક તરેહના યત્ન કરી તે પોતાનો બચાવ કરતો હતો. તેના હાથ હેઠળના સઘળા માણસો ફિતૂરી હતા, તેઓએ ખુલ્લી રીતે બડ ઉઠાવ્યુ હતુ, અને તેમાંના કેટલાક શત્રુને જઈ મળતા હતા આવી સઘળી મુશ્કેલીઓમાંથી લાલી યુક્તિથી છટકતો હતો. એટલામા ડાશેનો ફ્રેન્ચ કાફલો પૉર્ટ લુઈથી પોન્ડીચેરી આવતો હતો ત્યારે રસ્તામાં ફૉર્ટ સેન્ટ ડેવિડ નજીકના દરીઆમા તે અને ઍડમીરલ પોકૉકનો કાફલો સામસામા આવી જતાં એક ઝનુની લડાઈ થઈ, અને ઉભય પક્ષને પુષ્કળ નુકસાન પહોચ્યું આ ઝપાઝપીમાં ડાશે જખમી થયો, અને અધારૂ થતાં તે પોતાનાં વહાણો લઈ પોન્ડીચેરી આવ્યો; સાથે લાવેલો ચારપાંચ લાખ રૂપીઆનો અવેજ ત્યા આપી તરતજ તે પૉર્ટ લુઈ તરફ ચાલ્યો ગયો આ વખતે લાલી ઘણો

આજારી હતો. તેણે ડિલેરી અને બુસીને ડાશે પાસે મોકલી અહીં રહેવા માટે આગ્રહપૂર્વક વિનંતી કરાવી, પણ ડાશે કબૂલ થયો નહીં. અંગ્રેજોએ અતિશય મોટું લશ્કર એકઠું કરી ફ્રેન્ચ લોકોની પુઠ પકડી. વાંડીવૉશ મુકામે સને ૧૭૫૯ ના સપ્ટેમ્બરની ૨૯ મી તારીખે એક સખત ઝપાઝપી થઈ, અને અંગ્રેજોનો પરાજય થયો. લાલી આજારી હોવાથી આ જયનો ફાયદો તે લઈ શકયો નહીં. આ વેળા અગ્રેજ લશ્કરમાં અનેક શૂરવીર પુરૂષો હતા તેમાં કર્નલ આયર કુટ (Col Eyre Coote) વિશેષ નામાંકિત અને બહાદુર હતો. આ જીત પછી ફ્રેન્ચ લશ્કરમાં ફરીથી ઉઠેલું બંડ દબાવતાં લાલીને ઘણી મહેનત પડી. એ અરસામાં બુસીએ આર્કટ જઈ કેટલુંક અનાજ અને નાણું એકઠું કર્યું. આ રીતે સને ૧૭૫૯ નું વર્ષ ખલાસ થયું.

સને ૧૭૬૦ નો છેવટનો ઝનુની ઝગડો શરૂ થતાં લાલીએ મોટી ભૂલ કરી ફોજના બે ભાગ કર્યા. એક ભાગ તેણે ટ્રીચીનાપોલી તરફ મોકલ્યો, અને બીજો પોતાની સાથે લઇ તે અગ્રેજોની સામા ગયો. આર્કટ આગળ તેને બુસી મળ્યો. આપણે જાતે લડાઇનો પ્રસંગ નહીં આણતાં સ્વરક્ષણ કરી બેસી રહેવાની બુસીની સલાહ લાલીના ઉતાવળીઆ સ્વભાવને રૂચી નહીં, અને અંગ્રેજોએ લીધેલું વાંડીવૉશ પાછું મેળવવા તે ઉપડયો. તા. ૧૬ જાનેવારી, સને ૧૭૬૦ ને દીને આ ઠેકાણે છેવટની અને મોટી ભયંકર લડાઇ થઇ. બન્ને બાજુએ મોટા મોટા સરદારો હાજર હતા અને બન્ને પક્ષે લડવામાં બહાદૂરી બતાવી હતી. લડાઈ પૂર જોશમાં ચાલતી હતી તેવામાં બુસીના ઘોડાને ગોળી લાગતાં તે પડયો અને શત્રુઓના હાથમાં સપડાઇ ગયો. ફ્રેન્ચ લશ્કર પોતાની હાર થતી જોઇ પોન્ડીચેરી તરફ નાસી ગયું. આ લડાઈમાં અંગ્રેજ સેનાપતિ કુટે અત્યંત બહાદૂરી તથા ચાલાકી બતાવી ભારે ખ્યાતિ મેળવી. વાંડીવૉશની લડાઇથી આ દેશમાંના અંગ્રેજ અને ફ્રેન્ચ વચ્ચેના યુદ્ધનો અંત આવ્યો. એ બે પ્રજામાંથી હિંદુસ્તાનનું સ્વામિત્વ કોના હાથમાં રહેશે એ પ્રશ્નનું હમેશ માટે નિરાકરણ થઈ ગયું, અને માર્ટિન, ડુમાસ, ડુપ્લે ઇત્યાદી નામાંકિત ફ્રેન્ચ ગ્રહસ્થોએ

હિંદુસ્તાનમા રાજ્ય સ્થાપવા માટે કરેલા પ્રયત્નનો અત આવ્યો વાડીવૉશની લડાઇ પછી એક પછી એક ફ્રેન્ચ સસ્થાન અગ્રેજોએ કબજે કર્યા પછી આખરે પોન્ડીચેરીનો વારો આવ્યો અગ્રેજોને ઇગ્લડથી વહાણુ અને માણસોની મોટી મદદ આવી મળી હતી, પણ ફ્રેન્ચ લોકોને કોઇ તરફની મદદ નહોતી. ચાર છ મહિના મોટી બહાદૂરીથી લાલીએ પોન્ડીચેરીનો બચાવ કર્યો આખરે દારૂગોળો તથા અન્નસામગ્રી ખુટતા નિરૂપાય થઇ લાલીને શત્રુને શરણે જવા ફરજ પડી ( તા ૧૫ જાનેવારી, ૧૭૬૧ ) આ પ્રસગે લાલી અને તેના સિપાઇઓ છેક ઉપર આવી લડતા હતા લાલી પોતે તથા તેના હાથ હેઠળના કેટલાક ફ્રેન્ચ માણસો લડવામા મમતી રહ્યા, અને આખર પર્યંત શરીર સિપાઇઓને યોગ્ય થાય તેવુ વર્તન કર્યું, શરણે જવાનો વખત આવતા કેટલાક રાજદ્રોહી ફ્રેન્ચ મોજરો ઘણીજ બેશરમ રીતે વર્ત્યા હતા તે ઇતિહાસમા જાહેર છે પોન્ડીચેરીનો કબજો લીધા પછી અગ્રેજોએ તેની કિલ્લેબધી જમીનદોસ્ત કરી હતી

અગ્રેજોએ લાલીને મદ્રાસથી ઇગ્લડ મોકલાવી દીધો ત્યા અગ્રેજો વિરૂદ્ધ હથિયાર નહી ઉઠાવવાના તેમજ બીજી અનેક બાબતોના સોગન લીધા પછી એનો છુટકો થયો અને તે સ્વદેશ પાછો ફર્યા અહીં પણ તેને શાત બેસવાનુ નહોતુ હિંદુસ્તાનમા જેવી રીતે અનેક શત્રુઓ તેની સામા કપટ કરતા હતા તેમ ફ્રાન્સમા પણ થયુ તેણે જેમ જેમ શત્રુનો નિષેધ કરી સ્વકૃત્યનુ સમર્થન કર્યું તેમ તેમ તેના શત્રુઓ જોર પર આવ્યા, અને સર્વેએ એક મત થઈ તેની વિરૂદ્ધ ફરીઆદ ઉઠાવી આ સઘળાનુ પરિણામ ઘણુ ભયકર આવ્યુ પરતુ પોતે નિરપરાધી છે એ વિચાર ઉપર દૃઢ રહી જે થાય તે ભોગવવાનો પણ નાસી નહીં જવાનો તેણે નિશ્ચય કર્યો દેશદ્રોહનો મુકદ્દમો તેના ઉપર ત્રણ વર્ષ ચાલ્યા પછી આખરે ન્યાયાધીશોએ તેને ફાસીની શિક્ષા ફરમાવી, અને તે તા ૯ મી મે ૧૭૬૬ ને દીને અમનમા મુકાઈ આવી દુ ખદાયક રીતે આ શૂર પુરૂષનો અત આવ્યો ફ્રેન્ચ રાજ્યની તે સમયની સ્થિતિ કેવી ખરાબ હતી તે આ ઉપરથી ખુલ્લુ દેખાય છે લાલીને તેના કૃત્યને માટે

દેહાન્ત દંડની શિક્ષા ભોગવવી પડી એ ખરૂં, પણ જે અસંખ્ય લોકોએ તેને કંઈ પણ ટેકો આપ્યો નહીં અને ખુલ્લી રીતે રાજદ્રોહ કર્યો તેની કોઇએ તપાસ સુદ્ધાં કરી નહીં, એ ફ્રાન્સની ન્યાયી બુદ્ધિ !

બુસી પણ સ્વદેશ ગયો. તેણે અઢળક દોલત એકઠી કરી હતી તે ઉપર ઘણો વખત તેણે મોજમઝાહ ઉડાવી, અને વીસ વર્ષ પછી સને ૧૭૮૧ માં ફરીથી ફ્રેન્ચ સૈન્યનું આધિપત્ય સ્વીકારી તે કર્નાટક આવ્યો; પણ તે કંઈ કરી શકે તે અગાઉ તેનું મરણ થયું.

આ પ્રમાણે ફ્રેન્ચ દેશભક્તોએ હિંદુસ્તાનમાં સ્વદેશની સત્તા સ્થાપવા માટે ઉપાડેલો ઉપક્રમ નિષ્ફળ ગયો. ફ્રેન્ચ કંપનીનું પ્રયોજન ન રહેવાથી સરકારે સને ૧૭૬૯ માં તે બંધ કરી. પોન્ડીચેરીનો કબજો લીધા બાદ અંગ્રેજોએ જીંજી, થીયાગઢ વગેરે ત્યનાં અસંખ્ય સંસ્થાનો તાબે કરી લેવાથી કેટલાક ફ્રેન્ચ સિપાઇઓ નાસી જઈ હૈદરઅલ્લીની નોકરીમાં જોડાયા. સને ૧૭૬૩ માં પારીસ આગળ તહનામું થતાં પોન્ડીચેરી, કારીકલ, માહી વગેરે કેટલીક જગ્યાઓ ફ્રેન્ચ લોકોને પાછી મળી, જે અદ્યાપી તેમની પાસે છે. આ પછી તેમણે પોતાનું રાજ્ય હિંદુસ્તાનમાં સ્થાપવા ફરીથી કંઈક પ્રયત્ન કર્યાં, પણ તેમને યશ ન મળવાથી વાંડીવૉશની લડાઇથીજ ફ્રેન્ચ લોકોનો હિંદુસ્તાનમાંનો ઇતિહાસ પુરો થયો એમ કહી શકાય.

**૫. લાલીના અપયશનું અવલોકન.**—આ યુદ્ધમાં લાલીને કેમ યશ મળ્યો નહીં તેનો આપણે વિચાર કરીએ. ઝનુનથી, કુશળતાથી તથા ઝપાટાબંધ અંગ્રેજો સામે લડી તેમનો નાશ કરવાનું મુખ્ય કામ લાલીનું હતું, પણ એ ત્રણે બાબતમાં ફ્રેન્ચ લોકોએ અનેક ભૂલો કરી હતી.

પહેલાં લાલી જાતે બહાદૂર અને સાહસ ખેડવામાં તત્પર હતો છતાં તે સેનાપતિના કામ માટે લાયક નહોતો. હિંદુસ્તાન આવવાને તેની નિમણુંક કરવામાં આવી તે અગાઉ તેની નાલાયકી એક ફ્રેન્ચ પ્રધાને કબુલ કરી હતી. તે અત્યંત તામસી, ઉતાવળો, હઠીલો અને દ્વેષી હતો. શિક્ષા કરવામાં તે અતિશય કડક હતો, અને મ્હોડામાંથી કહાડેલા શબ્દો પાછા ખેંચતો નહીં. કોઇની સહજ ભૂલ થતાં અથવા તેની તરફ વિરોધ બતાવતાં

તે તરતજ મેઘગર્જનાની પેઠે ગાજી ઉઠતો. તેના આવા સ્વભાવને લીધે તાબાના માણસો તેને અંતઃકરણપૂર્વક મદદ કરતા નહીં, પણ દૂરથી તેની ફજેતી થતી જોઈ આનંદ માનતા, અને ગમે તેટલું નુકસાન થાય તોપણ લાલીનું માનભંગ કરવામાં મોટી આબરૂ મેળવી હોય તેમ ગણતા. લાલીના આ સ્વભાવને લીધેજ ફ્રેન્ચ સત્તાને ભારે ધોકો પહોંચતાં તે આ દેશમાંથી નિર્મૂળ થઈ. સેનાપતિમાં જાતિ કૌશલ્ય કેટલું જોઈએ, અને તે શોધવા માટે ઉપરી અધિકારીઓએ કેવા પ્રકારની દક્ષતા વાપરવી જોઇએ તે આ ઉપરથી વ્યક્ત થાય છે. મરાઠાઓના ઈતિહાસમાં પણ એવાં ઉદાહરણો પુષ્કળ મળી આવે છે.

એમ છતાં લાલીની ફોજ અતિ ઉત્કૃષ્ટ હતી, અને તે જો એક વર્ષ પહેલાં અહીં આવી હોત તો એનું કામ ઘણું ખરૂં પાર પડતે. હિંદુસ્તાનમાં લશ્કર મોકલવાનો ઠરાવ ફ્રેન્ચ સરકારે ૧૭૫૫ માં કર્યો, અને તે અનવ્ય સને ૧૭૫૬ માં યુદ્ધ શરૂ થતાંજ ફ્રાન્સથી તે નીકળી શક્યું હોત તો અંગ્રેજોની મુશ્કેલીને પ્રસંગે તે આ દેશમાં આવી પહોંચત. એ વર્ષના જુન માસમાં નવાબે અંગ્રેજોને બંગાળામાંથી હાંકી કહાડ્યા હતા, અને અક્ટોબરમાં મદ્રાસનું સઘળું લશ્કર લઇ ક્લાઇવ તે પ્રાંતમાં ગયો હતો. આવે વખતે અંગ્રેજોએ જેવી ચાલાકી બતાવી તેવી ફ્રેન્ચ લોકો બતાવી શક્યા નહીં. હુકમ મળવા બાદ કંઇ પણ વખત ગુમાવ્યા વિના લાલી ફ્રાન્સથી નીકળી પડ્યો હોત તો સને ૧૭૫૭ ના આરંભમાં તે પોન્ડીચરી પહોંચી શકત. યોગ્ય વખતે આવી લાલીએ કિનારા ઉપરથી અને બુસીએ હૈદ્રાબાદ તરફથી મદ્રાસમાંના અંગ્રેજોપર સખ્ત હુમલો કર્યો હોત તો આ થકવી નાંખનારા તેમજ કંટાળો ભરેલા ઝગડાનો અંત તાબડતોબ આવી જાત. લાલીએ ગુમાવેલો વખત અંગ્રેજોને અનુકૂળ પડ્યો. તે પૂર્વ કિનારા ઉપર આવી લાગે તે પહેલાં તેઓએ બંગાળામાં પોતાની સત્તા બેસાડી હતી, અને નાણાંની તેમજ માણસની પુષ્કળ મદદ તેમને મળી હતી. બંગાળામાંથી ક્લાઇવે ફ્રેન્ચ લોકોને હાંકી મુક્યા હતા, અને કર્નલ ફોર્ડને મોકલી દક્ષિણમાં તેમને ઘેર્યા હતા. મચ્છલિપટ્ટણનું ઉત્તમ બંદર ફ્રેન્ચના

હાથમાંથી ફોર્ટ લઈ લેવાથી બુસીને મળનારી મદદ જતી રહી, નિઝામના દરબારમાં તેની બેઆબરૂ થઈ, અને દક્ષિણમાંથી ફ્રેન્ચનો પગ કાયમનો નીકળ્યો. આ સઘળું નકામો વિતંડ કરવાનુંજ પરિણામ હતું.

લાલીના સ્વભાવને લીધેજ ડાશેએ તેને મદદ કરી નહીં, તેણે અહીંના લોકોની તેમજ પ્રદેશની ખબર મેળવવા તજવીજ કરી નહીં, અને મળેલી માહિતી તરછોડી કહાડી હતી. ખર્ચા ખુટવાથી અકળાઇ જઇ ગમે તેવાં કૃત્યો તે કરવા લાગ્યો. આ સ્થિતિમાં અંગ્રેજોના કાફલાએ ફ્રેન્ચ વહાણોનો નાશ કર્યો ત્યારે હૈદ્રાબાદથી બુસીને એકદમ બોલાવી મગાવવા તેને જરૂર પડી. તેની સાથે લાલીએ યોગ્ય વર્તણુક ચલાવી હોત તો હરકત નહોતી પણ તેનું અપમાન થતાં લાલીનો સઘળો આધાર જતો રહ્યો. ભારે મુશ્કેલીઓથી તે ઘેરાઈ ગયો, તેના હાથમાં બચાવનું એક પણ સાધન રહ્યું નહીં, માણસો નિરૂપયોગી હતાં. લશ્કરનો તેના ઉપર અવિશ્વાસ હતો. આવા સંકટમાં અકળાઈ જઇ તેણે મદ્રાસ ઉપર હુમલો કર્યો, એમાં તેને કંઈ ફતેહ મળી નહીં. પોન્ડીચેરીમાં સર્વત્ર ઉદાસીનતા અને નિરાશાની છાયા પ્રસરી રહી, અને આખરે વાંડીવૉશની લડાઇએ સઘળી વાતનો અંત આણ્યો.

**૬. ફ્રેન્ચની પડતી ઉપર વિવેચન.**—સને ૧૭૬૧ માં પોન્ડીચેરી અંગ્રેજોને શરણે જતાં આ બે પાશ્ચાત્ય પ્રજા વચ્ચેના હિંદુસ્તાનમાંના યુદ્ધનો અંત આવ્યો. સને ૧૭૨૫ થી સને ૧૭૬૯ માં ફ્રેન્ચ કંપની બંધ પડી તે દરમિયાનના ચાળીસ વર્ષમાં ૩૭ કરોડ ૬૦ લાખ ફ્રાંક એટલે સુમારે વીસ કરોડ રૂપીઆ ફ્રેન્ચ સરકારે હિંદુસ્તાનમાં વેપાર કરવા માટે કંપનીને વ્યાજે ધીર્યાં હતાં. એ રકમમાંથી લગભગ દસ કરોડ રૂપીઆ નુકસાન થયું હતું. એ ખોટ માટેની જે ફચાટ પાછળથી રહી તેજ માત્ર આ સઘળા પ્રચંડ પ્રયાસનો ફાયદો ફ્રાન્સને થયો એમ વૉલ્ટેર જણાવે છે. સને ૧૭૬૩ ના પારીસના તહનામાની રૂએ અગાઉનાં બે ચાર સંસ્થાનો ફ્રેન્ચના તાબામાં આવ્યાં ખરાં, પણ એ ઠેકાણે કિલ્લેબંધી કરવાની તેમજ લશ્કર રાખવાની મનાઈ હોવાથી ફ્રેન્ચ સત્તાનો સદંતર નાશ થયલો લેખી શકાય. યુદ્ધ માટે કિંવા વેપાર માટે કિનારા ઉપર તટબંધી કરેલી જગ્યા

જોઇએ, અને યુરોપિયન આગમારથી તેનો બચાવ કરવો જોઈએ, પણ એ બન્ને બાબતમા ફ્રેન્ચ લોકો પાસે અનુકૂળ સાધન નહોતા એકાદ બે વ્યક્તિના નાલાયકપણાને લીધે ફ્રાન્સને હિંદુસ્તાનમા ખમવુ પડયુ હોત તો તે માટે જોગવાઈ કરવાનુ કંઈ મુશ્કેલ નહોતુ, પરતુ એ ઉપરાંત બીજા અસખ્ય સામાન્ય અને પ્રબળ કારણો હતા

એક અર્વાચીન ફ્રેન્ચ લેખકના વિચાર પ્રમાણે 'ફ્રેન્ચ સરકારે આપેલા હુકમો લાલીએ બાજુ મુક્યા હોત, અને ડુપ્લેની રાજનીતિ સ્વીકારી બુસીની સલાહ માન્ય કરી હોત તો હિંદી બાદશાહીનો મુગટ આજે વીક્ટોરીઆ રાણીના માથા ઉપર બીરાજતે નહીં.' આવું પ્રતિપાદન કરવુ એ ઘણું જોખમ ભરેલુ છે ડુપ્લેની કલ્પના શક્તિ અને બુસીની હોશીઆરી ગમે તેટલી હોય છતા તેમની વ્યવસ્થાનો સઘળો આધાર દેશી રાજાઓના દરબારમા પોતાનો લાગવગ ચાલુ રાખવા ઉપર, એટલે પોતાની બીલચાલની તેમજ વ્યવહારની મર્યાદા બને તેટલી વધારવા ઉપર હતો હિંદુસ્તાનના રાજાઓ ઉપર લશ્કરી કરબ બેસાડી રાજ્યવિસ્તાર કરવાનું તેમને માટે શક્ય હતું, પણ એથી રાજ્યનો મૂળ પાયો તૈયાર થઇ શકતો નથી આજ પણ એવી કંઇક સ્થિતિ આપણને દૃષ્ટિગોચર થાય છે પોતાના મુલકની સરહદ ઉપરના તેમજ તેની આસપાસના સત્તાધીશોના પ્રદેશમા દખલ કરી અંગ્રેજોએ પોતાનુ રાજ્ય વધાર્યું અને હજી પણ વધારે છે એ અંગ્રેજી રાજ્યનો મૂળ પાયો અને તેનો મુખ્ય આધારસ્થભ યુરોપમા છે જ્યા સુધી યુરોપમા ઇંગ્લડની સત્તા પ્રબળ છે, અંગ્રેજ કાફલો આખા સામ્રાજ્યનુ રક્ષણ કરવા સમર્થ છે, ત્યા સુધી આ રાજ્યવિસ્તારને અડચણ આવવાની નથી રાજ્યના આવા વિસ્તારને લીધે રાષ્ટ્રીય આરમારને પુષ્ટિ મળે છે એનો ઇનકાર થઇ શકતો નથી આ ન્યાય તત્કાલીન ફ્રેન્ચ રાજ્યને બરાબર લાગુ પડે છે મૂળમાજ જ્યારે ફ્રેન્ચ રાજ્ય શકિતહીન હતુ, તો હિંદુસ્તાનમાના બેચાર રજવાડાઓ સાથે યુક્તિથી કિંવા જબરાઇથી કરેલો સ્નેહ સબધ શુ ઉપયોગનો હતો? હિંદમાથી અંગ્રેજોને બહાર કહાડવાનું કામ ફ્રેન્ચ માટે અશક્ય હતું લાલીની જગ્યાએ ડુપ્લે અથવા બીજા કોઇ દિવ્ય પુરૂષની

નિમણુક થઇ હોત તોપણ, તે સમયની પરિસ્થિતિનું ઐતિહાસિક દૃષ્ટિએ અવલોકન કરતાં, એ કામ તેમને માટે અતિ દુર્ઘટ માલમ પડે છે. ફ્રેન્ચ સત્તાની પડતી આકસ્મિક, કાલ્પનિક અથવા દૈવિક કારણોને લીધે થઇ હતી એવો જેમનો અભિપ્રાય હોય તેમણે ઇતિહાસનું અધ્યયન કરવાની જરૂર નથી. આ ફેરફાર માનવી શક્તિથી ઉત્પન્ન થાય છે અને તેનો આધાર માનવી બુદ્ધિ ઉપર હોય છે એમ સમજનારાનેજ એ અધ્યયન ઉપયોગી થાય છે. ફ્રેન્ચ સરકારે ડુપ્લેને અણી વખતે બોલાવી લેવાથી, લાબુર્ડને અને ડાશેના પોતાનાં વહાણો લઇ એકદમ ચાલ્યા જવાથી, અથવા લાલીના ઉતાવળીઆ તથા હઠીલા સ્વભાવને લીધે, અગર એવાંજ બીજાં કારણોને લીધે હિંદુસ્તાનમાંથી ફ્રેન્ચ સત્તા અદૃશ્ય થઇ એવું કંઇ નહોતું. આ કારણોનું પરિણામ થોડા વખતનું હોય, પણ આખરનું પરિણામ એ કારણોથી ખાસ કરી બદલાઇ શકતે નહીં.

બીજા કેટલાક લેખકો એવું પ્રતિપાદન કરે છે કે દૂરના પ્રદેશમાં જઈ મોટાં મોટાં રાજકીય પરાક્રમો કરવાની અક્કલ તથા સાહસ ફ્રાન્સમાં ન હોવાથી તેની સત્તા હિંદુસ્તાનમાં સ્થાપન થઈ નહીં. એ કહેવું પણ ઉપરના જેવુંજ અપ્રયોજક છે. સાહસ, કલ્પનાશક્તિ ઇત્યાદી ગુણમાં ફ્રાન્સ અન્ય દેશો કરતાં બીલકુલ ઉતરતું નહોતું. સત્તરમા અને અઢારમા સૈકામાં અમેરિકા અને એશિયા ખંડમાં ફ્રેન્ચ લોકોએ અનેક ડહાપણ ભરેલાં તેમજ સાહસિક કામો કર્યાં છે. પરંતુ ફ્રેન્ચ રાષ્ટ્રની ન્યુનતા બીજી બાબતોમાં હતી. પંદરમા લુઈની કારકિર્દીમાં ફ્રાન્સનો કારભાર ડહાપણથી ચલાવવામાં આવ્યો નહોતો; રાજ્યમાંના મોટા મોટા બનાવો ચાલાક પ્રધાનો મારફત નહીં, પણ રાજાની મરજી સંપાદન કરેલી રખાયતો તથા મશ્કરાઓ મારફત થતા. અઢારમા સૈકામાં ફ્રેન્ચ સત્તાનો નાશ થવાનાં બીજાં અનેક કારણો છે તે સર્વ અહીં આપવાનું પ્રયોજન નથી. 'સાત વર્ષનાં યુદ્ધ' માં ફ્રાન્સને હિંદુસ્તાનમાંજ અપયશ મળ્યો એમ નહોતું, પણ એજ યુદ્ધમાં ઉત્તર અમેરિકામાંનાં તથા આફ્રિકામાંનાં સઘળાં વસાહત તેના હાથમાંથી જતાં રહ્યાં, ઉપરાંત વેસ્ટ ઈન્ડીઆના ટાપુઓ તેને છોડી દેવા પડ્યા,

જર્મનીમાં તેની પુરી ફજેતી થઈ, સમુદ્ર ઉપર જ્યાં ત્યાં તેણે હાર ખાધી. આ યુદ્ધમાં ફ્રાન્સને આ સઘળાં પરિણામો ભોગવવાં પડ્યાં તો પછી હિંદુસ્તાનમાંની ફ્રેન્ચ સત્તા માત્ર લાલીની કમઅક્કલને લીધે અથવા ડુપ્લેને પાછો બોલાવી લેવાને લીધે નાશ પામી એમ કેમ કહી શકાય?

હવે આ યુદ્ધમાં ફ્રેન્ચ લોકોનો પરાજય થવાનાં અને અંગ્રેજોને યશ મળવાનાં ખાસ કારણો કયાં હતાં તે આપણે જોઈએ. બંગાળાના નવાબનો પરાભવ થતાં (૧) બંગાળ પ્રાંત અંગ્રેજોને મળવાથી પૈસા, લશ્કર વગેરે યુદ્ધની સર્વ સામગ્રી તેમને આયતી તૈયાર મળી, અને યુદ્ધ કરવા માટે બહાર જવાની સત્તા આપનારી જગ્યા ઉત્પન્ન થઈ. આવી સ્વસત્તાની ફ્રેન્ચ લોકોની જગ્યા મોરીશીઅસ હતી, પણ તે દૂર હોવા ઉપરાંત બંગાળ પ્રાંત જેટલી સમૃદ્ધિ નહોતી. (૨) બીજી મુખ્ય બાબત એ હતી કે સુભાગ્યે અંગ્રેજોને ક્લાઇવ સરખો અદ્વિતીય પુરૂષ મળ્યો હતો. ફ્રેન્ચ સરદાર લાલી પ્રત્યેક બાબતમાં ક્લાઇવ કરતાં ઉતરતો હતો. આ તાત્કાલિક કારણો થયાં; પણ ફ્રેન્ચ શક્તિ નિર્મૂળ થવાનાં સામાન્ય કારણો હેઠળ પ્રમાણે હતાં:–(૩) ફ્રેન્ચ ઈસ્ટ ઈન્ડીઆ કંપનીની સાંપત્તિક સ્થિતિ ઘણી ખરાબ હતી; (૪) યુરોપમાં તેમજ હિંદુસ્તાનમાં તેનો કારભાર વ્યવસ્થિત ચાલતો નહોતો; (૫) યુરોપમાંના રાજ્યકારભારની સગવડ માટે હિંદુસ્તાનમાંના વેપાર તથા વસાહતનો દુરૂપયોગ કરવામાં આવતો. (૬) ફ્રાન્સના કાફલાની સત્તા અદૃશ્ય થઈ જવાથી તે દૂરના પ્રદેશોનું રક્ષણ કરવામાં અશક્ય નીવડ્યું; અને (૭) અંગ્રેજ રાજ્યે આ ઝગડામાં અંતઃકરણપૂર્વક તથા ઉલ્હાસથી લક્ષ ઘાલ્યું. તેમની તરફથી યુદ્ધનું સુત્ર હલાવનારા ગૃહસ્થો ઘણા હોંશીઆર હતા, તેમના યુદ્ધ ખાતાના મુખ્ય વિલિઅમ પિટ જેવા ચાલાક માણસો આજ સુધીમાં ઘણા થોડા ઉત્પન્ન થયા છે. દેશમાંના સાહસિક અને હિમતવાન લોકોને સારો ટેકો આપી તેમની મારફત રાજ્યનું કામ ઉત્તમ પ્રકારે પિટે કરાવી લીધું. બીજી તરફ ફ્રાન્સના રાજા પંદરમા લુઈની તથા તેના નીતિભ્રષ્ટ સલાહકારોની તુલના પિટ સાથે કેવી રીતે થઈ શકે? બેઉ દેશ વચ્ચેનો આ ભેદ ધ્યાનમાં રાખવા જોગ છે. (૮) ઉભય દેશનાં શિક્ષણમાં તેમજ પ્રગતિમાં

ફ્રાન્સની અવદશાનું પ્રાવર્તન થાયછે. ઉપરાચાપરી અપયશ મળવાથી દૂરના પ્રદેશોમાં વસાહત સ્થાપી રાજ્ય વધારવાનું યોગ્ય છે કે નહીં એ પ્રશ્ન ફ્રાન્સમાં આગળ આવ્યો. મૉન્ટેસ્ક્યુ જેવા વિદ્વાને પ્રતિપાદન કર્યું હતું કે દેશમાંનાં સારાં સારાં માણસો આવા કામમાં બહાર દેશાવર જવાથી દેશનું મોટું નુકસાન થાય છે. એ પછી વૉલ્ટેરે પણ એવાજ વિચારો જાહેર કર્યા. અન્ય દેશોમાં જઈ વસાહત કરવા વિરૂદ્ધ તેનો અભિપ્રાય હોવાથી તે સ્પષ્ટ રીતે કહેવા લાગ્યો કે કૅનેડાનો પ્રાંત હાથમાંથી જતો રહ્યો એથી ફ્રાન્સને મોટો ફાયદો થયો. બરફવાળા અને નિરૂપયોગી પ્રદેશો સારૂ જીવ ખોવાથી શું હાંસલ થાય? પારીસ અને લંડનના લોકોની મોજમજાહ માટે કૉફી, તપખીર અને મસાલા આણવાના કામમાં ફ્રેન્ચ પ્રજાનું રક્ત શું કામ ખરચવું? એ પછી થયલો રૂસો એશઆરામ અને તે સમયના સુધારાને ખરો વેરી હતો. ફ્રાન્સમાં ધર્માધિકારીઓનો અસીમ લાગવગ હતો, તે જડમૂળથી ઉખેડી નાંખવા માટે વૉલ્ટેર અને રૂસો જેવા પુરૂષોએ અથાગ પ્રયત્ન કર્યા. આ પ્રકારનાં શિક્ષણને પરિણામે પારકા મુલકમાં વસાહત અને રાજ્ય સ્થાપના કરવા વિરૂદ્ધ વિચારવંત ફ્રેન્ચ પુરૂષોનો અભિપ્રાય બધાયો હતો.

એથી ઉલટું ઇંગ્લંડમાં ધર્મની બાબતોની તકરારો બંધ પડી, લોકમાં વિચારસ્વાતંત્રતાનો અને હરેક પ્રકારનો સુધારો કરવાની કલ્પનાનો ફેલાવો થવા લાગ્યો હતો. વ્યાપારની વૃદ્ધિ માટે વિચારસ્વાતંત્ર અવશ્ય જરૂરનું છે. ફાવે ત્યાં ભટકવું, જોઈએ તે ખાવું, જરૂર પડે તેવા આચાર વિચાર રાખવા, એવા પ્રકારની સામાજીક, ધાર્મિક અને નૈતિક સ્વતંત્રતા લોકોમાં હોયા સિવાય તેમને હાથે વેપાર જેવાં કામો પાર પડી શકે નહીં. ઇંગ્લંડમાં આ પ્રકારના નવીન વિચાર શરૂ થવાથી તેના વેપાર તથા રાજ્યને અસીમ વૃદ્ધિ મળી. આ જાતની વિચારસ્વાતંત્રતા પોર્તુગલ, સ્પેન અથવા ફ્રાન્સમાં તે વખતે ઉત્પન્ન ન થયલી હોવાથી તે તે દેશના વ્યાપારવૃદ્ધિના તેમજ રાજ્ય વિસ્તારના પ્રયત્ન સિદ્ધ થયા નહીં. 'ઇંગ્લંડમાં સામાજીક, ધાર્મિક વગેરે બાબતોમાં અપ્રયોજક બંધનોમાંથી વિચારી અને વિદ્વાન લોકોનાં મન મુક્ત થવાથી, તેમનામાં ચોકસ પ્રકારની બુદ્ધિ ઉત્પન્ન થઈ હતી, અને સગવડ

ભરેલું તથા ઉપયોગી હોય તે કરવામાં કોઈને અડચણ કરવી નહી, એવો વિચાર સામાન્ય રીતે આખા દેશમાં પ્રચલિત થયો હતો,' એવું ઇગ્લંડનો વિદ્વાન ઇતિહાસકાર લેકી પ્રતિપાદન કરે છે. આવા વિચારસ્વાતંત્ર્યને ગતિ મળતાં, અઢારમા સૈકાના મધ્ય ભાગમાં વેપાર તથા રાજ્ય વૃદ્ધિના કામમાં અંગ્રેજોએ ઝોકાવ્યું, અને તે સર્વ રીતે ફત્તેહમંદ થયા. પોર્ટુગલ તથા સ્પેને આ ઉદ્યોગ શરૂ કર્યો, ત્યારે ઉપરના વિચારસ્વાતંત્ર્યતાને અભાવે તે ઉદ્યોગ આખરે નિષ્ફળ ગયો. ફ્રાન્સની સ્થિતિ સઘળી રીતે સ્પેન પોર્ટુગલ સરખી નહોતી તોપણ ઘણી ખરી બાબતમાં તેને મળતી આવતી હતી. ફ્રાન્સમાં ધર્મખાતાનો કાબુ બીજી રાષ્ટ્રીય ચળવળ ઉપર પુષ્કળ હતો. કર્નાટકમાં લાલી ઝનુનથી લડતો હતો ત્યારે તેને ઉતારી પાડી ફ્રાન્સની રાજકીય, શક્તિને હાની પહોંચાડવા માટે પોન્ડીચેરીમાં જેઝુઈટ પાદરી લાવ્હરના મહાન પ્રયત્ન ચાલુ હતા. તાત્પર્ય કે અમુક એક ધર્મ સંબંધી દુરાગ્રહ પાર પાડવા માટે રાષ્ટ્રની બીજી બાબતોમાં ઉપયોગમાં આવતું સામર્થ્ય હીન કરવા ધર્મ ખાતાનાં માણસો હમેશ તત્પર હતાં.

પાશ્ચાત્ય પ્રજા અન્ય દેશોમાં દાખલ થઈ ત્યારે પરદેશી લોકોને જોરજુલમથી ખ્રિસ્તી ધર્મમાં વટલાવવાનો તેમણે સપાટો ચલાવ્યો. ધર્મ સંબધી આ દુરાગ્રહ મનમાંથી જતો રહેતાં મુત્સદ્દી લોકોનો વ્યવહાર નિર્વિઘ્ને ચાલે છે; એવી સ્વતંત્રતા વિના તેમનાં કામ પાર ઉતરી શકતાં નથી. અંગ્રેજોને હિંદુસ્તાનમાં પોતાના ધાર્મિક જુસ્સાને મૂળથીજ દબાણમાં રાખવો પડયો હતો: અંગ્રેજ ઈસ્ટ ઈન્ડીઆ કંપનીએ ઉપાડેલો ઉદ્યોગ હિંદુસ્તાનમાં ફળીભૂત થવાનાં જે નૈતિક કારણો હતાં તેમાં અંગ્રેજોના મનમાંના વ્યવહારિક વિચારો અને ધાર્મિક દુરાગ્રહનો અભાવ એ બે પ્રબળ હતાં.

[1] કર્નાટકમાં અંગ્રેજ ફ્રેન્ચ વચ્ચે જે ત્રણ ઝગડા થયા તેમાંના પહેલા અને બીજામાં બેઉ પક્ષ ઘણાખરા બરાબરજ હતા. બીજામાં કદાચિત ફ્રેન્ચ સત્તા થોડી ઘણી જોર-ઉપર હતી એમ કહી શકાય. ત્રીજા અને છેલ્લા ઝગડામાં ફ્રાન્સની આ દેશમાંની સત્તાનો નાશ થયો, અને એ પછી ફ્રાન્સ પોતાનું માથું ફરીથી ઉંચું કરી શક્યું નહીં. વીસ વર્ષ પછી સને

૧૭૮૧ માં તેણે હિંદુસ્તાન તરફ કાફલો મોકલી ગુમાવેલો વૈભવ પાછો મેળવવા પ્રયત્ન કર્યો. એ કાફલાનો મુખ્ય અધિપતિ સફ્રેન (Suffren) અત્યંત કુશળ અને અદ્વિતીય પુરૂષ હતો, છતાં હિંદી કિનારા ઉપર સ્વસત્તાનું એક પણ મજબૂત ઠેકાણું ફ્રાન્સના હાથમાં ન હોવાથી તે કંઈ મહત્વનું કામ કરી શક્યો નહીં. એ વેળા સર્વ બાજુથી શત્રુઓ ઈંગ્લંડની સામા ઉઠ્યા હતા છતાં તેણે તે સઘળાની સામા યુક્તિથી પોતાનો બચાવ કર્યો, અને ફ્રાન્સને યશ મળ્યો નહીં. આથી સને ૧૭૬૩ નું વર્ષ હિંદુસ્તાનને લગતા પાશ્ચાત્ય પ્રજાના ઇતિહાસમાં વિશેષ સ્મરણીય છે. તે વર્ષથી ઇંગ્લંડના સઘળા યુરોપિયન પ્રતિસ્પર્ધીઓ નાશ પામી પોતપોતાને સ્થાને સ્વસ્થ બેસી ગયા અને ઈંગ્લંડની સત્તા નિષ્કંટક થઈ, યુરોપિયન શત્રુઓ દૂર થવાથી ઇંગ્લંડને અહીં દેશી રાજાઓના સાથે બાથ ભીડવાની રહી. સને ૧૭૬૩ પછી જે ઝગડો દેશીઓ અને અંગ્રેજ વચ્ચે ઉઠવાનો હતો તેમાં યશ કોને મળશે એ બાબત સંશય રાખવાને કારણ નહોતું, અને અનેક સુજ્ઞ પુરૂષોએ તેનું અચુક ભવિષ્ય અગાઉથી ભાખ્યું હતું.

---

# પ્રકરણ ૨૦ મું.

## સુરાજ-ઉદ-દૌલા અને બંગાળા*

### સને ૧૭૫૬.

૧. બંગાળાના નવાબ. ૨. અલિવર્દીખાન.
૩. જકાત માફીનો દુરૂપયોગ. ૪. સુરાજ-ઉદ-દૌલાનો ગુસ્સો ઉશ્કેરવાનાં કારણો.
૫. કાસીમ બજારની વખારની પડતી. ૬. કલકત્તામાંથી અંગ્રેજોનો હકાલ.
૭. 'બ્લૅક હોલ' ઉર્ફે અંધારી કોટડીનો બનાવ ૮. અંગ્રેજોએ કલકત્તા પાછું મેળવ્યું.

**૧. બંગાળાના નવાબ (સ. ૧૭૦૧-૪૨).**—બંગાળામાં અંગ્રેજોનાં સંસ્થાન કેવી રીતે સ્થાપન થયાં તેની હકીકત ૧૦ મા પ્રકરણના ૪ થા

* આ તથા એની પછીનાં પ્રકરણમાંની માહિતી સમજવામાં નીચેનાં ભૂગોલિક સ્થાનો ધ્યાનમાં રાખવાં જોઇએ. ભાગીરથી પદ્માથી અગ્નિકોણમાં વહે છે તેને રાજ-

વિભાગમાં તેમજ ૧૨ મા પ્રકરણના ૩ જા તથા ૪ થા વિભાગોમાં આવી ગઈ છે. હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્યની સ્થાપનાની શરૂઆત બંગાળામાં થઈ, અને એ પ્રાંત પ્રથમ તેમના કબજામાં આવવાથી ભવિષ્યમાં રાજ્ય-વિસ્તાર કરવાનું તેમને સામર્થ્ય મળ્યું. આ કારણને લીધે બંગાળામાં અંગ્રેજોનો દેશી અધિકારીઓ સાથે સંબંધ કેવી રીતે બંધાતો ગયો તે જાણવું અવશ્ય છે. લાંબા કાળ સુધી આ પ્રાંતમાં પરરાજ્ય હતું. તેરમા સૈકાના પ્રથમ અર્ધ ભાગમાં બંગાળ પ્રાંત મુસલમાનોના તાબામાં ગયો, ત્યારપછી પાંચસો વર્ષ થઈ ગયાં છતાં તેમનો કાબુ ઢીલો પડ્યો હતો નહીં. મોગલ બાદશાહના અમલમાં એ પ્રાંતનો વહિવટ ચલાવવા માટે બાદશાહ પોતાનો સુબેદાર મોકલતો. ઔરંગઝેબના મરણબાદ એ સુબેદાર સ્વતંત્ર થયો, અને તેનો અધિકાર વંશપરંપરાનો થયો. ઉપર કહેલા પાંચસો વર્ષના કાળમાં બહારના નવા મુસલમાનો દેશમાં પુષ્કળ આવ્યા, તથાપિ અહીં હિંદીઓની ભરતી વિશેષ રહી અને હજી પણ છે. મુખ્ય અધિકારી મુસલ-માન હતો છતાં હાલની માફક તે સમયે પણ સઘળો કાચો કારભાર હિંદી નોકરોના હાથમાં હતો. લશ્કરમાં હિંદુઓની સંખ્યા વિશેષ હતી; હિસાબનું કામ તથા વેપાર એ સર્વ હિંદુ માટે નિર્માણ થયલાં હતાં. અમીચંદ અને નગરશેઠ ઉર્ફે જગતશેઠ વગેરે ધનાઢ્ય વેપારીઓનો લાગવગ રાજ્યમાં અસીમ હોવાથી, તેમની સંમતિ વિના એક પાંદડું પણ હાલી શકતું નહીં. એમ છતાં સામાન્ય જનસમુહને રાજકીય ફેરફારની પરવા નહોતી. સાધારણ રીતે હિંદુઓ નિર્વ્યસની, આદરશીલ અને ધાર્મિક હતા. સ્ત્રીઓ ભારે મમતાળુ અને પતિનિષ્ઠ હતી. તેમના સામાજીક, ધાર્મિક

---

મહાલની નીચે એક ફાંટો ફુટે છે. તેને હુગલી નદી કહે છે. આ નદી ઘણીખરી દક્ષિણ તરફ વહેતી હોવાથી કલકત્તાની નીચે સમુદ્રને મળે છે. એને કાંઠે મુર્શિદાબાદ, કાસીમ-બજાર, પ્લાસી, ખટવા, હુગલી, ચિનસુરા, ચંદ્રનગર, કલકત્તા અને તેના મુખ આગળ -ડુબ્ઝ કરીને શહેરો છે. ઉપર ભાગીરથીને કાંઠે બક્સાર, પટના, મોંગીર, ભાગલપૂર, રાજમહાલ તથા પૂર્ણીઆ છે, અને એ સઘળાં હુગલીનો ફાંટો નીકળે છે તે પહેલાં સામસામી બાજુએ આવેલાં છે.

અને ઔદ્યોગિક વિષયોમાં રાજ્યકર્તા તરફથી ઉપદ્રવ થતો ન હોવાથી તેઓ ઘણુંખરૂં પરરાજ્યની બાબતમાં બેફીકર હતા. તે સમયનો એક અંગ્રેજ ગ્રહસ્થ લખે છે કે 'અમો પાશ્ચાત્ય લોકોનાં મન વિકારવશ હોવાથી સુખદુઃખના પ્રચંડ ફેરફારો અમને ભોગવવા પડે છે, તેવું હિંદુસ્તાનમાં થતું નથી. નાનપણમાં લગ્ન થવાથી રંડીબાજી તથા લંપટપણામાં લોકો સપડાતા નથી. ધર્મને લીધે સમાધાનવૃત્તિનું પોષણ થતું હોવાથી મહત્વાકાંક્ષા, હોંસાતોંસી ઈત્યાદિ દુઃખદ લાગણીઓ તેમનામાં સ્ફુરતી નથી; તેમને મદ્યપાનની ખબર ન હોવાથી તત્સંબંધી તથા સ્ત્રીવિષયક દુરાચાર તેમનામાં ઉદ્ભવતા નથી. આ સઘળાનું એક ઉલટ પરિણામ એવું દેખાય છે કે પાશ્ચાત્ય પ્રજા પ્રમાણે દોડધામ, ચંચળતા, ઇર્ષા ઈત્યાદિ માનસિક શક્તિઓ હિંદુમાં તીવ્ર થતી નથી. તેમની સાદી રહેણી તથા દેશની ઉષ્ણ હવાને લીધે તીવ્ર શક્તિનો અવરોધ થતો તેમજ તેમની દૃષ્ટિ અંકોશમાં રહેવાથી ઐહિક બાબતોમાં તેમનામાં સેંકડો વર્ષે થયાં કંઈ ફરક પડેલો દેખાતો નથી.*'

પાંચસો વર્ષના મુસલમાની અમલ દરમિયાન આ સ્થિતિમાં ભાગ્યેજ ફેરફાર થયો હતો. એ લાંબા કાળમાં હિંદુઓ રાજ્યનિષ્ઠ હતા, અને તેમના ઉપર કોઈ પણ પ્રકારનો જુલમ થતો નહીં. હીલ સાહેબ કહે છે કે, 'અઢારમા સૈકાના પ્રથમ અર્ધ ભાગમાં બંગાળાના ખેતીકારોની સ્થિતિ, ફ્રાન્સ અથવા જર્મનીના ખેડુતોના પ્રમાણમાં ઘણી સારી હતી.' મોગલ બાદશાહીના પડતીના કાળમાં મહારાષ્ટ્રની પેઠે બંગાળામાં પણ હિંદુઓનાં મન મુસલમાનો સામા ઉશ્કેરાયાં હતાં, અને ઘણા લોકોના મનમાં સ્વ-રાજ્યના વિચારો ઘોળાતા હતા. સુરાજ-ઉદ-દૌલાની કારકિર્દીમાં હિંદુ લોકોનો આ ગુસ્સો પુષ્કળ વધી ગયો હતો.

વેપાર તથા ઉદ્યોગ ધંધો હિંદુઓના હાથમાં હોવાથી, અને અંગ્રેજ, ફ્રેન્ચ તથા વલંદા લોકો કેવળ વેપાર ચલાવતા હોવાથી, આ પાશ્ચાત્ય પ્રજાનો

---

* Scrofton's Reflections on the Gvernment of Hindustan in Hill's Bengal P. XXI.

સઘળો વ્યવહાર બહુધા હિંદુઓ સાથે ચાલતો વેપારનો પરવાનો મેળવવા પુરતીજ તેમને મુસલમાન અધિકારીઓની જરૂર પડતી કલકત્તા, ચંદનગર અને ચિનસુરામા અનુક્રમે અંગ્રેજ, ફ્રેન્ચ અને વલંદાઓના મોટા સંસ્થાન હોવાથી તે શહેરો સારી આબાદી ભોગવતાં હતા ત્યાના સારા બંદોબસ્તને લીધે સુરાજ-ઉદ-દૌલાની બ્હીકથી પુષ્કળ હિંદુ વેપારીઓ પોતાનો માલ અને દોલત યુરોપિયનોની હદમા લઈ જઈ મુકતા હતા ઔરંગજેબની આખર અવસ્થા સુધી બંગાળાનો વહિવટ વ્યવસ્થિતપણે ચાલ્યો હતો સને ૧૬૯૬ મા બાદશાહે પોતાના પૌત્ર અઝીમ-ઉસ્શાનને બંગાળાનો કારભાર સોંપ્યો હતો ૧૭૦૧ મા મુર્શિદકુલીખાનની નનામ અઝીમ-ઉસ્શાનના હાથ હેઠળ બંગાળાના દીવાન તરીકે નિમણુક થઈ એ અસલ બ્રાહ્મણ હતો પણ પાછળથી વટલી ગયો હતો એને અઝીમ-ઉસ્શાન સાથે બનાવ રહ્યો નહીં અઝીમ-ઉસ્શાન પૈસાનો મોટો લોભી હતો, તેની મેહેરબાની મેળવી અંગ્રેજોએ તેને નજરાણા વગેરે આપી ખુશ કર્યા, અને તેની પાસેથી બંગાળામા સુતનટી, ગોવિંદપુર અને કાલીકોટ નામના ત્રણ ગામડા ખરીદ કર્યાં (સ ૧૬૯૮) એ માટે દરસાલ ૧૧૯૫ રૂપીઆ અંગ્રેજોને જમીન મેહેસુલ તરીકે ભરવા પડતા હોવાથી આ ખરીદીથી તેઓને જમીનદાર ની પદ્ગી પ્રાપ્ત થઈ બીજા જમીનદારો માફક લોકોને દડ કરી, ફટકા મારી, કેદમા પુરી, તેમજ બીજી અનેક રીતે એમણે તે ગામો ઉપર પોતાનો અમલ ચલાવ્યો પણ આ વાત હુગલીના મોગલ અધિકારીને પસદ નહીં પડવાથી એમની વિરૂદ્ધ તેણે ફરીઆદ કરી ફરીથી અંગ્રેજોએ અઝીમ-ઉસ્શાનનુ મ્હોડુ દાબવાથી આ ફરીઆદ નકામી ગઈ, અને ધીરેધીરે કલકત્તા આબાદ થતુ ગયુ.

એ વેળા બંગાળાનુ મુખ્ય થાણુ ઢાકામા હતુ, પણ મુર્શિદકુલીખાન અહીંથી મુકસુદાબાદ ચાલ્યો ગયો હતો એ જગા પ્રાન્તના મધ્ય ભાગમા હોવાથી થઈ પડશે, રાજ્યકારભાર માટે સગવડ ભરેલી તથા લશ્કરી બંદોબસ્ત રાખવા તથા વસુલાત એકઠી કરવાસારુ તે જગા અત્યત અનુકૂળ પડશે એમ જાણી મુર્શિદકુલીખાને આ ગામની, રાજધાની કરી, અને ૧૭૦૪ મા

તે શહેરનું અસલ નામ બદલી તેણે પોતાના નામ ઉપરથી મુર્શિદાબાદ નામ આપ્યું. સને ૧૭૧૩ માં મુર્શિદની સુબેદારની જગ્યાએ નિમણુક થતાં આખા પ્રાંતનો મુખ્ય કારભાર તેની પાસે આવ્યો. અંગ્રેજ જેવા પરદેશી વેપારીઓ તેના કારભારનાં લક્ષણ જાણી ગયા હતા. સને ૧૭૦૬ માં તેમને કાસીમબજારમાં કોઠી ઘાલવા પરવાનગી આપી તે માટે તેણે પચીસ હજાર રૂપીઆ લીધા. બહારથી આણેલી ચાંદીનાં નાણાં મુર્શિદાબાદની ટંકશાળમાં પાડી લેવા માટે આ વખાર અંગ્રેજોએ મુદ્દામ તે શેહેરની પાસે રાખી હતી. સને ૧૭૧૩ માં મુર્શિદકુલ્લીનો અંગ્રેજો ઉપર ઘણો જુલમ થવા લાગ્યો ત્યારે તેમણે પોતાના વકીલને દિલ્હી મોકલી બાદશાહ પાસેથી નવું ફરમાન મેળવ્યું, તે આગળ કહેવામાં આવ્યું છે. એ ફરમાન સને ૧૭૧૭ માં સુબેદારને ત્યાં રજુ થયું. પરંતુ તેનો અર્થ મુર્શિદકુલ્લીખાને અંગ્રેજોને ફાયદો થાય તેવી રીતે કર્યો નહીં. છતાં તેણે કરીને અંગ્રેજોના વેપારને મોગલ કાયદાનો આશ્રય મળવા ઉપરાંત ફ્રેન્ચ અને વલંદા કરતાં તેમને પુષ્કળ સવળીતા મળી.

મુર્શિદકુલ્લીખાને જમાબંધીમાં પુષ્કળ ફેરફાર કરવાથી બાદશાહની આવક વધી, પણ હિંદુઓ ઉપર તેનો અમલ અતિ દુઃસહ નીવડ્યો. પોતાની રાજધાનીમાંનાં સઘળાં દેહેરાં એણે પાડી નાખ્યાં. જગતશેઠ કરીને એક ધનાઢ્ય વેપારી કુટુંબ એનાજ સમયમાં મુર્શિદાબાદમાં ઉદય પામ્યું હતું. આ કુટુંબનો સ્થાપક માણેકચંદ નામનો એક જૈન વેપારી હતો. તેના ભત્રીજા ફત્તેહચંદને ત્યાંની મુખ્ય સરકારી પેઢીનો સર્વ અધિકાર તથા જગતશેઠનો ખીતાબ મળ્યો. માણેકચંદ સને ૧૭૩૨ માં તથા ફત્તેહચંદ સને ૧૭૪૪ માં મરણ પામ્યા પછી ફત્તેહચંદના બે પૌત્ર શેઠ મહતાબરાયે તથા મહારાજા સ્વરૂપચંદે ખ્યાતિ મેળવી. એમને વિષે વધુ હકીકત આગળ આવશે. જગતશેઠ પાસે સરકારી તીજોરીનો કારભાર હોવાથી, તેમજ સરકારની સઘળી લેવડ દેવડ તેનીજ મારફતે ચાલતી હોવાથી, વેપારમાં તેને સારો ફાયદો થતો. વાર્ષિક નિદાન ચાળીસ લાખનો ચોખ્ખો નફો તેને મળતો. મુર્શિદકુલ્લીખાન સર્વ બાબતમાં કુશળ અને

પહોંચેલો હતો, તેણે પ્રાંતમાં ઉત્કૃષ્ટ બંદોબસ્ત રાખી વસુલ પુષ્કળ વધાર્યું; તેથી લશ્કર વગેરેનો સઘળો ખર્ચ કાપતાં દરસાલ દસ લાખથી વધારે રકમ તે દિલ્હી રવાના કરતો.

નવાબ મુર્શિદકુલ્લીખાન સને ૧૭૨૫ માં મરણ પામ્યા પછી બંગાળાનો કારભાર તેના જમાઈ સુજાખાનના હાથમાં આવ્યો. એના અમલમાં બે અફઘાન સરદારો હાજી અહમદ અને અલિવર્દીખાન રાજ્યકારભારમાં પ્રમુખ બન્યા. સને ૧૭૩૯ માં અલિવર્દીખાનને બહાર પ્રાંતનો કારભાર મળ્યો. સૈન–ઉદ્દીન નામના એના પીતરાઈ ભાઈ સાથે અલિવર્દીખાનની છોકરી પરણી હતી, તેને પેટે થયલો મહમદ પાછળથી સુરાજ–ઉદ–દોલા તરીકે પ્રસિદ્ધીમાં આવ્યો. મહમદ ઉપર અલિવર્દીખાનની પુષ્કળ મહેરબાની હતી. સુજાખાને ચૌદ વર્ષ શાંતપણે પોતાનો વહિવટ ચલાવી સને ૧૭૩૯ માં દેહ છોડી, ત્યારે નવાબગિરીનું કામ તેના પુત્ર સર્ફરાજખાનને સોંપાયું, અને પ્રાંતનો સઘળો કારભાર હાજી અહમદ અને અલિવર્દીખાન પાસે રહ્યો. સર્ફરાજખાન વ્યસનમાં નિમગ્ન રહેતો હોવાથી અલિવર્દીખાન રાજ્યનાં કામમાં મુખ્ત્યાર થયો. પાછળથી સર્ફરાજખાન સામે બંડ ઉઠાવી અલિવર્દીખાને તેને સને ૧૭૪૧ માં લડાઈમાં મારી નાખ્યો, અને તેની પાસેથી મળી આવેલી આસરે એક કરોડ રોકડ અને તેટલીજ કિંમતનું જવાહીર દિલ્હી મોકલી બાદશાહને ખુશ કર્યો, એટલે બાદશાહે તેને બંગાળાના નવાબપદ ઉપર કાયમ કર્યો.

**૨. અલિવર્દીખાન (સ. ૧૭૪૨–૫૬).**—અલિવર્દીખાનના અમલમાં મરાઠાઓએ બંગાળા ઉપર સ્વારી શરૂ કરી. આ સ્વારીઓ દશ વર્ષ લગી ઉપરાચાપરી ચાલી હતી. રાઘુજી ભોંસલે અને તેના દીવાન ભાસ્કરપંતને પ્રથમ અલિવર્દીખાન સામે લડવા માટે મૈયત નવાબનાં માણસોએ મદદમાં બોલાવ્યા હતા. એ ઉપરથી ભોંસલેની ફોજ સને ૧૭૪૨ માં બંગાળામાં દાખલ થઈ અલિવર્દીખાનનો પરાભવ કરી મુર્શિદાબાદમાંથી સુમારે અઢી કરોડ રૂપીઆનો અવેજ લઈ ગઈ. ફરીથી સને ૧૭૪૪ માં ભાસ્કરપંતે બંગાળા ઉપર સ્વારી કરી ત્યારે અલિવર્દીએ યુક્તિથી તેનું ખુન કરાવ્યું. આ ખુનનું વેર લેવા

રાઘુજીએ બંગાળા ઉપર એક સરખી ચડાઈ કરી. અલિવર્દીખાનને એટલો હેરાન કર્યો, કે સને ૧૭૫૧ માં ઓરિસા પ્રાંત મરાઠાઓને કાયમનો આપી તથા વાર્ષિક બાર લાખની ખંડણી કબૂલ કરી, ગમે તેમ કરી તેને પોતાનો બચાવ કરવો પડ્યો. આ પ્રમાણે મરાઠાઓને ઠંડા પાડ્યા પછી અલિવર્દીખાને પાંચ વર્ષ શાંતિમાં ગુજાર્યાં, પણ એ દરમિયાન સુરાજ-ઉદ્-દૌલાનો લાગવગ ઘણો વધી ગયો. હવે પછીની મારામારી બરાબર સમજવા માટે સુરાજ-ઉદ્-દૌલાના કુટુંબની હેઠળ આપેલી વંશાવળી ઉપયોગી થઇ પડશેઃ—

મીરઝાં મહમદ.

- હાજી અહમદ. મૃ. ૧૭૪૭.
  - ૧. નવાઝીસ મહમદ ઉર્ફે શાહમતજંગ ઢાકાનો કારભારી. મૃ. ૧૭૫૫.
  - ૨. સૈયદ્ મહમદ ઉર્ફે સૌકતજંગ પુર્નિયાનો કારભારી. મૃ. ૧૭૪૭.
  - ૩. ઝૈન-ઉદ્દીન અહમદ ઉર્ફે હૈબતજંગ, પટણાનો કારભારી.
- અલિવર્દીખાન. નવાબ. મૃ. ૧૭૫૬.
  - ૧. ઘસીટા બેગમ.
  - ૨.
  - ૩. અમીનાબેગમ.
    - મીરઝા મહમદ ઉર્ફે સુરાજ-ઉદ્-દૌલા, નવાબ સ. ૧૭૫૬-૫૭.
    - ઇક્રામુદ્દૌલા (?) ફઝલકુલ્લીખાન.
    - મીરઝા મહાદ્રી.

  આ ત્રણે પુત્રીનાં લગ્ન અનુક્રમે હાજી અહમદના ત્રણ પુત્ર સાથે થયાં હતાં.
- પુત્રી શાહખાનમ =મીરજાફરઅલ્લીખાન નવાબ, સ. ૧૭૫૭-૬૦
  - મીરાન મૃ. ૧૭૬૦.

માના બાપના લાડમાં ઉછરેલો હોવાથી સુરાજ-ઉદ્-દૌલાનો સ્વભાવ ઘણો લેહરી બન્યો હતો. વળી તેનામાં કેટલાંક દુર્વ્યસનો પ્રવેશ થવાથી લોકોની બીલકુલ ભક્તિ તેમના ઉપર નહોતી. કેટલાક મુસલમાન ગ્રંથકારો જણાવે છે કે તેનું મન ઠેકાણે નહોતું. એની આ સ્થિતિ જોઈ અલિવર્દીખાનના મુખમાંથી એવા ઉદ્દગારો બહાર પડ્યા હતા કે આના હાથમાં કારભાર આવ્યો તો દેશમાં કંઈક અવનવી ઉથલપાથલ થયા વિના રહેશે નહીં.

મરણ અગાઉ અલિવર્દીખાને સુરાજ-ઉદ-દૌલા પાસે સોગન લેવાડ્યા હતા કે 'હું દારૂને હાથ લગાડીશ નહીં.' એ સોગન તેણે અક્ષરશઃ પાળ્યા હતા.

અલિવર્દીખાનના મરણ પહેલાં અનેક સંકટો ઉત્પન્ન થવાથી સુરાજ-ઉદ-દૌલા સિવાય બંગાળાનો કારભાર ચલાવવા બીજો કોઈ લાયક ઇસમ બચ્યો નહીં. દિલ્હીની બાદશાહી મરણ પથારીએ પડેલી હતી. બંગાળામાં સુરાજનો દાદો અને ઝૈન-ઉદ્દીનનો બાપ હાજી અહમદ સ. ૧૭૪૭ માં મરણ પામ્યા. નવાઝીસ મહમદ તથા તેનો દત્તકપુત્ર ફઝલકુલ્લીખાન એ બન્ને યોગ્ય પુરૂષો હતા, પણ તેઓ સને ૧૭૫૫ અગાઉ આ દુનીઆમાંથી ચાલ્યા ગયા હતા પોતાના બીજા સઘળા પ્રતિસ્પર્ધીઓનો સુરાજે નાશ કર્યો હતો. આ બનાવો બનતા હતા ત્યારે પાશ્ચાત્ય વેપારીઓ શાંત રીતે પોતાનું કામ કર્યા જતા હતા. અલિવર્દીખાનનુ મરણ નિપજતાં રાજ્યની ઇમારત તરતજ જમીન દોસ્ત થશે એમ તેઓ માનતા હોવાથી તેઓ અનેક તર્કવિતર્કો પોતપોતાની સરકારને લખી મોકલતા હતા. સુરાજ-ઉદ-દૌલાને નવાબગિરી મળે એ અંગ્રેજોને અશક્ય લાગતું હતું. માત્ર થોડાં વર્ષ અગાઉ અફઘાનિસ્તાનનો અમીર અબદુલ રહેમાન મરણ પામ્યો ત્યારે તે તરફ તોફાન ફાટી ઉઠવાની યુરોપિયન પ્રજાએ અટકળ કરી હતી, તેવાજ કંઇક ગપાટા તે સમયે બંગાળમાં ચાલવાથી પાશ્ચાત્ય વેપારી ઉપર આ ઉચ્છૃંખલ સુરાજ-ઉદ-દૌલા ચીરડાઈ ગયો.

આવી મુશ્કેલીમાં રાજ્યમાં કંઇક વજનદાર ગૃહસ્થ બેઉ જગતશેઠ હોવાથી તેમનો ભક્તિભાવ અલિવર્દી તરફ વિશેષ હતો. સેનાપતિ મીર જાફર અલ્લીખાનના હાથ હેઠળ મુખ્ય અમલદાર રાયદુર્લભ નામનો હિંદુ ગ્રહસ્થ હતો. આ બેઉ જણાની બહાદૂરીનાં ઘણાં વખાણ થતાં હતાં. આ સઘળાઓ પાસેથી સુરાજ-ઉદ-દૌલાને મદદ કરવાનું અલિવર્દીખાને વચન લીધું; તેમજ તેણે ઘસીટા બેગમ અને સુરાજ વચ્ચે સલાહ કરાવવા માટે પુષ્કળ પ્રયત્ન કર્યા, પણ તે ફત્તેહમંદ થયા નહીં. એમ છતાં સઘળી બાબતનું નિરાકરણ કરી અલિવર્દીખાન સને ૧૭૫૬ ના એપ્રિલ માસની ૧૦ મી તારીખે મરણ પામ્યો. એ વેળા એની વય ૮૨ વર્ષની હતી અંગ્રેજ ગ્રંથ-

કાર ઓર્મ લખે છે કે, 'અલિવર્દીખાન સાર્વજનિક કામમાં હોંશીઆર હતો પણ ખાનગી વર્તનમાં તે અત્યંત બ્હીકણ હતો, તેનામાં કોઈ પણ પ્રકારનું વ્યસન નહોતું, અને તેના એક પત્નિવ્રતનો કદી ભંગ થયો હતો નહીં.'

અલિવર્દીખાનનો કારભાર અંગ્રેજોને પસંદ પડ્યો નહીં. એ તેમની સાથે અન્યાયથી કદી વર્ત્યો નહોતો, એમ તેઓ પોતે કબૂલ કરે છે; પરંતુ મુકરર થયલા કરારો અક્ષરશ અમલમાં મુકાવવા તે દક્ષ હોવાથી તેનાં કડકપણાને લીધે તેઓ નાખુશ હતા. મરાઠાઓના હલ્લા આવતા હતા ત્યારે કલકત્તાને કિલ્લેબંધ કરવાને તેણે અંગ્રેજોને છૂટ આપી હતી એટલે તેઓએ 'મરાઠાખાડી' પોતાના કિલ્લાની આસપાસ બાંધી. આ લોકો સાથે લડવામાં ખાનને ભારે ખર્ચ થઈ જવાથી અને તેમ કરવામાં અંગ્રેજોનું પણ સંરક્ષણ થયલું હોવાથી સને ૧૭૪૪-૪૫ માં તેણે અંગ્રેજો પાસેથી સાડાત્રણ લાખ રૂપીઆ લીધા. એ સિવાય અલિવર્દીખાને તેમને વિશેષ ત્રાસ આપ્યો નહીં, છતાં બાદશાહનો સંપૂર્ણ અધિકાર પોતા પાસે હોય તેમ તે વર્તતો હતો. કિલ્લા બાંધી તથા લશ્કરમાં વધારો કરી અંગ્રેજો પોતાના બચાવની તજવીજ કરવા લાગતા કે તુરત નવાબ તરફથી તેમનો પ્રતિબંધ થતો, કેમકે મોટી સવળતા કરી આપવાથી તેઓ એની ઉપર ચડી બેઠા વિના રહેશે નહીં એમ તે પૂર્ણપણે જાણતો હતો. નવાબ તેમને વારંવાર જણાવતો કે, 'તમો વેપારીઓને કિલ્લા બાંધવાનું શું કામ? તમારૂં રક્ષણ કરનારો હું છું; તમારે ધાસ્તી રાખવાને કારણ નથી.' દક્ષિણ હિંદુસ્તાનમાં અંગ્રેજ તથા ફ્રેન્ચ લોકોએ મોટું ડંગલ ઉઠાવ્યું હતું અને દેશી રાજાઓને પુતળાં માફક નચાવ્યા હતા તેની તેને સઘળી માહિતી હતી. આંગ્રેનો ઘેરીઆનો કિલ્લો કલાઇવે સર કર્યો તે પણ નવાબને પસંદ પડ્યું નહીં. આવા બનાવો પોતાની હદમાં ન થવા પામે એવી તેની ઇચ્છા હોવાથી તે કેવી રીતે પાર પાડવી એ વિચાર તેના મનમાં ઘોળાયા કરતો હતો. અંગ્રેજોને તેણે એકદમ હાંકી કહાડ્યા નહીં, એનું કારણ એ હતું કે વેપારના કામમાં તેઓ ઘણા ઉપયોગી થઈ પડશે એમ તે સમજતો હતો. પરંતુ પ્રસંગ આવતાં તે પોતાનો હક્ક પૂર્ણપણે બજાવવા અચકાતો નહીં.

સને ૧૭૪૯ માં અંગ્રેજોએ કંઈ ઉશ્કેરણી કરી ત્યારે નુકસાન ભરપાઈ થાય ત્યાં સુધી તેમનો સઘળો વેપાર તેણે બંધ કર્યો, કે તરતજ તેઓ શરણે આવ્યા. ઉભય વચ્ચે હમેશ અદેખાઈ થતી. અંગ્રેજોને એમ લાગતું કે 'નવાબ આપણા ઉપર વિના કારણે જુલમ કરે છે, સને ૧૭૧૭ માં ફરૂખશીઅર બાદશાહે આપેલાં ફરમાનની કલમો તે બરાબર પાળતો નથી, અને કલમનો અર્થ મરજીમાં આવે તેમ પોતાના ફાયદાનો કરે છે.' એના જવાબમા નવાબનુ કહેવુ એવુ હતુ કે, 'અંગ્રેજોને ઘણી સગવડતા કરી આપવામા આવી છે, તેટલાથી સતોષ માની તેઓ સ્વસ્થ બેસી રહેતા નથી, પણ મળેલી સવળતાનો દુરૂપયોગ કરી દેશી વેપારીઓનું તેમજ આખા રાજ્યનુ નુકસાન કરે છે.' મરજીમાં આવે તે નવાબને હેરાન કરતુ અને અંગ્રેજોનો આશ્રય લેતુ આવા બનાવો વારવાર બનતા હોવાથી નવાબ સ્વાભાવિક રીતે ગુસ્સે થતો.

**૩. જકાત માફીનો દુરૂપયોગ.**—સને ૧૬૧૫ માં સર ટૉમ્સ રોએ મોગલ બાદશાહ પાસે વેપારની સવળતા મેળવવા ઉપાડેલી ખટપટ સો વર્ષ લગી તેમની તેમ ચાલુ હતી એ માટેનું જાથુકનુ અને ઉપયોગી ફરમાન સને ૧૭૧૬ મા ફરૂખશીઅર બાદશાહના અમલની અધાધુધીમાં અંગ્રેજોને મળ્યુ આ વખતના નામધારી બાદશાહો પડતી બાદશાહી સભાળવા મહેનત કરતા હતા. બહાદૂરશાહની અને જહાદારશાહની સત્તા બરાબર જામી નહીં, એટલે સઘળા દુસ્મનોનાં મ્હોડાં બંધ કરી પોતાનો બચાવ કરવાનો ફરૂખશીઅરે વિચાર કર્યો. આજ અરસામાં તેણે મરાઠાઓને ચોથાઈનો અને સરદેશમુખીનો હક આપ્યો, અને અંગ્રેજો પાસેથી દરસાલ લેવાની રકમ ઠરાવી આયાત અને નિકાસ વેપારની સપૂર્ણ છૂટ તેમને આપી

નક્કી કરેલી જકાત ભરી હિંદુસ્તાનમાં વેપાર કરવાની પરવાનગી મોગલ બાદશાહે સર્વ પ્રકારના લોકોને આપી હતી. જકાતની માફી અથવા વેપારનો મક્તો અમુક એકજ પ્રજાને કદી આપવામાં આવ્યો નહોતો. આ સ્થિતિ ઔરગઝેબના અમલના અત સુધી ચાલી. તેનુ મરણ થતાં

રાજ્યમાં ચાલેલી ગેરરીતીને પરિણામે પરદેશી વેપારીઓ ઉપર જુલમ થવા માંડ્યો, ત્યારે અંગ્રેજોએ પોતાના બે વકીલ જૉન સર્મન ( John Surman ) અને કોગી સરહૌડ ( Cogee Serhoud ) ને સને ૧૭૧૫ માં દિલ્હીમાં ફરૂખશીઅર બાદશાહ પાસે મોકલ્યા. અંગ્રેજ વેપાર માટે જાથુકની યોગ્ય વ્યવસ્થા કરાવી લેવાનો તેમને હુકમ હતો. આ પ્રયત્ન ફત્તેહમંદ થતાં મોગલ રાજ્યમાં અંગ્રેજોને કેટલીક સરતે બાદશાહે હમેશ માટે જકાતની માફી કરી આપી. જકાત માફીના આ પહેલા ફરમાનનો હેતુ એવો હતો કે, 'અંગ્રેજોએ સુરતમાં કોઠી ઘાલી ત્યારથી કોઈ વેળા સાડાત્રણ ટકા, કોઈ વેળા અઢી ટકા અને કોઈ વેળા ત્રણ ટકા પ્રમાણે જકાત જુદા જુદા બાદશાહે તેમના ઉપર નાંખી હતી. સ્થાનિક અમલદારોના ત્રાસને લીધે તેઓએ સુરતની વખાર આજ ત્રણ વર્ષ થયાં બંધ કરી છે. બહાર અને ઓરિસા પ્રાંતમાં તેમને જકાત આપવી પડતી નથી. બંગાળામાં દરસાલ તેઓ ત્રણ હજારની રકમ ઉધડ આપે છે. આવો ભિન્ન પ્રકાર બંધ કરી પોતાની પાસેથી એક ઠરાવેલી રકમ લઈ આખા રાજ્યમાં એક સામાન્ય કાયદો ઠરાવી આપવાની અંગ્રેજો-ની માગણી છે. સબબ એવું ઠરાવવામાં આવે છે કે સુરતમાં તેમની પાસેથી પેશકશ તરીકે દસ હજાર રૂપીઆ લેવા, અને તેમને મરજીમાં આવે ત્યાં જકાત ભર્યા સિવાય વેપાર કરવાની સંપૂર્ણ છૂટ આપવી. નવી વખાર ઉઘાડવામાં તથા માલની ખરીદી અને વેચાણ કરવામાં રાજ્યના અધિકારીઓએ તેમને મદદ કરવી; ચોરી થાય તો ચોરોને પકડી શિક્ષા કરવી, અને ચોરાયલો માલ તેમને પાછો આપવો. લેવડ દેવડના વ્યવહાર-માં તેમને કોઈએ હેરાન ન કરતાં, યોગ્ય વ્યવહાર ચાલ્યો હોય તેમ નિકાલ કરવો; વિના કારણ જુલમ કરવો નહીં. આ ફરમાનની એકજ પ્રત તેમની પાસે હોવાથી તેની નકલો નિરનિરાળે ઠેકાણે તેઓ બતાવે તે અમારા અધિકારીઓએ માન્ય કરવી. અંગ્રેજોમાંના કોઇએ કંઈ ઉશ્કેરણી કરવા માટે તેને પરભારી શિક્ષા નહીં કરતાં તે ઠેકાણાના મુખ્ય અંગ્રેજ અધિકારી પાસે તેને શિક્ષા માટે મોકલી દેવો. નવી વખાર ઉઘાડવી હોય

ત્યારે તેમને ચાળીસ વીઘા જમીન મફત આપવી ' (તા ૬ જાનેવારી સને ૧૭૧૭ )

આ ફરમાન કેટલુ મોઘમ અને વ્યાપક છે તે સહજ દેખાઈ આવે છે કઈ કઈ જણસો ઉપર જકાત માફ હતી તે જુદા જુદા ઠેકાણાના અમલદારોની જાણ માટે અગ્રેજોનો મુખ્ય અધિકારી પોતાની સહી સાથના કાગળ ઉપર લખી વેપારીઓને આપતો એ કાગળ જેને દસ્તક કહેતા તેમા અગ્રેજી અને ફારસી ભાષામા જણસોના નામ લખાતા અને તે કયાથી કયા જવાની છે તે બતાવાતુ વખત જતા આવા દસ્તકો ખાનગી વેપારીઓને તેમજ આ દેશમા પાકેલા અને અહીંજ ખપનારા હરેક પ્રકાર ના માલ માટે આપવામા આવ્યા આરભમા આ જકાતમાફીથી વિશેષ નુકસાન થયુ નહીં, પણ સઘળા ખાનગી વેપારીઓને સુદ્ધા એવી માફી મળતા દેશી વેપારીઓનુ અમીમ નુકસાન થવા લાગ્યુ ઉપરના ફરમાનની રૂએ સ્થાનિક અમલદારોની મરજી તથા ધુનને લીધે અગ્રેજોને જે ત્રાસ પહોચતો તે બધ થયો પોતાના બચાવ માટે મોગલ બાદશાહે આ પ્રમાણે મરાઠાઓને તેમજ અગ્રેજોને કાયમના હક બક્ષિસ આપ્યા આ ફરમાનનો દુરુપયોગ કરી દેશમાનો સઘળો વેપાર અગ્રેજોને લુટાવતા જોઈ મુર્શિદ કુલીખાન અને અલિવર્દીખાન જેવા નવાબને પુષ્કળ વૈમનસ્ય લાગ્યુ, અને ફરમાનની સરતોને અનુસરી બને તેટલી ખેંચતાણ કરી પોતાના વેપારનું રક્ષણ કરવાનો તેમણે પ્રયત્ન કર્યો આ ઝગડાએ સુરાજ–ઉદ–દૌલાના સમય મા ઉગ્ર રૂપ ધારણ કર્યું

ફરૂખશીઅર બાદશાહે અગ્રેજોને જે જકાતની માફી આપી હતી તેને અનુસરીને તેઓ દસ્તકો આપતા હિંદુસ્તાનમાથી બહાર જતી અમુક જણસોના સબધમાજ માત્ર આ માફી બક્ષવામા આવી હતી દસ્તકમાની આ મર્યાદા છોડી કપનીના વેપારીઓ નિકાસ કિંવા આયાત માલનો વેપાર જકાત ભર્યા સિવાય કરવા લાગ્યા વળી કપનીને નામે માલ વેચનારા ગમે તે માણસ માટે જકાતની માફી માગવા લાગ્યા, અને કપનીના અમલદારો આ દસ્તક મરજીમા આવે તેને આપવા લાગ્યા જકાતના નાકા ઉપર

દસ્તક બતાવતાં અધિકારી તે માલ બીનજકાતે જવા દેતો. ધીમે ધીમે આ અનિષ્ટ પ્રકાર એટલે હદ સુધી વધ્યો કે કેટલાક બનાવટી દસ્તકો રજુ થવા લાગ્યા. આથી દેશીઓનો સઘળો વેપાર નાશ પામ્યો, અને બંગાળાનું ઉત્પન્ન ઘણુંજ ઘટી ગયું. આ હકીકત માટે નવાબે અંગ્રેજોના કાન ઉઘાડવા ઘણા પ્રયત્ન કર્યા પણ સઘળું નિષ્ફળ ગયું.

આ જકાત માફીના સંબંધમાં કંઈ પણ તકરાર થતી તો નવાબના અધિકારીઓને થોડી ઘણી લાંચ આપી અંગ્રેજો પોતાનું કામ કર્યા જતા. આ યુક્તિનો તેમણે ડગલે ડગલે ઉપયોગ કર્યો છે, એમ કંપનીનો તે વેળાનો પત્રવ્યવહાર સાક્ષી પુરે છે. હુગલીનો ફોજદાર, ઢાકાનો નાયબ તથા ખુદ સુબેદારની ગાદીનો ભવિષ્યનો હકદાર એ સઘળાને વખતોવખત સંતુષ્ટ કરી કંપનીના વેપારીઓ પોતાનો નિભાવ કરી લેતા. વખતના વ્હેવા સાથ આ અનીતિ અતિશય વધી ગઈ.

અલિવર્દીખાન નવાબપદ ઉપર હતો ત્યાં સુધી આ ટંટાએ ઉગ્રરૂપ ધારણ કર્યું નહીં. તે ચાલાક હોવાથી તુરતાતુરત સર્વ ટંટાનો યોગ્ય નિકાલ કરતો, પણ લાંચખાઉ કામદારો ઉપર આધાર રાખી સ્વસ્થ બેસતો નહીં. અંગ્રેજોની ભૂલ સાબીત થાય તો તે તેમને શિક્ષા કરવાને વિલંબ કરતો નહીં. એમ છતાં મરાઠાઓ સાથે લડવામાં તેનો ઘણોખરો વખત વ્યય થવાથી અંગ્રેજોની સાથેની તકરારનો કંઈ પણ આખર નિકાલ તે કરી શક્યો નહીં. અંગ્રેજ વેપારીને દસ્તકનો દુરૂપયોગ કરી ધીમે ધીમે પોતાની સત્તા વધારતો જોઈ તેને ઘણો ઉદ્વેગ થયો હતો. મી. હૉલ્વેલ કહે છે કે, મરણ સમયે તેણે પોતાના પૌત્રને છેવટનો સંદેશો એવો કહ્યો હતો કે, 'આ અંગ્રેજોની લશ્કરી શક્તિ ગમે તેમ કરી તમારે તોડવી.'

અંગ્રેજોની આ લશ્કરી શક્તિ ધીરે ધીરે વધતી ગઈ હતી. શરૂઆતમાં વખાર તથા ત્યાંના માલની સંભાળ લેવા માટે તેમણે થોડાં હથીઆરબંધ માણુસો મુક્યાં. પ્રસંગોપાત એક નાની હથીઆરબંધ ટુકડી તેઓએ ઉભી કરી. પાછળથી ચાલેલી ધામધુમના વખતમાં નવાબને અંગ્રેજોનું સંરક્ષણ કરવાનું કઠણ લાગ્યાથી તેમને સ્વરક્ષણ માટે લશ્કરી બંદોબસ્ત

કરી લેવાની પરવાનગી આપવાની નવાબને જરૂર પડી. આટલું મેળવીને તેઓ સ્વસ્થ બેઠા નહીં. તેમણે કલકત્તામાં ફોર્ટ વિલિયમનો કિલ્લો બાંધ્યો, કાસીમબજારની વખારની કિલ્લેબંધી કરી, મરાઠા ખાડી દુરસ્ત કરી અને કવાયત શીખવી તેઓએ પોતાનાં લશ્કર તૈયાર કર્યાં, તોપ તથા બંદુકોથી તેઓ સજ થયા, અને ફ્રાન્સ સાથે યુદ્ધ કરવાનો પ્રસંગ આવશે એ સબબ ઉપર બંદરમાં કાયમનો કાફલો રાખ્યો. કર્નાટકમાં પણ તેમની શક્તિ વધેલી હતી. આ સઘળું થતું જોઈ નવાબ અલિવર્દીખાનને ભારે ધાસ્તી ઉપજી હતી, પરંતુ તે દૂર કરવા તે જીવ્યો નહીં. માત્ર મરણ સમયે ભવિષ્યમાં કેવાં કૃત્ય કરવાં તે તેણે પોતાના પૌત્રને જણાવ્યું.

એ અરસામાં બંગાળાના અંગ્રેજોની સ્થિતિ કંઈ વિલક્ષણ થતી હતી. નવાબ તરફથી તેઓને ધમકીના પત્ર તેમનો મનસુબો જેમ બને તેમ લશ્કરી બંદોબસ્ત વધારવા માટે થતો હતો, પણ ઈંગ્લંડની સરકાર તરફથી તેમને વારંવાર તે માટે ઠપકો આવતો હતો. 'નવાબની મારફત તમારો બચાવ કરી લો; પોતાનો લશ્કરી બંદોબસ્ત કરવાના લોભમાં પડતા નહીં,' એવો સ્પષ્ટ હુકમ તેમને મળ્યો હતો. આ હુકમનો ખુલ્લી રીતે અનાદર કરવાની તેમનામાં હિંમત નહોતી, છતાં બન્યો તેટલો પોતાના બચાવ માટેનો બંદોબસ્ત તેમણે કર્યો. દ્વિઅર્થી મુત્સદ્દીપણું લડાવી પોતાનું કામ કહાડી લેવાનો તેમનો ઇરાદો હતો. આ મુત્સદ્દીપણું પૂર્વમાં હોય કિંવા પશ્ચિમમાં હોય તોપણ તત્કાલીન વ્યક્ત થતી પરિસ્થિતિમાં તે અનિવાર્ય હોય એમ તેઓ સમજતા.* અંગ્રેજોના માલ ઉપર જકાત માફ હતી; પણ મરજીમાં આવે તેવા સ્વજાતિના માણસને અથવા દેશી વેપારીને જકાત માફીના દસ્તક તેઓ આપતા, એથી નવાબનું જકાત ઉત્પન્ન ઘણું ખરૂં નાશ પામ્યું હતું, દેશીઓનો વેપાર નિર્મૂળ થયો હતો, અને તેમણે પોતાની હદમાં કેટલાક કર બેસાડ્યા હતા. એ સઘળું નવાબને કેમ રૂચે? સને ૧૭૧૭ નું ફરૂખશીઅરનું ફરમાન વાંચી જોતાં તે ઘણું વિચિત્ર જણાય

* Plassey by Akshay Kumar Mitter, Modern Review, July 1907.

છે. પૂર્વના બાદશાહેનો ક્રમ એ વખતે ચાલુ હોત તો આવું ફરમાન નિકળવા પામતે નહીં; છતાં આટલી મોધમ અને ઉદાર કલમોથી અંગ્રેજોને સંતોષ થયો નહીં.

આ સઘળા ઉપરથી ખરૂં કહીએ તો અંગ્રેજ તથા નવાબ વચ્ચે ઝપાઝપી થવાની સર્વ સામગ્રી સુરાજ-ઉદ-દૌલાના ગાદીએ બેસ્યા અગાઉ તૈયાર થઈ હતી. ખુદ અંગ્રેજોને પણ એ માટે વસવસો થયા કરતો હોવાથી એક વખત ઝપાઝપી થાય તો સારૂં એમ તેમને લાગતું. સને ૧૭૫૨ માં થયલા ઑર્મેનાં લખાણ ઉપરથીજ આ સઘળું પુરવાર થાય છે. બિચારા વલંદા અને ફ્રેન્ચ લોકોની સ્થિતિ કંઈક નિરાળા પ્રકારની હતી. તેમને બાદશાહ તરફથી કંઈ ફરમાન મળ્યાં હતાં નહીં, વલંદા લોકો વેપાર સિવાય બીજા કોઈ પણ નાદમાં પડ્યા નહોતા; ફ્રેન્ચ લોકોની સત્તા ઘણી હતી, અને તેમનો એકંદર વ્યવહાર દેશીઓને પ્રિય હતો.

બંગાળાની આવી સ્થિતિ હતી ત્યારે અલીવર્દીખાન મરણ પામ્યો. એ વેળા ભવિષ્યમાં જે રાજ્યક્રાન્તિ થવાની હતી અને જેનો સુરાજ-ઉદ-દૌલા કારણરૂપે હતો એમ ઇતિહાસકારો લખે છે, તે રાજ્યક્રાન્તિની સઘળી તૈયારી અગાઉથીજ થઈ ચુકી હતી. સુરાજ-ઉદ-દૌલા માત્ર નામનોજ કારણરૂપ હતો. સઘળી તરફથી ક્લાઇવ જેવા નિરંકુશ પુરૂષના આવવાનીજ રાહ જોવાતી હતી.

*૪. **સુરાજ-ઉદ-દૌલાનો ગુસ્સો ઉશ્કેરવાનાં કારણો.**—નવાબ અલિવર્દીખાન મરણ પામતાં તેના વારસોમાં બંગાળાની ગાદી માટે ટંટો થયો. તેની ત્રણ છોકરીનાં લગ્ન તેના ભાઈના ત્રણ છોકરાઓ સાથે થયાં હતાં. એ જમાઈઓને તેણે નિરનિરાળા પ્રાંતમાં મોટા ઓદ્ધાઓ આપ્યા હતા.+ મરણ સમયે સુરાજ-ઉદ-દૌલાને દત્તક લઈ તેને અલિવર્દીખાને નવાબગિરી સુપ્રત કરી હતી પણ તેનું મરણ નીપજતાં તેના પૌત્રો માંહોમાંહે વઢવા લાગ્યા. તેઓ મળેલા કારભારથી ગભર થયા હતા, અને

* બંગાળામાં થયલી રાજ્યક્રાન્તિ તથા તે વેળાનાં કાવત્રાંનો અંગ્રેજોનો પત્ર વ્યવહાર સરકાર મારફત પ્રસિદ્ધ થયો છે તે ઉપરથી આ પ્રકરણમાંનો મજકુર લખવામાં આવ્યો છે. *Hill's Bengal Records, 1757,* Vols 1–3.

+ વંશાવળી જુઓ. (૫૯-૫૩૯).

તેમને કોઈ પણ વેળા કેવા પ્રકારનો દગો સુરાજ–ઉદ–દૌલા દેશે તેનો ભરોસો નહોતો. તેમની પાસે બહારોબહાર જે વસુલ જમા થતું હતું તેનો બરાબર હિસાબ તેમની પાસેથી મળતો નહીં; વળી તેમણે કરેલા સંચય ઉપર સુરાજનો ડોળો હતો. આ કૌટુંબિક કલહને લીધે અંગ્રેજ જેવા પરદેશી વેપારીઓને વખતને અનુસરી વર્તવું પડતું. જે અધિકાર ઉપર આવે તેની મરજી સંપાદન કરવાની તેમને જરૂર હતી; એમ છતાં તેનો અધિકાર ક્યારે બંધ પડશે અને બીજો કોણ તેની જગ્યા લેશે એ બાબત-નિયમ ન હોવાથી બીજા હકદારોને ખીજવવાનું અંગ્રેજોને યોગ્ય લાગતું નહીં. ખુલ્લી રીતે તેઓ સુરાજ તરફ ભલી નિષ્ઠા બતાવતા, તોપણ બીજાઓ સાથે અંદરખાનેની મસલતો ચલાવતા હતા. એ વાત નવાબની જાણમાં આવતાં તે ગુસ્સે થયો.

નવાસિઝ મહમદ મરણ પામ્યો ત્યારે ઢાકાનો કારભાર તેની સ્ત્રી ઘસીટા બેગમ પાસે આવ્યો, અને રાજવલ્લભ નામનો હિંદુ ગ્રહસ્થ તેનો મુખ્ય કારભારી થયો. એને સરકારી હિસાબની તપાસણી કરાવવા માટે સુરાજ–ઉદ–દૌલાએ મુર્શિદાબાદ બોલાવ્યો, પણ હિસાબ બરાબર રજુ નહીં કરવાથી નવાબે તેને અટકાવમાં મુકયો. રાજવલ્લભ પાસે પુષ્કળ પૈસો હતો, અને આમ કરી તેની પાસેથી તે કહડાવવા નવાબનો વિચાર હોવો જોઇએ. આ હકીકતમાં પોતાની દોલત સંભાળવાની રાજવલ્લભને મુશ્કેલી નડી, એટલે તેણે પોતાના પુત્ર કિસનદાસને દોલતનો મોટો ભાગ સોંપી કલકત્તે મોકલ્યો. ઢાકામાં અંગ્રેજોની વખાર હોવાથી તેમના વેપારીઓને રાજવલ્લભ તરફથી પુષ્કળ મદદ મળી હતી, સબબ તેની અડચણને વખતે તેને સહાય કરવાની અંગ્રેજોની ફરજ હતી, અને તેથીજ તેમણે તેની દોલત પોતાનાં તાબામાં રાખી તેના કુટુંબને આશ્રય આપ્યો. કિસનદાસની સ્ત્રીનો પ્રસુતિકાળ નજદીક હોવાથી કાસીમ બજારની વખારના મુખ્ય અધિકારી વેટસની સીફારસથી અંગ્રેજોએ એને કલકત્તામાં અમીચંદના ઘરમાં રહેવાની જગ્યા આપી. જાસુસો મારફત આ સઘળું નવાબની જાણમાં આવ્યું. જેના ઉપર પોતાની અવકૃપા થયેલી તેવા ગ્રહસ્થને તથા તેનાં કુટુંબને અંગ્રેજોએ આ

પ્રમાણે આશ્રય આપેલો જોઈ તે ચીરડાઈ ગયો. એજ અરસામાં ઘસીટા બેગમ, સૌકતજંગ વગેરે સાથે અંગ્રેજોનો ગુપ્ત પત્ર વ્યવહાર ચાલતો હોવાથી પોતાની વિરૂદ્ધ તેઓ ખટપટ કરે છે એમ તેને લાગ્યું.

બંગાળામાં આ બનાવો બનતા હતા ત્યારે યુરોપમાં ઈંગ્લંડ અને ફ્રાન્સ વચ્ચે થોડા વખતમાં લડાઈ જાગી ઉઠવાની ખબર હિંદુસ્તાનમાંના અંગ્રેજ ફ્રેન્ચ લોકોને મળી, અને પોતપોતાનાં સંસ્થાનની દુરસ્તી કરી યોગ્ય વ્યવસ્થા કરવા માટે ઉભય પ્રજાને હુકમ મળ્યો. આ ઉપરથી નદીની બાજુએથી કિલ્લેબંધી કરી તેઓએ પોતાની વખારનો બંદોબસ્ત કર્યો. અલિવર્દીખાન આ વેળા જીવતો હોત તો તે એમને પોતાની હદમાં લડવા દેત નહીં. પરંતુ તેનાં મરણ બાદ નવાબનું વજન તેટલું રહેવાનું નથી અને આપણને મરજી માફક વર્તવાનું બનશે એમ યુરોપિયનો સમજતા હતા. પોતાના ઉપર કોઈનો સંશય આવે નહીં તેવા હેતુથી તેઓ એક બીજા ઉપર નવાબ વિરૂદ્ધ ઉશ્કેરણી કરવાનો આરોપ મુકતા. આ વિચારો અને બેત ખુલ્લી રીતે ચાલતા હોવાથી તે સઘળા નવાબને કાને પહોંચ્યા એટલે તેનું અંતઃકરણ અતિશય વ્યગ્ર થયું, અને બન્ને પાશ્ચાત્ય વેપારીઓ માટે તેને ઘણી ચીડ આવી. અંગ્રેજો ઉપર નજર રાખવા સારૂ નવાબે મીદનાપુરના કારભારી રાજારામને મુદ્દામ કલકત્તે મોકલ્યો. કાસીમબજારની વખારનો મુખ્ય અમલદાર વેટસ ઘણો ચાલાક, સાહસિક, તથા કાવત્રાંખોર હતો, અને તે નવાબના દરબારની તથા હીલચાલની બાતમી હમેશાં તાબડતોબ કલકત્તે લખી મોકલતો હતો. વળી દરેક બાબતમાં આગળ શું કરવું એવો પ્રશ્ન કલકત્તા કૌન્સિલ રૂબરૂ આવતાં તેઓ પ્રથમ વેટસની સલાહ લઈ તેના વિચાર મુજબ કામ કરતા. એક તરફ એ ગૃહસ્થ નવાબના દરબારમાં અંગ્રેજોનો જાસુસ હતો, અને બીજી તરફથી તે નવાબને ત્યાં તેમનો વકીલ હતો એમ કહી શકાય.

નવાબનો ગુસ્સો આપણા તરફ ઉશ્કેરાયો છે એવી બાતમી વેટસે કલકત્તામાં ગવર્નર ડ્રેકને લખી જણાવી, અને કિસનદાસને અંગ્રેજી હદમાંથી હાંકી કહાડવા માટે આગ્રહપૂર્વક વિનંતિ કરી. આ સલાહ માન્ય નહીં

કરતાં ઉલટું રાજારામ જેવા કલકત્તામાં રહેલા નવાબના અનેક બાતમીદારને ઉંકે અટકાવમાં નાંખ્યા.

સુરાજ–ઉદ–દૌલાના હાથમાં અધિકાર આવતાંજ પ્રથમ ઘસીટા બેગમની સઘળી સપત્તિ તેણે ખુંચી લેવાથી તેનો કરબ જ્યાં ત્યાં સારો બેઠો. એ પછી તેણે પિતામહના વખતના કામદારોને કહાડી મુકી તેની જગ્યાએ નવાની નિમણુક કરી, અને જે કંઈ નવી કિલ્લેબંધી કરવામાં આવી હોય તે તોડી પાડવા માટે અંગ્રેજોને તેમજ ફ્રેન્ચ લોકોને હુકમ કર્યો. આ બાબતમાં ફ્રેન્ચ લોકોએ તેને સમજાવી લીધો પણ અંગ્રેજો વિરૂધ પડયા. 'કલકત્તાની કિલ્લેબંધી કરી છે તે તમોએ હુકમ વિરૂદ્ધ કર્યું છે, એમ કરવા અગાઉ અમારી પરવાનગી મેળવવી જોઈએ' એવું સ્પષ્ટ રીતે જાહેર કરવા માટે નવાબે પોતાના વકીલને અંગ્રેજો પાસે મોકલ્યો. આ વકીલનું કહેવું નહીં ગણકારી તેમણે તેને પોતાની હદમાંથી બહાર કહાડ્યો, કારણ કે કાસીમબજારની વખારના મી. વેટસે તેમને જણાવ્યું હતું કે 'સુરાજ–ઉદ–દૌલાની નિમણુક કાયમની ન હોવાથી ઘસીટા બેગમનો પુત્ર થોડાજ વખતમાં નવાબ થવાનો સંભવ છે.'

સુરાજ–ઉદ–દૌલાએ કહાડેલા હુકમનો આશય એ હતો કે, 'હાલમાં અંગ્રેજોનું વર્તન દુઃસહ થયું છે. કલકત્તા નજદીક નવી કિલ્લેબંધી તેઓ કરે છે છતાં તે માટે તેઓએ અમારી પરવાનગી મેળવી નહીં, તેમજ અમને તે બાબત કંઈ જણાવ્યું પણ નહીં. આ બનાવ દુર્લક્ષ કરવા જેવો નથી. કારણ એઓ કેવળ વેપારી છે, અને વેપારી તરીકેજ તેઓ રહે તો તેઓ અમને અનુકૂળ છે. આ દેશનું રાજ્યસુત્ર અમારા હાથમાં હોવાથી અમે એમ ફરમાવીએ છીએ કે તેમણે ઉભી કરેલી નવી કિલ્લેબંધી એકદમ પાડી નાંખવી.' આ હુકમ વેટસેજ પ્રથમ કલકત્તે જણાવ્યો, અને સાથે નવાબની ડામાડોળ સ્થિતિ જાહેર કરવાથી કૌન્સિલે નવાબના વકીલનું મોટું અપમાન કરી તેને કહાડી મુક્યો, અને વેટસને લખી જણાવ્યું કે 'નવાબ સાથે પત્ર વ્યવહાર રાખી આપણને કંઇ નુકસાન થાય નહીં એવી તજવીજ કરવી.' આ ઉપરથી અંગ્રેજોનું વર્તન જાણી બુજીને અચોક્કસ હતું એમ ખુલ્લુ થાય છે. આ સઘળું ઑર્મે વર્ણવ્યું છે.

રાજારામનો ભાઈ નારાયણદાસ નવાબ તરફથી ખબર મેળવવા કલકત્તે ગયો તે વેળા ગવર્નર ડ્રેક અને અમીચંદ વચ્ચે કંઈક ભિન્નભાવ થયો હતો. અમીચંદ અને નારાયણદાસ ડ્રેકને મળવા ગયા ત્યારે નારાયણદાસે આણેલા નવાબના પત્રનો અસ્વીકાર કરી ડ્રેકે નારાયણદાસને પોતાની હદમાંથી બહાર કહાડ્યો, અને કિલ્લેબંધીની બાબતમાં પોતાની જોખમદારી ઉપર કૌન્સિલની સલાહ વિના નવાબને જવાબ મોકલ્યો. એ જવાબ હાલમાં મળી આવતો નથી; એમ છતાં ડ્રેકનું આગળ ઉપર એવું કહેવું થયું હતું કે 'અંગ્રેજો આજ સો વર્ષ થયાં અહીં વેપાર કરે છે, તેમને માટે સંશય લેવાનું કંઈ કારણ નથી. નવી કિલ્લેબંધી કંઈ પણ કરવામાં આવી નથી. ફ્રેન્ચ લોકો સાથે યુદ્ધ થવાનો સંભવ હોવાથી માત્ર જુનાં બાંધકામનાં ડાગળકુગળ પુર્યાં છે.' આ વિચિત્ર ઉત્તર વાંચી નવાબને ગુસ્સો આવ્યો, અને તેણે કહ્યું કે 'મારા રાજ્યમાં ઝગડો કરનાર એ કોણ? તેમના ઉપર પરદેશી હુમલો આવે તો તેમનું રક્ષણ કરવાને અમારામાં સામર્થ્ય નથી કે શું?' ઉપરના પત્રની સાથેજ પોતાના વકીલ નારાયણદાસને કેદમાં પુરવાની ખબર નવાબને મળી, એટલે તરતજ સઘળી યુરોપિયન પ્રજાને બંગાળાની બહાર કહાડવાનો તેણે નિશ્ચય કર્યો, અને પ્રથમ અંગ્રેજો સાથે લડાઈ કરવાનું ઠરાવ્યું.

આ પ્રમાણે અંગ્રેજોની બાબતમાં નવાબનું ઝનુન ઉશ્કેરાવવાનાં અનેક કારણો મળ્યાં. તેમને વેપારમાં પુષ્કળ સવળતા મળે એવું ફરમાન મળેલું હોવાથી, તેમજ નવાબનો કારભાર જેટલો દુર્બળ, તેટલીજ તેમને વધારે અગવડતા મળતી હોવાથી તેઓના મનમાં નવાબની સત્તાનો અંત લાવવાનો વિચાર ચાલતો હતો. એ બાબત અલિવર્દીખાનને પણ ખબર હોવાથી તેણે મરણ અગાઉ કરેલા ઉપદેશ અન્વય આ તાજા દમવાળા તરૂણે તે ઉપદેશ એકદમ અમલમાં મુકવાની તૈયારી ચલાવી. આ વાસ્તવિકરીતે ભાવી રાજ્યક્રાન્તિની તૈયારી લેખી શકાયે, આ સિવાય બીજાં અનેક તાત્કાલિક કારણો ઉપસ્થિત થયાં હતાં, અને તેનું સ્વરૂપ ઉપર વર્ણવાયું છે. અંગ્રેજોની વખાર જોવાની નવાબને ઇચ્છા હતી, પણ તેઓએ તેને તે બતાવી નહીં, કેમકે તેઓ

પોતાની વખારમાં કોઈને દાખલ થવા દેતા નહીં. બંગાળામાંના ફ્રેન્ચ અમલદાર લૉએ પણ આવુંજ વર્ણન આપ્યું છે. અંગ્રેજો ભારે ઠાઠથી રહેતા અને તેમની કલકત્તાની કોઠી ઘણી આબાદ સ્થિતિમાં હતી, એટલે તેમની પાસે પુષ્કળ સંપત્તિ છે એમ નવાબ સમજતો અને તક મળતાં તે લઈ લેવા તેનો મનસુબો હતો.

ખુદ સુરાજ–ઉદ–દૌલાના લેખમાં આ ટંટાનાં કારણો એવાં નમુદ કર્યાં છે કેઃ–

૧. સ્થાનિક 'કાયદાનો અનાદર કરી અંગ્રેજોએ નવી કિલ્લેબંધી કરી છે.
૨. ફરમાનોનો દુરૂપયોગ કરી તેમણે વેપારમાં ભળતીજ વર્તણુંક ચલાવી છે.
૩. નવાબ પોતાના કારભારીઓ પાસે હિસાબ માંગે તો તે નહીં આપતાં કારભારી તેમની પાસે નાસી જાય અને તેને તેઓ આશ્રય આપે છે.

આ ત્રીજા કારણના સંબંધમાં સુરાજ–ઉદ–દૌલાએ ગવર્નર ડ્રેક માટે ભારે ગુસ્સાથી ભરેલા ઉદ્દગારો કહાડ્યા છે. 'અંગ્રેજોએ ખાડી બાંધી છે તે ભરી કહાડી, તટબંધી તોડી પાડી, મુર્શિદકુલ્લીખાનના વખતમાં ચાલુ હતો તેવો વેપાર હમણા ચલાવવો; એ પ્રમાણે જો તેઓ નહીં કરે તો કંઈ પણ કારણ સાંભળ્યા વિના અમારા દેશમાંથી તેમને હાંકી મુકીશું.' નવાબની પરવાનગી લીધા વિના અંગ્રેજોએ કિલ્લેબંધી કરી હતી એ તેમનાજ લેખ ઉપરથી સિદ્ધ થાય છે. ફરમાનમાં આપેલી નહીં હોય તેવી વેપારી સગવડતા તેઓ ભોગવતા એ પણ તેઓને કબૂલ છે. કિસનદાસના સંબંધમાં અંગ્રેજોનું ધારવું એવું હતું કે નવા નવાબની સત્તા રાજ્યમાં જામ્યા પછી તે માટે વિચાર કરવામાં આવશે. કારણ કદાચિત નવાબના પ્રતિસ્પર્ધીઓ બંડ કરે તો બન્ને બાજુ ઉપર આધાર રાખી યોગ્ય જણાય તેમ વર્તવા તેમનો વિચાર હતો. નવાબને આ સ્થિતિ રાજ્યને જડમૂળથી ઉખેડી નાંખવા જેવી લાગી એમાં નવાઈ નહોતી. આ સઘળું ખરૂં હોય છતાં તે

માટે નવાબને આટલા બધા ગુસ્સે થવાનું તેમજ આટલા સખ્ત ઈલાજ લેવાનું કારણ નહોતું એમ અંગ્રેજોનું કહેવું છે. નવાબના જુલમથી ત્રાસી ગયલા હિંદીઓ ઉક્ત બનાવો ઘણી ઉત્સુકતાથી જોતા હતા.

**૫. કાસીમબજારની વખારની પડતી** ( જુન ૧ લી, સને ૧૭૫૬ ).—ઉપરના બનાવો બનતા હતા ત્યારે સુરાજ-ઉદ-દૌલા મુર્શિદાબાદની ઉત્તરે ત્રણ માઇલ ઉપર રાજમહાલમાં હતો. અહીંથી તેણે બે હુકમ કહાડ્યા. પહેલો કાસીમબજારમાંની અંગ્રેજી વખાર કબજે લેવાનો, અને બીજો કલકત્તાના અંગ્રેજોનો નાસી જવાનો માર્ગ બંધ કરવા માટે તથા નીચેથી બીજી મદદ તેમને મળતી અટકાવવા માટે દરીઆ તરફ નદી કિનારે આવેલું તેમનું મકબાનું થાણું હસ્તગત કરવાનો. કાસીમબજારની વખારનો મુખ્ય અધિકાર ભોગવનાર તથા અહીંના વહિવટથી સારી રીતે વાકેફગાર થયલા મી. વેટસની ઉમ્મર આ વખતે ૩૮ વર્ષની હતી. નવાબનાં ફરમાન મુજબ તા. ૨૪ મી મે, સને ૧૭૫૬ ને દીને તેનો સેનાપતિ મીરઝા ઉમરબેગ લશ્કર લઈ કાસીમ બજારની વખાર ઉપર આવ્યો. ઉમરબેગને ખુદ નવાબનાં મનના વિચારો માલમ ન હોવાથી તેણે અંગ્રેજ, વલંદા તથા ફ્રેન્ચ ત્રણેની વખારને ઘેરા ઘાલ્યા, પણ વેટસને અન્નસામગ્રી વગેરે મેળવવામાં કંઈ પ્રતિબંધ કર્યો નહીં. આ ઉપરથી વેટસને લાગ્યું કે આ સઘળી ધામધુમ માત્ર પૈસા કહડાવવા માટે હતી. પણ વળતે દિને વલંદા તથા ફ્રેન્ચ વખારો પડતી મુકી સઘળી ફોજ અંગ્રેજો ઉપર આવી ત્યારે વેટસ ગભરાયો, અને કલકત્તેથી એકદમ મદદ મંગાવી. તેણે નવાબ સાથે સલાહ સંપથી વર્તવા ગવર્નરને જણાવ્યું; તે પ્રમાણે કૌન્સિલે કલકત્તા નવાબને પત્ર લખ્યો પણ તે તેને પહોંચ્યો નહીં, અને વેટસને ખબર કરી કે 'વધારે મદદ મોકલી શકાતી નથી. તમારી પાસે જે માણસો છે તેટલાથી ચોમાસા સુધી સહેલાઈથી નિભાવ થશે.' એ પત્ર વેટસને પણ મળ્યો નહીં. એટલામાં અહીં વેટસ ઘણીજ ભયંકર મુશ્કેલીથી ઘેરાઈ પડ્યો હતો. તેની પાસે ફક્ત ૫૦ માણસો હતા, અને તેમાંના માત્ર અડધાજ યુરોપિયન હતા; તોપ તદ્દન નિરૂપયોગી હતી. આ હકીકતમાં લડાઈમાં તેનો ટકાવ થવાનો નહોતો, અને તેમાં યશ ન મળ્યો તો

કંપની તરફથી તેને ટપકો મળશે, એમ ધારતી હતી. એની સાથે એની સ્ત્રી હતી, અને તેનો પ્રસુતિ સમય સમીપ હોવાથી તે નવાબના સ્વાધીનમાં જવાની વાટ જોતો હતો. તા. ૧ લી જુને સુરાજ-ઉદ-દૌલા મુર્શિદાબાદ આવ્યો, તરતજ પોતાના સેનાપતિ રાયદુર્લભને કાસીમબજારનો કિલ્લો લેવા મોકલ્યો, અને પોતે પણ તેની પાછળ નીકળ્યો. રાયદુર્લભે વેટસને નવાબની મુલાકાતે બોલાવ્યો, ત્યારે સઘળાની સલાહ પ્રમાણે તે ત્યાં ગયો. પણ નવાબે તેને ત્યાં કેદ કર્યો, અને બીજાં કેટલાંક માણસો પણ કેદમાં પુરાયાં. બાકીનાં માણસો નાસી જવાથી કિલ્લો નવાબના હાથમાં ગયો. આ પરિણામ માટે લોકો વેટસનો દોષ કહાડે છે, પણ ઘણાકનું કહેવું એવું છે કે કિલ્લો સહજમાં નવાબને હસ્તગત થાય એવો હતો. તા. ૫ મી જુને વેટસને સાથે લઈ નવાબ કલકત્તે જવા નીકળ્યો. રસ્તામાં કાસીમબજારમાંની તોપ તથા દારૂગોળો તેણે પોતાની સાથે લીધાં, પણ એ સિવાય વખારમાંથી તેણે કંઈ લીધું નહીં.

વેટસની ખટપટ ફોગટ ગઈ, અને નવાબે લશ્કર મોકલી કાસીમ બજારની વખારને ઘેરો ઘાલ્યો એ સાંભળી કલકત્તાની કૌન્સિલ ગભરાઈ ઉઠી. ગમે તેવી સરતો કબુલ કરી નવાબને સમજાવી લેવા તેમણે વેટસને લખ્યું, તેથી તેણે હેઠળ લખેલી સરતે નવાબને કરાર લખી આપ્યોઃ—

(૧) કલકત્તાના કિલ્લામાં પેરીન્સ આગળ બાંધેલો બુરજ તોડી પાડવો; (૨) નવાબના તાબાના લોકો કલકત્તામાં નાસી આવે તેને આશ્રય નહીં આપવાં પાછા મોકલી દેવા; (૩) છેલ્લાં કેટલાંક વર્ષમાં કંપનીએ લોકોને કેવા દસ્તકો આપ્યા છે તેનો હિસાબ આપવો; (૪) અયોગ્ય દસ્તક આપ્યાનું પુરવાર થાય તો તે માટે નુકસાની ભરી આપવી, અને (૫) હૉવેલને કલકત્તામાં જમાબંધીનો અધિકાર આપેલો હોવાથી નવાબની રૈયતને નુકસાન થાય છે, સબબ તે અધિકાર કહાડી નાંખવો.

આ સરતો સઘળી રીતે યોગ્ય હતી, પણ એથી અયોગ્ય માર્ગે પૈસા મેળવવાની અંગ્રેજોને બંધી થવાની હતી. એ કારણસર ઉક્ત કરાર કાગળ ઉપરજ રહ્યો અને તે પ્રમાણે અંગ્રેજો કદી વર્ત્યા નહીં. ઉલટા તેઓ નવાબને અનેક રીતે

ખીજવવા લાગ્યા. નવાબને આથી ઘણું ખોટું લાગ્યું, અને દાદાએ ફુંકેલો કાનમંત્ર તેને બરાબર યાદ આવ્યો. એ મંત્ર તેના મનમાં રાત દિવસ ઘોળાવા લાગ્યો, અને ઉપર પ્રમાણે લખી આપેલા કરારનો અંગ્રેજ પાસે અમલ કરાવવાનો તેણે નિશ્ચય કર્યો. તરતજ લશ્કર લઈ તેણે કલકત્તા ઉપર સ્વારી કરી. એ વખતે તેની સામા થવાની અંગ્રેજોની તાકાત ન હોવાથી ઢાકા, જગદિઆ, બાલાસોર વગેરે ઠેકાણાની વખારના અમલદારોને બને તેટલો અવેજ સાથે લઈ વખાર છોડી નીકળી જવા કૌન્સિલે જણાવ્યું. આ તરફ કેટલાક સાહુકારોની મારફત નવાબ સાથે તેમણે સંદેશા ચલાવ્યા, અને ગમે તેમ કરી 'ઉપરના કરારનામામાંથી આપણને મુક્ત કરે, અને લાંચ લઈ નવાબ પાછો જાય,' એવી ખટપટ અંગ્રેજોએ ઉપાડી.

**૬. કલકત્તામાંથી અંગ્રેજોનો ઉઠાવ (જુન ૧૭૫૬).**—સુરાજ–ઉદ–દૌલા કલકત્તા ઉપર ઘણીજ ત્વરાથી આવ્યો. એકસો સાઠ માઇલનું અંતર આટલાં લશ્કરસહિત ભર ઉનાળામાં રસ્તા પણ મળે નહીં એવા ભાગમાંથી તેણે અગીઆર દિવસમાં કાપ્યું. વલંદા તથા ફ્રેન્ચ લોકોની મદદ મેળવવા તેણે પ્રયત્ન કર્યો, પણ તે સફળ થયો નહીં. કોઇ તેને મ્હોડે અંગ્રેજોની વડાઈ કરતું તો તે ચીરડાઈ ઉઠતો. એમ છતાં ઉપર કહેલી સરતો અંગ્રેજોએ કબૂલ કરી હોત તો તેમની કબુલાત લઈ તે પાછો ફરત. ફ્રેન્ચ લોકોની પણ ખાતરી થઈ હતી કે નવાબ અંગ્રેજોથી ઘણોજ બ્હીતો હતો. મુર્શિદાબાદમાં ખ્વાજા વાજીદ કરીને એક મોટો સાહુકાર હતો તેની મારફતે અંગ્રેજો સાથે સલાહ કરવાનો તેણે પ્રયત્ન કર્યો હતો. તે વેળા પણ કાસીમબજારની ટપાલ કલકત્તામાં સત્તાવીસ કલાકમાં આવતી હોવાથી બીજી તારીખના વૅટસના પત્રો વળતે દિવસે કલકત્તામાં આવ્યા. ખ્વાજા વાજીદે સલાહ કરાવવાનો ઉપક્રમ પંદરમી સોળમી તારીખે ઉપાડયો, પણ તેમ કરવામાં થયલી ઢીલથી લશ્કર પાછું બોલાવી લેવાનું નવાબ માટે અશક્ય હતું. કાસીમબજાર નવાબને હાથ જવાની ખબર તા. ૭ મી જુને કલકત્તે પહોંચી.

આણી તરફ કલકત્તા કૌન્સિલે તા. ૨૦ મી મેથી પોતાનો બંદોબસ્ત કરવાની તથા લશ્કરની વ્યવસ્થા કરવાની તૈયારી ચલાવી હતી. વલંદા તથા

ફ્રેન્ચ લોકોને તેણે મદદે બોલાવ્યા, તથા આ પ્રસંગ સઘળા યુરોપિયનો ઉપર આવી પડ્યો છે, અને સર્વેએ એકત્ર થઈ તેનું નિવારણ કરવું જોઇએ એમ તેમણે આગ્રહપૂર્વક જાહેર કર્યું. વલંદાઓએ પોતાની હમેશની વેપારી મર્યાદા છોડવાની સાફ ના પાડી, અને ફ્રેન્ચ લોકોએ જોકે બહારથી સહાનુભૂતિ બતાવી, તોપણ પ્રસંગ આવતાં 'તમે અમારા કિલ્લામાં આવી રહો' એટલું કહેવા કરતાં વધારે તેમણે કંઈ કર્યું નહીં. ફ્રેન્ચ લોકોએ નવાબને કંઇક દારૂગોળો આપ્યો હતો એમ અંગ્રેજો કહે છે, પણ તે વાત ફ્રેન્ચ નાકબુલ કરે છે. અંગ્રેજોએ કલકત્તાના બચાવની જે નવી ગોઠવણ કરી હતી તે ઘણી સારી નહોતી. સાતમી તારીખે ખ્વાજા વાજીદનો પત્ર તેના દીવાન શિબબાબુ સાથે કલકત્તે આવ્યો; તેનો મજકુર એવો હતો કે, 'નવાબને ચીડવવાનું સઘળું કામ અમીચંદે કર્યું છે.' ગવર્નરે ઉત્તર વાળી નવાબની સમજુત કરવાનો પ્રયત્ન કર્યો. આણી તરફથી બચાવનાં કામો ઉત્કૃષ્ટ છે એમ બતાવવા અંગ્રેજોએ પંદર સિપાઈઓને મોકલી કલકત્તાની હેઠળ સુખસાગરમાં ભારે ગડબડ મચાવવા માંડી. આનું પરિણામ એ આવ્યું કે નવાબના લશ્કરે તેગને ખાધખોરાકી પહોંચતી બંધ કરી. તા. ૧૧ મીએ લશ્કરની ગણત્રી કરતાં અંગ્રેજોનાં કુલ્લે પાંચસો પંદર માણસો માલમ પડ્યાં; એમાંની અડધી સંખ્યા યુરોપિયનોની હતી. તોપ સારી નહોતી; તેને વ્યવસ્થિત રીતે ગોઠવવામાં મહેનત પડે તેમ હતું. દારૂ હતો પણ તે ઘણો ખરો હવાઈ જવાથી નિરૂપયોગી થયો હતો. કલકત્તા શહેરના ત્રણ ભાગ હતાઃ પહેલો જ્યાં વખાર વગેરે હતાં તે ફોર્ટ વિલિઅમનો કિલ્લો, બીજો યુરોપિયન વસ્તીનો ભાગ, અને ત્રીજો દેશીઓની વસ્તીનો ભાગ. છેલ્લા બે ભાગ છોડી દઈ માત્ર કિલ્લાનો બચાવ કરવાનો અંગ્રેજોએ ઠરાવ કર્યો. કલકત્તાના ઘણા ખરા વેપારીઓ તથા લોકો પોતાની ધનદોલત તથા કુટુંબને બહારગામ મોકલી પોતાનો બચાવ કરવામાં રોકાયા હતા. ગોવિંદરામ મિત્ર નામનો એક કલકત્તાનો ગૃહસ્થ અંગ્રેજો તર્ફે એકસરખી ખટપટ કરતો હતો. નવાબ કલકત્તા તરફ જતો હતો ત્યારે વેટસ તેની સાથે હતો. તેનો તા. ૧૨ મીનો પત્ર એવી મતલબનો આવ્યો કે, 'થોડોક દંડ ભરશો

તથા નવાબની માગણી કબુલ કરશો, તો હજી પણ પોતાનો ઉપક્રમ છોડી દઈ નવાબ પાછો જશે.' જવાબમાં ડ્રેકસાહેબે જણાવ્યું કે, 'કાસીમબજાર આગળ થયેલું અપમાન બસ છે. હવે પછી નવાબનું મન મનાવવાનું અમને બીલકુલ પસંદ નથી.' ખરું તો એ હતું, કે પોતે કલકત્તાનો બચાવ સ્હેલાઈથી કરી શકશે એમ ડ્રેક મગરૂર થતો હતો. અંગ્રેજોને જે કંઈ બ્હીક હતી તે માત્ર નવાબના તોપખાનાની હતી, કેમકે તેમાં પોર્ટુગીઝ તથા ફ્રેન્ચ લોકો હતા. તોપખાના ઉપરના આ લોકોના મન પાદરીઓની મારફતે બગાડવાનો અંગ્રેજોએ પ્રયત્ન કર્યો, પરંતુ તે સફળ થયો નહીં.

અંગ્રેજો એમ માનતા હતા કે અન્ય લોકોના કહેવા ઉપરથી નવાબનું મન ઉશ્કેરાઈ ગયું હતું. તેમની અને નવાબ વચ્ચે મધ્યસ્થ તરીકે સંદેશા ચલાવનારા બેજ માણસો હતા, એક ખ્વાજા વાજીદ તથા બીજો અમીચંદ. એ બેઉ મોટા વજનદાર વેપારીઓ હતા, અને બેઉ માટે નિષ્કારણ એઓને સંશય આવ્યો હતો. તા. ૧ લીએ અંગ્રેજોએ અમીચંદને ઘેર ફોજ મોકલી તેને પકડી મગાવી કિલ્લામાં પૂર્યો. તેમજ કિસનદાસ કદાચિત નાસી જાય એ બ્હીકે તેને પણ પકડી મગાવ્યો. એ બે જણા થોડી ઝપાઝપી થતાં રક્તપાત થયા વિના શરણે આવ્યા નહીં. અમીચંદને અંગ્રેજોએ કેદમાં નાખ્યો એ ખ્વાજા વાજીદને પસંદ પડ્યું નહીં.

તા. ૧૬ મી જુને નવાબ કલકત્તે આવી પહોંચ્યો, અને અમીચંદના બાગમાં ઉતર્યો. અમીચંદ કેદ પકડાવાથી તેના સઘળા માણસો અંગ્રેજો તરફ નારાજ થયેલા હોવાથી, અને તેમણે કલકત્તા વિષેની ઉપયુક્ત માહિતી નવાબને આપી. તા. ૧૭ મી જુને નવાબનું સઘળું લશ્કર ત્યાં આવી પહોંચ્યું. તેજ દિવસે અંગ્રેજો પાસેથી એક હજાર મજુરો નોકરી છોડી નીકળી ગયા. વળી અંગ્રેજી લશ્કરના માણસોનાં સ્ત્રી છોકરાઓ જેઓ અત્યાર લગી શહેર બહાર હતાં તે હવે આ કિલ્લામાં ધુસવાથી ભારે ગડબડ થઈ રહી! તા. ૧૮ મીએ લડાઈ શરૂ થઇ તે દહાડે અંગ્રેજોની તોપે નવાબની ફોજમાં ભારે નાશ વર્તાવ્યો, તોપણ સંખ્યાબળને લીધે તેમને પોતાના તોપખાનાની જગ્યા છોડી પાછળ હઠવું પડ્યું. પહેલા દિવસની આ ઝપાઝપીથી અંગ્રેજોની મગરૂરી પુષ્કળ ઉતરી

એ દિને રાતના હવે પછી શું કરવું એનો વિચાર કરવા કિલ્લામાં કૌન્સિલ ભેગી મળી. ઘણાં માણસો જખમી થયાં હતાં, અન્નસામગ્રી હતી પણ ખોરાક તૈયાર કરનાર કોઈ નહોતું. અધિકારીઓના હુકમ તાબાના લોકો પાળતા નહીં તેથી કિલ્લાને આગ લગાડી નદીમાંથી વહાણો મારફત નાસી જવાનું નક્કી થયું. નાણાંની કોથળીઓ તેમજ કેટલોક સામાન વહાણ ઉપર ચડાવવામાં આવ્યો. અધિકારી વર્ગનો આ વિચાર ચાલતો હતો તેવામાં એકદમ તોપનો એક ગોળો તેમની સામા આવી પડ્યો કે તેની સાથેજ સઘળાંનાં મન વિચળ થયાં. તેમનામાં હૉલ્વેલ કરીને એક ગૃહસ્થ હતો તેણે અમીચંદને મળી નવાબ પાસે જઈ ગમે તે રીતે નિકાલ કરવાની તેને વિનંતિ કરી. અમીચંદ પહેલેથીજ ગુસ્સે થઈ ગયો હતો તેથી તેમજ કદાચિત નવાબ આપણો સંદેશો સાંભળશે નહીં એમ ધારી તેણે એ વાત કાન ઉપર લીધી નહીં. તા. ૧૯ મીએ સહવારે દશ વાગતે ગવર્નર ડ્રેકને માલમ પડ્યું કે દારૂગોળાની સિલ્લક બીલકુલ રહી નહોતી. આ વાતની સ્ત્રીમંડળમાં જાણ થતાં તેમણે વહાણ તરફ દોડ મુકી. આ ગડબડમાં ધક્કામુકી થતાં બમોએક માણુસો ડુબી ગયાં. એટલામાં કિલ્લામાંથી બોટ ઉપર ચડવાનું નાકું કબજે કરવાને નવાબનાં માણુસો આવે છે એમ ખબર આવી. આથી ગડબડાટનો પાર રહ્યો નહી, ગવર્નર ડ્રેક દીગમુઢ બની ગયો; પોતેજ પાછળ રહી એકલો નવાબના હાથમાં સપડાશે તથા નવાબનો ડોળો પોતાના ઉપર વિશેષ છે એવું. તેને ખુલ્લું જણાવવા લાગ્યું. ઘણા દિવસની અથાગ મેહેનત તથા ઉજાગરાથી તે થાકી ગયો હતો. આવી મુશ્કેલીમાં ગમે તેમ કરી આખરે ભુસ્કો મારી તે વહાણ ઉપર ચડ્યો. વહાણો નદીનાં મુખ તરફ લઈ જઈ ઉભાં રાખવામાં આવ્યાં હતાં. પાછળ રહેલા લોકોને બચાવવા માટે તે પાછાં લાવવાં જોઇએ પણ ખલાસીઓએ તેમ કરવા હિંમત કરી નહીં, અને તેમનામાં ધીરજવાળો એક પણ માણસ ન હોવાથી પાછા ફરવાનો વિચાર છોડી દઈ સઘળાઓ વહાણ હંકારી નીકળી ગયા. સારાંશ, કેટલાંક માણસોને પાછળ મુકી પોતાનો જીવ બચાવવા માટે અત્યંત અધીરા થઈ અંગ્રેજો આ પ્રમાણે નાસી ગયા એથી તેમના નામ ઉપર

નામેોશી આવી છે. વહાણો નદીમાં ઘણે દૂર ઉતરી એક દિવસ થોભ્યાં; ત્યાંથી આગળ વધી તા. ૨૬ મી જુને તેઓ દરીઆ કિનારે ફુલ્ટા આગળ આવી પહોંચ્યાં. આ ઠેકાણે વલંદા લોકોએ તેમને આશ્રય આપવાથી તેમનો બચાવ થયો. નવાબનું તોપખાનું સારી સ્થિતિમાં હોત તો અંગ્રેજોનું એક પણ વહાણ સુરક્ષિતપણે નાસી જઇ શકતે નહીં. અહીં આ યુદ્ધરૂપી નાટકનો પહેલો અંક સમાપ્ત થયો.

**૭. 'બ્લૅક હોલ' ઉર્ફે અંધારી કોટડીનો બનાવ** (રવિવાર તા. ૨૦ મી જુન, ૧૭૫૬).—પાછળ રહેલાં અંગ્રેજ મંડળની કેવી અવદશા થઇ તે હવે આપણે જોઇએ. ડ્રેક વહાણો લઈ નીકળી ગયાની ખબર મળતાં એ મંડળમાં મોટો હાહાકાર થઈ રહ્યો. ગુસ્સાના આવેશમાં તેઓ છેક ગાંડા જેવા બની ગયા. તોપણ પ્રસંગ ઘણો બારીક હોવાથી મનનો ગુસ્સો દબાવી આગળ શું કરવું તેનો વિચાર કરવાની તેમને ફરજ પડી. પોર્તુગીઝ તથા આર્મિનિયનો મળી લડવાને યોગ્ય ૧૭૦ માણસો રહ્યાં હતાં, તે સઘળાં ડ્રેકના ચાલ્યા જવા પછી એકઠાં થયાં, અને તેમણે ડ્રેક તથા બીજા કૅાન્સિલરોને કામ ઉપરથી દૂર કરી હૉલ્વેલને મુખ્ય અમલદાર નીમ્યો. હૉલ્વેલ કૅાન્સિલનો ઘણો જુનો સભાસદ હોવા ઉપરાંત કલકત્તાનો જમીનદાર એટલે મેજીસ્ટ્રેટ હતો તેથી તેને સર્વ લોકો બાબત સારી માહિતી હતી. પણ તે જાતે બેદરકાર હોવાથી કોઇને તે પસંદ પડતો નહીં, છતાં તેનેજ સઘળાએ તુર્ત વેળા ગવર્નરની પદ્રી આપી. પહેલાં તો સર્વાનુમતે જીવ બચાવી નાસી જવાનો ઠરાવ થયો, પણ પ્રિન્સ જ્યોર્જ નામનું વહાણ જે પાછળ રહ્યું હતું તે તેમને મળી શક્યું નહીં. આથી સર્વ માણસો બહારનાં ઘરો છોડી દઈ કિલ્લામાં જમા થયા, અને કંઈ થાય તો મરણ પર્યંત લડી કિલ્લાનો બચાવ કરવાનો હૉલ્વેલે નિશ્ચય કર્યો. બીજી તરફથી તેણે વહાણો પાછાં બોલાવવાનો વાવટો ચડાવ્યો, પણ તેનું કંઈ ફળ નિપજ્યું નહીં. તા. ૧૯ મીએ કિલ્લાની આસપાસનાં ઘરોમાંથી નવાબનાં લશ્કરે બંદુકો છોડી અંદરનાં માણસોને ઘણા હેરાન કર્યાં. રાતે તે ઘરોમાં આગ લાગવાથી જ્યાં ત્યાં ભયંકર દેખાવો જણાયા. હેરાન થયલા લોકો નાઇલાજ થઈ ગમે

તે ઘરમાં દાખલ થઇ મરજી માફક મદ્યપાન કરવા લાગ્યા. રાતના ૫૬ આસામીઓ અંગ્રેજોનો પક્ષ છોડી નવાબને જઈ મળ્યા; એમાંના ઘણાખરા વલંદાઓ હતા.

રવિવાર તા. ૨૦ મી જુનનો દિવસ ઉગતાં નવાબનો મારો વધારે સખત આવવા લાગ્યો, કિલ્લાનાં માણસોની દાણાદાણ થવા માંડી; એક બુરજ ઉપર અંગ્રેજોનાં ૪૦ માણસો જમા થયાં, દારૂગોળો સઘળો ખપી ગયો, શત્રુને શરણે જવાને સઘળાઓ હૉલ્વેલની આજીજી કરવા લાગ્યા, પણ તેણે તે માન્ય કરી નહીં. બપોર થતાં અંગ્રેજોનાં કુલ્લે ૨૫ માણસો મુઆં અને ૭૦ જખમી થઇ પડ્યાં. તોપખાનાં આગળ ફક્ત ૧૪ માણસોજ રહ્યાં. સહવારનાજ હૉલ્વેલે કેદમાં પડેલા અમીચંદની મુલાકાત લીધી, અને તેને નવાબની મરજી સંપાદન કરેલા અમલદાર માણેકચંદને પત્ર લખી અંગ્રેજો તરફથી સંદેશા ચલાવવા કહ્યું. અમીચંદનો આ પત્ર સવારમાંજ ગયો. બપોરના બે વાગતાં કિલ્લાની સામેના એક ઘરમાંથી એક માણસ લોકોને ખુન નહીં કરવા તથા લડવાનું બંધ કરવા જણાવતો હતો. હોલ્વેલે કિલ્લામાંથી તેને જોયો ત્યારે ‘ લડાઈ બંધ કરશો તો તહ કરીશું ’ એવો ઉત્તર તેને મળ્યો. આ પરિણામ અમીચંદના પત્રનું હશે એમ સમજી હોલ્વેલે લડાઈ બંધ કરી. એ પછી ચાર વાગતે નવાબની ફોજ કિલ્લામાં દાખલ થઈ. તેમને અટકાવનારાઓને આ ફોજે કાપી નાંખ્યા ત્યારે ગમે તે કરતાં મરણ સમય ચુકાવાતો નથી એમ જોઈ હૉલ્વેલે લડાઈ કરી મરવાનો નિશ્ચય કર્યો. એટલામાં નવાબનો એક અધિકારી આવી પહોંચતાં તેની આગળ શસ્ત્ર મુકી સઘળા તેને સ્વાધીન થયા. આ પછી હૉલ્વેલે કોટ ઉપર ચડી સામી બાજુ ઉપર બેઠેલા નવાબને સલામ કરી. નવાબે તેની સલામ સ્વીકારી એટલે લડાઈ તહકુબ થઈ, અને ફાલતુ લોકો સુદ્ધાં સઘળા શરણે થયા. નવાબ પાલખીમાં બેસી કિલ્લામાં ફર્યો. હોલ્વેલના હાથ બાંધી તેને નવાબની હજુરમાં લાવ્યા ત્યારે નવાબે તેના હાથ છોડાવ્યા, અને ‘ તમને ઈજા થશે નહીં ’ એવું વચન આપ્યું. ‘ અમે અહિંના અધિકારી છીએ, અમારા ઉપર તમારે શસ્ત્રો ચલાવવાં જોઈતાં નહોતાં. વળી અહિંનાં મોટાં

મોટાં કારખાનાં તથા સુંદર ઘરો તમે બાળી નાંખ્યાં, એ ઘણું ખોટું થયું.' આ પ્રમાણે નવાબે પોતાનો સંતાપ જાહેર કર્યો. આટલું થયા પછી કિલ્લાની બહાર વેડરબર્નનાં ઘરમાં નવાબે મુકામ કર્યો. તેણે પોર્તુગીઝ અને આર્મિનિયનોને બહાર જવા દીધા, તેમ બીજા કેટલાક યુરોપિયનો લાગ ફાવ્યો તેમ નીકળી ગયા. નવાબની ફોજે યુરોપિયનોનાં ઘર લૂટ્યાં, પણ તેમને બીજો કાંઈ ત્રાસ આપ્યો નહીં. સઘળાઓ અંગ્રેજોનો ખજાનો શોધવામાં તથા રાત્રીની તજવીજ કરવામાં ગુંથાયા હતા એવામાં કેટલાક યુરોપિયન સોલ્જરો દારૂ પી દંગો કરવા લાગ્યા, અને ગડબડમાં તેમણે નવાબનાં કેટલાંક માણસોને ઠાર માર્યાં. આ હકીકત નવાબને કાને જતાં તેણે જણાવ્યું કે, 'આટલા યુરોપિયનોને આખી રાત છુટા રાખવા સલાહ ભરેલું નથી, તેઓ મરજીમાં આવે તેવો દંગો કરશે; માટે તોફાનીઓને અટકાવમાં રાખવાની જગ્યા હોય તો જોવી, અને ત્યાં આખી રાત તેમને બંદોબસ્તથી રાખવા.' વાસ્તવિકરીતે આ હુકમ ફક્ત તોફાનીઓ માટેજ હોવાથી, તે સઘળાઓને એક સરખો લાગુ પાડવાનો નહોતો એમ દેખાય છે. પણ નવાબના અમલદારો અંગ્રેજો સામે ઉશ્કેરાઈ ગયા હતા. આખો દિવસ તેમની સાથે લડવામાં તેમનાં સુમારે સાત હજાર માણસો મુઆં હતાં, એટલે ગુસ્સાના આવેશમાં તેમણે સઘળાને એક નાની કોટડીમાં ખુંચી ખુંચીને ભર્યા. આ ખોલી ૧૮ ફુટ લાંબી અને ૧૮ ફુટ પહોળી હતી, અને તેમાં દંગાખોર કેદીઓને પુરવાનો પ્રચાત હતો. રાતના મસાલ લઈ અધિકારીઓએ કિલ્લામાંની ઓરડીઓ તપાસવા માંડી ત્યારે આટલી એકજ ખોલી તેમને મજબૂત માલમ પડી. તેમની પાસે કુલ્લે ૧૪૬ કેદીઓ હતા, તેમાં એક સ્ત્રી તથા બાકીના સઘળા પુરૂષો હતા. પ્રત્યેક આસામીને આસરે ૨-૩ ચોરસ ફુટ એટલે ૧ ફુટ ૧॥ ઇંચ લાંબી તથા તેટલીજ પહોળી જગ્યા મળી શકે, એટલો આ ખોલીનો વિસ્તાર હતો. સાંજના આઠથી સહવારના ૭ વાગતા સુધી આ ખોલીમાં ૧૪૬ માણસો પુરાઈ રહ્યાં. એ ઓરડીમાં ફક્ત એક નાની ગજીઆવાળી બારી હતી. જુન મહિનાના સખ્ત ગરમીના દિવસે આ લોકોની કેવી ભયંકર દશા થઇ હશે તેનું વર્ણન સાંભળી શરીર

ઉપરનાં રૂવાં ઉભાં થયા વિના રહેતાં નથી. કેદી લોકોના પ્રાણ ગુંગળાઈ જતાં તેઓ ગાંડા જેવા થઈ ગયા; તેઓએ એક બીજાના પગ આગળ તુટી પડી અતિશય ગડબડ મચાવી. પહેરાવાળા પાસે પાણી માગતાં ઘણી મહેનતે થોડુંક પાણી બારીના ગજમાંથી તેમને મળ્યું. તે ઉપર એકદમ સઘળા એવા તુટી પડ્યા કે બે ચાર ટીપાં પણ પાણી પણ દરેકને મળ્યું નહીં. 'અમને ગુચા મારી ઠાર કરો, નહીં તો નવાબને કહી અમને છુટા કરો' વગેરે અનેક વિનવણાં તેઓએ કર્યાં તોપણ તે તરફ કોઇએ લક્ષ આપ્યું નહીં. 'નવાબની ઉંઘ ખલેલ કરી શકાની નથી' એટલોજ જવાબ પહેરાવાળાએ આપ્યો, અને પોતે આ લોકોની હાલત જોઈ મજાહ મારતા સ્વસ્થ બેસી રહ્યા. આ બનાવનું બારીક વર્ણન હૉલ્વેલે આપ્યું છે તે વાંચતાં બંગાળામાંના આ પ્રકરણ માટે મનમાં તિરસ્કાર ઉપજે છે. સહવાર પડતાં ૧૪૬ માંથી ફક્ત ૨૩ આસામી અધમુઆં થયલાં બહાર આવ્યાં, તેમાં પેથી એક બાઈ જીવતી હતી.

અંગ્રેજોએ કિલ્લામાં પુષ્કળ પૈસા દાટી મુક્યા છે એવી ખબર નવાબને ઘણા દિવસ થયાં મળી હતી, અને એ પૈસો મેળવવા તેની મોટી આકાંક્ષા હતી. અતિશય મહેનત પછી તેને અંગ્રેજ તીજોરીમાથી ફક્ત પચાસ હજાર રૂપીઆનો અવેજ મળ્યો, એટલે સવાર થતાંજ તેણે હૉલ્વેલને પોતાની મુલાકાતે બોલાવ્યો. હૉલ્વેલે પોતાને એ બાબત કંઇ પણ ખબર હોવાનો ઈનકાર કરવાથી તેને તથા બીજા બે આસામીઓને નવાબે મીરમદન નામના પોતાના અધિકારીના હવાલામાં સોંપ્યા. બહુધા આ સઘળું અમીચંદના કહેવા ઉપરથીજ થયું હશે, કારણ અમીચંદ અને કિસનદાસ બન્ને હવે કેદમાંથી છુટી નવાબના મોટા માનીતા થઈ પડ્યા હતા, અને નવાબે તેમને પોશાક વગેરે આપી ખુશ કર્યાં હતા. મીરમદન આ કેદીઓને એક બળદની ગાડીમાં ઘાલી અમીચંદના બાગમાં લઈ ગયો. ત્યાં એક દિવસ રાખ્યા બાદ તેમને સખત તાપમાં ચલાવતા ગોદીને નાકે લાવવામાં આવ્યા. એટલામાં તેમને સર્વાંગે ગરમીથી ગોડ ફુટી નીકળ્યાં. તા. ૨૪ મીએ ઘણું કરીને નવાબના હુકમ અન્વય તેમને વહાણ

ઉપર ચડાવી મુર્શિદાબાદ મોકલવામાં આવ્યા. તેઓ ત્યાં તા. ૭ મી જુલાઈએ પહોંચ્યા, અને નવાબ પણ તા. ૧૧ મીએ આવી લાગ્યો. તા. ૧૬ મીએ તેમની મુલાકાત લીધી ત્યારે તેમની ભયંકર દુર્દશા જોઈ નવાબનું કઠોર હૃદય પણ પીગળ્યું. તરતજ તેણે બેડી તોડી પાડી તેમને છૂટા કર્યા, અને 'તેમને છોડી દેવા, અને જોઈએ ત્યાં જવા દેવા, અને રસ્તામાં કોઇ તેમને હેરાન કરે નહીં એવી તજવીજ કરવા' સ્પષ્ટ હુકમ તેણે પોતાના અધિકારીઓને આપ્યો. ૯૭ તેમને કેદમાં રાખવાથી છુપાવેલો અવેજ કેયેથી પણ તેઓ બતાવશે માટે તેમને અત્યારમાં છોડી નહીં દેવાનું ઘણાકોએ નવાબને સૂચવ્યું, પણ તેણે તે બીલકુલ માન્યું નહીં. આ પ્રમાણે છૂટકો થતાં તે ત્રણે જણા વલંદાઓની ટંકશાળમાં ગયા. અહીં કેટલાક દિવસ આરામ લઇ તેઓ હુગલી નદી માર્ગે ફુલ્ટામાં રહેલા બાકીના અંગ્રેજોને તા. ૧૨-૧૩ મી ઑગસ્ટે આવી મળ્યા.

તા. ૨૧ મી જુને સવારે કિલ્લામાંથી ઉપરના ત્રણ અંગ્રેજો સિવાય બીજાં ૨૦ માણસો જીવતાં પકડાયાં તેમને નવાબે છોડી મુકયા પછી તેણે કલકત્તા શહેર કબજે કરી તેને અલીનગર એવું નામ આપ્યું, અને ત્યાં એક નવી મસીદ બાંધી. છૂટેલા લોકોમાંથી જેઓ પગે ચાલવા સમર્થ હતા, તેટલા ચાલતા આવી નદીમાં ઉભા રહેલાં વહાણોમાંના અંગ્રેજોને મળ્યા. તેમની દુર્દશા જોઈને પણ ડ્રેક વગેરેના મનમાં નવાબ ઉપર ચડાઈ લઈ જવાનો વિચાર આવ્યો નહીં. આ બ્હીકણપણા માટે તેને અતિશય ઠપકો આપવામાં આવે છે. બાકીના જે લોકો કિલ્લામાં રહ્યા હતા, તેમને અમીચંદ તથા બીજા અનેક દેશી ગ્રહસ્થોએ સારી મદદ કરી. વળી જખ્મી થયલાં ઘણાં માણસો ચંદનગર આવી ફ્રેન્ચ લોકોનો આશ્રય લઈ રહ્યા. આ દુઃખદાયક બનાવમાં અંગ્રેજોનાં એકંદર આસરે ત્રણસો માણસો માર્યાં ગયાં.

કલકત્તામાં અંગ્રેજોનું મુખ્ય થાણું હતું, તે પ્રમાણે બાલાસોર, ઢાકા વગેરે ઠેકાણે તેમનાં વસાહતનાં સંસ્થાન હતાં, તે સઘળાં નવાબે સ્વાધીનમાં લીધાં, એટલે ત્યાંની પ્રજા રક્ષણ અર્થે જ્યાં ત્યાં નીકળી ગઈ. એમાંથી

બે ત્રણ ખુબસુરત અંગ્રેજ સ્ત્રીઓ નવાબના હાથમા સપડાઈ હતી, પણ તેમને સુરાજે પોતાની પાસે નહીં રાખતા છોડી દીધી ઢાકાની વખારમાથી રોકડ તથા માલ મળી ચૌદ લાખનો અવેજ તેને મળ્યો

આ બનાવને લીધે અંગ્રેજોને એકંદર નુકસાન સુમારે પચાણુ લાખનુ થયુ હોય એમ અડસટ્ટો કરવામા આવ્યો છે એ સિવાય તેમનો વેપાર અટકી પડ્યો એ જુદુ ખાનગી વેપારીઓને બે કરોડનુ નુકસાન થયાનુ કલાઈવે ઇગ્લડ લખી મોકલ્યુ હતુ કલકત્તાના કિલ્લામાથી નવાબને ઉપર કહેલા પચાસ હજાર સિવાય બીજુ કંઈ પણ મળ્યુ નહીં આ સઘળી ગડબડમાં અંગ્રેજોના સ્ત્રી છોકરાઓને બીલકુલ ત્રાસ પહોચ્યો નહીં, અને તેમના પુષ્કળ સ્ત્રી છોકરાઓ મરણ પામ્યાના લેખ ખોટા ઠરે છે

અધારી કોટડીના આ પ્રકરણ માટે નાના પ્રકારના તર્કવિતર્ક થાય છે, છતા અદ્યાપિ ખરી હકીકત લોકો સારી પેઠે સમજી શકયા નથી, એ ઉપરથી તે સબધી સર્વ પક્ષના મન કેવા અને કેટલા ઉશ્કેરાઈ ગયા હતા એ વ્યક્ત થાય છે બનેલી હકીકત ખરી છે એમ જોકે મળી આવેલા પુરાવાથી નિ સશય સાબીત થાય છે, તોપણ તેમા કેટલાક અંગ્રેજ લેખકો એ આ બાબતમા તવારીખના સત્યમા નાટકના હાસ્યનુ સ્વરૂપ દાખલ કર્યું છે એમા સશય નથી કોઈ પણ બીનાને ખોટુ મહત્વ આપવાથી ઐતિહાસિક સત્ય દબાઈ જાય છે તથા કાર્યકારણભાવ અદૃશ્ય થાય છે, એમ લૉર્ડ મૉર્લી જેવા વિદ્વાન ગ્રથકાર પોતાના ટીકાગ્રથમા લખે છે, તેવુજ કંઈ આ અધારી કોટડીના બનાવના સબધમા બન્યુ હોય એમ લાગે છે. આ પછી કલાઈવ જેવા અંગ્રેજોએ જે કંઈ પણ મહત્વ વિનાના કામો કર્યાં, તથા અમાનુષ અપહારબુદ્ધિ પ્રગટ કરી તેનુ સમર્થન કરવા માટે અંગ્રેજ લેખકો આ બનાવનુ અતિશયોક્તિ ભરેલુ વર્ણન આપે છે, અને પાછળથી થયેલા બનાવો ન્યાયી હતા એમ બતાવવાને અથાગ મહેનત કરે છે એમ લાગ્યા વિના રહેતું નથી એકદર હકીકતનો શાત મને વિચાર કરતા આ બનાવ અંગ્રેજોએ જાણી જોઈને પોતાના ઉપર વ્હોરી લીધો હતો એમ કહેવું પડે છે દરેક બાબતમા તેમણે નવાબને વિનાકારણ ખીજવ

વાનો ક્રમ ઉપાડ્યો હતો કિસનદાસને માટે અંગ્રેજો ગમે તેટલી પ્રેમની લાગણી બતાવતા હોય, તોપણ નવાબની તથા તેની વચ્ચે સહજમાં કલકત્તામાં સતાહ થઈ ગઈ, એ ઉપરથી પણ કિસનદાસને અંગ્રેજોની કરણી પસદ પડી ન હોય એમ સ્પષ્ટ થાય છે વળી અમીચંદને તેમણે વિના કારણે કેદ કર્યા હતો નવાબ બંગાળાનો રાજ્યકારભાર ચલાવતો હતો ત્યારે દરેક બાબતમાં તેની અવગણના કરવાનો અંગ્રેજોએ પ્રયત્ન કરવાથી કલકત્તા ઉપર સ્વારી કરવાની તેને જરૂર પડી તેમણે યોગ્ય માગ ટરો પતાવવાની ઈચ્છા દર્શાવી હોત તો તેમને દેશમાંથી હાકી કહાડવાનો વિચાર નવાબને બીલકુલ સુઝતે નહીં વળી કર્નાટકની માફક આ પરદેશી લોકોની મદદ સિવાય ખુદ આપણી સત્તા જોખમ રહીત નથી એ તે જાણતો હતો નવાબ કલકત્તામાં આવી પહોંચ્યા પછી પણ અંગ્રેજોએ તેને સમજાવી લેવાનું અનુચિત ધાર્યું હોત, તો કંઈ પણ નિકાલ કરી વલંદા તથા ફ્રેન્ચ લોકોને તેણે જેમ છુટતા જવા દીધા હતા તેમ એમને પણ જવા દેત રાજ્યનો માલિક હું પોતે છું, અંગ્રેજોએ શિરજોર થઈ માગ ઉપર હકુમત ચલાવવી નહીં, એટલુંજ જાહેર કરી પાછા ફરવાની નવાબની ઈચ્છા હતી પરતુ કલકત્તે આવતાવાર જ્યારે અંગ્રેજોએ તેની સામે શસ્ત્ર ઉપાડ્યા ત્યારે તે નાઈલાજ થયો બે દિવસ લડાઈ ચાલી તેમાં અસખ્ય પ્રાણની હાની તથા બીજું ભારે નુકસાન થવાથી, નવાબના કરતા તેના સરદાર તથા સિપાઈઓ અંગ્રેજો ઉપર વિશેષ ગુસ્સે થયા કેટલાક અંગ્રેજો નાસી જવા પછી પણ હૉલ્વેલ તથા બીજા પાછળ રહેલા માણસોએ લડાઈ બધ કરી નહીં સાંજના તેઓને નવાબની રૂબરૂમાં અણવામા આવ્યા ત્યારે તેમના ઉપર વેર લેવાની અથવા તેમને હેરાન કરવાની ઈચ્છા હોત તો તેમને એકદમ કાપી નાખવાનો તે હુકમ આપત એમણે દારૂ પી તોફાન કર્યું ન હોત તો તેમને અટકાવમાં રાખવાનો પણ પ્રસગ કદાચજ આવત, અને બીજે દીને તેણે જેમ બીજાઓને મરજી પ્રમાણે જવું હોય ત્યા જવા દીધા, તેમ કદાચિત યોગ્ય, હૉલ્વેલ વગેરે મુખ્ય મુખ્ય માણસોને પોતાના કબજામા રાખી બાકીનાઓને છોડી દીધા હોત સ્ત્રી છોકરાઓને તે અડકો પણ નથી એટલા ઉપરથી તેના મનમા વેરભાવ નહોતો એ

સ્પષ્ટ થાય છે. પરંતુ કેદ થયા પછી પણ અંગ્રેજોએ બહારની મગરૂરી બતાવવાનો પ્રયત્ન કરવાથી તા. ૨૦ મી જુનની રાતનો ભયંકર પ્રસંગ તેમણે પોતા ઉપર વ્હોરી લીધો એમ કહી શકાય. નવાબના અધિકારીઓએ આ કામમાં વધારે દક્ષતા રાખવી જોઈતી હતી, પણ આખો દિવસ લડવામાં તેમનાં પાંચ સાત હજાર માણસો માર્યા ગયાં હતાં, અને રાતના જે તે સુવાની તથા ખાવાપીવાની તજવીજમાં રોકાવાથી, રાતોરાત ગમે તેમ આ તોફાનીઓને બંદોબસ્તમાં રાખવા તથા અજવાળું થયા પછી બીજો વિચાર કરવાનું દરેક જણ યોગ્ય માનતું હતું. વળી તેમને કબજામાં રાખવા લાયક જગ્યા સહજમાં કેમ મળે? મસાલ લઈ જગ્યા જોઈ તેમાં મજબૂત દેખાઇ તે ખોલી તેઓએ પસંદ કરી. ફુલ્ટામાં અંગ્રેજો ૭ મહિના રહ્યા, તે દરમિયાન ત્યાંથી તેમને હાંકી કહાડવાનું નવાબથી બને તેમ હતું, પણ તેણે તેમ કર્યું નહીં એ ઉપરથી પણ તેમને પોતાના રાજ્યમાંથી બહાર કહાડવાનો નવાબનો વિચાર બીલકુલ નહોતો એમ સિદ્ધ થાય છે. વેર લેવાનું તેના મનમાં હોત તો તેમ કરવાની તેનામાં શક્તિ તથા સવડ બન્ને હતાં. અંગ્રેજો લડીને નાસી ગયા નહોત તો કલકત્તા નવાબના હાથમાં જાત નહીં, અને માલમતાનું જે નુકસાન થયું તે થાત નહીં. મુકર્રર થયલા કરાર પ્રમાણે તેઓ ચાલે એટલીજ નવાબની ઇચ્છા હતી; જો તેઓ એમ વર્ત્યા હોત તો ક્લાઇવના ખરાબ કામને ટેકો મળત નહીં અને હવે પછીની રાજ્યક્રાન્તિ આટલી ઝડપથી થઇ ન હોત.

૮. કલકત્તા અંગ્રેજોએ પાછું મેળવ્યું (તા. ૨ જી જાનેવારી, ૧૭૫૭).—કલકત્તા પાછું મેળવવા માટે અંગ્રેજોએ શી તજવીજ કરી તે હવે આપણે જોઇએ. ડ્રેક તથા કૌન્સિલરો ફુલ્ટામાં આવ્યા પછી તરતજ તેમણે કલકત્તા પડવાની હકીકત મદ્રાસ મોકલી, અને એ ખબર હાલ ઇંગ્લંડ મોકલવી નહીં; કિલ્લો પાછો સર કર્યા પછી બેઉ હકીકત સામટી જણાવવામાં આવશે. આથી આ પ્રસંગની હકીકત હિંદુસ્તાનની બહાર કોઈએ મોકલીજ નહીં. આ સંબંધમાં હૉલ્વેલે મોકલેલા બે ત્રણ પત્રો ઉપલબ્ધ છે. તેનો પહેલો પત્ર જુલાઈ તા. ૧૮ મીનો, બીજો ઑગસ્ટનો તથા ત્રીજો

નવેમ્બરનો છે. આ ત્રણ પત્ર તેમજ એવા બીજા પત્ર ઉપરથી આ બનાવની ઉપર કહેલી હકીકત ભરોસા લાયક ઠરે છે. હાલમાં બંગાળી ભાષામાં 'સુરાજ-ઉદ-દૌલા' નામનું પુસ્તક પ્રસિદ્ધ થયું છે તેમાં 'અંધારી કોટડી'ની સઘળી હકીકત બનાવટી હોવાનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, પણ તે ખરૂં લાગતું નથી. કલકત્તાનાં સરકારી દફતરની ચારવણી કરી તે સમયનો સઘળો પત્ર-વ્યવહાર હિંદુસ્તાન સરકારના હુકમ અન્વય મી. હીલે છપાવ્યો છે, તે વાંચ-વાથી 'અંધારી કોટડી' નો બનાવ ખરો હોવા વિષે શક રહેશે નહીં. એ બનાવ તા. ૨૦ મી જુને બન્યો, ત્યાર પછી ૧૮ મી જુલાઈ સુધી એટલે સુમારે એક મહિના લગી હૉલ્વેલે તે માટે કંઈ લખ્યું નહીં, તેટલાજ કાર-ણથી એ બનાવ ખોટો ઠરતો નથી. હૉલ્વેલની પ્રકૃતિ સારી ન હોવાથી તેમજ પત્ર લખવાનાં સાધનો ન મળવાથી તેણે આ હકીકત તરત લખી મોકલી નહીં હશે. વળી મુસલમાન ઈતિહાસકાર એ વિષે કંઈ લખતા નથી તેટલા ઉપરથી પણ તે ખોટું માની શકાતું નથી. કલકત્તાની હકીકત મદ્રાસ તા. ૧૬ મી ઑગસ્ટ, ઈ. સ. ૧૭૫૬ ને રોજે, તથા લંડન તા. ૧૨ મી જુન ૧૭૫૭ ને દીને પહોંચી. લંડન ગયલી બાતમી, પારીસ તથા આયર્લેન્ડમાં ગયલા ખાનગી પત્રો ઉપરથી મળી હતી. લંડનમાં મળેલી ખબર ઉપરથી એક-દમ હાહાકાર થાય નહીં તથા વેપારી લેવડદેવડ ઘોટાળામાં પડે નહીં એ હેતુથી અધિકારીઓ ઘણી સાવચેતીથી વર્ત્યા. કલકત્તા પરત લીધાની વાત તેઓએ ફેલાવી, અને આ ભાંજગડમાં કંપનીને ઘણું નુકસાન થયું નથી એમ બાપોકાર જાહેર કર્યું. ડ્રેક તથા બીજાં કેટલાંક માણસોને પાછાં બોલાવી લેવા સિવાય તેમણે કોઈને કોઇ પણ પ્રકારની શિક્ષા કરી નહીં, તેમ એ બનાવ માટે વિશેષ તપાસ પણ કરી નહી. થોડાજ વખતમાં સઘળો ટંટો મટી જવાથી તથા મીરજાફર પાસેથી જોઈએ તેટલા પૈસા કઢાવવામાં આવ્યાથી સઘળા પક્ષની સમજુત થઈ.

મદ્રાસથી મદદ આવતાં આપણો છૂટકો થશે એમ ફુલ્ટામાં રહેલા અંગ્રેજોને લાગતું હતું; પણ તેમ ન થવાથી તેમની ઘણી અવદશા થઇ. મદ્રાસમાં આ ખબર પહોંચવાથી જે ગભરામણ થયું તેને લીધે આગળ

૧૬ અકટોબર) મુર્શિદાબાદ પાછા ફર્યા પછી નવાબે પોતાની દોલત ગણી જોઈ તો જડ જવાહીર બાદ કરતા તે કુલ્લે ૬૮ કરોડ રૂપીઆ થઇ એમ એક ઠેકાણે નોંધ થયલી મળી આવે છે

ડ્રેક અને તેનો કાફલો તા ૨૬ મી જુને ફુલ્ટામા દાખલ થયો અહીં તેમને વલંદા લોકોએ અન્નસામગ્રી વગેરે પુરૂં પાડ્યું, પણ ફ્રેન્ચ તરફથી કંઈ મદદ મળી નહીં તેઓને વહાણ ઉપર ખુલ્લી હવામા તાપ તથા વરસાદ ખાતા પડી રહેવુ પડ્યુ વળી ગરમી ઘણી સખત હોવાથી તેઓ ઘણાજ હેરાન થયા આવી સ્થિતિમાં તેમના મન શાંત નહોતા, બનેના બનાવનો દોષ એક બીજા ઉપર ઢોળી પાડી, એક બીજાની ખોડ કહાડવામા તેઓ મશગુલ રહેતા આ સ્થિતિમા તેઓ ફુલ્ટામા શુ કામ પડી રહ્યા તે સમજાતુ નથી ધીમે ધીમે આસપાસના દેશી લોકો પાસેથી તેમને ધાન્ય વગેરે મળવા લાગ્યુ બીજે ઠેકાણેથી નાસી આવેલા માણસો પણ તેમને અહીં મળ્યા એ પછી તેમણે નવાબના દરબારમાના મુખ્ય અમલદારને એક પત્ર વૅટ્સની મારફતે મોકલાવ્યો, પરંતુ તેનો કંઈ ઉપયોગ થયો નહીં ફુલ્ટામા ડ્રેકની સત્તા કોઈ પણ અંગ્રેજ કબુલ કરતો નહીં. પહેલો ગવર્નર તથા કૉન્સિલર તે પોતેજ છે એમ તે કહેતો, પણ તેનુ કહેવુ કોઈ સાંભળતુ નહીં તા ૧૩ મી જુલાઈએ મૅનિંગહમ અને લેબોમને તેણે મદ્રાસ મોકલ્યા, અને કલકત્તાની સઘળી હકીકત જણાવી હવે પછી શુ કરવુ તેનો વિચાર કરવા વિનતિ કરી આ ગ્રહસ્થો તા ૧૨ મી ઑગસ્ટે વિશાખાપટ્ટણ આવ્યા તેમના જવા પહેલા મદ્રાસમા ખબર પહોંચવાથી મેજર કીલ્પેટ્રીક બસો માણસો લઈ દરીઆ માર્ગે તા ૩૧ મી જુલાઈએ ફુલ્ટા આગળ આવી પહોચ્યો તા ૧૩ મી ઑગસ્ટ લગીમા વૅટ્સ, હૉલ્વેલ વગેરે કૉન્સિલના સઘળા માણસો અહીં એકઠા થયા ત્યારેજ એકદર શુ બન્યુ તેની ખરી હકીકત સાંભળતા સઘળાની આંખ ઉઘડી કીલ્પેટ્રીકના આવવાથી વિશેષ ફાયદો થયો નહીં તેની સાથે આવેલા તેમજ બીજા ઘણા માણસો ફુલ્ટાના સખત તાપમા આજારી પડ્યા, તેથી એક વહાણને દવાખાના તરીકેજ જુદુ રાખવુ પડ્યુ સઘળાઓના

એકત્ર થવા પછી કૌન્સિલનો કારભાર અગાઉ માફક ચાલવા લાગ્યો. તેમણે નવાબને ડાહ્યા ડાહ્યા કાગળો લખ્યા પણ પોતે વેર લેવાની તજવીજ કરતા હતા તેની તેને ખબર પડવા દીધી નહીં. તા. ૨૧ મી અકટોબરે બલરામગઢનું થાણું તેમણે કબજે કર્યું, અને ત્યાંનો સઘળો વહિવટ પોતાના હાથમાં લઇ કારભાર શરૂ કર્યો. એ થાણું ફુલ્ટાથી થોડેક દુર બાલાસોર નજીક પૂર્વ કિનારા ઉપર છે. આ વેળા વૉર્ન હેસ્ટીંગ્સ મુર્શિદાબાદમાં હતો એટલે તે ત્યાંની સઘળી હકીકત લખી મોકલતો હતો; પરંતુ તા. ૧૦ મી અકટોબરે નવાબે તેને હાંકી કહાડયો એટલે તે તરફની બાતમી મળતી બંધ થઇ. આથી હવે પછીના કામની તજવીજ કરવામાં ઘણા દિવસ નીકળી ગયા. ડીસેમ્બર માસમાં ઇંગ્લંડથી આવેલા હુકમ અન્વય સઘળો કારભાર તથા વ્યવસ્થા કરવા માટે એક નવી સિલેકટ કમિટી નીમવામાં આવી, તેમાં ડ્રેક, વૅટસ, ફ્લેચર, મૅનિંગ્હૅમ અને હૉલ્વેલ હતા. આ કમિટી હસ્તીમાં આવતાં પૂર્વેની કૌન્સિલ બંધ પડી. બંગાળ પ્રાંત જીતી સઘળી રાજ્યક્રાન્તિ પાર ઉતારવાનું કામ આ કમિટીએજ કર્યું. ફૉરીન ડીપાર્ટમેન્ટ ( Foreign Department ) એટલે પરરાજ્ય સંબધી ખાતું, એ નામની હિંદુસ્તાન સરકારની એક સાખા આ સિલેકટ કમિટીમાંથીજ બનાવવામાં આવી.

બંગાળા ઉપર સંકટ આવવાની ખબર મદ્રાસમાં મળતાંજ મેજર કીલ્પેટ્રીક થોડાં માણસો લઈ ફુલ્ટા આવ્યો તે ઉપર જણાવવામાં આવ્યું છે, પણ માંદગીના સબબે બત્રીસ માણસો મરણ પામ્યાં. કાસીમબજારની વખાર હાથમાંથી ગયાની બાતમી તા. ૩ જી ઑગસ્ટે તથા કલકત્તા પડવાની બાતમી તા. ૧૭ મી ઑગસ્ટે મદ્રાસમાં મળી. ત્યાં અનુભવી લૉરેન્સ સેનાપતિ હતો, પણ તે શરીરે ઘણો અશકત હતો; ગવર્નર પિગટ લડવૈયો નહોતો; એડમીરલ વૉટસન કાફલાનો મુખી હતો, પણ તે કંપનીનો નોકર નહોતો; તે તો ઇંગ્લંડ સરકારનો હિંદુસ્તાનમાં રહેતા કાફલાનો સરદાર હતો. વરસાદના દિવસ હોવાથી મદદ મોકલવાની એકદમ ઉતાવળ નહીં કરવી એમ વૉટસનનું તેમ બીજાઓનું કહેવું હતું. આજ અરસામાં યુરોપમાં ઇંગ્લંડ તથા ફ્રાન્સ વચ્ચે યુદ્ધ શરૂ થવાનો રંગ જામ્યો હતો, અને તેથી

ઈંગ્લંડથી હિંદુસ્તાનમાં મદદ આવતી હતી. તા. ૧૯ મી સપ્ટેમ્બરે ઈંગ્લંડથી બે વહાણો આવી પહોંચતાં, કર્નલ ક્લાઈવ તથા ઍડમીરલ વૉટસનને બંગાળામાં મોકલવાનો ઠરાવ થયો. ક્લાઈવ કંપનીનો નોકર હોવા ઉપરાંત ઈંગ્લંડ સરકારના લશ્કરમાં તેની નિમણુક થઈ હતી. આથી મદ્રાસમાં રહેતી કંપનીની તેમજ સરકારની બન્ને ફોજનું ઉપરીપણું સ્વીકારવાને ક્લાઈવ યોગ્ય હતો. એકંદર ઘણું મોટું લશ્કર બંગાળા તરફ રવાના થયું, એમાં છસો યુરોપિયન હતા. તા. ૧૬ મી અક્ટોમ્બર સને ૧૭૫૬ ને રોજે વૉટસનનાં વહાણ મદ્રાસથી ઉપડ્યાં. 'નવાબ સાથે નકામો ટંટો કરવો નહીં, સલાહ કરી વેપાર શરૂ કરો' એવા આશયના શીફારસ પત્રો મદ્રાસમાંના અંગ્રેજોએ નિઝામ તથા આર્કટના નવાબ પાસેથી લઈ ક્લાઈવની સાથે મોકલ્યા હતા, અને બંગાળા પ્રાંતમાં કંપનીના વહિવટની કાયમની સુવ્યવસ્થા કરવાનો નિશ્ચય કર્યો હતો. આ કામમાં યશ મળ્યા વિના રહેશે નહીં એમ સઘળાની ખાતરી હતી. લાલી મદ્રાસ આવી પહોંચે તે અગાઉ સર્વ કામ ફતેહ કરી ક્લાઈવ મદ્રાસ પાછો આવે એવી ત્યાં સર્વની ઈચ્છા હતી. આ લશ્કરને હુગલી પહોંચતાં દોઢ મહિનો લાગ્યો. તા. ૧૩ મી ડીસેમ્બરે વૉટસન, ડ્રેક અને હૉલ્વેલની મુલાકાત થઈ, અને બે દિવસ રહી તા. ૧૫ મીએ ક્લાઈવે નવાબ સાથે પત્ર વ્યવહાર શરૂ કર્યો. એમાં નવાબ સામા યુદ્ધ કરવાનો અંગ્રેજનો આશય જાહેર થયો, કેમકે વૉટસન અને ક્લાઈવે તેને લખેલા પત્રો સખત ધમકીના હતા. નવાબે આ પત્રોનો કંઈ જવાબ વાળ્યો નહીં. વહાણોને નદીમાંથી અગાડી લઈ જવાનો માર્ગ દેખાડનાર કોઈ માહિતગાર અંગ્રેજો પાસે નહોતો. તેમનાં ઘણાં માણસો માંદગીને બીછાને પડેલાં હતાં અને કેટલાકને ટાઢીઓ તાવ આવતો હતો. એમ છતાં આ વહાણો થોડે ઉપર ગયાં એટલે અચાનક નવાબની ફોજમાંથી બે માઈલના ટપ્પાનો ભાગ નીકળી આવ્યો. અહીં ઉભય વચ્ચે ઝપાઝપી થઈ તેમાં બન્નેને ભારે નુકસાન થયું. કલકત્તામાં રહેતો નવાબનો અધિકારી માણેકચંદ બંદુકનો અવાજ સાંભળતાંજ મુર્શિદાબાદ નાસી ગયો. તા. ૨ જી જાનેવારીએ કલકત્તાનો ફોર્ટ વિલિઅમનો કિલ્લો વધુ મહેનત

વિના અંગ્રેજોના તાબામાં આવ્યો એ દિવસે વૉટસને જાતે એ કિલ્લો ડ્રેક તથા કૌન્સિલના હવાલામાં સોંપ્યો આ વેળાએ અંગ્રેજોમાં નાના પ્રકારની તકરાર તથા અંદરખાનેના કજીઆ ચાલુ હતા, કનાઇવ સર્વેને અપ્રિય થઈ પડ્યો હતો, હોલવેલ અને તેની વચ્ચે અણબનાવ હતો, અને વૉટસન સરકારી નોકર અને કનાઇવ કંપનીનો નોકર હોવાથી બન્ને વચ્ચે ચડસાચડસી ચાલતી હતી

કલકત્તાનું થાણું અંગ્રેજોના તાબામાં આવ્યું ત્યારે ત્યાંની સઘળી મોટી મોટી ઇમારતો તથા બચાવના કામો પડી ગયા હતાં ઘરમાંનો સામાન, બારીઓ, દરવાજા વગેરે કહાડી લઇ નવાબના માણસોએ બળતણ તરીકે વાપર્યાં હતા શહેરનો દેશીઓની વસ્તીવાળો ભાગ અંગ્રેજ તેમ નવાબ બન્નેએ બાળ્યો હતો, અને ઘણાક ઘરો લૂટી તેનો નાશ કર્યો હતો એમ છતા અંગ્રેજો ફુલ્ટામાં જે અવદશા ભોગવતા હતા તેના કરતા કલકત્તા તેમને વધારે આરામીઅતની જગા લાગી, અને એક મહિનાની અંદર સઘળાએ ત્યાં પોતાની વ્યવસ્થા કરી લીધી ધનધાન્યની સમૃદ્ધિ હોવાથી પુન સર્વેની અગાઉ માફક મોજમજાહ ચાલવા માંડી નવાબ સાથે થયલી ઝપાઝપીમાં જેમ કંપનીનું નુકસાન થયું તેમ પ્રત્યેક માણસનું થોડું ઘણું ખાનગી નુકસાન થયું હતું, તે નવાબ પાસે ભરી લેવા માટે દરેકની હઠ ચાલુ હતી આ હઠને પરિણામેજ આગળ જતા મીરજાફર પાસેથી દરેક માણસે મરજીમાં આવે તેમ પૈસા કહડાવવાનું શરૂ કર્યું હતું

તા ૩ જી જાનેવારીએ કિલ્લો અંગ્રેજોના તાબામાં આવ્યો કે તરત તેમણે નવાબ સાથે યુદ્ધ શરૂ કરવાનું જાહેરનામું કહાડ્યું આ જાહેરનામામાં નવાબે કરેલી ઉશ્કેરણીનું વર્ણન હતું, તથા જે કોઇ નવાબનો પક્ષ છોડી તેમને આવી મળે તેમનું સંરક્ષણ કરવાનું અભિવચન આપવામાં આવ્યું હતું વળી તેઓ પોતાના બચાવના કામો મજબૂત કરવા લાગ્યા, અને નદીમાંથી લડાઇ કરતા આગળ વધી નવાબનું હુગલીનું થાણું કબજે કરવા માટે તા ૮ મી જાનેવારીએ નીકળેલી ફોજે ત્યાંનો કિલ્લો સર કર્યો, અને જતા આવતા નદીના કાંઠા ઉપરના તથા તેની પેલીમેરના પ્રદેશમાંના

અનેક ઠેકાણાં બાળી નાશ કર્યો આ વખતે અંગ્રેજોએ વલંદા લોકોની વખારો સુદ્ધાં લૂંટી હતી તા. ૧૯ મીએ નવાબના સઘળા કિલ્લા તથા અનાજના પાક બાળી અંગ્રેજ ફોજ કલકત્તે પાછી ફરી આથી ફરી અગાઉના બ્હીકણ અંગ્રેજો તેઓ નહોતા એવી લોકોની ખાતરી થઈ, તથા તેમના વહાણ ઉપરની ભયંકર તોપની ભારે દહેશત તેમનામાં ઉપજી અંગ્રેજોના દેશી સિપાઈઓ પણ પોતાના અંગ્રેજ મળતીઆના જેવાંજ પરાક્રમ કરતા હતા, અને ક્લાઈવનો સઘળો આધાર તેમના ઉપર હતો

નવાબને આ ખબર મળતાં તે મુર્શિદાબાદથી નીકળી દક્ષિણ તરફ વળ્યો તેની ફોજ બીલકુલ તેના કહેવામાં નહોતી, એટલે ફ્રેન્ચ તથા વલંદા સાથે સ્નેહ જોડવા માટે તેણે અંદરખાનેથી કારસ્તાન ચલાવ્યાં. ક્લાઈવની સાથે પણ તહ કરવાના હેતુથી તેણે પત્રવ્યવહાર શરૂ કર્યો આ કામ માટે ફ્રેન્ચના બે વકીલો કલકત્તા કૌન્સિલ પાસે આવ્યા, ત્યારે કૌન્સિલે હેઠળની સરતે તહ કરવા જણાવ્યું—(૧) અંગ્રેજોને થયલું સઘળું નુકસાન ભરી આપવું, (૨) બંગાળ પ્રાંતમાં તેમનો સઘળો વ્યવહાર અગાઉ પેઠે ચાલવા દેવો, (૩) તેમને પોતાની મરજી માફક પોતાના સંસ્થાનને કિલ્લેબંધી કરવા દેવી, અને (૪) કલકત્તામાં પોતાની એક ટંકશાળ બાંધવાની તેમને પરવાનગી આપવી આ સરતો એટલી કડક છે, કે જાણે અંગ્રેજોએ નવાબનો પરાભવ કર્યો હોય, એમ એના ઉપરથી દેખાય છે એમ છતાં પહેલી ત્રણ સરતો નવાબે કબૂલ કરી, અને ચોથી ટંકશાળની બાબત પોતાના અધિકારની નથી, તેને માટે બાદશાહની પરવાનગી જોઈએ એમ જાહેર કર્યું તોપણ ગમે તેવાં કારણો કહાડી ક્લાઈવે તહના સંદેશા તરછોડી કહાડ્યા, કેમકે લડવાની ઇંતેજારી તેને વિશેષ હોવાથી તેને તહ કરવી નહોતી પેલીમેર નવાબ પણ ગુસ્સે થઈ ગયો હતો. ફરીથી એકવાર અંગ્રેજોને માર મારવાના ઉદ્દેશથી તે ફેબ્રુઆરીના શરૂઆતમાં કલકત્તા ઉપર ચડી આવ્યો, અને અમીચંદના બાગમાં છાવણી નાખી પડ્યો રસ્તામાં હુગલીથી નવાબે નીચેનો પત્ર અંગ્રેજોને લખ્યો 'તમે હુગલી શહેર કબજે કરી લૂટ્યું છે, અને અમારી રૈયત સાથે લડાઈ કરી વેપાર-

ની સરતનો ભંગ કર્યો છે સબબ અમે મુર્શિદાબાદથી હુગલી આગળ આવેલા હોવાથી હવે નદી ઉતરી તમારી છાવણી ઉપર હલ્લો કરનાર છીએ પણ તે પહેલા સલાહના સદેશા ચલાવી તમારો વેપાર પૂર્વવત્ ચાલુ કરવો હોય તો તે બાબત વિચાર ચલાવવા વકીલ મોકલવા ' ક્લાઇવનો વિચાર તહ કરવાનો નહોતો, એમ છતા તહનામા માટે વિચાર ચલાવવા અગ્રેજ વકીલ આવ્યો, તોપણ બન્ને પક્ષ લડવા માટે ઉત્સુક હોવાથી તહ ન કરતા, તા ૫ મી ફેબ્રુઆરી સને ૧૭૫૭ ને દીને ક્લાઇવ તથા નવાબ વચ્ચે એક ઘણી સખત લડાઈ થઈ, એમા ઉભયપક્ષના પુષ્કળ માણસો માર્યા ગયાં જેટલી ખુનરેજી અહીં થઈ તેટલી પ્લાસીની લડાઇમા પણ થઈ નહોતી આ લડાઇ થયા બાદ બન્ને પક્ષ વચ્ચે તહની સરતો ઠરી, અને તેઓએ સહી સિક્કાવાળા ઠરારના દસ્તાવેજ એક બીજાને કરી આપ્યા (તા ૯ ફેબ્રુઆરી, સ ૧૭૫૭ ) એ કરારની રૂએ ઉપર કહેલી અગ્રેજોની સઘળી માગણીઓ નવાબે કબૂલ કરી આ અલીનગરનુ તહનામુ કહેવાય છે

વાસ્તવિક રીતે આ ટટાનો અત અહીંજ આવવો જોઈતો હતો, પણ અગ્રેજોના મનમા અતિશય વસવસો હોવાથી તેમ થયુ નહીં નવાબે તેમનુ નુકસાન ભરી આપવાની એક કલમ હતી, પણ તેમા લોકોના ખાનગી નુકસાન બાબત કંઈ ઉલ્લેખ નહોતો. અગ્રેજોની ધન તૃષ્ણા હદ-પાર હોવાથી, અને દરેક જણ પોતાનુ ખીસુ તર કરવાની ઉતાવળમા પડેલુ હોવાથી કરારની સરતો બરાબર પાળવાનુ તેમના મનમા બીલ-કુલ નહોતુ તેમા વળી ખુદ ક્લાઈવની મહત્વાકાક્ષાની મર્યાદાજ નહોતી. તેને બીજા સઘળા સાથે અણબનાવ હોવાથી કેવળ સ્વચ્છદી રીતે મરજી માફક વર્તવાને તે ઉત્સુકત થયો આ સમયે તેણે પોતાના પિતાને લખેલા પત્રો વાચવાથી તેની મહત્વાકાક્ષા તથા હેતુ વિશે ખાતરી થાય છે

# પ્રકરણ ૨૧ મું.

---

## પ્લાસી–બંગાળામાં અંગ્રેજી અમલ.
### સને ૧૭૫૭–૧૭૬૦.

૧. ચંદ્રનગરનું અંગ્રેજોને હાથ જવું.
૨. નવાબને પદભ્રષ્ટ કરવાની ગોઠવણ.
૩. પ્લાસીની લડાઇ (તા. ૨૩ જુન, ૧૭૫૭)
૪. પ્લાસી તથા અંગ્રેજોના સુભાગ્યની ચર્ચા.
૫. અંગ્રેજોના વિજય તથા દેશીઓની દુર્બળતા વિશે વિવેચન.
૬. મીરજાફરનો ઉદ્વેગ.

**૧. ચંદ્રનગરનું અંગ્રેજોને હાથ જવું (માર્ચ ૧૭૫૭).**—બંગાળામાંનું કામ પૂરૂં થતાં ક્લાઇવે ત્યાંથી પાછા ફરવું જોઇતું હતું, પણ હમણા અંગ્રેજ ફ્રેન્ચ વચ્ચેનું યુદ્ધ શરૂ થવાથી ચંદ્રનગરમાંથી ફ્રેન્ચ લોકોનો ઉઠાવ ન થાય તો પાછળથી તેઓ કેવા ગોટાળા કરે તેનો નિયમ ન હોવાથી ઉઠાવેલી મહેનત સઘળી ફોગટ જવાની બ્હીકે તે ત્યાં રહ્યો.

ઉપર કહ્યા પ્રમાણે નવાબ સાથે તહ થઈ તોપણ તે ઘણો વખત ટકશે એમ ક્લાઇવને ભરોસો નહોતો. નવાબની એકંદર પરિસ્થિતિનો તેને જે અનુભવ થયો હતો તે ઉપરથી થોડો પ્રયત્ન કરવાથી સમગ્ર બંગાળા પ્રાંત અંગ્રેજોના કબજામાં આવશે એમ તેણે અટકળ કરી હતી. આથી ફ્રેન્ચ સાથે લડાઇ શરૂ થયાની ખબર આવી હતી, અને મદ્રાસમાં બીલકુલ લશ્કર નથી એ તેને માહિત હતું છતાં હિંમત કરી બંગાળામાંજ રહેવાનો તેણે નિશ્ચય કર્યો. અહીં રહીનેજ એ વધારે સારૂં કામ કરી શકયો.

ફ્રાન્સ સાથે ઇંગ્લંડને લડાઇ જાહેર થયાની બાતમી મળી ગયલી હોવાથી એકદમ બંગાળામાંનું ફ્રેન્ચ સંસ્થાન ચંદ્રનગર કબજે કરવાનો વિચાર ક્લાઇવના મનમાં આવ્યો. વાસ્તવિક રીતે નવાબ સાથે ચાલેલી તકરારમાં ફ્રેન્ચ લોકોએ અંગ્રેજો વિરૂદ્ધ કંઇ પણ કૃત્ય કર્યું નહોતું; ઉલટું તેઓ તેમને ઉપયોગી થઇ પડ્યા હતા. સને ૧૭૪૧ માં ડુપ્લે ફ્રાન્સ પાછો ફર્યો ત્યાર પછી ચંદ્રનગરની આબાદી ઓછી થવા લાગી હતી. હમણાં સને ૧૭૫૬ માં ત્યાં રેનૉલ્ડ નામનો ફ્રેન્ચ લોકોનો મુખ્ય કારભારી હતો.

તેની પાસે લશ્કરમા ફક્ત ૧૫૦ યુરોપિયન તથા ૩૦૦ દેશીઓજ હતા એટલે એક તરફથી અગ્રેજ તથા બીજી તરફથી નવાબ સાથે ગમે તેમ કરી સ્નેહ રાખી રેનૉલ્ટ પોતાનો બચાવ કરતો હતો નવાબે કલકત્તા ઉપર સ્વારી કરી તે વેળા અગ્રેજોએ ફ્રેન્ચની મદદ માગી હતી પણ તે તેમણે આપી નહીં, તોપણ અગ્રેજોને ચદ્રનગરમા આશ્રય આપવાનો રેનૉ ટે કબૂલ કર્યું હતુ એટલામા યુરોપમા ઇગ્લડ અને ફ્રાન્સ વચ્ચે યુદ્ધ શરૂ થવાની ખબર સુરતથી સને ૧૭૫૬ ના ડીસેમ્બર માસમા કલકત્તામા મળી રેનૉલ્ટની નાની ફોજ વ્યવસ્થિત હતી તેમજ ચદ્રનગરનો કિલ્લો ઘણો મજબૂત હતો એમ છતા અગ્રેજો સાથે સ્નેહ કરવાનો તેણે વિચાર કર્યા અને તેનો સ્વીકાર કરવાને ક્લાઇવે પ્રથમ કબૂલ કર્યું જાનેવારી સને ૧૭૫૭ ના આરભમા ક્લાઇવ અને વૉટ્સન કલકત્તેથી હુગલી આવ્યા ત્યારે ત્યા તેમને ફ્રેન્ચ વકીલ મળ્યો તહનામા સબધી તેમની વચ્ચે વાત ચીત થઇ પણ કઇ નિષ્પન્ન થયુ નહીં તેમણે એકદમ યુદ્ધ શરૂ કર્યું હોત, પણ બન્નેને એક બીજાની બીક હતી નવાબ સાથે થયના કરારમા એવી એક કલમ હતી કે જેઓ અગ્રેજોના દોસ્ત અથવા શત્રુ હોય તેને નવાબે પોતાના દોસ્ત અથવા શત્રુ ગણવા તહ કરી નવાબ કલકત્તેથી પાછો ફર્યો ત્યારે ચદ્રનગરના ફ્રેન્ચ લોકો સાથે મિત્રાચારી કરી અગ્રેજને કરી આપેલી સવળતા તેમને પણ કરી આપી નવાબ રાજધાનીમા ગયો આ પ્રસગે નવાબ તથા ફ્રેન્ચ વચ્ચે કઇ ગુપ્ત ઠરાવ થયો હતો એમ અગ્રેજોને લાગવાથી તેમના મનમા વ્હેમ આવ્યો, અને તેથી એ બે પાશ્ચાત્ય પ્રજા વચ્ચે સ્નેહ બધાવવાનુ મુસ્કેલ થઇ પડયુ નવાબ સાથે અગ્રેજોને સનાહ થઇ ત્યારથી તેમણે પોતાના વકીલ તરીકે મી વૉટ્સને નવાબના દરબારમા ગોઠવ્યો હતો એની સાથે અમીચદ પણ અગ્રેજો તરફથી રહેતો હોવાથી તેજ અદરખાનેથી સઘળા કારસ્તાનોની વર્દી અગ્રેજોને આપતો હતો એવીજ રીતે ફ્રેન્ચ લોકોના વકીલ તરીકે લૉ મુર્શિદાબાદમા રહેતો અગ્રેજ ફ્રેન્ચ વચ્ચે તહ ઠર્યું નહીં એટલે તેમની વચ્ચે લડાઈ જાગવાનુ નિશ્ચિત થતા ફ્રેન્ચ લોકોને મદદ કરવા માટે નવાબે પોતાની ફોજ રવાના કરી આથી અગ્રેજો ઘણા

ગુસ્સે થયા. આ વેળા એકેએક પક્ષનાં મનની સ્થિતિ એવી તો ઘોંટાળા ભરેલી થઈ હતી કે તેમાંથી ખરો પ્રકાર શોધી કહાડવાનું કામ મુશ્કેલ લાગે છે. જે તે પોતાની મતલબ કેવી રીતે સાધી શકાય તે જોતું હતું, અને ભવિષ્યમાં કંઈપણ ભયંકર બનાવ બન્યા વિના રહેશે નહીં તથા હમણાની ઉદ્દામ, ઉત્કંઠિત તથા સંસયગ્રસ્ત અવસ્થા ઘણા દિવસ ટકી શકશે નહીં એ દરેક આશામી સમજતો હતો. નવાબ ઘણા સખત સાણસામાં સપડાયો હતો. બાદશાહ બંગાળા ઉપર ચડી આવે છે એવી ખબર મળવાથી તે પટના જવા નીકળ્યો, અને કલાઈવને લશ્કર સહિત પોતાની મદદે આવવા આમંત્રણ કર્યું. કલાઈવને એજ જોઇતુ હતું, એટલે તે નવાબની મદદે જવા માટે નીકળ્યો, અને પત્રદ્વારા તેને જણાવ્યું કે, 'આપણે બન્ને પટના જઇએ તો આપણી પાછળ ફ્રેન્ચ સરખા શત્રુને એમનાએમ રહેવા દેવા યોગ્ય નથી. માટે પહેલાં ફ્રેન્ચ લોકોનો સારો બંદોબસ્ત કરી હું પાછળથી આવું છું.' આજ અરસામાં અંગ્રેજોની મદદે ઇંગ્લંડથી ઘણું નવુ લશ્કર આવી પહોંચ્યું, અને ગમે તેવાં સંકટ આવી પડે તોપણ ટકી શકાય એવી તેમની સ્થિતિ થઈ.

કલાઈવના સાહસિક ગુણો સર્વત્ર વખણાયલા છે. એકાદ મુશ્કેલ પ્રસંગ આવી પડતાં તેનું મન અત્યંત વ્યાકુળવ્યાકુળ થઈ જતુ. તેની જીંદગીના સઘળા મોટા બનાવો એવા સાહસિકપણાથીજ પાર પડ્યા છે. અણીને વખતે તેણે જાત હિંમત ઉપર મનનો નિશ્ચય કરી પરાક્રમ કર્યું હોય એવું કદી બન્યું નથી. અંગ્રેજોનુ ઘણુંખરૂં લશ્કર બંગાળામાં આવવાથી, આ વેળા જો ફ્રેન્ચ યોદ્ધા બુસી પોતાની ફોજ લઈ નિઝામના દરબારમાંથી મદ્રાસ ઉપર આવ્યો હોત, તો તે તરફનો સઘળો મુલક તેના હાથમાં જઈ પડત એમ કલાઈવની પણ ખાતરી હતી. એમ છતાં તા. ૨૪ મી માર્ચ તે ફોજસહ ચંદ્રનગર આવ્યો. આ પ્રસંગે નવાબ તરફથી ફ્રેન્ચને કંઈ પણ મદદ આવી નહીં; ઉલટા તેમની આસપાસના અમલદારો અંગ્રેજોને જઇ મળ્યા. એ પછી નદીમાં થઇને વૉટસનનાં વહાણો આવ્યાં તેને તે ઉપરના એક ફીતુરી થયલા ફ્રેન્ચે બંદરમાં આવવાનો માર્ગ દેખાડ્યો. આના

પરિણામમાં તા ૨૩ મી માર્ચ ચંદ્રનગર અંગ્રેજોના હવાલામાં આવ્યું આ પ્રસંગે વૉટસનના વહાણો આવી પહોંચ્યાં ન હોત તો ક્લાઇવનો સંપૂર્ણ નાશ થાત આ ઝપાઝપીમાં જેટલા ફ્રેન્ચ લોકોના માણસ પડ્યા તેટલાજ અંગ્રેજોના પડ્યાં રેનૉલ્ટ સુદ્ધાં સઘળા ફ્રેન્ચ લડવૈયાઓને અંગ્રેજોએ કલકત્તા લઈ જઈ કેદમાં પુર્યા, અને બાકીનાને છોડી મુક્યા

અલીનગરના તહ અન્વયે ફ્રેન્ચ સાથે આવા પ્રકારનું યુદ્ધ કરવાની મનાઈ હતી નવાબે અંગ્રેજોને આગ્રહપૂર્વક જણાવ્યું હતું કે 'અમારા મુલકમાં આવી લડાઈ ચલાવવાની નથી તમે સલાહ કરી ફ્રેન્ચ સાથે કાયમની મિત્રાચારી બાંધો' પણ વૉટસને આ કહેવું બીનકુલ ગણકાર્યું નહીં, અને ચંદ્રનગર ઉપર સ્વારી કરી તેને આગળ વધતો અટકાવવા માટે નંદકુમાર નવાબની ફોજ લઈ આવ્યો ફ્રેન્ચ લોકોને મદદ કરવાનો તેને હુકમ હતો, પણ તે પ્રમાણે નહીં વર્તતા તે ફોજસહિત બાજુએ ખસી ગયો, અને તેમ કરી અંગ્રેજોને ચંદ્રનગર કબજે કરવાનું સહેલું કરી આપ્યું આ કામ લાંચને જોરે થયું હતું ક્લાઇવ જણાવે છે કે 'કલકત્તાના ધનવાન વેપારી અમીચંદનો કંપની ઉપર હમેશનો ઉપકાર થયો છે હુગલીના સેનાપતિ દીવાન નંદકુમારની આપણને મદદ મળી તે અમીચંદને લીધે હતી અમીચંદની સલાહ માની નંદકુમાર જો પોતાનું લશ્કર લઈ બાજુએ ગયો ન હોત તો ચંદ્રનગર આપણા હાથમાં આવતે નહીં' આ અમીચંદનો ઉપકાર ક્લાઇવે આગળ કેવી રીતે ફેડ્યો તે જગજાહેર છે

ચંદ્રનગર અંગ્રેજોને કબજે જતાં બંગાળામાં ફ્રેન્ચની સત્તા તુટી, અને નવાબને શિક્ષા કરવાનું અંગ્રેજોને સુલભ થયું વળી તેમને પુષ્કળ યુદ્ધસામગ્રી આયતી મળી અહીં ફ્રેન્ચનો વેપાર ઘણો સારો ચાલતો હોવાથી પોન્ડીચેરીને જે મદદ મળતી હતી તે હવેથી બંધ થઈ, અને પરિણામમાં તે શહેરનું મહત્વ ઘટી ગયું. ચંદ્રનગર સર થયાની બાતમી ઇંગ્લંડમાં મળતાં કંપનીના શેરના ભાવ એકદમ સેંકડે ૧૨ ટકા ચડી ગયા એ પછી ક્લાઇવ પોતાના લશ્કર સહિત ચંદ્રનગરમાં બે મહિના વગી છાવણી નાખી પડી રહ્યો

**૨. નવાબને પદભ્રષ્ટ કરવાની ગોઠવણ ( મે, ૧૭૫૭ )**—ચંદ્રનગર પડતાં નવાબને ભયંકર ધાસ્તી પડી, અને ક્લાઇવ એકદમ મુર્શિદાબાદ ઉપર ચડી આવે છે કે કેમ એમ તેને લાગ્યું. નાના તરેહના પત્ર લખી તેણે ક્લાઇવને સમજાવવા માંડ્યો 'બાદશાહનું લશ્કર પાછું ગયું છે તેથી હવે અમારી મદદે આવવાને તમને કારણ નથી,' એમ પણ તેણે લખી જણાવ્યું. ક્લાઇવે તેનાજ જવાબ મોકલી પોતાને માટે નવાબના મનમાં કંઇ સંશય રહે નહીં એવી મીઠી મીઠી વાતો કરી તેને ભૂલાવામાં નાખી વખત વેતો હતો.

તા. ૯ મી ફેબ્રુઆરીએ તહનામું થયા પછી અંગ્રેજોની માગણી એક સરખી વધતીજ ચાલી હતી. સરતોનો ભળતોજ અર્થ ઉઠાવી તેઓએ નવાબને ઘેરી લેવા માંડ્યો હતો, તથા તેનો મરજી માફક અર્થ કરી તેના અધિકારીઓને શિક્ષા કરવા લાગ્યા હતા. નવાબની રૈયતનું જે કરજ અંગ્રેજોએ આપવું જોઇતું હતું તે તેઓએ આપ્યું નહીં. તેમની મુલાકાત નવાબે નજરાણું લીધા સિવાય તથા વિનય વિના લેવી, કલકત્તા લગી તેણે પોતાની ફોજ લાવવી નહીં, ઇત્યાદી અનેક તરેહની માગણીઓ એમણે કરી હતી, કેમકે તેમનો પ્રતિનિધિ વૅટસ મોટો ધૂર્ત તથા સ્વાર્થસાધુ હતો. આ પ્રકારની ગમે તેવી માગણીઓ ખુદ વૉટસનને પણ પસંદ નહોતી, પણ સઘળું સુત્ર ક્લાઇવ એકલો હલાવતો હોવાથી તે આ બાબતમાં લાચાર હતો. નકામા બેસવાનો કંટાળો આવવાથી ગમે તેવા બ્હાના મ્હાડી, નવાબથી સઘળું સ્વાહા કરવાના વિચારમાં ક્લાઇવ મગ્ન થયો હતો. નવાબના મુલકમાં ઠેકઠેકાણે ફ્રેન્ચ લોકોની વખારો હતી તે સઘળી જપ્ત કરી પોતાને સ્વાધીન કરવા એણે નવાબને માગણી કરી. નવાબે તે કબુલ કરી નહીં, અને ફ્રેન્ચ કોઠીઓનો નાશ થયા પછી બાદશાહને વસુલનું નુકસાન થાય છે એવું સબળ કારણ જણાવ્યું. આ પ્રસંગે ખુદ નવાબના દરબારમાં વૅટસ અને લૉ વચ્ચે જબરદસ્ત ખેંચતાણ ચાલુ થઈ. મરજીમાં આવે તે રીતે દરબારના માણસોને તેઓ પોતાની તરફ ખેંચવા લાગ્યા. હુગલીમાંનો નવાબનો સેનાપતિ નંદકુમાર મોટો પ્રતિષ્ઠિત ગ્રહસ્થ હતો. તે તથા અમીચંદ અંગ્રેજોના પક્ષમાં હતા. વૅટસ

અને લૉ વચ્ચેની તકરારે ઉગ્રરૂપ ધારણ કરતાં લૉને દરબારમાંથી ચાલ્યા જવાની ફરજ પડી. પટના જતી વેળા તેણે નવાબને ધમકી આપી કે 'સાવધ રહેજો, હવે તમારી અને મારી મુલાકાત થવી શકય નથી.' આ કહેવાની મતલબ એજ હતી કે થોડાજ સમયમાં નવાબને નાસી ગયા વિના છુટકો નથી. આ વેળા પટનાના કારભારી રામનારાયણે લૉને સર્વ બાબતની તજવીજ કરી આપી હતી. તેના ચાલ્યા જવા બાદ મુર્શિદાબાદમાં સઘળી અરાજક સ્થિતિ શરૂ થઈ. લોકોએ આવી પોતપોતાના હેતુ અનુસાર નવાબને નાના પ્રકારની બાતમીઓ આપવાને લીધે તથા પોતાના ઉતાવળીઆ સ્વભાવને લીધે તે તદ્દન બેહુબાકળો થઈ ગયો. લોકો અનેક તર્ક કરવા લાગ્યા, અને આગળ જતાં કંઈ પણ ભયંકર બનાવ બનશે એવા દરેક જણને વિચાર આવવા લાગ્યા.

જગતશેઠ તથા અગ્રેજો વચ્ચેના અણબનાવનુ કારણ એ હતું કે શેઠ ફ્રેન્ચ લોકો સાથે મળી ગયો હતો. તે ધનાઢ્ય હોવાથી નવાબ તેને માટે શકમંદ હતો, અને તેને પણ નવાબની બ્હીક હતી. આથી તે અંગ્રેજોના પક્ષમાં દાખલ થવાની અપેક્ષા કરવા લાગ્યો. નવાબ પાસેથી ભારે માંગણીઓ કરવાને તે અંગ્રેજોને ઉશ્કેરતો હતો, અને બીજી તરફથી તે માગણીઓ ધુતકારી કહાડવાની સલાહ નવાબને આપતો. નવાબે નુકસાની પેટે અંગ્રેજોને ત્રીસ લાખ રૂપીઆ આપ્યા, પણ તેટલાથી તેઓ તૃપ્ત થયા નહીં. એ ઉપરાંત તહની કલમોમાંની કેટલીક બાબતોમાં કલાઈવે નવાબ સાથે તકરાર ઉઠાવી. આખા બંગાળા પ્રાંતમાં કંપનીના વેપાર સારૂ આપવાની પરવાના તથા બીજી કેટલીક બાબતોની તેણે નવાબને ધમકી આપી માંગણી કરી. થોડાજ વખતમાં બુસી પોતાની મદદે આવી પહોંચશે એ આશા ઉપર તેણે આ માંગણી પ્રત્યે બીલકુલ લક્ષ આપ્યું નહીં. તા૦ ૨૦ મી એપ્રિલે તેણે વૅટસને દરબારમાંથી હાંકી કહાડ્યો ત્યારે દરબારમાંના વજનદાર ગૃહસ્થોની સલાહ ઉપરથી નવાબને પદભ્રષ્ટ કરવાનો તે વિચાર કરવા લાગ્યો. રાજ્યમાં ફેરફાર કરવાનું શક્ય તેમજ જરૂરનું છે એમ તેણે કલાઈવને લખી જણાવ્યું, અને સૂચના કરી કે 'આપણા લશ્કરની ક્યારે જરૂર પડશે તે નક્કી નથી, માટે લશ્કર તૈયાર રાખવું.'

ચંદ્રનગરના પડવા સાથ નવાબ તથા ફ્રેન્ચ વચ્ચે સ્નેહ જોડાયો હતો, અને બુસી તેની મદદે આવતો હોવાની વાત ચાલતી હતી. વળી લાલી મદ્રાસ ઉપર સ્વારી લાવનાર હતો ત્યારે મદ્રાસ જવું કે બંગાળામાંજ રહેવું એ મુસ્કેલીમાં ક્લાઈવ પડ્યો હતો. એવામાં નવાબને પદભ્રષ્ટ કરવાનો તેનાજ સરદારોએ ઘડેલો ઘાટ તેના જાણવામાં આવ્યો, અને તેજ પ્રમાણે તાબડતોબ અમલ કરવાની તેણે તજવીજ ચલાવી. આણી તરફ સુરાજ-ઉદ-દૌલા એકલો પડી ગયો હતો, તથા તે અનેક અડચણોથી ઘેરાઈ ગયો હતો. તેના તાબાના સઘળા અધિકારીઓ ફીતુરી બની તેને ગાદી ઉપરથી ઉઠાડી મુકવા ઉત્સુક થયા હતા. આથી ફ્રેન્ચ લોકોની મદદ લઈ અંગ્રેજો સાથે લડવા, અથવા અંગ્રેજોને મેળવી લેવા સિવાય અન્ય ઉપાય તેને માટે રહ્યો નહોતો. આવી હકીકતમાં તેણે ફ્રેન્ચને છોડી દઈ અંગ્રેજો સાથે સલાહ કરી. તે એકલો અને અસહાય હતો તોપણુ તેની ફોજ ઉત્તમ પ્રકારની હતી. એમ છતાં લશ્કરના અધિકારીઓએ ફીતુર ઉઠાવી અંગ્રેજોની મદદથી મીરજાફરને ગાદીએ બેસાડવાનો ઉદ્યોગ ચલાવ્યો. મીરજાફરે અંગ્રેજો સાથે ગુપ્ત તહનામું કર્યું, અને એ બાબત એટલી તો છુપી રાખી કે તે વિશે કોઇને પણ ખબર પડી નહીં. સઘળી ગોઠવણ ક્લાઇવે કલકત્તામાં તથા વૅટસે મુર્શિદાબાદમાં રહી ચલાવી, પરંતુ વૅટસની હીલચાલો ઉપર નવાબના જાસુસો તપાસ રાખતા હોવાથી, કલકત્તાના ધનાઢ્ય તથા પ્રતિષ્ઠિત વેપારી અમીચંદની તેણે મદદ લીધી. પ્રસંગ આવતાં તહ તથા સોગન સઘળું બાજુએ મુકવામાં આવે છે, તે પ્રમાણે અલિનગરનાં તહનામા પછી ત્રણ મહિનામાંજ અંગ્રેજોએ નવાબને ગાદીએથી ઉઠાડી મુકવાનો ઘાટ ઘડ્યો. પણ એ ગોઠવણ ખુલ્લી રીતે પાર પડવી શક્ય ન હોવાથી ક્લાઇવે મીઠી મીઠી ભાષામાં પત્રો લખી નવાબને ખુશ રાખ્યો, અને ચાલતા કપટ વિષે તેના મનમાં કંઈ પણ સંશય આવવા દીધો નહીં. જે ટપાલવાળો આ પત્ર લઈ જતો હતો તેનીજ પાસે વૅટસ્ ઉપર ક્લાઈવનો નીચેના મજકુરનો પત્ર હતોઃ—'મીરજાફરને કહેવું કે બ્હીવું નહીં. પાંચ હજાર શૂરવીર માણસો લઈ હું તમને આવી મળું છું.

હું રાતને દિવસ બનાવી આવ્યા વિના રહીશ નહીં, અને પ્રાણ જતાં પણ તમને છોડીશ નહીં.' આ બાબત વિષે વ્હીલર લખે છે કે, 'આ સઘળા કોલકરારો ખરૂં જોતાં મોટી રાજ્યક્રાન્તિની પૂર્વે કરેલાં તહ છે. અંગ્રેજોને જોઇએ તે માગતું એવી તેમની શક્તિ હોવાથી, નવાબ મીરજાફર જોઇએ તે આપવા તૈયાર હતો. ના કહેવાની તેની શક્તિજ ક્યાં હતી?'*

જગતશેઠ વગેરે મંડળે મીરજાફરને નવાબપદ ઉપર સ્થાપવાનું કાવતું રચ્યું હતું, ત્યારે અંગ્રેજો કરારનો અનાદર કરી બંગાળા ઉપર ચડી આવવાનો વિચાર કરે છે એવી બાતમી સુરાજ-ઉદ-દૌલાને ચારે તરફથી મળવા લાગી, એટલે મીરજાફરને તેણે પ્લાસી આગળ અંગ્રેજોને સેહ બતાવવા માટે મોકલ્યો. અંગ્રેજોએ મીરજાફરનો પક્ષ ધર્યો, કેમકે નવાબના મનમાં તહ પાળવાનો વિચાર ન હોવાથી, તે ફ્રેન્ચ વગેરેની મદદથી કરારો તરછોડી નાંખવાની તક જોતો હતો, અને સઘળા લોકો તેનાથી કંટાળેલા હોવાથી રાજ્યમાં ફેરફાર થવાનું નિશ્ચિત હતું, તેવે પ્રસંગે નવા થતા નવાબ સાથે પહેલેથીજ સંધાન રાખવાનું ક્લાઇવને અવશ્ય લાગ્યું. આ બાબત તેણે સિલેક્ટ કમિટીની સમજુત કરી તથા તેની પરવાનગી લઈ મીરજાફરને મદદ કરવાની સરતો લખી જણાવી. મુર્શિદાબાદના અમીચંદ અને વૅટસ આ કાવત્રામાં સામીલ હતા. પણ વૅટસને તેના ઉપર વિશ્વાસ નહોતો, અને જગતશેઠ તથા અમીચંદ વચ્ચે અણબનાવ હોવાથી બન્ને જણા પોતપોતાની મતલબ સાધવા ઉત્સુક થયા હતા. આ વેળા પ્રત્યેક માણસ પોતાના કાવાદાવા એવી ચાલાકીથી ચલાવતા હતા કે દરેકનો અંતરસ્થ હેતુ બહાર પડવાનું અશક્ય હતું; અને તે જાણવાનું કંઈ અર્થનું નહોતું. મીરજાફરને અંગ્રેજો નવાબપદ મેળવી આપે તો તેણે તેમનો ઉપકાર કેવી રીતે ફેડવો એ માટેનો લેખી ઠરાવ વૉટસનની મારફત નક્કી થતો હતો. અમીચંદ મારફત કદાચ આ સઘળી હકીકત ફુટી જવાની અંગ્રેજોને ધાસ્તી લાગવાથી, આ ઠરાવ ગુપ્ત રાખવા માટે અમીચંદ ત્રીસ લાખ રૂપીઆ માંગવા લાગ્યો. પરંતુ આવી

* Wheeler's Early Records of British India.

અડચણોની દરકાર રાખે એવો ક્લાઈવ નહોતો. અમીચંદને સહેજમાં ફસાવવાનો તેણે નિશ્ચય કર્યો. આ ઠરાવ લખવા માટે એક કોરા કાગળ ઉપર મીરજાફરની સહી લઈ તે તેણે વૅટસને કલકત્તે મોકલ્યો, અને તેમાં અમીચંદ માટે જોઈએ તે કલમ દાખલ કરવા જણાવ્યું. પોતાના કામમાં અમીચંદ અડચણો નાંખતો હતો એ ક્લાઈવથી સહન નહીં થઈ શકવાથી તેને અચાનક ફસાવવાની તેણે એક ચમત્કારિક ગોઠવણ કરી. અમીચંદના હાથમાં સર્વની મુડી હોવાથી તે જો આ સઘળો ગુપ્ત ભેત નવાબને જણાવે તો ભયંકર પરિણામ આવ્યા સિવાય રહે નહીં. આથી તેને શાંત પાડી આખરે તેનું મ્હોડું બંધ કરવાની યુક્તિ ક્લાઈવે રચી. તેણે આ ઠરાવની બે નકલ કરી, એક સફેદ તથા એક લાલ કાગળ ઉપર લખી, અને તેમાં અમીચંદને ત્રીસ લાખ રૂપીઆ આપવાની કલમ લાલ કાગળમાં દાખલ કરી, પણ સફેદમાંથી તે બાતલ રાખી. સફેદ કાગળ ઉપરનો ઠરાવ ખરો તથા લાલ ઉપરનો ખોટો એવી યોજના ક્લાઈવે રાખી હતી. સફેદ કાગળ ઉપર સર્વ અંગ્રેજ અધિકારીઓએ સહી કરી, પરંતુ રાતા કાગળ ઉપર એડમીરલ વૉટસને સહી સિક્કો કરવા ના પાડી ત્યારે ક્લાઈવના હુકમ અનુસાર લ્યુસિંગટને તે કાગળ ઉપર તેની બનાવટી સહી કરી. આવી રીતે તૈયાર થયલો લાલ કાગળ અમીચંદને બતાવી તેની સમજુત કરવામાં આવી. ખોટો દસ્તાવેજ તૈયાર કરવો તથા તે ઉપર બનાવટી સહી કરવી એ બે ઘોર પાપ ક્લાઈવે કર્યા તોપણ તે માટે તે કદી પણ શરમાયો નહીં, પણ ઉલટું કહેતો કે 'તેવો પ્રસંગ આવતાં એવું હું સો વખત કરીશ.' પણ એ સમર્થન તેના જાતભાઈઓને પસંદ પડ્યું નહીં. મીલ, મેલીસન જેવા ગ્રંથકારોએ તેના આ નિંદ્ય વર્તન ઉપર પુષ્કળ ટીકા કરી છે. અંગ્રેજી રાજ્યનો પાયો આવી રાજનીતિ ઉપર રચવામાં આવ્યો હતો એથી વધારે ટીકા આ બાબત ઉપર કરવાની આવશ્યકતા જણાતી નથી. અમીચંદના મનમાં અંગ્રેજોના સત્યાગ્રહી ગુણો ઉપર મોટો ભરોસો હતો. નવાબને તેમની વર્તુણુક માટે વહેમ આવતાં અમીચંદે તેને જણાવ્યું, 'હું આજ ચાળીસ વર્ષ થયા અંગ્રેજોના આશ્રય હેઠળ રહ્યો છું. એટલા

વખતમાં તેમણે પોતાનું વચન તોડવાનો એક પણ દાખલો બન્યો નથી. ઇંગ્લંડમાં કોઇક ઉપર ખોટું બોલવાનો અપરાધ સાબીત થતાં તેની અપ્રતિષ્ટા થાય છે.' આ વિષે નવાબ આગળ અમીચંદે બ્રાહ્મણને પગે હાથ મુકી સોગન ખાધા. આ રીતે તેની સમજુત થવાથી નવાબ અંગ્રેજોના સંબંધમાં તદન નિશ્ચિંત રહ્યો. ફ્રેન્ચ તથા બીજા લોકો અંગ્રેજો વિષે નાના પ્રકારનાં કાવતરાં રચતા હતા, પણ નવાબે તે તરફ લક્ષ આપ્યું નહીં, અને મીરજાફરને પ્લાસીથી પાછો બોલાવી લીધો. મે મહિનામાં કરારની સઘળી ગોઠવણો સંપૂર્ણ થઇ.

મીરજાફર તથા અંગ્રેજો વચ્ચે થયલા ઠરાવની મુખ્ય કલમો હેઠળ પ્રમાણે હતીઃ-(૧) સુરાજ-ઉદ-દૌલાએ અંગ્રેજોને આપેલા સર્વ હક તથા સવળતા મીરજાફરે કબૂલ કરી અંગ્રેજો સાથે હરએક રીતે દોસ્તી રાખવી. (૨) ફ્રેન્ચ લોકોને બંગાળામાંથી હાંકી કહાડી તેમની સઘળી માલમતા અંગ્રેજોને આપવી; તથા નુકસાની બદલ મીરજાફરે કંપનીને એક કરોડ, કલકત્તાના યુરોપિયન રહેવાસીઓને પચાસ લાખ, હિંદુ રહેવાસીઓને વીસ લાખ, આર્મિનિયન વેપારીઓને સાત લાખ તથા અમીચંદને વીસ લાખ આપવા. (૩) કલકત્તાની ખાડી બહાર સઘળી બાજુએ ઞસો યાર્ડનો, તથા કલકત્તાથી હેઠળ કિનારા સુધીનો સઘળો, પ્રદેશ મીરજાફરે કંપનીને આપવો. (૪) મીરજાફરના બચાવ સારૂ અંગ્રેજ ફોજ રહે ત્યારે તેનો સઘળો ખર્ચ તેણે આપવો, અને બદલામાં સર્વે શત્રુ સામે તેમણે તેનું રક્ષણ કરવું.

આ પ્રમાણે મીરજાફર સાથે કરવામાં આવેલા ગુપ્ત તહનામાની રૂએ અંગ્રેજોને પુષ્કળ ફાયદો થવાનો હતો. આ તહનામુ પાર પાડવા માટે એક સાક્ષીની જરૂર હતી. એવા સાક્ષીના દેખતાં કુરાન ઉપર હાથ મુકી તહની કબૂલાત મીરજાફર પાસેથી મેળવવાની કલાઇવ તરફથી વેટસને તાકીદ થઇ હતી. પરંતુ મુર્શિદાબાદમાં આ તહ ઉપર કબૂલાત લેવામાં કેટલી કેટલી અડચણો આવશે એ કલાઇવને ખબર નહોતી. મીરજાફરને માટે નવાબને સંશય આવવાથી તેની સઘળી હીલચાલો ઉપર સખત દેખરેખ હતી, અને વેટસ ઉપર પણ તેવોજ પહેરો હતો. એક દિવસ વેટસ એક

જનાની મ્યાનામા બેસી મીરજાફરના જનાનખાનામા ગયો ત્યા મીરજાફરે કરાર ઉપર પોતે સહી કરી, અને ‘ જીવમા જીવ છે ત્યા સુધી આ કરાર હું પાળીશ, એ બાબત ઈશ્વર અને પેગંબર સાક્ષી છે ’ એમ લખી આપ્યુ એ પછી સિરાજે જવાનુ નિમિત્ત કહાડી તા ૧૨ મી જુનને દીને વૅટ્સ મુર્શિદાબાદથી નીકળ્યો તા ૧૪ મીએ તે કનાઈવને આવી મળ્યો, અને અમીચંદ પણ તે અરસામા કલકત્તે આવી પહોચ્યો તરતજ વૅટસ નાસી ગયાની બાતમી નવાબને મળી, અને સઘળા બનાવના મૂળમા મીરજાફર હોવાની તેની ખાતરી થઈ પરતુ મીરજાફરને એકદમ નોકરી ઉપરથી દૂર કરવાનું મુલતવી રાખી, ઉલટી તેની વિનવણી કરી પોતાને સપૂર્ણ રીતે મદદ કરવાનુ નવાબે તેની પાસેથી વચન લીધુ ભાવી સકટનો ઈસારો લૉએ અનેક પ્રકારે નવાબને પહોચાડ્યો હતો પણ ઈશ્વરેચ્છા બળવાન છે એ ન્યાયને અનુસરી નવાબે કઈ પણ વિશેષ સાવચેતી રાખી નહીં પરતુ અગ્રેજોનુ જુગાણુ તે બરાબર સમજી ગયો ‘ તમોએ કરારનો અનાદર કર્યા છે ’ એવુ તેણે કનાઈવ તથા વૉટસનને લખી મોકલ્યુ અને પોતે ૫૦,૦૦૦ લશ્કર લઈ પ્લાસી તરફ કુચ કરવા માડી.

૩. **પ્લાસીની લડાઈ** (તા ૨૩ જુન, ૧૭૫૭)—ઉપર કહેલો ગુપ્ત કરાર સહીસિક્કા સાથનો તૈયાર થઈ અગ્રેજોના હાથમા પડતા કનાઈવે હવે પછી કરવાનુ કામ ઉપાડ્યુ શરૂઆતથી આખર લગી તેના મનની ગુચવણ ચાલુ હતી, કોઈનો પણ તેને ભરોસો નહોતો અને કાયમના નિશ્ચય તરીકે તેણે કંઈ પણ કદી ઠરાવ્યુ નહોતુ મીરજાફરને તે અત્યત ધીરજ આપતો હતો છતા તેને પોતાને ખીલકુલ ધીરજ નહોતી કલકત્તેથી પ્લાસી લગીના ચાલુ ll તાના ll મુલકમાથી તેને પોતાનુ લશ્કર લઈ જવાનુ હતુ માર્ગમા હુગલી, અગ્રદ્વીપ, ખટવા ઈત્યાદિ ઠેકાણે નવાબની ફોજના થાણા હતા આ ઠેકાણાના નવાબના અધિકારીઓને અમીચંદ મારફત પોતાના પક્ષમા મેળવી લેવાના હતા, અને તેમના બોલવામા કેટલું ખરાપણુ છે તેની અજમાયશ કરવાની હતી ક્યારે કયા વિશ્વાસ ઘાત થશે તેનો નિયમ નહોતો દરેક ઠેકાણે જુદો હલ્લો કરી શત્રુને

બ્હીવડાવવાના હતા. ખુદ મીરજાફરનો તથા તેના સાથીઓનો સુદ્ધાં તેને ભરોસો નહોતો. આ સઘળી અડચણો સામે ટક્કર ઝીલી પ્લાસીની રણભૂમી ઉપર તેને જવાનું હતું. રચેલો બેત તુટે તો એકપણ માણસ જીવતો પાછો આવી શકવાનો નથી એમ પણ તે સમજતો હતો. એની પાસે ઘોડેસ્વાર ફોજ બીલકુલ ન હોવાથી, તેણે બર્દવાનના રાજા પાસેથી સ્વારની એક ટુકડી મદદમાં લીધી. વળી તેણે ખટવા આગળ ખાસ સભા ભરી સઘળાઓની સલાહ લીધી. આ સમયે નિરાકરણ માટે મુખ્ય પ્રશ્ન એજ હતો કે અંગ્રેજોએ એકદમ ભાગીરથી ઉતરી નવાબની ફોજ ઉપર હલ્લો કરવો અથવા આગળ શું બને છે તે ઉપર નજર રાખી સ્તબ્ધ બેસી રહેવું. આવા પ્રકારની મસલતમાં વયે નાના હોય તેનો મત પ્રથમ લેવાય છે, અને તે પછી વૃદ્ધ પુરૂષોનો મત લેવાય છે તે પ્રમાણે ક્લાઇવે પોતાનો અભિપ્રાય પ્રથમ જાહેર કર્યો. એ વિચાર મીરજાફરને આપેલી સલાહની વિરૂદ્ધ હતો. એકદમ હલ્લો કરી જવું નહીં, શું થાય છે તે જોતાં અહીંજ થોભવું એવો આ વખતે ક્લાઇવનો મત હતો. એના અનુમોદનમાં બીજા અગીઆર અમલદારોના મત પડ્યા. મેજર આયર કુટનો મત દુશ્મનો ઉપર એકદમ હલ્લો લઈ જવાનો હતો, અને એ વિચારનાં બીજાં પાંચ આસામીઓ હતાં. એ પછી મીરજાફરનો પત્ર આવવાથી ક્લાઇવે પોતાનો વિચાર ફેરવ્યો અને હલ્લો એકદમ કરવાનો નિશ્ચય કર્યો. એના લશ્કરમાં ૭૫૦ અંગ્રેજ પાયદળ અને તોપખાનાનાં માણસો હતાં, અને એમાંનાં ૫૦ માણસો કાફલા ઉપરનાં હતાં. એ ઉપરાંત ૨૧૦૦ દેશી સિપાઇઓ તથા કેટલાક પોર્તુગીઝ હતા. સઘળા મળી ૩૦૦૦ માણસો ક્લાઈવ પાસે હતાં. મીરજાફરને પાંચ હજાર લશ્કર લાવવાનું એણે વચન આપ્યું હતું પણ તેટલું લશ્કર તે એકઠું કરી શક્યો નહીં. તેની પાસે ફક્ત ૭ તોપ હતી.

પ્લાસી ગામ હુગલી નદીને પૂર્વ તીરે આવેલું છે. આ જગાએ એક વિસ્તીર્ણ મેદાન ઉપર ખાખરનાં પુષ્કળ ઝાડો આવેલાં હોવાથી તેનું નામ ' પલાસી ' પડ્યું છે. તા. ૧૩ મી જુને નવાબના આવેલા પત્રનો જવાબ મોકલી ક્લાઈવ પોતાનાં લશ્કર સહિત મુર્શિદાબાદ આવવા નીકળ્યો. [illegible]

દિવસ રહી તા. ૧૯ મીએ તેણે ખટવાનું થાણું કબજે કર્યું. આ મજબુત જગ્યા એને ઘણી ઉપયોગી થઈ પડી કેમકે તે વેળા વર્ષાઋતુ શરૂ થતી હતી, અને લોકોને અનેક સંકટો ભોગવવાં પડતાં હતાં. મીરજાફરનો દમ ક્યાં સુધી ચાલે છે એ માટે ક્લાઇવને કંઈ પણ કલ્પના નહોતી. તા. ૨૨ મીએ સવારમાં એની ફોજ ખટવાથી નીકળી સંધ્યાકાળે પ્લાસીમાં લક્ષબાગ નામની આંબાવાડીમાં આવી પહોંચી. અહીં આશ્રયની જગ્યા સારી હોવાથી નવાબની તોપનો મારો અંગ્રેજોને લાગે એમ નહોતું. તેની પાસે ચાળીસ તોપ, પંદર હજાર સ્વાર, તથા ત્રીસ હજાર પાયદળ લશ્કર હતું. પ્લાસી આગળ આવ્યા પછી પોતા ઉપર એક મહાન પ્રસંગ આવી પડ્યો હોય એમ ક્લાઈવને લાગ્યું આખી રાત ચાલી તેનાં માણસો થાકી ગયાં હતાં; સવારનાજ તેમનો મુકામ પ્લાસીની આંબાવાડીમાં થયો હતો. સૂર્યોદય થતાં નવાબનું લશ્કર પણ ત્યાં આવી લાગ્યું. એ ફોજના મુખ્ય ૭ અમલદાર હતા, અને તેમાંના મીરમદન, મોહનલાલ તથા કેપ્ટન સિન્ફ્રે (Captain Sinfray) નવાબના હુકમ પ્રમાણે વર્તતા હતા. મીરજાફર, યારલતીફ તથા રાયદુર્લભ એ ત્રણે પૂતળી બની ખાલી શોભા આપવા માટે આવ્યા હોય એવું તેમનું વર્તન હતું. નવાબનું આખું લશ્કર આંબાવાડી આવ્યું હોત તો અંગ્રેજોનું એક પણ માણસ જીવતું રહેત નહી. પહેલા ત્રણ સરદારોએ તેમના ઉપર એક ઝનુની હુમલો કર્યો. ક્લાઈવ તથા અમીચંદ વચ્ચે આ વેળાએ ચાલેલો એક સંવાદ એક મુસલમાન ઇતિહાસકારે આપ્યો છે. દુશ્મન તરફનો હુમલો આવતાં ક્લાઇવે અમીચંદને જણાવ્યું. 'અમને તમે ઠીક ફસાવ્યા છે! તમે કહેતા હતા કે નવાબની ફોજ લડશે નહીં એવો બંદોબસ્ત કરવામાં આવ્યો છે. પછી આ શું? હવે અમારો નિભાવ કેમ થશે?' નવાબની પચાસ તોપનો મારો અંગ્રેજો ઉપર એવો તો સખત ચાલ્યો કે બચાવ માટે નદીના ભાઠામાં ઉંચા કાંઠાના રક્ષણ હેઠળ તેઓને આવી રહેવું પડ્યું. નજદીકમાં શિકારીની એક ઝુંપડી હતી તેમાં ક્લાઇવે પોતાનો મુકામ રાખ્યો: અહીં રાત્રીના શ્રમને લીધે ક્લાઇવ ઉંઘી ગયો હતો એમ કહેવાય છે.

ત્રીજે પહોરે મીરમદનને ગોળી વાગતાં તે પડ્યો કે તરતજ આસપાસનાં ફીતુરી મંડળે ફોજ પાછી બોલાવી મુર્શિદાબાદ ચાલ્યા જવાની નવાબને સલાહ આપી. નવાબે તરતજ તે પ્રમાણે હુકમ છોડતાં અવ્યવસ્થા થઈ, અને એક હુમલામાંજ અંગ્રેજોને અનાયાસે જય મળ્યો. પ્લાસીની લડાઈની ગણના હિંદુસ્તાનના ઈતિહાસમાં થયલી નિશ્ચિત પરિણામવાન લડાઇઓમાં પ્રમુખપદે થાય છે. લડાઇમાં નવાબનાં પાંચસો માણસો માર્યા ગયાં, અને અંગ્રેજોનાં બાવીસ પડ્યાં તથા પચાસ જખમી થયાં. પ્લાસીના મેદાનમાં આવેલાં ઉભયપક્ષ વચ્ચે કંઈપણ જાણવાજોગ લડાઈ થઈ નહોતી એમ ખુદ કલાઇવે કબૂલ કર્યું છે. 'આ લડાઇમાં ઘણો થોડો રક્તપાત થવાનું કારણ એ હતું કે એક તો નદીના ઉંચા કાંઠાનો અમને આશ્રય હતો. તથા બીજું એકે નવાબની ફોજ મન મુકીને લડી નહીં.' વળી નવાબના લશ્કરમાં એક બીજા ઉપર બીલકુલ વિશ્વાસ નહોતો. મીરજાફર, રાયદુર્લભ તથા યારલતીફ સહજ પણ લડ્યા નહીં અને મઝા જોતા દૂર ઉભા રહ્યા હતા. તેઓએ જો મન ઉપર લીધું હોત તો તેમાંનો ગમે તે એક જણ અંગ્રેજોની ઘણી સખત ખબર લઈ શકત. વળી નવાબે ગભરાઈ જઈ એકાએક નાસવા માંડ્યું ન હોત તોપણ તેનો હેતુ પાર પડતે. સવારથીજ તેને અપસુકન થયા હતા, તેનો જીવ ઠેકાણે નહોતો, અને હવે હિંમત રહેશે નહીં એમ તેને લાગ્યું હતું. શાંતપણે મન કબજામાં રાખી તે બેસી રહ્યા હોત તો તેને બ્હીવાને કંઈ કારણ નહોતું, પણ મીરમદન પડતાંજ તે સઘળી રીતે નાહિમત થઈ ગયો. તેણે તરતજ મીરજાફરને બોલાવ્યો, પોતાની પાપડી ક્હાડી તેના હાથમાં મુકી, અને ઘણી આજીજીથી તે કહેવા લાગ્યો કે 'મારી તેમજ આ રાજ્યની સભાળ રાખવાનું કામ હવે સર્વસ્વ તમારૂં છે.' આ શબ્દની મીરજાફર ઉપર ભારે અસર થઇ, અને તેથીજ ખુલ્લી રીતે અંગ્રેજો સાથે નહીં ભેળાતાં તે બાજુએ રહ્યો હતો. મીરજાફર તથા રાયદુર્લભને સ્વસ્થ ઉભેલા જોઈ હવે પોતાનો બચાવ થશે નહીં એમ સમજી નવાબ ઉંટ ઉપર સ્વાર થઇ નાસી ગયો. મુર્શિદાબાદ આવ્યા પછી સુરાજ-ઉદ-દૌલા ગભરાઈ ગયો; તેની કોઇએ દરકાર કરી નહીં. જનાન-

ખાનામાંની સ્ત્રીઓનો વિલાપ સાભળી તેને હવે શુ કરવુ તે સુઝયુ નહીં લઇ જવાય તેટલા દરદાગિના હાથી ઉપર લાધી તે વેશ બદલી પોતાની એક વ્હાલી સ્ત્રી તથા એક વિશ્વાસુ નોકરને સાથે લઈ હોડીમા બેસી પટના ગયો, કેમકે ત્યા ફ્રેન્ચ ગ્રહસ્થ લૉ મળશે એવી તેને આશા હતી તેની હોડી રાત દિવસ એક સરખો નેવુ માઈલનો પ્રવાસ કરી છઠે દિવસે રાજમહાલ આવી પહોચી અહીં કાઠા ઉપર કંઈક વિશ્રાતિ લેવા તે ઉતર્યો એટલે દાનાશાહ નામના એક ફકીરે તેને ઓળખ્યો, અને મીરજાફરના ભાઈ મીરદાઉદના સ્વાધીનમા તેને આપ્યો લૉ મુર્શિદાબાદ તરફ આવતો હતો તેને તોફાનને લીધે એક બે કલાક મોડુ થયુ ન હોત તો તે સુરાજ-ઉદ-દૌલાને રાજમહાલમા મળી શકતે સુરાજ-ઉદ-દૌલાએ ઉપર કહેલા દાનાશાહ ફકીરના કાન એક વર્ષ અગાઉ કપાવ્યા હતા તેનુ વેર વાળ વાનુ તે ફકીર આ પ્રસગે ચુક્યો નહીં મીરદાઉદે નવાબને પકડી મુર્શિ દાબાદ મોકલ્યો તા ૨ જી જુલાઈએ તેને મીરજાફર રુબરુ લાવવામા આવ્યો તે વેળાનો દેખાવ અત્યત હૃદયદ્રાવક હતો પોતાનો જીવ બચાવવા માટે સુરાજે મીરજાફરની અનેક પ્રકારે વિનતી કરી પણ મીરજાફરનો છોકરો મીરાન આડો પડ્યો, અને તેને એક રાત પોતાના તાબામા માગી લીધો પછી શુ થયુ તે કહેવાની જરૂર નથી પણ તેજ રાતના સુરાજનુ ખુન થયુ વળતે દિવસે તેના શરીરના ટુકડા હાથી ઉપર નાંખી લોકોને બતાવવામાં આવ્યા દૈવનો ખેલ વિચિત્ર છે !

લડાઈને બીજે દિવસે, એટલે, તા ૨૪ મીએ સવારમા કલાઈવે મીરજાફર પાસે જઈ તેને નવાબ તરીકે સબોધી તેનુ અભિનદન કર્યું, અને તેને એકદમ મુર્શિદાબાદ જવા કહ્યુ તે પ્રમાણે તેજ દિવસે નીકળી મીર જાફર સધ્યાકાળે મુર્શિદાબાદ પહોચ્યો નવાબના મનસૂરગજ નામના વાડામા તેણે પોતાનો મુકામ રાખ્યો કલાઇવ પણ તરતજ નીકળ્યો બીજે દિને મીદનાપુરમા મુકામ કરી, ત્યાથી વેટસને મીરજાફર પાસે મોકલી ઠરાવ્યા મુજબ સઘળા લોકોની બક્ષિસની રકમો આપવા માટે માગણી કરાવી એ રકમ કુલ્લે સુમારે બે કરોડ વીસ લાખ થવા જતી હતી, પણ ખજાનામા

ત્રીજે પહોરે મીરમદનને ગોળી વાગતાં તે પડ્યો કે તરતજ આસપાસનાં ચીતુરી મડળે ફોજ પાછી બોલાવી મુર્શિદાબાદ ચાલ્યા જવાની નવાબને સલાહ આપી. નવાબે તરતજ તે પ્રમાણે હુકમ છોડતાં અવ્યવસ્થા થઈ, અને એક હુમલામાંજ અંગ્રેજોને અનાયાસે જય મળ્યો. પ્લાસીની લડાઈની ગણના હિંદુસ્તાનના ઈતિહાસમાં થયલી નિશ્ચિત પરિણામવાન લડાઇઓમાં પ્રમુખપદે થાય છે. લડાઇમાં નવાબના પાંચસો માણસો માર્યા ગયાં, અને અંગ્રેજોનાં બાવીસ પડ્યાં તથા પચાસ જખમી થયાં. પ્લાસીના મેદાનમાં આવેલાં ઉભયપક્ષ વચ્ચે કંઈપણ જાણવાજોગ લડાઈ થઈ નહોતી એમ ખુદ કલાઇવે કબૂલ કર્યું છે. 'આ લડાઇમાં ઘણો થોડો રક્તપાત થવાનું કારણ એ હતું કે એક તો નદીના ઉંચા કાંઠાનો અમને આશ્રય હતો. તથા બીજું એ કે નવાબની ફોજ મન મુકીને લડી નહીં.' વળી નવાબના લશ્કરમાં એક બીજા ઉપર બીલકુલ વિશ્વાસ નહોતો. મીરજાફર, રાયદુર્લભ તથા યારલતીફ સહજ પણ લડ્યા નહીં અને મઝા જોતા દૂર ઉભા રહ્યા હતા. તેઓએ જો મન ઉપર લીધું હોત તો તેમાંનો ગમે તે એક જણ અંગ્રેજોની ઘણી સખત ખબર લઈ શકત. વળી નવાબે ગભરાઈ જઈ એકાએક નાસવા માંડ્યું ન હોત તોપણ તેનો હેતુ પાર પડતે. સવારથીજ તેને અપસુકન થયા હતા, તેનો જીવ ઠેકાણે નહોતો, અને હવે હિંમત રહેશે નહીં એમ તેને લાગ્યું હતું. શાંતપણે મન કબજામાં રાખી તે બેસી રહ્યો હોત તો તેને બ્હીવાને કંઈ કારણ નહોતું, પણ મીરમદન પડતાંજ તે સઘળી રીતે નાહિંમત થઈ ગયો. તેણે તરતજ મીરજાફરને બોલાવ્યો, પોતાની પાઘડી કહાડી તેના હાથમાં મુકી, અને ઘણી આજીજીથી તે કહેવા લાગ્યો કે 'મારી તેમજ આ રાજ્યની સભાળ રાખવાનું કામ હવે સર્વસ્વ તમારૂં છે.' આ શબ્દની મીરજાફર ઉપર ભારે અસર થઇ, અને તેથીજ ખુલ્લી રીતે અંગ્રેજો સાથે નહીં જોડાતાં તે બાજુએ રહ્યો હતો. મીરજાફર તથા રાયદુર્લભને સ્વસ્થ ઉભેલા જોઈ હવે પોતાનો બચાવ થશે નહીં એમ સમજી નવાબ ઉંટ ઉપર સ્વાર થઇ નાગી ગયો. મુર્શિદાબાદ આવ્યા પછી સુરાજ–ઉદ–દૌલા ગભરાઈ ગયો; તેની કોઈએ દરકાર કરી નહીં. જનાન·

ખાનામાંની સ્ત્રીઓનો વિલાપ સાંભળી તેને હવે શું કરવું તે સુઝયું નહીં. લઇ જવાય તેટલા દરદાગિના હાથી ઉપર લાધી તે વેશ બદલી પોતાની એક વ્હાલી સ્ત્રી તથા એક વિશ્વાસુ નોકરને સાથે લઈ હોડીમાં બેસી પટના ગયો, કેમકે ત્યાં ફ્રેન્ચ ગ્રહસ્થ લૉ મળશે એવી તેને આશા હતી. તેની હોડી રાત દિવસ એક સરખો નેવું માઇલનો પ્રવાસ કરી છઠે દિવસે રાજમહાલ આવી પહોંચી. અહીં કાંઠા ઉપર કંઈક વિશ્રાંતિ લેવા તે ઉતર્યો એટલે દાનાશાહ નામના એક ફકીરે તેને ઓળખ્યો, અને મીરજાફરના ભાઈ મીરદાઉદના સ્વાધીનમાં તેને આપ્યો. લૉ મુર્શિદાબાદ તરફ આવતો હતો તેને તોફાનને લીધે એક બે કલાક મોડું થયું ન હોત તો તે સુરાજ–ઉદ–દૌલાને રાજમહાલમાં મળી શકતે. સુરાજ–ઉદ–દૌલાએ ઉપર કહેલા દાનાશાહ ફકીરના કાન એક વર્ષ અગાઉ કપાવ્યા હતા તેનું વેર વાળવાનું તે ફકીર આ પ્રસંગે ચુકયો નહીં. મીરદાઉદે નવાબને પકડી મુર્શિદાબાદ મોકલ્યો. તા. ૨ જી જુલાઇએ તેને મીરજાફર રૂબરૂ લાવવામાં આવ્યો તે વેળાનો દેખાવ અત્યંત હૃદયદ્રાવક હતો. પોતાનો જીવ બચાવવા માટે સુરાજે મીરજાફરની અનેક પ્રકારે વિનવણી કરી. પણ મીરજાફરનો છોકરો મીરાન આડો પડ્યો, અને તેને એક રાત પોતાના તાબામાં માગી લીધો. પછી શું થયું તે કહેવાની જરૂર નથી પણ તેજ રાતના સુરાજનું ખુન થયું. વળતે દિવસે તેના શરીરના ટુકડા હાથી ઉપર નાંખી લોકોને બતાવવામાં આવ્યા. દૈવનો ખેલ વિચિત્ર છે !

લડાઈને બીજે દિવસે, એટલે, તા. ૨૪ મીએ સવારમાં ક્લાઈવે મીરજાફર પાસે જઈ તેને નવાબ તરીકે સંબોધી તેનું અભિનંદન કર્યું, અને તેને એકદમ મુર્શિદાબાદ જવા કહ્યું. તે પ્રમાણે તેજ દિવસે નીકળી મીરજાફર સંધ્યાકાળે મુર્શિદાબાદ પહોંચ્યો. નવાબના મનસુરગંજ નામના વાડામાં તેણે પોતાનો મુકામ રાખ્યો. ક્લાઇવ પણ તરતજ નીકળ્યો. બીજે દિને મીદનાપુરમાં મુકામ કરી, ત્યાંથી વૅટસને મીરજાફર પાસે મોકલી ઠરાવ્યા મુજબ સઘળા લોકોની બક્ષિસની રકમો આપવા માટે માંગણી કરાવી. એ રકમ કુલ્લે સુમારે બે કરોડ વીસ લાખ થવા જતી હતી, પણ ખજાનામાં

મતાની સભાળ કરવા માટે આવે છે એવુ જે સામાન્ય જનસમૂહનુ માનવુ હતુ તે ક્ષણમાત્રમા ઉડી ગયુ

મીરજાફરને બગાળાનો નવાબ બનાવવા માટે તથા એવા બીજા પ્રસગો ઉપર અગ્રેજોએ જે જે ભારે રકમો બક્ષિસ તરીકે અથવા નુકસાની પેટે મેળવી હતી તેનો કઈક ખ્યાલ વાચકવર્ગને આપવા માટે સને ૧૮૭૩ મા હિંદુસ્તાનના કારભારની તપાસ કરવા માટે નીમાયલી પાર્લામેન્ટની સિલેક્ટ કમિટીના રીપોર્ટમા બક્ષિસના જે આકડા આપવામા આવ્યા છે તેનું અહીં તારણ કરવુ અસ્થાને ગણાશે નહીં –

| | | |
|---|---|---|
| સ ૧૭૫૭ મા મીરજાફરના નવાબપદ ઉપર આવવાને પ્રસગે | રૂ | ૧,૨૬,૧૦,૭૫૦ |
| સ ૧૭૬૦ મા મીર કાસમના | રૂ | ૨૦,૦૨,૬૯૦ |
| સ ૧૭૬૩ મા પુન મીરજાફરના | રૂ | ૮૩,૭૪,૯૮૦ |
| સ ૧૭૬૪ મા મનરોના કુટુબ તથા ફોજ મળી | રૂ | ૮,૯૮,૯૮૦ |
| સ. ૧૭૬૫ મા નવીન નવાબના રાજ્યારોહણ પ્રસગે | રૂ | ૧૩,૮૩,૫૭૦ |
| સ ૧૭૬૫ મા કારનૉકને .. ... | રૂ | ૮,૦૯,૯૯૦ |
| કુલ્લે વ્હેંચાયલી રકમ | રૂ | ૨,૨૧,૨૦,૯૭૦ |

આ સર્વ રકમની ઈસમવાર તપસીલ આપવામા આવી છે, તે અહીં આપવાનું પ્રયોજન નથી ફક્ત ઉદાહરણ માટે પહેલી રકમની તપસીલ અત્રે આપી છે

| | | | | |
|---|---|---|---|---|
| ગવર્નર ડ્રેકને . . . | | | રૂ | ૩,૧૫,૦૦૦ |
| ક્લાઇવને ... . . ... | | | રૂ | ૨૩,૪૦,૦૦૦ |
| સિલેક્ટ કમિટીના સભાસદ તરીકે | રૂ | ૨,૮૦,૦૦૦ | | |
| સેનાપતિ તરીકે ... | રૂ | ૨,૦૦,૦૦૦ | | |
| ખાનગી બક્ષિસ તરીકે ... | રૂ | ૧૮,૬૦,૦૦૦ | | |
| વેટ્સને ... .. . | | | રૂ | ૧૦,૪૦,૦૦૦ |
| સિલેક્ટ કમિટીના સભાસદ તરીકે | રૂ | ૨,૪૦,૦૦૦ | | |
| ખાનગી બક્ષિસ તરીકે | રૂ | ૮,૦૦,૦૦૦ | | |
| કિલ્પૅટ્રીકને. ... ... ... ... | | | રૂ | ૬,૦૭,૫૦૦ |

| | | | |
|---|---|---|---|
| સેનાપતિ તરીકે. ... ... | રૂ. ૨,૭૦,૦૦૦ | | |
| ખાનગી બક્ષિસ તરીકે. ... | રૂ. ૩,૩૭,૫૦૦ | | |
| મૅનિંગ્હામ અને બેચર દરેકને રૂ. ૨,૭૦,૦૦૦... | | રૂ. | ૫,૪૦,૦૦૦ |
| કૌન્સિલના ૭ સભાસદ દરેકને એક લાખ ... | | રૂ. | ૬,૦૦,૦૦૦ |
| વૉલ્શને.... ... ... ... ... | | રૂ. | ૫,૮૨,૫૦૦ |
| સ્ક્રેફ્ટનને. ... ... ... ... | | રૂ. | ૨,૨૫,૦૦૦ |
| લ્યુશિંગટનને ... ... ... ... | | રૂ. | ૫૮,૨૫૦ |
| ગ્રાંટને. ... ... ... ... ... | | રૂ. | ૧,૧૨,૫૦૦ |
| લશ્કર તથા આરમાર મળીને. ... ... | | રૂ. | ૬૦,૦૦,૦૦૦ |
| | | કુલ્લે. | રૂ. ૧,૨૬,૧૦,૭૫૦. |

અંગ્રેજોએ પોતાને થયેલું નુકસાન ભરપાઈ કરી લીધું તે માટે નીચેની રકમોની નોંધ દાખલ થઈ છે.

| | | | |
|---|---|---|---|
| સ. ૧૭૫૭ માં મીરજાફર પાસેથી ભરપાઈ કરેલી | | રૂ. | ૨,૧૫,૦૦,૦૦૦ |
| ઇસ્ટ ઇન્ડીઆ કંપની માટે. | રૂ. ૧,૨૦,૦૦,૦૦૦ | | |
| યુરોપિયન નોકરો માટે. | રૂ. ૬૦,૦૦,૦૦૦ | | |
| આર્મિનિયન નોકરો માટે. | રૂ. ૧૦,૦૦,૦૦૦ | | |
| હિંદી નોકરો માટે. | રૂ. ૨૫,૦૦,૦૦૦ | | |
| સ. ૧૭૬૦ માં મીરકાસમે કંપનીને ભરપાઈ કરેલી | | રૂ. | ૧૬,૨૫,૦૦૦ |
| સ. ૧૭૬૩ માં મીરજાફરે ... ... ... | | રૂ. | ૩૭,૫૦,૦૦૦ |
| સ. ૧૭૬૩ માં યુરોપિયન તથા દેશી નોકરોને ... | | રૂ. | ૬૦,૦૦,૦૦૦ |
| સુજા-ઉદ્-દૌલા પાસેથી ભરપાઈ.... ... | | રૂ. | ૫૮,૩૩,૩૩૦ |
| | | કુલ્લે નુકસાન પેટે. | રૂ. ૩,૮૭,૦૮,૩૩૦ |

| | |
|---|---|
| કુલ્લે બક્ષિસ. ... | રૂ. ૨,૨૧,૨૦,૮૭૦ |
| કુલ્લે નુકસાનનો બદલો. | રૂ. ૩,૮૭,૦૮,૩૩૦ |
| એકંદર. | રૂ. ૬,૦૮,૨૯,૨૦૦ |

આ પ્રમાણે ૭ કરોડની રોકડ રકમ અંગ્રેજોએ બંગાળામાંથી લીધી છે.

મીરજાફર ગાદી ઉપર ગોઠવાયો ત્યાર પછી અમીચંદને ફસાવવા માટેનાં નાટકનો છેવટનો અંક શરૂ થયો. મીરજાફરનું દરબાર પુરૂં થતાં કલાઇવે તેની પાસે જઈ જાહેર કર્યું કે 'રાતો કાગળ ખોટો છે, તમને કંઈપણ મળનાર નથી.' આ શબ્દ સાંભળતાં પોતાના માથા ઉપર આકાશ તુટી પડ્યું હોય તેમ અમીચંદ બેશુદ્ધ થઇ પડ્યો. ત્યાંથી નોકરોએ ઉચકી તેને પાલખીમાં બેસાડ્યો. ઘેર ગયા પછી તે ગાંડા જેવો થઈ ગયો. કેટલાક દિવસ બાદ કલાઇવની તથા તેની મુલાકાત થતાં કલાઇવે તેને તીર્થયાત્રાએ જવાનું કહ્યું, તે પ્રમાણે તે તીર્થયાત્રાએ ગયો, તોપણ તેવીજ ભ્રમિષ્ટ સ્થિતિમાં તે અઢાર માસ રહી મરણ પામ્યો. રાતો કાગળ ખોટો કેમ થયો એ વિષે તેણે કલાઈવને પુછ્યું હોત તો તેનો શું ઉત્તર મળતે? આવી રીતે ખોટો દસ્તાવેજ બનાવી અમીચંદને ફસાવવાનો ઉપક્રમ કરવાની કલાઇવને કંઇ પણ જરૂર નહોતી. બે કરોડ ગયા તેમાં બીજા વીસ લાખ જતે તો તેમાં કલાઇવને કંઇ નુકસાન નહોતું, તેમ તેના પૈસા પણ જતા નહોતા. એમ છતાં જ્યારે કલાઇવે આ કામ ઉપાડ્યું ને તેને આખર લગી ચીવટાઇથી તે વળગી રહ્યો તેથી તેનો દુષ્ટ સ્વભાવ વ્યક્ત થાય છે. આવાં દુર્વર્તન માટે અનેક અંગ્રેજ ગ્રંથકારોએ કલાઇવ ઉપર સખત ટીકા કરી છે. અમીચંદે અંગ્રેજો વિરૂદ્ધ કંઇ પણ ખટપટ ચલાવી નહોતી; ઉલટું તેમની બાજી પાર ઉતારવામાં તે ઘણો ઉપયોગી નીવડ્યો હતો. રાજ્યક્રાન્તિ થયા બાદ પ્રત્યેક અંગ્રેજ અમલદારે લીધેલી રકમ જોતાં અમીચંદના વીસ લાખ કંઈજ વીસાતમાં નહોતા એમ કહેવું પડે છે.

આવી મોટી રાજ્યક્રાન્તિ સહજમાં કેવી રીતે પાર ઉતરી શકી તેનાં કારણો આગળ તપાસવામાં આવશે. પરંતુ હાલ જાણવું અવશ્યનું થઈ પડશે કે નવાબને હાથે તેના સ્વભાવને લીધે જે અનેક ચુકો થઈ હતી તેમાં પૈસા સંબંધી મુશ્કેલીએ ઉમેરો કર્યો હતો. તેનું રાજ્ય જો કે સધન હતું, તોપણ નાણાં સંબંધી સઘળી વ્યવસ્થા સાહુકારોના હાથમાં હોવાથી તેને હમેશાં મરજી ઉપર અવલંબી રહેવું પડતું. સાહુકાર વિફરતા તો તેમની સામા તેનું કંઈ ચાલતું નહીં. તે સમયની એકંદર પરિસ્થિતિને લીધે, કહો,

અગર ખુદ નવાબનાં મૂર્ખપણાને લીધે કહો, પણ નવાબનો સઘળો આધાર અન્ય પુરૂષો ઉપર હતો. પ્રત્યેક બાબત પોતાના હાથમાં રાખી, પોતાની બુદ્ધિ અનુસાર તથા જવાબદારી ઉપર તેણે સઘળું કામ કર્યું હોત તો બીજાને હાથે ફસાઈ પડવાનો પ્રસંગ તેને આવ્યો ન હોત આ બાબતમાં શિવાજી, અહમદશાહ અબદલ્લી અથવા હૈદરઅલ્લીનો કારભાર વિશેષ અનુકરણીય લાગે છે સ્વાવલંબનનો ટેકો ભારે છે.

હિંદુસ્તાનમાં અંગ્રેજ લોક રાજ્ય સ્થાપતા ગયા તેને લગતા નિરનિરાળા બનાવો એકંદર ધ્યાનમાં લેતાં માલુમ પડશે કે મરાઠા તથા સીખ લોકો અંગ્રેજો સાથે ખુલ્લી રીતે લડતાં પરાજય પામ્યા પછીજ તેમના અંગ્રેજોના તાબામાં ગયા હતા, પણ બંગાળા, અયોધ્યા તથા કર્નાટકના નવાબો તેમજ ખુદ મોગલ બાદશાહ કેવળ યુક્તિથી, પોતાની દુર્બળતા તથા ભોળપણામાં તેમને હાથે ફસાઈ પડ્યા હતા જે અફઘાન, મોગલ, પઠાણ વગેરે શૂરવીર મુસલમાનોએ મહાન પરાક્રમ કરી આ દેશમાં રાજ્ય સંપાદન કર્યાં હતાં તે હવે તદન નિર્માલ્ય થઈ પરદેશીઓના હાથમાં સપડાયા હતા. આ મુસલમાનોની અગાઉની તેમજ હાલની સ્થિતિમાં કેટલો મોટો તફાવત પડી ગયો છે ! એકંદર વિચાર કરતાં અંગ્રેજની તલવાર કરતાં તેના મત્સદ્દીપણાને લીધેજ આ રાજ્ય ઘણે અંશે તેમને પ્રાપ્ત થયું છે.

**૪. પ્લાસી તથા અંગ્રેજોના મુત્સદ્દ્યની ચર્ચા.**—રાજ્યમાં ફેરફાર કરનારી હિંદુસ્તાનમાં જે કેટલીક લડાઈઓ થઈ તેમાં પ્લાસીની લડાઈની અગ્રસ્થાને ગણના થાય છે આ લડાઈથી કલકત્તાની અંધારી કોટડીનું વેર અંગ્રેજોએ લીધું, તથા તલવારના જોર ઉપર તેમાં જીત મેળવી એમ સામાન્ય રીતે પાશ્ચાત્ય ગ્રંથકારો લખે છે. પરંતુ આ અભિપ્રાય ભૂલ ભરેલો છે. તેનાં પરિણામ વિષે મતભેદ હોઈ શકે, પણ તેમાં અંગ્રેજોને જે જય મળ્યો તે માત્ર લેખણનાં જોર ઉપર હતો, નહીં કે તલવારના. પ્લાસીનાં મેદાન ઉપરની તલવારબહાદુરી માટે ૩૯ મી પલટણને હિંદુસ્તાનના લશ્કરમાં પહેલું માન મળે છે, અને બીજાઓને પણ તે પ્રમાણે માન આપવામાં આવે છે, તે સઘળું ફોગટ છે. એ લડાઈમાં હથીઆરનો ઉપયોગ ઘણો થોડો

થયો હતો. અને જે કંઈક થયું તે યુદ્ધનીતિ અનુસાર થયું નહીં. એટલું તો નિર્વિવાદ છે કે પ્લાસીની લડાઈથી હિંદુસ્તાનમાં મુસલમાની રાજ્યનો અંત આવતાં બ્રિટિશ રિયાસતનો આરંભ થયો. આ દ્રષ્ટીએ અવલોકન કરતાં પ્લાસીનું મહત્વ અસીમ છે.

આ યુદ્ધથી અનેક બાબતોનો નિકાલ થયો. ક્લાઈવને હાથે હિંદુસ્તાનમાં બ્રિટિશ રાજ્યનો પાયો મજબૂત થયો, અને હિંદી રાજ્યકર્તાઓ પાસેથી પોતાનું કામ કઢાડી લેવાને અંગ્રેજોને અવકાશ મળ્યો. હિંદી પ્રજાની દુર્બળતા તથા તેના સ્વભાવના દોષ તેમની નજરે સ્પષ્ટપણે પડ્યા હતા. અચાનક થયલાં એકાદ મહાન કૃત્યથી આ દેશના લોકો ગુંચવાઈ જાય છે, અને તેમનાં મન ઉપર અમુક બાબતનું પરિણામ સત્વર થાય છે, ઇત્યાદિ હવે સઘળું પ્રગટ થયું હતું.

હિંદુસ્તાનમાં રાજ્યસ્થાપન કરતાં અંગ્રેજોને બે શત્રુ મળ્યા હતા. એક યુરોપિયન તથા બીજા દેશીઓ. એમાંથી 'સાત વર્ષનાં યુદ્ધ' ને અંતે યુરોપિયન શત્રુનો નિકાલ આવી ગયો, પરંતુ દેશીઓની વિરૂદ્ધતા નિર્મૂળ કરી અહીં કાયમનું રાજ્ય સ્થાપતાં તેમને સુમારે સો વર્ષ લાગ્યાં. સને ૧૭૫૭ ની પ્લાસીની લડાઈથી આ રાજ્યસ્થાપનાની શરૂઆત ગણતા, ત્યારથી સો વર્ષે એટલે સને ૧૮૫૭ માં આ કામની સમાપ્તિ થઈ એમ કહી શકાય. એ સો વર્ષમાંનાં પહેલાં પચાસ વર્ષમાં રાજ્યસ્થાપનાનું કામ સમાપ્ત થયું, અને તે પછીનાં પચાસ વર્ષમાં આખા દેશ ઉપર તે રાજ્ય, એકછત્રી, અખંડ તથા દ્રઢ થયું. અંગ્રેજોનું આ પરાક્રમ અકલ્પ હોવાથી, તે આટલી સુલભ રીતીએ પાર પડ્યું એ માટે કોઈને પણ આશ્ચર્ય લાગે. યુરોપ ખંડના વાયવ્ય ખુણા ઉપરના નાના બેટમાં બેસી જ્યારે અંગ્રેજ લોકો પોતાનાં આ પરાક્રમના સ્વરૂપ ઉપર મનન કરે છે ત્યારે સ્વાભાવિક રીતે તે માટે તેમનામાં ધન્યવાદની લાગણી સ્ફુરી આવે છે, કેમકે દુનીઆંના ઇતિહાસમાં આવો બનાવ કદી બન્યો નથી. નવીન રાજ્ય જીતવાના જે સામાન્ય ઉપાયો પ્રચારમાં છે, તે સઘળા આ પ્રસંગે બાજુએ રહ્યા હતા. એકાદ અણુધારી રીતે કોઈનું નસીબ ઉઘડી જાય છે તેમ કોઈના

ધ્યાનમા કે મનમા ન હોય તેવો બનાવ આ અગ્રેજી રાજ્યસ્થાપનાનો થયો એમ માનવુ સાહજીક છે સીલીકૃત 'ઇંગ્લડ દેશના વિસ્તાર'* ના પુસ્તકમા એવાજ વિચારનો અનુવાદ કરવામા આવ્યો છે.

ઐતિહાસિક દ્રષ્ટીએ જોતા આ સમજ સર્વથા ભૂલ ભરેલી છે. યુદ્ધ કળામા વધારે પ્રવીણ લોકો તરફથી આ દેશ સહજમા જીતવામા આવ્યો છે, અને પાછલો ઇતિહાસ તપાસતા અનેક વેળા પરદેશી લોકોએ તે જીતી લીધાનુ માલમ પડે છે. બાબરે બાર હજાર ફોજ સહિત આ દેશ ઉપર સ્વારી કરી, અને ઈબ્રાહીમ લોદીના એક લાખ લશ્કરને પાણી-પતનાં મેદાનમાં હરાવી મોગલ બાદશાહીની સ્થાપના કરી ખરું જોતા અગ્રેજોની શક્તિ આગળ બાબરની શક્તિ કઈજ નહોતી એમ કહેવામા દુરસ્ત નથી, અને બાબરે હરાવેલી ફોજ જેવડી મોટી ફોજ અગ્રેજોની સામે કદીજ આવી નહોતી માત્ર પજાબના શીખ લોકો સાથેજ એમને કેટલીક ઝનુની લડાઇઓ થઈ હતી, તે બાદ કરીએ તો તેમને અહીં ખાસ કરીને લડવાનો ખરેખરો પ્રસગ આવ્યોજ નહોતો. એમ કહી શકાય. ટુકામા બાબરે તથા બીજાઓએ જો આ દેશ સહજમા જીત્યો હતો તો અઢારમા સૈકામા મોગલ બાદશાહી ડગમગવા લાગી ત્યારે હવે બીજો કોઈપણ આવી આ દેશ જીતશે, કદાચિત અહીં વેપાર અર્થ આવેલા પાશ્ચાત્ય પ્રજાઓમાની એકાદ પ્રજા આ દેશની માલીક થશે એવો સશય પુખ્ત વિચારી પુરુષોના મનમાં આવવા લાગ્યો હતો. પ્રસિદ્ધ ફ્રેન્ચ પ્રવાસી બર્નિયર ઔરગઝેબ પાસે આવ્યો હતો, તેણે હિંદુસ્તાન દેશ સહેલાઇથી જીતી શકાશે એમ ભવિષ્ય ભાખ્યુ હતું અને જણાવ્યુ હતુ કે 'ફ્રાન્સનો એકાદ સેનાપતિ વીસ હજાર લશ્કર સહિત આ દેશ તરત જીતી લેશે.' કર્નલ જેમ્સ મિલ નામનો એક અગ્રેજ અહરથ વીસ વરસ લગી હિંદુસ્તાનમા હતો, તેણે બગાળ પ્રાત જીતવાની યુક્તિ ઑસ્ટ્રિઆના બાદશાહને સને ૧૭૪૬ મા લખી જણાવી હતી બે કરોડ વસ્તીવાળો બગાળ પ્રાત કોઈ ભળતોજ નવાબ દબાવી બેઠો છે તે સમુદ્રની બાજુએથી સહજમા

---

* Seeley's Expansion of England.

ખુંચવી લેવાશે, એવો તેનો મત હોવાથી તે તત્કાલીન સ્થિતિનાં ખરાં કારણો સર્વોત્તમ સમજી ગયો હતો, અને હવે પછી શું બની શકશે તેનું અચુક ભવિષ્ય જોયું હતું એમ માનવા કારણ મળે છે. તેવીજ રીતે એક વેળા એ પ્રદેશ અંગ્રેજોને હાથ આવતાં આખો દેશ ધીમે ધીમે તેમના તાબામાં જશે, એ વાત તદ્દન અનિવાર્ય બની તેમાં પણ કંઈ આશ્ચર્યચકિત થવા જેવું નથી, કેમકે એ વિચાર પણ તે વેળા અનેકના મનમાં પૂર્ણપણે રમી રહ્યો હતો.

**૫. અંગ્રેજોના વિજય તથા દેશીઓની દુર્બળતા વિષે વિવેચન.**– પ્લાસીની લડાઈથી હિંદુસ્તાનમાં અંગ્રેજી બાદશાહીનો ઉદય થયો. ઈસ્ટ ઈન્ડીઆ કંપનીએ જાહેર રીતે હિંદી સત્તાધીકારીઓની સામા થવાનો આ પહેલો પ્રસંગ હોવાથી તે વેળા દેશીઓનાં લશ્કરની વ્યવસ્થા કેવી હતી, અને અંગ્રેજોને આવી સુલભ રીતે પ્લાસીનાં મેદાનમાં જય કેમ મળ્યો એ પ્રશ્નનો જરા બારીકાઈથી વિચાર કરવો જરૂરનો છે. અઢારમા સૈકામાં અંગ્રેજોએ દેશીઓ સાથે લડવાનો ઉપક્રમ શરૂ કર્યો ત્યારે હિંદી લશ્કર ઘણુંજ અવ્યવસ્થિત હતું, અને રાજ્યકર્તા પણ અકુશળ હતા. આ કારણથીજ અંગ્રેજોને સહજ જય મળતો ગયો. આ દેશ સધન અને સુસ્થિતિમાં હતો તોપણ તેના રાજ્યકર્તા દુર્બળ તથા બ્હીકણ હતા. વળી અંગ્રેજોનો પ્રવેશ સમુદ્રની બાજુએથી અને રાજધાનીથી અતિશય દૂર આવેલા બંગાળા જેવા પ્રાંતમાં પ્રથમ થયો હતો. બાદશાહીની મૂળ સત્તા નરમ પડવાથી રાજ્યના દૂરદૂરના પ્રદેશ તદન નિરાધાર થઈ પડ્યા હતા. બંગાળાના લોકો દેશના અન્ય ભાગો કરતાં યુદ્ધ કળામાં ઘણાજ ઉતરતા હતા, અને સુરાજ–ઉદ–દૌલાનો કારભાર પ્રજાને સુખકર નહોતો, તેથી પણ અંગ્રેજોને પુષ્કળ ફાયદો થયો. ઔરંગઝેબનાં મરણ બાદ મોગલ લશ્કર શાંત બેઠું નહોતું, તોપણ તેના જેવો કાબેલ સેનાધિપતિ આ વેળા જીવતો હોત તો તેની સામા અંગ્રેજો ટકી શકતે કે નહીં. એ એક પ્રશ્ન છે. કેમકે થોડાંજ વર્ષ પછી હૈદરઅલ્લી અથવા મરાઠાઓની સામા થવાનો અંગ્રેજોને પ્રસંગ આવતાં તેમનો નિભાવ થઈ શક્યો નહોતો. આથી પ્લાસીની લડાઈનો અપયશ

સુરાજ-ઉદ-દૌલાને તેના દુર્બળ અને અકુશળ કારભારને લીધે ખમવો પડ્યો એમ કહેવું પડે છે. આરંભમાં થયલા સંગ્રામોમાં અંગ્રેજોને જય મળતો ગયો તે આવા કારણને લીધે હતું. એમની સામા થતી ફોજ માત્ર ભાડુતી હતી, તેને પોતાના શેઠ ઉપર નિષ્ઠા નહોતી. આવાં ભાડુતી લશ્કરો તે વેળા સહજ જમા કરી શકાતાં કેમકે તોફાની, લુટારૂ તથા પેટ સારૂ ભટકતા આ દેશના અગર બહારના હજારો લોકોથી આખો દેશ ઉભરાઈ ગયો હતો. પગાર મળે તેટલો વખત તે લોકો જોઇએ તેવી નોકરી કરતા. યુરોપિયનોની તોપનો મારો યથાસ્થિત રીતે તેમના ઉપર આવવા લાગ્યો એટલે તે સામે તેઓ ટકાવ કરી શક્યા નહીં. એવાં લશ્કરના ઉપરી અમલદારો પણ ધણીનો હુકમ નહીં માનતા, પ્રસંગ મળે તે પ્રમાણે શત્રુ સાથે મિત્રાચારી કરી સ્વાર્થ સાધવાને ઉત્સુક રહેતા. આવી ફોજની તથા તે ઉપરના અમલદારોની તેના માલિકને હમેશ ધાસ્તી રહેતી, કારણ એ ક્યારે ગળું કાપશે તેનો નિયમ નહોતો. ભાડુતી સિપાઇઓને એકઠા કરી અનેક ધૂર્ત તથા સાહસિક પુરૂષો હિંદુસ્તાનમાં અરાઢમા સૈકામાં નિરનિરાળા પ્રાંતમાં પોતાની રાજ્યસત્તા સ્થાપતા હતા. બંગાળાનો નવાબ, અયોધ્યાનો વઝીર, મ્હૈસુરનો હૈદરઅલી, દક્ષિણનો નિઝામ એ સર્વ આવીજ રીતે ભાડુતી સિપાઇઓનાં ટોળાં એકઠાં કરી તે ધામધુમના વખતમાં ઉદય પામ્યા હતા. એ વખતના સઘળા અગ્રધાન સરદારોમાં અહમદશા અબદલ્લી આ પ્રકારનાં કામમાં સર્વ રીતે પ્રવીણ હતો એમ માલમ પડે છે.

આ ઝગડામાં યુરોપિયન લોકો સામેલ થતાંજ અગ્રધાનોનો ધંધો ડુબતો દીપ તેમ લાગવા માંડ્યું. શાસ્ત્ર રીતી અનુસાર યુદ્ધકળાનું શિક્ષણ મળેલા યુરોપિયનો આગળ આ ભાડુતી લશ્કરનો નિભાવ લાગ્યો નહીં. સર્વએ મળી વ્યવસ્થિતપણે પહેલેથી સઘળી બારીક બાબતો નક્કી કરી આરંભથી આખર લગી ઠરાવેલું કામ બિનચૂક કર્યા જવાની સુધરેલી યુદ્ધ પદ્ધતિ યુરોપિયનો આ દેશમાં લાવ્યા તે અવ્યવસ્થિત, અશિક્ષિત અને ભાડુતી સિપાઈઓ કેવી રીતે ટકી શકે? એજ પ્રકારે કર્નાટકમાં તથા બંગાળામાં અંગ્રેજ, ફ્રેન્ચ અને દેશી ફોજ વચ્ચેના યુદ્ધમાં જાહેર

થયો હતો. યુરોપિયનો જરા સખત મારો ચલાવતા તો તરતજ આ ભાડુતી લશ્કર રણક્ષેત્ર છોડી નાસી જતું, કારણ એક નાના પગાર માટે પ્રાણ આપવાને કોણ તૈયાર થાય? આવી સ્થિતિમાં આ દેશમાં જે કોઈ લડવૈયા લોકો હતા તે સઘળા યુરોપિયનની બાજુએ આવી લડવા લાગ્યા. તેમની તરફથી વખતસર પગાર મળતો, અને તેમને લડાઇમાં જય મળવાની ખાતરી હતી એટલુંજ નહીં પણ સંગ્રામ વખતે બરાબર યુરોપિયનોની માફક સર્વની આગળ રહી તેઓ લડતા હોવાથી તેમનું માન જળવાતું હતું. ક્ષત્રિય અથવા લડવૈયા વર્ગ કરીને આ દેશમાં હમેશ એક મોટો ભટકતો લોકસમુદાય હતો. આ વર્ગની સંખ્યા વીસ લાખની હશે એવો કેટલાકોએ અડસટ્ટો કહાડ્યો છે. તેમને લડવાની તક મળી અને તે માટે પગાર મળ્યો એટલે તેમને સંતોષ થતો; પણ તેઓ કોને માટે લડે છે અને તેમાંથી તેમને શું મળવાનું છે એ વિચાર તેમનાં અંતઃકરણમાં ઘણો આવતો નહીં. આજ વર્ગના લોકોમાંથી યુરોપિયનોએ અને વિશેષ કરીને અંગ્રેજોએ પોતાનાં લશ્કર ઉભાં કર્યાં હતાં. તે સમયે એક દોઢ મહિનાના અરસામાં જોઇએ તેટલું પાયદળ લશ્કર અને ઉત્કૃષ્ટ સ્વારો જમા કરી શકાતા એવો ઉલ્લેખ મળી આવે છે. મધ્ય એશિયામાંથી અફઘાન લોકોનાં ઝુંડનાં ઝુડ આવતાં અને તેઓ જુદા જુદા પ્રાંતના લશ્કરમાં નોકરી રહેતા. યુરોપિયનોની ફોજમાં આરંભમાં તેઓ ઘણા નહોતા, કેમકે ઉદ્દામ અને મૂર્ખ અફઘાનો કરતાં તેમને આ દેશમાંના નરમ સ્વભાવના, વિશ્વાસુ અને સાદા હિંદુઓ પાયદળમાં વધારે અનુકૂળ પડતા. સો વર્ષ લગી આ હિંદુ પાયદળે અંગ્રેજોની નોકરી સર્વોત્તમ રીતે બજાવી છે. તોપખાના ઉપરના લોકોએ પણ પોતાનું કામ યથાયોગ્ય કર્યું છે, અને થોડા યુરોપિયનોની દેખરેખ હેઠળ દેશી ફોજે અંગ્રેજો કરતાં આજસુધી અત્યંત મહત્વનાં કામો કર્યાં છે.

આ ઉપરથી અંગ્રેજોને શરૂઆતમાં જય કેમ મળતો ગયો એ વ્યક્ત થશે. તેમના શરૂઆતના સંગ્રામ કિનારે કિનારે થયા. એ પછી પ્રથમ બંગાળ પ્રાંત તેમણે જીત્યો. ત્યાંનો નવાબ અગાઉથીજ અપ્રિય અને પરદેશી હતો, અને તેનું લશ્કર કેવળ ભાડુતી તથા વિફરેલું હતું. અફઘાન

તથા મરાઠા સ્વારોને લીધે આખો દેશ હેરાન હતો, અને ખેતી તથા વેપાર ઘણીજ અધમ અવસ્થાએ પહોંચ્યાં હતાં. આથી અંગ્રેજોને કિનારા ઉપરના પ્રદેશમાં સહેલાઇથી જય મળતો ગયો. પરંતુ આ પ્રકાર લાંબો વખત ટક્યો નહીં. જેમ જેમ પ્રદેશ જીતતાં તેઓ અંદરના ભાગમાં દાખલ થતા ગયા તેમ તેમ તેમની ગતિ ધીમી પડી ગઈ. મરાઠાઓએ તેમને દ્રઢ રીતે અટકાવ્યા હતા, કેમકે તેમની ફોજ બીજાઓની માફક ભાડુતી નહોતી, તેમનામાં રાષ્ટ્ર્ય અભિમાન ઘણું જાગૃત પામ્યું હતું, અને રાજ્યકારભારમાં પણ તેઓ કુશળ હતા. અંગ્રેજોએ બંગાળાનો કબજો લીધો તેજ વખતે મરાઠાઓ હિંદુસ્તાનના ઘણાખરા ભાગ ઉપર ફરી વળ્યા હતા અને પોતાનું સામ્રાજ્ય સ્થાપવાના વિચારમાં મશગુલ હતા. તેઓનાં આ કૃત્યનો અંગ્રેજોને આયતોજ ફાયદો મળ્યો. મ્હૈસુરના રાજા, નિઝામ અને ખુદ મોગલ બાદશાહ તથા તેના પ્રાંતોપ્રાંતના નવાબને મરાઠાઓએ હેરાન કરી મુકવાથી અંગ્રેજોને તે કામ કરવાની જરૂર રહી નહીં. તેઓ વચમાં આવ્યા ન હોત તો હિંદુસ્તાનમાં મરાઠાઓનું રાજ્ય થવાના સઘળા સંજોગો અનુકૂળ બન્યા હતા. અંગ્રેજોનું એ સુભાગ્ય હતું કે આરંભમાં મરાઠાઓ સાથે લડવાનો તેમને પ્રસંગ આવ્યો નહીં, અને જ્યારે તેવો વખત આવ્યો, ત્યારે તેમનું રાજ્ય કંઈક સ્થિર હોઈ તેમની શક્તિ પણ વધી હતી. હિંદુસ્તાનમાં અંગ્રેજી રાજ્ય સ્થાપવામાં જો કોઈએ પણ સખત વિરૂદ્ધતા બતાવી હોય તો તે મરાઠાઓજ હતા, અને આ દેશમાં અંગ્રેજોને ઝનુની લડાઈઓ તેમની સાથેજ થઇ હતી.

આટલા ઉપરથી સુદૈવના માની લીધેલા જોરથી અંગ્રેજોને હિંદુસ્તાનનું રાજ્ય મળી ગયું, અગર હિંદુસ્તાનના લોકોએ જાતે રહી આ દેશ જીતી અંગ્રેજોને હવાલે કર્યાં, એમ કહેવું ખરૂં નથી. કેટલાક એમ પ્રતિપાદન કરે છે કે હિંદુસ્તાનના ખરા ક્ષત્રિય અથવા લડવૈયા લોકો અંગ્રેજો સાથે કદી સામેલ થયા નહોતા; ચોર, શમોશી, ઘરબાર વિનાના પેટ માટે ભટકતા ફરતા અને હલકા વર્ગના લોકોને પોતાની નોકરીમાં રાખી તેમણે આ દેશ જીત્યો. તો, પણ આ કામમાં હિંદુસ્તાનના ખરા યોદ્ધાઓ તેમની

સાથે જોડાયા નહોતા. આ કહેવું ખરૂં છે કે ખોટું તે નક્કી કરવા અંગ્રેજોની ફોજના જાતવાર આંકડા તપાસી જોવા જોઇએ. એમ છતાં કેટલાક સ્પષ્ટ પ્રમાણ ઉપરથી ઉપરનું કહેવું ખોટું ઠરે છે. નીચ જાતિના લોકોને નોકરીમાં રાખી અંગ્રેજોએ આ દેશ જીતવાનું એક વખત ખરૂં માનીએ તોપણ તેમની સામે અહીંના લશ્કરી ધંધાના લોકો સ્વદેશનું રક્ષણ કરવા બહાર પડ્યા નહીં એ નિર્વિવાદ છે. જો તેમણે પોતાના દેશનું રક્ષણ કર્યું હોત તો કદાચ અંગ્રેજોના તાબામાં આ દેશ ગયો હોત નહીં. વળી મુસલમાનોએ આ દેશમાં પ્રવેશ કર્યો તે વખત પછીનો, બલ્કે તેની પહેલાંનો, ઇતિહાસ અવલોકતાં અહીંના લોકોમાં રાષ્ટ્રીય અભિમાન બીલકુલ હતું નહીં એમ કહેવું પડે છે. પરદેશી લોકો એક સરખા દેશ ઉપર ચડી આવતા હતા, પણ સ્વરાષ્ટ્રાભિમાનને અભાવે તેમનો અટકાવ કરવા તેઓ બહાર પડ્યા નહીં. એક પ્રકારનું પ્રાંતિક અભિમાન આપણા લોકોમાં હતું પણ તે એટલું તો સંકુચિત હતું કે એક પ્રાંતે બીજા પ્રાંતને કદી મદદ સુદ્ધાં કરી નહોતી. ઉલટું તેની વિરૂદ્ધ શત્રુને મદદ કર્યાના દાખલા મળી આવે છે. રજપુત તથા મરાઠાઓ જુદા જુદા મુસલમાનો સામે લડ્યા, પણ તે બન્ને કોઈ પરદેશી શત્રુ સામે લડવામાં કદી એકઠા થયા નહીં. રજપુતો મરાઠાઓને પોતાના શત્રુજ સમજતા. અંગ્રેજ મરાઠાઓનાં યુદ્ધ થયાં ત્યારે પુષ્કળ રજપુતો અંગ્રેજોને જઈ મળ્યા હતા. કહેવાની મતલબ કે અદ્યાપિ હિંદુઓનો સ્વભાવ પ્રાંતિક તથા એકલપેટો, એટલે અત્યંત આકુંચિત તથા અનુદાર છે. વિસ્તૃત, ઉદાર, અને એકરાષ્ટ્રીય સમદૃષ્ટિ આપણા લોકોમાં ન હોવાથી આખા દેશને કેટલું ખમવું પડયું છે એ આપણા એકંદર ઇતિહાસ ઉપરથી આપણને ઉત્તમ રીતે દેખાઈ આવે છે.

સ્કૉટલન્ડના હાઇલૅન્ડર્સ અને લોલૅન્ડર્સની વચ્ચે ઘણા દિવસ વિરોધ રહેવા બાદ બન્નેનું હિત એકજ છે એમ તેમને માલમ પડતાં તરતજ તેઓ એકત્ર થઈ ગયા હતા. નૉર્મન લોકોએ ઇંગ્લંડ દેશ જીત્યો ત્યારે સૅક્સન પ્રજા સાથે શરૂઆતમાં તેમને અત્યંત વેરભાવ રહેવા પછી સો દોઢસો વર્ષમાં બન્નેનું ઐક્ય થઇ ગયું. અર્થાત કોઇ બે જાતિ વચ્ચે પ્રેમ ઉત્પન્ન

થવા માટે બેઉનું હિત એકજ છે એમ તેઓની ખાતરી થવી જોઇએ. હિતાર્થ એક હોવો એ સ્વરાજ્યાભિમાનનું એક મુખ્ય અંગ છે.

૬. **મીરજાફરનો ઉદ્વેગ.** પ્લાસીની લડાઇથી બંગાળામાં રાજ્યક્રાન્તિ થતાં અંગ્રેજોની અડચણો મટી જશે એમ સર્વનું માનવું હતું, પણ તેમ બન્યું નહીં. મીરજાફર રાજ્ય કરવાને નાલાયક હતો. ભાંગ પી તે અહરનિશ સુખચેનમાં પડી રહેતો, અને શરીર ઉપર દાગીના પહેરી એશઆરામમાં નિમગ્ન રહેતો. એના પુત્ર મીરાને પોતાના ક્રુરપણાને પરાકાષ્ઠાએ પહોંચાડ્યું હતું. આથી મીરજાફર સામા જ્યાં ત્યાં અસંતોષ અને ફરીઆદ ઉત્પન્ન થયાં. તેની પાસે પૈસા બીલકુલ નહોતા, દરબારમાં સઘળા સરદારો નાખુશ થયા હતા. એક બાજુએ દ્રવ્યથી ભરેલાં સેંકડો વહાણો કલકત્તા તરફ હંકારતાં હતાં ત્યારે બીજી બાજુએ મીરજાફરને ખર્ચવાને પૈસા નહોતા એ જોઈ ઘણા લોકોને તેના કૃત્ય માટે ગુસ્સો આવ્યો. તેના બીકણપણાની હદ ન રહેવાથી 'ક્લાઈવના ટટ્ટુ' ને નામે સઘળા તેની મશ્કરી કરવા લાગ્યા. અગાઉ અંગ્રેજ લોકો નવાબ પાસે આજીજી કરતા આવતા હતા, પણ હવે તેઓ તેના શેઠ થઈ બેઠા હતા, અને નવાબને તેમનું મન મનાવવું પડતું હતું. વર્ષ બે વર્ષના ટુંક સમયમાં પોતાની નજર આગળ આવો ફેરફાર થયેલો જોઈ સઘળાઓને મીરજાફર પ્રત્યે ઘણી ચીડ આવી. મીરજાફર જાતે પણ અંગ્રેજોને ક્યાં ચાહતો હતો! અનેક રીતે તેમની મગરૂરી તોડવાનો તેણે પ્રયત્ન આદર્યો હતો, પણ કોઈ યુક્તિ ફળીભૂત ન થવાથી ફરીથી મુગે મ્હોડે ક્લાઈવને શરણે જવાની તેને ફરજ પડી હતી. વળી એણે પોતાના ખાસ વર્ગના મનનું સમાધાન કરવા માટે અગાઉના ઘણાખરા કામદારોને નોકરી ઉપરથી કહાડી મુકી પોતાના સગા સંબંધીઓને તેમની જગ્યાએ દાખલ કર્યા હતા તેથી પણ તે અપ્રિય થયો હતો. ઉપલા વર્ગના લોકોની જ્યારે આવી સ્થિતિ થઈ હતી ત્યારે બીચારા હલકા વર્ગના ખેડુત વગેરે જાતિઓની કેવી અવદશા થઈ હશે તેની કલ્પના કરી શકાશે.

ગાદીએ બેઠા પછી બે મહિનામાં મહા મહેનતે મીરજાફરે એક કરોડ પાંચ લાખનું પહેલું ભરણું અંગ્રેજોને ભર્યું. એથી પહેલાજ હફતામાંથી સુમારે

૭ લાખ આપવાના બાકી રહ્યા. મીરજાફરને નવાબગિરી મળી ખરી પણ તીજોરી તદ્દન ખાલી માલમ પડવાથી તે ભારે મુશ્કેલીમાં આવી પડ્યો. ફક્ત અંગ્રેજોને સમજાવી લેવામાંજ ખજાનો ખાલી થઈ જવાથી તેના અનેક દેશી સાથીદારોને આપવા માટે તેની પાસે કંઈ પણ રહ્યું નહીં. 'મને નવાબગિરી મળશે તો હું તમને બક્ષિસ આપીશ' એમ તેણે પુષ્કળ લોકોને વચન આપ્યાં હતાં, પણ હવે તેમને થોડું ઘણું આપી કોઈ રીતે સમજાવી લેવા અશક્ત હતો. પ્રથમ અંગ્રેજોની મદદ લેવાનું તેને સારૂં લાગ્યું, પણ હવે સઘળી સત્તા તેમના હાથમાં જવાથી તે નચાવશે તેમ નાચવું પડશે તથા તેમના હાથમાંથી છુટવાનો માર્ગ મળશે નહીં એ વિચાર તેના મનમાં આવતાં તેના ઉદ્વેગનો પાર રહ્યો નહીં. પૈસા કઢાવવા માટે થયલા જુલમથી લોકો તેઓ ખળભળી ઉઠ્યા, રાજા દુર્લભરાય નોકરીમાંથી છુટો થઈ ઘેર બેઠો, પ્રાંતો પ્રાંતના અધિકારીઓ બંડ કરવા લાગ્યા. આવી મુશ્કેલીઓમાં ફરીથી તેને મદદ માટે કલાઇવ પાસે માંગણી કરવી પડી. કલાઇવને એ તો જોઇતુંજ હતું. કારણ બંગાળાનો કારભાર સર્વ રીતે પોતાની મરજી અનુસાર ચાલે તેવી યોજના તેને કરવી હતી. મીરજાફર તરફની માગણી થતાં આયર કુટની સરદારી હેઠળ કલાઇવે તેને માટે ફોજ રવાના કરી. લૉની પુઠ પકડી કુટ પટના ગયો, કેમકે ત્યાં કારભારી રામનારાયણ મીરજાફરના હુકમનો અનાદર કરવા લાગ્યો હતો. કેટલાક દિવસ પછી કલાઈવ પોતે લશ્કર લઈ આવ્યો, અને મીરજાફરને લઈ ઉપર રાજમહાલ ગયો.

વળી મીરજાફરને મુશ્કેલીમાં પડેલો જોઈ કલાઇવે પાછલી બાકી આપી દેવા તેના ઉપર એકદમ તગાદો કર્યો, ત્યારે મીરજાફરે બીજો કરાર કરી કલકત્તાની દક્ષિણ તરફનો સવા બે લાખ પાંડની ઉત્પન્નનો મુલક તેણે કંપનીને સ્વાધીન કર્યો, (જાનેવારી સને ૧૭૫૮). એ પછી મીરજાફર અને કલાઈવ પટના ગયા. અહીં ચાલતા સુરાખારના મોટા વેપારનો મક્તો દરસાલ લીલામથી વેચવામાં આવતો તે મક્તો હવે કાયમનો કંપનીને આપવાની કલાઇવે માંગણી કરી. હાલના સંજોગોમાં એ માંગણી કબૂલ કરવાની

મીરજાફરને જરૂર પડવાથી બહાર પ્રાંતનો સુરાખારનો સઘળો વેપાર જાથુકનો અંગ્રેજોના હાથમાં આવ્યો. એ પછી આ સઘળું મંડળ પટનામાં ત્રણ ચાર મહિના રહ્યું. અહીં મીરજાફરને નવાબપદ ઉપર કાયમ કરવા માટેનું તેમજ ક્લાઇવને ૭ હજારની મનસબગિરી આપવા માટેનું બાદશાહનું ફરમાન આવ્યું, ત્યારે ભારે ઠાઠ તથા સમારંભ કરવામાં આવ્યા. આ સઘળી વ્યવસ્થા સંપૂર્ણ કરી ક્લાઈવ કલકત્તે સને ૧૭૫૮ ના મે માસમાં પાછો ફર્યો ત્યારે કાસીમબજાર આગળ તેણે પોતાના લશ્કરનો મોટો ભાગ રોકવી દીધો.

મીરજાફરે કંપનીને જે જાગીર આપ્યાનું આગળ કહેવામાં આવ્યું છે તે વાર્ષિક ઉત્પન્ન કંપનીને સુમારે વીસ લાખ રૂપીઆ આવતું, અને તેમાંથી ત્રણ લાખ નવાબને જમીન મેહેસુલ તરીકે ભરવા પડતા. આ સિવાય બાદશાહે ક્લાઈવને મનસબ આપવાથી તે અમીર બન્યો હતો. આ મનસબના બદલામાં તેણે ૭ હજાર પાયદળ તથા પાંચ હજાર સ્વાર રાખવાના હતા અને તેના ખરચ પેટે બાદશાહ તરફથી તેને નિમણુક મળવાની હતી. ક્લાઇવે કંઈ પણ લશ્કર રાખ્યું નહીં, છતાં મીરજાફર પાસેથી નિમણુક માગી. જવાબમાં પૈસા નથી એમ મીરજાફર કહી શક્યો નહીં. ત્યારે કંપનીની જાગીરના વસુલમાંથી દર સાલ જે ત્રણ લાખ રૂપીઆ નવાબને આપવાના હતા તે પરભાર્યાં કંપની તરફથી ક્લાઈવને મળે એવી ગોઠવણ મીરજાફરે કરી આપી. આ ત્રણ લાખની નિમણુક માટે આગળ જતાં કંપની અને ક્લાઇવ વચ્ચે મોટો ટંટો ઉપસ્થિત થયો હતો.

કલકત્તે આવ્યા પછી ક્લાઇવે ત્યાંના કિલ્લાની ઉત્તમ પ્રકારની દુરસ્તી કરી હમેશ માટે યોગ્ય બંદોબસ્ત કર્યો. પ્રેસિડન્ટની જગ્યા ઉપર તેની નિમણુક થઇ હતી. એટલામાં કાઉન્ટ લાલી મોટી ફોજ લઈ પોન્ડીચેરી આવવાથી, તેને કર્નાટક તરફ સત્વર જવા માટે આમંત્રણ થયું. પરંતુ મોગલ બાદશાહીમાં નાના તરેહની ભાંજગડો ચાલુ હતી, અહમદશાહ તે અબદલી અને મરાઠાઓના ઝગડાએ ઉગ્રરૂપ ધારણ કર્યું હતું, અને ગમે વખતે શું બનશે તે નક્કી નહોતું. બંગાળામાં સર્વત્ર અસ્વસ્થતા હતી.

સને ૧૭૫૮ માં બાદશાહના પુત્ર શાહજાદા અલીગોહરે બંગાળ પ્રાંત ઉપર સ્વારી કરી ત્યારે તેને અયોધ્યાના વઝીર તથા ફ્રેન્ચ અહસ્થ લૉની મદદ હતી. લૉ આ વખતે ભારે ખટપટ કરી મોગલ બાદશાહીમાં પડેલાં ભંગાણને સમારવાનો પ્રયત્ન કરતો હતો, પણ તેને કંઇ યશ મળ્યો નહીં. સઘળા લોકો અંદરખાનેથી અંગ્રેજો વિરૂદ્ધ કારસ્તાન રચતા. તેમના કબજામાંથી છુટવા માટે મીરજાફરે મરાઠાઓને બંગાળા ઉપર સ્વારી લાવવા તેડું કર્યું. આવી સ્થિતિમાં ક્લાઇવને બંગાળ પ્રાંત છોડી જવાનું શક્ય નહોતું. જો તે ગયો હોત તો ઉપાડેલો સઘળો શ્રમ વ્યર્થ જાત. એથી તેણે કર્નલ ફોર્ડને ઉત્તર સરકારનો પ્રાંત જીતવા મોકલ્યો. એ બાબતની હકીકત આગળ આવી ગઈ છે.* શાહજાદાએ મીરજાફર ઉપર સ્વારી કરી ત્યારે તેને મદદ કરવા માટે એપ્રિલ ૧૭૫૯ માં ક્લાઇવ પટના ગયો; પણ તે આવે છે એમ સાંભળતાંજ શાહજાદો ત્યાંથી નીકળી નાઠો. આ કામના બદલામાં મીરજાફરે ક્લાઇવને ઉપર કહેલી ત્રણ લાખની બક્ષિસ આપી હતી.

અંગ્રેજોની આ વધતી જતી આબાદીથી ચીનસુરામાં વલંદા લોકોને ભારે આશ્ચર્ય લાગ્યું. તેમનું સર્વોપરીપણું ઘટાડવા માટે નવાબે વલંદા લોકો સાથે ગુપ્ત રીતે સંબંધ રાખ્યો હતો, અને પરિણામમાં જાવા બેટમાંની તેમની મુખ્ય રાજધાની બટેવિઆથી ડચ આરમાર હિંદુસ્તાન આવી અંગ્રેજોને આ દેશમાંથી હાંકી કહાડવાનો હતો. આ સઘળો બેત ખાનગી રીતે રચાયો હતો, પણ ક્લાઇવ ઘણો સાવધ હતો.

આ પ્રમાણે થયલી ગોઠવણ મુજબ સને ૧૭૫૯ ના અકટોબરમાં સાત ડચ વહાણો લશ્કર લઈ હુગલી નદીમાં દાખલ થયાં ત્યારે તેમને હાંકી કહાડવા માટે ક્લાઇવે મીરજાફરને ઘણી સખત તાકીદ કરી. મીરજાફર હુગલી ગયો ત્યાં તેની અને વલંદા લોકો વચ્ચે મુલાકાત થઈ. આ વેળા ક્લાઇવ પાસે ઘણું લશ્કર નહોતું છતાં તે ડગમગ્યો નહીં; થોડાજ વખતમાં કર્નલ ફોર્ડ અને કેપ્ટન નોક્સ (Knox) તેને આવી મળ્યા. વલંદાઓએ લડાઇ શરૂ કરી, ત્યારે ક્લાઇવે હાથ

* પ્રકરણ ૯ મું, વિભાગ ૨ જો જુઓ.

હોલંડના કેટલાક વ્યાપારી અમલદારોની મદદથી જમીન ઉપર તેમજ પાણીમાં તેમનો પરાજય કર્યો. અંગ્રેજોના હારવાની નવાબ વાટ જોતો હતો, પરંતુ તેમનો જય થયલો સાંભળી તે નિરાશ થઈ ગયો. ક્લાઇવે વલંદા લોકો સાથે કાયમનો કરાર કરી તેઓ ફરીથી માથું ઉંચકી ન શકે એવી વ્યવસ્થા કરી. આટલું કામ કર્યા પછી તેનું મન સ્વસ્થ થતાં હવે પોતાનું કામ થઈ રહેલું જાણી વિશ્રાંતિ લેવા માટે ઇંગ્લંડ જવાનો તે વિચાર કરવા લાગ્યો. ક્લાઇવે વૅન્સિટાર્ટ ( Vansittart ) પોતાનો અધિકાર સોંપ્યો અને લશ્કરની સરદારી કૅલિઓડને આપી. મીરજાફર સાથે એ લોકોની ઓળખાણ કરાવી તેણે તેની રજા લીધી. ત્યારે પોતાનો મોટો આધાર જાય છે એમ નવાબને લાગ્યું. સને ૧૭૬૦ ના ફેબ્રુઆરી માસમાં ક્લાઇવ ઇંગ્લંડ જવા ઉપડ્યો.

## પ્રકરણ ૨૨ મું.

### બંગાળામાં રાજ્યકારભારની ધામધુમ.

સને ૧૭૬૦–૧૭૬૫

૧ મીરકાસમની નવાબપદ ઉપર સ્થાપના. ૨. મીરકાસમનો અંગ્રેજ સાથે ટંટો.
૩ મીરકાસમ તથા અંગ્રેજ વચ્ચે યુદ્ધ. ૪ રાજા સીતાબરાય.
૫ ક્લાઇવનો ઇંગ્લંડમાં માનપૂર્વક સત્કાર. ૬ સ્પેન્સરે કરેલી નવા નવાબની નિમણુક.
૭ રાજ્યક્રાન્તિના પ્રથમ પરિણામ.

**૧. મીરકાસમની નવાબપદ ઉપર સ્થાપના.** સને ૧૭૫૮ ના ફેબ્રુઆરીમાં ક્લાઇવ ઇંગ્લંડ ગયો ત્યારે બંગાળાનો કારભાર પોતાની પાછળ વૅન્સિટાર્ટને સોંપવા માટે તેણે ભલામણ કરી હતી. એ સૂચના ઇંગ્લંડથી મંજુર થઈ આવતા લગી બંગાળાનો પ્રેસિડંટ તુર્ત વેળા હૉલ્વેલને સોંપવામાં આવ્યો હતો. સુરાજ–ઉદ્–દૌલાને હાથે અંધારી કોટડીમાં પુરાયલા આ હોલ્વેલે સુમારે દોઢ વર્ષ વહિવટ ચલાવી સને ૧૭૬૦ ના જુલાઈ માસમાં વૅન્સિટાર્ટને હવાલે કર્યો. હૉલ્વેલ અને મીરજાફર વચ્ચે

બીલકુલ બનાવ ન હોવાથી મીરજાફરને ગાદીએથી ઉઠાડી મુકવાનો ઉપક્રમ હૉલ્વેલે ચલાવ્યો હતો તેમાં તે સહજમા પાર પડયો હોત, પણ એટલામા દિલ્હીના બાદશાહનુ ખુન થતા શાહજાદો અલીગોહર શાહઆલમ નામ ધારણ કરી બાદશાહ થયો. શરૂઆતમાજ તેણે હાથમાંથી ગયલો બંગાળ પ્રાંત પાછો મેળવવા માટે અયોધ્યાના વઝીર સુજા–ઉદ–દૌલાની મદદથી સ્વારી કરી. આની સ્વારીઓ વ્હેલી મોડી થયા વિના રહેશે નહીં એમ ક્લાઈવ મૂળથી માનતો હોવાથી તેણે તે માટે તજવીજ કરી રાખી હતી. કર્નલ કૅલિઑડ તથા મીરજાફરનો છોકરો મીરાન બન્ને ફોજ લઈ બાદશાહ સામે લડવા આવ્યા. પટનામા રામનારાયણ કરીને નવાબનો કારભારી હતો તે પ્રથમ બાદશાહની સામા થયો, પરંતુ તેનો પરાજય થતા પટના શહેર બાદશાહના હાથમા પડવાની અણી ઉપર હતું, એટલામા કૅલિઑડ તથા મીરન આવી પહોચ્યા, પણ એમને ચુકાવી બાદશાહ આગળ નીકળી ગયો. એણે મરાઠાઓ સાથે સંધાન કરી મદદ માગી હતી, પણ તેઓ આ પ્રસગે પાણીપતના યુદ્ધમા ગુથાયલા હોવાથી તેઓને બાદશાહની મદદે આવવાનુ અનુકૂળ પડયુ નહીં. એ પછી કૅલિઑડ ફરીથી બાદશાહની આડે આવવાથી બાદશાહ મુર્શિદાબાદથી પાછો ફર્યો અને પટનાને ઘેરો ઘાલ્યો. એ વખતે ફ્રેન્ચ ગ્રહસ્થ લૉ તથા પુર્નિઆનો નવાબ તેની મદદે આવ્યા હતા. સામી તરફ કૅપ્ટન નૉકસની સરદારી હેઠળ બીજી એક અંગ્રેજ ફોજ કૅલિઑડની મદદે આવી, એટલે બાદશાહ પરાભવ પામી પાછો ફર્યો. તેની પુઠ પકડી અંગ્રેજ લશ્કર ધસતુ હતુ તેનામાં એક રાતે મીરાનના તંબુ ઉપર વીજળી પડવાથી તે મરણ પામ્યો.

મીરાનના ગુજરી જવાથી નવાબના કારભારમા ભાંજગડ ઉપસ્થિત થઈ. આથી એમ ઠરતુ નથી કે તે એક ઉત્તમ પુરૂષ હતો. ઉલટુ તે સ્વભાવે અત્યંત દુષ્ટ તથા બેઈમાની હતો; મનુષ્ય સ્વભાવના સર્વ કંઈ દુર્ગુણો તેનામા હતા. તે ધીટ નહીં પણ ઉતાવળો, કંઈ પણ ફાયદો ન હોય છતા વિશ્વાસઘાત કરનારો, લોભી તેમજ ઉડાઉ, તથા અત્યંત વ્યસની અને અનુપકારી હતો. આવા ગ્રહસ્થના મરણથી કોઈનેજ નુકસાન નહોતું.

એમ છતાં એથી મીરજાફર પછી નવાબ કોણ થશે એ પ્રશ્ન ઉત્પન્ન થયો. નવાબ વ્યસની તથા મહારોગથી પીડાતો હતો, તથા તેનો બીજો પુત્ર નાની ઉમરનો હતો. આવી હકીકતમાં ભવિષ્યની વ્યવસ્થા કરવાની જોખમદારી અંગ્રેજો ઉપર આવી પડી, કારણ પ્લાસીની લડાઇ પછી તેમની સલાહ વિના નવાબના દરબારમાં એક પાંદડું પણ હાલી શકતું નહીં.

એટલામાં કલકત્તે વૅન્સિટાર્ટ ગવર્નર તરીકે કારભાર ચલાવવા લાગ્યો. તેણે હવે પછી શું કરવું તે નક્કી કરવા માટે કૅલિઑડને પોતા પાસે બોલાવ્યો. એણે થોડા વખત અગાઉ બાદશાહ સાથે તહ માટે જે સંદેશા ચલાવ્યા હતા તે ઉપરથી એટલું તો દેખાઇ આવ્યું હતું કે નવાબ બંગાળા પ્રાંતનો સંપૂર્ણ માલિક હોવાનું આજપર્યંત જે સમજવામાં આવતું હતું તે ખુદ કંપનીને નુકસાનકારક હતું. નવાબ માત્ર હાથ હેઠળનો અમલદાર હતો, અને તેજ દરજ્જા ઉપર તેને આણી મુકવો જોઇએ એમ વિચાર નક્કી થતાં, તે પ્રમાણે ગોઠવણ કરવાની હતી. એટલામાં મુર્શિદાબાદથી મીરમહમદ કાસીમખાન ઉર્ફે મીરકાસીમ તરફથી સંદેશા ચલાવવા એક એલચી અંગ્રેજો પાસે આવ્યો. આ મીરકાસીમ મીરજાફરનો જમાઇ હતો, અને તે ઘણો મગરૂર તથા ધૂર્ત હતો. તેની વય ચાળીસ વર્ષની હતી. છેલ્લાં બેચાર વર્ષમાં મુસલમાની અમલની જે દુર્દશા થઇ હતી તે તેણે લક્ષપૂર્વક અવલોકન કરી હતી, અને યથાશકિત ખટપટ કરી નવાબની સત્તા ફરીથી સ્થાપન કરવાનો તેને વિચાર સુઝ્યો હતો. ફોજને પગાર ન મળવાથી તેણે કરેલો ગિલ્લો એણે મટાડ્યો હતો. એ પછી કલકત્તાના અધિકારીઓને લાંચ આપી પોતાને અનુકૂળ પડે તેવી વ્યવસ્થા કરવા માટે તે કલકત્તે ગયો. ત્યાં અંગ્રેજો સાથે તેણે એવો ઠરાવ કર્યો કે (૧) મીરજાફરે સર્વ કારભાર છોડી દઇ મીરકાસીમને હવાલે કરવો, અને તેના મૃત્યુ પછી મીરકાસમને નવાબગિરી મળે; (૨) મીરકાસમ તથા અંગ્રેજ વચ્ચે કાયમની દોસ્તી થતાં અંગ્રેજ લશ્કરે તેને મદદ કરવી; (૩) આ મદદના બદલામાં તથા લશ્કરના ખરચ પેટે બરદ્વાન, ચીતાગૉંગ અને મિદનાપુરનાં પરગણાં હમેશ માટે અંગ્રેજોને સોંપી આપવાં; (૪) ત્રણ વર્ષ પર્યંત

સિલહીટ પ્રાંતનો સુનો નવાબે અંગ્રેજોને લેવા દેવો, અને (૫) હોળની રકમો બક્ષિસ તરીકે આપવીઃ-વૅન્સિટાર્ટને પાંચ લાખ રૂપીઆ, બે લાખ સત્તર હજાર હૉલ્વેલને, સમ્નર તથા મૅકગાયર એ દરેકને અઢી લાખ; કર્નલ્ કેલિઑડને બે લાખ, અને બીજા બે ઇસમોને પ્રત્યેકને એક લાખ ચોત્રીસ હજાર. સપ્ટેમ્બર, તા. ૨૭ મી સને ૧૭૬૦ આવો ઠરાવ કરી મીરકાસમ મુર્શિદાબાદ ગયો, અને તેની પછી બે દિવસ રહી વૅન્સિટાર્ટ પણ ત્યાં આવ્યો. બન્નેએ મળી મીરજાફરને પેન્શન આપી કલકત્તે આણ્યો, અને મીરકાસમ નવાબ બની ગયો. આ રીતે રાજ્યક્રાન્તિ પાર ઉતરતાં અંગ્રેજોનાં ખીસાં ભરવાની પ્લાસીના સમયની પડેલી પદ્ધતિ પુનઃ ઉપયોગમાં આવી. ઉપરની હકીકતની ઈંગ્લંડમાં જાણ થતાં લાંચ લેવા માટે કૉન્સિલના ત્રણે સભાસદો હૉલ્વેલ, સમ્નર તથા મૅકગાયરને નોકરી ઉપરથી બરતરફ કરવામાં આવ્યા, અને તેમની જગ્યાએ એલિસ, સ્મિથ, વ્હરલસ્ટ તથા વૉર્ન હેસ્ટિંગ્સ સભાસદ થયા. આથી કૉન્સિલમાં વૅન્સિટાર્ટનો પક્ષ દબાઈ ગયો, કારણ વૉર્ન હેસ્ટિંગ્સજ માત્ર તેના પક્ષનો હતો, અને બાકીના સઘળા તેના વિરોધી હતા.

બંગાળાની આ નવીન રાજ્યક્રાન્તિ કેવળ પૈસાને લોભે અંગ્રેજોએ કરી હતી. 'આ સર્વ વ્યવહાર અંગ્રેજોને માટે અત્યંત બેઇમાની તથા લાંચ્છનકારક છે. એથી કંપનીની કંઈ પણ નવી સગવડ સચવાવાની નહોતી. બંગાળાનો ખરો માલિક-દિલ્હીનો બાદશાહ-પોતાનો અમલ તે પ્રાંતમાં બેસાડવાનો પ્રયત્ન કરતો હતો, તેવામાં અંગ્રેજોએ ત્યાંનું નવાબપદ એકના હાથમાંથી છીનવી લઈ, લાંચ લઈ, બીજા બીનહકદારને વેચ્યું. પોતાનો ફાયદો મેળવી લેતાં કંપનીને ફાયદો કરીએ છીએ એવો તેમણે ઢોંગ કર્યો. જેઓને પૈસા મળ્યા નહીં તેઓ બીજાઓની વિરૂદ્ધ પડ્યા અને કૉન્સિલમાં ભારે ટંટો શરૂ થયો. આજે આ બનાવને સો વર્ષ થઈ ગયાં છે ત્યારે શાંત મને તે વિષે વિચાર કરતાં, તે વેળા કંપનીના અમલદારોએ બાદશાહનો પક્ષ કેમ ધર્યો નહીં તે સમજાતું નથી. બાદશાહ તકરારી મુલકનો ખરો માલિક હતો, અને કંપની તેની પાસેથી નવાબ કરતાં પુષ્કળ

ફાયદો કરી લઈ શકત.'* મીરજાફર ભારે કષ્ટ વેઠી કલકત્તે આવી રહ્યો. આવા બેઈમાનપણા માટે ઘણા સખ્ત ગુસ્સા સિવાય તેના મનમા બીજુ કંઈ પણ નહોતુ વૅાન્સિટાર્ટ પોતે કંઈ ખરાબ નહોતો બ્હીલર કહે છે કે તેણે લાચમાનો પોતાનો હિસ્સો લીધો નહોતો. તેના વિચાર યોગ્ય હતા, તથા ન્યાય કરવાની તેની ઇચ્છા હતી, પણ પોતાના વિચારની કૌન્સિલ ઉપર છાપ બેસાડવાની તેનામા હિમત નહોતી, તેની બહુમતીનો તે અનાદર કરી શકતો નહીં, અને સર્વ હકીકત ઇંગ્લંડ લખી મોકલી હુકમ મગાવવા જેટલો અવકાશ નહોતો

નવાબગિરી મળતાંજ મીરકાસમે અંગ્રેજોનુ અગાઉનુ સઘળુ કરજ એકદમ પગાર કર્યું, અને નવા કરાર પ્રમાણેની સઘળી માગણીઓનું દેણ પતાવ્યુ. લશ્કરનો ચડી ગયલો પગાર આપી પોતાના માણસોને તેણે સતુષ્ટ કર્યા. એવામા બાદશાહે પુનરપિ બગાળા ઉપર સ્વારી કર્યાની બાતમી આવવાથી મેજર કર્નાકની મદદ મેળવી મીરકાસમ ઉત્તર તરફ ગયો, અને તેમણે થોડાજ વખતમા બાદશાહને હરાવ્યો આ પ્રસગે લૅા તથા તેના ફ્રેન્ચ સાથીદારો અંગ્રેજોના હાથમા સપડાયા બાદશાહનો આવી રીતે પરાજય થતા તેનો પોતાના કામમા ઉપયોગ કરી લેવાનુ અંગ્રેજોના મનમાં આવવાથી મેજર કર્નાકે બાદશાહને મળી તેને પટના આવવા સમજાવ્યો અહીં તેણે બાદશાહનો ખીતાબ ધારણ કર્યો, એમ છતા કોઈ પણ પોતાને લઈ જઈ દિલ્હીના તખ્ત ઉપર સુરક્ષિત બેસાડે એવી તેની ઇચ્છા હતી પટનામા અંગ્રેજો પાસે આવવાનો તેનો ઉદ્દેશ આજ હતો અહીંની તેમની વખારને તેઓએ અનેક રીતે શણગારી મધ્ય ભાગે જમવાના ટેબલ ઉપર એક તખ્ત તૈયાર કર્યું, અને શાહઆલમને મોટા સમારંભ કરી તે ઉપર બેસાડ્યો. મીરકાસમે આવી તેને એક હજાર એક મહોરનુ નજરાણુ કર્યું હિંદુસ્તાનની મહાન બાદશાહીના માલિકને તખ્ત ઉપર બેસાડવા માટે અંગ્રેજોને ક્ષણભર ધન્યતા લાગી, શાહઆલમ પાસેથી મીરકાસમને નવાબપદ ઉપર કાયમ કરવાનુ ફરમાન તેમણે મેળવ્યુ, અને

* Meadows Taylor.

તેના બદલામાં મીરકાસમે દરસાલ બંગાળામાંથી છવીસ લાખનું વસુલ બાદશાહને ભરવાની કબૂલાત આપી. આ બાબત જે કંઈક ચમત્કાર છે તે એટલોજ છે કે જે પ્રાંતમાંથી અલિવર્દીખાને પ્રત્યેક વર્ષ એક કરોડ રૂપીઆનું વસુલ બાદશાહને આપ્યું હતુ તે પ્રાંતમાંથી વાર્ષિક છવીસ લાખ મળવાથી ઘણું મળ્યું હોય એમ શાહઆલમને લાગ્યું. બરદવાન, ચીતાગોંગ, અને મીદનાપુર પોતાને આપેલાં હતાં તે માટે અંગ્રેજોએ બાદશાહનું ફરમાન માગ્યું, પરંતુ તે પ્રાંતનુ વસુલ દરસાલ બાદશાહી તીજોરીમાં અંગ્રેજો આપે તો તેમની માંગણી કબુલ કરવાનું જ્યારે તેણે જણાવ્યું ત્યારે તેઓ નિરાશ થયા. વળી શાહઆલમે પોતાને દિલ્હી પહોંચાડવા માટે અંગ્રેજોને આગ્રહ કર્યો, પણ અત્યારથી આવા ભગીરથ પ્રયત્ન ઉપાડવા માટે તેઓ હિંમત કરી શક્યા નહીં. વિશેષમાં બાદશાહે અંગ્રેજોને બંગાળાની દિવાની આપવા જાહેર કર્યું, પણ મીરકાસમ સાથે ટટો થવાની બ્હીકે કૉન્સિલે તેનો સ્વીકાર કર્યો નહીં.

**૨. મીરકાસમનો અંગ્રેજો સાથે ટંટો:**—મીરકાસમ ભારે અભિમાની પુરૂષ હતો એમ આગળ કહેવામાં આવ્યું છે. તેનામાં સુરાજ–ઉદ–દૌલાના જેવી હિંમત હતી, અને નિશ્ચય તથા ધૂર્તતા એ ગુણો વધારે હતા. સને ૧૭૬૧ ના જુન માસમાં બાદશાહની સાથે ચાલેલી ભાંજગડ-માંથી મોકળા થતાંજ તેણે અંગ્રેજોનું ઉપરીપણું ક્હાડી નાંખી નવાબની પૂર્વની સ્વતંત્રતા મેળવવા પ્રયત્ન ચલાવ્યો. અંગ્રેજોને અનુકૂળ હોય તેવા પણ પોતાની વિરૂદ્ધના જે અમલદારો રાજ્યમાં હતા તેને ગમે તે સબબે, કિંવા તેમના ઉપર ગમે તેવા આરોપ મુકી તે દૂર કરવા લાગ્યો, અને તેમની જગ્યાએ પોતાના ભરોસાના અને પ્રસંગ પડતાં દ્રઢતાથી કામ કરનારા ઇસમો તેણે નીમ્યા. મુર્શિદાબાદ શહેર કલકત્તાની પાસે હોવાને લીધે ત્યાં નવાબ ઉપર અંગ્રેજોનો સેહ સહેલાઇથી બેસી શકે એમ હોવાથી અહીંથી સુમારે ત્રણસો માઇલ આવેલા મોંગીરના મજબૂત શહેરમાં તેણે પોતાનું થાણું કર્યું, અને ત્યાં કિલ્લેબંધી કરી પોતાનો બંદોબસ્ત પાકો કર્યો. રૈયત પાસેથી સખતાઇથી તે વસુલ ઉઘરાવવા લાગ્યો, તેણે પોતાનો ખર્ચ કમી કર્યો,

જમીનદારો પાસેથી ચડી ગયેલી મહેસુલ એકઠી કરી, લશ્કરમાંના સઘળા નકામા માણસોને કહાડી મુકી ફ્રેન્ચ, જર્મન, આર્મિનિયન વગેરે અનેક લોકોને નોકરી રાખી ફોજમાં યુરોપિયન પદ્ધતિ ઉપર સુધારણા કરી આ કામમાં આલ્સેસ પ્રાંતના ફ્રેંકો-જર્મન જાતિનો રેનાર્ડ (Reinhard) નામનો ઇસમ તેને ઘણો ઉપયોગી થઈ પડ્યો એણે લૉના હાથ હેઠળ લશ્કરી તાલીમ લીધી હતી, અને દોઢ વર્ષની અંદર અનેક વેળા અંગ્રેજો તથા ફ્રેન્ચની નોકરીની અદલાબદલી કરી હતી તેના કદરૂપા ચહેરાને લીધે તેને 'સોમર' (Sombre) ના અંગ્રેજી નામથી લોકો ઓળખતા હતા પાછળથી 'સોમર' શબ્દનું હિંદુસ્તાની રૂપ 'સમરૂ' થયું, અને એ નામે એ ગ્રહસ્થ પ્રસિદ્ધિમાં આવ્યો એની સૂચના તથા સલાહ અનુસાર મીરકાસમે એક ઉત્કૃષ્ટ ફોજ તૈયાર કરી, અને તોપ બનાવવાનું કારખાનું ઉઘાડી તે ઉત્તમ પ્રકારની તોપ તૈયાર કરવા લાગ્યો પટનાના કારભારી રામનારાયણે અંગ્રેજોની મહેરબાની મેળવી હતી, અને અનેક વિકટ પ્રસંગે તેમનો પક્ષ તેણે સભાળ્યો હતો આ હકીકતમાં તેના ઉપર મીરકાસમનો ડોળો હોવાથી રામનારાયણે અંગ્રેજોની મદદ માગી પરંતુ તે તેને મળી નહીં એટલે મીરકાસમે તેની સઘળી સંપત્તિ છીનવી લીધી

આવી રીતે ચાલતા અંગ્રેજ તથા મીરકાસમ વચ્ચેના ટંટાને ઉગ્રરૂપ આપવામાં જકાતની માફીએ સહાનુભૂતિ આપી આ જકાત માફીનો ઇતિહાસ વખતો વખત આગળ આપવામાં આવ્યો છે પ્રથમ એ માફી કંપનીના પરદેશ જતા તથા ત્યાંથી આવતા માલ માટે હતી, પરંતુ પાછળથી અહીંના ઘણા ખાનગી વેપારીઓને માફીનો દસ્તક નામનો પરવાનો અંગ્રેજો આપવા લાગ્યા તેમણે આ દસ્તકનો વહિવટ દેશમાંના સ્થાનિક વેપારને પણ લાગુ કરવાથી બંગાળા પ્રાંતમાંના ઘણાખરા નદી માર્ગે ચાલતા વેપારમાંથી ઠેકઠેકાણાના નાકા ઉપર પૂર્વે નવાબને મોટું ઉત્પન્ન મળતું તે હવે બંધ પડ્યું હતું અને તેને તેમજ દેશી વેપારીઓને સર્વ રીતે નુકસાન થયું હતું દરેના હુકમ પ્રમાણે અંગ્રેજો વર્તે તો તે કરાર પાર પાડવાને નવાબ તૈયાર હતો, પણ તેમને પૈસાનો એવો બધો લોભ લાગ્યો હતો કે ઉપર કહેલા

દસ્તકો સુદ્ધાં તેઓ પૈસા લઇ વેચવા લાગ્યા. વખત જતાં લોકો આવાં દસ્તકો બનાવટી કરવા તથા વેચવા લાગવાથી સઘળો ગોટાળો બહાર પડ્યો.

આ પ્રસંગે અંગ્રેજોના હિંદી ગુમાસ્તાઓ પોતાના શેઠને નામે મરજીમાં આવે તેટલો જુલમ કરવા લાગ્યા. જે લોકોને કેડે પહેરવાને એક પંચીયું સુદ્ધાં મેળવવાની મુશ્કેલી પડતી તેઓ અંગ્રેજ સિપાઇઓનો પોશાક સજી તેમનાં નિશાન તથા દસ્તક લોકોને બતાવી નવાબના રાજ્યમાં ફરવા લાગ્યા, અને તેના અધિકારીઓને ધમકાવી તથા તેમના હુકમ કાને નહીં ધરી, લોકો ઉપર જુલમ કરી મન માને તેમ માલની ખરીદી કરવા લાગ્યા. એક તરફથી પ્રજાને અને બીજી તરફથી પોતાના શેઠને આ પ્રમાણે ફસાવી તેઓ પોતાનાં ખીસાં ભરતા હતા. રાજ્યમાં નવાબના અમલદારોની હકુમત બંધ પડી, અને રૈયતની નજરમાં નવાબનો અધિકાર માત્ર બાળચેષ્ટાની પંક્તિએ ઉતરી પડ્યો (Bolt). આ સ્થિતિને પરિણામે દેશી વેપારીઓનો ધંધો સમૂળો બેઠો; નવાબને જકાતમાંથી મળતું ઉત્પન્ન બીલકુલ બંધ પડ્યું. તેણે કૌન્સિલને આ વાત જણાવી તેને સમજાવી લેવા મથન કર્યું, પણ તેની તરફ કોઇએ લક્ષ આપ્યું નહીં; વૅન્સિટાર્ટ તથા હેસ્ટિંગ્સે તેની ફરિયાદ દૂર કરવા બન્યો તેટલો પ્રયત્ન કર્યો, પણ કૌન્સિલના બીજા સભાસદોએ તેમનું કહેવું ગણકાર્યું નહીં. નવાબને રૂબરૂ મળી આ બાબત વિચાર કરવા માટે વૅન્સિટાર્ટ સને ૧૭૬૩ ના જાનેવારીમાં મોંગીર ગયો, ત્યારે બન્ને વચ્ચે વાતચીત થતાં નવાબે એમ ઠરાવ્યું કે 'અંગ્રેજોએ સર્વ પ્રકારના દેશી માલ ઉપર સેકડે નવ ટકા જકાત આપવી, દેશી વેપારીઓએ પચીસ ટકા આપવી અને વખારના મુખ્ય પ્રતિનિધિની સહી સિવાય અંગ્રેજોએ દસ્તક આપવા નહીં.' અંગ્રેજો આ સરત પાળશે એવી નવાબને ખાતરી નહોતી, પણ 'એકવાર છેવટના ઉપાય તરીકે આ વાત હું કબૂલ કરૂં છું, પણ જો અંગ્રેજોએ પોતાનો કરાર નહીં પાળ્યો તો અમે સર્વને જકાત માફ કરીશું, અને તે પછી દેશી તથા અંગ્રેજ વેપારીઓ એક સરખા થઈ જશે,' એમ નવાબે વૅન્સિટાર્ટને સ્પષ્ટપણે જણાવ્યું. એમ છતાં કલકત્તાના અંગ્રેજોને આ ઉપાય રૂચ્યો

નહીં દેશી લોકોની કંઈ કિમતજ નહી હોય એમ તેઓએ જણાવ્યુ કે ‘ અમે એક પૈ પણ જકાત આપનાર નથી અમારા ઉપર જકાત નાખનાર નવાબ કોણ થાય છે ? ’ અહીં નવાબે નક્કી થયલો ઠરાવ રાજ્યમા જાહેર કરી તે અમલમા લાવવા વિષે સખત હુકમ છોડ્યા, પણ એક મહિનામાજ તે સમજી ગયો કે કલકત્તા કૌન્સિલે તે કરાર મજુર રાખ્યો નહીં આથી નવાબે તરતજ નિશ્ચય કરી સઘળા પ્રાંતોમા સર્વને જકાતની માફી બક્ષિ, કારણ કે તેને લાગ્યુ કે આપણુ સર્વસ્વ નુકસાન થાય તે ખમાય, પણ આ રીતે મ્હોડુ બંધ કરી મુંગો માર નહીં જોઇએ ’

આ ટટાના મૂળમાજ ઉભય પક્ષને સાલનારૂ એક તત્વ દાખલ થયુ હતું નવાબ પોતાને બંગાળાનો સ્વતંત્ર અધિકારી સમજતો હતો, અને વણુ થાય તો પોતાના ઉપર બાદશાહની હકુમત ચાલે એમ ઇચ્છતો એથી ઉલટુ અંગ્રેજોને એમ લાગતુ કે નવાબને તેમણે અધિકાર ઉપર બેસાડેલો હોવાથી તેણે તેમના હુકમમા રહેવુ જોઈએ આની સ્થિતિમાં સર્વને માટે નવાબે જકાત માફ કર્યાનુ સાભળી કલકત્તા કૌન્સિલને પગથી માથા સુધી ગુસ્સો લાગ્યો અને તેણે જાહેર કર્યું કે ‘ આની માફી આપવાનો તેને અધિકાર નથી, અને એમ કરી તેણે અમને ખુલ્લી રીતે યુદ્ધ કરવા આમંત્રણ કર્યુ છે ’ વૅન્સિટાટ કૌન્સિલને એકદમ આટલી ઉતાવળ નહીં કરવાનો આગ્રહ ધરવાથી તેણે નવાબ સાથે ભાજગડ કરવા માટે બે માણસોને મોગીર મોકલ્યા એમાનો અમિઆટ ઘણો ચાલાક તથા હિમતવાન ગૃહસ્થ હતો મોગીરમા આની લાગના તેમને માલમ પડયુ કે નવાબ પોતાનો હુકમ પાછો ખેંચી લેવા તૈયાર નહોતો તેનુ કહેવુ એવુ હતુ કે, ‘ ભાજગડ કરવા સરખુ આ બાબતમા કંઈ નથી, મે કરેલો હુકમ યથાયોગ્ય છે ’ એમ છતા તેણે અંગ્રેજ વકીલોનો ભારે માનથી સત્કાર કર્યો, અને તેમને મીજબાની તથા બક્ષિસો આપી સુરાજ-ઉદ-દૌલાના સમયનો બનાવ સ્મરણમા રાખી, કદાચ તેઓ પોતાના અધિકારીઓ સાથે ગુપ્ત રીતે મળી જાય એ બ્હીકથી નવાબે તેમના ઉપર સખત તપાસ રાખી, વળી જગત શેઠના બે સગાઓને પકડી તેણે મોગીર મોકલ્યા, અને હમણાની સવ

હકીકતની બાતમી અયોધ્યાના વઝીરને તેમજ બાદશાહને જણાવી ભાવી સંકટ વખતે તૈયાર રહેવા સૂચના આપી. સારાંશ એ કે, મીરકાસમ મોટો ધૂર્ત પુરૂષ હોવાથી અંગ્રેજોએ તેનું રાજ્ય લઈ લીધું છે એ જાણી, એકવાર છેવટનો પ્રયત્ન કરી મુસલમાની અમલ કાયમ કરવાના હેતુથી તેણે ખટપટ કરી. અંગ્રેજોના કાવાદાવા સમજી જઈ તેમનો પરાજય કરનાર છેલ્લો મુસલમાન સરદાર એજ હતો.

વૉર્ન હેસ્ટિંગ્સે ખુલ્લે ખુલ્લું જણાવ્યું કે નવાબને પોતાની રૈયતનું સુખદુઃખ તપાસવાનો પૂર્ણ અખત્યાર છે, ‘ તો પછી તેને જકાત માફ કરવાનો અધિકાર નથી એમ કેમ કહી શકાય? તેની સાથે યુદ્ધ કરવાથી તે કંઈ પોતાનો હુકમ ખેંચી લઈ શકનાર નથી.’ આના જવાબમાં કૌન્સિલના બીજા સભાસદોએ હેસ્ટિંગ્સને કહ્યું કે ‘ તમને નવાબનો એટલો બધો પક્ષ ખેંચવાનું કેમ યોગ્ય લાગે છે? એમ બોલવું નવાબના વકીલનેજ શોભે. ’ આ તકરારમાં કૌન્સિલમાં મારામારી થઇ તોપણ તેણે પોતાનો વિચાર ફેરવ્યો નહીં. બીજી તરફથી અંગ્રેજોની બાંકીપૂરની વખારના મુખી તરીકે એલીસ નામનો એક ઉદ્દામ ગ્રહસ્થ હતો તેણે યુદ્ધની તૈયારી ચલાવી, કેમકે પટના ઉપર મુદ્દામ હલ્લો લઈ જવાનો તેણે વિચાર કર્યો હતો. આ હકીકત નવાબની જાણમા આવી તેજ વખતે દારૂગોળાથી ભરેલાં કેટલાંક વહાણો કલકત્તેથી બાંકીપૂર આવતાં હતાં તેને તેણે મોંગીર આગળ અટકાવ્યાં; અને બાંકીપૂરના અંગ્રેજોને ટંટો કરવા નહીં દેતાં પટના રવાના કરવા કૌન્સિલને જણાવ્યુ. કલકત્તાવાળાઓએ તેના લખાણની કંઈ દરકાર કરી નહીં એટલુંજ નહીં પણ ઉલટું બહારના અંગ્રેજોએ નવાબના અધિકારીઓને પકડી ઉપરાચાપરી કલકત્તે મોકલવા માંડ્યા. એ પછી અંગ્રેજોએ અમિઆટને મોંગીરથી પાછો બોલાવી લીધો. આ હુકમ એલીસને પટનામાં મળ્યો.

એલીસ અને અમિઆટ વચ્ચે પત્રવ્યવહાર ચાલુ હતો તે ઉપરથી એલીસને માલમ પડ્યું હતું કે અમિઆટના કલકત્તે પહોંચ્યા પછી તરતજ અંગ્રેજો નવાબ સાથે યુદ્ધ શરૂ કરશે. બાંકીપૂરમાં તેમની વખાર હતી,

અને ભાગીરથીની પેલીમેર પટના શહેર હતું. યુદ્ધ શરૂ થતાં પટનાથી નવાબની ફોજ આવી બાંકીપૂર તરતજ કબજે કરશે એવી એલીસને બ્હીક લાગવાથી પટના કબજે કરી ત્યાંના મજબુત કિલ્લામાં પોતાના બચાવ માટે બંદોબસ્ત કરી લેવાનો એલીસે નિશ્ચય કર્યો, અને તદનુસાર તેણે તા. ૨૫ મી જુન, ૧૭૬૩ ને રોજે તે શહેર ઉપર હલ્લો કર્યો. આ વેળા રામનારાયણ ત્યાં નહોતો. અંગ્રેજોએ તેને પોતાના આશ્રયમાંથી દૂર કરતાં નવાબે તેને પકડી ઠાર મારી ગંગા નદીમાં ફેંકી દીધો હતો, કેમકે પોતાની વિરૂદ્ધ અંગ્રેજો સાથે ગુપ્તપણે કારસ્તાનો કરવાનો નવાબને તેના ઉપર શક હતો. રામનારાયણની આવી અવસ્થા થયલી જોઇ નવાબનાં બીજાં માણસો ઉપર સારો ધાક બેઠો, અને તેઓ સઘળા ચુપ રહ્યા. પટના શહેર હસ્તગત થયું, તોપણ કિલ્લો અંગ્રેજોના હાથમાં આવ્યો નહીં. એમના દેશી સિપાઇઓ પટનાનું બજાર લૂટતા હતા, અને યુરોપિયન સોલજરો દારૂ પી નિશામાં ચકચુર પડી રહ્યા હતા, એવામાં નવાબનું નાસી ગયલું લશ્કર મોંગીરથી મદદ મેળવી પાછું ફર્યું, અને તેણે સહજમાં શહેરનો કબજો લીધો. આમ થવાથી અંગ્રેજો ચમકી ઉઠ્યા, અને ગભરાટમાં વહાણુમાં બેસી નાસવા લાગ્યા. તેમને નવાબની ફોજે નદી તરફથી પણ અટકાવ્યા ત્યારે કેટલાક લડતાં માર્યા ગયા, અને બાકીના જેઓ શાંત રીતે સ્વાધીન થયા તેમને મોંગીર મોકલવામાં આવ્યા. બીજી તરફથી નવાબે કાસીમબજારની વખારનો કબજો લઈ ત્યાંના અંગ્રેજોને કેદ કરી મોંગીર આણ્યા. આ પ્રમાણે પોતાનો વિજય થયલો જોઈ નવાબને આનંદ થયો, અને પકડાય તેટલા અંગ્રેજોને કેદ કરી મોંગીર મોકલી આપવા આખા રાજ્યમાં જાહેરનામાં કહાડ્યાં. એજ અરસામાં અમિઆટ કલકત્તે જતો હતો તેને કાસીમબજાર આગળ અટકાવી નવાબના અધિકારીઓએ વહાણુપરથી કિનારે બોલાવ્યો. તે પ્રમાણે તે નહીં આવ્યો એટલે નવાબનાં માણસોએ ગોળીબાર શરૂ કરી તેનાં વહાણુ ઉપર ચઢી ગયા. આથી અમિઆટ બે હાથમાં પીસ્તોલ લઈ કિનારા ઉપર ઉતર્યો, એટલે સર્વ લોકો તેના ઉપર તુટી પડ્યા, અને તેના ટુકડે ટુકડા કરી નાંખ્યા. આ બાતમી કલકત્તે પહોંચતાં સઘળાઓ અતિશય ઉશ્કેરાઈ ગયા,

નવાબ ઉપર એકદમ વેર લેવા માટે કૉન્સિલના સભાસદોએ આગ્રહ કર્યો, પરંતુ વૅન્સિટાર્ટે જણાવ્યું કે એલીસ વગેરે બીજા માણસો નવાબના હાથમાં સપડાયલા છે તેમને છોડાવી લાવતા સુધી તેમની સાથે સંતુલાઈથી વર્તવું જોઈએ. બીજાઓને આ વિચાર પસંદ નહીં પડવાથી મીરકાસમ ઉપર વેર લેવાનો તેમણે નિશ્ચય કર્યો મહારોગથી પીડાતો મીરજાફર પાસેજ હોવાથી તેઓ તેની પાસે ગયા, અને નવાબપદ તેને આપ્યાનું જાહેર કર્યું મીરજાફરને પોતાનું નસીબ આમ ઉઘડી જવાથી અતિશય આનંદ થયો, અને તેણે કૉન્સિલની સઘળી માગણીઓ કબુલ કરી અંગ્રેજોને તથા તેના સઘળા નોકરોને થયલું સઘળું નુકસાન ભરી આપવાનું, મીરકાસમ સાથેના યુદ્ધનો ખર્ચ ભરપાઈ કરવાનું, જકાતના સંબંધમાં મીરકાસમે કરેલો હુકમ રદ કરી અગાઉ માફક સ્થાનિક માલ ઉપર અંગ્રેજ વેપારીઓને માફી બક્ષિ દેશીઓ પાસે જકાત લેવાનું, ઇત્યાદી બાબતો મીરજાફરે કબુલ કરી એ બાદ અંગ્રેજ લશ્કર મીરજાફરને લઈ મુર્શિદાબાદથી નીકળ્યું અંગ્રેજો પાસે આ વેળા કૅપ્ટન નૉક્સ અને મેજર એડમ્સ કરીને બે હોશીઆર સેનાપતિઓ હતા

**૩. મીરકાસમ અને અંગ્રેજ વચ્ચે યુદ્ધ ( સને ૧૭૬૩–૬૪ )** – મીરકાસમે સઘળી બાબતોનો ખુલાસો કલકત્તે લખી મોકલ્યો, અને થયલી ઉશ્કેરણી માટે અંગ્રેજોનેજ જોખમદાર ગણ્યા વળી બક્ષિસ આપેલા બરદ્વાન વગેરે ત્રણ પરગણા તેણે પરત માગી પોતાને થયલી નુકસાની તેમની પાસેથી ભરી લેવાની માગણી કરી જવાબમાં અંગ્રેજોએ લડાઈ શરૂ કરી તેમનું અને નવાબનું લશ્કર ખટવા આગળ સામસામા થઈ જતા નવાબનો પરાજય થયો ( તા ૧૯ જુલાઈ ૧૭૬૩ ) બીજી લડાઈ ઘેરીઆ આગળ થઈ, ત્યાં પણ મીરકાસમ હારી ગયો, અને તેની તોપ અંગ્રેજોના હાથમાં પડી આ હકીકત સાંભળી નવાબ ઘણો ગુસ્સે થઈ ગયો, અને પોતાના ઘણા માણસો અંદરખાનેથી અંગ્રેજોને મળેલા હોવાનો સંશય લઈ તેણે ઉપર કહ્યા પ્રમાણે રામનારાયણને ગંગા નદીમાં ફેંકી દીધો મુર્શિદાબાદના બન્ને નગરશેઠ મોંગીરમાં હતા તેમને તથા રાજા રાયદુર્લભને સર્વ

કુટુંબ સહિત તેણે ઠાર માર્યાં. અંગ્રેજ ફોજ ત્વરાથી મોંગીર તરફ આવતી હતી તેવામાં માર્ગમાં રાજમહાલના ડુંગરોમાં ઉધનના નામના નાળા આગળ બીજી એક ઝનુની લડાઈ થઈ અને તેમાં પણ તેને વિજય મળ્યો આગળ વધતા મોંગીર શહેર અંગ્રેજોના હાથમાં આવ્યું, પણ તેઓ અહીં આવી લાગે તે અગાઉ સઘળા અંગ્રેજ કેદીઓને સાથે લઈ મીરકાસમ પટના તરફ ઉપડી ગયો અહીં મોંગીર પડવાની ખબર મળતા નારાજ સઘળા અંગ્રેજ કેદીઓને ઠાર મારવાનો તેણે સમરૂને હુકમ કર્યો. આ કેદીઓને પટનામાં અલિવર્દીના ભાઈ હાજી મહમદના વખમા ચોકવાળા મોટા વાડામાં રાખવામાં આવ્યા હતા તેમની પાસે જમવાના છરી કાંટા હતા તે મીજબાનીની સારૂ જોઇએ છીએ એમ ભૂલથાપ આપી સમરૂ તેમની પાસેથી ફહડાની લઇ ગયો બીજે દીને નવાબના લશ્કરે વાડાને ઘેરો ઘાલ્યો એલીસ, હે અને લ્યુશિંગટન એ ત્રણ જણાને સમરૂએ પ્રથમ બહાર બોલાવ્યા તેઓ બહાર આવતાજ તેમનુ ખુન થયુ એ પછી નવાબના સિપાઇઓ છાપરા ઉપર ચડી ગયા, અને તેઓએ અંદરના લોકો ઉપર ગોળીનો વરસાદ વરસાવવા માંડ્યો કેદીઓએ જે હાથમા આવ્યુ તે સિપાઇઓના ઉપર નાખી લડાઇ શરૂ કરી, ત્યારે એ હથીઆર વિનાના લોકો ઉપર ગોળીમાર કરવાનુ નવાબના સિપાઇએ ના પાડી, અને જણાવ્યુ કે 'અમે સિપાઈ છીએ ખુની નથી ' એ સાભળી સમરૂને ગુસ્સો આવ્યો, અને તેણે પોતાને હાથે મુખ્ય મુખ્ય તકરારી માણસોને ને મારી નાખ્યા આથી બાકીનાઓ દબાઇ ગયા, અને તેમણે નિ શસ્ત્રી અંગ્રેજ કેદીઓ ઉપર ગોળી છોડી સર્વનો પ્રાણ લીધો ( તા ૫ અક્ટોબર, ૧૭૬૩ ) આ કતલમા સુમારે દોઢસો માણસોનો વધ થયો, તેથી કલકત્તાની અંધારી કોટડીના બનાવ કરતા આ બનાવ વધારે શોચનીય છે. આવા ક્રૂર કૃત્યથી અંગ્રેજો શરણે આવશે એવી નવાબને આશા હતી, પણ તે પાર પડી નહીં, ઉલટ તેઓએ હવે પૂરેપૂરૂં વેર લેવાનો ઠરાવ કર્યો નવેમ્બર માસમા તેમણે પટના શહેર કબજે કર્યું, એટલે મીરકાસમ ઘણીખરી વસ્તુઓ લઈ સહકુટુંબ અયોધ્યાના વઝીર પાસે નાસી ગયો તેની સાથે

સમરૂ પણ હતો ત્યાં બાદશાહ, વઝીર તથા મીરકાસમે મસલત ચલાવી બંગાળા પ્રાંત અંગ્રેજો પાસેથી હરતી લેવાનો ઠરાવ કર્યો પટનામાં રહેલી અંગ્રેજ ફોજ પોતાના અમલદારો વિરૂદ્ધ અસંતુષ્ટ બની હતી કેમકે આજ સુધી લડાઇમાં ફત્તેહ મળતા તેમને મોટા મોટા ઇનામો તથા લૂંટ મળતા હતા તે આ વેળા ન મળવાથી પગાર કરતા વિશેષ કંઈ પણ પ્રાપ્તિ તેમને થઈ નહીં વળી કલકત્તેથી પટના લગી લડાઈ કરતા આવ નામા તેમને ભારે સંકટ વેઠવા પડ્યા હતા આથી તેઓના મન ચળવિચળ થતા સામી પક્ષ સાથે મળી જવાનો તેઓ વિચાર કરવા લાગ્યા આ ઉપરથી મેજર હેક્ટર મનરો વધારાનું લશ્કર લઇ કલકત્તેથી પટના આવ્યો, અને મુખ્ય માણસોને સખત શિક્ષા કરી લશ્કરની યોગ્ય વ્યવસ્થા કરી એમ કરવામાં ચાર પાંચ માસ નીકળી ગયા, અને ઉપરના ત્રણ જણાને યુદ્ધની તૈયારી કરવાને જોઇએ તેવો અવકાશ મળ્યો તેમણે સને ૧૭૬૪ ના એપ્રિલમાં પટના ઉપર સ્વારી કરી અહીં થયેલી લડાઇમાં કંઇપણ આખર નિકાલ ન થવાથી તેઓને વરસાદને લીધે પાછા ફરવુ પડ્યુ સપ્ટેમ્બરમાં વરસાદ બંધ પડતા મનરોએ વઝીરના મુલક ઉપર સ્વારી કરી તા ૨૩ મી અક્ટોમ્બરે બક્સર આગળ છેવટની એક ઝનુની લડાઇ થઈ અને અંગ્રેજોને જય મળ્યો પ્લાસીની લડાઈ માફક આ લડાઇનું મહત્વ પણ વિશેષ છે આ લડાઇથી મુસલમાનોની સત્તા કાયમની તુટી અને પૂર્વ હિંદુસ્તાનમાં અંગ્રેજોનું ઉપરીપણું સ્થાપન થયું એ પછી મનરોએ વઝીરની રાજધાની લખનૌ શહેર ઉપર સ્વારી કરી, ત્યારે વઝીર નાસી રોહીલખંડમાં ભરાયો અને બાદશાહ અંગ્રેજોના સ્વાધીનમાં આવ્યો હમણાંના સઘળા કારસ્તાનો વઝીરે રચ્યા છે એમ તેમને જણાવી બાદશાહે પોતાનો બચાવ કરી લીધો વઝીરે રોહીલા તથા મરાઠાઓની મદદ મેળવવા ખટપટ કરી, અને બીજી તરફથી અંગ્રેજો સાથે તહ કરવા માટે સંદેશા ચલાવ્યા પરંતુ મીરકાસમ અને સમરૂ તેમને સ્વાધીન થવા સિવાય તેમણે તેના કહેવા ઉપર લક્ષ આપ્યું નહીં મીરકાસમ નાસી વાયવ્ય દિશા તરફ ગયો તે ત્યાંજ ભયંકર વેદના ખમી મરણ પામ્યો સમરૂ વઝીરની પાસે હતો પણ તે અંગ્રેજોના હાથમાં આવ્યો નહીં વઝીર તેને અંગ્રેજોને

હવાલે કરી દેશે એમ તેની જાણમા આવતા તે કેટલુક લશ્કર ભેગુ કરી ભરતપૂરના જાટ રાજા પાસે ગયો અને ત્યા નોકરીએ રહ્યો અહી લાબો વખત તેને ફાવ્યુ નહી, એટલે તે વખતે દિલ્હીમા કારભાર ચલાવતા રોહીના સરદાર નજીમ-ઉદ-દૌલા પાસે જઈ તેણે બાદશાહની નોકરી સ્વીકારી અહીં તેણે એક વેશ્યા સાથે લગ્ન કર્યા એ બાઈ આગળ જતા બેગમ સમરૂને નામે પ્રસિદ્ધિમા આવી બાદશાહની નોકરીમા સમરૂ ઘણો આબાદ થયો, તેણે પુષ્કળ સપત્તિ મેળવી અને તેને સિરધાણા પ્રાતની જાગીર પ્રાપ્ત થઇ સને ૧૭૭૮ મા તેનુ મરણ થતા તેની સઘળી દોલત અને જાગીર બેગમ સમરૂને મળી

**૪. રાજા શીતાપરાય.**—આજ અરસામા રાજા સીતાપરાય નામનો એક હિંદુ ગ્રહસ્થ પ્રસિદ્ધિમા આવ્યો તે પ્રથમ દિલ્હીમા કારકુની કરતો હતો, પણ વર્તતા તથા નિશાળ અને ચાલાક બુદ્ધિને લીધે જુદા જુદા પક્ષો વચ્ચે ભાજગડ તથા વર્ણાનાત કરવાનુ કામ સ્વીકારી તે યોગ્ય પદવીએ ચડ્યો આવા ગુણવાળા અનેક હિંદુ ગ્રહસ્થો મુસલમાનોના ત્રાસમાથી મુક્ત થઈ આ ધામધુમીના વખતમા જાતિ અક્કલથી પ્રસિદ્ધિમા આવતા હતા અગ્રેજોની પર્તતાથી ચકિત થઈ તેઓને મદદ કરવાનો સીતાપરાયે ઠરાવ કર્યા પ્રસગાનુસાર તેમણે એને રાજાનો ખીતાબ આપી સુજા-ઉદ-દૌલા સાથે તહના કોલકરાર કરવા માટે મોકલ્યો હતો વઝીરના પક્ષમાં બનારસનો રાજા બળવતસિંગ કરીને હતો તેને તે પક્ષમાથી બચાવી શીતાપરાયે અગ્રેજોનો મિત્ર બનાવ્યો બળવતસિંગની માફક વઝીરના પ્રદેશમા જે મોટા મોટા હિંદુ જમીનદારો હતા તે સર્વના મન મનાવી તેમને ધીમે ધીમે અગ્રેજોના પક્ષમા તે આણવા લાગ્યો આવી ખટપટને લીધે અગ્રજોને તે ઘણો પ્રિય થઈ પડ્યા તેનીજ સલાહથી તેમણે વઝીરના મુલકનો મોટો ભાગ કબજે લઈ તે ઉપર પોતાના અધિકારીઓ નીમ્યા, અને તેનો સઘળો કારભાર શીતાપરાય તથા બળવતસિંગને સોપ્યો એમ છતા નવાબ તથા વઝીરના અગ્રજો સાથેના કોલકરાર નક્કી નહીં થવાથી તેમણે મરાઠા અને રોહીલાની મદદ મેળવી રોહીલા પ્રત્યના લડાઈમા આગેવ થયા નહીં, પણ મરાઠા સરદાર મલ્હારરાવ

હોલકર તેમની સાથે લડવા આવ્યો. હોલકર શૂરવીર હતો, પણ તે વ્યુહ રચનામાં ગોઠવાઈ લડનારો ન હોવાથી, તેમજ અંગ્રેજોની તોપ આગળ તેનો કંઈ ઈલાજ નહીં ચાલવાથી તે નીકળી ગયો. પરિણામમાં શીતાપરાયે વઝીરને સમજાવી પચાસ લાખ રૂપીઆ દંડ ભરી અંગ્રેજોને શરણે જવાની અને તેમણે એ દંડ લઈ નવાબનો મુલક તેને પાછો આપી ત્યાંથી નીકળી જવાની તજવીજ કરી.

આ અરસામાં ગવર્નર વૅન્સિટાર્ટે પોતાનો ઓદ્દો છોડ્યો અને તે જગ્યાનો કારભાર સ્પેન્સર પાસે આવ્યો. બાદશાહ અંગ્રેજોના તાબામાં હોવાથી પોતાને દિલ્હી લઈ જઈ મોગલ મસનદ ઉપર બેસાડવા માટે તે તેમની વિનંતિ કર્યા કરતો હતો. આ વેળા નજીબ–ઉદ–દૌલા દિલ્હીનો સઘળો કારભાર ચલાવતો હતો. એટલે અંગ્રેજો અગોધ્યા પ્રાંત વઝીર પાસેથી લઈ તેને આપે તો બાદશાહને દિલ્હી લઈ જવાના કામમાં તેમને મદદ કરવા નજીબ–ઉદ–દૌલા તૈયાર હતો, અને તે મુજબ તેની ખટપટ ચાલુ હતી. આ નવી ગોઠવણ સ્પેન્સરને પસંદ પડી, અને ઈંગ્લંડથી તેને ટેકો મળ્યો હોત તો તેજ વખતે બંગાળાની માફક દિલ્હીની બાદશાહી પણ અંગ્રેજોના કબજામાં આવત. પણ આ ગુંચવણ ભરેલા અને મુશ્કેલ સાહસમાં લોકોની સહાય ક્યાં લગી મળશે એની અંગ્રેજોને ખાતરી ન હોવાથી, તેમજ કલકત્તાથી દિલ્હી સુધીનો લાંબો પ્રદેશ તાબામાં લેવા પુરતું કૌવત તે વેળા તેમનામાં ન હોવાથી, જો કે તેમ કરવા માટે તેમના મ્હોડામાં પાણી છુટતું હતું, તોપણ એ પ્રયત્ન તેમણે હાથ ધર્યો નહીં.

**૫. કલાઈવનો ઈંગ્લંડમાં માનપૂર્વક સત્કાર (સને ૧૭૬૦–૧૭૬૪).**–સને ૧૭૬૦ માં બીજી વખત કલાઈવ ઇંગ્લંડ ગયો ત્યારે તે પોતાની સાથે અપાર સંપત્તિ લઈ ગયો હતો. નવાબ તરફથી તેને એકંદર સુમારે ત્રીસ લાખ રૂપીઆનો અવેજ મળ્યો હતો તે ઉપરાંત જાગીરનું ઉત્પન્ન દર સાલ અઢીથી પોણા ત્રણ લાખ તેને મળતું; એ સિવાય કર્નાટકમાં તેણે મેળવેલું દ્રવ્ય હતું તે જુદું. ઈંગ્લંડ પહોંચ્યા પછી આટલી સંપત્તિ હાથમાં આવ્યાથી પોતાના અંતઃકરણનો ખરો મનોરથ પૂર્ણ કરવાનો વિચાર

તેણે માર્ગમાંજ કરવા માંડ્યો હતો. સ્વદેશ પાછા ફરતાં લૉર્ડની પદવી મેળવવાની તેને અપેક્ષા થઈ હતી, પણ તે તરત ફળીભૂત થઈ નહીં. રાજાએ તથા ડાયરેક્ટરોએ તેનો સારો સત્કાર કર્યો ખરો, તોપણ તેણે મોકલેલા કેટલાક પત્રમાંની ભાષા માટે પ્રધાન મંડળ તેમજ ડાયરેક્ટરો ખરેખર ગુસ્સે થયા હતા. ઘણો કાળ વિત્યાબાદ તેને આયરલંડના એક લૉર્ડની પદવી મળી, પણ તેથી તેને હાઉસ ઑફ્ લૉર્ડસમાં બેસવાનો હક પ્રાપ્ત થયો નહીં. હિંદુસ્તાનમાંથી નીકળ્યા પૂર્વે ક્લાઇવે બે પત્ર ઇંગ્લંડ મોકલ્યા હતા, તેમાંનો એક ડાયરેક્ટરોની કોર્ટ ઉપર હતો, અને બીજો મુખ્ય પ્રધાન પિટ માટે હતો. એ બેઉમાં બંગાળામાં ઉત્પન્ન થયેલા ઘોંટાળાનું વર્ણન આપવામાં આવ્યું હતું, અને વિશેષમાં દેશી સત્તાધીશોના કારભારનો અંત આવેલો હોવાથી હવે આખા બંગાળ પ્રાંતનું રાજ્ય ઈંગ્લંડના રાજાએ એકદમ પોતાના હાથમાં લેવું જોઈએ એવી સૂચના કરવામાં આવી હતી. આનો એક રીતે એવો અર્થ થતો હતો કે ઈસ્ટ ઈન્ડીઆ કંપનીના અધિકારીઓ અહીંનો કારભાર ચલાવવાને નાલાયક તથા અસમર્થ હતા. આ કારણથી સઘળા ડાયરેક્ટરો ક્લાઈવ ઉપર ચીરડાઇ ગયા. હિંદુસ્તાનનાં રાજ્યની મોટી જોખમદારી વ્હોરી લેવા પિટ તૈયાર નહોતો. કદાચિત તેમ કરવાથી પુષ્કળ મુશ્કેલીઓ દૂર થાત, પણ એ વિચાર સંપૂર્ણ રીતે ફળીભૂત થવામાં હજી સો વર્ષનો વિલંબ હતો. ટુંકમાં ક્લાઈવના પત્રનું વિપરીત પરિણામ આવતાં તેની વિરૂદ્ધ વજનદાર લોકોનાં મન ઉશ્કેરાઈ ગયાં હતાં. ડાયરેક્ટરોએ કલકત્તે એવો સ્પષ્ટ હુકમ મોકલ્યો હતો કે એને મળેલી જાગીર ઉપર તેનો કંઈ પણ ખાસ હક ન હોવાથી ભવિષ્યમાં તેનું ઉત્પન્ન તેને ન આપતાં આજ પર્યંત તેને પહોંચેલી રકમ પરત લેવાની તજવીજ કરવી. આ માટે ક્લાઇવે કંપની ઉપર ન્યાયની અદાલતમાં ફરીઆદ કરી, અને એ બાબત આગળ ઘણી લંબાઇ હોત, પણ બંગાળામાં ગડબડાટ શરૂ થતાં ત્યાંનો બંદોબસ્ત કરવા માટે એને ફરીથી હિંદુસ્તાન મોકલવાનો ડાયરેક્ટરોએ વિચાર ચલાવ્યો. આથી કેટલાક દિવસ પછી તેમને ક્લાઇવની પુઠ છોડી દેવી પડી. સને ૧૭૬૧ માં તેણે હાઉસ ઑફ્ કૉમન્સમાં પ્રવેશ કર્યો ત્યારે લૉર્ડ

બ્યુટના પ્રધાન મંડળ વિરૂદ્ધ તે ઘણો સખત હતો વળી તે ગ્રેન્વિલનો અનુયાયી હોવાથી એના લાગવગથી ગ્રેન્વિલના પક્ષને ઘણી મજબૂતી મળી.

એ વેળા ડાયરેક્ટરોની કોર્ટનો અધ્યક્ષ લૉરેન્સ સુલીવાન લૉર્ડ બ્યુટના પક્ષનો હતો. હિંદુસ્તાનમા પુષ્કળ દિવસ ગાળ્યા બાદ તે સને ૧૭૫૮ મા કંપનીનો પ્રેસિડન્ટ થયો હતો સ્વભાવે નિસ્પૃહી અને પોતાનો અભિપ્રાય ખુલ્લી રીતે દેખાડનારો હોવાથી તે લોકોને સામાન્ય રીતે પસંદ પડતો નહીં દરેક બાબત ઉપર વાજબી વિચાર કરી સર્વના હિતની વ્યવસ્થા કરવા માટે તે આગ્રહી હતો પ્લાસીની લડાઈ પછી કંપનીના કારભારમા જે અવ્યવસ્થા ઉત્પન્ન થઈ તે દૂર કરી તેને યોગ્ય રીતી ઉપર મુકવાને તેણે મથન કર્યું હતુ હિંદુસ્તાનની દરેક બાબતનુ તેને સારૂ જ્ઞાન હોવાથી તેની આગળ કોઈની વટપટ ચાલતી નહીં તેણે ‘ યુદ્ધની ગુપ્ત કમિટી ’ એ નામે એક નવુ મંડળ સ્થાપ્યુ હતુ હિંદમાના સઘળા મોટા મોટા અધિકારીઓ સાથે તેનો પત્રવ્યવહાર ચાલુ હોવાથી તે પ્રત્યેક બાબત ઉપર આગ્રહી હુકમ મોકલતો લોકો તેની મહેરબાનીની મેળવવા માટે આતુર હતા, અને તેના કોપકાની તેમને બીક હતી એકંદર સુલીવાને કંપનીના વહિવટમા પોતાનુ નામ પ્રસિદ્ધિમા આણ્યુ છે આરંભમા તેની અને ક્લાઈવ વચ્ચે સારી મિત્રાચારી હતી, પણ બન્ને સરખી રીતે કર્તૃત્વવાન અને આગ્રહી હોવાથી તે લાંબો વખત ટકી નહીં ક્લાઈવની જાગીર સબંધી, તેમજ બીજી અનેક બાબતોમા જે ઝઘડા પાછળથી ઉત્પન્ન થયા તે ઘણાખરા સુલીવાને ઉશ્કેર્યા હતા. સને ૧૭૭૨ માં કંપનીના કારભાર બાબત થયેલી ભાંજગડમા મુખ્ય ભાગ તેણેજ લીધો હતો

સને ૧૭૬૩ મા લૉર્ડ બ્યુટનુ પ્રધાનમંડળ સત્તા ઉપરથી ઉતરતા ગ્રેન્વિલ મુખ્ય પ્રધાન થયો, ત્યારે ક્લાઈવે સુલીવાનને ઉતારી પાડવા માટે ઘણી મહેનત કરી, પણ તેમા તેને યશ મળ્યો નહીં સુલીવાન ફરીથી હોદ્દા ઉપર આવતા ક્લાઈવ ઉપર વેર લેવા માટે તેની જાગીર છીનવી લેવાનો ઉદ્યોગ તેણે આરંભ્યો. આટલે લગી વાત આવતા બન્ને વચ્ચે ચકમક ઉડવાની અણીપર મામલો આવ્યો હતો એટલામા મીરકાસમ

અને અંગ્રેજો વચ્ચે અણબનાવ થયાની ખબર આવવાથી કંપનીના ભંડોળમાં શેર લેનારા લોકોનાં મન અવ્યવસ્થિત થયાં મીરકાસમનો દાવો ખરો હતો, અને તે ઘણો શૂરવીર તથા ચાલાક હોવાથી બંગાળામાં અંગ્રેજો ટકી શકે છે કે નહીં એવી ચિંતા ક્ષણભર ઉત્પન્ન થઈ. અડચણને પ્રસંગે ત્વરાથી નિશ્ચય કરી યોગ્ય પુરુષને વ્યવસ્થા કરવાનું કામ સોંપવાનો અંગ્રેજોનો સામાન્ય વહિવટ અનેક વેળા દેખાઈ આવે છે તે પ્રમાણે આ પ્રસંગે કંપનીના ભાગીદારોએ, પાર્લામેન્ટના સભાસદોએ, અને સામાન્ય લોકો સુદ્ધાં તરતજ ક્લાઇવ તરફ આગળી કરી ડાયરેક્ટરોએ વિના વિચારે તેની જાગીર તેને પાછી આપી તથા હિંદુસ્તાનના કારભારનો સંપૂર્ણ હક બક્ષિ તેને હિંદ પાછા જવાની વિનતિ કરવાનો ઠરાવ કર્યો તે અહીં આવવાને ઘણો ખુશી નહોતો તેનો સઘળો આધાર હાલ હેસ્ટિંગ્સના કેટલાક શૂરવીર સિપાઇઓ ઉપર હતો કર્નલ ફોર્ડ અને કેલિઆડ તેમજ બીજા એએ અનેક પરાક્રમો કરવાથી હિંદુસ્તાનમાં અંગ્રેજો સરસાઈ ભોગવતા થયા હતા આવા માણસોને ઉત્તેજન આપી આગળ વધારો આપવા માટે ક્લાઇવે ઇંગ્લંડ સિફારસ લખી મોકલી હતી, છતાં તે તરફ કોઈએ લક્ષ આપ્યું નહોતું આથી કંપનીના લશ્કરમાંના ઘણા ખરા માણસો નારાજ થયા હતા, અને લશ્કરી લોકોની મદદ સિવાય ગમે તેવું કામ પાર પડવાનું નહોતું એ ક્લાઇવ જાણતો હતો એમ છતાં સુલીવાનને અધ્યક્ષપણા ઉપરથી દૂર કરવામાં આવે તો હિંદુસ્તાન જવાનું તેણે કબૂલ કર્યું. તે પ્રમાણે કંપનીએ સુલીવાનને કારભાર ઉપરથી ઉઠાડ્યો, અને ક્લાઇવની જાગીર દસ વર્ષ લગી તેની પાસે રહેવા દેવાનો ઠરાવ કર્યો 'બંગાળાના ગવર્નર, પ્રેસિડન્ટ અને કમાન્ડર-ઇન-ચીફ'નો અધિકાર આપી તથા બીજા ચાર માણસોની એક સિલેક્ટ કમિટી નીમી કંપનીએ ક્લાઇવને અહીં મોકલ્યો બંગાળામાંની કૌન્સિલનો અધિકાર છીનવી લઈ, યોગ્ય જણાય તેવો વહિવટ કરવાને આ સિલેક્ટ કમિટીને પૂર્ણ સત્તા આપવામાં આવી હતી આવી તૈયારીથી તા ૪ થી જુન, ૧૭૬૪ ને દીને ક્લાઇવ આ દેશમાં આવવા ઇંગ્લંડથી નીકળ્યો તે તા ૩ જી મે, ૧૭૬૫ ને રોજે કલકત્તે આવી પહોંચ્યો.

૬. સ્પેન્સરે કરેલી નવા નવાબની નિમણુંક—કલકત્તે આવતાં ક્લાઈવે માર્ગમાં થોડા દિવસ મદ્રાસમાં થોભ્યો હતો. અહીં તેને મીરકાસમનો પરાજય થયાની, મીરજાફર મરણ પામ્યાની તથા સુજા-ઉદ-દૌલા અંગ્રેજોને શરણે આવ્યાની ખબર મળી. આ ઉપરથી હવે પછી બંગાળાની શી વ્યવસ્થા કરવી તે વિષે મદ્રાસથી કલકત્તે જતાં વાટમાં તેણે નક્કી વિચારો કરી રાખ્યા. કલકત્તે ઉતરતાંજ અંગ્રેજોનું નામ જ્યાં ત્યાં હલકું પડી ગયલું તેને માલમ પડ્યું. સર્વ પ્રકારની અડચણોથી તથા કલકત્તા કૌન્સિલની પૈસા માટેની ચાંપતી ઉઘરાણીથી મીરજાફર અકળાઈ ગયો હતો. પ્લાસીની લડાઇ અગાઉ પોતાના શેઠ તરફ બેઈમાન થઇ તેણે અંગ્રેજોની મૈત્રી સંપાદન કરી, પણ તેથી તેને કંઈ પણ ફાયદો ન થતાં સર્વત્ર તેની બેઆબરૂ થઇ, અને અનેક સંકટો તેના ઉપર આવી પડ્યાં તે જુદાં. આખરે મીરકાસમને ગાદીએથી ઉઠાડી ફરીથી તેણે અંગ્રેજો સાથે નવા કરાર કરી અનાયાસે જતી રહેલી નવાબગિરી પોતાને માથે વ્હોરી લીધી તેથી પણ તેનુ માન ઘટી ગયું. અંગ્રેજોના બંગાળામાં દાખલ થવા પહેલાં જે પ્રાંત ધનાઢ્ય અને સુખી હોવા ઉપરાંત મોગલ બાદશાહીના મુખ્ય આધાર સ્થળ તરીકે જાણીતો હતો તેની છેલ્લાં આઠ વર્ષમાં ભયંકર દુર્દશા થયલી જોઈ, સઘળા લોકોએ મીરજાફરને તે માટે જોખમદાર ગણી ઠપકો આપ્યો ત્યારે જીવવા કરતાં મરવું બહેતર છે એમ તેને લાગ્યું!

મીરજાફર મરણ પામ્યો ત્યારે પૈસા ઓકાવવાની ફરીથી તક પ્રાપ્ત થઇ હોય એમ કલકત્તાના અંગ્રેજોને લાગ્યું. અહીંની યોગ્ય વ્યવસ્થા કરવા માટે પૂર્ણ અધિકાર સહિત ક્લાઈવના આવવાની તેમને ખબર હતી. વળી 'નવો નવાબ નહીં નીમતાં બંગાળાની દીવાની એટલે વસુલાતની સઘળી વ્યવસ્થા તમે તમારા તાબામાં લો' એ પ્રમાણે બાદશાહ આગ્રહપૂર્વક અંગ્રેજોને કહેતો હતો, અને મીરજાફરના કુટુંબને બંગાળાની ગાદી ઉપરથી દૂર રાખવા સમજાવતો હતો. આ હકીકતમાં નવો નવાબ નીમવા કંઇ પણ ઉતાવળ નહોતી. એ નિમણુક કર્યાં વિના આખા પ્રાંતની દીવાની અંગ્રેજોએ હાથ કરી હોત તો લોકોને હેરાન કરનારા બે પક્ષ પૈકી એક

કમી થાત, પણ એમ ઉતાવળ કર્યા વિના ખીસા કેમ ભરાય ? આથી ક્લાઇવના આવવા અગાઉ કૌન્સિલે નવો નવાબ બેસાડવાનું કામ ભારે ઉતાવળમાં આટોપી લીધું ગાદી માટે મીરજાફરનો અઢાર વર્ષની વયનો નજમ-ઉદ-દૌલા નામનો પુત્ર તથા તેના સગા મીરાનનો ૭ વર્ષનો પુત્ર એમ બે હકદાર હતા પૂર્વે વહિવટને અનુસરી એ નિમણૂક કલકત્તા કૌન્સિલેજ કરવાની હતી સ્પેન્સર કૌન્સિલનો પ્રેસિડન્ટ હતો, અને તેની સાથે બીજા પંદર સભાસદ હતા એ સર્વેનું લક્ષ ફક્ત એકજ વાત એટલે, પૈસા મેળવવા તરફ હતું બંગાળ પ્રાંતના રાજ્યકારભારની પરવા કોઇનેજ નહોતી આ હકીકત ૭ વર્ષના છોકરાને ગાદીએ બેસાડવામાં આવે તો તેની પાસેથી બક્ષિસ કેવી રીતે કઢાવી શકાય ? ઉલટું તે વયે આવે ત્યાં સુધી તેનો કારભાર સંભાળવો પડે અને પૈએ પૈનો હિસાબ આપવો પડે (Mill) આથી અઢાર વર્ષના નજમ-ઉદ-દૌલાને નવાબ બનાવવામાં આવે તોજ આપણું કાર્ય થાય એમ મનમાં વિચાર કરી કૌન્સિલે તેનેજ ગાદી ઉપર બેસાડ્યો મીરજાફર સાથે ક્લાઇવે નવાબપદ માટે ગુપ્ત ઠરાવ કર્યા ત્યારે અમીચંદ સરખા દેશી મધ્યસ્થની તેને જરૂર લાગી હતી, પણ તે પછીના સાત વર્ષમાં આવી દરમિયાનગિરીના કામમાં અંગ્રેજો જાતે ઘણાજ નિપુણ થયા હતા જૉન્સ્ટન નામનો એક ગૃહસ્થ કૌન્સિલમાં હતો, તેના ભાઇએ નજમ-ઉદ-દૌલા સાથે કરાર કરી સઘળી બાબતનો નિકાલ કર્યો નજમ-ઉદ-દૌલાનો કારભારી મહમદ રીઝાખાન ઘણો હોશીઆર અને પ્રસંગાનુસાર વર્તનાર હતો આ મહમદ રીઝાખાન સાથે જૉન્સ્ટને મસલત ચલાવી કરારની સરતો કરી તે નવાબ થયો નવીન નવાબે એકંદર વીસ લાખ રૂપીઆ જુદા જુદા અંગ્રેજોને બક્ષિસ આપવા, અને સઘળો કારભાર મહમદ રીઝાખાને ચલાવવો એમ ઠરાવ થયો તા ૨૫ મી ફેબ્રુઆરીએ ઠરાવ પૂર્ણ થઈ અમલમાં આવતાં નજમ-ઉદ-દૌલાએ સુબાગિરી ધારણ કરી

આ વ્યવસ્થા થયલી જોઈ ક્લાઇવને અતિશય ગુસ્સો ઉપજ્યો મીરજાફરના મરણના તેર દિવસ અગાઉ ઇંગ્લંડથી એવો હુકમ આવ્યો હતો, કે કંપનીના નોકરો પૈકી કોઇએ નજરાણા અથવા બક્ષિસ લેવા નહીં આ

હુકમ કલકત્તામાંના અમલદારોએ છુપાવી રાખ્યો, અને નવા નવાબ પાસે અઢળક નાણું કહડાવ્યું. કલાઇવે તેમને પુછ્યું ત્યારે પૈસા લેવાનુ મોટી શેખાઇથી કબૂલ કરતાં તેમને શરમ લાગી નહીં. આ પૈસા તેઓએ લીધા ત્યારે કંપનીની તીજોરીમાં બીલકુલ શીલક નહોતી, અને ચાલુ ખર્ચ માટે તેમણેજ આઠ ટકાને વ્યાજે કંપનીને રકમ ધીરી હતી. એ બાબત ખાસ નવાઈ એજ હતી કે નોકરોએ બક્ષિસ તરીકે પૈસા કહડાવવા અને તેજ પૈસા જબર વ્યાજે કંપનીને કરજે આપવા પણ કલાઇવ વૅન્સિટાર્ટની માફક સહજમાં દબાઈ જાય તેવો નહોતો પહેલેજ દિવસે કૅાન્સિલની બેઠકમાં સભાસદોએ મળતાંજ કુતર્કો ચલાવવા માંડ્યા એટલે 'તમો સર્વ રીતે મુખત્યાર છો' એમ કલાઇવે તેમને સ્પષ્ટપણે જણાવ્યું એ પછી તરતજ તેણે પોતાની સિલેક્ટ કમિટીની સ્થાપના કરી, અને અગાઉની કૅાન્સિલ તહકૂબ રાખી. આ કમિટીમાં કાર્નૅાક, વ્હેરલ્સ્ટ, સાઇકિસ અને સમ્નર એ ચાર સભાસદો હતા. એમાના પહેલા બે કામગિરી ઉપર ગયલા હોવાથી અને બીજા બે વિશેષ કર્તૃત્વવાન ન હોવાથી કલાઇવ પોતાનુ ધાર્યું કર્યો ગયો. પ્રથમમાં નવીન નવાબને ગાદીએ બેસાડતા લેવાયલી લાંચનો પ્રશ્ન નીકળ્યો. જે લોકોએ લાંચ લીધી હતી તેઓએ કલાઇવના મ્હોડા ઉપર કહ્યું કે 'મીરજાફરને ગાદીએ બેસાડતા તમે જે કર્યું હતુ તે કરતાં વધારે ખરાબ અમે કર્યું નથી.' કલાઇવે જવાબ આપ્યો કે 'તે વેળા તે વાત કાયદેસર હતી, પણ હવે કાયદાની રૂએ તેનો અટકાવ કરવામા આવ્યો છે. વળી તે સમયે બંગાળામાં અસીમ દોલત હતી, પણ હવે આખો દેશ દિન અવસ્થામાં આવી પડ્યો છે. નવાબ પાસેથી વારવાર લાંચ લઈ આપણેજ લોકોને અવદશામાં ઉતાર્યા છે. વળી, સુરાજ–ઉદ–દૌલાને ગાદીએથી ઉઠાડી તેની જગાએ મીરજાફરને બેસાડવાનુ કામ આ દેશના વતનીઓએ કર્યું હતું, અને અંગ્રેજોએ માત્ર છુપી રીતે તેમને મદદ કરી હતી, પણ હમણાનું કામ પોતાનુંજ હોય એમ અંગ્રેજોએ ખુલ્લી રીતે વર્ત્યા છે.' છેવટનું આ વચન કહાડતાં કલાઇવને અમીચંદ કેમ યાદ આવ્યો નહીં તે સમજાતુ નથી! તેણે વળી એમ કહ્યુ કે 'મીરજાફરને પદભ્રષ્ટ કરી મીરકાસમને નવાબ બનાવવાનુ

કંઈપણ પ્રયોજન નહોતું. એમ છતાં મીરકાસમને ગાદી સોંપ્યા પછી તેની સાથે કરેલો ટંટો તદ્દન અપ્રયોજક અને અન્યાયી હતો. અગાઉનો બનાવ ગમે તેવો હતો છતાં ફરીથી થોડાજ વખતમાં નવા નવાબને ગાદીએ બેસાડવાની ઉતાવળ કરવાનું શું પ્રયોજન હતું ? નવાબગિરી લીલામથી વેચી ઉત્પન્ન થયલી રકમ ખીસામાંજ નાંખવા સિવાય બીજું કંઈ કામ હતું ?' ફલાઇવને ચાંપીને ઉત્તર આપવાની કોઇએ હિંમત કરી નહીં. તેને ઉત્તર સાંભળવોજ નહોતો.

**૭. આ રાજક્રાન્તિનાં પ્રત્યક્ષ પરીણામ**—પ્લાસીની લડાઈમાં અંગ્રેજોનો ઉપક્રમ પાર પડતાં તેમની ધનતૃષ્ણા એટલી તો તીવ્ર થઇ કે તે આવેશમાં તેઓ ઉપરાચાપરી રાજ્યક્રાન્તિ કરવા લાગ્યા. એક નવાબને ઉઠાડી બીજા નવાબને તેની જગ્યાએ સ્થાપન કરવાનો જાણે તેઓએ વેપારજ ચલાવ્યો. મીરજાફર પાસેથી વધારે ધન પ્રાપ્ત કરવાની આશા દેખાઈ નહીં ત્યારે ત્રણ વર્ષમાં તેને કહાડી મુકી મીરકાસમને તેમણે નવાબ બનાવ્યો, અને મીરજાફરને કલકત્તે લાવી રાખ્યો. મીરકાસમ સાથે તા. ૨૭ મી સપ્ટેમ્બર ૧૭૬૦ ને રોજે થયલાં પહેલાં તહનામાની રૂએ સુમારે સાઠ લાખની વાર્ષિક ઉત્પન્નનાં બરદ્વાન, ચિતાગૉંગ અને મીદનાપૂરનાં ત્રણ પરગણાં કંપનીએ લીધાં, અને શાહજાદાને બંગાળામાં રહેવા દેવો નહીં એવી એક ખાસ કલમ તેમાં દાખલ કરી. મીરકાસમ પણ અંગ્રેજોને થોડાજ વખતમાં અપ્રિય થયો. સ્વતંત્ર થવાની તેની ઇચ્છા દેખાઈ આવતાં તેને ગાદીએથી ઉઠાડી મુકવાનો ઉદ્યોગ તેમણે આરંભ્યો. પરંતુ તે ઘણો દૃઢ અને અભિમાની હોવાથી યુદ્ધ કર્યા સિવાય એ કામ પાર પડયું નહીં. તેને લડાઈમાં હરાવી ફરીથી મીરજાફરને અંગ્રેજોએ નવાબ બનાવ્યો. તરતજ બે તહ નવાં થયાં, એક તા. ૧૦ મી જુલાઈ, ૧૭૬૩ નું અને બીજું તા. ૧૬ મી સપ્ટેમ્બર ૧૭૬૪ નું. આ તહની રૂએ પૂર્વે બક્ષિસ થયલા સઘળા હક કાયમ થયા, નવાબ અંગ્રેજોનો વધૂ તાબેદાર થયો, અને કંપનીએ પોતાના એક અમલદારને જાસુકનો તે દરબારમાં ગોઠવી દીધો. આથી દરબારની હીલચાલ અંગ્રેજોના જાણવામાં આવતાં તેના ઉપર તેમનું

સખત દબાણ ચાલ્યું. મીરજાફર તા. ૫ મી ફેબ્રુઆરી ૧૭૬૫ને દીને મરણ પામ્યો ત્યારે ભવિષ્યની ગોઠવણ કરવામાં નવાબના હાથપગ વધારેજ બાંધી લેવાનો તેમણે પ્રયત્ન કર્યો. આ કામ માટે કલકત્તેથી એક કમિશન મુર્શિદાબાદ ગયું, અને તેણે મીરજાફરના વડીલ પુત્ર નજમ-ઉદ-દૌલાને નવાબ બનાવ્યો. પિતાના વખતના સઘળા જુના મોટા મોટા કામદારો તથા સલાહકારોને તેને કહાડી મુકવા પડયા, અને તેમને બદલે અંગ્રેજોએ પોતાની તરફના બીજા અમલદારો નીમી આપ્યા. મુખ્ય દીવાનને તેમણે કેદ કરી કલકત્તે રવાના કર્યો. પરંતુ આ સઘળી ગોઠવણથી નવાબની સઘળી સ્વતંત્રાનો નાશ થયો, તેના હાથમાં ફોજ રહી નહીં, અને પોતાના અમલદારો નીમવાની પણ સત્તા તેની પાસેથી જતી રહી. આ તહનામુ તા. ૨૫ મી ફેબ્રુઆરી ૧૭૬૫ ને રોજે થયું તે અવશ્ય વાંચવા જેવું છે. આવી રીતે નવાબની ગાદી ઉપર નવી નિમણુંક કરતી વેળા દર ખેપે અંગ્રેજ અધિકારીઓએ નવાબ પાસેથી બને તેટલા પૈસા કહડાવ્યા હતા. આટલુ થઈ ગયા પછી કલાઇવ હિંદુસ્તાન આવી પહોંચ્યો. તેણે આ નવાબગિરી બાબતનો આખો સવાલ પુનઃ ઉપાડી નવો ઉપદ્રયાય શરૂ કર્યો. અગાઉ થયલા સઘળા કરારો હરેક રીતે કાયદેસર હોવાથી તે બાજુએ મુકવાની અગર રદ કરવાની વાત કલાઈવની મરજીની નહોતી. તથાપિ પોતાને યોગ્ય લાગે તે કરવાનો તેને અધિકાર હોય એવી રીતે તેણે આ ઉપક્રમ ઉપાડયો હતો. જુલાઈ, ૧૭૬૫ માં એણે નજમ-ઉદ-દૌલાને નવાબપદ ઉપરથી ઉઠાડી તેને વાર્ષિક ત્રેપન લાખની નિમણુંક કરી આપી, અને બાદશાહ પાસેથી દિવાની મેળવી તેને દરસાલ છવીસ લાખ આપવાનો ઠરાવ કર્યો. એ ઠરાવ કેટલો અન્યાયી છે તે વાંચવાથી સહજ માલમ પડે છે. તે બદલ પ્રત્યક્ષ કલાઈવનાજ એવા ઉદ્‌ગાર છે કે, 'અત્યાર લગી નવાબ ઉપર બીન હરકતે અનેક તરેહનો જુલમ ગુજારવાથી આપણો લોભ અનહદ વધ્યો છે, એમ તેને લાગ્યા વિના રહેશે નહીં. તેના ઉપર આપણો હમેશનો ધાક રહેશે તોજ તે આપણી સાથે નમ્ર રીતે વર્તશે. બંગાળાના સઘળા નવાબોએ તેમજ આર્કટના નવાબે પણ આપણી સત્તા ઉડાડી મુકવા

મારે બન્યા તેટલા પ્રયત્ન કર્યા છે જ્યાં સુધી આપણા લશ્કરનો દાબ મજબુત છે ત્યા સુધી આપણો આ ખેલ નીભશે નહીં તો યુરોપિયનોને નમી ચાલવાને તેને શુ કારણ છે ? બંગાળાનો હાલનો તરૂણ નવાબ વ્યસની અને દુર્બળ છે, આસપાસના માણસોની ઉશ્કેરણીથી તે ક્યારે શુ કરશે તે કળી શકાતુ નથી, અને તેથીજ તેના હાથમા યત્કિંચિત અધિકાર મુકવો બીલકુલ ઉપયોગી નથી પ્રાંતની મેહેસુલ તથા ફોજ એ બન્ને બાબતો સપૂર્ણપણે આપણા હાથમા રાખવી જોઇએ એ વિશે સહજ પણ દુર્લક્ષ કરવાથી આપણને અહીંથી નીકળી જવુ પડશે ' ક્લાઇવના ઉદ્‌ગાર ઉપરથી તે વખતના બનાવો ખુલ્લી રીતે જાહેર થાય છે. સન ૧૭૬૫ ના જુલાઈ મહિનામા તેણે નવાબને ૫૩ લાખની નિમણુક બાંધી આપી, અને ત્રણ મહિના રહી તે ઘટાડી બેતાળીસ લાખ કરી બીચારા નજમ-ઉદ-દૌલાએ પદર મહિના કારભાર કરી તા ૨૮ મી મે, ૧૭૬૬ ને દીને દેહ છોડી એની પછી તેનો ભાઇ સૈફ-ઉદ-દૌલા નવાબ થયો ત્યારે તેની નિમણુક છત્રીસ લાખ ઠરાવવામા આવી ચાર વર્ષ પછી આ સૈફ-ઉદ-દૌલા ૧૭૭૦ ના માર્ચની તા ૧૦ મીએ ગુજરી જતા તેના નાના ભાઈ મુબારક-ઉદ-દૌલાને અગ્રેજોએ બત્રીસ લાખની નિમણુક બાંધી આપી, પણ ડાયરેકટરોએ એકદમ તે સોળ લાખ જેટલી ઘટાડી દીધી, અને તેનીજ રીતે તેના દીવાન મહમદ રીઝાખાનની નવ લાખની નિમણુક પાચ લાખની કરી ' આ મુબારકને પણ દુનીઆમાથી થોડાજ વખતમા ગાસડા બાંધવા પડશે, અને તેના મરણ પછી ગજશાળામાથી એકાદ મોટા હાથીને નવાબની જગા ઉપર બેસાડયે તો તે પણ ચાલી શકે એમ છે, કેમકે ભપકોજ બતાવવાનો હોય તો હાથીના જેવુ બીજુ કોઈ પ્રાણી તે કામ માટે યોગ્ય નથી, તેનુ આયુષ્ય લાબુ હોય છે, તેને તાબામા લાવતા ઘણી મુશ્કેલી પડતી નથી, અને આનની નવાબ કરતા તેનો ખર્ચ પણ ઘણો કમી આવશે "*

---

* Bolt's considerations

# પ્રકરણ ૨૩ મું.

## ક્લાઇવની રાજ્યવ્યવસ્થા.

### સને ૧૭૬૫–૧૭૬૬

૧ ક્લાઈવને માલમ પડેલો ઘોટાળો　　૨ દેશની પરિસ્થિતિનું સમાલોચન
૩ ક્લાઇવે કરેલી વ્યવસ્થા　　૪ બંગાળાની દીવાની અને દુબળગવર્નમેન્ટ
૫ અમેજ નરકરનું બં'

**૧. ક્લાઇવને માલમ પડેલો ઘોટાળો.**—પ્લાસીની લડાઈ પછી બંગાળાના કારભારમા વખતોવખત થતો ગયલો ફેરફાર ધ્યાનમા રાખી રાજ્યની કાયમની વ્યવસ્થા ઠરાવવાનુ કામ સહેલુ નહોતુ સમુદ્ર માર્ગે હિંદુસ્તાનમા દાખલ થઈ ત્યા રાજ્ય સ્થાપવાનો નવીન પ્રયોગ અગ્રેજ લોકો કરી બતાવતા હતા, પરતુ તે પ્રમાણે કંઈ નિશ્ચયપૂર્વક અમલ થતા તેમને ઘણી અડચણો નડી એમા કંઈ નવાઈ નહોતી ખરૂ કહીએ તો પ્લાસીની લડાઇ બાદ બગાળામા અગ્રેજોની સમતિ વિના એક પાદડુ પણ હાલી શકતુ નહીં, તોપણ વેપાર ધધાનો બુરખો કહાડી નાખી ખુલ્લી રીતે સઘળુ રાજ્ય તાબામા લેવાનુ તેમને માટે શક્ય નહોતુ, તેમજ હમણા તેમની ઇચ્છા પણ નહોતી એક તરફથી દેશી સત્તાધીશોનુ માન જાળવી, બીજી તરફથી તેમને પોતાની મુઠીમા રાખવા એવા બે વિરૂદ્ધ કામો તેમને કરવાના હતા આ સ્થિતિમા રાજ્યકારભાર અવ્યવસ્થિત તથા અનિયમિત થાય તેમા કંઈ વિશેષ નહોતુ વળી નવાબની તીજોરી ધોવાઈ ગઈ હતી કર્નાટકના યુદ્ધમા મદદ કરવા માટે બગાળામાથી નાણુ મોકલવુ પડેલુ હોવાથી કપનીનો સચય પણ ખલાસ થયો હતો બગાળામા રહેલુ ૭ હજાર માણસનુ લશ્કર નવાબનુ સરક્ષણ કરવા સમર્થ હતુ તોપણ તે પોતાની ફોજને રજા આપવા ખુશી નહોતો આ ફોજને વખતસર પગાર નહીં મળવાથી તે હમેશા બડખોર વૃત્તિમા મચેલી રહેતી રાજ્યના જમીનદારો પણ તોફાની થયા હતા, પશ્ચિમ તરફથી મરાઠાઓ હલ્લો લાવતા હતા, અને ખુદ શાહજાદો પોતાનો અધિકાર બેસાડવા માટે નવાબના મુલક ઉપર ભમ્યા કરતો હતો બીજી

તરફ અંગ્રેજ કંપનીને પોતાની આંટ જાળવી રાખવા માટે નિયમિત રકમ ઈંગ્લંડ મોકલવી પડતી હતી, અને એ નાણું ઉભું કરવા માટે બંગાળાનો સઘળો સ્થાનિક વેપાર હાથ કરવાની તેને જરૂર પડી હતી. આવી રીતે એક તરફથી સઘળો વેપાર સ્વાહા કરવાથી તથા બીજી તરફ દેશના સર્વ રાજ્યકારભારની જવાબદારી પોતાને માથે વ્હોરી લેવાથી, જે અપૂર્વ ઘોટાળો ઉત્પન્ન થયો તેથી બગાળામાં કોઈ પણ બાબતમાં ટકી શકવાનું તેમને માટે દુર્લભ થયું.

સને ૧૭૬૦ થી ૧૭૬૬ પર્યંતનાં ૭ વર્ષમાં 'અંગ્રેજનાં નામ ઉપર ભયંકર અને અક્ષમ્ય ટીલી લાગી છે.'* તે સમયે એમની પાસે કોઈ પણ બહાદૂર અને ચાલાક માણસ નહોતો, જે કોઈ હતા તે અનુભવશૂન્ય તથા નાલાયક હતા. બંગાળાનો કારભાર હાથમાં લીધા સિવાય દેશમાં વ્યવસ્થા થનાર નથી એવું સને ૧૭૫૯ માં કલાઇવે પિટને લખી મોકલ્યું હતું, તથા એ પ્રમાણે વ્યવસ્થા ન કરવાથી ઘોટાળો ઉત્પન્ન થયા વગર રહેશે નહીં એ પણ તે સમજતો હતો. તેના ઈંગ્લંડ ગયા પછી થયલા ગેરબંદોબસ્તનું વર્ણન અગાઉ આવી ગયું છે. તેમાં વળી કલકત્તાની કૉન્સિલમાં એકવાક્યતા ન હોવાથી દરેક બાબતમાં ગુસ્સા ભરેલી તકરાર ચાલતી. હમણા બંગાળામાં કોઈ પણ જોખમદાર અધિકારી નહોતો; અંગ્રેજ ફોજ નિરનિરાળે ઠેકાણે રહી પ્રાંતનું રક્ષણ કરતી હતી, કેમકે તે ફોજનો પગાર આપી રાજ્યકારભાર ચલાવવાની જવાબદારી નવાબને માથે હતી. તે બે તરફથી મુશ્કેલીમાં સપડાયો હતો; હાથ હેઠળના લોકો નારાજ હતા, અને અંગ્રેજ કંપની હાંકી કહાડશે એવી તેને ધાસ્તી હતી. આ દેશમાં આવતા અંગ્રેજ લોકો બીજી ભાંજગડમાં નહીં પડતાં પોતાનું ગજવું ભરી ચાલતા થતા. જે કોઈ અહીં રહેતા, તેઓને નહીં જનસમાજની શરમ હતી, કે નહીં કાયદાની આડકાડી નડતી. તેઓ વેપારનાં બ્હાનાં હેઠળ આખા પ્રાંતમાં મરજીમાં આવે તે પ્રમાણે ખુશીથી અને વિના અડચણે લૂંટ ચલાવતા. ધનતૃષ્ણા અને તે પૂર્ણ કરવાનો સુલભ ઉપાય નજદીક

---

* Sir Alfred Lyall.

હોવાથી ખરાં ખોટાંનો કંઈ વિચાર તેમને આવ્યો નહીં, અને તેઓ વરિષ્ઠ અમલદારોના હુકમનો પ્રત્યક્ષ અનાદર કરવા લાગ્યા. આવી અમર્યાદ લૂટ ચાલતાં રાજ્યકારભાર અટકી પડ્યો, અને કંપની તેમજ નવાબ બેઉની અત્યંત અવદશા થઈ. પ્રેસિડન્ટે મીરકાસમને ગાદીએથી ઉઠાડી મીરજાફરને નવાબ બનાવ્યો તેથી વિશેષ સુધારો થવાનું શકય નહોતું. અંગ્રેજોએ ખાનગી વેપારને જે નુકસાન પહોંચાડયું હતું, અને દેશમાં ચાલતો સ્થાનિક વેપાર પોતાના હાથમાં લઈ જકાત માફીના નામ હેઠળ જે અત્યંત અનુચિત વર્તન શરૂ કર્યું હતું તેનો નિષેધ લાયલ સરખા ન્યાયી તથા વિદ્વાન લેખકે પૂર જોસથી કર્યો છે. પટનાની કતલ ઉતાવળીઆ અંગ્રેજોનાં મૂર્ખાઈ ભરેલાં કૃત્યનું પરિણામ હતું. સને ૧૭૩૫ માં મીરજાફર મરણ પામતાં નવો નવાબ બેસાડવાની ભાંજગડ મટી ગઈ; અને એજ અરસામાં ક્લાઈવે આ દેશમાં પાછા ફરી રાજ્યની નવી વ્યવસ્થા કરી. એમ છતાં બંગાળા પ્રાંતમાં હમેશની શાંતિ પ્રસરતાં ઘણો કાળ વ્યય થઈ ગયો.

૨. **દેશની પરિસ્થિતિનું સમાલોચન**—ક્લાઈવના આ દેશમાં આગમન પ્રસંગે અહીંની સ્થિતિ કેવી હતી તે તપાસવી અવશ્ય છે. ઔરંગઝેબનાં મરણ પછીનાં પચાસ સાઠ વર્ષમાં ઉત્તર હિંદુસ્તાનની સ્થિતિ કેવી થઈ હતી તેની કંઈક માહિતી વાચકોને પાછલાં પ્રકરણમાંથી મળી હશે. મુસલમાન રિયાસતમાં તેનું વિશેષ વર્ણન આપેલું છે. પંજાબ, દિલ્હી, આગ્રા, દોઆબ, અયોધ્યા, અલાહબાદ અને ત્યારપછી બનારસથી નીચે પટના થઈ કલકત્તા સુધીનો એકંદર પ્રદેશ ઉપરથી હેઠળ લગી સપાટ અને ખુલ્લો છે. તેમાં અનેક નદીઓ હોવાથી લશ્કરને ફરવા માટે સઘળી સગવડતા મળે છે. આ પ્રદેશને દેશના માંહેના ભાગના બંડખોરો તરફથી તેમજ પરદેશીઓ તરફથી હમેશાં ત્રાસ ખમવો પડ્યો હતો, અને ઔરંગઝેબ બાદશાહના મરણ બાદ તેમાં વિલક્ષણ પ્રકારનો ગડબડાટ મચી રહ્યો હતો. બસેં વર્ષના જુલમી અમલમાંથી ચાલતી અંધાધુંધી બંધ પાડી દેશમાં શાંતિ કરવાને સમર્થ એવો કોઈ સ્થાનિક સરદાર બચવા પામ્યો નહોતો. દક્ષિણમાંથી મરાઠાઓના અને ઉત્તરેથી અફઘાનોના એક સરખા હુમલા આ

પ્રદેશ ઉપર આવ્યા હતા મોગલ બાદશાહ માત્ર નામનોજ રહ્યો હતો, અને તેની સત્તાના ઓઠા હેઠળ અનેક બેઇમાન અધિકારીઓ તથા મહત્વાકાંક્ષી સરદારો મરજીમા આવે તેટલો જુલમ વરસાવતા હતા, અને જે તે સ્વતંત્ર રાજ્ય સ્થાપી તેની મર્યાદા બને તેટલી લંબાવવામા ગુથાયલા હતા નિઝામે જેવી રીતે દક્ષિણમા સ્વતંત્ર રાજ્ય સ્થાપ્યુ હતુ તે માફક અયોધ્યા પ્રાંતમાં એક અફઘાન સરદારે પોતાની સત્તા બેસાડી હતી તેણે કેટલોક વખત દિલ્હીના બાદશાહના વઝીર તરીકે કારભાર કરેલો હોવાથી તે હજી પણ પોતાને વઝીર તરીકે ઓળખાવતો હતો ગંગા જમનાની વચમા આવેલા રોહીલખંડ નામના મુલકનો કબજો રોહીના અફઘાનોએ લીધો હતો આ અફઘાનોમા નજીબખાન રોહીના મુખ્ય હતો ભરતપુરમા સુરજમલ જાટે સ્વતંત્ર રાજ્ય ઉભુ કર્યું હતુ પંજાબમા ગયલા સુબેદારે ત્યા પોતાનો અમલ બેસાડ્યો હતો ટુંકમા તે સમયે જેના શરીરમા વિશેષ જુસ્સો તથા જે કોઈ વિશેષ પરાક્રમ કરી બતાવતુ તે તરતજ આગળ આવતુ પૈસા કિંવા લાગ હોય તો બાદશાહ પાસેથી જોઇએ તે પ્રાંતનો કારભાર સહજમા મેળવી શકાતો બાદશાહનુ ફરમાન મેળવી એકાદ પ્રાંતનો કારભાર હાથમા લેવા પછી ત્યાની પ્રજાને ધાકમા રાખી તેમની પાસેથી નિયમિતપણે વસુલ એકઠુ કરવાનુ મુશ્કેલ કામ જે કોઈ સારી રીતે બજાવી શકે તેની છાપ સર્વ કોઇ ઉપર બેસતી એથી ઉલટુ જો કોઈ પ્રાંતમાંનો એકાદ માણસ બળવાન થઇ જાય તો તેની પહેલાનાનું કંઈ નામ નિશાન રહેતુ નહીં, અને બીજાનો અધિકારી જયજયકાર થતો અંગ્રેજી રાજ્ય સ્થિર થયા પછી જમીનના હકની તપાસ કરી વસુલાતની વ્યવસ્થા ઠરાવવામાં આવી, તે વેળા પાછલી અધાધુધી તથા બંડખોરપણાના અવશેષ તથા પુરાવા બહાર આવ્યા તે ઉપરથી તે સમયની અરાજકતાની કંઇક અટકળ આપણે બાંધી શકીએ છીએ

પ્લાસીની લડાઈ પછી અંગ્રેજો પોતાની સત્તા બંગાળામા સ્થાપન કરતા હતા, ત્યારે બીજી તરફ મરાઠાઓ દેશના ઘણાખરા ભાગ ઉપર ફરી વળ્યા હતા એમના પરાક્રમ મુસલમાનો સહન ન કરી શકવાથી

તેઓએ અહમદશા અબદલ્લીને હિંદુસ્તાનમાં બોલાવ્યો હતો. મરાઠા વિરૂદ્ધ ચાલેલા આ કારસ્તાનમાં નજીબખાન રોહીલાએ મુખ્ય ભાગ લીધો હતો. બેઉ પ્રજા વચ્ચે આ ઝગડો ત્રણ ચાર વર્ષ ઘણાં ઝનુનથી ચાલ્યા બાદ આખરે પાણીપત્તના મેદાન ઉપર મરાઠાઓએ અહમદશા અબદલ્લીને હાથે સખત માર ખાધો, પણ તેથી મુસલમાનોને ઇચ્છિત લાભ થયો નહીં, કેમકે તેમને છેવટના સગ્રામમાં જય મળ્યો તોપણ લાંબા કાળ સુધી ચાલેલા આ ઘનઘોર યુદ્ધમાં ઉભય પક્ષનો સરખી રીતે નાશ થયો હતો, અને તેથીજ અંગ્રેજોને પોતાનું રાજ્ય સ્થાપવામાં યોગ્ય સવળતા મળી હતી. પાણીપત્તની લડાઇમાં અહમદશા અબદલ્લી વિજયી થયો તોપણ રાજ્ય સ્થાપન કરવા જેટલી તેનામાં શક્તિ રહી નહોતી. તેનું રાજ્ય થયું હોત તો અંગ્રેજોના કામમાં વિક્ષેપ પડવાનો વિશેષ સંભવ હતો. તેમને સુભાગ્યે, જે દસ વર્ષમાં મરાઠા અને મુસલમાનો એક બીજા સાથે લડી નિઃસત્વ થયા, તેજ દસ વર્ષમાં એટલે સને ૧૭૫૭ થી ૧૭૬૭ સુધી તેમને પોતાનાં રાજ્યની શરૂઆત કરવા માટે યોગ્ય તક મળી. પાણીપતના સંગ્રામનું આ એક અપ્રત્યક્ષ પારણામ હતું. આથી તે ઐતિહાસિક રણક્ષેત્ર ઉપર મુસલમાનોને મળેલા જય માટે ગર્વ લેવા કંઈ ખરૂં કારણ નહોતું એમ જણાઈ આવશે. અહમદશા અબદલ્લીએ માત્ર પંજાબ પ્રાંત પોતાના અફ્ઘાનિસ્તાનમાંના રાજ્ય સાથે જોડી દીધો હોત તોપણ આ દેશનો હવે પછીનો ઇતિહાસ ઘણે અંશે બદલાઇ જાત.* અહમદશાના પાછા ફરવાથી ઉત્તર હિંદુસ્તાનનો ઉપર કહેલો સઘળો પ્રદેશ કોઇ પણ જોખમદાર સત્તાધીશના દોરથી છૂટો થઈ ગયો, કેમકે દિલ્હીનો નામધારી બાદશાહ, અયોધ્યાનો બ્હીકણ વઝીર અને બંગાળાનો નિઃસત્વ નવાબ એટલાજ કંઇક મહત્વના દેશી અધિકારીઓ બાકી રહ્યા હતા. આ અધિકારીઓને પોતપોતાને સ્થાને ચુપ બેસાડવા જેટલું સામર્થ્ય અંગ્રેજોમાં હતું એમાં કંઇ નવાઇ નહોતી.

આટલું છતાં પણ મરાઠાઓ સર્વોપરી થઇ અંગ્રેજોને અડચણરૂપ થઈ પડતે. તેમના આસ દોષોની ગણના નહીં કરીએ તોપણ તેમના કામમાં

---

* Sir Alfred Lyall.

ઉત્તર હિંદુસ્તાનના મુસલમાનોની તેમજ રજપૂત તથા બીજી હિંદુ જાતોની કંઈ પણ સહાનુભૂતિ નહોતી. બાજીરાવે આખા દેશમાં મરાઠા સ્વારી મોકલવાનું શરૂ કર્યું ત્યારથી ઉત્તરના રજપૂત લોકો તેમનાથી અતિશય કાંપતા હતા. એથી ઉલટું અંગ્રેજોએ દેશી પ્રજા તરફ વિનય તથા મધુર ભાવ દર્શાવ્યાથી અંગ્રેજ અને મરાઠામાંથી જો કોઈ આ દેશમાં સર્વોપરી થવાનું હોય તો અંગ્રેજો વધારે અનુકૂળ થઈ પડશે. એવો અભિપ્રાય અહીંના લોકોનો થયો હતો. આ મત અંગ્રેજોને ઘણો ઉપયોગી નીવડ્યો. ક્લાઈવના ઇંગ્લંડ જવા પછી બંગાળામાં જે અનેક ફેરફારો અંગ્રેજો સહેલાઇથી કરી શક્યા તેનું કારણ એજ હતું. જેઓનો મરાઠાનો અમલ જોયતો નહોતો, અને જેઓ પહેલેથીજ જુલમી મુસલમાનોથી ત્રાસી ગયા હતા તે સઘળાને અંગ્રેજો અનેક રીતે અનુકૂળ પડયા. બંગાળામાંનો દરેક હિંદુ જમીનદાર અને શાહુકાર, તથા નવાબની મરજી ઉપર અવલંબી રહેલી મંડળી સિવાય બાકીના ઘણાખરા મુસલમાનો તેમના મળતીઆ થયા હતા. જગતશેઠ, રામનારાયણ, સીતાપરાય, ઇત્યાદિ કર્તૃત્વવાન પુરૂષોનું તે વેળાનું વર્તન લક્ષમાં લેતાં ઉપલાં લખાણની સત્યતા જાહેર થાય છે. મુસલમાનોમાં થોડો ઘણો લાગવગ માત્ર અયોધ્યાના વઝીરનો રહ્યો હતો. ત્રણ ચાર વખત બંગાળા ઉપર કરેલી સ્વારીમાં તેને અપયશ મળતાં તે પણ અંગ્રેજોને શરણે આવ્યો. મોગલ બાદશાહને કોઇનો આધાર ન રહેવાથી તે તેમને આશ્રયે ગયો હતો. આવી સ્થિતિમાં ક્લાઇવ ત્રીજી વખત હિંદુસ્તાન આવ્યો. પરિસ્થિતિ ઓળખી લેવાની બુદ્ધિ, તે જાણ્યા પછી પ્રસંગને અનુસાર કર્તવ્ય કરવાનો નિશ્ચય કરી તે પ્રમાણે અમલ કરવાની બહાદુરી, અને સ્વરાષ્ટ્રનો તેમજ પોતાનો ફાયદો મેળવી લેવાની આતુરતા, એ ત્રણ ગુણના જોર ઉપર ક્લાઇવે અહીં આવી શું કર્યું હશે તેની કલ્પના થઈ શકશે. બંગાળાનું રાજ્ય એકદમ તાબામાં લેવાનો તેને હુકમ નહોતો. એમ છતાં આવેલો મુલક હાથમાંથી જવા દેવા તે ખુશી ન હોવાથી, જાતે એ પ્રાંતનો કબજો લેવાનો પણ તે વિશે ઇંગ્લંડથી ઠપકો નહીં આવે એવી કંઇક તજવીજ કરવાનો તેણે કંઈ પ્રયત્ન કર્યો. વળી આજ લગી જે કંઈ થયું તે થયું પણ હવે પછી એકંદર નોકરમંડળનું

લાંચીઆપણું, અને વરિષ્ઠ અધિકારીઓના હુકમને બાજુએ મુકી મનમાં આવે તેવી વર્તણુક ચલાવવાની ખોટી ટેવ, એ કંપનીના કારભારના ખાસ દોષ દૂર કરવા ક્લાઇવે નિશ્ચય કર્યો. એ દોષ સત્વર નાશ કરવામાં ન આવે તો થોડાજ સમયમાં અન્ય રાજ્યોની પેઠે અંગ્રેજોનું રાજ્ય અદૃશ્ય થઇ જશે એમ સારી પેઠે જાણતો હતો.

**૩. ક્લાઇવે કરેલી વ્યવસ્થા.**—બંગાળા, બહાર, અને ઓરીસા એ ત્રણે પ્રાંતનો કારભાર કંપનીના તાબામાં લેવાનો ક્લાઇવે નિશ્ચય કર્યો હતો. તેના અભિપ્રાય પ્રમાણે અગાઉ થયલી વ્યવસ્થા બદલી નાંખી મુખ્ય હકુમત અંગ્રેજોના હાથમાં રાખવાની હતી, એટલે વસુલાત સંબંધી તેમજ લશ્કરી હકુમત સર્વથા પોતાના હાથમાં રાખી, યુદ્ધ કિંવા તહ કરવાની તેમજ લશ્કરની હીલચાલ બાબતની સઘળી સત્તા કંપનીના અમલદારોને સોંપવાનો તેણે મન સાથે ઠરાવ કર્યો હતો. બાદશાહની સત્તાનો અનાદર કરી ખુલ્લી રીતે સઘળા પ્રાંતનો કારભાર કંપનીના હસ્તકમાં લેવાની તેને પરવાનગી નહોતી, પણ નવાબને તેના સ્થાન ઉપર બેસાડી મુકવાનો હતો. બાદશાહ અને વઝીર બન્ને અલાહબાદ હતા ત્યાં તેમને મળવા જવા સારૂ તા. ૨૫ મી જુને ક્લાઇવ કલકત્તેથી નીકળ્યો. બકસરની લડાઈ પછી અયોધ્યાનો ઘણોખરો મુલક અંગ્રેજોએ જીતેલો હોવાથી, બાદશાહને આશા હતી કે તેઓ તેને દિલ્હી લઈ જઈ મોગલ તખ્ત ઉપર બેસાડશે. ક્લાઇવ પ્રથમ મુર્શિદાબાદ ગયો, અને ત્યાંના નવાબને સમજાવી તેની પાસે બાદશાહનો કારભાર કંપનીને સોંપવાની કબૂલાત લીધી. અગાઉ દરેક પ્રાંતમાં નિઝામ અને દીવાન એવા બે અધિકારીઓ બાદશાહ તરફથી નીમવામાં આવતા હતા. પ્રાંતનો લશ્કરી બંદોબસ્ત, ન્યાય, કાયદા તથા પોલીસ એ સઘળી બાબતો નિઝામને સોંપવામાં આવતી. વસુલાતની સઘળી વ્યવસ્થા દીવાન પાસે રહેતી. એમાંથી નિઝામનાં કામો પૈકી લશ્કરી તથા દીવાની બાબતો કંપનીના તાબામાં આપી, ન્યાય તથા કાયદાની બજાવણીનું કામ નિઝામે એટલે હાલના નવાબે જોવું, એ પ્રમાણે ગોઠવણ કરવા ક્લાઇવે નવાબને સૂચના કરી. તેમ કરવા નવાબ કબૂલ થયો નહીં, ત્યારે ક્લાઇવે

તેને સમજાવ્યો કે 'તમે જો સઘળો કારભાર તમારા હાથમાં રાખશો તો તમારા જાત ખર્ચને માટે પણ તમારી પાસે પૈસા રહેશે નહીં, અને અદ્યાપિ જે પ્રમાણે નાણાં સંબંધી ઘોટાળો થયો હતો તેમ થતાં વધારે અવ્યવસ્થા થશે; તેમ ન કરતાં અંગ્રેજોને વહિવટ સોંપવામાં આવે તો તમારા ઉપર વિશેષ જવાબદારી પડશે નહીં અને ઉલટું ત્રેપન લાખની રકમ વિનાઅડચણે તમને મળ્યા કરશે.' આ કહેવાની યોગ્ય અસર થઇ, અને નવાબની સમજૂત થતાં તે પોતાનાં લશ્કરને વિખેરી રજા આપવા તૈયાર થયો.

આટલું કરી કલાઇવ પટના થઇ બનારસ ગયો. અહીં વઝીર સુજા-ઉદ્-દૌલા અને કાર્નૉક સાથે તેની મુલાકાત થતાં તેઓ સઘળા અલ્લાહબાદ ગયા, કેમકે બાદશાહનો મુકામ તે વખતે ત્યાં હતો. બંગાળ પ્રાંત અંગ્રેજોના હાથમાં આવ્યા પછી કંપનીના મુલકની બાહ્ય સરહદ ક્યાં અટકાવવી તે કલાઇવને માટે એક મોટો પ્રશ્ન હતો. બાદશાહને મદદ કરવા માટે દિલ્હી જવું તો પછી કલકત્તાથી દિલ્હી સુધીનો સઘળો પ્રદેશ સંભાળવાની લશ્કરી જવાબદારી સ્વીકારવી જોઇએ. એ જવાબદારી કંઈ નાની નહોતી. વળી અફ્ઘાન અને મરાઠાઓ મુગા બેઠા નહોતા. તેઓ તૈયાર થઇ અંગ્રેજો સાથે લડવા આવે તો યુદ્ધ ક્યાં સુધી લંબાય અને તેનું પરિણામ કેવું અનિષ્ટ આવે એની કલ્પના સહજ કરી શકાશે. કલકત્તાના મૂળ પાયાની સંભાળ રાખી ત્યાંથી દિલ્હી સુધીના લંબાણ પ્રદેશ ઉપર લશ્કરી કબજો રાખવો એ ઘણુંજ મુસ્કેલ કામ હતું. વળી વઝીરનો મુલક સહેલાઇથી કંપનીના તાબામાં આવ્યો તો તે ઉપરનો અંગ્રેજ કાબુ રોહીલા અફ્ઘાનોને પસંદ પડશે નહીં. તેમજ સુજા-ઉદ્-દૌલાએ મરાઠા તથા અફ્ઘાનો સાથે ઐક્ય કરી તેમની વિરૂદ્ધ પડ્યો તો તેમનાં એકત્ર બળ સામે અંગ્રેજો ટકી શકે નહીં, ટુંકામાં બંગાળ પ્રાંતની બહાર જઈ આખા હિંદુસ્તાનમાંના વિરોધીઓ સાથે લડવાની આ સમયે કંપનીની જરાપણ શક્તિ નહોતી એમ કોઇપણ કબૂલ કરશે. રાજ્ય મેળવવાના નાદમાં લાગેલા અનેક મહત્વાકાંક્ષી લોકોની આવીજ ચુકો વારંવાર થાય છે. પોતાનો મૂળ પાયો મજબૂત કરી થોડા પ્રદેશની ઉત્તમ પ્રકારની વ્યવસ્થા કરવી, અને આજુ

બાજુના મુલક કરતા પોતાની રાજ્યવ્યવસ્થા ઉત્તમ પ્રકારની છે એવી રૈયતની સામાન્ય રીતે ખાતરી કરવી એમાજ નવીન રાજ્યકર્તાની હોશીઆરી હમેશા દેખાઈ આવે છે આ બાબતમા મરાઠા અને અગ્રેજ જેવી મહત્વાકાક્ષી પ્રજાએ ઉપાડેલા ઉદ્યોગની તુલના કરી જોતા, એ તુલના મનોરજક જણાઈ આવ્યા વિના રહેશે નહીં આ સમયે પોતાના હાથ ખેંચી પકડી કનાઈવે ઉત્તમ પ્રકારની ધૂર્તતા વ્યક્ત કરી હતી અગ્રેજોએ પોતાનુ હવે પછીનુ કામ બહુજ ધીમેથી તથા સાવધપણે ઉપાડયુ એક પગ બરાબર ઠામ પડ્યા સિવાય તેમણે બીજો પગ કદી પણ ઉપાડયો નહીં, અને તેથીજ આખા હિંદુસ્તાનને પોતાના કાબુમા લેતા તેમને પોણોસો વર્ષ થયા લૉર્ડ ડલહાઉસી જેવાએ કઇક ઉતાવળા પગલા ભર્યા ખરા પણ તરતજ તેને અટકાવવાનો પ્રયત્ન થયો અગ્રેજ અમલના આરભમા તેમનુ ધૂર્ત વર્તન તથા લોકોના મન સતુષ્ટ કરવાની તેમની ઈચ્છાને લીધે તેમના રાજ્યની સ્થાપના ઘણી સહેલી થઈ હતી તેમા સશય નથી પેશ્વાએ રાજ્યસ્થાપનાના કામમા આમાની ઘણી બાબતોની અવગણના કરી હતી એમ વિચારી મનુષ્યોને અવશ્ય જણાશે

ઉપર વર્ણવેલા કારણોને લઇને બહાર પ્રાતની પેલીમેર પગ નહીં મુકતા સુજા-ઉદ-દૌલા સાથે મિત્રાચારી રાખી તેને પોતાના મુલકની વાયવ્ય સરહદ ઉપર એક આશ્રિત તરીકે રાખવાનુ કનાઈવને ઇષ્ટ જણાવ્યુ, અને તેણે સૂચવેલી ઘણીખરી સરતો વઝીરે કબૂલ રાખી બનારસની નૈઋત્યે સુમારે ત્રીસ માઇલ ઉપર ભાગીરથીને દક્ષિણ તીરે આવેલો ચુનારગઢ નો કિલ્લો અગ્રેજોએ લેવો કોરા અને અલાહબાદના પરગણા બાદશાહને આપવા, યુદ્ધના ખર્ચ પેટે પચાસ લાખ રૂપીઆ અગ્રેજોને આપવા, મીરકાસમ અને સમરૂને પોતાના રાજ્યમાથી હાકી કહાડવા આ સઘળી માગણી વઝીરે માન્ય કરી પરતુ તેના રાજ્યમા કોઠી ઉઘાડી વેપાર ચલાવવાની કનાઈવે માગેલી પરવાનગી આપવાને તેણે સાફ ના પાડી તેણે કહ્યુ કે ‘ તમને બગાળામા કોઠી ઘાલવાની પરવાનગી નવાબે આપી, પછી તેની અને તમારી વચ્ચે ટટો થતા આજે તમો એક બીજાથી

કેટલા દૂર નાસો છો તેનો વિચાર કરો. મારા રાજ્યમાં તમારી વખારો આવતાં મારી પણ અવસ્થા તેવીજ થશે.' આવો તીક્ષ્ણ જવાબ મળતાં ક્લાઇવે પોતાનો મુદ્દો છોડી દીધો. પરમુલકમાં વખાર ઉઘાડી તે મુલક કબજે કરવાની યુક્તિની હદ હવે અંગ્રેજો કુદાવી ગયા હતા, એટલે બીજાનો મુલક લેવામાં તે યુક્તિ ઉપર અવલંબન કરવાની તેને જરૂર રહી નહોતી, એ બીચારો વઝીર સમજી શક્યો નહીં. ઉપર કહેલી સરતો ઉપરાંત વઝીર અને ક્લાઇવ વચ્ચે એવો પણ ઠરાવ થયો હતો કે જરૂર પ્રસંગે તેમણે એક બીજાને મદદ કરવી, અને વઝીરને લશ્કરની જરૂર લાગતાં ખર્ચ લઈ અંગ્રેજોએ પોતાનું લશ્કર તેની મદદે મોકલવું. આ ગોઠવણ અન્વય અલાહબાદ, ચુનારગઢ અને બાંકીપૂરમાં તેમણે પોતાની ફોજનો એકએક ભાગ ગોઠવી દીધો.

વઝીરની સાથે આ પ્રમાણે કોલકરાર થતાં ક્લાઇવે તરતજ બાદશાહ પાસે હેઠળ લખ્યા પ્રમાણે કબૂલાત કરાવી લીધીઃ—બાદશાહે બંગાળા, બહાર અને ઓરીસાના ત્રણ પ્રાંતોની દીવાની, એટલે ત્યાંની વસુલાત એકઠી કરવાનો હક અંગ્રેજોને આપવો, અને એના બદલામાં તેમણે બાદશાહને દરસાલ છવીસ લાખ રૂપીઆ આપવા, તથા વઝીર તરફથી મળેલા કોરા અને અલાહબાદ પ્રાંતનું રક્ષણ બાદશાહ વતી તેમણે કરવું. ક્લાઇવે એવો અંદાજ કહાડ્યો હતો કે દીવાની મેળવેલા ઉપરના ત્રણ પ્રાંતની વાર્ષિક વસુલ સુમારે ચાર કરોડ હોવાથી તે વધી થોડાજ સમયમાં પાંચ કરોડ ઉપર જશે. તેમાંથી નવાબને ત્રેપન લાખ અને બાદશાહને છવીસ-લાખ આપતાં, અને લશ્કર તથા નોકરોના ખર્ચ માટે એક કરોડ બાદ કરતાં, કંપનીને બાર મહિને ચોખ્ખો ફાયદો દોઢથી બે કરોડનો થશે. ઉક્ત વ્યવસ્થા અત્યંત જરૂરની અને કંપનીના ફાયદાની છે, બીજી કોઇપણ રીતે તેના કારભારમાં શાંતિ પ્રાપ્ત થવાની નથી, તથા નોકર લોકોની ભ્રષ્ટતા કમી થવાની નથી, એવા પ્રકારનો મજકુર તા. ૩૦ સપ્ટેમ્બર, સન ૧૭૬૫ ના પત્રમાં ક્લાઇવે ઈંગ્લંડ લખી મોકલ્યો હતો. મેલીસીન કહે છે કે, ' આઠ વર્ષમાંજ પ્લાસીની લડાઇનું આ પરિણામ આવ્યું. મીરજાફરને પોતાના

રોક તરફ વિશ્વાસઘાતી થવા માટે યથાયોગ્ય શિક્ષા થઇ ' અલાહબાદથી બનારસ જઈ, ક્લાઈવે લશ્કરનો બંદોબસ્ત કર્યા તે બાબત હવે પછી કહેવામા આવશે બનારસથી કલકત્તે જઈ નોકરોના લાંચીઆપણાનો અટકાવ કરવાના હેતુથી એણે કેટલાક ઉપાય કર્યા સને ૧૭૬૬ ના એપ્રિલમા એ પાછો કલકત્તેથી નીકળી મુર્શિદાબાદ ગયો, અને નવા મળેલા પ્રાતની વસુલ કેવી રીતે અને કેટલી લેવી તે વિષે બદોબસ્ત કર્યો આ હિંદુસ્તાનમા થયલુ પહેલુ રેવેન્યુ સેટલમેન્ટ હતુ મુર્શિદાબાદમા દરબાર ભરાયુ તે વેળા મૈયત નવાબ મીરજાફરે પોતાના મૃત્યુપત્રમા ક્લાઈવને પાચ લાખ રૂપીઆ બક્ષિસ તરીકે આપ્યાનુ નવાબે જાહેર કર્યું આ વર્તમાન સાભળી તે ભારે વિમાસણમા પડ્યો આ નાણુ સ્વીકારવાથી લાચ વગેરે ન લેવાના નિયમનુ પોતેજ ઉલ્લઘન કરે છે એમ થાય નહીં લે તો લક્ષ્મી ચાલ્લો કરવા આવે ત્યારે મ્હોડુ ધોવા જવા બરાબર થાય આ મુસ્કેલી ગમે તેમ દૂર કરી ક્લાઈવે તે રકમ લીધી, તે વડે એક નવુ ફડ ઉભુ કર્યુ, અને કપનીના લશ્કરમાનુ જે કોઈ માણસ લડાઈમા, અગર હવાને લીધે પ્રકૃતિ બગડવાથી, કામ કરવા અસમર્થ થાય તેને તેમાથી મદદ કરવાની યોજના રચી આ ફડનો સો વર્ષ નિભાવ થયો હતો, અને તેનો કપનીના માણસોને સારો ફાયદો મળ્યો હતો સને ૧૮૫૮ મા કપનીનુ રાજ્ય અગ્રેજ સરકારે પોતાના હાથમા લીધુ, ત્યારે ક્લાઈવના વારસોએ ફરીઆદ કરી આ રકમ પોતે લઈ લીધી

તા ૨૮ મી મે, ૧૭૬૬ ને દીને નવાબ નજમ-ઉદ-દૌલા ગેહેસ્તનશીન થયો ક્લાઈવે કરેલી વ્યવસ્થાને લીધે નવાબના હાથમા સત્તા અથવા દ્રવ્ય કઈ રહ્યુ નહોતું તેવે વખતે મરહુમ નવાબનો સોળ વર્ષની ઉમ્મરનો ભાઈ સૈફ-ઉદ-દૌલા નવાબપદ ઉપર દાખલ થયો આ તકનો લાભ લઈ ક્લાઈવે તેની નિમણુક ત્રેપન લાખ ઉપરથી બેતાળીસ લાખ જેટલી ઘટાડી નાખી આવી રીતે નવા નવાબને ગાદીએ બેસાડતા નિમણુક ઓછી કરવાનો આ દાખલો કપનીએ સારી પેઠે લક્ષમા રાખ્યો હતો, કેમકે સને ૧૭૭૦ મા એ રકમ બત્રીસ લાખ ઠરાવવામા આવી, અને સને ૧૭૭૩ મા તે રકમ

સોળ લાખ જેટલી ઘટી ગઈ આ સોળ લાખ સુમારે સો વર્ષ લગી નવાબના કુટુંબને ચાલુ મળ્યા કર્યાં તે માટે કેટલાક અંગ્રેજ ગ્રંથકારોને ભારે આશ્ચર્ય ઉપજ્યો છે આટલી રકમમાંથી એક ઉત્કૃષ્ટ યુનિવર્સિટી સ્થપાઈ હોત તો આળસુ અને સ્વચ્છંદી નવાબને મોજશોખમાં એ નાણું ઉડાવી દેવાનો અવકાશ મળતે નહીં, એમ વ્હીલર ( Wheeler ) જેવા કેટલાક લેખકો પોતાનો અભિપ્રાય જાહેર છે નવાબના સોળ લાખમાં યુનિવર્સિટી ચલાવી શકાત એ ખરૂં, પરંતુ કંપનીએ દરસાલ બે કરોડ જેટલો ફાયદો બંગાળામાંથી મેળવ્યો, તે રકમ જો આ દેશના લોકોના ઉપયોગ માટે વ્યય થઈ હોત તો બંગાળાના પ્રત્યેક શહેરમાં યુનિવર્સિટી સ્થાપી શકાતે તેનો તેઓએ ભાગ્યેજ વિચાર કર્યો છે

વસુલાત ભેગી કરવા માટે કનાઈવે નવાબનાજ અગાઉના નોકરોને કાયમ રાખ્યા, પણ તેમના ઉપર દેખરેખ રાખવા માટે કેટલાક અંગ્રેજ અધિકારીઓની નિમણુક કરી આ પ્રમાણે તેણે કરેલી વ્યવસ્થા જાણુકની હોય તેમ તેને લાગ્યું બંગાળ પ્રાંતની બહાર નીકળવું નહીં, અને વધારે મુલક કમજે કરવાનો વિચાર રાખવો નહીં, એવો અભિપ્રાય એણે આગ્રહપૂર્વક ઈંગ્લંડમાંના કંપનીના અધિકારીઓને જણાવ્યો હતો, પણ તે દસ વર્ષ પણ ટકી શક્યો નહીં આ ગોઠવણથી હિંદુસ્તાનનો કારભાર વ્યવસ્થિત રીતે ચાલતાં કંપનીને અતિશય ફાયદો થશે એવી તેની ધારણા હતી તે જો પાર પડી હોત તો કંપનીની સાંપત્તિક સ્થિતિ આખી પૃથ્વી ઉપર અપૂર્વ થઈ જાત તેનો વેપાર ચીન દેશ સાથે પણ ચાલતો હોવાથી, તેના સઘળા વેપાર માટે જરૂરનો ભંડોળ આ દેશમાંથીજ મેળવી શકાય તો ઈંગ્લંડથી લાવી અત્રે વેચવામાં આવતા માલના સઘળા ઉત્પન્ન જેટલો ચોખ્ખો ફાયદો થાય આ સ્થિતિ લાંબા વખત સુધી તદ્દન ગુપ્ત રાખવામાં આવી હતી, અને અહીંથી રવાના થતા પત્રોમાં લોકોને નહીં સમજ પડે તેવા અનેક હિંદી શબ્દો વાપરવામાં આવ્યાથી ઈંગ્લંડમાં કંપનીની બહારના માણસોને અહીંની ખરી હકીકતની ખબર પડી નહીં

**૪. બંગાળાની દીવાની અને ડબલ ગવર્નમેન્ટ.**—મોગલ બાદશાહની રાજ્યવ્યવસ્થામાં પ્રત્યેક નવાબની સાથે એક દીવાનની નિમ

ણુંક કરવામાં આવતી, અને તેને રાજ્યની વસુલાત ભેગી કરવાનું કામ સોંપાતું. ખરૂં જોતાં દીવાન નવાબથી સ્વતંત્ર હતો. વખત જતાં નવાબ સ્વતંત્ર થયો ત્યારે તેણે પોતે વસુલાતનું કામ જોવા માંડવાથી રાજ્યમાં દીવાનની જરૂર રહી નહીં. શરૂઆતમાં દીવાને આખી સુબાગિરીની વસુલાતનો હિસાબ બાદશાહને સાદર કરવાનો હતો. પરંતુ રાજ્યમાં અવ્યવસ્થા થતાં દીવાન અને નવાબ એ બેઉએ એકત્ર થઈ બાદશાહને હિસાબ આપવાનું બંધ કર્યું; અને તેઓ જો કે જાતે રૈયત ઉપર દબાણ ચલાવી સઘળું વસુલ મોકું કરતા તોપણ અનેક કારણોથી વસુલ આવ્યું નથી એમ બાદશાહને જણાવતા. આવાં કારણોને લીધે બંગાળાની દીવાનીનું કામ કંપનીએ સ્વીકારવા માટે બાદશાહ શાહઆલમનો ઘણા દિવસનો આગ્રહ હતો, પણ દેશીઓના કારભારમાં દાખલ કરવાનું આરંભમાં કલકત્તામાંના તેમજ ઈંગ્લંડમાંના કંપનીના અધિકારીઓને યોગ્ય લાગ્યું નહીં. એમ છતાં ક્લાઇવને આ ઠરાવ નહીં રૂચતાં તેણે બાદશાહ પાસેથી બંગાળાની દીવાની કંપનીને નામે પોતાના હાથમાં લીધી, અને તેમ કરવા માટે નીચેનાં કારણો દર્શાવ્યાંઃ–' નવાબનાં અને આપણાં માણસો વચ્ચે ભારે અદેખાઈ ઉત્પન્ન થઈ છે, અને કામદારોની નીતિ અત્યંત ભ્રષ્ટ થઈ છે. આથી સંપૂર્ણ વિચાર પછી અમે એવા ઠરાવ ઉપર આવ્યા છીએ કે આખા બંગાળા ઇલાકાની દીવાની આપણે લીધી હોય તો આ અંધાધુંધી દૂર થશે, અને આપણી સત્તા અને આપણું રાજ્ય કાયમ થતાં, આપણને ત્રાસ દેવાનું સાધન નવાબના હાથમાં રહેશે નહીં. એકજ ઠેકાણે બેની હકુમત ચાલવી અશક્ય છે. નવાબે મુખ્ય સત્તાધીશ થવું અગર આપણે થવું. આ બે પૈકી આપણા ફાયદાની વાત કઈ છે તે ખુલ્લું દેખાય છે. (તા. ૩૦ સપ્ટેમ્બર સને ૧૭૬૫). આથી કરી એક સમૃદ્ધ અને પ્રબળ રાજ્યના આપણે ધણી થયા છીએ એ લક્ષમાં રાખવું. હવે આપણે દીવાન નહીં પણ ખુદ માલિક થયા છીએ.' આ પ્રમાણે ક્લાઇવે રાજ્ય અને વેપારનો હેતુ સાધી લીધો. આ બાબતમાં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે બંગાળાના દીવાનની નિમણુંક અસાર આગમજ બંધ પડી હતી, અને જે બાદશાહે તે નિમણુંક

અગ્રેજોને સોપી તેને તે પ્રમાણે કરવાની સત્તા નહોતી વળી જેમણે બાદશાહની બક્ષિસ ચાકરી હતી તેમણેજ બીજી બાબતોમા તેની સત્તા માન્ય કરી નહોતી આ સઘળી ખટપટ કંપનીની પોતાની હતી, અને તેમ કરી તેણે આ દેશના લોકોની આખમા તેમજ ઇગ્લડના તેના ઉપરી સત્તાધીશોની આખમા ધુળ નાખી હતી અહીંના સત્તાધીશોની બાબતમા પ્રસગોપાત તેઓ ઉપયોગી થઈ પડશે એવો ભાવ અગ્રેજો જાહેર કરે છે સને ૧૭૬૨ મા કપની વિરૂદ્ધ વનદા લોકોની ફરીઆદ આવી ત્યારે ઇગ્લડમાના ડાયરેક્ટરોએ રાજાને જણાવ્યુ હતું કે ' બગાળાનો નવાબ એજ ખરો માલીક છે બાદશાહનુ કઈ ઠેકાણુ નથી, અને તેની હકુમત બગાળ પ્રાત ઉપર બીલકુલ નથી વળી બાદશાહની દરકાર ન રાખતા નવાબ મીરજાફર પાસેથી અગ્રેજોએ મરજીમા આવે તેવા ઠરાવો કરાવી લીધા હતા બગાળા સાથેનો બાદશાહનો સબધ આગળ કરવામા આવતે તો વનદા લોકોની ફરીઆદનો ઉત્તર દઈ શકાતે નહીં કલાઇવે પણ ઇગ્લડમા એવોજ અભિપ્રાય આપ્યો હતો પરતુ પાછળથી નવાબ અને અગ્રેજો વચ્ચેનો સબધ બગડવાથી, અને હિંદુસ્તાન પાછા ફરતા બાદશાહ પાસેથી દીવાનીનો હક મેળવવા કલાઇવે નિશ્ચય કરવાથી, તેણે પોતાનો અભિપ્રાય બદલ્યો, અને નવાબને કઈ પણ હક નહોતો, માત્ર બાદશાહ કરે તે ખરૂ એમ તે કહેવા લાગ્યો હતો

ખરૂ કહીએ તો આ સઘળા ઠરાવો તેમજ સર્વ રાજ્યક્રાન્તિ તરવારના જોર ઉપર થયા છે, તેમા ન્યાયાન્યાયનો કંઈ પણ વિચાર કરવામા આવ્યો નથી કપનીની સઘળી માગણીઓ સ્વીકારી તેને જોઇએ તેટલું આપી દે એવા નવાબ અને બાદશાહ નાદાન નહોતા અગ્રેજોને પોતે પચાવી પાડેલા મુલકની કીમ્મત જેમ બને તેમ છુપાવવાની હોવાથી નવાબ અથવા બાદશાહ પાસેથી તેઓ ગમે તેવા કરાર કરાવી લેતા હતા જે બાદશાહ કિંવા નવાબને રાજ્યપદ ઉપર તેઓ બેસાડતા તેવા પાસેથીજ આવા ઠરાવો કરાવી લેવામા આવતા વળી આવી રીતે પ્રપચ રમવામા કલાઈવના મનમા બીજો એક અતસ્થ હેતુ હોવો જોઇએ તેને ત્રણ લાખની

જાગીર મળેલી હતી, અને સ્વદેશ પાછા ફર્યા બાદ આ રકમ કંપની મારફત વેરબેસ્ત તેને ચાલુ મળ્યા કરે એવી તેની ઇચ્છા હતી તેના અનેક શત્રુ હતા, અને આ જાગીર તેને પચવા નહીં દેવા માટે તેઓ મથન કરી રહ્યા હતા કંપનીનો વિચાર પણ આ જાગીરનું ઉત્પન્ન તેને આપવાનો નહોતો હિંદુસ્તાનમાં કનાઈવ માત્ર નોકર હોવાથી તેણે ઉપાડેલા કામથી થયેલો નફો કંપનીને મળવો જોઇએ તેમાં તેનો ખાનગી સંબંધ હોય નહીં એટલે તેને કંઇ પણ આપવું નહીં એમ કંપનીએ ઠરાવ કર્યો હતો પણ એથી ઉલટું પોતાની જાગીરની આવક વિના અડચણે પોતાને મળ્યા કરે અને તેમાં બીજો કોઈ વાંધો લાવે નહીં એવી તજવીજ અગાઉથી કરી મુકવા કનાઈવનો વિચાર હતો આ હેતુથીજ તેણે સને ૧૭૬૫ માં હિંદુસ્તાન આવતાં બાદશાહની સર્વોપરી સત્તા કબૂલ કરી તેની પાસેથી કંપનીને માટે દીવાની તથા પોતાને માટે જાગીર મેળવી, અને તત્સંબંધી સ્વતંત્ર લેખી ઠરાવ કરાવી લીધા પરંતુ તેની આ વ્યવસ્થાથી કંઇપણ ફાયદો ન થતાં અનેક નવીન ભાંજગડો ઉત્પન્ન થઈ, અને કંપનીને નાણાં સંબંધી નુકસાન ખમવું પડયું એમ ઘણાક લેખકોનો અભિપ્રાય છે *

બંગાળામાં શરૂ થયેલી આ રાજ્યવ્યવસ્થાને કેટલાકો તરફથી ' ડબલ-ગવર્નમેન્ટ ' એટલે ' બેવડી રાજ્યવ્યવસ્થા ' એવી સંજ્ઞા આપવામાં આવે છે, કેમકે લશ્કર અને વસુલ એ બે બાબતોની જવાબદારી અંગ્રેજોએ પોતાની પાસે રાખી હતી, અને ન્યાયપૂર્વક ટંટાનો નિકાલ કરી રૈયતનું રક્ષણ કરવાનું કામ નવાબે માથે લીધું હતું આવી રીતે વહેંચાયલી સત્તાને લીધે દેશ ઉપર ભવિષ્યમાં ભયંકર અનર્થ ગુજર્યા અને રૈયતની સ્થિતિ ઘણી કફોડી થઈ પડી જ્યાં સુધી અંગ્રેજોને વસુલાત નિર્વિઘ્ને આવતી ત્યાં સુધી અધિકારીઓ રૈયત ઉપર કેવો જુલમ કરે છે તે તરફ તેઓ લક્ષ આપતા નહીં આવા પરિણામ માટે કનાઈવ ઉપર કેટલી જવાબદારી આવે છે એ એક મોટો સવાલ છે બંગાળ પ્રાંત અંગ્રેજોએ એકદમ પોતાના તાબામાં લેવાની તેની ઇચ્છા ઉપરના અધિકારી

---

* W Bolts Considerations on Indian Affairs Ch VI

ઓએ માન્ય કરી નહીં. મીરકાસમના વખતમાં અંગ્રેજોએ ઘોંટાળો કરવાથી ગડબડાટ થઈ રહી, ત્યારે દેશીઓના કારભારમાં દખલ નહીં કરવા કંપની તરફથી તાકીદ થઈ થતી. એ ઉપરથી પટનામાં સીતાપરાય તથા મુર્શિદાબાદમાં મહમદ રીઝાખાનને સઘળો વહિવટ ચલાવવા કલાઇવે નીમ્યા, અને એ બેઉ ઠેકાણે અંગ્રેજ રેસિડન્ટ મુકી તેમની મારફતે ઉત્પન્ન એકઠું કરવા ગોઠવણ કરી. પણ પ્રાંતની વસુલ લેનારા ઉપર રૈયતની સંભાળ રાખવાની જવાબદારી છે એ વાત કલાઇવે લક્ષમાં રાખી નહીં. ગામે ગામ મુસલમાન જમીનદાર હતા તેઓ રૈયત પાસેથી વસુલ ભેગી કરી પટના તથા મુર્શિદાબાદની તીજોરીમાં ભરતા. આ જમીનદારો પાસેજ ફોજદારી ન્યાયાધીશનો અધિકાર રહેતો અને દરેક બાબતમાં છેવટનો વિવાદ નવાબ રૂબરૂ થતો; પણ કલાઇવની વ્યવસ્થાની રૂએ ખુદ નવાબનીજ મહત્તા ઘટી જવાથી રૈયતને વિવાદ કરવાનું કંઈપણ ઠેકાણું રહ્યું નહીં. મહમદ રીઝાખાન અને સીતાપરાય એ બન્ને પોત પોતાના હસ્તકના મુલકના નમુનેદાર ગૃહસ્થ હતા. ખાન ભારે મીજાસી તથા ડોળઘાલુ હતો, પણ સીતાપરાય ધૂર્ત, ઉદ્યોગી અને અંદરથી લુચ્ચો હતો. એક વખતે એક અંગ્રેજ વકીલ સીતાપરાયનો કારભાર કેવો ચાલે છે તેની તપાસ કરવા સારૂ પટના ગયો, ત્યારે સીતાપરાયના શત્રુઓ પુષ્કળ હોવાથી, તેમણે અંગ્રેજ વકીલને મળી તેની વિરૂદ્ધની સઘળી ફરીઆદો તેને કહેવાનો મનસુબો કર્યો. સીતાપરાય તે વકીલને લેવા સામો ગયો, અને તેને પોતાના હાથી ઉપર બેસાડી શહેરમાં ફેરવ્યો. સર્વ હિસાબની તેમજ બીજી બાબતોની તપાસ વેળાએ તેણે શાંતપણે સઘળા પ્રશ્નના ઘણા ચોખ્ખા ઉત્તર આપ્યા, અને તકરારી કાગળો રજુ કરી પોતાનાં વર્તનનું વાજબીપણું સિદ્ધ કરી બતાવ્યું. કંઈપણ આનાકાની અથવા છુપામણી ન કરતાં સરળ અને સ્પષ્ટ જવાબ આપવાથી તેના પ્રમાણિકપણા તેમજ ડહાપણ વિશે અંગ્રેજ વકીલની ખાતરી થઈ, અને તેના મનની સઘળી શકા દૂર થતાં તે સીતાપરાય તરફ મોટી મિત્રાચારીથી અને સન્માનથી વર્તવા લાગ્યો. પ્રજા તરફ સીતાપરાયની વર્તણુંક ઘણી ડહાપણ ભરેલી હોવાથી તે શત્રુને કનડ્યા વિના પોતાનું ધાર્યું

કર્યાં જતો હતો. તે પોતાના કામમાં અતિશય નિયમિત હતો એટલે પુષ્કળ કામ આવી પડતાં તે કંટાળતો નહીં. કોઈપણ પ્રતિષ્ઠિત ગ્રહસ્થ પટનામાં આવતો તેનો સીતાપરાય તરફથી સત્કાર થયા વિના રહેતો નહીં. તેનો ખર્ચ ભારે હતો એટલે જોઈતું નાણું ઉભું કરવામાં કેટલીક વેળા તેની તરફથી અન્યાય થતો. અંગ્રેજોને તે સદા ખુશી રાખતો, અને તેમની તરફ હમેશાં અતિશય પુજ્ય બુદ્ધિથી જોતો. આ દેશમાં હિંદુ તથા અંગ્રેજો શરૂઆતમાં કેવા સમાગમમાં આવતા, અને ત્યાર પછી સુમારે સો વર્ષ સુધી તેમનો સંબંધ કેવો સંતોષકારક ચાલ્યો તેનું કંઈક અનુમાન આ હકીકત ઉપરથી બાંધી શકાશે. હિંદુ લોકો મોટા કર્તૃત્વવાન હતા, એટલે અંગ્રેજોએ તેમનો પોતાના કામ માટે ઉપયોગ કરી લીધો. તેમજ અંગ્રેજો મોટા ભાગ્યશાળી, સાચા તથા પોતાનું હિત જોડનારા હતા એમ હિંદુઓ સમજતા, અને તેથીજ બન્ને પક્ષ વચ્ચે સો વર્ષ લગી મિત્રાચારી ટકી રહી. મહમદ રીઝાખાનને માટે ગુલામ હુસેન નામના ઇતિહાસકારે ખરાબ અભિપ્રાય દર્શાવ્યો છે, છતાં તેણે સીતાપરાયના ગુણો ઉપર પ્રમાણે વર્ણવ્યા છે.

**૫. બંગાળામાં અંગ્રેજ લશ્કરનું બંડ.**—બંગાળામાં યુદ્ધ પ્રસંગ શરૂ થતાં અંગ્રેજોએ તે તરફ લશ્કર ગોઠવી દીધું હતું અને તેનો પગાર ઠરાવી પણ મૂળસ્થાન છોડી આ લશ્કરને બહારના પ્રદેશમાં જવું પડતું ત્યારે તેનો પગાર થોડો હોવાથી, બહારની કામગિરી માટે દરરોજની ઠરાવેલી રકમ પ્રમાણે દરેક માણસને વધારાનું ભથ્થું મળે એવો પ્રઘાત પડ્યો હતો. એ આપણે પાછળ પ્રકરણોમાં વાંચી ગયા છીએ. મીરજાફર બંગાળાનો નવાબ થયો ત્યાર પછી તેની મદદે જે અંગ્રેજ ફોજ આવી તેને સંતુષ્ટ કરવાના હેતુથી કલકત્તા કૉન્સિલની મંજુરીથી લશ્કરને બેવડું ભથ્થું આપવામાં આવ્યું. આમ કેટલોક વખત ચાલ્યા પછી મીરકાસમે લશ્કરના ખર્ચ પેટે બરદ્વાન વગેરે ત્રણ પરગણાં અંગ્રેજોને સ્વાધીન કર્યાં ત્યારે અંગ્રેજ ફોજના પગાર તથા ભથ્થું કંપનીની તીજોરીમાંથી આપવામાં આવ્યાં. આ વાત ઇગ્લંડમાં કંપનીના અધિકારીઓની

જાણમા આવતા તેમણે બેવડુ ભથ્થુ બધ કરી આખા લશ્કરને ઠરાવેલુ એકપટ ભથ્થુ આપવાનો હુકમ કર્યા પણ તે પ્રમાણે કલકત્તા કૌન્સિલે અમલ નહી કરતા તેમ કરવામા અનેક હરકતો ઉપસ્થિત થશે એમ ઇંગ્લડ લખી મોકલ્યુ ક્લાઇવ અને તેની સિલેક્ટ કમિટી અહીં આવી ત્યારે તેમણે લશ્કરનુ બેવડુ ભથ્થુ બધ કરી એકપટ ભથ્થુ આપના માટે તાકીદનો હુકમ કહાડ્યો આવા હુકમો આપવામા કોર્ટ ઑફ ડાયરેક્ટર્સની હમેશા એક ભૂલ એ થતી કે અહીંની ખરી હકીકત તેમની જાણમા બરાબર આવતી નહીં, અને પહેલકહેના જે બાજુ ઉપર તેઓ ઢળતા તેજ તેઓ હઠથી આખર લગી પકડી રાખતા ભથ્થાની બાબતમા પણ તેવુજ કઇક થયુ હતુ અહીં લશ્કર મીરકાસમ સામા લડતુ હતુ, ખુદ બાદશાહ અને વઝીર સાથે અગ્રેજો લડાઇમા ઉતરવાની તૈયારીમા હતા તેવે વખતે બેવડુ ભથ્થુ બધ કરવા માટે ઇગ્લડથી હુકમ આવ્યો હતો બક્સરની લડાઈ હમણાજ થઈ ગયની હોવાથી આ હુકમ પ્રમાણે અમલ કરવાનુ અશક્ય હતુ થોડા વખતમા ક્લાઇવ હિંદુસ્તાન આવનાર હોવાથી કલકત્તા કૌન્સિલે એ કામ તેને માટે રહેવા દીધુ લોકોની ફરીઆદ તરછોડી કહાડવાનો ક્લાઇવનો સ્વભાવ ન હોવાથી, તા ૧ લી જાન્યુઆરી, સને ૧૭૬૬ થી તેણે એવુ ફરમાવ્યુ કે મૂળ સ્થાન ઉપર લશ્કર હોય ત્યારે તેમાના સર્વ પ્રકારના નોકરોને સરકારમાથી રહેવાની જગ્યા મફત આપવી, પણ કઈ ભથ્થુ આપવુ નહીં મોગીર અને પટનામા લશ્કરને અડધુ ભથ્થુ મળે, ત્યાથી આગળ જતા પુરૂ ભથ્થુ અને માત્ર અલાહબાદમા રાખેલી લશ્કરની ટુકડીને બેવડ ભથ્થુ આપવુ આ હુકમ બહાર પડતા લશ્કરમા અસતોષ ઉત્પન્ન થયો, તોપણ લોકો એકદમ ઉશ્કેરાઈ ગયા નહી તેમણે સરકારને અરજી મારફત પોતાની સઘળી અડચણો વિદિત કરી, પણ ક્લાઇવે તે ઉપર વિચાર ચલાવવા ના પાડી લશ્કરના ઉપલા વર્ગના અમલદારોનો મીઠાના વેપારમા ભાગ હોવાથી ભથ્થાનુ નુકસાન તેમને ભારે જણાવવાનુ નહોતુ પરતુ નીચેની પક્તિના માણસો વેપાર તેમજ ભથ્થુ બન્ને જવાથી ઘણા ગુસ્સે થઈ ગયા આ અસતોષ તરતજ બીજી ટુકડીઓમા પ્રસર્યો આજ અરસામા મરાઠાઓએ ઉત્તર

હિંદુસ્તાનમાં સ્વારી કરેલી હતી, એટલે એક થઈ નોકરીનું રાજીનામુ આપવાથી સરકાર આપણી માગણી કબૂલ કરશે એમ સઘળાએ ધાર્યું, આ હેતુથી તેઓએ છુપા મંડળો ઉભા કર્યા, અને સઘળાઓએ સોગન લઈ એક બીજાનુ રક્ષણ કરવાનો અને પોતાનો ગુપ્ત હેતુ બહાર નહીં પાડવાનો ઠરાવ કર્યો સઘળાએ મળી એક મોટુ ફંડ જમા કર્યુ આ રકમમાથી માણસોને થતુ નુકસાન ભરી આપવાનું હતુ ચાર મહિના લગી આ બેત ગુપ્ત રીતે ચાલુ રહ્યો, તોપણ ક્લાઈવને તે વિશે કંઈપણ ખબર મળી નહીં સને ૧૭૬૬ ના એપ્રિલ માસમાં તે મુર્શિદાબાદમાં હતો ત્યારે મોંગીર અને પટનાના અધિકારીઓ તરફથી તેને જણાવવામા આવ્યુ કે અગાઉનુ બેવડુ ભથ્થુ ન મળવાથી લશ્કરના અમલદારો મે મહિનાના આરંભથી પોતાની નોકરી છોડી દેવાના છે. આ વેળા ક્લાઈવને માથે ઘણો વિકટ પ્રસંગ આવ્યો હતો એમ છતાં ગમે તેવી ભયકર અડચણોની દરકાર ન રાખતા તેણે જે અપ્રતિમ ધૈર્ય દાખવ્યુ તેથી તેને આખા દેશ તરફથી અતિશય સન્માન મળ્યુ તેણે પ્રથમ આ બંડના અગ્રેસરો શોધી કહાડયા, અને તેમને એકદમ મારી નાખવાનો ઠરાવ કર્યો એમ કરવા પહેલા તેમની જગા લઇ શકે તેવા બીજા આદમી એણે તૈયાર કર્યા, અને મદ્રાસથી નવા માણસો મગાવ્યા મુર્શિદાબાદ અને કલકત્તાના માણસોને સમજાવી લઈ તેમને કામ ઉપર લગાડી દીધા, પણ મોંગીર, બાંકીપુર અને અલાહબાદમા સમજાવટનુ કંઈ ફળ નિપજ્યુ નહીં ત્યા ઘણાખરાઓએ ઠરાવ પ્રમાણે નોકરી છોડી દીધી બાંકીપુરમા લશ્કરનો મુખ્ય અધિકારી બાર્કર હતો, અને મોંગીરમા ફ્લેચર હતો બાર્કરે મુખ્ય બંડખોરોને પકડી કલકત્તે મોકલાવી દીધા, એટલામા ક્લાઈવ જાતે મોંગીર ગયો, અને ત્યાની દેશી ફોજની મદદ વડે અગ્રેસર બંડખોરોને પકડી કલકત્તા તરફ મોકલ્યા, અને પોતે પટના ગયો ત્યા પણ આ પ્રમાણે બંડ દાબી દઈ તે આગળ જનાર હતો, પણ એટલામા અલાહબાદનુ બંડ દબાઈ જવાની બાતમી મળતા તે કેટલાક દિવસ પટના માજ રહ્યો કલકત્તે મોકલાવેલા માણસો તરફથી પોતાના કામનો પસ્તાવો બતાવનારી અરજી આવી ત્યારે તેણે કેટલાકને બરતરફ કર્યા, કેટલાકને

પાયરી ઉતારી નોકરી આપી, અને ફરીથી બંડ થાય નહીં તે અર્થે નોકરીના નવીન નિયમો ઠરાવ્યા વિશેષમાં તેણે કેટલાકને પકડી ઇંગ્લંડ ચડાવી દીધા બંડખોરોના મુખી સર રૉબર્ટ ફ્લેચરને નોકરી ઉપરથી દૂર કર્યો અને ત્વરાથી સઘળુ તોફાન દાબી દીધું

## પ્રકરણ ૨૪ મું.

### બ્રિટિશ રાજ્યની સ્થાપનાનો આરંભ.

સને ૧૭૬૭–૧૭૭૩

૧ વેપારની તથા રાજ્યકારભારની અવદશા ૨ મીઠુ તબાકુ અને સોપારીનો નવો ઇજારો

૩ ક્લાઈવનું ઇંગ્લંડ પાછા ફરવુ, તેની હેરાનગતી તથા તેનુ મરણ

૪ હિંદુસ્તાનમાના કારભારની તપાસ ૫ રેગ્યુલેટિંગ ઍક્ટ (સને ૧૭૭૩)

૬ વસુલાતના તથા વેપારના કેટલાક આંકડા.

**૧. વેપારની તથા રાજ્યકારભારની અવદશા**—ઈસ્ટ ઇન્ડીઆ કંપનીએ અહીંના સઘળા વેપારનો ઇજારો પોતાના હાથમા રાખ્યો હતો, અને યુરોપમાથી બીજુ કોઈ આ દેશમા આવી સ્વતંત્ર રીતે વેપાર કરવા માડતું તો તેને તેની તરફથી પ્રતિબંધ કરવામા આવતો તેના નોકરો અગર ખાનગી વેપારીઓ ઠરાવેલી રકમ ભરતા તો તેમને ધંધો ચલાવવા પરવાનો આપવામા આવતો, અને તે ફરમાવે તેટલેજ ઠેકાણે વેપાર કરવાની તેમને છૂટ મળતી કંપનીના તાબામા રાજ્યની લગામ આવી ત્યા સુધી આ ગોઠવણ વિના હરકતે ચાલી પણ બંગાળાનો કબજો તેને મળતા રાજ્યકારભાર અને વેપાર એ બેઉ બાબતમા અત્યંત ગોટાળો થયો, અને બન્ને એકબીજાને નડતરરૂપે જણાવવા લાગ્યા કંપની તરફથી મરજી મા આવે તે માણસનો વેપાર જબરાઈથી બંધ કરાવવામા આવ્યો હતો, અને દેશનો સઘળો કારભાર પોતાના હાથમા લેવાની તેને ઇચ્છા થઈ હતી માત્ર મોટા મોટા બંદરોમાજ નહીં, પણ દેશના દૂર સુધીના માંહેલા ભાગના ગામડાઓમાથી કીસબી અને કારીગર લોકો પાસે સર્વ પ્રકારનો

તૈયાર થયેલો માલ તેણે સખ્તીથી વેચાતો લેવા માંડ્યો એટલે કારીગરોની અનદશા થઈ દંડ કરવો, કેદમાં નાખવા, ફટકા મારવા, જોરજુલમથી રોકડ રકમ માટે દસ્તાવેજ લખાવી લેવા, વગેરે અનેક તરેહથી વણકરો ઉપર જુલમ થવાથી ઘણાખરા કારીગરોએ અને ખાસ કરીને વણકરોએ પોતાનો ધંધો છોડી દીધો આથી દેશને જે નુકસાન થયું છે તેની કલ્પના કરી શકાતી નથી

કંપનીના વેપારીઓ માલનું વેચાણ અને ખરીદી કેવા ધોરણે ચલાવતા એ બાબત ટુંકમાં જણાવતાં અહીંના લોકો ઉપર કેવો જુલમ વર્તતો હતો તે ધ્યાનમાં આવશે અનેક ઠેકાણે કંપનીની વખારો હતી, અને મુખ્ય વખારોની શાખારૂપી બીજી નાની વખારો હતી વખારમાં એક મુખ્ય એજન્ટ અને તેના હાથ હેઠળ કામના પ્રમાણમાં બીજા અંગ્રેજ વેપારીઓ રહેતા પ્રત્યેક વખારમાં એક વાણીઓ રહેતો અને તેની મારફતે દેશી લોકો સાથેનો અંગ્રેજોનો વેપાર ચાલતો દુભાશીઆના કામ અને ઉપરાંત તેને હિસાબ, દલાલી, પૈસાની લેવડદેવડ વગેરે સઘળું કામ કરવું પડતું વખારમાં મુખ્ય સેક્રેટરી તરીકે આ વાણીઓ રહેતો, અને તેની મારફતે કારકુન, સિપાઈ, મજુર, ભોઈ, મસાલચી વગેરે સર્વ પ્રકારના નોકર રાખવામાં આવતા, અને તેમના વર્તન માટે તેજ જવાબદાર રહેતો બીજા અનેક વ્યવહારો તેની મારફત ચાલતા વખારના મુખ્ય અધિકારી દેશી ભાષાથી અજ્ઞાન હોવાથી, કોઈને કંઈપણ કામ હોય તો તે વાણીઆને વચમાં રાખ્યા સિવાય થઈ શકતું નહીં આથી વાણીઆનું મહત્વ કેટલું હતું તેની સહજ કલ્પના કરી શકાશે લોકોએ તયાર કરેલો માલ એકઠો કરવા માટે, અને બહારથી આવેલો માલ વેચવા માટે માસિક પગાર ઠરાવી આ વાણીઆના હાથ હેઠળ કેટલાક ગુમાસ્તા નીમવામાં આવતા એક ગુમાસ્તો, એક કારકુન, એક ખજાનચી, કેટલાક સિપાઈઓ અને વરતણીઆની ટોળીઓ ગામેગામ જતી એવી દરેક ટોળીને વખારના મુખ્ય અધિકારી તરફથી પરવાનો આપવામાં આવતો, અને તેમાં સ્થાનીક અમલદારોને આ ટોળીઓના કામમાં હરકત નહીં નાખતાં તેમને દરેક પ્રકારની

આધાર રાખતો, પણ અંગ્રેજોની મોહરમાં ઓછું અને હલકી જાતનું સોનું આવવાથી વેપારીઓને ભારે નુકસાન પહોંચ્યું આવાં કારણોને લીધે બંગાળામાં થતા અનર્થ તરફ ઇંગ્લંડના રાજદ્વારી પુરુષોનું લક્ષ ખેંચાયું, અને આ દેશના વહિવટમાં થોડો ઘણો સુધારો કરવાની શરૂઆત થઈ

ખરૂં જોતાં આ સઘળું અરાજક સ્થિતિનું પરિણામ હતું બંગાળામાં કોઈ જોખમદાર સત્તાધીશ નહોતો મૂળ માલીકનો નાશ થતાં કોઈ નવીન માલીક ઠર્યો નહોતો ક્લાઇવ જેવો સાહસિક માણસ પોતાની મરજી માફક વ્યવસ્થા કરતો હતો, અને એમ કરવામાં ઉપરીઓના હુકમનો અનાદર થતો, અને ન્યાયાન્યાયનો કંઈ વિચાર થતો નહીં આ વરિષ્ઠ અધિકારીઓ, એટલે ઇંગ્લંડમાંના કંપનીના ડાયરેક્ટરોમાં પણ કેટલીક અવ્યવસ્થા હતી અહીં પૈસા મેળવી સધન થઈ ગયેલા એ ચાર આસામીઓ આ મંડળમાં અગાડી પડતો ભાગ લઈ મનમાં આવે તેમ કારભાર કરતા આવા બીન જોખમદાર માણસોના હાથમાં ચાર પાંચ કરોડની વસ્તીવાળા પ્રાંતનો વહિવટ ચલાવવાનો અધિકાર હતો ઇંગ્લંડમાં તેમજ હિંદુસ્તાનમાં કામ કરનારા સઘળા નોકરોની નિમણુક, તથા કાફલા, લશ્કરી તેમજ દીવાની ઇત્યાદી ખાતાની સઘળી વ્યવસ્થા તેમના હાથમાં હતી આટલો ભારે અધિકાર તેમની પાસે હોવાથી કોઈ પણ બાબતમાં બેદરકાર રહેવું એ તેમને માટે સલામતી ભરેલું નહોતું કંપનીનો ભરોંસો સંપૂર્ણ રીતે તેમના તાબામાં હોવાથી નાની નોકરીમાંના સઘળા માણસોનું નસીબ તેમની મરજી ઉપર લટકી રહ્યું હતું આ દુસહ પ્રકાર ઉત્તરોત્તર વધતો ચાલ્યો હતો, તો આવા મંડળ તરફથી નીકળેલા હુકમ પાંચ હજાર માઇલને અંતરે કેવી રીતે પળાઈ શકે? ક્લાઇવે પોતાની મરજી પ્રમાણે ચલાવેલા કારભારમાં હજારો અન્યાય થયા, પણ તેમાંના એકની દાદ ઇંગ્લંડ પહોંચી નહીં વળી કંપનીને ઇંગ્લંડમાં એક વિલક્ષણ અધિકાર મળ્યો હતો યુરોપમાંથી જે કોઈ વેપારી આ દેશમાં આવી કંપનીનો પરવાનો મેળવ્યા વિના વેપાર ઉપાડે, અગર ગમે તે પ્રકારની ચળવળ શરૂ કરી હિંદુસ્તાનમાં કે ઇંગ્લંડમાં ચાલેલો અન્યાય ઉઘાડો પાડવાનો પ્રયત્ન કરે તો તેને દંડ કર

વાની, કેદમાં પુરવાની, અથવા જોરજુલમથી વહાણ ઉપર ચડાવી યુરોપ તરફ રવાના કરવાની સત્તા અહીંના અમલદારોને આપવામાં આવી હતી આથી જે કોઈ અહીંથી પત્ર મોકલી, અથવા અહીંના અન્યાય વિશેનુ પુસ્તક પ્રસિદ્ધ કરી, ઈંગ્લંડમા લોકમત જાગૃત કરવાનો પ્રયત્ન કરતુ તો તેના ઉપર ભયકર જુલમ વરસતો હિંદુસ્તાનમાં તેની લેવડ દેવડ ચાલતી હોય તો કપનીના વિરોધને લીધે તેને તેમા ભારે નુકસાન ખમવુ પડતુ કપનીના નોકરોને પોતાની ક્ષેમકુશળતાના સમાચાર સિવાય બીજી કંઈપણ હકીકત ઈંગ્લડમા પત્રદ્વાર જણાવવાની મનાઈ હતી જેઓ નોકરીમા ન હોય અને પોતાની જવાબદારી ઉપર આ દેશમા આવ્યા હોય તેમનુ પણ કપની આગળ કંઈ ચાલતુ નહીં આવા ગ્રહસ્થોએ ઈંગ્લડમા પુસ્તકદ્વારા તે સમયનો ભયકર જુલમ ઉઘાડો પાડ્યો છે, તે ઉપરથી તત્કાલીન સ્થિતિનો આબેહુબ ચિતાર આપણી દ્રષ્ટીએ પડે છે તે વખતે થતા અન્યાયોની બાબતમા નામાંકિત અગ્રેજ વકીલોએ અને ધારાશાસ્ત્રીઓએ પોતાના અભિપ્રાય આપ્યા છે તે પણ ઉપલબ્ધ છે મૂળ કપનીની સ્થાપના વેપાર માટે થઈ હતી પણ તેના નોકરોએ વેપાર છોડી રાજ્ય મેળવવાનો લોભ કરવાથી બન્ને કામો બગડ્યા હતા ખાનગી વેપાર ઉત્તેજન થતા કપનીના વેપારની કોઈએ પરવા કરી નહીં રાજ્યનુ વસુલ અહીંને અહીં આંધળા ખર્ચમા વ્યય થવા માડ્યુ અને કપની દેવામા ડુબતી ગઈ કોઈ અન્યાય કરતુ તો તેને બરતરફ કરવામા આવતુ, પણ આ શિક્ષા કોઈને ભારે પડતી નહીં કારણ થોડો વખત મરજી માફક ધધો કરી નાણુ ભેગુ થતા ઈંગ્લડ જઈ કોઈની પણ બીક રાખ્યા વિના મોજ મજાહ ઉડાવવાનુ તેમને મળતુ

હિંદુસ્તાનમા ન્યાયનુ ધોરણ નવાબની મરજી ઉપર અવલબી રહ્યુ હતુ અગ્રેજો તરફની સૂચના મળતા વાજબી ગેરવાજબીપણાનો કંઈપણ વિચાર કર્યા વિના નવાબ તરફથી તેનો અમલ કરવામા આવતો આવી રીતે સઘળો અન્યાય કોઈ જાણી જોઈને કરતુ નહીં તોપણ તેનુ મૂળ કારણ ઈંગ્લડમાની કપનીના ડાયરેકટરોની સભાનુ અનિયમિત પણુ હતું કોર્ટ ઓફ

પ્રોપ્રાયટર્સ વારવાર બદલાતી હોવાથી હિંદુસ્તાન માટે એક કાયમની પદ્ધતિ ઠરાવી આપવા કાજે કોઇપણ જોખમદાર નહોતું. ઘણી ગડબડ થાય તો ત્યાંથી થોડી તપાસ થતી, પણ તેમને હાથે જાથુનો બંદોબસ્ત થવો મુશ્કેલ હતો. આ અન્યાય બંધ કરવા માટે કેટલાકો તરફથી જુદા જુદા ઉપાયો સૂચવવામાં આવ્યા હતા. ઇંગ્લંડના રાજાએ બંગાળાનું રાજ્ય પોતાના તાબામાં લઈ લેવુ થતા પાર્લામેન્ટે સઘળી વ્યવસ્થા ઉપર દેખરેખ રાખવી, એવો એક મુખ્ય ઉપાય સૂચવાયો હતો. બીજો ઉપાય તરીકે હિંદુસ્તાનનો વેપાર સર્વ કોઈ માટે ખુલ્લો મુકવાનો હતો. આ વેપારમાં હિંદી લોકોને બીજાઓની માફક છૂટ મળતાં તેમની પાસેની ગુપ્ત પડી રહેલી અટળક દોલત ફરતી થશે અને તેથી કરી ઉભય રાષ્ટ્રને ફાયદો થશે એવી સૂચના થઈ હતી. વળી ન્યાયના કામમાં કંપનીએ ગડબડ કરવી નહી, કોઈને ગેરકાયદે પકડી કેદ અથવા હદપાર કરવા નહીં, વેપાર સઘળા માટે ખુલ્લો મુકવો, અને હિંદુસ્તાનમાં જઈ વસવા માટે દરેક અંગ્રેજને પરવાનગી આપવી, એવી એક યોજના હતી. આવી કંઈ કાયમની યોજના કરવામાં આવતાં 'હિંદુસ્તાનનું રાજ્ય એકંદર બ્રિટિશ સામ્રાજ્યના મુગટ ઉપરનું રત્ન થશે, અને તેથી બ્રિટિશ રાજ્યની સત્તા અને સંપત્તિ વધશે' એવી મતલબનું લખાણ સને ૧૭૭૨ માં બોલ્ટસ (Bolts) નામના ગૃહસ્થે પ્રસિદ્ધ કર્યું હતું.

**૨. મીઠું, તંબાકુ અને સોપારીનો નવો ઇજારો.**—કંપનીના નોકરોનો પગાર ટુંકો હોવાથી આ દેશમાં કિનારે કિનારે થોડો ઘણો ખાનગી વેપાર ચલાવવાની પરવાનગી તેમને કંપની તરફથી મળી હતી. કંપનીનાં ૩૦૦–૪૦૦ ટનનાં મોટાં વહાણો હમેશાં વપરાસમાં રહેતાં પણ આસરે ૧૦૦ ટન આકારનાં નાનાં વહાણો ઘણાં હોવાથી તેમાંનાં કેટલાંક ચીનથી ઇરાન સુધી ફરતાં, અને બાકીનાં નકામાં પડી રહેતાં તે આ નોકરોને ભાડે આપી કંઇક ફાયદો મેળવવાનો ઠરાવ કંપનીએ સને ૧૭૧૦ ના અરસામાં કર્યો હતો. વેપાર વધતાં આ ખાનગી વેપાર માટે ફરીઆદ કરવાનું કોઇને કારણ રહ્યું નહીં. આ પ્રમાણે

સુરાજ-ઉદ-દૌલાના અમલ સુધી ચાલ્યા કર્યું, અને તે પછીની કેટલીક હકીકત ઉપર આવી ગઈ છે. મીરકાસમના વખતમાં આ ખાનગી વેપારનું તોફાન અસહ્ય થઈ પડવાથી તે બંધ કરવાનો ક્લાઈવને હુકમ મળ્યો હતો. 'લાંચ અગર બક્ષિસ લેવી નહીં' એવી મતલબનું કરાર-નામું દરેક નોકર પાસે લખાવી લેવા મળેલી સૂચનાનુસાર ક્લાઇવે અમલ કરી સઘળા નોકરો પાસે કરાર કરાવી લીધા, અને પુષ્કળ નવા સુધારા અથાગ મહેનતે દાખલ કર્યા. મીરકાસમ સાથે થયલા યુદ્ધનું મૂળ કારણ કંપનીના નોકરોનું એકલપેટાપણુંજ હતું. ખાનગી વેપાર ચલાવવાનો ઢોંગ કરી તેઓએ નવાબને ફસાવ્યો હતો, અને કંપનીને એક પૈની પણ પ્રાપ્તિ થવા દીધી હતી નહીં. સઘળાઓએ પોતપોતાના ફાયદા તરફ લક્ષ રાખવાથી કંપનીનો હમેશનો વેપાર અટકી પડયો હતો. ખાનગી વેપારના ટંટામાં ખપની મુખ્ય ત્રણ જણસો મીઠું, તંબાકુ અને સોપારી માટે તકરાર હતી. આ વસ્તુઓ હમેશ વાપરની હોવાથી તેમાંથી નવાબને જકાત રૂપે ભારે આવક મળતી. પણ અંગ્રેજ વેપારીઓ ગામે ગામ ફરી જકાતની માફીને લીધે અન્ય વેપારીઓ કરતાં તે વધારે સસ્તી વેચવા લાગ-વાથી દેશીઓનો વેપાર ડુબ્યો, અને નવાબની આવક અદ્રશ્ય થઈ. બે ચાર વર્ષમાં ઘણાખરા અંગ્રેજોએ જન્મોજન્મ ચાલે એટલી દોલત ભેગી કરી. પરિણામમાં તેઓ એટલા તો લોભી બન્યા કે નવાબ સાથે યુદ્ધ કરી કંપનીનો નાશ કરવાને તૈયાર થયા; કેમકે યુદ્ધમાં મીરકાસમને જય મળે તો બંગાળામાંથી કંપનીનો પગ નીકળી જાય એવો પ્રસંગ આવ્યો હતો.

આવા લાંચખાઉ અને લુટારૂ નોકરો સાથે ક્લાઈવને હમણા લડવાનું હતું. તેમના ટુંકા પગારને લીધે ખાનગી વેપારની જે સવળતા તેમને મળી હતી તેથી બે ચાર વર્ષમાં તેઓ વીફરી ગયા હતા. આનો જે એકજ ઉપાય હતો તે પ્રમાણે ક્લાઇવે નોકરોના પગાર વધારી ખાનગી વેપાર બંધ કરાવવાની સૂચના કરી, પણ કોર્ટ ઑફ ડાયરેકટર્સને તે રૂચી નહીં. ક્લાઈવની હીકમતથી ત્રાજવાને બદલે રાજદંડ તેમના હાથમાં આવી પડયો છે એ વાત ઇંગ્લંડમાં કંપનીના મન ઉપર હજી સ્પષ્ટ રીતે ઠસી હતી નહીં, અને તેથીજ

પગાર વધારવા જેવો યોગ્ય ઉપાય તેઓએ મંજુર કર્યો નહીં. આથી કલાઇવના હાથ બંધાઈ ગયા. તેના વિચાર પ્રમાણે ખાનગી વેપાર બંધ કર્યા વિના અહીંનો કારભાર સુધરી શકવાનો નથી, પણ એ વેપાર અટકાવવા ઉપરિ અધિકારીઓની પરવાનગી નહોતી એટલે આવી પડેલી મુશ્કેલીમાંથી નીકળવા તેણે બીજા ઉપાય યોજ્યા. એ પણ નિષ્ફળ જવાથી પૂર્વનો ઘોટાળો કમી થયો નહીં. હિંદુસ્તાનમાંની અવ્યવસ્થા માટે વધારેજ ઉમારો થયો. કેટલોક વખત બાદ આ અવ્યવસ્થા માટે પાર્લામેન્ટ તરફથી તપાસ થઈ, હિંદુસ્તાનના કારભાર તરફ વધારે લક્ષ અપાવવા લાગ્યું, છતાં આ ખાનગી વેપાર બંધ પડતાં ઘણો વખત નીકળી ગયો.

પ્રથમ કલાઇવે જકાતની માફીના પરવાનાનું ખોખું તૈયાર કરી અમલદારોએજ તે આપવા માટે હુકમ કહાડયો, અને તેમ કરી ગમે તેણે પરવાનો આપવાનો વહિવટ બંધ કર્યો. તેણે કરેલી બીજી અનેક તજવીજોને પરિણામે કંપનીના તેમજ ખાનગી વેપાર ઉપર સરકારની દેખરેખ નક્કી થઈ. ખાનગી વેપાર માટેની નવી ગોઠવણની રૂએ મીઠું, તંબાકુ અને સોપારીનો વેપાર કંપનીના નોકરોએ ચલાવવાનો હતો, અને તેમાં સઘળાએ મળી બત્રીસ લાખનો ભંડોળ એકઠો કરવાનો હતો. આ ભંડોળ ઉપર દરસાલ સેંકડે પચાસથી સો ટકા નફો થશે એવી અટકળ હતી. આ રકમને અમુક સંખ્યાના ભાગમાં વ્હેંચી દઈ દરેક અમલદારે પોતપોતાના દરજ્જા પ્રમાણે કેટલા ભાગ લેવા તે કલાઇવે નિર્દિષ્ટ કર્યું, અને ભાગીદારોનો પહેલો, બીજો અને ત્રીજો એવા ત્રણ વર્ગ પાડયા. આ યોજનાથી દરેક કૌન્સિલરને બાર મહિને ઓછામાં ઓછો સત્તર હજારનો નફો થવાની તેણે ગણત્રી કરી હતી. ઉપલી ત્રણે ચીજોનો મક્તો ઠરાવવામાં આવ્યાથી સરકારે પરવાનગી આપેલા માણસો સિવાય બીજા કોઈથી તે પકાવી તેમ વેચી શકાતી નહીં; તૈયાર થયલો માલ વેપારી ભાવે એકદમ વેચાતો લેવો, અને તે નક્કી કરેલે ઠેકાણે અમુક દરે લોકોને વેચવો એવો નિર્બંધ હતો. આ કામ માટે સઘળા ખાનગી વેપારીઓની એક સામાઇક મંડળી કલાઇવે બનાવી, અને તેને 'કમિટી ઑફ ટ્રેડ' એવું નામ આપ્યું. ઈજારાને લીધે

મીઠું અતિશય મોઘું થવાથી રૈયત ઉપર વિના કારણે ભારે કર પડયો. સામાન્ય રીતે સઘળી સાધારણ ખપની વસ્તુઓ ઉપર ભારે કર મુકાવાથી અર્થશાસ્ત્રીની દ્રષ્ટીએ જોતાં આ દેશને મોટો અન્યાય થયો હતો. આ સંસ્થામાં ભાગ ધરાવનારા ગ્રહસ્થો કંઈ પણ નહીં કરતાં આનંદમાં ઘેર બેઠાં દરવર્ષે સોએ સો ટકા નફો મેળવે એ આ દેશની પ્રજાના સબંધમાં કઇ દ્રષ્ટીએ ન્યાયી ગણાય. બત્રીસ લાખનો ઉભો કરેલો ભંડોળ તે સમયના ધનાઢય લોકોએ જમા કરેલી સંપત્તિના પ્રમાણમાં છેકજ નજીવો હતો, અને કોઈ પણ તવંગર પોતાના હાથના મેલ તરીકે એટલી રકમ કહાડી નાખતાં અચકાય એમ નહોતું. કલાઇવે નીમેલી ઉપરની મંડળીમા વેપારના કામ ઉપર તપાસ રાખવાની કંઈ પણ ગોઠવણ નહોતી. મીરકાસમના વખતમાં જકાત માફીના પરવાનાથી રૈયત ઉપર થયલો ભયકર જુલમ અટકાવવાના હેતુથી કલાઇવે જે વ્યવસ્થા કરી હતી તેથી સ્થિતિ સુધરી કે બગડી તે હવે પછીની હકીકતથી પુરવાર થશે. એ મુશ્કેલીમાં હતો એ ખરૂં, પણ તેણે એક પત્રમાં જણાવ્યું હતું કે, બહાર ભુમાટો કર્યા વિના કંપનીના નોકરોને ફાયદો કરવોજ હોય તો મીઠાના વેપાર ઉપર પ્રતિબંધ મુકવા સિવાય બીજો ઉપાય નથી. આથી નિર્વિવાદ એટલું તો ઠરે છે કે જાહેરમાં ભુમાટો નહીં થાય એવી રીતે પોતાનું કામ સાધવાની તેની ઇચ્છા હતી. તેણે ઉક્ત ગોઠવણ નવાબની મારફતે અમલમાં મુકી. 'અમે અમારી હદમાં પાકતું સઘળું મીઠું નવી નીમાયલી કમિટીને વેચીશું બીજા કોઇને વેચીશું નહીં' એવા પ્રકારનો કરાર લખી આપવા માટે તેણે નવાબ મારફત પ્રાંતમાં હુકમ મોકલી સઘળા જમીનદારોને કલકત્તે બોલાવી મંગાવ્યા. જે નવાબને કલાઇવે ઉઠાડી મુકયો હતો તેનેજ વખત આવે તે પોતાના ઉપયોગમાં કેવી રીતે લેતો તે આ ઉપરથી જાહેર થાય છે. લોકો પાસે લખાવી લીધેલા અનેક કરારો બોલ્ટસે પોતાના પુસ્તકમાં આપ્યા છે. મીરકાસમના વખતમાં ખાનગી વેપારને નિમિત્તે અગ્રેજ વેપારીઓના ગુમાસ્તા ગામેગામ ફરી લોકો ઉપર જે જુલમ કરતા હતા તે અટકાવવાને ઉપાડેલી યોજના તદ્દનજ નિષ્ફળ ગઈ. ગામડામાં ફરતા દલાલોએ મરજી માફક વર્તવા માંડયું, અને

ક્લાઇવે અગાઉના અનિયમિતપણાને ઉત્તેજન આપ્યું હોય તેમ જણાવવા લાગ્યું. વળી ટુંકા ભંડોળ ઉપર જે અનહદ ફાયદો ભાગીદારો મેળવતા તે ઉપરથી પ્રજા તરફની વર્તણુક વિશે આપણને અનુમાન કરવાને કારણ મળે છે. નફામાં ક્લાઇવ એકલાનો હિસ્સો બે લાખ રૂપીઆનો હતો. ટુંકમાં એક જાતનો વેપાર બધ કરી એણે બીજી જાતનો વેપાર શરૂ કર્યો, અને જે બાબત અન્ય લોકોને તે દોષ દેતો હતો તેનોજ તે ભોગ થઈ પડ્યો. કોર્ટ ઑફ ડાયરેક્ટર્સને આ યોજના પસંદ પડી નહીં, અને તેમણે સને ૧૭૬૬ ના ફેબ્રુઆરીમાં એ વ્યવસ્થા એકદમ બંધ કરવા હિંદુસ્તાનમાંના અધિકારીઓને તાકીદ કરી, અને એ પ્રમાણે અમલ કરવાની લોકોને ખબર આપી, કોર્ટના હુકમનો ફારસીમાં તરજુમો કરાવી નવાબને મોકલવા જણાવ્યું. 'તમે રાજ્યકારભારની ગમે તેવી વ્યવસ્થા કરી હોય, અથવા ગમે તેવી અડચણો ઉદ્ભવી હોય તોપણ તમે ઠરાવેલો મીઠું, તંબાકુ અને સોપારીનો ઇજારો અમે કબૂલ કરતા નથી'* આવી મનાઈ વારંવાર ઈંગ્લંડથી આવતી, પણ જવાબમાં ક્લાઇવ અનેક કારણો દર્શાવી હુકમ ઉઠાવવા તજવીજ કરતો. આ નવી વ્યવસ્થાથી લોકોની આબાદી વધવાનું તેણે ડાયરેક્ટર્સને આ સમયે જણાવ્યું હતું. 'મારા ઉપર આપનો ભરોસો હશે તોજ સૂચવેલી વ્યવસ્થા આપે મંજુર કરવી. એ વ્યવસ્થા અગાઉથીજ અમલમાં આવેલી હોવાથી તે એકદમ બંધ કરવામાં અનેક અડચણો નડશે. એમ છતાં આપ જે હુકમ ફરમાવશો તે અમો માન્ય કરીશું.' આવાં કારણો જણાવી ક્લાઇવ પોતાના વરિષ્ઠોના હુકમનો અનાદર કેવી રીતે કરતો તે સહજ જણાશે. બીજે વર્ષે આ વેપારમાં રોકાયલા ૨૪ લાખ ઉપર ૧૯ લાખ નફો થયો, અને તેમાં ક્લાઇવનો હિસ્સો દોઢ લાખનો થયો હતો.

વેપારની આ નવીન પદ્ધતિથી અનેક ભાંજગડો તથા ટંટા ઉપસ્થિત થયા. કોઈ પણ જણસનો ઇજારો ઠરવાથી તેમાં જુઠાણાને ઉત્તેજન મળતું. લોકોએ ચોરી કરી મીઠું વેચવા વગેરેના અનેક જાતના ગુન્હા દરરોજ થવા લાગ્યા, એટલે તેના નિકાલ માટે એક નવી ન્યાયાધીશી સ્થપાઈ. આ

* Bolts.

સંસ્થાની રૂબરૂ દરેક તરેહની ત્રાસદાયક ફરીઆદો અને મુશ્કેલ સવાલો આવતા. આ ગોઠવણ કરતી વેળા કલાઇવે ઇંગ્લંડ લખી જણાવ્યું હતું કે 'મોગલોના અમલમાં મીઠું, તંબાકુ વગેરે જણસોના મકતા આપવાનો ધારો પડેલો હોવાથી આપણે કંઈ નવી વ્યવસ્થા ઉત્પન્ન કરી નથી, પણ ચાલતી આવેલી પદ્ધતિસર કામ કરીએ છીએ, અને લોકો ઉપર કંઈ જુલમ કરતા નથી.' આ વેપારમાં સને ૧૭૬૬ અને ૧૭૬૭ ના બે વર્ષમાં માત્ર સાઠ અંગ્રેજ ભાગીદારોના ફાયદા માટે નવાબની સત્તા હેઠળની રૈયતને ભરવા પડતા કરમાં સત્તર લાખ રૂપીઆનો બોજો વધ્યો હતો, એવો હિસાબ પૂર્ણ તપાસ પછી મી. બોલ્ટસે પોતાના પુસ્તકમાં પ્રસિદ્ધ કર્યો છે. આ ત્રણ વસ્તુના ઇજારાને લીધે બંગાળા પ્રાંત જે લાચાર અવસ્થામાં આવી પડયો તે દશા મીરકાસમના સમયમાં પણ તેને ખમવી પડી નહોતી, એવું સિલેકટ કમિટીની તપાસ ઉપરથી પુરવાર થયું છે. મી. બોલ્ટસના કહેવા મુજબ આ વેપાર બંધ કરવાનો ઇંગ્લંડથી સખતાઇનો જે હુકમ આવ્યો હતો તે નહીં ગણકારતાં, તે ચાલુ રાખવાનો અને વરિષ્ઠો સાથેની તકરારમાં ગમે તે નુકસાન ખમવું પડે તે સઘળાઓએ વ્હેંચી લેવાનો ગુપ્ત ઠરાવ કલાઇવે કર્યો હતો.

**નોકરોનું લાંચીઆપણું અટકાવવાનો પ્રયત્ન.**—ઉપર પ્રમાણે ખાનગી વેપારની વ્યવસ્થા કર્યા પછી કલકત્તા કૌન્સિલની સુધારણાની બાબત કલાઇવે સિલેકટ કમિટી રૂબરૂ રજુ કરી. કૌન્સિલમાં તે વખતે એક અધ્યક્ષ અને સોળ સભાસદ હતા. આ સભાસદોને જુદા જુદા પ્રાંતની એજન્સીનું કામ કરવું પડતું હોવાથી કલકત્તામાં તેમાંના ફક્ત સાત આઠ માણસો હાજર રહેતા. કોઇ એજન્ટ પોતાના વહિવટમાં ગમે તેવું ભળતું કામ કરી કૌન્સિલ પાસે તે મંજુર કરાવી લેતો તો તેને ખાનગી વેપાર ચલાવવાની અને પૈસા ખાવાની જોઇએ તેવી સવળતા હતી. આથી એજન્ટનાં કૃત્ય ઉપર કૌન્સિલની જેવી દેખરેખ જોઇએ તેવી રહેતી નહીં. કલાઇવે આ ગોઠવણમાં ફેરફાર કરી એજન્ટોને કૌન્સિલમાં બેસતા બંધ કર્યા. કૌન્સિલના બાર સભાસદ ઠરાવી તેમણે બીજું કંઈ પણ કામ કરવું નહીં,

ફક્ત સેનાપતિએ પોતાનુ લશ્કરી કામ સભાળવુ એવુ નક્કી થયુ. આ ગોઠવણથી ક્લાઇવ વિરૂદ્ધ ભારે દુશ્મનાવટ ઉત્પન્ન થઈ. તેના શત્રુઓએ તેની સામા કેવા કાવા દાવા રચ્યા તે પ્રસગોપાત કહેવામાં આવશે.

આ કર્યા પછી કપનીના કારભારમાં જે અનિયમિતપણુ તથા લાંચીઆપણું વધી ગયા હતાં તેની તપાસ કરી ચાલતી ગેરરીતી અટકાવવાની ક્લાઇવે શરૂઆત કરી. લાંચીઆપણુ એટલુ વધી ગયુ હતુ કે નોકરો નાના તરેહનો જુલમ કરી લોકો પાસેથી પૈસા કઢાવવા અચકાતા નહી. ઉદાહરણ તરીકે, બરદ્વાન પરગણું અગ્રેજોને મળ્યુ હતુ. ત્યાંના રાજાના દરબારમાં સલાહકાર કૌન્સિલ સહિત એક અગ્રેજ વકીલ રહેતો. આ સભાસદોને કંપની તરફથી પગાર મળતો તે ઉપરાંત બરદ્વાનના રાજા પાસેથી તેઓ દર સાલ બક્ષિસ તરીકે એંશી હજાર રૂપીઆ કઢાવતા. પ્રાંતનુ વસુલ રાજા ઉઘરાવતો તેમાંથી ઠરાવેલી રકમ કંપનીને આપી બાકીનું પોતાના ગુજરાન માટે રાખતો. તેમાં કારભારી મડળનો ભાગ હતો. મિદનાપૂર, ચીતાગૅાગ વગેરે અન્ય પ્રાંતોની સ્થિતિ પણ આવીજ હતી. આ બાબત ડાયરેક્ટરો તરફથી સખતીના ઉપાયો લેવા વારંવાર હુકમ આવતા હતા. આ નાલેશી અટકાવવા માટે કેવા ઇલાજો લેવા તેનો વિચાર કરવા માટે નવાબ નજમ-ઉદ-દોલાના દીવાન મહમદ રીઝાખાન, ક્લાઇવના જુના મિત્ર રાજા દુર્લભરાય, અને જગતશેઠ એ સર્વને ક્લાઇવે મુર્શિદાબાદથી કલકત્તે બોલાવ્યા. અહી મસલત ચાલતાં એવો નિંદ્ય પ્રકાર ક્લાઇવને કાને આવ્યો કે તેણે તરતજ કલકત્તા કૌન્સિલના બે ચાર સભાસદોને નોકરી ઉપરથી દૂર કર્યા, અને બીજા કેટલાકને કમી કરી તેમની જગ્યાએ મદ્રાસથી માણસો બોલાવ્યાં. આથી ક્લાઇવ વિરૂદ્ધ ભયકર ગુમાટો ઉઠ્યો. તેના સઘળા શત્રુઓએ એકત્ર થઇ પોતાનું એક મડળ સ્થાપ્યુ, અને તેની તેમજ તેના પક્ષના કોઈ પણ માણસ સાથે કંઈ પણ પ્રકારનો સબંધ નહીં રાખવાનો ઠરાવ કર્યો. નવાબ નજમ-ઉદ-દૌલા તદ્દન નાલાયક હોવાથી ક્લાઇવના વિચાર પ્રમાણે ગોઠવણ કરવામા ભારે મુશ્કેલી નડી. તેના દીવાન મહમદ રીઝાખાન માટે પણ ક્લાઇવનો અભિપ્રાય સારો નહોતો. નવાબ

પાસે નંદકુમાર કરીને એક બીજો ગ્રહસ્થ હતો. ક્લાઇવે ચંદ્રનગરનો કબજો લીધો તે વેળા સુરાજ-ઉદ્-દૌલા એ ફ્રેન્ચ લોકોની મદદે હુગલી તરફ જે ફોજ મોકલી હતી તેનો એ નંદકુમાર વડો હતો. મીરજાફર બીજી વાર બંગાળાનો નવાબ થયો ત્યારે તેનો વહિવટ એજ નંદકુમાર ચલાવતો હતો. મીરજાફરના મરણ પછી નવાબના કારભારમાં નંદકુમાર અને મહમદ રીઝાખાન મુખ્ય હતા. રીઝાખાન કરતાં નંદકુમાર કારભાર ચલાવવા વધારે યોગ્ય છે એવો કારનકનો મત હતો. ક્લાઇવે તેની સૂચના નામંજુર કરી રીઝાખાનને રાજ્યની લગામ સોંપી રાજા દુર્લભરાય અને જગતસિંહને તેની મદદમાં આપ્યા એમ છતાં નોકરોની લાંચ તથા બક્ષિસ સબંધ ક્લાઇવનો પ્રયત્ન ઘણો ફતેહમંદ નીવડયો નહીં. ઇંગ્લંડથી તેની સાથે આવેલા સિલેક્ટ કમિટીના સભાસદો સુદ્ધાં તેની વિરૂદ્ધ ખટપટ કરવા લાગ્યા. ખાનગી વેપાર અટકાવી નોકરોના પગાર વધારવાની સૂચના રદ થવાથી તે બીજી કાયમની કંઈ પણ વ્યવસ્થા કરી શકયો નહીં. અંગ્રેજોને કપાળે ચોટેલી કાળી ટીલી ધોઈ નાંખવા તેણે પ્રચંડ પ્રયત્ન ઉપાડ્યા, પણ તે સહેલાઇથી ફળીભૂત થનાર નહોતા. તેની સામા ઉઠેલા અસંખ્ય દુશ્મનોએ ઇંગ્લંડમાં એટલું ઘુમરાણું કરી મુકયું કે ડાયરેકટરોએ સુદ્ધાં તેના વિચારોને અનુમોદન આપ્યું નહીં. અત્યાર લગી ક્લાઇવે અનેક સાહસિક યોજનાઓ સહજમાં પાર પાડી હતી, પણ બંગાળાના નોકરોની નીતિ સુધારવા સરખું બીજું મુશ્કેલ કામ તેને માથે પડયું નહોતું. તેના પ્રયત્નનું સંતોષકારક પરિણામ આવ્યું નહીં તોપણ ઇંગ્લંડ પાછા ફર્યા બાદ વૈરભાવથી તે પાર પાડવા તેણે ભારે ખટપટ ઉપાડી હતી.

મીઠાં વગેરેનો જે નવો મકતો ક્લાઇવે ઠરાવ્યો હતો તે ફક્ત બે વર્ષ ચાલ્યો. ઇંગ્લંડથી આવેલા સખત હુકમ અન્વય તે રદ કરવામાં આવ્યો ત્યારે તેને બદલે બંગાળ પ્રાંતની કુલ વસુલાતમાંથી સેંકડે અઢી ટકા પ્રમાણે જે રકમ થાય તે નોકરોમાં વહેંચી આપવાનો ઠરાવ થયો. આનું પરિણામ ક્લાઇવે ભવિષ્ય ભાખ્યું હતું તેમજ આવ્યું. લોકોએ ખાનગી વેપાર છોડયો નહીં, અને કંપનીને અઢી ટકાનું નુકસાન થયું. આ કારણોને લીધે પાંચ વર્ષમાં કંપનીને એકંદર દોઢ કરોડ રૂપીઆની ખોટ ગઈ.

**૩. ક્લાઇવનું ઇંગ્લંડ પાછા ફરવું, તેની હેરાનગતી અને તેનું મરણ. ( સને ૧૭૬૭ )**—ઉપર વર્ણવેલાં કામો સિવાય ક્લાઇવે બીજી અસંખ્ય બાબતોમાં માથું મારી અંગ્રેજી રાજનીતિ સુધારવા માટે મહેનત કરી. નવી મળેલી રાજસત્તાને લીધે ઉદ્ભવેલા નવીન પ્રશ્નોનો તેણે સંતોષકારક ખુલાસો કર્યો, લશ્કરમાં દેશી પલટણો ઉભી કરી, દેશી પોલીસની સ્થાપના કરી, અને લશ્કરમાં બળવો ફાટી ઉઠે નહીં તે અર્થે ઘણા સખત નિયમો ઘડ્યા. કામના આવા અસહ્ય બોજા હેઠળ તેને બીલકુલ વિશ્રાંતિ નહીં મળવાથી સને ૧૭૬૫ માં ઉપરી અધિકારીઓને પોતાની પ્રકૃતિ સારી ન ચાલતી હોવાને સબબે કામ ઉપરથી છોડવવા તેણે વિનંતિ કરી. આ પત્રનો માર્ચ ૧૭૬૬ નો જવાબ ક્લાઇવને છેક ડીસેમ્બરમાં મળ્યો, તેમાં ડાયરેકટરોએ તેના કામ બાબત ભારે સ્તુતિ કરી હતી, અને જણાવ્યું હતું કે ‘ તમે દરેક બાબતમાં કંપનીના ખરા હિત માટે એટલી દક્ષતા દાખવી છે, હરેક ભાંજગડનો નિકાલ એટલી ઝડપથી કર્યો છે, અને જ્યાં ત્યાં શાંતિ અને વ્યવસ્થા એટલી ત્વરાથી કર્યા છે કે તે માટે તમારી જેટલી સ્તુતિ કરીએ તેટલી ઓછી. ગમે તેમ કરી બીજું એક વર્ષ હિંદુસ્તાનમાં રહી હાથ ધરેલાં કામો આટોપી નાખશો તો અમારા ઉપર મોટો ઉપકાર થશે.’ આ પત્રની પ્રત્યેક લીટીમાં એટલો વિનય અને આજીજી દર્શાવવામાં આવ્યાં છે કે કોઈ પણ ક્લાઇવને માટે ધન્યવાદના ઉદ્ગારો કહાડ્યા વિના રહેશે નહીં. આ પત્ર ક્લાઇવને મળ્યો ત્યારે ઉપાડેલાં ઘણાંખરાં કામો પુરાં થઈ ગયાં હતાં, અને તે વેળાની પરિસ્થિતિ જોતાં વધારે કરવાનું તેને માટે શક્ય નહોતું. આ વેળાના કારભારમાં જેવી રીતે તેણે કેટલાકોની દુશ્મનાવટ વ્હોરી લીધી હતી, તેમ તેણે ઘણાકોના ગુણની પરીક્ષા કરી તેમને આગળ આણ્યા હતા, અને તેથી હવે પછીના કારભારને પુષ્ટી મળી હતી. હિંદુસ્તાન છોડી જવા પહેલાં તેણે લખેલા છેવટના લેખમાં ભવિષ્યનાં રાજ્યકારભારનું ધોરણ નક્કી કર્યું હતું, અને તેમાં આગ્રહથી જણાવ્યું હતું કે ‘ માત્ર હુકમ કરી બેસી રહેવાથી કંઈ કામ થશે નહીં, પણ તે દક્ષતાથી અમલમાં મુકાવવો જોઇએ.’ વળી તેણે તાકીદ કરી હતી કે

દીલ્હીના નામનો બાદશાહ તથા તેવોજ બંગાળાનો નવાબ અંગ્રેજોને ઘણા ઉપયોગી થઈ પડવાનો સંભવ હોવાથી તેમનો નાશ કરવો નહી. એ લેખમાં મરાઠાઓ સાથે સલુકાઈ ભરેલા કોલ કરવાની, નાગપુરના રાજાને દરસાલ ચોથાઈ હકની ખંડણી ભરવા છતાં કાબુ હેઠળ રાખવાની, તેણે ઈચ્છા જાહેર કરી હતી. અહીં આવ્યા બાદ જે સિલેક્ટ કમિટી તેણે નીમી હતી તેજ તેણે કાયમ રાખી, અને તેમાં કેટલાક સલ પુરૂષોને દાખલ કર્યાં. તા. ૨૯, જાનેવારી, ૧૭૬૭ ને દીને ક્લાઈવ 'બ્રિટાનિયા' વહાણ ઉપર સ્વાર થઈ સ્વદેશ પાછો ફર્યો, અને તેની જગ્યાએ ગવર્નર તરીકે વર્લેસ્ટ (Verelst) ની નિમણુંક થઈ.

ક્લાઈવ રસ્તામાં હતો તે સમયે ઈગ્લંડમાં કેવા બનાવો બન્યા તે તરફ આપણે લક્ષ ફેરવીએ. એ હિંદુસ્તાનમાં હતો ત્યારે તેનો દોસ્ત મી. રૂસ ડાયરેક્ટરોનો અધ્યક્ષ હોવાથી તેની વિરૂદ્ધ કંઈ પણ ખટપટ ચાલી શકી નહીં. તેના કારભારની જે વાખાવાખી વારંવાર ઈગ્લંડમાં થતી તેણે કરી કંપનીના ભાગીદારોએ અતિશય દ્રવ્યલાભની આશા બાંધી હતી. પરંતુ પૂર્વની અંધાધુંધીને કારણે તેમજ નવા વધેલા ખર્ચને લીધે એવો ફાયદો એકદમ થવો મુસ્કેલ હતો; ક્લાઈવની વ્યવસ્થાનું પ્રસક્ષ પરિણામ નીપજતાં ઘણો કાળ લાગવાનો હતો. વળી બંગાળાની વ્યવસ્થા અમલમાં આવતાં મદ્રાસ તરફ મુસ્કેલીઓ ઉભી થઈ હતી. નવાબ મહમદઅલ્લીને મોટી રકમ વ્યાજે આપવાથી, નવી કિલ્લેબંધી કરવાથી, અને ફ્રેન્ચ કેદીઓનો નિર્વાહ કરવાથી મદ્રાસની તીજોરી ખાલી થઈ ગઈ હતી. સને ૧૭૬૨–૬૩ માં ફિલિપાઈન બેટમાંનું મનીલા શહેર કબજે કરવાનું કામ કંપની તરફથી મદ્રાસના અધિકારીઓને સોંપવામાં આવેલું હોવાથી તે તરફ પણ ખર્ચ પુષ્કળ વધી ગયો હતો. જીતેલું શહેર સ્પેનને પાછું આપી દેવાની મને ફરજ પડી હતી. મદ્રાસના ખર્ચ માટે કલકત્તાથી નાણું મંગાવવું પડતું, છતાં ઈગ્લંડમાં કંપનીએ સને ૧૭૬૬ માં પોતાના ભંડોળ ઉપરનો નફાનો દર, જે પેહેલાં ૬ ટકા હતો, તે વધારી ૧૦ કર્યો હતો, અને બીજે વર્ષે ૧૨॥ ટકા કર્યો હતો. આ સઘળું મુખ્ય પ્રધાન, ડ્યુક ઑફ ગ્રૅફ્ટન, સહન

ન કરી શકવાથી, કોઈ પણ વખતે નફો ૧૦ ટકાથી વધુ નહીં આપવાનું, અને હિંદુસ્તાનમાં રાજ્ય પ્રાપ્ત કરવા માટે દરસાલ ૫૦ લાખ રૂપીઆ સરકારમાં ભરવાનું કંપની પાસે નક્કી કરાવ્યું. આ ગોઠવણથી કંપનીના ભાગીદારો નારાજ થયા, અને તેમાં ક્લાઇવના શત્રુઓએ તેલ રેડ્યું. હિંદુસ્તાનમાં રહી ધનાઢ્ય થયલા પણ ક્લાઇવે નોકરીમાંથી બરતરફ કરેલા, પુષ્કળ પુરૂષોએ ઇંગ્લંડ જઈ કંપનીના શેર વેચાતા લઈ તેની વિરૂદ્ધ ઘણા મતો મેળવ્યા.

તા. ૧૪ મી જુલાઈ સને ૧૭૬૭ ને દીને ક્લાઇવ ઇંગ્લંડ પહોંચ્યો. શરૂઆતમાં તેનો સારો સત્કાર થયો, રાજારાણીએ સન્માનથી તેની મુલાકાત સ્વીકારી, કોર્ટ ઓફ ડાયરેક્ટરોએ ખાસ સભા ભરી તેને અભિવંદન આપ્યું, અને પ્રોપાયટર્સની સામાન્ય સભાએ તેની જાગીર અગાઉ ઠરેલી મુદત કરતાં બીજાં દસ વર્ષ વધારે તેની પાસે રહે એવી મતલબનો સર્વાનુમતે ઠરાવ કર્યો. આ જાગીરની વાત આગળ આણી, પાંચ કરોડ ઉત્પન્નનું નવું રાજ્ય તેણે મેળવ્યું હતું તેનો ઉલ્લેખ સભામાં કોઇએ નહીં કરવાથી ક્લાઇવના મગરૂર સ્વભાવને ભારે ઝટકો લાગ્યો. પોતે કરેલાં મહાન પરાક્રમની યોગ્યતા વિરૂદ્ધ પક્ષ ન સમજી શકવાથી આ પ્રમાણે તેણે કર્યું હશે એમ તેને લાગ્યું. છતાં ખટપટ નહી કરતાં તે સ્વસ્થ બેઠો હોત તો તેને માટે સારૂં હતું, પણ તેમ બેસવાથી તેને ચેન પડવાનું નહોતું. ધીમે ધીમે લોકોને તેના દોષ દેખાવા લાગ્યા. ખુદ તેનું કામ ન હોય છતાં બીજાઓએ કરેલાં દુષ્કૃત્યો લોકો તેને માથે ઢોળવા લાગ્યા. મેકૉલેના જણાવ્યા મુજબ, 'ક્લાઇવ સર્વ દુર્ગુણનું કેવળ પુતળું હોય એમ લોકો સમજવા લાગ્યા. એ સેતાનનો પ્રત્યક્ષ અવતાર હોય એવા ઉદ્ગારો અનેક પુરૂષોને મ્હોડેથી નીકળેલા અમે સાંભળ્યા છે. જૉન્સન ક્લાઇવને માટે એવીજ ભાષા વાપરે છે. સરે પરગણામાં ક્લાઇવે બાંધેલા મકાનની ભીંત ઘણીજ જાડી હોવાથી ત્યાંના ખેડુતો સુદ્ધાં એમ કહેતા કે કોઇ ભૂત આવી પોતાને અચાનક ઉંચકી જાય એ બ્હીકે તેણે ભૂતને અંદર આવતું 'અટકાવવા માટે દીવાલ જાડી રાખી છે'.

સને ૧૭૫૮ ના જાનેવારીમાં કુટુંબ સહિત ક્લાઇવ હવાફેર કરવા ફ્રાન્સ ગયો. થોડા વખતમાં તબીએત સુધારી, ઈંગ્લંડના રાજ્યકારભારમાં દાખલ થઇ હિંદુસ્તાનની નોકરી બજાવવા માટે પાછા આવવાની તેને મોટી ઉમેદ હતી. એના વિના એ દેશનો કારભાર બરાબર ચાલવાનો નથી એમ તે સમજતો હતો. 'હિંદુસ્તાનના વહિવટ માટે રાજાએ મારી સલાહ પુછી છે, ડાયરેક્ટરોનું મારા સિવાય ક્ષણભર ચાલવાનું નથી' એવા ઉદ્‌ગારો તેના પત્રમાંથી મળી આવે છે. હવે પછીનાં કામની ચિંતા કરવા કરતાં તબીએત સુધારવામાં મંડયા રહેવાનું તેને માટે હાલને પ્રસંગે વધારે યોગ્ય હતું, છતાં આઠ મહિના બહાર રહી તે ઈંગ્લંડ પાછો ફર્યો. એટલામાં પાર્લામેન્ટની નવી ચુંટણી થતાં, તે અને તેના સગા સ્નેહીઓ મળી ૭ જણા હાઉસ ઑફ કૉમન્સના સભાસદ ચુટાયા. એજ અરસામાં તેના શત્રુઓએ તેની પુઠ પકડી; સર રૉબર્ટ ફ્લેચરે એની વિરૂદ્ધ એક ચોપડી પ્રસિદ્ધ કરી. સને ૧૭૭૦ માં ક્લાઇવનો પક્ષપાતી મુખ્ય પ્રધાન જ્યોર્જ ગ્રેન્વિલ મરણ પામ્યો. લૉર્ડ નૉર્થ પ્રધાન પદ ઉપર આવ્યો ત્યારે ક્લાઇવ તથા તેના સોબતીઓ કોઈ પક્ષમાં દાખલ નહીં થવાથી તેમની કોઈએ ગણના કરી નહીં. આવી રીતે અપમાન થવાથી ક્લાઇવનું મગજ ફરવા લાગ્યું. જે મનુષ્યએ મોટો અધિકાર ભોગવ્યો હોય તે, તે અધિકાર જવા પછી, લોકો સાથે કર જોડીને વર્તવા તૈયાર થતો નથી. 'કરવો તો હુકમ, નહીં તો કાંઇ નહીં', એવી તેના મગજની સ્થિતિ હતી. આપણું કહેલું સરકારે નહીં સાંભળવાથી હિંદુસ્તાનનું રાજ્ય ખચિત હાથમાંથી જતું રહેશે એમ તેને લાગતું હોવાથી, અને આટલા દિવસની ઉઠાવેલી ખટપટ તે નિષ્ફળ ગયલી માનતો હોવાથી એના જેવા હઠીલા પુરૂષને કેવી રીતે ચેન પડે? એવામાં હિંદુસ્તાનમાંથી નિરાશી ભરેલી હકીકત આવવા માંડી. હૈદરઅલીએ મદ્રાસ ઉપર સ્વારી કરી સાંના અગ્રેજોને ત્રાહે ત્રાહે પોકરાવી પછી છોડયા, એટલે ક્લાઇવની સામા પડેલા પક્ષને જોર આવ્યું. તેને કોઇએ કોઇ બાબતમાં પુછયું નહીં. સને ૧૭૭૨ માં પાર્લામેન્ટની બેઠક શરૂ થવાની હતી તેવે ટાંકણે કોર્ટ ઑફ ડાયરેક્ટર્સ તરફથી ક્લાઇવને એક પત્ર મળ્યો, જેમાં તેના ઉપર એવો આરોપ મુકવામાં

આવ્યો હતો કે હિંદુસ્તાનથી મળેલી ખબરો ઉપરથી કંપનીના કારભારમાં ભારે અવ્યવસ્થા થવાનુ કારણ તે પોતેજ હતો, અને એ બાબતમાં તેનો શો જવાબ હતો તે તાબડતોબ લખી મોકલવા તેને જણાવવામાં આવ્યું હતું. આધાર તથા પુરાવાના સઘળા કાગળો એ પત્ર સાથે આવેલા હોવાથી કેવા પ્રકારનું વાદળ તેના માથા ઉપર ભમતું હતું તેની તેને સહજ કલ્પના આવી. કલાઇવે એક ટુંકો પણ સખત જવાબ મોકલ્યો, અને તેમાં ખાસ મુદ્દો એ ઉભો કર્યો કે 'મારાં અપકૃત્યો બહાર આવતાં સાડાચાર વર્ષ કેમ લાગ્યાં ?'

તા. ૨૨ મી જાનેવારી ૧૭૭૨ ને દીને પાર્લામેન્ટની બેઠક શરૂ થઈ તે વેળા રાજાના ભાષણમાં હિંદુસ્તાનના કારભાર માટે નવો કાયદો ઘડવાનો ઉલ્લેખ હતો. કલાઇવને લાગ્યું કે હવે તેના કહેવા પ્રમાણે સઘળું કામ થશે. તેનો શત્રુ સલિવાન ડાયરેક્ટરોની સભાનો ઉપાધ્યક્ષ હોવા ઉપરાંત પાર્લામેન્ટનો સભાસદ હતો, એણે તા. ૩૦ મી માર્ચે આ દેશના રાજ્ય કારભાર સંબંધી કાયદાનો મુસદ્દો રજુ કર્યો. તેમાં દાખલ કરેલા સુધારા ઘણા ઉપયોગી હતા, અને કેટલાક કલાઇવેજ સૂચવેલા હતા. પરંતુ સલિવાને તે વેળા કરેલા ભાષણમાં તેની પ્રસંશારૂપે કંઈ કહેવામાં આવ્યું નહીં પણ ઉલટું તેની નિંદાથીજ તે ભરવામાં આવ્યું હતું. નોકરોને શિક્ષા કરવાનો અધિકાર ડાયરેક્ટરોને ન હોવાને લીધેજ આવી અવ્યવસ્થા થાય છે, એવો સલિવાનના ભાષણનો મુખ્ય આશય હતો. કલાઇવે તેનો જવાબ વાળી પોતાનાં સઘળાં કૃત્યોનું એવું ઉત્તમ સમર્થન કર્યું કે સઘળા સભાસદોનાં મન ઉપર તેને માટે અતિ ઉત્તમ છાપ પડી. એટલું કરીને જો તે સ્વસ્થ બેઠો હોત તો તેનું કામ સરતે પ્રત્યક્ષ યુદ્ધમાં તે ગમે તેવો કુશળ હોય તોપણ વાગ્યુદ્ધના દાવપેચમાં તે પ્રવીણ ન હોવાથી શત્રુ સામા પોતાનો વિજય ડંકો વગાડવાની આ યોગ્ય તક આવી છે એમ સમજી, તેણે બીજું ભાષણ કરી કોર્ટ ઑફ ડાયરેક્ટર્સના એકંદર કારભારના વાવટા ઉડાવ્યા, અને ગુસ્સાના આવેશમાં પ્રતિપાદન કર્યું, કે આવી બીનઅનુભવી કંપનીના અને હિંદુસ્તાન વિષે તદ્દન અજ્ઞાન વેપારીઓના હાથમાં જ્યા સુધી આ વ્યવસ્થા છે, ત્યાં સુધી હિંદુસ્તાનનો વહિવટ કદી સુધરવાનો નથી. એ ભાષણમાં તેણે

ઇંગ્લંડની સરકારની પણ ઘણી સખત ઝાટકણી કરી તેણે જાહેર કર્યું કે, સરકારે યોગ્ય વખતે પોતાનું કર્તવ્ય કર્યું હોત, તો આજે આ વાદવિવાદમાં પાર્લામેન્ટનો વખત નકામો જતે નહીં. આ અપ્રયોજક તથા અનવશ્યક હલ્લાને લીધે કલાઇવે કંપનીના એકેએક સભાસદોનીજ નહીં પણ સરકારી પક્ષનાં માણસોની પણ દુસ્મનાવટ પોતા ઉપર વ્હોરી લીધી. વાત ગમે તેવી ખરી હોય તોપણ અધિકારથી સજ થયલા ગ્રહસ્થોને તે જણાવતી વખતે ઘણી ચાલાકી રાખવી પડે છે. કોઇને પણ પોતાની ભૂલ સાંભળવા ગમતું નથી.

એ દિવસથી કલાઇવની હેરાનગતી શરૂ થઇ. મેકૉલેની ઉત્તમ લેખણથી લખાયલો ગાળોથી ભરેલો લેખ કલાઇવનાં હવે પછીનાં વર્તન ઉપરથી સૂચવાયો હશે. સલિવાનનું બીલ પસાર કરવા પહેલાં પાર્લામેન્ટે હિંદુસ્તાનના વહિવટની તપાસ કરવા માટે એક કમિટી નીમી. જુદાં જુદાં માણસોએ અઢળક દોલત કવી રીતે પેદા કરી હતી તે બાબત આ કમિટીએ પ્રથમ તપાસ ચલાવી સને ૧૭૫૭ થી કલાઇવનાં સઘળાં કામોની તેણે તપાસ લીધી. સઘળાનો ડોળો એના ઉપર હોવાથી એ તપાસણી ઘણી સખત અને બારીકાઇથી ચાલી. પ્રત્યેક બાબતમાં તેનો કંઇ અંતસ્થ સ્વાર્થનો હેતુ હતો, એવું બતાવવાને તેના શત્રુઓએ પ્રયત્ન કર્યા. કમિટીના ઘણા ખરા સભ્યો કલાઇવના વિરોધી હોવાથી, તેના શત્રુઓજ ન્યાયાધીશ થયા હતા એમ કહેવામાં હરકત નથી. તેણે અત્યંત ધીરજથી તથા ગંભીરાઇથી દરેક કામમાં ઉત્તમ પ્રકારનો બચાવ કર્યો. આખરે કમિટીનો રીપોર્ટ છપાઇ પાર્લામેન્ટ આગળ તેમજ પ્રજા આગળ રજુ થતાં કલાઇવનાં અને બીજાઓનાં અપકૃત્યો જાહેરમાં આવ્યાં, અને તેની સાથેજ કોર્ટ ઑફ ડાયરેક્ટર્સ રાજ્ય કારભાર ચલાવવા અત્યંત નાલાયક છે એવી સઘળાની ખાતરી થઇ. કલાઇવ વિષે કંઇ નવી વાત પ્રસિદ્ધીમાં આવી નહીં. જે વાત તેણે જાતે અગાઉ લોકોને જણાવી હતી તેજ સઘળી બહાર આવતાં જાણકાર લોકોને તેને માટે સારો અભિપ્રાય થયો. રાજાએ સુદ્ધાં તેનો સત્કાર કરી તેને 'નાઇટ ઑફ ધી બાથ' નો ઇલ્કાબ આપ્યો. સને

૧૭૭૩ મા પાર્લામેન્ટની બેઠક ફરીથી શરૂ થતાં મુખ્ય પ્રધાન લૉર્ડ નૉર્થે હિંદુસ્તાનના કારભારની તપાસ કરવા માટે બીજી બે કમિટીઓ નીમી. આ સઘળી તજવીજને પરિણામે વધારે ને વધારે ઘોટાળા બહાર આવ્યા. આખરે પાર્લામેન્ટ આગળ એવો ઠરાવ મુકાયો કે, બંગાળ પ્રાંતમાંથી કંપનીએ તથા તેના નોકરોએ પુષ્કળ દોલત સરકારી લશ્કરનો ઉપયોગ કરી મેળવેલી હોવાથી તે સઘળી સરકારમાં જમે થવી જોઇએ. આ ઠરાવ કમિટીના અધ્યક્ષ કર્નલ બર્ગોઇને ( Col. Bargoyne ) રજુ કર્યો, અને તેની પુષ્ટીમાં કરેલાં ભાષણમાં ક્લાઇવનાં દરેક કૃત્ય ઉપર વિવેચન કર્યું. ક્લાઇવે તેનો ઘણો સખત જવાબ આપ્યો. છતાં તે ઠરાવ મંજુર થયો એ પછી બર્ગોઇને બીજો ઠરાવ રજુ કરી ક્લાઇવે જુદે જુદે વખતે મળી એકંદર વીસ લાખ રૂપીઆની લાંચ લઈ સરકાર વિરૂદ્ધ ગુન્હો કર્યો છે એવું તોહમત તેના ઉપર મુક્યુ. એનો પણ ક્લાઇવે ઘણી તિક્ષણ ભાષામાં જવાબ આપી પોતાના દુશ્મનોની દાણાદાણ કરી. પુષ્કળ વાદવિવાદ થવા બાદ બર્ગોઇનનો ઠરાવ રદ થયો, અને ક્લાઈવને હાથે ભૂલો થઇ હોય છતાં ‘ રૉબર્ટ લૉર્ડ ક્લાઇવે આપણા દેશની ભારે અને સ્તુત્ય સેવા બજાવી છે ’ એવો નવો ઠરાવ પાર્લામેન્ટે પસાર કર્યો. આ પ્રમાણે આ તિક્ષણ અને લાંબા કામ ચાલેલા વાગ્યુદ્ધનો અંત આવ્યો.

પણ આ યુદ્ધમાં ક્લાઇવને પોતાનો દેહ અર્પણ કરવો પડ્યો. તેની પ્રકૃતિ પહેલેથીજ બગડી હતી, તેમાં પાર્લામેન્ટમાં ચાલેલાં પ્રકરણે તેના મનના ઉદ્વેગમાં ઉમેરો કર્યો. અને તે નાસીપાસ તથા ઉદાસ થઈ ગયો. તબીએત અતિશય બગડતાં હવા ફેર માટે તે ફ્રાન્સ ગયો, પણ ત્યાં કંઈ ગુણ ન જણાવવાથી તે પાછો ફર્યો. જ્યાં ત્યાં તેની ફજેતી થયલી હોવાથી તેને ઘણું દુઃખ ઉપજ્યું, અને તેનું મન ક્ષણવાર પણ સ્વસ્થ રહ્યું નહીં. આવી સ્થિતિમાં તા. ૨૨ નવેમ્બર,સને ૧૭૭૪ ને રોજે તેણે આત્મહત્યા કરી.

ક્લાઈવનાં ચરિત્રની હમણા સુધી જે હકીકત આવી ગઈ છે તે ઉપરથી તેની એકંદર યોગ્યતા વિશે જેને તેને પોતાનું અનુમાન બાંધવાનું અનુકૂળ પડશે. તેની યોગ્યતા માટે સામસામા અભિપ્રાયો ઉચ્ચારાયેલા

છે. હિંદુસ્તાનમાં તેણે અંગ્રેજોનું રાજ્ય સ્થાપન કરેલું હોવાથી અંગ્રેજો તેને પુષ્કળ માન આપે તેમાં નવાઈ નથી; આ દેશના લોકોનાં રાજ્ય તેણે લઈ લીધાં તેથી અહીંના લોકો તેને તુચ્છકારી કહાડે તેમાં પણ કંઈ વિશેષ નથી. એક પક્ષ તેનાં ભારે વખાણ કરે અને વિરૂદ્ધ પક્ષ તેને દોષ દે, એ બન્ને વિચારો સ્વાભાવિક હોવા ઉપરાંત તેમાં કંઈક વિલક્ષણ વિકાર ભેળાયો હોય એમ દ્રષ્ટિગોચર થાય છે. આવા મનોવિકાર દૂર રાખી ઐતિહાસિક સત્ય શોધી કહાડવું જરૂરનું છે. એક જણે બીજાનું રાજ્ય લીધું તેમાં ખરૂં જોતાં કોઈની પ્રશંસા કરવા કે દોષ દેવા જેવું કંઈ નથી. જેને પોતાનું રાજ્ય રાખતાં આવડતું નથી તેની પાસેથી લેવાનું જેનામાં સામર્થ્ય હોય તે તે લેશે, એ એક પ્રકારનો જગતનો વ્યવહાર છે; જ્યાં સુધી તે સરળ માર્ગે ચાલ્યા કરે છે ત્યાં સુધી તેમાં આશ્ચર્ય થવાનું કારણ નથી. અંગ્રેજોએજ હિંદુસ્તાનનું રાજ્ય લીધું એવું નથી. તેમની અગાડી અનેક પ્રજાએ એ રાજ્ય જીતી લીધું છે. યુરોપમાં એક પ્રજાએ બીજી પ્રજાનું રાજ્ય લેવાના અનેક બનાવો બન્યા છે. પરંતુ જેવી રીતે યુદ્ધના કેટલાક નિયમો નીતિશાસ્ત્રને અનુસરી ઘડવામાં આવ્યા છે તેવા કંઈક નિયમો એકે બીજાનું રાજ્ય લેવા માટે ઠર્યા છે. એ નિયમો પાળી જે કોઈ પોતાનું કામ પાર ઉતારે છે તેના લોકો વખાણ કરે છે; જેઓ તેને બાજુએ મુકી વર્તે છે તેઓનો દોષ કહાડવામાં આવે છે. ખોટું બોલવું, ખોટા દસ્તાવેજ કરવા, વિશ્વાસઘાત કરી બીજાઓને ફસાવવા એ ઉપરના નિયમની વિરૂદ્ધ છે. આ ગેરરીતીનો કલાઇવે પ્રસંગોપાત થોડો ઘણો ઉપયોગ કરવાથી લોકો તેને દોષ દે છે; તેના જાતભાઈઓએજ તેને ઠપકો આપ્યો છે. એના વખતમાં ડુપ્લે હિંદુસ્તાનમાં ફ્રેન્ચ રાજ્ય સ્થાપન કરતો હતો, પરંતુ તેને વિષે અહીંના લોકોના મનમાં જે પૂજ્યભાવ હતો તેવો કલાઇવને માટે નહોતો. ડુપ્લેના શબ્દ ઉપર લોકોનો ઘણો ભરોસો હતો તેવો કલાઇવના બોલવા ઉપર નહોતો, અને એ કારણથીજ કલાઇવનો દોષ કહાડવામાં આવે છે. કલાઇવ અલૌકિક બુદ્ધિવાળો પુરૂષ હતો એમાં સંશય નહીં. આ બુદ્ધિના જોર ઉપર તેણે અનેક મહાન કૃત્યો સહજમાં પાર ઉતાર્યાં, પણ એમાં કપટનું

તત્ત્વ તેણે ઉમર્યું ન હોત તો તેની ગણના મહાન પુરૂષોની પંક્તીમાં અવશ્ય થતે. વિદ્યાનો સસ્કાર તેને થયલો ન હોવાથી તેને અશિક્ષિત અને જંગલી ગણી તેની હૈયાતીમાંજ તેની જાતના લોકો સુદ્ધાં ઘણું માન આપતા નહીં. જાતિ બાંધવો તેનો ભારે તિરસ્કાર કેમ કરે છે, અને ફ્રાન્સ દેશ જેટલા વિસ્તીર્ણ પ્રદેશનુ રાજ્ય સ્વદેશને મેળવી આપ્યું છતાં તેની કિમત અંકાતી નથી એ માટે પાર્લામેન્ટમાં તેમજ અન્ય ઠેકાણે ભાષણ કરતી વેળા ક્લાઇવે પોતાનું આશ્ચર્ય પ્રગટ કર્યું છે, પણ પોતાની ઉલટી બાજુ તેનાથી દેખાઇજ નહોતી. નીતિતત્વસંબંધી તે અત્યંત બેપરવાહ હોવાથી તેની નજર માત્ર પરિણામ ઉપરજ હતી. રાજ્ય મળ્યું, પછી તે કેવી રીતે મળ્યું એ વિચારવાનું શું પ્રયોજન, એમ તેને લાગતું. વાસ્તવિક રીતે હિંદુસ્તાનનું રાજ્ય અંગ્રેજોના હાથમાં જશે એ વાત ઠરી ચુકયા જેવી હતી. ફરક માત્ર પાંચ દસ વર્ષનો હતો. ક્લાઇવે નીતિતત્ત્વ બાજુએ મુકી ઉતાવળ ન કરી હોત તોપણ સરળ ઉપાયોથી હિંદુસ્તાનનું રાજ્ય આખરે અંગ્રેજોના કબજામાં જતે, અને ક્લાઇવની વિલક્ષણ વ્યવસ્થાથી પાછળથી જે ઘોટાળો ઉત્પન્ન થયો તે કદાચિત થાત નહીં.

ક્લાઇવને હમેશાં મોટા ફેરફારો કરવાની ભારે હોંસ હતી. સ્વસ્થ બેસી રહેવાથી તેને ચેન પડતું નહીં. તેની કંઈ પણ ગડબડાટ હર-નિશ ચાલુ રહેતી. અડચણ અગર સંકટ આવતાં તો મોટી યુક્તિથી તેમાંથી તે છટકી જતો. પોતે કરે તેજ ખરૂં, પોતાના વિચાર મુજબ સઘળાએ ચાલવું, એવી તેની આકાંક્ષા હોવાથી, એ આકાંક્ષાના જોર ઉપર મુશ્કેલ પ્રસંગે તેણે જય મેળવ્યો હતો. હિંદુસ્તાનનો કારભાર આટોપી ઈંગ્લંડ પાછા ગયા બાદ લોકો તેને દોષ દેવા લાગ્યા ત્યારે તેને જીંદગી દુઃસહ થઇ પડી. પાર્લામેન્ટના ન્યાયાસન આગળ તેણે પોતાની કીર્તિ જાળવવા કરેલો પ્રયત્ન નિષ્ફળ જવાથી, અને આત્મહત્યા કરી પોતાના દુઃખનો અંત આણવો પડયો. મેલીસન જણાવે છે કે ' મહાન વિજયી થવાની તેનામાં યોગ્યતા હતી, પણ તેની અનીતિભરેલી વર્તણુકને લીધે તે સઘળી ફોગટ ગઈ. ' એ સઘળું છતાં હિંદુસ્તાનમાં અંગ્રેજોનું રાજ્ય સ્થાપન- કરનારો પહેલો પુરૂષ ક્લાઇવ હતો.

**૪. હિંદુસ્તાનના કારભારની તપાસ.**—ક્લાઇવે કરેલી ગોઠવણુ મુજબ કંપનીના હાથમાં બંગાળાની હકુમત આવી હવે નવાબના બે દીવાનો સઘળુ વસુલ કંપનીની તીજોરીમા જમે કરવા લાગ્યા હતા, છતા અંગ્રેજોએ કાચા કારભારમા પડવુ નહીં એવી તેમને ઇંગ્લંડથી સખત તાકીદ હતી. ક્લાઇવ પછી બંગાળાના ગવર્નર તરીકે આવેલા વર્લ્સ્ટે સને ૧૭૭૦ માં તે જગ્યા છોડવાથી કાર્ટર ગવર્નર થયો, તેની પછી બે વર્ષ રહી સને ૧૭૭૨ માં વૉરન હેસ્ટીંગ્સે બગાળાનો કારભાર હાથમા લીધો. એને ચાલુ વ્યવસ્થા પસંદ પડી નહીં. વસુલાત કંપનીને મળતું પણ મુલકનો સઘળો કારભાર નવાબના તાબામાં રહેવાથી રૈયતની, પ્રદેશની તેમજ વેપારની અવદશા થઇ, મુલક વેરાન થયો, ખેતી નાશ પામી, અને વેપારને ભારે ધોકો લાગ્યો. દેશમાંથી સઘળો પૈસો બહાર જવાથી નાણુ દ્રષ્ટિએ પડતું બધ થયુ, નવાબના અધિકારીઓને કોઇ પુછનાર ન હોવાથી તેઓ પ્રજા ઉપર જુલમ કરવા લાગ્યા, છતા લોકોની ફરીઆદ ઉપર નવાબે લક્ષ આપ્યુ નહીં વર્લ્સ્ટે તપાસણી કામદાર નીમ્યા પણ તેનો કંઇ ઉપયોગ થયો નહિં.

આ સઘળી હકીકત પાર્લામેન્ટને કાને પહોંચી. આ અગાઉ હિંદુસ્તાનમાં શુ ચાલે છે તે જોવાનો પ્રસગ તે સભાને મળ્યો નહોતો કંપનીએ દેશી રાજાઓની સત્તા બને તેટલી છીનવી લેવાનો પ્રયત્ન કર્યો હતો પરતુ તેના સઘળાં કામો માત્ર વેપાર માટેજ થાય છે અથવા થતા હશે એવું ઇગ્લંડ સરકાર સમજતી હોવાથી, તે પ્રમાણેના હુકમો તેના તરફથી આ દેશમાં આવતા હિંદુસ્તાનની તે સમયની પરિસ્થિતિમા એમ બનવું શક્ય ન હોવાનુ ક્લાઇવ સરખા પુરૂષોએ અનેક વેળા ઇંગ્લંડની સરકારને સ્પષ્ટ રીતે જણાવ્યુ હતુ; તોપણ હિંદુસ્તાનનું રાજ્ય પોતાના સ્વાધીનમાં લીધા સિવાય છૂટકો નથી, માત્ર વેપારને જોરે સઘળુ કામ થવાનુ નથી, એ બીના પાર્લામેન્ટનાં મન ઉપર ઠસાવતાં પાચ સાત વર્ષ નીકળી ગયાં. એ દરમિયાન પાર્લામેન્ટે અનેક તપાસ કરી, તથા અહીંના કારભાર માટે પુષ્કળ ચર્ચા ચલાવી છેવટે સન ૧૭૭૩ મા હિંદુસ્તાનના વહિવટ માટે પહેલો કાયદો પસાર કર્યો. આ બાબતની સવિસ્તર હકીકત આપણે જોઈએ.

સામાન્ય રીતે ઇંગ્લંડમાં સરકારનું વલણ એવું હોય છે, કે લોકોએ પોતાનો વ્યવહાર મરજી પ્રમાણે ચલાવવો, અને ગમે તે થાય તોપણ પોતે તેમાં દખલ કરવી નહીં. આ વખતે રાજ્યકારભારમાં તેમજ ધર્મ સબંધી બાબતોમાં ઇંગ્લંડની પ્રજાની સ્વતંત્રતાની હદ વ્યવસ્થિતપણે નિર્માણ થઈ હતી. એવી સ્થિતિમાં લોકોને પાંચ હજાર માઇલને અંતરે પડેલા તથા હરેક રીતે અત્યંત ભિન્ન પ્રકારના દેશના કારભારની વ્યવસ્થા કરવાની હતી. આથી આરંભમાં તેમના તરફથી ઘણી ચુકો કરવામાં આવી એમાં નવાઈ નહોતી. ફ્રાન્સ જેટલો વિસ્તિર્ણ અને સઘન બંગાળા પ્રાંત કંપનીના તાબામાં આવ્યો હતો, ત્યાંની દોલત મરજી માફક ઉડાવવાનું કામ મુઠીભર વેપારીઓના હાથમાં હતું, એ વાત પાર્લામેન્ટમાં માન્ય થઈ નહીં. કારભાર નિયમિત ચાલે તો કલાઇવના અડસટ્ટા પ્રમાણે સઘળો ખર્ચ બાદ જતાં કંપનીને દોઢથી પોણા બે કરોડ રૂપીઆ સુધી વાર્ષિક નફો થાય. આથી કંપનીના મ્હોમાં પાણી છૂટયું, અને તેના શેરનો ભાવ ૨૬૨ થયો. કંપની પોતાના ભાગીદારોને અગાઉ દરસાલ સેંકડે ૭ ટકા લગી નફો આપતી તે હવે પંદર ટકા જેટલો વધારવાનો ડાયરેકટરોએ ઠરાવ કર્યો, અને સને ૧૬૬૭ માં તેણે સેંકડે ૧૨॥ ટકાની વ્હેંચણી જાહેર કરી. હિંદમાંથી અપરંપાર સંપત્તિ મેળવી ઇંગ્લંડ પાછા ફરેલા લોકો પૈસાને જોરે પાર્લામેન્ટમાં દાખલ થવા લાગ્યા. ને દેશના લોકો દેવામાં ગરકાવ થઇ ગયલા છે તો બંગાળાની અઢળક દોલતમાંથી એ કરજ ફીટાડવા, તથા પ્રજાની સાંપત્તિક સ્થિતિ સુધારવા બાબતની સૂચના પાર્લા-મેન્ટમાંના તેમજ તેની બહારના મોટા સંભાવિત ગૃહસ્થો તરફથી થવા લાગી. એ વાત સરકારને અનુકૂળ લાગી. તેનું કરજ પુષ્કળ વધી ગયું હતું; કંપનીની સનદની મુદત વધારી આપતી વેળા તેની પાસેથી વ્યાજે રકમ લેવાનો તેનો ક્રમ પૂર્વની માફક ચાલુ હતો. સને ૧૬૯૮ માં આઠ ટકાને વ્યાજે વીસ લાખ પૌંડ તેણે કંપની પાસેથી લીધા હતા; ફરીથી સને ૧૭૦૨ માં બીજા દસ લાખ વ્યાજે લીધા હતા. સને ૧૭૩૦ માં ચાર લાખ, તથા સને ૧૭૪૪ માં કંપનીની સનદ વધારી આપતી વેળા બીજા દસ લાખ પૌંડ સેંકડે ત્રણ ટકાને વ્યાજે લેવામાં આવ્યા હતા. આ

સઘળું દેવું સને ૧૭૫૦ માં બેતાળીસ લાખ પૌંડ જેટલુ થયું, અને એ રકમ ઉપર ત્રણ ટકા લેખે વ્યાજ આપવું એમ ઠર્યું સને ૧૭૯૩ માં દેશના એકંદર કરજમાં કંપનીનુ દેવું પણ સામીલ કરવામાં આવ્યું ટુંકમાં, કંપની જ્યારે આટલો મોટો નફો કરે છે તો તેના ફાયદાનો કંઈક ભાગ આપણને મળવો જોઈએ, અને સનદની મુદ્દત થોડી થોડી વધારવાથી આ ફાયદો વારંવાર મળ્યા કરશે, એવો વિચાર ઇગ્લંડ સરકારના મનમાં આવ્યો. હિંદુસ્તાનની સંપત્તિવડે ઈગ્લંડની મુશ્કેલીઓ દૂર કરવાનો સઘળા મુત્સદ્દીઓનો હેતુ હતો.

આ સઘળું કંપનીને રૂચ્યુ નહીં, છતાં સરકાર તરફથી પૈસાની માગણી થતાં સને ૧૭૬૬ માં તેણે મુગે મ્હોડે દર સાલ ચાર લાખ પૌંડ કેવળ નફા તરીકે આપવા કબૂલ કર્યું. પરંતુ પાછળથી તપાસ થતાં સને ૧૭૭૩ માં એવું માલમ પડ્યું કે કંપનીનો હિંદુસ્તાનમાં ખર્ચ સને ૧૭૬૫ માં વાર્ષિક સત્તર લાખ હતો તે સાત વર્ષમાં એક કરોડ સત્તર લાખ રૂપીઆ થયો હતો, અને તેજ વખતે ચાર લાખ પૌંડ નફાના, જકાતનું ઉત્પન્ન, ચાહ ઉપરની જકાતની છૂટ વગેરે મળી દર સાલ સુમારે બે કરોડ રૂપીઆ કંપની પાસથી ઇગ્લંડ સરકારને મળતા હતા કંપનીએ અહીં ગમે તેવો અન્યાય કરી પૈસા મેળવ્યા હોય તોપણ તેનો કેટલોક ભાગ ઈગ્લંડ સરકારને મળ્યો હતો. ટુકમાં, કપનીને હિંદુસ્તાનમાં કારભાર કરવા દેવાની ચોખ્ખી પરવાનગી માટે સરકારને પોતાના હકની રકમ ભરપૂર મળતી ગઈ. સને ૧૭૬૭ પછી કંપનીએ હિંદુસ્તાનમાંના પોતાના વેપારની પદ્ધત બદલી. અત્યાર અગાઉ તે ઇગ્લંડથી ભડોળ લાવી તે વડે અહીં માલ ખરીદ કરતી. પરંતુ બંગાળ પ્રાંતમાંથી આવતી વસુલાત તેને વાપરવા મળવાથી તેણે ઇગ્લંડથી જુદું નાણું મંગાવવાનું બંધ કર્યું. બર્ક કહે છે કે, 'બીજા દેશોમાં વેપારથી રાજાને આવક થાય છે, પણ બગાળામાં કંપનીએ એવો વિપરીત પ્રકાર ચલાવ્યો છે કે રાજ્યના વસુલમાંથી તેણે વેપાર શરૂ કર્યો છે.' આ વ્યવસ્થાથી ઘોટાળા ઉત્પન્ન થયા. ફ્લાઈવ હતો તે પર્યંત તેનો કરબ ઘણો

કડક રહ્યો. પરંતુ હિંદુસ્તાન તરફ તેની પીઠ ફરતાં અંધાધુંધી પુનઃ ચાલુ થઈ; સરકારી પૈસા ઉડવા લાગ્યા; કંપનીના નોકરોનો ખાનગી વેપાર ચાલુ રહ્યો. વિશેષમાં કર્નાટકમાં હૈદરઅલ્લી સાથેના યુદ્ધમાં પુષ્કળ નાણું ખરચાયું. સને ૧૭૭૦ માં બંગાળામાં ભયંકર દુષ્કાળ પડવાથી મુલક વેરાન થયો, અને તેમાં એકંદર લોક સંખ્યામાંથી સેંકડે પાંત્રીસ અને ખેડુત વર્ગમાંથી સેંકડે પચાસ ટકા જેટલા લોકો મરણ આધીન થયા. ઈંગ્લંડમાં કંપનીના ડાયરેકટરો દર સાલ બદલાતા હોવાથી પક્ષપાત તથા માંહોમાંહેના અણબનાવે ઉગ્રરૂપ લીધું. આ સઘળું છતાં પાર્લામેન્ટનું લક્ષ આ સ્થિતિ તરફ દોરાયું નહીં. પાછળથી કંપનીએ જણાવ્યું કે દરસાલ નફાના ૪૦ લાખ રૂપીઆ સરકારને ભરવાની શક્તિ તેનામાં નહોવાથી સરકારે તેને કેટલુંક નાણું ધીરવું જોઇએ. અર્થાત કંપની પાસે નાણું મેળવવાનું બાજુએ રહ્યું, અને ઉલટું કંપનીને પાર્લામેન્ટ પાસે પૈસા માગવાની જરૂર પડી. આમ થતાં પાર્લામેન્ટની તથા પ્રધાન મંડળની નજર ખુલી. કંપનીએ દેવાળું કહાડેલું જોઈ તેમને અચંબો લાગ્યો, અને એકદમ કંઈ રામબાણ ઉપાય કર્યા સિવાય છુટકો નથી એવી તેમની ખાતરી થઈ. આ વખતે ઇંગ્લંડ સરકારની સ્થિતિ ઘણી કઢંગી થઈ હતી. ઉલ્લાં યુદ્ધને અંતે પુષ્કળ નવો પ્રદેશ તેમના તાબામાં આવ્યો હતો, પણ તેની વ્યવસ્થા કેવી રીતે ચલાવવી તે વિશે કંઈપણ ઠરાવ થયો નહોતો. પરદેશી લોકો પોતાના તાબા હેઠળ આવ્યા તેની જવાબદારી સમજવાનું ઈંગ્લંડને હજી શીખવાનું હતું. આટલે લાંબે અંતરે ભિન્ન જાતિ તથા ધર્મના લોકો ઉપર રાજ્ય ચલાવવાના દાખલા ઇતિહાસમાંથી મળી શકે એમ નહોતું. સને ૧૭૬૩ પછી આ પ્રશ્ન તરફ ઈંગ્લંડ સરકારનું લક્ષ ગયું; અને નાના સરખા વેપારી મંડળના હાથમાં રાજ્યસુત્ર રહેવા દેવા યોગ્ય નથી એવી તેની ધીમે ધીમે ખાતરી થઈ. દરેક દિશામાંથી બુમાટો થતાં પાર્લામેન્ટને કંપનીની ભાંજગડમાં પડવું પડયું. કંપની જાતે પૈસા સંબંધી મુશ્કેલીમાં સપડાયલી હોવાથી, ''અમારી વ્યવસ્થામાં શું કામ હાથ ઘાલો છો' એવું કહેવાની તેનામાં હિંમત રહી નહોતી. 'અમે દિલ્હીના બાદશાહને જવાબદાર છીએ, તેને અમે જવાબ આપશું,

તમને અમારો કારભાર તપાસવાને અખત્યાર નથી,' એવું કલાઇવે નક્કી કરેલું ધોરણ સ્વીકારી, પાર્લામેન્ટને નહીં ગણકારવાનો કંપનીએ પ્રયત્ન કર્યો, પણ તે નિષ્ફળ ગયો. બંગાળામાં તેનું લશ્કર અગીઆર હજાર હતું, તેનો ખર્ચ હદપાર વધતાં વેપાર માટે પૈસા બચી શક્યા નહીં, અને પરિણામે શેરના ભાવ ઉતરી ગયા અને કંઈ પણ ભયંકર પ્રસંગ નજીક આવે છે એમ તેને પણ લાગ્યું.

સને ૧૭૬૭ પછી પાર્લામેન્ટમાં તેમજ કંપનીની સાધારણ સભાઓમાં તેના વહિવટ બાબત સખત વાદવિવાદ શરૂ થયો. એમાં ખરૂં કહીએ તો ખરી સ્થિતિ ઓળખી તથા યોગ્ય વિચાર કરી બોલનારા ઘણા થોડા માણસો હતા. પરિણામમાં સભાઓમાં અતિશય તોફાન થતું તથા વારંવાર મારામારીનો પ્રસંગ પણ આવતો. તે વર્ષમાં કલાઇવની જાગીર બાબત એક નાનો નાટક પ્રસિદ્ધ થયો હતો, તેમાં કાલ્પનિક નામો આપી આ સભાની ખુબ મશ્કરી કરવામાં આવી હતી. જાત ઉપર જોખમદારી ન હોવાથી ગમે તેવું બબડયા તો ચાલ્યું એવી સ્થિતિ આ સભાની થઈ હતી. આથીજ લૉર્ડ નૉર્થના કાયદા અન્વય જનરલ કોર્ટનો અધિકાર સંકોચવામાં આવ્યો હતો. ચેધમ કામ કરવાને યોગ્ય હોત તો તેણે કંપનીને સારી વ્યવસ્થા કરી આપી હોત. આ વ્યવસ્થા કેવી રીતે કરવી તે કોઈને પણ સુઝે નહીં. પ્રત્યેકના વિચારો જુદા હોવાથી દરેકના મત પ્રમાણે કંઈને કંઈ યોગ્ય જણાતું. મેલેએ આ ઘોંટાળાનું હાસ્યજનક વર્ણન આપ્યું છે. 'આ કંપની એક વિલક્ષણ દ્વીમુખી રાક્ષસણી દેખાય છે. એશિયા ખંડમાં તે રાજ્યપદ ભોગવે છે; યુરોપમાં પ્રજાજન સિવાય કોઇને તેનું મહત્વ જણાતું નથી. કોઈ પણ ન્યાયાધીશ મારફત કાયદા અન્વય તેનો અંત લાવી શકાય એમ નથી.'

સને ૧૭૬૯ માં પાર્લામેન્ટમાં કંપનીના વહિવટ બાબત ચાલેલી તકરારમાં એવું દેખાઈ આવ્યું કે, ભંડોળ ઉપર વાજબી લાગે તેટલો નફો લઈ જે બાકી રહે તે સરકારમાં જમે કરાવવું એવો સરકારનો મનસુબો હતો. તે સાલમાં કંપનીની હિંદુસ્તાનમાંની તથા ઇંગ્લંડમાંની કુલ્લે માલમતાની કિંમત

આંકવામાં આવતાં તે સુમારે ૧૫ કરોડ થઈ હતી, અને તેને ૮ કરોડનું દેવું હતું. ભંડોળ જુદું લઇએ તો તે સુમારે ત્રણ કરોડ થવા જતું હતું અને તેના ઉપર વાર્ષિક નફો સવા કરોડ જેટલો થતો હતો. અર્થાત કંપની પોતાનો વેપારધંધો વેચી નાંખત તો તેને આસરે ૧૫ કરોડ રૂપીઆ ઉપજ્યા હોત. એમ છતાં તે પોતાની સ્થિતિ ઘણી સારી લાગી નહીં. રાજ્યની ઝુંસરી માથે વ્હોરી લીધા પછી આપણું નુકસાન થતું જાય છે, એટલે રાજ્યની ભાંજગડમાં નહીં પડતાં માત્ર વેપાર ચાલુ રાખવાથી તેમાં આપણને અતિશય ફાયદો થશે એમ સામાન્ય રીતે ભાગીદારોનો અભિપ્રાય થયો હતો.

સને ૧૭૬૯ ના જુન માસમાં સલીવાનની કોર્ટ ઑફ્ ડાયરેકટર્સમાં ફરીથી નિમણુક થઈ. એજ અરસામાં આર્કટના નવાબે પોતાના ઉપર કંપનીએ કરેલો જુલમ પાર્લામેન્ટને જાહેર કરવા એક વકીલને ઇંગ્લંડ મોકલ્યો. તેણે પ્રધાન મંડળને એકઠું કરી કંપનીના રાજ્યકારભાર વિરૂદ્ધ પુષ્કળ ચળવળ કરી, તે ઉપરથી કંપનીના કારભારમાં હાથ ઘાલવાનો ઇંગ્લંડની સરકારે ઠરાવ કર્યો. આ નિશ્ચય સ્વતંત્રપણે કામ કરતી પુષ્કળ સંસ્થાને રૂચ્યો નહીં, કેમકે એથી તેમને પોતાની સ્વતંત્રતા નષ્ટ થવાનો ભય ઉપજ્યો. ઇંગ્લંડમાં તે વખતે એવી જોખમદાર સંસ્થા બે હતી. એક ઇસ્ટ ઇન્ડીઆ કંપની અને બીજી લંડનની મ્યુનિસિપાલીટી. આ મ્યુનિસિપાલીટીએ ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના કારભારમાં દખલ નહીં કરવા સરકારને અરજી કરી તેથી સરકાર ઉપર મોટી જોખમદારી આવી પડી.

સને ૧૭૬૯ માં અમેરિકામાં આયાત થતી ચાહ ઉપર અંગ્રેજ સરકારે કર નાંખ્યો કેમકે એવી રીતે કર બેસાડ્યા વિના તે ખર્ચ નીકળતો નહીં. આ કર અમેરિકાવાસીઓએ માન્ય કર્યો નહીં. અમેરિકામાં આયાત થતી ચાહનો ઘણોખરો વેપાર ઇસ્ટ ઇન્ડીઆ કંપનીના હાથમાં હતો.

ઉપરની તકરારને પરિણામે સને ૧૭૭૩ માં ૧ કરોડ ૭૦ લાખ રતલ ચાહ કંપનીની અમેરિકાની વખારોમાં વેચાયા વિનાની પડી રહી હતી. જો એમ ન બન્યું હોત અને ચાહ સઘળી વેચાઈ ગઈ હોત તો કંપનીને બાજો

નાણું લેવાની ફરજ પડતે નહીં. અમેરિકન લોકોએ ચાહનો બહિષ્કાર કરવાથી તે વેચાઈ નહીં, ત્યારે કંપનીએ અમેરિકાનાં જુદાં જુદાં શહેરોમાં છુપી રીતે પોતાના એજંટ મોકલી ચાહ વેચવા માટે ભારે પ્રયત્ન કર્યો, કારણ કે ચાહ વેચાય તો ઇંગ્લંડમાંથી બહાર લઈ જતાં જે કર તેના ઉપર આપવો પડતો તે સરકારે કંપનીને માફ કર્યો હતો. આથી અગાઉના કરતાં ઘણેજ સસ્તે દરે ચાહ વેચવા કંપની તૈયાર થઈ. બહિષ્કારની બાબતમાં કેટલાકો ઘણા નિગ્રહી હતા, પણ જે થોડાકોનું વર્તન અનિશ્ચિત હતું. તેમને પોતાના તરફ વાળી લઈ તેમની મારફતે કંપનીએ ચોરી છુપીથી ચાહ વેચવાનો આરંભ કર્યો. આ કામમાં પડેલા અનિશ્ચિત લોકોને ભારે કમાઈ થવા લાગી. થોડા વખત બાદ કંપની ખુલ્લી રીતે ચાહ વેચવા લાગી ત્યારે હાથ આવેલી કમાઈ એકદમ જતી રહેવાની છુપી રીતે ચાહ વેચનારાને ધાસ્તી ઉપજવાથી તેઓ પણ પહેલાના બહિષ્કારવાદીઓ સાથે ભળી ગયા. આવા વિચારનાં સુમારે ૫૦ માણુસોએ સન ૧૭૭૩ ના ડીસેમ્બર મહિનામાં બોસ્ટનનાં બંદરમાં પડેલાં ચાહનાં ભરેલાં કંપનીનાં ત્રણ વહાણો ઉપર ચડી તે ઉપરની ૩૪૨ પેટીઓ સમુદ્રમાં નાખી દીધી. આવો બનાવ બીજાં બે ત્રણ બંદરોમાં પણ બનવાથી ઇંગ્લંડ અને તેનાં અમેરિકન વસાહત વચ્ચે યુદ્ધ શરૂ થયું અને તેની અંતે અમેરિકાનાં સંસ્થાન ઇંગ્લંડથી સ્વતંત્ર થયાં. ટુંકાણમાં, અમેરિકાને સ્વતંત્રતા મેળવી આપવામાં આપણા હિંદુસ્તાનનો વેપાર એક રીતે કારણભૂત થયો એમ કહેવામાં હરકત નથી.

ઉપર કહ્યા પ્રમાણે ચાહ ન વેચવાથી કંપનીને ભારે ખોટ આવી. હિંદુસ્તાનનો સઘળો વેપાર બેઠો હતો, લાંચખાઉ અમલદારોને લીધે વસુલાત ઓછું થયું હતું અને તેમાં દુષ્કાળે ઉમેરો કર્યો હતો. સને ૧૭૭૧ માં પડેલા ભયંકર દુકાળમાં લાખો માણસોનો નાશ થયો અને રાજ્યની આવક કંઈ પણ થઈ નહીં, ત્યારે કંપનીની અવસ્થા ઘણીજ માઠી થઈ. વળી દરસાલ અનેક ગ્રહસ્થને લક્ષાધીશ થઈ હિંદુસ્તાનથી ઇંગ્લંડ આવતા જોઈ ત્યાંના લોકોને કંપનીના વહિવટ માટે અતિશય ગુસ્સો ઉપજ્યો.

ધાન્યના દુકાળથી પડેલા સંકટમાં નાણાના દુકાળે ઉમેરો કર્યો. સને ૧૭૬૭ થી ૧૭૭૦ સુધીનાં ત્રણ વર્ષમાં ૫ કરોડ રૂપીઆની ચાંદી બંગાળા-

માંથી નિકાસ થઇ, અને ફક્ત ૫૦ લાખની ચાંદી આયાત થવાથી એ પ્રાંતમાં નાણાનો મોટો દુકાળ પડયો. રૂપીઆની કિમત વધી અગાઉ બે શીલીંગ હતી તે અઢી શીલીંગ ઉપર ગઈ. બંગાળ પ્રાંતમાંથી જે આવક થતી તે સઘળી પોતાનાં વહાણ ઉપર ભરી કંપની ચીન દેશમાં માલ ખરીદવા માટે રવાના કરતી તેથી પણ નાણાની તંગી વધી. અગાઉ કંપની માલ ખરીદવા માટે ઈંગ્લંડથી રોકડ નાણું આણતી પણ તેને બદલે હવે બંગાળાના રાજ્યમાંથી મળતી આવક તે પોતાના ભંડોળ તરીકે વાપરવા લાગવાથી આ પરિણામ આવ્યું એમ સહજ જણાશે. બાદશાહને ખંડણી ભરવાને તેમજ નોકરોના પગાર આપવાને પણ પૈસા સિલકમાં રહેતા નહીં. આથી હિંદુસ્તાનની સંપત્તિનો ઝરો કદી અટકનાર નથી એમ અંગ્રેજો સમજતા હતા તે સમજુત હવે નષ્ટ થઇ. નાણાની આ તાણને લીધે વૉરન હેસ્ટીંગ્સના અમલમાં ઘણો ઘોંટાળો થયો.

આવી સ્થિતિમાં કંપનીએ પ્રધાન મંડળ પાસે નાણાની ઉઘરાણી કરવાથી સને ૧૭૭૨ ના જાનેવારીમાં એ બાબત પાર્લામેન્ટ રૂબરૂ આવી. તરતજ પાર્લામેન્ટે તપાસ ચલાવવા માટે બે કમિટી નીમી. આજ સુધી એ મંડળે એકાદ ઠરાવ પસાર કરવા સિવાય કંપનીના કારભારમાં વિશેષ દખલ કરી નહોતી. 'કંપનીના કારભારમાં હાથ ઘાલવાનો આપણને અધિકાર નથી' એમ પાર્લામેન્ટ પણ પહેલાં કહેતી હતી. સને ૧૭૬૨ માં ફ્રેન્ચ સરકારે હિંદુસ્તાનમાંનાં પોતાનાં સંસ્થાનો પાછાં માગ્યાં ત્યારે પાર્લામેન્ટે તેને એવોજ જવાબ આપ્યો હતો. બર્ક નામના નામાંકિત વિદ્વાન મુત્સદ્દીનો પણ ઉપરના જેવોજ અભિપ્રાય હતો. પાર્લામેન્ટે આ વખતે જે તપાસ કરી તે કંઈ કાયદાએ તેના ઉપર નાખેલી જવાબદારી ઓળખીને અથવા હિંદુસ્તાનના લોકોની ફરીઆદ ઉપરથી કરી હતી એવું નહોતું. ગમે તેમ કરી કંપની ઉપર પોતાની સેહ બેસાડી પૈસા કઢાવવા પુરતોજ તેનો હેતુ હતો, એમ બર્ક કહે છે. આ વાત ખરીજ હતી. કંપની તરફથી સરકારને જે પૈસા મળે તેના બદલામાં તેને કંઈ ફાયદો કરી આપવાના ઈરાદાથી તેને અમેરિકામાં વેચાવવાની ચાર

ઉપર પાર્લામેન્ટે જકાત માફ કરી હતી. મુખ્ય પ્રધાન લૉર્ડ નૉર્થનું પાર્લામેન્ટમાં ભારે વજન હતું, પણ તે કંપનીને પ્રતિકૂળ હોવાથી તથા કમિટીનો રીપોર્ટ તેની વિરૂદ્ધ આવ્યાથી પાર્લામેન્ટે એવો ઠરાવ કર્યો કે, કંપનીએ હિંદુસ્તાનમાં લશ્કરની મદદથી અગર પરદેશી રાજા સાથે તહ કરી જે કંઈ મેળવ્યું હોય તે ઉપર સંપૂર્ણ માલકી અંગ્રેજ સરકારની છે.

**૫. રેગ્યુલેટીંગ એક્ટ ( સન ૧૭૭૩ ).**—સને ૧૭૭૩ માં પાર્લામેન્ટે બે કાયદા ઘડ્યા, અને તેને રાજાની સંમતિ મળતાં પ્રસિદ્ધ કર્યા. એમાંનો પહેલો કાયદો, લૉર્ડ નૉર્થનો રેગ્યુલેટીંગ એક્ટ એ નામે પ્રસિદ્ધ છે. એ કાયદો તા. ૧ લી અકટોબર સને ૧૭૭૩ ને દીને ઈંગ્લંડમાં જાહેર થયો, અને હિંદુસ્તાનમાં તા. ૧ લી ઑગસ્ટ સને ૧૭૭૪ ને દિવસે અમલમાં આવ્યો. અગાઉ કલકત્તામાં એક પ્રેસિડન્ટ તથા બાર સભાસદોની એક કૌન્સિલ હતી, તેને બદલે આ કાયદાની રૂએ એક ગવર્નર તથા ચાર માણસોની એક મદદનીશ કૌન્સિલ નીમવામાં આવી. એ ચાર સભાસદો પાસે બીજું કંઈ કામ હોવું જોઈએ નહીં, અને તેમની નિમણુક પ્રથમ પાર્લામેન્ટે કરવી, અને તે પાંચ વર્ષ ચાલુ રહે એમ ઠર્યું. હવે પછી એ સભાસદોની નિમણુકો ડાયરેકટરોએ પ્રધાન મંડળની મંજુરીથી કરવાની હતી. આ પાંચ જણાએ મળી બહુમતીથી બંગાળા ઇલાકાનો દીવાની, મુલકી, લશ્કરી વગેરે સઘળો વહિવટ ચલાવવાનો હતો. યુદ્ધ તથા તહ કરવાની બાબતમાં મદ્રાસ અને મુંબઈ ઉપર કલકત્તા કૌન્સિની હકુમત ચાલે એમ ઠરેલું હોવાથી કલકત્તાના ગવર્નરને 'ગવર્નર જનરલ'ની પદવી આપવામાં આવી હતી. કૌન્સિલમાં ગવર્નર જનરલનો સ્વતંત્ર મત નહોતો, પણ કોઈ બાબતમાં સમાન મત થતાં તેને વિશેષ મત આપવાનો અધિકાર હતો. આ સર્વ અમલદારોએ કોર્ટ ઑફ ડાયરેકટર્સના હુકમ પાળવાના હતા. ચોવીસ ડાયરેકટરો દર સાલ નવા ચુંટી કહડાતા હતા, તે વ્યવસ્થા બદલી, એવું ઠરાવવામાં આવ્યું હતું કે દર વર્ષે ૭ ૭ ડાયરેકટરોની ચુંટણી થાય, અને તેઓ ચાર વર્ષ અધિકાર ભોગવે. અગાઉ કંપનીની સામાન્ય સભામાં ૫૦૦ પૌંડનો ભંડોળ ધરાવનારનો એક મત હતો. કોઇ પણ એકથી વધારે મત આપવાનો અધિકાર નહોતો. એને બદલે હવે એક હજાર પૌંડવાળાને એક મત, ત્રણ હજારવાળાને બે

મત, ૭ હજારવાળાને ત્રણ મત અને દસ હજારવાળાને ચાર મત આપવાનો અધિકાર મળ્યો; ચારથી વધારે મત કોઇને આપવામાં આવ્યા નહોતા. હિસાબી તથા રાજ્યકારભાર સબંધી દરેક બાબતનો પત્રવ્યવહાર હિંદુસ્તાન માંથી ઇંગ્લંડ આવી પહોચ્યા પછી ચૌદ દિવસની અંદર તે પ્રધાન મંડળ આગળ રજુ કરવાની ફરજ આ કાયદા અન્વય ડાયરેક્ટરોને માથે નાખવામાં આવી હતી. કંપનીના તાબાની કલકત્તામા એક મેયરની કોર્ટ હતી તેને બદલે ન્યાયની એક સુપ્રિમ કોર્ટ સ્થાપી તેમાંના એક મુખ્ય ન્યાયાધીશ તથા ત્રણ બીજા ન્યાયાધીશ ઇંગ્લંડમાંથી નીમાયલા હોવા જોઇએ એમ નક્કી થયું. વળી એમ પણ ઠર્યું હતું કે તેમનો અખત્યાર દિવાની, ફોજદારી, વગેરે દરેક બાબતમાં ગવર્નર જનરલ તથા કૌન્સિલના સભાસદ સિવાય બીજા સઘળા લોકો ઉપર ચાલે. કંપનીના રાજ્યમાં લશ્કરના તેમજ બીજી કોઈ પણ જાતના નોકરે આ દેશના વતનીઓ પાસેથી કંઈ પણ બક્ષિસ લેવી નહીં, કિંવા ખાનગી વેપાર કરવો નહીં એવો પ્રતિબંધ મુકવામાં આવ્યો હતો. રેગ્યુલેટીંગ એક્ટની આ મુખ્ય કલમો હતી. એ કાયદાની રૂએ ગવર્નર જનરલનો વાર્ષિક પગાર અઢી લાખ રૂપીઆ તથા પ્રત્યેક કૌન્સિલરનો એંશી હજાર રૂપીઆ ઠર્યો હતો.

બીજા કાયદા અન્વય પાર્લામેન્ટે કંપનીને ચૌદ લાખ પૌંડ વ્યાજે આપવાનુ તથા કરજ ફીટે ત્યાં સુધી કંપનીએ સેંકડે ૭ ટકાથી વધારે નફો નહીં લેવાનું ઠર્યું.

આ કાયદાની રૂએ હિંદુસ્તાનમાંના કંપનીના રાજ્યકારભાર ઉપર પાર્લામેન્ટને અખત્યાર મળ્યો, તોપણ રાજ્યની માલકી કંપની પાસેજ રહી. હિંદુસ્તાનનો કારભાર કૌન્સિલની બહુમતીથી ચલાવવાનો હતો, એટલે કોઇ પણ અગત્યને પ્રસગે એકજ શખસની અવિભાજ્ય હકુમત બિનતકરારે ચાલે નહીં એવી ગોઠવણ રાખવામાં આવી હતી. પરંતુ એક માણસના હાથમાં એવો સપૂર્ણ અધિકાર આપ્યા સિવાય રાજ્ય ટકી શકવાનુ નહોતું. કાયદા ઘડવાના અધિકારની તથા હમેશનો રાજ્યકારભાર ચલાવવાના અધિકારની વિભાગણી થઈ નહોતી. ગવર્નર જનરલે કરેલા

કાયદા ન્યાયાધીશોએ પાળવા જોઇએ એવો ઠરાવ નહોતો, તેમજ રાજ્યનો માલીક કંપની કે રાજા એ સવાલનું નિરાકરણ થયું નહોતું. આથી આગળ જતાં અનેક ઘોંટાળા ઉત્પન્ન થયા, એટલે આ નવીન ન્યાયાધીશોથી લોકોને ફાયદો મળવાને બદલે તેમના ઉપર પુષ્કળ જુલમ વરસ્યો. એમ છતાં આ નવા કાયદાની રૂએ અંગ્રેજી રાજ્યના વ્યવસ્થિત કારભારની પહેલી શરૂઆત થઇ, પણ એ સિવાય બીજો કંઇ ફાયદો થયો નહીં.

સને ૧૭૦૮ માં કંપનીની સનદની મુદત સને ૧૭૨૬ સુધી વધારી આપવામાં આવી હતી. એ પછી સને ૧૭૨૬ માં પહેલા જ્યૉર્જ રાજાએ એ મુદ્દત વધારી, અને મદ્રાસ, મુંબઈ તથા કલકત્તામાં મ્યુનિસિપાલીટી સ્થાપન કરી તેને માટે કાયદા તથા નિયમ તૈયાર કરવાની પરવાનગી કંપનીને આપી. સને ૧૭૩૦ માં એ મુદત સને ૧૭૬૯ લગી ફરીથી વધારવામાં આવી. સને ૧૭૪૪ માં ઈંગ્લંડને ફ્રાન્સ સાથે લડાઈ શરૂ થઈ ત્યારે સરકારને નાણાંની જરૂર હોવાથી કંપનીએ મોટી રકમ ધીરી પોતાની સનદની મુદત બીજાં ચૌદ વર્ષ એટલે સને ૧૭૬૯ થી સને ૧૭૮૩ સુધી વધરાવી લીધી. એ મુદ્દતને અંતે સને ૧૭૮૩ માં પાર્લામેન્ટે કંપનીની સનદમાં દસ વર્ષનો ઉમેરો કર્યો; અને તે પછી એટલે સને ૧૭૯૩ માં દર વીસ વર્ષે કંપનીના વેપારની તપાસ પાર્લામેન્ટે કરવી એવું ઠર્યું. ત્યારથી સને ૧૭૯૩, ૧૮૧૩, ૧૮૩૩ તથા ૧૮૫૩ માં કંપનીના વેપારની તથા સનદની પાર્લામેન્ટમાં તપાસ થઈ હતી. સને ૧૮૫૮ માં કંપની બંધ પડી.

ઈંગ્લંડમાં કંપની તથા સરકાર વચ્ચેનો સંબંધ કેવા પ્રકારનો રહે, અને કંપનીના કારભારમાં હાથ ઘાલવાનો સરકારને ક્યાં સુધીનો અધિકાર મળે, એ બે પ્રશ્નનો ઘણો વખત લગી નિકાલ ન થયલો હોવાથી પુષ્કળ ઘોંટાળો ઉત્પન્ન થયો હતો. ઉપરના રેગ્યુલેટીંગ એક્ટથી એ સઘળાનો સમૂળો નાશ થયો નહીં તોપણ તેથી ઉભય પક્ષનું સમાધાન થતાં ચાલુ કામ વ્યવસ્થિતપણે કરવા માટે બન્નેનો એક મત થયો હતો. આ ઘોંટાળો ઘણો લાંબો કાળ ચાલ્યો હતો. એક પણ પ્રશ્ન ઉપસ્થિત થતાં અગાઉના સર્વ અધિકારીઓ તે પોતાના અંગ ઉપરથી ઉડાવી વખત કહાડતા. આ કાયદાથી તેમ થતું બંધ

પડતું અને કંપનીના વહિવટને નવો માર્ગ મળ્યો. આ ગોઠવણ સામે કંપનીનાં માણસોએ ગમે તેટલો ઉભરાટો કર્યો, પણ રાજા તથા પ્રધાનો પોતાનો હક સ્થાપન કરવામાં પાછા હઠયા નહીં. હવે પછી કંપનીના કારભારની મરજી માફક વ્યવસ્થા કરવાની પાર્લામેન્ટને સત્તા છે એમ સિદ્ધ થયું. કંપનીની સ્થાપના વેપાર માટે થઈ હતી; જ્યારે વેપાર કરતાં તેને રાજ્ય પ્રાપ્ત થયું ત્યારે પોતાના અધિકારની હદ તે કુદાવી ગઈ. આથી કંપનીએ મેળવેલું રાજ્ય ઇંગ્લંડ સરકારનું છે, અને તે બરાબર ચાલે છે કે નહીં તે જોવાનું કામ તેનું છે, એમ આ કાયદાથી સાબીત થયું. આ સિવાય ઉક્ત કાયદાની પ્રત્યક્ષ કલમો ઘણી ઉપયોગી થઈ નહીં. અનુભવ ઉપરથી તે ઘણીખરી બદલવી પડી હતી. એમ છતાં હિંદુસ્તાનના રાજ્ય સંબંધમાં ઇંગ્લંડ સરકારે કરેલા આ પહેલા કાયદાની યોગ્યતા ઉપર કહેલાં કારણોને લીધે પુરવાર થાય છે. એડમંડ બર્ક આ કાયદાની વિરૂદ્ધ હતો. હિંદુસ્તાનનું રાજ્ય હાથમાં આવતાં ઇંગ્લંડના રાજાની સત્તા અતિશય વધશે, તેને પૈસાની પ્રાપ્તિ થતાં તે પાર્લામેન્ટને ગણકારશે નહી, પૈસાના જોર ઉપર તથા નિમણુક કરવાની સત્તા હાથમાં આવતાં, રાજા તથા પ્રધાનમંડળ લોકો ઉપર જુલમ કરી પોતાની સત્તા કાયમ રાખી શકશે, અને તેમ થતાં પાર્લામેન્ટની સ્વતંત્રતાને ધોકો લાગશે એવું તે મહાન નરનું કહેવું હતું.

નવા કાયદા પ્રમાણે બંગાળાના ગવર્નર વૉર્ન હેસ્ટીંગ્સની ગવર્નર જનરલની જગ્યાએ નિમણુક થઈ. જનરલ ક્લેવરીંગ ( Clavering ), મૉન્સન ( Monson ) તથા ફિલિપ ફ્રેન્સિસ ( Philip Francis ) એ ત્રણ કૌન્સિલરો ઇંગ્લંડથી મોકલવામાં આવ્યા, અને ચોથો બાર્વેલ ( Barwell ) હિંદુસ્તાનમાંજ હતો. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ તરીકે સર ઇલીજા ઇમ્પી ( Sir Elijah Impey ) ની, તથા લ મેસ્ટ્ર ( Le Maistre ), હાઈડ ( Hyde ), તથા ચેમ્બર્સ ( Chambers ) ની બીજા ન્યાયાધીશ તરીકે, નિમણુક થઈ હતી.

**૬. વસુલાતના તથા વેપારના કેટલાક આંકડા:—**

૧. સને ૧૭૬૬ થી ૧૭૭૩ સુધીનાં આઠ વર્ષમાં કંપનીએ ઇંગ્લંડની બહાર માલ મોકલ્યો તેની

| | | |
|---|---|---|
| ખર્ચ બાદ જતા ચોખ્ખો નફો ... ... | રૂ. | ૧૧,૭૬,૧૮૦ |
| સન ૧૭૭૪ માં મુંબઇનું એકંદર વસૂલ ... | રૂ. | ૨૧,૯૧,૬૩૦ |
| " " નો ખર્ચ ... | રૂ. | ૩૪,૭૩,૮૭૦ |
| " બાકી ખોટ ... ... | રૂ | ૨૩,૮૨,૨૪૦ |
| ૦. બંગાળા તથા મુંબઇની સિલકમાંથી મુંબઇની ખોટ બાદ કરતાં બાકી ... ... | રૂ. | ૮૭,૨૩,૬૩૦ |
| ૧. લશ્કર બંગાળાનુ, સને ૧૭૭૪ મા, માણુસો | | ૨૭,૦૦૦ |
| " મદ્રાસનુ, સને ૧૭૭૨ માં, " ... | | ૧૯,૯૭૫ |
| " મુંબઇનુ, સને ૧૭૭૪ મા, " ... | | ૬,૪૦૦ |
| કુલ્લે " ... | | ૫૩,૩૭૫ |

એમાંના આસરે ત્રણ ચતુર્થાંશ દેશીઓ તથા એક ચતુર્થાંશ યુરોપિયન હતા.

સમાપ્ત

# સૂચી.

આ સૂચીના નીચે પ્રમાણે ચાર ભાગ કર્યા છેઃ—

૧. પુરૂષ તથા વ્યક્તિનાં નામની નોંધ.

૨. મુખ્ય શહેર, નદી, પર્વત વગેરેનાં નામની નોંધ.

૩. રાષ્ટ્ર અગર લોકોનાં નામની નોંધ.

૪. મુખ્ય વિષયોની નોંધ.

## ૧. પુરૂષ તથા વ્યક્તિનાં નામની નોંધ.

અજ્યીડો–૧૩૧.
અઝીમ–ઉશ્શાન–૫૩૬.
અત્તર ખ્વાજા (ઑર્મઝનો)–૧૦૭
અન્વરૂદ્દીન–૪૨૮, ૪૩૦, ૪૩૭–૪૫૩.
અફોન્સો ડ નોરોના–૧૨૬.
અફોન્સો ડ સુઝા–૧૨૪.
અબ્દુલ રઝાક, પ્રવાસી–૭૫.
અબ્બાસ (ઇરાનનો શાહ)–૨૬૬.
અભિસાર–૧૭.
અમિચંદ–૫૫૭, ૫૭૮, ૫૮૨–૮૩, ૫૯૩.
અમિઆટ–૬૧૪–૧૬.
અમીર હુસેન (ઇજીપ્ત)–૧૦૪.
અમેરિગો વેસ્પચી, વહાણવટી–૧૯૮.
અર્દેશીર (આર્ટાકસરક્સિસ)–૩૦.
અલિવર્દીખાન–૫૩૮, ૫૪૦.
અહમદશાહ અબ્દલ્લી–૬૩૫.
અશોક–૨૬, ૬૦.
આઇસાબેલા (સ્પેન)–૮૬.
આદિલશાહ–૧૧૧, ૧૧૨, ૧૨૪, ૧૨૬, ૧૨૮, ૧૩૪.
આયર, સર ચાર્લસ–૩૪૫.
આરબખાન–૩૨૩.
આલ્બર્ગારીઆ (પોર્ટુગીઝ ગવર્નર)–૧૧૯.
આલ્બુકર્ક, ઑલ્ફોન્સો ડ (પો. ગવર્નર)–૧૦૨, ૧૦૫–૧૧૮. ઉદ્દેશ, ૧૦૮. ગોવાવિશે એનો મત–૧૧૪, ૧૩૮, ૧૪૨–૧૪૩, ૧૫૪, ૧૬૪, ૧૯૧.
આલ્બુકર્ક, ફ્રાન્સિસકો ડ–૧૦૨.
,, મેથીઆસ ડ–૧૩૧.
આલ્મીડા, ફ્રાન્સિસકો (પો. ગવર્નર)–૧૦૩–૬, ૧૫૪.
આસદખાન–૩૮૬.
આસફખાન (વઝીર)–૨૫૩–૫૪, ૩૫૨, ૪૫૦–૫૧.
આંગ્રે–૫૦૮.
ઇતિમાદ–ઉદ્–દૌલા–૨૫૩, ૩૫૨.

ઇબ્રાહિમખાન—૩૬૩, ૩૬૯.
ઈમેન્યુઅલ—૮૮, ૧૦૩, ૧૧૬, ૧૨૦, ૧૪૧.
ઈલીઝાબેથ,(ઇંગ્લંડ)—૧૨૯, ૧૭૫, ૨૦૪, ૨૧૪, ૨૧૬, ૨૧૮, ૨૨૨, ૨૨૯, ૨૩૭, ૨૫૦, ૩૭૫.
ઈલીઝાબેથ (કેસ્ટાઇલ)—૭૮.
ઈલીઝાબેથ (સ્પેન)—૫૧.
ઈસ્માઈલ (ઈરાનનો શાહ)—૧૨૭.
ઈસ્માઈલ (વિજાપૂર)—૧૧૨.
એકબોટે, કાન્હેર ત્રિંબક—૪૮૪.
એડવર્ડ છઠ્ઠો—૨૦૩.
,, ત્રીજો—૩૮, ૬૭૫.
,, પહેલો—૭૯.
એડવર્ડસ—૨૫૧.
એન (ઇંગ્લંડ)—૩૮૯.
એન્ટોનિઓ ડ નોરોના—૧૨૭, ૧૩૦.
એન્ટોનિઓ બેરેટો—૧૨૯.
એપોલોનિયસ ટાએનિયસ—૧૪.
એબ્રહામ—૧૨.
એરિસ્ટોટલ—૨૩.
એરીઅન—૯, ૨૪, ૨૯.
એલીસ—૬૬૫.
એલેકઝાન્ડર, સિકંદર જુઓ.
એલેકઝાન્ડર છઠ્ઠો પોપ—૮૩, ૮૭.
એલેક્સિસ મેનેસિસ—૭૦.
એસ્ટન, જોન—૨૧૬.
એવરી—૩૭૬.
એવેલિન—૩૩૨.
ઍડમ સ્મીથ—૩૯૨.
ઍડમ્સ, વિલિઅમ, કૅપ્ટન—૨૪૬.
અબટ, સર મોરિસ—૨૯૩.
ઓર્મ—૪૫૨.
ઓલ્ડવર્થ—૨૪૯.
ઑક્સેન્ડન—૩૧૦, ૩૧૫, ૩૪૬.
ઑગસ્ટસ—૨૯.
ઑરેલિઅન—૩૧.
ઑલ્ફૉન્સો કેસ્ટ્રો—૧૩૧.
ઑલ્ફૉન્સો પાંચમો—૮૧, ૮૩.
ઑલફોન્સો, હેનરી—૭૯.
ઑંજીઅર,(મુંબઇનો ગવર્નર—૩૧૧-૧૨ ૩૧૬—૧૯, ૩૪૬—૪૭, ૩૯૦—૯૧
ઑંરીસ—૧૦.
ઔરંગજેબ—૩૦૯, ૩૪૨, ૩૮૪—૮૭ ૩૯૧.
કડાપ્પાનો નવાબ—૪૫૮, ૪૬૧.
કમોન્સ, પોર્ટુગીઝ કવિ—૧૨૭. ૧૬૩.
કર્જીન, (ફ્રેન્ચ સેનાપતિ)—૪૭૮
કલાઇવ રોબર્ટ—૩૮૩, ૪૪૧, ૪૬૫, ૪૮૦, ૫૦૧, ૫૧૦, ૫૭૭, ૬૬૫.
કલાર્ક (બટેવિઆનો કારભારી) ૧૮૧.
ક્લિઓપેટ્રા—૨૯.
ક્લેમેન્ટ, સાતમો પોપ—૩૭.
કાર્ટર—૬૭૩.
કાર્ટરાઇટ—૨૮૪.
કાર્લટન, સર ડડલી—૧૮૭.
કાસમ ખ્વાજા—૧૦૧.
કિડ—૩૭૬.
કીલિંગ, કૅપ્ટન—૨૪૦, ૨૪૫.
કીસનદાસ—૫૪૮—૪૯, ૫૬૫.
કુક, કૅપ્ટન—૩૬૪.

ક્રૂટ, આયર–૫૨૩.
ક્રેગિન (અંગ્રેજ વેપારી)–૩૧૫.
ક્રેથેરાઇન (પોર્ટુગલની રાણી)–૧૨૭.
ક્રેથેરાઇન (પો. ના રાજાની છોકરી)–૩–૮.
ક્રેઓ, વહાણવટી–૧૯૭.
ક્રેઓ, સએબ્રિઅન–૨૦૩.
ક્રેબ્રલ, જ્યોર્જ–૧૨૭.
ક્રેબ્રલ, પેડ્રો–૯૫–૭૭, ૧૪૪, ૧૪૬.
ક્રેરિજ, કૅપ્ટન–૨૪૪, ૨૬૭.
ક્રેરાન, ફ્રાન્સિસ–૪૦૨–૩.
ક્રૅન્ફોર્ડ–૫૦૬, ૬૦૭.
ક્રોટરાસ–૧૮, ૨૦
ક્રૂવૉન્ડર, જૉન–૨૦૮–૯.
ક્રૂસ્ટ્રો–૧૪૮.
કોર્નાસ–૧૯.
કોએન–૧૭૯–૮૦, ૧૯૦–૯૧.
કોકેન, વિલિઅમ–૨૭૮, ૨૯૩–૯૫.
કોગન–૨૮૨.
કોર્નોક–૨૬૭.
કોપ, કૅપ્ટન–૪૪૮, ૪૬૫.
કોપર્નિકસ–૧૯૪.
કોરિઆ (પોર્ટુગીઝ)–૧૦૬.
કોર્ટન–૨૭૨, ૨૭૬.
કોલ્બર્ટ–૩૯૭, ૪૦૧–૨.
કોલમ્બસ–૫૦, ૮૪–૮૭, ૧૯૬.
કોલિન્સ, એડવર્ડ–૧૮૩.
કોલિશે–૮૪.
કૉક્સ–૨૪૮.
કૉન્સ્ટૅન્ટીનો ડ બ્રગેન્ઝા–૧૨૭.
કૉસેટ–૩૭૦.
કૉસ્મો–૩૭.
કૉસ્મોસ–૪૯.
ક્રૉમવેલ, ઓલીવર–૨૪૫.
ખલીફ ઉમર–૩૩.
ખાફીખાન–૩૬૯.
ખુર્રમ–૨૫૧–૫૮, ૨૬૧.
ખુશરૂ–૨૫૩.
ગાઝી–ઉદ્–દીન–૪૫૧, ૪૮૦, ૪૮૧.
ગાર્શિઆ ડ નોરોના–૧૨૩.
ગાર્શિઆ ડ સા–૧૨૬.
ગિઓવાની–૩૭.
ગિફર્ડ, વિલિઅમ–૩૭૦.
ગિલબર્ટ, સર હંફ્રી–૨૦૭–૮.
ગેયર, સર જોન–૩૮૩–૮૪, ૩૯૦.
ગેરી–૩૧૦.
ગ્રેનાવલ, સર રિચર્ડ–૨૦૮
ગોડૉલ્ફિન–૩૯૧.
ગોરેહુ–૪૯૫, ૪૯૬, ૪૯૮.
ચંદ્રગુપ્ત–૨૪, બીજો ૨૬.
ચંદા સાહેબ–૪૧૬, ૪૪૮, ૪૫૫, ૪૭૧–૭૭.
ચાઇલ્ડ, સર જોશુઆ–૨૪૬, ૩૧૯, ૩૩૩, ૩૩૭, ૩૫૬, ૩૫૯, ૩૭૩, ૩૭૬–૮૦.
ચાઇલ્ડ, સર જૉન–૩૧૯, ૩૪૬, ૩૫૦, ૩૫૫, ૩૫૯, ૩૯૧.
ચાઇલ્ડ, સર રિચર્ડ–૩૭૩.
ચાર્નોક, જોબ, ૩૫૭–૩૫૯.
ચાલુક્ય–૬૦.
ચાર્લ્સ, પહેલો–૧૮૯, ૨૬૯, ૨૭૬.
ચાર્લ્સ, બીજો–૩૨૬–૨૭, ૩૪૨, ૩૭૩, ૩૭૫, ૩૯૧.
ચિનાપ્પા, ચંદ્રગિરીનો નાયક–૨૮૨.
ચેરમાણ રાજા–૬૮.
ચૅન્સલર, રિચર્ડ–૨૦૩.
જગત શેઠ–૫૩૭, ૫૮૨.

જસ્ટિનિઅન-૬૧
જાફર ખ્વાજા-૧૨૫.
જૉન્સન, ફ્રૅાંટન-૪૬૫
જેફ્રીઝ-૩૩૪, ૩૭૪-૭૫, ૩૭૮.
જેમ્સ કૉમોડૉર-૫૧૦.
જેમ્સ, પહેલો, (ઇંગ્લંડ)-૧૭૫, ૧૭૮, ૧૮૫, ૨૬૫, ૩૦૭.
જેમ્સ, બીજો, (ઇંગ્લંડ)-૧૯૦, ૨૪૦, ૨૪૮, ૨૫૦, ૩૦૭, ૩૩૪, ૩૫૬, ૩૭૩, ૩૭૮, ૩૮૦, ૩૯૧.
જોન્સ, ફિલિપ-૨૯૦,
જૉન ઑફ ઘૅાન્ટ (ડયુક ઑફ લૅંકેસ્ટર)-૭૯.
જૉન ફૅરેટ્ટો-૧૨૩-૧૨૪.
જૉન, ચોથો-૧૩૫, ૨૪૫
જૉન, ત્રીજો-૧૨૦, ૧૨૭.
જૉન પહેલો (જૉન ધી ગ્રેટ)-૭૯.
જૉન, પીટ-૩૮૫-૮૬.
જૉન, ગ્રેસ્ટર-૮૪.
જૉન, બીજો-૮૭, ૮૪, ૮૮.
જૉન્સન-૧૮૩.
ઝામોરિન (સામુરી)-૭૦ ૭૬, ૯૧, ૧૦૮.
ઝુલફીકારખાન-૨૫૧, ૩૭૧-૨.
ઝૅવિઅર, ફ્રાન્સિસ-૧૫૭.
ટેરી, એડવર્ડ-૨૬૩.
ટેવર્નિઅર-૧૫૧.
ટ્રેબી, સર જ્યૉર્જ-૩૭૫.
ટૉલેમી, ફિલાડેલ્ફસ-૨૫.
ટૉવર્મેન-૧૮૩, ૧૮૫-૮૭, ૨૪૨.
ડડલે, સર રૉબર્ટ-૨૪૮.
ડનકન, જોનાથન-૬૬, ૭૨.
ડનોવા-૯૭.
ડયુકિન-૪૫૪.
ડાયમેકમ-૨૪.
ડાઉટન, ડૅાન્ટન-૨૪૪, ૨૪૮, ૨૭૬.
ડાયોનિશિઅસ-૨૬.
ડાશે, કાઉન્ટ-૫૦૭.
ડાંટી-૩૮.
ડિરોરી-૪૫૮, ૫૦૦.
ડીઆગો ડ મેનેઝિસ-૧૨૯.
ડીઆગો ડીઆસ-૮૮.
ડીઆસ બાર્થોલોમો-૮૫.
ડી સુઝા કુટીનો-૧૩૦.
ડુઆર્ટ-૭૯.
ડુઆર્ટ ડ મેનેઝિસ-૧૩૦.
ડુપ્લે-૩૪૫, ૩૪૮, ૪૦૮, ૪૨૬, ૪૩૩, ૪૯૭-૫૦૦.
ડુમાસ-૩૯૮, ૪૧૦.
ડેનિસ (પોર્ટુગલ)-૭૯.
ડે, ફ્રાન્સિસ-૨૮૧, ૨૮૫.
ડેરીઅસ-૨૩. ૩૦.
ડેવનાન્ટ, સર ચાર્લ્સ-૩૯૪.
ડેવિડ (યાહુદીરાજા)-૧૧.
ડેવિસ, જૉન-૨૦૮, ૨૨૦, ૨૨૪
ડ્રેક, સર ફ્રાન્સિસ-૧૩૦, ૧૭૫, ૨૦૪-૬.
ડ્રેક, ગવર્નર-૫૫૮.
ડૉટીલ-૪૫૩,૪૫૫,૪૬૫,૪૭૬,૫૦૧
ડૉમ એથેડ-૧૨૯.
ડૉમ લિમા-૧૨૬.
તરીક, આરબ સરદાર-૭૯.
તારાબાઇ-૫૦૮.
તાવ્હોરા-૧૩૧.
તિમયા-૯૮, ૧૦૯, ૧૧૩.
ત્રિમ્પારા-૯૬, ૧૦૧.
તૈમુરલંગ-૪૭, ૫૦.
થૉર્ન, રૉબર્ટ-૨૦૩.

દાઉદખાન પન્ની–૪૧૫.
દાવને–૮૮.
દોસ્તઅલ્લી–૪૧૬, ૪૨૦, ૪૫૧.
નજમ–ઉદ–દોલા–૬૨૬–૨૭, ૬૨૯.
નજીમ–ઉદ–દોલા–૬૨૧.
નજીબખાન–૬૩૪.
નસુરેડનઝર–૮.
નરસિંગરાવ, વિજયનગરનો રાજા–૧૦૮
નંદકુમાર–૫૮૮.
ન્યુનો ડ કુના–૧૨૨.
નાર્થટ, જૉન–૨૩૩.
નારાયણ, ચિન્સુરાનો વેપારી–૨૮૫.
નારાયણ, ઝામોરીનનો યુવરાજ–૧૦૭.
નારાયણદાસ–૫૫૧.
નાસીરજંગ–૪૫૧–૫૮, ૪૮૦.
નિઆર્કસ–૧૫, ૨૧.
નિકલસન, કૅપ્ટન. ૩૫૬.
નિકેનોર–૧૬.
નિકેયા–૧૬.
નિકોલસ, પાંચમો–૮૩, ૮૭.
નિઝામ–ઉલ–મુલ્ક–૪૫૧.
નિનાચતુ–૧૧૩.
નિમો પારેખ–૩૧૧.
નિમાલકર, જાનગા–૪૮૭.
નૂર જહાન–૨૫૩.
નેપોલિઅન–૩૯૪.
નૉક્સ–કૅપ્ટન.
નૉરિસ, સર વિલિઅમ–૩૭૨, ૩૮૫–૮૮.
પરેડીમ–૪૩૯.
પર્ડિકાસ–૧૬.
પર્વિઝ–૨૫૨, ૨૬૧.
પરીઝ–૯૨.
પાઉન્ડ, થૉમસ–૨૧૦.
પારીકો–૧૦૭.
પાડચ–૨૭.
પિગટ–૪૬૯, ૫૨૦.
પિટ, થૉમસ, મદ્રાસનો ગવર્નર–૩૭૦, ૩૭૬–૩૭. ૩૮૫. ૩૯૧.
પિટર–૪૧.
પિટર ધી ગ્રેટ–૨૧૬.
પિંડર–૨૭૨.
પીર મોગલ–૪૫૧.
પેટન કૉમોડર–૪૩૩.
પેટ્રિક, વૉર્નર–૩૭૦.
પેડ્રો–૭૯.
પેડ્રો ડ સિલ્વા–૧૩૪.
પેરૂઝી–૩૮.
પેરૂમાળ–૬૦.
પવા–૮૪.
પૅમ્બેલ, કૅપ્ટન–૨૬૧.
પૅપિલોન–૩૭૩–૪, ૩૭૮.
પોમ્પી–૨૮.
પોરસ–૧૪. ૧૬.
પોર્ટર,–૨૭૨.
પોર્ટો, પાદરી–૧૫૮, ૧૬૧.
પોલાદખાન–૧૧૩.
પોલો ડ ગામા–૮૮.
પ્રતાપસિંગ ( તાંજોર )-૪૪૮–૪૯.
પ્રાઇસ–૧૮૨.
પ્રેટિ, વહાણવટી–૨૨૦.
પ્લિની–૨૭, ૩૦.
ફર્ડિનાન્ડ ( એરેગોનનો રાજા )–૭૮
ફરનાન્ડો–૭૯.
ફલ્લુઅરી–૪૩૧.
ફ્લેચર, સર રૉબર્ટ–૬૫૦, ૬૬૭.
ફાહિઆ ( ચિનાઇ મુસાફર )–૬૦
ફ્રાન્સિસકો ફુડીનો–૧૨૭.

ફ્રાન્સિસકો ડ ગામા–૧૩૧, ૧૬૪.
ફ્રાન્સિસકો બેરેટો–૧૭૭.
ફ્રાયર, ૩૨૬–૩૩૫.
ફ્રિચ્ચ, રાલ્ફ–૨૦૮,૨૧૨–૧૩, ૨૧૬, ૨૨૦.
ફિલિપ, ચોથો–૧૩૩.
ફિલિપ,ત્રીજો (સ્પેન)–૭૮,૧૩૩,૨૦૬
,, બીજો (સ્પેન પોર્તુગલ)–૧૨૯.
ફિલિપ્સ, (સિકંદરનો સરદાર)–૨૦.
ફેરો, સેમેટિકસ–૮,
ફોર્ડ, કર્નલ–૧૯૩.
ફ્રૉબીશર. માર્ટિન–૨૦૬–૦૮.
બર્લે, લૉર્ડ ટ્રેઝરર–૨૩૯
બલવતસિંગ (બનારસ)–૬૨૦.
બહાદુરશાહ (ગુજરાતનો સુલતાન)–૧૨૨.
બાઉટન, ગેબ્રિઅલ–૨૮૪.
બાબાસાહેબ, ગોવલકોન્ડનો સેનાપતિ–૩૭૦.
બાર્ડી–૩૮.
બાર્થોલોમ્યુ ડીઆસ–૮૩, ૯૫.
બાર્બોઝા (પો. વહાણવટી)–૯૬, ૨૦૧.
બાલ્બોઆ (સ્પે. વહાણવટી)–૧૯૯.
બાલાજી બાજીરાવ–૪૬૨, ૪૮૩.
બીઅર્ડ, જૉન–૩૮૪, ૮૬, ૩૯૧.
બ્રિટો–૧૩૩.
બુર્શિયર રિચર્ડ–૫૦૯.
બુસી–૪૫૩, ૪૫૬, ૪૮૦, ૪૮૬, ૫૦૦, ૫૧૦.
બ્યુરી, જનરલ–૪૪૨.
બ્રુટસ–૨૯.
બ્રુન, આઇઝેક–૧૮૮.
બ્રુસ–૩૪૯.
બેકાવિટ–૨૧૬.
બેસ્ટ, કૅપ્ટન–૨૪૩.
બેહરીંગ, કૅપ્ટન–૨૩૩.
બૅફીન, વિલિઅમ–૨૨૦ ૨૩૩.
બૅરેટ, વિલિઅમ–૧૬૯
બૅરો, સર જૉન–૨૧૫.
બ્લૅકવેલ, ઑલ્ડરમેન–૨૩૭.
બોથ, પીટર, ડચ ગવર્નર–૧૭૬.
બોફર્ટ, ડ્યુક ઑફ–૩૮૩.
બોબીઝા–૧૦૧.
બોમટ–૧૮૩
બોવલિએ–૪૦૭.
બૉસ્કેવન, એડમીરલ–૪૪૩.
ભાસ્કર, રવિવર્મા–૬૪.
મનરો, સર હેક્ટર–૬૬, ૬૧૯.
મનવિક્રમ સામુરી–૭૬.
મરીનો મેન્યુડો–૪૬.
મર્કારા–૪૦૨.
મલિક આયાઝ–૧૦૪.
મલિક ઇબ્ન દિનાર–૯૮.
મલ્હારરાવ (ગોવાનો કારભારી)–૧૧૨–૧૩.
મહમદઅલી (કર્નાટકનો નવાબ)–૪૫૩–૫૪, ૪૫૮, ૪૬૩–૬૪, ૪૬૮–૭૧, ૪૯૯, ૫૧૨.
મહમદઅલી (નાયર)–૬૯.
મહમદ બેગડો–૧૦૫.
મહમદ (માલિક ખ્વાજા)–૯૯.
મહમદ શરીફ–૪૫૧.
મહમદશાહ(ગુજરાતનો સુલતાન) ૧૨૩.
મહમુદ (ખંભાતનો સુલતાન)–૧૨૪.
મકોજી–૪૭૬.
મડેલ્સ્લો–૩૨૨.
માઇકલ નોરોના–૧૩૩.
માઇકલબોર્ન–૨૩૯.

માણેકચંદ-૫૩૭.
માની, ઇરાની ધર્મસુધારક-૩૧.
માહુંઝખાન-૪૩૮-૩૯, ૪૪૭, ૪૫૩.
મારમાપાર-૬૪.
માર્કોપોલો-૮૬-૪૯, ७૪.
માર્ટિન-૪૦૩-૬.
માર્લો, એન્ટની-૨૪૨.
માસ્કરીના-૧૨૪, ૧૨૯.
માસ્ટર, મર સ્ટ્રેન્શમ-૩૪૩, ૩૫૩, ૩૭૦.
મિડલ્ટન, કેપ્ટન-૨૨૦, ૨૨૪, ૨૩૮, ૨૪૧.
મિલ્ડનહૉલ-૨૧૮, ૨૪૭.
મીરકાસમ-૬૧૭.
મીરજાફર-૫૪૦, ૫૮૨, ૫૯૦.
મીરજુમલા-૩૪૨, ૩૪૮, ૩૫૭
મીરાન-૬૦૭.
મીલ, જેમ્સ-૫૦૨.
મુકરબખાન-૨૫૧,૨૫૮.
મુજફ્ફરજંગ-૪૫૦-૬૨.
મુન-૫૨.
મુરારરાવ ઘોરપડે-૪૫૫-૫૬, ૪૭૨.
મુમ્તાઝમહાલ (ખુર્રમની સ્ત્રી)-૨૫૩, ૩૫૨.
મુર્તઝાઅલી-૪૧૬, ૪૭૮.
મુર્શિદકુલીખાન-૩૬૪, ૫૩૭.
મેકોલે-૩૭૮.
મગાસ્થનીસ-૨૪.
મેથ્વોલ્ડ, કેપ્ટન-૨૭૭-૭૮.
મેનેઝીસ, ડોમ હેનરી ડ, (પો. ગવર્નર)-૧૨૦-૨૧.
મેરી, ઇંગ્લંડની રાણી-૨૦૩-૪.
મેલીમન-૪૬૪.
મૉર્ગન-૪૩૪, ૪૬૭.
મૌર્ય બાદશાહ-૨૬.
યાકુબખાન-૩૬૧.
યુલ, સર હેનરી-૩૪૪.
યુસુફ આદિલશાહ-૧૧૦-૧૧૧.
યુસુફ તુર્ગી-૧૧૦.
રઘુજી ભોંસલે-૫૩૮.
રઘુનાથદાસ, જુઓ રામદાસ પંત.
રસુલખાન, વિજાપૂરનો સરદાર-૧૧૪.
રહિમખાન-૩૬૪.
રાણોજી શિંદે-૪૮૪.
રાજારામ-૩૭૧, ૫૪૯.
રાજાસાહેબ-૪૭૧.
રામદાસપંત-૪૮૫-૮૬,
રામનારાયણ-૬૦૭, ૬૧૬-૧૭.
રામસે, પ્રોફેસર-૫૬.
રાય દુર્લભ-૫૪૦, ૫૫૪.
રાલે, મર વૉલ્ટર-૫૬.
રાષ્ટ્રકુટ-૬૦, ७૪.
રિચાર્ડ, લૉરેન્સ-ડચ ગવર્નર, ૧७७.
રિચર્ડ કેમ્બિન-૩૧૫.
રીઝાખાન, મહમદ-૬૨૬.
રીશેલ્યુ ૩૯૭-૪૦૧
રુમ્રુકી-૪૬-૪૭.
રુસ્તમખાન ૧૨૫-૨૬.
રૂમ, અધ્યક્ષ-૬૬૫
રેન્ટ્સ, જેરાર્ડ-૧७७.
રેનૉલ્ટ-૫૬૫-७૬.
રેમન્ડ, કેપ્ટન-૨૦૯, ૨૧૩
રોટ્લે, ટૉમસ-૨૭૭.
રોલ્ટ-૩૧૯, ૩૪૭.
રો, મર ટૉમસ-૧७૮, ૨૪૮-૬૬, ૨७૩, ૩૮૬, ૩૮૮, ૫૪૨.
લાડુશ-૪૫૮.
લાબુર્ડોને-૬૬, ૪૦૮, ૪૩૦-૪૩૩-૩૭.

લાલી, કાઉન્ટ–૫૦૧, ૫૧૫.
લાહુર–૫૩૨.
લિઓ, પોપ–૩૭.
લિટલટન, સર એડવર્ડ–૩૮૪–૮૫.
૩૯૧.
લિન્સકૉટન–૧૬૯ ૨૧૬.
લિંગાપા નાયક–૩૫૩, ૩૧.
લીએન્ટીસ–૩૯૪.
લુઈ એથેડ–૧૨૮, ૧૬૪.
લુઇ ૧૪મો–૩૮૯, ૩૯૪, ૩૯૭, ૩૯૯.
લુઈ ૧૫ મો–૩૯૯, ૪૦૧.
લેગહોર્ન, સર વિલિઅમ–૩૭૦.
લેન્કેસ્ટર, કૅપ્ટન–૨૧૩, ૨૨૦, ૨૨૪,
૨૩૭, ૩૧૪.
લેન્વૉર–૩૯૮, ૪૦૭.
લોપેઝ સેકીરા–૧૧૯.
લૅા, ફ્રેન્ચ સેનાપતી–૪૬૫, ૪૭૧, ૪૭૫.
લૅારેન્સ, મેજર–૪૪૮, ૪૫૫, ૪૬૮,
૪૭૫, ૫૦૫.
લૅારેન્સો–૩૭.
લૅાર્ડ હેનરી, સુરતનો ગવર્નર–૨૭૫.
વંકોજી–૪૧૭, ૪૬૧.
વ્હેરલસ્ટ–૬૦૯.
વાસ્કો ડ ગામા–૭, ૫૧, ૮૮–૯૫,
૯૭–૧૦૧, ૧૨૦, ૧૪૬, ૧૫૬.
વિન્ટર, સર એડવર્ડ–૩૪૨, ૩૫૨.
વિલિઅમ, ત્રીજો–૩૮૦, ૩૮૯.
વીરરાઘવ ચક્રવર્તી–૬૪.
વીલોબી, સર હ્યુ–૨૦૩.
વુડ, કૅપ્ટન બેન્જામીન–૨૧૭.
વેઈટ, સર નીકોલસ–૩૮૩, ૩૮૪,
૩૮૬–૮૮,
વેટસપપર–૫૪, ૫૮૨.
વેડલ, કૅપ્ટન–૨૭૬.
વેડ્લ, જોન–૬૮૩.
વેમથ, કૅપ્ટન–૨૩૨.
વૉટસન, એડમીરલ–૫૦૧, ૫૧૦, ૫૭૨,
૫૭૬.
વૅાન્સિટાર્ટ–૬૦૮, ૬૨૧.
વૉર્ન હેસ્ટીંગ્સ–૬૦૯, ૬૧૫, ૬૭૩.
વૅાલસિંગહામ–૨૨૩
સફ્દરઅલ્લી–૪૧૯, ૪૨૩, ૪૨૬.
સફેન–૫૩૩.
સબેશ્ચિઅન–૧૨૭, ૧૬૪.
સમરૂ–૬૧૮.
સલાબતજંગ–૪૬૨, ૪૭૮, ૪૮૦.
સલીમ, રૂમશામનો સુલતાન–૧૧૭.
સલીમશાહ, તુર્ક બાદશાહ–૫૦, ૫૩,
૧૨૧.
સલીવાન–૬૨૩, ૬૬૮.
સંભાજી–૩૨૦, ૩૫૩.
સાઇલેકયુસ–૩૦.
સાદતુલ્લા–૪૧૫.
સારીસ, કૅપ્ટન–૨૪૭.
સાલ્ડાના–૧૦૨, ૧૩૧.
સિકંદર (એલેકઝાન્ડર)–૮, ૯, ૧૧,
૧૩–૨૪, ૩૯૪.
સિક્વેરા–૧૧૩, ૧૬૫.
સિઝર, જુલિઅસ,–૮, ૨૯, ૩૯૪–૯૫.
સિતાપરાય–૬૨૦ ૬૪૬.
સિલ્વેરા–૧૨૩.
સિસાસ્ટ્રીસ–૧૦.
સુજા–૩૨૩, ૩૫૩
સુરાજ-ઉદ-દૌલા–૫૩૬, ૫૪૭, ૫૫૦,
૫૬૦–૬૩.
સુલેમાન, (તુર્ક સુલતાન)–૧૨૧.
સેક્સટસ, ચોથો–૮૩.
સેન્ટ ટૉમસ–૭૦, ૧૩૯.

સેન્ટ લુઈ-૪૭.
સેરાનો-૨૦૧.
સેલ્યુકસ-૧૪.
સૅન્ડિસ, થૉમસ-૩૭૪.
સોદ્રે-૯૯.
સોબ્રિન-૫૦૧.
સોમ, સર સ્ટીફન-૨૨૦
સોરેઝ-૧૬૪.
સોલિસ-૨૦૦.
સોપેયો, લોપો વાઝ ડ-૧૨૧-૧૨૨.
સૅાન્ડર્મે-૪૬૮-૬૯, ૪૯૯-૫૦૦.
સૉલોમન-૧૧, ૧૩.
સૈયદ લશ્કરખાન-૪૪૫, ૪૮૯-૯૦.
સ્થાણુરવિગ્રહ-૬૪.
સ્ટીફન, ફાધર ટૉમસ-૨૦૮,૨૧૦-૧૨.
સ્ટીફો ડ ગામા-૧૨૪.
સ્ટીલ, વેપારી-૨૬૭
સ્ટેપર, રિચર્ડ-૨૧૮, ૨૨૦.
સ્ટ્રેબો-૮, ૨૪, ૩૦.
સ્પ્યુટ્ટ, હરમન વૉન-૧૮૧-૮૪, ૧૮૬.
સ્પેન્સ-૬૨૧, ૬૨૫-૨૬.
સ્મિથ, વિન્સેન્ટ (ઇતિહાસકાર)-૧૫
સ્મિથ, સર ટૉમસ, ૨૧૮, ૨૨૦, ૨૨૪, ૨૪૯, ૨૯૩.
શાઇસ્તખાન-૩૪૩, ૩૪૮, ૩૫૪.
શરલે, સર ઍન્ટની-૨૬૬-૬૮.
,, સર રૉબર્ટ-૨૬૬-૬૮.
શંકરાચાર્ય-૬૧.
શાપુરી (સોપાર)-૩૦.
શાહજહાન-૨૭૪, ૩૪૨.
શાહુજી-૪૪૮-૪૯, ૫૦૮.
શિવાજી-૩૬૩, ૪૦૪.
શ્રીરંગરાય, ચંદ્રગિરિનો નાયક-૨૮૧.
હડસન, હેનરી-૨૦૮, ૨૩૩.
હાનો (કાર્થેજ)-૨૬.
હારકુઅલ્સ-૭૮.
હિરિન્સમ-૩૪૯.
હિપૉન, કૅપ્ટન-૨૩૪, ૨૭૯.
હિપ્પાલસ-૨૮.
હિફ્રેસ્ટીઅન-૧૬, ૧૯.
હિરામ-૧૨.
હીરોડોટસ-૮.
હુમાયુ-૧૨૨.
હેડ્રીઅન-૫૦.
હેમિલ્ટન, કૅપ્ટન-૭૧.
હેનરી, આઠમો (ઇંગ્લંડ)-૨૦૨.
હેનરી, આકસેન્ડન-૩૧૮.
,, ત્રીજો-૪૦૧.
,, ચોથો-૪૦૧.
,, સાતમો (ઇંગ્લંડ)-૧૯૭.
હેનરી, રાજપુત (પોર્ટુગલ)-૭૯-૮૦. ૮૨-૨૧૪.
હોમર-૮.
હૉકીન્સ, કૅપ્ટન-૨૪૨.
હૉકીન્સ, જૉન-૨૦૪, ૨૭૩
હોલવેલ-૫૪૬ ૫૫૯, ૬૦૬.
હોર્ટ-૩૯૫.
હોટમન, કોર્નેલિઅસ-૧૬૯-૧૭૦.


## ૨. મુખ્ય શહેર, નદી, પર્વત વગેરેનાં નામની નોંધ.


અકાબાનું અખાત-૧૧-૧૨.
અંગોલા-૧૦૬.
અંજદીપ-૧૦૪.
અટક, જુઓ તક્ષશિલા.
અડીઆર-૪૩૯.
અંબુર-૪૫૩.

અમદાવાદ–૧૦૪, ૨૫૯.
અમરેલી–૩૬.
અમેરિકા–૫૧, ૧૯૮, ૩૯૫, ૩૯૬, ૩૯૮.
અમુદર્યા–૨૧૬.
અરણી–૪૭૪.
અર્સિનો બંદર–૨૫.
આફ્રિકા–૩૯૫.
આમસ્ટર્ડામ–૧૭૭.
આર્કટ–૩૪૯, ૪૫૦,૪૭૦,૪૭૪,૫૨૦.
આરબી સમુદ્ર–૭.
આર્માગામ–૨૮૧.
આરાબેલા–૨૩.
આલ્ગોઆનો ઉપસાગર–૮૫.
આરકલન–૪.
ઇજીપ્ત અથવા મિસર દેશ–૭, ૧૦,૩૯૪.
ઇબ્ન-ઉમર–૧૨.
ઇડોમ–૫.
ઇરાન–૩૭૬.
ઇરાની અખાત–૭, ૨૭૪, ૩૮૭.
ઈલાથ–૧૨.
ઇસ્પહાન–૨૬૭.
ઉધનવાની લડાઈ–૬૧૮.
એઇલાશાપેલ–૪૪૩, ૪૬૩.
એકર–૫.
એક્રીન–૧૭૩.
એઝોર–૮૧, ૮૭.
અન્ટવર્પ–૪૬, ૨૦૯, ૨૧૪.
એંટીઓક–૩૫.
એમ્બોયના–૧૭૪, ૧૭૭, ૧૭૯, ૧૮૦, ૨૬૭.
એમેઝોન–૨૫૦.
એમૉય–૧૫૩.
એરેગૉન–૧૫૩.
એલેકઝાન્ડ્રીઆ–૯, ૧૪, ૨૫, ૩૪, ૪૩, ૫૨.
એલેપ્પો–૪૪, ૫૨.
ઓક્સસ–૫.
ઑગ્સબર્ગ–૪૫.
ઑફીર–૧૨.
ઑર્મઝ–૮૪, ૧૦૭, ૧૧૫, ૧૩૩, ૧૪૫, ૨૬૭.
ઔરંગાબાદ–૪૬૨.
ઓહિંદ ઉર્ફે ઉદ–૧૭.
કંદહાર–૫૫.
કડલોર–૪૪૧, ૪૪૨, ૫૧૭.
કર્નાટક–૩૮૮, ૪૦૪, ૪૧૮, ૪૨૫.
કર્નુલ–૪૬૧.
કપુણા–૧૯૭.
કલકત્તા–૩૫૮, ૩૯૮, ૫૦૧, ૫૫૫.
કાંચી–૬૦.
કાનાનુર–૬૯, ૮૪, ૧૦૪, ૧૯૩.
કાફા–૫૦.
કાબુલ–૫૫.
કારીકલ–૪૧૮, ૪૨૦, ૪૬૦.
કાર્થેજ–૯, ૧૦, ૭૮.
કાવેરીપાક–૪૭૫.
કાસારગોડ–૬૮.
કાસ્પીઅન સમુદ્ર–૫, ૨૦૪.
કાસીમ બઝાર–૨૮૬, ૩૪૩, ૫૩૭, ૫૪૬, ૫૫૩.
કાળો સમુદ્ર–૫, ૬.
ક્રિમીઆ–૬.
ક્રિલ્વા–૧૦૪.
ક્વિલૉન ઉર્ફે કોલમ–૬૪, ૬૮, ૧૦૦, ૧૪૫.
કેન્ટન (કંતાન)–૩૩.
કેપ ઑફ ગુડ હોપ–૮૬, ૩૧૪.

કેરલ—જુઓ મલબાર.
કેરો—૫૫, ૯૦.
કૅલિકટ—૫૧, ૬૩, ૭૦, ૭૪, ૮૪, ૮૯, ૯૮, ૯૯.
કૅસ્ટાઇલિ—૭૮.
કાંગો—૮૩.
કોચીન—૭૦, ૭૫, ૭૬, ૯૬, ૧૯૩, ૨૧૬.
કોડુંગલુર (કાનાનુર)—૬૦, ૬૮, ૧૯૩.
કૉન્સ્ટૅન્ટીનોપલ—૬, ૩૪, ૩૫, ૩૯, ૪૦, ૪૩, ૪૭, ૫૦, ૫૫, ૧૯૪.
કોમ્હોસ—૨૫, ૨૮.
કોમોરો—૨૫૧.
કોરેગામ—૪૮૪.
કોવેલંગ—૪૭૮.
કોસમ—કિનશૅાન જુઓ.
કોક્ષોન—૪૫.
ખંભાત—૧૭૧, ૨૪૨.
ખટવાની લડાઈ—૬૧૭.
ખાઇબરઘાટ—૧૪, ૧૩૧.
ખાલ્ડીઆ—૫
ગરસપ્પા—૧૧૧.
ગેલાબંદર—૨૮.
ગોવલકોન્ડા—૨૭૮, ૨૭૯, ૩૧૩, ૩૫૬ ૩૭૧, ૪૦૩.
ગોબરૂન—૨૬૮.
ગોવા—૮૪, ૧૦૯—૧૧૧, ૧૩૬.
ઘેરીઆ—૬૧૭.
ઘોઘા—૯૫.
ચંદ્રગિરી—૨૮૧.
ચંદ્રનગર—૩૯૮, ૪૦૪, ૫૧૩, ૫૭૫, ૫૭૮.
ચન્નાપટ્ટણ—મદ્રાસ જુઓ ૨૮૨.
ચંબીની ખીણ—૫૭.
ચિંગલપટ—૪૭૮.
ચિતાગૉંગ—૬૨૨.
ચિત્તગામ—૩૫૬, ૩૫૯.
ચિનસુરા—૨૮૫.
ચીન—જાપાન. ૫, ૬, ૨૪૬—૨૪
ચોલ—૧૦૪, ૧૨૯.
જંજીરા—૨૭૪.
જકાત્રા—૧૭૩.
જાફનાપટ્ટણ—૧૨૭.
જાવા—૧૭૨.
જાસ્ક—૨૬૭.
જીંજી—૩૭૧, ૪૫૬, ૪૫૮.
જીનોઆ—૪૦ ૯૪.
જુલિઓપોલિસ—૨૮.
જેરૂસલમ—૬૨, ૪૦.
જોહોર—૧૭૩.
ટર્નેટ—૧૭૩, ૨૦૫.
ટાયર—૫, ૭, ૧૧, ૧૨, ૩૧
ટાર્શિસ—૧૨.
ટિફ્લિસ—૫.
ટીબેટ—૫૭.
ટ્રીચીનાપોલી—૪૧૭, ૪૫૪, ૪૬૪, ૬૫, ૪૭૪.
ટેલિચરી—૬૨.
ટોન્કવીન—૬૯૩.
ડમાસ્કસ—૫, ૧૨, ૪૩, ૪૪.
ડાન્યુબ—૬.
ડાભોલ—૯૮, ૧૨૬.
ડુપ્લે-ફતેહ-આબાદ—૪૬૧, ૪૯
ડેપ્ટફર્ડ—૩૦૪.
ડેરિયન—૧૯૯
તળેગામ—૪૮૪.
તક્ષશિલા—૧૪, ૧૬, ૧૭.
તાંજોર—૩૯૯, ૪૧૭, ૪૪૮.

અમદાવાદ–૧૦૪, ૨૫૯.
અમરેલી–૩૬.
અમેરિકા–૫૧, ૧૫૮, ૩૯૫, ૩૯૬, ૩૯૮.
અમુદર્યા–૨૧૬.
અરણી–૪૭૪.
અર્સિનો બંદર–૨૫.
આફ્રિકા–૩૯૫.
આમસ્ટર્ડામ–૧૭૭.
આર્કટ–૩૪૯, ૪૫૦,૪૭૦,૪૭૪,૫૨૦.
આરબી સમુદ્ર–૭.
આર્માગામ–૨૮૧.
આરાએલા–૨૩.
આલ્ગોઆનો ઉપસાગર–૮૫.
આરકેલન–૪.
ઇજીપ્ત અથવા મિસર દેશ–૭, ૧૦,૩૯૪.
ઇઝ-ઉમર–૧૨.
ઇડોમ–૫.
ઇરાન–૩૭૬.
ઇરાની અખાત–૭, ૨૭૪, ૪૮૭.
ઈલાથ–૧૨.
ઇસ્પહાન–૨૬૭.
ઉધનવાની લડાઈ–૬૧૮.
એઇલાશાપેલ–૪૪૩, ૪૬૩.
એકર–૫.
એડીન–૧૭૩.
એઝોર–૮૧, ૮૭.
એન્ટવર્પ–૪૬, ૨૦૯, ૨૧૪.
ઍંટીઓક–૩૫.
એમ્બોયના–૧૭૪, ૧૭૭, ૧૭૯, ૧૮૦, ૨૬૭.
એમેઝોન–૨૫૦.
એમૉય–૧૯૩.
એરેગૉન–૧૯૩.
એલેકઝાન્ડ્રીઆ–૯, ૧૪, ૨૫, ૩૪, ૪૩, ૫૨.
એલેપ્પો–૪૪, ૫૨.
ઓક્સસ–૫.
ઑગ્સબર્ગ–૪૫.
ઑફીર–૧૨.
ઑર્મઝ–૮૪, ૧૦૭, ૧૧૫, ૧૩૩, ૧૪૫, ૨૬૭.
ઔરંગાબાદ–૪૬૨.
ઓહિંદ ઉર્ફે ઉદ–૧૭.
કંદહાર–૫૫.
કડલોર–૪૪૧, ૪૪૨, ૫૧૭.
કર્નાટક–૩૮૮, ૪૦૪, ૪૧૮, ૪૨૫.
કર્નુલ–૪૬૧.
કુંબા–૧૯૭.
કલકત્તા–૩૫૮, ૩૯૮, ૫૦૧, ૫૫૫.
કાંચી–૬૦.
કાનાનુર–૬૯, ૮૪, ૧૦૪, ૧૯૩.
કાફા–૫૦.
કાબુલ–૫૫.
કારીકલ–૪૧૮, ૪૨૦, ૪૬૦.
કાર્થેજ–૯, ૧૦, ૭૮.
કાવેરીપાક–૪૭૫.
કાસારગોડ–૬૮.
કારપીઅન સમુદ્ર–૫, ૨૦૪.
કાસીમ બઝાર–૨૮૬, ૩૪૭, ૫૩૭, ૫૪૬, ૫૫૩.
કાળો સમુદ્ર–૫, ૬.
ક્રિમીઆ–૬.
ક્લિવા–૧૦૪.
ક્વિલોન ઉર્ફે કોલમ–૬૪; ૬૮, ૧૦૦, ૧૪૫.
કેન્ટન (કંતાન)–૩૩.
કેપ ઑફ ગુડ હોપ–૮૬, ૩૧૪.

કેરલ—જુઓ મલબાર.
કેરો—૫૫, ૯૦.
કેલિકટ—૫૧, ૬૩, ૭૦, ૭૪, ૮૪, ૮૫, ૯૮, ૯૯.
કૅસ્ટાઇલ—૭૮.
કૉંગો—૮૩.
કોચીન—૭૦, ૭૫, ૭૬, ૯૬, ૧૯૩, ૨૧૬.
કોડુંગલુર (કાનાનુર)—૬૦, ૬૮, ૧૯૩.
કૉન્સ્ટૅંટીનોપલ—૬, ૩૪, ૩૫, ૩૯, ૪૦, ૪૩, ૪૭, ૫૦, ૫૫, ૧૯૪.
કૉફેહોસ—૨૫, ૨૮.
કોમોરો—૨૫૧.
કોરેગામ—૪૮૪.
કોવેલંગ—૪૭૮.
કોલમ—કિવલૉન જુઓ
કોલોન—૪૫.
ખંભાત—૧૯૧, ૨૪૨.
ખટવાની લડાઈ—૬૧૭.
ખાઇબરઘાટ—૧૪, ૧૩૧.
ખાલ્ડીઆ—૫
ગરમપ્પા—૧૧૧.
ગેલાબંદર—૨૮.
ગોવલકોન્ડા—૨૭૮, ૨૭૯, ૩૧૩, ૩૫૬ ૩૭૧, ૪૦૩.
ગોબરૂન—૨૬૮.
ગોવા—૮૪, ૧૦૯—૧૧૧, ૧૩૬.
ઘેરીઆ—૬૧૭.
ઘોઘા—૯૫.
ચંદ્રગિરી—૨૮૧.
ચંદ્રનગર—૩૯૮, ૪૦૪, ૫૧૩, ૫૭૫, ૫૭૮.
ચન્નાપટ્ટણ—મદ્રાસ જુઓ ૨૮૦.
ગબીની ખીણુ—૫૭.
ચિંગલપટ—૪૭૮.
ચિતાગૉંગ—૬૨૨.
ચિત્તગામ—૩૫૬, ૩૫૯.
ચિનસુરા—૨૮૫.
ચીન—જાપાન. ૫, ૬, ૨૪૬—૨૪.
ચોલ—૧૦૪, ૧૨૯.
જંજીરા—૨૭૪.
જકાત્રા—૧૭૩.
જાફનાપટ્ટણ—૧૨૭.
જાવા—૧૭૨.
જારક—૨૬૭.
જીંજી—૩૭૧, ૪૫૬, ૪૫૮.
જીનોઆ—૪૦ ૯૪.
જુલિઓપોલિસ—૨૮.
જેરૂસલમ—૧૨, ૪૦.
જોહોર—૧૭૩.
ટર્નેટ—૧૭૩, ૨૦૫.
ટાયર—૫, ૭, ૧૧, ૧૨, ૩૧
ટાર્સિસ—૧૨.
ટિફ્લિસ—૫.
ટીબેટ—૫૭.
ટ્રીચીનાપોલી—૪૧૭, ૪૫૪, ૪૬૪. ૬૫, ૪૭૪.
ટેલિચરી—૬૨.
ટોન્કીન—૧૯૩.
ડમાસ્કસ—૫, ૧૨, ૪૩, ૪૪.
ડાન્યુબ—૬.
ડાભોલ—૯૮, ૧૨૬.
ડુપ્લે-ફતેહ-આબાદ—૪૬૧, ૪૭૫.
ડેપ્ટફર્ડ—૩૦૪.
ડેરિઅન—૧૯૯
તળેગામ—૪૮૪.
તક્ષશિલા—૧૪, ૧૬, ૧૭.
તાંજોર—૩૯૯, ૪૧૭, ૪૪૮.

તાડપુર ઉર્ફે પાલમયરા–૫, ૧૨, ૨૭.
તારાપુર–૧૨૩.
તાલીકોટ–૧૦૮, ૨૭૫,
તિમોર–૧૭૨.
તિરૂનાવાયી–૬૦, ૭૨.
તિરૂવાદી–૪૫૬.
ત્રાવણકોર–૬૦.
થાણા–૧૨૩.
થિઓડોશિઆ–૬.
દમણ–૧૩૬.
દમલચેરી ઉર્ફે ચંબુર–૪૫૩.
દેવીકોટા–૪૪૮, ૪૫૫, ૫૧૮.
દીવ–૧૨૩.
નતની ભૂશિર–૮૦.
નાઇલ નદી–૧૪.
નાગાપટ્ટણ–૪૭૨.
નાતાલ–૮૮.
નાનકીન–૩૨.
નાવાઝેમબ્લા–૨૦૪.
પંજાબ–૧૧૦, ૧૫૦.
પટના–૨૮૬, ૬૦૭, ૬૧૮.
પટલ–૨૦.
પનામાની સંયોગીભુમિ–૧૯૯.
પાણીપતની લડાઇ–૬૩૫.
પાલમાયરા–જુઓ તાડપુર.
પીમા–૩૬.
પુલારૂન–૧૮૧.
પેકીન–૪૯, ૫૫, ૧૩૧.
પેગુ–૧૧૩.
પેટ્ટપુલિ (નિઝામપટ્ટણ)–૨૪૩, ૨૬૫.
પેરા–૪૩.
પેરીસના કોલકરાર–૪૪૭.
પેરૂ–૧૯૯.
પેલેસ્ટાઇન–૫.
પેસીફીક મહાસાગરની શોધ–૧૯૮ ૨૦૧.
પોન્ડીચરી–૩૯૮, ૪૦૪, ૪૧૯, ૪૪૪, ૪૪૫.
પોર્ટ લુઇ–૪૩૭
પ્લાસી–૫૪૮, ૫૮૮.
ફ્લારેન્સ–૩૭.
ફ્લોરિસ–૧૭૨,
ફિરોડા બંદર (જાપાન)–૨૪૬.
ફીલીપાઇન બેટ–૨૦૧.
ફૉર્ટ વિલિઅમ–૩૮૪. ૫૪૬, ૫૭૧.
ફૉર્ટ સેન્ટ ડેવિડ–૪૪૧, ૪૪૨, ૪૫૫, ૫૧૮.
ફૉર્ટ સેન્ટ જ્યોર્જ–૩૮૫, ૪૩૪, ૫૨૧.
ફ્રામોસા–૨૫૩.
બકસરની લડાઇ–૬૧૯.
બગદાદ–૬, ૯.
બંગાળા–૩૭૬, ૩૮૨, ૨૯૪, ૩૮૮, ૩૯૧. ૩૯૯
બટેવિઆ–૧૮૧, ૧૭૩ ૧૭૯.
બરદ્વાવાન–૬૬૨.
બનિસ–૨૫, ૩૮.
બરહાનપુર–૨૩.
બસરા–૯, ૩૩.
બહુર–૪૩૮, ૪૭૮.
બાકુ–૫.
બાંકીપુર–૬૨૫.
બાટુમ–૫.
બ્રાઝીલ–૨૦૦.
બાન્ડા–૧૭૪.
બાઅલમાંડબ–૧૭.
બાલાસાર–૨૮૫, ૩૪૩.
બ્રિસ્ટલ–૧૯૬.

બુખારા-૪૯.
બુર્ગોન-૪૩૦, ૪૪૩.
બ્રુજ્જસ-૨૧૪.
બૅક્ટ્રીઆ-૧૬.
બંટમ-૧૩૧, ૧૯૩, ૨૩૭.
બેન્ડસ્ટેન્ડ બાગ-૨૭૩.
બેબીલોન-૨૧, ૬૪.
બેરુટ-૪૪.
બ્લેકટાઉન (મદ્રાસ)-૨૮૨.
બોકારૈલા-૧૯.
બોજાડોર-૮૧.
બોર્નિઓ-૧૭૨, ૨૦૧,
બોસ્ફરસ-૫૦.
ભટકળ-૯૮.
ભરુચ-૨૯,
ભૂમધ્ય સમુદ્ર-૭.
મક્કા-૩૩, ૩૫, ૯૦, ૩૮૪, ૧૮૩.
મગપુર-૬૮.
મચ્છલીપટ્ટણ-૨૮૦, ૩૮૬, ૪૫૬, ૫૧૪.
મદ્રાસ-૨૭૯, ૨૮૨, ૩૭૩, ૩૮૨, ૩૮૫, ૩૮૮, ૩૯૮, ૪૦૩, ૪૩૫, ૪૩૬, ૪૩૯, ૪૪૩, ૪૯૯, ૫૨૧.
મદીરા-૮૧.
મદુરા-૨૦૭.
મલબાર-૫૬, ૭૫.
મલાક્કા-૧૧૨, ૧૭૨.
મલિન્દ-૮૯.
મરકત-૧૦૭.
માડાગાસ્કર-૮૪, ૩૭૬, ૩૯૮, ૪૦૧-૪૦૨.
માહીમ-૧૨૩.
માંડવગઢ-૨૬૨.
મીદનાપુર-૬૧૭.
મીલાન-૪૦.
મુંબઇ-૧૨૩, ૩૭૩, ૩૮૨, ૩૮૩, ૩૮૪, ૩૮૬, ૩૯૦, ૩૯૧, ૩૯૮.
મુર્શિદાબાદ-૫૩૭, ૬૩૭, ૬૩૯.
મૅકાસર-૧૯૩.
મૅમ્ફીસ-૨૫.
મોઝાંબિક-૮૮, ૧૨૯.
મોમ્બાસા-૧૦૪, ૧૪૯.
મોરૉક્કો-૧૦૬, ૧૨૫.
મોસ્કો-૨૦૩.
યુટ્રેક્ટ-૩૭૪, ૩૯૧.
રાજાપુર-૨૭૬.
રાતા સમુદ્ર-૩૭૪, ૩૮૭.
રાબા-૧૨.
રિઓપ્લેટા નદી-૨૦૦.
રૂમશામ-૧૧૭,
લકનૌ-૬૧૯.
લાપ્લેટા-૨૦૦.
લામિના-૮૩.
લિસ્બન-૫૧, ૫૨, ૧૩૬.
લુબેક-૪૫.
વડોદરા-૪૪૯.
વર્દેની ભુશિર-૮૧, ૮૭.
વસઈ-૧૨૩.
વ્હાઇટ ટાઉન, મદ્રાસ-૨૮૨.
વાંડીવૉશ-૫૨૩.
વાતાપી (બદામી)-૬૦.
વાંદરા-૧૨૩.
વાલડોરની કિલ્લો-૪૬૦.
વિજયદુર્ગ (ઘેરીયા)-૫૦૧, ૫૦૮, ૫૧૦.
વિજયનગરનુ રાજ્ય-૭૫, ૯૮, ૧૦૮, ૨૭૯.

વિન્ડમરનું તાબેનામું-૭૦.
વિશાખાપટ્ટણ-૫૧૩.
વેનીઝુલા-૧૫૮.
વેનિસ-૩૮-૩૯, ૫૧, ૯૪.
વેલગોંડા-૮૨૫.
વૉલગા નદી-૨૦૪.
સતારા-૩૯૯, ૪૪૭.
સારાગોસા-૨૭૨.
સાટેઆ-૫૦.
સાવાનુર-૪૬૧.
સાંટીએટ-૧૩૦.
સિઆમ-૧૧૩, ૧૦૩. ૩૫૬,
સિલોન-૫. ૧૧.
સિરઆ-૪, ૬.
સિંહોન-૧૦૪, ૧૧૯, ૧૭૧, ૧૫૩,
શીઓરાલીઓન-૮૩.
સુડાની સામુદ્રધુની-૧૭૩.
સુમાત્રા-૧૧૩, ૧૭૭.
સુરત-૨૪૨, ૩૮૭, ૩૮૪, ૩૮૬.
૩૮૭, ૩૮૮, ૩૫૦.
સુવર્ણદુર્ગ-૫૧૦.
સુંવાળી-૨૪૩, ૨૪૪, ૨૫૧, ૩૨૦.
સેન્ટ જ્યોર્જ-૨૮૨.
સેન્ટ ટોમે-૩૭, ૧૫૩, ૩૫૩, ૩૭૧,
૪૦૩, ૪૩૯, ૪૪૦.
સેન્ટ લુક-૪૩૩, ૪૪૩.
સેન્ટ હેલીના-૯૩, ૩૧૪, ૩૮૮.
સેન્ટાક્રુઝ-૮૫.
સ્પિત્ઝબર્ગ બેટ-૧૫૩,
સોફાલા-૧૨, ૮૪.
સ્પેઈન-૮૦.
સ્વેઝનું અખાત-૧૧.
શહેર (અરગસ્તાન)-૬૮.
શ્રીરંગપટ્ટણ-૪૬૪, ૪૭૬. ૪૫૧.
હમનઅગાસલ-૧૬.
હૈદરાબાદ-૪૫૦.


## ૩. શખ્સ, અગર લોકોનાં નામની નોંધ.


આરબ મુસલમાન—૧૦, ૩૨, ૩૬—૩૫, ૫૨, ૫૩, ૫૬—૫૮, ૬૭, ૭૫, ૭૮, ૮૮, ૯૧, ૯૬, ૯૯, ૧૦૨, ૧૦૪, ૧૦૬, ૧૦૭—૧૧૨, ૧૧૬, ૧૧૭, ૩૧૨—૩૧૮.
[illegible] પ્રજાસત્તાક સંસ્થાન-૩૬-૪૦.
અંગ્રેજ-અનુક્રમ જાતિ ૩-૪. હિંદ અને [illegible] ૧૯૩-૯૮, [illegible] ૨૦૪-૨૦૮. પોર્તુગીઝો સાથે [illegible], ૧૬૫-૧૬૧. [illegible] ૧૯૯-૧૬૬ [illegible] ૨૨૬. ૩૧૮ ૩૯૩. હિંદુસ્તાન [illegible] [illegible]
જુઓ ફિરંગી, ૫૯૨ પછીના [illegible] જુઓ ઈસ્ટ ઇન્ડિયા કંપની.
ડચ-૧૩૮-૧૩૫. [illegible], ૧૬૦-૧૭૦. પોર્તુગીઝની સાથે, ૧૭૧-૧૭૨. [illegible], ૧૭૧-૧૭૮. [illegible] બનાવની કતલ, ૧૮૦-૧૮૫. [illegible] મની પડતી, ૧૮૬-૧૯૦. પુ[illegible] [illegible], ૧૯૭. પછીનાં કારણો. ૧૯૭-૧૯૪. નોકરોનો પગાર, ૧૯૮. [illegible] પ્રમાણ ૨૦૮, [illegible], ૩૦૮. [illegible] યુદ્ધ, ૪૦૫.
તુર્ક મુસલમાન-૪૦, ૫૩, ૧૨૨, ૧૩૦ [illegible] ૬૧-૧૬૮.
[illegible] ૧૦૯, ૬૩, ૬૬.

પોર્ટુગીઝ—૫૨–૫૬, ૭૮–૭૬, રાજા ૭૭, ૧૧૯, ૧૨૬, ૧૩૩, ૧૩૫, ૧૩૯, ૧૪૦, ૧૪૧. ઉદય, ૭૭–૭૯, ૮૨, ૮૪, ૯૬, ૯૪, ૧૦૪. હિંદુસ્તાનમાં પોર્ટુગીઝનો ઇતિહાસ, ૧૧૫. ધર્મ પ્રસાર, ૧૧૫, ૧૧૬, ૧૨૧, ૧૨૯, ૧૫૬–૧૬૩. હિંદુસ્તાનમાં પોર્ટુગીઝ રાજ્યનો વિસ્તાર, ૧૧૯. રાજ્ય વ્યવસ્થા, ૧૩૦. વેપારનો અંત, ૧૨૯. ઉતરતી કળા, ૧૩૧–૧૩૪. અવ્યવસ્થા, ૧૩૧. રાજ્યકારભારનું ધોરણ. ૧૩૫–૧૩૯. આરમાર, ૧૩૬–૧૩૭ શૌર્ય, ૧૩૮. વ્યાપાર, ૧૩૯, ૧૪૫, ૧૪૬–૧૪૮. એશઆરામ, ૧૪૯. જુલમ, ૧૬૩–૧૬૭ અંગ્રેજોનો ઝગડો, ૨૪૩–૧૪૫. અંગ્રેજોનો આશ્રય અને સલાહ, ૨૭૩–૨૮૫ અને ૩૭૩.

ફિનિશિયન—૭, ૧૦, ૧૧.

ફ્રેન્ચ લોકો—૩૦૬. અંગ્રેજ અને ફ્રેન્ચ વચ્ચે ફરક, ૩૯૬. વેપાર, ૩૯૭. રાજ્ય, ૪૦૦. અંગ્રેજ જોડે યુદ્ધ, ૪૧૧. વિજય, ૪૫૫.

મરાઠા—૧૩૩, દોષ, ૧૩૪.

મલબારમાના મુસલમાન—૬૭–૭૦.

યાહુદી—૧૧.

રોમન લોકો—૨૬–૩૦, ૧૩૯.

## ૪. મુખ્ય વિષયોની નોંધ.

આરમાર—૧૩૬, ૧૯૧, ૨૩૬, ૨૪૫–૨૪૬, ૨૭૦, ૨૭૨, ૩૧૨–૩૧૪, ૩૧૯, ૪૪૪.

ઇસ્ટ ઇન્ડીઆ કંપની (અંગ્રેજ)—સ્થાપના, પ્રકરણ ૮ મું. સ્થાપનાનો ઉપક્રમ, ૨૧૩. પહેલી બેઠક, ૨૧૭–૨૨૧. રેગ્યુલેટેડ કંપની, ૨૧૯. સનદ મળવવાની ખટપટ, ૨૨૧–૨૨૬. સનદરૂએ મળેલી સત્તા, ૨૨૪–૨૨૬. ઉદ્યોગની ચર્ચા ૨૨૬. ભંડોળના શેર, ૨૨૭—૨૨૯. પહેલી સફર, ૨૨૬–૨૨૭, ૨૩૬–૨૩૮. નોકર લોકની રહેણી, ૨૩૩ નિયમિત સફર, ૨૩૬, ૨૪૨–૨૪૬. બીજી અને ત્રીજી સફર, ૨૨૯–૨૪૧. પાંચમી અને છઠ્ઠી સફર, ૨૪૨. પોર્ટુગીઝ સાથેનો ઝગડો, ૨૪૩. સુરતની લડાઇ, ૨૪૪. સામાઇક ભંડોળની પદ્ધત, ૨૪૧. સુરતની કોઠી ૨૭૩. કરજ, ટંકટ, ૨૭૧–૨૭૨. ક્રોમવેલે કરેલી વ્યવસ્થા, ૨૮૬–૨૯૨. કોર્ટન કંપની સાથેનું જોડાણ, ૨૮૯. નવી સનદ અને નિયમો, ૨૯૧–૨૯૨. નોકરોનો પગાર તથા અંતર્વ્યવસ્થા, ૨૯૩–૩૦૨. રૂપાંતર, ૨૯૬. રચના, ૨૯૬–૨૯૮. પગાર, ૨૯૫, ૨૯૯. નિમણૂક, ૨૯૮. ખર્ચ, ૨૪૯–૩૦૦. નિતિ તથા રહેણી, ૩૦૧. ખાનગી પગાર, ૩૦૨–૩૦૫. મુંબઇની સ્થાપના, ૩૦૬–૩૧૫. મળેલી ખાસ સત્તા, ૩૦૭. નોકર લોકોની રહેણી, ૩૨૦, ૩૨૧, ૩૨૫. નિતિ અને નિયમ, ૩૨૫ વ્યવસ્થા, ૩૪૩. દારૂ, ૩૨૦–૩૨૧, જાયા, ૩૨૨. દંડ, ૩૨૨, ૩૨૫. વખારમાં ચાલતા અનાચાર, ૩૨૬. અધિકાર, ૩૩૬.

ફાયદા થવાનાં કારણો, ૩૩૬. વિરૂદ્ધ તકરાર, ૩૩૩. જકાત તપાસણી, ૩૬૦. કારીગર, ૩૪૬. રાજ્ય સ્થાપવાની ઇચ્છા, ૩૫૭–૩૫૮. ઔરંગઝેબ સાથે યુદ્ધ, ૩૫૯–૩૬૯. કોર્ટ લગી ગએલો ખાનગી વેપારી ટંટો, ૩૭૩. નવી વિરૂદ્ધ કંપનીની સ્થાપના, ૩૭૭ બેઉ કંપની વચ્ચે હિંદુસ્તાનમાં વિરોધ, ૩૮૨. બેઉ કંપનીનાં જોડાણ માટે બાંજગડ, ૩૮૮. સંમેલન, ૩૮૯ ૩૯૧. ગોડૉલ્ફિનનો ચુકાદો, ૩૯૨. રાજ્ય સ્થાપવાની સિદ્ધતા, ૩૯૩. હિંદુસ્તાન જીતવાનો હેતુ, ૩૯૪. કંપનીની સારી રિથતિ, ૪૧૧. અંગ્રેજ ફ્રેન્ચ યુદ્ધ, ૪૨૯. કંપનીની મનદ, ૨૨૧–૨૨૬, ૨૩૦, ૨૯૨, ૩૦૭, ૩૪૨, ૩૭૮, ૨૮૦, ૩૮૯, ૩૯૧. વેપારી માલ એકઠો કરવો, ૩૬૮–૩૬૯. ખરીદી અને વેચાણ, ૩૬૬, ૬૫૧. જકાત માફી, ૪૫૪, ૪૫૫. અંગ્રેજ લોકોની ફતેહ, ૫૪૭. સાંપત્તિક રિથતિ, ૬૪૩. કંપનીનો અધિકાર અને જુલમ, ૬૫૪. વણકર લોકોની દુર્દશા, ૬૫૨–૬૫૩. મીઠું, તંબાકુ, સોપારીનો નવો મક્તો, ૬૫૬. પાર્લામેન્ટની તપાસ અને નવી વ્યવસ્થા, ૬૬૧, ૬૭૩–૬૭૯. કરજ અને આયપત, ૬૭૯–૮૦. બે કાયદા, ૬૬૮૧–૮૪. સનદ અને મુદત, ૬૭૮, ૬૮૩.

કંપની—પૉર્ટુગીઝ, ૧૩૪–૧૩૫ ડચ ઇસ્ટ ઇન્ડીઆ કંપની, ૨૩૫. ઑસ્ટ્રિઆટીક કંપની, ૨૩૫. ઑસ્ટેન્ડ કંપની, ૨૩૫. સ્કૉટિશ ઇસ્ટ ઇન્ડીઆ કંપની, ૨૩૫, ૩૭૯. મસ્કોવી કંપની, ૨૦૩, ૨૧૫ તર્કી કંપની, ૩૭૪. લિવેન્ટ કંપની, ૨૧૫–૨૧૬, ૨૧૭. ફ્રેન્ચ કંપની, ૨૩૫. કૉર્ટેન કંપની, ૨૭૬–૨૭૮, ૨૮૮.

કીફાયત, દર વગેરે (વેપાર સંબંધી) ૯૩, ૧૪૦, ૧૪૫–૧૪૯, ૧૬૩–૧૬૪. નફો નુકસાન, વહાણોની સંખ્યા, ૨૩૬–૪૩. પહેલી સફરની કિફાયત, ૨૩૭–૨૩૮, ૨૪૫–૪૬. નાણાની કિફાયત, ૨૪૭, ૨૭૫–૨૭૭, ૨૮૧, ૩૦૦, ૩૦૨–૩૦૫. આબાદી, ૩૨૮–૩૪૦. દરિદ્રતાનું કારણ, ૩૪૧–૩૪૨. બક્ષિસ વગેરે, ૫૮૯–૫૯૨. દીવાનીની કિફાયત, ૬૪૦, ૬૪૨–૬૪૩. નવા મક્તાની કિફાયત, ૬૬૦, ૬૬૧, ૬૬૬. વેપાર તથા રાજકારભારના આંકડા, ૬૮૫

ખ્રિસ્તી ધર્મનો પ્રસાર—૧૧૫, ૧૧૬, ૧૨૧, ૧૨૯, ૧૫૬–૧૬૩.

ક્રુસેડ્સ અથવા ધર્મયુદ્ધ—૮, ૩૫, ૪૦, ૪૭.

ગુલામ લોકોનો વેપાર-નિગ્રો, વગેરે ૬૧, ૮૧, ૧૫૨, ૧૯૧, ૩૨૮–૩૨૯.

ચાહનો વેપાર અને અમેરિકા—૬૭૮–૭૯

ચાંચીઆ—૮૯–૯૦, ૩૪૮, ૩૭૨–૩૭૬.

ચિત્રકળા—૨૫૮–૨૫૯.

જકાત તપાસણી—૩૩૫, ૩૪૭, ૩૫૩–૩૫૮, ૩૬૬.

જકાત માફી—૫૪૨, ૬૧૨.

જાત્રા—૯૦.
ટ્રેડ ગીલ્ડ્સ અથવા વેપારી સંઘ–૨૧૯
ડબલ લખવું—૬૪૫.
ઢાકાની મલમલ—૩૩૯.
તુલના—અંગ્રેજ અને પોર્તુગીઝની ૧૧૫-૧૧૬, ૧૭૬–૧૭૭. ડચ અને પોર્તુગીઝની; ૧૭૧–૧૭૪, ,૧૮૯, ૧૯૨. અંગ્રેજ ઇસ્ટ ઈન્ડીઆ કંપની-ના તથા મોગલ નોકરની, ૩૨૦–૩૨૭. અંગ્રેજ અને ડચ કંપનીની, ૨૧૭–૨૧૮. અંગ્રેજ અને ફ્રેન્ચના ઉદ્યોગ-ની ૩૯૦–૩૯૯. વિલાયતી અને દેશી ફોજની, ૪૩૯–૪૪૧. ડુપ્લે અને ક્લાઈવની, ૬૦૬–૬૧૦
તૈનાતિફોજ—૪૫૨, ૪૫૩, ૪૬૧.
દસ્તક—૫૪૨, ૬૬૨.
દુકાળ, ગુજરાતમાં—૨૭૫.
,, સુરતમાં, ૨૮૧.
દીવાની અને નિઝામી-૬૩૭-૬૪૨.
ધર્મમતસંશોધકપદ્ધતિ ( ઇન્કવી-ઝીશન)—૧૫૫.
નેવીગેશન એક્ટ—૨૮૮, ૨૯૦.
નાણું—પોન્ડીચેરી ૪૧૦, ખોટુંનાણું ૬૫૩, નાણાની તંગી.
નોકર લોકોને લાંચ અને બક્ષિસ વગેરે–૬૬૧.
નૌકાશાસ્ત્ર, રાજ પુત્ર હેનરી-૭૪.
પહેલી પૃથ્વી-પ્રદક્ષિણા ૨૦૦.
પાશ્ચિમાત્ય કવાયત–૫૦૮.
પોપનું ફરમાન (પરદેશની વ્હેંચણી બાબત)–૮૩-૮૬–૮૭.
પ્રાચ્ય પ્રશ્નોની કુંચી–૫૪.
બાદશાહનું ફરમાન–૫૩૬–૫૩૮, ૫૪૨.
બ્રેડાનું તહનામું– ૩૦૯.
મરકી, લંડનમાં–૨૩૮, ૩૦૭.
મહામખ સમારંભ—૭૧.
મેડ્રીડનું તહનામું—૨૦૪.
મુંબઇનો ધેરો—૩૧૧.
રેગ્યુલેટીંગ એક્ટ–૬૮૧–૮૨.
દોષ અને પરિણામ–૬૮૩–૮૪.
રાજ્ય ક્રાન્તિનાં પ્રત્યક્ષ પરિણામ–૬૨૮.
રેશમ–૫–૬, ૨૮–૨૯.
લંડનનું તહનામું–૩૦૮.
વકીલ ( અંગ્રેજ તરફથી હિંદુસ્તાનમાં આવેલા )–મિલ્ડનહૉલ ૨૧૬–૨૧૭. કેપ્ટન હૉકિન્સ, ૨૪૨. કેપ્ટન કેરિજ, ૨૪૪. સર ટોમ્સ રો ૨૪૮. સરજન બાઉટન, ૨૮૪. સર વિલિઅમ નોરીસ, ૩૮૫. જોન સર્મન અને કોગી સરહૌદ, ૫૪૩.
વખાર–૪૪–૪૫.
વટલેલી પ્રજાની ઉત્પત્તિ–૧૧૬, ૧૧૮, ૧૫૨–૫૩, ૧૬૬–૬૭. પહેલી ૯૬, ૨૮૨.
વણકર લોકોની હાડમારી–૬૫૨–૫૩.

વસાહત—૪૪–૪૫, ૧૫૦, ૨૦૭

વેપાર—ધનસમ્પન્નતાનું બીજ ૨–૪. યુરોપ અશિઆમાંના પ્રાચીન વેપારના રાજમાર્ગ, ૪–૬. પ્રાચીન ઇતિહાસ, ૬. વણજાર, ૫. વેનીસની આબાદી, ૫૧. યુરોપની નાકાબંધી, ૪૯. લેવડદેવડ, આપવે, ૯૫–૯૬. પોર્તુગીઝનો ઇલાજ ને તેની કમાઇ, ૧૩૯, ૧૬૩–૧૬૭. સ્થિરતંત્રની જરૂર ૧૯૩–૧૯૪. ખાનગી વેપાર, ૩૦૨. ઇસ્ટ ઇન્ડીઆ કંપનીની આબાદી, ૨૩૦. નિયમિત અને અનિયમિત વેપાર વચ્ચે ઝગડો, પ્રકરણ ૧૩ મું ૧૭૪–૩૮૨. વેપારનો માલ એકઠો કરવો, ૩૮૬–૩૮૭. ખરીદી અને વેચાણ, ૬૫૦–૬૫૨. વેપાર ખુલ્લો મુકવો, ૬૫૫–૬૫૬. ચાહનો વેપાર અને અમેરિકા, ૬૭૮–૮૦.

વેપારની જાસુસ—૭–૮, ૯૮, ૫૫–૫૬. કનેક્ટની, ૮૯–૯૦, ૯૭, ૧૪૫–૧૪૯, ૨૦૯, ૨૩૬–૨૩૭, ૨૪૨–૨૪૩, ૨૭૧–૨૭૨, ૨૮૦, ૩૨૯–૩૩૧, ૩૩૪–૩૩૫, ૩૪૨, ૩૬૬.

સામાઇક ભડાળની પદ્ધત—૨૮૮–૨૯૧, ૩૩૨, સં૩૮, ૨૬૯ ૩૦૫ ૩૧૧, ૩૩૪, ૩૯૧–૩૯૩.

સુરતની કોઠી—૩૨૧–૩૨૩.

સુરત પ્રેસીડેન્સી—૨૭૭

સુરોખાર—૨૯૫, ૩૫૧, ૩૫૪.

સ્વરાષ્ટ્ર અભિમાન ચર્ચા—પ્ર. ૨૧ ક. ૫ મી. ૫૯૭. સ્વદેશદ્રોહ, ૪૭૨–૪૭૩. રાષ્ટ્રીય પડતીનું કારણ, ૫૨૯–૫૩૩.

હુસ સંઘ—૪૫–૫૨, ૨૧૯.